Ÿæè Î xæÐÚ}ææ ãæy} ² }æ

ËMf, y™ „sht,e y™ðtŒ

¼t„ - 2

JJ ŸæèS±æç}æÝæÚæ²‡ææ ç±…²„¡„„Úæ}æ JJ

yt[tÞ ©eh½ðeh S {nthts rðhr[,{

©eŒ„…h{tntíBÞ{

¼t„ - 2

y™ðtŒf y™Ë…tŒf
þtMºte ¿tt™«ftþŒtËS
©eMðtr{™thtÞý „Áf¤, Ë-23,„tÄe™„h.

Ëð, 2059 sL{tü{e Ë™ 2003

I J K L m

«ftþf : þtMºte nrh«ftþ
©eMðtr{™thtÞý ËtrníÞ «ftþ™ {rŒh
„Áf÷, Ë-23, „tÄe™„h(„sht,)

¼t„ - ƒeò ®f{, : Yt. 125/-

«r, : 2000

«ftþ™ MÚtt™ : ËíË„ «Ë,
„Áf÷, Ë-23, „tÄe™„h („sht,)

અનુક્રમણિકા

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

श्रीदुर्गपुरमाहात्म्यम्

श्रीरघुवीराचार्यविरचितम्

अथ त्र्यशीतितमोऽध्यायः

गोपालानन्दसंज्ञस्य सद्गुरोः गौरवं च यत् ।
भक्तेभ्यो हरिणा गीतं त्र्यशीतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -
ललिताया मनोज्ञस्य गर्भागारस्य भूपते ! ।
चतुष्को विस्तृतो दीर्घो राजमानो हि वर्तते ॥१॥
तत्रैकदा स्फुरत्ताराराजितायां निशि प्रभुः ।
न्यषीदन्मञ्चके युक्ते श्रीहरिस्तूलिकादिभिः ॥२॥
आत्मभक्तैर्वृतो रेजे सोऽदभ्रं स्वानुरागिभिः ।
पार्वणः शारदश्चन्द्रो नक्षत्राणां गणैरिव ॥३॥
ततो धर्मविबोधाद्यैर्युक्तां संसारशातनीम् ।

અધ્યાય-૮૩

શ્રીહરિએ શ્રીગોપાળાનંદ સ્વામીનો મહિમા કહ્યો.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! લાડુબાના મનોહર ઓરડાનો ચોક વિશાળ, લાંબો અને સુશોભિત છે. ॥૧॥

એક વખત રાત થોડી વીતી હતી. આકાશમાં તારાઓ ઝગમગી રહ્યા હતા. ત્યારે તે ચોકમાં ગાદી તકિયો બિછાવીને તૈયાર કરેલા સુંદર પલંગ ઉપર પ્રભુ શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨॥

નક્ષત્ર સમૂહ વચ્ચે શરદ પૂર્ણિમાનો ચંદ્રમા જેમ શોભે તેમ પોતાના પ્રેમી ભક્તોની વચ્ચે શ્રીહરિ અત્યંત શોભતા હતા. ॥૩॥

શ્રીહરિ ધર્મ જ્ઞાન આદિથી પૂર્ણ ઉપદેશરૂપ વચનામૃત વરસાવી રહ્યા હતા.

स व्यधाद्वार्तिकां रम्यां सुधाश्रेष्ठां सुखप्रदाम् ॥४॥
स वीक्ष्याऽथाऽम्बरं राजंश्चञ्चत्ताराातिभास्वरम् ।
गोपालानन्दनामानं साधुवर्यं समाह्वयत् ॥५॥
आगत्याऽथ स हृष्टात्मा श्रीहरेस्तस्य सन्निधौ ।
तं नत्वा चेतरान् सभ्यान्यषीदत्तत्र तत्प्रियः ॥६॥
अथेत्थं सोऽवदद्वाक्यं तं ताराः सन्ति चाम्बरे ।
नवलक्षप्रमाणा वै ज्योतिःशास्त्रादिकीर्तिताः ॥७॥
तासु काश्चन विख्याताः संज्ञाभिः सन्ति योगिराट् ! ।
त्वं नु जानासि तारास्ता योगाभ्यासकृशाऽऽकृते! ॥८॥
सोऽब्रवीत्तं ततः स्वेष्टं तासु कासांचनाभिधाः ।
स प्रीतोऽथाऽकरोद्वार्तां खगोलस्याऽऽगमोदिताम् ॥९॥
शिशुमाराख्यचक्रस्य संस्थानं शास्त्रवर्णितम् ।

શ્રીહરિના તે ઉપદેશ વચન જીવના સંસાર સંબંધી બંધનને કાપનારા હતા, અમૃત કરતાં પણ શ્રેષ્ઠ હતા, સાંભળવામાં રમણીય લાગતા હતા અને સુખદાયી હતા. ॥૪॥

હે રાજન્ ! ચમકતા તારાઓથી ઉજ્જ્વળ જણાતા આકાશ તરફ શ્રીહરિએ જોયું. પછી મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીને બોલાવડાવ્યા. ॥૫॥

શ્રીહરિ જેને અતિ પ્રિય છે આવા સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી હરખતે હૈયે શ્રીહરિની પાસે આવ્યા. તેમને અને સભામાં બેઠેલા સંત હરિભક્તોને પગે લાગીને તેમની પાસે બેઠા. ॥૬॥

પછી શ્રીહરિએ શ્રીગોપાળાનંદ સ્વામીને કહ્યું, જ્યોતિષ શાસ્ત્ર આદિમાં કહેલા તારાઓ આકાશમાં નવ લાખ જેટલા છે. ॥૭॥

યોગાભ્યાસથી દુર્બળ દેહવાળા હે યોગિરાજ! તે તારાઓમાં કેટલાક તો નામથી પ્રસિદ્ધ છે અને તે તમે જાણો છો. ॥૮॥

ત્યારે શ્રીગોપાળાનંદ સ્વામીએ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને કેટલાક તારાઓના નામ ગણી બતાવ્યા. પછી શ્રીહરિએ શાસ્ત્રમાં કહેલી ખગોળની વાત પ્રસન્ન મનથી કહી. ॥૯॥

શિશુમાર નામે ચક્રની સ્થિતિ શાસ્ત્રમાં વર્ણવી છે તે કહી, વળી ભક્તોને

स प्राहाऽऽनन्दयन् भक्तान् भूगोलस्य च वार्तिकाम् ॥१०॥
स प्राहाऽथेति भक्तान् स्वान् गोपालानन्दसंज्ञितः ।
सद्गुरोऽसौ भृशाभ्यासं ज्योतिःशास्त्रस्य नाऽकरोत् ॥११॥
तथाऽप्युदारबुद्धित्वात् त्रिकालज्ञो विदुत्तमः ।
मुनीन्द्रो वेत्त्यसौ सर्वं सर्वसद्गुणराजितः ॥१२॥
भक्ताः सिद्धीकृतोऽनेन राजयोगो हि कृष्णवत् ।
तत्तुल्योरु कलैश्वर्यशक्तियुक्तोऽस्त्यसौ मुनिः ॥१३॥
साधिताष्टाङ्गयोगोऽयं सर्वयोगविदां वरः ।
वरीयान् सर्वसाधूनां पश्यति मां हि सर्वदा ॥१४॥
जनानां स्वं प्रपन्नानां समाधिं कारयत्यसौ ।
अस्त्येवाऽऽवरणापेतो मत्प्रियोऽमोघवाञ्छितः ॥१५॥
ज्यायानस्ति गुणैर्भूमौ विख्यातो योगसिद्धिभिः ।

રાજી કરતા શ્રીહરિએ ભૂગોળની વાત પણ કહી. ॥૧૦॥

પછી ફરીને શ્રીહરિએ પોતાના ભક્તોને કહ્યું કે આ મુનિવર્ય શ્રીગોપાળાનંદ સ્વામીએ વધારે પડતો જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસ જો કે નથી કર્યો. ॥૧૧॥

છતાં પણ તેમની બુદ્ધિ વિશાળ હોવાથી તેઓ ત્રિકાલજ્ઞાની છે અને વિદ્વાનોમાં સર્વોત્તમ છે, સર્વ સદ્‌ગુણોથી દીપતા આ મુનિરાજ બધું જ જાણે છે. ॥૧૨॥

હે ભક્તો ! આણે શ્રીકૃષ્ણ ભગવાનની જેમ રાજયોગ સિદ્ધ કર્યો છે. તેમના જેવી જ અનેક કળાઓ, ઐશ્વર્ય અને શક્તિથી યુક્ત આ શ્રીગોપાનાળંદ સ્વામી છે. ॥૧૩॥

આણે અષ્ટાંગ યોગ સાધ્યો છે, યોગના પારંગત વિદ્વાનોમાં આ સ્વામી સર્વોત્તમ છે. સમગ્ર સાધુઓમાં પણ શ્રેષ્ઠ છે અને હમેશાં મારા સ્વરૂપને સાક્ષાત્ અનુભવી રહ્યા છે. ॥૧૪॥

શરણે આવેલા મુમુક્ષુઓને આ સમાધિ કરાવે છે, એમને માયાનું કોઇ આવરણ નડતું નથી, તેથી મારા પ્રિય-વહાલા છે અને તેમના સંકલ્પ સત્ય-સફળ થાય છે. ॥૧૫॥

તેઓ ભૂમિ ઉપર સદ્‌ગુણોને લીધે મહાન્ છે, યોગની સિદ્ધિઓને લીધે

प्रवर्तने मदाज्ञायाः पटीयान् पालने तथा ॥१६॥
हेतुः सर्वावताराणां वर्तेऽत्राहं ततो मयि ।
लीनं किलैतदैश्वर्यं तेजो भानाविवैन्दवम् ॥१७॥
तस्मान्मुख्यतयाऽशेषा मन्यन्त मां मदाश्रिताः ।
एतं न मन्वते प्राज्ञा भगवत्त्वेन सत्तमम् ॥१८॥
चेदत्राहं यदा न स्यां मन्येरन् भगवांस्तदा ।
वर्ततेऽसौ जनास्त्वेतं सद्वर्यं सद्गुणालयम् ॥१९॥
पूजयेयुस्तदा लोका मामिवैतं महत्तमम् ।
मद्वत्कुर्यादसौ मोक्षं जनानां वै सहस्रशः ॥२०॥
अवतारसमैश्वर्यं महामुक्तं महागुणम् ।
एतं चाक्षरमुख्यं च यूयं वित्तेति निश्चितम् ॥२१॥
मुक्तानन्दस्तथेदानीं सद्गुरु र्भक्तसत्तमाः ।

વિખ્યાત છે અને મારી આજ્ઞાઓનું પાલન કરવું તથા પાલન કરાવવું, તેમાં તેઓ અતિ નિપુણ છે. ॥૧૬॥

સર્વ અવતારોનું કારણ એવો હું અત્યારે અહીં વર્તમાન છું, તેથી તેમનુ બધું ઐશ્વર્ય, ચંદ્રમાનું તેજ જેમ સૂર્યમાં વિલીન થાય છે તેમ, મારા સ્વરૂપમાં લીન થયેલું છે. ॥૧૭॥

તેથી બુદ્ધિશાળી આશ્રિતો તમે સહુ મને મુખ્યપણે માનો છો પણ આ સંતવર્યને ભગવાનપણે નથી માનતા. ॥૧૮॥

(જ્યારે) હું આ દુનિયામાં જો ન હોઉં તો લોકો સર્વસદ્‌ગુણસંપન્ન આ સંતવર્યને જ "આ ભગવાન્ છે" એમ માને. ॥૧૯॥

તે વખતે અતિશય મોટા આ સ્વામીને જ લોકો મને પૂજે તેમ પૂજે. અને આ સ્વામી મારી જેમ જ હજારો લોકોનો માક્ષ પણ કરે. ॥૨૦॥

આ શ્રીગોપાળાનંદ સ્વામીમાં અવતારોના સમાન ઐશ્વર્ય રહ્યું છે, મહામુક્ત છે, આમાં મહાન્ ગુણો રહ્યા છે અને અક્ષરમુક્તોમાં મુખ્ય છે, એમ તમે સહુ નિશ્ચિત રીતે સમજો. ॥૨૧॥

હે ભક્તવર્યો ! સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી, મુનિવર્ય શ્રીનિત્યાનંદ સ્વામી,

नित्यानन्दो मुनिश्रेष्ठो ब्रह्मानन्दश्च सद्गुरः ॥२२॥
शतानन्दश्च सद्वर्यो वृद्धात्मानन्दसद्गुरः ।
आनन्दानन्दः सन्मुख्यो निष्कुलानन्दसत्तमः ॥२३॥
साधूत्तमः शुकानन्दो मत्समीपे वसन्सदा ।
साधुश्रेष्ठो गुणातीतानन्दसंज्ञो हरिप्रियः ॥२४॥
मुनीन्द्रश्चाक्षरानन्दो नृसिंहानन्दसंज्ञितः ।
सद्गुरः परमानन्दः प्रेमानन्दाभिधस्तथा ॥२५॥
कृष्णानन्दः सतां श्रेयान् स्वरू पानन्दसंज्ञितः ।
अखण्डानन्द सन्नामा कैवल्यानन्द संज्ञितः ॥२६॥
स्वयंप्रकाशानन्दाद्याः साधवः सद्गुणालयाः ।
नैष्ठिकेन्द्रो हरिप्रेयान् मुकुन्दानन्दसंज्ञितः ॥२७॥
धर्मवंश्या जनाः सर्वे नरेन्द्रश्चोत्तमाभिधः ।
गृहस्थश्च मयारामभट्टाख्यो मदुपाश्रितः ॥२८॥
मय्युदारानुरागिण्यो धर्मज्ञानादिसद्गुणाः ।

સંતવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામી, ॥૨૨॥

સાધુશ્રેષ્ઠ શ્રીશતાનંદ સ્વામી, સંતોમાં મોટેરા વૃદ્ધ આત્માનંદ સ્વામી, સંતશ્રેષ્ઠ આનંદાનંદ સ્વામી, મુનિવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામી, ॥૨૩॥

મારી સાથે કાયમ રહેતા સાધુવર્ય શ્રીશુકાનંદ સ્વામી, ભગવાન જેને પ્રિય છે આવા સાધુશ્રેષ્ઠ શ્રીગુણાતીતાનંદ સ્વામી, ॥૨૪॥

મુનિરાજ શ્રીઅક્ષરાનંદ સ્વામી, શ્રીનૃસિંહાનંદ સ્વામી, સંતવર્ય શ્રીપરમાનંદ સ્વામી, શ્રીપ્રેમાનંદ સ્વામી, ॥૨૫॥

સંતોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણાનંદ સ્વામી, શ્રીસ્વરૂપાનંદ સ્વામી, સંત શ્રીઅખંડાનંદ સ્વામી, શ્રીકૈવલ્યાનંદ સ્વામી, ॥૨૬॥

અને શ્રીસ્વયંપ્રકાશનંદ સ્વામી વગેરે સદ્‌ગુણોના ભંડાર જેવા મોટા સંતો. શ્રીહરિના વહાલા નૈષ્ઠિક વર્ય શ્રીમુકુંદાનંદ સ્વામી, ॥૨૭॥

બધા ધર્મવંશીઓ, દરબાર શ્રીદાદાખાચર, મારા આશ્રિત મયારામ ભટ્ટ નામે ગૃહસ્થ ભક્ત, ॥૨૮॥

मदाज्ञापालनासक्ता जयाद्या योषितस्तथा ॥२९॥
मत्प्रतापेन चैतेषु संप्राप्तेषु मदाश्रयम् ।
मदाविर्भावसंकाशं परैश्वर्यं हि वर्तते ॥३०॥
अत्र वर्तेय नाहं चेद्भगवद्वत्तदा त्विमे ।
पूजनं चैव सामर्थ्यं गच्छेयुर्नात्रसंशयः ॥३१॥
एते त्वक्षरधामस्था मुक्ता एवाऽक्षराभिधाः ।
आविर्भावं क्षितौ प्राप्ताः प्रादुर्भावेण मे समम् ॥३२॥
रमाद्यानां हि सर्वासां शक्तीनां शर्मकारकः ।
संभवोऽत्राऽद्य संजातो जानीतैवं सुनिश्चितम् ॥३३॥
वार्ता रहस्यभूतेयं ज्ञात्वा वो मद्विनिश्चयान् ।
कृता युष्मद्धितार्थं वै मया श्रेयोविधायिनी ॥३४॥
यात्येकं ब्रह्मणो भक्ताः पूर्वार्द्धं वै यदा तदा ।

મારા સ્વરૂપને વિષે વિશાળ પ્રેમાત્મક ભક્તિ કરનારા, ધર્મ જ્ઞાન આદિ સદ્‌ગુણોથી સંપન્ન અને મારી આજ્ઞાનું પાલન કરવામાં નિરંતર તત્પર રહેતી જીવુબા આદિ સમગ્ર મહિલાઓ. ॥૨૯॥

મારે આશરે રહેલા, આ ઉપર કહેલા બધામાં મારા પ્રતાપથી મારા પ્રાકટ્યના જેવું જ પરમ ઐશ્વર્ય રહ્યું છે. ॥૩૦॥

જો હું આ લોકમાં વિદ્યમાન ન હોઉં તો ઉપર કહ્યા તે બધા ભગવાનની જેમ જ પૂજાય અને ભગવાનના જેવું જ સામર્થ્ય પામે, આમાં કોઇ સંદેહ નથી. ॥૩૧॥

આ સમગ્ર અક્ષરધામમાં રહેલા અક્ષર મુક્તો જ છે. મારા આવિર્ભાવની સાથે જ આ બધા ભૂમિ ઉપર પ્રાદુર્ભાવ પામ્યા છે. ॥૩૨॥

રમા (લક્ષ્મી) આદિ સર્વ શક્તિઓનો પણ સુખકારી પ્રાદુર્ભાવ અત્યારે થઈ ચુક્યો છે, એમ તમે બધા નિશ્ચિત જાણો. ॥૩૩॥

તમે સહુ મારા સ્વરૂપના દૃઢ નિશ્ચયવાળા છો, આમ જાણીને આ રહસ્ય, ભૂત વાતો (ગોપીનય વાતો) તમને કહી છે. આ વાત તમારા હિત માટે કહી છે અને તે તમારું કલ્યાણ કરનારી છે. ॥૩૪॥

જ્યારે બ્રહ્માના આયુષનો એક પૂર્વાર્ધ ભાગ વીતે ત્યારે અક્ષરાધિપતિ હું

अत्रोर्व्यामक्षराधीशः प्रादुर्भावं व्रजाम्यहम् ॥३५॥
तस्मादत्र दयावश्यात्प्रादुर्भूतं परात्परम् ।
मां युष्माकं प्रपन्नानामस्ति भाग्यं महत्तरम् ॥३६॥
अक्षरादिकधामस्था दिव्या मुक्ताश्च मूर्तयः ।
द्रष्टुमायान्ति मां भक्ता जनैरन्यैरलक्षिताः ॥३७॥
येऽवतारा हि ते सर्वे रमाराधादिशक्तयः ।
मायापुरु षवैराजा ब्रह्माविष्णुशिवादयः ॥३८॥
तेऽत्राऽऽयान्ति मदीक्षार्थं जनादृश्या हि सर्वदा ।
तस्मात्सर्वावताराणां हेतुं मां वित्त निश्चितम् ॥३९॥
दिव्यवेदशिरोव्राताः शेषब्रह्मादयस्तथा ।
मच्चरित्रगुणादीनां गानं कुर्वन्ति सादरम् ॥४०॥
स इत्युक्त्वाऽवदत्तेभ्यः स्वभक्तेभ्योऽनुकम्पया ।
तेषां प्राक्तनरू पाणि नामानि च यथार्थतः ॥४१॥

આ ભૂમિ ઉપર પ્રકટ થાઉં છું. ॥૩૫॥

પરાત્ પર હું દયા કરીને આ ભૂમિ ઉપર પ્રકટ થયો છું. તેથી મારે શરણે આવેલા તમારું સહુનું અત્યંત મહાન્ ભાગ્ય છે. ॥૩૬॥

હે ભક્તો ! અક્ષરધામ વગેરે ધામમાં રહેલા દિવ્ય મુક્તો અને મૂર્તિઓ બીજા લોકોને ખબર ન પડે તે રીતે અહીંયાં મારા દર્શન કરવા આવે છે. ॥૩૭॥

જે બધા અવતારો છે, લક્ષ્મીજી અને રાધિકાજી આદિ જે શક્તિઓ છે, માયા, પુરુષ, વૈરાજ, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર આદિ, આ સમગ્ર મારા દર્શન કરવા માટે લોકો ન દેખે તે રીતે કાયમ અહીંયાં આવે છે. તેથી જ તમે બધા મને ''સર્વ અવતારોનું કારણ હું છું'' એમ ચોક્કસરૂપમાં સમજો. ॥૩૮-૩૯॥

દિવ્ય વેદાંતના મન્ત્રો અને બ્રહ્મા શિવ આદિક બધા, મારા ચરિત્ર અને ગુણ આદિનું ગાન આદરથી કરે છે. ॥૪૦॥

આટલું બોલીને શ્રીહરિએ ત્યાં સભામાં બેઠેલા પોતાના ભક્ત-સહુ સંત હરિભક્તોના ઉપર દયા કરીને તેમના પૂર્વના નામ રૂપ ગુણ વગેરે યથાર્થ રીતે કહ્યા. ॥૪૧॥

अन्तर्दृष्टिं शुभां कृत्वा युष्माभिश्चिन्त्यमन्तरे ।
प्राक्तनान्यात्मरू पाणि द्रक्ष्यथैवं कृते स्फुटम् ॥४२॥
स्वे हृद्यचिन्तयन्नेवं ततस्ते तानि सर्वशः ।
तान्यथाऽवेक्ष्य रू पाणि महानन्दं प्रपेदिरे ॥४३॥
इत्थं विभुर्नरपते ! स हरिर्दयालु र्दिव्यैर्महाद्भुतकरैर्विविधैश्चरित्रैः ।
आप्याययन्निजजनान् सुवचः सुधाभिः सर्वौषधीर्विधुरिवात्मकरैः सुधार्द्रैः ॥४४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रोक्तगोपालानन्दमुनिगौरवादिनिरू पणं नाम त्र्यशीति-तमोऽध्यायः ॥८३॥

अथ चतुरशीतितमोऽध्यायः

जयाकृतं वास्तुकर्म तथा श्रीशादिदर्शनम् ।
पूर्वद्वारगृहे चतुरशीतितम उच्यते ॥

વળી કહ્યું કે તમારે સહુએ શુભ અંતર્દષ્ટિ કરીને હૃદયમાં ચિંતન કરવું. તેથી તમે સહુ પોતાના પૂર્વના નામ સ્વરૂપ ઈત્યાદિને સ્પષ્ટ રીતે જોઈ જાણી શકશો. ॥૪૨॥

પછી સભામાં રહેલા સહુએ, શ્રીહરિના કહેવા મુજબ, પોતાના હૃદયમાં ચિંતન કર્યું, તેથી સહુને પોતાના પ્રાચીન સ્વરૂપ વગેરેનો અનુભવ થયો અને તેથી સહુને ઘણો જ આનંદ થયો. ॥૪૩॥

હે નરપતે ! શ્રીહરિ મહાન્ સમર્થ છે અને દયાળુ છે. તે મહાન્ આશ્ચર્યકારી વિવિધ ચરિત્રોથી અને સુંદર વચનરૂપી અમૃતથી, જેમ ચંદ્રમા અમૃત ભીના કિરણોથી સર્વ ઔષધિઓનું પોષણ કરે છે તેમ, પોતાના ભક્તજનોનું પાલન પોષણ કરતા હતા. ॥૪૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૩ સમાપ્ત.

અધ્યાય - ૮૪

જીવુબાના ઉગમણાબારના ઓરડાનું વાસ્તુ અને શ્રીલક્ષ્મીનારાયણના દર્શન

श्रीचैतन्यानन्द उवाच -

प्राग्दिग्द्वारे यदा पूर्णे जाते रम्ये महीपते! ।
गर्भागारे तदा दृष्ट्वा पिप्रिये श्रीहरिर्भृशम् ॥१॥
अथैकं तत्तयोर्मध्ये राजन् ! दक्षिणपार्श्वगम् ।
गर्भागारं हरौ सक्तो जयायै त्वत्पिता ददौ ॥२॥
अथाऽकार्षीज्जया तस्मिन् वास्तुकर्म यथोचितम् ।
तत्र नानाविधैर्भोज्यैर्भृशं विप्रानतर्पयत् ॥३॥
उदारा सा ततस्तेभ्यो दक्षिणा भूयसीर्मुदा ।
अथाऽतिप्रीतचित्तास्ते जग्मुर्दत्वाऽऽशिषः शुभाः ॥४॥
द्वितीयेऽथाह्नि तं साधून् वर्णिपद्गादिकांस्तथा ।
तस्मिन् प्राशयितुं प्रीत्या सादरं सा न्यमन्त्रयत् ॥५॥
साऽचीकरत्ततो भोज्यं सुधास्वादु चतुर्विधम् ।
अथाऽऽह्वयद्धरिं धार्मिं प्रीत्या भोजयितुं नृप ! ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જ્યારે ઉગમણા બારના રમણીય ઓરડાઓ બંધાઈને નવા પૂર્ણ થયા ત્યારે તેને જોઇને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. ॥૧॥

હે રાજન્ ! તેમાંથી દક્ષિણ તરફનો એક ઓરડો તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીહરિમાં મન અર્પણ કરી ચૂકેલા જીવુબા (મોટીબા)ને આપ્યો. ॥૨॥

પછી જીવુબાએ તે ઓરડામાં યથોચિત રીતે વાસ્તુ કર્મ કરાવ્યું. તેમાં અનેક પ્રકારના ભોજનો કરાવી, બ્રાહ્મણોને ખૂબ જ જમાડીને તૃપ્ત કર્યા. ॥૩॥

જીવુબા સ્વભાવે ઉદાર હતા. તેમણે ઉત્સાહથી બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ આપી. પછી હૃદયમાં પ્રસન્ન થયેલા વિપ્રો શુભ આશીર્વાદ આપીને ગયા. ॥૪॥

પછી બીજે દિવસ જીવુબાએ, શ્રીહરિ, સંતો, વર્ણીઓ અને પાર્ષદો વગેરેને જમવા માટે આદર સહિત પ્રેમથી નિમન્ત્રણ આપ્યું. ॥૫॥

હે નૃપ ! જીવુબાએ પછી અમૃત જેવી સ્વાદુ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, આ ચાર પ્રકારની સુંદર રસોઇ તૈયાર કરાવી અને ધર્મપુત્ર શ્રીહરિને થાળ જમવા માટે પ્રેમથી બોલાવ્યા. ॥૬॥

आयात्ततो हरिस्तस्या गर्भागारं सपार्षदः ।
तत्सोपानेऽथ स स्नातुं पीठे राजन्नुपाविशत् ॥७॥
ततस्तं स्नपयाञ्चक्रे मुकुन्दानन्दवर्णिराट् ।
पीतं वासोऽथ तद्दत्तं पर्यधात्सुन्दरं हरिः ॥८॥
ततः पीतं स कौशेयं हरिर्वस्ते स्म विग्रहे ।
रम्येऽथोपाविशद्युक्ते स्वासने तूलिकादिभिः ॥९॥
जयाऽथाप्रेरयत्प्रीत्या दत्त्वा रम्योपचारकान् ।
विधातुं श्रीहरेरर्हां त्वत्तातं श्रीहरौ रतम् ॥१०॥
ततो गुञ्जामयीं टोपीं स तन्मूर्द्धन्यदीधपत्
तल्ललाटे व्यधाद्रम्यां पत्रलेखां च कैसरीम् ॥११॥
सामोदकुन्दमाल्यानां हारान् सोऽधारयद्धरिम् ।
वरैर्वस्त्रैरलङ्कारैर्धूपदीपादिभिस्तथा ॥१२॥
सोऽतिप्रीत्योपचारैस्तं पूजयित्वा हरिं मुदा ।
तस्य नीराजनं चक्रे साष्टाङ्गं प्राणमच्च तम् ॥१३॥

હે રાજન્ ! પછી શ્રીહરિ પાર્ષદોની સાથે જીવુબાને ઓરડે પધાર્યા. ઓરડાના પગથિયા આગળ બાજોઠ ઢાળીને સ્નાન કરવા માટે તેના ઉપર બેઠા. ॥૭॥

પછી વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી તેમનું આપેલું સુંદર પીતાંબર શ્રીહરિએ પહેર્યું. ॥૮॥

બીજું એક રેશમી પીતાંબર શરીર ઉપર ઓઢ્યું. પછી ગાદી તકિયાવાળા પોતાના રમણીય આસન ઉપર વિરાજ્યા. ॥૯॥

પછી જીવુબાએ શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમવાળા તમારા પિતા શ્રીદાદાખાચરને ઘણા સુંદર સારા ઉપચારો પ્રેમથી આપ્યા અને શ્રીહરિની પૂજા કરવા મોકલ્યા. ॥૧૦॥

તેમણે શ્રીહરિના મસ્તક ઉપર ચણોઠીથી ગૂંથેલી ટોપી પહેરાવી. કપાળ ઉપર કેસર ચંદનની સુંદર અર્ચા (આડ) કરી. ॥૧૧॥

સુગંધી મોગરાના ફૂલોના હાર પહેરાવ્યા. સારા કીમતી વસ્ત્રો, ઘરેણાંઓ અને ધૂપ, દીપ આદિ સારા ઉપચારોથી ઉત્સાહ અને અતિ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. પછી આરતી ઉતારી અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૧૨-૧૩॥

महापट्टस्थिते रम्ये ततः कौशेयचक्रके ।
गर्भागारे हरिस्तस्मिन् न्यषीदत्पूर्वदिङ्मुखम् ॥१४॥
सम्भुङ्क्ते स्माऽथ भोज्यानि हरिर्नानाविधानि सः ।
स्वप्रासादिकभोज्यानि जयायै चादिशत्ततः ॥१५॥
धर्मवंश्यांस्ततो राजन् ! वर्णिसंन्यासिनस्तथा ।
साधूनन्यांश्च भक्तादीन् हरिर्भोज्यान्यभोजयत् ॥१६॥
राजन्तीललितामुख्या योषा भोजयितुं ततः ।
भोज्यान्यदापयत्प्रीत्या स्वीयप्रासादिकानि सः ॥१७॥
गर्भागारे ततस्तस्मिंस्तूलिकापार्श्विकादिभिः ।
आसने स युते रम्ये न्यषीदद्धर्मभूर्हरिः ॥१८॥
नारायणाभिधोच्चारं ततः कर्तुं हरिर्मुदा ।
स्वाननाबद्धदृष्टींस्तान् मुन्यादीन् स ह्यजिज्ञपत् ॥१९॥
तेऽथ नारायणाभिख्योच्चारणं प्रेमतो व्यधुः ।
तन्निनादः शुभो भूयान् दिशोऽभद्रं व्यनीनशत् ॥२०॥

ઉગમણા બારના તે ઓરડામાં એક મોટા સુંદર બાજોઠ ઉપર રેશમી કાપડનો ચાકળો પાથર્યો અને તેના ઉપર શ્રીહરિ ઉગમણે મુખે વિરાજ્યા. ॥૧૪॥

પછી શ્રીહરિ અનેક પ્રકારના સુંદર ભોજન સારી રીતે જમ્યા અને પોતાના થાળની પ્રસાદી જીવુબા માટે મોકલાવી. ॥૧૫॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ ધર્મવંશીઓ, વર્ણીઓ, સંન્યાસીઓ, સાધુઓ, તથા પાર્ષદો આદિ અન્ય ભક્તોને સારી રીતે ભોજન જમાડ્યા. ॥૧૬॥

પછી રાજબાઇ તથા લાડુબા આદિ બહેનોને જમાડવા માટે પોતાની પ્રસાદીરૂપ રસોઇ પ્રેમથી મોકલાવી. ॥૧૭॥

પછી ધર્મપુત્ર શ્રીહરિ તે ઓરડામાં ગાદી તકિયા આદિ બિછાવીને તૈયાર કરેલા સુંદર આસન ઉપર વિરાજમાન થયા. ॥૧૮॥

સંતો વગેરે સહુ શ્રીહરિના મુખારવિંદ સામે જ નજર રાખીને બેઠા હતા. તેમને શ્રીહરિએ પ્રેમથી 'નારાયણ ધૂન' કરવાની આજ્ઞા કરી. ॥૧૯॥

સહુ પ્રેમથી ''નારાયણ ધૂન'' બોલ્યા. તેનો અમાપ ધ્વનિ ચોતરફ

अल्पद्वाराऽथ राजन्ती जया च श्रीहरौ रता ।
सुव्रता ललिता चेष्टं तं प्रीत्या ता व्यलोकयन् ॥२१॥
गर्भागारं तदा दिव्यं रमावैकुण्ठसन्निभम् ।
तं भूरिव्याप्नुवत्तेजःपुञ्जं ताः समलोकयन् ॥२२॥
तत्र नन्दसुनन्दाद्यैर्दिव्यैर्युक्तौ स्वपार्षदैः ।
ताः प्रैक्षन्तातिराजन्तौ लक्ष्मीनारायणौ मुदा ॥२३॥
तावथ प्रापतां तूर्णं श्रीहरौ तत्र लीनताम् ।
मुहूर्त्तार्द्धेऽथ चाऽपश्यंस्तौ तास्तस्मात्पृथक् स्थितौ ॥२४॥
ततस्तौ प्रश्रयानम्रौ श्रीहरिं चेत्यवोचताम् ।
कारयेहाऽस्मदर्थं त्वं धाम वैकुण्ठसन्निभम् ॥२५॥
स्थास्यावः सह तत्राऽऽवां त्वया चैवाऽवतारिणा ।

દિશાઓમાં વ્યાપી ગયો અને તેનાથી સમગ્ર અમંગળનો વિનાશ કરાવ્યો. ॥૨૦॥

શ્રીહરિના સ્વરૂપમાં અધિક સ્નેહપૂર્ણ ભક્તિભાવવાળા તથા સુદૃઢવ્રત પાળનારા જીવુબા, લાડુબા તથા રાજબાઇ, આ ત્રણેય નાને બારણેથી ઈષ્ટદેવ શ્રીહરિના પ્રેમથી દર્શન કરતા હતા. ॥૨૧॥

તે સમયે તેમણે તે ઓરડાને ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ જ્યાં વિરાજ્યા હોય તેવા વૈકુંઠધામના જેવો દિવ્ય દેખ્યો. તેમાં ચારે બાજુ તેજનો પુંજ વ્યાપી ગયો હતો. ॥૨૨॥

તે તેજને મધ્યે અત્યંત દેદીપ્યમાન સ્વરૂપવાળા શ્રીભગવાન્ લક્ષ્મીનારાયણના પ્રેમથી દર્શન થયા. તેમાં નંદ સુનંદ આદિ ભગવાનના પાર્ષદો પણ સાથે હતા. ॥૨૩॥

પછી તેમણે શ્રીલક્ષ્મીજી અને શ્રીનારાયણ ભગવાનને શ્રીહરિના સ્વરૂપમાં તત્કાળ વિલીન થતા જોયા અને એક ઘડી પછી વળી તે બન્નેને શ્રીહરિથી અલગ રહ્યા હોય તેમ દેખ્યા. ॥૨૪॥

પછી વિનયથી નમ્ર લક્ષ્મીજી અને શ્રીનારાયણ ભગવાન્, આ બન્નેએ શ્રીહરિને કહ્યું, આપ અમારે માટે વૈકુંઠના જેવું અહીં સત્સંગમાં ધામ કરાવો. ॥૨૫॥

તે ધામમાં આપ અવતારીની સાથે અમે બન્ને રહીશું. હે રાજન્ ! શ્રીહરિને

तं गदित्वेति तौ राजंस्तत्रैवान्तरधीयताम् ॥२६॥

श्रीहरिरु वाच –

भक्ता ! वृत्तालये युक्ते वृक्षैर्माल्यफलाकुलैः ।

चारु नानाविधोद्याने मत्पादाङ्कैश्च पाविते ॥२७॥

संयुते कूपकासारैर्विधाप्यं मन्दिरं मया ।

संसारतापतप्तानां श्रेयसे प्राणधारिणाम् ॥२८॥

उत्थायाऽथ हरिस्तस्माद् गर्भागारात् सपार्षदः ।

स्वावासं चाऽऽगमद्रम्यं चट्चटध्वनिपादुकः ॥२९॥

ततो वृत्तालये राजन् ! मन्दिरं सुन्दरं हरिः ।

दक्षं कारयितुं स्निग्धं ब्रह्मानन्दं ह्यजिज्ञपत् ॥३०॥

ब्रह्मानन्दमुनिस्ततो निपुणधीर्युक्तो स्वशिष्यैर्मुदा,

नत्वा श्रीहरिमच्युतं पुरमगाद्वृत्तालयं राजितम् ॥

दक्षैः शिल्पिजनैरथातिरु चिरं प्राकारयन्मन्दिरं

આટલું કહીને તે બન્ને ત્યાં જ અંતર્હિત થઈ ગયા. ॥૨૬॥

શ્રીહરિએ કહ્યું, હે ભક્તો ! વડતાલમાં ફૂલ અને ફળોથી નમી ગયેલા વૃક્ષો ઘણા છે, ત્યાં સુંદર અનેક પ્રકારના બાગ-બગીચાઓ પુષ્કળ છે અને તે મારા ચરણોથી પવિત્ર છે. ત્યાં કૂવાઓ અને તળાવોને લીધે પાણીની પણ સગવડતા છે, માટે સંસારના દાવાનળથી દાઝતા પ્રાણીઓના મોક્ષ માટે વડતાલમાં મંદિર કરાવવું છે. ॥૨૭-૨૮॥

પછી શ્રીહરિ તે ઓરડામાંથી ઊઠ્યા. અને પોતાને રમણીય નિવાસ સ્થાને પધાર્યા. પાર્ષદો સાથે હતા. ચાખડીઓનો ચટાક્ ચટાક્ આવો ધ્વનિ સંભળાતો હતો. ॥૨૯॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ વડતાલમાં સુંદર મંદિર કરાવવા માટે તે કામમાં નિષ્ણાત અને સ્નેહભાવવાળા શ્રીબ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી હતી. ॥૩૦॥

તે પછી કુશળ બુદ્ધિવાળા શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પોતાના શિષ્ય મંડળને સાથે લીધું. અવિકારી શ્રીહરિને પ્રેમથી પ્રણામ કર્યા, અને સુશોભિત વડતાલ ગામમાં આવ્યા. ત્યાં પોતાના અત્યંત વહાલા ઈષ્ટદેવ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે નિપુણ

तं स्म प्रीणयितुं हरिं प्रियतरं स्वीयेष्टदेवं परम् ॥३१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये जयाकृतवास्तुकर्मणि लक्ष्मीनारायणादिदर्शनादिनिरू पणं नाम चतुरशीतितमोऽध्यायः ॥८४॥

अथ पञ्चाशीतितमोऽध्यायः

पञ्चाशीतितमे सोमादेव्या गृहमगाद्धरिः ।

दोलारू ढौ स्ततो दृष्टौ वैशालीयौ वृषात्मजौ ॥

श्रीचैतन्यानन्द उवाच –

गर्भागारात् ततस्तस्माद् गर्भागारं ह्युदग्दिशि ।

हरिस्त्वत्तातमात्रेऽदात्सोमादेव्यै धरापते ! ॥१॥

आहूय साऽथ ते तातं वाक्यमित्थं समब्रवीत् ।

श्वो वर्तते महाबुद्धे ! पुष्पदोलामहोत्सवः ॥२॥

तत्र मुन्यादिभिर्युक्तो गर्भागारेऽत्र वै हरिः ।

आनेतव्यस्तथा भोज्यो भोज्यैर्नानाविधैर्वरैः ॥३॥

શિલ્પીઓ પાસે ઘણું સુંદર મંદિર કરાવ્યું. ॥૩૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૪ સમાપ્ત.

અધ્યાય - ૮૫

સોમાદેવીના ઓરડામાં શ્રીહરિની પધરામણી અને શ્રીનરનારાયણદર્શન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ઉગમણાબારના બે ઓરડામાં દક્ષિણ તરફનો ઓરડો જીવુબાને આપ્યો અને ઉત્તર તરફનો ઓરડો શ્રીદાદાખાચરના મા સોમાદેવીને શ્રીહરિએ આપ્યો. ॥૧॥

સોમાદેવીએ તમારા પિતા શ્રીદાદાખાચરને બોલાવીને કહ્યું, હે મહાબુદ્ધે ! આવતીકાલે ફૂલદોળનો મહોત્સવ છે. ॥૨॥

માટે સંતો વગેરેની સાથે તમારે આ ઓરડામાં શ્રીહરિની પધરામણી કરવાની છે. અને અનેક પ્રકારની સારી રસોઇ કરાવીને અહીં થાળ જમાડવાનો છે. ॥૩॥

पाकस्य संविधास्तस्माद्विधाप्याः सत्वरं त्वया ।
ततः सोऽचीकरत्तूर्णं तास्तु नानाविधाः सुधीः ॥४॥
गर्भागारेऽथ सा तस्मिन् सन्निषादयितुं हरिम् ।
नानासुगन्धिपुष्पाणां रम्यां दोलामबन्धयत् ॥५॥
अथाऽऽहूयाऽतिभक्त्या सा मुन्याद्यैरन्वितं हरिम् ।
ततस्तं पुष्पदोलायां मनोज्ञायां न्यषीषदत् ॥६॥
वादयन्तस्ततः सन्तो मृदङ्गं झर्झरांस्तथा ।
सादरं हरिपद्यानां गायनं चक्रुरुत्सुकाः ॥७॥
ततः श्रीखण्डकस्तूरीकाश्मीरैस्ते पिता नृप ! ।
सन्माल्यहारकेयूरशेखरैर्भूषणैस्तथा ॥८॥
धूपदीपादिभिश्चान्यै रम्यैः षोडशभिर्हरिम् ।
पूजयित्वोपचारैस्तं महानीराजनं व्यधात् ॥९॥
आर्पयत्स ततस्तस्मै प्रीत्या श्रीहरये हयीम् ।
माणिक्यवर्णसंयुक्तां राजमानामृजुं वराम् ॥१०॥

માટે રસોઇની બધી વ્યવસ્થા તમારે સત્વરે કરવાની છે. પછી સદ્‌બુદ્ધિવાળા શ્રીદાદાખાચરે તત્કાળ રસોઇની બધી જ વ્યવસ્થા કરી દીધી. ॥૪॥

સોમાદેવીએ તે ઓરડામાં શ્રીહરિને વિરાજમાન કરવા માટે સારા સુગંધી ફૂલોનો સુંદર હિંડોળો બાંધીને તૈયાર કરાવ્યો. ॥૫॥

પછી તેમણે અતિશય ભક્તિ ભાવથી સંતો વગેરેની સાથે શ્રીહરિને બોલાવ્યા અને મનોહર ફૂલના હિંડોળામાં તેમને પધરાવ્યા. ॥૬॥

તે સમયે ઉત્સાહી સંતો ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્ર વગાડીને આદર સહિત ભગવાનના કીર્તન ગાવા લાગ્યા. ॥૭॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે ચંદન કસ્તૂરી, કુંકુમ, સારા ફૂલહાર, બાજુબંધ, તોરા તથા બીજા આભૂષણો અને ધૂપ, દીપ, આદિ બીજા રમણીય સોળ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી અને પછી મહાનીરાજન (આરતી) કર્યું. ॥૮-૯॥

પછી શ્રીદાદાખાચરે શ્રીહરિને માણેક વર્ણી માણકી ઘોડી અર્પણ કરી. જે દેખાવે સુંદર સ્વભાવે સરળ અને સર્વોત્તમ હતી. ॥૧૦॥

ततो नीराजनं प्रीत्या श्रीहरेः स व्यधाद्विभोः ।
तं ववन्देऽथ साष्टाङ्गं प्रेमरोमाञ्चितो हि सः ॥११॥
तदा तिस्रो जयामुख्या सोमादेवी च योषितः ।
स्वेष्टदेवं हरिं प्रेष्ठं प्रीत्या दूराद् व्यलोकयन् ॥१२॥
तास्ततो हरिणा दत्तदिव्यदृष्ट्या मनोहरम् ।
गर्भागारं व्यपश्यंस्तं श्रीबदर्याश्रमोपमम् ॥१३॥
प्रेक्षन्ताथोत्तमां दोलां तां सिंहासनरूपिणीम् ।
तत्राऽऽसीनं च दिव्यं ता महातेजोमयं हरिम् ॥१४॥
नूत्नजीमूतसंकाशकान्तिं पद्मच्छदेक्षणम् ।
रूपानुरूपराजद्भिर्दिव्यैश्चाऽवयवैर्युतम् ॥१५॥
दिव्यस्वैकाङ्गसल्लक्ष्म्या कोटिमन्मथमोहनम् ।
सस्मितास्यमहाशाभाकोटिपूर्णेन्दुलज्जनम् ॥१६॥

માણકી અર્પણ કર્યા પછી તેમણે મહાસમર્થ શ્રીહરિની (ફરીવાર) આરતી પ્રેમથી ઉતારી. તેથી તેમને શરીરે રોમાંચ થઇ ગયો અને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ॥૧૧॥

તે પછી જીવુબા, લાડુબા અને રાજબાઇ, આ ત્રણ તથા સોમાદેવી દૂર ઊભા રહીને પોતાના પ્રિય ઇષ્ટદેવ શ્રીહરિની મૂર્તિને જોઇ રહ્યા. ॥૧૨॥

શ્રીહરિએ તે ચારેયને દિવ્ય દૃષ્ટિ આપી. ત્યારે તેમને તે મનોહર ઓરડો બદરિકાશ્રમ જેવો દેખાયો. ॥૧૩॥

સુંદર હિંડોળો સિંહાસનરૂપે દેખાયો અને તેમાં બેઠેલા શ્રીહરિને દિવ્ય તેજોમય દેખ્યા. ॥૧૪॥

નવીન મેઘના સમાન શ્યામ-ઘનશ્યામ સુંદર તેમની કાંતિ હતી. કમળની પાંખડીના જેવા સુંદર નેત્ર હતા. રૂપને અનુરૂપ ઘાટિલા તેમના દિવ્ય અવયવો હતા. ॥૧૫॥

પોતાના દિવ્ય એક એક અંગની સુંદરતાથી કરોડો કામદેવને પણ મોહ ઉપજાવતા હતા. મધુર આછા હાસ્યયુક્ત તેમના મુખની અનુપમ શોભાથી કરોડો પૂર્ણચંદ્ર પણ ઝાંખા પડી જતા હતા. ॥૧૬॥

तदग्रेऽथ व्यपश्यंस्ता नरनारायणौ शुभौ ।
तथोद्धवं च देवर्षिं शान्तं नारायणप्रियं ॥१७॥
तेऽथाऽकुर्वन् हरेरच्चामर्ध्यैः षोडशभिर्वरैः ।
स्तुतिं चक्रुस्ततस्तस्य पद्यैश्छन्दोमयैः शुभैः ॥१८॥
नरनारायणोऽथैवं श्रीहरिं वाक्यमब्रवीत् ।
सत्संगेऽस्मिन् हरे ! स्थातुं भूयसी प्रीतिरस्ति नः ॥१९॥
अत्र कारयितुं तस्मात्त्वमद्याऽर्होऽसि मन्दिरम् ।
तत्राऽवतारबीजेन वत्स्यावोऽद्धा समं त्वया ॥२०॥
इत्युक्त्वा तावथ प्रीत्या तेजोमय्यां तदाकृतौ ।
विचित्राश्चर्ययुक्तायां लीनत्वं प्रापतुर्द्रुतम् ॥२१॥
सोमादेवी तदाश्चर्यं राजन्तीं वीक्ष्य चाऽब्रवीत् ।
तन्निशम्याऽमरी हास्यं जीववर्मसुताऽकरोत् ॥२२॥
साऽथेति प्राह तां वाक्यं तन्मिथ्यस्याद्यदा तदा ।

તે ચારેએ શ્રીહરિની આગળ ઊભેલા મંગળમય શ્રીનર અને શ્રીનારાયણને દેખ્યા. તેમજ સ્વભાવે શાંત અને શ્રીનારાયણ જ જેને રુચે છે આવા ઉદ્ધવજી તથા દેવર્ષિ નારદજીને દેખ્યા. ॥૧૭॥

પછી તે સહુએ સર્વોત્તમ ષોડશોપચારોથી શ્રીહરિની પૂજા કરી અને શુભ છન્દોબદ્ધ પદ્ય બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. ॥૧૮॥

પછી શ્રીનરનારાયણ ભગવાને શ્રીહરિને કહ્યું, હે હરે ! આ સત્સંગમાં રહેવા માટે અમને ઘણી જ પ્રેમભરી ઇચ્છા છે. ॥૧૯॥

તો આ સત્સંગમાં આપ હમણાં કોઇ એક સારું મંદિર કરાવો. આપ અવતારીની સાથે અમે બન્ને ચોક્કસ રહીશું. ॥૨૦॥

આટલું કહીને પછી તે શ્રીનરનારાયણ, આ બન્ને સ્વરૂપ વિચિત્ર આશ્ચર્યોથી ભરપૂર શ્રીહરિની તેજોમય મૂર્તિમાં પ્રેમથી સત્વરે વિલીન થઇ ગયા. ॥૨૧॥

આ આશ્ચર્યોને જોઇને સોમાદેવીએ રાજબાઇને તેની વાત કહી. શ્રીજીવાખાચરના દીકરી અમરીબાઇએ આ વાત સાંભળીને તેને હસી કાઢી. ॥૨૨॥

ત્યારે સોમાદેવીએ અમરીબાઇને કહ્યું, ''હું કહું છું તે વાત જો ખોટી હોય

ब्रह्माण्डनाशनस्यांहो मयि स्याच्चेति गम्यताम् ॥२३॥
अमर्यथेत्यवोचत्तां दृश्यं तन्मे यदा भवेत् ।
तदा तत्सत्यताया मे निश्चयः स्याद्धितावहः ॥२४॥
तस्या हरीच्छयाऽथाऽसीत्समाधिस्तत्र सा ततः ।
उत्पत्योर्ध्वं न्यपाद्भूमौ राजन् ! हस्तत्रयं ध्रुवम् ॥२५॥
अथाऽमर्यैक्षत प्रीत्या तदाश्चर्यं शुभं परम् ।
साऽथ तामब्रवीद् दृष्टं यथा तत्प्रोक्तमद्भुतम् ॥२६॥
पञ्चषष्टिप्रमाणानां जनानां चाऽभवत्तदा ।
समाधिस्तत्र तेऽपश्यन् हरेरैश्वर्यमद्भुतम् ॥२७॥
तथाऽपश्यंस्तदैश्वर्यं पावनं विस्मयावहम् ।
केचिज्जनाः समाधिं वै विनापि श्रीहरीच्छया ॥२८॥
समाधेः सोत्थिता राजन् ! अमरी प्रेक्षितं हरेः ।
प्राहैश्वर्यं जनांस्तत्ते श्रुत्वाऽऽपुर्विस्मयं भृशम् ॥२९॥

તો મને આખા બ્રહ્માંડના વિનાશનું પાપ લાગે, '' એમ તમે ચોક્કસ માનો.'' ॥૨૩॥

ત્યારે અમરીબાએ કહ્યું કે ''તેવા દર્શન જો મને થાય તો તેની સચ્ચાઇનો હિતકારી નિશ્ચય થાય.'' ॥૨૪॥

પછી શ્રીહરિની ઇચ્છાથી અમરીબાઇને સમાધિ થઇ. હે રાજન્ ! સમાધિ થઇ ત્યારે તે ત્રણ હાથ ઊછળીને જમીન ઉપર પડ્યા. ॥૨૫॥

પછી અમરી બાને સમાધિમાં તે પરમ શુભ બધું ઐશ્વર્ય પ્રેમથી દેખાયું કે જે સોમાદેવીએ દેખ્યું હતું. પછી તેમણે તે બધી અદ્‌ભુત વાત સોમાદેવીને કહી. ॥૨૬॥

તે વેળાએ લગભગ પાંસઠ જેટલા બીજા લોકોને પણ સમાધિ થઇ હતી અને તેમને પણ શ્રીહરિનું તે અદ્‌ભુત ઐશ્વર્ય દેખાયું હતું. ॥૨૭॥

તે રીતે જ શ્રીહરિની ઇચ્છાથી કેટલાક લોકોને તો વગર સમાધિએ પરમ પાવનકારી વિસ્મયજનક તે ઐશ્વર્ય દેખાયું હતું. ॥૨૮॥

હે રાજન્ ! અમરીબાઇ સમાધિમાંથી જાગ્યા. તેમણે શ્રીહરિનું જે ઐશ્વર્ય સમાધિમાં જોયું હતું, તે બીજા લોકો આગળ કહ્યું, તે સાંભળીને લોકો અત્યંત વિસ્મય

गर्भागारे ततस्तस्मिन् रङ्गक्रीडां व्यधाद्धरिः ।
पार्षदास्तत्र चैवाऽऽसन् हरेः पक्षे मुदान्विताः ॥३०॥
अन्यस्मिन्नभवन्पक्षे मुन्याद्याः श्रीहरिप्रियाः ।
पार्षदाश्च हरी रङ्गं मुन्यादिष्वक्षिपन् भृशम् ॥३१॥
गुलालं स तथाऽबीरं भृशं तेष्वक्षिपंस्तथा ।
ते गुलालं तथाऽबीरं मुन्याद्यास्तेषु चाऽक्षिपन् ॥३२॥
जयन्ति स्माऽथ मुन्याद्यास्ते हरिं क्रीडनोत्सुकाः ।
लाजानथाऽदिशत्तेभ्यः सोऽङ्घ्री तद्हृत्स्वधात्तथा ॥३३॥
स्नात्वाऽथोन्मत्तगङ्गायां मुन्याद्यैरन्वितो हरिः ।
गर्भागारे वरे तस्मिन्नानाभोज्यान्यभुक्त सः ॥३४॥
धर्मवंश्यानथाशेषान् मुन्यादीन् सा तथा मुदा ।
भोज्यैर्नानाविधै रम्यैस्तर्पयामास सादरम् ॥३५॥

પામ્યા. ॥૨૯॥

પછી શ્રીહરિએ સોમાદેવીના તે ઓરડામાં રંગક્રીડા કરી. ઉત્સાહી પાર્ષદો તે સમયે શ્રીહરિના પક્ષમાં હતા. ॥૩૦॥

સામેના પક્ષમાં શ્રીહરિના વહાલા સંતો વગેરે હતા. પાર્ષદો અને શ્રીહરિ સંતો વગેરેના ઉપર પુષ્કળ રંગ નાખવા લાગ્યા. ॥૩૧॥

તેમજ ગુલાલ અને અબીર પણ ખૂબ જ નાખવા લાગ્યા. સંતો વગેરે પણ શ્રીહરિના પક્ષ ઉપર ગુલાલ અને અબીર પુષ્કળ પ્રમાણમાં નાખવા લાગ્યા. ॥૩૨॥

આ રંગોત્સવમાં રંગ ખેલતા ઉત્સાહી સંતોના પક્ષનો શ્રીહરિના ઉપર વિજય થયો. શ્રીહરિએ સંતો વગેરેને ધાણી આદિ ફગવા આપ્યા અને સહુની છાતીમાં ચરણારવિંદ આપ્યા. ॥૩૩॥

પછી શ્રીહરિ સંતો વગેરેની સાથે ઉન્મત્ત ગંગા (ઘેલાનદી) માં સ્નાન કરવા ગયા. પાછા આવીને તે શ્રેષ્ઠ ઓરડામાં અનેક પ્રકારના ભોજનનો થાળ જમ્યા. ॥૩૪॥

પછી સોમાદેવીએ બધા ધર્મવંશીઓને અને સંતો આદિને અનેક પ્રકારના સુંદર ભોજન આદર સાથે પીરસી જમાડીને તૃપ્ત કર્યા. ॥૩૫॥

त्वत्पिताऽथोत्तमैर्भक्त्या वासोऽलङ्करणादिभिः ।
नानार्घ्यैर्धर्मवंशीयान् यथायोग्यं समार्हयत् ॥३६॥
स मुन्यादीनथाऽशेषान् पूजयित्वोपचारकैः ।
तेभ्यो नूत्नानि वासांसि प्रादात्प्रीत्या महीपते ! ॥३७॥
गर्भागारे ततस्तस्मिन् सायं नीराजनोत्तरम् ।
श्रीहरिं द्रष्टुकामानां मुन्यादीनामभूत्सभा ॥३८॥
तस्यां महासमज्यायां कोमलैस्तूलिकादिभिः ।
युक्ते स्वीयासने रम्ये न्यषीदद्धर्मभूर्हरिः ॥३९॥
तत्र शिल्पिवरस्तावद् गृहीत्वाऽऽयान्मनोहराः ।
देवानां प्रतिमा दिव्या मनोज्ञावयवान्विताः ॥४०॥
स प्रणम्याऽथ तं राजन् ! दर्शयामास ता हरिम् ।
नरनारायणीयाच्चाः स प्रीत्याऽथाऽग्रहीत्प्रभुः ॥४१॥
तथा दिव्यां रणच्छोडमूर्तिं सिद्धेश्वरस्य ताम् ।

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે સર્વોત્તમ વસ્ત્રો, અલંકારો અને બીજા અનેક ઉપચારોથી ભક્તિભાવ સાથે ધર્મવંશીઓની યથોચિત રીતે પૂજા કરી. ॥૩૬॥

હે રાજન્ ! પછી શ્રીદાદાખાચરે સાધુ, વર્ણી અને પાર્ષદો, આદિ સહુની સારા ઉપચારોથી પૂજા કરી અને પ્રેમથી નવા વસ્ત્ર ઓઢાડ્યા, અર્પણ કર્યા. ॥૩૭॥

સાંજે સંધ્યા આરતી થઈ રહ્યા પછી દર્શન કરવા આવેલા સંતો આદિની સભા તે ઓરડામાં ભરાઈ. ॥૩૮॥

તે મહાન્ સભામાં સુંવાળા ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા પોતાના રમણીય આસન ઉપર ધર્મપુત્ર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૩૯॥

તે સમયે એક સારો શિલ્પી આવ્યો. તેની પાસે મનોહર અવયવોના ઘાટવાળી દિવ્ય દેવોની પ્રતિમાઓ (મૂર્તિઓ) હતી. ॥૪૦॥

હે રાજન્ ! તેણે આવીને શ્રીહરિને પ્રણામ કર્યા અને તે મૂર્તિઓ શ્રીહરિને બતાવી. તેમાંથી પ્રભુ શ્રીહરિએ પ્રેમથી શ્રીનરનારાયણ ભગવાનની મૂર્તિઓ લીધી. ॥૪૧॥

તે રીતે રણછોડજીની દિવ્ય મૂર્તિ લીધી, સિદ્ધેશ્વર મહાદેવજીની તથા દશ

मूर्तीर्दशावताराणां श्रीहरिश्चाग्रहीन्मुदा ॥४२॥
सुन्दरावयवोपेतास्तथोपादत्त सोऽद्भुताः ।
सूर्यनारायणादीनां भास्वराः प्रतिमाः शुभाः ॥४३॥
आनन्दानन्दनामानं सशिष्यं प्रैषयन्मुनिम् ।
सशिष्यं प्रैरयत्सन्तं गोविन्दानन्दसंज्ञितम् ॥४४॥
ततः कारयितुं रम्यं मन्दिरं श्रीपुरे हरेः ।
भुजङ्गाख्ये पुरे तद्वत्कारयिष्यन् स मन्दिरम् ॥४५॥
प्रीतस्ततः स हरिरार्तिहरावतारः कल्याणकृत् पतितपावननामधेयः ।
धर्मात्मजः प्रथितपुण्ययशा गुणज्ञस्तस्मै ददावुरु तरं वरपारितोषम् ॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकारितनरनारायणदर्शनादिनिरू पणं नाम पञ्चाशीतितमोऽध्यायः ॥८५॥

अथ षडशीतितमोऽध्यायः

અવતારોની મૂર્તિઓ પણ પ્રેમથી લીધી. ॥૪૨॥

સુંદર ઘાટિલા અવયવો વાળી શ્રીસૂર્યનારાયણ આદિની તેજસ્વી શુભ અદ્‌ભુત મૂર્તિઓ પણ લીધી. ॥૪૩॥

પછી અમદાવાદમાં ભગવાનનું સુંદર મંદિર કરાવવા માટે શિષ્ય મંડળે સહિત શ્રીઆનંદાનંદ સ્વામીને અમદાવાદ મોકલ્યા હતા અને તેની જ માફક ભુજમાં મંદિર કરાવવા માટે શિષ્ય મંડળે સહિત શ્રીગોવિંદાનંદ સ્વામીને ભુજ મોકલ્યા હતા. ॥૪૪-૪૫॥

ધર્મપુત્ર શ્રીહરિનું પ્રાકટ્ય ભક્તોની પીડા હરવા માટે જ છે, સ્વયં મુમુક્ષુઓનું કલ્યાણ કરે છે, તેમનું નામ સ્મરણ પતિતોને પણ પવિત્ર કરનારું છે, આથી તેમનો પવિત્ર યશ સર્વત્ર વિસ્તરી ગયો. પોતે સદ્‌ગુણોની કદર કરે છે તેથી તે મૂર્તિઓ લાવનારા શિલ્પીને તેમણે ઘણો જ પુરસ્કાર આપ્યો. ॥૪૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૫ સમાપ્ત

षडशीतितमे रू पं वृषपुत्रविराजयोः ।
श्रीपुराहिपुरे गत्त्रा हरिणा दर्शितं शुभम् ॥

श्रीचैतन्यानन्द उवाच –
सप्तखण्डेषु चैवैतद्गर्भागारद्वयस्य सः ।
राजन् ! भूयांसि दिव्यानि चरीत्राणि व्यधाद्धरिः ॥१॥
गर्भागारद्वयस्याऽस्य बहिर्वेद्यास्तु खण्डके ।
न्यषीदद्दक्षिणाशायां क्वचित्सिंहासने हरिः ॥२॥
माल्यहारमनोहारी सारगौरतराम्बरः ।
श्वेतपद्मैरिवोपेतो ह्रदःसोऽभाद्यमस्वसुः ॥३॥
आसीद्देशान्तरीयाणां तद्भक्तानां ततो हरेः ।
अग्रे च तत्प्रसक्तानां मुन्यादीनां महासभा ॥४॥
तत्र लक्ष्मीपुरात्तावत् पत्रमायान्महासतः ।
आनन्दानन्दसंज्ञस्य तज्जग्राहाथ स प्रभुः ॥५॥

અધ્યાય - ૮૬

અમદાવાદ જતા નરનારાયણરૂપે અને ભુજ જતા વૈરાજરૂપે દર્શન દીધા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ઉગમણા બારના બંને ઓરડાના સાતેય ખંડોમાં શ્રીહરિએ ઘણા જ દિવ્ય ચરિત્રો કર્યા હતા. ॥૧॥

બન્ને ઓરડાની બહારની ઓસરીના દક્ષિણ ખંડમાં સિંહાસન ઉપર શ્રીહરિ કોઈ વખત વિરાજ્યા હતા. ॥૨॥

શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા તથા શ્વેત ફૂલોના હાર પહેર્યા હતા. તેથી ખીલેલા શ્વેત કમળવાળો યમુનાનો ધરો હોય તેવા શ્રીહરિ શોભતા હતા. ॥૩॥

શ્રીહરિની આગળના ભાગમાં તેમના સ્વરૂપમાં મન લગાવી રાખનારા સંતો વગેરેની અને દેશ દેશના હરિભક્તોની વિશાળ સભા ભરાઈને બેઠી હતી. ॥૪॥

તે સમયે ત્યાં અમદાવાદથી મોટેરા સંત સદ્‌ગુરુ શ્રીઆનંદાનંદ સ્વામીએ લખી મોકલેલો પત્ર આપ્યો. મહાપ્રભુ શ્રીહરિએ તે પત્ર હાથમાં લીધો. ॥૫॥

वार्तां ततो विशालेशप्रतिमास्थापनादिकाम् ।
तत्र संवाच्य स प्रीतो हरिस्तस्मिन्नभून्मुनौ ॥६॥
स प्राहाऽथेति ते तातं समाहूय च सद्गुरून् ।
श्रीपुरे नोऽस्ति गम्यं तत् सज्जा यूयं स्त मा चिरम् ॥७॥
ततः सज्जो हरिस्तूर्णं चारुशीलगुणान्विताम् ।
अश्वां माणिक्यवर्णां स्वामारुक्षद्वातरंहसम् ॥८॥
स प्रतस्थेऽथ सार्द्धं स्वैर्नानावाद्यस्वनान्वितम् ।
लोकोऽद्राक्षीत्तदेत्यग्र्यं भद्रमाश्चर्यमुत्सुकः ॥९॥
नरनारायणौ शंखचक्रपद्मगदाधरौ ।
चतुर्भुजौ जनोऽपश्यद् गच्छन्तौ पार्श्वयोर्हरेः ॥१०॥
सुरप्रभादयो योषास्तदाश्चर्यं विलोक्य ताः ।
जानन्त्यो हरिमाहात्म्यं महानन्दं प्रपेदिरे ॥११॥
गर्भागारस्य तस्योच्चैर्बहिर्वेद्या ह्युदग्दिशि ।

તેમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા અંગેની વાત વાંચીને શ્રીહરિ શ્રીઆનંદાનંદ સ્વામીના ઉપર ઘણું રાજી થયા. ॥૬॥

પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચરને અને મોટેરા સદ્‌ગુરુઓને બોલાવીને કહ્યું કે તમે સહુ તૈયાર થાઓ, વિલંબ ન કરશો. ॥૭॥

તે પછી શ્રીહરિ સત્વરે તૈયાર થયા. પવનવેગી તથા સારા સ્વભાવ અને ગુણવાળી માણેકવર્ણી પોતાની માણકી ઘોડી ઉપર સવાર થયા. ॥૮॥

પોતાના ભક્તોની સાથે શ્રીહરિ ચાલી નીકળ્યા. ઉત્સાહી જન સમુદાયને એક મંગળરૂપ મહાન્ આશ્ચર્ય દેખાયું કે જેમાં અનેક પ્રકારના મંગળમય વાજિંત્રો વાગી રહ્યા હતા અને શંખ, ચક્ર, ગદા અને પદ્મ, આ ચાર આયુધોને ચાર હાથે ધારી રહેલા ચતુર્ભુજ શ્રીનર અને શ્રીનારાયણ ભગવાન શ્રીહરિની બન્ને બાજુએ રહીને અમદાવાદ જઇ રહ્યા હતા. ॥૯-૧૦॥

સુરપ્રભા દેવી આદિ સત્સંગી મહિલાઓ તો તે આશ્ચર્યને જોઇને ''આવો શ્રીહરિનો મહિમા છે'' એમ સમજીને ખૂબ જ આનંદ પામી. ॥૧૧॥

તે ઉગમણા બારના ઓરડાની ઊંચી ઓસરીએ ઉત્તર તરફના ખંડમાં

खण्डे सिंहासने रम्ये न्यषीदच्चैकदा हरिः ॥१२॥
पीतसर्वाम्बरोद्भासी चारु पीतशिरःपटः ।
बिभ्रत्पीतमहापुष्पहारान् सारांश्च शेखरान् ॥१३॥
भुजङ्गाख्ये पुरे देवप्रतिष्ठार्थं हरिं तदा ।
गोविन्दानन्दसाधोर्वै नेतुं पत्रमुपागमत् ॥१४॥
वाचयित्वाऽथ तत्पत्रं सर्वानाहूय सद्गुरून् ।
तैः सार्द्धं तत्पुरं गन्तुं विचारं स व्यधाद्धरिः ॥१५॥
राजन्नथानडुद्युक्तगन्त्र्यां प्रीत्या स सद्गुरुम् ।
गोपालानन्दनामानं निषाद्योपाविशत्स्वयम् ॥१६॥
प्रतस्थेऽथाऽनुरक्तैः स्वैः सादिपद्गादिभिर्युतः ।
प्रस्थापितो हरिः पौरैर्भक्तैरात्मेक्षणोत्सुकैः ॥१७॥
तदा नमोस्त्वनन्ताय सहस्रेत्यादि पद्यकम् ।

રમણીય સિંહાસન ઉપર એક વખત શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧૨॥

શ્રીહરિએ શરીર ઉપર બધા જ પીળા રંગના ચળકતા રેશમી વસ્ત્ર પહેર્યા હતા. મસ્તક ઉપરની પાઘ પીળી હતી. પીળા ફૂલોના મોટા મોટા શ્રેષ્ઠ હાર અને તોરા પણ પીળા ધારણ કર્યા હતા. ॥૧૩॥

તે સમયે ભુજમાં મંદિર પૂરું થવાથી શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા માટેનો સદ્‌ગુરુ શ્રીગોવિંદાનંદ સ્વામીનો પત્ર, શ્રીહરિને ભુજ તેડાવવા બાબતનો, આવ્યો. ॥૧૪॥

પત્ર વાંચ્યો. મોટા સદ્‌ગુરુ સંતોને બોલાવ્યા. પછી તે સહુની સાથે ભુજ જવાનો વિચાર શ્રીહરિએ કર્યો. ॥૧૫॥

હે રાજન્ ! બળદ જોડેલી ગાડીમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીને પ્રેમથી બેસાડ્યા અને સ્વયં પણ ગાડીમાં વિરાજ્યા. ॥૧૬॥

પછી પોતાના સ્વરૂપમાં સ્નેહભક્તિવાળા ઘોડેસવાર સખાઓ અને પાર્ષદો વગેરેની સાથે શ્રીહરિ ભુજ જવા ચાલતા થયા. શ્રીહરિના દર્શન કરવાના ઉત્સાહી ગઢપુરના ભક્તોએ શ્રીહરિને વળાવ્યા. ॥૧૭॥

તે સમયે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી ''नमोऽस्त्वनन्ताय सहस्रमूर्त्तये.

प्रीत्याऽपठद्धरिं पश्यन् गोपालानन्दसद्गुरु : ॥१८॥
ततः सहस्त्रबाह्वङ्घ्रि सहस्त्राननमस्तकम् ।
रू पं प्रीत्या हरिस्तस्मै वैराजस्य व्यदर्शयत् ॥१९॥
सहस्त्रनेत्रकर्णाद्यं सहस्त्रार्कप्रकाशयुक् ।
प्रागल्भ्यातिशयोपेतं सर्वप्राणिदुरासदम् ॥२०॥
नाथुसंज्ञस्तदा भक्तस्तच्चतुष्कस्थितो नृप ।
इत्यवोचत् पुरा मूको भाषी श्रीहरिणा कृतः ॥२१॥
युक्तः सहस्त्रहस्ताद्यैरसौ गन्त्र्यां स्थितः प्रभुः ।
याति वै भगवान् साक्षात्पश्यतैतं परं जनाः ॥२२॥
जनाश्चान्येऽप्यथोदारं तद्रूपं वै दुरासदम् ।
दृष्ट्वाश्चर्यकरं भव्यं विस्मयं लेभिरे परम् ॥२३॥
अथान्तर्धाय तद्रूपं दुर्धर्षं दुर्विलोकनम् ।
दर्शनीयो जनैः शान्तः पूर्ववन्मानवाकृतिः ॥२४॥

આવો શ્લોક પ્રેમથી શ્રીહરિની સન્મુખ જોઈને બોલ્યા. ॥૧૮॥

ત્યારે હજારો બાહુ, હજારો ચરણ, મુખ અને મસ્તકવાળું, હજારો નેત્ર અને કાનયુક્ત, હજારો સૂર્યના જેવા પ્રકાશ યુક્ત, અત્યન્ત પ્રગલ્ભતાથી ભર્યું અને સર્વ પ્રાણીઓને દુર્લભ, આવું શ્રીવૈરાજનારાયણનું સ્વરૂપ શ્રીહરિએ પ્રેમથી શ્રીગોપાળાનંદ સ્વામીને બતાવ્યું. ॥૧૯-૨૦॥

હે નૃપ ! તે વેળાએ ત્યાં ચોકમાં એક નાથુનામનો ખોજા જ્ઞાતિનો ભક્ત ઊભો હતો. પહેલા તો તે મૂંગો હતો પણ તેને શ્રીહરિએ કૃપા કરીને બોલતો કર્યો હતો. તે આમ બોલવા લાગ્યો. ॥૨૧॥

“હજારો કર, ચરણ, મુખ, મસ્તક આદિ જેમને છે તે આ પ્રભુ શ્રીહરિ ગાડીમાં બેઠા છે. આ સાક્ષાત્ ભગવાન્ જાય છે. ભક્તજનો તમે જુઓ તો ખરા !!! ॥૨૨॥

પછી બીજા બધા લોકોએ વિશાળ, દુર્લભ, ઉદાર, આશ્ચર્યકારી અને ભવ્ય તે સ્વરૂપના દર્શન કર્યા અને તે અત્યંત વિસ્મિત થયા. ॥૨૩॥

પછી તે ઉગ્ર અને ન જોઈ શકાય તેવા રૂપને શ્રીહરિએ તિરોહિત કર્યું. અને

इति सुललितलीलाः सर्वदा तत्र कुर्वन् ।
भुवि सुकृतकुलं स्वं स्थापयन् स्वीयभूत्या ॥
अनयदुरु मुदं स्वान् भूरिभूभारहर्ता ।
श्रितजनसुखकर्ता श्रीहरिर्धर्मधर्ता ॥२५॥
गर्भागारयुगेऽत्र वै नरपते लीला व्यद्धाद्भूयसीः ।
सोऽष्टाङ्गं शुभयोगमात्मनिरतान् साधूंस्तथाऽशिक्षयत् ॥
नानानर्मविनोदनं समकरोत् सद्वार्तिकाश्चित्रधा ।
मन्त्राणां च विचारणं नृपतिवत् सार्द्धं निजैः सज्जनैः ॥२६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितवैराजपुरुषरू पादिनिरू पणं नाम षडशीतितमोऽध्यायः ॥८६॥

લોકો દર્શન કરી શકે તેવા શાંત અને પહેલા હતા તેવા મનુષ્યાકારે થયા. ॥૨૪॥

ધર્મને ધારણ કરનારા શ્રીહરિ આ રીતે ગઢપુરમાં તે દરબારગઢના ઓરડાઓ વગેરે સ્થળોએ રહીને કાયમ અત્યંત સુંદર લીલાઓ કરતા હતા, અને ભૂમિ ઉપર પોતાના ધર્મવંશ (જ્ઞાન વૈરાગ્યાદિ) નું સ્થાપન કરતા હતા, પોતાનું ઐશ્વર્ય બતાવીને નિજભક્તોને અધિક આનંદિત કરતા હતા, પૃથ્વીના ભાર ભૂત અધર્મ અને અધર્મીઓનો વિનાશ કરતા હતા. તેમજ પોતાના શરણાગત ભક્તોને સુખી કરતા હતા. ॥૨૫॥

હે રાજન્ ! આ ઉગમણા બારના બન્ને ઓરડાઓમાં શ્રીહરિએ અપાર લીલાઓ કરી હતી. ભગવત્ પરાયણ સંતોને શુભ અષ્ટાંગયોગ અહીં શીખવતા હતા. ક્યારેક સખાઓની સાથે અહીં બેસીને અનેક પ્રકારની હાસ્યભરી રમૂજની વાતો કરતા, કોઈ વખતે અહીં બેસીને મુમુક્ષુઓના કલ્યાણ માટે સારી જ્ઞાન વાર્તા કહેતા હતા અને કોઈ વખત પોતાના સંતો વગેરે સાથે બેસીને કલ્યાણકારી પ્રવૃત્તિ કરવા રાજાની જેમ મંત્રણા પણ કરતા હતા. ॥૨૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૬ સમાપ્ત.

अथ सप्ताशीतितमोऽध्यायः

सप्ताशीतितमे सायं श्रीहरे र्भोजनोत्तरम् ।
प्राप्तः शेषो हरिं दृष्ट्वा भुक्त्वा पीत्वा गृहं गतः ॥

श्रीचैतन्यानन्द उवाच -
वर्षर्तावेकदा राजंस्तद्गर्भागारयोर्हरिः ।
चतुष्के मञ्चके युक्ते तूलिकाद्यैरु पाविशत् ॥१॥
कौसुम्भसर्वसद्वासाः स्वर्णहारं दधद् गले ।
रक्तमन्दारमाल्यस्त्रग्गुच्छकेयूरशेखरान् ॥२॥
सायंकालेऽथ संजाते राजंस्तस्याऽग्रतो हरेः ।
प्रज्वलद्दीपिकायुग्मप्रकाशोऽभून्महत्तरः ॥३॥
ततो नीराजने जाते तालिका वादयन् हरिः ।
नारायणाभिधोच्चारं व्यधाद्भक्ता व्यधुस्तथा ॥४॥
ततो नानाविधैर्भोज्यैर्भृताऽमत्राणि वर्णिनः ।
न्यधुस्तस्याग्रतस्तानि स भुङ्क्ते स्माऽथ सत्पतिः ॥५॥

અધ્યાય - ૮૭

સાંજે શેષનું આગમન અને પ્રસાદ લઈને ગમન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત વર્ષા ઋતુનો સમય હતો. ત્યારે બન્ને ઉગમણા બારના ઓરડાની આગળના ચોકમાં શ્રીહરિ ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ॥૧॥

બધા કસુંબલ વસ્ત્ર પહેર્યા હતા. કંઠમાં સુવર્ણનો હાર હતો. લાલ મંદાર (પારિજાત) ના ફૂલોના હાર, ગુચ્છ, બાજુબંધ અને તોરાઓ ધારણ કર્યા હતા. ॥૨॥

હે રાજન્ ! સાંજ થઈ ત્યારે શ્રીહરિની આગળ બે મશાલો પ્રકટાવી, તેનું ઘણું અજવાળુ ચોતરફ પ્રસરી ગયું હતું. ॥૩॥

તે પછી આરતી થઈ ત્યારે શ્રીહરિએ તાળી વગાડીને ઊંચે સ્વરે ''નારાયણ ધૂન'' કરી તેમજ સૌ ભક્તોએ પણ ''નારાયણ ધૂન'' કરી. ॥૪॥

પછી અનેક પ્રકારના ભોજનોથી ભરેલા પાત્રોને બ્રહ્મચારીઓ લઈ આવ્યા. શ્રીહરિની આગળ તે મૂક્યા. પછી સત્પતિ શ્રીહરિ તે ભોજનનો થાળ પિરસાવીને

शर्करायुक्तरम्येण दधिक्षीरेण वै ततः ।
ओदनं प्रसरद्भूरिसौरभं भुक्तवान् हरिः ॥६॥
परिवेष्याऽथ स प्रीत्या साधुपद्गादिकान् हरिः ।
नानाविधानि भोज्यानि तर्पयामास निर्भरम् ॥७॥
तदाऽऽकाशे पयोदस्य घटाऽऽसीद्भूयसी नृप! ।
प्राऽस्फुरन्विद्युतोऽदभ्रं वर्षति स्माम्बुदस्तथा ॥८॥
द्रष्टुं हरेस्तदा लीलां विमानस्थाः सुरा दिवि ।
तस्योपरि व्यधुर्माल्यगन्धवृष्टिं मुहुर्मुहुः ॥९॥
सुखस्पर्शस्तदा वातो वाति स्म त्रिविधः शुभः ।
तदाऽऽसीदेकमाश्चर्यं तत्तेऽहं वच्मि तच्छृणु ॥१०॥
एकस्तत्र तदाऽभ्यायान् महासर्पो महाफणः ।
श्वेताऽऽस्यरोमसंयुक्तो रू प्यवर्णकलेवरः ॥११॥
लक्ष्यन्ते स्मोरु वक्त्राणि तत्फणासु क्वचिन्नृप! ।

જમવા બેઠા. ચારે બાજુ જેનો સુગંધ ફેલાઈ ગયો હતો આવો ભાત અને સુંદર દહીં સાકર તથા ભાત અને દૂધ સાકર શ્રીહરિ જમ્યા. ॥૫-૬॥

પછી શ્રીહરિએ સાધુઓને અને પાર્ષદો વગેરેને અનેક પ્રકારના ભોજન પીરસ્યા. સારી રીતે જમાડીને સહુને તૃપ્ત કર્યા. ॥૭॥

હે નૃપ ! તે સમયે આકાશમાં ઘણા ઘાટાં વાદળાં છાઈ ગયા. વીજળી ઝબૂકવા લાગી અને વરસાદ પુષ્કળ વરસવા લાગ્યો. ॥૮॥

શ્રીહરિની લીલાના દર્શન કરવા માટે દેવતાઓ વિમાનમાં બેસીને આકાશમાં આવ્યા. તેઓ ઘણા સુગંધી ફૂલ અને ચંદન, શ્રીહરિના ઉપર વારંવાર વરસાવવા લાગ્યા. ॥૯॥

સ્પર્શથી સુખ આપતો, મંદ, શીતળ અને સુગંધી પવન વાવા લાગ્યો. તે વેળાએ એક આશ્ચર્ય થયું, તે હું કહું છું તમે સાંભળો. ॥૧૦॥

ત્યાં એક મોટી ફણાવાળો, ઘણો લાંબો મોટો સાપ આવ્યો. તેના મુખની ચારે બાજુ શ્વેત રૂંવાડાં હતાં. તેનું બધું શરીર રૂપેરી રંગનું હતું. ॥૧૧॥

હે નૃપ ! તેની ફણામાં ક્યારેક ઘણા જ મુખ દેખાતા હતા અને ક્યારેક તો

दृश्यते स्म मुखं चैकं तद्भोगे चैव कर्हिचित् ॥१२॥
करालले लिहं लोलं तं दृष्ट्वा तेऽखिलास्तदा ।
भुक्तवन्तो हि चाञ्चल्यं लेभिरे विस्मयाकुलाः ॥१३॥
तदा प्राहेति तान् वाक्यं तालिका वादयन् हरिः ।
साम्प्रतं भवताऽशेषा आत्मरू पा हि निर्भयाः ॥१४॥
न भेतव्यं त्वितः सर्पाद्दीर्घस्थूलकलेवरात् ।
विरम्यं नैव युष्माभिर्भोजनाद्धैर्यशालिभिः ॥१५॥
शेषोऽसौ भगवान् साक्षात् प्रेक्षां मे कर्तुमागतः ।
तस्माद्भीतिर्न गन्तव्या कैश्चिदप्युरगादितः ॥१६॥
सप्तकृत्वस्ततो राजन्! सर्पेन्द्रो श्रीहरेर्मुदा ।
समग्राणां च साधूनां चक्रे पुण्याः प्रदक्षिणाः ॥१७॥
शुक्रतारास्फुरत्तेजश्चञ्चन्मस्तकराजितः ।
चन्द्ररश्मिज्वलत्तुन्दः प्रैक्षतोच्चशिराः स तम् ॥१८॥

તેના શરીર ઉપર એક જ મુખ જણાતું હતું. ॥૧૨॥

તે સમયે જમવા બેઠેલા સંતો વગેરે બધા આ મહા ભયાનક ચંચળ સાપને દેખીને સ્થિર રહી શક્યા નહિ. સહુ વિસ્મયથી અકળાઇ ગયા. ॥૧૩॥

ત્યારે શ્રીહરિએ તાળી વગાડીને સર્વ સંતો આદિકને કહ્યું, અત્યારે સહુએ આત્મનિષ્ઠ અને નિર્ભય થઇ જવાનું છે. ॥૧૪॥

વિશાળ લાંબા અને જાડા આ સાપથી કોઇ ડરશો નહિ. તમે તો ધીરજવાળા છો, કોઇ જમવાનું છોડશો નહિ. ॥૧૫॥

ભગવાન શેષનારાયણ મારા સાક્ષાત્ દર્શન કરવા આવ્યા છે. તેથી તમારે કોઇએ સર્પઆદિથી ડરવું નહિ. ॥૧૬॥

હે રાજન્ ! પછી નાગરાજ શ્રીશેષનારાયણે પ્રેમથી શ્રીહરિને અને સમગ્ર સંતોને પુણ્યરૂપે સાત પ્રદક્ષિણાઓ કરી. ॥૧૭॥

શેષનું ઝળહળતું મસ્તક શુક્રના તારાના ચમકતા તેજના જેવું હતું. ચંદ્રમાના કિરણો જેવું તેનું પેટ ઉજ્જ્વળ હતું. તે પોતાનું માથું ઊંચું કરીને શ્રીહરિના દર્શન કરતા હતા. ॥૧૮॥

राजन्नीशः कणान् धार्मिः सुरम्यानोदनस्य हि ।
शेषाऽऽस्ये प्राक्षिपन् मन्दस्मयमानः क्रमेण सः ॥१९॥
भुक्त्वा तान् मुमुदे शेषो हरिं पश्यन्मनोरमम् ।
आत्मनः पूर्णतां मेने साधूंस्तानवलोकयन् ॥२०॥
रू प्यपात्राऽऽभृतं क्षीरं शर्करायुक् ततो हरिः ।
आनाय्याऽपात्स्वयं किञ्चित् प्रभुर्भक्ताऽभयप्रदः ॥२१॥
ततो गुमानजिन्नाम्ना श्रीहरिः पार्षदेन सः ।
शेषं समार्पयत् क्षीरं पात्रस्थं शर्करान्वितम् ॥२२॥
अथ प्रीतः स नागेन्द्रो माहात्म्यं संविदन् हरेः ।
समग्रं तद्वरं क्षीरं भूपते! सादरं न्यपात् ॥२३॥
मिष्टं मृष्टं ततो नीरं निपीय श्रीहरिर्विभुः ।
तत्पात्रे न्यक्षिपत्सर्वं शेषोऽपादथ भूपते! ॥२४॥
राजदुर्गेऽथ तां वार्तां जनाः श्रुत्वा हि भूरिशः ।
तत्राऽऽयाता भुजङ्गेन्द्रं तं दृष्ट्वा विस्मयं ययुः ॥२५॥

હે રાજન્ ! ધર્મપુત્ર પરમેશ્વર શ્રીહરિએ ધીમું હાસ્ય કરીને સરસ ભાતના કણોને શેષના મુખમાં ક્રમે ક્રમે આપ્યા. ॥૧૯॥

શેષ શ્રીહરિના મનોહર સ્વરૂપની સામે જોઇને ભાતના કણ જમ્યા અને મનમાં ખુશ થયા. સંતોના દર્શન કરીને તેમણે પોતાને પૂર્ણકામ માન્યા. ॥૨૦॥

ભક્તોને અભયદાન કરનારા મહાપ્રભુ શ્રીહરિએ સાકર નાખેલું દૂધ ચાંદીના કટોરામાં મગાવ્યું. તેમાંથી સ્વયં થોડું પીઇને તેને પ્રસાદીરૂપ કર્યું. ॥૨૧॥

પછી શ્રીહરિએ પાર્ષદ ગુમાનજી પાસે સાકર નાખેલું દૂધ કટોરામાં હતું તે શેષને અપાવ્યું. ॥૨૨॥

શ્રીહરિના માહાત્મ્યને સમજનારા નાગરાજ શ્રીશેષનારાયણ ખૂબ ખુશ થયા. હે રાજન્ ! તે બધું સર્વોત્તમ દૂધ આદરભાવથી શેષ પીઇ ગયા. ॥૨૩॥

હે રાજન્ ! પછી મહાસમર્થ શ્રીહરિએ મીઠું શુદ્ધ જળ મગાવ્યું, થોડું પીધું, પછી તે પ્રસાદીરૂપ જળ કટોરામાં રેડ્યું, તે બધું જળ શેષ પીઇ ગયા. ॥૨૪॥

દરબારગઢમાં આ વાત ઘણા લોકોએ સાંભળી, તેથી સહુ ત્યાં આવ્યા અને

सोऽन्तर्दधे ततस्तस्य श्रीहरेरिच्छया द्रुतम् ।
साधूनथाऽऽशयद्भक्तं सक्षीरं च सशर्करम् ॥२६॥
ततः पद्‌गांस्तथाऽशेषान् भक्तान् भोज्यानि स प्रभुः ।
परिवेष्याऽऽश्रितप्रेयांस्तर्पयामास निर्भरम् ॥२७॥
आकृष्टप्रेक्षकस्वान्तनेत्रां दिव्यां तदातनीम् ।
हरेर्वक्तुं न शक्तोऽहं भूरि शोभां शुभाद्भुताम् ॥२८॥
ततो मुन्यादिभिर्भद्रं हरिः सार्द्धं घटीद्वयम् ।
स्वामिनारायणाख्यायाः कारयामास कीर्तनम् ॥२९॥
अथ हरिरखिलाश्रितार्तिहारी पुरु तरगर्वमनोजदर्पदारी ।
भवजलनिधिदेहधारितारी रु चिरनिवासमगान्निजं विहारी ॥३०॥
चञ्चद्रोचिर्विलसितवपुर्गौरवस्त्राणि बिभ्रत्
पुष्टान् हारान् कुसुमरचितान् वेष्टने शेखरालिम् ॥
भाले रम्यां पृथुललिते कैसरीं पत्रलेखां

નાગરાજ શેષને જોઈને વિસ્મિત થયા. ॥૨૫॥

પછી શ્રીહરિની ઈચ્છાથી શેષ નારાયણ તત્કાળ અંતર્હિત થઈ ગયા. પછી પંગતમાં બેઠેલા સાધુઓને દૂધ, સાકર અને ભાત જમાડ્યા. ॥૨૬॥

પછી ભક્તોના પ્રિય અથવા ભક્તો જેમને પ્રિય છે આવા મહાપ્રભુ શ્રીહરિએ પાર્ષદોને અને બીજા બધા ભક્તોને બધા ભોજન સારી રીતે પીરસીને અત્યંત તૃપ્ત કર્યા. ॥૨૭॥

દર્શન કરનારાના હૃદય ને અને આંખોને આકર્ષતી તે વખતની શ્રીહરિની અદ્‌ભુત, અપાર શુભ શોભાને હું કહી શકું તેમ નથી. ॥૨૮॥

તે પછી શ્રીહરિએ સંત હરિભક્તોની સાથે બે ઘડી પર્યન્ત (૪૮ મિનિટ) મંગળમય સ્વામિનારાયણ નામની ધૂન કરાવી. ॥૨૯॥

શ્રીહરિ પોતાના ભક્તોની બધી જ પીડાઓને ટાળે છે, અત્યધિક ગર્વિષ્ઠ કામદેવના ગર્વને પણ ઉતારી દે છે, સંસારરૂપી સાગરમાં ડૂબતા મુમુક્ષુ પ્રાણીઓનો ઉદ્ધાર કરે છે અને તેટલા માટે જ સત્સંગમાં વિચરતા આવા શ્રીહરિ પોતાના સુંદર નિવાસ સ્થળે પધાર્યા. ॥૩૦॥

यष्टिं पाणौ हरिररिगणात्पातु नः सोऽक्षरेशः ॥३१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरीक्षार्थं शेषागमनादिनिरू पणं नाम सप्ताशीतितमोऽध्यायः ॥८७॥

अथाऽष्टाशीतितमोऽध्यायः

अष्टाशीतितमे प्रोक्ता गन्धर्वकीर्तनश्रुतिः ।
सदपदेशतः कृता द्युषदां हरिणा कृपा ॥

श्रीचैतन्यानन्द उवाच -
तद्‌गर्भागारसंराजद्बहिर्वेद्या महीपते ! ।
दक्षिणाशाप्रखण्डस्य चतुष्को योऽस्ति विस्तृतः ॥१॥
तत्रैकदा हरिर्युक्ते कोमलैस्तूलिकादिभिः ।
मञ्चे रम्ये त्रियामायां न्यषीदद्भक्तसम्मुदे ॥२॥

ચમકતી આભાથી શ્રીહરિની મૂર્તિ ભવ્ય મનોહર લાગે છે, સદા શ્વેત વસ્ત્ર પહેરે છે. ફૂલોથી ગૂંથેલા મોટા હાર પહેરે છે અને પાઘમાં ફૂલોના તોરા ઝૂકતા મૂકે છે, સુંદર વિશાળ લલાટ (કપાળ) માં રમણીય કેસરી ચંદનની આડ કરી હોય છે. અને હાથમાં છડીને ધારણ કરતા અક્ષરાધિપતિ શ્રીહરિ બહારના શત્રુઓથી અને અંતઃ શત્રુઓથી અમારું રક્ષણ કરો. ॥૩૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૭ સમાપ્ત

અધ્યાય - ૮૮

ગંધર્વોએ ગાયેલ કીર્તન અને દેવતાઓ ઉપર શ્રીહરિની કૃપા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્! ઉગમણા બારના ઓરડાની ઓસરી સુંદર છે. તેના દક્ષિણ તરફના ખંડની આગળનો ચોક ઘણો વિશાળ છે. ॥૧॥

સંધ્યા આરતી પછી રાતે તે ચોકમાં સુંવાળા ગાદી તકિયા મૂકીને બિછાવેલા સુંદર પલંગ ઉપર ભક્તોના આનંદ માટે શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨॥

बिभ्रत्सर्वाणि शुभ्राणि चारु वस्त्राणि विग्रहे ।
दधत्स्थलाब्जमाल्यानां सारहारान् वरे गले ॥३॥
तस्याऽग्रेभूत्स्वभक्तानां स्वप्रेक्षालालसाऽऽत्मनाम् ।
मुन्यादीनां स्वभक्तानां भ्राजमाना महासभा ॥४॥
मुक्तानन्दं महाप्रेष्ठं ब्रह्मानन्दं हरिस्तथा ।
प्रेमानन्दं महायोगानन्दादीन् गातुमैरयत् ॥५॥
वादयन्तोऽथ ते सन्तो मर्द्दलं परिवादिनीम् ।
विपञ्चिकादिकं गानं चक्रुस्तालस्वरादियुक् ॥६॥
तदाऽऽकाशेऽभवद् गानं नानावाद्यस्वनान्वितम् ।
युक्तं षड्रागषट्त्रिंशद्रागिण्यादिभिरद्भुतम् ॥७॥
तद्भूरिस्वरमाधुर्यं सस्वरग्राममूर्च्छनम् ।
श्रुत्वा समाप्य गानं ते तच्छृण्वन्ति स्म सादरम् ॥८॥

શ્રીહરિએ શરીરે સર્વ સુંદર શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. અને કંઠમાં સારા સુગંધી ગુલાબના હાર પહેર્યા હતા. ॥૩॥

શ્રીહરિની આગળ, તેમના સ્વરૂપમાં મન જોડી રાખનારા અને દર્શન કરવાની ઉત્કટ ભાવનાવાળા સાધુ વગેરે અને હરિભક્તોની દેદીપ્યમાન મોટી સભા થઈ હતી. ॥૪॥

પછી શ્રીહરિએ પોતાના અત્યંત પ્રિય શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીબ્રહ્માનંદ સ્વામી, શ્રીપ્રેમાનંદ સ્વામી અને શ્રીમોટા યોગાનંદ સ્વામી આદિ સંતોને કીર્તન ગાવાનું કહ્યું. ॥૫॥

સંતો મૃદંગ, સરોદ અને સાધારણ વીણા અને સાતતારવાળી વીણા આદિ વાજિંત્ર વગાડીને તાલ અને સ્વર સાથે પદ ગાવા લાગ્યા. ॥૬॥

તે સમયે આકાશમાં અનેક મધુર સ્વરના વાજિંત્ર વાગવા લાગ્યા. છ રાગ અને છત્રીશ રાગણીઓમાં અદ્‌ભુત કીર્તન ગવાતા સંભળાયા. ॥૭॥

સંતોએ સ્વર, ગ્રામ અને મૂર્છના પૂર્ણ તે સ્વરનું અપાર માધુર્ય સાંભળ્યું. પછી પોતે ગાતા હતા તે કીર્તન બંધ કરીને તે અવ્યક્ત મધુર સંગીતને ભાવથી સાંભળવા માંડ્યા. ॥૮॥

सा सभा निश्चला सर्वा देवयानस्थिरेक्षणा ।
तद्गानं सुन्दरं चित्रं शृणोति स्मोत्तमस्वरम् ॥९॥
तत्र गायकवर्यस्य प्रेमानन्दस्य वै मुनेः ।
हरिस्वरूपबोधानां पद्यानां गायनं त्वभूत् ॥१०॥
अथेत्यूचे हरिं वाक्यं ब्रह्मानन्दः सखा हरेः ।
आश्चर्यरूपमाकाशे गानं कुर्वन्ति के प्रभो! ॥११॥
तेनेत्युक्तः स तं प्रीत्या वाक्यमित्यब्रवीद्धरिः ।
मन्मूर्त्याद्युक्तपद्यानि रचितानि त्वदादिभिः ॥१२॥
वादयन्तः सुवाद्यानि तानि गायन्ति निर्जराः ।
मूर्तिमन्तश्च षट्त्रिंशद्रागगानातिकोविदाः ॥१३॥
मूर्तिमत्यश्च षट्त्रिंशद्रागिण्यस्तानि सन्मते! ।
आनन्दनिर्भृतात्मानो गायन्ति स्मादरान्विताः ॥१४॥
तद्गानं वै शृणोत्येषा सभा सर्वा मनोहरम् ।
कुर्वतां वो महाभाग्यं तस्मान् मद्गुणवर्णनम् ॥१५॥

તે વખતે આખી સભા નિશ્ચળ થઈ ગઈ. સહુની આંખો આકાશ સામે સ્થિર હતી. ઉત્તમ સ્વરના આશ્ચર્યકારી તે સુંદર સંગીતને બધા સાંભળતા હતા. ॥૯॥

ગાયક શ્રેષ્ઠ શ્રીપ્રેમાનંદ સ્વામીએ રચેલા શ્રીહરિના મૂર્તિવર્ણનના પદ તે સંગીતમાં ગવાતા હતા. ॥૧૦॥

પછી શ્રીહરિના સખા સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, હે પ્રભો ! આકાશમાં આ આશ્ચર્યકારી સંગીત કોણ કરી રહ્યા છે ? ॥૧૧॥

શ્રીબ્રહ્માનંદ સ્વામીએ આમ કહ્યું ત્યારે તેમને શ્રીહરિએ પ્રેમથી કહ્યું, તમે સહુએ મારી મૂર્તિના વર્ણનના જે કીર્તનના પદ રચ્યા છે તેને દેવતાઓ સારા મધુર વાજિંત્ર વગાડીને ગાય છે. હે સન્મતે ! છત્રીશ રાગોને ગાવામાં નિષ્ણાત મૂર્તિમાન રાગો અને મૂર્તિમાન છત્રીશ રાગણીઓ આનંદથી ઊભરાતે હૃદયે આદરે સહિત કીર્તન ગાય છે. ॥૧૨-૧૪॥

આ સમગ્ર સભા તે મનોહર સંગીતને સાંભળે છે, માટે મારા ગુણોના અને

हेतुं सर्वावताराणां मां साक्षात्पुरुषोत्तमम् ।
कालमायाक्षरादीनां नियन्तारं परात्परम् ॥१६॥
प्राप्ता यूयं महापुण्या धर्माज्ञानादिसद्गुणाः ।
वर्तध्वे चेतरे तस्माद्युष्मतुल्या न केचन ॥१७॥
धीमन्नेतानि पद्यानि प्रीत्या गास्यन्ति ये जनाः ।
तथा श्रोष्यन्ति ते त्वेनोमुक्ता यास्यन्ति सद्गतिम् ॥१८॥
प्रकाशोऽथाऽम्बरे श्वेतो भूयानासीन्महीपते! ।
महाशब्दं च तच्छ्रुत्वा सभ्यास्ते विस्मयं ययुः ॥१९॥
दिश्यवाच्यां बहिःशाला गर्भागारस्य तस्य या ।
अस्ति तत्र करः खण्डो यश्चतुष्कस्तदन्तिके ॥२०॥
तत्रैकदा हरिर्मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
कोमलास्तरणे युक्ते स न्यषीदन् मनोहरे ॥२१॥
चारु चन्दनपुष्पाद्यान् गृहीत्वाऽथोपचारकान् ।

મૂર્તિના કીર્તન રચનારા તમે તો મહાન્ ભાગ્યશાળી છે. ॥૧૫॥

હું સર્વ અવતારોનું કારણ સાક્ષાત્ પુરુષોત્તમ છું. કાળ, માયા અને અક્ષર આદિનો નિયંતા છું. પર થકી પણ પર છું. ॥૧૬॥

આવા મને પામેલા તમે તો સહુ ધર્મ તથા જ્ઞાન આદિ સદ્ગુણોથી સંપન્ન છો અને મહાન્ પુણ્યવાન્ છો. માટે તમારા જેવા તો બીજા કોઈ નથી. ॥૧૭॥

હે ધીમન્ ! આ કીર્તનના પદોને જે કોઈ મનુષ્ય પ્રેમથી ગાશે કે સાંભળશે, તો તે બધી જાતના પાપથી છૂટીને સદ્ગતિ મોક્ષને પામશે. ॥૧૮॥

હે રાજન્ ! પછી આકાશમાં ખૂબ જ શ્વેત પ્રકાશ ફેલાઈ ગયો અને ધીર ગંભીર ઊંચો અવાજ થયો. તે સાંભળીને સભામાં બેઠેલા સહુને અતિ આશ્ચર્ય થયું. ॥૧૯॥

ઉગમણાબારના ઓરડાની ઓસરીનો જે દક્ષિણ તરફનો કરો છે, તે કરાના ખંડથી નજીક ચોક છે. તેમાં એક વખત સુંવાળા ગાદી તકિયા બિછાવી, સુકોમળ ઓછાડ પાથરીને તૈયાર કરેલા મનોહર પલંગ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨૦-૨૧॥

तं समर्च्चयितुं चाऽऽयन् सन्तस्तस्यान्तिके मुदा ॥२२॥
आर्च्चयन्नुपचारैस्ते सर्वेऽथाऽनुक्रमेण तम् ।
सोऽस्वजत्तांस्ततो राजन्! स्वातिस्निग्धान् मुदा हरिः ॥२३॥
तन्मेलनेऽवशिष्टा वै स्वल्पाः सन्तो यदाऽभवन् ।
तत्राऽविशंस्तदेन्द्राद्याः सत्सु सद्वेशिनोऽमराः ॥२४॥
केचिन्नाप्यविदन् सभ्यास्तान् वेशान्तरधारिणः ।
अन्तर्यामी हरिर्जानन् प्राहैवं तान् सभासदः ॥२५॥
अत्र सभ्याः ! किलाऽऽयाता दस्यवोऽन्यैरलक्षिताः ।
तेनेत्युक्ते तमित्यूचे नित्यानन्दो महामुनिः ॥२६॥
सर्वशास्त्रविदां जेता वक्ता वाक्पतिवत् सुधीः ।
स्वप्रासादिकवस्त्राद्यं यस्मै प्रादान्मुहुर्हरिः ॥२७॥
श्रीमद्भागवतादीनां सच्छास्त्राणां शुभां कथाम् ।

ત્યારે સર્વ સંતો હાથમાં સુગંધી ચંદન અને ફૂલહાર વગેરે ઉપચારોને લઈને પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા માટે તેમની પાસે આવ્યા. ॥૨૨॥

હે રાજન્ ! સમગ્ર સંતોએ અનુક્રમે આવીને સારા શુદ્ધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. પછી પોતાને વિષે અત્યંત હેતવાળા તે સંતોને શ્રીહરિ આનંદોત્સાહથી ભેટ્યા. ॥૨૩॥

શ્રીહરિ સહુને બાથમાં લઈને ભેટતા હતા, જ્યારે થોડાક સાધુ બાકી રહ્યા ત્યારે ઈન્દ્રાદિ દેવતાઓ સાધુના વેશમાં સાધુઓની ભેળા ભળી ગયા. ॥૨૪॥

વેશ પલટો કરીને આવેલા દેવતાઓને સભામાં બેઠેલા કોઈ ઓળખી શક્યા નહિ. અંતર્યામી શ્રીહરિ તેને ઓળખી ગયા અને સભામાં સહુને આમ કહેવા લાગ્યા. ॥૨૫॥

"હે સભાસદો ! અહીંયાં કોઈ ઓળખી શકે નહિ તે રીતે ચોર લોકો ઘૂસી આવ્યા છે." તે સાંભળીને મુનિવર્ય શ્રીનિત્યાનંદ સ્વામીએ કહ્યું. ॥૨૬॥

સદ્ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી બધા જ શાસ્ત્રજ્ઞ વિદ્વાનોને જીતી શકે તેવા હતા, બૃહસ્પતિના જેવા વક્તા અને મહાન્ બુદ્ધિશાળી હતા. શ્રીહરિ પોતાના પ્રસાદીના વસ્ત્ર આદિ વસ્તુઓ તેમને ઘણી વખત આપતા હતા. ॥૨૭॥

व्यधादग्रे हरेः सोऽभूद् भृशं प्रीतो निशम्य ताम् ॥२८॥
यस्य विद्याप्रतापाऽग्रे लीना ह्यासन् विपश्चितः ।
खद्योता इव सूर्यस्य भूयसि ज्योतिषि द्रुतम् ॥२९॥
येन सार्द्धं समज्यायां विधातुं वादमक्षमाः ।
तूष्णीमासन् यथा मूकाः पण्डिताश्चापि दुर्ज्जयाः ॥३०॥
निशम्याम्भोदगाभीरं यस्य नादं विवादिनः ।
पलायन्ते स्म वै दूरात्सिंहस्येवाऽऽरवं मृगाः ॥३१॥
यत्राऽनन्यसमं प्राज्यं प्रागल्भ्यं वीक्ष्य कोविदाः ।
भूरिप्रतापवन्तोऽपि लेभिरे भूरि विस्मयम् ॥३२॥
दस्यवश्चेदिहाऽऽयाता ग्रहीतव्यास्तदाऽऽशु ते ।
प्राहाथैवं हरिर्वाक्यं तं स्वमाहात्म्यवेदिनम् ॥३३॥
इन्द्राद्यास्त्रिदशा ब्रह्मन् ! मामाश्लिष्टुं त्विहाऽऽगताः ।

સ્વામી શ્રીમદ્‌ભાગવત આદિ સચ્છાસ્ત્રોની શુભ કથા સભામાં શ્રીહરિ આગળ વાંચતા હતા અને તે સાંભળીને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા હતા. ॥૨૮॥

સૂર્યના અપાર પ્રકાશ આગળ જેમ આગિયા જીવડા લીન થઈ જાય છે તેમ શ્રીનિત્યાનંદ સ્વામીની વિદ્વત્તાના પ્રતાપ આગળ ઘણા સારા વિદ્વાનો પણ લીન થઈ જતા હતા. ॥૨૯॥

દુર્જેય પંડિતો પણ સ્વામીની સામે સભામાં શાસ્ત્રાર્થ કરી શકતા નહિ અને તેથી જ તેઓ મૂંગા મનુષ્યની જેમ મૌન બેસી રહેતા હતા. ॥૩૦॥

સિંહની ગર્જના સાંભળીને જેમ હરણ ભાગી જાય, તેમ સ્વામીનો મેઘ ગંભીર અવાજ સાંભળીને વિવાદ કરવા આવેલા વિદ્વાનો ભાગી જતા હતા. ॥૩૧॥

સ્વામીના અદ્વિતીય અને પુષ્કળ પ્રગલ્ભ પાંડિત્યને દેખીને ઘણા પ્રતાપી વિદ્વાનો પણ ઘણું આશ્ચર્ય પામતા હતા. ॥૩૨॥

તેઓ બોલ્યા કે ‘‘જો અહીંયાં ચોર આવ્યા હોય તો તેને તત્કાળ પકડી લેવા જોઈએ.’’ ત્યારે પોતાનું યથાર્થ માહાત્મ્ય સમજનારા શ્રીનિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ આમ વચન કહ્યું. ॥૩૩॥

‘‘હે બ્રહ્મન્ ! ’’ ઈંદ્રાદિ દેવો અહીંયાં મને ભેટવા આવ્યા છે. છતાં હું

तथाप्यद्य सतां मार्गे वर्तेऽहं सत्पथप्रियः ॥३४॥
इन्द्रादयोऽखिला देवा गृहस्थाः सन्ति सन्मते! ।
परिरंस्ये न तस्मात्तान्निर्जरानिति गम्यताम् ॥३५॥
यदा ते स्वस्वरूपाणि प्रापयिष्यन्ति सर्वशः ।
प्राकट्यं तर्हि धास्येऽहं तद्वक्षस्यात्मपत्कजे ॥३६॥
स्वाङ्घ्रिपद्मेऽथ सोऽकार्षील्लम्बमाने च मञ्चके ।
ते प्रादुर्भावयामासुः स्वस्वरूपाण्यथाऽमराः ॥३७॥
तेऽथाऽऽत्महृत्स्वतिप्रीत्या द्युषदो वासवादयः ।
धारयाञ्चक्रिरे तस्य पादपद्मे हरेः शुभे ॥३८॥
व्याप्नुवानस्ततो दिक्षु महाऽऽमोदोऽतिसुन्दरः ।
अभूद् घ्रात्वाऽथ तं सभ्या आसन् सर्वेऽतिविस्मिताः ॥३९॥
अथ प्रादुरभूद्राजन् ! व्योम्नि तेजश्चयो महान् ।
ततः प्रैक्षन्त तं सर्वे चित्रमाप्ताः सभासदः ॥४०॥
तस्मादथाऽतिवरचन्दनवृष्टिरासीद् ।

અત્યારે સંતોના માર્ગમાં છું. અને સંતોનો માર્ગ મને વહાલો છે. ॥૩૪॥

હે સન્મતે ! ઈન્દ્રાદિ સર્વ દેવતાઓ ગૃહસ્થ છે. માટે તે દેવતાઓને હું બાથમાં ભીડીને ભેટીશ નહિ,’’ આમ તમે સમજો. ॥૩૫॥

જ્યારે બધા દેવતાઓ સૌ સૌના મૂળ સ્વરૂપને પ્રકટ કરશે ત્યારે હું તેમની છાતીમાં મારા ચરણારવિંદ ચાંપીશ. ॥૩૬॥

પછી શ્રીહરિએ પલંગ ઉપર જ પોતાના ચરણકમળ લાંબા કર્યા. ત્યારે ઈંદ્રાદિ દેવતાઓએ પણ પોતપોતાના મૂળ સ્વરૂપ પ્રકટ કર્યા. ॥૩૭॥

પછી ઈંદ્ર આદિ બધા દેવતાઓએ અત્યંત પ્રેમથી પોતપોતાની છાતીમાં શ્રીહરિના શુભ ચરણકમળને ધાર્યા, ચાંપ્યા. ॥૩૮॥

તે વખતે ચારે બાજુ બધી દિશાઓમાં સુંદર દિવ્ય સુગંધ પ્રસરી ગયો. તેને સૂંઘીને સભામાં બેઠેલા સર્વ સંત હરિભક્તો અત્યંત વિસ્મય પામ્યા. ॥૩૯॥

હે રાજન્ ! તે પછી આકાશમાં એક મહાન્ તેજનો પુંજ પ્રકટ થયો. ત્યારે આશ્ચર્ય પામેલા સહુ સભામાં બેઠા હતા તે તેને જોઈ રહ્યા. ॥૪૦॥

राजन् ! महत्युपरि दिव्यमहासमायाः ॥
वृष्टिश्चनन्दनवनोत्थसुसौरभाणां ।
रम्याऽभवत्सुमनसामलिगुञ्जितानाम् ॥४१॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं देवागमनादिनिरू पणं नामाऽष्टाशीतितमोऽध्यायः ॥८८॥

अथैकोननवतितमोऽध्यायः

नवाशीतितमे धार्मिः पार्वतीपरमेश्वरौ ।
प्रसादमददात् स्वीयं भ्रमरानुद्दधार च ॥

श्रीचैतन्यानन्द उवाच -
द्वितीयस्याऽथ खण्डस्य राजंस्तत्खण्डसन्निधौ ।
चतुष्के चैकदा शिश्ये हरिस्तल्पे सुकोमले ॥१॥
ततस्तत्पार्षदा नित्यं तत्सेवाऽऽसक्तचेतसः ।

હે રાજન્ ! તે તેજના પુંજમાંથી ત્યાં બેઠેલી સંત હરિભક્તોની દિવ્ય મહાસભાની ઉપર અત્યંત શ્રેષ્ઠ ચંદનની વૃષ્ટિ થઈ. અને નંદનવનના તાજા સુગંધી રમણીય પુષ્પોની વૃષ્ટિ પણ થઈ કે જે પુષ્પો ઉપર સુગંધમાં લોભાયેલા ભમરાઓ ગુંજારવ કરતા હતા. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૮ સમાપ્ત

અધ્યાય - ૮૯

પાર્વતી પરમેશ્વરને પ્રસાદ આપ્યો અને ભમરાઓનો ઉદ્ધાર કર્યો.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ઉગમણાબારના ઓરડાની ઓસરીના દક્ષિણ તરફથી બીજા ખંડની આગળ ચોકમાં પલંગ ઉપરની સુંવાળી પથારીમાં એક વખત શ્રીહરિ સૂતા હતા. ॥૧॥

શ્રીહરિના પાર્ષદોનું મન સતત સેવામાં લાગ્યું રહેતું. તે સેવા કરવામાં પણ

सेवादक्षा व्यधुर्भक्त्या पादसंवाहनं हरेः ॥२॥
संप्राहाऽथेति तान् वाक्यं सोऽनुकुर्वन्नृनाटनम् ।
क्षुज्जाता मेऽद्य तद्भोज्यं मया किञ्चिदपेक्ष्यते ॥३॥
दूरादथेति तद्वाक्यं जया श्रुत्वा व्यधापयत् ।
भक्ष्यं नानाविधं राजन्! मुकुन्दानन्दवर्णिना ॥४॥
ततो बार्जरिकं रम्यं रोटकं सुघृताऽऽप्लुतम् ।
सोऽभुक्ताऽपः पिबन्मेध्या गोधूमीयं च पर्पटम् ॥५॥
धौतशर्करया दध्ना युक्तेनाऽथातिचारु णा ।
सार्द्धं बार्जरिकं चाऽऽदद्रोटकं सुन्दरं हरिः ॥६॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्ततो हस्ताऽऽस्यशोधनम् ।
कारयामास तं प्रीत्या श्रीहरिं धर्मनंदनम् ॥७॥
सोऽवशिष्टमथ स्वीयं भोज्यं प्रासादिकं हरिः ।
सर्वं प्रादादतिप्रीत्या जयायै भक्तवत्सलः ॥८॥

ઘણા નિપુણ હતા. અહીં શ્રીહરિ સૂતા એટલે પાર્ષદો ભક્તિભાવથી ચરણ દબાવવા લાગ્યા. ॥૨॥

તે સમયે મનુષ્ય લીલા કરવાનું વિચારીને શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, “મને અત્યારે ભૂખ લાગી છે, તેથી મારે કાંઇ ખાવાનું જોઈએ છે.”॥૩॥

હે રાજન્ ! ત્યાંથી થોડે દૂર રહેલા જીવુબા (મોટીબા) એ શ્રીહરિનું વચન સાંભળ્યું અને તુરંત જ શ્રીમુકુંદાનંદ વર્ણીની પાસે ઘણી જાતની રસોઈ તૈયાર કરાવી. ॥૪॥

પછી શ્રીહરિ સારી રીતે ઘી ચોપડેલો સુંદર બાજરાનો રોટલો અને ઘઉંના પાપડ જેવા પાતળા ખાખરા જમવા લાગ્યા. વચ્ચે વચ્ચે શુદ્ધ પાણી પીતા હતા. ॥૫॥

શ્રીહરિ ધોયેલી સાકર નાખેલા મીઠા સરસ દહીંની સાથે સુંદર બાજરાનો રોટલો જમ્યા. ॥૬॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ ધર્મનંદન શ્રીહરિને પ્રેમથી હાથ તથા મુખ ધોવડાવ્યા. ॥૭॥

પછી ભક્તવત્સલ શ્રીહરિએ વધેલો પ્રસાદીનો બધો થાળ સ્નેહથી જીવુબાને

साऽथ तन्मुखवासार्थं राजन्नेलानिनीषया ।
तं प्रपद्याऽथ तां प्रीत्या दापयामास भूपते ! ॥९॥
तस्मिन् पात्रेऽथ तद्भोज्यं न दृष्ट्वेत्याह सा हरिम् ।
अस्मिन् प्रात्रे तु तद्भोज्यं नास्ति प्रासादिकं हि ते ॥१०॥
अथ प्राहेति तां वाक्यं श्रीहरिः सर्वविन्मुदा ।
अत्र भोज्ये ध्रुवं जातं चौर्यं विद्धीति सुव्रते! ॥११॥
तेनेत्युक्ते हरिं सेत्थं प्राह चौर्यं कृतं नु यैः ।
कार्याश्चौराः प्रसिद्धास्ते सर्वान्तर्यामिणा त्वया ॥१२॥
इत्युक्त्वा सा विधायोर्ध्वौ हस्तौ व्योम्नि व्यलोकयत् ।
साऽथाऽऽकाशे वृषं राजन् प्रैक्षत श्रीहरीच्छया ॥१३॥
निषण्णौ सा ततस्तस्मिन् व्यपश्यत् पार्वतीशिवौ ।
सा प्राहाऽथेति तं गौरीशंकरौ स्तस्त्विमौ प्रभो! ॥१४॥

માટે મોકલાવ્યો. ॥૮॥

હે રાજન્ ! આ તરફ જીવુબા શ્રીહરિને મુખવાસમાં આપવાની ઈલાયચી લેવા ગયા. પછી તે લઇને પ્રેમથી શ્રીહરિને મોકલી આપી. ॥૯॥

પછી તેમણે આવેલા થાળમાં નજર કરી. તેમાં કશી વસ્તુ નહિ દેખીને તેમણે શ્રીહરિને કહ્યું, આ થાળ તો ખાલી છે. આમાં આપના થાળની પ્રસાદી નથી. ॥૧૦॥

ત્યારે સર્વજ્ઞ શ્રીહરિએ જીવુબાને કહ્યું કે "હે સવ્રતે ! આ પ્રસાદીની બાબતમાં તો ચોક્કસ ચોરી થઇ હોય તેમ દેખાય છે." ॥૧૧॥

ત્યારે જીવુબાએ શ્રીહરિને કહ્યું, "આપ સર્વાન્તર્યામી છો, જેણે ચોરી કરી હોય તેને આપે જાહેર કરવા જોઇએ." ॥૧૨॥

હે રાજન્ ! આમ બોલીને તેમણે આકાશ સામે હાથ ઊંચા કરીને ઊંચે જોયું, ત્યારે શ્રીહરિની ઇચ્છાથી તેમને આકાશમાં શ્વેત રંગનો વૃષભ (પોઠિયો) દેખાયો. ॥૧૩॥

અને તેના ઉપર બેઠેલા શંકર અને પાર્વતીજી પણ દેખાયા. પછી તેમણે શ્રીહરિને કહ્યું "હે પ્રભો ! આ તો શંકર અને પાર્વતીજી રહ્યા છે." ॥૧૪॥

तामथेत्यब्रवीद्वाक्यं श्रीहरिर्भक्तकार्यकृत् ।
स्मयन् दन्तत्विषा श्वैत्यं नयन् बिम्बोष्ठयोर्नृप! ॥१५॥
क्षेत्रेष्वेतत्पुरस्यैतौ मत्पादाङ्कान्वितेष्वलम् ।
नित्यं विचेरतुर्धीरौ मासं गौरीशिवौ मुदा ॥१६॥
पावनोन्मतगङ्गाया यत्र यत्र त्वहं शुभे ।
तीर्थे स्नातोऽस्मि चक्राते तत्र तत्राऽऽप्लवं हि तौ ॥१७॥
यत्र यत्र शुभस्थाने भद्रे ! सञ्चरणं मया ।
कृतं वै सञ्चरन्तौ तौ तत्र तत्राऽऽपतुर्मुदम् ॥१८॥
अत्राऽऽयातौ मदीक्षार्थं तावद्यैवं मनोरथम् ।
व्यधातां मत्प्रसादीयभोज्यसम्प्रातिलालसौ ॥१९॥
हेतोरस्याऽवताराणां कालमायाद्यधीशितुः ।
भोज्यं प्रासादिकं पुण्यं प्राप्नुयाव कथं शुभम् ॥२०॥
अथाऽजानं तयोरेवं सङ्कल्पं भूरिभावयोः ।

હે નૃપ ! ભક્તોનું કાર્ય કરનારા અને મધુર હાસ્ય વચ્ચે દાંતની કાંતિથી ઘીલોડા જેવા બન્ને હોઠને સફેદ કરી દેતા શ્રીહરિએ જીવુબાને કહ્યું કે મારા ચરણારવિંદથી પ્રસાદીરૂપ થયેલી આ ગઢપુર ગામની બધી ભૂમિ ઉપર ધીર ગંભીર શંકર અને પાર્વતીજી પ્રેમથી એક મહિનાથી નિરંતર વિચરણ કરતા રહે છે. ॥૧૫-૧૬॥

હે શુભે ! પવિત્ર ઉન્મત્તગંગા (ઘેલા નદી) ના જે જે તીર્થોમાં મેં સ્નાન કર્યું છે ત્યાં ત્યાં આ બન્ને શંકર તથા પાર્વતીજી સ્નાન કરે છે. ॥૧૭॥

હે ભદ્રે ! જે જે શુભ સ્થાનમાં મેં વિચરણ કર્યું હોય ત્યાં ત્યાં જઇને આ બન્ને આનંદ પામે છે. ॥૧૮॥

આજ શંકર અને પાર્વતીજી મારા દર્શન કરવા આવ્યા હતા. મારા થાળની પ્રસાદી મેળવવાની ઇચ્છાથી તેમણે મનમાં સંકલ્પ કર્યો. ॥૧૯॥

"સર્વ અવતારોનું કારણ અને કાળ માયા આદિના નિયામક આ શ્રીહરિના થાળની શુભ પવિત્ર પ્રસાદી આપણને કઇ રીતે મળે કે કેમ મળે ?" ॥૨૦॥

હું સર્વ અવતારોનું કારણ, બ્રહ્માદિ ઈશ્વરોનો પણ ઈશ્વર અને સર્વાન્તર્યામી

अन्तर्याम्यहमीशेशः सर्वाविर्भावकारणम् ॥२१॥
ततस्त्वयि प्रयातायां मुखवासाऽऽनिनीषया ।
भोज्यं तौ मत्प्रसादीयं प्राभुञ्जातां मदाज्ञया ॥२२॥
ततोऽदातां हि तद्भोज्यं वाहनं वृषभं निजम् ।
तावथाऽलक्षितौ लोकैस्तिरोऽभूतां सवाहनौ ॥२३॥
समज्यायामिमां सत्यां वार्तां कुर्यामहं यदा ।
न मन्येरंस्तदा चैतां मत्प्रतापाऽविदो जनाः ॥२४॥
त्वया त्वेतत् किलाश्चर्यं दृष्टं मन्निश्चयाऽऽत्मना ।
भद्रा तस्मादियं वार्ता मया तुभ्यं समीरिता ॥२५॥
तत्खण्डान्तिकखण्डस्य स चतुष्के ह्युपाविशत् ।
तूलिकाद्यन्विते मञ्चे सायं निराजनोत्तरम् ॥२६॥
तत्राऽथ सच्चिदानन्दः समाधिस्थितिमान् मुनिः ।
आगतः श्रीहरिं प्रेष्ठं प्राणमत् प्राञ्जलिर्मुदा ॥२७॥

છું. તે મેં અત્યંત ભાવવાળા તે બંને ના સંકલ્પને જાણી લીધો. ॥૨૧॥

તમે જ્યારે મુખવાસ લાવવા માટે ગયા ત્યારે મારી આજ્ઞાથી શંકર અને પાર્વતીજી મારા થાળની પ્રસાદી જમી ગયા. ॥૨૨॥

અને તેમાંથી થોડી પ્રસાદી પોતાના વાહનરૂપ નંદી (પોઠિયા)ને પણ આપી. પછી તે બન્ને લોકો ન દેખે તે રીતે વાહને સહિત અદશ્ય થઈ ગયા. ॥૨૩॥

હું જ્યારે સભામાં આ સત્ય ઘટનાની વાત કહું, ત્યારે મારા પ્રતાપને નહિ જાણતા લોકોને આ વાત મનાય નહિ. ॥૨૪॥

તમારા મનમાં તો મારા સ્વરૂપનો નિશ્ચય છે અને તમે આ આશ્ચર્ય પ્રત્યક્ષ દેખ્યું છે, તેથી જ મેં મંગળમય આ વાર્તા તમને કહી છે. ॥૨૫॥

ઉપર જે ખંડની વાત કહી તેની બાજુના ઉત્તર તરફના ખંડના ચોકમાં અર્થાત્ ઉગમણા બારના ઓરડાની ઓસરીના દક્ષિણ તરફથી ત્રીજા ખંડની આગળના ચોકમાં સાંજે સંધ્યા આરતી થયા કેડે ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨૬॥

ત્યારે ત્યાં સમાધિની સ્થિતિવાળા સદ્ગુરુ શ્રીસચ્ચિદાનંદ સ્વામી આવ્યા.

प्रादात्तस्मै ततो रम्भापक्वपञ्चफलानि सः ।
स तत्प्रीत्याऽथ तान्यादत् स्नेहिभक्तातिवश्यगः ॥२८॥
ततो दत्तेन नीरेण मुकुन्दानन्दवर्णिना ।
क्षालयित्वा स हस्तास्यं मुखवासं समग्रहीत् ॥२९॥
स्थलाम्भोजप्रसूनानां ततो हारं महत्तरम् ।
सोऽधारयद्धरेः कण्ठे प्रभूतप्रेमपूर्वकम् ॥३०॥
उत्पतन्तोऽथ तद्धारे सर्वतो भ्रमरा हरिम् ।
भ्रमन्तः सौरभालोभा महागुञ्जरवं व्यधुः ॥३१॥
तदा बम्भ्रम्यमाणत्वाद् गुञ्जितत्वाच्च ते दश ।
सार्थकं नामधेयं स्वं चक्रिरे चेक्षणं हरेः ॥३२॥
स विदित्वाऽथ तान् योगी कृतार्थान् योगतो हरेः ।
तन्माहात्म्यं परं जानन् नृत्यं प्रीत्याऽकरोद्भृशम् ॥३३॥

તેમણે પોતાના અત્યંત પ્રિય શ્રીહરિને હાથ જોડીને પ્રેમથી પ્રણામ કર્યા. ॥૨૭॥

અને પાંચ પાકાં કેળાં તેમને અર્પણ કર્યા. પ્રેમીભક્તને વશ્ય શ્રીહરિ પ્રેમથી તે કેળા જમ્યા. ॥૨૮॥

પછી શ્રીમુકુદાનંદ વર્ણી પાણી લાવ્યા, તેનાથી હાથ મુખ ધોઈને મુખવાસ લીધો. ॥૨૯॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામી ગુલાબના ફૂલનો એક મોટો હાર લાવ્યા હતા, તે ઘણા જ પ્રેમથી શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો. ॥૩૦॥

હારના સુગંધમાં લોભાયેલા, શ્રીહરિની ચારે બાજુ ઊડતા અને તે હાર ઉપર આવીને બેસતા ભમરાઓ ગુંજારવ કરતા હતા. ॥૩૧॥

તે ભમરા દસ હતા. તે ભમતા ભમતા ગુંજન કરતા હતા તેથી તેનું ભમરા આવું નામ સાર્થક કરતા હતા (ભમ=ભમતા, રા=ગુંજારવ) તેમણે શ્રીહરિના દર્શન પણ કર્યા. ॥૩૨॥

યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને ‘‘શ્રીહરિના જોગથી ભમરા કૃતકૃત્ય થઈ ગયા છે’’ આવો ખ્યાલ આવતાની સાથે જ શ્રીહરિનું અમાપ-અપાર માહાત્મ્ય સમજીને તેઓ પ્રેમથી અત્યંત નાચવા લાગ્યા. ॥૩૩॥

ते दशाऽथ द्रुतं राजन्नुत्पत्योत्तानतामगुः ।
प्रतापेनाऽथ चाकाशं विमानस्था ययुर्हरेः ॥३४॥
तान् दृष्ट्वा सच्चिदानन्दो गच्छतो व्योम्नि सद्वरः ।
प्रोवाचोच्चैस्तरामेवं प्रेमोद्युत्पुलकाङ्कितः ॥३५॥
श्रव्यं मदिष्टदेवस्य प्रतापं चाद्भुतं हरेः ।
जना पश्यन्तु यान्त्यभ्रे विमानस्थास्त्विमेऽलयः ॥३६॥
अथाऽपश्यत्किलाऽऽकाशे ब्रह्मानन्दो महामुनिः ।
हरीच्छातस्ततः प्रापत् समाधिं सोऽन्यदुर्लभम् ॥३७॥
तांस्तत्राऽथ दशाऽपश्यद्विमानस्थांश्च गच्छतः ।
अम्बरे श्रीहरिप्रेयान् ब्रह्मानन्दो व्यलोकयत् ॥३८॥
ब्रह्मानन्दोऽथ तत्स्निग्धो माहात्म्यं श्रीहरेर्विदन् ।
प्रेक्ष्य भृङ्गान् वियद्गन्तॄन् मोदं भूयांसमव्रजत् ॥३९॥

હે રાજન્ ! તે પછી તે દસે ભમરાઓ ઊડીને છત્તાપાટ પડી ગયા અર્થાત્ તેમનું મૃત્યુ થયું. અને શ્રીહરિના પ્રતાપથી વિમાનમાં બેસીને આકાશમાર્ગે ચાલ્યા ગયા અર્થાત્ તેમનો મોક્ષ થયો. ॥૩૪॥

મુનિવર્ય શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ ભમરાઓને આકાશ માર્ગે જતા જોયા, શ્રીહરિના મહિમાને લીધે તેઓ આનંદોત્સાહથી રોમાંચિત થઇ ગયા અને ઊંચે અવાજે બોલવા લાગ્યા, ॥૩૫॥

"બધા લોકો જુઓ !!! મારા ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ સાંભળવા જેવો છે. તમે આકાશમાં જુઓ આ ભમરાઓ મુક્ત થઈને વિમાનમાં બેસીને જઈ રહ્યા છે," ॥૩૬॥

ત્યારે મહામુનિ શ્રીબ્રહ્માનંદ સ્વામીએ આકાશ તરફ જોયું, પછી શ્રીહરિની ઈચ્છાથી તેમને અન્યને દુર્લભ આવી સમાધિ થઈ. ॥૩૭॥

શ્રીહરિના વહાલા સંત શ્રી બ્રહ્માનંદ સ્વામીએ આકાશમાં જોયું. ત્યારે તેમને તે દસેય ભમરાઓ (દિવ્યદેહ પામીને) વિમાનમાં બેસીને જતા દેખાયા. ॥૩૮॥

પછી શ્રીહરિના સ્વરૂપમાં અત્યંત સ્નેહવાળા શ્રીબ્રહ્માનંદ સ્વામીએ

पक्षिणां चापि यद्योगाज्जाता वै सद्गतिर्द्रुतम् ।
तत्र चित्रं नु किं श्रित्वा तं भजन् मुक्तिमाप्नुयात् ॥४०॥
इत्थं हरिर्निखिलभक्तजनार्त्तिहारी संसारदुस्तरमहार्णवजीवतारी ।
स्वैश्वर्यमद्भुतमुदारचरित्रकारी स्वेभ्यो व्यदर्शयदिहाश्रितवैरिदारी ॥४१॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये पार्वतीशंकरागमनादिनिरू पणं नामैकोननवतितमोऽध्यायः ॥८९॥

अथ नवतितमोऽध्यायः

गृहीत्वाऽम्भोभृतौ कुम्भौ वरु णः प्रातरागतः ।
विधाप्य स्नपनादीतो नवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच –

एकदा क्षितिप ! तत्र चतुष्के प्रातरेव स शुचौ वरपीठे ।

શ્રીહરિનું માહાત્મ્ય વિચાર્યું અને ભમરાઓને આકાશમાર્ગે દિવ્યગતિ પામતા જોઈને તેઓ હૃદયમાં ખૂબ જ પ્રસન્ન થયા. ॥૩૯॥

શ્રીહરિનો યોગ થતાં, નાના પાંખવાળા જંતુઓની પણ તુરંત સદ્‌ગતિ થઈ તો મનુષ્ય આ શ્રીહરિને શરણે જઈને ભજન કરે અને તેનો મોક્ષ થાય તેમાં આશ્ચર્ય શું ? ॥૪૦॥

શ્રીહરિ સમગ્ર ભક્તજનોની પીડાને ટાળે છે, સંસાર રૂપી અપાર મહાસાગરમાંથી જીવોનો ઉદ્ધાર કરે છે. આ જગતમાં પોતાના ભક્તોના દ્રોહીઓનો વિનાશ કરે છે અને અત્યંત અદ્‌ભુત ચરિત્ર કરે છે. તે શ્રીહરિએ પોતાના ભક્તોને આવું અદ્‌ભુત ઐશ્વર્ય બતાવ્યું હતું. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૮૯ સમાપ્ત

અધ્યાય - ૯૦

વરુણદેવે શ્રીહરિનો અભિષેક કરી પૂજા કરી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પરમેશ્વર શ્રીહરિ એક વખત

श्रीहरिः कटिलसत्सितवासाः कर्तुमाप्लवमुपाविशदीशः ॥१॥
द्वास्थवर्यभृगुजित्किल तावत्तं समेत्य हरिमित्थमवोचत् ।
द्वारदेशमृषिवृद्धसमानवेशभृत्तनुधरोऽस्त्युपयातः ॥२॥
एककुम्भमपि चोपरि रम्यमारसाश्मरचितं घटमन्यम् ।
पात्रसंवृतमुदारकरे स्वे बिभ्रदच्छपयसा परिपूर्णम् ॥३॥
मूर्ध्नि पाण्डुरजटामुकुटेक्षः क्षौमपाण्डुविलसत्परिधानः ।
क्षौमपीतवसनं च वसानः पद्महारमुरसि प्रदधानः ॥४॥
चारु शुक्तिरचिते कमनीये पादुके परिदधत्पदयुग्मे ।
अन्यदीर्घसुकरेऽर्घ्यसमेतं भाजनं वरतरं नृप ! बिभृत् ॥५॥
कृष्णवर्णविलसन्मुखरोमा श्रीहरे वदति चेति स वाक्यम् ।
आगतोऽस्मि हरिमीक्षितुमीक्ष्यं पूज्यमर्च्चयितुमत्र मुनीशम् ॥६॥

ઉગમણાબારના ઓરડાની આગળના ચોકમાં સવારના પહોરમાં જ કમરે સફેદ ધોતિયું પહેર્યું હતું અને સ્નાન કરવા માટે આવીને સારા પવિત્ર બાજોઠ ઉપર વિરાજ્યા. ॥૧॥

તેટલામાં તો દરવાજે રાખેલા પાર્ષદવર્ય શ્રીભગુજી શ્રીહરિની પાસે આવ્યા અને એમ બોલ્યા, મહારાજ ! વૃદ્ધ ઋષિના સમાન દેખાતા કોઈ દેહધારી મહાપુરુષ દરવાજે આવ્યા છે. ॥૨॥

તેણે એક શ્વેત આરસનો કુંભ શુદ્ધ જળથી ભર્યો છે તે મસ્તકે મૂક્યો છે અને બીજો ઘડો શુદ્ધ જળથી ભરીને પાત્ર ઢાંકેલો છે તે હાથમાં રાખ્યો છે. ॥૩॥

માથે પીળા જેવા જટા મુકુટથી તે દર્શનીય લાગે છે, પીળા જેવા રંગનું રેશમી ધોતિયુ પહેર્યું છે અને બીજું રેશમી પીતાંબર ઓઢ્યું છે, છાતી ઉપર કમળનો હાર પહેર્યો છે. ॥૪॥

રમણીય છીપો જડીને બનાવેલી સુંદર પાદુકાઓ (ચાખડીઓ) બન્ને પગમાં પહેરી છે. તેના બીજા લાંબા સુંદર હાથમાં પૂજાપાથી ભરેલું રમણીય પાત્ર રહેલું છે. ॥૫॥

હે હરે ! તેના મુખ ઉપર કાળા રંગની દાઢી શોભી રહી છે, તે આવું વચન બોલે છે, ''દર્શનીય અને પૂજ્ય મુનિપતિ શ્રીહરિના દર્શન કરવા અને તેમની પૂજા કરવા માટે હું અહીંયાં આવ્યો છું.'' ॥૬॥

तन्निशम्य वचनं स तदीयं प्राह तं भृगुजितं मुदमाप्तः ।
आनयात्र तमिहोत्सुकचित्तं मां विलोकयितुमुत्तमभावम् ॥७॥
इत्यथाऽऽह स गुमानजिदाख्यमाह्वयाशु पदगांश्च हि भक्तान् ।
सोऽकरोदथ तथाऽऽशु समग्रास्ते समेत्य मुदिता व्यनमंस्तम् ॥८॥
तं समेत्य नृपतेऽथ स विप्रः पात्रयुग्ममुपधाय तदग्रे ।
सार्घ्यपात्रमकरोच्च हरेः सः पञ्चमङ्गलपरिक्रमणं वै ॥९॥
सोऽष्टस्वाऽवयवयुक्तनतीस्तं पञ्चकृत्व उरु भक्तिपरीतः ।
सामवेदशुभगानमुदारं प्राकरोत् सुमधुरस्वररम्यम् ॥१०॥
सोऽञ्जलिं त्वथ विधाय नतांसस्तं जगाद वचनं शुभमित्थम् ।
नैकविष्टपपते ! परमात्मन् ! सर्वकारणमसि त्वमतुल्यः ॥११॥
सङ्गतोऽस्मि शरणं भवदीयं स्वीकुरुष्व तदुताऽपचितिं मे ।

શ્રીભગુજીનું વચન સાંભળીને રાજી થયેલા શ્રીહરિએ શ્રીભગુજીને કહ્યું, ''મારા દર્શન કરવામાં ઉત્કૃષ્ટ ભાવવાળા અને મનમાં ઉત્સાહવાળા તેમને અહીંયાં બોલાવી લાવો.'' ॥૭॥

પછી શ્રીહરિએ પાર્ષદ શ્રીગુમાનજીને કહ્યું, તમે જાઓ અને બધા પાર્ષદોને તથા બીજા ભક્તોને તુરંત અહીંયાં બોલાવી લાવો. પછી શ્રીગુમાનજી ગયા અને સહુને શ્રીહરિ બોલાવે છે તેમ કહ્યું. તેથી સહુ તુરંત ત્યાં આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૮॥

હે નૃપ ! પછી તે વિપ્રે શ્રીહરિ પાસે આવીને બન્ને જળ ભરેલા પાત્ર તેમની આગળ મૂક્યા. પછી તેણે પૂજાપાનું પાત્ર સાથે રાખીને શ્રીહરિને પાંચ મંગળમય પ્રદક્ષિણા કરી. ॥૯॥

પછી શ્રીહરિને ખૂબ જ ભક્તિભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પાંચ વાર કર્યા, સુંદર મધુર સ્વરથી મનોહર લાગતું વિશાળ સામવેદનું શુભ ગાન કર્યું. ॥૧૦॥

તેણે હાથ જોડ્યા અને નમ્રપણે માથું નમાવ્યું. પછી આ રીતે શુભ વચન કહ્યું, ''અનેક બ્રહ્માંડના અધિપતિ હે પરમાત્મન્ ! આપ સર્વનું કારણ અને અનુપમ છો. ॥૧૧॥

હું આપને શરણે આવ્યો છું. તો આપ મારી પૂજા સ્વીકારો.'' ત્યારે

बाढमित्यवदेनमथेशो भक्तरञ्जनकरः स शरण्यः ॥१२॥
स व्यचीकरदथाऽऽप्लवमीशं नीरसम्भृतघटेन मुदा तम् ।
मूर्तिमीशितुरवेक्ष्य महान्तं मोदमाप निखिलार्तिहरस्य ॥१३॥
मर्दयन् पुरु तरप्रणयेन धर्मसूनुमिति तं स्नपयित्वा ।
तं विधाप्य हरिर्मूर्ध्वमसिञ्चन्मस्तके घटजलेन स भक्त्या ॥१४॥
क्षौमपीतवसनं स ततस्तं पर्य्यधापयदनर्घ्यनिसर्गम् ।
उत्तरीयमपि तादृशमीशं तं न्यधारयदुदारदयाब्धिम् ॥१५॥
नद्धसन्मणिरुचं शुभटोपीं तस्य मूर्द्धनि दधार स रम्याम् ।
आर्पयद्दरवरे हरिकण्ठे हेमपद्मरचितां च सुमालाम् ॥१६॥
चारु शुक्तिरचितेऽतिमनोज्ञे पादुके स निदधे हि तदग्रे ।
मौक्तिकीं हरिमधारयदग्र्यां मालिकां च परितर्ज्जिततताराम् ॥१७॥

ભક્તજનોને રાજી રાખનારા અને શરણાગતના રક્ષક પરમેશ્વર શ્રીહરિએ ''બહુ સારું, પૂજા કરો'' આમ તેને કહ્યું. ॥૧૨॥

પછી તેણે શુદ્ધ જળ ભરેલા કુંભથી શ્રીહરિને સારી રીતે સ્નાન કરાવ્યું. સર્વ પીડાને હરનારા પરમેશ્વર શ્રીહરિની મૂર્તિના દર્શન કરીને તે ખૂબ જ આનંદ પામ્યા. ॥૧૩॥

તેણે પ્રેમથી ધર્મપુત્ર શ્રીહરિના અંગ ચોળીને હેતથી સ્નાન કરાવ્યું, પછી શ્રીહરિને ઊભા કર્યા અને મસ્તક ઉપર ભક્તિભાવથી ઘડાના જળથી અભિષેક કર્યો. ॥૧૪॥

પછી તેણે શ્રીહરિને અમૂલ્ય સર્વોત્તમ રેશમી પીતાંબર ધોતી પહેરાવી. મહાન્ દયાસાગર શ્રીહરિને તેણે ધોતીના જેવો જ એક ખેસ અર્પણ કર્યો. ॥૧૫॥

જડેલા સર્વોત્તમ મણિઓથી ચમકતી રમણીય સુંદર ટોપી લઈને શ્રીહરિને મસ્તકે પહેરાવી. શંખના જેવા સુંદર શ્રીહરિના કંઠમાં સોનેરી કમળોનો સરસ હાર પહેરાવ્યો. ॥૧૬॥

સુંદર સીપો જડીને બનાવેલી મનોહર ચાખડીઓ શ્રીહરિની આગળ મૂકી. આકાશમાં ચમકતા તારાઓને પણ ઝાંખા પાડી દે તેવી સર્વશ્રેષ્ઠ મોતીની માળા પણ પહેરાવી. ॥૧૭॥

चन्दनं स हि ततो मलयोत्थं तस्य सर्ववपुषि प्रविलिप्य ।
तत्पदाम्बुजयुगे च मनोज्ञे तेन सादरमचर्चयदुत्कः ॥१८॥
सिंहासनमथाऽऽस्थाप्य महापट्टासने वरे ।
तस्मिन्न्यषीदयत् प्रीत्या राजन्! स श्रीहरिं परम् ॥१९॥
श्रीहरिं सप्तकृत्वस्तं धार्मिं सोऽथाऽस्वजन् मुदा ।
मस्तके च हृदि स्वीये तत्पादाब्जे न्यधारयत् ॥२०॥
सुधास्वादून्यथ प्रीत्या नानापक्वफलानि सः ।
सादरं चार्पयाञ्चक्रे तस्मै श्रीपरमात्मने ॥२१॥
वेदमन्त्रैस्ततस्तस्य व्यधाद्भद्रां स्तुतिं हरेः ।
साष्टाङ्गं वन्दनं भूमौ पतित्वा दण्डवन्मुदा ॥२२॥
मुन्याद्यर्थं च हर्यर्थं भूपते! तत्र वासरे ।
नानाविधो वरः पाकः कारितो जययाऽभवत् ॥२३॥
अथ स्नात्वा हरिर्बिभ्रद्राजन्! पीताम्बरे हरिः ।

મલયાચળમાં થયેલા સુંદર સુગંધી ઘસેલા ચંદનનો લેપ શ્રીહરિના આખા શરીર ઉપર કર્યો. અને પછી ઉત્સાહયુક્ત તેણે આદર સાથે શ્રીહરિના બન્ને મનોહર ચરણ કમળની પણ ચંદનથી પૂજા કરી. ॥૧૮॥

હે રાજન્ તે પછી તેણે મોટી પાટ ઉપર સિંહાસન ગોઠવ્યું. અને તેના ઉપર સર્વોપરિ શ્રીહરિને પ્રેમથી પધરાવ્યા. ॥૧૯॥

પછી તે ધર્મપુત્ર શ્રીહરિને ઉત્સાહથી સાત વાર ભેટ્યા. અને શ્રીહરિના ચરણકમળને પોતાના મસ્તક ઉપર તથા હૃદય ઉપર ધાર્યા. ॥૨૦॥

પછી તેણે પરમાત્મા શ્રીહરિને અમૃત જેવા મીઠા અનેક પ્રકારના પાકાં ફળ પ્રેમથી આદરપૂર્વક અર્પણ કર્યા. ॥૨૧॥

પછી વેદમંત્ર બોલીને શ્રીહરિની મંગળમય સ્તુતિ કરી. ભૂમિ ઉપર ઢળી પડીને તેણે પ્રેમથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૨૨॥

હે રાજન્ ! આ અવસરે જીવુબા (મોટીબા) એ શ્રીહરિને માટે અને સંતો વગેરેને માટે અનેક પ્રકારના મિષ્ટાન્ન કરાવ્યા હતા. ॥૨૩॥

હે રાજન્ ! પછી શ્રીહરિ ફરીવાર નાહ્યા. એક પીતાંબર પહેર્યું અને બીજું

तद्गर्भागारसंराजद्बहिर्वेदीमुपागमत् ॥२४॥
तत्राऽथ चक्रके रम्ये चारु कौशेयनिर्मिते ।
भक्तैरालोकितः प्रीत्या न्यषीदत् प्राङ्मुखं हरिः ॥२५॥
मुकुन्दानन्दवणीन्द्रश्चतुष्के पीठके ततः ।
नानाभोज्यान्वितं स्थालं तदग्रेऽतिष्ठपन्मुदा ॥२६॥
अथाऽऽदत्फेणिकां रम्यां शर्करारोटकं घृतम् ।
रम्भाफलानि पक्वानि शर्कराज्यान्वितानि सः ॥२७॥
क्षीरतण्डुलपिष्टाभ्यां कृतं भक्ष्यं वरं हरिः ।
बिरञ्जं पूरिकाः फुल्लाः पोलीश्चाश्नाद्घृताप्लुताः ॥२८॥
मोदकान् विविधानादत् संयावं च सितान्वितम् ।
पूपाऽपूपप्रमुख्यानि नानाभोज्यानि स प्रभुः ॥२९॥
विचित्राण्यारनालानि शाकान्नानाविधांस्तथा ।
विचित्रभज्यकान्यादद्राजिकाराद्धकानि सः ॥३०॥
ओदनं द्विदलां रम्यां पर्पटं चटनीं तथा ।

ઓઢ્યું. પછી તે ઓરડાની ઓસરીને અડતા સુંદર ઓટલા પાસે શ્રીહરિ પધાર્યા. ॥૨૪॥

મનોહર રેશમી કાપડના તૈયાર કરેલા ચાકળા ઉપર શ્રીહરિ પૂર્વ મુખે વિરાજમાન થયા ત્યારે ભક્તજનો પ્રેમથી દર્શન કરતા હતા. ॥૨૫॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ ચોરસ બાજોઠ ઉપર, અનેક જાતના ભોજનોથી પૂરેલો થાળ પ્રેમથી શ્રીહરિની આગળ મૂક્યો. ॥૨૬॥

પછી શ્રીહરિ સરસ સૂતરફેણી, સાકર, ઘી, રોટલો અને ઘી સાકર મેળવેલા પાકાં કેળાં જમવા લાગ્યા. ॥૨૭॥

સુંદર હરીસો, બિરંજ, ફૂલેલી પૂરી અને ઘીનીતરતી પોળી, જાત જાતના લાડુ, સાકરનો શીરો, પૂડલા, માલપુવા વગેરે અનેક પ્રકારના ભોજન શ્રીહરિ જમવા લાગ્યા. ॥૨૮-૨૯॥

અનેક જાતના અથાણાં, જાત જાતના શાક, જુદી જુદી જાતના ભજીયા, રાયતાં વગેરે પણ જમતા હતા. સરસભાત, સુંદર દાળ, પાપડ અને ચટણી, આ રીતે

विचित्राण्येवमाद्यानि नानाभोज्यान्यभुक्त सः ॥३१॥
वार्तां पीयूषमाधुर्यां कुवार्णो मुनिभिः समम् ।
स्वोदरे भ्रामयन् पाणिं पिबन्नीरं मुहुर्मुहुः ॥३२॥
अथोरु प्रसरद्गन्धमोदनं चित्तमोदनम् ।
सोऽश्नाद्वै द्विदलामिश्रं क्वथिकासंयुतं तथा ॥३३॥
शर्करायुक्तदुग्धेन तथा दध्ना सितायुजा ।
सार्धमादद्वरं भक्तं प्रेक्षमाणो हरिर्निजैः ॥३४॥
ततस्तृप्तिं गतो धार्मिः श्रीहरिश्चुलुकं व्यधात् ।
आस्यवासमथाऽगृह्णाद्वर्णीन्द्रेणार्पितं मुदा ॥३५॥
स विप्रोऽथेत्यवोचत्तं भवत्प्रासादिकानि मे ।
दातुमर्हसि भोज्यानि महाराज ! दयानिधे! ॥३६॥
ततः सिंहासने रम्ये स न्यषीदन्मुनिप्रियः ।
विप्रोऽथाऽश्नात्सुभोज्यानि हरिप्रासादिकानि सः ॥३७॥

ભાત ભાતના ભોજન શ્રીહરિ જમ્યા હતા. ॥૩૦-૩૧॥

જમતી વેળાએ શ્રીહરિ સંતોની સાથે અમૃત જેવી મધુર વાતો કરતા અને પેટ ઉપર હાથ ફેરવીને વચ્ચે વારંવાર પાણી પીતા હતા. ॥૩૨॥

મનને આનંદ આપતો અને ચોતરફ સુગંધ ફેલાવતો ભાત, દાળ સાથે જમ્યા તથા થોડો કઢી સાથે જમ્યા. ॥૩૩॥

દૂધ સાકર સાથે અને દહીં સાકર સાથે પણ સરસ ભાત જમ્યા. તે સમયે ભક્તજનો દર્શન કરી રહ્યા હતા. ॥૩૪॥

પછી જમીને તૃપ્ત થયેલા ધર્મપુત્ર શ્રીહરિએ ચળું કર્યું. અને શ્રીમુકુંદવર્ણીએ પ્રેમથી આપેલો મુખવાસ લીધો. ॥૩૫॥

પછી તે ઋષિ જેવા જણાતા વિપ્રે કહ્યું, હે દયાનિધિ મહારાજ ! આપની જમ્યા પછીની વધેલી પ્રસાદી મને આપો. ॥૩૬॥

મુનિપ્રિય શ્રીહરિ (તેમને પ્રસાદી આપવાનું કહીને) રમણીય સિંહાસન ઉપર વિરાજમાન થયા. અને તે વિપ્ર શ્રીહરિના પ્રસાદરૂપ ભોજન જમવા લાગ્યા. ॥૩૭॥

अथाऽऽहूय स तातं ते हरिस्तस्य व्यधापयत् ।
तेनार्च्चां विधिवत् स्वामी सर्वदा स्वानुवर्तिना ॥३८॥
निषद्यायां स्थितौ राजन्नाचार्येन्द्रौ गुणालयौ ।
तावयोध्याप्रसादाख्यो रघुवीराभिधस्ततः ॥३९॥
श्रीहरिं प्रोचतुर्वाक्यं नत्वा तं विहिताञ्जली ।
कुतोऽयंत्वागतः कोऽयं ब्रूह्यावां त्वं दयानिधे! ॥४०॥
तयोर्वाचं हरिः श्रुत्वा मन्दस्मितमुखाम्बुजः ।
सदःस्थान् हर्षयन्नूचे सुतौ तौ जगतां गुरुः ॥४१॥
अस्त्येष वरुणः साक्षान्मत्प्रेक्षार्थं त्विहाऽऽगतः ।
दिक्पालैश्चाखिलैर्मान्यः शौर्यादिसद्गुणैः सदा ॥४२॥
इत्युच्चार्याऽऽश्रितेभ्योऽदान्निजप्रासादिकानि सः ।
स्वादुपक्वफलानीशो मुन्यादिभ्यो दयानिधिः ॥४३॥

પછી શ્રીહરિએ હમેશાં પોતાની અનુવૃત્તિમાં રહેનારા તમારા પિતા શ્રીદાદાખાચરને બોલાવ્યા. અને તેમની પાસે તે વિપ્રની પૂજા કરાવી. ॥૩૮॥

હે રાજન્ ! તે વેળાએ મહાન્ સદ્‌ગુણ સંપન્ન આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તે સભામાં નાની ખાટલી ઉપર બેઠા હતા. ॥૩૯॥

તે બન્ને શ્રીહરિને હાથ જોડીને પગે લાગ્યા અને પછી કહ્યું કે હે દયાનિધે ! આ કોણ છે ? અને ક્યાંથી આવ્યા છે ? તે અમને કહો. ॥૪૦॥

તે બન્નેનું વચન સાંભળીને શ્રીહરિના મુખકમળ ઉપર મધુરું હાસ્ય છવાઈ ગયું. જગદગુરુ શ્રીહરિએ આખી સભાને આનંદ થાય તે રીતે તે બન્ને આચાર્યશ્રીઓને કહ્યું. ॥૪૧॥

આ તો સાક્ષાત્ વરુણદેવ છે, મારા સાક્ષાત્ દર્શન કરવા અહીંયાં આવ્યા છે. આમાં શૌર્ય આદિ સદ્‌ગુણ કાયમ રહ્યા છે અને બીજા બધા દિગ્પાળો આમને માન આપે છે. ॥૪૨॥

આમ કહીને દયાનિધિ પરમેશ્વર શ્રીહરિએ સંત હરિભક્તો વગેરે સહુ પોતાના આશ્રિતોને પ્રસાદીના સ્વાદુ પાકાં ફળ આપ્યા. ॥૪૩॥

अथोभेऽमत्रके रिक्ते वस्त्रमाच्छादयद्धरिः ।
पाययामास चाऽऽर्यौ तत्स्मयमानः सुधोपमम् ॥४४॥
आरसाश्मकृतं कुम्भं रघुवीराय धर्मभूः ।
स्वीयकृपानिकेताय गुरुराजाय सोऽदिशत् ॥४५॥
उपाविशंस्ततो भोक्तुं साधवः श्रीहरिप्रियाः ।
वदन्तो भूपते! प्रीत्या स्वामिनारायणाभिधाम् ॥४६॥
साधवेऽदादथैकस्मै निजप्रासादिकं जलम् ।
पात्रस्थं सर्वसाधुभ्यो दापनार्थं विभज्य सः ॥४७॥
ततः सद्भ्यश्च भक्तेभ्यस्तन्नीरं सोऽदिशन्मुदा ।
योषिद्भ्योऽथ हरिः प्रादात्तन्नीरं तास्ततोऽपिबन् ॥४८॥
तेऽथ पीयूषवन्नीरं पीत्वा हृष्टा जना नृप! ।
अब्रुवंश्चेति नास्माभिः पीतमीनेदृग्जलं क्वचित् ॥४९॥
अहो! ब्रह्मपुराधीशं प्राप्ता धन्यतमा वयम् ।

પછી શ્રીહરિએ ખાલી થયેલા બન્ને (જળ) પાત્ર ઉપર કપડું ઢંકાવી દીધું. પછી મંદ હાસ્ય કરતા શ્રીહરિએ અમૃત જેવું પ્રસાદીનું જળ બન્ને આચાર્યશ્રીને પાયું. ॥૪૪॥

ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના કૃપાપાત્ર આચાર્યવર્ય શ્રીરઘુવીરજી મહારાજને આરસના પથ્થરમાંથી બનાવેલો કુંભ આપ્યો. ॥૪૫॥

હે રાજન્ ! પછી શ્રીહરિના વહાલા સંતો જમવા બેઠા. તેઓ પ્રેમથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. ॥૪૬॥

પછી શ્રીહરિએ પોતાનું પ્રસાદીનું જળ, જે પાત્રમાં હતું તે, સમગ્ર સાધુઓને વહેંચી આપવા માટે એક સાધુને આપ્યું. ॥૪૭॥

પછી તેણે તે પ્રસાદીનું જળ સર્વ સંતો અને હરિભક્તોને વહેંચી દીધું. શ્રીહરિએ બીજું પ્રસાદીનું જળ મહિલાઓના વિભાગમાં વહેંચવા મોકલ્યું. ત્યાં તે સહુએ તે જળ મહિમાથી પી લીધું. ॥૪૮॥

હે નૃપ ! તે સહુ ભક્તો અમૃતના જેવું મીઠું જળ પીઈને મનમાં ખૂબ જ રાજી થયા. અને બોલ્યા કે અમે ક્યારેય આટલું મીઠું જળ પીધું નથી. ॥૪૯॥

हेतुं सर्वावताराणां श्रीहरिं पुरुषोत्तमम् ॥५०॥
एतद्दिदृक्षयेशानाः पाशिब्रह्मशिवादयः ।
सदाऽत्राऽऽयान्ति संयान्ति नानोपायनपाणयः ॥५१॥
श्रीहरिर्यत्र सञ्चारं विधत्ते तत्क्षितिस्त्वसौ ।
धन्या धन्यस्तथा पाशी योऽसौ येनेक्षितो हरिः ॥५२॥
इत्थं मिथो वदन्तस्ते माहात्म्यं श्रीहरेर्जनाः ।
दिव्यं दृष्ट्वा तदैश्वर्यं महानन्दं प्रपेदिरे ॥५३॥
यावत्ते साधवः प्राश्नन् स्मरन्तः श्रीहरिं मुदा ।
तत्राऽस्थाद्वरुणस्तावत्पश्यन् साधूंस्तथा हरिम् ॥५४॥
श्रीहरीक्षामहानन्दस्ततस्तस्येच्छया हरेः ।
पात्रैः स्वैर्वरुणो युक्तो राजंस्तूर्णं तिरोदधे ॥५५॥
ऐश्वर्यमित्थमतुलं श्रुतिशान्तिकारं संदर्शितं भगवता हरिणात्युदारम् ।

અહો !!! સર્વ અવતારોનું કારણ અને અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ શ્રીહરિને પામીને આપણે તો ધન્યતમ થઇ ગયા છીએ. ।।૫૦।।

આ શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી વરુણદેવ, બ્રહ્મા અને શંકર આદિ ઈશ્વરો અનેક જાતની ભેટ સામગ્રી હાથમાં લઈને કાયમ અહીંયાં આવે છે અને પાછા જાય છે. ।।૫૧।।

જે ભૂમિ ઉપર શ્રીહરિ વિચરણ કરે છે તે આ ભૂમિ ધન્ય છે. આ વરુણદેવને પણ ધન્ય છે કે જેણે શ્રીહરિના દર્શન કર્યા છે. ।।૫૨।।

ભક્તજનો આ રીતે શ્રીહરિનું માહાત્મ્ય સમજીને પરસ્પર વાતો કહેતા અને આવું દિવ્ય ઐશ્વર્ય જોઈને મહાન્ આનંદ પામતા હતા. ।।૫૩।।

હાર્દિકભાવથી શ્રીહરિનું સ્મરણ કરનારા સંતો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી સંતો અને શ્રીહરિના દર્શન કરતા વરુણ ત્યાં રોકાયા. ।।૫૪।।

હે રાજન્ ! વરુણદેવને શ્રીહરિના દર્શન થયા તેથી તે ખૂબ જ આનંદમાં હતા. પછી શ્રીહરિની ઈચ્છાથી પોતાના પાત્ર લઈને તત્કાળ અન્તર્ધાન થઈ ગયા. ।।૫૫।।

આ પ્રમાણે ભગવાન્ શ્રીહરિએ, સાંભળવાથી શાંતિ આપનારું, તેના

संगायतां श्रुतिकृतां च भवार्त्तिहारं भक्ता विलोक्य मुदमानशिरेऽतिसारम्

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरीक्षार्थं वरुणदेवागमनादिनिरूपणं नाम नवतितमोऽध्यायः ॥९०॥

अथैकनवतितमोऽध्यायः

हयीमुक्तिर्नृपात्मजनारसिंहावुभौ हरेः ।
शरणं सङ्गतावेकनवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच –
तद्गर्भागारसंराजद्वहिर्वेद्यास्ततो हरिः ।
चतुष्के मञ्चके प्रातः स न्यषीदन्महीपते ! ॥१॥
तावत्सीम्नि पुरस्याऽस्य लुण्ठयत्सु च दस्युषु ।
जनानासीन्महाक्रोशः पौरभूरिभयावहः ॥२॥
ततो हर्याज्ञया तूर्णं नाज्जाद्याः सादिनो नृप! ।

વક્તાની અને શ્રોતાની સાંસારિક બધી જ પીડાને મટાડનારું, પોતાનું અનુપમ ઐશ્વર્ય બતાવ્યું. તે દેખીને ભક્તજનો અત્યંત આનંદિત થયા. ।।૫૬।।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય- ૯૦ સમાપ્ત

અધ્યાય - ૯૧

ઘોડીની મુક્તિ, શ્રીભાવસિંહજી અને નારાસિંહજીની શરણાગતિ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ઉગમણા બારના ઓરડાની ઓસરીની સુંદર કોર પાસે ચોકમાં પલંગ બિછાવ્યો હતો અને તેના ઉપર સવારના પહોરમાં શ્રીહરિ વિરાજ્યા હતા. ।।૧।।

તે સમયે ગઢપુર ગામની સીમમાં લૂંટારાઓ આવ્યા અને સીમમાં કામ કરતા લોકોને લૂંટવા લાગ્યા. તેથી ગ્રામવાસીઓમાં અત્યંત ભયાનક શોરબકોર થવા લાગ્યો. ।।૨।।

હે નૃપ ! પછી શ્રીહરિની આજ્ઞાથી નાજા જોગિયા વગેરે શસ્ત્રધારી ધીર,

वीरा धीरा हयाऽऽरूढा जनत्राणार्थमव्रजन् ॥३॥
विद्राव्य तेऽथ तांश्चौरान् राजदुर्गमुपाऽऽगमन् ।
माणिक्यवर्णवाजिन्या नाञ्जो ह्युत्तीर्णवांस्ततः ॥४॥
भूरिश्रमातिखिन्नायाः श्वासफेनयुजस्ततः ।
नाञ्जस्तस्यास्तु पल्याणं वाजिन्या ह्युदतारयत् ॥५॥
हयी तेनाऽथ सा मुक्ता चतुष्के तत्र भूपते! ।
आगत्योपाविशत्तस्य श्रीहरेर्मञ्चकान्तिके ॥६॥
साऽथाऽमुञ्चच्छिरो राजन्! पादपद्मद्वये हरेः ।
ततस्तन्मस्तके स्वीयौ पाणिपादौ न्यधाद्धरिः ॥७॥
तत्राऽथाऽऽनाययत्पाथो भृतं पात्रं स विस्तृतम् ।
ततः सर्वसतां तस्मिन् पदाङ्गुष्ठमपिस्पृशत् ॥८॥
सत्प्रियोऽथ हरिस्तस्मादम्भः किञ्चित्स्वपाणिना ।
आदायाऽपात्सतां तेषां माहात्म्यज्ञो दयानिधिः ॥९॥

શૂરવીર, સવારો ઘોડે બેસીને લોકોની રક્ષા કરવા માટે તત્કાળ જ સીમમાં ગયા. ॥૩॥

શૂરવીર ઘોડે સવારોએ લૂંટારાઓને તગડી મૂક્યા અને દરબારગઢમાં આવ્યા. માણકી જાતની ઘોડી ઉપર નાજા ભક્ત બેઠા હતા. તે આવીને ઘોડીએથી નીચા ઊતરી ગયા. ॥૪॥

અત્યંત પરિશ્રમ થવાથી ઘોડી પીડાતી હતી. શ્વાસ વધી ગયો હતો. મોઢામાં ફીણ આવી ગયા હતા. નાજા ભક્તે ઘોડી ઉપરથી પલાણ ઉતારી લીધું. ॥૫॥

હે ભૂપતે ! નાજા ભક્તે ઘોડીને ચોકમાં છૂટી મૂકી દીધી. તે ઘોડી જ્યાં શ્રીહરિ વિરાજ્યા હતા તે પલંગને નજીક આવીને બેસી ગઈ (પડી ગઈ). ॥૬॥

હે રાજન્ ! ઘોડીએ પોતાનું માથું શ્રીહરિના ચરણકમળમાં મૂકી દીધું. શ્રીહરિએ તેના માથા ઉપર પોતાના બન્ને હાથ અને ચરણ મૂક્યા. ॥૭॥

શ્રીહરિએ પાણીનું ભરેલું એક મોટું વાસણ મગાવ્યું. અને તેમાં બધા સંતોના પગનો અંગૂઠો બોળાવ્યો. ॥૮॥

સંતોના પ્રિય અને દયાનિધિ શ્રીહરિ સંતોનું માહાત્મ્ય સમજતા હતા.

सूचयंस्तेन भक्तान् स्वान् माहात्म्यं श्रीहरिः स्वयम् ।
राजंस्तेषां हि साधूनां पूर्णकामोऽपि तद्व्यधात् ॥१०॥
ततोऽङ्घ्री स्वौ जलामत्रे मुक्त्वा तीर्थालयो हरिः ।
आनाययद् व्रतीन्द्रेण नीरपात्रं जलाभृतम् ॥११॥
अथाम्भोयुग्महापात्रे श्रीहरिः पुण्यदर्शनः ।
सोऽकरोत्सप्तगण्डूषान् स्वसम्बन्धाङ्गिमुक्तिदः ॥१२॥
तन्माहात्म्यविदां मुख्या भवत्तातस्वसा जया ।
आनाययत्ततो ह्यल्पे पात्रे तन्नीरमाभृतम् ॥१३॥
सा तन्यपाययन्नीरं तामथोत्थाप्य वाजिनीम् ।
साऽथ चक्रे भ्रमिं तूर्णं विश्वङ् निम्बमहाद्रुमम् ॥१४॥
साऽथ श्रीहरिपर्यङ्काद्दूरे दिक्करसम्मिते ।
देशे वै पतिता प्रापन्मृत्वा भागवतीं गतिम् ॥१५॥

તેમણે તે પાણીમાંથી પોતાને હાથે થોડું લીધું અને પીઈ ગયા. ॥૯॥

શ્રીહરિ સ્વયં પૂર્ણકામ છે, છતાં પોતાના ભક્તોને સંતોનું માહાત્મ્ય જણાવવા તેમણે તે પાણી પીધું હતું. ॥૧૦॥

શ્રીહરિએ તીર્થમાત્રના આશ્રયરૂપ પોતાના બન્ને ચરણ કમળ તે પાણી ભરેલા વાસણમાં બોળી દીધા. અને શ્રીમુકુંદાનંદ વર્ણિરાજ પાસે કટોરો ભરીને પાણી મગાવ્યું. ॥૧૧॥

પોતાનો સંબંધ પામેલા પ્રાણીઓનો મોક્ષ કરનારા અને જેના દર્શન પણ પુણ્યરૂપ છે આવા શ્રીહરિએ તે પાણી ભરેલા મોટા વાસણમાં કટોરાના પાણીના સાત વાર કોગળા કર્યા. ॥૧૨॥

શ્રીહરિનો મહિમા સમજનારાઓમાં મુખ્ય ગણાતા શ્રીદાદાખાચરના બહેન જીવુબા (માટીબા)એ એક નાના વાસણમાં તે પાણી ભરાવીને મગાવ્યું. ॥૧૩॥

તેમણે ઘોડીને બેઠી કરીને તે પ્રસાદીનું પાણી તેને પાયું. પછી તે ઘોડી તત્કાળ ઊઠીને લીમડાના વૃક્ષને ચારે બાજુ એક ગોળાકાર આંટો ફરી. ॥૧૪॥

પછી તે શ્રીહરિના પલંગથી દસેક હાથ દૂર પડી ગઈ અને તેનો દેહાંત થઈ ગયો. તે ઘોડી મરીને ભાગવતી તનુ પામી અર્થાત્ તેને દિવ્ય મુક્તના જેવું સ્વરૂપ

चतुर्भुजाऽथ दिव्याङ्गा दिव्यवासोविभूषणा ।
साऽतिदिव्यविमानस्था गच्छन्ती ददृशे जनैः ॥१६॥
यस्याऽऽश्रयेण पशुनापि गतं सुदिव्यं धामाक्षरं परमहंसगणैरवाप्यम् ।
सोऽसावपारमहिमो विविधावतारो वासं चिरं समकरोदिह राजदुर्गे ॥१७॥
गर्भागारद्वयोर्मध्ये बहिर्वेद्या महीपते! ।
दिश्युदिच्यां हि यः खण्डो वर्तते द्वारसन्निधौ ॥१८॥
एकदा तत्र संयुक्ते कोमलैस्तूलिकादिभिः ।
राजिते श्रीहरिर्मञ्चे रम्ये राजन्नुपाविशत् ॥१९॥
सर्वश्वेताम्बरोद्भासी चारु स्मेरमनोहरः ।
माल्यशेखरकेयूरकर्णपूरादिराजितः ॥२०॥
अथाऽग्रे श्रीहरेरासीत् सायं नीराजनोत्तरम् ।
महादीपिकयो राजन्! प्रकाशो वै महत्तरः ॥२१॥
नानाजानपदा भक्तास्तदा पौरास्तथा हरेः ।

મળ્યું. ॥૧૫॥

ત્યાં જે હાજર હતા તે લોકોએ જોયું કે દિવ્ય ચતુર્ભુજ શરીરવાળો તે ઘોડીનો આત્મા દિવ્ય વસ્ત્ર અને આભૂષણથી સંપન્ન હતો. તે મુક્તાત્મા દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનના ધામને પામ્યો. ॥૧૬॥

જે શ્રીહરિના આશ્રયથી પશુ પણ પરમહંસોને મળે તેવા દિવ્ય અક્ષરધામને પામે છે. તે આ અનેક અવતારોને ધારનારા, અપાર મહિમાવાળા શ્રીહરિ આ દરબારગઢમાં ચિરકાળ પર્યંત નિવાસ કરીને રહ્યા હતા. ॥૧૭॥

હે રાજન્ ! ઉગમણા બારના બન્ને ઓરડાઓની વચ્ચે ઓસરીનો ઉત્તર દિશા તરફનો બારણા પાસેનો જે ખંડ છે, ત્યાં એક વખત ગાદી તકિયાથી બિછાવેલા રમણીય પલંગ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૧૮-૧૯॥

શ્રીહરિએ પહેરેલા સોહામણા સર્વ શ્વેત વસ્ત્ર ચમકતા હતા. મુખ ઉપર સુંદર આછું હાસ્ય હતું. મસ્તક ઉપર ફૂલોના તોરા, કાન ઉપર ગુચ્છ અને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ ધાર્યા હતા, તેથી તે વિશેષ શોભતા હતા. ॥૨૦॥

હે રાજન્ તે પછી સાંજે સંધ્યા આરતી થયા કેડે શ્રીહરિની આગળ બે મશાલોનું ઘણું અજવાળું થયું હતું. ॥૨૧॥

न्यषीदन्नग्रतो नत्वा तं तत्प्रेक्षोत्कमानसाः ॥२२॥
तावत्तत्राऽऽययौ भावसंज्ञिकान्नगरान्नृप! ।
राज्ञो विजयसिंहस्य कुमारो भावसिंहजित् ॥२३॥
संयुक्तो भूरिभिः कङ्कैरात्मनः सहचारिभिः ।
शल्याभिधानकङ्काद्यैस्ते द्रष्टुं श्रीहरिं परम् ॥२४॥
अथ प्रणम्य तं तस्य सोऽग्रे स्थातुं मनो दधे ।
तावत्स्थापयितुं मञ्चे स्वेऽकरोत्तं स चाऽऽग्रहम् ॥२५॥
तथापि श्रीहरेर्मञ्चे स स्थितो नेत्युवाच तम् ।
भवान् साक्षात्परं ब्रह्म वर्तते परमेश्वरः ॥२६॥
अहं जीवोऽस्मि संसारी कालमायावशीकृतः ।
भवतोऽग्रेऽस्मि तुच्छोऽहं पतङ्गोऽग्रे रवेरिव ॥२७॥
स्थातुं पूज्याऽऽसने तस्मादहं नार्होऽस्मि सत्पते! ।
न्यषीदत्स ततः पद्गन्यस्ते कौशेयचक्रके ॥२८॥

શ્રીહરિના દર્શન કરવામાં ઉત્સાહી, દૂર દેશોમાંથી આવેલા ભક્તો અને ગામના ભક્તો, શ્રીહરિને પગે લાગ્યા અને આગળના ભાગમાં બેઠા. ॥૨૨॥

હે નૃપ ! તે સમયે ભાવનગરના મહારાજા વિજયસિંહજીના પુત્ર કુમાર શ્રીભાવસિંહજી ત્યાં આવ્યા. ॥૨૩॥

તેમની સાથે કાયમ આવતા જતા રહેતા ચેલા ખાચર આદિ ઘણા કાઠી દરબારો પરમેશ્વર શ્રીહરિના દર્શન કરવા આવ્યા હતા. ॥૨૪॥

પછી કુમાર શ્રીભાવસિંહજીએ શ્રીહરિને પ્રણામ કર્યા અને તેમણે ત્યાં તેમની આગળ જ ઊભા રહેવાનો વિચાર કર્યો હતો પણ શ્રીહરિએ તેમને પોતાના પલંગ ઉપર બેસાડવાનો આગ્રહ કર્યો. ॥૨૫॥

છતાં તેણે શ્રીહરિના પલંગ ઉપર બેસવાની ના કહી અને ઊભા રહ્યા. પછી તેણે શ્રીહરિને કહ્યું, આપ તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમેશ્વર છો. ॥૨૬॥

હું કાળ તથા માયાને વશ આવો સંસારી જીવ છું. સૂર્યની આગળ પતંગિયા જેવો હું આપની આગળ તો તુચ્છ છું. ॥૨૭॥

હે સત્પતે ! તેથી હું આપના પૂજ્ય આસન ઉપર બેસવાને લાયક નથી. પછી

मरु देशादुपायातः सदा तत्सन्निधौ वसन् ।
राष्ट्रोढो राजवंशीयो नारसिंहजिदाह्वयः ॥२९॥
तस्य राजकुमारस्य न्यषीदत् पृष्ठतो मुदा ।
तं पृष्ट्वाऽथ समाचारं हरिस्तत्सत्कृतिं व्यधात् ॥३०॥
प्राहाथैवं स तं वाक्यं गायनं श्रीहरे! सताम् ।
श्रोतुमिच्छाऽस्ति मे तस्माद् गातुमाज्ञापयैव तान् ॥३१॥
हर्याज्ञप्तास्ततः सन्तो वाद्यवादनपूर्वकम् ।
गायनं हरिपद्यानां चक्रुस्तालस्वरादियुक् ॥३२॥
ततस्तत्राऽऽगतो ब्रह्मा चतुर्वक्त्रो महद्युतिः ।
विष्णुश्चतुर्भुजः शंभुस्तेऽनृत्यंस्तत्र संसदि ॥३३॥
दृष्ट्वेत्थं नृत्यमानांस्तान् नारसिंहजिदाह्वयः ।
प्राहैवं बाहुजो वेशान् सन्तो बिभ्रति चेदृशान् ॥३४॥

પાર્ષદે રેશમી ચાકળો મૂકી દીધો, તેના ઉપર તેઓ બેઠા. ॥૨૮॥

રાઠોડ રાજવંશમં જન્મેલા, મારવાડ (રાજસ્થાન) પ્રદેશથી અહીં આવેલા અને કાયમ કુમાર શ્રીભાવસિંહજીની સાથે રહેનારા એક 'નારસિંહજી' નામે ક્ષત્રિય હતા. ॥૨૯॥

તેઓ પ્રેમથી રાજકુમારની પાછળ બેસી ગયા. પછી શ્રીહરિએ તેમના કુશળ સમાચાર પૂછીને તેમનો સત્કાર કર્યો. ॥૩૦॥

પછી કુમાર શ્રીભાવસિંહજીએ શ્રીહરિને કહ્યું, હે હરે ! આ સંતો પાસે મને સંગીતરૂપ પદ સાંભળવાની ઈચ્છા છે. તો સંતોને આજ્ઞા કરો. તેઓ સંગીત કરે. ॥૩૧॥

પછી શ્રીહરિએ ગાયક સંતોને સંગીત કરવાની આજ્ઞા કરી. સંતોએ મધુર વાજિંત્ર વગાડ્યા અને તાલ તથા સ્વરોની સાથે ભગવાનના કીર્તનના પદોનું ગાયન કર્યું. ॥૩૨॥

તે સમયે ત્યાં મહાન્ તેજસ્વી ચારમુખવાળા બ્રહ્માજી, ચતુર્ભુજ વિષ્ણુ અને શંકર પધાર્યા. તે કીર્તનોના તાલ સાથે સભામાં નૃત્ય કરવા લાગ્યા. ॥૩૩॥

આમ તેમને કીર્તન સાથે નૃત્ય કરતા દેખીને ક્ષત્રિય નારસિંહ રાઠોડે કહ્યું કે

उत्थायाऽथ सभामध्ये राजपुत्रः स सर्वतः ।
पश्यंस्तान्नृत्यतोऽपश्यत्स चार्हो नारसिंहजित् ॥३५॥
ततो न प्रैक्षतां तौ तान् विस्मितौ हि क्षणान्तरे ।
अथेत्थं राजपुत्रस्तं सभोत्थानक्षणेऽब्रवीत् ॥३६॥
ईश्वरं सर्वभूतानां भगवन्तं सनातनम् ।
नारायणं हि जाने त्वां त्वदैश्वर्यावलोकनात् ॥३७॥
तथाप्यस्त्येव तातो मे क्रूरो मोक्षविघातकृत् ।
सन्त्यसभ्यास्तथा भावनगरावासिनो जनाः ॥३८॥
वर्तमानानि यावन्ति तस्मात्पालयितुं प्रभो! ।
शक्यानि यानि तावन्ति पालयिष्ये निरन्तरम् ॥३९॥
तस्मात्त्वं भगवान् साक्षात्स्वामिनारायणाभिधः ।
अस्यतश्चान्तकाले मे सहायं कर्तुमर्हसि ॥४०॥

શું સંતો આવો વેશ ધારીને નૃત્ય કરી રહ્યા છે ? ॥૩૪॥

ત્યારે રાજપુત્ર કુમાર શ્રીભાવસિંહજી સભામાં ઊભા થયા. ચારેબાજુ જોયું, તેમને ભાવાવેશમાં નૃત્ય કરતા જોઈને "શ્રીનારસિંહજી ઠીક જ કહે છે" એમ માન્યું. ॥૩૫॥

પછી બીજી જ ક્ષણે નૃત્ય કરતા તે દિવ્ય સ્વરૂપ તેમને દેખાયા નહિ. તેથી તે બન્ને અતિશય વિસ્મિત થયા. પછી જ્યારે સભા ઊઠી ત્યારે કુમાર શ્રીભાવસિંહજીએ શ્રીહરિને આ પ્રમાણે કહ્યું. ॥૩૬॥

"આપનું આ ઐશ્વર્ય મેં જોયું તેથી હું તો આપને સર્વ ભૂતપ્રાણિમાત્રના પરમેશ્વર અને સનાતન ભગવાન નારાયણ સમજું છું. ॥૩૭॥

છતાં પણ મારા પિતાજી ક્રૂરતા ભર્યું વર્તન કરીને પોતાનો મોક્ષ બગાડી રહ્યા છે, તે રીતે જ ભાવનગરના લોકો જે તેમના સાથમાં રહે છે, તે પણ અસભ્ય છે. ॥૩૮॥

હે પ્રભો ! આપે સત્સંગમાં પ્રવર્તાવેલા જે વર્તમાન છે તે મારાથી જેટલા પાળી શકાશે તેટલા હું કાયમ પાળીશ. ॥૩૯॥

આપ શ્રીસ્વામિનારાયણ નામે સાક્ષાત્ ભગવાન છો તેથી મારા અંતકાળે

तेनेत्युक्ते स सर्वात्मा नितान्तप्रीतमानसः ।
तथेत्युक्त्वा हरिस्तस्य मूर्ध्न्य धात्स्वे कराम्बुजे ॥४१॥
प्राहाथैवं स तं भूपं प्रहृष्टो नारसिंहजित् ।
अन्त्योऽयं राजवर्य! त्वां राम रामः कृतो मया ॥४२॥
अद्य त्यागी भविष्यामि त्वक्त्वाऽहं भवमार्त्तिदम् ।
यदा सत्यः सखा मे त्वं स्या मे स्वामी हितावहः ॥४३॥
प्रसन्नीभूय राजेन्द्र! तदा त्यागाय मां शुभाम् ।
आज्ञां दत्त्वा हरेर्हस्ते मत्प्रकोष्ठं समर्पय ॥४४॥
सोऽदाद्राजा ततस्तस्मै त्यागायाऽऽज्ञां विचक्षणः ।
श्रीहरौ सक्तचित्ताय तत्प्रतापावलोकनात् ॥४५॥
ततः सम्बन्धिनः स्वीयांस्तथा राज्यादिवैभवम् ।
त्यक्त्वा भूत्वा द्रुतं त्यागी श्रीहरेः सोऽन्तिकेऽवसत् ॥४६॥
अथ प्रादान्निजास्तस्मै रूप्यमुद्राः स भूरिशः ।

મને (ઉદ્ધારરૂપ) મદદ કરજો.'' ॥૪૦॥

કુમાર શ્રીભાવસિંહજીએ આમ કહ્યું ત્યારે સર્વાત્મા શ્રીહરિ મનમાં અત્યંત પ્રસન્ન થયા. અને ''બહુ સારું, હું તમારો ઉદ્ધાર કરીશ.'' આમ કહીને પોતાના બન્ને કરકમળ તેમના મસ્તક ઉપર મૂક્યા. ॥૪૧॥

પછી મનમાં ઘણું પ્રસન્ન થયેલા રાઠોડ શ્રીનારસિંહજીએ કુમાર શ્રીભાવસિંહજીને કહ્યું, ''હે રાજવર્ય ! તમને મારા આ છેલ્લા ''રામ રામ'' છે. હું દુઃખદ સંસારી જીવનને તજીને આજે ત્યાગી થઈશ. જો તમે મારા સાચા મિત્ર હોવ અને શ્રીસ્વામિનારાયણ ભગવાન જીવનું હિત કરનારા હોય, તો હે રાજેન્દ્ર ! આપ મને રાજી થઈને ત્યાગી થવા માટેની આજ્ઞા આપો અને મારું કાંડું શ્રીસ્વામિનારાયણ ભગવાનના હાથમાં સોંપો.'' ॥૪૨-૪૪॥

પછી વિચક્ષણ રાજકુમારે શ્રીહરિનો પ્રતાપ જોઈને શ્રીહરિને હૃદય અર્પણ કરી ચૂકેલા રાઠોડ શ્રીનારસિંહજીને ત્યાગી થવા માટે રજા આપી. ॥૪૫॥

પછી તે શ્રીનારસિંહજી રાઠોડે પોતાના બધા જ સંબંધીઓ અને રાજવૈભવ, બધું છોડી દીધું. તત્કાળ ત્યાગી થઈને કાયમ શ્રીહરિની પાસે રહ્યા. ॥૪૬॥

तथा शस्त्राणि भूयांसि भूषणान्युत्सुकान्तरः ॥४७॥
अथ त्वत्तातकार्यस्य तं स चक्रेऽधिकारिणम् ।
दशां पारमहंसीयां प्राप्तवत् स ह्यवर्तत ॥४८॥
सम्पालयन् दृढतरं सततं स धर्मं बिभ्रत्सितानि वसनानि विरक्तियुक्तः ।
निर्बाधशुद्धशुभबोधनिधिर्विनीतो नित्यं भजन् हरिमतोषयदार्तबन्धुम् ॥४९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकारितब्रह्मविष्णुमहेशरूपदर्शनादिनिरूपणं नामैकनवतितमोऽध्यायः ॥९१॥

अथ द्वानवतितमोऽध्यायः

गतपीडस्य मीरस्याऽजन्मनो जन्मसंशयः ।
नाशितो हरिणाऽद्धा द्विनवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -
तद्गर्भागारसंराजद्धरिर्वेद्या महीपते! ।

પછી તેમણે પોતાની પાસે રહેલા ઘણા રૂપિયા, હથિયારો અને ઘરેણા, આ બધું ઉત્સાહિત મનથી શ્રીહરિને અર્પણ કરી દીધું. ॥૪૭॥

પછી શ્રીહરિએ તેમને તમારા પિતા શ્રીદાદાખાચરના વહીવટી અધિકારી બનાવ્યા હતા, છતાં તેઓ પરહંસની સ્થિતિ પામ્યા હોય તેમ રહેતા હતા. ॥૪૮॥

તેઓ નિરંતર દૃઢતાથી પોતાનો ધર્મ પાળતા હતા, શ્વેતવસ્ત્ર પહેરતા, જીવન વૈરાગ્ય પૂર્ણ હતું. નિર્બાધ વિશુદ્ધ શુભ જ્ઞાનના તો તેઓ નિધિ હતા. તેમણે નિરંતર ભજન-સેવા કરીને દીનબંધુ શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા. ॥૪૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૯૧ સમાપ્ત

અધ્યાય - ૯૨

શ્રીમીરસાહેબની ઈશ્વરના અવતાર બાબતની શંકાઓ ટાળી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ઉગમણા બારના ઓરડાની

यानि मध्यमखण्डस्य सोपानानि भवन्ति वै ॥१॥
तत्रैकदा हरिः प्रातर्न्यषीदत् कम्बलासने ।
सर्वश्वेताम्बरो राजन्! माल्यहारादिभास्वरः ॥२॥
तदोल्लोचान्विते रम्ये चतुष्के श्रीहरेः पुरः ।
दिव्याऽऽसीत्तद्दिदृक्षूणां मुन्यादीनां महासभा ॥३॥
मीरसंज्ञोऽथ भूपस्य बुद्धिमानधिकारवान् ।
गदात्यार्त्तो न सम्प्राप्तो निद्रां रात्रौ तथा दिवा ॥४॥
जीर्णदुर्गपुरे यात्रां कृत्वा मार्गे व्रजन् सुधीः ।
नवाजं नियमप्राप्तं राधावाटीं गतोऽपठत् ॥५॥
मालां निजेष्टदेवस्य स प्रीत्याऽऽवर्तयत्ततः ।
आमयव्यथया निद्रां नाप्तो मासत्रयं क्वचित् ॥६॥
तत्पुण्यस्थानयोगेन प्रतापाच्चातुलाद्धरेः ।

સુશોભિત ઓસરીના વચલા ખંડમાં જે પગથિયા છે. ત્યાં એક વખત શ્રીહરિ કામળીના આસન ઉપર સવારમાં વિરાજમાન થયા હતા. હે રાજન્ ! શ્રીહરિએ સર્વ શ્વેતવસ્ત્ર પહેર્યા હતા અને સુંદર હાર તોરા વગેરે ધારણ કરેલા હોવાથી દેદીપ્યમાન લાગતા હતા. ॥૧-૨॥

તે વખતે ઉલેચ બાંધવાથી રમણીય જણાતા ચોકમાં શ્રીહરિની આગળ દર્શન કરવા ચાહતા સંત હરિભક્તોની વિશાળ સભા થઇ હતી. ॥૩॥

ત્યારે ગાયકવાડ સરકારના મીર સાહેબ નામે ઘણા બુદ્ધિમાન એક અધિકારી હતા તે આવ્યા. તે અનિદ્રાના રોગથી પીડાતા હતા. દિવસે કે રાતે તેને ઊંઘ આવતી નહોતી. ॥૪॥

જૂનાગઢની યાત્રા કરીને પાછા વડોદરા જતા હતા. સદ્બુદ્ધિમાન તે મીરસાહેબને નમાજ પઢવાનો સમય થયો હશે, એટલે રસ્તાની બાજુમાં જ રાધાવાવ જઇને નમાજ પઢી. ॥૫॥

પછી તેમણે પ્રેમથી પોતાના ઇષ્ટદેવની માળા ફેરવી. રોગની પીડાથી તેને ત્રણ મહિનાથી ક્યારેય ઊંઘ આવતી ન હોતી. ॥૬॥

પરંતુ રાધાવાવ જેવા પવિત્ર સ્થાનના જોગથી અને શ્રીહરિના અનુપમ

आसीत् तस्यान्तरे शान्तिर्भूयस्येवाऽऽर्तचेतसः ॥७॥
लब्धनिद्रोऽथ सोऽस्वाप्सीन्मुहूर्तं निर्वृतिं गतः ।
अथोत्थायेति सोऽकार्षीद्विचारं बुद्धिमत्तरः ॥८॥
कुराने लिखितं त्वित्थं यत्र स्याद्वै महत्तमः ।
पीडानाशो भवेत्तत्र भूरिशान्तिश्च मानसे ॥९॥
अत्राऽद्य विद्यते तस्मात्पुरुषो वै महत्तमः ।
तत्रत्यं चेत्यथाऽप्राक्षीत् सच्चिदानन्दयोगिनम् ॥१०॥
अत्र कश्चिन् महायोगिन् पुरुषोऽस्ति महत्तमः ।
तेनेत्युक्ते स सद्वर्यस्तं प्राहैवं शुभं वचः ॥११॥
अत्र दुर्गपुरे धीमन् ! स्वामिनारायणो हरिः ।
वर्तते भगवान् साक्षादक्षरात्परतः परः ॥१२॥
अस्ति तस्येदमुद्यानं राधावाटीसमाह्वयम् ।
श्रीहरेः पादपद्माङ्कैरङ्कितं पावनं शुभम् ॥१३॥

પ્રતાપથી, મનના દુઃખી તે મીરસાહેબને મનમાં અપાર શાંતિ થઇ.॥૭॥

તેને ઊંઘ આવવા લાગી. તેથી એક મુહૂર્ત (૪૮ મિનિટ) જેટલો સમય સૂઇ ગયા અને હૃદયમાં શાંતિ થઇ. જ્યારે તેઓ જાગ્યા ત્યારે સ્વયં અતિશય બુદ્ધિમાન હોવાથી તે આવો કાંઇક વિચાર કરવા લાગ્યા. ॥૮॥

''કુરાનમાં એમ લખ્યું છે કે જ્યાં કોઇ અતિ મોટા સત્પુરુષ રહેતા હોય ત્યાં મનુષ્યની બધી પીડા મટી જાય છે અને મનમાં શાંતિ થાય છે. ॥૯॥

માટે આજ અહીં કોઇ બહુ મોટા સત્પુરુષ હોવા જોઇએ.'' પછી તેમણે ત્યાં રહેલા યોગિવર્ય શ્રીસચ્ચિદાનંદ સ્વામીને પૂછ્યું. ॥૧૦॥

હે મહાયોગી ! અહીંયાં કોઇ બહુ મોટા સત્પુરુષ રહે છે ? ત્યારે મુનિવર્ય શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ તેમને આવું શુભ વચન કહ્યું. ॥૧૧॥

હે ધીમન્ ! ગઢપુરમાં શ્રીહરિ સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન વિરાજે છે, તેઓ પર અક્ષરથી પણ પર છે. ॥૧૨॥

આ રાધાવાડી નામનો બાગ તે સ્વામિનારાયણ ભગવાનનો જ છે. તે આ શ્રીહરિના ચરણ ચિહ્નથી પ્રસાદી રૂપ થયેલો અને પરમ પાવનકારી શુભ છે. ॥૧૩॥

स नृयानं ततः प्रीतः समारुह्यातिसत्वरम् ।
द्रष्टुं तं श्रीहरिं मार्गे गच्छन्नित्थं व्यचिन्तयत् ॥१४॥
अस्मदीयकिताबेषु प्रोक्ता नाल्लाऽवतारकाः ।
पिगाम्बराऽवतारा ये तत्र ते लिखिताः शुभाः ॥१५॥
तथाप्यन्ये जना भूमौ यवनेभ्यो हि भूरिशः ।
स्वामिनारायणं साक्षाद्भगवन्तं वदन्ति वै ॥१६॥
स्वामिनारायणः साक्षाद्यदि स्यात् परमेश्वरः ।
तदाऽऽसीनो भवेद् वन्द्यः प्राङ्मुखः कम्बलासने ॥१७॥
तथाऽनाछन्नमूर्द्धा स्यान्मन्नाम्नैवाऽऽह्वयेच्च माम् ।
स्वोपकण्ठे च यर्हि स्युर्वृंताकानि हि भूरिशः ॥१८॥
भृतं दध्नाऽतिरम्येण पात्रं दद्यात्स मां यदा ।
चित्तस्थान् मे यदा सर्वानपाकुर्य्याच्च संशयान् ॥१९॥
तदा सत्योऽयमेव स्यात् सर्वज्ञः परमेश्वरः ।
इत्थं विचारयन् प्रायादुपशल्यं पुरोऽस्य सः ॥२०॥

પછી મનમાં ખુશ થયેલા મીર સાહેબ મ્યાનામાં બેસીને સત્વરે શ્રીહરિના દર્શન કરવા ચાલતા થયા અને મનમાં આમ વિચારવા લાગ્યા. ॥૧૪॥

"અમારા ઈસ્લામના ગ્રંથોમાં અલ્લાહના અવતારો કહ્યા નથી. તેમાં જે શુભ પૈગાંબર છે તે લખ્યા છે. ॥૧૫॥

છતાં પણ દુનિયામાં મુસલમાન સિવાયના એવા ઘણા લોકો છે કે જે "સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન" છે. એમ કહે છે. ॥૧૬॥

(૧) તો જો સ્વામિનારાયણ સાક્ષાત્ વંદનીય પરમેશ્વર હોય તો હું જ્યારે તેમની પાસે પહોંચું ત્યારે તેઓ કામળીના આસન ઉપર પૂર્વ મુખે બેઠા હોય. ॥૧૭॥

(૨) હું જ્યારે તેમની પાસે જાઉં ત્યારે તેમનુ મસ્તક ખુલ્લું હોય, (૩) તેઓ મને મારું નામ ઉચ્ચારીને બોલાવે, (૪) હું તેમને જોઉં ત્યારે તેમની પાસે ઘણા રીંગણાનો ઢગલો પડ્યો હોય, ॥૧૮॥

(૫) જો સુંદર મીઠા દહીંથી ભરેલું પાત્ર મને આપે, અને મારા મનમાં રહેલા બધા સંશયોને જો તેઓ મટાડે તો હું માનું કે સ્વામિનારાયણ સાચા સર્વજ્ઞ

तत्राऽऽवास्याथ सर्वान् स्वांश्चतुर्भिः स्वाश्रितैर्युतः ।
सोऽश्वमारुह्य चाश्वेतं राजदुर्गमुपाऽऽगमत् ॥२१॥
उत्तीर्याऽथ हयात्तूर्णं सोऽब्रुवन् स्वाभिधां सुधीः ।
श्रीहरेरन्तिकं प्रायात् तद्दिदृक्षाऽऽहृतान्तरः ॥२२॥
स प्रैक्षताऽथ सम्प्रीत्या यथा सङ्कल्पमात्मनः ।
प्राङ्मुखं कम्बलासीनं तमनाछन्नमस्तकम् ॥२३॥
तं प्राणमत्ततो राजन्! भक्तानां संसदि स्थितम् ।
दर्शनीयतमं शान्तं भक्तानन्दप्रदायिनम् ॥२४॥
ततस्तस्याभिधानेन श्रीहरिस्तमुपाह्वयत् ।
श्रुत्वा तत्स महानन्दं प्राप विस्मितमानसः ॥२५॥
निषद्याऽऽस्तरणे न्यस्ते पद्गेनाऽथ स चक्रके ।

અને પરમેશ્વર છે." આમ વિચાર કરતા કરતા તેઓ ગામને નજીક આવી ગયા. ॥૧૯-૨૦॥

પછી તેમણે બીજા બધા સાથેના માણસોને ગામ બહાર જ રોકી દીધા. અને પોતાના જરૂરી ચાર માણસોને તેમણે સાથે લીધા. પોતે કાળા રંગના ઘોડા ઉપર સવાર થયા. અને ગામમાં દરબાર ગઢે આવી પહોંચ્યા. ॥૨૧॥

પછી તેઓ ઘોડા ઉપરથી ઊતરી ગયા. પોતાના નામ સાથે સમાચાર કહેવડાવ્યા. બુદ્ધિશાળી મીરસાહેબનું હૃદય દર્શન કરવા માટે ઉતાવળ કરતું હતું, તેથી તુરંત શ્રીહરિની પાસે આવ્યા. ॥૨૨॥

તેમણે અધિક પ્રેમથી શ્રીહરિના દર્શન કર્યા. પોતાના મનના બધા જ સંકલ્પ પૂરા થયા. શ્રીહરિ કામળીના આસન ઉપર પૂર્વ મુખે વિરાજ્યા હતા. મસ્તક ઉઘાડું હતું. ॥૨૩॥

હે રાજન્ ! પછી ભક્તોની સભામાં વિરાજમાન શ્રીહરિને તેમણે પ્રણામ કર્યા. શ્રીહરિની મૂર્તિ અત્યંત દર્શનીય, શાંત અને ભક્તોને આનંદદાયી હતી. ॥૨૪॥

પછી શ્રીહરિએ તેમનું નામ ઉચ્ચારીને તેમને બોલાવ્યા. તે સાંભળીને તેના મનમાં આશ્ચર્ય સાથે ઘણો જ આનંદ થયો. ॥૨૫॥

હે રાજન્ ! પાર્ષદે ચાકળો પાથરી આપ્યો, તેના ઉપર તેઓ બેઠા. પછી

राजन् प्रैक्षत भूयांसि वृन्ताकानि तदन्तिके ॥२६॥
श्रीहरिं दर्शितैश्वर्यं दृष्ट्वा प्राप्तो महामुदम् ।
इत्यप्राक्षीत् स तं धार्मिं जिज्ञासुः प्राञ्जलिर्हरिम् ॥२७॥
भगवन्तं वदन्ति त्वां प्रभो! म्लेच्छेतरे जनाः ।
तत्रेति नोऽस्ति संदेहस्तं चापाकर्तुमर्हसि ॥२८॥
तं खुदेति कुराने नः सङ्गिरते हि तद्विदः ।
तस्मान्नाम्नोस्तयोरैक्यं वेदनीयं विचक्षणैः ॥२९॥
कुराने च किताबेषु प्रोक्तमित्थं दयानिधे! ।
जन्म नात्र खुदा भूमौ बिभर्ति क्वापि सर्ववित् ॥३०॥
तेनेत्युक्ते स तं वाक्यं श्रीहरिः प्राह सस्मितम् ।
कल्याणायाऽत्र भूतानां स प्रादुर्भवति प्रभुः ॥३१॥
आविर्भूतो नराकृत्या स्याद्यदा परमेश्वरः ।
जनानां स्यात्तदा सौख्यं प्रेक्षासेवार्हणादिभिः ॥३२॥

તેમણે જોયું તો શ્રીહરિની બાજુમાં ઘણા રીંગણાનો એક ઢગલો પડ્યો હતો. ॥૨૬॥

પોતાને ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિના દર્શન કરીને મીર સાહેબ અતિશય આનંદ પામ્યા. પછી તેણે બન્ને હાથ જોડ્યા અને જિજ્ઞાસુભાવે ધર્મપુત્ર શ્રીહરિને આ પ્રમાણે પૂછ્યું, ॥૨૭॥

હે પ્રભો ! મુસલમાન સિવાયના લોકો આપને 'ભગવાન' તરીકે કહે છે તેમાં મને સંશય થાય છે, તે આપ ટાળો. ॥૨૮॥

"કુરાનના વિદ્વાનો ભગવાનને કુરાનમાં ખુદા કહે છે. માટે ખુદા અને ભગવાન્ આ બન્ને નામની એકતા વિચક્ષણ માણસે સમજવી જોઈએ. ॥૨૯॥

હે દયાનિધે ! કુરાનમાં અને બીજા ધર્મગ્રંથો (કિતાબો) માં આમ કહ્યું છે કે 'સર્વજ્ઞ ખુદા ક્યારેય ભૂમિ ઉપર જન્મ લેતા નથી.'' ॥૩૦॥

મીરસાહેબે જ્યારે આમ કહ્યું ત્યારે શ્રીહરિએ તેમને પ્રસન્ન મુખે આ રીતે કહ્યું, "તે પ્રભુ પ્રાણીઓના કલ્યાણ માટે આ ભૂમિ ઉપર પ્રકટ થાય છે. ॥૩૧॥

જ્યારે પરમેશ્વર મનુષ્યરૂપે પ્રકટ થાય છે. ત્યારે લોકોને તેમના દર્શન, સેવા અને પૂજા આદિથી સુખ મળે છે. ॥૩૨॥

यदा पादुर्भवेद्भूमौ महातेजोयुतेन सः ।
दिव्यरूपेण तर्हि स्यान्न शर्म प्राणधारिणाम् ॥३३॥
सूर्यनारायणः साक्षादसौ कुन्तीं यदा पुरा ।
यादवं च नराकृत्या प्रायात् सत्राजितं स्वयम् ॥३४॥
तदा ताभ्यां सुखं प्राप्तं तत्प्रेक्षाद्यैर्महामते! ।
यदा संमिलितः स्वेन रूपेण स्यात्तदा न शम् ॥३५॥
अवतारं ततो धृत्वा न्राकृतिर्भासतेऽङ्गिनाम् ।
दिव्यमूर्तिस्तथापीशो नृतुल्यो नैव वर्तते ॥३६॥
तस्याऽवतारधारित्वे प्रमाणार्थं हि भूरिशः ।
श्रीमद्भागवतादीनां सन्ति वाक्यानि सन्मते! ॥३७॥
क्वचिद्रजांसि विममे पार्थिवान्युरुजन्मभिः ।
गुणकर्माभिधानानि न मे जन्मानि कर्हिचित् (भा.१०/५१/३८) ॥
जन्मकर्माधानानि सन्ति मेऽङ्ग! सहस्त्रशः ।
न शक्यन्तेऽनुसंख्यातुमनन्तत्वान्मयाऽपि वै (भा.१०/५१/३७) ॥३९॥

તે પરમેશ્વર પોતાના મહાન્ તેજોમય દિવ્ય સ્વરૂપે ભૂમિ ઉપર પ્રકટ થાય તો તેનાથી પ્રાણીઓને સુખ ન થાય. ॥૩૩॥

હે મહામતે ! પૂર્વે જ્યારે સૂર્યનારાયણ કુંતાજીને અને સત્રાજિત યાદવને મનુષ્યરૂપે સાક્ષાત્ મળ્યા ત્યારે તેમને દર્શન વગેરેનું સુખ મળ્યું હતું, પણ જ્યારે સૂર્ય તેમને પોતાના મૂળ તેજોમય સ્વરૂપે મળ્યા ત્યારે સુખ થયું નહોતું. ॥૩૪-૩૫॥

તેથી પરમેશ્વર અવતાર ધરીને મનુષ્યને માણસ જેવા ભલે દેખાય છે, છતાં તે પરમેશ્વર દિવ્યમૂર્તિ જ છે પણ તેઓ સામાન્ય માણસ જેવા નથી. ॥૩૬॥

હે સન્મતે ! પરમેશ્વર મનુષ્યાદિ રૂપે અવતાર ધારે છે તેમાં શ્રીમદ્‌ભાગવત પુરાણ આદિના પ્રમાણરૂપ ઘણા જ વાક્યો છે. ॥૩૭॥

"ઘણા જન્મ લઈને કોઈ વ્યકિત પૃથ્વીના રજઃકણની ગણતરી કરી શકે છે. પરંતુ મારા જન્મ (અવતાર), ગુણ, કર્મ અને નામોને ક્યારેય ગણી શકતા નથી.'' ॥૩૮॥

"અરે ! મારા અવતાર, કર્મ અને નામ હજારો છે, તે એટલા બધા અનંત છે

कालत्रयोपन्नानि जन्मकर्माणि मे नृप! ।
अनुक्रमन्तो नैवान्तं गच्छन्ति परमर्षयः (भा.१०/५१/३९) ॥४०॥
यदा यदा हि धर्मस्य क्षयोवृद्धिश्च पाप्मनः ।
तदा तु भगवानीश आत्मानं सृजते हरिः (भा.९/२४/५६)॥४१॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् (गी.४/७-८)॥४२॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥४३॥
बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप (गी.४/५)॥४४॥
एवमादीनि विद्यन्ते प्रमाणान्यत्र भूरिशः ।
श्रुतयश्चापि वर्तन्ते त्वया ज्ञेयमिति ध्रुम् ॥४५॥

કે હું સ્વયં પણ તેની ગણતરી કરી શકતો નથી.'' ॥૩૯॥

''ભૂત,વર્તમાન અને ભવિષ્ય, આ ત્રણેય કાળમાં, થઈ ગયેલા, થઈ રહેલા અને હવે પછી થવાના મારા અવતારો અને ચરિત્રોને અનુક્રમે ગણતરી કરનારા મોટા મોટા ઋષિઓ પણ તેના પારને પામતા નથી.'' ॥૪૦॥

''જ્યારે જ્યારે ધર્મનો ક્ષય થાય છે અને પાપની વૃદ્ધિ થાય છે ત્યારે પરમેશ્વર ભગવાન શ્રીહરિ પોતે પોતાને પ્રકટ કરે છે.'' ॥૪૧॥

'' હે ભારત ! જ્યારે જ્યારે ધર્મનો વિનાશ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે હું પોતાને સર્જુ છું અર્થાત્ અવતારના રૂપમાં પ્રકટ થાઉં છું. ॥૪૨॥

સાધુ પુરુષો (સજ્જનો) નું રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા અને ધર્મને સારી રીતે પ્રવર્તાવવા માટે પ્રત્યેક યુગમાં હું પ્રકટ થાઉં છું. અવતાર ધારું છું.'' ॥૪૩॥

'' હે અર્જુન ! મારા અને તારા ઘણા જન્મ વીતી ગયા છે, તે બધાને હું જાણું છું પણ હે પરંતપ ! તું નથી જાણતો.'' ॥૪૪॥

આ બાબતમાં આવા બધા ઘણા જ પ્રમાણ છે અને આવી શ્રુતિઓ પણ છે એમ તમારે ચોક્કસ સમજવું. ॥૪૫॥

तथापि म्लेच्छजातित्वाच्छ्रुतीनां संश्रुतौ हि ते ।
नाधिकारोऽस्ति तस्मात्ता नोच्यन्ते श्रुतयो मया ॥४६॥
भवच्छास्त्रेषु यत्प्रोक्तं सर्ववित् परमेश्वरः ।
तस्येत्थं वर्तते धीमन्नभिप्रायः सतां मतः ॥४७॥
स्वतन्त्रः श्रेयसे भूमौ प्राणिनां जन्म स प्रभुः ।
जीवजातहितासक्तो बिभर्त्येवानुकम्पया ॥४८॥
तथापि प्राकृतं तस्य जन्म नास्त्यक्षरात्मनः ।
कर्मतन्त्रं हि तस्येदं जन्म तस्मान्निषिध्यते ॥४९॥
निर्लेपत्वादसङ्गित्वात् प्रादुर्भावेऽपि सत्पतेः ।
तस्याऽजस्याऽखिलेशस्य जन्म नास्तीति कथ्यते ॥५०॥
सोऽजन्माऽपि स्वरू पेण जन्मकर्मादिकां विभुः ।
लोके शैलूषवल्लीलां करोत्येवाद्भुतां शुभाम् ॥५१॥
तस्माद्दिव्यगुणैश्वर्यशक्त्यादीनां महोदधेः ।

છતાં તમે મુસલમાન હોવાથી શ્રુતિઓને સાંભળવાનો તમારો અધિકાર નથી. તેથી તે શ્રુતિઓને હું તમારી આગળ ઉચ્ચારતો નથી. ॥૪૬॥

હે ધીમન્ ! તમારા ધર્મગ્રંથોમાં પરમેશ્વર સર્વજ્ઞ કહ્યા છે, તે અંગે મોટા સંતપુરુષોનો મત આવો છે, ॥૪૭॥

પરમેશ્વર સ્વતંત્ર છે, પ્રાણિમાત્રના હિતમાં તેઓ તત્પર રહે છે, તે પ્રભુ પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે દયા કરીને ભૂમિ ઉપર જન્મ ધારણ કરે છે. ॥૪૮॥

છતાં પણ અક્ષર અચ્યુત સ્વરૂપ તે પરમેશ્વરનો જન્મ સામાન્ય જીવના જેવો પ્રાકૃત (પ્રકૃતિને આધીન) નથી. તેમનો જન્મ કર્માધીન નથી, માટે જ ઈસ્લામમાં ઈશ્વરના જન્મનો નિષેધ કર્યો છે. ॥૪૯॥

અજન્મા અને સર્વેશ્વર સત્પતિ પરમેશ્વરનો પ્રાદુર્ભાવ (જન્મ) થવા છતાં તેઓ દુનિયાથી નિર્લેપ રહે છે અને અસંગી (કોઈપણ પ્રકારના બંધન રહિત) રહે છે, તેથી જ તે જન્મતા નથી તેમ કહેવાય છે. ॥૫૦॥

પરમેશ્વર સ્વરૂપથી અજન્મા છે છતાં પણ તેઓ લોકમાં જન્મ તથા કર્મ આદિની શુભ અને અદ્ભુત લીલાને નટની જેમ કરે છે. ॥૫૧॥

तस्याऽऽम्नायाऽऽगमाभिज्ञैर्जन्म नास्तीति चोच्यते ॥५२॥
अत्र प्रमाणवाक्यानि सन्ति मान्यानि सज्जनैः ।
श्रीमद्भागवतस्याऽस्य गीतादीनां हि भूरिशः ॥५३॥
कानिचित् तत्र वाक्यानि वच्मि तुभ्यं बुभुत्सवे ।
सावधानतया तानि त्वया श्रव्याणि सादरम् ॥५४॥
अजस्य जन्मोत्पथनाशनाय कर्माण्यकर्तुर्ग्रहणाय पुंसाम् ।
नन्वन्यथा कोऽर्हति देहयोगं परो गुणानामुत कर्मतन्त्रम् ॥५५॥
राजन् परस्य तनुभृज्जननाप्ययेहामायाविडम्बनमवेहि यथा नटस्य ।
सृष्ट्वाऽऽत्मनेदमनुविश्य विहृत्य चान्ते संहृत्य चात्ममहिमोपरतः स आस्ते ॥५६॥
जयति जननिवासो देवकीजन्मवादो
यदुवरपरिषत्स्वै र्दोर्भिरस्यन्नधर्मम् ।

પરમેશ્વર દિવ્ય ગુણો, ઐશ્વર્યો અને શક્તિઓના મહાસાગર છે, તેથી વેદો અને શાસ્ત્રોના વિદ્વાનો ''તેઓ જન્મતા નથી'' તેમ કહે છે. ॥૫૨॥

આ બાબતમાં પ્રમાણ આપી શકાય તેવા વાક્યો સંતપુરુષોએ માન્ય કરેલા છે, તે શ્રીમદ્ ભાગવતમાં અને ભગવદ્ગીતા આદિમાં ઘણા કહ્યા છે. ॥૫૩॥

તમે જિજ્ઞાસુ છો, તો કેટલાક પ્રમાણભૂત વચન તમને હું કહું છું, તમે સાવધાન થઈને આદરે સહિત તેને સાંભળો. ॥૫૪॥

''અજન્મા પરમેશ્વરનો ભૂમિ ઉપર જન્મ કુમાર્ગ (અધર્મ) નો નાશ કરવા માટે થાય છે, પરમેશ્વર અકર્તા છે છતાં તેઓ અન્ય લોકોને શીખવવા ખાતર જ કર્મ કરે છે. જો એમ માનવામાં ન આવે તો માયાના ગુણોથી પર પરમેશ્વરને કર્માધીન દેહ ધારવાનો યોગ જ ક્યાં રહે છે ?'' ॥૫૫॥

''હે રાજન્ ! પરમેશ્વરની દેહધારીનો જન્મ અને પ્રલય કરવાની'' આ બધી પ્રવૃત્તિ નટની જેમ કેવળ માયાનો વિલાસ માત્ર જ છે. સ્વયં આ જગતનું સર્જન કરવું, તેમાં અન્તર્યામી પણે અનુપ્રવેશ કરવો (વ્યાપીને રહેવું), વિહારરૂપે લીલા કરવી અને અંતે જગતનો સંહાર કરવો, તે આ પરમેશ્વર પોતાના મહિમાને આધારે જ કરી રહ્યા છે. ॥૫૬॥

સમગ્રજનોમાં નિવાસ કરીને રહેતા પરમેશ્વરનો દેવકીજીથી જન્મ કહેવો,

स्थिरचरवृजिनघ्नः सुस्मितश्रीमुखेन
व्रजपुरवनितानां वर्द्धयन् कामदेवम्
एवं जन्मानि कर्माणि ह्यकर्तुरजनस्य च ।
वर्णयन्ति स्म कवयो वेदगुह्यानि सत्पतेः ॥५८॥
अजोऽपिसन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया (गी.४/६)॥५९॥
इत्थमुक्तं हि गीतायां श्रीकृष्णेनाऽर्जुनं प्रति ।
तस्मादित्यादिवाक्येभ्यो यथोक्तं तत्प्रतीयते ॥६०॥
स्याज्जन्म तस्य चेद्भूमन्स्तर्हि कृष्णो जनिक्षणे ।
पित्रोश्चतुर्भुजं रू पं किशोरावस्थमैक्षयत् ॥६१॥
तत्कथं सम्भवेद्धीमंस्तस्मात्तस्य परात्मनः ।
जन्म नास्तीति वाक्यस्य हार्द्दं ज्ञेयं त्विति स्फुटम् ॥६२॥
इति हरिरभिधाय तं सुभद्रं वचनमुदारतरं सुधावरिष्ठम् ।

તે તો કથન માત્ર જ છે, વસ્તુતઃ તેઓ અજન્મા છે, યદુવરોમાં શ્રેષ્ઠ જે પોતાની ભુજાઓથી જ અધર્મનો ઉચ્છેદ કરનારા છે, સ્થાવર જંગમ સહુના વિઘ્નોનું નિવારણ કરે છે, સુશોભિત પ્રસન્ન મુખથી વ્રજવાસી ગોપીઓને ભોગથી મોક્ષમાર્ગમાં અગ્રસર કરનારા ભગવાન શ્રીકૃષ્ણ સર્વોત્કૃષ્ટ રીતે વિજયી રહ્યા છે. ॥૫૭॥

આ રીતે અકર્તા અને અજન્મા સત્પતિ પરમેશ્વરના જન્મ અને કર્મ (ચરિત્ર) વેદોમાં જે ગૂઢ રહ્યા છે તેનું કવિઓ વર્ણન કરે છે .॥૫૮॥

હું અજન્મા અને અવિનાશી છું. ભૂતપ્રાણિમાત્રનો પરમેશ્વર પણ છું. છતાં મારી પ્રકૃતિ (માયા) ને સ્વીકારીને તેનાથી જ હું પ્રકટ થાઉં છું. ॥૫૯॥

આ રીતે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને વાત સમજાવી છે. તેથી તે બધા વચનોનું તાત્પર્ય તો મેં ઉપર કહ્યું તે પ્રમાણે જ જણાય છે. ॥૬૦॥

હે ધીમન્ ! પરમેશ્વરનો જન્મ જો સામાન્ય જીવની જેમ થતો હોય તો શ્રીકૃષ્ણ ભગવાને પ્રાકટ્ય સમયે પોતાનું સ્વરૂપ માતા પિતાને ચતુર્ભુજ દેખાડ્યું અને કિશોર અવસ્થા દેખાડી હતી. તે કેમ સંભવે ? 'માટે પરમેશ્વર જન્મ લેતા નથી' એ વાક્યનું તાત્પર્ય તો ઉપર કહ્યું તે પ્રમાણે જ સમજવું. ॥૬૧-૬૨॥

पुनरिदमवदद्वचो मुदा तं भवदवशान्तिकरं परं स्मरारिः ॥६३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये जिज्ञासुराजामात्यपृष्टश्रीहरिकृततदुत्तरादिनिरू पणं नाम द्विनवतितमोऽध्यायः ॥९२॥

अथ त्रिनवतितमोऽध्यायः

बादरेशेतिवृत्तेनाऽवतारवाद एधितः ।

मीराग्रे हरिणाऽच्छस्त्रिनवतितम उच्यते ॥

श्रीहरिरुवाच –

तस्याऽवतारधारित्वे प्रभोः सर्वेश्वरेशितुः ।

आख्यानं कीर्तये तुभ्यं भवच्छास्त्रे समीरितम् ॥१॥

मूलतानाभिधे देशे पुरा सत्येऽभवद्युगे ।

बादरेशाभिधाख्यातश्चक्रवर्ती नरेश्वरः ॥२॥

अहङ्कारी मदोन्मत्तः क्रूरसाहसकर्मकृत् ।

આ પ્રમાણે શ્રીહરિએ તે મીર સાહેબને સુંદર મંગળરૂપ, વિશાલ જ્ઞાન ભર્યું અને અમૃત કરતા પણ શ્રેષ્ઠ વચન કહ્યું. અને કામવાસનાનો નાશ કરનારા શ્રીહરિએ તેમને સંસારના દાવાનળમાં શાંતિ આપે તેવું સર્વોત્તમ હિતકારી વચન ફરીથી કહ્યું. ॥૬૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૯૨ સમાપ્ત

અધ્યાય - ૯૩

બાદરેશની કથાથી અવતારવાદને પુષ્ટ કર્યો.

શ્રીહરિએ કહ્યું, બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર પ્રભુ અવતાર ધારે છે તે બાબતની એક કથા તમારા ગ્રંથોમાં જે પ્રસિદ્ધ છે તે હું તમને કહું છું. ॥૧॥

પૂર્વે (સત્યયુગમાં) મુલતાન દેશમાં બાદરેશ નામે એક ચક્રવર્તી રાજા થયો હતો. ॥૨॥

તે અહંકારી મદોદ્ધત, ક્રૂર અને સાહસી હતો. તેને વિદ્યા આદિ ગુણોથી

एकस्तस्याऽभवत्पुत्रो गुणैर्विद्यादिभिर्युतः ॥३॥

तस्याऽथ वार्द्धके प्राप्ते तत्पुत्रोऽगात्परासुताम् ।

मुह्यमानोऽथ सोऽकार्षीद्विचारं चेति मानसे ॥४॥

मद्राज्ये सन्ति भूयांसो महान्तस्त्यागिनो जनाः ।

आश्रयेण मदीयेन प्रपन्नाः शर्मनिर्भरम् ॥५॥

एकं पुत्रं मदीयं ते पञ्चत्वं प्राप्तमुत्तमम् ।

महीं यासोऽपि विख्याता जीवयन्ति न मत्प्रियम् ॥६॥

ते तु तस्मान्मया सर्वे प्रापणीया मृतिं द्रुतम् ।

आह्वापयद्विचार्यैवं तान् सर्वान् हन्तुमेव सः ॥७॥

तांस्ततो मिलितान् सर्वान् हन्तुमुद्युक्तवांस्तदा ।

महंमदाभिधश्चेशः प्रादुर्भूतोऽवतारभृत् ॥८॥

तत्पुत्रस्याऽथ सान्निध्यं स तं प्राप्येदमब्रवीत् ।

पिगाम्बराभिधानैस्त्वं तूर्णमुत्तिष्ठ सन्मते! ॥९॥

સંપન્ન એક દીકરો હતો. ॥૩॥

બાદરેશ રાજા વૃદ્ધ થયો ત્યારે તેનો યુવાન પુત્ર મૃત્યુ પામ્યો. પુત્રના મરણથી વિહ્વળ થયેલા રાજા બાદરેશે પોતાના મનમાં કાંઈ આવો વિચાર કર્યો. ॥૪॥

''મારા રાજ્યમાં ઘણા મોટા મોટા ત્યાગી તપસ્વીઓ છે. મારા રાજ્યાશ્રયથી તેઓ ઘણા સુખી છે. ॥૫॥

મારો અપાર ગુણવાન એક જ દીકરો હતો તે મૃત્યુ પામ્યો છે. દુનિયામાં પ્રસિદ્ધ આ બધા મહાપુરુષો મારા વહાલા પુત્રને જીવિત કરતા નથી (કરી શકતા નથી.) ॥૬॥

તો હવે મારે આ બધાની સત્વરે હત્યા કરી નાખવી જોઈએ.'' આવો વિચાર કરીને રાજા બાદરેશે તે સહુની હત્યા કરવા માટે તેમને બોલાવ્યા. ॥૭॥

તે બધા ભેળા થયા ત્યારે રાજાએ તેને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. ત્યારે મહમદ નામે અવતાર ધરીને ઈશ્વર પ્રકટ થયા. ॥૮॥

તે નિર્જીવ પડેલા રાજપુત્ર પાસે ગયા અને તેને આ પ્રમાણે કહ્યું. ''હે સન્મતે ! તું પેગંબરોને નામે તુરંત ઊભો થા.'' ॥૯॥

उत्तिष्ठाऽथ खुदानाम्ना तं पुनश्चेति सोऽवदत् ।
तथापि क्ष्मापतेः पुत्रो नोदतिष्ठन्मृतो हि सः ॥१०॥
स प्राहाथेति तं भूयो मन्नाम्नोत्तिष्ठ सत्वरम् ।
उदतिष्ठत्ततो धीमन्! राजपुत्रो मृतिं गतः ॥११॥
बादरेशस्ततः सम्राट् तं प्राहैवं कृताञ्जलिः ।
खुदावतारं गृह्णीयात् खुदाऽऽस्मीत्थं वदेच्च यः ॥१२॥
तस्य देहत्वगुद्धारः कर्तव्यो जीवतोऽपि वै ।
स प्राहाथेति मे वीर्यं तच्चौरस्त्वं प्रपश्यतात् ॥१३॥
कृत्वाऽथ स्वीयदेहस्य चर्मोद्धारं स सत्वरम् ।
प्राक्षिपद्बादरेशस्य चर्म तत्तस्य सन्निधौ ॥१४॥
मानवं नाटनं कुर्वन् प्राहाऽथैवं स तं वचः ।
क्षुज्जाता मे ततः किञ्चिद्भोज्यं मे देहि भूपते! ॥१५॥
गोधूमीयं ततस्तस्मै सूक्ष्मं पिष्टं च सोऽदिशत् ।
तस्याथ शृण्वतः सूर्यं स प्राहैवं शुभं वचः ॥१६॥

વળી તેને ફરીવાર કહ્યું "તું ખુદાને નામે ઊભો થા" છતાં તે બાદરેશ રાજાનો દીકરો ઊભો થયો નહિ. મરેલી હાલતમાં પડ્યો રહ્યો. ॥૧૦॥

પછી શ્રીમહમદે તેને ફરીવાર કહ્યું કે "હવે તું મારા નામથી સત્વરે ઊભા થા." હે ધીમન્ ! પછી તે મૃત્યુ પામેલો રાજપુત્ર ઊભો થયો. ॥૧૧॥

પછી તે સમ્રાટ બાદરેશે હાથ જોડીને શ્રીમહમદને આમ કહ્યું કે જે કોઇ એમ કહે કે "ખુદા અવતાર લે છે," અને એમ કહે કે "હું ખુદા છું" તો જીવિત અવસ્થામાં જ તેની ચામડી ઉતરડી લેવી જોઇએ. ત્યારે શ્રીમહમદે તેને કહ્યું, ઈશ્વરના ચોર ! તું આજ મારું વીર્ય જોઇ લે. ॥૧૩॥

પછી તેણે તુરંત પોતાના શરીર ઉપરની ચામડી ઉતરડીને તે રાજા બાદરેશની પાસે જ ફેંકી દીધી. ॥૧૪॥

પછી શ્રીમહમદે માનવભાવ પ્રકટ કરીને રાજા બાદરેશને કહ્યું, હે રાજન્ ! મને ભૂખ લાગી છે તો મને કાંઇ ખાવાનું આપો. ॥૧૫॥

ત્યારે રાજાએ તેને ઘઉંનો ઝીણો દળેલો લોટ મગાવી આપ્યો. પછી તે રાજા

भानो! त्वं हि निदेशं मे मन्यमानो यदा भवेः ।
पिष्टमामं तदैतं मे पक्वं कुर्वम्बुमिश्रितम् ॥१७॥
उत्तीर्याधस्ततो व्योम्नो भानुर्द्वादशयोजनात् ।
पिष्टं पक्वं किलाऽकार्षीत्तं तूर्णं चाद्भुतक्रियः ॥१८॥
अथाऽऽलोक्य तदैश्वर्यं जनास्तापं भृशं गताः ।
नाशयिष्यति किं विश्वमसावित्थं व्यतर्कयन् ॥१९॥
सोऽवतारान्न धत्ते ये प्राहुस्ते परमेश्वरः ।
शास्त्रप्रतीतिहीनास्तद्बुधैर्मान्यं न तद्वचः ॥२०॥
उक्त्वा खुदाऽहमस्मीत्थं दिव्यरूपं प्रदर्शितम् ।
मया तस्मात्स्वरूपे मे भ्रान्तिर्नष्टा किलाङ्गिनाम् ॥२१॥
सोऽवतारान् क्षितौ तस्माद्धत्ते वै परमेश्वरः ।
धर्मसंस्थापनाद्यर्थं सर्वप्राणिहिते रतः ॥२२॥
तथापि प्राकृतं रूपं नास्ति तस्याऽखिलेशितुः ।

સાંભળે તેમ તેણે સૂર્યને શુભ વચન કહ્યું. ॥૧૬॥

હે સૂર્ય ! જો તમે મારી આજ્ઞા માનતા હોવ તો આ કાચા લોટમાં જરૂરી પાણી મેળવીને તેને પકાવી આપો. ॥૧૭॥

પછી સૂર્ય બારયોજન ઊંચેથી નીચા આવ્યા. અદ્‌ભુત ક્રિયાશક્તિવાળા સૂર્યે તત્કાળ તે લોટને પકાવી આપ્યો. ॥૧૮॥

શ્રીમહમદના આવા ઐશ્વર્યને દેખીને લોકો મનમાં ઘણું ડરી ગયા. શું આ આખી દુનિયાનો નાશ તો નહિ કરેને ? આમ કલ્પના કરવા લાગ્યા. ॥૧૯॥

તે પરમેશ્વર અવતાર નથી ધારતા એમ જે કહે છે તે શાસ્ત્રમાં વિશ્વાસ વિનાના છે. તેટલા માટે ડાહ્યા માણસે તેની આવી વાત ન માનવી. ॥૨૦॥

મેં 'હું ખુદા છું' આમ કહીને મારું દિવ્ય સ્વરૂપ બતાવ્યું છે, તેથી લોકોને મારા સ્વરૂપમાં ભ્રાંતિ રહી નથી. ॥૨૧॥

માટે સર્વ પ્રાણીઓનું સતત હિત કરનારા પરમેશ્વર "ધર્મનું સ્થાપન કરવું" વગેરે પ્રયોજન માટે ભૂમિ ઉપર અવતારોને ધારે છે. ॥૨૨॥

છતાં પણ તે સર્વેશ્વરનું સ્વરૂપ પ્રાકૃત-માયિક નથી. અને તેટલા માટે જ

तस्माद्वेदेषु तद्रूपं प्रोक्तमप्राकृतं परम् ॥२३॥
अथ प्राहेति तं वाक्यं श्रीहरिर्मीरसंज्ञितम् ।
नेत्रे निमिल्य चाङ्गुष्ठं मुञ्च स्वे हृदि बुद्धिमन् ! ॥२४॥
प्रत्याऽऽहृत्येन्द्रियग्रामं मनोवृत्तीर्निजान्तरे ।
रुणद्धि त्वं ततोऽकार्षीत्तथा स प्रीतमानसः ॥२५॥
स्वे हृद्यथेच्छया तस्य स प्रकाशं महत्तरम् ।
पश्यति स्म तथा तस्मिन् दिव्यं सिंहासनं वरम् ॥२६॥
निषण्णं ! तत्र तं साक्षाद्दिव्यरूपं मनःप्रियम् ।
स्वामिनारायणं धार्मिं सोऽपश्यद्विस्मितो मुदा ॥२७॥
चतुर्विंशतिसंख्यातान् प्राञ्जलीनग्रतो हरेः ।
स्थितांस्तं स्तुवतोऽपश्यत् प्रीतः पिगाम्बरान् हि सः ॥२८॥
इत्थं तद्दिव्यरूपेक्षाप्राप्तानन्दव्रजो हि सः ।
महाश्चर्यं गतो मेने कृतार्थत्वं निजात्मनः ॥२९॥

પરમાત્માના સ્વરૂપને વેદોમાં પરમ અપ્રાકૃત (દિવ્ય) કહ્યું છે. ॥૨૩॥

પછી વળી શ્રીહરિએ મીર સાહેબને એક વાત કહી. "હે બુદ્ધિમાન ! તમે આંખો બંધ કરો અને છાતી ઉપર હાથનો અંગૂઠો મૂકો.॥૨૪॥

આંખો, કાન, નાક ઈત્યાદિ ઈન્દ્રિયોને પાછી વાળો. મનની વૃત્તિઓને હૃદયમાં કેન્દ્રિત કરો." ત્યારે તે મીર સાહેબે પ્રસન્ન મનથી જેમ શ્રીહરિએ કહ્યું તેમ કર્યું. ॥૨૫॥

શ્રીહરિની ઈચ્છાથી મીરસાહેબે પોતાના હૃદયમાં ઘણો મહાન્ પ્રકાશ દેખ્યો. અને તે પ્રકાશના મધ્યમાં સર્વોત્તમ દિવ્ય સિંહાસન જોયું. ॥૨૬॥

પછી તે સિંહાસન ઉપર મનને પ્રિય લાગે તેવા દિવ્ય સ્વરૂપે ધર્મપુત્ર સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુને દેખ્યા. તેથી તેને આનંદ સહિત આશ્ચર્ય થયું. ॥૨૭॥

શ્રીહરિની આગળ હાથ જોડીને ઊભા રહેલા અને સ્તુતિ કરતા ચોવીશ જેટલા પેગંબરોને જોઈને તે મનમાં પ્રસન્ન થયા. ॥૨૮॥

આવી રીતે શ્રીહરિના દિવ્ય સ્વરૂપના દર્શન થવાથી તેને અપાર આનંદ થયો. તે અત્યંત આશ્ચર્યચકિત થયા અને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. ॥૨૯॥

साश्रिताय ततस्तस्मै दातुं सत्पाकसंविधाः ।
त्वत्तातं प्रेरयत्प्राज्ञं श्रीहरिः स्वानुवर्तिनम् ॥३०॥
स कृत्वाऽथाऽऽग्रहं दक्षं तमातिथ्येन सादरम् ।
प्रीत्या न्यमन्त्रयत् पाकसामग्रीं दातुमुत्सुकः ॥३१॥
अथेत्थं सोऽवदद्वाक्यं त्वं स्वयं परमेश्वरः ।
खुदाख्यया कुरानोक्तः सन्देहो नास्ति तत्र मे ॥३२॥
अद्योपवासमासो मे वर्ततेऽहं ततः प्रभो ! ।
अनन्तरं हि भोक्ष्ये त्वद्भोज्यं चोपोषणाद्धरे ! ॥३३॥
सवृन्ताकानि वै प्रादाद्धरिस्तस्मै सुमेधसे ।
आनाय्याऽथाऽऽभृतं दध्ना तस्मै पात्रं तथाऽदिशत् ॥३४॥
स प्राहाथेति तं वाक्यं स्वैश्वर्येक्षामहामुदम् ।
अत्र चेत्संशयः कश्चिन्मह्यं पृच्छ्यं तदा त्वया ॥३५॥
ततोऽवोचत् स तं वाक्यं त्वं साक्षात् परमेश्वरः ।

પછી શ્રીહરિએ ઘણા સમજણા અને આજ્ઞાપાલક આપના પિતાશ્રી દાદાખાચરને આજ્ઞા કરી કે શ્રીમીર સાહેબ, તેમના માણસો સાથે રસોઈ કરાવીને સહુ જમે, તેવી સગવડતા કરી આપો. ॥૩૦॥

પછી ઉત્સાહી શ્રીદાદાખાચરે વિચક્ષણ શ્રીમીરસાહેબને ઘણો આગ્રહ કરીને મહેમાન ગતિના રૂપમાં સીધું સામગ્રી લેવાનું કહ્યું. ॥૩૧॥

પછી શ્રીમીરસાહેબે શ્રીહરિને કહ્યું, આપ તો કુરાનમાં 'ખુદા' આવા નામથી કહેવાયેલા સાક્ષાત્ પરમેશ્વર છો, તેમાં મને કાંઈ સંદેહ નથી. ॥૩૨॥

હે પ્રભો ! હે હરે ! આજ તો મારે 'રમજાન' માસના નિમિત્તે ઉપવાસ છે, તેથી તે ઉપવાસ પૂરો થયા પછી આપનું ભોજન જમીશ. ॥૩૩॥

પછી શ્રીહરિએ તે બુદ્ધિશાળી મીર સાહેબને રીંગણા આપ્યા અને મીઠા દહીંથી ભરેલું એક સારું મોટું વાસણ મગાવીને આપ્યું. ॥૩૪॥

શ્રીહરિના ઐશ્વર્યને દેખીને મીરસાહેબને ઘણો આનંદ થયો હતો. તેથી તેને શ્રીહરિએ વચન કહ્યું, જુઓ, તમને આ બાબતમાં કાંઈ પણ સંશય થાય, તો સંકોચ વિના મને પૂછજો. ॥૩૫॥

कुरानेऽल्लाख्यया प्रोक्तो ब्रह्माण्डानामधीश्वरः ॥३६॥
अस्मि दासस्त्वदीयोऽहं तमुक्त्वैवं स सादरम् ।
तत्पादपद्मयोर्मुक्त्वा प्राणमत्तं स्वमस्तकम् ॥३७॥
ततस्तन्मस्तके सोऽधात्स्वीयहस्ताम्बुजे हरिः ।
स्वपाणिभ्यां तथा प्रीत्या तत्पृष्ठाऽऽस्फालनं व्यधात् ॥३८॥
स प्राहाथेति तं वाक्यं हरिं कार्यं त्वयाऽखिलम् ।
कृतं स्वामिन् ! दयां कृत्वा मय्यशेषार्तिहारिणा ॥३९॥
तस्मात्पूर्णीकृताः सर्वे सङ्कल्पा मे दयानिधे! ।
अथाऽऽपृच्छ्य स तं नत्वा स्वावासं स्वैः सहाऽऽगमत् ॥४०॥
सप्ताहान्यथ स प्राज्ञस्तत्रोषित्वाऽकरोद्धरेः ।
प्रसङ्गं तस्य भूयांसं संसारामयभेषजम् ॥४१॥
अथाऽक्षरं परं दिव्यं धाम प्राप्ते हरौ निजम् ।
श्रीपुरे सोऽव्रजत्सेनामुख्यत्वं मीरसंज्ञितः ॥४२॥

ત્યારે તેમણે શ્રીહરિને કહ્યું, કુરાનમાં અલ્લાહ નામે કહેવાયેલા, આપ તો અનેક બ્રહ્માંડોના અધિપતિ સાક્ષાત્ પરમેશ્વર છો. ॥૩૬॥

હું તો આપનો દાસ છું' આમ કહીને શ્રીમીર સાહેબે આદર ભાવ સાથે શ્રીહરિના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકીને પ્રણામ કર્યા. ॥૩૭॥

પછી શ્રીહરિએ પોતાના બન્ને કરકમળ તેના માથે મૂક્યા અને પ્રેમથી તેનો વાંસો થાબડ્યો. ॥૩૮॥

પછી શ્રીમીરસાહેબે શ્રીહરિને વચન કહ્યું, હે સ્વામિન્ ! સમગ્ર પીડાઓને હરનારા આપે દયા કરીને મારું બધું જ કાર્ય પૂર્ણ કરી દીધું છે. ॥૩૯॥

કારણ કે હે દયાનિધે ! આપે મારા બધા જ સંકલ્પ પૂરા કર્યા છે. પછી તેમણે પોતાને ઉતારે જવા શ્રીહરિની આજ્ઞા માગી, પ્રણામ કર્યા અને પોતાની સાથે આવેલા પોતાના માણસોને લઈને ઉતારે આવ્યા. ॥૪૦॥

પછી બુદ્ધિશાળી તેઓ ગઢપુરમાં સાત દિવસ રહ્યા અને સંસારરૂપ રોગના ઓષધ જેવો શ્રીહરિનો ઘણો સત્સંગ કર્યો. ॥૪૧॥

શ્રીહરિ અંતર્ધાન થયા પછી આ શ્રીમીરસાહેબ લશ્કરી અધિકારીના રૂપમાં

ततोऽयोध्याप्रसादस्य नरनारायणालये ।
प्रादात्तस्मै हि देवाय वारणेन्द्रं स कार्यवित् ॥४३॥
प्रादात्तथाऽष्टसाहस्रसम्मिता रू प्यमुद्रिकाः ।
तं भजन्नथ सोऽजस्रं जन्म स्वं सफलं व्यधात् ॥४४॥
ऐश्वर्यमित्थमतुलं हरिणा स्वकीयं सन्दर्शितं कलिमलक्षपणं सुदिव्यम् ॥
भद्रं विलोक्य विपुलां मुदमाप्नुवन्तो भक्ता जगुश्च जगदुर्नृपते! जनेभ्यः ॥४५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकथितबादरेशनृपाख्यानादिनिरू पणं नाम त्रिनवतितमोऽध्यायः ॥९३॥

अथ चतुर्नवतितमोऽध्यायः

पाञ्चाल्यै कारिते पूर्णे गर्भागारे बभूवतुः ।
कारितं वास्तुकं चतुर्नवतितम ईर्यते ॥

અમદાવાદમાં નિમાયા હતા. ॥૪૨॥

ત્યારે કાર્યકુશળ શ્રીમીરસાહેબે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજના શ્રીનરનારાયણદેવના મંદિરમાં દેવને ભેટના રૂપ એક હાથી આપ્યો હતો. ॥૪૩॥

તથા આઠ હજાર રૂપિયા રોકડા ભેટ આપ્યા હતા. નિરંતર શ્રીહરિનું ભજન કરીને શ્રીમીર સાહેબે પોતાનો જન્મ સફળ કર્યો હતો. ॥૪૪॥

હે નૃપતે ! શ્રીહરિનું ઐશ્વર્ય અનુપમ છે, કળિયુગના દોષોને દૂર કરનારું છે, મંગળમય છે અને સુંદર દિવ્ય છે, શ્રીહરિએ તે પોતાનુ ઐશ્વર્ય આવી રીતે લોકોને બતાવ્યું. તેને દેખીને ભક્તજનો અપાર આનંદ પામીને તેનું ગાન કરતા હતા અને બીજા લોકો આગળ કહેતા હતા. ॥૪૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૯૩

અધ્યાય -૯૪

પાંચુબાના ઓરડાઓનું વાસ્તુ અને શ્રીહરિની પૂજા

श्रीचैतन्यानन्द उवाच -

पूर्वदिग्द्वारसंयुक्ते पाञ्चाल्यर्थं विधापिते ।
सम्पूर्णे हरिणा चाऽऽस्तां गर्भागारे मनोहरे ॥१॥
भवत्ताताेऽथ वेदज्ञैर्वास्तुकर्म तयोर्द्विजैः ।
कारयामास तान् भोज्यैर्विचित्रैश्च व्यतर्पयत् ॥२॥
स तेभ्योऽथाऽदिशद्राजन्! दक्षिणा भूयसीर्मुदा ।
हर्याज्ञयाऽथ ते प्रादात्पाञ्चाल्यै ते पिता सुधीः ॥३॥
ततो नानाविधैर्भोज्यैः साधुमुख्यांस्तथा हरिम् ।
तर्पयामास पाञ्चाली सुस्वादैर्भूरिभावतः ॥४॥
प्रैरीरत् साऽथ भर्तारं स्वकीयं शुद्धधीर्मुदा ।
विधातुं श्रीहरेः पूजां तत्सक्तानां सतां तथा ॥५॥
नाङ्गमालोऽथ स प्रीत्या किन्नखापं महाधनम् ।
सादरं श्रीहरेः कट्यां सूरवारं व्यदीधपत् ॥६॥
स्वर्णतारं वरोष्णीषं महार्हं मूर्ध्न्यद्धन्यंधारयत् ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ઉગમણાબારના ઓરડાને અડીને ઉત્તર તરફ સુંદર બે ઓરડા શ્રીહરિએ પાંચુબાને માટે કરાવ્યા હતા. તે પૂરા થયા. ॥૧॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે વેદ ભણેલા બ્રાહ્મણો પાસે તેનું વાસ્તુ કર્મ કરાવ્યું, પછી તેમને અનેક જાતના ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. ॥૨॥

હે રાજન્ ! પછી તેમને ઘણી દક્ષિણાઓ આપી. શ્રીહરિની આજ્ઞાથી તમારા પિતાશ્રી દાદાખાચરે તે બન્ને ઓરડાઓ પાંચુંબાને આપ્યા. ॥૩॥

પાંચુંબાએ શ્રીહરિને તથા સંતો વગેરેને અનેક પ્રકારના સ્વાદુ ભોજન કરાવીને ઘણા જ ભક્તિભાવથી જમાડીને તૃપ્ત કર્યા. ॥૪॥

નિર્મળ બુદ્ધિવાળા પાંચુંબાએ પોતાના પતિ શ્રીનાંગમાલાને શ્રીહરિની તથા એકાંતિક સંતોની પૂજા કરવા મોકલ્યા. ॥૫॥

ત્યારે નાંગમાલાએ ઘણા જ પ્રેમભાવથી કિનખાબનો સારો કીમતી સુરવાળ શ્રીહરિને કમર ઉપર પહેરાવ્યો. ॥૬॥

ઘણી કીમતી, સોનેરી તારવાળી, પાઘ મસ્તક ઉપર બંધાવી. મોંઘા મૂલો,

किन्नखापं च नीशारं महामूल्यं स्फुरत्प्रभम् ॥७॥
बबन्ध श्रीहरेः कट्यां भूरिवित्तं च सोऽम्बरम् ।
स्वर्णतारातिसंराजत्प्रान्तपल्लवमुत्तमम् ॥८॥
उत्तरीयं च तादृक्षं स्कन्धयोस्तस्य रम्ययोः ।
स दक्षो धारयाञ्चक्रे प्रेमोद्यत्पुलकाकृतिः ॥९॥
भाले केसरगन्धस्य पत्रलेखां हरेस्ततः ।
स व्यधात्तत्र रम्यायां वृत्तं कुंकुमचन्द्रकम् ॥१०॥
नानासुगन्धिमाल्यानां सारहारांश्च शेखरान् ।
कर्णपूरौ च केयूरौ स कण्ठेऽधारयद्धरेः ॥११॥
सुस्वर्णमणिभिर्युक्तां विद्रुमैर्निर्मितां स्त्रजम् ।
तत्कण्ठे धारयाञ्चक्रे सोऽतिभक्त्या दरोत्तमे ॥१२॥
पक्वदाडिमसद्बीजैः स स्थालं सम्भृतं ततः ।
हरेरग्रे न्यधात्प्रेम्णा तान्यथाऽभुक्त स प्रभुः ॥१३॥
नीराजनं ततोऽकार्षीत्सोऽनुकम्पोदधेर्हरेः ।

કિનખાબનો ચળકતો જામો પહેરાવ્યો. ॥૭॥

છેડાના પાલવમાં સોનાના તારથી ભરતકામ કરેલા ઘણા કીમતી વસ્ત્રથી શ્રીહરિને કમર ઉપર ભેટ બંધાવી. ॥૮॥

રોમાંચિત થઈ ગયેલા કાર્યકુશળ શ્રીનાંગમાલાએ ભેટ બંધાવેલા વસ્ત્રના જેવો બીજો ખેસ શ્રીહરિના બન્ને સુંદર ખભા ઉપર ધારણ કરાવ્યો. ॥૯॥

પછી શ્રીહરિના લલાટમાં કેસરી ચંદનની અર્ચા (આડ) કરી અને તે રમણીય અર્ચામાં કુંકુમનો ગોળ ચાંદલો કર્યો. ॥૧૦॥

પછી અનેક પ્રકારના સુગંધી ફૂલોથી ગૂંથેલા હાર કંઠમાં અને તોરા, બાજુ બંધ અને ગુચ્છ વગેરે યથાસ્થાન ધરાવ્યા. ॥૧૧॥

શ્રીહરિના શંખના જેવા સુંદર કંઠમાં વિદ્રુમ મણિ જડીને બનાવડાવેલા સોનાના હાર ભક્તિભાવથી પહેરાવ્યા. ॥૧૨॥

પાકાં દાડમના સરસ દાણાંનો થાળ ભરીને શ્રીહરિની આગળ પ્રેમથી મૂક્યો. તે દાણા શ્રીહરિ જમ્યા. ॥૧૩॥

सतां पूजां तथा कृत्वा प्राणमत्तं च तान्मुदा ॥१४॥
तद्गर्भागारसंराजद्बहिःशालामथाऽऽगता ।
नत्वाऽस्तौत्तं च पाञ्चाली स्थिता दूरे पतिव्रता ॥१५॥
पश्यति स्म तदा भूमपुरु षस्थानसन्निभम् ।
गर्भागारं महाज्योतिर्भासमानं तदञ्चितम् ॥१६॥
तत्र सिंहासनं हैमं नद्धनानामणिप्रभम् ।
साऽपश्यत्तत्र पाञ्चाली निषण्णं श्रीहरिं तथा ॥१७॥
रू पानुरू पदिव्याङ्गं तेजःपुञ्जातिराजितम् ।
दिव्यरू पं परं शान्तं कोटिमन्मथमोहनम् ॥१८॥
तस्याऽथाऽग्रे चतुर्बाहुं वासोऽलङ्कारभास्वरम् ।
प्राञ्जलिं प्रश्रयाऽऽनम्रं साऽपश्यद्भूमपूरु षम् ॥१९॥
नद्धनानामणिस्वर्णकिरीटं मूर्ध्नि बिभ्रतम् ।
शङ्खचक्रगदाब्जानि दधानं चोरु तेजसम् ॥२०॥

પછી તેમણે દયાસાગર શ્રીહરિની આરતી ઉતારી, તે પછી સંતોની પૂજા કરી. શ્રીહરિને અને સહુ સંતોને તેમણે પ્રણામ કર્યા. ॥૧૪॥

તે ઓરડાની ઓસરીમાં દૂર ઊભા રહીને પતિવ્રતા પાંચુબાએ શ્રીહરિને પ્રણામ કરીને તેમની સ્તુતિ કરી. ॥૧૫॥

તે સમયે પાંચુબાએ તે સોહામણા ઓરડાને તેજના પુંજથી ભરપૂર ભૂમા પુરુષના લોક જેવો દેખ્યો. ॥૧૬॥

તેમણે તે તેજના પુંજમાં જડેલા અનેક પ્રકારના મણિઓથી ચમકતું સોનાનું સિંહાસન જોયું અને તેના ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિના દર્શન કર્યા. ॥૧૭॥

શ્રીહરિના દિવ્ય અવયવો રૂપને અનુરૂપ હતા. તેજના મધ્યમાં અત્યંત શોભતા હતા. કરોડો કામદેવને પણ મુગ્ધ કરે તેવું શાંત અને દિવ્ય શ્રીહરિનું સ્વરૂપ હતું. ॥૧૮॥

તેમની આગળ વસ્ત્રો અને અલંકારોથી તેજસ્વી જણાતા ચાર ભુજાવાળા, વિનયથી નમ્રપણે હાથ જોડીને ઊભેલા શ્રીભૂમાપુરુષને પણ તેમણે જોયા. ॥૧૯॥

શ્રીભૂમાપુરુષના મસ્તક ઉપર અનેક મણિઓથી જડેલો સોનાનો મુકુટ

प्रकुर्वाणं स्तुतिं पद्यैर्हरेर्नानार्थगर्भितैः ।
प्रदक्षिणास्तथा भक्त्या भूयसीर्भूपते! शुभाः ॥२१॥
लीनत्वं सोऽथ तन्मूर्त्तौ दिव्यायां तत्र सत्वरम् ।
तद्विलोक्याऽथ पाञ्चाली प्रापन्मोदं सुविस्मिता ॥२२॥
स तत्पत्यावथ प्रीतो नाङ्गमाले हरिर्निजम् ।
पाणिं मूर्द्धन्यधात्तस्य कालभीताऽभयप्रदम् ॥२३॥
हरिरथ निजपार्षदैरु पेतः प्रमुदितभक्तजनैर्विलोक्यमानः ।
पदविलसितपादुकानिनादो निजमतिरम्यमुपाऽऽगमन्निवासम् ॥२४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितभूमपुरु षदर्शनादिनिरू पणं नाम चतुर्नवति-तमोऽध्यायः ॥९४॥

ધારણ કર્યો હતો. શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ ચાર આયુધો ધારેલાં તેઓ ઘણાં તેજસ્વી જણાતા હતા.॥૨૦॥

હે ભૂપતે ! તેઓએ અનેક અર્થપૂર્ણ શ્લોક બોલીને સ્તુતિ કરી અને ભક્તિભાવથી ઘણી શુભ પ્રદક્ષિણા પણ કરી. ॥૨૧॥

પછી તે ભૂમાપુરુષ શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં તત્કાળ લીન થઈ ગયા. તે દર્શન કરીને પાંચુબા વિસ્મિત થઈને મનમાં ખૂબ જ આનંદિત થયા. ॥૨૨॥

શ્રીહરિ પાંચુબાના પતિ શ્રીનાંગમાલાના ઉપર ખૂબ જ રાજી થયા. અને કાળથી ડરેલાને અભયદાન આપતો પોતાનો ડાબો હાથ તેમના મસ્તક ઉપર મૂક્યો. ॥૨૩॥

તે પછી શ્રીહરિ કેટલાક પાર્ષદોને સાથે લઈને પોતાના અત્યંત રમણીય નિવાસસ્થાન અક્ષરભવને પધાર્યા. પ્રસન્ન મનના હરિભક્તો ચોતરફ દર્શન કરતા હતા.અને ચરણારવિંદમાં શોભતી ચાખડીઓનો ચટાક, ચટાક એવો ધ્વનિ સંભળાતો હતો. ॥૨૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૯૪ સમાપ્ત

अथ पञ्चनवतितमोऽध्यायः

पद्गानां गमनं पञ्चनवतितम उच्यते ।
माण्डव्यरामखेटकसीमाविवादसङ्गरे ॥

श्रीचैतन्यानन्द उवाच -
गर्भागारद्वयोर्मध्ये यदर्वाग् दिशि वर्तते ।
गर्भागारं वरोदारं बहिःशालाविराजितम् ॥१॥
तत्राऽऽसने हरिर्युक्ते कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदच्छुभ्रसद्वासा माल्यहारादिराजितः ॥२॥
ततो माण्डव्यधाराख्यो योऽस्ति ग्रामो भवत्पितुः ।
यश्च भाणाख्यभूपस्य ग्रामो रामपुराभिधः ॥३॥
महान् सीमाविवादोऽभूद्ग्रामयोरुभयोस्तयोः ।
ततो युद्धमभूद् घोरं तुमुलं रोमहषणम् ॥४॥
तदा तस्याऽवनीशस्य सादिपद्गांश्च शस्त्रिणः ।
पत्तयः श्रीहरेः शूरा जिग्युस्तस्यातुलौजसा ॥५॥

અધ્યાય - ૯૫
તકરારિયા ખેતરને સીમાડે પાર્ષદોનું ગમન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, પાંચુંબાવાળા જે બે ઓરડા કહ્યા, તેમાં જે દક્ષિણ તરફનો ઓરડો છે તે ઓસરીને લીધે ઘણો સુંદર અને સર્વોત્તમ દેખાય છે. ॥૧॥

ત્યાં આગળના ભાગમાં સુંવાળા ગાદી તકિયાથી બિછાવેલું આસન હતું તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. સર્વ શ્વેતવસ્ત્ર પહેર્યા હતા. ફૂલોના હાર આદિથી શોભતા હતા. ॥૨॥

તે પછી તમારા પિતાશ્રી દાદાખાચરના ગરાસનું ગામ માંડવધાર અને ભડલીના દરબાર ભાણખાચરનું ગામ રામપરા, તે બન્ને ગામના સીમાડાનો ઘણો મોટો વિવાદ અને ખૂબ જ મોટો ઝઘડો થયો હતો. અને તેમાં તો ભાણખાચરના હથિયારધારી ઘોડે સવારો અને શ્રીહરિના શસ્ત્રધારી પાર્ષદોમાં રોમહર્ષણ તુમુલ યુદ્ધ થયું હતું. શ્રીહરિના અમાપ પ્રતાપને લીધે તેમાં શ્રીહરિના પાર્ષદોનો વિજય

श्रीशुकानन्द उवाच -
इत्थं निशम्य रुचिरं वचनं तदीयं राजा प्रतापविषयं स हरेः प्रसन्नः ।
बद्धाञ्जलिर्विशदबुद्धिरगाधबोधं तं स्मेति पृच्छति महाविनयावनम्रः ॥६॥
तस्यानुगान् क्षितिपतेः परवीरहन्तॄन्,
पद्गांस्तथा विविधशस्त्रभृतोऽश्ववारान् ।
पद्गा हरेः समजयन् कथमप्यजेयां
स्तद्वक्तुमर्हसि मुनीन्द्र किलाञ्जसा मे ॥७॥
श्रुत्वेति तस्य वचनं नृपतेरुदारं शुश्रूषमाणहृदयस्य शुभं मनोज्ञम् ।
प्राप्तो मुदं पुरुतरां तमिदं नरेन्द्रं वाक्यं जगाद हितकारि स साधुवर्यः ॥८॥
श्रीचैतन्यानन्द उवाच -
राजन् ! माण्डव्यधाराख्यो ग्रामस्तातस्य तेऽस्ति यः ।
योऽस्ति रामपुराभिख्यो ग्रामो भाणाख्यभूपतेः ॥९॥

થયો હતો. ॥૩-૫॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ દરબાર શ્રીઅમરાખાચર, શ્રીચૈતન્યાનંદ સ્વામીએ શ્રીહરિના પ્રતાપ બાળનું સુંદર વચન કહ્યું તે સાંભળ્યું અને મનમાં પ્રસન્ન થયા. પછી શુદ્ધબુદ્ધિસંપન્ન અને વિનયથી અત્યંત નમ્ર સ્વભાવના તે શ્રીઅમરાખાચરે હાથ જોડ્યા. અને અગાધ બુદ્ધિવાળા શ્રીચૈતન્યાનંદ સ્વામીને આ પ્રમાણે પૂછ્યું. ॥૬॥

"હે મુનિવર્ય ! ભાણખાચરના પક્ષના યોદ્ધાઓ શત્રુપક્ષના વીરોને હણે એવા અને અજેય હતા, અનેક પ્રકારના હથિયારોથી સજ્જ તે પદાતિ અને ઘોડે સવાર યોદ્ધાઓને શ્રીહરિના પાર્ષદો કઇ રીતે જીત્યા ? આ વાત મને બરાબર રીતે આપ કહો. ॥૭॥

શ્રીઅમરાખાચરનું હૃદય આવી કથા સાંભળવા ચાહતું હતું. તેથી તેમનું આ ઉદાર અને મનોજ્ઞ શુભ વચન સાંભળીને મુનિશ્રેષ્ઠ શ્રીચૈતન્યાનંદ સ્વામી મનમાં ખૂબ જ રાજી થયા અને તે પછી તેમને આવું હિતકારી વચન કહેવા લાગ્યા. ॥૮॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જે માંડવધાર ગામ છે તે તમારા પિતા શ્રીદાદાખાચરના ગરાસનું ગામ છે, તથા રામપરા ગામ છે, તે ભડલીના દરબાર

तयोः सीमाविवादोऽभूत्तदा भाणाभिधो नृपः ।
युक्तः शतत्रयस्वीयभृत्यैरायुधधारिभिः ॥१०॥
युक्तो माम्बरकाख्येन म्लेच्छेनाऽश्वनिषादिना ।
शस्त्रिणा खभटाख्येन तथा मत्तारसंविदा ॥११॥
आयान्माण्डव्यधाराख्यग्रामस्याऽतिमदोद्धतः ।
सीमायां योद्धुमुद्गर्वो पार्थान् दुर्योधनो यथा ॥१२॥
युद्धोद्योगमथ श्रुत्वा श्रीहरिस्तस्य मानिनः ।
पितुस्ते राज्यविघ्नं वै सोऽज्ञासीत्सर्वदृग्विभुः ॥१३॥
दास्यंस्ततोऽप्यलभ्यं ते ताताय श्रीहरिर्जयम् ।
योद्धुं स्वानुव्रतान् पद्गान् प्रैरयद्धेतिधारिणः ॥१४॥
पद्गाऽऽद्यो भृगुजिद्वीरो देवश्चाथाऽऽज्ञया हरेः ।
रत्नजिन्मयजिल्लक्षः पद्गश्च गुरु मानजित् ॥१५॥
भीमो बर्हिचराभिख्यो नथ्थुजिच्च धनाभिधः ।

ભાણખાચરનું છે. ॥૯॥

તે બન્ને ગામના સીમાડે એક તકરારિયા ખેતર અંગે ઝઘડો થયો. ત્યારે દરબાર ભાણખાચર હથિયારધારી ત્રણસો માણસનું લશ્કર લઈને ત્યાં આવ્યો હતો. ત્યારે તેમાં સિંધના અને અરબસ્તાનના નબારખાઁ, ખબડ અને મતારો વગેરે નામવાળા ભાણ ખાચરે રાખેલા ઘોડેસવાર હથિયારધારી લડાયક માણસો હતા. ॥૧૦-૧૧॥

અતિ ગર્વિષ્ઠ અને મદોદ્ધત ભાણખાચરે માંડવધાર ગામની સીમમાં આવીને દુર્યોધને પાંડવોના ઉપર કર્યો હતો તેવો હુમલો કર્યો. ॥૧૨॥

મહાન્ સમર્થ અને સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિ શ્રીદાદાખાચરના રાજ્ય ઉપર વિઘ્ન આવશે તેમ જાણતા હતા. તે પછી ભાણખાચરના હુમલાની તૈયારી સાંભળી અને શ્રીદાદાખાચરને દુર્લભ વિજય અપાવવા માટે શ્રીહરિએ પોતાના આજ્ઞાકારી હથિયારધારી પાર્ષદોને માંડવધારને સીમાડે તકરારિયા ખેતરે મોકલ્યા. ॥૧૩-૧૪॥

હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞાથી જનારા પાર્ષદોમાં મુખ્ય શ્રીભગુજી હતા. પછી શ્રીવીરોજી, શ્રીદેવોજી, શ્રીરતનજી, શ્રીમિયાજી, શ્રીલખાજી, શ્રીગુમાનજી, શ્રીભીમાભક્ત, શ્રીબહેચર ચાવડા, નથ્થુજી, ધનાજી વગેરે લગભગ પંદરેક પાર્ષદો

तदाद्याः पत्तयो राजन्! पञ्चदिक्सङ्ख्ययाऽन्विता ॥१६॥
तूणीरान् बाणसम्पूर्णान् बिभ्राणा रणनैपुणाः ।
सपत्नैः क्वापि चाऽदृष्टा वर्मचर्माऽसिधारिणः ॥१७॥
शक्तिप्रासमहेष्वासबन्धुक्यादीनि बिभ्रतः ।
नानाशस्त्राणि वै योद्धुं निर्जग्मुर्दुर्गपत्तनात् ॥१८॥
मानवित्ता महासत्त्वा मृगेन्द्रोदारविक्रमाः ।
धीरा वीरा महोत्साहा हरिप्राप्तातुलौजसः ॥१९॥
निर्जयन्तोऽतिदुर्जेयान्नरीनाज्याप्तकीर्त्तयः ।
धनुर्वेदरहस्यज्ञाः परानीकविमर्दनाः ॥२०॥
कुलीनाः कृतसंस्काराः सङ्ग्रामोज्जयकारिणः ।
सर्वे तृणीकृतस्वीयविग्रहाः सद्गुणालयाः ॥२१॥
प्रगल्भाः परमोदारा वैरिव्रातातिदुःसहाः ।
अहन्ताममताहीना धर्मगोविप्रपालकाः ॥२२॥

હતા. ॥૧૫-૧૬॥

શત્રુ પક્ષે ક્યારેય ન દેખ્યા હોય તેવા રણનિપુણ પાર્ષદો પાસે બાણ ભરેલા ભાથા હતા. તેઓ કવચ પહેરેલા અને ઢાલ તથા તલવારધારી રહેલા હતા. ॥૧૭॥

તેમની પાસે સાંગ, ભાલા, ધનુષ્ય તથા બંદૂક આદિ અનેક પ્રકારના અસ્ત્ર શસ્ત્રો પણ હતા. તે પાર્ષદો લડાઈ કરવાના આશયથી જ ગઢપુરથી નીકળ્યા. ॥૧૮॥

પાર્ષદો માનના ધની હતા, મહાન્ બળવાન, સિંહના જેવા વિશાળ પરાક્રમી હતા. ધીર, વીર અને મહાન્ ઉત્સાહી હતા. શ્રીહરિની કૃપાથી તેઓમાં તેજ આવ્યું હતું. ॥૧૯॥

દુર્જેય વેરીઓને જીતનારા, અપાર કીર્તિ મેળવી ચૂકેલા, ધનુર્વેદના રહસ્યને સમજનારા અને શત્રુ સૈન્યને ચૂંથી નાંખનારા હતા. ॥૨૦॥

ઉચ્ચ કુલમાં જન્મેલા, સારા સંસ્કાર પામેલા, સંગ્રામમાં વિશેષ વિજય મેળવનારા, પોતાના શરીરને તૃણવત માનનારા અને તે બધા સદ્ગુણોની ખાણના સમાન હતા. ॥૨૧॥

ક્યાંય પાછા ન પડે તેવા પ્રગલ્ભ, પરમ ઉદાર, શત્રુ સમૂહ માટે અતિ

भूरिसत्त्वद्वयोपेता बहुस्नेहाः परस्परम् ।
शास्त्रोक्तधर्मधर्त्तारः श्रीहरिप्रीणनोद्यताः ॥२३॥
काललेलिहलोलाऽऽस्यग्रासत्रासविवर्जिताः ।
स्वामिकार्यं प्रकुर्वन्तो वैरिसैन्याभिगामिनः ॥२४॥
स्वीयगात्राङ्गनासूनुग्रामधामधनादिके ।
स्पृहां हित्वा हि युद्धाग्नौ जुह्वन्तोऽग्नौ पतङ्गवत् ॥२५॥
प्रणादान् रणतूर्याणां श्रुत्वा शौर्यातिशालिनः ।
शत्रुसैन्येऽभिगच्छन्तो सिंहा नागव्रजे यथा ॥२६॥
युद्धाऽऽनन्दाः प्रफुल्लास्या भीमे रोमाञ्चिता रणे ।
कुर्वन्तः स्वामिनः कार्यं शिरच्छेदभयोज्झिताः ॥२७॥
पृष्ठमप्रेक्षयन्तोऽरीन् हर्याज्ञापालनोत्सुकाः ।

અસહ્ય, અહંત્વ અને મમત્વ વિનાના, ધર્મ, ગાયો અને બ્રાહ્મણનું રક્ષણ કરનારા હતા. ॥૨૨॥

તેમનામાં આત્મબળ અને શરીરબળ અપાર હતું, પરસ્પર ઘણા હેતવાળા હતા. શાસ્ત્રમાં કહેલા ધર્મને પાળતા હતા અને શ્રીહરિને રાજી કરવામાં સતત સાવધાન રહેતા હતા. ॥૨૩॥

તેમને કાળરૂપી સર્પના ફુંફાડા મારતા મુખના ગ્રાસ થવાનો ભય હતો જ નહિ. તેઓ પોતાના સ્વામી ઈષ્ટદેવનું કાર્ય કરનારા અને શત્રુની સેના તરફ સામે પગલે ચાલનારા હતા. ॥૨૪॥

પોતાનું શરીર, પત્ની, પુત્ર, ગામ, ઘર અને ધન આદિની તૃષ્ણા તજી દઈને યુદ્ધરૂપી અગ્નિમાં પતંગિયાની જેમ હોમાઈ જનારા હતા. ॥૨૫॥

રણશીંગાના અવાજને સાંભળીને ઉભરાતા શૌર્યના તેજથી શોભતા હતા. હાથીનાં ટોળામાં સિંહ જાય તેમ શત્રુના સૈન્યમાં સામે પગલે જતા હતા. ॥૨૬॥

તેમના મનમાં યુદ્ધનો આનંદ હતો. પ્રસન્નતાથી મુખ ખીલી ગયા હતા. ભયંકર સંગ્રામમાં રોમાંચ અનુભવતા હતા. પોતાના સ્વામીનું કાર્ય કરતાં કરતાં માથું કપાવાનો ભય તેમને નહોતો. ॥૨૭॥

શત્રુઓને ક્યારેય પીઠ નહિ બતાવનારા અને શ્રીહરિની આજ્ઞા પાળવામાં

पावका इव दुर्धर्षाः प्राणात्राणा रणाङ्गणे ॥२८॥
हुङ्कारैस्त्रासदा धीरा युद्धेऽपि प्राणिभीषणे ।
प्रत्यक् पादं न मुञ्चन्तो नासीरसुस्थितिं गताः ॥२९॥
अप्याच्छन्ना द्विषत्क्षिप्तैर्बाणैस्तीक्ष्णै रणाङ्गणे ।
कम्पमाना न चात्युग्रैरासारैरिव भूधराः ॥३०॥
आहवे स्वाहितान् हत्वा शूरश्लाघ्यं मद्यशः ।
सम्प्राप्ताः स्वाधिपात्तुष्टात् पारिबर्हं भृशं नृप ! ॥३१॥
ये बाहुजा निजश्लाघां कुवन्तो भूरिदर्पगाः ।
गच्छन्त्यात्तमहाशस्त्रा हट्टभूपाध्वसूद्धताः ॥३२॥
सायुधास्तेऽथ निर्याता योद्धुं दृष्ट्वा रिपून् रणे ।
प्राणत्राणैषिणस्तूर्णं पलायन्ते धीगस्ति तान् ॥३३॥
सङ्ग्रामात्क्षत्रियो भीतो यदि कुर्यात्पलायनम् ।

તેઓ ઉત્સાહી હતા. અગ્નિના જેવા અસહ્ય અને રણ સંગ્રામમાં પ્રાણની પણ પરવા કરતા નહિ. ॥૨૮॥

તેઓ પ્રાણીઓને માટે ભયંકર યુદ્ધમાં ધીર, ગંભીર ગર્જનાઓથી શત્રુઓમાં ત્રાસ ઉત્પન્ન કરનારા હતા. ક્યારેય પીછેહઠ નહિ કરનારા અને સૈન્યના અગ્રભાગમાં સારી સ્થિતિને પામેલા હતા. ॥૨૯॥

જે પાર્ષદો શત્રુઓએ રણાંગણમાં મારેલા તીખા ભયંકર બાણોથી ઢંકાઈ ગયા હોવા છતાં ધોધમાર વરસાદથી પહાડોની જેમ કાંપતા નહિ. ॥૩૦॥

યુદ્ધમાં પોતાના શત્રુઓને મારીને વીરપુરુષો વખાણે એવા મહાન યશને પામેલા હતા. તેઓ શૌર્યથી ખુશી થયેલા પોતાના રાજા પાસેથી પુરસ્કાર મેળવી ચૂકેલા હતા. ॥૩૧॥

જે ક્ષત્રિય થઈને અપાર ગર્વના આવેગમાં પોતાને મુખે પોતાના જ વખાણ કરતા ફરે છે. હાથમાં મોટા હથિયાર લઈને વેપારી બજારમાં કે રાજમાર્ગમાં ઉદ્ધતાઈ કરતા હોય છે, તે આયુધો લઈને રણમાં લડવા નીકળે પણ શત્રુને આવતા દેખીને પ્રાણ બચાવવા તુરંત ભાગવા લાગે છે, તેવા ને તો ધિક્કાર છે. ॥૩૨-૩૩॥

સંગ્રામથી ડરેલો ક્ષત્રિય જો પલાયન કરે તો કુળના કલંક જેવો તે આ લોક

प्राप्नोत्येवोभयभ्रष्टो गर्हणां कुलपांसनः ॥३४॥
शौर्यतेजोधृतिक्षान्तित्यागवीर्यबलादिभिः ।
क्षात्रैर्युक्ता गुणैर्भद्रैर्मार्गे सत्वरमव्रजन् ॥३५॥
रुद्रा इवाऽथ भयदाः प्रलयप्रवृत्ताः पद्भिर्धरामतितरां परिकम्पयन्तः ।
माण्डव्यधारवरसंवसथस्य सीमां प्रापुर्नरेन्द्र ! परियोद्धुमदभ्रमोदाः ॥३६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहर्याज्ञप्तपद्गानां यद्धाभिगमनादिनिरूपणं नाम पञ्चनवतितमोऽध्यायः ॥९५॥

अथ षण्णवतितमोऽध्यायः

खड्गादिविविधं जन्यं भाणभूपस्य सैनिकैः ।
तुमुलं पार्षदानां षण्णवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच –
ततः सम्प्रेक्ष्य दूरात्ते भाणभूपस्य सैनिकान् ।
नानाशस्त्रधरानुग्रान् भानुसूनुचरोपमान् ॥१॥

અને પરલોક બન્નેથી ભ્રષ્ટ થઈને નિંદાને પાત્ર બને છે. ॥૩૪॥

શૌર્ય, તેજ, ધીરજ, ક્ષમા, ત્યાગ, વીર્ય આદિ ક્ષત્રિયોના શુભ ગુણોથી સંપન્ન તે પાર્ષદો રસ્તામાં સત્વરે ચાલવા લાગ્યા. ॥૩૫॥

વિશ્વનો પ્રલય કરવા તૈયાર થયેલા રુદ્રોના જેવા ભયંકર તે પાર્ષદો પગનાં બળથી પૃથ્વીને પણ અત્યંત ધ્રુજાવતા હતા. હે રાજન્ ! યુદ્ધમાં અપાર આનંદ અનુભવતા તે પાર્ષદો માંડવધાર ગામને સીમાડે પહોંચ્યા. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૯૫ સમાપ્ત

અધ્યાય-૯૬

શ્રીહરિના પાર્ષદોનું શત્રુઓ સાથે તુમુલ યુદ્ધ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ઉપર કહેલા શ્રીહરિના પાર્ષદોએ અનેક

योद्धुमभ्यपतंस्तूर्णं पाण्डवा इव कौरवान् ।
सङ्ग्रामोऽथाऽभवत्तेषां सार्द्धं तैर्दानवांशजैः ॥२॥
शूराणां वर्द्धयन् हर्षं दुर्बलत्रासकारकः ।
भीतिदोदारनिर्घोषस्तुमुलो रोमहर्षणः ॥३॥
सर्वे ते तत्र वाग्बाणैर्मर्मगैः परुषैर्मिथः ।
महाक्रोधातिदुष्प्रेक्षाः प्राहरन्नत्यमर्षिताः ॥४॥
पद्गास्तेऽथ महाशूरा राजन्! धैर्यधुरन्धराः ।
तानिदं चाऽब्रुवन् वाक्यं क्रोधावेशातिभीषणान् ॥५॥
ततस्ते रोषदष्टोष्ठाः पादस्पृष्टा इवोरगाः ।
तान् सर्वान् युगपद्वीरान् प्राहरन्विविधायुधैः ॥६॥
तेऽवञ्चयंस्ततः शूराश्चर्मभिर्हि महत्तरैः ।
तत्प्रहारानिवाऽशेषान् योगिनः कालविक्रमान् ॥७॥

પ્રકારના શસ્ત્રધારી રહેલા, ભયંકર યમદૂતના જેવા, ભાણ ખાચરના તે સૈનિકોને દૂરથી જોયા. ॥૧॥

પછી તે પાર્ષદો કૌરવોની સાથે પાંડવોની જેમ યુદ્ધ કરવા સન્મુખ દોડી આવ્યા. અને તેમને તે અસુરાંશ ભાણખાચરના સૈનિકોની સાથે યુદ્ધ થયું. ॥૨॥

તે યુદ્ધ શૂરોને હર્ષ આપનારું અને દુર્બલોને (કાયરોને) ત્રાસજનક હતું. ભયંકર ઊંચી ગર્જનાઓથી તુમુલ તથા રોમહર્ષણ થયું હતું. ॥૩॥

પ્રારંભમાં તો તેમણે અતિ કઠોર વાણીરૂપ બાણોના ઘા કર્યા. તે બધા ક્રોધને લીધે સામું દેખી ન શકાય તેવા અને અસહિષ્ણુ હતા. ॥૪॥

હે રાજન્ ! પાર્ષદો મહાન્ શૂર હતા. ધીરપુરુષોમાં અગ્રેસર હતા. ક્રોધના આવેશથી અતિશય ભયંકર દેખાતા શત્રુઓને આવાં મર્મ ભર્યા વાક્ય કહ્યાં. ॥૫॥

પગતળે કચડાયેલા સાપ જેવા તે શત્રુ પક્ષના યોદ્ધાઓએ ક્રોધ કરીને દાંતથી હોઠને દબાવ્યા અને એકીસાથે વીરપાર્ષદોના ઉપર વિવિધ આયુધોનાં પ્રહાર શરૂ કર્યા. ॥૬॥

વીર પાર્ષદોના હાથમાં મોટી ઢાલો હતી. તેઓ ઢાલોથી શત્રુઓનાં બધાં ઘાને યોગીઓ કાળનાં પ્રહારને ઝીલે તેમ ઝીલતા હતા. ॥૭॥

तेऽथाऽतिक्रोधमापन्ना गीर्वाणांस्तानिवाऽसुराः ।
वर्षन्ति स्माशुगैस्तीक्ष्णैर्निर्घृणा रणगर्विताः ॥८॥
आच्छन्नास्ते ततः सर्वे बाणवर्षेण भूरिणा ।
न व्यदृश्यन्त वै राजन्नासारैरिव भूधराः ॥९॥
ततो विस्फूर्जयन्तस्ते धनूंषि द्वेषिभीषणाः ।
बाणौघं व्यधमन् बाणैर्घनानीकमिवाऽनिलाः ॥१०॥
बलीयांसोऽथ वीरास्ते सङ्ग्रामोदारपाटवाः ।
अविध्यन् युगपद्बाणैस्तानसभ्यान्मदोद्धतान् ॥११॥
तेषां ते चापनिर्मुक्ता भित्वा वर्माणि दुर्धियाम् ।
कायानाश्वविशंस्तेषां वज्राः शैलानिवोन्नतान् ॥१२॥
प्रक्षिप्तास्तैस्तु नाराचाः कंङ्कपक्षा द्विषद्बलम् ।
प्राविशन्विपिनं घोरं सरवा इव केकिनः ॥१३॥

નિર્દય અને યુદ્ધના ગર્વવાળા તે શત્રુઓ અત્યંત ખીજાયા અને દેવતાઓના ઉપર અસુરોની જેમ તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ॥૮॥

હે ભૂપતે ! ધોધમાર વરસાદથી પહાડ ઢંકાઇ જાય તેમ અપાર બાણોની વૃષ્ટિથી પાર્ષદો ઢંકાઇ ગયા, દેખાતા પણ બંધ થઇ ગયા. ॥૯॥

શત્રુઓને અત્યંત ભયંકર પાર્ષદોએ ધનુષ્યનો ટંકાર કર્યો. ઘાટા વાદળાઓને પવન જેમ વીંખી નાખે તેમ પુષ્કળ બાણો મારીને પોતાના ઉપર આવેલા બાણોને વીંખીને હટાવી દીધા. ॥૧૦॥

યુદ્ધમાં વિશાળ ચાતુર્ય પામી ચૂકેલા, બળવાન્ વીર પાર્ષદો અસભ્ય અને મદોદ્ધત તે શત્રુઓને બાણોથી એકી સાથે વીંધવા લાગ્યા. ॥૧૧॥

વજ્રના પ્રહાર જેમ ઊંચા પહાડોમાં પેસી જાય છે તેમ તે પાર્ષદોના ધનુષમાંથી છૂટેલા બાણ દુર્બુદ્ધિ શત્રુઓના કવચ વીંધીને તેના શરીરમાં પેસી જતા હતા. ॥૧૨॥

ટહુકો કરતા મોર જેમ ઘાટા વનમાં પેસી જાય છે તેમ પાર્ષદોએ ધનુષમાંથી છોડેલા કંકપક્ષ (કંક - એનામનું પંખી, જેના પીંછા બાણમાં પાછળ લગાવવામાં આવે છે.) વાળા બાણ શત્રુ સેનામાં પેસી જતા હતા. ॥૧૩॥

केचिल्ललाटलग्नैस्ते सुतीक्ष्णाग्रैः शिलीमुखैः ।
मत्वा निरस्तमात्मानं प्राशंसंस्तत्पराक्रमम् ॥१४॥
विचित्रैश्चारुभिश्चारैश्चरन्तश्चञ्चलक्रमाः ।
ते हन्ति स्माऽतिदुष्टांस्तान् मृगेन्द्रा वारणानिव ॥१५॥
तेऽथाऽऽयुधप्रहारैस्तान्मर्दयामासुरुद्धतान् ।
अम्भोजिनीव्रजान् राजन् मत्तदन्तावला इव ॥१६॥
प्राप्तवीररसाऽऽवेशा दुष्प्रधर्षा रिपुव्रजैः ।
नदन्तस्त्रासयामासुस्तांस्तेऽब्दाः सजला इव ॥१७॥
तेषां तदीयनादाग्रे निस्वनाः फल्गावोऽभवन् ।
मृगेन्द्रात्युग्रनादाग्रे जम्बुकानामिवाऽऽरवाः ॥१८॥
तेषाममृषमाणास्ते महीयांसं पराक्रमम् ।
पुनः शस्त्रैः प्रजघ्नुस्तान् रामादीन् राक्षसा इव ॥१९॥
तांस्ते नाऽगणयन् राजन् वैरिभीषणदर्शनाः ।

કેટલાક શત્રુઓ તો અતિ તીખી અણીવાળા બાણ કપાળમાં લાગવાથી પોતે હવે બચશે નહિ, તેમ માનીને પાર્ષદોની પ્રસંશા કરવા લાગ્યા. ॥૧૪॥

સુંદર વિચિત્ર ઝડપથી ઘૂમતા, ચપળ ગતિવાળા પાર્ષદો અતિ દુષ્ટ શત્રુઓને, સિંહ જેમ હાથીઓને મારે તેમ, મારવા લાગ્યા. ॥૧૫॥

હે રાજન્ ! ઉદ્ધત શત્રુઓને આયુધોના પ્રહાર કરીને, કમળની વેલોને મદોદ્ધત હાથીઓની જેમ, છિન્ન ભિન્ન કરવા લાગ્યા. ॥૧૬॥

શત્રુગણે જેનો સામનો ન કરી શકાય આવા પાર્ષદો, વીર રસના આવેશથી પાણીવરસાવતા મેઘની જેમ, ગર્જના કરીને વિપક્ષીઓને ત્રાસ ઉપજાવા લાગ્યા. ॥૧૭॥

સિંહની ભયાનક ગર્જનાની આગળ શિયાળના અવાજની જેમ પાર્ષદોના પડકારની સામે વિપક્ષીઓના અવાજ તુચ્છ દેખાતા હતા. ॥૧૮॥

પાર્ષદોનું મહાન્ પરાક્રમ સહન નહિ થવાથી શત્રુઓ, રામના ઉપર રાક્ષસોની જેમ, ફરીવાર શસ્ત્રોના પ્રહાર કરવા લાગ્યા. ॥૧૯॥

હે રાજન્ ! શત્રુઓને ભયંકર દેખાતા, ધીર અને યુદ્ધોત્સાહથી રોમાંચિત

धीरा रोमाञ्चिताकारा हताः स्त्रग्भिर्गजा इव ॥२०॥
दुर्वार्यवीर्यशौर्यास्ते वीरवैरिविघातिनः ।
स्थानान्नैवाऽचलन् स्वीयात् पुरा वै पाण्डवा इव ॥२१॥
शात्रवाऽदृष्टपृष्ठांस्तान् हेतिघाता द्विषत्कृताः ।
दुःसहाश्चर्मरुद्धांस्ते प्रह्लादमिव नाऽस्पृशन् ॥२२॥
बन्धुकीभ्यो विमुक्तास्तैर्भूयस्यो लोहनिर्मिताः ।
पस्पृशुर्गुटिका नोष्णाः श्रीहरेस्तान् प्रतापतः ॥२३॥
तेऽथ पट्टक्रियादक्षा युद्धखेलाऽतिलालसाः ।
जघ्नुस्तानायुधैस्तिग्मैर्गीर्वाणा दानवानिव ॥२४॥
तैरथाऽऽजिक्रियाभिज्ञैर्हन्यमानाः समन्ततः ।
यादवैरिव तेऽखिद्यन् रुक्मिभूपस्य सैनिकाः ॥२५॥
ध्यायन्तस्ते हरिं प्रेष्ठं द्विषद्वृन्दं महाबलाः ।

થયેલા પાર્ષદોએ શત્રુઓના તે પ્રહારને, ફૂલમાળાના પ્રહારને હાથીઓની જેમ ગણકાર્યા નહિ. ॥૨૦॥

રોકી રોકાય નહિ તેવી વીરતા અને શૂરતાથી સંપન્ન તથા વીર વેરીઓને મારનારા પાર્ષદો પૂર્વે પાંડવો જેમ પોતાના સ્થાનથી ડગ્યા નહોતા તેમ ડગ્યા નહિ. ॥૨૧॥

શત્રુઓને જે પોતાની પીઠ ક્યારેય દેખવા દેતા નહિ. આવા પાર્ષદોના ઉપર શત્રુઓએ હથિયારોના અસહ્ય ઘા કર્યા પણ તેમણે તે બધા જ ઘાને પોતાની ઢાલ ઉપર ઝીલી લીધા હતા. તેથી તેઓને પ્રહ્લાદની જેમ ઘા લાગ્યા જ નહિ. ॥૨૨॥

શત્રુઓએ પાર્ષદોની ઉપર બંદૂકથી લોઢાની ઘણી ગોળીયો છોડી પણ તે ગરમ ગોળીઓ પાર્ષદોને શ્રીહરિના પ્રતાપથી અડી જ શકી નહિ. ॥૨૩॥

પાર્ષદો પટ્ટાના ખેલમાં પ્રવીણ હતા. તથા યુદ્ધમાં અત્યંત ઉત્સાહી હતા. તે અનેક પ્રકારના હથિયારોથી દેવતાઓ જેમ દાનવોને મારે તેમ શત્રુઓને મારવા લાગ્યા. ॥૨૪॥

યુદ્ધક્રિયામાં અત્યંત નિપુણ પાર્ષદો જ્યારે શત્રુઓને મારવા લાગ્યા ત્યારે યાદવોની સાથે યુદ્ધમાં રુક્મિના સૈનિકોની જેમ, તે ખૂબ જ પીડા પામ્યા. ॥૨૫॥

क्षयं निन्युर्यथा भास्वद्रश्मयस्तिमिरं भृशम् ॥२६॥
पद्गैस्तैश्छिन्नभिन्नाङ्गा रोषरक्तीकृतेक्षणाः ।
रेजिरे ते रणक्षोण्यां फुल्लमाल्यपलाशवत् ॥२७॥
तेऽपि तैः प्रहताः शस्त्रैस्तिर्यग्वद्वैरकारिणः ।
न न्यवर्तन्त सङ्ग्रामाद्भूपा दैत्यांशजा इव ॥२८॥
ते तु क्रोधानलज्वालाज्वलन्तो युयुधुर्हि तैः ।
ऋभुसंज्ञैर्यथा देवैः क्रूरा रुद्रगणा इव ॥२९॥
बाणार्तास्तेऽपि सङ्ग्रामे बद्धवैरा जिगीषवः ।
युद्धान्नापाक्रमन् घोरात् खरोष्ट्रास्तामसा इव ॥३०॥
निस्त्रिंशैस्ते ततः पद्गाः पट्टखेलातिकौशलाः ।
उत्फणोरगतुल्यैस्तैरयुध्यन् दुर्जयाः परैः ॥३१॥
खड्गयुद्धविदां श्रेष्ठा युद्धलीलातिलालसाः ।

પ્રિય શ્રીહરિનું ચિંતન કરતા મહાબળવાન પાર્ષદોએ સૂર્યના કિરણ જેમ અંધારાનો નાશ કરી દે તેમ શત્રુ સમુદાયનો અતિશય વિનાશ કરી નાખ્યો. ॥૨૬॥

પાર્ષદોને હાથે જેના અંગ છિન્ન ભિન્ન થઈ ગયા હતા અને ક્રોધથી જેની આંખો લાલ હતી તેવા શત્રુઓ ફૂલેલા કેસુડાવાળા ખાખરાના ઝાડ જેવા દેખાતા હતા. ॥૨૭॥

પાર્ષદોએ હથિયારોથી મારેલા અને જાનવરની જેમ વેર કરનારા તે શત્રુઓ પણ દૈતાંશથી જન્મેલા રાજાઓની જેમ યુદ્ધમાંથી પાછા હઠ્યા નહિ. ॥૨૮॥

ક્રોધાગ્નિની જ્વાલામાં બળતા શત્રુઓ પાર્ષદોની સાથે, ઋભુનામના દેવોની સાથે ક્રૂર રુદ્રના ગણોની જેમ, લડતા જ રહ્યા. ॥૨૯॥

ઘોર વેર બાંધનારા અને જીતવાની ઈચ્છાવાળા શત્રુઓ બાણોથી પીડાતા હોવા છતાં પણ અતિ ક્રોધે ભરાયેલા ગધેડા અને ઊંટની જેમ ઘોર યુદ્ધથી પાછા પડતા નહોતા. ॥૩૦॥

પછી પટ્ટા ખેલવામાં નિષ્ણાત અને દુર્જય પાર્ષદો ઊંચી ફેણવાળા સાપના જેવા શત્રુઓની સાથે તલવારોથી લડવા લાગ્યા. ॥૩૧॥

જેના મનમાં યુદ્ધ તો એક લીલા હતી અને તેની સતત મનમાં લાલસા રહ્યા

विचित्रं खड्गयुद्धं ते चक्रुर्वीमनोहरम् ॥३२॥
भ्रान्तमुद्भ्रान्तमाविद्धं प्रबाधं बाहुनिःसृतम् ।
आकारं विष्करं मित्रं निर्मर्यादममानुषम् ॥३३॥
सङ्कोचितं विकुचितं सव्यजानु विजानु च ।
अहितं चक्रकं क्षिप्तं कुसुम्बं लम्बनं धृतम् ॥३४॥
सव्यबाहुर्विनिर्बाहुः सव्येतरमथोत्तरम् ।
त्रिबाहुस्तुङ्गबाहुश्च सव्यानतमुदासीनम् ॥३५॥
पृष्ठिकं प्रहरं चाग्रे, यौधिकं, प्रथितं तथा ।
खड्गयुद्धप्रकारांस्तेद्वात्रिंशच्चेति चक्रिरे ॥३६॥
सिंहनादं प्रकुर्वन्तो निस्त्रिंशोरुप्रहारतः ।
तानुत्सारितवन्तस्ते तृणव्रातानिवाऽनिलाः ॥३७॥
विद्योतितासिभिस्तेषां मृत्युहस्तैरिवेतरैः ।
संग्रामक्ष्मातलं रेजे व्योम तारागणैरिव ॥३८॥

કરતી હતી, આવા પાર્ષદો ખડ્ગ યુદ્ધ કરનારા યોદ્ધાઓમાં મૂર્ધન્ય હતા. તેઓ વીર પુરુષોને માટે મનોહર, આવું વિચિત્ર ખડ્ગ યુદ્ધ કરવા લાગ્યા. ॥૩૨॥

ખડ્ગ યુદ્ધ બત્રીશ પ્રકારનું કહેલું છે જેમ કે :- ૧. ભ્રાંત, ૨-ઉદ્ભ્રાંત, ૩-આવિદ્ધ, ૪-પ્રબાધ, ૫-બાહુનિઃસૃત, ૬-આકાર, ૭-વિષ્કર, ૮-મિત્ર, ૯-નિર્મર્યાદ, ૧૦-અમાનુષ, ૧૧-સંકોચિત,૧૨-વિકુચિત, ૧૩-સવ્યજાનુ, ૧૪-વિજાનુ, ૧૫-અહિત, ૧૬-ચક્રક, ૧૭-ક્ષિપ્ત, ૧૮-કુસુંબ, ૧૯-લંબન, ૨૦-ધૃત, ૨૧-સવ્યબાહુ, ૨૨-વિનિર્બાહુ, ૨૩-સવ્યેતર, ૨૪-ઉત્તર, ૨૫-ત્રિબાહુ, ૨૬- તુંગબાહુ, ૨૭-સવ્યાનત, ૨૮-ઉદાસીન, ૨૯-પૃષ્ઠિકપ્રહર, ૩૦-અગ્રેપ્રહર, ૩૧-યૌધિક, અને ૩૨-પ્રથિત, આ ઉપર કહ્યા પ્રમાણેના ખડ્ગ યુદ્ધના બત્રીશ ભેદ છે. પાર્ષદો તે ખડ્ગ યુદ્ધ કરવા લાગ્યા. ॥૩૩-૩૬॥

સિંહ ગર્જના કરતા પાર્ષદો તલવારોના અનેક ઘા કરીને શત્રુઓને, પવન જેમ ઘાસના તરણાને ઉડાડી મુકે તેમ, ઉડાડી મૂકતા હતા. ॥૩૭॥

કાળના વધારાના હાથ જેવી ચમકતી તલવારોથી યુદ્ધ ભૂમિ, તારા ગણથી આકાશની જેમ શોભતી હતી. ॥૩૮॥

तार्क्ष्योपमोचितमहाबलवेगयुक्ताः शुभ्राम्बराः स्फुरितसत्करवालहस्ताः।
ते ध्वस्तवैरिनिकराः परमोरु वीर्या हंसा इव स्म विलसन्ति विशालपक्षाः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपार्षदयुद्धवर्णनं नाम षण्णवतितमोऽध्यायः ॥९६॥

अथ सप्तनवतितमोऽध्यायः

द्वन्द्वं पर्षैश्च पद्गानां सह, भृगुजिता कृतः ।
खबडस्य वधः सप्तनवतितम ईर्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -
तेषामथाऽघिनां कश्चिद्बाहुयुद्धविधित्सया ।
महदर्पो मदाविष्टो भीमो धावन्नुपागमत् ॥१॥
अथाऽऽलोक्याऽऽपतन्तं तं पद्गो बर्हिचरो बली ।
असिं त्यक्त्वा द्रुतं प्रायात्तेन सार्द्धं युयुत्सया ॥२॥

પાર્ષદોમાં ગરુડના જેવું મહાન્ બળ અને તીવ્ર વેગ હતો. તેમણે સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. ચમકતી તલવારો તેમના હાથમાં હતી. તેઓ શત્રુ સમૂહનો વિનાશ કરી રહ્યા હતા. સર્વોત્તમ અપાર વીરતા પૂર્ણ અને ભગવાનના તથા ભગવદ્ભક્તોના વિશાળ પક્ષવાળા તે પાર્ષદો, વિશાળ પાંખોવાળા હંસની જેમ, શોભતા હતા. ॥૩૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૯૬ સમાપ્ત

અધ્યાય-૯૭

દ્વંદ્વ યુદ્ધ અને શ્રીભગુજીને હાથે ખબડનો વધ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, મહાપાપ કરનારા શત્રુઓમાંથી કોઈ એક યોદ્ધો ખૂબ જ ગર્વભર્યો, મદોદ્ધત અને ભયંકર હતો, તે બાહુ યુદ્ધ કરવાની ઈચ્છાથી એકદમ દોડતો આવ્યો. ॥૧॥

મહાન્ બળવાન્ પાર્ષદ શ્રીબહેચર ચાવડાએ દોડ્યા આવતા શત્રુને જોયો. તેણે તે પોતાની તલવાર મૂકી દીધી. તેઓ તત્કાળ જ તેની સાથે લડવા માટે સામે ગયા. ॥૨॥

युद्धोत्साहावथ क्रूरौ तावन्योन्यवधैषिणौ ।
दृप्तौ सिंहौ यथाऽरण्ये क्रुद्धौ राजन्नयुध्यताम् ॥३॥
तत्राऽऽदौ स पदातिस्तं मुष्ट्या वीरोऽतिघोरया ।
अन्तरेस्तनयोर्दुष्टं ताडयामास निर्भरम् ॥४॥
स व्यथामथ भूयिष्ठां प्राप्तोऽप्याग्रहवान् क्रुधा ।
पद्गं पाणितलेनाऽहन् बलिष्ठं तं रणाजिरे ॥५॥
ततो हस्ततलेनोग्रस्तं सोऽहन् भूरिविक्रमम् ।
तयोरेवं महाघोरं तुल्ययुद्धमभूद्भृशम् ॥६॥
मुष्टिभिश्चैव जानुभ्यां बाहुभ्यां शिरसा तथा ।
उरसोरः समाहत्य जानुभ्यां जानुनी नृप ! ॥७॥
पाणिभ्यां पाणिमाहत्य तौ युद्धं चक्रतुर्महत् ।
सङ्ग्रामे प्रथितौ वीरौ रङ्गे मल्लाविवोन्मदौ ॥८॥
कारास्फोटं प्रकुर्वन्तौ युद्धे युद्धविदां वरौ ।
युद्धान्नोपारमेयातां तौ मत्ताविव दन्तिनौ ॥९॥

હે રાજન્ ! તે બન્ને યુદ્ધમાં ઉત્સાહી, ક્રૂર અને પરસ્પર વધ કરવા ચાહતા હતા. વનમાં ગર્વિષ્ઠ અને ચિડાયેલા સિંહના જેવા તે બન્ને લડવા લાગ્યા. ॥૩॥

તેમાં પહેલા વીરવર પાર્ષદ શ્રીબેચર ચાવડાએ અતિ ભયાનક મૂઠીવાળીને તે દુષ્ટની છાતીમાં બન્ને સ્તનની વચ્ચે જોરદાર મુક્કો માર્યો. ॥૪॥

તેનાથી તેને પીડા તો થઈ પણ ક્રોધથી તે દુરાગ્રહવાળો હતો તેથી તેણે યુદ્ધમાં બળવાન્ પાર્ષદ શ્રીબહેચર ચાવડાને હાથથી થપાટ મારી. ॥૫॥

પછી ઉગ્ર પરાક્રમી પાર્ષદે પણ અપાર પરાક્રમી શત્રુને હથેળીથી જોરદાર ઝાપટ મારી. આ રીતે મૂઠીઓ, ઢીંચણ, બાહુઓ, માથા અને છાતી આદિથી આઘાત પ્રત્યાઘાત કરીને તે બન્નેનું અતિશય ભયંકર ઘોર દ્વન્દ્વ યુદ્ધ થયું હતું. હે નૃપ ! ઘૂંટણથી ઘૂંટણને અને હાથથી હાથ ઉપર પ્રહાર કરીને બન્ને મહાન્ યુદ્ધ કરવા લાગ્યા. અખાડાના ઉન્મત્ત મલ્લની જેમ બન્ને વીરપુરુષો દ્વન્દ્વ યુદ્ધ કરી રહ્યા હતા. ॥૬-૮॥

યુદ્ધના નિષ્ણાત તે બન્ને પોતાની ભુજાઓને થાબડીને મત્ત ગજરાજની જેમ લડતા રહ્યા, પણ વિરામ ન પામ્યા. ॥૯॥

सङ्ग्रामप्रथितौ वीरौ तावन्योन्यजयैषिणौ ।
शैलेन्द्राविव सङ्ग्रामं पक्षैश्चक्रतुरुद्धतौ ॥१०॥
सिंहनादं महाद्घोरं कुर्वाणौ वृषभाविव ।
प्रयुद्ध्यतो निरातङ्कौ दुर्जेयौ तौ महाबलौ ॥११॥
तत्राऽन्तिकस्थयो राजन् ! वृक्षयोर्महतोस्तदा ।
यथोद्धूतो वने नादस्तथैवाऽभून्महास्वनः ॥१२॥
तयोर्दृष्ट्वेति सङ्ग्रामं पक्षयोरुभयोर्भटाः ।
महाश्चर्यं हृदि प्राप्ता ब्रुवन्ति स्मेति भूपते ! ॥१३॥
अहो वीर्यमहो धैर्यमेतयोर्बलशालिनोः ।
एतौ महाबलौ लोके ह्येतौ प्रकृतिसत्तमौ ॥१४॥
नैव युद्धं महाघोरमासीदेवंविधं महत् ।
न श्रुतो नेक्षितश्चेदृक् सङ्ग्रामो विस्मयावहः ॥१५॥
तं पुनः स ततो राजन् ! पदातिं भूरिविक्रमम् ।

બન્ને ઉદ્ધત વીર સંગ્રામમાં પ્રસિદ્ધ હતા. એક બીજાને જીતવા ચાહતા હતા. પાંખોવાળા પહાડની જેમ પક્ષથી પક્ષને ખાતર યુદ્ધ કરી રહ્યા હતા. ॥૧૦॥

ઉદ્ધત વૃષભ (આખલા) ની જેમ મહાન્ ઘોર સિંહનાદ કરતા હતા. નિર્ભય દેખાતા, તે દુર્જેય તથા મહાન બળવાન તે બન્ને લડી રહ્યા હતા. ॥૧૧॥

હે રાજન્ ! વનમાં નજીકમાં જ ઊગેલા મોટા બે વૃક્ષોનો વાવાઝોડાથી ઘસારાનો કડકડાટી ભર્યો જેવો અવાજ થાય તેવો આ બંને યોદ્ધાઓના લડવાથી મહાન્ ધ્વનિ થતો હતો. ॥૧૨॥

હે ભૂપતે તે બન્ને વીરોનું યુદ્ધ દેખીને બન્ને પક્ષના વીર યોદ્ધાઓ મનમાં ઘણું આશ્ચર્ય પામીને એમ બોલતા હતા કે બળશાળી આ બન્નેની વીરતા અને ધીરતા અહો અહો !!! છે. આ લોકમાં આ બેજ મહાબળી છે અને ક્ષાત્ર પ્રકૃતિના વીરોમાં શ્રેષ્ઠતમ છે. ॥૧૩-૧૪॥

અરે ! આવું તો મહાઘોર યુદ્ધ થયું નથી. આવો વિસ્મયજનક સંગ્રામ ક્યારેય દેખ્યો સાંભળ્યો નથી. ॥૧૫॥

હે રાજન્ ! પછી ભાણખાચરના અત્યંત ગર્વિષ્ઠ ખીજાયેલા યોદ્ધાએ અપાર

पञ्चभिर्मुष्टिभिः क्रुद्धो जघानोदारगर्वयुक् ॥१६॥
ततस्तं प्राहरत्पद्गो मुष्टिभिर्दशभिर्नृप ! ।
ततो मोमुह्यमानोऽभून्महापीडाकुलान्तरः ॥१७॥
तयोः फटफटारावो ब्रह्माण्डक्षोभणो महान् ।
सर्वत्राऽऽविरभूल्लोकान् सर्वान् विस्मापयन्निव ॥१८॥
स पाणिभ्यां ततः पद्गो गृहीत्वा तं हि पादयोः ।
पातयामास भूपृष्ठे तीव्रवात इव द्रुमम् ॥१९॥
ततो मूर्छां तमापन्नं भग्नाङ्गं सैनिका द्रुतम् ।
उदूह्य दोर्भिरत्यार्त्तं निन्युरन्यत्र भूपते ! ॥२०॥
अथ ज्ञात्वा निजान् राजन् ! व्रणार्त्तान्मूर्छितान् बहून् ।
स म्लेच्छः खभटो ह्यासीच्चिन्ताशोकाकुलान्तरः ॥२१॥
स विद्राव्याऽथ वाहं स्वं नानाशस्त्रधरो बली ।

પરાક્રમી પાર્ષદ શ્રીબહેચર ચાવડાને પાંચ વાર મુક્કા માર્યા. ॥૧૬॥

હે નૃપ ! પછી તે પાર્ષદે શુત્ર યોદ્ધાને દસ વાર મુક્કાનો પ્રહાર કર્યો. તેનાથી તે અત્યંત પીડાઈને વિહ્વળ થયો અને બેભાન થઈ ગયો. ॥૧૭॥

તે યુદ્ધનો 'ફડાક' 'ફડાક' આવો બ્રહ્માંડને ખળભળાવી દેનારો ઘણો મોટો અવાજ સૌને વિસ્મય પમાડતો હોય તેમ ચોતરફ થતો હતો. ॥૧૮॥

તે સમયે પાર્ષદ શ્રીબહેચર ચાવડાએ પોતાના હાથથી શત્રુ યોદ્ધાના પગ પકડીને વાવાઝોડું જેમ ઝાડને પછાડે તેમ જમીન ઉપર પછાડી દીધો. ॥૧૯॥

હે ભૂપતે ! ત્યારે શત્રુ સૈનિક દોડી આવ્યા. જેના અવયવો ભાંગી ગયા હતા, બેભાન સ્થિતિમાં પડેલા અને અત્યંત પીડતા એવા તે જુવાનને હાથે ઉઠાવીને દૂર બીજી જગ્યાએ લઈ ગયા. ॥૨૦॥

હે રાજન્ આ તરફ ખબડ વિચારતો થઈ ગયો, તેણે પોતાના સૈનિકોને ઘાથી પીડાતા અને ઘણાને મૂર્છિત થયેલા જોયા, તેથી તે ચિંતા અને શોકથી વિહ્વળ થઈ ગયો. ॥૨૧॥

પછી તેણે પોતાનો ઘોડો દોડાવ્યો. તે સ્વયં બળવાન્ હતો. તેની પાસે ઘણી જાતના હથિયાર હતા. ઊંચી ફેણ કરીને સર્પ જેમ ગરુડની પાસે જાય તેમ પાર્ષદ

योद्धुं भृगुजितं प्रायात्सर्पस्ताक्ष्यमिवोत्फणः ॥२२॥
अथेति प्राह स क्रूरो वज्रपातोपमं वचः ।
अत्र को वर्तते धूर्तो भृगुजित् पुरुषाधमः ॥२३॥
तेनेत्युक्ते स तं वाक्यं महावीर्योऽब्रवीदिदम् ।
गणये न स्थितोऽत्राऽहं क्रोष्टारं रङ्कुराडिव ॥२४॥
अथोग्रस्तं तिरस्कुर्वन् मर्मवाक्यैररुन्तुदैः ।
इत्थं प्रोचे महागर्वः स वाक्यं तं रणोत्सुकः ॥२५॥
मूढ ! शस्त्रप्रहारोऽग्रे विधातव्यो मयि त्वया ।
तेनेत्युक्ते स तं वाक्यं प्राहैवं सत्यविक्रमः ॥२६॥
मुमूर्षो ! पापयुक्तात्मन् ! प्रहरिष्येऽतिदुर्धियम् ।
नाऽहं क्षत्रियदायादस्त्वामादावसमं मया ॥२७॥
ततस्तं भृगुजित्पद्गं शूराणां भूषणं रणे ।
सोऽसिना प्राहरत् क्रुद्धो यथा शक्रं विरोचनः ॥२८॥

શ્રીભગુજીની સાથે લડવા માટે આવી પહોંચ્યો. ॥૨૨॥

મ્લેચ્છ ખબડે વજ્રપાતના જેવું કઠોર વેણ કાઢ્યું. "આ તમારામાં ઠગારો, ભગુજી નામનો નરાધમ કોણ છે ? ॥૨૩॥

તેણે આમ કહ્યું, ત્યારે મહાવીર પાર્ષદ શ્રીભગજીએ 'હું તો અહીં જ છું.' સિંહ જેમ શિયાળને ગણકારતો નથી તેમ હું પણ તારા જેવાને ગણકારતો નથી. ॥૨૪॥

પછી અતિ ભયંકર અને મહાન્ ગર્વિષ્ઠ, રણોત્સાહી ખબડ મર્મ ભેદીવાક્યોથી શ્રીભગુજીનો તિરસ્કાર કરતો હોય તેમ બોલ્યો. ॥૨૫॥

"એ મૂઢ ? તું મારા ઉપર પહેલો ઘા કર." ત્યારે સત્ય પરાક્રમી ભગુજીએ તેને કહ્યું, ॥૨૬॥

એ, પાપાત્મા ! તારે મરવું છે ને ? હું ક્ષત્રિય વંશનો છું, તું દુષ્ટ બુદ્ધિનો છે. તું મારી તડોવડનો (બરોબરિયો) નથી. તેથી હું તારા ઉપર પહેલો ઘા નહિ કરું. ॥૨૭॥

પછી ખીજાયેલા ખબડે રણભૂમિમાં શૂરપુરુષોના ઘરેણા જેવા પાર્ષદ

सोऽचलत्तत्प्रहारेण नासारेणेव भूधरः ।
अथेत्युचे स तं वाक्यं प्रगल्भं वीरमर्दनः ॥२९॥
शूरैर्नेत्थं प्रहर्त्तव्यं नैर्विख्यातपौरुषैः ।
इत्थं मन्द ! विधातव्यः प्रहारो वीर पूरुषैः ॥३०॥
स इत्युदीर्य तं दुष्टं साक्षान्मृत्युरिवाऽपरः ।
शिरश्चिच्छेद खड्गेन तस्येन्द्रो नमुचेरिव ॥३१॥
तावद्बर्हिचरः पद्गः वाजिनं तस्य चासिना ।
प्राहरद्रत्नजित्पद्गस्तं शरेणाऽलिके तथा ॥३२॥
सवाहोऽथाऽपतद्भूमौ रक्तार्द्रो नष्टचेतनः ।
वृत्रासुरो यथेन्द्रेण हतो व्रजेण दुर्मदः ॥३३॥
खड्गच्छिन्नशिरा राजन्! स रेजे रक्तधारया ।
युक्तं गैरिकयोदारं च्युतं शृङ्गं गिरेरिव ॥३४॥

શ્રીભગુજીના ઉપર, વિરોચન જેમ ઈન્દ્રના ઉપર કરે તેમ, તલવારનો ઘા કર્યો. ॥૨૮॥

શ્રીભગુજી તે તલવારના ઘાથી, ધોધમાર વરસાદથી જેમ પહાડ ચલિત ન થાય તેમ, ચલિત થયા નહિ. પછી વીરમર્દન ભગુજીએ તેને પ્રગલ્ભ વચન કહ્યું, ॥૨૯॥

''પ્રખ્યાત પુરુષાતન વાળા શૂરાઓ આવો ઘા ન કરે. એ ! મન્દ ! પુરુષાતન વાળા વીરો તો આમ ઘા કરે છે, લે !'' આટલું બોલીને મૂર્તિમાન બીજો કાળ આવ્યો હોય તેવા વીર ભગુજીએ પોતાની તલવારના એક જ ઘાથી, ઈન્દ્ર જેમ નમુચિ દૈત્યનું માથું કાપે, તેમ ખબડનું માથું વાઢી નાખ્યું. ॥૩૦-૩૧॥

તેટલા સમયમાં તો પાર્ષદ શ્રીબહેચર ચાવડાએ તલવારથી તેના ઘોડા ઉપર પ્રહાર કર્યો અને પાર્ષદ શ્રી રતનજી (બાપુ) એ ઘોડાના કપાળમાં બાણ માર્યું. ॥૩૨॥

પછી લોહી નીતરતો અને ચેતનાશૂન્ય થઈ ગયેલો દુર્મદ ખબડ, ઈંદ્રના વજ્રથી હણાયેલા વૃત્રાસુરની જેમ ઘોડા સાથે રણભૂમિમાં ઢળી પડ્યો. ॥૩૩॥

હે રાજન્ ! તલવારથી માથું કપાએલો ખબડ ધડમાંથી વહેતી લોહીની ધારને લીધે, પહાડના શિખર ઉપરથી ખસી પડેલી મોટી ગેરુવાળી ખડકની જેમ શોભતો હતો. ॥૩૪॥

दृष्ट्वाऽथ स्वाधिपं शूरं तं हतं भूपसैनिकाः ।
प्राद्रवन् प्राणरक्षार्थं भीता बस्ता हरेरिव ॥३५॥
पलायताऽथ वित्रस्तो व्याकुलो भाणभूपतिः ।
एकलव्य इवात्युग्रस्तूर्णं सङ्कर्षणादिव ॥३६॥
अन्वधावंस्ततः पद्गास्तांस्ते भीतान् प्रधावतः ।
खिद्यतः पश्यतः पश्चात्प्राणत्राणैकचेतसः ॥३७॥
ततो हम्मीरजित् पद्गो धावन्तं वै जिघांसया ।
पश्चान्मुब्बारकं क्रूरं व्यपश्यत्तस्य सोदरम् ॥३८॥
स पद्गोऽथासिना तूर्णं प्राहरत्तं दुराशयम् ।
तथाऽन्ये प्राहरन् पद्गास्तीक्ष्णबाणमहासिभिः ॥३९॥
स प्रापद्वै ततो मृत्युं हतो भूरिभटैर्मृधे ।

ભાણખાચરના સૈનિકોએ પોતાના લશ્કરી વડા શૂરા ખબડને હણાયેલો દેખ્યો. તુરંત જ તે પોતાના પ્રાણ બચાવવા, સિંહ આગળથી બકરાં ભાગે તેમ, ભાગવા લાગ્યા. ॥૩૫॥

આ પછી તો ત્રાસી ગયેલો અને વિહ્વળ થઈ ગયેલો ભાણખાચર પણ યુદ્ધ છોડીને, શ્રીબળદેવજીની આગળથી ભયાનક એકલવ્ય ભાગ્યો હતો તેમ, ભાગી ગયો. ॥૩૬॥

તે પછી તેના બીજા સૈનિકો ભયથી ખિન્ન થઈ ગયા, પોતાના પ્રાણોની રક્ષા જ મનમાં રાખીને ભયથી ભાગવા લાગ્યા. તેઓ ભાગતા ભાગતા મોઢું પાછું ફેરવીને જોતા જતા હતા. તે સમયે ભાગેલા શત્રુઓને ખદેડવા પાર્ષદો પાછળ દોડ્યા. ॥૩૭॥

તે સમયે પાર્ષદ શ્રીહમીરજીએ પોતાને મારવાની ઈચ્છાથી પાછળ દોડ્યા આવતા, અતિશય ક્રૂર, ખબડના ભાઈ મુબ્બારકને દેખ્યો. ॥૩૮॥

શ્રીહમીરજીએ તત્કાળ તે દુષ્ટ હૃદયના મુબ્બારકના ઉપર તલવારનો ઘા કર્યો. તેમજ બીજા પાર્ષદોએ પણ તેના ઉપર બાણ અને તલવારોના પ્રહાર કર્યા. ॥૩૯॥

હે રાજન્ ! અનેક યોદ્ધાઓએ જેના ઉપર પ્રહાર કર્યા હતા આવો તે મુબ્બારક,

सौभद्रेयो यथा राजन् ! भूरिवीर्यबलोर्जितः ॥४०॥
हेरेरित्थं प्रतापेन तैराप्तो वैरिनिर्जयः ।
दैतेयानां जयो लब्धो विष्णुपक्षैरिवामरैः ॥४१॥
तेषां यत्नास्तु तेष्वासन् मोघा दुष्कर्मकारिणाम् ।
हेतिघाता इवाकाशे निर्दैवानामिवोद्यमाः ॥४२॥
इति रिपुजयिनः पदातयस्ते विजयपुरु श्रियया विरोचमानाः ।
हरिबहुलतरप्रसत्तिकामा नृपवर ! दुर्गपुरं त्विदं समायन् ॥४३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपदातिकृतराजवैरिपराजयादिनिरू पणं नाम सप्तनवति-तमोऽध्यायः ॥९७॥

अथाऽष्टनवतितमोऽध्यायः

भृगुजिदादिपद्गानां कालाद्रक्षा कृता शुभा ।

ઘણી વીરતા અને બળથી સંપન્ત અભિમન્યુની જેમ, મૃત્યુ પામ્યો. ॥૪૦॥

આ પ્રમાણે શ્રીહરિના અપાર પ્રતાપથી શ્રીભગુજી વગેરે પાર્ષદોએ, વિષ્ણુના પક્ષના દેવતાઓએ જેમ દૈત્યો ઉપર વિજય મેળવ્યો હતો તેમ, શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો. ॥૪૧॥

પાપ કર્મ કરનારા તે ભાણખાચર અને તેના સાથીદારોના પાર્ષદો ઉપર વિજય મેળવવા કરેલા બધા જ પ્રયત્ન, શૂન્ય આકાશમાં કરેલા તલવારના ઘાની જેમ અને અભાગિયાઓએ કરેલા ઉદ્યમની જેમ, નિષ્ફળ ગયા. ॥૪૨॥

આ પ્રમાણે શત્રુઓના ઉપર વિજય મેળવનારા તે પાર્ષદો અપાર વિજયલક્ષ્મીથી શોભતા હતા. હે નૃપવર ! પછી શ્રીહરિની અપાર પ્રસન્નતાને ચાહતા તે સર્વ પાર્ષદો આ ગઢપુરમાં આવ્યા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૯૭ સમાપ્ત

અધ્યાય -૯૮
પાર્ષદોની કાળથી રક્ષા કરી

हरिणा धर्मजेनाऽष्टनवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -
तेऽथाऽऽप्य श्रीहरे राजन् ! स्वेष्टदेवस्य सन्निधिम् ।
साष्टाङ्गं प्राणमन्प्रीत्या स प्रीतस्तेष्वभूद् भृशम् ॥१॥
स तत्राऽथ व्रणार्त्तानां गर्भागारे व्यधापयत् ।
निवासं पूर्वदिग्द्वारे स्वाश्रितत्राणतत्परः ॥२॥
तत्सेवायां ततो दक्षान् पद्गादीन् स न्ययोजयत् ।
औषधं च व्रणोत्पीडाशमनार्थं व्यचीकरत् ॥३॥
तेषां सम्भावनां कर्तुं हरिस्तत्राऽऽगमत्सदा ।
सोऽदीदपत्तथाऽशेषान् पदार्थांस्तदपेक्षितान् ॥४॥
आयुषस्तत्र केषाञ्चित्समाप्तौ हरिचेतसाम् ।
कालात्तान्नेतुमायाताद्रक्षामित्थं व्यधाद्धरिः ॥५॥
सोऽथ कालाऽऽगमं ज्ञात्वा सच्चिदानन्दयोगिनम् ।
तद्गर्भागारसुद्वारे तद्गुप्त्यर्थं व्यतिष्ठिपत् ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તે પાર્ષદો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પાસે આવ્યા. પ્રેમથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. પછી શ્રીહરિ તે પાર્ષદોના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ॥૧॥

પોતાના ભક્તોની રક્ષામાં તત્પર શ્રીહરિએ ત્યાં ઘવાયેલા પાર્ષદોની પથારીઓ ઉગમણા બારના ઓરડામાં કરાવી. ॥૨॥

તેમની સેવામાં હોશિયાર પાર્ષદોને મૂક્યા. ઘાની પીડા ન થાય તેવી દવાઓ પણ અપાવી. ॥૩॥

પાર્ષદોની સંભાળ લેવા માટે શ્રીહરિ ત્યાં નિરંતર આવતા અને તેમને જે વસ્તુઓની જરૂર પડતી તે બધી વસ્તુઓ તુરંત અપાવતા હતા. ॥૪॥

ભગવાનના સ્વરૂપમાં મન રાખનારા કેટલાક પાર્ષદોનું આયુષ પૂરું થઈ ગયું હોય અને તેને કાળ લેવા આવે તો તેનાથી રક્ષા કરવાની વ્યવસ્થા શ્રીહરિએ આ પ્રમાણે કરી હતી. ॥૫॥

શ્રીહરિએ ''કાળ આવશે'' એમ જાણીને યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને

निशीथेऽथाऽगतं कालं पत्तयस्ते व्यलोकयन् ।
दिव्यदृष्टिं तदा प्रापत् स मुनीन्द्रो हरीच्छया ॥७॥
अथाऽऽसीदायुधापेक्षा तस्य कालजिघांसया ।
प्रेक्षमाणस्ततो विश्वङ्मुशलं स व्यलोकयत् ॥८॥
आविध्य मुशलं कालं ग्रीवायां संव्यताडयत् ।
मूर्ध्नि सोऽवाक्शिरास्तेन भूतले भूपतेऽपतत् ॥९॥
उत्थायाऽथ शनैः कालः श्रीहरेरेत्य सन्निधिम् ।
स तं नत्वा तथा स्तुत्वा प्राञ्जलिस्त्वित्थमब्रवीत् ॥१०॥
मर्यादां त्वत्कृतां स्वामिन्नसौ त्वत्तो बलं गतः ।
भिनत्ति सच्चिदानन्दस्तं प्राहाथेति स प्रभुः ॥११॥
सर्वशास्ताऽत्र वर्तेऽहं सम्भवस्थितिनाशकृत् ।
विश्वेषां सर्वथा मृत्यो ! खेदं त्वं मा कृथास्ततः ॥१२॥
लघुत्वं त्वायुषः कर्तुं दीर्घत्वं चाधुनाऽस्म्यहम् ।

તેની રક્ષા માટે તે ઓરડાના બારણામાં ઊભા રાખ્યા. ॥૬॥

અધરાતે કાળ આવ્યો. પાર્ષદોએ તેને દેખ્યો. શ્રીહરિની ઈચ્છાથી મુનિવર શ્રીસચ્ચિદાનંદ સ્વામીને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ॥૭॥

ત્યારે તેમને કાળને મારવા માટે આયુધની જરૂરત જણાઈ. ચોતરફ નજર કરી. ત્યાં એક બાજુ પડેલું સાંબેલું દેખ્યું. ॥૮॥

તે ઉઠાવી માથા ઉપર ફેરવીને કાળની ગરદન ઉપર માર્યું. હે ભૂપતે ! તેથી કાળ ઊંધે માથે જમીન ઉપર ઢળી પડ્યો. ॥૯॥

પછી ધીમેથી ઊભો થયો. શ્રીહરિની પાસે ગયો. તે શ્રીહરિને પગે લાગ્યો અને સ્તુતિ કરી. પછી હાથ જોડીને તે આ રીતે બોલ્યો. ॥૧૦॥

"હે સ્વામિન્ ! આ સચ્ચિદાનંદ સ્વામી આપનું બળ લઈને આપે જ કરેલી મર્યાદાનો ભંગ કરે છે." ત્યારે પ્રભુ શ્રીહરિએ કાળને કહ્યું. ॥૧૧॥

સર્વ વિશ્વની બધી રીતે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરનારો હું અત્યારે અહીં ઉપસ્થિત છું. હે મૃત્યો ! તેથી તું ખેદ ન કર, ॥૧૨॥

મારા ભક્તોની આયુષને ટૂંકી કરવી કે લાંબી કરવી, તેમાં હું સમર્થ છું.

मद्भक्तानामुपर्येषां सामर्थ्यं ते न विद्यते ॥१३॥
अद्याऽहं साम्प्रतं वर्ते प्रत्यक्षो भगवांस्ततः ।
मद्भाक्तानां किलैतेषामायुः संवर्द्धितं मया ॥१४॥
त्वया तस्मान्मदीयानामेतेषामात्मनां वधः ।
न कर्तव्यो जगद्धन्तो मन्निदेशानुवर्तिना ॥१५॥
स इत्याश्रुत्य तद्वाक्यं प्रश्रयानतकन्धरः ।
प्राञ्जलिर्मोदमापन्नः स्तुतिं तस्येति चाऽकरोत् ॥१६॥
त्वं साक्षात् परमे दिव्ये धाम्नि ब्रह्मपुरे निजे ।
राजसे चाऽक्षरैर्मुक्तैरर्च्चिताङ्घ्रिर्यथा स्वराट् ॥१७॥
दिव्यानेकगुणव्रातैः संयुक्तः षड्भगैस्तथा ।
मूर्तिमद्भिः स्तुतो वेदैश्चक्रवर्तीव बन्दिभिः ॥१८॥
इदं सर्वं त्वदायत्तं राज्ञो राज्यमिवोत्तमम् ।
वहन्त्याज्ञां किलेशास्ते भूपतेः सचिवा इव ॥१९॥

મારા ભક્તોના ઉપર તારું સામર્થ્ય નહિ ચાલે. ॥૧૩॥

આજે હું પ્રત્યક્ષ ભગવાન્ અહીંયાં હાજર છું. આ મારા ભક્તોનું આયુષ મેં વધાર્યું છે. ॥૧૪॥

હે જગદ્ હન્તા મૃત્યુ ! મારી આજ્ઞાનું પાલન કરનારા તારે આ મારા ભક્ત આત્માઓનો દેહાંત કરવો નહિ. ॥૧૫॥

શ્રીહરિનું આવું કહેવું સાંભળીને કાળે વિનયથી માથું નમાવ્યું. હાથ જોડ્યા. પછી પ્રસન્ન મનથી તેણે શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરી. ॥૧૬॥

હે પ્રભો ! આપ પોતાના પરમ દિવ્ય ધામ બ્રહ્મપુરમાં સમ્રાટની જેમ વિરાજો છો, અક્ષરમુક્તો આપના ચરણારવિંદની પૂજા કરે છે. ॥૧૭॥

આપમાં અનેક દિવ્ય કલ્યાણકારી ગુણ સમૂહ રહ્યો છે. જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ, આ છ ભગ પણ આપમાં રહ્યા છે. ચક્રવર્તી રાજાની સ્તુતિ જેમ બંદીજનો કરે છે તેમ મૂર્તિમાન વેદો આપની સ્તુતિ કરે છે. ॥૧૮॥

સારું રાજ્ય જેમ રાજાના કબજામાં હોય છે તેમ આ બધું વિશ્વ આપને આધીન છે. સચિવો જેમ રાજાની આજ્ઞા પાળે છે તેમ બ્રહ્મા આદિ ઈશ્વરો આપની

लोकपाला हरे ! सर्वे तुभ्यं सर्वाऽवतारिणे ।
अर्पयन्ति बलिं भूपाः सामन्तस्येव भूपतेः ॥२०॥
इत्थं स्तुत्वा स तं कालः कृत्वा तस्य प्रदक्षिणाम् ।
नत्वा तस्याऽन्तिकं प्रायात्सच्चिदानन्दयोगिनः ॥२१॥
स प्रीत्याऽथ मुनेस्तस्य चक्रे पञ्च प्रदक्षिणाः ।
प्रणामान् भूरिशः कृत्वा तं प्राहेत्थं शुभं वचः ॥२२॥
मौशलेयप्रहारेण त्वत्कृतेन महामुने ! ।
ग्रीवायां त्वत्करस्पर्शं शिथिलायां विधेहि मे ॥२३॥
मुनीन्द्रोऽथ तथा चक्रे दृढग्रीवस्ततो हि सः ।
नत्वा चाऽऽमन्त्र्य तं प्रीत्या गुणान्गायन्नगाद्धरेः ॥२४॥
तस्यां रात्रौ ततस्तेषां कर्तुं संभावनां हरिः ।
पद्गानां स्वानुरक्तानां तत्सामीप्यमुपाऽऽगमत् ॥२५॥
ततस्तेषां हि पद्गानां मूर्द्धसु स्वकराम्बुजम् ।

આજ્ઞાને પાળે છે. ॥૧૯॥

સર્વ લોકપાલો આપ સર્વાવતારીને, ખંડિયા રાજાઓ જેમ સમ્રાટને પૂજા અર્પણ કરે છે તેમ, પૂજા અર્પણ કરે છે.'' ॥૨૦॥

કાળે આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરીને પ્રદક્ષિણા કરી. પછી પગે લાગીને યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીની પાસે ગયો. ॥૨૧॥

તેણે પ્રેમથી સ્વામીની પાંચ પ્રદક્ષિણા કરી, ઘણા દંડવત પ્રણામ કર્યા અને પછી આવું શુભ વચન કહ્યું. ॥૨૨॥

''હે મહામુને ! આપે મારી ગરદન ઉપર સાંબેલું માર્યું છે, તેથી તે શિથિલ થઈ ગઈ છે. વાંકી વળી ગઈ છે તો આપ તેના ઉપર હાથ મૂકો. હાથ ફેરવો. ॥૨૩॥

પછી સ્વામીએ તેની ડોક ઉપર હાથ ફેરવ્યો. તેની ગરદન પ્રથમ હતી તેવી દૃઢ થઈ. પછી તેણે પ્રણામ કર્યા, આજ્ઞા લીધી અને પ્રેમથી શ્રીહરિના ગુણ ગાતો ગાતો ચાલતો થયો. ॥૨૪॥

પછી તે રાતે પોતાના સ્વરૂપમાં સ્નેહ રાખનારા તે પાર્ષદોની સંભાળ લેવા શ્રીહરિ તેમની પાસે પધાર્યા. ॥૨૫॥

श्रीहरिर्दयया धार्मिर्न्यधात्सर्वार्त्तिभेदनम् ॥२६॥
कृपापीयूषवर्षिण्या विमूर्छास्तेऽथ तद्दृशा ।
सञ्जीविन्या किलाऽभूवन् यथा श्रीरामसैनिकाः ॥२७॥
यथा दावानलप्लुष्टा भूरुहा नीरवृष्टिभिः ।
नूत्नपल्लवसंयुक्ताः स्युस्तथा तेऽभवन्नृप ! ॥२८॥
स्युः प्रफुल्लानि पद्मानि प्रातर्भानूदये यथा ।
ते तथा तं विलोक्याऽऽसन् प्रीत्युत्फुल्लाननेक्षणाः ॥२९॥
पृष्टास्तेनाऽथ ते वाक्यं प्राहुरित्थं तमच्युतम् ।
कालरूपी नरोऽस्माभिर्दृष्टः स्वामिन् ! भयङ्करः ॥३०॥
रक्षार्थं नस्तदाऽऽयातं त्वां दृष्ट्वा सिंहनिःस्वनम् ।
कृत्वा तं मुशलेनाऽहन्सच्चिदानन्दयोगिराट् ॥३१॥

પછી ધર્મપુત્ર શ્રીહરિએ દયા કરીને સર્વ પીડાને ટાળનારો પોતાનો કરકમળ તે પાર્ષદોના માથે મૂક્યો. ॥૨૬॥

જેમ સંજીવની ઔષધીથી શ્રીરામચંદ્ર ભગવાનના બધા સૈનિકોની મૂર્છા ટળી ગઈ હતી તેમ શ્રીહરિની કૃપારૂપી અમૃતને વરસાવનારી દૃષ્ટિથી તે સર્વ પાર્ષદોમાં નવી સ્ફૂર્તિ આવી. ॥૨૭॥

જેમ દાવાનળમાં દાઝી ગયેલા ઝાડ પાણીની વૃષ્ટિ થવાથી નવ પલ્લવિત થાય છે તેમ તે સર્વ પાર્ષદોના મન પલ્લવિત થયા અને શરીરમાં શક્તિ તથા ઉત્સાહ પ્રકટ થયા. ॥૨૮॥

સવારે સૂર્યોદય થાય ત્યારે જેમ કમળ ખીલી ઊઠે છે તેમ શ્રીહરિના દર્શન થવાથી સર્વ પાર્ષદોના મુખ અને આંખો હરખી ઊઠ્યા. ॥૨૯॥

પછી શ્રીહરિએ તેમને કુશળ સમાચાર પૂછ્યા ત્યારે પાર્ષદોએ અવિકારી શ્રીહરિને આ રીતે કહ્યું, ''હે સ્વામિન્ ! અમને મહાભયાનક કાળપુરુષ રાતે દેખાયો હતો. ॥૩૦॥

તે સમયે આપ અમારી રક્ષા કરવા આવ્યા હતા. યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ આપના દર્શન કરીને સિંહનાદ કર્યો અને સાંબેલું લઈને તે કાળને માર્યો. ॥૩૧॥

व्यथाकुलोऽथ स क्षोण्यां श्रीहरे ! पतितोऽभवत् ।
तस्मात्त्वया कृतैवं नो रक्षा तद्वच्च संयुगे ॥३२॥
राज्ञो भाणाभिधानस्य भूरिभिः शस्त्रधारिभिः ।
संयुक्तस्य पराभूतिर्जाता वै त्वत्प्रतापतः ॥३३॥
अद्यापि त्वत्प्रतापेन वयं सर्वे हि जीविताः ।
तैरित्युक्तो हरिः प्रीतः स्वीयमावासमागमत् ॥३४॥
तथ्यं पुर्यां ततस्त्वस्यां भूपतेऽभूज्जनश्रुतिः ।
सप्त वाऽष्टौ हरेः पद्गाः पञ्चत्वं साम्प्रतं गताः ॥३५॥
जीववर्माऽथ तच्छ्रुत्वा प्रायात्पद्गान्तिकं नृपः ।
ततः संज्ञोक्तिपूर्वं तानाह्वयामास सोऽखिलान् ॥३६॥
तेऽथ प्राहुर्यथायोग्यं सर्वे प्रत्युत्तरं हि तम् ।
प्राहैवं भृगुजित्संज्ञस्ततः पद्गस्तमुत्तमः ॥३७॥
गाण्डीवधन्वना तुल्यो वैरिव्रातातिमर्दने ।

હે હરે ! પછી તો તે કાળ પીડાથી વિહ્વળ થઈને જમીન ઉપર ઢળી પડ્યો. આ રીતે આપે અમારી તે કાળથી રક્ષા કરી અને તે રીતે જ યુદ્ધ ભૂમિમાં પણ અમારી રક્ષા કરી હતી. ॥૩૨॥

ઘણા હથિયારધારી સૈનિકોની સાથે ચઢી આવેલા દરબાર ભાણખાચરની સાથેના યુદ્ધમાં જે અમને વિજય મળ્યો છે તે પણ આપનો જ પ્રતાપ છે. ॥૩૩॥

અને આજ પર્યંત અમે જે બચ્યા છીએ તે પણ આપના પ્રતાપથી જ છે.'' પાર્ષદો આવું બોલ્યા એટલે પ્રસન્ન થયેલા શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. ॥૩૪॥

હે રાજન્ ! પછી તો આ ગઢપુરમાં સાચા રૂપમાં એક વાત પ્રસરી કે હમણાંના આ યુદ્ધમાં સાત આઠ પાર્ષદો મૃત્યુ પામ્યા છે. ॥૩૫॥

દરબાર શ્રીજીવાખાચરે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેઓ પાર્ષદોની પાસે આવ્યા. તેમણે તે બધાને નામ લઈ લઈને બોલાવ્યા. ॥૩૬॥

પાર્ષદોને તેમણે જે જે પૂછ્યું તેના પ્રત્યુત્તર પાર્ષદોએ યોગ્ય રીતે આપ્યા. ત્યારે પાર્ષદોત્તમ શ્રીભગુજીએ શ્રીજીવાખાચરને આમ કહ્યું, ॥૩૭॥

પાર્ષદ શ્રીભગુજી શત્રુ સમૂહને છિન્ન ભિન્ન કરવામાં ગાંડીવધારી અર્જુનના

प्राप्तो दौत्येऽङ्गदौपम्यं रणे शैनेयसन्निभः ॥३८॥
मुहूर्त्तद्वय एवाऽऽद्ये त्वया निर्धारितं नु यत् ।
जातं तन्नस्ततो रक्षा कालाद्वै हरिणा कृता ॥३९॥
जीववर्मा ततो वाक्यं पद्गांस्तानित्थमब्रवीत् ।
भवद्भिर्मां हि यत्प्रोक्तं स्वप्ने तद्वीक्षितं मया ॥४०॥
तस्मात्तद्बोद्धुकामोऽहं समायातस्त्विहाऽधुना ।
सोऽकरोत्कालसन्त्राता सदेत्थं स्वावनं हरिः ॥४१॥
अगणितविश्वजन्मपरिपोषणभङ्गमुखं
नृप ! सततं हरेर्भृकुटिविभ्रमतो भवति ॥
निगमशिरोव्रजैरु दितकीर्तिगुणप्रभृति
र्ममपरिपालनं स विदधातु यतीन्द्रपतिः ॥४२॥
ऐश्वर्यमित्थमतुलं हरिणा स्वकीयं सन्दर्शितं परतरं मुनिवर्यगेयम् ।
भक्त्या जनोऽत्र भुवि यः शृणुयाच्च गायेत्,

જેવા હતા. સંદેશ પહોંચાડવામાં અંગદના તુલ્ય અને યુદ્ધ કરવામાં તો સાત્યકિના સમાન હતા. ॥૩૮॥

તેઓ બોલ્યા કે બે મુહૂર્ત (દોઢેક કલાક) પહેલા જ તમે જે ધાર્યું હતું, તે અમારું મૃત્યુ તો થઈ ચૂક્યું જ હતું પણ તે મૃત્યુથી અમારી રક્ષા શ્રીહરિએ કરી છે. ॥૩૯॥

ત્યારે શ્રીજીવાખાચરે તે પાર્ષદોને આ રીતે કહ્યું કે ''તમે મને અત્યારે જે કહ્યું તે તો મેં સ્વપ્નમાં દેખ્યું હતું. ॥૪૦॥

તેથી તે જાણવા માટે જ અત્યારે હું અહીંયાં આવ્યો છું. હમેશાં પોતાના ભક્તોનું કાળથી રક્ષણ કરનારા પ્રભુ શ્રીહરિએ તમારી સહુની રક્ષા કરી છે.'' ॥૪૧॥

હે નૃપ ! જે શ્રીહરિના એક ભૃકુટિના વિલાસ માત્રમાંજ અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પતિ, પાલન અને સંહાર આદિ નિરંતર ક્રમશઃ થયા જ કરે છે. વેદો અને વેદાંતની શ્રુતિઓ જેમની કીર્તિ અને સદ્‌ગુણ વગેરેનું ગાન કરે છે, તે પરમહંસોના રક્ષક શ્રીહરિ મારું બધી રીતે રક્ષણ કરે. ॥૪૨॥

મુનિવરો જેને નિરંતર ગાય છે આવું પોતાનું અનુપમ અને સર્વોત્તમ ઐશ્વર્ય

तस्यारिवर्गविजयश्च रतिर्हरौ स्यात् ॥४३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतस्वीयपार्षदकालत्राणादिनिरू पणं नामाऽष्टनवति-तमोऽध्यायः ॥९८॥

अथ नवनवतितमोऽध्यायः

पाञ्चालीदुहितुर्मोक्षस्तच्छोकः स्वैः कृतस्तथा ।
औदासीन्यं हरेर्नवनवतितम उच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच -

राजन्नुत्तरदिग्भागे पूर्वदिग्द्वारराजितम् ।
बहिःशालान्वितं रम्यं गर्भागारं यदस्ति वै ॥१॥
एकदा तत्र पाञ्चालीकन्या रोगार्दिताऽवसत् ।
तत्राऽऽगमद्धरिः तस्याः कर्तुं सम्भावनां प्रभुः ॥२॥
हीराख्यायै ततस्तस्यै तत्समाचारमच्युतः ।

શ્રીહરિએ સહુને બતાવ્યું. આ ભૂમિ ઉપર જે કોઇ પણ મનુષ્ય ભક્તિભાવથી આ ઐશ્વર્યને સાંભળે કે બીજાને કહે, તો તેનો પોતાના શત્રુઓ ઉપર વિજય થાય છે અને ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમ થાય છે. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૯૮ સમાપ્ત

અધ્યાય-૯૯

પાંચુબાના પુત્રી હીરાનો મોક્ષ અને શ્રીહરિની ઉદાસીનતા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્! પાંચુબાના ઓરડાઓમાં જે ઉત્તર તરફનો ઉગમણાબારનો ઓરડો ઓસરીવાળો રમણીય છે. ॥૧॥

એક વખત તેમાં પાંચુબાના બીમાર થયેલા દીકરી રહ્યા હતા. પ્રભુ શ્રીહરિ તેની ખબર કાઢવા-સંભાળ લેવા ત્યાં પધાર્યા હતા. ॥૨॥

અવિકારી શ્રીહરિએ હીરા નામે તે દીકરીને સ્વાસ્થ્યના સમાચાર પૂછ્યા.

सोऽपृच्छत्तामथेत्थं सा श्रीहरिं वाक्यमब्रवीत् ॥३॥
असारेऽस्मिन् हि संसारे चिन्ताशोकभयार्त्तिदे ।
स्थातुं नेच्छाऽस्ति मे तस्माद्धाम ते मां नयाऽक्षरम् ॥४॥
आसं जन्मन्यतीतेऽहं विप्रा साध्वी शुचिव्रता ।
यदा त्वं तर्हि गेहे मे समायातश्चरन् वने ॥५॥
तत्राऽथ ते स्थितस्याऽऽसीत् पावनं मे प्रदर्शनम् ।
तेन मज्जन्मनां पापं नाशं प्राप दयानिधे ! ॥६॥
अवशिष्टा तथाऽप्यासीद्वासना मे विपत्तिदा ।
तस्मान्मेऽन्यजनिर्जाता जानामीत्थं त्वहं प्रभो ! ॥७॥
अद्य त्वद्दर्शनं स्वामिन् ! कृतं पुण्यं मयाऽन्वहम् ।
त्वत्सेवनं यथाशास्त्रं तथा त्वन्मूर्तिचिन्तनम् ॥८॥
त्यक्त्वेदं भौतिकं तस्माद् गात्रं भागवतीं तनुम् ।
प्राप्य ते ह्यक्षरं दिव्यं धाम लप्स्ये परं हरे ! ॥९॥

ત્યારે તેણે આ પ્રમાણે શ્રીહરિને વાક્ય કહ્યું. ॥૩॥

હે મહારાજ ! આ સંસાર અસાર છે, તેમાં ચિંતા, શોક, ભય અને પીડા ભર્યા છે, તેથી મને આ સંસારમાં રહેવાની ઈચ્છા નથી. માટે આપ મને પોતાના અક્ષરધામમાં લઈ જાઓ. ॥૪॥

હું ગયા જન્મમાં પવિત્રવ્રત પાળનારી પતિવ્રતા બ્રાહ્મણી હતી. જ્યારે આપ વનવિચરણ કરતા હતા ત્યારે મારે ઘેર પધાર્યા હતા. ॥૫॥

હે દયાનિધે ! પછી મારે ઘેર આપ રહ્યા ત્યારે મને અતિશય પવિત્ર, આપના દર્શન થયા અને તેનાથી મારા અનેક જન્મના પાપ નાશ પામ્યા હતા. ॥૬॥

હે પ્રભો ! હું આવું જાણુ છું કે પાપ નાશ પામ્યા પછી પણ દુઃખદ વાસના બાકી રહી ગઈ, અને તેથી જ મારે આ બીજો જન્મ લેવો પડ્યો છે. ॥૭॥

હે સ્વામિન્ ! આજ અત્યારે મેં આપના પુણ્યરૂપ દર્શન કર્યા છે. મેં રોજ આપની સેવા કરી છે અને શાસ્ત્રમાં કહ્યા મુજબ આપની મૂર્તિનું ધ્યાન ચિંતન પણ કર્યું છે. ॥૮॥

હે હરે ! તેથી હું આ ભૌતિક શરીરને છોડીને દિવ્ય ભાગવતી તનુને પામીશ

साक्षात्तवाऽखिलेशस्य दर्शनध्यानयोः फलम् ।
ईदगस्ति भवल्लीलाचिन्तनस्य फलं तथा ॥१०॥
तस्मादेतत् त्रयं लोके जना ये कुर्युरादृत्ताः ।
ते हि धाम हरे ! दिव्यं प्राप्नुयुस्तेऽक्षराभिधम् ॥११॥
सा प्राहाथेति तं प्रीत्या चूषयित्वाऽऽम्रसत्फलम् ।
देयं मह्यं त्वया पक्कं भवत्प्रासादिकं हरे ! ॥१२॥
चूषयित्वाऽथ तत्सोऽदात्तस्यै भुङ्क्ते स्म तत्फलम् ।
हीराख्या साऽतिशुद्धात्मा हरौ गाढानुरागिणी ॥१३॥
स्वमात्रे साऽथ पाञ्चाल्यै शोचन्त्यै चाऽब्रवीदिदम् ।
त्वया मे नास्ति सम्बन्धस्त्वं शोकं मा कृथास्ततः ॥१४॥
सम्मीलन्ति यथा मातर्वयांस्यह्नः परिक्षये ।
वृक्षे तान्युदिते भानौ गच्छन्त्येव यथेप्सितम् ॥१५॥

અને આપના પરમ દિવ્ય અક્ષરધામને પામીશ. ॥૯॥

સાક્ષાત્ વિશ્વેશ્વર આવા આપના દર્શન, ધ્યાન અને લીલાઓના ચિંતનનું આવું સર્વોત્તમ ફળ છે. ॥૧૦॥

હે હરે ! તેથી આ દુનિયામાં જે લોકો આદરભાવથી આપના દર્શન કરે, ધ્યાન ધારે અને આપની લીલાઓનું ચિંતન કરે, તે આપના દિવ્ય અક્ષરધામને પામે છે. ॥૧૧॥

પછી વળી તે હીરા બહેને પ્રેમથી કહ્યું, હે હરે ! આપ સારી પાકી કેરી થોડી ઘોળી ચૂસીને મને આપની પ્રસાદીના રૂપમાં આપો. ॥૧૨॥

પછી શ્રીહરિએ એક પાકી કેરી થોડી ચૂસીને હીરા બહેનને આપી અને તેણે પ્રસાદીનું ફળ, કેરીને ચૂસી. તેથી તે હીરાનામે પાંચુબાના પુત્રીનો આત્મા અત્યંત શુદ્ધ થયો અને તેને શ્રીહરિના સ્વરૂપમાં ગાઢ પ્રેમ ભક્તિ થઈ. ॥૧૩॥

તે સમયે પાંચું બા દુઃખી થઈને શોક કરવા લાગ્યા ત્યારે પુત્રી હીરાએ પોતાની માતાને કહ્યું, મારા આત્માને તમારી સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી. માટે તમે શોક ન કરો. ॥૧૪॥

હે માતઃ સાંજે પક્ષીઓ ઝાડ ઉપર ચારે બાજુથી આવીને ભેળા થાય છે,

तथा संस्कारतः सर्वे दारपुत्रादयो भवे ।
प्राप्नुवन्त्यत्र सम्बन्धं वियुज्यन्ते च कालतः ॥१६॥
जनानामत्र संयोगः प्रपायामिव देहिनाम् ।
यथा तरङ्गभङ्गीभिः फेनानामिव सागरे ॥१७॥
सम्बधेन हरेरस्य सम्बन्धो नो हि विद्यते ।
अतः शोको न कर्तव्यो नास्ति शोकसमो रिपुः ॥१८॥
शोको नाशयते धैर्यं शोको नाशयते श्रुतम् ।
तस्मात्कुर्वन्ति न प्राज्ञाः शोकं सर्वापहारिणम् ॥१९॥
आगतं व्योमयानं त्वं मदर्थं पश्य भास्वरम् ।
गर्भागारबहिःशालां गत्वा तत्र शुभे स्थिता ॥२०॥
तामुपेत्याथ सा दिव्यं विमानं प्रैक्षताऽद्भुतम् ।
निषण्णं तत्र तं धार्मिं दिव्यरू पं हरिं तथा ॥२१॥

પાછા જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે જેને જેમ ફાવે તેમ ઊડી જાય છે. ॥૧૫॥

તે રીતે જ આ સંસારમાં કર્મ સંસ્કારથી બધા પત્ની પુત્ર ઈત્યાદિનો સંબંધ થાય છે અને કાળે કરીને તે સંબંધ પાછો છૂટી જાય છે. ॥૧૬॥

આ લોકમાં માણસનો સંયોગ તો પાણી પીવાના પરબના જેવો છે, લોક પરબે પાણી પીવા ભેળા થાય છે. અને પાછા છૂટા પડી જાય છે. તેમ કર્મસંબંધ પૂરો થાય છે અને જીવ વિદાય લે છે, સમુદ્રમાં તરંગોના ઊછળવાથી કે અથડાવાથી પાણીમાં ફીણ ઊપજે છે અને પાછા ટળી જાય છે. તેમજ મનુષ્ય પણ કર્મ સંજોગે ભેળા થાય છે. અને કર્મભોગ પૂર્ણ કરીને વીંખાઈ જાય છે. ॥૧૭॥

આ શ્રીહરિના યોગથી જ આપણો સંબંધ થયો છે, માટે તમારે શોક કરવો નહિ, કારણ કે શોકના જેવો બીજો કોઈ શત્રુ નથી. ॥૧૮॥

શોકથી ધીરજનો અને શાસ્ત્રના અધ્યયન કે શ્રવણનો નાશ થાય છે. તેથી સમજણવાળા લોકો સર્વનાશ કરનારા શોકને સ્વીકારતા નથી. ॥૧૯॥

હે શુભે ! આ ઓરડાની ઓસરીમાં જઈને ઊભા રહો અને જુઓ મારે માટે તેજોમય વિમાન આકાશમાં આવ્યું છે. ॥૨૦॥

પછી પાંચુબા બહાર ઓસરીમાં આવ્યા. તેમણે અદ્ભુત દિવ્ય વિમાન

कोटिकन्दर्पदर्पघ्नं दिव्यैकाङ्गातुलश्रिया ।
नैकलोकेशलावण्यं तिरस्कुर्वन्तमद्भुतम् ॥२२॥
पार्षदप्रवरौ तावदाज्ञयाऽऽगच्छतां हरेः ।
उत्तीर्य तद्विमानग्र्याद्धीराख्यायाः समीपतः ॥२३॥
तौ हि भौतिकदेहात्तां वियोज्य श्रीहरौ रताम् ।
योजयांचक्रतुस्तूर्णं भागवत्यां तनौ नृप ! ॥२४॥
तां ततस्तौ हरे र्दिव्यं धाम तेजोमयं परम् ।
अक्षराख्यं महासौख्यं निन्यतुर्दुर्लभं जनैः ॥२५॥
सा तद्विलोक्य पाञ्चाली शोकं तत्याज भूपते ! ।
साक्षाद्वीक्ष्य तदैश्वर्यं मुदं प्राप्ता महीयसीम् ॥२६॥
तत्सम्बन्धीजना राजन् ! यथाशास्त्रोदितं ततः ।
तस्याः सद्गुणयुक्तायाश्चक्रुरेवौर्ध्वदैहिकम् ॥२७॥
पाञ्चाल्याद्यास्ततो ह्यज्ञाः स्वसारस्त्वत्पितुर्यथा ।

જોયું. તેમાં ધર્મપુત્ર શ્રીહરિ દિવ્ય સ્વરૂપે વિરાજમાન હતા. ॥૨૧॥

શ્રીહરિના એકેક અંગની અનુપમ શોભાથી કરોડો કામદેવનો ગર્વ ઊતરી જતો હતો. અનેક લોકપાલોનું લાવણ્ય પણ જેના સૌંદર્ય આગળ તુચ્છ જણાતું હતું, આવા શ્રીહરિ અદ્‌ભુત હતા. ॥૨૨॥

તે સમયે શ્રીહરિની આજ્ઞાથી શ્રેષ્ઠ બે પાર્ષદો આવ્યા. સર્વોત્તમ વિમાનમાંથી ઊતર્યા અને હીરાની સમીપે આવ્યા. ॥૨૩॥

હે નૃપ ! શ્રીહરિના સ્વરૂપમાં જ મન જોડી ચૂકેલા હીરાબહેનનો ભૌતિક દેહ છોડાવ્યો અને તુરંત તેને દિવ્ય ભાગવતી તનુનો યોગ કરાવ્યો. ॥૨૪॥

શ્રીહરિનું દિવ્ય તેજોમય સર્વોત્તમ અક્ષરધામ પરમ સુખમય છે અને બીજાને દુર્લભ છે. પાર્ષદો હીરાબહેનને અક્ષરધામમાં લઈ ગયા. ॥૨૫॥

હે રાજન્ ! પાંચુબાએ હીરાનું અક્ષરધામ ગમન જોયું, તેથી તેને શોક ટળી ગયો. શ્રીહરિનું પ્રત્યક્ષ ઐશ્વર્ય જોઈને ખૂબ જ આનંદિત થયા. ॥૨૬॥

હે રાજન્ ! તેના સગા સંબંધીઓએ મળીને સદ્‌ગુણ સંપન્ન હીરાનું શાસ્ત્રાનુસારે ઔર્ધ્વદૈહિક કર્મ કર્યું. ॥૨૭॥

तद्वृत्तगुणसक्तत्वाच्चक्रिरे परिदेवनम् ॥२८॥
स श्रुत्वा तद्धरिः प्राज्यं महौदास्यं गतो नृप ! ।
सज्जोऽभूत् सत्वरं राजन् ! गन्तुं वृत्तालयं पुरम् ॥२९॥
तदा त्वत्पितृमुख्यास्तद्भक्ताः सम्प्रार्थ्य तं हरिम् ।
अत्राऽनुनीय चाऽरक्षंस्तद्गुणाकृष्टचेतसः ॥३०॥
स प्राहाथेति तान् वाक्यं पाञ्चालीमुख्ययोषिताम् ।
कुर्वतीनां भृशं तासां शृण्वतीनां हि रोदनम् ॥३१॥
धाम सा मेऽक्षरं याता दृष्टमेताभिरेव तत् ।
तथाऽपि क्रियतेऽनल्पं रोदनं मूढदेहिवत् ॥३२॥
वर्ते साक्षादहं गेहे युष्माकं बन्धनापहृत् ।
तन्महात्म्यमविज्ञाय मौढ्यमेता गता भृशम् ॥३३॥
औदासीन्यं ततो यातो गन्तुमेवोद्यतोऽधुना ।

શ્રીદાદાખાચરના બહેનો, પાંચુબા વગેરે સ્ત્રી સહજ અજ્ઞાનને લીધે અને હીરા બહેન ના વર્તનમાં અને સદ્‌ગુણોમાં મન લાગેલું રહેતું હોવાને લીધે તેનો તેઓ શોક કરવા લાગ્યા. ॥૨૮॥

હે નૃપ ! તેમના અધિક શોકને સાંભળીને શ્રીહરિ પણ ઘણા જ ઉદાસ થઈ ગયા. હે રાજન્ ! શ્રીહરિ તે વખતે તુરંત વડતાલ જવા માટે તૈયાર થઈ ગયા. ॥૨૯॥

ત્યારે તમારા પિતા શ્રીદાદાખાચર આદિ શ્રીહરિના ભક્તોએ હિરાના સદ્‌ગુણોને લીધે મન તેમાં ખેંચાતું હતું છતાં પણ શ્રીહરિની બહુ બહુ પ્રાર્થના કરીને શ્રીહરિને મનાવ્યા અને ગઢપુરમાં રોકી રાખ્યા. ॥૩૦॥

પછી શ્રીહરિએ તે સર્વ પાંચુ બા આદિ મહિલાઓ કે જેઓ અત્યંત રુદન કરતી હતી કે સાંભળતી હતી, તેમને કહ્યું. ॥૩૧॥

"દીકરી હીરા મારા ધામમાં ગઈ છે. પાંચુ બા વગેરેએ તે દેખ્યું પણ છે છતાં અજ્ઞાની મનુષ્યની માફક આટલું બધું રુદન કરવામાં આવે છે. ॥૩૨॥

સંસારના બધા જ બંધનોને તોડાવનારો હું પ્રત્યક્ષ તમારે ઘેર રહ્યો છું. તે મહિમાને ભૂલી જઈને આ બધી મહિલાઓ અત્યંત મોહ ને વશ થઈ ગઈ છે. ॥૩૩॥

તેથી મારા મનમાં ઉદાસીનતા આવી ગઈ છે. અને અત્યારે જ હું ચાલી

तेनेत्युक्ते जयाद्यास्तं वाक्यमित्यवदन् हरिम् ।।३४।।
अत्यज्ञानी तथा बद्धो मायया चाऽऽवृतः सदा ।
अनादिकालतो जीवः संसाराध्वश्रमं गतः ।।३५।।
तस्मान्मोहेन सर्वात्मन् ! कुर्याच्छोकं च रोदनम् ।
देही देहाभिमानित्वात्तस्य मूर्खत्वमस्ति तत् ।।३६।।
त्वं साक्षात् परमे दिव्ये धाम्नि ब्रह्मपुरे सदा ।
राजसेऽक्षरमुक्ताऽर्च्यो यथा स्वीयश्रिया स्वराट् ।।३७।।
पुराणपुरु षो ब्रह्म परमात्मा परात्परः ।
नारायणः स्वयंज्योतिः सर्वशक्तिनियामकः ।।३८।।
अस्मदज्ञानसंहृत्यै प्रादुर्भूतोऽसि साम्प्रतम् ।
दुर्लभाच्छ्रीहरे ! दिव्यात् स्वीयाद्धाम्नोऽक्षरात् परात् ।।३९।।
तदाकर्ण्य वचो राजन् ! स प्रहस्येत्युवाच ताः ।
सत्सु ज्ञानिषु यन्मान्द्यं रोषबीजं किलाऽस्ति तत् ।।४०।।

નીકળવા તત્પર થયો છું.'' ત્યારે જીવુબા (મોટીબા) વગેરેએ શ્રીહરિને કહ્યું. ।।૩૪।।

અતિ અજ્ઞાની આ જીવ અનાદિ કાળથી માયાના આવરણમાં ઢંકાયેલો બદ્ધ થઇ ગયો છે, અને સંસારને માર્ગે ચાલીને થાકી ગયો છે. ।।૩૫।।

હે સર્વાત્મન્ ! તેથી આ જીવને દેહમાં આત્મપણાનું અભિમાન હોવાથી મોહને લીધે શોક કરે છે અને રડે છે. તે આ જીવનું મૂર્ખપણું છે. ।।૩૬।।

જેમ ચક્રવર્તી રાજા પોતાની રાજલક્ષ્મી અને પરિકર વર્ગથી શોભતો હોય છે તેમ આપ તો પોતાના દિવ્ય બ્રહ્મપુર-અક્ષરધામમાં અક્ષરમુક્તોએ સાક્ષાત્ સેવાયા-પૂજાયા થકા વિરાજો છો. ।।૩૭।।

આપ પુરાણ પુરુષ બ્રહ્મ છો, પરાત્ પર પરમાત્મા નારાયણ છો, સ્વયંપ્રકાશ અને સર્વશક્તિઓના નિયામક છો. ।।૩૮।।

હે શ્રીહરે ! આપ અતિ દુર્લભ પોતાના દિવ્ય પર અક્ષર ધામથી અમારું અજ્ઞાન ટાળવા માટે અત્યારે પ્રકટ થયા છો. ।।૩૯।।

હે રાજન્ ! જીવુબાના શબ્દ સાંભળીને શ્રીહરિએ આછું હાસ્ય કરીને તેમને કહ્યું, ''તમારા જેવી જ્ઞાન સંપન્ન વ્યક્તિઓમાં પણ સમજણની આવી કચાશ દેખીને

नाऽतः परं विधातव्यं रोदनं कर्हिचिज्जनैः ।
पाञ्चाल्याद्या विधास्यामस्तर्हि नेत्यवदन् हरिम् ।।४१।।
योऽस्यै निजं पदमदान्निखिलाऽवतारी
स्वीयाश्रिताऽखिलजनोरु विपन्निवारी ।।
भूयिष्ठदुर्जनकृतोरु निकारदारी
धर्मात्मजोऽत्र जयताद्धि हरिर्विहारी ।।४२।।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतपाञ्चालीपुत्रीस्वधामनयनादिनिरू पणं नाम नव-नवतितमोऽध्यायः ।।९९।।

अथ शततमोऽध्यायः

आर्षभाषाणां हिमाद्रेश्चाऽऽगमनं पूजनादिकम् ।
प्रसादगृहणं चात्र प्रोक्तं शततमे शुभम् ।।

श्रीचैतन्यानन्द उवाच –

હું નારાજ થઇ ગયો હતો. ।।૪૦।।

માટે હવે પછી કોઇ ભક્તજનોએ ક્યારેય આવા શોકથી રડવું નહિ.'' પછી પાંચુ બા વગેરેએ પણ ''હવે અમે રડશું નહિ'' આમ શ્રીહરિને કહ્યું. ।।૪૧।।

સર્વ અવતારોને ધારણ કરનારા જે શ્રીહરિએ પાંચુ બાના પુત્રી હીરાને પોતાનું અક્ષરધામ આપ્યું. જે પોતાના આશ્રિત ભક્તોની અપાર વિપત્તિઓનું નિવારણ કરે છે, અનેક દુર્જનોએ કરેલી અવજ્ઞાને પણ જેઓ હઠાવી દે છે, તે ધર્મપુત્ર શ્રીહરિ અનેક જીવોનું કલ્યાણ કરવા સત્સંગમાં વિહાર કરી રહ્યા છે અને આ જગતમાં સર્વોત્કૃષ્ટપણે વિજયી રહ્યા છે. ।।૪૨।।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૯૯ સમાપ્ત

અધ્યાય-૧૦૦

નવયોગેશ્વરો અને હિમાલયનું આગમન વગેરે

यत्राऽद्य विद्यते राजन् ! गोपीनाथस्य मन्दिरम् ।
गर्भागारे हि तत्राऽऽस्तां महिष्ठे दीर्घविस्तृते ॥१॥
दक्षिणोत्तरदिग्द्वारबहिःशालाविराजिते ।
तत्र पश्चिमदिग्भागे गर्भागारे मनोहरे ॥२॥
ब्रह्मानन्दो मुनिश्रेष्ठो न्यवात्सीच्छ्रीहरेः सखा ।
तत्राऽकार्षीदनेकानि चरित्राण्यद्भुतानि सः ॥३॥
तत्रैकदा तदावासे श्रीहरिस्त्वागमन्मुदा ।
ततस्तमासने नत्वा ब्रह्मानन्दोऽन्यषादयत् ॥४॥
स प्रीत्याऽथ हरिं प्रेष्ठं तिलपिष्टं समादयत् ।
ततस्तस्मै स तत्प्रादान्निजप्रासादिकं शुभम् ॥५॥
तस्य हस्तादथाऽदृश्यः कश्चिदाश्वहरद्धि तम् ।
इत्थं त्रिस्तत्तथाऽहार्षीत्स तेन प्राप विस्मयम् ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જ્યાં અત્યારે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર છે ત્યાં મહત્વપૂર્ણ લાંબા અને વિશાળ બે ઓરડાઓ હતા. ॥૧॥

તેને દક્ષિણ અને ઉત્તર બન્ને બાજુ સુંદર ઓસરી હતી. તેમાં જે પશ્ચિમ તરફનો મનોહર ઓરડો હતો તેમાં શ્રીહરિના સખા મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામી રહેતા હતા. ત્યાં શ્રીહરિએ અનેક અદ્ભુત ચરિત્ર કર્યા હતા. ॥૨-૩॥

એક વખત તે શ્રીબ્રહ્માનંદ સ્વામીના નિવાસને ઓરડે શ્રીહરિ પ્રસન્ન થકાં પધાર્યા. શ્રીબ્રહ્માનંદસ્વામી પગે લાગ્યા અને આસન ઉપર શ્રીહરિને વિરાજમાન કર્યા. ॥૪॥

પછી શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પોતાના અતિશય વહાલા શ્રીહરિને જમવા માટે તલવટ આપ્યા. પછી શ્રીહરિ તે જમ્યા અને તેની શુભ પ્રસાદી શ્રીબ્રહ્માનંદ સ્વામીને આપી. ॥૫॥

તે સમયે કોઇએ અદૃશ્યપણે સ્વામીના હાથમાંથી તલવટની પ્રસાદી લઇ લીધી. શ્રીહરિએ ફરીવાર પ્રસાદી આપી, તે પણ કોઇએ લઇ લીધી. ત્રણ વખત શ્રીહરિએ પ્રસાદી આપી અને તે બધી વેળાએ કોઇએ લઇ લીધી તેથી શ્રીબ્રહ્માનંદ સ્વામીને અતિશય આશ્ચર્ય થયું. ॥૬॥

अथाऽप्राक्षीत्स तं धार्मि सद्वरीयानिति प्रभुम् ।
तन्मद्धस्ताद्धि कोऽलक्ष्यो हरति स्वित्पुनः पुनः ॥७॥
तेनेत्युक्ते स तं वाक्यं प्राहेत्थं श्रीहरिर्मुदा ।
योगेश्वरा नवोदारा मत्प्रेक्षार्थं त्विहाऽऽगताः ॥८॥
सत्प्रवर्य ! जनाऽदृश्यैर्मत्प्रसादाभिकाङ्क्षिभिः ।
तैर्हृतं तिलपिष्टं ते योगसिद्धैर्महात्मभिः ॥९॥
अथेत्याह स तं नेत्रे मीलय त्वं ततो हि सः ।
तद्वाग्विस्रम्भसंयुक्तो मीलयामास लोचने ॥१०॥
ततो योगेश्वरान् दिव्यान्नव ज्योतिर्विराजितान् ।
सर्वत्रैवेष्टसञ्चारान् सोऽपश्यच्छ्रीहरीच्छया ॥११॥
तत्पाश्चात्यबहिर्वेद्याः खण्डेष्वष्टसु स प्रभुः ।
तूलिकाद्यैर्युते मञ्चे रम्ये राजन्नुपाविशत् ॥१२॥
तत्र रोगार्दिता राजन् ! व्यधुर्वासं हि साधवः ।

પછી મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામીએ ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિને પૂછ્યું, હે હરે! વારંવાર મારા હાથમાંથી અદૃશ્ય પણે પ્રસાદી કોણ લઇ જાય છે. ॥૭॥

ત્યારે શ્રીહરિએ પ્રસન્ન મનથી તેમને આ રીતે વચન કહ્યું, ઉદાર સ્વભાવના નવ યોગેશ્વરો મારા દર્શન કરવા માટે અહીંયાં આવ્યા છે. ॥૮॥

હે સંતવર્ય ! અષ્ટાંગયોગથી સિદ્ધ થયેલા અને મારા પ્રસાદની ઇચ્છાવાળા આ મહાત્મા પુરુષોએ લોકો ન દેખે તેવે રૂપે તમારા તલવટની પ્રસાદી લઇ લીધી છે. ॥૯॥

પછી શ્રીહરિએ શ્રીબ્રહ્મમુનિને કહ્યું, ''તમે આંખો બંધ કરો'' ત્યારે શ્રીહરિના વચનમાં વિશ્વાસ રાખનારા શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પોતાની આંખો બંધ કરી. ॥૧૦॥

ત્યારે શ્રીહરિની ઇચ્છાથી દિવ્ય તેજથી શોભતા અને વિશ્વમાં બધે વિચરણ કરી શકતા, આવા નવ યોગેશ્વરોને શ્રીબ્રહ્માનંદ સ્વામીએ દેખ્યા. ॥૧૧॥

હે રાજન્ ! આ દક્ષિણાદા બારના ઓરડાની પાછળની અર્થાત્ ઉત્તર તરફની ઓસરીના આઠેય ખંડમાં શ્રીહરિ ગાદી તકિયો બિછાવેલા સુંદર પલંગ ઉપર વિરાજતા હતા. ॥૧૨॥

वार्त्तास्तेभ्यो हरिः कुर्वंश्चरित्राण्यकरोन्मुदा ॥१३॥
तत्र कांश्चन वै साधून् देहं त्यक्त्वाऽक्षराभिधम् ।
धामाऽपश्यन् यतो दिव्यान् जना राजन् ! सहस्रशः ॥१४॥
राजद्दक्षिणदिग्द्वारगर्भागारस्य भूपते ! ।
बहिःशालाऽष्टखण्डेषु तद्भक्तानामभूत् सभा ॥१५॥
तत्र सन्मञ्चके युक्ते कोमलैस्तूलिकादिभिः ।
स न्यषीदद्धरिर्भूयो भक्तानन्दप्रदीत्सया ॥१६॥
चातुर्मास्ये तथा राजन् ! वर्षत्यम्भोधरे हरिः ।
सर्वकौसुम्भसद्वासास्तत्र मञ्चे ह्युपाविशत् ॥१७॥
तद्गर्भागारमध्यस्थसोपाने न्यस्तचक्रके ।
न्यषीदत्तत्र चाकार्षीच्छ्रीहरिर्दन्तधावनम् ॥१८॥
ततः पारावताद्यर्थं भूयसीर्ज्वरिका हरिः ।

હે રાજન્ ! કોઇ સાધુ માંદા હોય તો તેમને પણ આ ઓસરીમાં રાખવામાં આવતા હતા. તે બીમાર સાધુઓને ધર્મ જ્ઞાનાદિની વાતો કહેતા શ્રીહરિએ ત્યાં ઘણા ચરિત્ર કર્યા હતા. ।।૧૩।।

હે રાજન્ ! તે જગ્યાએ કેટલાક સાધુઓ દેહનો ત્યાગ કરીને દિવ્ય દેહે અક્ષરધામમાં ગયા હોય, તેમ હજારો લોકોએ દેખ્યા હતા. ।।૧૪।।

હે ભૂપતે ! સુશોભિત દક્ષિણદા બારના ઓરડાની ઓસરીના આઠેય ખંડમાં સંત હરિભક્તોની સભા થતી હતી. ।।૧૫।।

તે સભામાં શ્રીહરિ સુંવાળા ગાદી તકિયા બિછાવેલા પલંગ કે પાટ ઉપર ભક્તોને આનંદ આપવાની ઇચ્છાથી ઘણીવાર વિરાજેલા હતા. ।।૧૬।।

હે રાજન્ ! શ્રીહરિ ચોમાસાના ચાર મહિનામાં જ્યારે વરસાદ વરસતો હોય ત્યારે સારા કસુંબી રંગના વસ્ત્ર પહેરીને તે ઓસરીમાં પલંગ ઉપર વિરાજમાન થતા હતા. ।।૧૭।।

દક્ષિણાદા બારના ઓરડાના વચલા પગથિયા પાસે ચાકળો મુકાવીને શ્રીહરિ બેસતા અને ત્યાં દાંતણ પણ કરતા હતા. ।।૧૮।।

પછી પ્રાણીઓનું પોષણ કરનારા દયાળુ શ્રીહરિ કબૂતર જેવા પંખીઓને

न्यक्षिपत्स्वीयहस्ताभ्यां दयालुर्देहिपोषकः ॥१९॥
तदा तत्रैत्य भूयांसो विचित्राश्चैव पक्षिणः ।
भुक्त्वा तामगमन् मोक्षं हस्तप्रासादिकां हरेः ॥२०॥
चतुष्के ज्वरिकाखन्यां तद्गर्भागारसन्निधौ ।
न्यषीदन्मञ्चके युक्ते श्रीहरिस्तूलिकादिभिः ॥२१॥
स्थलाब्जरागसंराजत्सूक्ष्मसान्द्रपटान् दधत् ।
तदा फाल्गुनमासस्य पूर्णमासी शुभाऽभवत् ॥२२॥
मृदङ्गं कांस्यतालानि वादयन्तस्तदा मुदा ।
सन्तोऽगायन् सुपद्यानि स्वरग्रामादिगर्भितम् ॥२३॥
तथाऽथैको नरः कश्चिद् गौरवासोविराजितः ।
किशोरावस्थया युक्तः सभ्यैरायद्विलोकितः ॥२४॥
ततो बिभ्रज्जलापूर्णमारसाश्मकृतं घटम् ।
तां प्रविश्य सभां दिव्यां प्राणमत्प्राप्य तं हरिम् ॥२५॥
वर्णिवेशं ततो बिभ्रद्रम्यै षोडशभिर्हरेः ।

માટે પોતાને હાથે જુવાર આદિ અનાજ ખુલ્લી જમીન ઉપર નાખતા હતા. ।।૧૯।।

તે વેળાએ ત્યાં જાત જાતના ઘણા પંખીઓ આવતા અને શ્રીહરિની પ્રસાદીરૂપ અનાજ ચણીને મોક્ષગતિને પામતા હતા. ।।૨૦।।

એક વખત દક્ષિણાદા બારના ઓરડાની પાસે ચોકમાં જુવારની એક ખાણ હતી. તેના ઉપર પલંગ ઢળાવ્યો હતો અને ગાદી તકિયા બિછાવેલા તે પલંગ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ।।૨૧।।

તે સમયે ફાગણ સુદિ પૂનમનો શુભ દિવસ હતો. ગુલાબી રંગના સુંદર શોભતા ઝીણા અને ઘાટા વસ્ત્ર શ્રીહરિએ પહેર્યા હતા. ।।૨૨।।

તે વખતે શ્રીહરિની આગળ બેઠેલા સંતો ઉત્સાહથી મૃદંગ ઝાંઝ અને તાલ આદિ વાજિંત્ર વગાડીને સ્વર, ગ્રામ આદિથી યુક્ત સુંદર કીર્તન ગાતા હતા. ।।૨૩।।

તે સમયે સભામાં બેઠેલા સહુ દેખે તેમ કોઇ એક કિશોર સભામાં આવ્યો. તે શ્વેત વસ્ત્રો પહેરવાથી શોભતો હતો. તેના હાથમાં પાણીથી ભરેલો સુંદર આરસમાંથી બનાવેલો કળશ હતો. તેનો વેશ વર્ણીના જેવો હતો. દિવ્ય સભામાં આવીને તે શ્રીહરિની

पादपूजां वैरर्घ्यैः सोऽकरोद्धरिभावतः ॥२६॥
मुक्तामालामथोदारां स्फुरत्तारानुकारिणीम् ।
सोऽधारयद्धरेः कण्ठे तं तद्रम्याम्ब्वपाययत् ॥२७॥
अथ श्रीहरिणा दत्तं निजप्रासादिकं जलम् ।
मृष्टं मिष्टं सुधातुल्यं सोऽपिबन्मोदसंयुतः ॥२८॥
स प्राहाथेति तं वाक्यं प्राञ्जलिर्विनयानतः ।
कृपानाथ ! सुखाम्भोधे ! मदीयस्तेऽस्ति संस्तवः ॥२९॥
स इत्याश्रुत्य तद्वाक्यं हरिः प्रीतो दयानिधिः ।
इदं तं प्रश्रयानम्रं वाक्यं प्राहामृतोपमम् ॥३०॥
पुरा चोपत्यकायां वै त्वदीयायां यदाऽचरम् ।
तदा मार्गभ्रमे जाते पन्था मे येन दर्शितः ॥३१॥
स त्वमित्थं हि जाने त्वां भूतराट्श्वशुरो वरः ।
नियन्ताऽशेषशैलानां कृतो वै ब्रह्मणा पुरा ॥३२॥

પાસે જઈને પગે લાગ્યો. સર્વોત્તમ સુંદર સોળ ઉપચારો લઈને તેણે ઘણા જ ભાવથી શ્રીહરિના ચરણારવિંદની પૂજા કરી. ॥૨૫-૨૬॥

તારાઓના જેવા ચમકતા મોતીઓનો એક શ્રેષ્ઠ હાર તેણે શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો અને સુંદર જળ શ્રીહરિને પીવા માટે આપ્યું. ॥૨૭॥

શ્રીહરિએ થોડું જળ પાન કર્યું અને પછી વધારેલું થોડું જળ તેને પાછું આપ્યું. અમૃત જેવું મીઠું અને શુદ્ધ તે જળ તેણે ખુશી થઈને પીધું. ॥૨૮॥

પછી તેણે વિનયથી નમ્ર પણે હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું. હે કૃપાનાથ ! હે સુખસાગર ! આપની આગળ મારી એક પ્રાર્થના છે. ॥૨૯॥

તે સાંભળી ને રાજી થયેલા દયાનિધિ શ્રીહરિએ વિનયથી નમ્રપણે ઊભેલા તે કિશોરને અમૃતના જેવું સરસ વચન કહ્યું, ॥૩૦॥

''પૂર્વે હું તમારી તળેટીમાં જ્યારે ફરતો હતો અને ભ્રમથી રસ્તો ભૂલી ગયો, ત્યારે જેણે મને માર્ગ બતાવ્યો હતો તે તમે છો, એમ હું તમને ઓળખું છું. તમે શંકરના સસરા છો અને સર્વોત્તમ છો. પૂર્વે ખુદ બ્રહ્માએ તમને બધા પર્વતોના રાજા કર્યા હતા.'' ॥૩૧-૩૨॥

दण्डवत्पतितोऽथोर्व्यां स तं प्रीत्याऽस्वजद्धरिम् ।
चतुःकृत्वोऽथ सामीप्ये हरी राजन्नुपाविशत् ॥३३॥
उत्तमाख्योऽथ तातस्ते गुलालं ललितं मुदा ।
अबीरं चाक्षिपत्स्वेष्टे भूयिष्ठं श्रीहरौ परे ॥३४॥
रङ्गक्रीडामथोदारां सोऽकरोद्भक्तशर्मणे ।
अबीरं स्वीयभक्तेषु गुलालं चाक्षिपद्धरिः ॥३५॥
साधवोऽथेत्यवोचंस्तं गोष्ठकं देहि नः प्रभो ! ।
स स्वापेक्ष्यमथेत्यूचे याचध्वं मामिति प्रभुः ॥३६॥
तेऽथ प्राहुर्हि देहि त्वं हृत्सु नस्ते पदाम्बुजे ।
अथ प्रीत्या हरिस्तेषां हृत्सु प्रादात्स्वपत्कजे ॥३७॥
ततस्तज्जवरिकाखन्यां चतुष्के पीठके हरिः ।
निषद्यामृततुल्यानि नानाभोज्यान्यभुक्त सः ॥३८॥
तेन प्रीत्याऽथ दत्तानि स्वीयप्रासादिकानि सः ।

પછી તે કિશોરે જમીન ઉપર ઢળી જઈને શ્રીહરિને દંડવત પ્રણામ કર્યા. અને પ્રેમથી શ્રીહરિને ચાર વખત ભેટ્યા. હે રાજન્ ! પછી શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાડ્યા. ॥૩૩॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચરે સુંદર ગુલાલ અને અબીર ઘણો જ લઈને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિના ઉપર નાખ્યો. ॥૩૪॥

પછી શ્રીહરિએ પોતાના ભક્તોને સુખ આપવા માટે ઘણી સુંદર રંગ ક્રીડા કરી. તેમણે પોતાના ભક્તોના ઉપર અબીર અને ગુલાલ મૂઠીઓ ભરી ભરીને નાખ્યો. ॥૩૫॥

પછી સંતોએ હે પ્રભો ! અમને 'ગોઠ' આપો એમ શ્રીહરિને કહ્યું, ત્યારે પ્રભુ શ્રીહરિ બોલ્યા, ''જે જોઈએ તે માગો'' ત્યારે સંતોએ કહ્યું, ''અમારી છાતી ઉપર આપના ચરણારવિંદ આપો.'' પછી શ્રીહરિએ સંતોની છાતી ઉપર પોતાના ચરણ કમળ ચાંપી આપ્યા. ॥૩૬-૩૭॥

પછી શ્રીહરિ તે ચોકમાં જુવારની ખાણ ઉપર મૂકેલા બાજોઠ ઉપર વિરાજ્યા અને અમૃતના સમાન અનેક પ્રકારના ભોજનોનો થાળ જમ્યા. ॥૩૮॥

भुक्त्वा हिमाचलश्चोर्ध्वं प्रीतः प्राचीमगाद्दिशम् ॥३९॥
तं दृष्ट्वेत्यथ गच्छन्तं जयाऽप्राक्षीद्धरिं मुदा ।
अत्राऽऽगत्य गतः कः स्वित्वर्तते पुरुषो हरे ! ॥४०॥
तयेत्युक्ते स तां वाक्यं प्राहेत्थं दर्शनं हि मे ।
कर्तुमत्राऽऽगतं प्रीत्या तं विद्धि त्वं हिमाचलम् ॥४१॥
तेन भक्त्या सपर्या मे कृता माला च मौक्तिकी ।
मदीये धारिता कण्ठे परिव्याप्ताधिकप्रभा ॥४२॥
विपिनरुचिरुपात्तवर्णिवेशस्तुहिनगिरौ व्यचरं यदा तदा मे ।
कृतमुरु तरसेवनं हि तेन बहुविनयप्रणयान्वितेन भद्रे ! ॥४३॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये नवयोगेश्वरहिमाचलाद्यागमनदिनिरूपणं नामैशततमोऽध्यायः ॥१००॥

પછી શ્રીહરિએ રાજી થઈને હિમાલયને પોતાના થાળની પ્રસાદી આપી. તે પ્રસાદી જમીને પ્રસન્ન થયા અને આકાશ માર્ગે પૂર્વ દિશા તરફ ચાલ્યા ગયા. ॥૩૯॥

જીવુબા (મોટીબા) એ તેમને જતા જોયા, પછી તેમણે પ્રસન્ન મુખે શ્રીહરિને પૂછ્યું, હે હરે ! અહીં આવીને (આપની પૂજા કરીને) ચાલ્યા ગયા તે પુરુષ કોણ હતા ? ॥૪૦॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, પ્રેમથી મારા દર્શન કરવા આવેલા તે હિમાલય હતા, એમ તમે તેને ઓળખો. તેણે ભક્તિભાવથી મારી પૂજા કરી અને ચોતરફ ચમકતી આ મોતીની માળા કંઠમાં પહેરાવી છે. ॥૪૧-૪૨॥

હે ભદ્રે ! મને વન પર્વતમાં ફરવાની રુચિ હતી. મેં વર્ણીનો વેશ રાખ્યો હતો. અને જ્યારે હું હિમાલયમાં ફરતો હતો ત્યારે ઘણા વિનયી અને પ્રેમ રાખનારા આ હિમાલયે મારી ઘણી સેવા કરી હતી. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૦૦ સમાપ્ત

अथैकाधिकशततमोऽध्यायः

वाचालं नाथमकरोत् न्युब्जपङ्गुत्वहीनताम् ।
हसनस्याऽच्युतो ह्येकाधिकशततमे हरिः ॥

श्रीचैतन्यानन्द उवाच –
त्वत्तातराजदुर्गस्य चतुष्के दीर्घविस्तृते ।
मध्यस्थनिम्बवृक्षस्य समन्ताद्याऽस्ति वेदिका ॥१॥
दिव्याऽक्षराख्यसद्धामदिव्यसिंहासनोपमा ।
स न्यषीदद्धरिस्तस्यां स्वासने वै मुहुर्मुहु ॥२॥
चतुष्के तत्र देवानां हरीक्षार्थं ह्युपेयुषाम् ।
महत्यासीत्सभा रम्या भूयसामग्रतो हरेः ॥३॥
नानाधामोपयातानामत्रेक्षार्थं हरेर्मुदा ।
मुक्तानां भूयसामासीत् सभा राजन्महीयसी ॥४॥
तां निषद्यां शुभां श्रेष्ठां जातां दिव्यां पुनः पुनः ।
दृष्ट्वा सहस्रशः प्रापुर्जना हर्षं च विस्मयम् ॥५॥

અધ્યાય - ૧૦૧

નાથાને બોલતો અને હસનને ચાલતો કર્યો.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, તમારા પિતા શ્રીદાદાખાચરના દરબારગઢના વિશાળ અને લાંબા પહોળા ચોકમાં વચ્ચે લીમડાનો વૃક્ષ છે અને તેના થડને ચારે તરફ જે વેદિકા છે. ॥૧॥

તે સર્વોત્તમ દિવ્ય અક્ષરધામના દિવ્ય સિંહાસનના સમાન છે. શ્રીહરિ તે વેદિકા ઉપર પાથરેલા આસન ઉપર વારંવાર વિરાજમાન થતા હતા. ॥૨॥

તે ચોકમાં શ્રીહરિના દર્શન કરવા આવતા ઘણા દેવતાઓની વિશાળ રમણીય સભા શ્રીહરિની આગળના ભાગમાં થતી હતી. ॥૩॥

હે રાજન્ ! પ્રેમથી અહીં દર્શન કરવા આવતા અનેક ધામોના ઘણા મુક્તોની પણ વિસ્તૃત સભા થતી હતી. ॥૪॥

વારંવાર આવી દિવ્ય શ્રેષ્ઠ શુભ સભા થતી હતી, તેને દેખીને હજારો લોકો આશ્ચર્ય સાથે આનંદ અનુભવતા હતા. ॥૫॥

एकदा श्रीहरिस्तस्यां वेदिकायां वरासने ।
न्यषीदत् कोमलैर्युक्ते तूलिकाद्यैर्मनोहरैः ॥६॥
सारश्वेताम्बरोद्भासी माल्यहारादिराजितः ।
दयापीयूषवर्षिण्या दृष्ट्याऽपश्यत् सभासदः ॥७॥
पञ्च सप्त च तस्याऽग्रे न्यषीदन् साधवो मुदा ।
न्यषीदत्तत्र तातस्ते तथैव त्वत्पितामहः ॥८॥
पार्षदास्तत्र तत्सक्तास्तं पश्यन्तो ह्युपाविशन् ।
तत्र चोपाविशन् दूरे तिस्त्रो योषा जयादयः ॥९॥
तावत्तत्राऽऽगमत्सार्द्धं शरधाराभिधात् पुरात् ।
करीमो नाथसंज्ञेन मूकेन भ्रातृसूनुना ॥१०॥
न्युब्जहस्तेन तेनाऽसौ पदा खञ्जेन संयुतः ।
सद्धिया हसनाख्येन भ्रातृपुत्रेण भूपते ! ॥११॥
उत्तार्याऽथाऽनसो राजन् स तौ ताभ्यां समन्वितः ।

એક વખત શ્રીહરિ નિંબવૃક્ષની નીચે વેદિકા ઉપર સુંવાળા સુંદર ગાદી તકિયા વગેરેથી તૈયાર કરેલા આસન ઉપર વિરાજતા હતા. ॥૬॥

સર્વોત્તમ શ્વેત વસ્ત્રથી શ્રીહરિનું સ્વરૂપ સોહામણું લાગતું હતું. પુષ્પોના હાર તોરા વગેરેની સુંદર શોભા હતી. કૃપા રૂપી અમૃતને વરસાવતી દૃષ્ટિથી સભાની સામે સ્વયં દેખી રહ્યા હતા. ॥૭॥

શ્રીહરિની આગળ પાંચ સાત સંતો બેઠા હતા. તમારા પિતા શ્રીદાદાખાચર અને પિતામહ શ્રીએભલખાચર પણ પ્રેમથી ત્યાં બેઠા હતા. ॥૮॥

શ્રીહરિની સેવામાં તત્પર રહેનારા પાર્ષદો પણ મૂર્તિ સામે નજર રાખીને ત્યાં સભામાં બેઠા હતા. જીવુબા, લાડુબા અને રાજબાઈ વગેરે બહેનો પણ થોડે દૂર બેઠા હતા. ॥૯॥

હે ભૂપતે ! તે સમયે કરીમ ભક્ત નામે એક ખોજા સત્સંગી સરધાર ગામથી આવ્યા. તેની સાથે નાથા નામનો તેનો મૂંગો ભત્રીજો પણ હતો. ॥૧૦॥

હે ભૂપતે ! તે સિવાય હાથે ઠૂંઠો અને પગે લંગડો હસન નામે બુદ્ધિમાન્ બીજો ભત્રીજો હતો. ॥૧૧॥

उपेत्य श्रीहरिं नत्वा तौ तत्राऽतिष्ठिपन्मुदा ॥१२॥
सोऽनड्वाहावथ प्रीत्या रम्यावनस्तथैव तत् ।
रूप्यमुद्रादिकं चान्यत्तस्मै श्रीहरयेऽदिशत् ॥१३॥
देवानन्दोऽथ सन्न्यासी दृष्ट्वा तौ विकृताऽऽकृती ।
दयार्द्रो देहभृन्मित्रं पद्यमेतदुदाहरत् ॥१४॥
''मूकं करोति वाचालं पङ्गुंलङ्घयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम्'' ॥१५॥
निशम्येत्थं स तत्प्रोक्तं श्लोकं राजन् स्मयन् हरिः ।
तं प्राहेत्यस्ति वाञ्छा ते ब्रह्मन् ! द्रष्टुं तदद्भुतम् ॥१६॥
स प्राहाऽथेति तं वाक्यं साश्चर्यं चरितं हरेः ।
कस्य द्रष्टुं भवेन्नेच्छा श्रीहरे ! नृपशुं विना ॥१७॥
तद्विलोकयितुं तस्मादिच्छा नोऽस्त्येव भूयसी ।

હે રાજન્ ! કરીમ ભક્તે તે બન્ને બાળકોને બળદ ગાડીમાંથી નીચે ઉતાર્યા. તેમને સાથે રાખીને શ્રીહરિ પાસે આવ્યા, પગે લાગ્યા અને તે બાળકોને ત્યાં રાખ્યા. ॥૧૨॥

કરીમ ભક્તે સુંદર બે બળદ, ગાડી અને રોકડા રૂપિયા વગેરે જે કાંઇ હતું તે બધું શ્રીહરિને અર્પણ કરી દીધું. ॥૧૩॥

સદ્ગુરુ શ્રીદેવાનંદ સ્વામી નામે સંન્યાસી ત્યાં બેઠા હતા. તેઓ ઘણા દયાળુ અને પાણિમાત્રના મિત્ર હતા. તેમણે બન્ને વિકલાંગ બાળકોને જોયા અને એક શ્લોક બોલ્યા. ॥૧૪॥

''જેની કૃપાથી મૂંગો બોલતો થાય છે અને પાંગળો પહાડ ઉપર ચઢે છે તે પરમ આનંદ સ્વરૂપ લક્ષ્મીપતિ પરમેશ્વરને હું વંદન કરું છું.'' ॥૧૫॥

હે રાજન્ ! આ શ્લોક સાંભળીને શ્રીહરિ હસ્યા અને બોલ્યા કે ''હે બ્રહ્મન્ ! તમારે તે ભગવત્ કૃપાની અદ્ભુતતા જોવી છે ? ॥૧૬॥

ત્યારે તેમણે કહ્યું, હે હરે ! આવું આશ્ચર્યભર્યું આપનું ચરિત્ર જોવાની ઇચ્છા કોને ન થાય ? અને આવી ઈચ્છા જેને ન થાય તે તો નરપશુ ગણાય. ॥૧૭॥

હે પ્રભો ! તે જોવાની ઈચ્છા તો અમને ઘણી છે, માટે તે અદ્ભુતતા અમને

ततो दर्शयितुं नस्तत्त्वमस्मभ्योऽर्हसि प्रभो ! ॥१८॥
पार्षदं भृगुजित्संज्ञं स प्राहेति हरिर्वचः ।
आनीयाऽस्य मूखाग्रे त्वं चटकं भाषयाऽधुना ॥१९॥
ततो नीत्वा स तं तस्य नाथसंज्ञस्य भूपते ! ।
मूकस्य श्रीहरिप्रेष्ठो मुखस्याग्रे ह्यभाषयत् ॥२०॥
महाराजेत्यथेशस्य नाम सोऽपि सुखास्पदम् ।
उच्चार्याऽलं तदाऽवोचत्प्रतापात् तस्य वै हरेः ॥२१॥
पदातिं भृगुजित्संज्ञं प्राहाथैवं हरिर्वचः ।
अस्य त्वं हसनाख्यस्य पादयोर्धेहि ते पदे ॥२२॥
ततो हस्तौ गृहीत्वाऽस्य पाणिभ्यां तमिमं भृशम् ।
त्वमाकर्षय चेत्युक्तस्तेन सो ह्यकरोत्तथा ॥२३॥
तेन राजंस्ततो नुन्नो दशाङ्घ्रिन्यासदूरतः ।
गत्वा प्रत्येत्य तं प्रीत्या ववन्दे श्रीहरिं परम् ॥२४॥
स श्रीहरिस्ततस्तस्य हस्तयोः स्वे भुजाम्बुजे ।

બતાવો. ॥૧૮॥

પછી શ્રીહરિએ પાર્ષદ શ્રીભગુજીને કહ્યું, અત્યારે તમે કોઇ ચકલી પકડીને આ નાથાના મોઢાની આગળ રાખીને તેને બોલાવો. ॥૧૯॥

હે ભૂપતે ! પછી શ્રીહરિના પ્રિય પાર્ષદ ભગુજીએ ચકલી લાવીને તે મૂંગા નાથાના મુખ આગળ રાખીને તેને બોલાવી. ॥૨૦॥

ત્યારે પરમેશ્વર શ્રીહરિના પ્રતાપથી તે નાથાએ સુખપ્રદ શ્રીહરિનું ''મહારાજ'' આવું નામ ઉચ્ચાર્યું અને પછી બોલવા લાગ્યો. ॥૨૧॥

વળી શ્રીહરિએ પાર્ષદ શ્રીભગુજીને એમ કહ્યું કે ''તમે આ હસનના પગ ઉપર તમારો પગ મૂકો. પછી તમારા હાથથી તેના હાથ પકડીને-ખેંચીને તાણો.'' ત્યારે શ્રીભગુજીએ તેમના કહેવા પ્રમાણે કર્યું. ॥૨૨-૨૩॥

હે રાજન્ ! પછી તેને આગળ ચાલવાનું કહ્યું ત્યારે તે દસેક ડગલા દૂર જઇ પાછો આવ્યો અને તે પછી પ્રેમથી શ્રીહરિને પગે લાગ્યો. ॥૨૪॥

પછી શ્રીહરિએ પોતાના ભક્તોના કાળ આદિ તરફથી આવતા ત્રાસને

भ्रामयामास भक्तानां कालादित्रासभेदने ॥२५॥
तत्करस्पर्शमात्रेण तस्याऽऽस्तां वै करावुभौ ।
मनोज्ञौ न्युब्जताहीनौ राजन् ! सर्वार्त्तिहारिणा ॥२६॥
अथाऽऽस्फाल्याऽऽत्महस्तेन तस्य पृष्ठं हरिर्विभुः ।
भद्रं वाक्यं सुधाश्रेष्ठं जगादाऽऽनन्दयन्निदम् ॥२७॥
भक्तमध्यापकेनैतं सन्मतिं हसनाभिधम् ।
पाठयध्वमयं दक्षस्तेन भक्ता भविष्यति ॥२८॥
भूरिनैपुण्यसंयुक्तो लेखनेऽसौ भविष्यति ।
शक्ष्यत्येनं न वै कश्चिज्जनो जेतुं हि कर्हिचित् ॥२९॥
मूकमित्थं जनं वाचां भाषणे निपुणं हरिः ।
व्यधादात्मप्रतापेन भक्तत्राणदयार्णवः ॥३०॥
तथा पङ्गुं प्रगच्छन्तं न्युब्जताऽपेतसत्करम् ।
चकार श्रीहरी राजन् स्वौजसाऽनन्यगामिना ॥३१॥

નાશ કરનારા પોતાના હસ્ત કમળ હસનના બન્ને હાથ ઉપર ફેરવ્યા. ॥૨૫॥

હે રાજન્ ! સર્વ પીડાઓને શમાવનારા શ્રીહરિના હાથના સ્પર્શ માત્રથી જ હસનના બન્ને હાથ મનોહર થઇ ગયા અને કોઇ પણ જાતની તેમાં ખોટ ન રહી. ॥૨૬॥

પછી મહાસમર્થ શ્રીહરિએ પોતાને હાથે હસનની પીઠ થાબડી અને તેને ખુશ કરતાં થકાં અમૃત જેવું સુંદર વચન બોલ્યા. ॥૨૭॥

હે ભક્તો ! સદ્‌બુદ્ધિવાળા આ હસનને સારા અધ્યાપક પાસે ભણાવો. તેનાથી આ ઘણો જ હોશિયાર થશે. ॥૨૮॥

લેખન કળામાં આ ઘણો કુશળ થશે. તે કળામાં આનાથી કોઇ ક્યારેય આગળ વધી શકશે નહિ. ॥૨૯॥

ભક્તોની રક્ષામાં દયાના સાગર જેવા શ્રીહરિએ પોતાના પ્રતાપથી મૂંગા નાથાને વાણી બોલવામાં વિચક્ષણ કર્યો. ॥૩૦॥

હે રાજન્ ! તે રીતે જ શ્રીહરિએ બીજે ક્યાંય જોવા ન મળે તેવા પોતાના પ્રતાપથી પાંગળાને ચાલતો અને ઠૂંઠાને હાથવાળો કર્યો. ॥૩૧॥

एवं तेनाऽऽत्मभक्तानां रक्षणासक्तचेतसा ।
आधिव्याध्यादिकं सर्वं स्वाश्रितानां विनाश्यते ॥३२॥
अङ्गविक्रियतामौक्यनाशं श्रीहरिणा तयोः ।
कृतं सम्प्रेक्ष्य सन्न्यासी देवानन्दोऽव्रजन्मुदम् ॥३३॥
तद्विलोक्यैव तातस्ते जनाः सभ्यास्तथेतरे ।
गाढानुरागिणस्तस्मिन् महामोदं प्रपेदिरे ॥३४॥
ऐश्वर्यमित्थमतुलं हरिणा स्वकीयं सन्दर्शितं शुभमवेक्ष्य जनाः सदस्याः।
आनन्दनिभृतहृदोऽद्भुतमाप्नुवन्तस्तं मेनिरेऽक्षरपरं ह्यवतारहेतुम् ॥३५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतनाथहसनमभक्ताङ्गविकलतानाशादिनिरू पणं नामैकाधिकशततमोऽध्यायः ॥१०१॥

अथ द्व्यधिकशततमोऽध्यायः

नित्यानन्दयतीन्द्रेण गङ्गया विहितं च यत् ।

આ પ્રમાણે પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં તત્પર મનવાળા શ્રીહરિ પોતાના ભક્તોના આધિ (માનસી પીડા) અને રોગ વગેરે સર્વ દુઃખોનો વિનાશ કરતા હતા. ॥૩૨॥

આ રીતે શ્રીહરિએ નાથાની વિકલાંગતા ટાળી અને હસનને બોલતો કર્યો તે જોઈને સંન્યાસી શ્રીદેવાનંદ સ્વામી ખૂબ જ ખુશી થયા. ॥૩૩॥

આ બધું જોઈને તમારા પિતા શ્રીદાદાખાચર અને સભામાં બેઠેલા બીજા સહુ શ્રીહરિમાં ગાઢ હેતવાળા જે ભક્તો હતા તે અત્યંત આનંદિત થયા. ॥૩૪॥

આ રીતે શ્રીહરિએ પોતાનું અનુપમ શુભ ઐશ્વર્ય બતાવ્યું. તેને દેખીને સભામાં બેઠેલા સમગ્ર ભક્તોના હૃદય આનંદથી ભરાઈ ગયા અને અદ્‌ભુતતાને અનુભવીને શ્રીહરિને અક્ષરથી પર અને સર્વ અવતારોનું કારણ માનવા લાગ્યા. ॥૩૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૧ સમાપ્ત

कथ्यते पूजनाद्यं द्व्यधिकशततमे हरेः ॥

श्रीचैतन्यानन्द उवाच -
कल्पवृक्षोपमानस्य चतुष्कस्थस्य भूपते ! ।
अस्ति निम्बद्रुमस्याऽधो या वितर्दिर्मनोहरा ॥१॥
स तस्यामेकदा मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदच्छ्रीहरिर्युक्ते धार्मिरुत्तरदिङ्मुखः ॥२॥
तस्याऽग्रेऽथाभवद्दिव्या भूरिशोभा शुभाऽद्भुता ।
श्रीहरिं द्रष्टुकामानां मुन्यादीनां महासभा ॥३॥
नित्यानन्दाभिधोऽथाऽऽयात्सन्न्यासी तत्र शिष्ययुक् ।
गृहस्थस्वीयशिष्याप्तस्वर्णसूत्राम्बरान्वितः ॥४॥
पूजोपचारसंयुक्तपात्रहस्तेन संयुतः ।
छन्दःपद्यविधौ दक्षो वरीयांश्च विपश्चिताम् ॥५॥
कैसरेणाऽथ गन्धेन ललाटे सोऽकरोद्धरेः ।

અધ્યાય -૧૦૨

શ્રીનિત્યાનંદ યતિ અને ગંગાજીએ શ્રીહરિની પૂજા કરી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! દરબારગઢના ચોકમાં રહેલા કલ્પવૃક્ષ જેવા લીમડાના ઝાડની નીચે જે મનોહર વેદિકા (ઓટો) છે. ॥૧॥

એક વખત ધર્મપુત્ર શ્રીહરિ તે વેદિકા ઉપર પલંગ ઢાળીને સુંવાળા ગાદી તકિયાથી સજાવેલા સુંદર આસન ઉપર ઉત્તર મુખે વિરાજમાન થયા હતા. ॥૨॥

શ્રીહરિની આગળના ભાગમાં તેમના દર્શનને ચાહનારા સંતો વગેરેની અપાર શોભતી દિવ્ય અદ્‌ભુત શુભ મહાન્ સભા થઈ હતી. ॥૩॥

તે સમયે શ્રીનિત્યાનંદજી નામે એક સંન્યાસી ત્યાં આવ્યા. તેમની સાથે કેટલાક શિષ્યો હતા. તેમના ગૃહસ્થ શિષ્યોએ આપેલા સોનેરી તારવાળા વસ્ત્ર તેમણે લીધા હતા. ॥૪॥

એક હાથમાં પૂજાપાનું પાત્ર હતું. તેઓ છંદો બદ્ધ શ્લોક બનાવવામાં નિપુણ અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાતા હતા. ॥૫॥

તેમણે શ્રીહરિની સમીપે આવીને કેસરી ચંદનથી કપાળમાં પત્ર લેખા (આડ)

पत्रलेखां हि तन्मध्ये तथा काश्मीरचन्द्रकम् ॥६॥
ततस्तं धारयाञ्चक्रे स्वर्णसूत्राम्बराणि सः ।
तथा सामोदमाल्यानां हारकेयूरशेखरान् ॥७॥
महिष्ठं दाडिमं पक्वं तस्मै प्रीत्याऽथ सोऽदिशत् ।
तमस्तौच्चेश्वरं नत्वा प्रेमगद्गदया गिरा ॥८॥
कृतानि स्वेन पद्यानि हरिं सोऽश्रावयत्ततः ।
तानि श्रुत्वा हरिः प्रीतः प्रशंसां तस्य सोऽकरोत् ॥९॥
कविश्रेष्ठोऽतिनर्मज्ञो ब्रह्मानन्दोऽथ सद्गुरुः ।
श्लाघां तं तस्य कुर्वन्तं दृष्ट्वा नर्म स्मयन् व्यधात् ॥१०॥
एतत्सत्काव्यनिर्माणक्षणे स्वामिन् ! सरस्वती ।
नित्यानन्दयतेरस्य जिह्वाग्रे किं न्ववस्थिता ॥११॥
अन्यथा नूतनं काव्यं कथं स्यादीदृशं हरे ! ।
इत्याश्चर्यमहो धन्या पश्यामो ह्यखिला वयम् ॥१२॥

કરી અને વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ॥૬॥

પછી તેમણે સોનેરી તારવાળા સારા વસ્ત્ર પહેરાવ્યા અને સુગંધી ફૂલના હાર, બાજુ બંધ અને તોરા વગેરે પણ ધરાવ્યા. ॥૭॥

પછી એક મોટું પાકું દાડમ અર્પણ કર્યું અને પ્રેમભરી ગદ્ગદ વાણીથી પરમેશ્વર શ્રીહરિની સ્તુતિ કરી. ॥૮॥

પછી તેમણે સ્વયં રચેલા પદ્ય-શ્લોક શ્રીહરિને સંભળાવ્યા. તે સાંભળીને રાજી થયેલા શ્રીહરિએ તેમની પ્રશંસા કરી. ॥૯॥

તે સમયે કવિશ્રેષ્ઠ અને રમૂજના મર્મને સમજનારા સદ્ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને તેમની પ્રશંસા કરતા દેખીને હસતા હસતા રમૂજમાં શ્રીહરિને કહ્યું. ॥૧૦॥

હે સ્વામિન્ ! આવા સરસ કાવ્યની રચના સમયે તો સાક્ષાત્ સરસ્વતી દેવી શ્રીનિત્યાનંદજી યતિની જીભને ટેરવે રહ્યા લાગે છે. !!! ॥૧૧॥

હે હરે ! નહિતો આટલું સરસ નવીન કાવ્ય કેમ થાય ? આપણે સૌ આ એક આશ્ચર્ય જોઇ રહ્યા છીએ. અહો, આપણે ધન્ય છીએ ! ॥૧૨॥

सोऽवज्ञातमिवात्मानं मन्यमानोऽथ खिन्नधीः ।
नित्यानन्दो यतिश्रेष्ठस्तस्मै चुक्रोध भूपते ! ॥१३॥
तस्मै ततो बहिर्जिह्वां निष्कास्याऽदर्शयद्यतिः ।
इत्थं व्यलोकयंश्चित्रं ब्रह्मानन्दादयस्तदा ॥१४॥
तस्य चोपरि जिह्वाया वाग्देवीं ते व्यलोकयन् ।
वासोऽलङ्काराजन्तीं कौमारे वयसि स्थिताम् ॥१५॥
वादयन्तीं शुभां वीणां पाणिस्थां सुन्दरस्वराम् ।
मन्दहासमुखाम्भोजां प्रेक्षमाणां हरिं मुदा ॥१६॥
साऽथ स्तुत्वा हरिं राजन् ! पद्यैश्छन्दोमयैः शुभैः ।
पश्यतां सर्वसभ्यानां तत्रैवाऽन्तर्दधे द्रुतम् ॥१७॥
तां विलोक्येति सभ्यास्ते ब्रह्मानन्दादयोऽखिलाः ।
माहात्म्यं तस्य जानन्तश्चित्रं हर्षं च लेभिरे ॥१८॥
एकदा स हि वर्षर्तौ वेद्यां निम्बतरोरधः ।

પરંતુ શ્રીનિત્યાનંદજી યતિને તે રમૂજથી પોતાનું અપમાન લાગ્યું. મનમાં ખિન્ન થઇ ગયા. હે ભૂપતે ! તેઓએ શ્રીબ્રહ્માનંદ સ્વામીના ઉપર ક્રોધ કર્યો. ॥૧૩॥

પછી તે યતિએ પોતાના મુખમાંથી જીભ બહાર કાઢીને શ્રીબ્રહ્મમુનિને બતાવી. ત્યારે શ્રીબ્રહ્માનંદ સ્વામી આદિ સહુને આવું એક આશ્ચર્ય દેખાયું. ॥૧૪॥

તેમની જીભ ઉપર વાગ્દેવતા સરસ્વતી વિરાજતા હતા. દેવી વસ્ત્ર અલંકારોથી શોભતા હતા અને કુમારી અવસ્થામાં દેખાતા હતા. ॥૧૫॥

હાથમાં રાખેલી વીણાને સુમધુર સ્વરથી વગાડતા હતા. તેમનુ મુખકમળ મંદમંદ હસતું હતું અને આનંદથી શ્રીહરિની સામે દૃષ્ટિ રાખી રહ્યા હતા. ॥૧૬॥

હે રાજન્ ! દેવી સરસ્વતીજીએ છન્દોબદ્ધ શુભ પદ્યો બોલીને શ્રીહરિની સ્તુતિ કરી અને સહુ સભાસદો દેખે તે રીતે ત્યાં મુખમાં જ સત્વરે અંતર્ધાન થઇ ગયા. ॥૧૭॥

સરસ્વતી દેવીના દર્શન કરીને શ્રીબ્રહ્માનંદ સ્વામી વગેરે સભાસદોને તેમનું માહાત્મ્ય સમજાયું. સૌના હૃદયમાં આશ્ચર્ય સાથે આનંદ થયો. ॥૧૮॥

એક સમયે વર્ષાઋતુ હતી. લીમડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર પલંગ ઢાળીને

न्यषीदत् सोऽन्विते मञ्चे तूलिकाद्यैरु दङ्मुखः ॥१९॥
तस्याऽथाग्रे सतामासीद्भासमाना महासभा ।
देशान्तराभ्युपेतानां भक्तानां चेक्षणोचिता ॥२०॥
तेषां महासदो मध्ये रेजे गौराम्बरो हरिः ।
पूर्णश्चन्द्र इवाऽदभ्रं नक्षत्राणां सुमण्डले ॥२१॥
वृष्टौ सत्यां ततः सभ्या सभायास्तूर्णमुत्थिताः ।
वेदीमुत्तरदिग्द्वारगर्भागारस्य चारु हन् ॥२२॥
अन्धकारो महानासीदभ्रवृन्दैस्ततोऽभवत् ।
महावृष्टिस्तथापीशो स तत्रोपाविशद्धरिः ॥२३॥
प्रैक्षन्ताऽथ स्त्रियं सभ्याश्चेलालङ्कारशालिनीम् ।
जलापूर्णं घटं हैमं भास्वरं बिभ्रतीं करे ॥२४॥
दधानां चेतरे पाणौ चारु पङ्कजमालिकाम् ।
रू पलावण्यसंपन्नां महातेजोविराजिताम् ॥२५॥

સુંદર ગાદી અને તકિયા વગેરે બિછાવીને આસન તૈયાર કર્યું હતું. તે આસન ઉપર શ્રીહરિ ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા. ॥૧૯॥

શ્રીહરિના મુખારવિંદની આગળ દેશાંતરથી આવેલા ભક્તોની, દર્શન કર્યા જેવી સુંદર સોહામણી મહાન્ સભા થઇ હતી. ॥૨૦॥

નક્ષત્રોના મંડળમાં પૂર્ણ ચંદ્ર જેમ શોભે તેમ સર્વ શ્વેત વસ્ત્ર ધારી રહેલા શ્રીહરિ ખૂબ જ શોભતા હતા. ॥૨૧॥

ત્યારે વરસાદ વરસવા લાગ્યો. સભામાં બેઠેલા સહુ ઊભા થઈને ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં જતા રહ્યા. ॥૨૨॥

વાદળા ઘાટા હોવાથી અંધારું ઘણું થઇ ગયું. પછી વરસાદ ઘણો વરસ્યો છતાં શ્રીહરિ તો ત્યાં બેસી જ રહ્યા. ॥૨૩॥

સામે ઓસરીમાં રહેલા સભાસદોએ જોયું કે સારા વસ્ત્રો અને અલંકારોથી શોભતી એક સ્ત્રી (ગંગા) શ્રીહરિ પાસે આવ્યા છે. પાણીથી ભરેલો ચમકતો સોનાનો કળશ તેના હાથમાં રહ્યો હતો. ॥૨૪॥

તેના બીજા હાથમાં સુંદર કમળની માળા હતી. તે દેવી રૂપ અને લાવણ્યથી

अथाऽवतीर्य सा व्योम्नो गङ्गा प्राप्ताऽन्तिकं हरेः ।
तत्स्वर्णकुम्भनीरेण हरिं प्रीत्या ह्यसिस्नपत् ॥२६॥
साऽथ राजन् ! हृदि स्वीये पादाम्भोजे न्यधाद्धरेः ।
गन्धसन्माल्यहाराद्यैस्तमर्घ्यैरार्हयत्तथा ॥२७॥
साऽथाऽऽर्पयद्धरेः कण्ठे चारु पाथोजमालिकाम् ।
पूर्णं नानाफलैः पक्वैर्न्यधात्पात्रं पुरो हरेः ॥२८॥
तान्यभुक्ताऽथ स प्रीत्या सुधास्वादूनि भूपते ! ।
तान्यथाऽदाद्धरिस्तस्यै निजप्रासादिकानि सः ॥२९॥
प्रीत्या तद्दर्शनानन्दा तानि भुङ्क्ते स्म सा ततः ।
साऽथ सम्पश्यतां तेषां तिरोऽभूद्वै सभासदाम् ॥३०॥
तत्क्षीरसन्निभं नीरं जातं सर्वे हि तेऽखिलाः ।
दृष्ट्वा सभ्या महाश्चर्यं प्रापुरानन्दसम्प्लुताः ॥३१॥
निवृत्तायां ततो वृष्टौ बहिःशालामुपेत्य ताम् ।

સંપન્ન હતા અને મહાન્ તેજથી શોભતા હતા. ॥૨૫॥

પછી તે ગંગાજી આકાશમાંથી નીચા ઊતર્યા અને શ્રીહરિની પાસે ગયા. તેમણે સોનાના કળશમાં ભરેલા જળથી પ્રેમેસહિત શ્રીહરિને સ્નાન કરાવ્યું. ॥૨૬॥

હે રાજન્ ! પછી શ્રીગંગાજીએ શ્રીહરિના ચરણ કમળને પોતાના હૃદય ઉપર સ્થાપ્યા. સુગંધી ચંદન અને ફૂલહાર આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૭॥

પછી તેમણે શ્રીહરિના કંઠમાં સુંદર કમળનો હાર પહેરાવ્યો. અને અનેક જાતના પાકાં ફળોથી ભરેલું પાત્ર શ્રીહરિની આગળના ભાગમાં મૂક્યું. ॥૨૮॥

હે ભૂપતે ! અમૃત જેવા સ્વાદુ તે ફળોને શ્રીહરિ પ્રેમથી જમ્યા. પછી શ્રીહરિએ પોતાની પ્રસાદીના કેટલાક ફળ તેમને પાછા આપ્યા. ॥૨૯॥

શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થયેલા ગંગાજીએ તે ફળ ખાધાં. પછી તે સહુ સભાસદો દેખે તે રીતે ગંગાજી ત્યાં જ અંતર્હિત થઇ ગયા. ॥૩૦॥

તે બધું પાણી દૂધ જેવું થઇ ગયું. તે જોઇને આનંદમાં ગરકાવ થઇ ગયેલા બધા સભાસદો અત્યંત આશ્ચર્ય ચકિત થઇ ગયા. ॥૩૧॥

नित्यानन्दः स्थितं प्राज्ञस्तमप्राक्षीदिति प्रभुम् ॥३२॥
या कृत्वा तेऽर्हणं स्वामिंस्तिरोभूताऽत्र काऽस्ति सा ।
एतद् बुभुत्सवे पुण्यं वक्तुमर्हसि मेऽञ्जसा ॥३३॥
स प्राहाऽथेति तं वाक्यं सुधामाधुर्यतर्जनम् ।
अत्राऽऽप्लावयितुं गङ्गा मां हि मूर्त्ताऽऽगमन्मुने ! ॥३४॥
इति श्रुत्वा हरेर्वाचं नित्यानन्दस्तथेतरे ।
सर्वे सभ्या महानन्दाः साश्चर्याः प्राणमन् हरिम् ॥३५॥
राजंस्ततो वरचतुष्कगतं पवित्रं नीरं सुधातिमधुरं निखिला हि सभ्याः ।
प्रीत्या दधुर्निजशिरस्सु तथाऽपिबंस्ते भद्रं सुराधिपतितापसलिप्स्यमानम् ।
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

---

પછી વરસાદ બંધ થઈ ગયો. શ્રીહરિ નિંબવૃક્ષ નીચેના આસન ઉપરથી ઊઠીને ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીમાં જઈને ઊભા રહ્યા. ત્યારે મહાન્ વિચક્ષણ શ્રીનિત્યાનંદ સ્વામીએ પ્રભુ શ્રીહરિને આવું પૂછ્યું, ॥૩૨॥

હે સ્વામિન્ ! જે દેવીએ આપની પૂજા કરી અને પછી અંતર્હિત થઈ ગયા તે કોણ હતા ? આ પુણ્યરૂપ ઘટનાને હું સમજવા ચાહું છું તો આપ મને યથાર્થ રીતે કહો. ॥૩૩॥

પછી શ્રીહરિએ તેમને અમૃતની મધુરતાને પણ તિરસ્કારે એવી સુંદર વાત કહી. હે મુને ! મૂર્તિમાન્ ગંગાજી મને સ્નાન કરાવવા અહીંયાં આવ્યા હતા. ॥૩૪॥

શ્રીહરિએ કહેલી આ વાત સાંભળીને સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી અને બીજા બધા ભક્તો અત્યંત આનંદિત થયા, વિસ્મય પામ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. ॥૩૫॥

હે રાજન્ ! સર્વોત્તમ ચોકમાં જે પવિત્ર જળ હતું. તે પરમ મંગળમય હતું, અમૃત કરતાં પણ મધુર હતું અને ઈંદ્રાદિ દેવતાઓ તથા તપસ્વી લોકો પણ તેને મેળવવા ચાહતા હતા. સભામાં બેઠેલા બધા જ ભક્તોએ તે શુભ જળને માથે ચઢાવ્યું અને પ્રસાદીના રૂપમાં પીધું પણ ખરું. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૨ સમાપ્ત

माहात्म्ये नित्यानंदयतिगङ्गाविहितश्रीहरिपूजनादिनिरू पणं नाम द्व्य-धिकशततमोऽध्यायः ॥१०२॥

अथ त्र्यधिकशततमोऽध्यायः

अश्वयेति हतो गर्वो हरेर्माणिक्यवर्णया ।
कथा शततमे प्रोक्ता वीशस्य त्र्यधिके शुभा ॥

श्रीचैतन्यानन्द उवाच –
एकदा श्रीहरी राजन् ! स्वर्णसूत्रं महाधनम् ।
सुरवारं दधद्रक्तं तादृशं च शिरःपटम् ॥१॥
हेमतन्तुमयं शोणं महार्हं कञ्चुकं दधत् ।
प्रावारं तादृशं तादृग्वस्त्राबद्धकटिस्तथा ॥२॥
स्वार्णानि नद्धविद्योतन्मणिश्रेष्ठानि चादधत् ।
आभूषणानि रम्याणि भूषणाभरणाकृतिः ॥३॥
निम्बवृक्षं चतुष्कस्थं भ्रामयामास सर्वतः ।
वाहां सौवर्णपल्याणां नानालङ्कारशालिनीम् ॥४॥

અધ્યાય - ૧૦૩
માણકીને ફેરવતા શ્રીહરિના દર્શન ગરુડજીએ કર્યા અને સ્તુતિ કરીને તિરોહિત થયા

એક વખત શ્રીહરિએ સોનેરી તારવાળો લાલ રંગનો ઘણો કીમતી સુરવાળ પહેર્યો અને તેવા જ કપડાની સુંદર પાઘ મસ્તકે બાંધી. ॥૧॥

સોનેરી તારવાળો લાલ રંગનો મોંઘામૂલો જામો પહેર્યો, તેવો જ એક સુંદર ખેસ ખભા ઉપર ધાર્યો અને તેવા જ બીજા ખેસથી કમર ઉપર ભેટ વાળી. ॥૨॥

ચમકતા શ્રેષ્ઠ મણિ જડિત સોનાના સુંદર આભૂષણ પહેર્યા હતા અને ઘરેણાંને પણ શોભાડે એવી સોહામણી મૂર્તિ હતી. ॥૩॥

અનેક પ્રકારના સોનાના ઘરેણાથી શોભતી, સોનાના પલાણવાળી માણકી ઘોડી ઉપર શ્રીહરિએ સવારી કરી. પછી ઘોડીને દરબારગઢના ચોકમાં લીમડાના

चन्द्रलज्जावहास्यं तं तदा भक्ता व्यलोकयन् ।
नैकजन्मोरु पापातिप्रणाशोत्पुण्यवीक्षणम् ॥५॥
कारयन्तं तया वातं ह्युपदेष्टुमिव भ्रमिम् ।
अधीतिस्तेन किंन्वस्याव्यतर्कीत्थं जनैर्मुदा ॥६॥
एवं विधापितां रम्यां तां भ्रमिं हरिणा तया ।
वीक्ष्य भक्ता महानन्दं महाश्चर्यं च लेभिरे ॥७॥
इत्याश्चर्यं ततस्तेभ्यः स्वाश्रितेभ्यः परं हरिः ।
आनन्ददित्सया राजन् दर्शयामास सत्पतिः ॥८॥
ततस्ते विस्मयाविष्टा जना राजन् ! सहस्रशः ।
पक्षिपक्षारवं रम्यं शृण्वन्ति स्माऽद्भुतं शुभम् ॥९॥
तेऽथाऽऽसंस्तम्भिताः सर्वे तन्नादश्रवणोत्सुकाः ।

વૃક્ષની ચારે બાજુ ફેરવી. ॥૪॥

ચોતરફ ઊભેલા ભક્તો દર્શન કરતા હતા. પૂર્ણચંદ્રને પણ ઝાંખો પાડી દે એવી તો તેમના મુખની આભા હતી. અનેક જન્મના પાપ પૂંજને નાશ કરનારું તેમનું અતિ પુણ્યરૂપ દર્શન હતું. ॥૫॥

ઘોડી એટલી બધી ઝડપથી ચક્રાકારે દોડતી હતી કે માનો શ્રીહરિ પવનને પણ ગોળાકારમાં ગતિ કરવાનું શીખવતા હતા. અને પવને પણ શ્રીહરિની ઘોડી પાસેથી ચક્રાકારે ભ્રમણ શીખી લીધું હશે, એમ હરખથી લોકો ઊભા ઊભા કલ્પના કરતા હતા. ॥૬॥

શ્રીહરિએ ઘોડીને કુંડાળામાં એવી તો ઝડપથી સુંદર રીતે ફેરવી કે તે જોઇને ભક્તજનો અત્યંત પ્રસન્ન થયા અને વિસ્મય પામ્યા. ॥૭॥

હે રાજન્ ! ભક્તોને આનંદિત કરવાની ઈચ્છાથી સત્પતિ શ્રીહરિએ ઉપર કહ્યા મુજબ તેમને આશ્ચર્યકારી દર્શન કરાવ્યા. ॥૮॥

હે રાજન્ ! આ રીતે હજારો ભક્તો શ્રીહરિના દર્શન કરીને આશ્ચર્ય ચકિત થયા જ હતા તેટલામાં તે સહુને રમણીય અદ્‌ભુત અને શુભ આવો પંખીની પાંખ ગાજતી હોય તેવો અવાજ સંભળાયો. ॥૯॥

આ અવાજ શેનો અને ક્યાંથી આવે છે તેમ જાણવામાં ઉત્સાહ ધરાવતા

तत्राऽऽयाच्चित्रकृत्तावत्पक्षी निम्बतरोरधः ॥१०॥
बृहत्स्तोमान्वितः श्रीमत्स्वर्णपक्षातिभास्वरः ।
चारु चञ्चूल्लसद्वक्त्रः पक्षिराजो मनोजवः ॥११॥
तादृशं वैनतेयं तं ते विलोक्याऽद्भुतेक्षणम् ।
भक्ता विश्व अहो इत्थं शब्दं प्राहुर्महामुदः ॥१२॥
तं तथाऽपि द्विजाधीशं सपश्यन्नद्भुतोदधिः ।
गतिं नानाविधां रम्यां कारयामास वै तया ॥१३॥
स द्विजेन्द्रोऽथ तं राजन् प्राणमत्प्रेमसम्प्लुतः ।
कृपापीयुषवर्षिण्या ततोऽपश्यत्स तं दृशा ॥१४॥
सुखेक्षार्थं ततस्तस्य श्रीहरिः सोऽवतारभृत् ।
तस्याश्चोत्तीर्य वाजिन्यास्तस्थौ तत्राऽद्भुतेक्षणः ॥१५॥
स स्वजात्यनुकुर्वाणं शब्दं कुर्वन् मुदा ततः ।

સહુ લોકો થોડી વાર તો સજ્જડ ઊભા જ રહ્યા. તે વખતે ત્યાં કોઇ એક આશ્ચર્યજનક પંખી નિંબવૃક્ષની નીચે આવીને ઊતર્યું. ॥૧૦॥

અતિ ભવ્ય સોનેરી પાંખથી તે તેજસ્વી જણાતું હતું. બૃહત્સ્તોમ (સ્તોત્ર ગાન) નો ધ્વનિ તેની પાંખોમાં ગુંજતો હતો. રમણીય ચાંચથી તેનું મુખ દેદીપ્યમાન લાગતું હતું. તેનો વેગ મનના જેવો ઝડપી હતો. તે પક્ષિરાજ ગરુડ હતા. ॥૧૧॥

અતિશય અદ્‌ભુત દેખાતા આવા ગરુડના દર્શન કરીને બધા ભક્તો ખૂબ જ રાજી થયા. અહો, અહો !!! આવો શબ્દ બોલવા લાગ્યા. ॥૧૨॥

અદ્‌ભુતતાના સાગર જેવા શ્રીહરિએ ગરુડજીને જોયા છતાં પણ તેમણે ઘોડીને અનેક પ્રકારની રમણીય ચાલમાં ચલાવી. ॥૧૩॥

હે રાજન્ ! પ્રેમ રસથી તરબોળ થઇ ગયેલા ગરુડજીએ શ્રીહરિને પ્રણામ કર્યા. પછી શ્રીહરિએ કૃપારૂપી અમૃતને વરસાવનારી દૃષ્ટિથી ગરુડજીની સામે જોયું. ॥૧૪॥

તે વખતે ગરુડજીને સુખરૂપે દર્શન થાય એટલા માટે શ્રીહરિ ઘોડીએથી નીચા ઊતરી ગયા અને અદ્‌ભુત દર્શન આપતા શ્રીહરિ ત્યાં ઊભા રહ્યા. ॥૧૫॥

તે પછી ગરુડજીએ પણ આનંદોત્સાહમાં પોતાની જાતિનો શબ્દ કરીને

तस्य प्रदक्षिणां भक्त्या सप्तकृत्वोऽकरोद्धरेः ॥१६॥

पदकमलयुगे ततस्तदीये स हि पतितो भुवि दण्डवद्ववन्दे ।
सकलकलिमलक्लमादिलोपे जनिमृतिभीतिविरादरणे शरण्ये ॥१७॥
असुखततिहरे च पूज्यमाने विधिवदनेकसुरेश्वरप्रमुख्यैः ।
मदनमदभयप्रमादमुख्यान् क्षयमखिलान्नयति द्विषोऽन्तरस्थान् ॥१८॥
इह भुवि निपुणा विमुक्तिकामाः सततमतिप्रणयेन ये भजन्ति ।
यदुदकमखिलं पुनाति विश्वं शिरसि शिवत्वमगाद्दधच्छिवो यत् ॥१९॥
इत्थं द्विजेन्द्रोऽथ महानुभावं वचोऽब्रवीच्चारु तरं हरिं तम् ।
निषेवणीयं निगमागमज्ञैस्तथा समग्रोपनिषत्प्रगीतम् ॥२०॥
अगण्यकल्याणगुणादियुक्तं मानुष्यनाट्यानुकृतिं भवन्तम् ।
कृतान्तमायापुरुषेश्वरादेर्नियामकं त्वामवतारहेतुम् ॥२१॥

ભક્તિભાવથી શ્રીહરિને સાત પ્રદક્ષિણા કરી. ॥૧૬॥

શ્રીહરિના ચરણારવિંદ કળિયુગના સમગ્ર પાપ અને થાક જેવા દોષોને નાશ કરનારા છે, જન્મ અને મરણના ભયને ટાળનારા અને શરણાગતનું રક્ષણ કરનારા છે. ગરુડજી તે ચરણારવિંદ આગળ જમીન ઉપર ઢળી પડીને દંડવત પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૭॥

આપ શ્રીહરિના ચરણારવિંદ દુઃખ પરંપરાનો નાશ કરનારા છે, અનેક મુખ્ય દેવાધિદેવોએ પણ જેની યથાવિધિ પૂજા કરી છે, કામ, ગર્વ, ભય, પ્રમાદ આદિ સમગ્ર અંતઃશત્રુઓનો વિનાશ કરે છે. ॥૧૮॥

આ ભૂમિ ઉપર જે વિચક્ષણ મુમુક્ષુઓ છે તે અત્યંત પ્રેમથી આપના ચરણકમળને સેવે-ભજે છે. જેના સંબંધને પામેલું ગંગાજળ આખા વિશ્વને પવિત્ર કરે છે અને તેને મસ્તક ઉપર ધારણ કરીને શંકર પણ શિવપણું પામ્યા છે. ॥૧૯॥

પક્ષિરાજ ગરુડજીએ આવી રીતના અત્યંત મહિમાપૂર્ણ સુંદર વચન મહાન્ પ્રભાવપૂર્ણ શ્રીહરિની આગળ કહ્યા. તે વચન વેદ અને શાસ્ત્રને જાણનારાઓએ પણ વિચાર્યા જેવા છે અને સમગ્ર વેદાંતના સારરૂપ કહ્યા છે. ॥૨૦॥

ગરુડજીએ કહ્યું, આપ અસંખ્ય કલ્યાણકારી ગુણ, વિભૂતિ ઐશ્વર્યાદિથી યુક્ત છો, અહીં તો આપ માત્ર લીલાઓ કરી રહ્યા છો, આપ કાળ, માયા, પુરુષ

साक्षात्परं ब्रह्म हरे ! हि जाने परं परादक्षरतः स्वतन्त्रम् ।
उपास्यमानं प्रणयेन मुक्तैर्ब्रह्मात्मभिः सद्‌गुणराजमानैः ॥२२॥
गर्वः पुरोऽस्या निखिलो मदीयो माणिक्यावर्णाऽतिविराजितायाः ।
मनोजवाया भगवंस्तुरङ्ग्या लयं गतो नाथ ! मनोहरायाः ॥२३॥
ततस्तद्दर्शनाह्लादस्तिरोऽभूत्स पतत्रिराट् ।
सच्चिदानन्दमुख्यास्तं समाधिस्था व्यलोकयन् ॥२४॥
अथ प्रोचे तदाश्चर्यं गृही भक्तः समाधिमान् ।
जयां योषां च राजन्तीं भूपते ! ललितां तथा ॥२५॥
तदिति हरिमहत्वबोधबीजं दुरितभरच्छिदुरं श्रुतिप्रगानम् ।
भवभयभिदुरं ययुर्मुदं ताः पुरु तरविस्मितचेतसो हि राजन् ! ॥२६॥
इति गरुडमहर्षिशेषवेधोभवसुरराजमुखा हरेर्विधातुम् ।

અને ઈશ્વર(બ્રહ્માદિ) આદિના નિયામક છો અને સર્વ અવતારોનું કારણ છો. ॥૨૧॥

હે હરે ! આપ પર અક્ષરથકી પણ પર અને સ્વતંત્ર પરબ્રહ્મ છો, જ્ઞાન વૈરાગ્યાદિ સર્વ સદ્‌ગુણોથી સંપન્ન બ્રહ્મનિષ્ઠ સત્પુરુષો અને મુક્તો પણ આપની પ્રેમથી ઉપાસના કરે છે, એમ હું માનું છું. ॥૨૨॥

હે ભગવન્ ! હે નાથ ! માણેકના સમાન રંગની, મનના સમાન વેગવાળી અને મનોહર આપની આ માણકી ઘોડી આગળ મારો બધો જ ગર્વ ગળી ગયો છે. ॥૨૩॥

પછી શ્રીહરિના દર્શનથી ખૂબ જ ખુશ થયેલા તે પક્ષિરાજ ગરુડજી તિરોહિત થઈ ગયા. શ્રીસચ્ચિદાનંદ સ્વામી આદિ સમાધિવાળા એ તેમને દેખ્યા. ॥૨૪॥

હે ભૂપતે ! પછી કોઈ એક સમાધિવાળા ગૃહસ્થ ભક્તે જીવુબા (મોટીબા), લાડુબા અને રાજબાઈ, ત્રણેય બહેનોને આ આશ્ચર્યકારી વાત કહી. ॥૨૫॥

હે રાજન્ ! આ રીતે શ્રીહરિના અપાર મહિમાને સમજવામાં કારણરૂપ, અપાર પાપોનો નાશ કરનારું, વેદની શ્રુતિઓમાં ગવાયેલ અને સંસારમાં રજળપાટના ભયને ટાળનારું શ્રીહરિનું ઐશ્વર્ય સાંભળીને તે બધી બહેનોના અને બીજા ભક્તોના મનમાં ઘણો જ વિસ્મય થયો અને તેઓ અપાર આનંદને પામ્યા. ॥૨૬॥

ઉપર કહ્યા મુજબ આ ગઢપુરમાં ગરુડજી, મોટા મહર્ષિઓ, શેષજી,

सुखकरमभिदर्शनं सुपुण्यं मुहुरिह संततमाव्रजन्ति यान्ति ॥२७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्येश्रीहरिदिदृक्षुगरु डाऽऽगमनादिनिरू पणं नाम त्र्यधिकशततमोऽध्यायः ॥१०३॥

अथ चतुरधिकशततमोऽध्यायः

यवनानां च जैनानां तत्तदिष्टदृशेः कथा ।
प्रोक्ता शततमे हरेरिच्छया चतुरु त्तरे ॥

श्रीचैतन्यानन्द उवाच -
चतुष्के निम्बसद्वृक्षवेद्याः प्राच्यां हरिर्नृप ! ।
न्यषीदन्मञ्चके युक्ते कोमलैस्तूलिकादिभिः ॥१॥
नीराजनेऽथ संजाते सायंकाले रमापतेः ।
तन्नामकीर्तनं चक्रुर्भक्तास्तेन सहोच्चकैः ॥२॥
कश्चिद् म्लेच्छोऽथ तत्राऽऽयात् ख्यातोऽलिमामदाख्यया ।

બ્રહ્માજી, શંકર અને દેવરાજ ઈંદ્ર ઈત્યાદિ શ્રીહરિના સુખકારી અને પવિત્ર દર્શન કરવા નિરંતર આવતા રહેતા અને દર્શન કરીને પાછા જતા હતા. ॥૨૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૩ સમાપ્ત

અધ્યાય - ૧૦૪

મુસલમાનોને પેગંબરના અને જૈનોને તીર્થંકરોના દર્શન કરાવ્યા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, દરબારગઢના ચોકમાં રહેલા સર્વોત્તમ નિંબવૃક્ષની નીચેના ઓટાથી પૂર્વ દિશામાં પલંગ ઉપર સુંવાળા ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

ભગવાનની સંધ્યા આરતી થઈ રહી. પછી સંત હરિભક્તો શ્રીહરિની સાથે ઊંચે સ્વરે ''નારાયણ'' ધૂન કરતા હતા. ॥૨॥

તે સમયે દરબાર શ્રીજીવાખાચરની સાથે એક અલી મહમદનામનો

जीववर्मक्षितीशेन युक्तोऽथ प्राणमद्धरिम् ॥३॥
स प्राहाऽथेति तं धार्मिं दिदृक्षा मे हि वर्तते ।
समाधेस्तं ततो मह्यं दर्शय त्वं दयानिधे ! ॥४॥
अथाऽऽहूय हरिः प्रीत्या सच्चिदानन्दयोगिनम् ।
समाधिं कारयाञ्चक्रे दृष्टिमात्रेण तं मुनिम् ॥५॥
मुहुर्तं सोऽथ संतस्थे समाधौ श्रीहरिस्ततः ।
तद्देहेऽस्पर्शयद्राजंश्चारु यष्टिं करस्थिताम् ॥६॥
अथोत्थाय व्यधाद्वार्तां समाधेस्तर्हि सद्वरः ।
यावन्या भाषया सार्द्धं तेन म्लेच्छेन भूपते ! ॥७॥
यो यः पिगाम्बरो जातो यत्र यत्र स देशके ।
तस्य तस्याऽकरोद्वार्तां तत्तद्देशीयभाषया ॥८॥
सोऽपठत् कलमान् योगी चतुर्विंशतिसम्मितान् ।
तं सोऽनमत्ततो भक्त्या पतित्वा तस्य पादयोः ॥९॥

મુસલમાન ત્યાં આવ્યો અને તેણે શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૩॥

પછી તેણે ધર્મપુત્ર શ્રીહરિને કહ્યું, હે દયાનિધે ! મને સમાધિ જોવા - અનુભવવાની ઈચ્છા છે તો આપ મને તે બતાવો. ॥૪॥

પછી શ્રીહરિએ પ્રેમથી સદ્‌ગુરુ શ્રીસચ્ચિદાનંદજી યોગીને બોલાવ્યા, અને તેની સામે દૃષ્ટિ કરીને તેને સમાધિ કરાવી. ॥૫॥

હે રાજન્ ! શ્રીસચ્ચિદાનંદ સ્વામી એક મુહૂર્ત (૪૮ - મિનિટ) સુધી સમાધિમાં રહ્યા. પછી શ્રીહરિએ પોતાના હાથમાં રહેલી સુંદર સોટી તે સ્વામીને અડાડી. ॥૬॥

પછી તે મુનિવર્ય સમાધિમાંથી જાગ્રત થયા અને મુસલમાનોની અરબી ભાષામાં તે મુસલમાનને સમાધિના અનુભવની વાત કહેવા લાગ્યા. ॥૭॥

જે જે પેગંબર જે જે દેશમાં થયા હતા, તે તે દેશની ભાષામાં તેની વાત સ્વામી કરવા લાગ્યા. ॥૮॥

સ્વામીએ તેની આગળ ચોવીશ જેટલા કલમા બોલી બતાવ્યા. પછી તે અલી મહમદ સ્વામીના ચરણમાં ભક્તિભાવથી નમી પડીને પગે લાગ્યો. ॥૯॥

यावदुत्तिष्ठति प्रीतस्तावत्सोऽगाद्धरीच्छया ।
हेतुमेव महाशान्तेः समाधिं योगिदुर्लभम् ॥१०॥
तत्राऽथ श्रीहरिं राजंस्तेजःपुञ्जातिराजितम् ।
सौन्दर्यादिमहाम्भोधिं दिव्यवासोविभूषणम् ॥११॥
पिगाम्बरानथाऽपश्यच्चतुर्विंशतिसम्मितान् ।
स मूर्तौ श्रीहरेर्लीनान् भ्राजितायां महौजसः ॥१२॥
अथ ज्ञात्वा स तं साक्षाद्भगवन्तं परात्परम् ।
तस्याऽऽश्रयं दृढं पुण्यं व्यधान्मुक्तिप्रदं शुभम् ॥१३॥
ततो माणिक्यवर्णाया हय्या जातं तुरङ्गमम् ।
भूरिमूल्यं स पित्रा ते तस्मै सोऽदीदपद्धरिः ॥१४॥
ततो ददत् स तन्मूल्यं रू प्यमुद्राः सहस्रशः ।
अस्याऽश्वस्येत्यवोचत्तं मूल्यं गन्ताऽस्म्यतोऽधिकम् ॥१५॥
ततो हरिस्तमित्यूचे त्वया त्वेतस्य वाजिनः ।

મનમાં રાજી થયેલો તે જ્યારે ઊભો થયો તે વેળાએ જ શ્રીહરિની ઇચ્છાથી તેને મહાશાંતિના મૂળભૂત યોગિદુર્લભ સમાધિ થઇ. ॥૧૦॥

હે રાજન્ ! સમાધિમાં અલી મહમદને તેજના પુંજમાં વિરાજમાન, સૌંદર્ય આદિ ગુણોના સાગર જેવા અને દિવ્ય વસ્ત્ર તથા આભૂષણોથી શોભતા આવા શ્રીહરિના દર્શન થયા. ॥૧૧॥

વળી તેને ચોવીશ જેટલા મહાન્ તેજસ્વી પેગંબરો શ્રીહરિની સુંદર સોહામણી મૂર્તિમાં લીન થતા હોય તેવા દર્શન થયા. ॥૧૨॥

આથી તેણે શ્રીહરિને પરાત્ પર, મોક્ષદાતા, સાક્ષાત્ ભગવાન જાણ્યા. અને તેમનો પવિત્ર શુભ આશ્રય કર્યો. ॥૧૩॥

પછી શ્રીહરિએ માણકી ઘોડીનો ઘણો કીમતી વછેરો હતો તે તમારા પિતા શ્રીદાદાખાચરને હાથે તે અલીમહમદને અપાવ્યો. ॥૧૪॥

પછી તે વછેરાની કિંમતના રૂપમાં રૂપિયા આપતા આપતા બોલ્યો, ''આ વછેરાની કિંમત તો હજારો રૂપિયા થાય, અને હું જે આપું તેના કરતાં મને તો આની કિંમત વધારે જ મળશે.'' ॥૧૫॥

कुलीनस्य सुशीलस्य सहस्त्रं रू प्यमुद्रिकाः ॥१६॥
त्वं तु चैतस्य मूल्यस्य दशसाहस्त्रसम्मिताः ।
धीमन्नल्पेन कालेन लप्स्यसे रू प्यमुद्रिकाः ॥१७॥
भगवन्तं स तं ज्ञात्वा हरिं श्रित्वाऽभवप्रदम् ।
गायन् गुणान् हरेर्दिव्यान् प्रागात्स्वावासमुत्सुकः ॥१८॥
ततो राज्ञे स कस्मैचित् प्रादादश्वं तमुत्तमम् ।
अथाऽदाद्दशसाहस्त्रं स तस्मै रू प्यमुद्रिकाः ॥१९॥
ग्राममेकं तथा तस्मै सोऽत्युदारोऽदिशन्नृपः ।
मुक्तामालामथ श्रेष्ठां प्राहिणोद्धरये हि सः ॥२०॥
निम्बद्रुमादथोदीच्यां चतुष्के स ह्युपाविशत् ।
तूलिकाद्यन्विते मञ्चे सायं नीराजनोत्तरम् ॥२१॥
नानासुगन्धिमाल्यानां सुन्दरं सुरवारकम् ।
उष्णीषं चोत्तरासङ्गं गुच्छहारादिकं दधत् ॥२२॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું આ વછેરો કુલવાન અને સુશીલ છે, તમે આની કિંમત એક હજાર રૂપિયા આપો. ॥૧૬॥

હે ધીમન્ ! તમે તો થોડા સમયમાં જ આની કિંમતના દસ હજાર રૂપિયા મેળવશો. ॥૧૭॥

પછી તે શ્રીહરિને મોક્ષદાતા ભગવાન જાણીને આશ્રિત થયો અને શ્રીહરિના દિવ્ય ગુણોને ગાતો ગાતો ઉત્સાહમાં પોતાને ઘેર આવ્યો. ॥૧૮॥

પછી તે વછેરો મોટો થયો ત્યારે તેણે તે શ્રેષ્ઠ ઘોડો કોઇ રાજાને આપ્યો. તે ઉદાર રાજાએ તેને તેના દસ હજાર રૂપિયા રોકડા આપ્યા અને એક ગામ આપ્યું. પછી તે અલી મહમદે એક સારી કીમતી મોતીની માળા શ્રીહરિને માટે મોકલી હતી. ॥૧૯-૨૦॥

દરબારગઢના ચોકમાં લીમડાના ઝાડથી ઉત્તર તરફના ભાગમાં સાંજે આરતી થયા કેડે ગાદી તકિયા બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨૧॥

તે વખતે ફૂલના શણગાર, એટલે સુગંધી ફૂલોનો સુંદર સુરવાળ, મસ્તક

सारकेसरगन्धेन चर्चिताङ्गो मनोहरः ।
वीजितस्तालवृन्ताभ्यां पार्षदाभ्यां च पार्श्वयोः ॥२३॥
नानादेशान्तरीयाणां मुन्यादीनां च भूपते ! ।
पुण्येक्षणा ततो दिव्या तस्याऽग्रेऽभून्महासभा ॥२४॥
आवन्तेयो वणिक् तावत् केसरिसिंहसंज्ञितः ।
तीर्थयात्रां क्षितौ कुर्वन् प्रतापं चाऽशृणोद्धरेः ॥२५॥
स ततस्तैर्थिकैर्लोकैः सहस्रद्वयसम्मितैः ।
एत्य दुर्गपुरं युक्तो न्यवात्सीद्वै पुराद्बहिः ॥२६॥
अथाऽऽयाच्छ्रीहरीक्षार्थं सायं नीराजनोत्तरम् ।
युक्तस्ततोऽनमत्प्रीत्या भूरिभिस्तैर्थिकैर्हरिम् ॥२७॥
समाचारांस्ततस्तस्य स तं पृष्टोऽब्रवीदिदम् ।
आयात् साधुस्तवाऽवंत्यामखण्डानन्दसंज्ञितः ॥२८॥

ઉપર પાઘ, ખેસ અને હાર ગુચ્છ વગેરે ફૂલોના જ, ધારણ કર્યા હતા. ॥૨૨॥

સુગંધી કેસરી ચંદનની રમણીય અર્ચા અંગો ઉપર કરી હતી. મૂર્તિ મનોહર હતી. બે પડખે બે પાર્ષદ ઊભા રહીને પંખાથી પવન નાખતા હતા. ॥૨૩॥

હે ભૂપતે ! શ્રીહરિની આગળના ભાગમાં અનેક પ્રદેશોમાંથી આવેલા હરિભક્તો અને સંતો વગેરેની, દર્શન કરવામાત્રથી પવિત્ર કરનારી દિવ્ય મહાસભા બેઠી હતી. ॥૨૪॥

તે સમયમાં ઉજ્જૈનનો કેસરીસિંહનામે એક વેપારી વણિક ભૂમિ ઉપરના તીર્થોની યાત્રા કરવા નીકળ્યો હતો, અને તેણે રસ્તામાં શ્રીહરિના પ્રતાપ - મહિમા ની વાત સાંભળી. ॥૨૫॥

પછી તે બે હજાર જેટલા યાત્રિકોના સંઘ સાથે ગઢપુર આવ્યો અને તેણે ગામથી બહાર તંબૂ ઊભા કરી ઉતારો કર્યો. ॥૨૬॥

પછી તે સાંજે આરતી થયા કેડે ઘણા યાત્રિકોની સાથે શ્રીહરિના દર્શન કરવા દરબારગઢમાં આવ્યો. અને પ્રેમથી દર્શન કરીને પગે લાગ્યો. ॥૨૭॥

પછી શ્રીહરિએ તેના કુશળ સમાચાર પૂછ્યા. ત્યારે તેણે શ્રીહરિ આગળ વાત કહી. મહારાજ ! શ્રીઅખંડાનંદ નામે આપના એક સાધુ ઉજ્જૈન આવ્યા હતા. ॥૨૮॥

सत्सङ्गं तत्पुरोद्याने तस्य चाऽकरवं त्वहम् ।
सोऽकारयत्ततो भूमन् ! समाधिं मां दयानिधिः ॥२९॥
तत्र तीर्थङ्करान् रम्यांश्चतुर्विंशतिसम्मितान् ।
मां स प्रदर्शयाञ्चक्रे जीवजातहितावहः ॥३०॥
ततस्तस्मै मयेत्युक्तं मां समाधिं विना गुरो ! ।
दर्शनं त्वं शुभं तेषां मां विधापय शान्तिदम् ॥३१॥
स प्राहाथेति मां वाक्यं तत्प्रत्यक्षेक्षणैषणा ।
तव स्याच्चेत्त्वयाऽऽगम्यं श्रीमद्दुर्गपुरं वणिक् ॥३२॥
तत्र साक्षात्तदीक्षां ते स्वामिनारायणो हरिः ।
कारयिष्यति वै धीमन्नस्माकं परमो गुरुः ॥३३॥
तेनेत्युक्तेऽत्र चायातस्त्वद्दिदृक्षोत्कमानसः ।
तीर्थयात्रामिषेणाऽहं भवत्साधोरनुग्रहात् ॥३४॥
तस्माद् गुरोर्मदीयस्य सर्वसद्गुणशालिनः ।
अखण्डानन्दसंज्ञस्य प्राङ् मां कारय दर्शनम् ॥३५॥

ત્યારે શહેરની બહાર બગીચામાં તે સંતોનો સમાગમ કરવા હું જતો હતો. હે ભૂમન્ ! દયાનિધિ તે સંતે મને સમાધિ કરાવી. ॥૨૯॥

જીવ પ્રાણિમાત્રનું હિત કરનારા તે સ્વામીએ મને સમાધિમાં મનોહર ચોવીશ તીર્થંકરોના દર્શન કરાવ્યા. ॥૩૦॥

પછી મેં તેમને કહ્યું "હે ગુરો ! સમાધિ કરાવ્યા વિના જ મને તે તીર્થંકરોના શુભ શાંતિદાયી દર્શન કરાવો." ॥૩૧॥

ત્યારે તે સ્વામી શ્રીઅખંડાનંદજીએ મને કહ્યું, શેઠ ! જો તમારે પ્રત્યક્ષ તીર્થંકરોના દર્શન કરવાની ઇચ્છા થતી હોય તો તમે ગઢપુર આવો. ॥૩૨॥

હે ધીમન્ ! ગઢપુરમાં અમારા પરમ-સર્વોત્તમ ગુરુ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ તમને તીર્થંકરોના સાક્ષાત્ દર્શન કરાવશે. ॥૩૩॥

સ્વામીએ આવું કહ્યું તે પછી હું તે સંતની દયાથી જ મનમાં આપના દર્શન કરવાની ઇચ્છા રાખીને તીર્થયાત્રાને બહાને અહીંયાં આવ્યો છું. ॥૩૪॥

માટે પહેલા તે સર્વસદ્ગુણસંપન્ન મારા ગુરુ શ્રીઅખંડાનંદ સ્વામીના મને

स प्राहाऽथेति तं वाक्यं स्वं देहं पाञ्चभौतिकम् ।
त्यक्त्वा धामाऽक्षरं यातो महातेजोमयं परम् ॥३६॥
तथाप्यस्यां समज्यायां निषण्णो दिव्यविग्रहः ।
सोऽस्त्युत्थाय हि पश्य त्वं तं द्रक्ष्यसि ते गुरु म् ॥३७॥
अथोत्थायाऽखिलां पश्यन् स निषद्यां निजं गुरु म् ।
तं मुक्तानन्दसद्वर्यब्रह्मानन्दान्तरं स्थितम् ॥३८॥
महातेजोमयाकारं प्रशान्तं पुण्यदर्शनम् ।
विलोक्याऽऽनन्दमापन्नः प्राणमत् सज्जनप्रियम् ॥३९॥
स प्रकोष्ठं ततस्तस्य न्यस्य हस्ते हरेर्मुदा ।
तिरोऽभूत्सत्त्वरं तेषां सदस्यानां हि पश्यताम् ॥४०॥
ततस्तेजो हरेर्निर्यद्भूयिष्ठं दिव्यविग्रहात् ।

દર્શન કરાવો. ॥૩૫॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે "શ્રી અખંડાનંદ સ્વામી તો પોતાના પાંચભૌતિક દેહનો ત્યાગ કરીને મહાન્ તેજોમય સર્વોત્તમ અક્ષરધામમાં ગયા છે. ॥૩૬॥

છતાં પણ તેઓ આ સભામાં દિવ્ય દેહે રહ્યા છે. માટે તમે ઊભા થાઓ. સભામાં જુઓ. તમને ચોક્કસ તમારા ગુરુના દર્શન થશે." ॥૩૭॥

પછી તે શેઠ ઊભા થયા. આખી સભામાં દૃષ્ટિ ફેરવીને તે પોતાના ગુરુને ખોળવા લાગ્યા. ત્યારે તેમને સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી, આ બે સદ્‌ગુરુઓની વચ્ચે બેઠેલા શ્રીઅખંડાનંદ સ્વામીના દર્શન થયા. ॥૩૮॥

સ્વામીનું સ્વરૂપ અત્યંત તેજોમય હતું. મુખમુદ્રા શાંત હતી, દર્શન પુણ્યરૂપ હતા. તે વેપારી કેસરીસિંહે સ્વામીના દર્શન કર્યા. સંતોના પ્રિય તે સ્વામીને તેણે પ્રણામ કર્યા. ॥૩૯॥

પછી શ્રીઅખંડાનંદ સ્વામીએ તે શેઠના હાથનું કાંડું પોતાના હાથે પકડીને શ્રીહરિના કરકમળમાં સોંપી દીધું. સહુ સભાસદો દેખે તે રીતે સત્વરે સ્વામી અદૃશ્ય થઈ ગયા. ॥૪૦॥

પછી શ્રીહરિની દિવ્ય મૂર્તિમાંથી અપાર તેજ પ્રકટ થયું. તેને દેખીને તે

स दृष्ट्वा विस्मयाविष्टो मुदं लेभे महीयसीम् ॥४१॥
तीर्थङ्करांस्ततोऽपश्यत्स तस्यैवेच्छया हरेः ।
चतुर्विंशतिसंख्यातान् प्राणमत्तानथोत्सुकः ॥४२॥
स प्राहाऽथेति तं प्रीतः श्रीहरिं प्राञ्जलिर्वचः ।
त्वत्प्रसादेन यातोऽहं कृतार्थत्वं दयानिधे ! ॥४३॥
पृथक् पृथक् ततस्ते तं प्राहुस्तीर्थङ्करास्त्विदम् ।
पर्यायेण वणिग्वर्यं प्रीत्यैवं स्वानुरागिणम् ॥४४॥
यर्हि भक्तस्त्वमस्माकं दम्भकापट्यवर्जितः ।
त्वं निदेशं तथैतं नः पथ्यं मन्यस्व शान्तिदम् ॥४५॥
अस्माकं चाक्षरादीनां हेतुमाश्रयमुक्तिदम् ।
स्वामिनारायणं चैतं सद्‌गुणादिमहोदधिम् ॥४६॥
लेभिरे ते तमित्युक्त्वा श्रीहरौ तत्र लीनताम् ।
आश्रयत् सोऽथ तं प्रीत्या केसरिसिंहसंज्ञितः ॥४७॥

વેપારી અત્યંત વિસ્મિત થયા અને અમાપ આનંદ પામ્યા. ॥૪૧॥

પછી તે શ્રીહરિની જ ઈચ્છાથી તેને ચોવીશ તીર્થંકરોના દર્શન થયા. અને અતિ ઉત્સાહિત થયેલા તેણે તે તીર્થંકરોને પ્રણામ કર્યા. ॥૪૨॥

પછી મનમાં ખુશ થયેલા તે વણિકે શ્રીહરિને હાથ જોડ્યા અને કહ્યું. હે દયાનિધે ! હું આપના રાજીપાથી કૃતાર્થ થયો છું. ॥૪૩॥

તે પછી તે બધા તીર્થંકરોએ પોતાને વિષે પ્રેમ રાખનારા તે વણિકને અનુક્રમે પ્રેમથી અલગ અલગ આ પ્રમાણે કહ્યું કે જો તું નિર્દંભ અને નિષ્કપટ અમારો ભક્ત હોય તો જે તારું હિતકરનારી અને શાંતિ આપનારી આ અમારી આજ્ઞા છે તેને માનજે. ॥૪૪-૪૫॥

આ શ્રીસ્વામિનારાયણ ભગવાન્ સર્વસદ્‌ગુણો, વિભૂતિ અને ઐશ્વર્ય વગેરેના મહાસાગર છે અને અમારા તથા અક્ષર આદિના કારણ છે આશ્રય છે અને સહુના મોક્ષદાતા છે. ॥૪૬॥

તે કેસરીસિંહ વણિકને આટલું કહીને બધા તીર્થંકરો શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ ગયા. પછી તેણે પ્રેમથી શ્રીહરનો આશ્રય ગ્રહણ કર્યો. ॥૪૭॥

ऐश्वर्यमित्थमतुलं च हरेरु दारं ते श्रावकाः शुभमुदीक्ष्य सहस्त्रशस्तत् ।
त्यक्त्वा मतं निजमबोधमयं हि राजंस्तस्याऽऽश्रयंश्चरणपङ्कजमार्त्तिहारम्

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितपिगाम्बरतीथङ्करादिदर्शननिरू पणं नाम चतुरधिक शततमोऽध्यायः ॥१०४॥

अथ पञ्चाधिकशततमोऽध्यायः

तीर्थङ्करान् प्रदर्श्याऽऽदौ माण्डव्यधारखेटके ।
विजिग्येऽरीन् हरिः पञ्चोत्तरशततमे भटैः ॥

श्रीचैतन्यानन्द उवाच –

पराह्णेऽथान्यघस्त्रस्य न्यषीदन्निम्बभूरु हात् ।
चतुष्के दक्षिणशायां चारु सिंहासने हरिः ॥१॥
शुभ्राम्बराणि बिभ्राणः पूर्वदेशानुसारिणीम् ।
टोपीं च मस्तके रम्ये राजन् ! बिभ्रन्मनोहराम् ॥२॥

તે હજારો જૈનોએ શ્રીહરિનું આવું અમાપ અને વિશાળ શુભ ઐશ્વર્ય દેખ્યું. હે રાજન્ ! પછી તેમણે અજ્ઞાનતા ભર્યો પોતાનો જૈન મત છોડી દીધો અને સર્વ દુઃખોને ટાળનારો શ્રીહરિનો આશ્રય કર્યો. ॥૪૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૪ સમાપ્ત

અધ્યાય - ૧૦૫

જૈનોને તીર્થંકરોના દર્શન અને માંડવધારથી શત્રુઓનું પલાયન કરાવ્યું

પછી બીજે દિવસે બપોર પછીના સમયે શ્રીદાદાખાચરના દરબારગઢના ચોકમાં નિંબવૃક્ષથી દક્ષિણ તરફ સુંદર સિંહાસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

હે રાજન્ ! તેમણે સર્વ શ્વેતવસ્ત્ર ધારણ કર્યા હતા અને સુંદર મસ્તક ઉપર પૂર્વ દેશ (અયોધ્યા પ્રદેશ) ના જેવી મનોહર ટોપી પહેરી હતી. ॥૨॥

तस्याऽग्रेऽथाऽभवद्दिव्या मुन्यादीनां हरिश्रिताम् ।
हरिप्रेक्षानुरक्तानां पुण्यालोका महासभा ॥३॥
तस्मिन् केसरिसिंहाख्यो वासरेऽकारयद्वणिक् ।
नानाभोज्यानि हर्यर्थं मुन्याद्यर्थं तथा मुदा ॥४॥
श्रीहरिश्चाऽथ रम्याणि नानाभोज्यान्यभुक्त सः ।
परिवेष्याथ सुप्रीत्या मुन्यादींस्तानतर्पयत् ॥५॥
वीरपुत्रोऽऽथ तं धार्मिं प्रीतिपूर्वं हरिं वणिक् ।
कुंकुमाक्षतकस्तूरीचारु केसरचन्दनैः ॥६॥
हारशेखरकेयूरकर्णपूरैश्च कौसुमैः ।
सूक्ष्मैर्वस्त्रैर्महामूल्यैरर्हयामास सादरम् ॥७॥
नद्धरत्नां ततष्टोपीं स तन्मूर्द्धन्यधारयत् ।
मुक्तास्त्रजं च तत्कण्ठे स्फुरत्तानुकारिणीम् ॥८॥
रू प्यमुद्राभृतं स्थालं स तस्याऽग्रे न्यधात्ततः ।

શ્રીહરિના આગળના ભાગમાં દર્શનના પ્રેમી સંતો અને હરિભક્તો વગેરેની દર્શનથી પવિત્ર કરનારી દિવ્ય મહાસભા બેઠી હતી.

તે દિવસ ઉજ્જૈન વાળા વણિક ભક્ત કેસરીસિંહે શ્રીહરિ માટે અને સંતો વગેરેને માટે અનેક પ્રકારના ભોજનો તૈયાર કરાવીને હરખથી થાળ - રસોઇ કરાવ્યા હતા. ॥૪॥

શ્રીહરિ થાળમાં પીરસેલા તે અનેક પ્રકારના સુંદર ભોજન જમ્યા અને સંતો વગેરેને સારી રીતે પ્રેમથી ભોજન પીરસીને તૃપ્ત કર્યા. ॥૫॥

પછી વીરચંદનામે પિતાના પુત્ર તે વણિક ભક્તે પ્રેમપૂર્વક ધર્મપુત્ર શ્રીહરિની પૂજા સુંદર કસ્તૂરી અને કેસર મેળવેલા ચંદન, કુંકુમ, અક્ષત વગેરેથી કરી. ॥૬॥

ફૂલોના સુંદર હાર, તોરા, બાજુબંધ અને ગુચ્છ ધરાવ્યા. ઘણા કિંમતી સૂક્ષ્મ વસ્ત્ર આદરપૂર્વક અર્પણ કર્યા. ॥૭॥

પછી રત્નજડિત સરસ ટોપી માથામાં પહેરાવી. સુંદર ચમકતા, તારામંડળ જેવી મોતીની માળા કંઠમાં પહેરાવી. ॥૮॥

ચાંદીના રોકડા રૂપિયા ભરેલો મોટો થાળ શ્રીહરિની આગળ મૂક્યો પછી

नीराज्याऽथाऽनमत्प्रीत्या तं चाऽस्तौद् गद्गदाक्षरम् ॥९॥
चक्रिरे तेऽथ चार्वाकास्तस्याघ्यैर्रर्हणं हरेः ।
स प्रणम्याऽथ तं राजन् ! वाक्यमित्यब्रवीद्धरिम् ॥१०॥
स्वामिंस्तीर्थङ्करप्रेक्षावाञ्छा चैषां हि वर्तते ।
श्रावकाणामिमांस्तस्मात्तान् प्रदर्शय सत्पते ! ॥११॥
तीर्थङ्करस्वरू पेण ददौ स्वेक्षां हरिस्ततः ।
तद्विलोक्य महाश्चर्यं लेभिरे ते जनाः परम् ॥१२॥
यत्राऽस्ति श्रीहरिः शय्यामन्दिरं सुन्दरं वरम् ।
भूपते ! पश्चिमाशायां श्रीवासुदेवमन्दिरात् ॥१३॥
न्यषीदत्तत्र राजर्षे ! श्रीहरिर्वै पुनः पुनः ।
सोऽस्वपच्चात्मभक्तानामासीद्रम्या महासभा ॥१४॥
तत्र यद्धरिणा दिव्यं चरित्रं मङ्गलं कृतम् ।
अहं राजन् ! ब्रुवे तत्ते शृणु त्वं स्वस्थचेतसा ॥१५॥

આરતી ઉતારી. પ્રેમથી પ્રણામ કર્યા અને ગદ્‌ગદ વાણીથી સ્તુતિ કરી. ॥૯॥

પછી ચાર્વાકોની જેમ વૈદિક સિદ્ધાંતને નહિ માનનારા બીજા જૈનોએ પણ સારા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. હે રાજન્ ! પછી વણિક્ ભક્ત કેસરીસિંહે શ્રીહરિને પગે લાગીને વાક્ય કહ્યું, ॥૧૦॥

હે સ્વામિન્ ! હે સત્પતે ! મારી સાથે આવેલા આ બધા શ્રાવકોને તીર્થંકરોના દર્શન કરવાની ઈચ્છા છે, તો આપ સહુને તે દર્શન કરાવો. ॥૧૧॥

પછી શ્રીહરિએ તે સહુ જૈનોને તીર્થંકર સ્વરૂપ પોતાના દર્શન આપ્યા. તે દર્શન કરીને બધા લોકોને મહાન્ આશ્ચર્ય થયું. ॥૧૨॥

હે ભૂપતે ! શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરથી પશ્ચિમ તરફ સુખશય્યાનું સુંદર સારું મંદિર છે. ॥૧૩॥

હે રાજર્ષે ! શ્રીહરિ ત્યાં વારંવાર આવીને બેસતા હતા, શયન કરતા હતા અને પોતાના ભક્તોની મોટી ભવ્ય સભા પણ કરતા હતા. ॥૧૪॥

હે રાજન્ તે સ્થળે શ્રીહરિએ જે દિવ્ય મંગળમય ચરિત્ર કર્યું હતું તે હું તમને કહું છું તમે સ્વસ્થ ચિત્તથી સાંભળો. ॥૧૫॥

एकदा त्वत्पितुर्वैरी नानाशस्त्रधरः कुधीः ।
मत्तारकाभिधः कुर्वन् वैरनिर्यातनश्रमम् ॥१६॥
हेतिभृद्भिर्भटैः सार्द्धं म्लेच्छोऽभ्येत्य पितुर्हि ते ।
ग्रामं माण्डवधाराख्यं गिराऽऽक्रोशं व्यधापयत् ॥१७॥
भीषणः पटहध्वानस्तदा तत्रोच्चकैरभूत् ।
तं निशम्याऽगमंस्त्रासं जना विभ्रान्तचेतसः ॥१८॥
नित्यानन्दं सतां श्रेष्ठं प्रेमानन्दं तथा हरिः ।
लक्ष्मीवाटीस्थितं प्रेष्ठं प्रागित्थं समजिज्ञपत् ॥१९॥
ग्रामे माण्डव्यधाराख्ये युद्धवाद्यध्वनिर्यदा ।
स्याद्धवद्धयां तदा शङ्खो वादनीयस्तुरी तथा ॥२०॥
तस्मादाश्रुत्य तन्नादं लक्ष्मीवाटीनिवासिनौ ।
तुरीं शङ्खं च तौ सन्तौ वादयामासतुर्भृशम् ॥२१॥
भीमं श्रुत्वाऽथ तन्नादं क्षत्रिया योद्धुमुत्सुकाः ।

તમારા પિતાનો વેરી મતારા નામે દુષ્ટ બુદ્ધિનો એક સિંધી હતો. તે અનેક પ્રકારના હથિયાર બાંધતો હતો. અને તકરારિયા ખેતરની બાબતના કજીયાનું વેર વાળવા મહેનત કરતો હતો. ॥૧૬॥

એક વખતે તે કેટલાક હથિયારધારી માણસોને લઈને તમારા પિતાના ગામ માંડવધાર ઉપર ચઢી આવ્યો. ગામમાં રીડિયારમણ અને બૂમાબૂમ કરાવી દીધી. ॥૧૭॥

તે વખતે ત્યાં એક મોટું ભયસૂચક નગારું જોરદાર અવાજથી વાગવા લાગ્યું. તે અવાજને સાંભળીને લોકો મનથી ડરી ગયા, ત્રાસી ગયા. ॥૧૮॥

શ્રીહરિએ પહેલાથી સદ્‌ગુરુશ્રી નિત્યાનંદ સ્વામીને અને પરમ પ્રિય શ્રીપ્રેમાનંદ સ્વામીને લક્ષ્મીવાડીમાં રાખ્યા હતા. અને તેમને આજ્ઞા કરી રાખી હતી કે જ્યારે માંડવધારમાં યુદ્ધના નગારાં વાગે ત્યારે તે સાંભળીને તમારે અહીં શંખ અને તુરાઈ વગાડવી. ॥૧૯-૨૦॥

પછી જ્યારે માંડવધારમાં યુદ્ધનું નગારું ગાજ્યું ત્યારે અહીંયાં લક્ષ્મીવાડીમાં રહેલા બન્ને સંતો શંખ અને તુરાઈને ખૂબ જ જોરથી વગાડવા લાગ્યા. ॥૨૧॥

नानाशस्त्रधराः क्रूरा निर्जग्मुर्दुर्गपत्तनात् ॥२२॥
नानायुधानि बिभ्राणाः शूराः पद्गाश्च सादिनः ।
निर्ययुर्नगरादस्मान्महावीर्या युयुत्सवः ॥२३॥
तच्छ्रुत्वाऽथाऽऽगतस्तूर्णं शय्यास्थानं हरिर्वरम् ।
न्यषीदत्तत्र संयुक्ते पर्यङ्के तूलिकादिभिः ॥२४॥
अथोत्तमं भवत्तातं हरिर्युद्धोद्यतं नृपम् ।
तत्प्रयाणं निषिध्येशः स्वान्तिके तूर्णमाह्वयत् ॥२५॥
त्वन्मातरं तदा पुत्रं बिभ्रतीं चैकवत्सरम् ।
भ्रातरं ते हि बाणाख्यं जहूं सोऽजूहवद्धरिः ॥२६॥
ततस्तं श्रीहरिं नत्वा न्यषीदत्तत्र ते पिता ।
सपुत्रोपाविशन्नत्वा तं दूरे त्वत्प्रसूस्तथा ॥२७॥
अथाऽऽहूता जया तेन भूपते ! ललिता तथा ।

તે ભયંકર શંખનાદ અને રણશીંગાનો અવાજ સાંભળ્યો એટલે જે ક્ષત્રિયો યુદ્ધ માટે ઉત્સુક હતા, જે ડર વિનાના ક્રૂર અને અનેક શસ્ત્ર ધારનારા હતા, તે આ ગઢપુર ગામથી બહાર યુદ્ધ કરવા નીકળી ગયા. ॥૨૨॥

અનેક શસ્ત્રોને ધારનારા, મહાન્ વીરવર અને યુદ્ધને ચાહનારા શૂર પાર્ષદો તથા ઘોડે સવારો ગઢપુરથી બહાર નીકળી આવ્યા. ॥૨૩॥

તે ધ્વનિને સાંભળીને શ્રીહરિ સત્વરે સુખશય્યા મંદિરમાં આવ્યા. ત્યાં ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર આવીને વિરાજ્યા. ॥૨૪॥

તે સમયે તમારા પિતાશ્રી દાદા ખાચર હથિયાર બાંધીને યુદ્ધમાં જવા તૈયાર થઈ ગયા હતા. તેને શ્રીહરિએ જતા અટકાવીને તત્કાળ પોતાની પાસે બોલાવ્યા. ॥૨૫॥

તમારા મોટાભાઈ શ્રીબાવાખાચર તે વખતે એક વરસના હતા. તેને તેડીને તમારા મા જહૂબા (જસૂબા) ને પણ ત્યાં પોતાની પાસે બોલવડાવ્યા. ॥૨૬॥

શ્રીદાદાખાચર શ્રીહરિની પાસે આવ્યા. પગે લાગીને ત્યાં બેઠા. નાના પુત્ર બાવાખાચરને તેડીને જહૂબા પણ આવ્યા. તે પણ પગે લાગીને થોડે દૂર બેઠા. ॥૨૭॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરના બન્ને બહેનો, જીવુ બા

स्वसारौ त्वत्पितुर्नत्वा तं दूरे हि न्यषीदताम् ॥२८॥
आगता तत्र राजन्ती तं नत्वोपाविशत्तथा ।
श्रीहरिं तास्ततोऽपश्यन्मूर्तिमन्तं रसं यथा ॥२९॥
बिभ्राणं कार्मुकं पाण्योस्तूणीरं चाशुगानि तम् ।
तथा तीक्ष्णं महाखड्गं दधानं शौर्यसागरम् ॥३०॥
रघुवीरं तथाऽयोध्याप्रसादं श्रीहरिस्ततः ।
राजन्नाह्वापयाञ्चक्रे देशिकेन्द्रं महागुणम् ॥३१॥
हरिः पद्गादथ श्रुत्वा सादिभिस्तौ गतौ समम् ।
ग्रामं माण्डव्यधाराख्यं भृशं प्रीतस्तयोरभूत् ॥३२॥
स श्रीहरिस्ततो राजन् ! गुणग्राही दयानिधिः ।
वाक्यं सुधोत्तमं भक्तान् जगादाऽऽनन्दयन्निदम् ॥३३॥
आचार्यो रघुवीराख्यो रामचन्द्रसमोऽस्त्यसौ ।
तथाऽयोध्याप्रसादोऽयं भक्तो वै भरतोपमः ॥३४॥

(મોટીબા) અને લાડુબાને પણ ત્યાં બોલાવ્યા. ત્યારે તે પણ આવીને પગે લાગ્યા અને થોડે દૂર બેઠા. ॥૨૮॥

તે રીતે રાજબાઈ પણ ત્યાં આવ્યા અને શ્રીહરિને નમસ્કાર કરીને બેઠા. તે સમયે જીવુબા વગેરે બહેનોએ શ્રીહરિને મૂર્તિમાન્ (વીર) રસ રૂપમાં જોયા. ॥૨૯॥

હાથમાં ધનુષ અને બાણ હતા. પાછળ પીઠ ઉપર ભાથો હતો. તીખી ધારવાળી તલવાર પણ ધારણ કરી હતી, માનો શૂરતાનો સાગર હતા. ॥૩૦॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ મહાન્ ગુણવાન આચાર્યવર્ય, શ્રીરઘુનાથજી મહારાજ તથા શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજને પણ ત્યાં બોલાવ્યા. ॥૩૧॥

ત્યારે શ્રીહરિએ પાર્ષદ પાસેથી સાંભળ્યું કે બન્ને આચાર્યશ્રી તો ઘોડે સવારોની સાથે માંડવધાર ગયા છે, ત્યારે શ્રીહરિ તે બન્ને ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ॥૩૨॥

હે રાજન્ ! દયાનિધિ શ્રીહરિ ગુણ ગ્રહણ કરે છે. પછી ભક્તોને આનંદિત રાખનારા શ્રીહરિએ તેમને અમૃતના જેવું આ વાક્ય કહ્યું, ॥૩૩॥

આચાર્ય શ્રીરઘુવીરજીમાં શ્રીરામચંદ્રજી ભગવાનના જેવા સદ્‌ગુણ છે અને આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી માં શ્રીભરતજીના જેવા સદ્‌ગુણ છે અને તેના જેવા જ

एतौ मत्तेजसा छन्नप्रतापौ भूरितेजसौ ।
महाशूरौ हि वर्तेते धैर्यवीर्यबलोर्जितौ ॥३५॥
मया सत्सङ्गिनां तस्मादाचार्यौ स्थापिताविमौ ।
पूर्वाभ्यासबलेन स्तो मूर्तौ वीररसाविव ॥३६॥
तस्माद्युद्धमहोत्साहौ धीरो वीरौ परार्द्दनौ ।
प्रयातौ सादिभिः सार्द्धं गतत्रासौ युयुत्सया ॥३७॥
तावद्रामप्रतापो नृपतिवर ! हरेरग्रजस्तत्र चाऽऽयात्
तूणीरं बाणपूर्णं निशितबृहदसिं चर्म चापं च रम्यम् ॥
बिभ्राणः खड्गपुत्रीं तनुभृदिव रसो वीरसंज्ञोऽवभासी
तुल्यः सङ्कर्षणेन प्रचुरतरबलः शौर्यधैर्यादिधारी ॥३८॥
हरेरग्रे ततस्तिष्ठन् राजंस्तं सोऽब्रवीदिदम् ।
पूर्वदेशानुसारिण्या वाण्या तं हर्षयन् हरिम् ॥३९॥

ભક્ત છે. ॥૩૪॥

આ બન્ને ઘણા તેજસ્વી છે, મારા તેજથી તેમનો પ્રતાપ ઢંકાઈ ગયો છે, મહાન્ શૂરા છે, તેમની ધીરતા, વીરતા અને બળ પ્રચુર છે. ॥૩૫॥

અને તેથી જ મેં આ બન્નેને સત્સંગીઓના આચાર્ય તરીકે સ્થાપ્યા છે. પૂર્વના સંસ્કારને લીધે મૂર્તિમાન વીરરસ જેવા છે. ॥૩૬॥

તેથી તેઓ યુદ્ધમાં મહાન્ ઉત્સાહી, ધીર, વીર અને શત્રુને પીડનારા છે. યુદ્ધ કરવાની ઈચ્છાથી, ઉત્સાહથી નિર્ભય બનીને ઘોડેસવારોની સાથે ગયા છે. ॥૩૭॥

હે રાજવર્ય ! તેવા સમયમાં શ્રીહરિના મોટાભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેઓ સ્વભાવે સંકર્ષણના જેવા હતા. તેમને શરીરબળ પુષ્કળ હતું. શૂરતા અને ધીરતા તેમાં પ્રકટ હતા. તેમણે બાણોથી ભરેલો ભાથો, લાંબી તીખી તલવાર, ઢાલ, સુંદર ધનુષ અને નાની કટાર વગેરે આયુધો લીધા હતા. તેઓ મૂર્તિમાન વીરરસ હોય તેવા જણાતા હતા. ॥૩૮॥

હે રાજન્ ! તેઓ શ્રીહરિની આગળ ઊભા રહ્યા. માનો જગતને બાળી દેશે કે શું ? ક્રોધથી તેમના હોઠ ફફડવા લાગ્યા. ભ્રૂકુટી ઊભી ત્રાંસી થઈ જવાથી

धन्वन्निव जगत्सर्वं मन्युप्रस्फुरिताधरः ।
उन्नमद्भ्रूदुरालोक्यो रोषताम्रीकृतेक्षणः ॥४०॥
सप्ततन्तुप्रणाशाय दक्षस्य प्राज्यतेजसः ।
वीरभद्रो यथा पूर्वं तथा सोऽभूद्भयङ्करः ॥४१॥
हन्तुं पौलस्त्यमत्युग्रं द्राग् वै दाशरथिर्यथा ।
अरुणाक्षस्तथा प्रापद्रसं रौद्रं स भीषणम् ॥४२॥
गिरीशानो यथैवाग्रे स्वीयभक्तभृशार्द्दनात् ।
भानवे कुपितो राजंस्तथा सोऽभूद्भयावहः ॥४३॥
आत्मीयां स तनुं राजन् सोऽतिक्रूरोऽव्रजत्तदा ।
यां वै संहारवेलायां बिभर्त्युग्रोरु विक्रमः ॥४४॥
भ्रातर्भाणाभिधं भीमं नैवाऽहं गणये नृपम् ।
म्लेच्छं शत्रुं महादर्पं तथा मत्तारसंज्ञितम् ॥४५॥
आज्ञा स्यात्तर्हि हन्यां तौ दहेयं ग्रामकं तथा ।

સામે જોનારાને પણ ભય લાગે તેમ હતું. ॥૩૯-૪૦॥

રોષને લીધે આંખો લાલ થઈ ગઈ હતી. પૂર્વે અપાર તેજસ્વી દક્ષના યજ્ઞનો નાશ કરવા આવેલા વીરભદ્રના જેવા ભયંકર લાગતા હતા. ॥૪૧॥

અતિ ભયંકર રાવણને મારવા માટે જેમ શ્રીરામચંદ્રજી ભગવાને તુરંત આંખો લાલ કરીને ભીષણ રૌદ્રરસ પ્રકટ કર્યો હતો તેમ શ્રીરામપ્રતાપજી મહારાજ પણ રૌદ્ર રસથી પૂર્ણ થઈ ગયા હતા. ॥૪૨॥

હે રાજન્ ! પૂર્વે શંકરે પોતાના ભક્તોના દુઃખને દેખીને સૂર્ય ઉપર કોપ કર્યો હતો તેમ તેઓ પણ ભયંકર થઈ ગયા હતા. ॥૪૩॥

હે રાજન્ ! શ્રીરામપ્રતાપજી મહારાજ અતિ ક્રૂર થઈને પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા. જેવું કે વિશ્વના સંહાર સમયે પરમેશ્વર ઉગ્રરૂપ ધારણ કરે છે. ॥૪૪॥

પછી શ્રીરામપ્રતાપજી મહારાજે શ્રીહરિ પ્રસન્ન થાય તેવી પૂર્વદેશની ભાષામાં શ્રીહરિને કહ્યું, ‘‘ભાઈ ! મહાભયંકર આ દરબાર ભાણખાચરને હું કાંઇ ગણકારતો નથી. તેમજ અતિ અભિમાની શત્રુ મત્તારા નામના મ્લેચ્છને પણ હું ગણકારતો નથી. ॥૪૫॥

अथेत्थं स ब्रुवन्तं तं नीतिवाक्यैरसान्त्वयत् ॥४६॥
पर्यङ्के स्वेऽथ तं प्रीत्या हरिर्धार्मिर्न्यषादयत् ।
अथेत्यूचे निजान् भक्तान् वाक्यमित्थं सुधोत्तमम् ॥४७॥
एतं सङ्कर्षणं साक्षाद्भक्ता ! जानीत दुर्जयम् ।
कर्तुं ब्रह्माण्डसंहारं विलम्बो नास्य वर्त्तते ॥४८॥
तद्ग्रामलुन्टनस्येयं वार्ता मिथ्यति तं जनाः ।
प्रोचुस्तद्ग्रामतोऽत्राऽऽयन् सादिपद्गादयस्ततः ॥४९॥
हर्याहूतावथाऽऽचार्यौ हरेरेत्याऽन्तिकं मुदा ।
तत्रोपाविशतां नम्रौ तं प्रणम्याऽर्तिहारिणम् ॥५०॥
तावुपालभत प्राज्ञौ हरिः सर्वेश्वरस्ततः ।
महातोषं ततो गच्छंस्तावित्यूचे हितं वचः ॥५१॥
सम्प्राप्तं गौरवं प्राज्ञौ भवद्भ्यां साम्प्रतं क्षितौ ।

આપની જો આજ્ઞા હોય તો હું તે બન્નેને હમણા જ હણી નાંખું અને તેના ગામને પણ બાળી મૂકું.'' આ રીતે બોલતા શ્રીરામપ્રતાપજી મહારાજને દેખીને શ્રીહરિએ તેમને નીતિના વચન કહીને સાંત્વના આપી, શાંત કર્યા. ॥૪૬॥

પછી ધર્મપુત્ર શ્રીહરિએ પ્રેમથી તેમને પોતાના પલંગ ઉપર બેસાડ્યા. પછી શ્રીહરિએ પોતાના ભક્તોને અમૃત જેવા વચન કહ્યાં. ॥૪૭॥

''હે ભક્તો ! આમને તમે સાક્ષાત્ સંકર્ષણના જેવા અજેય માનો. આમને બ્રહ્માંડનો સંહાર કરવામાં પણ વિલંબ ન થાય.'' ॥૪૮॥

પછી બીજા લોકોએ શ્રીહરિને કહ્યું કે ''ભાણ ખાચર વગેરે માંડવધાર ગામને લૂંટી ગયા છે.'' આવી જે વાત સાંભળી છે તે ખોટી છે. પછી ઘોડેસવારો અને પાર્ષદો વગેરે સહુ ગઢપુર પાછા આવી ગયા. ॥૪૯॥

પછી શ્રીહરિએ બન્ને આચાર્યશ્રીને પોતાની પાસે બોલાવ્યા. તેઓ ઉત્સાહથી શ્રીહરિની પાસે આવ્યા. પીડા હરનારા શ્રીહરિને તે બન્નેએ નમ્રભાવે પ્રણામ કર્યા અને પાસે બેઠા. ॥૫૦॥

પછી સર્વેશ્વર શ્રીહરિએ સમજદાર બન્ને આચાર્યને થોડો મીઠો ઠપકો આપ્યો. પછી સંતોષ અનુભવીને તે બન્નેને આ પ્રમાણે હિતકારી વચન કહ્યાં. ॥૫૧॥

न कार्यं धर्मधुर्याभ्यां कर्हिचिद्धेतिधारणम् ॥५२॥
भूरिशक्तिप्रतापाद्यैः संयुक्तौ भवथो युवाम् ।
युवाभ्यां दत्तमन्त्रेण जना गच्छन्ति मेध्यताम् ॥५३॥
इत्युक्त्वा तौ मुदा राजन् पृष्ठदेशे तयोर्हरिः ।
स्वीयपाणिसरोजेन व्यधादास्फालनं स्मयन् ॥५४॥
तत्राऽथाऽमृततुल्यानि नानाभोज्यान्यभुक्त सः ।
कृत्वा हस्तास्यसंशुद्धिं मुखवासं ततोऽग्रहीत् ॥५५॥
प्रागात्ततः स हरिरक्षरसौधसंज्ञं स्वावासमार्तिशमनः शरणागतानाम् ।
सत्पार्षदैश्चपलचारुगतिर्वृतः स्वैः सत्पादुकाचटचटध्वनिरेव राजन् ! ॥५६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृष्णशौर्यनाट्यादिवर्णनं नाम पञ्चाधिकशततमोऽध्यायः ॥१०५॥

''તમને બન્નેને ભૂમિ ઉપર ગૌરવ પૂર્ણ પદ મળ્યું છે. ધર્મ માર્ગના અગ્રેસરોએ ક્યારેય હથિયાર ધારવા જોઈએ નહિ. ॥૫૨॥

તમારામાં શક્તિ અને પ્રતાપ અપાર રહ્યા છે. તમે આપેલા મંત્રથી તો લોકો પવિત્ર થઈ જાય છે.'' ॥૫૩॥

હે રાજન્ ! આવા શબ્દો કહીને શ્રીહરિએ હસતા હસતા પોતાના કરકમળથી તે બન્નેની પીઠ થાબડી. ॥૫૪॥

પછી શ્રીહરિ તે જગ્યાએ જ અમૃત જેવા અનેક પ્રકારના ભોજનોનો થાળ જમ્યા. અને હાથમુખ ધોઈને જળ પાન કર્યું. પછી મુખવાસ લીધો. ॥૫૫॥

હે રાજન્ ! શરણાગત ભક્તોની પીડાને શમાવનારા શ્રીહરિ પછી સારી સેવા કરનારા પાર્ષદોની વચ્ચે સુંદર ચપળ ગતિથી ચાલતા થયા. મનોહર ચાખડીઓનો ચટાક ચટાક આવો ધ્વનિ સંભળાતો હતો અને પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૫૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૫ સમાપ્ત

अथ षडधिकशततमोऽध्यायः

शततमे षडुत्तरे द्वारिकेशादिदर्शनम् ।

भ्रात्रे प्रत्तं च वाःपानं शार्करं हरिणा कृतम् ॥

श्रीचैतन्यानन्द उवाच –

श्रीहरिस्त्वेकदा राजन् ! गोपीनाथस्य दर्शनम् ।
कर्तुमायान्निजैः सार्द्धं पद्गैश्चैवाऽलयादिभिः ॥१॥
ततः कृत्वा स तत्प्रेक्षां निष्कुलानन्दसद्वरम् ।
इत्यपृच्छदुपादत्ताः स्थापिताः कुत्र मूर्तयः ॥२॥
तेनेत्युक्ते हरिं वाक्यं मुनीन्द्रः सोऽब्रवीदिदम् ।
सूर्यमन्दिरपार्श्वस्थे स्थापितास्ता हि मन्दिरे ॥३॥
संयुक्तोऽथाऽलयेनाऽयात् द्रष्टुं मूर्तीः स ता हरिः ।
तत्र राजन्नथेत्याऽऽसीत् सङ्कल्पोऽलयमानसे ॥४॥
इमाः किं मूर्तयो दिव्या न ब्रुवन्ति हि मां प्रति ।
तदा ता मूर्तयः सर्वास्तेन सार्द्धं वचोऽवदन् ॥५॥

અધ્યાય - ૧૦૬

શ્રીરામપ્રતાપજીને ઐશ્વર્ય દર્શન, સાકરનું શરબત પીધું અને પાયું.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીહરિ શ્રીઅલૈયા ખાચર આદિ પોતાના પાર્ષદોને સાથે લઈને શ્રીગોપીનાથજી મહારાજના દર્શન કરવા મંદિર ઉપર પધાર્યા. ॥૧॥

પછી દર્શન કરીને મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ સ્વામીને પૂછ્યું, ''હમણાં આપણે મૂર્તિઓ જે લીધી છે તે ક્યાં મૂકી છે ?'' ॥૨॥

ત્યારે શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, ''શ્રીસૂર્યનારાયણ ના મંદિરની બાજુમાં મૂકી છે.'' ॥૩॥

ત્યારે શ્રીહરિ શ્રીઅલૈયા ભક્તની સાથે તે મૂર્તિઓને જોવા ગયા. ત્યાં મૂર્તિઓને દેખતી વેળાએ શ્રીઅલૈયા ભક્તના મનમાં એવો સંકલ્પ થયો કે ''આ મૂર્તિઓ મારી સાથે બોલતી કેમ નથી ?'' પછી તુરંત જ તે બધી મૂર્તિઓ શ્રીઅલૈયા ખાચરની સાથે વાતો કરવા લાગી. ॥૪-૫॥

नानावार्ता मया सार्द्धं कुर्वन्त्येता मनोहराः ।
विलोक्यैवं तदाश्चर्यं सोऽलयोऽगान्महामुदम् ॥६॥
इत्थं सोऽलयसंज्ञाय स्वीयभक्ताय भूपते ! ।
निजैश्वर्यं हरिर्दिव्यं दर्शयामास मङ्गलम् ॥७॥
पराह्णे सोऽथ घस्त्रस्य गवाक्षे तूलिकादिभिः ।
गोपीनाथालयात् पश्चान्न्यषीदद्विष्टरे युते ॥८॥
निम्बवृक्षान्वितेऽथाऽऽसीच्चतुष्के साधुवर्णिनाम् ।
पद्गानां चान्यभक्तानां भ्राजमाना महासभा ॥९॥
तावद्रामप्रतापाख्यः श्रीहरेर्ज्येष्ठसोदरः ।
नत्वा तत्रैत्य तं चान्यान्न्यषीदत्स्वासने मुदा ॥१०॥
संशयोऽथेत्यभूत्तस्य चित्ते सङ्कर्षणौजसः ।
मदीयोऽसावुत भ्राता वर्तते भगवान्न वा ॥११॥
इत्थं सोऽभूद् भ्रमद्बुद्धिः स्वरू पे श्रीहरेस्तदा ।

''અરે આ મૂર્તિઓ તો મારી સાથે અનેક પ્રકારની વાતો કરે છે,'' આવું દેખીને શ્રીઅલૈયા ભક્તને આશ્ચર્ય સાથે મહાન્ આનંદ થયો. ॥૬॥

હે ભૂપતે ! આ રીતે શ્રીહરિએ પોતાના અલૈયા ખાચરનામના ભક્તને પોતાનું મંગળમય દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું. ॥૭॥

બપોર પછીના સમયે શ્રીગોપીનાથજી મહારાજના મંદિર ઉપર દક્ષિણ તરફ પાછળના ભાગમાં એક સુંદર ગોખ છે, તેમાં બાજોઠ મૂકીને ગાદલી તથા તકિયો મૂક્યા, અને તે આસન ઉપર શ્રીહરિ દક્ષિણ મુખે વિરાજ્યા. ॥૮॥

તેમની આગળ લીમડાવાળા ચોકમાં સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને બીજા બધા હરિભક્તોની એક સુંદર મોટી સભા ભરાણી. ॥૯॥

તેવા સમયમાં શ્રીહરિના મોટાભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજ તે સભામાં આવ્યા. તેઓ શ્રીહરિને તથા સર્વ સંત હરિભક્તોને પગે લાગીને આનંદથી પોતાને આસને બેસી ગયા. ॥૧૦॥

તેઓ સંકર્ષણના જેવા ઓજસ્વી હતા. તેમના મનમાં એવો સંશય થયો કે આ મારા ભાઈ શ્રીહરિ ભગવાન્ હશે કે નહિ હોય ? ॥૧૧॥

सर्वेश्वरेशितुर्वार्द्धौ नौरिवाऽनिलकम्पिता ॥१२॥
तस्यान्तःकरणेऽथाऽऽसीत् प्रकाशः श्रीहरीच्छया ।
महीयांश्चन्द्रमःश्वेतो महाशान्तिप्रदः शुभः ॥१३॥
द्वारिकाया यदा यात्रां कर्तुं यातस्तदा स्वयम् ।
स्वेनाऽत्र प्राग्यथा दृष्टौ रणच्छुड (शौण्ड) त्रिविक्रमौ ॥१४॥
तथा तौ तादृशौ दिव्यौ तस्य निम्बतरोरधः ।
तेजोमयौ हि सौऽपश्यत् प्राप्तः शान्तिं महीयसीम् ॥१५॥
स प्रैक्षत ततो राजन् पार्श्वयोः श्रीहरेः स्थितौ ।
पूजां षोडशभिश्चार्घ्यैः कुर्वाणौ श्रीहरेर्मुदा ॥१६॥
स्तवनं तस्य कुर्वन्तौ तत्पादाम्बुरुहे मुदा ।
धारयन्तौ हृदि स्वीये तत्प्रेक्षानन्दसम्प्लुतौ ॥१७॥
स दृष्ट्वेत्थं तदैश्वर्यं महाश्चर्यं मुदं गतः ।

સમુદ્રમાં રહેલું વહાણ જેમ પવનથી ડોલવા માંડે તેમ તે વખતે તેમની બુદ્ધિ સર્વેશ્વર શ્રીહરિના સ્વરૂપમાં ભ્રમિત થવા લાગી. ॥૧૨॥

ત્યારે શ્રીહરિની ઈચ્છાથી તેમના અન્તઃકરણમાં ચંદ્રમાના જેવો ઊજળો, શાંતિ થાય તેવો, મહાન્ અને શુભ, પ્રકાશ પેદા થયો. ॥૧૩॥

શ્રીરામપ્રતાપજી મહારાજ જ્યારે સ્વયં દ્વારિકાની યાત્રા કરવા ગયા હતા ત્યારે તેમને અહીં ગઢપુરમાં જ પહેલા શ્રીરણછોડજી અને ત્રિકમજીના દર્શન થયા હતા. ॥૧૪॥

તેવા જ બન્ને દિવ્ય તેજસ્વી સ્વરૂપના દર્શન નિંબવૃક્ષની નીચે થયા અને મનમાં અપાર શાંતિ થઈ. ॥૧૫॥

હે રાજન્ ! પછી ફરી તેમણે જોયું કે શ્રીરણછોડ અને ત્રિકમજી શ્રીહરિની બન્ને બાજુએ ઊભા છે અને આનંદથી શ્રીહરિની ષોડશોપચારથી પૂજા કરી રહ્યા છે. ॥૧૬॥

પછી તેમણે શ્રીહરિની સ્તુતિ કરી, તેમના ચરણ કમળને આનંદથી પોતાના હૃદયમાં ધાર્યા અને દર્શનના આનંદથી તરબોળ થઈ ગયા. ॥૧૭॥

શ્રીરામપ્રતાપજી મહારાજે આ રીતનું શ્રીહરિનું મહાન્ ઐશ્વર્ય જોયું. ખૂબ

स्वचित्ते निश्चयं तस्य व्यधादेवं विशुद्धधीः ॥१८॥
वर्तते भगवान् साक्षाद्भ्राता मेऽसौ परात्परः ।
हेतुरेवावताराणां कालमायाद्यधीशिता ॥१९॥
साश्रुनेत्रोऽथ स प्राज्ञः प्रमोदोत्पुलकाकृतिः ।
अकार्षीच्चेति सङ्कल्पं तन्माहात्म्यं विदन् भृशम् ॥२०॥
स्वीयकण्ठे धृतं हारं दद्यान्मे कौसुमं यदा ।
श्रीहरिस्तर्हि मे हि स्यात् कृतार्थत्वं च मङ्गलम् ॥२१॥
जानंस्तस्याऽथ सङ्कल्पं सोऽन्तर्यामितया हरिः ।
उपर्येवाऽक्षिपद्धारं मुक्तानन्दस्य तं मुदा ॥२२॥
आदायाऽथ मुनेस्तस्मात् स तं हारं मनोहरम् ।
स्वकण्ठेऽधाच्च दृष्ट्वा तत्प्रापुर्भक्ता महामुदम् ॥२३॥
इत्थं दिव्यं स्वमैश्वर्यं महाश्चर्यं शुभास्पदम् ।
स तस्मै दर्शयाञ्चक्रे स्वाग्रजायोत्तमं हरिः ॥२४॥

જ રાજી થયા અને વિશુદ્ધ સમજણવાળા તેમણે પોતાના હૃદયમાં શ્રીહરિના આવા ભગવાનપણાનો નિશ્ચય કર્યો, ॥૧૮॥

"આ મારા ભાઈ શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે. પર થકી પણ પર છે, સર્વ અવતારોનું કારણ છે અને માયા તથા કાળ આદિના પણ અધીશ્વર છે. ॥૧૯॥

શ્રીરામપ્રતાપજી મહારાજની આંખોમાં હર્ષના આંસુઓ આવી ગયા. અતિશય આનંદથી રોમાંચિત થઈ ગયા. શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય સમજીને તેમણે નિપુણ બુદ્ધિથી એવો સંકલ્પ કર્યો કે "શ્રીહરિએ પોતાના કંઠમાં જે પુષ્પોનો હાર પહેર્યો છે. તે જો પ્રસાદીના રૂપમાં મને આપે તો હું કૃતકૃત્ય થઈ જાઉં અને મારું પરમ મંગળ થાય." ॥૨૦-૨૧॥

શ્રીહરિ અંતર્યામીપણે તેમના સંકલ્પને જાણી ગયા અને પોતે પહેરેલો ફૂલહાર કંઠમાંથી કાઢીને પ્રેમથી શ્રીમુક્તાનંદ સ્વામીના ઉપર જ ફેંક્યો. ॥૨૨॥

પછી શ્રીમુક્તાનંદ સ્વામી પાસેથી તે હાર લઈને તેમણે પોતાના કંઠમાં પહેરી લીધો તે જોઈને સહુ ભક્તો ખૂબ જ રાજી થયા. ॥૨૩॥

આ પ્રમાણે શ્રીહરિએ પોતાના મોટા ભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજને

अथाऽऽशायां हि वारुण्यां श्रीगोपीनाथमन्दिरात् ।
अस्ति रूप्यचतुष्की या रम्याऽधःकूपसन्निधौ ॥२५॥
तस्यामुपाविशद्युक्ते कोमलैस्तूलिकादिभिः ।
रात्रौ स भ्राजमानायामासने चन्द्ररश्मिभिः ॥२६॥
तदा घर्मो महानासीद्धरे राजन् कलेवरे ।
तालवृन्तैर्हरिं सन्तो वीजयाञ्चक्रिरे मुदा ॥२७॥
तानथैवं हरिः प्रोचे सतः स्नातव्यमस्ति मे ।
तस्मादानीयतां पात्रैरस्मात् कूपाज्जलं द्रुतम् ॥२८॥
तेऽथ सप्ततिसंख्याताः सन्तस्तत्प्रीणनोद्यताः ।
आनयन्ति स्म तत्कुपात् पात्रैरुद्धृत्य वै जलम् ॥२९॥
तस्यां चतुष्कपीठे तं ते निषाद्याऽथ सत्पतिम् ।
प्रीत्यैवाऽसिस्नपन् स्वेष्टं तत्कूपोद्धृतवारिभिः ॥३०॥

સર્વોત્તમ, અતિ વિસ્મયજનક, શુભાસ્પદ અને દિવ્ય, આવું પોતાનું ઐશ્વર્ય બતાવ્યું. ॥૨૪॥

હવે શ્રીગોપીનાથજી મહારાજના મંદિરથી પશ્ચિમ દિશામાં નીચેના ભાગમાં ''નારાયણ લહેરી'' નામે કૂવો છે. તેની સમીપે, ઉપરના ભાગમાં સુંદર રૂપ ચોકી છે. તે ચંદ્રમાના કિરણોથી સોહમણી લાગતી રૂપ ચોકીમાં સુંવાળા ગાદી તકિયાથી બિછાવેલા, આસન ઉપર શ્રીહરિ રાત્રિને સમયે વિરાજ્યા હતા. ॥૨૫-૨૬॥

હે રાજન્ ! તે વખતે શ્રીહરિના રમ્ય શરીર ઉપર એકલો ઘણો વળી ગયો. ત્યારે સંતો ઉત્સાહથી વીંજણો લઇને પવન નાખવા માંડ્યા. ॥૨૭॥

ત્યાર પછી શ્રીહરિએ કહ્યું, સંતો ! મારે સ્નાન કરવું છે, તો આ નીચેના કૂવામાંથી પાત્રો ભરી ભરીને જલદી પાણી લાવો. ॥૨૮॥

તે સમયે ત્યાં લગભગ સિત્તેર જેટલા સંતો હતા. શ્રીહરિનો રાજીપો મેળવવામાં ઉત્સાહી હતા. તેથી તેઓ કૂવામાંથી સીંચી સીંચીને પાણી લાવવા લાગ્યા. ॥૨૯॥

તે રૂપચોકીમાં બાજોઠ ઉપર સત્પતિ શ્રીહરિને બેસાડ્યા અને કૂવામાંથી

धृत्वाऽथ श्वेतवासांसि सोऽग्रे मन्दिरगोपुरात् ।
न्यषीदन्मञ्चके युक्ते श्रीहरिस्तूलिकादिभिः ॥३१॥
मुकुन्दानन्दवर्णीन्द्रं प्राहेत्थं चानय द्रुतम् ।
ललितां त्वं तु याचित्वा नीरं सारं सर्शकरम् ॥३२॥
तथा प्राहाऽथ तां तूर्णं सम्प्रातो ललिताऽन्तिकम् ।
पात्रस्थं चाऽथ तत्प्रत्तं तस्मै साच्छसिताम्ब्वदात् ॥३३॥
ततः पीत्वा स तन्नीरं तमित्युचे वचोऽमृतम् ।
गत्वा तां ललितां वाच्यं त्वयेत्थं वर्णिसत्तम ! ॥३४॥
मुदा पाययितव्यं मे सतो नीरं सशर्करम् ।
त्वया तां ललितां वाच्यं स प्राहाऽथैत्य तां तथा ॥३५॥
चान्यत् ततो मुदा जयाराजन्तीललितादिकम् ।
गोपीनाथालयस्याऽऽयाच्चतुष्के स्त्रीशतद्वयम् ॥३६॥

સીંચીને કાઢેલા પાણીથી પોતાના ઈષ્ટદેવને નવડાવવા લાગ્યા. ॥૩૦॥

પછી શ્રીહરિએ સ્નાન પૂર્ણ કરીને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા. અને મંદિરના આથમણા દરવાજાની આગળ ગાદી તકિયો બિછાવેલ પલંગ ઉપર વિરાજમાન થયા. ॥૩૧॥

પછી શ્રીહરિએ શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારીએ કહ્યું, તમે જલદી જાઓ, લાડુબા પાસેથી સાકર નાખેલું સુંદર શરબત લઇ આવો. પછી વર્ણી તુરંત લાડુબા પાસે ગયા અને શ્રીહરિ માટે સાકરનુ પાણી માગ્યું એટલે તુરંત જ તેમણે ઠંડું શુદ્ધ સાકરનું જળ તૈયાર કરીને આપ્યું. અને તે જળ વર્ણીએ શ્રીહરિને આપ્યું. ॥૩૨-૩૩॥

પછી શ્રીહરિએ ઠંડું સાકરનું પાણી પીધું. ફરીવાર શ્રીહરિએ વર્ણીને અમૃત સમાન મધુર વચન કહ્યું, હે વર્ણિરાજ ! તમે લાડુબા પાસે જઇને એમ કહો. ॥૩૪॥

''મારે સંતોને સાકરનું શરબત પાવું છે.'' પછી વર્ણી લાડુબા પાસે ગયા અને તેમને કહ્યું કે ''મહારાજને સાકર નાખેલું શરબત સંતોને પાવું છે, તો બનાવી આપો.'' ॥૩૫॥

તે પછી શ્રીગોપીનાથજી મહારાજના મંદિરની આગળના ચોકમાં જીવુબા (મોટીબા) લાડુબા અને રાજબાઇ આદિક બસો જેટલી સત્સંગી બહેનો આવી ગયા. ॥૩૬॥

ततस्ता रीतिताम्रीयमहाऽमत्रेषु गालितम् ।
नीरं भृत्वा व्यधुर्मिश्रं भूरिशर्करया मुदा ॥३७॥
ततस्ताः प्रेषयामासुः श्रीहरेरन्तिकं नरैः ।
शर्करोपेतवार्युक्तमहापात्राणि भूपते ! ॥३८॥
ततः सुवासिनी निन्युर्विरजाऽथ वरीयसी ।
सुनन्दा शर्करावारिपूर्णानि भाजनानि वै ॥३९॥
पुनः पीत्वाऽथ तन्नीरं महामत्रेषु तेषु सः ।
निजप्रासादिकं प्रास्यत्तत्परं पावनं हरिः ॥४०॥
रघुवीरं ततोऽयोध्याप्रसादं देशिकं च सः ।
मुकुन्दानन्दवर्णीन्द्रं त्वत्तातं चेत्यजिज्ञपत् ॥४१॥
ग्रामान्तरेऽत्र ये च स्युस्तेऽत्राऽऽनेया हि साधवः ।
भवद्भिस्तेऽथ तान् सर्वानत्राऽऽनिन्युर्मुदाऽन्विताः ॥४२॥
ततस्तद्भुक्तिपात्रेषु भृत्वा नीरं सशर्करम् ।
पाययामास भूयिष्ठं सतस्तान् स स्वयं हरिः ॥४३॥

હે ભૂપતે ! પછી તે બહેનોએ મોટા મોટા તાંબા પિત્તળના વાસણમાં શુદ્ધ ગાળેલું પાણી ભર્યું અને દળેલી સાકર તેમાં નાખીને પ્રેમથી શરબત તૈયાર કર્યું, તે મોટા વાસણમાં ભર્યું. અને પુરુષોની સાથે શ્રીહરિ પાસે મોકલ્યું. ॥૩૭-૩૮॥

પછી સુવાસિની બાઇ, વરિયાળી બાઇ, વિરજાબાઇ અને સુનંદાબાઇએ, સહુએ સાકરનું જળ તૈયાર કરીને તે ભરેલા પાત્ર શ્રીહરિ પાસે પહોંચાડ્યા. ॥૩૯॥

શ્રીહરિએ સાકરનું જળ ફરી વાર પીધું, અને પ્રસાદીનું તે પરમ પવિત્ર જળ શરબત ભરેલા મોટા પાત્રમાં થોડું થોડું નાખ્યું. ॥૪૦॥

પછી શ્રીહરિએ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રીઅયોધ્યા-પ્રસાદજી મહારાજ, શ્રીમુકુંદાનંદ વર્ણી અને શ્રીદાદાખાચર, આ ચારેયને આજ્ઞા કરી. ॥૪૧॥

અહીં આસપાસના ગામોમાં જ્યાં સંતો હોય તે સહુને તમે અહીં બોલાવો. પછી તેમણે તે સર્વ સંતોને પ્રેમથી ગઢપુર બોલાવ્યા. ॥૪૨॥

સંતો આવ્યા ત્યારે સ્વયં શ્રીહરિએ તેમના જમવાના પાત્રમાં સાકરનું પાણી

पद्गान् भक्तांस्तथा सोऽन्यान् योषितश्चाम्बु तद्धरिः ।
स्वीयप्रासादिकं पुण्यं पाययामास निर्भरम् ॥४४॥
सांख्ययोगाश्रिता योषास्ततो गन्धं स्वघर्षितम् ।
पित्रेऽदिशंस्तथाऽर्घ्यं ते पूजां कारयितुं हरेः ॥४५॥
स श्रीहरेस्ततो मूर्तौ चर्चयामास तद्वरम् ।
चन्दनैर्माल्यहाराद्यैस्तथार्घ्यैस्तं समार्हयत् ॥४६॥
अस्वपत्सोऽथ पर्यङ्के कोमलैस्तूलिकादिभिः ।
संयुक्ते भास्वरे राजन् पूर्वदिग्वदनाम्बुजः ॥४७॥
तदाऽयोध्याप्रसादश्च रघुवीराभिधो महान् ।
आचार्यौ श्रीहरेः पादसेवनं चक्रतुर्मुदा ॥४८॥
मुक्तानन्दोऽथ सद्वर्यो ब्रह्मानन्दश्च सद्वरः ।
प्रेमानन्दो मुनिश्रेष्ठो योगानन्दाभिधस्तथा ॥४९॥
आधारनन्दमुख्या ये साधवो गीतिकोविदाः ।

ભરી આપ્યું, અને ઘણું પાયું. ॥૪૩॥

પછી શ્રીહરિએ તે પોતાની પ્રસાદીરૂપ પવિત્ર શરબત પાર્ષદોને, અન્ય સર્વ હરિભક્તોને અને સત્સંગી મહિલાઓને ખૂબ જ પાયું. ॥૪૪॥

પછી સાંખ્યયોગી બહેનોએ સુગંધી ચંદન ઘસીને તૈયાર કર્યું અને પૂજા માટેના બીજા પદાર્થો પણ તૈયાર કરીને તમારા પિતા શ્રીદાદાખાચરને શ્રીહરિની પૂજા કરવા માટે આપ્યા. ॥૪૫॥

પછી દાદાખાચરે શ્રીહરિની મૂર્તિને ચંદનની અર્ચા કરી. ફૂલોના હાર અને ચંદન આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૪૬॥

હે રાજન્ ! પછી સુંવાળું ગાદલું ઓશીકું અને ઓછાડ આદિથી તૈયાર કરેલા સુંદર પલંગ ઉપર શ્રીહરિ પૂર્વ દિશા તરફ મુખારવિંદ રાખીને સૂતા. ॥૪૭॥

તે વખતે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રીરઘુવીરજી મહારાજ, આ બન્ને આચર્યશ્રી પ્રેમથી શ્રીહરિના ચરણ દબાવવા લાગ્યા. ॥૪૮॥

મુનિવર્ય સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી, મુનિશ્રેષ્ઠ શ્રીબ્રહ્માનંદ સ્વામી, સદ્ગુરુ શ્રીપ્રેમાનંદ સ્વામી,સદ્ગરુ શ્રીયોગાનંદ સ્વામી અને સદ્ગુરુ શ્રીઆધારાનંદ

सप्ततन्त्रीविपञ्च्यादिनानावाद्यानि सादरम् ॥५०॥
कृष्णप्रसादतातोऽथ गोपालजित्समाह्वयः ।
वीणां संवादयन् धन्याश्रीविहागौ स्वरौ जगौ ॥५१॥
वादयन्तो व्यधुर्गानं श्रीहरेराज्ञयोत्सुकाः ।
रम्यं ग्रामत्रयोपेतं सतालस्वरमूर्छनम् ॥५२॥
प्रादुरासीत्ततस्तेजः कोटिकोट्यर्कसन्निभम् ।
शीतलं चन्द्रवद्गौरं व्याप्नुवत् सर्वतो दिशम् ॥५३॥
तेजःपुञ्जे ततस्तस्मिन् भक्ता मूर्तीश्चतुर्भुजाः ।
भूरितेजोऽन्विता राजन् दिव्याः प्रैक्षन्त भूयसीः ॥५४॥
प्राहुस्तेऽथोत्थिता भक्ता अहो चेत्थं त्वहो मुदा ।
मुहूर्तान्तेऽथ तत्सर्वं तिरोऽभूत्तत्र भूपते ! ॥५५॥
मुक्तानन्दोऽथ सद्वर्यस्तेजोमुख्यं विलोक्य तत् ।
अप्राक्षीत्तं हरिं स्वामिन् किमाश्चर्यमभूदिदम् ॥५६॥

સ્વામી આદિ સંતો સંગીત શાસ્ત્રના વિદ્વાન હતા. એ સહુએ વીણા, વિપચિંકા, સરોદ અને મૃદંગ આદિ વાજિંત્રો ને ઉત્સાહથી વગાડીને કીર્તન શરૂ કર્યા. ॥૪૯-૫૦॥

શ્રીકૃષ્ણપ્રસાદજીમહારાજના પિતા, શ્રીગોપાળજી મહારાજે વીણા લઇને 'ધન્યાશ્રી' તથા 'બિહાગ' રાગમાં કીર્તન ગાન કર્યું. ॥૫૧॥

શ્રીહરિની આજ્ઞાથી સહુ વિદ્વાન્ સંતોએ પણ સુંદર ત્રણ ગ્રામ, તાલ, સ્વર અને મૂર્છનાથી યુક્ત ઘણું સુંદર સંગીત (કીર્તન ગાન) કર્યું. ॥૫૨॥

તે વખતે ત્યાં કરોડો સૂર્યના પ્રકાશ જેવું તથા ચંદ્રમાના જેવું શીતળ અને ઉજ્જ્વળ તેજ પ્રકટ થયું. તે ચારે બાજુ બધી દિશાઓમાં વ્યાપી ગયું. ॥૫૩॥

હે રાજન્ ! પછી તે તેજઃપુંજમાં ભક્તોએ દિવ્ય, તેજોમય, ચતુર્ભુજ ઘણી મૂર્તિઓને દેખી. ॥૫૪॥

તે તેજને જોઇને ઊભા થયેલા ભક્તો આનંદના આવેશમાં અહો, અહો !!! એમ બોલવા લાગ્યા. હે ભૂપતે ! એક મુહૂર્ત (૪૮ - મિનિટ) જેટલા સમયમાં તે બધું ત્યાં જ અદૃશ્ય થઇ ગયું. ॥૫૫॥

મુનિવર્ય સદ્ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીએ તે તેજના સમૂહને દેખ્યા પછી

सद्वरीयस्त्रयस्त्रिशत्कोटिसंमितनिर्जराः ।
दर्शनं कर्तुमायाताः ससभ्यं वीक्ष्य मां गताः ॥५७॥
स इत्याकर्ण्य तद्वाक्यं सुधासारं मनोहरम् ।
मुक्तानन्दो मुदं प्रापत् सभ्या मोदं तथाऽगमन् ॥५८॥
तदा वृष्टेरभूद्राजन् प्रारम्भः श्रीहरीच्छया ।
सोऽजिज्ञपत्ततः सभ्यान् स्वावासान् गन्तुमच्युतः ॥५९॥
हरिरथ निजपार्षदैः सहाऽऽयाद्वरतरमक्षरसौधमीक्षणीयः ।
पदचटचटपादुकानिनादः प्रचुरतराऽथ नरेन्द्र ! वृष्टिरासीत् ॥६०॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितरणच्छुडत्रिविक्रमस्वरू पादिनिरू पणं नाम षडधिकशततमोऽध्यायः ॥१०६॥

શ્રીહરિને પૂછ્યું, હે સ્વામિન્ ! આ અદ્ભુત આશ્ચર્યકારી તેજ શાનું હતું ? ॥૫૬॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે "તેત્રીશ કરોડ દેવતાઓ દર્શન કરવા આવ્યા હતા તે મારા અને સભાના દર્શન કરીને ગયા, આ તેજ તે દેવતાઓનું હતું." ॥૫૭॥

શ્રીમુક્તાનંદ સ્વામી અમૃતના સાર જેવું મનોહર વચન સાંભળીને ખૂબ જ ખુશી થયા. અને સભામાં બેઠેલા સર્વ સંત હરિભક્તો પણ ખૂબ જ રાજી થયા. ॥૫૮॥

હે રાજન્ ! શ્રીહરિની ઇચ્છાથી તે વખતે વરસાદ વરસવો શરૂ થયો. ત્યારે સભામાં બેઠેલા સંત હરિભક્ત સહુને પોતપોતાને નિવાસ સ્થાને જવાની અવિકારી શ્રીહરિએ આજ્ઞા કરી. ॥૫૯॥

હે નરેન્દ્ર ! પછી શ્રીહરિ પોતાના સેવક પાર્ષદોને લઇને સર્વોત્તમ અક્ષર ભવન (અક્ષર ઓરડી) નામે પોતાને નિવાસ સ્થાને પધાર્યા. શ્રીહરિની મૂર્તિ દર્શનીય હતી. ચાલ્યા ત્યારે ચરણોમાં પહેરેલી ચાખડીઓનો ચટાક ચટાક આવો ધ્વનિ સંભળાતો હતો. તે સમયે વરસાદ ઘણો સારો થયો. ॥૬૦॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૬ સમાપ્ત

अथ सप्ताधिकशततमोऽध्यायः

ऐश्वर्यं दर्शितं सप्तोत्तरे शततमे तथा ।
अन्नकूटोत्सवादिकं हरिणा कारितं शुभम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरिः कुर्वन् गोपीनाथस्य दर्शनम् ।
तदास्याबद्धदृक् तस्थौ मुहूर्तं भक्तिशिक्षकः ॥१॥
अथैश्वर्यमिति स्वीयं दिव्यं दर्शयितुं हरिः ।
ऐच्छत्त्वत्तातमुख्येभ्यो भक्तेभ्यो भक्तवत्सलः ॥२॥
प्रविष्टंतेऽथ तन्मूर्तिं गोपीनाथाकृतौ शुभाम् ।
प्रेक्षन्ताऽऽश्चर्यमापन्नास्तन्माहात्म्यविदो नृप ! ॥३॥
हरिर्गत्वा ततो राजन् धर्मदेवालयान्तिके ।
भक्तिधर्मौ शुभौ पश्यंस्तत्र तस्थौ चिरं मुदा ॥४॥
तस्य मूर्त्तावथ प्राप्तौ भक्तिधर्मौ हि लीनताम् ।
ते किलाऽलोकयन् राजन् विस्मिता निर्वृतिं गताः ॥५॥

અધ્યાય - ૧૦૭

શ્રીગોપીનાથજીદેવ આદિમાં દિવ્ય દર્શન અને અન્નકૂટ આદિ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત ભક્તિને શીખવતા શ્રીહરિ શ્રીગોપીનાથજી મહારાજના દર્શન કરતા હતા ત્યારે તેમના મુખારવિંદ સામે જ દૃષ્ટિ રાખીને એક મુહૂર્ત (૪૮ - મિનિટ) સુધી ઊભા રહ્યા. ॥૧॥

ભક્તવત્સલ શ્રીહરિએ તમારા પિતાશ્રી દાદા ખાચર આદિ ભક્તોને પોતાનું ઐશ્વર્ય દેખાડવાનો મનમાં સંકલ્પ કર્યો. ॥૨॥

હે નૃપ ! પછી તુરંત "શ્રીહરિનું શુભ સ્વરૂપ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિમાં લીન થઇ ગયું" એમ જોયું, તેથી તેમના માહાત્મ્યને સમજનારા ભક્તોને આશ્ચર્ય થયું. ॥૩॥

હે રાજન્ ! તે પછી શ્રીહરિ શ્રીધર્મભક્તિના મંદિર સન્મુખ ગયા. ત્યાં ભક્તિ અને ધર્મની શુભ મૂર્તિને આનંદથી જોઇને ઘણીવાર સુધી ઊભા રહ્યા. ॥૪॥

હે રાજન્ ! ભક્તિદેવી અને ધર્મદેવ શ્રીહરિના સ્વરૂપમાં લીન થઇ ગયા.

एत्याऽथाऽर्कं स चाऽपश्यत् सूर्यमन्दिरसन्निधौ ।
ततस्ते द्वादशाऽऽदित्यांस्तेजोयुक्तान् व्यलोकयन् ॥६॥
दिव्यं हिरण्यगर्भं ते तथा प्रैक्षन्त भासुरम् ।
तांस्तन्मूर्तौ ततो लीनान् दृष्ट्वा हृष्टा ययुर्मुदम् ॥७॥
मन्दिरस्थे महापट्टे हरजिद्भक्तकारिते ।
श्रीहरेश्चोपवेशार्थं ततस्तत्राऽस्वपद्धरिः ॥८॥
सोऽजागरीदथोत्थानाद् गोपीनाथस्य चाग्रतः ।
क्षालयित्वा मुखं नीरं मृष्टं मिष्टं न्यधाद्धरिः ॥९॥
मन्दिरोत्तरदिग्राजद्गोपुराज्जालमस्ति यत् ।
न्यषीदद्दिशि वारुण्यां तत्र सिंहासने हरिः ॥१०॥
गोपीनाथादिमूर्तीनामथोत्थाने तदीक्षणम् ।
कृत्वाऽऽगमन्निजावासं पार्षदैरन्वितो हरिः ॥११॥

તે દેખીને વિસ્મિત થયેલા ભક્તોને મનમાં શાંતિ થઇ. ॥૫॥

પછી શ્રીહરિ શ્રીસૂર્યનારાયણના મંદિરની પાસે આવ્યા. તેમના દર્શન કર્યા. સાથેના ભક્તોએ ત્યાં દ્વાદશ આદિત્યના અર્થાત્ સૂર્યના બાર તેજસ્વી સ્વરૂપોના દર્શન કર્યા. ॥૬॥

તે રીતે જ અતિ તેજસ્વી દિવ્ય હિરણ્યગર્ભના પણ દર્શન કર્યા. તે આદિત્યોને અને હિરણ્યગર્ભને શ્રીહરિની મૂર્તિમાં લીન થયા હોય તેમ જોયા. તેથી તો સહુ ભક્તો હરખાયા અને ખુશખુશાલ થઇ ગયા. ॥૭॥

શ્રીહરિને બેસવા માટે હરજી ભક્તે એક મોટી પાટ કરાવી હતી અને તે ત્યાં મંદિર ઉપર હતી. તેથી શ્રીહરિ તે પાટ ઉપર સૂઇ ગયા. ॥૮॥

શ્રીગોપીનાથજી મહારાજના પહેલા શ્રીહરિ જાગ્યા. મુખશુદ્ધિ કરી અને શુદ્ધ મીઠું જળ સ્વયં પીધું. ॥૯॥

શ્રીગોપીનાથજી મહારાજના ઉત્તરાદા દરવાજાથી આથમણી તરફ જાળિયું છે. ત્યાં સુંદર સિંહાસન હતું તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા. ॥૧૦॥

શ્રીગોપીનાથજી મહારાજ આદિ ભગવત્ સ્વરૂપોના ઉત્થાન વખતે દર્શન કર્યા અને પછી પાર્ષદોની સાથે પોતાને નિવાસ સ્થાને અક્ષર ઓરડીએ પધાર્યા. ॥૧૧॥

चतुर्थ्यां वै ततो भाद्रे श्रीगोपीनाथमन्दिरे ।
श्रीहरिर्मृन्मयं रम्यं गणाधीशं व्यधापयत् ॥१२॥
तन्मन्दिरोत्तराशायास्ततः कोणे स पश्चिमे ।
गणेशं स्थापयाञ्चक्रे वासोऽलङ्कारभास्वरम् ॥१३॥
ततश्चन्दनसन्माल्यदुर्वाधूपकदीपकैः ।
मोदकैर्गुडसंमिश्रैर्दिव्यैश्चान्योपचारकैः ॥१४॥
विप्रैर्वेदागमाभिज्ञैर्धर्मिष्ठैः कर्मकोविदैः ।
तत्पूजनं यथाशास्त्रं राजन् सोऽचीकरद्धरिः ॥१५॥
प्रेक्षमाणोऽथ तं तिष्ठन् गणेशं शोभनं शुभम् ।
तस्य विभ्राजमानस्य प्रशंसां श्रीहरिर्व्यधात् ॥१६॥
तन्मृन्मूर्तेस्ततो राजन् गणेशो दिव्यविग्रहः ।
प्रादुरासीन्निजैर्युक्तः कलत्रापत्यवाहनैः ॥१७॥
ततो नानोपचारैस्तं पूजयित्वा हरिं मुदा ।
स व्यधात् संस्तुतिं तस्य पद्यैश्छन्दोविराजितैः ॥१८॥

ભાદરવા સુદિ ચોથને દિવસ શ્રીહરિએ શ્રીગોપીનાથજી મહારાજના મંદિર ઉપર શ્રીગણપતિ દેવની માટીની સુંદર મૂર્તિ કરાવી. ॥૧૨॥

શ્રીગોપીનાથજી મહારાજના મંદિરના ઉત્તર પશ્ચિમ ખૂણામાં વસ્ત્ર અલંકારથી દીપતા શ્રીગણપતિદેવની સ્થાપના કરી. ॥૧૩॥

હે રાજન્ ! પછી ચંદન, ફૂલોના હાર, દૂર્વા, ધૂપ, દીપ, સુંદર ગોળ નાખેલા ચૂરમાના લાડુ અને બીજા દિવ્ય ઉપચારોથી, કર્મકાંડી, ધર્મનિષ્ઠ અને વેદોને તથા આગમોને ભણેલા વિપ્રો પાસે, શ્રીહરિએ શ્રીગણપતિજીની પૂજા કરાવી. ॥૧૪-૧૫॥

સુશોભિત શુભ સ્વરૂપ શ્રીગણપતિજીની મૂર્તિ સામે શ્રીહરિ દૃષ્ટિ રાખીને ઊભા હતા, શ્રીહરિએ દેદીપ્યમાન ગણપતિજીના સ્વરૂપની પ્રશંસા કરી. ॥૧૬॥

હે રાજન્ ! પછી મૃત્તિકાની મૂર્તિમાંથી શ્રીગણપતિજી પત્નીઓ, પુત્રો અને વાહનની સાથે દિવ્ય સ્વરૂપે પ્રકટ થયા. ॥૧૭॥

શ્રીગણપતિ દેવે પ્રસન્ન મનથી અનેક જાતના ઉપચારો વડે શ્રીહરિની પૂજા

तस्येक्षाऽऽप्तमहानन्दस्तत्राऽथाऽन्तर्दधे हि सः ।
ते तद्विलोक्य विप्राद्या जना मोदं प्रपेदिरे ॥१९॥
उत्सवेऽथान्नकूटाख्ये श्रीगोपीनाथमन्दिरे ।
अस्ति रूप्यचतुष्की या महापट्टाद्धरेर्दिशि ॥२०॥
तस्यां गोवर्धनं शैलं राजन् ! सोऽचीकरद्धरिः ।
शकृन्मयं मनःकान्तं शिल्पिना बुद्धिशालिना ॥२१॥
अथाऽयोध्याप्रसादेन रघुवीरेण चेशिता ।
श्रीहरिः कारयाञ्चक्रे तत्पूजां विधिवन्मुदा ॥२२॥
मृदङ्गं चाऽथ रम्याणि कांस्यतालानि सज्जनाः ।
जगुस्तत्कालयोग्यानि चारु पद्यानि सादरम् ॥२३॥
अथाऽऽप्तः सच्चिदानन्दः समाधिं श्रीहरीच्छया ।
अपश्यद्बिभ्रतं पाणौ कृष्णं गोवर्धनाचलम् ॥२४॥

કરી અને છન્દો બદ્ધ સુંદર શ્લોક બોલીને સ્તુતિ કરી. ॥૧૮॥

શ્રીહરિના દર્શન કરીને ખૂબ જ ખુશી થયેલા ગણપતિજી પછી તે સ્થળે જ અંતર્હિત થઇ ગયા. બ્રાહ્મણો વગેરે જે લોકો ત્યાં ઊભા હતા તે આ બધું જોઇને ખૂબ આનંદ પામ્યા. ॥૧૯॥

પછી શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં અન્નકૂટનો સારો ઉત્સવ થયો. ત્યારે શ્રીહરિને બેસવાની જે પાટ ત્યાં રહેતી હતી તેથી પૂર્વ તરફના ભાગમાં રૂપ ચોકી છે. ॥૨૦॥

ત્યાં સારા બુદ્ધિમાન્ કારીગર પાસે ગાયના છાણમાંથી મનોહર ગોવર્ધન પર્વત કરાવ્યો. ॥૨૧॥

પછી પરમેશ્વર શ્રીહરિએ શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રીરઘુવીરજી મહારાજ પાસે વિધિને અનુસારે પ્રેમથી શ્રીગોવર્ધન પૂજા કરાવી. ॥૨૨॥

સંતોએ ઝાંઝ, મૃદંગ અને તાલ આદિ સુંદર વાજિંત્ર વગાડીને ગોવર્ધન લીલાને યોગ્ય સુંદર કીર્તન આદરભાવથી ગાયા. ॥૨૩॥

તે સમયે શ્રીહરિની ઇચ્છાથી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઇ અને તેમણે ગોવર્ધનાચલને એક હાથે ઊંચે ધારણ કરી રહેલા શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કર્યા. ॥૨૪॥

हरिः कुर्वन्नथ प्रीत्या श्रीगोपीनाथदर्शनम् ।
मन्दिरस्याग्रतोऽपश्यद्द्वारपालौ मनोहरौ ॥२५॥
अथ स्वीयं तयोः पाणिं भ्रामयन्नुपरि प्रभुः ।
स प्राहैवं त्विमौ नन्दसुनन्दाभ्यां हि सन्निभौ ॥२६॥
जालिकायास्ततो राजन् गोपीनाथीयमन्दिरे ।
उपविश्यान्तरे रम्यं सोऽन्नकूटमपूरयत् ॥२७॥
गोपीनाथालयस्याऽग्रे श्रीहरेराज्ञया ततः ।
वर्णिनो ह्यन्नकूटस्य चक्रिरे रचनां मुदा ॥२८॥
पिण्डकान् सुखदां पर्पीः पीतसारांश्च ते तथा ।
शार्कराश्चणाकांश्चैला न्यधुस्तत्र सशर्कराः ॥२९॥
गुन्द्रपाकं तथा पाकं न्यधुस्ते नालिकेरजम् ।
एलापाकादिकान् पाकान् मुद्गचूर्णादिकं तथा ॥३०॥
शष्कुलीः कोमला रम्यास्ते च मौक्तिकलड्डुकान् ।

પછી જ્યારે શ્રીહરિ શ્રીગોપીનાથજી મહારાજના પ્રેમભાવથી દર્શન કરતા હતા ત્યારે તેમણે નિજમંદિરના બારસાખની આગળ બાજુમાં બે મનોહર પથ્થરના પરોળિયા જોયા. ॥૨૫॥

પ્રભુ શ્રીહરિએ તે બન્નેના ઉપર પોતાનો હાથ ફેરવ્યો. અને એમ બોલ્યા કે આ બન્ને પરોળિયા તો નંદ અને સુનંદના જેવા છે. ॥૨૬॥

હે રાજન્ ! પછી શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં જાળીની અંદરના ભાગમાં બેસીને શ્રીહરિએ રમણીય અન્નકૂટ પુરાવ્યો. ॥૨૭॥

બ્રહ્મચારીઓ શ્રીહરિની આજ્ઞાથી શ્રીગોપીનાથજી મહારાજની આગળ પ્રેમથી અન્નકૂટ ગોઠવવા લાગ્યા. ॥૨૮॥

અન્નકૂટમાં પેંડા, સુખડી, બરફી, પતાસાં, સાકરિયા ચણા અને સાકરિયા એલચી ગોઠવ્યા. ॥૨૯॥

ગુંદરપાક, કોપરાપાક, એલચીપાક આદિ બધા પાકો અને મગજ અને ચૂરમાના લાડુ પણ અન્નકૂટમાં મૂક્યા. ॥૩૦॥

હે રાજન્ ! સુંદર સુકોમળ જલેબી, મોતૈયા લાડુ, ઊંચી જાતની સૂતર ફેણી

न्यधुस्तत्रोत्तमाः फेणीः खाजकानि च भूपते ! ॥३१॥
शाटकान् मण्डकां श्चाग्र्यान् पोलिकाः पूरिकास्तथा ।
मोदकान् विविधान् रम्यान् बिरञ्जं ते न्यधुस्तथा ॥३२॥
कंसारं ते च संयावं पूपाऽपूपांस्तथा न्यधुः ।
वेषवारान्विताः फुल्लाः पूरिकाः चक्रिकास्तथा ॥३३॥
रसालं ते तथा रम्यं शालिषिष्टं न्यधुर्वरम् ।
विचित्रराजिकाराद्धभज्यकानि च भूपते ! ॥३४॥
विचित्रक्वथिकासूपस्वारनालानि ते न्यधुः ।
पायसं सेविकाः शाकान् संस्कृतान् विविधांस्तथा ॥३५॥
जीवन्तीतन्दुलीयाद्या वेषवारेण संयुताः ।
न्यधुस्ते भाजिका राजन् विचिताः संस्कृता वराः ॥३६॥
पर्पटांश्चटनीं रम्यां न्यधुस्ते वर्णिनस्तथा ।
मुद्गान् सन्तलितान् रम्यांश्चणकादीं स्तथोत्तमान् ॥३७॥
शर्कराघृतयुक्तानि कदलान्युत्तमानि ते ।
मूलकानि च रम्याणि मुत्करीर्मञ्जुला न्यधुः ॥३८॥

અને ખાજા વગેરે અન્નકૂટમાં પાત્ર ભરીને મૂક્યા. ॥૩૧॥

સુંદર સાટા, માંડા, પોળી, પૂરી, જાતજાતના લાડુ અને બિરંજ, કંસાર, શીરો, માલપૂવા, પૂડલા, મસાલાવાળી ફૂલેલી ગોળ પૂરી, સુંદર સરસ શીખંડ અને શ્રેષ્ઠ હરીસો વગેરે પણ અન્નકૂટમાં ભગવાનને અર્પણ કર્યા. અનેક પ્રકારના રાયતાં અને ભજિયા પણ ધરાવ્યા. ॥૩૨-૩૪॥

હે રાજન્ ! સુસ્વાદુ, કઢી, દાળ અને અનેક પ્રકારના અથાણાં, દૂધપાક, સેવ અને વઘારેલા અનેક પ્રકારના શાક કર્યા હતા. ॥૩૫॥

હે રાજન્ ! જીવંતી (ખરખોડી) અને તાંદળજાની જાતજાતની ભાજી વઘારી હતી, તેમાં સારા મસાલા નાખ્યા હતા. ॥૩૬॥

સારા શેકેલા અને તળેલા પાપડ તથા સરસ ચટણી કરીને વર્ણીએ અન્નકૂટમાં મૂકી હતી. તળેલા મગ અને સારા ચણા પણ હતા. ॥૩૭॥

ઘી સાકર મેળવેલા સારા પાકા કેળાં, રમણીય મૂળા અને સરસ મોગરીઓ

ग्रन्थिका कलिकामुख्यं भक्ष्यं नानाविधं च ते ।
न्यस्य प्रीत्या हि तन्मध्ये चक्रुरोदनपर्वतम् ॥३९॥
एकाधिकशतं नानाभोज्यानां तत्र भूपते ! ।
यथार्हं स्थापयामासुरेवं ते वर्णिनो मुदा ॥४०॥
महानीराजनं कृत्वा ततोऽभुक्त हरिः स्वयम् ।
प्रेक्षितः स्वैर्विचित्राणि स्वादुभोज्यानि भूपते ! ॥४१॥
तन्मन्दिरस्य रम्याया जालिकाया बहिस्ततः ।
न्यषीदच्चक्रके रम्ये हरिः कौशेयनिर्मिते ॥४२॥
दर्शनं स्वं ततः प्रादाद् गोपीनाथस्वरू पतः ।
भूपते ! स्वीयभक्तेभ्यः स्वासक्तेभ्यो विभुर्हरिः ॥४३॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि सादरम् ।
तर्पयामास मुन्यादीं स्तत्पङ्क्तिषु व्रजन्मुहुः ॥४४॥
इत्थं हरिः स सुखयन्निजभक्तसंघा –
नत्रोत्सवान् बहुविधान् महतो मनोज्ञान् ।

અન્નકૂટમાં મૂકી હતી. ॥૩૮॥

ગાંઠિયા અને કળી વગેરે અનેક જાતના ભોજન મૂકીને પછી તેની મધ્યે પ્રેમથી ભાતનો પર્વત (કલ્પીને) કર્યો. ॥૩૯॥

આ પ્રમાણે તે વર્ણીઓએ પ્રેમથી એકસોને એક ભોજન જણસો તૈયાર કરીને યોગ્ય રીતે અન્નકૂટમાં ધરાવી હતા. ॥૪૦॥

હે રાજન્ ! પછી મહાનીરાજન કર્યું. અને શ્રીહરિ પણ સ્વયં અનેક પ્રકારના સ્વાદુ ભોજનો જમ્યા. તે સમયે ભક્તોએ દર્શન કર્યા. ॥૪૧॥

પછી શ્રીહરિ મંદિરની વચ્ચેની સુંદર જાળીથી બહારના ભાગમાં રેશમી ચાકળા ઉપર વિરાજમાન થયા. ॥૪૨॥

હે ભૂપતે ! મહાસમર્થ શ્રીહરિએ તે વખતે પોતાના નિષ્ઠાવાન ભક્તોને શ્રીગોપીનાથજી સ્વરૂપે પોતાના દર્શન આપ્યા. ॥૪૩॥

પછી શ્રીહરિએ સંતો વગેરેની પંગત કરાવી. તેમાં અનેક પ્રકારના ભોજન વારંવાર આદરભાવથી પીરસીને તે સહુને તૃપ્ત કર્યા. ॥૪૪॥

विस्मापितक्षितिपतीनकरोत् सुभद्रान्
राजन् कवीन्द्रबुधसज्जनगीयमानान् ॥४५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितैश्वर्यपूर्वकं श्रीगोपीनाथदेवाग्रनिवेदितान्नकुटा-दिनिरू पणं नाम सप्तोत्तरशततमोऽध्यायः ॥१०७॥

अथाऽष्टोत्तरशततमोऽध्यायः

उत्तमेन निजे गेहे पूजितो वास्तुकर्मणि ।
तथा हिरण्मयेनाष्टोत्तरे शततमे हरिः ॥

श्रीचैतन्यानन्द उवाच –
पार्श्वे श्रीवासुदेवीयगर्भागारस्य भूपते ! ।
गर्भागारं ह्युदग्द्वारं वर्तते यन्मनोहरम् ॥१॥
त्वत्पित्रे तद्धरिः प्रादात्ततस्तस्याऽथ सद्विजैः ।
वास्तुकर्म यथाशास्त्रं वेदादिज्ञैरकारयत् ॥२॥

હે રાજન્ ! શ્રીહરિ આ પ્રમાણે ઘણા સારા મોટા ઉત્સવ કરાવતા હતા. ઉત્સવમાં ભક્ત સમુદાયને સ્વસ્વરૂપ સંબંધથી સુખી કરતા હતા. ઉત્સવ એવા સારા ઊજવાતા હતા કે તે સાંભળીને મોટા રાજાઓ પણ વિસ્મિત થતા. મોટામોટા કવિઓ અને વિદ્વાન્ સંતો તે ઉત્સવ સંબંધી શ્રીહરિના યશનું ગાન કરતા હતા. ॥૪૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૭ સમાપ્ત

અધ્યાય - ૧૦૮

ઓરડાનું વાસ્તુ અને હિરણ્મય પુરુષે પૂજા કરી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! શ્રીવાસુદેવનારાયણના ઓરડાની બાજુમાં પશ્ચિમ તરફ ઉત્તરાદા બારનો જે મનોહર ઓરડો છે. ॥૧॥

શ્રીહરિએ તે ઓરડો શ્રીદાદાખાચરને (રહેવા) આપ્યો. પછી તેમણે વેદાદિ શાસ્ત્રોના જાણનારા વિપ્રો પાસે તે ઓરડાનું વાસ્તુકર્મ શાસ્ત્રાનુસારે કરાવ્યું. ॥૨॥

त्वत्तातः कपिलाषष्ठ्याः सम्प्रार्थ्याऽऽथ प्रगे हरिम् ।
गर्भागारं तदा निन्ये सार्द्धं मुन्यादिभिर्मुदा ॥३॥
ततस्तस्य बहिःशालामध्यखण्डे व्यधाद्धरिः ।
निषद्य चक्रके रम्ये कोमलं दन्तधावनम् ॥४॥
ततस्तं गोदधिक्षीरप्रमुख्यैर्वस्तुभिर्वरैः ।
आदावसिस्नपत् प्रीत्या मुकुन्दानन्दवर्णिराट् ॥५॥
नीरमुष्णं ततस्तस्मिन् स न्यषिञ्चत्स्वयं हरिः ।
सम्मर्दयन्निजाङ्गानि स्नानं राजन् समाचरत् ॥६॥
स्वर्णप्रान्तं महामूल्यं वरं पीताम्बरं हरिम् ।
पर्यधापयदीशानं स वर्णीन्द्रो मुदान्वितः ॥७॥
रुक्मबुट्टान्वितं रम्यं सोऽन्यत् पीताम्बरं हरेः ।
अङ्कतो द्विगुणं राजन् धारयामास भक्तितः ॥८॥
सौवर्णीं कच्छदेशीयां नद्धनानामणिप्रभाम् ।

તમારા પિતા શ્રીદાદાખાચરે કપિલા છઠ (ભાદરવા વદિ છઠને દિવસ હસ્ત નક્ષત્ર અને વ્યતિપાત સાથે મંગળવાર આવે, તેવો દિવસ કપિલા છઠ કહેવાય છે. આવો યોગ સામાન્યરીતે બાર વરસે એકવાર આવે છે) ને દિવસ સવારના પહોરમાં શ્રીહરિની પ્રાર્થના કરીને સંતો વગેરેની સાથે પ્રેમથી પધરામણી કરી. ॥૩॥

પછી શ્રીહરિએ તે ઓરડાની ઓસરીના વચલા ખંડમાં સુંદર ચાકળા ઉપર બેસીને કોમળ દાતણ કર્યું. ॥૪॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ સર્વ પ્રથમ ગાયનું દૂધ, દહીં, ઘી તથા મધ અને સાકર આ ઉત્તમ પંચામૃતથી પ્રેમપૂર્વક સ્નાન કરાવ્યું. ॥૫॥

હે રાજન્ ! પછી તેમાં ગરમ પાણી નાખ્યું. પછી શ્રીહરિ સ્વયં પોતાના અંગોને ચોળતા હતા અને સ્નાન પૂર્ણ કર્યું. ॥૬॥

શ્રીમુકુંદવર્ણીએ હરખભર સોનેરી છેડાવાળી, મોંઘા મૂલી, શ્રેષ્ઠ પીતાંબર ધોતી પરમેશ્વર શ્રીહરિને પહેરાવી. ॥૭॥

હે રાજન્ ! પછી બીજું એક પીતાંબર, સોનેરી બુટ્ટાવાળું અને મનોહર હતું, તેને બેવડું કરીને ખોળાથી ઉપરના ભાગમાં ભક્તિભાવથી ધારણ કરાવ્યું. ॥૮॥

टोपीं तेजोमयीं रम्यां मूर्ध्नि सोऽदीधपद्धरेः ॥९॥
हैमे चतुष्कपीठे तं स्वर्णबुट्टपुरु त्विषा ।
तूलपट्याऽतिराजन्त्या संयुक्ते न्यषीदत्ततः ॥१०॥
उत्तराशाऽऽस्यपद्मस्य तस्य भालेऽथ स प्रभोः ।
चारु केसरगन्धस्य व्यधात्पत्रलतां वराम् ॥११॥
स्थलाम्भोजप्रसूनानां सारं हारं सुसौरभम् ।
प्रीत्या स श्रीहरेः कण्ठे धारयामास वर्णिराट् ॥१२॥
त्वत्पिताऽथोत्तमो राजा पूजयन् सर्वदा हरिम् ।
हैमैरवाकिरन् माल्यैः स्वेष्टदेवं तमच्युतम् ॥१३॥
मुकुन्दानन्दवर्णीन्द्रः स्वर्णपीठं ततो हरेः ।
अग्रतोऽतिष्ठिपद्रम्यं सदा तत्सेवनोद्यतः ॥१४॥
नानाभोज्यैस्ततो रम्यैर्भृतं स्थालं सुभास्वरम् ।
सुधास्वादैः स तत्पीठे स्थापयामास सादरम् ॥१५॥

પછી જડેલા અનેક મણિઓથી ઝળહળતી, સુંદર, તેજોમય સોનેરી કચ્છી ટોપી હતી, તે શ્રીહરિને મસ્તકે પહેરાવી. ॥૯॥

સોનેરી બુટ્ટાઓની ચળકાટીથી અત્યન્ત શોભતા ગાદલીવાળા સોનાના ચોરસ બાજોઠ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૧૦॥

પછી વર્ણીએ ઉત્તરાદે મુખારવિંદે વિરાજેલા પ્રભુ શ્રીહરિના કપાળમાં સુગંધી કેસર મિશ્રિત ચંદનની સરસ પત્રલતા (આડ) કરી. ॥૧૧॥

અને ગુલાબના ફૂલોનો સુગંધી શ્રેષ્ઠ હાર શ્રીહરિના કંઠમાં હેતથી પહેરાવ્યો. ॥૧૨॥

પછી તમારા પિતા દરબાર શ્રીદાદાખાચર તો નિર્વિકારી આવા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પૂજા હમેશાં કરતા જ હતા, તેથી તેમણે શ્રીહરિને સોનાના પુષ્પોથી વધાવ્યા. ॥૧૩॥

શ્રીહરિની સેવામાં નિરંતર તત્પર રહેનારા શ્રીમુકુંદાનંદ વર્ણીન્દ્રે શ્રીહરિની આગળ મનોજ્ઞ સોનાનો બાજોઠ મૂક્યો. ॥૧૪॥

અને અમૃતના જેવા સ્વાદુ, અનેક પ્રકારના રમણીય ભોજનોથી ભરેલો

आचम्यादौ ततो राजंष्टोपीमुत्तार्य मस्तकात् ।
स कृत्वाऽऽत्मश्रवःपृष्ठे प्रावारं प्रावृणोद्धरिः ॥१६॥
आकुञ्च्याऽथ स वामाङ्घ्रिं पादं चोत्तभ्य दक्षिणम् ।
वामपाणितलं रम्यं वामजानुन्यधाद्धरिः ॥१७॥
चारु दक्षिणहस्तस्य कूर्परं दक्षिणस्य सः ।
जानुन्यङ्घ्रेर्हि बिभ्राणः प्राश्नाद्भोज्यानि भूपते ! ॥१८॥
प्रादत्स शष्कुलीर्मृद्वीः पिण्डकान् पर्पिकास्तथा ।
मौक्तिकान् लड्डुकान् फेणीखाजकानि च शाटकान् ॥१९॥
गुन्द्रपाकादिकान् पाकान् मुद्गचूर्णादिकं तथा ।
रम्यं सोऽभुक्त संयावं पिबन्नीरं मुहुर्हरिः ॥२०॥
मोदकान् विविधान् रम्यान् तथा पूपांश्च पायसम् ।
सोऽश्नान्नानाविधं सूपं नानाशाकांश्च संस्कृतान् ॥२१॥
स प्रादद्राजिकाराद्धभज्यकानि च पर्पटम् ।

ઉજ્જ્વળ થાળ આદરભાવથી તે બાજોઠ ઉપર મૂક્યો. ॥૧૫॥

પછી શ્રીહરિએ મસ્તક ઉપરથી ટોપી ઉતારી લીધી. પીતાંબર ઉપરણીને માથે ઓઢી, બન્ને કાન ખુલ્લા રાખ્યા. પ્રથમ આચમન કર્યું. ॥૧૬॥

પછી શ્રીહરિએ ડાબા ચરણની પલાંઠીવાળી, જમણા ચરણને ઘૂંટણેથી વાળીને ઊભો રાખ્યો. ડાબા હાથની હથેળીને ડાબા ચરણના ઘૂંટણ ઉપર મૂકી. ॥૧૭॥

હે રાજન્ ! સુંદર જમણા હાથની કોણીને જમણા ચરણના ઘૂંટણ ઉપર ટેકવી. આ રીતે બેસીને શ્રીહરિ ભોજન જમવા લાગ્યા. ॥૧૮॥

સુકોમળ જલેબી, પેંડા, બરફી, મોતૈયા લાડુ, સૂતર ફેણી, ખાજા અને સાટા, થાળમાં પીરસ્યા હતા તે જમતા હતા. ॥૧૯॥

ગુંદર પાક આદિ ઘણાક પાક, મગજ, ચૂરમું વગેરેના લાડુ અને સુંદર શીરો જમતા હતા. વચ્ચે વારેવારે પાણી પીતા જતા હતા. ॥૨૦॥

જુદી જુદી જાતના લાડુ, સુંદર પુડલા, દૂધપાક, અનેક પ્રકારની દાળ, સારા વઘારેલા ભાતભાતના શાક, અનેક પ્રકારના રાયતાં, ભજિયાં, પાપડ, વિચિત્ર પ્રકારના

विचित्राण्यारनालानि श्रीहरिश्चटनीं तथा ॥२२॥
स प्राश्नात् क्वथिकां फुल्लान् दध्याक्तान् वटकांस्तथा ।
माषेयांश्चान्यभोज्यानि चतुर्भेदानि भूपते ! ॥२३॥
महाऽऽमोदान्वितं रम्यं भुङ्क्ते स्माऽथौदनं हरिः ।
सूपेन शर्करायुक्तं दध्ना मिश्रं तथा नृप ! ॥२४॥
शर्करैलादियुक्तेन क्षीरेण क्वथितेन सः ।
भुक्त्वौदनं सहाऽकार्षीद्भूपते ! चुलुकं हरिः ॥२५॥
श्रीहरिः पूगचूर्णैलाप्रमुख्यं सुन्दरं ततः ।
मुकुन्दवर्णिना दत्तं मुखवासं समग्रहीत् ॥२६॥
नानाभोज्यानि तातस्ते धर्मवंश्यांस्ततोऽखिलान् ।
वर्णिसंन्यासिनः सर्वान् भोजयित्वा व्यतर्पयत् ॥२७॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि सादरम् ।
तर्पयामास मुन्यादीं स्तत्पङ्क्तिषु व्रजन् मुहुः ॥२८॥
पौरान् विप्रांस्तदाऽशेषान् समग्रांश्च पुरौकसः ।

અથાણાં અને ચટણી આદિ પદાર્થોને જમતા હતા. ॥૨૧-૨૨॥

હે ભૂપતે ! કઢી, સુંદર ફૂલેલા અડદના દહીંવડા આ બધા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, ચાર પ્રકારના ભોજન જમતા હતા. ॥૨૩॥

હે રાજન્ ! મનોહર સુગંધી ભાત શ્રીહરિએ જમવા લીધો, તે દાળ સાથે, દહીં સાકર સાથે અને સાકર એલચી નાખીને ઉકાળેલા દૂધ સાથે જમ્યા. પછી શ્રીહરિએ ચળું કર્યું. ॥૨૫॥

પછી વર્ણીએ સોપારી અને એલચી આદિનો સુંદર મુખવાસ આપ્યો તે શ્રીહરિ જમ્યા. ॥૨૬॥

તમારા પિતા શ્રીદાદાખાચરે ધર્મવંશી સહુને, વર્ણીઓને અને સંન્યાસીઓને, બધાને અનેક પ્રકારના ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૭॥

પછી શ્રીહરિએ સંતો વગેરેની પંગત કરાવી. અને તેમાં અનેક પ્રકારના ભોજન પ્રેમ અને આદરભાવથી પીરસ્યા. વારંવાર પંગતમાં પીરસવા-પિરસાવવા ફરીને તે સમગ્રને તૃપ્ત કર્યા. ॥૨૮॥

नानाभोज्यैर्जनांश्चान्यांस्तर्पयामास ते पिता ॥२९॥
त्वत्पिताऽथोत्सुको राजन्नेकैकां रूप्यमुद्रिकाम् ।
दक्षिणां सर्वविप्रेभ्यः प्रादात् प्रीत्या महामनाः ॥३०॥
मध्येऽथोपाविशत्तस्य गर्भागारस्य स प्रभुः ।
तूलिकाद्यैर्युते रम्ये पर्यङ्के श्रीहरिर्वरे ॥३१॥
स्वर्णबुट्टं हरिद्वर्णं तं ततः सुरवारकम् ।
त्वत्पिता धारयाञ्चक्रे श्रीहरिं भूरिभावतः ॥३२॥
अथोष्णीषं लसत्स्वर्णबुट्टं संद्धारितं हरेः ।
स मूर्द्धन्यधारयद्रम्यं नीशारं तादृशं तथा ॥३३॥
स्वर्णबुट्टं हरिद्वर्णं स तत्कट्यां पटं वरम् ।
बन्धयित्वा च तादृक्षं प्रावारं च ह्यदीधपत् ॥३४॥
ततो रम्यं हरिद्वर्णं महार्हं नक्तकं मुदा ।
रक्ताब्जे शुकसंकाशं हस्ते सोऽदीधपद्धरेः ॥३५॥

શ્રીદાદાખાચરે ગઢપુર ગામના સર્વ બ્રાહ્મણોને, બીજા બધા ગામના અને બહારથી આવેલા લોકોને અનેક પ્રકારના ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૯॥

હે રાજન્ ! ઉદાર હૃદયવાળા અને ઉત્સાહી તમારા પિતાશ્રીએ બધા જ બ્રાહ્મણોને દક્ષિણાના રૂપમાં ચાંદીનો એક એક રૂપિયો પ્રેમથી આપ્યો. ॥૩૦॥

પછી પ્રભુ શ્રીહરિ તે ઓરડાની વચ્ચે ગાદી તકિયાથી સજાવેલા સુંદર શ્રેષ્ઠ પલંગ ઉપર વિરાજ્યા. ॥૩૧॥

ત્યાં શ્રીદાદાખાચરે ઘણી જ ભાવનાથી શ્રીહરિને સોનેરી બુટ્ટાવાળો લીલા રંગનો સુરવાળ પહેરાવ્યો. ॥૩૨॥

સુશોભિત સોનેરી બુટ્ટાવાળી પાઘ શ્રીહરિને મસ્તકે બંધાવી. અને તેવો જ રમણીય જામો પણ પહેરાવ્યો. ॥૩૩॥

સોનેરી બુટ્ટાવાળા લીલા રંગના એક ખેસથી કમર ઉપર સુંદર ભેટ બંધાવી અને તેવો જ એક બીજો ખેસ ખભા ઉપર રખાવ્યો. ॥૩૪॥

પછી ઘણો કીમતી લીલા રંગનો રૂમાલ હાથમાં રાખવા માટે પ્રેમથી આપ્યો. શ્રીહરિના કમળ જેવા હાથમાં રહેલો લીલો રૂમાલ લાલ કમળ ઉપર બેઠેલા પોપટ

मुक्तामयीं ततो मालां स्फुरत्तारानुकारिणीम् ।
सोऽधारयद्धरेः कण्ठे भूरिशोभेऽद्भुते शुभे ॥३६॥
रूप्यमुद्रासहस्रेण स स्थालं सम्भृतं ततः ।
न्यधाद्धार्मेर्हरेरग्रे स्वेष्टदेवस्य ते पिता ॥३७॥
कर्पूरेणाऽथ सोऽकार्षीन्महानीराजनं शुभम् ।
दण्डवच्च हरेश्चक्रे साष्टाङ्गं वन्दनं मुदा ॥३८॥
छन्दःपद्यैरथ स्तुत्वा स्तुत्यं स श्रीहरिं सुधीः ।
चित्रनिर्मितवत्तस्थौ हरिप्रेक्षोरु निर्वृतिः ॥३९॥
स प्रैक्षताऽथ तातस्ते तेजोमण्डलमध्यगम् ।
राजन् ! हिरण्मयं दिव्यं पूरुषं भूरितेजसम् ॥४०॥
गदाशङ्खाब्जचक्राणि बिभ्राणं दोश्चतुष्टये ।
किरीटं मूर्ध्नि सौवर्णं तथा द्योतन्मणिप्रभम् ॥४१॥

જેવો જણાતો હતો. ॥૩૫॥

પછી ચમકતા તારા મંડળ જેવો દીપતો મોતીનો હાર શ્રીહરિના અત્યંત અદ્‌ભુત શોભતા શુભ કંઠમાં પહેરાવ્યો. ॥૩૬॥

પછી શ્રીદાદાખાચરે એક હજાર રોકડા રૂપિયાથી ભરેલો થાળ પોતાના ઈષ્ટદેવ ધર્મપુત્ર શ્રીહરિની આગળ મૂક્યો. ॥૩૭॥

અને તેમણે કપૂરથી શ્રીહરિનું શુભ મહાનીરાજન (આરતી) કર્યું. પછી અતિ આનંદથી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ॥૩૮॥

રૂડી સમજણવાળા શ્રીદાદાખાચરે છંદોબદ્ધ શ્લોક બોલીને સ્તુતિને યોગ્ય શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિના દર્શનથી અપાર શાંતિ પામેલા તેઓ આલેખેલા ચિત્રની જેમ સ્થિર થઈને ઊભા રહ્યા. ॥૩૯॥

હે રાજન્ ! તમારા પિતા શ્રીદાદાખાચરને તેજઃપુંજને મધ્યે અત્યંત તેજસ્વી દિવ્ય હિરણ્મય પુરુષના દર્શન થયા. ॥૪૦॥

તેમના ચાર હાથમાં ગદા, શંખ, કમળ અને ચક્ર, આ ચાર આયુધો હતા. દેદીપ્યમાન મણિઓની કાંતિથી ચળકતો સોનાનો મુકુટ મસ્તક ઉપર પહેર્યો હતો. ॥૪૧॥

कुण्डले मकराकारे नद्धसद्रत्नभास्वरे ।
दधानं सुश्रवोयुग्मे मणिं कण्ठे च कौस्तुभम् ॥४२॥
कट्यां कदम्बकिञ्जल्कसंकाशं पीतमम्बरम् ।
बिभ्रतं तादृशं राजत्स्कन्धयुग्मे पटं नृप ! ॥४३॥
नद्धनानामणि श्रीमत्सौवर्णं चाङ्गरक्षकम् ।
फुल्लनीलोत्पलश्यामे विग्रहे दधतं वरम् ॥४४॥
वालखिल्यर्षिभिर्विश्वग्वेष्ट्यमानं सहस्त्रशः ।
सूर्यैर्द्वादशभिर्युक्तं महातेजोविराजितैः ॥४५॥
स तैर्युक्तस्ततो भक्त्या साष्टाङ्गं प्राणमद्धरिम् ।
अर्घ्यैः षोडशभिर्दिव्यैस्तं तथाऽपूजयद्धरिम् ॥४६॥
शुभैश्छन्दौमयैः पद्यैस्तं स्तुत्वा श्रीहरिं मुदा ।
तन्मूर्तिप्रेक्षणानन्दस्तस्थौ तस्याग्रतो हरेः ॥४७॥
त्वत्पिताऽथोत्तमं हैमं स्यन्दनं नद्धसन्मणिम् ।
चतुष्के तत्र चापश्यत् सप्ताऽश्वैरू ढमद्भुतम् ॥४८॥

જડેલા હીરાથી તેજસ્વી સોનાના મકરાકાર કુંડળ બંને કાનમાં પહેર્યા હતા. કંઠમાં કૌસ્તુભ મણિ પહેર્યો હતો. ॥૪૨॥

તેમણે કદંબ પુષ્પના પરાગ જેવું પીળું રેશમી વસ્ત્ર કમર ઉપર પહેર્યું હતું. હે નૃપ ! તેવું જ બીજું પીતાંબર બન્ને ખભા ઉપર ધાર્યું હતું. ॥૪૩॥

જડેલા અનેક મણિઓની શોભાવાળો શ્રેષ્ઠ સોનેરી જામો પ્રફુલ્લિત નીલકમળના જેવા સુંદર શ્યામ શરીર ઉપર પહેર્યો હતો. ॥૪૪॥

હજારો વાલખિલ્યાદિ ઋષિઓ તેમની ચોતરફ વીંટળાઈને રહ્યા હતા. અત્યંત તેજથી વિરાજિત બાર સૂર્ય પણ સાથે હતા. ॥૪૫॥

તે સહુની સાથે રહેલા હિરણ્મય પુરુષે ભક્તિભાવથી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને તે પછી દિવ્ય ષોડશોપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૪૬॥

પછી પ્રસન્ન મનથી શુભ છન્દોબદ્ધ શ્લોકો બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિની મૂર્તિના દર્શનથી આનંદિત થયેલા તે તેમની આગળ ઊભા રહ્યા. ॥૪૭॥

તે સમયે તમારા પિતા શ્રીદાદાખાચરે ચોકમાં ઊભેલો, સાત ઘોડાવાળો,

प्रेक्षणीयतमं दिव्यं तेजःपुञ्जातिराजितम् ।
नष्टध्वान्ता दिशः सर्वाः कुर्वाणं विस्फुरत्प्रभम् ॥४९॥
ततस्तत्प्रेक्षणानन्दो यथा प्राक् ते पिता नृप ! ।
आश्चर्यं मण्डलेऽर्कस्य तथाऽपश्यन्महामुदा ॥५०॥
हिरण्मयोऽथ चत्वारि भूमौ न्यस्याऽऽयुधानि सः ।
प्राञ्जलिस्तं पुनर्नत्वा तन्मूर्त्तौ लीनतामगात् ॥५१॥
स तस्याऽथेच्छया तस्मात्पृथग्भूत्वा हरेः पुरः ।
तिष्ठन् बद्धाञ्जलिर्वाक्यं प्राहेत्थं प्रश्रयानतः ॥५२॥
स्वामिन्नस्योत्तमाख्यस्य कुलदेवोऽस्मि भूपतेः ।
क्षत्रियाणां समाराध्यः सर्वप्राणिदृगीश्वरः ॥५३॥
नैकब्रह्माण्डभर्त्तुस्ते वासमत्राधिकुर्वतः ।
कर्तुमिच्छास्ति वै सेवां भूयसीं मेऽन्तरे हरे ! ॥५४॥
तस्मान्मय्यनुकम्पां त्वं कृत्वा वस्तुमिह प्रभो ! ।

મણિ જડિત સોનાનો સર્વોત્તમ અને અદ્‌ભુત રથ જોયો. ॥૪૮॥

તે દિવ્ય રથ જોવાલાયક હતો. તેજના પુંજની વચ્ચે શોભતો હતો અને બધી દિશાઓના અંધારાને ટાળીને પોતાની કાંતિથી ઝળહળી રહ્યો હતો. ॥૪૯॥

તેને દેખીને ખુશી થયેલા શ્રીદાદાખાચરે પહેલાની જેમ જ સૂર્યમંડળમાં આનંદથી આશ્ચર્ય દેખ્યું. ॥૫૦॥

પછી હિરણ્મય પુરુષે પોતાના ચારે આયુધ જમીન ઉપર મૂકી દીધા. બે હાથ જોડ્યા. ફરીવાર પ્રણામ કરીને શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. ॥૫૧॥

વળી શ્રીહરિની ઈચ્છાથી તે હિરણ્મય પુરુષ તેમનાથી અલગ થઈને શ્રીહરિની આગળ હાથ જોડીને ઊભા રહ્યા. અને વિનયથી નમ્રભાવે આ પ્રમાણે વચન કહ્યું, ॥૫૨॥

હે સ્વામિન્ ! હું આ દરબાર શ્રીદાદાખાચરનો કુળદેવ છું. સમગ્ર ક્ષત્રિયોનો આરાધ્ય છું. સર્વ પ્રાણીઓનો સાક્ષી અને ઈશ્વર-નિયંતા છું. ॥૫૩॥

હે હરે ! આપ અનેક બ્રહ્માંડના અધિપતિ અહીંયાં નિવાસ કરીને રહ્યા છો. તો મારા હૃદયમાં એક ઈચ્છા રહ્યા કરે છે કે હું આપની ઘણી સેવા કરું. ॥૫૪॥

मामाज्ञापय चेत्युक्तस्तेनेत्याह स तं हरिः ॥५५॥
कारयत्युत्तमो राजा मन्दिरं तत्र सुन्दरे ।
स्थापयिष्यामि दिव्यात्मंस्त्वां स्थेयं तत्र हि त्वया ॥५६॥
स इत्युक्त्वा न्यधात् तस्य मूर्ध्नि स्वं पाणिपङ्कजम् ।
ततो गन्तुं ह्यपृच्छत्तं स तत्प्रेक्षातिहर्षवान् ॥५७॥
सूर्यास्तेऽथ स तं प्रीत्या प्रणम्य श्रीहरिं रथे ।
न्यषीदंस्तन्निरीक्षाप्तमहाश्चर्या महामुदः ॥५८॥
तानित्याहाथ खिन्नात्मा सोऽरुणः सारथिर्वचः ।
श्रीहरेर्दर्शनं कृत्वा प्राप्ता यूयं महासुखम् ॥५९॥
महन्मेऽस्ति न्वभाग्यं किं येन नाप्तो हरीक्षणम् ।
तानित्युक्त्वा रथात्स द्रागुत्तीर्याऽगात्तदन्तिकम् ॥६०॥
तं प्रणम्याऽथ स प्रीत्या हृदि स्वे तत्पदाम्बुजे ।

હે પ્રભો ! તેથી મારા ઉપર દયા કરીને મને અહીંયાં રહેવા માટેની આજ્ઞા (રજા) આપો. જ્યારે હિરણ્મય પુરુષે આમ કહ્યું ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું. ॥૫૫॥

"હે દિવ્યાત્મન્ ! આ દરબાર શ્રીદાદાખાચર અહીંયાં મંદિર કરાવે છે તે સુંદર મંદિરમાં હું તમારી સ્થાપના કરીશ. તો તે સમયથી તમે અહીં રહેજો." ॥૫૬॥

શ્રીહરિએ એમ કહીને તેના મસ્તક ઉપર પોતાનો કરકમળ મૂક્યો. શ્રીહરિના દર્શનથી ખૂબ જ ખુશ થયેલા શ્રીહિરણ્મય પુરુષે શ્રીહરિ પાસે જવા માટે આજ્ઞા માગી. ॥૫૭॥

શ્રીહરિના દર્શન કરીને મહાન્ આશ્ચર્ય સાથે અત્યંત આનંદને પામેલા બાર સૂર્યો પણ શ્રીહરિને પ્રેમથી પ્રણામ કરીને બહાર રહેલા રથમાં બેસી ગયા. ॥૫૮॥

તે સમયે મનમાં થોડું ખિન્ન થઈને સારથિ અરુણે કહ્યું કે "તમને સહુને શ્રીહરિના દર્શન થયા છે તેથી તમે સહુ મહાન્ સુખ પામ્યા છો. મારું કોઈ મોટું દુર્ભાગ્ય હશે કે જેનાથી મને શ્રીહરિના દર્શન થયા નહિ." આટલું બોલીને તે તુરંત જ રથમાંથી નીચે ઊતર્યા અને શ્રીહરિની પાસે પહોંચ્યા. ॥૫૯-૬૦॥

તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા અને પ્રેમથી શ્રીહરિના ચરણકમળ પોતાની

धृत्वाऽऽयात्तन्निदेशेन प्रारुक्षत् सोऽथ तद्रथम् ॥६१॥
रथो व्योमन्यथाऽगच्छत् सर्वा विद्योतयन् दिशः ।
दिव्यदृष्टिमता दृष्टस्त्वत्पित्रा चेतरैर्जनैः ॥६२॥
सोऽतिप्रीतोऽथ ते तातं गाढं चाश्लिष्य मस्तके ।
तदीये स्वं कराम्भोजं निधायेत्थं तमब्रवीत् ॥६३॥
अत्र किन्नु त्वया दृष्टं राजंस्तेनेत्युदीरितः ।
वृतान्तं सोऽवदत्तस्मै तत्तं प्राहैत्यथैव सः ॥६४॥
सूर्यमूर्तेरुपात्ताया विधेयं स्थापनं प्रगे ।
तन्निशम्योत्तमाद्यास्ते भक्ताः प्रापुर्महामुदम् ॥६५॥
ततः कर्तुं समीचीनां तां शिल्पिप्रवरं हरिः ।
हीराख्यं प्रैरयच्चक्रे यथार्हां सोऽथ तां मुदा ॥६६॥
तृतीयेऽथाऽह्नि स प्रीत्या सोत्सवं तामतिष्ठिपत् ।

છાતી ઉપર લીધા. પછી શ્રીહરિની આજ્ઞાથી રથ પાસે આવ્યા અને રથ ચલાવવા બેઠા. ॥૬૧॥

શ્રીહરિની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પામેલા તમારા પિતા શ્રીદાદાખાચર અને જે બીજા હતા તેમણે જોયું કે સમગ્ર દિશાઓને ઉજાળતો રથ આકાશમાર્ગે ચાલ્યો ગયો. ॥૬૨॥

શ્રીહરિ દાદાખાચરના ઉપર ખૂબ જ રાજી થયા. તેમને બાથમાં લઈને ભેટ્યા અને તેમના મસ્તક ઉપર પોતાનો કરકમળ મૂકીને તેમને કહ્યું, ॥૬૩॥

"હે રાજન્ ! તમે અહીં આ શું જોયું ?" ત્યારે તેમણે જે પોતે જોયું હતું તે બધું જ વૃત્તાંત કહ્યું, ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે ઠીક બરાબર કહો છો. ॥૬૪॥

"જુઓ, આપણે સૂર્યની મૂર્તિ જે લીધી છે તેની સવારમાં સ્થાપના કરવી છે." તે સાંભળીને શ્રીદાદાખાચર આદિ બધા જ ભક્તો અત્યંત રાજી થયા. ॥૬૫॥

પછી શ્રીસૂર્યનારાયણની મૂર્તિમાં ઓપ લાવવા માટે શ્રીહરિએ સારા શિલ્પી-કારીગર શ્રીહીરજીભાઈને આજ્ઞા કરી, તેથી તેણે તે મૂર્તિને પ્રેમથી ઓપ આપીને સુંદર કરી આપી. ॥૬૬॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ ત્રીજે દિવસ વેદો અને શાસ્ત્રોને ભણેલા સારા

भूपते ! वेदशास्त्रज्ञैर्यथाशास्त्रं धरामरैः ॥६७॥
त्वत्पिता वासरे तस्मिन् भोज्यैर्नानाविधैर्वरैः ।
श्रीहरिं वर्णिमुन्यादींस्तर्पयामास भूपते ! ॥६८॥
आश्चर्यमित्थमतुलं निजसंश्रितेभ्यः संदर्श्य पातकहरश्रवणानुवादम् ।
आयात्स्वपार्षदवृतोऽक्षरसौधसंज्ञं स्वावासमुत्तमतरं हरिरात्मतन्त्रः ॥६९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रदर्शितहिरण्मयपुरुषस्वरूपादिनिरूपणं नामाष्टोत्तरशततमोऽध्यायः ॥१०८॥

अथ नवाधिकशततमोऽध्यायः

सीतारामस्य संस्कारोमौञ्जीबन्धः समुज्ज्वलः ।
शततमे नवाधिके हरिणा कारितः स्वयम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
तद्गर्भागारसंराजद्वितर्दिद्वारसन्निधौ ।

વિદ્વાન્ બ્રાહ્મણોની પાસે શાસ્ત્રાનુસાર વિધિ કરાવીને ઉત્સવ સાથે પ્રેમથી તે સૂર્યનારાયણની મૂર્તિ પધરાવી. ॥૬૭॥

હે રાજન્ ! તે દિવસ તમારા પિતાશ્રી દાદાખાચરે અનેક પ્રકારની સુંદર રસોઇ કરાવી. અને શ્રીહરિને તથા સંતો વર્ણીઓ વગેરે સહુને જમાડીને તૃપ્ત કર્યા. ॥૬૮॥

શ્રીહરિ સ્વયં સ્વતન્ત્ર છે, તેમણે જેને સાંભળવાથી કે બીજા આગળ કહેવાથી અનેક પાપોનો નાશ થાય છે, આવા અનુપમ આશ્ચર્ય પોતાના આશ્રિતોને બતાવ્યા. પછી પોતાના સેવક પાર્ષદોને સાથે લઇને પોતાનું સર્વોત્તમ નિવાસ સ્થાન જે અક્ષર ભવન છે ત્યાં પધાર્યા. ॥૬૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૮ સમાપ્ત

અધ્યાય - ૧૦૯

શ્રીસીતારામજીનો યજ્ઞોપવીત સંસ્કાર અને ઈંદ્રાદિનું આવવું

एकदोपाविशन्मञ्चे तूलिकाद्यैर्युते हरिः ॥१॥
स नीलाम्भोधरश्यामः सारगौरतराम्बरः ।
चतुष्के तत्र दिव्याऽऽसीन्मुन्यादीनां महासभा ॥२॥
श्रीहरिस्ते ततस्तातं प्रीत्या राजन्नजूहवत् ।
स प्राप्याऽथ हरिं नत्वा न्यषीदत्तत्र दासवत् ॥३॥
स प्राहाथेति तं वाक्यं मम भ्रातुः कनीयसः ।
इच्छारामाभिधानस्य सीतारामोऽस्ति यः सुतः ॥४॥
तस्योपवीतसंस्कारो विधाप्यो विधिवन्मया ।
कारणीयास्त्वया तस्मात्सम्भारास्तन्महोचिताः ॥५॥
अथ प्राहेति तं राजंस्त्वत्पिता श्रीहरिं वचः ।
तत्सम्भारा हि वर्तन्ते त्वत्प्रतापेन सत्पते ! ॥६॥
तदा योषित्सभास्था ते स्वसा तातस्य वै जया ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત ઉત્તરાદા બારના પશ્ચિમ તરફના ઓરડાની બહાર બારણા પાસે ઓસરીમાં ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

શ્રીહરિનું સ્વરૂપ સુંદર નીલમેઘ જેનું શ્યામ - ઘનશ્યામ હતું. સારા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. આગળ ચોકમાં સંતો તથા હરિભક્તોની દિવ્ય મહાન્ સભા ભરાયેલી હતી. ॥૨॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચરને પ્રેમથી બોલાવડાવ્યા. ત્યારે તેઓ તુરંત આવ્યા. શ્રીહરિને પગે લાગીને દાસની જેમ ત્યાં બેઠા. ॥૩॥

પછી શ્રીહરિએ તેમને કહ્યું, ''અમારા નાના ભાઇ શ્રીઇચ્છારામજીના પુત્ર શ્રીસીતારામ નામે છે. ॥૪॥

મારે તેમને વિધિ પ્રમાણે યજ્ઞોપવીત (જનોઇનો) સંસ્કાર કરાવવો છે. માટે તેમાં આવશ્યક બધી સામગ્રી તમે મગાવી આપો.'' ॥૫॥

હે રાજન્ ! ત્યારે તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીહરિને કહ્યું, હે સત્પતે ! આપના પ્રતાપથી જરૂરી બધી જ સામગ્રી હાજર છે. ॥૬॥

वाक्यं प्राहेति तं धार्मिं रम्यं माधुर्यगर्भितम् ॥७॥
मौंजीबन्धविधिं सर्वं साधयिष्येऽहमादरात् ।
व्ययार्थं तत्र हि द्रव्यं सर्वं दास्ये दयानिधे ! ॥८॥
स इत्थं तद्वचः श्रुत्वा गुणज्ञः श्रीहरिर्नृप ! ।
धर्मज्ञानादियुक्तायां तस्यां प्रीतोऽभवद्भृशम् ॥९॥
स कृत्वाऽथेश्वराधीशस्तद्वाक्यस्यानुमोदनम् ।
तत्सम्भारान्मुदा कर्तुं लब्धामात्यमजिज्ञपत् ॥१०॥
स प्राज्ञं हरजित्संज्ञं कूरजित्संज्ञितं तथा ।
कृष्णजित्संज्ञितं भक्तं कोशाध्यक्षं ह्यजिज्ञपत् ॥११॥
समाहूयाऽथ स प्रीत्या विप्रं ज्योतिर्विदं हरिः ।
भद्रं मुहूर्तमप्राक्षीत् सर्वकार्यविदां वरः ॥१२॥
स मुहूर्तं ततः श्रेष्ठं चतुर्थे वासरेऽब्रवीत् ।

તે સમયે સ્ત્રીઓની સભામાં બેઠેલા શ્રીદાદાખાચરના બહેન જીવુ બા (મોટી બા)એ ધર્મપુત્ર શ્રીહરિને અતિ મધુરતા ભર્યું રમણીય વચન કહ્યું, ‘‘શ્રીસીતારામજીના યજ્ઞોપવીત સંસ્કારનો બધો જ વિધિ હું આદરભાવથી કરાવી દઈશ. હે દયાનિધે ! તેમાં ખર્ચ માટે જે ધનની જરૂર પડશે તે બધું જ હું આપીશ.’’ ॥૮॥

હે નૃપ ! ગુણને પારખનારા શ્રીહરિએ તેમની વાત સાંભળી, અને ધર્મજ્ઞાનાદિ સદ્‌ગુણોથી સંપન્ન જીવુબાના ઉપર શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. ॥૯॥

ઈશ્વરાધીશ શ્રીહરિએ તેમની વાતને અનુમોદન આપ્યું. પછી જરૂરી સામગ્રી એકત્ર કરવા માટે શ્રીહરિએ શ્રીદાદાખાચરના કારભારી શ્રીલાધાઠાકરને આજ્ઞા કરી. ॥૧૦॥

તેવી જ રીતે શ્રીહરજી ઠક્કર, કુરજી ભક્ત અને કરસનજી ભક્ત જે ખજાનચી હતા, તેમને પણ આજ્ઞા કરી. ॥૧૧॥

સમગ્ર કામકાજ જાણનારાઓમાં સર્વોત્તમ આવા શ્રીહરિએ સારા વિદ્વાન્ જ્યોતિષી બ્રાહ્મણને પ્રેમથી બોલાવ્યા. અને તેમને મંગળમય મુહૂર્ત પૂછ્યું. ॥૧૨॥

જ્યોતિષીએ આજથી ચોથે દિવસ શ્રેષ્ઠ મુહૂર્ત છે તેમ કહ્યું. પછી શ્રીહરિ

वासरांश्चतुरस्तस्मिन् गर्भागारेऽस्वपद्धरिः ॥१३॥
तत्राऽन्वहं मनोज्ञानि नानाभोज्यान्यभुक्त सः ।
भवत्ताते त्वतिप्रीतः सदा स्वाज्ञानुवर्तिनि ॥१४॥
तद्गर्भागारसंराजद्वहिर्वेद्यां दिने हरिः ।
सभायां स्वीयभक्तानां न्यषीदत् स्वासने वरे ॥१५॥
नानादेश्यास्तदा भक्ता अत्राऽऽहूताः सहस्रशः ।
स्वेष्टदेवं हरिं नत्वा तस्थुरत्र महामुदः ॥१६॥
चतुर्थेऽथाऽह्नि वेदज्ञैर्वाडवैः कर्मकोविदैः ।
सोऽचीकरद्वरं रम्यं चतुष्के तत्र मण्डपम् ॥१७॥
रम्भास्तम्भाद्भुतं भद्रं माल्यपल्लवमञ्जुलम् ।
हेमकुम्भं चतुर्द्वारं चित्रतोरणमण्डितम् ॥१८॥
यज्ञोपवीतसंस्कारं श्रीहरिः कारयंस्ततः ।
सोऽचीकरद्यथाशास्त्रं विप्रैर्होमं सहस्रशः ॥१९॥

ચાર દિવસ સુધી તે ઓરડામાં રહ્યા અને સૂતા હતા. ॥૧૩॥

ત્યાં શ્રીહરિ હરરોજ અનેક પ્રકારના ભોજનોના સારા થાળ જમતા હતા અને નિરંતર પોતાની આજ્ઞા પ્રમાણે જ વર્તનારા તમારા પિતા શ્રીદાદાખાચરના ઉપર ખૂબ જ રાજી થયા. ॥૧૪॥

તે ઓરડાની ભવ્ય ઓસરીમાં દિવસે પોતાના ભક્તોની સભા ભરાતી. તેમાં સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા હતા. ॥૧૫॥

આ યજ્ઞોપવીતના પ્રસંગ ઉપર તેડાવેલા હજારો ભક્તજનો અનેક દેશોમાંથી આવ્યા. શ્રીહરિને પગે લાગીને ખુશી થયેલા તે સહુ અહીં રહ્યા હતા. ॥૧૬॥

ચોથે દિવસ કર્મકાંડી વૈદિક વિપ્રો પાસે ત્યાં ચોકમાં રમણીય અને સર્વોત્તમ શુભ મંડપ કરાવ્યો. ॥૧૭॥

મંડપમાં કેળના સ્તંભરોપીને તેને અદ્‌ભુત સજાવ્યો. ફૂલોના હાર અને નવ પલ્લવો બાંધીને તેને મંગળમય કર્યો. મંડપને ચાર દ્વાર કર્યા. સોનાના કુંભ મૂક્યા. અને રંગબેરંગી તોરણ બાંધીને તેને શણગાર્યો. ॥૧૮॥

પછી યજ્ઞોપવીત સંસ્કાર કરાવી રહેલા શ્રીહરિએ હજારો બ્રાહ્મણો પાસે

गन्धस्याऽसीत्तदा वृष्टिर्महासौरभसंयुजः ।
महाऽऽमोदप्रसूनानां वृष्टिश्चाऽभूत् सुरैः कृता ॥२०॥
तदैक्षन्तेत्थमाश्चर्यं भक्ताः सिद्धसमाधयः ।
ऐरावतद्विपस्थौ ते व्यपश्यन् शचिवासवौ ॥२१॥
अत्राऽऽकाशादुपायान्तौ चेलालङ्कारशालिनौ ।
सर्वतो वेष्टितौ देवैर्भ्राजमानौ सहस्त्रशः ॥२२॥
तावुत्तीर्याऽथ नागेन्द्रात् संप्राप्यैवान्तिकं हरेः ।
पतित्वा दण्डवद्भूमौ प्राणमत्तं स देवराट् ॥२३॥
पञ्चागप्रणतिं राजन्निन्द्राणी चाऽकरोद्धरेः ।
अथेन्द्रः प्राञ्जलिस्तस्थौ शिष्योऽग्रे स्वगुरोर्यथा ॥२४॥
स स्तुत्वाऽथ हरिं रम्यैः पद्यैश्छन्दोमयैर्मुदा ।
प्राहैवं धर्मगोप्तारं तथ्यं पथ्यं शुभं वचः ॥२५॥
नियन्ता कालमायादेर्दिव्यब्रह्मपुरेश्वरः ।

શાસ્ત્રાનુસારે હોમ કરાવ્યો. ॥૧૯॥

તે વખતે દેવતાઓએ આકાશમાં આવીને અત્યંત સુગંધી ચંદનની અને મહાન સુગંધવાળા ફૂલોની વૃષ્ટિ કરી. ॥૨૦॥

તે સમયે જે સમાધિ વાળા ભક્તો હતા તેમને એવું આશ્ચર્ય દેખાયું કે ઐરાવત હાથી ઉપર બેસીને ઈંદ્ર તથા ઈંદ્રાણી ત્યાં આકાશમાર્ગે આવ્યા છે. તેઓ વસ્ત્ર અને અલંકારોથી સુશોભિત છે, ચોતરફ રહેલા હજારો દેવતાઓની વચ્ચે તેવો દીપી રહ્યા છે. ॥૨૧-૨૨॥

પછી તે બન્ને ઐરાવત ઉપરથી નીચા ઊતર્યા. શ્રીહરિની પાસે આવ્યા. તેમાં દેવરાજ ઈંદ્રે જમીન ઉપર ઢળીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. ॥૨૩॥

હે રાજન્ ! શ્રીહરિની આગળ બેસીને ઈંદ્રાણીએ પંચાંગ પ્રણામ કર્યા. પછી પોતાના ગુરુની આગળ હાથ જોડીને શિષ્ય જેમ ઊભો રહે તેમ ઈન્દ્ર હાથ જોડીને ઊભા રહ્યા. ॥૨૪॥

પછી ઈંદ્રે છન્દોબદ્ધ રમણીય શ્લોક બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. અને ધર્મરક્ષક શ્રીહરિની આગળ આ પ્રમાણે સત્ય, હિત અને શુભ વચન કહ્યું, ॥૨૫॥

वर्तसेऽसङ्ख्यविश्वेषां कारणं त्वं परात्परः ॥२६॥
सर्वेषामवताराणां स्वतन्त्रो हेतुरच्युतः ।
सत्राता धर्ममर्यादास्थापनत्राणनोद्यतः ॥२७॥
सेविताङ्घ्रिसरोजस्त्वं मुक्तैरक्षरसंज्ञितैः ।
समग्रोपनिषद्गीतदिव्यकीर्तिगुणादिकः ॥२८॥
अथाऽऽगच्छद्विमानस्थो वाक्पतिः स्वस्त्रियाऽन्वितः ।
सभ्याश्चाऽवातरद्व्योम्नो व्यपश्यंस्ते महामहः ॥२९॥
विमानात्तावथोत्तीर्णावायातौ सन्निधिं हरेः ।
दम्पती तं पतित्वाऽङ्घ्र्योर्यथाशास्त्रं प्रणेमतुः ॥३०॥
स प्राहाथेति तं वाक्यं श्रीहरिं गीष्पतिर्मुदा ।
सर्वदाऽहं तवाऽधीनः स्वामिन्नेवास्मि किंकरः ॥३१॥
तस्माद् ब्रह्मपुरस्वामिन् किन्नु ते करवाण्यहम् ।

"આપ કાળ અને માયા આદિના નિયંતા છો અને દિવ્ય બ્રહ્મપુર ધામના અધીશ્વર છો, અસંખ્ય વિશ્વોનું કારણ અને પર થકી પણ પર છો. ॥૨૬॥

આપ સ્વતન્ત્ર છો, અવિકારી છો અને સર્વ અવતારોનું કારણ છો. આપ સંતોના રક્ષક છો, અને ધર્મમર્યાદાનું સ્થાપન અને રક્ષણ કરવામાં નિરંત જાગરુક છો. ॥૨૭॥

અક્ષરમુક્તો આપના ચરણ કમળને નિરંતર સેવે છે સમગ્ર વેદાંત શાસ્ત્ર આપના દિવ્ય અને કલ્યાણકારી અનેક શુભ ગુણોને અને યશને ગાય છે." ॥૨૮॥

ઈન્દ્ર સ્તુતિ કરે છે તે વેળાએ વિમાનમાં બેસીને પોતાની પત્નીએ સહિત દેવગુરુ બૃહસ્પતિ આવ્યા અને આકાશમાંથી નીચા ઊતર્યા. સભામાં બેઠેલા સંતોએ તથા હરિભક્તોએ તે મહાન્ તેજ જોયું. ॥૨૯॥

વિમાનમાંથી બહાર આવેલા તે દંપતી શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિના ચરણોમાં નમી પડીને શાસ્ત્રના નિયમ મુજબ પ્રણામ કર્યા. ॥૩૦॥

પછી બૃહસ્પતિ શ્રીહરિ આગળ પ્રેમથી કહેવા લાગ્યા કે "હે સ્વામિન્ ! હું તો નિરંતર આપની આજ્ઞાને આધીન રહેનારો આપનો દાસ છું. ॥૩૧॥

માટે હે બ્રહ્મપુરના સ્વામી, હું આપની શી સેવા કરું ? આપની જેવી ઈચ્છા

अर्होऽस्यादेष्टुमेव त्वं यत्तन्मां त्वच्चिकीर्षितम् ॥३२॥

श्रीहरिरु वाच –

मौञ्जीबन्धनसंस्कारं मद्भ्रात्रेयं गिरांपते ! ।

सीतारामाभिधानं त्वं यथाशास्त्रं विधापय ॥३३॥

मूर्ध्न्याऽऽधायाऽथ तस्याऽऽज्ञां पाल्यां कालाऽक्षरादिभिः ।

राजन् बृहस्पतिः प्रीतस्तं तथेत्यब्रवीद्धरिम् ॥३४॥

जनादृश्यं ततो बिभ्रद्विप्ररू पं स वाक्पतिः ।

तेषु प्रविश्य विप्रेषु तत्संस्कारमकारयत् ॥३५॥

इन्द्रस्तदेक्षमाणस्तं न्यषीदत् सन्निधौ हरेः ।

समज्यायां तथा स्त्रीणां शचीतारे न्यषीदताम् ॥३६॥

तत्समाप्तौ सुदिव्याघ्यैर्वासोभूषास्त्रगादिभिः ।

श्रीहरिं देवगुर्विन्द्रौ पूजयामासतुर्मुदा ॥३७॥

पारिबर्हं ततस्तस्मै सीतारामाभिधाय तौ ।

महाप्रज्ञायुजेऽदातां शाणोल्लीढमणिश्रिये ॥३८॥

હોય તેવી મને આપ આજ્ઞા કરી શકો છો.'' ॥૩૨॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ''હે બૃહસ્પતિ ! આ 'સીતારામ' નામે મારા ભત્રીજા છે, તેનો 'યજ્ઞોપવીત' સંસ્કાર તમે શાસ્ત્રાનુસારે કરાવો.'' ॥૩૩॥

હે રાજન્ ! કાળ અને અક્ષર પણ જે શ્રીહરિની આજ્ઞાનું પાલન કરે છે, તે શ્રીહરિની આજ્ઞાને બૃહસ્પતિએ માથે ચઢાવી. અને પ્રસન્નતા પ્રકટ કરીને શ્રીહરિ આગળ ''જેવી આપની આજ્ઞા'' એમ બોલ્યા. ॥૩૪॥

પછી બૃહસ્પતિજીએ લોકો દેખી શકે નહિ, તેવું રૂપ ધાર્યું અને બ્રાહ્મણોમાં પ્રવેશીને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો. ॥૩૫॥

તે સમયે શ્રીહરિની મૂર્તિના દર્શન કરતા ઈંદ્ર તેમની પાસે જ બેસી ગયા. શચી અને તારા, આ બન્ને સત્સંગી બહેનોની સભામાં જઈને બેસી ગયા. ॥૩૬॥

યજ્ઞોપવીત વિધિ પૂરી થઈ ત્યારે દેવગુરુ બૃહસ્પતિ અને ઈન્દ્ર, આ બન્નેએ વસ્ત્ર, આભૂષણ અને ફૂલહાર આદિ દિવ્ય ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૩૭॥

શરાણ ઉપર ચમકાવેલા રત્નના જેવી શોભાવાળા તથા મહાન્ બુદ્ધિશાળી

गर्भागारं स तत्प्रायात् समुत्थायाऽथ विष्टरात् ।

सम्भुङ्क्ते स्माऽथ भोज्यानि विचित्राणि ह्युदङ्मुखः ॥३९॥

इन्द्राण्यै सोऽथ चेन्द्राय तारायै गुरवे तथा ।

स्वीयप्रासादिकं भोज्यं प्रादात्तेऽथाऽऽश्नुरेव तत् ॥४०॥

आरु ह्याऽथ शचीयुक्तो नागमैरावतं हरिः ।

तं चामन्त्र्य मुदा नत्वा ययौ स्वर्गं विहायसा ॥४१॥

तं पृष्ट्वाऽथ स्त्रिया युक्तस्तद्विमानं बृहस्पतिः ।

आरु ह्याऽगान्निजं स्थानं तस्य गायन् गुणान् हरेः ॥४२॥

इत्यथोचे भवत्तातं जयाख्या त्वत्पितुः स्वसा ।

लक्ष्मीवाटीं ददाम्यस्मै सीतारामाय सन्मते ! ॥४३॥

सोऽदात्स्वस्त्रभिप्रायेण तस्मै कृष्णार्पणं मुदा ।

सीतारामभिधानाय लक्ष्मीवाटीं मनोहराम् ॥४४॥

શ્રીસીતારામજીને બૃહસ્પતિએ અને ઈંદ્રે ભેટો આપી. ॥૩૮॥

પછી શ્રીહરિ તે આસન ઉપરથી ઊભા થઈને ઓરડામાં પધાર્યા. ત્યાં આસન ઉપર ઉત્તરમુખે બેસીને થાળમાં પીરસેલા ભાત ભાતના ભોજન જમ્યા. ॥૩૯॥

થાળ જમ્યા પછી શ્રીહરિએ ઈંદ્ર તથા ઈંદ્રાણીને અને તારા તથા બૃહસ્પતિને પોતાનું પ્રસાદરૂપ ભોજન આપ્યું. અને સહુ પ્રેમથી પ્રણામ કરીને તે પ્રસાદી જમ્યા. ॥૪૦॥

પછી શ્રીહરિની રજા લઈ પ્રેમથી પ્રણામ કરીને ઈંદ્ર શચીની સાથે ઐરાવત હાથી ઉપર બેસીને આકાશ માર્ગે સ્વર્ગમાં ગયા. ॥૪૧॥

પછી બૃહસ્પતિએ પણ જવા માટે શ્રીહરિની આજ્ઞા લીધી અને તારાની સાથે વિમાનમાં બેઠા. રસ્તામાં શ્રીહરિનું ગુણગાન કરતા તેઓ પોતાને સ્થાને ગયા. ॥૪૨॥

હે સન્મતે ! પછી તમારા પિતાશ્રી દાદાખાચરના બહેન જીવુબાએ તેમને કહ્યું, મારી લક્ષ્મીવાડીની જમીન આજે હું શ્રીસીતારામજીને આપું છું. ॥૪૩॥

પછી તેમણે બહેનની ઈચ્છા મુજબ મનોહર લક્ષ્મીવાડી પ્રેમથી શ્રીસીતારામજી મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કરીને આપી. ॥૪૪॥

त्वत्तातोऽथाऽदिशत्तस्मै दुर्गं निम्बद्रुमान्वितम् ।
दुर्गं चान्यं मुदा युक्तः कूपयुक्तं महामनाः ॥४५॥
ततो हारं महामूल्यं सौवर्णं ललिताऽदिशत् ।
तस्मै निष्कञ्च राजन्ती सीतारामाय धीमते ॥४६॥
प्रीता भक्तास्ततः सर्वे भूयसीर्हेममुद्रिकाः ।
रूप्यमुद्रास्तथा तस्मै ददुर्धेनूर्धरादिकम् ॥४७॥
अथ प्रीतो हरिस्तस्मिन् सीतारामे मनोरमे ।
आस्फालनं शुभे तस्य पृष्ठेऽकार्षीत्स्वपाणिना ॥४८॥
संन्यासिवर्णिमुन्यादींस्तथा विप्रान् सहस्रशः ।
खाद्यैः सप्तविधैश्चान्यैर्भोज्यैस्तेऽतर्पयत्पिता ॥४९॥
भवत्तातं ततो रात्रौ तं हि पूजयितुं जया ।
अर्घ्यान् दत्वोत्तमान् प्रीत्या प्रैरयत्ते स्वसा पितुः ॥५०॥
महामूल्याम्बराऽऽभूषाः सोऽथ तं पर्यधापयत् ।

પછી ઉદાર દિલના અને પ્રસન્ન મનવાળા શ્રીદાદાખાચરે શ્રીસીતારામજીને લીમડાવાળો વંડો અને બીજો એક કૂવાવાળો વંડો, આ બન્ને આપ્યા. ॥૪૫॥

લાડુબાએ સોનાનો કિંમતી હાર આપ્યો. અને રાજબાઇએ પણ સોના મહોર આપી. ॥૪૬॥

પછી પ્રસન્ન મનના સર્વ ભક્તોએ ઘણી સોના મહોરો, રોકડા રૂપિયા, ગાયો અને જમીન વગેરે શ્રીસીતારામજીને આપ્યું. ॥૪૭॥

મનોહર શ્રીસીતારામજી ઉપર શ્રીહરિ પણ ખૂબ રાજી થયા અને પોતાના હાથે તેનો શુભ વાંસો થાબડ્યો. ॥૪૮॥

પછી શ્રીદાદાખાચરે આ પ્રસંગે સંન્યાસીઓ, વર્ણીઓ અને સાધુઓ વગેરેને તથા હજારો બ્રાહ્મણોને, સાત પ્રકારની મીઠાઇ અને બીજી સારી રસોઇ કરાવી હતી તે જમાડીને તૃપ્ત કર્યા. ॥૪૯॥

પછી જીવુબાએ તમારા પિતા શ્રીદાદાખાચરને સાંજે મોડેથી બધી પૂજાની સામગ્રી આપીને પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા મોકલ્યા. ॥૫૦॥

પછી તેમણે શ્રીહરિને ઘણા કિંમતી વસ્ત્રો અને ઘરેણાં પહેરાવ્યા. તે રીતે

अर्घ्यैस्तथाऽऽर्हयद्रम्यैर्गन्धमाल्यस्रगादिभिः ॥५१॥
ततोऽकार्षीद्द्वैरर्घ्यैश्चन्दनेन सुगन्धिना ।
सीतारामस्य सोऽप्यर्हां माल्यभूषाम्बरादिभिः ॥५२॥
सोऽथ चन्दनसन्माल्यहाराभूषाम्बरादिभिः ।
अर्घ्यैरपूजयद्रम्यैर्धर्मवंश्यानशेषतः ॥५३॥
मुन्यादीनां ततः पूजां सोऽकरोदुपचारकैः ।
गन्धकाश्मीरसन्माल्यहाराद्यैरुत्तमैर्मुदा ॥५४॥
जयादत्तास्ततो विप्रदक्षिणार्थं सहस्रशः ।
रूप्यमुद्रा भवत्तातो वस्त्राऽऽबद्धा ह्युपानयत् ॥५५॥
विप्रपङ्क्तिस्ततो ह्यस्मिन् राजदुर्गे विधाप्य सः ।
एकामेकामदात्तेभ्यो विप्रेभ्यो रूप्यमुद्रिकाम् ॥५६॥
तं स्वीयाग्रेऽथ तिष्ठन्तं दासवत्प्राञ्जलिं हरिः ।
उत्थायाऽऽश्लिष्य तं वाक्यं सभ्यान् प्राहेति हर्षयन् ॥५७॥

જ સુગંધી ચંદન અને મનોહર ફૂલોના હાર આદિ ઉપચારોથી પૂજા કરી. ॥૫૧॥

પછી તેમણે મોંઘા મૂલા વસ્ત્ર આભૂષણો અને શ્રેષ્ઠ સુગંધી ચંદન ફૂલ હાર વગેરે ઉપચારોથી શ્રીસીતારામજીની પૂજા કરી. ॥૫૨॥

વળી આ પ્રસંગે તેમણે બધા જ ધર્મવંશીઓની પણ બહુ મૂલ્ય વસ્ત્ર ઘરેણાં ચંદન ફૂલહાર આદિ ઉપચારોથી પૂજા કરી. ॥૫૩॥

પછી તેમણે શ્રેષ્ઠ ચંદન, કુંકુમ, ફૂલહાર આદિ સર્વોત્તમ ઉપચારોથી સંતો વગેરેની પૂજા પણ પ્રેમથી કરી. ॥૫૪॥

પછી જીવુબાએ બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે હજારો રૂપિયા આપ્યા તેને શ્રીદાદાખાચર કપડાની ફાંટમાં બાંધીને લાવ્યા. ॥૫૫॥

પછી આ દરબારગઢમાં બ્રાહ્મણો પંક્તિબદ્ધ ઊભા રહ્યા અને શ્રીદાદાખાચરે પ્રત્યેક બ્રાહ્મણને ચાંદીનો એક એક રૂપિયો દક્ષિણામાં આપ્યો. ॥૫૬॥

પૂજા, દાન દક્ષિણાઓ બધું કર્યા પછી શ્રીદાદાખાચર શ્રીહરિની આગળ હાથ જોડીને દાસની જેમ ઊભા રહ્યા ત્યારે, શ્રીહરિ ઊભા થઇને તેમને બાથમાં લઇને ભેટી પડ્યા. પછી સભામાં સહુને ખુશી કરતા આવું વચન બોલ્યા. ॥૫૭॥

उत्तमेनाऽमुना तुल्यो जीवः कश्चिन्न विद्यते ।
ब्रह्माण्डे नाऽथवा मुक्तः सभ्या ! मुक्तेषु सन्निभः ॥५८॥
इत्युक्त्वा तद्धृदि स्वीये पादपद्मे न्यधाद्धरिः ।
अथ प्राहेत्यतिप्रीत्या वाक्यमित्थं सुधासमम् ॥५९॥
जयाद्या योषितस्तिस्रो धर्मज्ञानादिसद्‌गुणाः ।
भक्ता भवन्ति तादृश्यो मत्स्नेहा मामनुव्रताः ॥६०॥
लक्ष्मीतुल्या जया साक्षाद्वर्ततेऽसौ शुचिव्रता ।
ततस्तत्राऽऽगमद्धीमान् मुकुन्दानन्दवर्णिराट् ॥६१॥
शुभ्रं वासोऽथ कौशेयं सीतारामाय सोऽदिशत् ।
तं विलोक्याऽथ स प्रीत्या वाक्यमित्यब्रवीद्धरिः ॥६२॥
ब्रह्माण्डे नेदृशो वर्णी भक्ताः कश्चन विद्यते ।
नास्ति मुक्तोऽपि वै कश्चित्तुल्यश्चैतेन सद्धिया ॥६३॥
तस्मान्नैष्ठिकराजोऽयं मुकुन्दानन्दसंज्ञितः ।

હે સભાપદો ! આ શ્રીદાદાખાચરના જેવો બ્રહ્માંડમાં ક્યાંય કોઇ જીવ નથી અને મુક્તોમાં કોઇ આમના જેવો મુક્ત પણ નથી. ॥૫૮॥

આટલું બોલીને શ્રીદાદાખાચરની છાતીમાં પોતાના ચરણકમળ આપ્યા. વળી પ્રેમપૂર્વક અમૃત જેવું વચન બોલ્યા કે ॥૫૯॥

"હે ભક્તો ! જીવુબા (મોટી), લાડુબા અને રાજબાઇ આ ત્રણેય ભક્ત બહેનો ધર્મ અને જ્ઞાન આદિ સદ્‌ગુણોથી સંપન્ન છે, મારા સ્વરૂપમાં સ્નેહરૂપ ભક્તિ કરે છે અને મારી આજ્ઞાનું યથાર્થ પાલન કરી રહ્યા છે. ॥૬૦॥

તેમાં પવિત્ર વ્રત પાળનારા જીવુબા તો લક્ષ્મીજીના સમાન છે." આવી વાત ચાલતી હતી ત્યારે મહાન્ બુદ્ધિમાન્ શ્રીમુકુંદાનંદ સ્વામી વર્ણી ત્યાં આવ્યા. ॥૬૧॥

તેમના હાથમાં એક ધોળું રેશમી વસ્ત્ર હતું તે તેમણે શ્રીસીતારામજીને આપ્યું. તે દેખીને શ્રીહરિ સ્નેહથી આવું બોલ્યા કે "હે ભક્તો ! આ બ્રહ્માંડમાં શ્રીમુકુંદ વર્ણીના જેવો બીજો કોઇ વર્ણી નથી અને રૂડીબુદ્ધિવાળા આ વર્ણીના જેવો બીજો કોઇ મુક્ત પણ નથી, ॥૬૨-૬૩॥

जयाद्या योषितस्तिस्रो भूपोऽसौ चोत्तमाभिधः ॥६४॥
एते मद्वद्विनिर्दोषाः सन्ति सर्वे हि सर्वदा ।
यत्राऽहं स्यां हि तत्रैते स्युर्मदासक्तचेत्तसः ॥६५॥
इति हरिरभिधाय तान् सदस्यांश्चटचटराजितपादुकाप्रणादः ।
निजपदरतपार्षदैः परीतश्चलगतिरक्षरसौधमागमत्स्वम् ॥६६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितसीतारामोपवीतसंस्कारविधिनिरू पणं नाम नवाधिकशततमोऽध्यायः ॥१०९॥

अथ दशोत्तरशततमोऽध्यायः

राजन्या कारिता पूजा हरे र्दशाधिके तथा ।
शततमे समालोक्य श्रीशं तिस्रो मुदं ययुः ॥

श्री चैतन्यानन्द उवाच –

માટે વર્ણિરાજ આ શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારી, જીવુબા, લાડુબા અને રાજબાઇ આ ત્રણ ભક્ત બહેનો અને દરબાર શ્રીદાદાખાચર, આ બધા મારા જેવા કાયમને માટે નિર્દોષ છે. હું જ્યાં હોઉં ત્યાં મારા સ્વરૂપમાં મનને જોડી ચૂકેલા આ પાંચેય હોય. ॥૬૪-૬૫॥

સભામાં બેઠેલા સંતો અને હરિભક્તો આગળ શ્રીહરિએ આવી વાત કહી. પછી ત્યાંથી ઊઠ્યા. પોતાના ચરણોમાં હેત વાળા પાર્ષદોને સાથે લીધા. ચાખડીઓનો ચટાક્ ચટાક્ આવો અવાજ સંભળાતો હતો. શ્રીહરિની ગતિ ઉતાવળી હતી, ચાલીને અક્ષર ઓરડી નામે પોતાને નિવાસ સ્થાને પધાર્યા ॥૬૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૦૯ સમાપ્ત

અધ્યાય - ૧૧૦

રાજબાઇએ શ્રીહરિની પૂજા કરાવી અને ત્રણેય બહેનોને શ્રીલક્ષ્મીનારાયણ દેવના દર્શન થયા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ઉગમણા બારના ઓરડાઓમાં જે દક્ષિણ

गर्भागारमवाच्यां यत् प्राग्द्वारं वर्तते वरम् ।
तत्रैकदा हरिं भोक्तुं राजन्त्यामन्त्र्य चाऽनयत् ॥१॥
पार्षदैः सोऽथ संयुक्तो वर्णिसंन्यासिसद्‌गुणैः ।
हरिःश्वेताम्बरो राजंस्तद्‌गर्भागारमागमत् ॥२॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्तं ततोऽसिस्नपद्धरिम् ।
तद्दत्तपीतकौशेयं पर्यधात्स प्रभुस्ततः ॥३॥
तत्प्रदत्तमथ श्रेष्ठं पीतं कौशेयमम्बरम् ।
श्रीहरिः स्वोत्तमाकारे स वस्ते स्मातिभास्वरम् ॥४॥
ततः पट्टासने रम्ये राजन्नुत्तरदिङ्मुखः ।
प्रेक्षमाणो निजैर्भक्तैः स प्रीत्योपाविशद्धरिः ॥५॥
ततो नानाविधैर्भोज्यैः स स्थालं संभृतं वरैः ।
सादरं श्रीहरेरग्रे चतुष्के पीठके न्यधात् ॥६॥
सुधास्वादून्यथ प्राश्नाद्राजन्नानाविधानि सः ।
स्वोदरे भ्रामयन् हस्तं पिबन्नीरं मुहुर्हरिः ॥७॥

તરફનો સુંદર ઓરડો છે ત્યાં એક વખત રાજબાઈ શ્રીહરિને નિમંત્રણ આપીને જમવા તેડી લાવ્યા. ॥૧॥

સારા ગુણવાન્ બ્રહ્મચારીઓ, સંન્યાસીઓ અને પાર્ષદો સાથે હતા. હે રાજન્ ! સર્વ શ્વેત વસ્ત્ર ધારી રહેલા શ્રીહરિ તે ઓરડે પધાર્યા. ॥૨॥

ત્યાં શ્રીમુકુંદાનંદ વર્ણીએ તેમને સ્નાન કરાવ્યું. પછી વર્ણીએ આપેલું રેશમી પીતાંબર પ્રભુ શ્રીહરિએ પહેર્યું. ॥૩॥

વળી તેમણે આપેલું બીજું પીળું રેશમી વસ્ત્ર ઘણુ ચમકતું હતું, તે પોતાના શરીર ઉપર ઓઢ્યું. ॥૪॥

હે રાજન્ ! પછી શ્રીહરિ સુંદર બાજોઠ ઉપર ઉત્તર મુખે પ્રેમથી બેઠા અને પોતાના ભક્તો ચોતરફ દર્શન કરતા હતા. ॥૫॥

પછી અનેક પ્રકારના સર્વોત્તમ ભોજનોથી સારી રીતે પીરસેલો થાળ આદર સાથે શ્રીહરિની આગળ ચોરસ બાજોઠ ઉપર મૂક્યો. ॥૬॥

હે રાજન્ ! પછી શ્રીહરિ અમૃત જેવા સ્વાદુ અનેક પ્રકારના ભોજન જમવા

स भुक्त्वेत्थं हरिस्तृप्तो वर्णिदत्तेन वारिणा ।
कृत्वा हस्ताऽऽस्यसंशुद्धिं मुखवासं समग्रहीत् ॥८॥
स श्रीहरिस्ततः प्रीत्या नानाभोज्यानि सादरम् ।
परिवेष्याऽति रम्याणि साधुमुख्यानतर्पयत् ॥९॥
जयादिभ्यस्ततो राजन् योषिद्भ्यः श्रीहरिर्मुदा ।
स्वप्रासादिकभोज्यानि दापयामास भूपते ! ॥१०॥
गर्भागारे ततस्तस्मिन् सोऽपराह्ने वरे हरिः ।
न्यषीदन्मञ्चके युक्ते कोमलैस्तूलिकादिभिः ॥११॥
त्वत्तातं साऽथ राजन्ती प्रीत्या दत्वोपचारकान् ।
हर्यर्हां कर्त्तुमैरीरत् स तं प्रीत्येत्यथाऽर्हयत् ॥१२॥
हरिं श्वेतं स कौशेयं पर्य्यधापयदञ्चितम् ।
तत्के चाऽधारयद् गौरं स्वर्णतारं शिरःपटम् ॥१३॥

લાગ્યા. શ્રીહરિ જમતા જમતા પેટ ઉપર હાથ ફેરવતા હતા અને વચ્ચે વારંવાર પાણી પીતા હતા. ॥૭॥

શ્રીહરિ આ રીતે જમીને તૃપ્ત થયા. વર્ણીએ પાણી આપ્યું, તેનાથી હાથ મુખ ધોયા, (જળ પાન કર્યું) અને મુખવાસ લીધો. ॥૮॥

પછી શ્રીહરિએ સંતો વગેરેની પંક્તિ કરાવીને અત્યંત મનોહર અનેક પ્રકારના ભોજન પ્રેમ અને આદરભાવથી પીરસીને સહુને તૃપ્ત કર્યા. ॥૯॥

હે રાજન્ ! પ્રભુ શ્રીહરિએ પછી પોતાની પ્રસાદીરૂપ ભોજન પ્રેમથી જીવુબા આદિ મહિલા ભક્તો માટે મોકલાવ્યું. ॥૧૦॥

શ્રીહરિ બપોર પછીના સમયે તે ઓરડામાં સુંવાળા ગાદી તકિયા આદિથી સજાવેલા પલંગ ઉપર આવીને વિરાજમાન થયા. ॥૧૧॥

તે સમયે રાજબાઈએ તમારા પિતા શ્રીદાદાખાચરને શ્રીહરિની પૂજા કરવા માટે પ્રેમથી ઉપચારો આપીને મોકલ્યા અને તેમણે જઈને ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૨॥

તેમણે શ્રીહરિને સુંદર શ્વેત રેશમી ધોતી પહેરાવી. અને મસ્તક ઉપર સોનેરી તારવાળી શ્વેત પાઘ બંધાવી. ॥૧૩॥

चीनदेशीयवस्त्रेण कृतं रक्तं च कञ्चुकम् ।
श्वेतबुट्टं स तं प्रीत्या श्रीहरिं पर्यधापयत् ॥१४॥
सोऽम्बरं भास्वरं श्वेतं स्वर्णतारं महाधनम् ।
तस्य कट्यां मनोज्ञायां बन्धयामास भक्तितः ॥१५॥
चीनदेशोद्भवं शुभ्रं स्वर्णबुट्टातिभास्वरम् ।
प्रावारमंसयोस्तस्य महार्हं स ह्यदीधपत् ॥१६॥
रूप्यमुद्रासहस्रेण कारितां स्वर्णसाङ्कलीम् ।
स प्रीत्या धारयाञ्चक्रे तत्कण्ठे कम्बुतर्ज्जने ॥१७॥
चन्दनेनाऽथ तद्भाले कैसरेण यथोचितम् ।
पत्रलेखां स तन्मध्ये चक्रे काश्मीरचन्द्रकम् ॥१८॥
ततः कुन्दप्रसूनानां गुलुञ्छौ शेखरांस्तथा ।
पारिहार्यौ च केयूरौ हारान् सोऽधारयच्च तम् ॥१९॥
प्रक्षाल्याऽथ स तत्पादौ प्रीत्या पञ्चामृतेन सः ।
चर्चयित्वा तयोर्गन्धं तौ स्वीये ह्यधारयत् ॥२०॥

ચીની લાલ રેશમનો સુંદર જામો, વચ્ચે સફેદ બુટ્ટાવાળો હતો, તે પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યો. ॥૧૪॥

તેમણે બહુમૂલી સોનેરી તારવાળા ચમકતા શ્વેત ખેસથી મનોજ્ઞ કમર ઉપર ભક્તિભાવથી સુંદર ભેટ બંધાવી. ॥૧૫॥

ચીન દેશનો, બહુ મોંઘો, સોનેરી બુટ્ટાઓથી ઝળહળતો શ્વેત રેશમી ખેસ શ્રીહરિના ખભા ઉપર ધારણ કરાવ્યો. ॥૧૬॥

એક હજાર રૂપિયાના ખર્ચે તૈયાર કરાવેલી સોનાની સાંકળી, પોતાની સુંદરતાથી શંખને પણ તુચ્છકારતા તેમના કંઠમાં, પ્રેમથી ધારણ કરાવી. ॥૧૭॥

શ્રીહરિના લલાટમાં કેસરી ચંદનથી યોગ્ય રીતે પત્ર લેખા (આડ) કરી. અને તેના મધ્યમાં સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. ॥૧૮॥

પછી મોગરાના પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, કડાં અને બાજુબંધ શ્રીહરિને ધારણ કરાવ્યા. ॥૧૯॥

પછી તેમણે પ્રેમથી શ્રીહરિના ચરણોને પંચામૃતથી ધોયા. ચરણ ઉપર

चारु दाडिमसद्बिजैर्भृतं द्राक्षासितादिभिः ।
नानाफलैस्तथा रम्यैः स तस्याऽग्रे न्यधाद्धरेः ॥२१॥
तस्याऽथ सोऽग्रतो धूपं दशाङ्गाख्यं व्यधाद्वरम् ।
महामोदेन संयुक्तश्चक्रे दीपांस्तथा मुदा ॥२२॥
कर्पूरेणाऽथ स प्रीत्या महानीराजनं व्यधात् ।
नामसङ्कीर्तनं चक्रुस्तदा मुन्यादयो हरेः ॥२३॥
प्रणामं सोऽथ साष्टाङ्गं दण्डवत्पतितः क्षितौ ।
चक्रे स्तुतिं मुदा युक्तः प्रार्थनां श्रीहरेस्तथा ॥२४॥
ललितायास्तदा स्त्रीणां गर्भागारेऽभवत्सभा ।
तस्यास्तं द्रष्टुमुत्तस्थू राजन्तीललीताजयाः ॥२५॥
आगत्याऽल्पं ततो द्वारं पश्यन्त्यस्ता हरिं मुदा ।
इत्थं राजन् महाश्चर्यं प्रैक्षन्त श्रीहरीच्छया ॥२६॥
गर्भागारे वरे तस्मिंस्तेजः कोट्यर्कसंन्निभम् ।

ચંદનની અર્ચા કરી અને પછી પોતાની છાતી ઉપર ચાંપ્યા. ॥૨૦॥

દાડમના દાણા, દ્રાક્ષ, સાકર વગેરે અને રમણીય અનેક જાતના ફળોથી ભરેલું પાત્ર શ્રીહરિની આગળ અર્પણ કર્યું. ॥૨૧॥

તે પછી શ્રીહરિની આગળ સારો અત્યંત સુગંધવાળો દશાંગ ધૂપ કર્યો અને પ્રેમથી દીપ પ્રકટાવ્યા. ॥૨૨॥

પછી કપૂરથી મહાનીરાજન અર્થાત્ આરતી પ્રેમથી ઉતારી અને સંતો વગેરે સહુ તે સમયે શ્રીહરિના નામની ધૂન કરવા લાગ્યા. ॥૨૩॥

પછી તેમણે ભૂમિ ઉપર નમી પડીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. આનંદથી શ્રીહરિની સ્તુતિ તથા પ્રાર્થના કરી. ॥૨૪॥

તે વખતે સત્સંગી બહેનોની સભા લાડુબાના ઓરડામાં થઈ હતી. જીવુબા, લાડુબા અને રાજબાઈ, શ્રીહરિના દર્શન કરવા માટે તે સભામાંથી ઊઠ્યા. ॥૨૫॥

ઉગમણા બારના બન્ને ઓરડાઓ વચ્ચે નાનું બારણું છે ત્યાં ત્રણેય બહેનો આવ્યા. અને પ્રેમથી શ્રીહરિના દર્શન કરવા લાગ્યા. હે રાજન્ ! શ્રીહરિની ઈચ્છાથી તે ત્રણેએ ત્યાં અતિશય મહાન્ આશ્ચર્ય દેખ્યું. ॥૨૬॥

सुदिव्यं शीतलं श्वेतं ताः प्रैक्षन्ताऽतिविस्मिताः ॥२७॥
व्याप्नुवच्च समग्राशाः सर्वतेजोभिभावुकम् ।
तत्र नद्धमणिं स्वर्णं मण्डपं ता व्यलोकयन् ॥२८॥
हैमप्रणद्धसद्रत्नभूरिस्तम्भाद्भुतप्रभम् ।
राजन्तं कलशैर्हैमैः सन्मणिस्वर्णतोरणम् ॥२९॥
तन्मध्ये सन्मणिद्योतत्स्वर्णसिंहासनं नृप ! ।
निषण्णं तत्र ता लक्ष्मीनारायणं व्यलोकयन् ॥३०॥
महातेजो विराजन्तं शान्तं चारु चतुर्भुजम् ।
पीनदिव्यसमग्राङ्गं किञ्चिच्छ्यामत्विषान्वितम् ॥३१॥
चारु स्मेरमुखाम्भोजं दिव्यवासोविभूषणम् ।
प्रेक्षमाणं पुरु प्रीत्या श्रीहरिं चातुलश्रियम् ॥३२॥

તે ઉગમણાબારના દક્ષિણ તરફના ઓરડામાં કરોડો સૂર્યના જેવું તેજ, જે અત્યંત દિવ્ય, શીતળ અને શાંત હતું, તેને તેમણે જોયું અને ઘણા વિસ્મિત થયા. ॥૨૭॥

તે તેજ સર્વ દિશાઓમાં પ્રસરી ગયું હતું. અને તેની આગળ બીજા બધા તેજ ઝાંખા પડી ગયા હતા. તે તેજના મધ્યમાં મણિ જડેલો સોનાનો મંડપ દેખ્યો. ॥૨૮॥

તે મંડપને સોનાના રત્નજડિત ઘણા સ્તંભ હતા, અને તેથી તેની અદ્ભુત પ્રભા દેખાતી હતી. ઉપરના સુવર્ણ કળશોથી તે શોભાયમાન હતો. મણિજડિત સોનાના તોરણ તેમાં બાંધ્યા હતા. ॥૨૯॥

હે નૃપ ! તે મંડપના મધ્યભાગમાં સર્વોત્તમ મણિથી ચમકતું સોનાનું સિંહાસન હતું. તે સિંહાસનમાં વિરાજમાન શ્રીલક્ષ્મીનારાયણ દેવના જીવુબા વગેરે બહેનોને દર્શન થયા. ॥૩૦॥

તેઓ મહાન્ દિવ્ય તેજમાં શોભતા હતા. સુંદર શાંત અને ચતુર્ભુજ મૂર્તિ હતી. તેમના સમગ્ર દિવ્ય અંગ પુષ્ટ હતા. થોડી શ્યામ કાંતિથી તેઓ દીપતા હતા. ॥૩૧॥

સુંદર આછા હાસ્ય યુક્ત મુખકમળ હતું. વસ્ત્ર અને આભૂષણ દિવ્ય

चतुर्बाहूंस्ततो दिव्यान् विष्वक्सेनादिकान् मुदा ।
तत्र ता भास्वरान् मुक्तान् पश्यन्ति स्मेक्षणोचितान् ॥३३॥
श्रीहरिं सा ततो मूर्तिर्मिलित्वा प्रेमपूर्वकम् ।
प्रपेदे लीनतां तस्यां मुक्ताः सत्स्वाविशंस्तथा ॥३४॥
तत्राऽथाऽऽसीत् प्रसूनानां राजन् ! वृष्टिर्महीयसी ।
तुष्टैर्देवैः कृता प्रीत्या श्रीहर्यैश्वर्यवीक्षणात् ॥३५॥
राजदुर्गस्तदा रम्यो गर्भागारं च तद्वरम् ।
माल्यराशिभिराकीर्णं पुष्पौघैश्चान्वितोऽभवत् ॥३६॥
तत्राऽथाऽऽसीज्जय स्वामिनारायण इति ध्वनिः ।
उच्चैस्तरां सदस्यास्तं श्रुत्वा प्रापुर्हि विस्मयम् ॥३७॥
मुदमतिशयिनीमथाऽभ्युपेता हरिचरणोरुतरानुरक्तियुक्ता ।
अपरिमितगुणार्णवं स्वतन्त्रं हरिमखिलार्तिहरं जया समस्तौत् ॥३८॥

હતા. અનુપમ શોભા સંપન્ન શ્રીહરિની સામે અપાર પ્રેમથી જોઈ રહ્યા હતા. ॥૩૨॥

વળી ત્યાં દિવ્ય, તેજોમય અને દર્શન કર્યા જેવા ચાર ભુજાવાળા વિષ્વક્સેનાદિ મુક્તોને (પાર્ષદોને) પણ તેમણે આનંદપૂર્વક જોયા. ॥૩૩॥

શ્રીલક્ષ્મીનારાયણનું સ્વરૂપ પ્રેમપૂર્વક શ્રીહરિને ભેટીને તેમના સ્વરૂપમાં લીન થઈ ગયું અને જે મુક્તો હતા તે સંતોમાં લીન થઈ ગયા. ॥૩૪॥

હે રાજન્ ! પછી ત્યાં શ્રીહરિના ઐશ્વર્યના દર્શનથી જે દેવતાઓ પ્રસન્ન થયા હતા તેમણે ત્યાં ફૂલોની પુષ્કળ વૃષ્ટિ કરી. ॥૩૫॥

તે સમયે આ દરબારગઢ અને ઉગમણાબારના બન્ને ઓરડાઓ, ફૂલમાળાઓથી અને છૂટા ફૂલોના ઢગલાઓથી ઢંકાઈ ગયા હતા. ॥૩૬॥

તે પુષ્પવૃષ્ટિની સાથે જ તેમાં ''જય સ્વામિનારાયણ'' આવો ધ્વનિ ઘણો જ ઊંચેથી થવા લાગ્યો. તેને સાંભળીને સભામાં બેઠેલા બધા સંતહરિભક્તો વિસ્મિત થયા. ॥૩૭॥

જીવુબા (મોટીબા)ને શ્રીહરિના ચરણોમાં અપાર પ્રેમ હતો. તેથી શ્રીહરિના આવા ઐશ્વર્યને જોઈને ખૂબજ રાજી થયા હતા. તે પછી અસંખ્ય સદ્‌ગુણોના સાગર સમા સ્વતંત્ર અને સર્વ પીડાઓને શમાવનારા શ્રીહરિની સ્તુતિ જીવુબા કરવા લાગ્યા

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिपूजालक्ष्मीनारयणस्वरू पादिनिरू पणं नाम दशोत्तर-शततमोऽध्यायः ॥११०॥

एकादशोत्तरशततमोऽध्यायः

नृसिंहपदव्याजेन स्वभावं प्रोक्तवान् हरिः ।

एकादशाधिके शततमे हार्दं च यत् स्वकम् ॥

श्रीचैतन्यानन्द उवाच –

एकदा स बहिर्वेद्यां तद्गर्भागारपृष्ठतः ।

तूलिकाद्यन्विते मञ्चे प्राप्तौदास्योऽस्वपद्धरिः ॥१॥

तावत्तत्राऽऽगतः कश्चिद् गायति स्मोत्सुकः पुमान् ।

नृसिंहाख्येन विप्रेण पद्यं च प्राकृतं कृतम् ॥२॥

तत्रेत्थमागतं वाक्यं कंबलीबन्धनास्पदम् ।

आयातश्चेति स श्रुत्वा तमुत्थायाऽऽह्वयद्धरिः ॥३॥

હતા. ॥૩૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૧૦ સમાપ્ત

અધ્યાય - ૧૧૧

સ્વભાવનું સ્વરૂપ અને તેને જીતવાના ઉપાય

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, દક્ષિણતરફના ઉગમણાબારના ઓરડાની પાછળના ભાગની ઓસરીમાં પલંગ ઢાળેલો હતો. તેના ઉપર ગાદલું ઓશીકું વગેરે બિછાવેલા હતા. ત્યાં શ્રીહરિ થોડા ઉદાસ થઈને સૂતા હતા. ॥૧॥

ત્યારે તે બાજુ કોઈ એક માણસ (ચારણ) આવ્યો. તે ઉત્સાહથી નરસિંહ મહેતાનું ગુજરાતી પદ ગાતો હતો. ॥૨॥

તે પદમાં એક વાક્ય એવું હતું કે ‘‘ગોરિયો ગમાણે આવ્યો.’’ તે સાંભળીને શ્રીહરિ બેઠા થઈ ગયા અને તેને પોતાની પાસે બોલાવ્યો. ॥૩॥

तेनाऽथाऽगापयत् पद्यं चारणेनाऽखिलं स तत् ।

स प्राहाऽथेति भक्तान् स्वान् सुधा तुल्यं वचो हरिः ॥४॥

भक्तोऽपि श्रीहरेर्भक्ताः स्वभावं जातिजं जनः ।

न शक्नुयात्किल त्यक्तुं चिन्ताशोकभयार्तिदम् ॥५॥

दुर्निसर्गेण भूपाला देवाश्चापीश्वराः पुरा ।

तापसाश्चैव भ्रष्टत्वं प्रापिता मुक्तिवर्त्मनः ॥६॥

पातयत्येव सत्सङ्गाद् दुर्निसर्गः शरीरिणः ।

धर्माद्बोधाच्च निर्वेदाद्भक्तेः सन्तोषतस्तथा ॥७॥

सौभरिश्च्यवनो राजन् ऋ ष्यशृङ्गश्च नैष्ठिकः ।

नीता महर्षयश्चान्ये स्वभावेनाऽतिदुर्दशाम् ॥८॥

इन्द्रो बृहस्पतिश्चन्द्रो नारदश्चाम्बुजासनः ।

आग्निध्राद्याः स्वभावेन दुर्यशो लेभिरे भृशम् ॥९॥

विद्वांसोऽप्यत्र भूयांसस्तथा नीत्यादिकोविदाः ।

અને તે ચારણ પાસે નરસિંહ મહેતાનું તે પદ આખું ગવડાવ્યું. પછી શ્રીહરિએ પોતાના ભક્તો આગળ અમૃત જેવી મધુર વાત કહી. ॥૪॥

હે ભક્તો ! આ જીવ ભગવાનનો ભક્ત હોવા છતાં પણ તે પોતાના જન્મગત સ્વભાવોને છોડી શકતો નથી, ભલે તે સ્વભાવ તેને ચિંતા, શોક, ભય અને પીડાથી દુઃખી કરતા હોય. ॥૫॥

પૂર્વે ખરાબ સ્વભાવને લીધે મોટા રાજાઓ, દેવતાઓ, બ્રહ્માદિ ઈશ્વરો અને તપસ્વીઓ, આ બધા મોક્ષમાર્ગથી પડી ગયા હતા. ॥૬॥

મનુષ્યમાં જો ખરાબ સ્વભાવ હોય તો તે તેને સત્સંગથી પાડી દે છે, અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સંતોષ જેવા ગુણોથી પણ પાડી દે છે. ॥૭॥

હે રાજન્ ! શ્રીહરિએ કહ્યું કે સૌભરિ, ચ્યવન, નૈષ્ઠિતવ્રતી ઋષ્યશૃંગ અને બીજા મહર્ષિઓ, આ બધા ખરાબ સ્વભાવથી અત્યંત દુર્દશાને પામ્યા હતા. ॥૮॥

દેવરાજ ઈંદ્ર, બૃહસ્પતિ, ચંદ્રમા, નારદ, બ્રહ્મા અને આગ્નિધ્ર ઈત્યાદિનો સ્વભાવને કારણે ઘણો જ અપયશ થયો હતો. ॥૯॥

ઘણા ડાહ્યા વિદ્વાનો અને નીતિના નિષ્ણાત પંડિતો પણ દુઃસ્વભાવથી

तिरस्कारं स्वभावेन प्रपद्यन्ते च गर्हणाम् ॥१०॥
स्वभावश्चोत्तमस्थानादधः पातयतेऽङ्गिनम् ।
योगाच्चार्तिहरात् पुण्यात् पातयत्येव योगिनम् ॥११॥
संसृतिभ्रमणं भूयो जनो याति स्वभावतः ।
भूयिष्ठं ताडनं निन्दां बन्धनं च यमार्दनम् ॥१२॥
पण्डितैरपि दुर्हेयः स्वभावो दुर्गतिप्रदः ।
हेरप्रीतिकृद्दुष्टः पीडयत्येव देहिनः ॥१३॥
निरुद्धा बन्धनागारे तथा शस्त्रैरपि क्षताः ।
सत्वायत्ता निसर्गं स्वं जना मुञ्चन्ति न क्वचित् ॥१४॥
स्वेष्टदेवो यदा कुर्यात् सत्त्वं त्याजयितुं निजम् ।
आग्रहं तर्हि तं जह्यान्न स्वभावं जनोऽशुभम् ॥१५॥
कीर्तिं कीर्तिमतां व्याप्तां स्तुत्यान् यान् गुणिनां गुणान् ।
हन्ति सत्त्वं प्रतिष्ठाद्यं श्वित्रो रूपमिवोत्तमम् ॥१६॥

તિરસ્કાર અને નિંદાને પાત્ર બન્યા છે. ॥૧૦॥

ખરાબ સ્વભાવ મનુષ્યને ઊંચા પદથી નીચો પછાડે છે, દુઃખ ટાળનારા અને પવિત્ર આવા યોગથી યોગીને પણ અધોગતિ પમાડે છે. ॥૧૧॥

મનુષ્ય દુષ્ટ સ્વભાવથી વારંવાર સંસારમાં ભટકે છે, તેને ઘણો માર ખાવો પડે છે. નિંદા, કેદ અને યમયાતના પણ ભોગવવી પડે છે. ॥૧૨॥

અધોગતિ પમાડનારા સ્વભાવને પંડિતો પણ છોડી શકતા નથી. ભગવાનનો કુરાજીપો કરાવનારો તે ખરાબ સ્વભાવ જ આ જીવને પીડે છે. ॥૧૩॥

મનુષ્ય કદાચ જેલમાં પુરાયો હોય, ઘાતક હથિયારથી ઘવાયો હોય કે કોઈ બળવાન પ્રાણીએ પરાધીન કર્યો હોય, છતાં તે ક્યારેય પોતાના સ્વભાવને છોડતો નથી. ॥૧૪॥

કદાચ પોતાના ઈષ્ટદેવ પણ તેના સ્વભાવને મુકાવવા આગ્રહ કરે, તો તે પોતાના ઈષ્ટદેવને છોડી દે પણ અશુભ સ્વભાવને મૂકે નહિ. ॥૧૫॥

કોઢ જેમ સર્વોત્તમ રૂપ સૌંદર્યનો નાશ કરે છે તેમ દુઃસ્વભાવ મનુષ્યની ચોતરફ પ્રસરેલી કીર્તિનો નાશ કરે છે અને ગુણવાન્ પુરુષના પ્રશંસાકર્યા જેવા

गूहति श्वा यथा दन्तैश्चर्वन्नस्थि व्यथातुरः ।
दुःशीलं स्वं तथा देही गुप्तं रक्षत्यशर्मदम् ॥१७॥
दुःसहां पशवोऽप्यार्तिं यान्ति दुःशीलतावशात् ।
त्याज्यमाना जनैरुग्रैः क्षुत्पिपासापुरुव्यथाः ॥१८॥
पराभूताः स्वभावेन दुर्जयेनात्र दुर्बलैः ।
जनैर्वैराग्रहा दुष्टा यान्ति मृत्युं शरीरिणः ॥१९॥
यद्वन्न त्यजति स्वीयं कटुत्वं निम्बभूरुहः ।
कर्हिचिन्न यथा याति कुक्कुटो हंसलीलया ॥२०॥
स्वभावं स्वं तथा नीचो न मुञ्चत्यार्त्तिदं क्वचित् ।
सोऽर्दयत्यनिशं लोकान्निर्दयो रावणो यथा ॥२१॥
स्वभावो दुस्त्यजोऽजेयः कारयन् वै दुराग्रहम् ।

સદ્‌ગુણોનો પણ નાશ કરે છે. ॥૧૬॥

જેમ પીડાતો મૂર્ખ શ્વાન સૂકા હાડકાને કરડે છે, પોતાનું મોઢું છોલાવાથી નીકળતા લોહીને હાડકા ઉપર ચોંટેલું દેખીને હરખાય છે અને તે હાડકાને છુપાવી દે છે તેમ મનુષ્ય પોતાનો દુષ્ટ સ્વભાવ, જે દુઃખ આપે છે, તેને છુપાવીને સાચવી રાખે છે. ॥૧૭॥

કેટલાક પશુઓને, તેનો સ્વભાવ છોડાવવા ઉગ્રપ્રકૃતિના લોકો, તેને ભૂખ્યા, તરસ્યા રાખીને દુઃખ દે છે છતાં તે સ્વભાવ છોડતા નથી. અને તે ખરાબ સ્વભાવને કારણે અસહ્ય પીડાને ભોગવે છે. ॥૧૮॥

આ દુનિયામાં જે દુર્જેય સ્વભાવ આગળ હારી ગયા હોય છે અને દુર્બળ (દુરાચારી) લોકોની સાથે વેર બાંધી બેઠા હોય છે તેવા દુષ્ટ લોકો તો છેવટે મોતને ભેટે છે. ॥૧૯॥

જેમ લીમડો પોતાની કડવાશને ક્યારેય છોડતો નથી તેમ દુર્જન પોતાનો સ્વભાવ છોડતો નથી. કૂકડો ભલે હંસનું અનુકરણ કરે છતાં તેમાં હંસના ગુણ ક્યારેય આવતા નથી. ॥૨૦॥

નીચ મનુષ્ય પોતાને હેરાન કરનારા સ્વભાવને પણ ક્યારેય છોડતો નથી. તેતો રાવણની જેમ નિર્દય થઈને સમાજને, લોકોને, નિરંતર પીડતો જ રહે છે. ॥૨૧॥

क्लेशहेतुर्मनुष्याणां राजयक्ष्मेव वर्तते ॥२२॥
ब्रह्माण्डं संयुतं चैतद्देवदानवमानवैः ।
दुर्निवार्यनिसर्गस्थं विद्यते क्लेशसङ्कुलम् ॥२३॥
स्वस्वभावानुसारेण ज्ञानवानपि वर्तते ।
अन्येषां तर्हि का वार्ता देहिनां मूढचेतसाम् ॥२४॥
तस्माद्वै नागरो विप्रो नरसिंहाभिधः कविः ।
अनड्वाहं निजे पद्ये स्वेष्टदेवं समूचिवान् ॥२५॥
तस्माद्भक्तो जनः कृष्णे क्वाप्ययोग्योपमां प्रभौ ।
योजयेन्न कविर्धीमांस्तत्प्रसादाभिलाषुकः ॥२६॥
औदासीन्यं भृशं प्राप्तो बदर्याश्रममुत्तमम् ।
यियासुश्चाभवं त्यक्त्वा राजदुर्गमिमं त्वहम् ॥२७॥
तथाप्येतस्य पद्यस्य संश्रुत्य साम्प्रतं महत् ।
औदासीन्यं हि सर्वं मे नष्टमेतद्दुरत्ययम् ॥२८॥

દુરાગ્રહ કરાવનારો સ્વભાવ અજેય છે અને દુસ્ત્યજ છે. ક્ષયરોગની જેમ મનુષ્યોને તે ક્લેશ કંસાસનું કારણ બને છે. ॥૨૨॥

દેવો, દાનવો અને મનુષ્યોથી ભર્યું આ બ્રહ્માંડ અટળ સ્વભાવને લીધે અનેક પ્રકારના ક્લેશોથી ભરપૂર રહ્યું છે. ॥૨૩॥

જ્ઞાની મનુષ્ય પણ જો પોતાના સ્વભાવ પ્રમાણે વર્તન કરતો હોય તો મૂઢ બુદ્ધિવાળા બીજા લોકોની તો વાત જ શું કહેવી ? ॥૨૪॥

અને તેથી જ નાગર બ્રાહ્મણ કવિ શ્રીનરસિંહ મહેતાએ પોતાના પદમાં પોતાના ઈષ્ટદેવનો પણ ''ગોરિયો ગમાણે આવ્યો'' આમ બળદ શબ્દથી નિર્દેશ કર્યો છે. ॥૨૫॥

માટે ભગવાનની પ્રસન્નતા ચાહનારા વિવેકી ભક્ત કવિએ પ્રભુ શ્રીકૃષ્ણની બાબતમાં કોઈપણ અયોગ્ય ઉપમા આપવી ન જોઈએ. ॥૨૬॥

હું તો આ દરબારગઢ છોડીને બદરિકાશ્રમ જવા તૈયાર થઈ ગયો હતો. અને અત્યંત ઉદાસ થઈ ગયો હતો. ॥૨૭॥

છતાં પણ અત્યારે આ પદનો ભાવ સાંભળવાથી મારી ઉદાસીનતા, જે

स प्राहाऽथेति भक्तान् स्वान् बोधयन् मधुरं वचः ।
अर्थ्यं पथ्यं तथा तथ्यं श्रीहरिर्भक्तवत्सलः ॥२९॥
मद्भक्तैः स्वकृते काव्ये रुक्षं वाक्यमरुन्तुदम् ।
नृशंसं नैव वक्तव्यं स्वेष्टदेवस्य वर्णने ॥३०॥
चारणाय ततः प्रीतः किन्नखापीयमुत्तमम् ।
तस्मै प्रादान्महामूल्यं नीशारं श्रीहरिर्निजम् ॥३१॥
सुरवारं तथोष्णीषं सत्प्रावारं तथा हरिः ।
श्रोणिबन्धनसद्वासस्तस्मै प्रीत्याऽदिशत् प्रभुः ॥३२॥
स चारणस्ततो नम्रः प्राञ्जलिस्तमिदं वचः ।
प्राहैतावन्ति वासांसि त्वया दत्तानि मे प्रभो ! ॥३३॥
तथाप्यस्त्येव मे वाञ्छा तेभ्य एवाधिकाप्तये ।
हरिः श्रुत्वेति तद्वाक्यं स्वान् प्राहेत्थं स्मयन् वचः ॥३४॥
एतावद्वस्तुदानेऽपि सन्तोषं नाप्तवानसौ ।

ટાળી ન ટળે એવી હતી, તે બધી ટળી ગઈ છે. ॥૨૮॥

ભક્તવત્સલ શ્રીહરિ પોતાના ભક્તોને સદુપદેશ આપવા માટે ફરીવાર અર્થપૂર્ણ, હિતકારી અને સત્યતા ભર્યું મધુર વચન કહેવા લાગ્યા. ॥૨૯॥

મારા ભક્ત કવિએ પોતાના કાવ્યમાં પોતાના ઈષ્ટદેવના વર્ણનની બાબતમાં ક્યારેય રુક્ષ, મર્મભેદી અને ક્રૂર વાક્ય ન બોલવું. ॥૩૦॥

પછી શ્રીહરિ તે ચારણ ઉપર રાજી થયા. પોતાનો સારો બહુમૂલ્ય કિનખાબનો જામો હતો તે તેને આપી દીધો. ॥૩૧॥

વળી પ્રભુ શ્રીહરિએ પોતાનો સુરવાળ, પાઘ, ખેસ અને ભેટવાળવાનું વસ્ત્ર, આ બધું તેને પ્રેમથી આપ્યું. ॥૩૨॥

પછી તે ચારણે હાથ જોડ્યા અને નમ્રપણે તેણે એમ કહ્યું કે હે પ્રભો ! આપે મને આટલા બધા વસ્ત્ર આપ્યા છે. ॥૩૩॥

છતાં પણ મને આથી વધારે મેળવવાની ઈચ્છા છે. તેની વાત સાંભળીને શ્રીહરિ થોડું હસ્યા અને પોતાના ભક્તોને આવું વચન કહ્યું, ॥૩૪॥

હે ભક્તો ! આટલી બધી વસ્તુ આ ચારણને આપી છે, છતાં તેને સંતોષ

जातिस्वभाव एवाऽयं भक्ता वित्तेत्यसंशयम् ।।३५।।
म्लानवक्त्रस्ततो लज्जानम्रीभूतः स तं हरिम् ।
प्राहेत्थं प्राञ्जलिर्वाक्यं तत्प्रतापक्षतप्रभः ।।३६।।
निर्वाणलालसा स्वामिन् ममैका वर्ततेऽन्तरे ।
तस्मान्मे त्वां प्रपन्नस्य त्वं मोक्षं कर्तुमर्हसि ।।३७।।
स च प्राहेति सं वाक्यं श्रीहरिर्मुक्तिदाश्रयः ।
अन्तर्यामितया ज्ञातः सङ्कल्पो वै मयेति ते ।।३८।।
वाजिसम्प्राप्तिवाञ्छा ते बुद्धिमन्नस्ति मानसे ।
तेनेत्युक्ते स तं वाक्यं प्राहैवं विस्मितो हरिम् ।।३९।।
यथा त्वत्प्रोक्तमेवासौ वाहलब्धिमनोरथः ।
'अस्ति' मे स त्वया बुद्धः सर्वज्ञेनाऽङ्गिसाक्षिणा ।।४०।।
तस्मात्त्वं भगवान् साक्षाद्वर्त्तसे पुरुषोत्तमः ।
असंख्यप्राणिमुक्त्यर्थं प्रादुर्भूतोऽसि भूतले ।।४१।।
त्वत्तातेनाऽथ स प्रीत्या वाहं तस्मै ह्यदापयत् ।

થયો નથી. આ પણ એક તેની જાતિનો સ્વભાવ છે, એમ સૌ નિશ્ચિત જાણો. ।।૩૫।।

તે સાંભળીને ચારણનું મોઢું ઝાંખું થઈ ગયું. શરમથી મુખ નીચું કરી ગયો. શ્રીહરિના પ્રતાપ આગળ તેનું તેજ હરાઈ ગયું અને હાથ જોડીને બોલ્યો. ।।૩૬।।

હે સ્વામિન્ ! મારા મનમાં એક મોક્ષની લાલસા રહ્યા કરે છે. હું આપને શરણે આવ્યો છું, તો આપ મારો ઉદ્ધાર (મોક્ષ) કરો. ।।૩૭।।

પોતાના આશ્રિતનો મોક્ષ કરનારા શ્રીહરિએ તે ચારણને કહ્યું, મેં તમારો સંકલ્પ અંતર્યામી પણે જાણી લીધો છે. ।।૩૮।।

હે બુદ્ધિમન્ ! તમારા મનમાં એક ઘોડો લેવાની ઈચ્છા છે ને ? તે સાંભળીને વિસ્મિત થયેલા ચારણે શ્રીહરિને કહ્યું, જેમ આપ કહો છો તેમ ઘોડો લેવાની ઈચ્છા તો મારા મનમાં છે જ, અને તે જીવના સાક્ષી આપ સર્વજ્ઞે જાણી લીધી જ છે. ।।૩૯-૪૦।।

તેથી આપ તો સાક્ષાત્ ભગવાન્ પુરુષોત્તમ છો. અને અસંખ્ય પ્રાણીઓનો મોક્ષ કરવા આપ ભૂમિ ઉપર પ્રકટ થયા છો. ।।૪૧।।

प्राहेत्यथ स्वकान् भक्तान् वाक्यं संहर्षयन्निदम् ।।४२।।
स्पर्शोपलप्रसंगेन काञ्चनत्वं गतोऽप्यसिः ।
धाराकारप्रहारत्वं जहाति स्वं न भीतिदम् ।।४३।।
तथा जातिस्वभावस्य भक्तास्त्यागोऽस्ति दुष्करः ।
तथाप्यनेन योगेन त्यक्तुं योग्योऽस्ति स ध्रुवम् ।।४४।।
सतां त्यक्तस्वभावानां प्रसङ्गेनाऽऽर्त्तिहारिणा ।
तेषुं स्नेहेन तद्वाक्यविश्वासेनाऽसुखच्छिदा ।।४५।।
तत्सुशिक्षानुरोधेन तद्गुणग्रहणेन च ।
तच्छुश्रूषानुवृत्तिभ्यां तत्प्रसादेन चान्वहम् ।।४६।।
सर्वदा भगवद्भक्त्या धर्मज्ञानादिसंयुजा ।
नारायणप्रसादेन स्वभावो नश्यति ध्रुवम् ।।४७।।
अद्याद्धा मत्प्रसङ्गं ये प्राप्ता मद्भक्तिकारिणः ।

પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર પાસે તે ચારણને એક ઘોડો અપાવ્યો. પછી શ્રીહરિએ પોતાના ભક્તોને રાજી કરવા માટે આવું વચન કહ્યું, ।।૪૨।।

લોઢાની તલવાર પારસમણિના યોગથી સોનું થાય પણ તે સોનાની તલવાર પોતાની ધાર, આકાર અને ભયંકર પ્રહાર શક્તિને છોડતી નથી. ।।૪૩।।

માટે હે ભક્તો ! પોતાની જાતિના સ્વભાવને મૂકવો તે અત્યંત દુષ્કર છે. છતાં હું હવે કહું તેવા ઉપાય (યોગ)થી તે સ્વભાવને ચોક્કસ મૂકી શકાય છે. ।।૪૪।।

સ્વભાવ ઉપર કાબૂ મેળવનારા સંતોના પીડાહારી સત્સંગથી, સંતો ઉપર હેત રાખવાથી અને દુઃખનિવારક સંતોના વચનમાં વિશ્વાસ રાખવાથી સ્વભાવ છૂટે છે. ।।૪૫।।

સંતોના ઉપદેશ પ્રમાણે રહેવાનો આગ્રહ રાખવાથી, સંતોનો ગુણ લેવાથી, તેમની સેવાથી, અનુવૃત્તિમાં રહેવાથી અને તેમનો નિરંતર રાજીપો મેળવવાથી ખરાબ સ્વભાવ ટળે છે. ।।૪૬।।

ધર્મ જ્ઞાનાદિક અંગોએ સહિત નિરંતર ભગવાનની ભક્તિ કરવાથી અને તે પરમાત્માના અનુગ્રહ - રાજીપાથી દુઃખદ સ્વભાવ નિશ્ચિત નાશ પામી જાય છે. ।।૪૭।।

तथा मत्सङ्गिनां सङ्गं प्राप्ता जीवाः सहस्त्रशः ॥४८॥
ते त्यक्त्वा मत्प्रतापेन लोभक्रोधस्मरादिकान् ।
दोषान् कुर्वन्ति मद्भक्तिं धर्मज्ञानादिसंयुताम् ॥४९॥
पापिनां चासुरांशानां जनानामत्र भूयसाम् ।
स्वभावा मत्प्रतापेन नाशं प्राप्ता हि दुस्त्यजाः ॥५०॥
तानित्युक्त्वा निजान् वाक्यं भक्तानन्दप्रदो हरिः ।
अदौसीन्यं स्वमत्याक्षीद्भक्तकल्पक्षमारुहः ॥५१॥
ततो बार्जरिकं सर्पियुक्तं तत्र स रोटकम् ।
भुङ्क्ते स्म क्वथिकां रम्यां शिग्रुशिम्बीयुतां तथा ॥५२॥
अथाऽऽश्लिष्यद्धरिः प्रीत्या मुनीन्द्रं स्वानुरागिणम् ।
प्रभूतानन्दनामानं दाद्यगुर्वपराभिधम् ॥५३॥
तस्य स्वाज्ञाप्रसक्तस्य वक्षसि श्रीहरिर्मुदा ।

આજે જે મારા સાક્ષાત્ સંબંધને પામેલા છે, જે મારી ભક્તિ કરે છે તથા મારા પ્રસંગ વાળાના સમાગમને પામેલા જે હજારો લોકો છે. ॥૪૮॥

તે બધા મારા પ્રતાપથી લોભ, ક્રોધ અને કામ આદિ દોષોનો ત્યાગ કરીને ધર્મ જ્ઞાનાદિકે સહિત મારી ભક્તિ કરે છે. ॥૪૯॥

આ લોકમાં મારા પ્રતાપથી ઘણા પાપી અને અસુરાંશ લોકોના દુસ્ત્યજ સ્વભાવો પણ નાશ પામી ગયા છે. ॥૫૦॥

ભક્તજનોને આનંદ આપનારા તથા ભક્તોને માટે કલ્પવૃક્ષના જેવા શ્રીહરિએ તે સહુ ભક્તોને આવી વાતો કહીને પોતાની ઉદાસીનતા છોડી દીધી. ॥૫૧॥

પછી શ્રીહરિ ઘી ચોપડેલો બાજરાનો રોટલો અને સરગવો નાખેલી સરસ કઢી જમ્યા. ॥૫૨॥

પછી શ્રીહરિ, પોતાના ઉપર ખૂબ જ પ્રેમ રાખનારા અને જેને "દાદાગુરુ" આવે નામે સહુ બોલાવતા હતા, તે મુનિવર્ય શ્રીપ્રભુતાનંદ સ્વામીને બાથમાં લઈને ભેટ્યા. ॥૫૩॥

તે દાદાગુરુ શ્રીપ્રભુતાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાને સંપૂર્ણ પણે પાળતા

न्यधात् पादाम्बुजे स्वीये योगिध्येये भवापहे ॥५४॥
इति हरिरभिधाय तान् स्वभक्तान् वचनसुधारसतर्पितात्मभक्तः ।
स्वचरणरतपार्षदैरुपेतो वरगतिरागमदक्षराख्यसौधम् ॥५५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रोक्तस्वभावस्वरूपतज्जयोपायनिरूपणं नाम एकादशाधिकशततमोऽध्यायः ॥१११॥

अथ द्वादशोत्तरशततमोऽध्यायः

द्वादशाभिर्हरेः पूजा सङ्क्रान्तिभिः कृता तथा ॥
तद् द्वादशोत्तरे शततमे महत्त्वमुच्यते ॥

श्रीचैतन्यानन्द उवाच –
स सङ्क्रान्तौ ततो राजन् कृत्वा शौचविधिं हरिः ।
स्नातश्चक्रे यथाशास्त्रं स्वीयं नित्यविधिं शुभम् ॥१॥
अथ प्राच्यां बहिर्वेद्यां गर्भागारस्य तस्य सः ।

હતા, તેના ઉપર રાજી થઈને શ્રીહરિએ જેનું યોગીઓ ધ્યાન કરતા હોય છે, જે સંસારથી મુક્તિ કરે છે, આવા, પોતાના બંને ચરણારવિંદ તેમની છાતી ઉપર ચાંપ્યા. ॥૫૪॥

પોતાના વચનામૃત રસથી ભક્તોને તૃપ્ત કરનારા શ્રીહરિએ પોતાના ભક્તોને આવી ઘણી વાતો કહી અને પછી શ્રેષ્ઠ ગતિથી ચાલતા થકા પોતાના ચરણકમળમાં હેતવાળા પાર્ષદોને સાથે લઈને અક્ષરભવને (અક્ષરઓરડીએ) પધાર્યા. ॥૫૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૧ સમાપ્ત

અધ્યાય-૧૧૨

બાર સંક્રાંતિઓનું આગમન અને ઐશ્વર્યપૂર્ણ ચરિત્રોનો મહિમા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્! સંક્રાંતિનો દિવસ હતો. શ્રીહરિએ શૌચ વિધિ કરીને સ્નાન કર્યું. પછી શાસ્ત્રાનુસારે પોતાનો શુભ નિત્ય વિધિ કર્યો. ॥૧॥

प्राश्नान्निषद्य सत्पीठे नानाभोज्यानि भूपते ! ॥२॥
भोजयित्वेति राजन्ती श्रीहरिं भक्तरक्षकम् ।
वर्णिन्यासिभ्य एवाऽदादेकैकं तिललड्डुकम् ॥३॥
तथा सद्भ्यश्च विप्रेभ्यः सा हि राजन् सहस्त्रशः ।
एकैकं तं ददौ प्रीत्या हर्यासक्ता शुचिव्रता ॥४॥
तद्गर्भागारसंराजद्बहिर्वेद्यां ततो हरिः ।
न्यषीदन्मञ्चके युक्ते कौमलैस्तूलिकादिभिः ॥५॥
ततस्तस्याग्रतो राजन् मुन्यादीनां महासभा ।
दर्शनीया जनैर्दिव्या राजमाना मनोरमा ॥६॥
ततः सभ्या हि सङ्क्रान्तीर्मूर्त्ता द्वादश भूपते ! ।
व्योम्नोऽपश्यन्नुपायाता नाशयन्तीर्दिशां तमः ॥७॥
नद्धसन्मणिसौवर्णनानालङ्कारभास्वराः ।
स्वर्णसूत्राम्बरोद्भासा विद्युदिन्द्रधनुःश्रियः ॥८॥

હે ભૂપતે ! પછી પોતાના તે ઓરડાની પૂર્વ તરફની ઓસરીમાં સારા બાજોઠ ઉપર બેસીને શ્રીહરિ અનેક ભોજન પીરસેલો થાળ જમ્યા. ॥૨॥

રાજબાઈએ આ રીતે ભક્તરક્ષક ભગવાન્ શ્રીહરિને જમાડ્યા. પછી બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓને એક એક તલનો લાડુ આપ્યો. ॥૩॥

હે રાજન્ ! તે પ્રમાણે જ શ્રીહરિની મૂર્તિમાં મન જોડનારા અને પવિત્ર વ્રત પાળનારા રાજબાઈએ સાધુઓને અને હજારો બ્રાહ્મણોને પણ પ્રેમથી એકએક તલનો લાડુ આપ્યો. ॥૪॥

પછી તે ઓરડાની ઓસરીમાં પલંગ ઉપર ગાદી તકિયો બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને વિરાજમાન થયા. ॥૫॥

હે રાજન્ ! તે પછી શ્રીહરિની આગળ સંતો વગેરેની સુશોભિત, મનોહર, દર્શનીય અને દિવ્ય, આવી મહાન્ સભા ભરાઈ. ॥૬॥

હે ભૂપતે ! પછી સભામાં બેઠેલા સહુને મૂર્તિમાન્ બાર સંક્રાતિઓના દર્શન થયા કે જે દિશાઓના અંધારાને ટાળીને આકાશમાંથી આવી હતી. ॥૭॥

સર્વોત્તમ મણિ જડિત સોનાના અનેક અલંકારોથી તે દેદીપ્યમાન હતી.

तास्ततः प्रश्रयानम्रा हर्यालोकातिलालसाः ।
प्राप्य तस्याऽन्तिकं प्रीत्या तं पञ्चाङ्गं ववन्दिरे ॥९॥
ततो दिव्योपचारैस्ताः श्रीहरेः प्रेमपूर्वकम् ।
आगमोक्तप्रकारेण पूजनं चक्रिरे शुभम् ॥१०॥
तुष्टुवुस्तं ततो भक्त्या तास्तत्प्रेक्षामहामुदः ।
प्रेमोद्यत्पुलकाकाराः स्त्रवद्बाष्पेक्षणा नताः ॥११॥
पूर्ववत्ताः पुनर्नत्वा वन्द्यं मुक्तेश्वरादिभिः ।
श्रीहरिं भक्तगोप्तारं तत्राऽन्तर्दधिरे द्रुतम् ॥१२॥
इत्थं श्रीहरिणैश्वर्यं दर्शितं विस्मयावहम् ।
दृष्ट्वा रोमाञ्चिाता भक्ता महानन्दं प्रपेदिरे ॥१३॥
धन्यास्तेऽथ हरेर्भक्ता वर्ण्यमानं मुनिव्रजैः ।

સોનાના તારવાળા વસ્ત્રની ચળકાટીથી વીજળી સાથેના ઈંદ્ર ધનુષ્યના જેવી તેમની શોભા હતી. ॥૮॥

શ્રીહરિના દર્શન કરવાની તીવ્ર ઈચ્છાવાળી તે સંક્રાંતિની અધિષ્ઠાત્રી દેવતાઓ વિનયથી નમ્ર હતી. તેમણે શ્રીહરિની પાસે આવીને પ્રેમથી પંચાંગ પ્રણામ કર્યા. ॥૯॥

પછી તે સર્વેએ આગળ શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે દિવ્ય ઉપચારો લઈને પ્રેમપૂર્વક શ્રીહરિની શુભ પૂજા કરી. ॥૧૦॥

સંક્રાંતિની દેવતાઓ શ્રીહરિના દર્શનથી ખૂબ જ આનંદિત હતી. અતિ પ્રેમથી તેના શરીરમાં રોમાંચ થઈ ગયો હતો. આંખોમાંથી આનંદના આંસુઓ વહેતા હતા અને તેમણે નમ્ર ભક્તિભાવે શ્રીહરિની સ્તુતિ કરી. ॥૧૧॥

મુક્તો અને બ્રહ્માદિ ઈશ્વરો પણ જેવી સ્તુતિ કરે છે અને જે ભક્તોની નિરંતર રક્ષા કરે છે. આવા શ્રીહરિને પૂર્વની માફક નમસ્કાર કરીને તત્કાળ જ તે ત્યાં અતર્ધાન થઈ ગઈ. ॥૧૨॥

આ રીતે શ્રીહરિએ પોતાનું વિસ્મિયજનક ઐશ્વર્ય પ્રકટ કર્યું. તેને દેખીને ભક્તો રોમાંચિત થયા અને મહાન્ આનંદ પામ્યા. ॥૧૩॥

શ્રીહરિનું ઐશ્વર્ય પુણ્યરૂપ છે તે કહેવાથી કે સાંભળવાથી અનેક પીડાઓને

पुण्यं प्राहुस्तदैश्वर्यं गानश्रुत्यार्त्तिभेदनम् ॥१४॥
इत्थं तस्यात्युदाराणि वर्णयन्तो निरन्तरम् ।
स्वैश्वर्याणि चरित्राणि संसारार्त्तिं न लेभिरे ॥१५॥
एवं सदा प्रकुर्वन्तस्तद्गानश्रवणस्मृतीः ।
तेऽस्मरन्न स्वदेहाद्यं सद्गुणा इव योगिनः ॥१६॥
ऐश्वर्याणां चरित्राणां तथा तस्याऽखिलेशितुः ।
यान्ति जन्मगुणादीनां नान्तं शेषादयः क्वचित् ॥१७॥
तत्पारं नाप्नुयान्मादृक् मन्दश्रद्धोऽतिमन्दधीः ।
किं चित्रं तत्र ते तानि मयोक्तानि समासतः ॥१८॥
पापतापपलोपानि गायतां शृण्वतां तथा ।
जनानां मुक्तिदातॄणि तानि धार्याणि वै त्वया ॥१९॥
साश्चर्याऽऽचरितान्येवं भक्तव्रातानुकम्पया ।

ટાળે છે, સંત ગણ જેનું વર્ણન કરે છે, ભગવાનના તે ભક્તો ધન્ય છે કે જેઓ શ્રીહરિના મહાન્ ઉદાર ઐશ્વર્યો અને ચરિત્રોનું આ રીતે વર્ણન કરે છે અને તેથી સંસાર સંબંધી પીડાને પામતા નથી. ॥૧૪-૧૫॥

સદ્ગુણી યોગીઓને જેમ પોતાના શરીરનું ભાન રહેતું નથી તેમ શ્રીહરિના ચરિત્ર અને ઐશ્વર્યનું કીર્તન, શ્રવણ અને સ્મરણ કરનારા ભક્તોને પોતાના દેહ અને દૈહિક પદાર્થોનું ભાન રહેતું નહતું. ॥૧૬॥

સર્વેશ્વર શ્રીહરિના ઐશ્વર્ય, ચરિત્ર, જન્મ અને ગુણ, એટલા બધા અમાપ છે કે તેના પારને તો શેષ કે શારદા પણ પામી શકતા નથી. ॥૧૭॥

તે અપાર ગુણ લીલા ચરિત્ર અને ઐશ્વર્યનો પાર મારા જેવો થોડી શ્રદ્ધા અને થોડી બુદ્ધિવાળો ન પામી શકે તેમાં આશ્ચર્ય શું ક્હેવાય ! અને તેથી જ હું શ્રીહરિના ઐશ્વર્ય અને ગુણ કે લીલાઓને ટૂંકમાં કહું છું. ॥૧૮॥

હે રાજન્ ! શ્રીહરિના ઐશ્વર્ય અને ચરિત્ર, કહેનારા અને સાંભળનારાના પાપ અને સંતાપને નાશ કરનારા છે, ભક્તોનો મોક્ષ કરે છે, માટે તમે તેને સાવધાન પણે સાંભળો અને યાદ રાખો. ॥૧૯॥

શ્રીહરિ આવા આશ્ચર્યજનક ચરિત્ર ભક્તોના ઉપર દયા કરીને કરતા હતા.

स्वदिव्यरूपबोधार्थं जनानां सोऽकरोद्धरिः ॥२०॥
संसारदीर्घरोगस्य दुर्निवार्यस्य भूपते ! ।
तान्यौषधानि वर्तन्ते शर्मदान्यङ्गधारिणाम् ॥२१॥
भद्रकारीणि गानाद्यैस्तानि गीतानि सूरिभिः ।
तापत्रयोपतप्तानां सुधातुल्यानि देहिनाम् ॥२२॥
तानि गायन्ति ये प्रीत्या जनाः पुण्यानि सर्वदा ।
जन्मसाफल्यमाप्तास्ते यान्ति नूनं कृतार्थताम् ॥२३॥
हरिरथ वरपादुकानिनादः स्वपदरतैर्निजपार्षदैर्वृतः सः ।
रुचिरगतिरुपागमत् स्ववासं वरतरमक्षरसौधमीक्षणीयम् ॥२४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये सङ्क्रान्तिकृतश्रीहरिदर्शनादिनिरूपणं नाम द्वादशोत्तरशत-तमोऽध्यायः ॥११२॥

અને જન સાધારણને પોતાના દિવ્ય સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય એટલા માટે જ કરતા હતા. ॥૨૦॥

હે ભૂપતે ! શ્રીહરિના આ લીલા ચરિત્ર અને ઐશ્વર્ય હઠાવ્યા ન હઠે એવા સંસારરૂપી દીર્ઘ રોગને માટે ઔષધ રૂપ છે, અને અંતે લોકોને સુખ આપનારા છે. ॥૨૧॥

વિદ્વાનોનું એવું કહેવું છે કે તે લીલા ચરિત્ર અને ઐશ્વર્ય, કહેવા, સાંભળવા અને સંભારવાથી લોકોનું કલ્યાણ કરે છે અને આધ્યાત્મિક, આધિ દૈવિક તથા આધિ ભૌતિક, આ ત્રિવિધ સંતાપથી તપેલા લોકોને માટે તો તે અમૃતના સમાન સુખરૂપ છે. ॥૨૨॥

જે લોકો પ્રેમથી તે પવિત્ર ચરિત્ર આદિનું નિરંતર ગાન કરે છે તેઓ પોતાના જન્મની સફળતાને પામીને કૃતકૃત્ય થાય છે. ॥૨૩॥

ચરણની ચાખડીઓનો ચટાક્ ચટાક્ આવો સુંદર ધ્વનિ કરતા અને પોતાના ચરણના પ્રેમી પાર્ષદોની સાથે શ્રેષ્ઠ ગતિથી ચાલતા શ્રીહરિ પોતાના દર્શનીય અક્ષરભવન (અક્ષરઓરડી) નામે સર્વોત્તમ નિવાસ સ્થાને પધાર્યા. ॥૨૪॥

अथ त्रयोदशोत्तरशततमोऽध्यायः

दुर्गपुरस्थलब्धादिगेहेषु पूजितो हरिः ।
त्रयोदशोत्तरे शततमे स्वेष्टानदर्शयत् ॥

श्रीचैतन्यानन्द उवाच –
राजदुर्गेऽत्र राजर्षे ! यत्र यत्राऽकरोद्धरिः ।
सैश्वर्याणि चरित्राणि यानि यान्यङ्घ्रिमुक्तये ॥१॥
तानि तानि मयोक्तानि संक्षेपेणाऽऽस्पदानि ते ।
तानि तानि चरित्राणि सैश्वर्याणि च भूपते ! ॥२॥
अस्मिन् दुर्गपुरे राजन् भक्तागारेषु स प्रभुः ।
चरित्राणि विचित्राणि करोतिस्माऽऽश्रितप्रियः ॥३॥
श्रीशुकानन्द उवाच –
तस्येति सद्गुरु वरस्य स राजवर्यः श्रुत्वा वचोऽमृतसमं सुखदं सुभद्रम्।
प्राप्तो मुदं पुरु तरामुरु भक्तिनम्रस्तं प्राञ्जलिर्वचनमित्थमुवाच रम्यम् ॥४॥

दुर्गपुर माहात्म्य अध्याय - ११२ समाप्त

अध्याय - ११३

श्रीलाधा ठक्करने घेर पधरामणी अने ऐश्वर्य दर्शन

श्रीचैतन्यानंद स्वामीए कह्युं, हे राजर्षे ! आ श्रीदादाखाचरना दरबारगढमां श्रीहरिए जे जे स्थळे जे जे ऐश्वर्य पूर्ण चरित्र जीवना मोक्ष माटे कर्यां हतां ते ते स्थळ अने ते ते ऐश्वर्य सहितना चरित्रो में तमने टूंकमां कह्यां छे. ॥१-२॥

हे राजन् ! भक्तो जेने वहाला छे आवा प्रभु श्रीहरिए आ गढपुर गाममां भक्तोने घरे पण विचित्र चरित्र कर्यां हता. ॥३॥

श्रीशुकानंद स्वामीए कह्युं, हे राजन् ! सद्गुरुवर्य श्रीचैतन्यानंद स्वामीनी वात अमृत समान, सुखकारी अने परम मंगळमय हती. तेने सांभळीने राजवर्य श्रीअमराखाचर अत्यंत खुशी थया. तेमणे उत्तम भक्तिथी नम्रपणे हाथ जोड्या. अने सुंदर वचन बोल्या. ॥४॥

त्वं श्रीहरेरतितरां करुणैकपात्रं नानाऽऽगमीयशुभहार्दविदां वरीयान् ।
पुण्यानि तानि चरितानि हरेर्महात्मन् !
वक्तुं त्वमर्हसि भवापहराणि मह्यम् ॥५॥
तस्येति सज्जनरतस्य नृपस्य राजन् ! वाक्यं निशम्य रुचिरं विनयानतस्य।
प्रीतः स्मरन् स्वहृदये हरिमिष्टदेवं, प्राहेति तं मुनिवरः स वचोऽतिभद्रम्।
श्रीचैतन्यानन्द उवाच –
लब्धसंज्ञो महाबुद्धिः क्रूरजित्संज्ञकस्तथा ।
राजन् भागवतश्रेष्ठः प्रेमजित्संज्ञितस्तथा ॥७॥
तेऽमात्यास्ते पितुर्दक्षाः सोदरा हरिणा कृताः ।
आसन् कार्यातिनैपुण्या हर्याज्ञापालनोद्यताः ॥८॥
तत्र लब्धाख्यमन्व्यर्थं श्रीगोपीनाथमन्दिरात् ।
भवत्पिता दिशि प्राच्यां चारु गेहान्यकारयत् ॥९॥
तत्राद्य बाणभूपस्य तव भ्रातुर्महीपते ! ।
कन्यका तेषु गेहेषु वसति श्रीहरौ रता ॥१०॥

हे महात्मन् ! आप श्रीहरिना खूब ज कृपापात्र छो, अनेक प्रकारना गंभीर शुभ रहस्य वेत्ताओमां आप श्रेष्ठ छो, तो आ संसारमां जन्ममृत्युने टाळनारा श्रीहरिना पवित्र चरित्र जे होय ते बधा मने कहो. ॥५॥

हे राजन् ! विनयथी नम्र अने संतोनी साथे हेतवाळा दरबार श्रीअमराखाचरनुं आवुं सुंदर वचन सांभळीने श्रीचैतन्यानंद स्वामी खुशी थया. पोताना हृदयमां श्रीहरिने संभार्या. ते पछी अति मंगळमय वचन बोल्या. ॥६॥

हे राजन् ! महान् बुद्धिमान भक्तश्रेष्ठ श्रीलाधाठक्कर, श्रीकुरजी ठक्कर अने श्रीप्रेमजी ठक्कर आ त्रणेय (खोजाकोमना)भाईओ विचक्षण हता. तेओ कामकाजमां निपुण अने श्रीहरिनी आज्ञा पाळवामां प्रयत्नशील हता. तेमने श्रीहरिए तमारा पिता श्रीदादाखाचरना कारभारी कर्या हता. ॥७-८॥

तेमां श्रीलाधा ठक्करने माटे श्रीदादाखाचरे श्रीगोपीनाथजी महाराजना मंदिरथी पूर्व दिशामां सुंदर घर करावी आप्या हता. ॥९॥

हे महीपते ! अत्यारे तमारा मोटाभाई श्रीबावाखाचरना दीकरी श्रीहरिना

वास्तुकर्म यदा लब्धस्तेषु गेहेष्वकारयत् ।
सोऽतर्पयद्वरैर्भोज्यैस्तदा विप्रान् सहस्रशः ॥११॥
ब्राह्मणेभ्योऽथ स प्रीत्या भूयसीर्दक्षिणा ददौ ।
ततस्तस्मै प्रसन्नास्ते योजयामासुराशिषः ॥१२॥
स श्रीहरिं तदा प्रीत्या नानाभोज्यैरतर्पयत् ।
वर्णिसन्न्यासिमुन्यादींस्तर्पयामास तैस्तथा ॥१३॥
आनीयाऽथ निजागारं सार्द्धं मुन्यादिभिर्हरिम् ।
अकार्षीत्तस्य सत्कारं सोऽभ्युत्थानादिभिर्हरेः ॥१४॥
स न्यषीदद्धरिस्तत्र भक्तकल्पमहीरुहः ।
मञ्चके तूलिकायुक्ते रम्ये कशिपुसंयुते ॥१५॥
ततस्तेऽथ हि लब्द्धाद्य ललाटे श्रीहरेस्त्रयः ।
चारु केसरगन्धस्य पत्रलेखां हि चक्रिरे ॥१६॥
तं तेऽथ किन्नखापीयं सुरवारं व्यधारयन् ।

સ્વરૂપમાં મનને જોડી રાખનારા છે, તે તે ઘરમાં રહે છે. ॥૧૦॥

શ્રીલાધા ઠક્કરે જ્યારે તે ઘરનું વાસ્તુ કર્મ કરાવ્યું ત્યારે અનેક પ્રકારના સારા ભોજન તૈયાર કરાવીને હજારો બ્રાહ્મણોને જમાડ્યા હતા. ॥૧૧॥

તેમણે પ્રેમથી બ્રાહ્મણોને ઘણી જ દક્ષિણાઓ આપી હતી અને બ્રાહ્મણોએ રાજી થઈને તેને આશીર્વાદ આપ્યા હતા. ॥૧૨॥

વળી તે વખતે લાધા ઠક્કરે અનેક ભોજનોનો સારો થાળ કરાવીને શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. તેમજ વર્ણી, સંન્યાસીઓ અને સાધુઓને પણ સુંદર ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૩॥

પછી તેમણે સંતો વગેરેની સાથે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી. સહુ પધાર્યા ત્યારે ઊઠીને સામે ગયા અને શ્રીહરિનો સારો સત્કાર કર્યો. ॥૧૪॥

પછી ભક્તોના મનોરથોને પૂરા કરવામાં કલ્પવૃક્ષ સમાન શ્રીહરિ ત્યાં ગાદી તકિયા બિછાવીને તૈયાર કરેલા સુંદર પલંગ ઉપર વિરાજમાન થયા. ॥૧૫॥

શ્રીલાધાઠક્કર આદિ ત્રણેયે શ્રીહરિના લલાટમાં સુંદર કેસરી ચંદનની અર્ચા (આડ) કરી. ॥૧૬॥

नीशीरं तादृशं प्रीत्या भूरिमूल्यं च भास्वरम् ॥१७॥
उष्णीषं वरयानाख्यपुरोद्भूताम्बरीयकम् ।
तन्मूर्ध्नि स्वर्णसूत्रं ते धारयामासुरादृताः ॥१८॥
प्रावारं तेऽथ तादृक्षं चञ्चत्कान्तिमहाधनम् ।
श्रीहरे रम्ययोर्भक्त्या धारयामासुरंसयोः ॥१९॥
पक्वदाडिबीजानि स्थालस्थानि च ते हरेः ।
नीराजनं निधायाऽग्रे कर्पूरेण व्यधुर्मुदा ॥२०॥
स्वीयहृत्स्वथ ते भक्त्या तस्य पादाम्बुजे हरेः ।
धारयाञ्चक्रिरे तेषां हरिर्मूर्द्धस्वधात् करौ ॥२१॥
ततस्तैर्धर्मवंश्यानां चारु वासोविभूषणैः ।
गन्धसन्माल्यहाराद्यैश्चक्रिरे पूजनं शुभम् ॥२२॥
ततस्ते नूत्नवासोभिर्गन्धमाल्यस्त्रगादिभिः ।
वर्णिसत्पद्गमुख्यानामर्हणं चक्रिरे मुदा ॥२३॥

પછી તેમણે શ્રીહરિને કિનખાબનો સુરવાળ પહેરાવ્યો. અને તેવો જ ઘણો કિંમતી ચમકતો કિનાખાબનો જામો પણ ધરાવ્યો. ॥૧૭॥

આદર ભાવવાળા તેમણે સોનેરી તારવાળી બુરહાનપુરી પાઘ મસ્તક ઉપર બંધાવી. ॥૧૮॥

તેવો જ ચળકાટીવાળો બહુમૂલ્ય ખેસ શ્રીહરિના ખભા ઉપર પ્રેમપૂર્ણ ભક્તિભાવથી ધારણ કરાવ્યો. ॥૧૯॥

પાકા દાડમના દાણાનો ભરેલો મોટો થાળ શ્રીહરિની આગળ મૂક્યો અને પછી પ્રેમપૂર્વક કપૂરથી આરતી ઉતારી. ॥૨૦॥

પછી તે ત્રણેય ભક્તોએ ભક્તિભાવથી શ્રીહરિના ચરણકમળને પોતાની છાતી એ ચાંપ્યા અને પછી શ્રીહરિએ પોતાના બન્ને હાથ તેમના મસ્તક ઉપર મૂક્યા. ॥૨૧॥

પછી તેમણે ધર્મવંશીઓની પણ સુંદર સારા વસ્ત્ર, ઘરેણાં, ચંદન, ફૂલહાર ઈત્યાદિથી પૂજા કરી. ॥૨૨॥

તે પછી વર્ણીઓ, સંતો અને પાર્ષદો, આ સર્વની પૂજા પણ નવા વસ્ત્ર, ચંદન

तन्माताऽथाऽन्तिकं प्राप्ता हरेस्तं प्राणमन्मुदा ।
स प्राहाऽथेति भक्तान् स्वान् सुधाश्रेष्ठं हि तं वचः ॥२४॥
धर्मनिष्ठा सती श्रेष्ठा शुद्धचित्ताऽङ्गनाऽस्त्यसौ ।
अस्या लब्धादयः पुत्राः सन्ति दक्षा हि सद्‌गुणाः ॥२५॥
स प्रीत्याऽथेत्यपृच्छत्तां वेत्सि त्वं कीदृशं नु माम् ।
साऽथेत्यूचे ह्यवैमि त्वां प्रभो ! साहेबसन्निभम् ॥२६॥
स प्रावोचदथैवं तां स्वामिनारायणोऽस्म्यहम् ।
हेतुः सर्वावताराणां कालमायाद्यधीशिता ॥२७॥
साऽथेत्यूचे हरिं वाक्यं स्वामिनारायणाभिधम् ।
त्वां साहेबं तथा भिन्नं न जानेऽहं दयानिधे ! ॥२८॥
तावत्सा प्रेमजिल्लब्धः क्रूरजिच्चेति तत्सुताः ।
हरीच्छयेति चाश्चर्यं तत्कुटुम्बं व्यलोकयन् ॥२९॥
सर्वे तेजो व्यपश्यंस्ते कोटिकोट्यर्कसन्निभम् ।

અને ફૂલહાર ઈત્યાદિથી પ્રેમપૂર્વક કરી. ॥૨૩॥

તે પછી શ્રીલાધા ઠક્કરની મા પણ શ્રીહરિની નજીક જઈને પ્રેમથી પગે લાગ્યા. પછી શ્રીહરિએ તે પોતાના ભક્તોને અમૃતના સમાન ઉત્તમ હિતકારી વચન કહ્યું. ॥૨૪॥

આ મહિલા ઘણી ધર્મનિષ્ઠ, પવિત્ર હૃદયવાળી અને સતીઓમાં શ્રેષ્ઠ છે. લાધા ઠક્કર વગેરે તેના પુત્રો પણ સદ્‌ગુણી અને ઘણા વિચક્ષણ છે. ॥૨૫॥

પછી શ્રીહરિએ શ્રીલાધાઠક્કરના માને પૂછ્યું, તમે મને કેવો સમજો છો ?'' ત્યારે તેણે કહ્યું, ''હે પ્રભો ! હું આપને સાહેબના જેવા માનું છું.'' ॥૨૬॥

પછી શ્રીહરિએ તેને કહ્યું, ''હું 'સ્વામિનારાયણ' સર્વ અવતારોનું કારણ અને કાળ તથા માયા આદિનો નિયામક છું.'' ॥૨૭॥

ત્યારે તેણે કહ્યું, ''હે દયાનિધે ! હું તો આપ સ્વામિનારાયણને અને સાહેબને એક જ માનું છું. જૂદા જાણતી નથી.'' ॥૨૮॥

તેવા સમયમાંતો તેને અને તેના ત્રણેય પુત્ર, લાધા ઠક્કર, પ્રેમજી ઠક્કર અને કુરજી ઠક્કર, આખા કુટુંબને એક આશ્ચર્ય દેખાયું. ॥૨૯॥

व्याप्नुवच्च जगत्सर्वं दिव्यं कोटीन्दुशीतलम् ॥३०॥
तत्र सिंहासनं हैमं नद्धरत्नस्फुरत्प्रभम् ।
तत्र तेजसि तं साक्षाद्धरिं प्रैक्षन्त तेऽखिलाः ॥३१॥
दिव्यसिंहासनासीनं कोटिकामस्मयापहम् ।
रूपसौन्दर्यमुख्याब्धिं दिव्यवासोविभूषणम् ॥३२॥
कोटिपिगाम्बरान् राजन् विश्वक् सिंहासनं ततः ।
पश्यतस्ते हरिं दृष्ट्वा विस्मयं लेभिरे भृशम् ॥३३॥
तेऽथ पिगाम्बरान् सर्वान् महातेजश्चये हरेः ।
दिव्ये लीनत्वमापन्नान् पश्यन्ति स्मोत्कचेतसः ॥३४॥
लब्धादींस्त्रींस्ततो भ्रातॄन् सोऽस्वजन्मुदितो हरिः ।
लब्धक्रूरजितौ प्राज्ञौ खड्गौ चाऽबन्धयद्धरौ ॥३५॥
ब्रह्माण्डेऽस्मिन् युवां सुज्ञौ कश्चिज्जेतुं नहि क्षमः ।

''તે સહુએ કરોડો ચંદ્રમાના જેવું શીતળ અને કરોડો સૂર્યના જેવું મહાન્ ઉજ્જ્વળ તેજ દેખ્યું. તે દિવ્ય તેજ અખિલ વિશ્વમાં વ્યાપી ગયું હતું. ॥૩૦॥

તેના મધ્યમાં સોનાનું સિંહાસન જોયું કે જે જડેલા હીરાઓની ચમકતી કાંતિથી ઝળહળી રહ્યું હતું. અને તે તેજમાં સાક્ષાત્ શ્રીહરિ તે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન હોય તેમ સહુએ દેખ્યા. તેઓ કરોડો કામના ગર્વને ઉતારે તેવા સુંદર, રૂપ અને સૌંદર્ય આદિ સદ્‌ગુણોના સાગર હતા અને દિવ્ય વસ્ત્ર તથા આભૂષણોને ધારી રહ્યા હતા. ॥૩૧-૩૨॥

હે રાજન્ ! કરોડો પેગંબર સિંહાસનની ચારે બાજુ રહીને શ્રીહરિના દર્શન કરતા હતા. આ બધું દેખીને તે સહુ અત્યંત વિસ્મિત થયા. ॥૩૩॥

ઉત્સાહી મનવાળા તે સહુએ દેખ્યું કે તે બધા જ પેગંબરો શ્રીહરિના મહાન્ દિવ્ય તેજમાં લીન થઈ રહ્યા હતા. ॥૩૪॥

પ્રસન્ન થયેલા શ્રીહરિ શ્રીલાધા ઠક્કર વગેરે ત્રણેય ભાઈઓને બાથમાં લઈને ભેટ્યા. બુદ્ધિશાળી શ્રીલાધાઠક્કરને અને શ્રીકૂરજી ઠક્કરને શ્રીહરિએ સારી તલવારો બંધાવી. ॥૩૫॥

અને તેમને એમ કહ્યું કે ''તમે મારા યોગમાં આવ્યા છો તેથી સ્વભાવે સુજ્ઞ

भविष्यत्येव मां प्राप्तौ स ताभ्यामित्यदाद्वरम् ॥३६॥
स प्राहाऽथेत्युरु प्रीत्या भक्तं प्रेमजितं हरिः ।
सेवा लब्धस्य ते भ्रातुस्त्वया कार्या तथा सताम् ॥३७॥
स न्यषीदन्मुहुर्धार्मिस्तत्राऽगारेषु वै हरिः ।
तथाऽवात्सीन्निजान् भक्तान् प्रादाच्छान्तिं च भूयसीम् ॥३८॥
दर्शयित्वेति स स्वीयं दिव्यमैश्वर्यमद्भुतम् ।
आनन्दयत्स्वभक्तांस्तान् स्वप्रियान् स्वानुवर्तिनः ॥३९॥
श्रीहरेस्तद्वरैश्वर्यं ते विलोक्याऽविदन् हरिम् ।
हेतुं तं चावताराणां कालमायाद्यधीश्वरम् ॥४०॥
अथ हरिरखिलाश्रितार्त्तिहारी वरतरपार्षदवेष्टितोऽवतारी ।
पदचटचटपादुकानिनादो वरतरमक्षरसौधमागमत्स्वम् ॥४१॥

તમને આ જગતમાં કોઈ જીતી નહિ શકે.'' આવું વરદાન આપ્યું. ॥૩૬॥

પછી શ્રીહરિએ પોતાના ભક્ત શ્રીપ્રેમજી ઠક્કરને ખૂબ જ હેતથી કહ્યું, તમારે તમારા ભાઈ શ્રીલાધાઠક્કરની અને સંતોની સેવા કરવી. ॥૩૭॥

ધર્મપુત્ર શ્રીહરિ આ ઉપર કહી ગયા તે ઓરડાઓમાં ઘણીવાર આવીને વિરાજતા હતા. અને પોતાના ભક્તોને તેમાં રાખતા હતા તથા અપાર શાંતિ આપતા હતા. ॥૩૮॥

શ્રીહરિએ આ પ્રમાણે તે શ્રીલાધા ઠક્કર આદિ પોતાના ભક્તોને પોતાનું અદ્‌ભુત દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું અને પોતાના આજ્ઞા પાલક તે પ્રિય ભક્તોને અત્યંત આનંદ આપ્યો. ॥૩૯॥

શ્રીહરિના તે સર્વોત્તમ ઐશ્વર્યને દેખીને શ્રીલાધા ઠક્કર આદિ સહુ ભક્તોએ તેમને અવતારોનું કારણ અને કાળ તથા માયા આદિના નિયામક માન્યા. ॥૪૦॥

અવતારી શ્રીહરિ પોતાના સર્વ ભક્તોની સમગ્ર પીડાઓને ટાળી નાખે છે. સર્વોત્તમ સેવા કરનારા પાર્ષદો સદા તેમની સાથે જ રહે છે અને જ્યારે દરબારગઢમાં ચાલીને જતા હોય છે. ત્યારે ચરણોમાં પહેરેલી ચાખડીઓનો ચટાક્ ચટક્ આવો ધ્વનિ સંભળાતો હોય છે. તે આ શ્રીહરિ પોતાના સર્વોત્તમ અક્ષરભવનમાં (અક્ષરઓરડીમાં) પધાર્યા. ॥૪૧॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितपिगाम्बरस्वरू पादिनिरू पणं नाम त्रयोदशोत्त-रशततमोऽध्यायः ॥११३॥

अथ चतुर्दशोत्तरशततमोऽध्यायः

भालचन्द्रादिभक्तौघैर्भोजितः पूजितो हरिः ।
चतुर्दशोत्तरे शततमे वृष्टिं चकार ह ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा द्रष्टुमत्राऽऽयात् राजन् दुर्गपुरे हरिम् ।
सूर्यसंज्ञात्पुराद्भूयान् भक्तसङ्घो हरिप्रियः ॥१॥
ततो लब्धाभिधानस्य हरिर्गेहेषु मन्त्रिणः ।
स्वीयैकान्तिकभक्तस्य भक्तसङ्घं न्यवासयत् ॥२॥
तेऽथ प्रेक्षां हरेः कृत्वा निर्वृतिं भूयसीं गताः ।
इत्थं तं प्रार्थयन् प्रार्थ्यं प्रीत्या प्राञ्जलयो हरिम् ॥३॥
स्वामिन्नस्माभिरानीताः पर्पिकाः सूर्यपत्तनात् ।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૩ સમાપ્ત

અધ્યાય-૧૧૪

સુરતના હરિભક્તોની રસોઈ અને પૂજા વગેરે

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીહરિના વહાલા હરિભક્તોનો ઘણો મોટો સંઘ સુરતથી અહીં ગઢપુર શ્રીહરિના દર્શન કરવા આવ્યો. ॥૧॥

ત્યારે શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત કારભારી શ્રીલાધા ઠક્કરના ઘર છે ત્યાં તે હરિભક્તોના સંઘને ઉતારો અપાવ્યો. ॥૨॥

સુરતના હરિભક્તોને શ્રીહરિના દર્શન થવાથી મનમાં ઘણી જ શાંતિ થઈ. પછી તે સહુએ પ્રાર્થનીય શ્રીહરિને હાથ જોડ્યા અને પ્રેમથી એવી પ્રાર્થના કરવા લાગ્યા, ॥૩॥

त्वां समादयितुं चान्यान् मुन्यादींस्ते समाश्रितान् ॥४॥
ताश्चान्यान् पाकसम्भारानस्मदीयान् दयानिधे ! ।
सर्वान् हितार्थमस्माकं भूमन् स्वीकर्तुमर्हसि ॥५॥
ओमित्यथाऽब्रवीत्प्रीतः श्रीहरिस्तान्निजाश्रितान् ।
मुन्याद्यर्थं च हर्यर्थं पाकसिद्धिरभूत्ततः ॥६॥
तत्राऽथाऽऽगत्य संयुक्तो राजन् मुन्यादिभिर्हरिः ।
स्थित्वा चतुष्कपीठेऽस्नान्मेध्योष्णेनाम्भसा प्रभुः ॥७॥
मुकुन्दानन्दवर्णीन्द्रप्रत्तं श्वेतं ततो हरिः ।
कौशेयं पर्यधाच्चान्यद्रक्तं वस्ते स्म तत्तनौ ॥८॥
स न्यषीदत्ततो रम्ये श्रीहरिः पट्टकासने ।
चतुष्कं सोऽथ तस्याग्रे पीठं प्रीत्या व्यतिष्ठिपत् ॥९॥
पर्पिकाद्यैस्ततस्तस्मिन् भोज्यैर्नानाविधैर्भृतम् ।

હે સ્વામિન્ ! અમે આપને તથા આપના આશ્રિત સંતો વગેરેને સારી પેઠે જમાડવા માટે સુરતથી બરફી લાવ્યા છીએ. ॥૪॥

હે દયાનિધે ! ભૂમન્ ! તે બરફીને અને અન્ય જે રસોઈની સામગ્રી અમે લાવ્યા છીએ, તેને આપ અમારા હિતને માટે સ્વીકારો. ॥૫॥

તેમની પ્રાર્થના સાંભળીને રાજી થયેલા શ્રીહરિએ તે હરિભક્તોને "બહુ સારું" આમ કહીને હા પાડી. પછી તે હરિભક્તોએ શ્રીહરિ માટે થાળ અને સંતો વગેરેને માટે સારી રસોઈ તૈયાર કરાવી. ॥૬॥

હે રાજન્ ! પછી પ્રભુ શ્રીહરિ સંતો વગેરેને લઈને તે સુરતના હરિભક્તોને ઉતારે પધાર્યા. પછી ત્યાં ચોરસ બાજોઠ ઉપર બેસીને શુદ્ધ ગરમ પાણીથી સ્નાન કર્યું. ॥૭॥

શ્રીમુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને શ્વેત રેશમી ધોતી આપી તે પહેરી અને લાલ રેશમી વસ્ત્ર આપ્યું તે ઓઢ્યું. ॥૮॥

પછી રમણીય નાની પાટ ઉપર શુદ્ધ આસન મૂક્યું હતું તેના ઉપર શ્રીહરિ થાળ જમવા બેઠા અને તેમની આગળ ચોરસ બાજોઠ મૂક્યો. ॥૯॥

પછી વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારીએ બરફી આદિ અનેક ભોજનથી

स स्थालं स्थापयाञ्चक्रे मुकुन्दानन्दवर्णिराट् ॥१०॥
ततः पर्पीः सुधास्वादाः प्रशंसन् भुक्तवान् हरिः ।
विचित्राणि च भोज्यानि पिबन्नीरं मुहुर्मुहुः ॥११॥
भुक्त्वेत्थं श्रीहरिस्तृप्तः कृत्वा हस्तास्यशोधनम् ।
मुखवासं वरैलाद्यं प्रादत् क्रूरजिदर्पितम् ॥१२॥
हरिश्चतुःष्वथो पङ्क्तीर्गर्भागारेष्वकारयत् ।
बहिःशालाचतुष्केषु मुन्यादीनां यथोचितम् ॥१३॥
परिवेष्याऽथ स प्रीत्या भुक्तिपात्रेषु पर्पिकाः ।
तथा नानोरु भोज्यानि तर्पयामास तान् भृशम् ॥१४॥
भालचन्द्रं ततो राजन् भक्तं स्वं च मुनिं हरिः ।
पर्पिकाद्यं वरं भोज्यं भोजयित्वा व्यतर्पयत् ॥१५॥
ततस्त्वत्तातमुख्येभ्यो लब्धादिभ्यस्तथा हरिः ।
स्वीयप्रासादिकापर्पीर्दापयामास भूपते ! ॥१६॥
जयादिभ्योऽथ योषिद्भ्यो निजप्रासादिका हरिः ।

પીરસેલો થાળ શ્રીહરિની આગળ તે બાજોઠ ઉપર મૂક્યો. ॥૧૦॥

શ્રીહરિએ અમૃતના જેવી સ્વાદુ બરફીને વખાણી અને જમ્યા. વચ્ચે વારંવાર પાણી પીતા હતા અને જાત જાતના અનેક ભોજન જમ્યા. ॥૧૧॥

શ્રીહરિ આ રીતે જમીને તૃપ્ત થયા. હાથ મુખ ધોયા. સારી એલચી વગેરેનો મુખવાસ શ્રીકુરજી ભક્તે શ્રીહરિને આપ્યો. તેને શ્રીહરિ જમ્યા. ॥૧૨॥

પછી શ્રીહરિએ ચાર ઓરડાઓમાં, તેની ઓસરીમાં અને ચોકમાં યથોચિત રીતે સંતો વગેરેની પંગત કરાવી. ॥૧૩॥

પછી શ્રીહરિએ સંતો વગેરેના જમવાના પત્તરમાં પ્રેમથી બરફી અને બીજા અનેક પ્રકારના ભોજન પીરસીને તેમને ખૂબ જ તૃપ્ત કર્યા. ॥૧૪॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત શ્રીભાલચંદ્ર શેઠને તથા શ્રીમુનિબાવાને બરફી વગેરે ઉત્તમ ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૫॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર આદિને અને શ્રીલાધાઠક્કર વગેરેને પણ પોતાની પ્રસાદીરૂપ બરફી અપાવડાવી. ॥૧૬॥

सोऽदीदपद्द्वराः पर्पीर्भक्तवात्सल्यवारिधिः ॥१७॥
आसीत्तदोष्णकालस्य तीव्रस्तापोऽतिदुःसहः ।
पश्यन्नथाम्बरं सोऽल्पं विलोक्येत्यभ्रमब्रवीत् ॥१८॥
यदाऽस्माद्वृष्टिरद्याऽभ्राच्छान्तिदात्री भविष्यति ।
तापोऽसौ क्लेशदस्तीव्रः शान्तिं प्राप्स्यति वै तदा ॥१९॥
इत्याकर्ण्य हरेर्वाक्यं भालचन्द्रो मुनिं सुधीः ।
पश्यन् सूर्यपुरावासी राजन् भक्तोऽहसद्धरेः ॥२०॥
ततोऽकालेऽप्यभूद् वृष्टिर्धार्मेस्तस्येच्छया हरेः ।
तापोऽथास्तं गतोऽशेषा जनाश्चापुर्हि निर्वृतिम् ॥२१॥
अथोदग्द्वारयुक्तस्य गर्भागारस्य सोऽन्विते ।
तूलिकाद्यैर्बर्हिर्वेद्यां न्यषीदन्मञ्चके हरिः ॥२२॥
तेऽथ भानुपुरावासा हरिं भक्ताः पृथक् पृथक् ।
सौवर्णसूत्रवस्त्राणि पञ्च पञ्च न्यधारयन् ॥२३॥

ભક્તોના ઉપર વાત્સલ્યભાવના મહાસાગર સમાન શ્રીહરિએ જીવુબા વગેરે મહિલા ભક્તો માટે પણ પ્રસાદીરૂપ ઉત્તમ બરફી અપાવડાવી. ॥૧૭॥

તે સમય ઉનાળાનો હતો. સહન ન થઇ શકે તેવો આકરો તડકો પડતો હતો. શ્રીહરિએ આકાશ સામે જોયું. નાનું વાદળું હતું, તેને જોઇને એમ બોલ્યા, ॥૧૮॥

જો આ વાદળામાંથી આજ શાંતિ આપે એવો વરસાદ થશે તો દુઃખદ તીખો તડકો શાંત થશે. ॥૧૯॥

હે રાજન્ ! સદ્બુદ્ધિવાળા સુરતના હરિભક્ત શ્રીભાલચંદ્ર શેઠે શ્રીહરિનું વચન સાંભળ્યું અને મુનિબાવાની સામે જોઇને હસવા લાગ્યા. ॥૨૦॥

પછી ધર્મપુત્ર શ્રીહરિની ઇચ્છાથી ઋતુ વિના પણ વરસાદ થયો. તેથી ગરમી ઓછી થઇ ગઇ અને બધા લોકોને શાંતિ થઇ. ॥૨૧॥

તે સ્થળે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં ગાદી તકિયાથી બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨૨॥

ત્યારે તે સુરતના હરિભક્તોએ અલગ-અલગ સોનેરી તારવાળા પાંચ પાંચ

तेऽथ चन्दनसन्माल्यहारनानाविभूषणैः ।
सम्पूज्याऽन्यैस्तथाऽर्घ्यैस्तं महानीराजनं व्यधुः ॥२४॥
ततस्ते हस्तिदन्तीयां यष्टिं तस्मै ददुर्वराम् ।
कौशेयश्वेतवासांसि वर्णिभ्योऽदुश्च टोपिकाः ॥२५॥
साधुभ्योऽथाऽदिशन् प्रीत्या चतुरस्रान् शिरःपटान् ।
प्रावारांस्ते च धौत्राणि नूत्नशुभ्राण्यदुर्मुदा ॥२६॥
सन्न्यासिभ्यो वितेरुस्ते ह्यङ्गरक्षकटोपिकाः ।
साङ्गरक्षकधौत्राणि पद्गेभ्यश्च शिरःपटान् ॥२७॥
स्वर्णमुद्रास्ततस्तस्मै रूप्यमुद्राश्च भूरिशः ।
दत्वा तत्प्रेक्षणानन्दाः प्राणमंस्ते हरिं प्रियम् ॥२८॥
स्वप्रासादिकवासांसि त्वत्पित्रेऽदात्ततो हरिः ।
लब्धाय भालचन्द्राय तथा क्रूरजिते मुदा ॥२९॥

વસ્ત્ર શ્રીહરિને ધારણ કરાવ્યા. ॥૨૩॥

અને સુગંધી ચંદન, ફૂલોના હાર તથા અનેક પ્રકારના ઘરેણાંથી અને બીજા ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી અને આરતી ઉતારી. ॥૨૪॥

પછી સર્વોત્તમ હાથી દાંતની એક નાની છડી (સોટી) શ્રીહરિને અર્પણ કરી. વર્ણીઓને શ્વેત રેશમી વસ્ત્ર અને ટોપીઓ આપી. ॥૨૫॥

સંતોને માથે રૂમાલ (પાઘડી) બાંધવા માટેના ચોરસ વસ્ત્ર પ્રેમથી આપ્યાં, અને શ્વેત નવા ધોતિયા તથા ઓઢવાના ખેસ પણ પ્રસન્ન મનથી આપ્યા. ॥૨૬॥

સંન્યાસીઓને પ્રત્યેકને અંગરખું અને ટોપી અલગ અલગ આપી. પાર્ષદોને અંગરખા, ધોતિયા અને માથે બાંધવાના વસ્ત્ર આપ્યા. ॥૨૭॥

શ્રીહરિના દર્શન કરીને આનંદિત થયેલા તે સુરતના હરિભક્તોએ શ્રીહરિને સોના મહોરો અને ઘણા રોકડા રૂપિયા અર્પણ કર્યા અને પછી પોતાના પ્રિય પ્રભુ શ્રીહરિને સહુ પગે લાગ્યા. ॥૨૮॥

પછી શ્રીહરિએ પોતાના પ્રસાદીના વસ્ત્ર તમારા પિતા શ્રીદાદાખાચરને આપ્યા. સુરતના શ્રીભાલચંદશેઠને, શ્રીલાધાઠક્કરને તથા શ્રીકુરજીઠક્કરને પણ પ્રસાદીના વસ્ત્ર આપ્યા. ॥૨૯॥

स्वप्रासादिकचेलानि स प्रादान्मुनये ततः ।
अन्धकारस्तदाऽभ्रेण भूयसाऽऽसीन्महत्तरः ॥३०॥
ततोऽवर्षद् घनोऽदभ्रं राजंस्तस्येच्छया हरेः ।
तदैवेमं चमत्कारं जनाः सभ्या व्यलोकयन् ॥३१॥
स्तनयित्नुर्महानासीत्तदा व्योम्नि पयोमुचः ।
तत्प्राङ्गणेऽथ सभ्यास्ते महातेजो व्यलोकयन् ॥३२॥
तत्राऽथेन्द्रं शचीयुक्तं दन्तिन्यैरावताभिधे ।
प्रेक्षन्ते स्मोपविष्टं ते तेजोयुक्तं विराजितम् ॥३३॥
दम्पती तौ ततः प्रीत्या श्रीहरेः प्राप्य सन्निधिम् ।
तस्मै मुक्तास्त्रजं दत्वा तं वन्देते स्म भक्तितः ॥३४॥
आरुह्याऽथ द्विपं स्वीयं तौ तत्प्रेक्षामहामुदौ ।
सभ्यानां प्रेक्षमाणानां जग्मतुर्व्योमवर्त्मना ॥३५॥
ऐश्वयमित्थमतुलं हरिणा स्वकीयं सन्दर्शितं परतरं दुरितार्तिहारम् ।
दिव्यं मनःश्रवणनिर्वृतिमादधानं भक्ता विलोक्य नितरामगमन् प्रमोदम्

પછી શ્રીહરિએ મુનિબાવાને પણ પોતાના પ્રસાદીના વસ્ત્ર આપ્યા. તે સમયે આકાશમાં ઘાટા વાદળાં છાઈ ગયા. અને ઘણું અંધારું થઈ ગયું. ॥૩૦॥

હે રાજન્ ! પછી શ્રીહરિની ઈચ્છાથી વરસાદ ખૂબ જ વરસ્યો. તે વખતે સભામાં બેઠેલા સહુને આ એક ચમત્કાર દેખાણો. ॥૩૧॥

તે સમયે આકાશમાં વરસાદની ભયંકર ગર્જના થઈ. અને સભામાં બેઠેલા સહુને ઘરના આંગણામાં મહાન્ તેજ દેખાયું. ॥૩૨॥

અને ઈંદ્રાણી શચીની સાથે ઐરાવત હાથી ઉપર બેઠેલા ઈન્દ્રને તેજોમય અને સુશોભિત રીતે જોયા. ॥૩૩॥

પછી તે બંને દંપતી પ્રેમથી શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિને મોતીની માળા પહેરાવીને ભક્તિભાવથી વંદન કર્યા. ॥૩૪॥

પછી શ્રીહરિના દર્શન થવાથી ખૂબ જ ખુશી થયેલા તે બન્ને પોતાના હાથી ઉપર બેસીને સહુ સભ્યો દેખે તે રીતે આકાશમાર્ગે ચાલ્યા ગયા. ॥૩૫॥

આ રીતે શ્રીહરિએ બતાવેલું પોતાનું ઐશ્વર્ય અનુપ છે. અત્યંત શ્રેષ્ઠ છે,

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थिदेवेन्द्रागमनादिनिरू पणं नाम चतुर्दशोत्तरशत-तमोऽध्यायः ॥११४॥

अथ पञ्चदशोत्तरशततमोऽध्यायः

लब्धक्रूरजिदादीनां भक्तानां श्रीहरेः शुभा ।
पञ्चदशोत्तरे शततमे निगदिता कथा ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरी राजन्नौदासीन्यं भृशं गतः ।
राजदुर्गाद्वरादस्मात्प्रतस्थे गुप्तमेकलः ॥१॥
अभ्यागच्छंस्ततो मार्गे भक्तः क्रूरजिदाह्वयः ।
व्रजन्तं तं पथि प्रेष्ठं विलोक्याऽऽयात्तदन्तिकम् ॥२॥
पतित्वा पादयोस्तस्य वन्दमानोऽथ तं मुहुः ।
तं निवर्त्त्याऽऽत्मनो गेहं नेतुं स प्रार्थयद्भृशम् ॥३॥

પાપ અને પીડાને મટાડનારું છે. દિવ્ય અને મન તથા કાનને શાંતિ આપનારું છે, તે ઐશ્વર્યને દેખીને સર્વ ભક્તો અત્યંત આનંદિત થયા હતા. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૪ સમાપ્ત

અધ્યાય-૧૧૫

ઠક્કર શ્રીકુરજીભક્તના ઉપર શ્રીહરિનો રાજીપો અને ઠક્કરપરિવારનો સત્સંગ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત શ્રીહરિ બહુ ઉદાસ થઈ ગયા. આ દરબારગઢમાંથી છાની રીતે એકલાજ ચાલી નીકળ્યા. ॥૧॥

પછી આગળ જતા રસ્તામાં ઠક્કર શ્રીકુરજી ભક્ત સામા મળ્યા. પોતાના પ્રિય શ્રીહરિ ચાલ્યા જાય છે તેમ જોઈને તે પાસે આવ્યા. ॥૨॥

શ્રીહરિના ચરણોમાં પડીને વારંવાર પગે લાગ્યા. અને તેમને પાછા વાળીને

स प्राहाथेति तं वाक्यं रक्षेर्गुप्तं हि मां यदा ।
आगच्छेयं तदाऽगारं सन्मते ! मत्प्रियस्य ते ॥४॥
तं तथेत्यवदद्राजन् स भक्ताऽग्रेसरस्ततः ।
निकायं सोऽथ तस्याऽऽयाद् गुप्तं तिष्ठासुरच्युतः ॥५॥
गर्भागारे ततः स्वीये स्वानीते सोऽन्विते हरिम् ।
मञ्चे स्वास्तीर्णसंराजत्तूलिकाद्यैर्न्यषादयत् ॥६॥
तेनाऽथ प्रार्थितो भोक्तुं गोशालायां स्वयं हरिः ।
स्नात्वा गोधूमपिष्टस्य प्रफुल्ला बाटिका व्यधात् ॥७॥
विधायाऽथोत्तमां राजन् स तन्दुलीयभाजिकाम् ।
सर्वास्ता बाटिकाश्चक्रे हरिर्बह्वाज्यसम्प्लुताः ॥८॥
त्वत्तात्ताद्यास्तथा ज्ञात्वा हरिं तत्र समाययुः ।
तावन्मुकुन्दवर्णीन्द्रश्चायाद् गवेषयन् हरिम् ॥९॥
मुकुन्दान्दवर्णीन्द्रो वरं दध्याऽऽनयत्ततः ।

પોતાને ઘેર લઇ જવા માટે ખૂબ જ પ્રાર્થના કરી. ॥૩॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું "હે સન્મતે ! જો તમે મને ગુપ્ત રાખો, જાહેર ન કરો, તો હું મારા પ્રિયભક્ત તમારે ઘેર આવું." ॥૪॥

હે રાજન્ ! પછી તે ભક્તવર્યે હા કહી. ત્યારે ગુપ્ત રહેવા ચાહતા અવિકારી શ્રીહરિ તે શ્રીકુરજી ઠક્કરને ઘેર પધાર્યા. ॥૫॥

પછી તેણે પોતાને ઘેર ઓરડામાં પલંગ ઢાળ્યો. ગાદલું પાથરી સારો ઓછાડ ઓછાડ્યો અને સારા બિછાવેલા તે પલંગ ઉપર શ્રીહરિને પધરાવ્યા. ॥૬॥

પછી તે ભક્તે જમવા માટે રસોઇ કરવા પ્રાર્થના કરી એટલે સ્વયં ગૌશાળા માં જઇ સ્નાન કરીને ઘઉંના લોટની સુંદર ફૂલેલી બાટી બનાવી. ॥૭॥

હે રાજન્ ! સરસ તાંદળજાની ભાજી બનાવી. શ્રીહરિએ તે બાટીઓને ઘણા ઘીમાં બોળી દીધી. ॥૮॥

તેવા સમયમાં શ્રીહરિ શ્રીકુરજી ઠક્કરને ઘેર છે એમ જાણીને શ્રીદાદાખાચર વગેરે આવ્યા અને શ્રીહરિને ખોળતા ખોળતા શ્રીમુકુંદવર્ણી પણ આવ્યા. ॥૯॥

પછી શ્રીમુકુંદવર્ણી સારું તાજું દહીં લાવ્યા. પછી બાટી વગેરે જે હતું તે બધું

बाटिकाद्यमथाऽशेषं विष्णवे स न्यवेदयत् ॥१०॥
चारु भाजिकया सार्द्धं ताः सोऽभुक्ताऽथ बाटिकाः ।
भूयो भूयः पिबन्नीरं दध्याऽऽदत् पिच्छलं तथा ॥११॥
एवं भुक्त्वा हरिस्तृप्तः कृत्वा हस्तास्यशोधनम् ।
मुखवासं वरं प्राश्नाद्दत्तं कूरजिता मुदा ॥१२॥
बाटिकाद्यं प्रशंसंस्तत् पित्रादिभ्यस्तवाऽदिशत् ।
स्वीयप्रासादिकं प्रीत्या भक्तेभ्यो बाटिकादिकम् ॥१३॥
गर्भागारे ततस्तस्मिन् हरिस्तल्पे सुकोमले ।
शिश्येऽथ कूरजित्तस्य पादसंवाहनं व्यधात् ॥१३॥
तदा राजन्नभूदित्थं सङ्कल्पस्तस्य मानसे ।
अजन्मा श्रीहरिर्भूमौ जायेताऽत्र कथं नु सः ॥१४॥
प्रादुर्भूतमथ ज्योतिः स व्यपश्यद्धरेस्तनोः ।
अन्तर्दृष्टिं ततः प्रापत्तत्तेजश्छादितेक्षणः ॥१६॥

શ્રી વિષ્ણુભગવાનને નૈવેદ્યના રૂપમાં ધરાવ્યું. ॥૧૦॥

પછી શ્રીહરિ ભાજીની સાથે તે બાટીઓ જમ્યા. વચ્ચે વારેવારે પાણી પીતા હતા. અને સારું તરવાળું દહીં પણ જમતા હતા. ॥૧૧॥

આ પ્રમાણે જમીને શ્રીહરિ તૃપ્ત થયા. મુખ હાથ ધોયા. પછી કુરજી ઠક્કરે પ્રેમથી મોકલેલો મુખવાસ જમ્યા. ॥૧૨॥

તે બાટી અને ભાજીને શ્રીહરિએ વખાણી. શ્રીદાદાખાચર આદિ ભક્તોને તેની પ્રસાદી પ્રેમથી આપી. ॥૧૩॥

પછી શ્રીહરિ ઓરડામાં સુંવાળી પથારીથી તૈયાર કરેલા પલંગ ઉપર સૂતા અને કુરજી ઠક્કર તેમના ચરણ દબાવવા લાગ્યા. ॥૧૪॥

હે રાજન્ ! તે વખતે કુરજી ઠક્કરના મનમાં એવો વિચાર આવ્યો કે ભગવાન્ તો અજન્મા કહેવાય. તે આ ભૂમિ ઉપર જન્મે જ કેમ ? ॥૧૫॥

તેવા સમયમાં શ્રીહરિના સ્વરૂપમાંથી પ્રકટ થતું તેજ તે ભક્તે દેખ્યું. તે તેજમાં તેની આંખો અંજાઇ ગઇ. કશું દેખી શક્યા નહિ અને તેને અંતર્દષ્ટિ પ્રાપ્ત થઇ. (સમાધિ થઇ) ॥૧૬॥

अक्षराख्यमथ श्रेष्ठं धाम स प्रैक्षताऽद्भुतम् ।
तत्र मञ्चे हरिं सुप्तं स्वेन जुष्टं मनोहरम् ॥१७॥
बहिर्दृष्टिं ततः प्राप्तः श्रीहरेरिच्छया शनैः ।
हेतुं सर्वावताराणां ज्ञात्वाऽस्तौत्स प्रणम्य तम् ॥१८॥
स प्राहाऽथेति तं प्रीत्या क्रूरजिद्भवता कृतः ।
सङ्कल्पस्तु यथा तद्वन्नास्त्यजन्मत्वमीशितुः ॥१९॥
भूतले भगवान् साक्षादजन्मापि स्वयं प्रभुः ।
प्राणिमुक्त्यै वृषं त्रातुं तथाऽऽविर्भवति ध्रुवम् ॥२०॥
तस्य न प्राकृतो देहो वर्तते पाञ्चभौतिकः ।
किन्त्वनन्योपमो दिव्यो विद्यते विग्रहोऽद्भुतः ॥२१॥
यत्राऽस्ते सोऽखिलाधीशो धाम तत्राऽस्ति चाऽक्षरम् ।
पालयन्त्येव तस्याऽऽज्ञामीशकालाक्षरादयः ॥२२॥
स व्यपश्यत्ततो मञ्चं पूर्ववत्तत्र तं मुदा ।

તેમાં તેને શ્રેષ્ઠ અને અદ્‌ભુત અક્ષરધામ દેખાયું. ત્યાં પલંગ ઉપર મનોહર શ્રીહરિ સૂતા હોય અને પોતે પગચંપી કરતા હોય, આવો અનુભવ થયો. ॥૧૭॥

પછી શ્રીહરિની ઈચ્છાથી ધીરે રહીને તેને બહિર્દષ્ટિ પ્રાપ્ત થઈ (અર્થાત્ સમાધિમાંથી જાગ્યા) ત્યારે તેણે શ્રીહરિને સર્વ અવતારોનું કારણ માનીને પ્રણામ કર્યા અને સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૮॥

પછી શ્રીહરિએ તે કુરજી ઠક્કરને પ્રેમથી કહ્યું, “હે કુરજી ભક્ત ! તમે જેવું વિચારો છો તેવુ પરમેશ્વરનું અજન્માપણું નથી. ॥૧૯॥

સાક્ષાત્ ભગવાન્ અજન્મા હોવા છતાં પણ સ્વયં પ્રભુ જીવોનું કલ્યાણ કરવા અને ધર્મની રક્ષા કરવા માટે નિશ્ચિત પ્રકટ થાય જ છે. ॥૨૦॥

તે ભગવાનનું શરીર અન્ય જીવોના જેવું માયિક પાંચભૌતિક નથી હોતું. પરંતુ તે શરીર (સ્વરૂપ) તો અનુપમ, દિવ્ય અને અદ્‌ભુત હોય છે. ॥૨૧॥

તે સર્વાધીશ્વર પરમેશ્વર જ્યાં હોય છે ત્યાં જ અક્ષરધામ હોય છે તે પરમેશ્વરની આજ્ઞાને તો બ્રહ્માદિ ઈશ્વરો, કાળ અને અક્ષર આદિક પણ પાળે છે.” ॥૨૨॥

शयानं तत्र पर्यङ्के स्वेन जुष्टं च तं हरिम् ॥२३॥
तस्याऽऽलोक्येति सोऽतुल्यं दिव्यैश्वर्यं सुविस्मितः ।
निःसन्देहो महामोदं तन्माहात्म्यविदाप्तवान् ॥२४॥
लब्धक्रूरजितौ राजन् ! भ्रातरावेकदा ततः ।
तं च भोजयितुं साधून् स्वीयमानयतां गृहम् ॥२५॥
ततस्तत्र स्वयं प्रीत्या नानाभोज्यान्यभुक्त सः ।
परिवेष्याऽथ मुन्यादीन् सद्भोज्यानि व्यतर्पयत् ॥२६॥
तौ ततो गन्धसन्माल्यहारगुच्छादिभिर्हरिम् ।
वासोभूषादिभिश्चार्घ्यैरर्हयामासतुर्मुदा ॥२७॥
तावथाऽर्घ्यैः सतां पूजां गन्धमाल्यस्त्रगादिभिः ।
श्रीहरिप्रेयसां प्रीत्या प्राकुर्वातां महीपते ! ॥२८॥
भवत्पित्रा ततो राजन्सहस्त्रप्रमिता हरिः ।

પછી કુરજી ઠક્કરને પહેલાના જેવો જ પલંગ દેખાયો, તેના ઉપર શ્રીહરિને પ્રેમથી સૂતા દેખ્યા અને સ્વયં પૂર્વની માફક શ્રીહરિની સેવા કરી રહ્યા છે આવું પણ દેખ્યું. ॥૨૩॥

કુરજી ભક્ત આ રીતે શ્રીહરિના અનુપમ દિવ્ય ઐશ્વર્યને દેખીને વિસ્મિત થયા. શ્રીહરિનું માહાત્મ્ય સમજવાથી તેનો સંદેહ ટળી ગયો અને મહાન્ આનંદ થયો. ॥૨૪॥

હે રાજન્ ! પછી એક દિવસ શ્રીલાધાઠક્કર અને શ્રીકુરજીઠક્કર આ બન્ને ભાઈઓએ શ્રીહરિને અને સંતોને જમાડવા માટે પોતાને ઘેર બોલાવ્યા. ॥૨૫॥

પછી સ્વયં શ્રીહરિ તેમને ઘેર પ્રેમથી અનેક ભોજન પીરસેલો થાળ જમ્યા. પછી સંતો વગેરેને સુંદર રસોઈ પીરસીને જમાડ્યા અને તૃપ્ત કર્યા. ॥૨૬॥

પછી તે બન્ને ભાઈઓએ સુગંધી ચંદન, ઉત્તમ પ્રકારના પુષ્પ હાર ગુચ્છ વગેરે તથા વસ્ત્ર અલંકાર આદિક ઉપચારો પ્રેમથી અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી. ॥૨૭॥

હે મહીપતે ! તે રીતે જ તેમણે શ્રીહરિના વહાલા સંતોની પૂજા સુગંધી ચંદન અને ફૂલહાર આદિ ઉપચારો વડે પ્રેમથી કરી. ॥૨૮॥

तस्मै क्रूजिते प्रीत्या रूप्यमुद्रा ह्यदीदपत् ॥२९॥
शिरोण्डाख्यमथ ग्रामं वाहं चोत्तमजातिजम् ।
कारयित्वा हरिर्लेखं तेन तस्मा अदापयत् ॥३०॥
स प्राहाऽथेति तं मत्तो यथाकामं वरं भवान् ।
त्वं वृणीतामिति प्रोक्ते तेनेत्थं सोऽब्रवीद्धरिम् ॥३१॥
मद्याचितं वरं स्वामिन् यदा दद्यास्तदा प्रभो ! ।
याचेचाऽहं वरं त्वत्तस्तं भक्ताभीष्टपूरकात् ॥३२॥
तेनेत्युक्ते स तं चैवं याचस्व त्वं समब्रवीत् ।
याचते स्माथ स प्रीत्या तमित्थं स्वेप्सितं वरम् ॥३३॥
स्यान्ममात्यन्तिकं श्रेयो भवत्पादाम्बुजान्तिके ।
तथा त्वं देहि मेऽजस्त्रं निवासं दुर्लभं शुभम् ॥३४॥
स प्राहाऽथेति तं वाक्यं श्रेयस्त्वात्यन्तिकं हि ते ।
भाव्यं मत्पादसामीप्ये त्वां रक्षिष्यामि चान्वहम् ॥३५॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર પાસે એક હજાર રોકડા રૂપિયા પ્રેમથી શ્રીકુરજી ઠક્કરને અપાવડાવ્યા. ॥૨૯॥

પછી ચીરોડાનામનું એક ગામ શ્રીદાદાખાચર પાસે તેમને લખાવી આપ્યું અને જાતવાન સારો એક ઘોડો પણ અપાવ્યો. ॥૩૦॥

પછી શ્રીહરિએ તેને કહ્યું, "તમે મન ચાહ્યો વર મારી પાસે માગો." ત્યારે તેણે શ્રીહરિને આ રીતે કહ્યું, ॥૩૧॥

"હે સ્વામિન્ ! હે પ્રભો ! મારો માગેલો વર જો તમારે આપવો જ હોય તો ભક્તોના અભીષ્ટ સંકલ્પોને પૂરનારા આપની પાસેથી હું વર માગું. ॥૩૨॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે "તમે માગો તે વરદાન આપીશ." ત્યારે શ્રીકુરજી ઠક્કરે પ્રેમથી પોતાનો ઇચ્છિત વર આ રીતે માગ્યો. ॥૩૩॥

"મારો આત્યંતિક મોક્ષ આપના ચરણારવિંદની પાસે થાય અને મને નિરંતર આપની સમીપ શુભ નિવાસ આપો કે જે અન્ય વ્યક્તિને માટે દુર્લભ છે." ॥૩૪॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, તમારો આત્યંતિક મોક્ષ મારા ચરણારવિંદની સમીપમાં થશે અને હું તમને નિરંતર મારી સમીપે જ રાખીશ. ॥૩૫॥

ततस्तस्मिन्नतिप्रीतस्तमाश्लिष्य प्रियं हरिः ।
तद्वक्षसि न्यधात्स्वीये पादाम्भोजे भवापहे ॥३६॥
पञ्चपुत्रांस्ततो नीत्वा प्रेमजित् स्वांस्तदन्तिकम् ।
तत्पदोर्वन्दयाञ्चक्रे प्राहाऽथैवं हरिर्वचः ॥३७॥
अत्र जीवाभिधानोऽसौ महाभागवतः सुधीः ।
वर्तते हीरसंज्ञोऽयं योगभ्रष्टः सदाशयः ॥३८॥
जीवन्मुक्तिमसौ प्राप्तस्तथा नष्टाऽस्य संसृतिः ।
श्यामजिल्लब्धतुल्योऽसौ दक्षो धीमान् भविष्यति ॥३९॥
जयेनैतौ भवत्पुत्रौ विजयेनापि वै समौ ।
इत्थं प्रेमजितं वाक्यं स स्मयन्नब्रवीन्मुदा ॥४०॥
आर्द्रांस्ततो हरिर्प्राश्नाद्भर्जितान् धान्यकुड्मलान् ।
तान् स्वप्रासादिकान् प्रादात् स्वभक्तेभ्यो महीपते ! ॥४१॥

પછી શ્રીહરિ તેના ઉપર ઘણા પ્રસન્ન થયા અને પોતાના વહાલા તે શ્રીકુરજી ઠક્કરને શ્રીહરિ બાથમાં લઈને ભેટ્યા અને તેની છાતીમાં સંસારથી ઉદ્ધાર કરનારા પોતાના બન્ને ચરણ કમળ ચાંપ્યા. ॥૩૬॥

પછી શ્રીપ્રેમજી ઠક્કર પોતાના પાંચે દીકરાને શ્રીહરિ પાસે લઈ ગયા અને શ્રીહરિને પગે લગાડ્યા. ત્યારે શ્રીહરિએ તેને એમ કહ્યું, ॥૩૭॥

આ પાંચ તમારા દીકરા છે તેમાં જીવો નામે જે છે તે સારો બુદ્ધિમાન્ અને ભગવાનનો પરમ એકાંતિક ભક્ત છે અને આ હીરજી પવિત્ર હૃદયનો છે અને યોગભ્રષ્ટ આત્મા છે. ॥૩૮॥

આતો જીવિત અવસ્થામાં જ મુક્તિ પામેલો છે, આનો સંસાર નષ્ટ થઈ ગયો છે, અને આ શ્યામજી છે તે લાધા ઠક્કરના જેવો વિચક્ષણ અને બુદ્ધિમાન્ થશે. ॥૩૯॥

પછી શ્રીહરિએ હસતા હસતા પ્રેમથી કહ્યું કે આ તમારા બીજા બે પુત્ર છે તે તો ભગવાનના પાર્ષદ જય અને વિજયના જેવા છે. ॥૪૦॥

હે રાજન્ ! પછી શ્રીહરિ કાચા, લીલા દાણા વાળા, મકાઈ ડોડા શેકેલા હતા તે જમ્યા અને તે પ્રસાદીરૂપ કરીને પોતાના ભક્તોને પણ આપ્યા. ॥૪૧॥

लब्धक्रूरजितोः कन्याविवाहोऽभूद्यदा तदा
तौ स्वीयं निन्यतुर्गेहं हरिं मुन्यादिभिर्युतम् ॥४२॥
तं निषाद्याऽऽसनेऽथाग्रे तौ वस्त्राभरणैर्हरिम् ।
वरैरार्हयतामर्घ्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ॥४३॥
तौ ततः पूजनं राजन् माल्यहारैश्च चन्दनैः ।
चक्राते साधुमुख्यानां श्रीहर्यासक्तचेतसाम् ॥४४॥
ततो दिव्यं हरेर्भद्रं तेजःपुञ्जातिराजितम् ।
रू पं दृष्ट्वा ययुश्चित्रं जना वै तत्र सङ्गताः ॥४५॥
ततो भक्तं स जीवाख्यं पश्यन् दृष्ट्या दयार्द्रया ।
इत्यवोचद्धरिः प्रीत्या वाक्यं पीयूषसन्निभम् ॥४६॥
असौ जीवाभिधो भक्तो वर्तते योगिसन्निभः ।
इत्युक्त्वा श्रीहरिस्तस्य मूर्ध्न्यधात्स्वं कराम्बुजम् ॥४७॥
त्यक्त्वाऽथ स स्वधनधामधराङ्गनाद्यं

वळी જ્યારે શ્રીલાધા ઠક્કર અને કુરજી ઠક્કરની દીકરીઓના વિવાહ થયા ત્યારે તે બન્ને ભાઇઓએ પોતાને ઘેર સંતો વગેરેની સાથે શ્રીહરિની પધરામણી કરી હતી. ॥૪૨॥

તેમણે તે વખતે શ્રીહરિને માટે સારું આસન તૈયાર કર્યું હતું, તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા અને સારા કિંમતી વસ્ત્ર તથા ઘરેણાં, ચંદન અને ફૂલહાર આદિ ઉપચારોથી પૂજા કરી. ॥૪૩॥

હે રાજન્ ! તે પછી શ્રીહરિની મૂર્તિમાં જ મનને જોડી રાખનારા સંતો વગેરેની પૂજા પણ ચંદન અને ફૂલહાર આદિથી કરી. ॥૪૪॥

તે પછી ત્યાં જે બધા લોકો ભેળા થયા હતા તેમને તેજના પુંજને મધ્યે સુશોભિત શ્રીહરિના દિવ્ય સ્વરૂપે દર્શન થયા. તેથી સહુને આશ્ચર્ય થયું. ॥૪૫॥

પછી શ્રીહરિએ શ્રીપ્રેમજી ઠક્કરના પુત્ર જીવાની સામે દયાદષ્ટિથી જોયું. અને હેતથી અમૃત સમાન વાત કરી. ॥૪૬॥

આ અમારો ભક્ત જીવો યોગીના જેવો છે, આટલું બોલીને તેના મસ્તક ઉપર શ્રીહરિએ પોતાનો કરકમળ મૂક્યો. ॥૪૭॥

धर्मं शुभं प्रतिदिनं परिपालयन् स्वम् ॥
शुद्धाऽवबोधनविरक्तिसुभक्तियुक्तो राजन् हरिं तमभजत्सततं दयाब्धिम्।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतक्रूरजिद्भक्तसंशयापनोदनादिनिरू पणं नाम पञ्च-दशोत्तरशततमोऽध्यायः ॥११५॥

अथ षोडशोत्तरशततमोऽध्यायः

ग्लहस्य षोडशोत्तरे शततमे कथोच्यते ।
राजदुर्गमहत्त्वस्य दृशोर्हिरण्मयस्य च ॥

श्रीचैतन्यानन्द उवाच -
पुरेऽस्मिन्नेकदाऽऽगच्छन्मातुलस्ते पितुर्ग्लहः ।
दर्शनार्थं हरे राजन् बुट्टादाख्ये वसन् पुरे ॥१॥
राजदुर्गेऽत्र राजन्तं स प्रपद्याऽथ तं हरिम् ।
दण्डवत्पतितो भूमौ साष्टाङ्गं प्राणमन्मुदा ॥२॥

હે રાજન્ ! પછી તે જીવા ભક્તે પોતાનું ધન, ઘર, જમીન અને પત્ની વગેરે બધું તજી દીધું. પ્રતિદિન પોતાના શુભ ધર્મનું પાલન કરવા લાગ્યા. શુદ્ધ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં તત્પર રહીને નિરંતર દયાસાગર શ્રીહરિનું ભજન કરતા હતા. ॥૪૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૫ સમાપ્ત

અધ્યાય-૧૧૬

શ્રીહરિનો મહિમા, ઘેલા ધાધલના ઘર અને હિરણમય પુરુષનું આગમન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીદાદાખાચરના મામા દરબાર શ્રીઘેલા ધાધલ બોટાદ ગામમાં રહેતા હતા. તેઓ એક વખત શ્રીહરિના દર્શન કરવા આ ગઢપુર આવ્યા. ॥૧॥

આ દરબારગઢમાં વિરાજમાન શ્રીહરિની પાસે આવ્યા. તેમણે જમીન ઉપર ઢળી પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પ્રેમથી કર્યા. ॥૨॥

हरिः पृष्ट्वाऽथ तं सर्वान् समाचारान् यथोचितम् ।
तं स्वासक्तं जगादेत्थं वचः पीयूषतर्ज्जनम् ॥३॥
अस्य त्वद्भागिनेयस्य धीमन् राज्ञोऽस्ति साम्प्रतम् ।
समृद्धिः कीदृशी देवदुर्लभा विस्मयावहा ॥४॥
स प्राहाथेति तं वाक्यं राजन्ती ललिता जया ।
भूपालश्चोत्तमाख्योऽसौ स्वामिन् भागवतोत्तमाः ॥५॥
प्रादुर्भूतस्तदर्थं तु धाम्नोऽत्रैऽवाक्षरान्निजात् ।
राजसे राजदुर्गेऽस्मिन् सदेशानाद्यधीश्वरः ॥६॥
अत्र तस्मात्समृद्धिः स्यात्सम्पूर्णा दुर्लभा परैः ।
गौरवं च त्वदीयानां किं चित्रं तत्र वर्तते ॥७॥
श्रीदाम्नो हि श्रुतः पूर्वं वैभवो देवदुर्लभः ।
मया दृष्टस्तथाऽनन्यो मत्स्वस्त्रेयस्य वैभवः ॥८॥

પછી શ્રીહરિએ તેમને યથાયોગ્ય બધા સમાચાર પૂછ્યાં. પોતાના સ્વરૂપમાં ભક્તિથી જોડાયેલા શ્રીઘેલા ધાધલને અમૃતને પણ તુચ્છકારે એવું મધુર વચન કહ્યું. ॥૩॥

હે ધીમન્ ! તમારા ભાણેજ આ દરબાર શ્રીદાદાખાચરને હાલમાં દેવોને પણ દુર્લભ અને વિસ્મયજનક કેટલી બધી સમૃદ્ધિ છે ! ॥૪॥

ત્યારે શ્રીઘેલા ધાધલે શ્રીહરિને કહ્યું, "હે સ્વામિન્ ! જીવુબા (મોટીબા), લાડુબા, રાજબાઈ અને દરબાર શ્રીદાદાખાચર, આ બધા ભગવાનના સર્વોત્તમ ભક્ત છે. ॥૫॥

શિવ બ્રહ્માદિકના પણ અધીશ્વર આપ તે બધાને માટે જ પોતાના અક્ષરધામથી પ્રકટ થયો છો અને હંમેશા આ દરબાર ગઢમાં વિરાજો છો. ॥૬॥

અને તેથી જ બીજાને ક્યાંય જોવા પણ ન મળે તેવી દુર્લભ સમૃદ્ધિ સંપૂર્ણપણે અહીંયાં રહે તથા આપના ભક્તોનું ગૌરવ વધે તેમાં આશ્ચર્ય શું હોઈ શકે ? ॥૭॥

પૂર્વે શ્રીદામા (સુદામા)નો વૈભવ દેવોને પણ દુર્લભ હતો તેમ સાંભળ્યું છે, પણ આ મારા ભાણેજ શ્રીદાદાખાચરનો વૈભવ તો બીજે ક્યાંય ન હોય તેમ હું દેખું છું. ॥૮॥

यत्रोत्करादिकं चासीत्तस्यां भूमावभूदसौ ।
राजदुर्गो मनःकान्तो राजितोऽक्षरधामवत् ॥९॥
जातं समृद्धिमुख्यं तद्द्रुतं सर्वमार्त्तिहन् ! ।
त्वत्प्रतापेन दासानामस्ति ते किं नु दुर्लभम् ॥१०॥
स इत्युक्त्वा वचस्तस्मै तस्याऽकार्षीन्महास्तुतिम् ।
स प्राहाथेति तं वाक्यं श्रीहरिर्मधुरं शुभम् ॥११॥
उत्तमाख्येन भूपेन भागिनेयेन तेऽमुना ।
सार्द्धं स्थेयं त्वयाऽजस्त्रं मन्निदेशेन सन्मते ! ॥१२॥
त्वदर्थं चारु वेश्मानि कारयिष्यामि सत्वरम् ।
इत्युक्त्वाऽऽयाद् गुहाकारक्ष्मां स हस्ताऽऽत्ततत्करः ॥१३॥
कारयित्वा ततो लेखं वेश्मभूमेरदाद्धरिः ।
तस्मै स्वैकान्तभक्ताय नित्यं स्वाज्ञानुवर्तिने ॥१४॥
त्वया कृष्णार्पणं दत्वा राजदुर्गं निजं परम् ।

જે જમીન ઉપર ઉકરડાના ઢગલા હતા ત્યાં આજ મનોહર દરબારગઢ અક્ષરધામના જેવો શોભી રહ્યો છે. ॥૯॥

હે પીડાહરનારા શ્રીહરિ ! અન્યને દુષ્પ્રાપ્ય આ સમૃદ્ધિ આદિક બધું તો આપના પ્રતાપથી થયું છે, કારણ કે આપના દાસને દુર્લભ શું હોઈ શકે ?" ॥૧૦॥

શ્રીઘેલા ધાધલે શ્રીહરિને આટલું વચન કહીને પછી તેમણે મહાન્ સ્તુતિ કરી. પછી શ્રીહરિએ તેમની આગળ સુંદર મધુર વાત કહી. ॥૧૧॥

હે સન્મતે ! મારી આજ્ઞાથી તમારે તમારા ભાણેજ દરબારશ્રી દાદાખાચરની સાથે કાયમ રહેવું. ॥૧૨॥

તમારે માટે સારા ઘર સત્વરે કરાવશું. આમ કહીને શ્રીહરિએ શ્રીઘેલા ધાધલનો હાથ પોતાના હાથમાં પકડ્યો અને બહાર વધારાની જે ઊંડા ખાડાવાળી જમીન હતી ત્યાં આવ્યા. ॥૧૩॥

પછી શ્રીહરિએ પોતાની આજ્ઞાનું નિરંતર પાલન કરનારા એકાંતિક ભક્ત શ્રીઘેલાધાધલને ઘર બનાવવાની જમીનનો લેખ કરાવીને આપ્યો. ॥૧૪॥

હે રાજર્ષે ! તમે તમારા ભાગનો દરબારગઢ શ્રીગોપીનાથજી મહારાજને

कारितो यत्र राजर्षे ! राजदुर्गो मनोहरः ॥१५॥
तत्राऽज्ञया हरे राजन्नुत्तमस्त्वत्पिता सुधीः ।
प्राग्द्वारे कारयाञ्चक्रे वेश्मनी द्वे सुशिल्पिभिः ॥१६॥
गेहे पश्चिमदिग्द्वारे सद्वचोऽकारयन्मुदा ।
मध्ये तेषां चतुष्कस्य वर्तते निम्बभूरुहः ॥१७॥
ततस्तस्य महीजस्य घनच्छायस्य भूपते ! ।
सोऽचीकरत्तले रम्ये वेदिकामुच्चकैर्वराम् ॥१८॥
मातुलस्तेऽथ तातस्य पुराद्बुट्टादसंज्ञितात् ।
आगारोपस्करानायादत्राऽऽरोप्य पुरेऽनसि ॥१९॥
अत्राऽऽयान्तं ततः श्रुत्वा प्रत्युद्यातुं स तं हरिः ।
सज्जां माणिक्यवर्णाश्वामारुक्षत्स्वानुगाहृताम् ॥२०॥
सुरवारं दधद् गौरं तस्योपर्यम्बरं सितम् ।
श्यामप्रान्तं सितं धौत्रं मूर्ध्नि रक्तान्तपल्लवम् ॥२१॥

કૃષ્ણાર્પણ કર્યો અને પોતાને રહેવા માટે જ્યાં બીજો મનોહર દરબારગઢ કરાવ્યો. ॥૧૫॥

હે રાજન્ ! સદ્બુદ્ધિવાળા તમારા પિતા શ્રીદાદાખાચરે ત્યાં શ્રીહરિની આજ્ઞાથી સારા શિલ્પીઓ પાસે ઉગમણા દ્વારના બે ઘર કરાવ્યા હતા. ॥૧૬॥

અને સત્યવક્તા તેમણે બે ઘર આથમણા દ્વારના પ્રેમથી કરાવ્યા હતા. આ ચાર ઘરની વચ્ચેના ચોકમાં લીમડાનું એક ઝાડ છે. ॥૧૭॥

હે ભૂપતે ! પછી ઘાટી છાયાવાળા તે લીમડાના વૃક્ષની નીચે સુંદર તળિયે ઊંચો ઓટો કરાવ્યો હતો. ॥૧૮॥

પછી તે ઘેલા ધાધલ બોટાદની બધી ઘરવખરી બળદ ગાડીમાં ભરીને બોટાદથી અહીં ગઢપુર લઈ આવ્યા. ॥૧૯॥

શ્રીઘેલા ધાધલ બોટાદથી ઘરવખરી સાથે ગઢપુર આવે છે આવા સમાચાર સાંભળીને શ્રીહરિ સેવકે તૈયાર કરી રાખેલ માણેકવર્ણી માણકી ઘોડી ઉપર સવાર થયા. ॥૨૦॥

શ્રીહરિએ શ્વેત સુરવાળ પહેર્યો હતો અને તેના ઉપર કાળા છેડાનું સફેદ

शुभ्रं श्रेष्ठं महामूल्यं सम्बिभ्राणोऽङ्गरक्षकम् ।
कट्याऽऽबद्धाऽसितप्रान्तस्वर्णसूत्रवराम्बरः ॥२२॥
मन्दारकुसुमोत्तंसौ बिभ्रच्चारु शिरःपटे ।
सहस्रच्छदसत्पीतगुल्ममाल्यस्रजं तथा ॥२३॥
बिभ्रदित्यद्भुतां शोभां सादिपार्षदवेष्टितः ।
वाहारूढेन पित्रा ते सद्भिस्ते सोऽन्वितोऽभ्यगात् ॥२४॥
अथाऽऽलोक्य हरिं दूरान्मातुलस्त्वत्पितुर्मुदा ।
स प्राणमत्पतित्वोर्व्यां प्रेमबाष्पाऽऽकुलेक्षणः ॥२५॥
स्वोदारप्रणयं नम्रं स तं जानन् सदाशयम् ।
तूर्णमुत्तीर्य वाजिन्या दोर्भ्यां गाढं तमस्वजत् ॥२६॥
स्वीयप्रासादिकं पौष्पं पीतं हारं हरिस्ततः ।
अर्पयामास तत्कण्ठे नितान्तप्रीतमानसः ॥२७॥

વસ્ત્ર પહેર્યું હતું. લાલ પાલવવાળી ધોળી ધોતલી મસ્તકે બાંધી હતી. ॥૨૧॥

સર્વોત્તમ મોંઘા મૂલું શ્વેત અંગરખું પહેર્યું હતું. કાળા છેડાના સોનેરી તારવાળુ શ્વેત વસ્ત્રથી કમરે ભેટવાળી હતી. ॥૨૨॥

પારિજાતકના ફૂલના તોરા પાઘમાં લટકતા હતા. હજારીગલના ફૂલના ગુચ્છ અને હાર પહેર્યા હતા. ॥૨૩॥

આવી અદ્ભુત શોભાને ધારણ કરી રહેલા શ્રીહરિ ઘોડેસવારો અને પાર્ષદોની વચ્ચે વીંટળાયેલા હતા. આ રીતે ઘોડેસવાર થયેલા શ્રીદાદાખાચર અને સંતોની સાથે શ્રીહરિ બોટાદને રસ્તે આગળ ચાલ્યા. ॥૨૪॥

શ્રી ઘેલા ધાધલે દૂરથી જોયું, ''શ્રીહરિ વગેરે આવી રહ્યા છે'' એટલે તુરંત જમીન ઉપર દંડવત પ્રણામ કરવા લાગ્યા. પ્રેમના આંસુઓથી આંખો ઉભરાઈ ગઈ. ॥૨૫॥

શ્રીહરિ જાણતા હતા કે ઘેલા ધાધલને પોતાના ઉપર ઘણો જ પ્રેમ છે, તે સ્વભાવે નમ્ર છે અને તેનું હૃદય શુદ્ધ છે, આથી તેઓ જલદી માણકી ઘોડી ઉપરથી નીચે ઊતર્યા અને તેમને બાથમાં ગાઢ ભીડીને ભેટ્યા. ॥૨૬॥

પછી અત્યંત પ્રસન્ન મન વાળા શ્રીહરિએ પોતાની પ્રસાદીનો ગલગોટાનો

स तन्मूर्द्धन्यथ स्वीयं न्यधाद्धस्ताम्बुजं हरिः ।
अथाऽऽरुक्षन्निजां रम्यां वाजिनीं सत्वरक्रियः ॥२८॥
ततः पद्गाश्ववारैस्तैस्त्वत्पित्रा चान्वितो हरिः ।
त्वत्तातमातुलोपेतो युक्तः सद्भिस्तथाऽखिलैः ॥२९॥
त्वत्तातमातुलस्याऽऽयाच्चारु वेश्मानि भूपते ! ।
त्वत्पित्रादीनथ प्रीत्या वाक्यमित्यब्रवीद्धरिः ॥३०॥
एषोत्तमक्ष्मेशस्य राजदुर्गोपमा क्ष्मा ।
भूयो भूयो हि मद्योगाद्भद्रा पापक्षयेक्षणा ॥३१॥
अस्य ग्लहाभिधानस्य विश्वासो ह्यस्ति मे महान् ।
शूरस्यैकान्तभक्तस्य मन्निदेशानुवर्तिनः ॥३२॥
स्वस्मै मुन्यादियुक्ताय श्रीहरिर्जयया ततः ।
कारितानि विचित्राणि तत्र भोज्यान्युपानयत् ॥३३॥
वर्णिनश्चाथ भूदेवास्तत्राऽऽनिन्युर्मुदा द्रुतम् ।

હાર તેમના કંઠમાં પહેરાવ્યો. ॥૨૭॥

અને તેના માથા ઉપર પોતાનો હસ્તકમળ મૂક્યો. પછી ઝડપી ક્રિયાવાળા શ્રીહરિ તુરંત પોતાની રમણીય માણકી ઘોડી ઉપર સવાર થયા. ॥૨૮॥

પાર્ષદો, ઘોડે સવારો, શ્રીદાદાખાચર અને સહુ સંતો તથા શ્રીઘેલા ધાધલ બધાની સાથે ચાલીને શ્રીહરિ ગઢપુર ગામમાં આવ્યા. ॥૨૯॥

શ્રીઘેલા ધાધલના રહેવા માટેના જે સુંદર ઘર હતા ત્યાં સહુ આવ્યા. પછી શ્રીહરિએ શ્રીદાદાખાચર વગેરે સહુની આગળ પ્રેમથી વાત કરી. ॥૩૦॥

''આ ભૂમિ દરબાર શ્રીદાદાખાચરના દરબારગઢના જેવી સર્વોત્તમ છે, મારા વારંવાર યોગને લીધે આ ભૂમિ મંગળરૂપ છે અને દર્શન કરવા માત્રથી પાપોનો વિનાશ કરનારી છે.'' ॥૩૧॥

શ્રીઘેલા ધાધલ એકાંતિક ભક્ત છે, મારી આજ્ઞાનું પાલન કરનારા છે, અને શૂરવીર છે. માટે મને એનો ઘણો જ વિશ્વાસ છે. ॥૩૨॥

પછી સંતો વગેરેને માટે અને પોતાને માટે શ્રીહરિએ જીવુબા પાસે અનેક પ્રકારના ભોજનોની રસોઈ કરાવી હતી. તે ત્યાં મગાવી. ॥૩૩॥

शष्कुलीपिण्डकादीनि नानाखाद्यानि सादरम् ॥३४॥
शष्कुलीपर्पिकाफेणीपिण्डकाद्यं ततो हरिः ।
प्राश्नान्नानाविधं भोज्यं पिबन्नीरं मुहुर्मुहुः ॥३५॥
पूर्वपश्चिमदिग्द्वारगर्भागारेष्वकारयत् ।
बहिःशालाचतुष्केषु मुन्यादीनां स पङ्क्तिकाः ॥३६॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि सादरम् ।
शष्कुलीपर्पिकादीनि तर्पयामास तान् भृशम् ॥३७॥
भवत्तातं ततो राजन् मातुलं ते पितुस्तथा ।
परिवेष्य स्वयं तानि स सद्भोज्यान्यतर्पयत् ॥३८॥
चतुष्केऽथोपविष्टोऽग्रे स्नात्वैकं शुभ्रमम्बरम् ।
श्रीहरिः पर्यधाच्चान्यद् गौरं वस्ते स्म सोंऽशुकम् ॥३९॥
बबन्धाऽथोत्तमं श्वेतं मूर्ध्नि रम्ये शिरः पटम् ।
तत्पल्लवाातिसंराजत्किरीटाकारशेखरम् ॥४०॥

જલેબી અને પેંડા વગેરે અનેક પ્રકારના ભોજનોને બ્રહ્મચારી અને બ્રાહ્મણો પ્રેમથી સત્વરે આદરપૂર્વક ત્યાં લાવ્યા. ॥૩૪॥

પછી શ્રીહરિ જલેબી, બરફી, સૂતરફેણી અને પેંડા આદિ અનેક પ્રકારના ભોજન જમ્યા. જમતા જમતા વચ્ચે વારંવાર જળપાન કરતા હતા. ॥૩૫॥

શ્રીહરિએ ઉગમણા બારના અને આથમણા બારના ઓરડાઓમાં, તેની ઓસરીમાં અને ચોકમાં સંતો વગેરેની પંગત કરાવી. ॥૩૬॥

પછી શ્રીહરિએ આદર અને પ્રેમથી જલેબી તથા બરફી આદિ જાતજાતના ભોજન ખૂબ જ પીરસ્યા અને સંતો વગેરે સહુને તૃપ્ત કર્યા. ॥૩૭॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર અને તેમના મામા શ્રીઘેલા ધાધલને બધી રસોઈ સ્વયં પીરસી જમાડીને તૃપ્ત કર્યા. ॥૩૮॥

પછી શ્રીહરિ ત્યાં ચોકમાં આગળના ભાગમાં બેઠા. સ્નાન કર્યું, એક શ્વેતવસ્ત્ર પહેર્યું અને બીજું ઓઢ્યું. ॥૩૯॥

સુંદર મસ્તક ઉપર રમણીય શ્વેત પાઘ બાંધી. મુકુટાકારે બાંધેલી પાઘમાં તેના પાલવના છેડાના છોગાને તોરાના રૂપમાં દીપાવ્યા. ॥૪૦॥

नीम्बवृक्षात्ततस्तस्मादधोवेद्यामुपाविशत् ।
तूलिकाद्यन्विते मञ्चे श्रीहरिः स ह्युदङ्मुखः ॥४१॥
आहूयाऽथ हरिः प्रीतः पितुस्ते मातुलं ग्लहम् ।
स्वप्रासादिकवासांसि तस्मै प्रादात् सुमेधसे ॥४२॥
तस्याऽऽहूयाथ सत्पुत्रं राजन् मानशयाभिधम् ।
मूर्ध्नि तस्य निजं पाणिं भक्तदत्ताऽभयं न्यधात् ॥४३॥
ततोऽपश्यत् प्रसन्नस्तं हरिर्भक्तं ग्लहाभिधम् ।
दयापीयूषवर्षिण्या निर्वृतिप्रदया दृशा ॥४४॥
ततः सभ्या व्यपश्यंस्ते हरेर्योगेन पावनम् ।
निम्बवृक्षं घनच्छायं कल्पवृक्षमिवाऽपरम् ॥४५॥
महातेजोविराजन्तीं तां वेदीं ब्रह्मधामवत् ।
हरिप्रेक्षाप्रसक्तास्ते महाश्चर्या व्यलोकयन् ॥४६॥

પછી લીમડા નીચેના ઓટા ઉપર ગાદી તકિયાથી બિછાવેલો પલંગ તૈયાર કર્યો હતો. તેના ઉપર શ્રીહરિ ઉત્તર મુખે વિરાજમાન થયા. ॥૪૧॥

પ્રસન્ન મનના તથા કુશળ બુદ્ધિવાળા શ્રીઘેલા ધાધલને બોલાવ્યા અને તેમને પોતાના પ્રસાદીના વસ્ત્ર આપ્યા. ॥૪૨॥

હે રાજન્ ! પછી તેમના સુપુત્ર શ્રીમાણસિયા ધાધલને પોતાની પાસે બોલાવ્યા. અને ભક્તોને નિર્ભય કરનારો પોતાનો હાથ તેના મસ્તક ઉપર મૂક્યો. ॥૪૩॥

પછી પ્રસન્ન થયેલા શ્રીહરિએ ભક્તવર્ય શ્રીઘેલા ધાધલ ઉપર કૃપારૂપી અમૃતને વરસાવતી અને સંતોષ તથા શાંતિને આપનારી પોતાની દૃષ્ટિ કરી. ॥૪૪॥

પછી સભામાં બેઠેલા સહુ સંતો અને હરિભક્તો શ્રીહરિના યોગથી પવિત્ર થયેલા, ઘાટી છાયાવાળા, માનો બીજો કલ્પવૃક્ષ હોયને શું ? એવા લીમડાના ઝાડ સામે જોઈ રહ્યા. ॥૪૫॥

તે સમયે શ્રીહરિના દર્શન કરવાની જ ટેવ વાળા સહુએ તે લીમડા નીચેની વેદિકા (ઓટલા) ને મહાન્ તેજને મધ્યે અક્ષરધામના જેવી હોય તેમ દેખી અને અત્યન્ત આશ્ચર્ય પામ્યા. ॥૪૬॥

तत्र सिंहासनं हैमं नद्धसन्मणिभास्वरम् ।
निषण्णं ते पुरस्तार्क्ष्यं व्यपश्यन् दिव्यरूपिणम् ॥४७॥
नद्धनानामणिस्वर्णकिरीटं विस्फुरत्प्रभम् ।
बिभ्रतं सन्मणिस्वर्णभूषाश्चातिवराम्बरम् ॥४८॥
तेऽथ तन्मस्तके हैमं नद्धनानामणिप्रभम् ।
सिंहासनं व्यपश्यंस्ते चित्रसद्रचनाञ्चितम् ॥४९॥
तत्कांगुरेषु तेऽपश्यन् द्वात्रिंशत्सम्मितान् वरान् ।
मुक्तामालाधरान् हंसान् दिव्यरूपान् मनोहरान् ॥५०॥
तत्र तेऽथोत्तमस्वर्णसूत्राक्तैस्तूलिकादिभिः ।
युक्ते सिंहासनेऽपश्यन्निषण्णं श्रीहरिं परम् ॥५१॥
कोटिकोट्यर्कसङ्काशप्रकाशं दिव्यविग्रहम् ।
गतध्वान्ता निरालोकाः कुर्वाणं सर्वशो दिशः ॥५२॥
अनन्योपमयोदारदिव्यैकाङ्गशोभया ।

તે તેજોમય વેદિકા ઉપર જડેલા કીમતી મણિઓથી ઝળહળતું સોનાનું સિંહાસન દેખ્યું અને તેની આગળ દિવ્ય રૂપે બેઠેલા ગરુડજીને પણ જોયા. ॥૪૭॥

ગરુડજીએ પોતાના મસ્તક ઉપર ચમકતી કાંતિવાળો, અનેક મણિ જડેલો સોનાનો મુકુટ પહેર્યો હતો, રત્ન જડિત સોનાના ઘરેણાં અને સર્વોત્તમ વસ્ત્ર ધારણ કર્યા હતાં. ॥૪૮॥

પછી તેમણે ગરુડજીના મસ્તક ઉપર, જડેલા અનેક મણિઓની ચળકાટી વાળું સોનાનું સિંહાસન જાત જાતની રચના ગોઠવણી વાળું હતું તે દેખ્યું. ॥૪૯॥

તે સિંહાસનના કાંગરા ઉપર બત્રીશ જેટલા ઉત્તમ હંસોને જોયા કે જેમણે મોતીની માળા ધારણ કરી હતી અને દિવ્ય રૂપાળા મનોહર હતા. ॥૫૦॥

પછી તેમણે સોનેરી તારવાળા, સર્વોત્તમ ગાદી તકિયા બિછાવેલા તે સિંહાસનમાં વિરાજમાન પરસ્વરૂપ શ્રીહરિના દર્શન કર્યા. ॥૫૧॥

શ્રીહરિની મૂર્તિ દિવ્ય હતી. કરોડો સૂર્યના જેવો તેમાં પ્રકાશ હતો. શ્રીહરિ બધી અંધારી દિશાઓના અંધારાને નષ્ટ કરીને તેને ઉજાળી રહ્યા હતા. ॥૫૨॥

જેને કોઈ અન્ય ઉપમા આપી ન શકાય આવી એકેક અંગની ઉદાર દિવ્ય

सर्वलोकेशलावण्यं तर्जयन्तं मनोहरम् ॥५३॥
चारु स्मेरश्रिया चन्द्रं लज्जयन्तं कलङ्किनम् ।
दयापीयूषवर्षद्भ्यां नेत्राभ्यां चाम्बुजश्रियम् ॥५४॥
रू पसौन्दर्यमाधुर्यगाम्भीर्यादिमहोदधिम् ।
पापतापापहृत्प्रेक्षं कोटिकामस्मयच्छिदम् ॥५५॥
दृशा भक्तान् प्रपश्यन्तं कारु ण्याऽमृतपूर्णया ।
दिव्यभूषाम्बरोपेतं शान्ताकारेक्षणोचितम् ॥५६॥
तस्याऽग्रे ते ततोऽपश्यन् पार्षदान् द्विभुजान्वितान् ।
पश्यतस्तं चतुर्हस्तानष्टपाणींश्च भूरिशः ॥५७॥
नद्धनानामणिं स्वार्णं रथं तेऽथ व्यलोकयन् ।
भूरिभिः शिखरैर्युक्तं प्राज्यचक्रसमन्वितम् ॥५८॥
नद्धनानामणिश्रीमत्स्वर्णस्तम्भध्वजान्वितम् ।

શોભાથી સર્વ લોકાધિપતિઓના લાવણ્યને અવગણતા હતા અને મનોહર હતા. ॥૫૩॥

સુંદર મધુર હાસ્યની શોભાથી કલંકવાળા ચંદ્રમાને પણ લજ્જિત કરતા હતા. કૃપારૂપી અમૃતને વરસાવનારા નેત્રોથી કમળની શોભાને પણ તુચ્છકારતા હતા. ॥૫૪॥

સ્વરૂપમાં સુંદરતા, મધુરતા અને ગંભીરતા આદિ ગુણોના તો સ્વયં મહાસાગર જેવા હતા. જેમના દર્શન અનેક પ્રકારના પાપ અને ત્રિવિધ તાપનો નાશ કરતા હતા. કરોડો કામદેવના સૌંદર્ય ગર્વને ઉતારી દેતા હતા. ॥૫૫॥

કરુણામૃત પૂર્ણ દૃષ્ટિથી ભક્તોની સામે જોઇ રહ્યા હતા. દિવ્ય વસ્ત્ર અને ઘરેણાં પહેર્યા હતા. શાંત સ્વરૂપ દર્શન કરવા યોગ્ય હતું. ॥૫૬॥

તે પછી શ્રીહરિની મૂર્તિની આગળ રહેલા પાર્ષદોને જોયા. તેમાં કેટલાક બે ભુજાવાળા હતા. કેટલાક ચતુર્ભુજ હતા અને ઘણા આઠ ભુજાઓ વાળા હતા. ॥૫૭॥

પછી તેઓએ અનેક દિવ્ય મણિ જડેલો સોનાનો રથ જોયો. તેને શિખર ઘણા હતા અને ચક્ર (પૈડાં) પણ ઘણા હતા. ॥૫૮॥

રથમાં અનેક મણિ જડેલ સોનાના સ્તંભ અને ધજાઓ હતી. સાત ઘોડા

उह्यमानं हि सप्ताश्वैर्नोद्यमानमसक्थिना ॥५९॥
तद्रथाऽग्रेऽथ तेऽपश्यन् षष्टिसाहस्त्रसंमितान् ।
वालखिल्यानृषीन् दिव्यान् कुर्वतो भास्वतः स्तुतिम् ॥६०॥
हिरण्यं पुरु षं साक्षात्ते प्रैक्षन्त च तद्रथे ।
निषण्णं नद्धसद्रत्नं स्वर्णापीडं च बिभ्रतम् ॥६१॥
शङ्खचक्रगदाब्जानि सम्बिभ्राणं चतुर्भुजैः ।
पद्ममालां तथा रम्यां दिव्यवासोविभूषणम् ॥६२॥
ते ततोऽभिमुखं तस्य चतुर्बाहूनवस्थितान् ।
प्रैक्षन्त द्वादशाऽऽदित्यान् दिव्यभूषाम्बरप्रभान् ॥६३॥
किरीटान् बिभ्रतः स्वार्णान्नद्धनानामणिप्रभान् ।
शङ्खचक्रगदाब्जानि चतुर्दोर्भिश्च भास्वरान् ॥६४॥
हिरण्यपुरु षो दिव्यो युक्तोऽथाऽर्कैस्तथर्षिभिः ।

રથને ખેંચી રહ્યા હતા અને અરુણ રથને ચલાવી રહ્યા હતા. ॥૫૯॥

તે વખતે રથની આગળના ભાગમાં સાઠ હજાર વાલખિલ્યાદિક દિવ્ય ઋષિઓ સૂર્યની સ્તુતિ કરતા હતા તેમ સહુએ જોયું. ॥૬૦॥

તે સહુને સાક્ષાત્ હિરણ્મય પુરુષના દર્શન તે રથમાં બેઠા હોય તેવા થયા. તેમણે મસ્તક ઉપર રત્ન જડિત મુકુટ ધારણ કર્યો હતો. ॥૬૧॥

ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ, આ ચાર આયુધો ધારણ કર્યા હતા. રમણીય કમળનો હાર કંઠમાં પહેર્યો હતો. દિવ્ય વસ્ત્રો અને ઘરેણાં પણ પહેર્યા હતાં. ॥૬૨॥

પછી તે સહુને બાર આદિત્ય (સૂર્ય) ના દર્શન થયા. તે બધા હિરણ્મય પુરુષની સામે ઊભા હતા. અને ચતુર્ભુજ હતા. દિવ્ય વસ્ત્ર અને આભૂષણોથી દેદીપ્યમાન લાગતા હતા. ॥૬૩॥

જડેલા અનેક મણિઓની કાંતિથી ચમકતા મુકુટ મસ્તકે ધારણ કર્યા હતા. તે બારેય સૂર્ય ના પ્રત્યેકના ચાર ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારેલા હતા. તે બધા જ તેજસ્વી હતા. ॥૬૪॥

બાર આદિત્ય અને વાલખિલ્યાદિ ઋષિઓએ સહિત હિરણ્મય પુરુષે

दण्डवत् पादयोस्तस्य पतित्वा प्राणमद्धरिम् ॥६५॥
तस्याऽथाऽचर्च्चयन्मूर्तौ चारुश्रीखण्डचन्दनम् ।
पीताम्बरं च स प्रीत्या श्रीहरिं पर्यधापयत् ॥६६॥
उष्णीषं सोऽथ सौवर्णं नद्धसन्मणिभास्वरम् ।
तन्मूर्ध्न्यधारयन्नीलं कौशेयं तत्तनौ तथा ॥६७॥
सन्मणिस्वर्णसद्धारान् पद्ममालां च तद्गले ।
कर्पूरेणाऽऽर्प्य स प्रीत्या महानीराजनं व्यधात् ॥६८॥
अथ स्तुत्वा स तं स्तुत्यं वन्दमानः कृताञ्जलिः ।
पर्पिकासुखदामुख्यैर्भृतं पात्रं न्यधात्पुरः ॥६९॥
स तत्खाद्यं ततो भुक्त्वा व्यधाद्धस्ताऽऽस्य शोधनम् ।
सोऽम्भस्तं पाययाञ्चक्रे स्वर्णभृङ्गारिकाभृतम् ॥७०॥
हरिप्रासादिकं खाद्यं स भुक्त्वाऽथ मुदा हरिम् ।
आलिलिङ्ग मुहुर्दोर्भ्यां पापहृत्स्पर्शनं प्रभुम् ॥७१॥

શ્રીહરિના ચરણમાં નમીને દંડવત પ્રણામ કર્યા. ॥૬૫॥

શ્રીહરિના સ્વરૂપને સુંદર ચંદનની અર્ચા (આડ) કરી. અને પીતાંબર ધોતી પ્રેમથી પહેરાવી. ॥૬૬॥

સર્વોત્તમ અનેક મણિ જડેલી સોનેરી ચમકતી પાઘ મસ્તકે ધારણ કરાવી. અને નીલા રંગનું રેશમી વસ્ત્ર ઓઢાડ્યું. ॥૬૭॥

કંઠમાં મણિજડિત સોનાના અને કમળના હાર પહેરાવ્યા. અને પછી પ્રેમ સહિત કપૂરથી આરતી ઉતારી. ॥૬૮॥

સહુ કોઇએ સ્તુતિ કરવા યોગ્ય શ્રીહરિની સ્તુતિ કરી. બે હાથ જોડીને વંદન કર્યા. પછી બરફી અને સુખડી આદિ મીઠાઇથી ભરેલું પાત્ર શ્રીહરિ આગળ મૂક્યું. ॥૬૯॥

શ્રીહરિ તે મીઠાઇ થોડી જમ્યા. હાથમુખ ધોયા. હિરણ્મય પુરુષે સોનાની જળ ઝારીમાંથી શ્રીહરિને જળપાન કરાવ્યું. ॥૭૦॥

હિરણ્મય પુરુષ શ્રીહરિની પ્રસાદી પ્રેમથી જમ્યા. જેમના સ્પર્શથી પાપમાત્રનો નાશ થઇ જાય છે આવા શ્રીહરિને હિરણ્મય પુરુષ પ્રેમથી બાથમાં

ततस्ते द्वादशाऽऽदित्या वालखिल्यादयस्तथा ।
अर्घ्यैः षोडशभिर्दिव्यैस्तं पृथक्पृथगाऽर्हयन् ॥७२॥
तं प्रणम्याऽथ ते तस्य पादौ संस्पृश्य सादरम् ।
गम्भीरार्थान्वितैः पद्यैः श्रीहरेश्चक्रिरे स्तुतिम् ॥७३॥
आसीद्राजन्महान् भद्रो जयशब्दस्तदाऽम्बरे ।
देवदुन्दुभयो नेदुर्माल्यवृष्टिस्तथाऽभवत् ॥७४॥
उपविश्याऽथ स स्वीये वालखिल्यादियुग्रथे ।
सभ्यानां प्रेक्षमाणानां प्रतस्थे व्योमवर्त्मना ॥७५॥
स्वैश्वर्यमित्थमतुलं निजसंश्रितेभ्यः
सन्दर्श्य तान् स हि विधाय पुरुप्रमोदान् ।
सार्द्धं स्वपार्षदगणैश्चलचारु चारः स्वावासमग्र्यतरमक्षरसौधमायात् ॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-
माहात्म्ये श्रीहरिदर्शनार्थं हिरण्मयपुरु षाद्यागमनादिनिरू पणं नाम षोड-

---

લઇને વારંવાર ભેટ્યા. ॥૭૧॥

પછી બાર સૂર્ય અને વાલખિલ્યાદિ ઋષિઓએ દિવ્ય ષોડશોપચારથી શ્રીહરિની અલગ અલગ પૂજા કરી. ॥૭૨॥

પછી તે સહુએ શ્રીહરિના ચરણારવિંદનો સ્પર્શ કરીને પ્રણામ કર્યા. અને ગંભીર અર્થપૂર્ણ શ્લોક બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. ॥૭૩॥

હે રાજન્ ! તે અવસરે આકાશમાં મંગળમય જયજયકારનો મહાન શબ્દ થયો. દેવતાઓના દુંદુભિઓ વાગવા લાગ્યા અને પુષ્પવૃષ્ટિ થવા લાગી. ॥૭૪॥

પછી વાલખિલ્યાદિ ઋષિઓને સાથે લઇને હિરણ્મય પુરુષ પોતાના રથમાં બેઠા. સભામાં બેઠેલા સહુ દેખતા રહ્યા અને હિરણ્મય પુરુષ આકાશમાર્ગે ચાલ્યા ગયા. ॥૭૫॥

શ્રીહરિએ આ રીતે પોતાનું અનુપમ ઐશ્વર્ય નિજભક્તોને બતાવ્યું. અને તે સહુને ખૂબ જ રાજી કર્યા. પછી પોતાના પાર્ષદોને સાથે લઇને સુંદર ચંચળ ગતિથી ચાલતા શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનરૂપ સર્વોત્તમ અક્ષર ભવન (અક્ષર ઓરડીએ) પધાર્યા. ॥૭૬॥

शोत्तरशततमोऽध्यायः ॥११६॥

अथ सप्तदशोत्तर शततमोऽध्यायः

सप्तदशोत्तरे शततमे व्यापजिदादिभिः ।
दिक्पालेभ्योहरिर्ग्रासान् पूजितो भोजितोऽदिशत् ॥

श्रीचैतन्यानन्द उवाच -

एकदा व्यापजिद्भक्तो वसन् न्यग्रोधपत्तने ।
दिदृक्षुः श्रीहरिं चैतद्दुर्गपत्तनमागमत् ॥१॥
तत्रत्यः परमानन्दस्तथाऽत्राऽऽयात्पुरे मुदा ।
छुटालालादयाश्चान्ये भक्तास्त्वत्राऽऽगमन्पुरे ॥२॥
स्वभक्तानां ततस्तेषां सङ्घं स्वेक्षोरु निर्वृतिम् ।
आलयेषु स्वभक्तस्य ग्लहस्याऽवासयद्धरिः ॥३॥
तेऽथ भोजयितुं राजन् साश्रितं श्रीहरिं मुदा ।
प्रार्थयंस्तं ततस्तेषां प्रार्थनां स स्म मन्यते ॥४॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૬ સમાપ્ત

અધ્યાય-૧૧૭

વડોદરાના બાપુભાઈ વગેરેનો સંઘ અને લોક પાળોનું આગમન.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત વડોદરાના હરિભક્ત શેઠ શ્રીબાપુજીભાઈ શ્રીહરિના દર્શન કરવા ગઢપુર આવ્યા. ॥૧॥

તે રીતે ત્યાંના પરમાણંદ ભાઈ અને છોટાલાલ ભાઈ આદિ બીજા હરિભક્તો પણ પ્રેમથી આ ગઢપુરમાં શ્રીહરિના દર્શન કરવા આવ્યા. ॥૨॥

તે સહુએ દર્શન કર્યા, મનમાં ઘણો સંતોષ થયો. પછી તે ભક્તોના સંઘને શ્રીઘેલા ધાધલના ઘેર ઉતારો આપ્યો. ॥૩॥

હે રાજન્ ! તે વડોદરાના સહુ હરિભક્તોએ ''અમારે સંત હરિભક્તોએ સહિત શ્રીહરિને પ્રેમથી જમાડવા છે,'' આવી પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ તેની પ્રાર્થનાને સ્વીકારી. ॥૪॥

द्वितीयेऽथाऽह्नि तेऽशेषा हर्यर्थं पाकमुत्तमम् ।
तत्र चाऽचीकरंश्चित्रं मुन्याद्यथं पृथक् पृथक् ॥५॥
ततो माणिक्यवर्णाश्वामारुढः श्रीहरिर्युतः ।
स्निग्धपद्गमुनीन्द्राद्यैर्ग्लहागारं समागमत् ॥६॥
चतुष्कस्थात्ततो राजन् वेद्यां निम्बद्रुमादधः ।
स न्यषीदद्धरिर्धार्मिश्चक्रके रङ्कुचर्मणः ॥७॥
उदङ्मुखोऽथ सत्पीठे निषद्य श्रीहरिर्व्यधात् ।
दन्तधावनमेवाग्र्ये स्नातुमस्थादथाऽऽसने ॥८॥
न्यग्रोधाख्यपुरावासा भक्तास्ते श्रीहरिं ततः ।
संमर्द्याङ्गानि चोष्णेन वारिणाऽसिस्नपन्मुदा ॥९॥
तेऽथ पीताम्बरं रम्यं श्रीहरिं पर्यधापयन् ।
रक्तं कौशेयमेवान्यत् प्रावारं सारमार्पयन् ॥१०॥
पादुके ते ततो भक्ता रम्ये तस्याऽग्रतो न्यधुः ।

પછી બીજે દિવસ તે બધા હરિભક્તોએ જાત જાતના ભોજનો તૈયાર કરીને શ્રીહરિ માટે થાળ કરાવ્યો અને સંતોને માટે પણ અલગ સારી રસોઈ તૈયાર કરાવી. ॥૫॥

પછી શ્રીહરિ માણેક વર્ણી માણકી ઘોડીએ સવાર થયા, પોતાની મૂર્તિમાં સ્નેહવાળા પાર્ષદો અને સાધુ વગેરેને સાથે લીધા અને ઘેલા ધાધલને ઘેર પધાર્યા. ॥૬॥

હે રાજન્ ! ત્યાં ચોક વચ્ચેના લીમડા નીચેની વેદિકા ઉપર શ્વેત ટપકાવાળા મૃગચર્મનો ચાકળો મૂક્યો હતો, તેના ઉપર ધર્મપુત્ર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૭॥

પછી એક મનોહર બાજોઠ ઉપર ઉત્તર મુખે બેઠા અને દાંતણ કર્યું. પછી સ્નાન કરવા આસને બેઠા. ॥૮॥

પછી વડોદરાના હરિભક્તોએ શ્રીહરિનું અંગ ચોળીને આનંદપૂર્વક ગરમ પાણીથી શ્રીહરિને સ્નાન કરાવ્યું. ॥૯॥

તે ભક્તોએ શ્રીહરિને રેશમી પીતાંબર ધોતિયું પહેરાવ્યું. અને એક બીજું લાલ રંગનું સારું રેશમી વસ્ત્ર ઓઢવા આપ્યું. ॥૧૦॥

परिधायाऽथ ते तस्यां बहिर्वेद्यां स चाऽव्रजत् ॥११॥
उदङ्मुखस्ततस्तस्यामासने स्वोचिते हरिः ।
न्यषीदत्प्रेक्षितो भक्तैर्निर्निमेषैर्विलोचनैः ॥१२॥
छुटालालस्ततः पीठं चतुष्कं चारु चित्रकम् ।
तदर्थं रम्यमानीतं न्यधात्तस्याग्रतो हरेः ॥१३॥
ततः शुद्धाम्बुसम्पूर्णं राजतं कलशं वरम् ।
रू प्योपपात्रसंयुक्तं तस्मै प्रीत्या स चाऽर्पयत् ॥१४॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्तस्मिन् पीठे न्यधात्ततः ।
नानाभोज्याऽऽभृतं पात्रं विस्तीर्णं चारु काञ्चनम् ॥१५॥
अथ प्राश्नाद्वरं राजन् ! बिरञ्जं कैसरं हरिः ।
शालिपिष्टं च कंसारं तथा भूरिघृताप्लुतम् ॥१६॥
गुंद्रपाकं हरिः प्रादत् पायसं पूरिकास्तथा ।
संस्कृतं प्रावलं शाकं वृन्ताकानां तथोत्तमम् ॥१७॥

પછી તે હરિભક્તોએ શ્રીહરિની આગળ સુંદર ચાખડીઓ મૂકી. તે પહેરીને શ્રીહરિ ઓસરીમાં આવ્યા. ॥૧૧॥

ત્યાં યોગ્ય આસન ઉપર ઉત્તર મુખે વિરાજમાન થયા. ભક્તો મટકું માર્યા વિના એકીટશે દર્શન કરી રહ્યા હતા. ॥૧૨॥

શ્રીછોટાલાલભાઈ શ્રીહરિ માટે સારો ચિત્રવાળો રમણીય ચોરસ બાજોઠ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ મૂક્યો. ॥૧૩॥

પછી શુદ્ધ જળ ભરેલો સારો ચાંદીનો કળશ અને તેના ઉપર જળપાન કરવાનો ચાંદીનો કટોરો શ્રીહરિને પ્રેમથી અર્પણ કર્યો. ॥૧૪॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણિરાજે અનેક ભોજ્ય પદાર્થોથી ભરેલો સુંદર મોટો સોનાનો થાળ લાવીને તે બાજોઠ ઉપર મૂક્યો. ॥૧૫॥

હે રાજન્ ! પછી શ્રીહરિ થાળ જમવા લાગ્યા. તેમાં સુંદર કેસરિયો બિરંજ, હરીસો અને પુષ્કળ ઘી નાખેલો કંસાર જમ્યા. ॥૧૬॥

અને ગુંદરપાક, દૂધપાક, પૂરી, સુંદર વઘારેલા પરવળ અને રીંગણાનું શાક શ્રીહરિ જમ્યા. ॥૧૭॥

शिम्बीशाकं ससंस्कारं राजिकाराद्धकं तथा ।
दौग्धिकं चैव कौष्माण्डं सोऽभुक्ताऽपः पिबन्मुहुः ॥१८॥
वृन्ताकभज्यकान्यादद् दध्याक्तान् वटकांस्तथा ।
चिञ्चारसाप्लुतांश्चैतान् वेषवाराऽन्वितान् हरिः ॥१९॥
सत्पर्पटाऽऽरनालानि नानाभोज्यानि च प्रभुः ।
भुक्त्वौदनं हरिः प्राश्नात्ससूपं च पयोऽन्वितम् ॥२०॥
भोज्यानि श्लाघयंस्तानि निजप्रासादिकानि सः ।
त्वत्तातायाऽदिशत्तस्य मातुलायाऽऽदरात्तथा ॥२१॥
एकं ग्रासमथ प्राच्यां कस्मैचित्पुरु षाय सः ।
जनैः प्रादादलक्ष्याय दिश्युदीच्यां तथैव तम् ॥२२॥
दिश्यवाच्यां हरिर्ग्रासं वारु ण्यां दिश्यथेश्वरः ।
एकैकं पुरु षायाऽदाज्जनाऽदृश्याय भूपते ! ॥२३॥
अर्द्धमर्द्धं ततो ग्रासं निजप्रासादिकं हरिः ।

રાઈ આદિથી વઘારેલી વાલોળનું શાક, દૂધીનું અને કોળાનું શાક પણ જમ્યા. વચ્ચે વારંવાર પાણી પીતા હતા. ॥૧૮॥

રીંગણાના ભજિયા, દહીંવડા, આંબલીના રસમાં સારા મસાલા નાખીને ચટણી સાથે તૈયાર કર્યા હતા, તેને પણ શ્રીહરિ જમ્યા. ॥૧૯॥

સારા પાપડ, અનેક પ્રકારના અથાણાં અને ઘણીજાતના બીજા ભોજન જમીને શ્રીહરિ દાળ સાથે ભાત જમ્યા. અને દૂધ સાથે પણ જમ્યા. ॥૨૦॥

જમતા જમતા શ્રીહરિએ તે ભોજનના વખાણ કર્યા અને થાળની પ્રસાદી તમારા પિતા શ્રીદાદાખાચરને અને તેમના મામા શ્રીઘેલા ધાધલને આપી. ॥૨૧॥

પછી શ્રીહરિએ પ્રસાદીના ભોજનનો એક કોળિયો પૂર્વદિશામાં લોકોથી અદૃશ્ય રહેલા પુરુષને આપ્યો અને બીજો એક કોળિયો ઉત્તર દિશામાં કોઈ અદૃશ્ય પુરુષને આપ્યો. ॥૨૨॥

હે ભૂપતે ! એક ગ્રાસ દક્ષિણ દિશામાં અને બીજો એક ગ્રાસ પશ્ચિમ દિશામાં કોઈ અદૃશ્ય રહેલા પુરુષને શ્રીહરિએ આપ્યો. ॥૨૩॥

જેમ પોતાના ભક્તોને શ્રીહરિ થાળની પ્રસાદી આપતા હોય છે તેમ બધી

केभ्यश्चिद्दिक्षु स प्रादाद्भक्तेभ्योऽत्र यथा मुदा ॥२४॥
ओदनं स ततो दध्ना सार्द्धं भुक्त्वा सितायुजा ।
हस्ताऽऽस्यशोधनं चक्रे वर्णिदत्तेन वारिणा ॥२५॥
न्यग्रोधपत्तनावासी व्यापजिद्भक्तराट् ततः ।
जगोदेत्थं शुभं वाक्यं ब्रह्मानन्दं महामुनिम् ॥२६॥
कार्यं श्रीहरिणा त्वेतत्कस्मादाश्चर्यकृत्कृतम् ।
त्वं पृच्छैतद्धरिं वाक्यं स प्राहाथेति तं प्रभुम् ॥२७॥
दिक्षु केभ्यस्त्वया स्वामिन् ! निजप्रासादिकाः शुभाः ।
ग्रासा दत्ता यथा स्वेभ्यो भक्तेभ्यः स्वाश्रितार्त्तिहन्! ॥२८॥
स प्राहाथेति तं वाक्यं मद्वाग्विश्रम्भसंयुजे ।
वच्मि गोप्यमपि प्रीत्या तुभ्यं मत्सक्तचेतसे ॥२९॥
मद्भोज्यभुक्तिवेलायां प्राच्यां मे दिशि सन्मुखम् ।
आगत्य तिष्ठति स्मेन्द्रो दिक्पालो मद्दिदृक्षया ॥३०॥

દિશાઓમાં અદૃશ્ય પણે રહેલા તે પુરુષોને શ્રીહરિ અર્ધો અર્ધો ગ્રાસ (કાળિયો) પ્રસાદીનું અન્ન હર્ષથી આપવા લાગ્યા. ॥૨૪॥

પછી શ્રીહરિ સાકર નાખેલા દહીંની સાથે ભાત જમ્યા. અને વર્ણીએ પાણી આપ્યું. એટલે શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. ॥૨૫॥

પછી વડોદરાના ભક્તરાજ શ્રીબાપુભાઈ શેઠે મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામીને આ રીતે શુભવચન કહ્યું, ॥૨૬॥

"શ્રીહરિએ આશ્ચર્ય થાય એવું આ કાર્ય શું કર્યું ? " આપ શ્રીહરિને પૂછો. પછી શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પ્રભુ શ્રીહરિને પૂછ્યું. ॥૨૭॥

ભક્તોની પીડાને હરનારા હે સ્વામિન્ ! પ્રસાદીરૂપ અન્નના ગ્રાસ ભક્તોને આપો છો તેમ આપે ચોતરફ દિશાઓમાં, આ ગ્રાસ કોને આપ્યા ? ॥૨૮॥

ત્યારે શ્રીહરિએ શ્રીબ્રહ્મમુનિને કહ્યું, તમે પ્રેમથી મારા સ્વરૂપમાં મન જોડ્યું છે અને તમને મારા વચનમાં વિશ્વાસ છે, તેથી મારી ગુપ્ત બીના પણ તમને કહું છું. ॥૨૯॥

હું થાળ જમવા બેઠો ત્યારે મારા દર્શન કરવાની ઈચ્છાથી પૂર્વ દિશાના

दक्षिणस्यां तथाऽऽशायां दिक्पालो यमसंज्ञितः ।
प्रतीच्यामेत्य चातिष्ठद् दिक्पालो वरुणाभिधः ॥३१॥
उत्तरस्यां तथाऽऽशायां दिक्पालोऽभ्येत्य सन्मते ! ।
कुबेरोऽतिष्ठदुत्कण्ठायुक्तः कर्तुं मदीक्षणम् ॥३२॥
ततो मत्प्रेक्षया प्राप्ता महानन्दं च विस्मयम् ।
तत्राऽऽगत्य ततः सर्वे महानन्दा दिगीश्वराः ॥३३॥
वासवाद्यास्तु मां नत्वा तेऽस्तुवन् प्रश्रयानताः ।
मत्प्रासादिकभोज्यं ते मामयाचन्त सादरम् ॥३४॥
तस्मात्तेभ्यो मया दत्तं मत्प्रासादिकमुत्तमम् ।
ग्रासद्वारा शुभं भोज्यं वेद्यमेवं त्वया मुने ! ॥३५॥
ततः सोऽवादयत्तालीश्चतुःकृत्वो हरिर्मुदा ।
तेनाऽऽसीत्सा सभा सर्वा निश्चलाऽऽश्चर्यसंयुता ॥३६॥
तान् हरिं स्तुवतो नम्रान् समाधिं प्रेक्ष्य चेतरान् ।

દિક્પાળ ઈંદ્ર પૂર્વમાં આવીને સન્મુખ ઊભા રહ્યા હતા. ॥૩૦॥

તે રીતે દક્ષિણ દિશાના દિક્પાળ યમરાજા, દક્ષિણ તરફ ઊભા રહ્યા, પશ્ચિમ દિશાના દિક્પાળ વરુણ પશ્ચિમ દિશામાં આવીને ઊભા રહ્યા. અને ઉત્તર દિશાના ઉત્સાહી દિક્પાળ કુબેરજી ઉત્તર તરફ આવીને મારા દર્શન કરવા ઊભા રહ્યા હતાં. ॥૩૧-૩૨॥

તે બધાને મારા દર્શનથી ઘણો આનંદ થયો અને આશ્ચર્ય થયું. પછી અતિ આનંદિત થયેલા તે દિગ્પાળો અહીં મારી નજીક આવ્યા. ॥૩૩॥

આ ઈન્દ્રાદિ દિક્પાળોએ વિનયથી અને નમ્રતાથી મારી સ્તુતિ કરી. પછી આદરભાવથી મારા થાળની પ્રસાદી માગી. ॥૩૪॥

હે મુને ! તેથી મેં તેમને મારું શ્રેષ્ઠ પ્રસાદી રૂપ શુભ અન્ન એક એક ગ્રાસ (કોળિયો) આપ્યું છે. તે આ વાત સત્ય છે એમ તમે માનો. ॥૩૫॥

પછી શ્રીહરિએ ચાર વાર પ્રેમથી તાળી પાડી. તેથી આખી સભા આશ્ચર્ય સહિત નિશ્ચળ-સ્થિર થઈ ગઈ. સભામાં બેઠેલા કેટલાએ લોકોને સમાધિ થઈ ગઈ, પછી સભામાં રહેલા ભક્તો અને બીજાઓએ દિક્પાળોને શ્રીહરિની નમ્રભાવે સ્તુતિ

जनान् प्राप्तान् भृशं सभ्याश्चित्रं चान्ये ययुर्जनाः ॥३७॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि भूपते ! ।
वर्णिसत्पार्षदादींश्चस्तर्पयामास निर्भरम् ॥३८॥
परिवेष्याऽथ भोज्यानि भक्तसङ्घं हरिस्तथा ।
पौरांश्चातर्पयद्भक्तान् भवत्तातं समातुलम् ॥३९॥
सद्वस्त्रं परिधायैकं राजन् स्नात्वा हरिस्ततः ।
शुभ्रं धौतं महामूल्यं पर्यधादम्बरं वरम् ॥४०॥
श्रीहरिस्त्वत्पितुः स्वस्त्रे नानीसंज्ञायुजे ततः ।
प्रादात् पीताम्बरं क्षौमं निजप्रासादिकं वरम् ॥४१॥
कौशेयं चेतरद्रक्तं स प्रासादिकमुत्तमम् ।
न्यग्रोधपत्तनस्थाय प्रादाद् व्यापजिते हरिः ॥४२॥
स्वर्णसूत्राणि वस्त्राणि ततः सोऽधारयद्धरिम् ।
उष्णीषं नद्धसद्रत्नं शिरःपेचं च काञ्चनम् ॥४३॥

કરતા જોયા, અને સમાધિ પામેલાને પણ જોયા તેથી તે સહુને મહાન્ આશ્ચર્ય થયું. ॥૩૬-૩૭॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ બ્રહ્મચારીઓને સાધુઓને અને પાર્ષદો વગેરેને પંગતમાં અનેક પ્રકારના ભોજન પ્રેમથી પીરસીને ખૂબ જ તૃપ્ત કર્યા. ॥૩૮॥

પછી શ્રીહરિએ વડોદરાના હરિભક્તોને બધી જાતના ભોજન પીરસ્યા. ગઢપુરના હરિભક્તો, શ્રીદાદાખાચર અને શ્રીઘેલા ધાધલને પણ પીરસીને ત્યાં જમાડ્યા - તૃપ્ત કર્યા. ॥૩૯॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ એક સારું વસ્ત્ર પહેરીને સ્નાન કર્યું. અને એક સારું મોંઘામૂલું શ્વેત વસ્ત્ર પહેર્યું. ॥૪૦॥

શ્રીહરિએ પોતે જે રેશમી પીતાંબર પહેર્યું હતું તે શ્રીદાદાખાચરના બહેન (અને તમારા ફઈબા) નાનાબાઈ બહેનને શ્રેષ્ઠ પ્રસાદીના રૂપમાં આપ્યું. ॥૪૧॥

અને બીજું શ્રેષ્ઠ રેશમી વસ્ત્ર લાલરંગનું હતું તે શ્રીહરિએ વડોદરાના ભક્ત શેઠ શ્રીબાપુજીભાઈને સર્વોત્તમ પ્રસાદીના રૂપમાં આપ્યું. ॥૪૨॥

પછી શ્રીબાપુજીભાઈએ શ્રીહરિને સોનાના તારવાળા વસ્ત્ર પહેરાવ્યા. સુંદર

सौवर्णौ कटकौ स्वार्णं हारं मुक्तास्त्रजं तथा ।
सोऽधारयच्च केयूरौ तं प्रणद्धमणिप्रभौ ॥४४॥
सोऽर्हयित्वा ततोऽर्घ्यैस्तं गन्धमाल्यस्त्रगादिभिः ।
कर्पूरेणाऽकरोत्तस्य महानीराजनं मुदा ॥४५॥
भक्तसङ्घस्ततो वस्त्रैः स्वर्णसूत्रातिभास्वरैः ।
नद्धसन्मणिसौवर्णैर्विचित्रैर्भूषणैस्तथा ॥४६॥
गन्धसन्माल्यहाराद्यैर्विचित्रैश्चोपचारकैः ।
श्रीहरेरर्चनं चक्रे नितान्तप्रेमपूर्वकम् ॥४७॥
वर्णिसंन्यासिसन्मुख्यत्यागिनां सोऽम्बरैर्नवैः ।
गन्धप्रसूनहाराद्यैर्व्यधादर्घ्यैः समर्हणम् ॥४८॥
तं सभोजयितुं सार्द्धं सप्ताहं स्वाश्रितैस्ततः ।
प्रार्थयत् प्रार्थना तस्य मन्यते स्माऽथ स प्रभुः ॥४९॥
निम्बवृक्षादधो वेदीं विश्वक् पद्यान्यथोत्सुकः ।

હીરા જડેલ પાઘ અને રત્નજડિત સોનાનો શિર પેચ ધારણ કરાવ્યો. ॥૪૩॥

સોનાના બે કડાં, સોનાનો હાર, મોતીનો હાર અને જડેલા મણિઓથી ચમકતા બાજુબંધ પહેરાવ્યા. ॥૪૪॥

અને ચંદન તથા ફૂલના હાર આદિ ઉપચારોથી પૂજા કરીને તેમણે પ્રસન્ન મનથી શ્રીહરિની કપૂરથી આરતી ઉતારી. ॥૪૫॥

વડોદરાના બીજા હરિભક્તો જે સંઘમાં હતા તેમણે પણ સોનાના તારથી ચળકતા વસ્ત્ર અને સારા મણિ જડેલા જાત જાતના સોનાના ઘરેણાં, સુગંધી ચંદન, ફૂલના હાર ઈત્યાદિ અનેક ઉપચારોથી શ્રીહરિની અત્યંત પ્રેમપૂર્વક પૂજા કરી. ॥૪૬-૪૭॥

વર્ણી, સાધુ અને સંન્યાસી આદિ સર્વ ત્યાગીઓની નવા વસ્ત્ર, ચંદન, ફૂલના હાર વગેરે ઉપચારોથી પૂજા કરી. ॥૪૮॥

વડોદરાના હરિભક્તોએ બધા આશ્રિતોની સાથે શ્રીહરિને સાત દિવસ સુધી અલગ અલગ રસોઈ કરીને જમાડવાના વિચારથી પ્રાર્થના કરી. પ્રભુ શ્રીહરિએ તેમની પ્રાર્થનાને સ્વીકારી. ॥૪૯॥

सद्भिर्हल्लीषरागेण स दिनान्तं ह्यगापयत् ॥५०॥
इच्छयाऽथ हरे राजन् ! सायं नीराजनोत्तरम् ।
चत्वारिंशत्प्रसङ्ख्यानां समाधिर्वै सतामभूत् ॥५१॥
ततस्तद्दर्शनानन्दा वासवाद्याः सविस्मयाः ।
आशापाला ययुस्ते वै स्वस्वस्थानानि भूपते ! ॥५२॥
स्वैश्वर्यमित्थमघजालहरं पवित्रं सन्दर्शितं वरतरं हरिणाऽत्युदारम् ।
ते वीक्ष्य तत्पदरता निखिलाः सदस्याः प्रापुर्हि विस्मयमुदारमुदा परीताः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरि दर्शनार्थदिक्पालाऽऽगमनादिनिरू पणं नाम सप्त-दशोत्तरशततमोऽध्यायः ॥११७॥

अथाऽष्टादशोत्तरशततमोऽध्यायः

कर्कोटकप्रसङ्गेन चाञ्जुलड्ड्वोरपां पतौ ।

પછી શ્રીહરિએ લીમડાની નીચે ઓટાની ચારે બાજુ સંતોની પાસે ગરબી રાગના કીર્તન સાંજ સુધી ઉત્સાહ પૂર્વક ગવડાવીને રાસ રમાડ્યા. ॥૫૦॥

હે રાજન્ ! પછી સાંયકાળે આરતી થયા પછી શ્રીહરિની ઈચ્છાથી ચાળીશ જેટલા સાધુઓને સમાધિ થઈ. ॥૫૧॥

હે ભૂપતે ! તે પછી શ્રીહરિના દર્શનથી ખૂબ જ ખુશ થયેલા અને વિસ્મય પામેલા ઈન્દ્ર આદિ દિક્પાળો પોતપોતાને સ્થાને ગયા. ॥૫૨॥

આ પ્રમાણે શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય સહુને દેખાડ્યું, જે પાપ પુંજનો નાશ કરનાર હતું, પવિત્ર, સર્વોત્તમ અને ઉદાર હતું. તેને દેખીને શ્રીહરિના ચરણોમાં પ્રેમવાળા, સભામાં બેઠેલા સર્વસંતો તથા હરિભક્તો અત્યંત આનંદથી તરબોળ થઈ ગયા અને ખૂબ જ વિસ્મય પામ્યા. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૭ સમાપ્ત

અધ્યાય-૧૧૮

કંકોડાના શાક પ્રસંગે લાડુ ડોશી, અંજુ પટેલ અને વરુણના ઉપર કૃપા

अष्टादशोत्तरे शततमे प्रीतोऽभवद्धरिः ॥

श्रीचैतन्यानन्द उवाच -
त्वत्तातमातुलागारचतुष्कस्थे गृहे नृप ! ।
अञ्जुभयोऽवसद्भक्तः पट्टलो भागिनेययुक् ॥१॥
तस्याऽथैवं विचारोऽभूद् ग्लहस्याऽस्य गृहेष्वसौ ।
कारयत्यात्मभक्तानां निवासं भूयसां हरिः ॥२॥
तस्मादत्र भवेत् कूपो यदा स्यात्तर्हि शं भृशम् ।
तस्थुषामत्र भक्तानां नानादेशाभ्युपेयुषाम् ॥३॥
विचार्यैवं ग्लहोपेतो युक्तः सम्बन्धिभिस्तथा ।
गृहीत्वाऽऽज्ञां हरेः कूपं सत्वरं सोऽखनन्मुदा ॥४॥
ततस्तं चेष्टकाबद्धं सुधालिप्तं व्यधापयत् ।
ग्लहस्तस्येति चान्येषां सङ्कल्पोऽभूद्धरिश्रिताम् ॥५॥
अस्माभिरस्य कूपस्य कार्यः पूर्तविधिः शुभः ।
श्रीहरिस्तत्र संभोज्यस्तथा मुन्यादयोऽखिलाः ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીઘેલા ધાધલના ઘરના ચોકમાં એક ઘર હતું તેમાં અંજુભાઈ નામે એક પટેલ અને તેનો ભાણેજ સાથે રહેતા હતા. ॥૧॥

તેના મનમાં એવો વિચાર આવ્યો કે આ ઘેલા ધાધલના ઘેર શ્રીહરિ ઘણા હરિભક્તોનો ઉતારો કરાવે છે. ॥૨॥

તેથી જો અહીંયાં પાણી માટેનો કૂવો હોય તો અનેક પ્રદેશોમાંથી આવતા હરિભક્તો, જે અહીં ઉતારો કરીને રહે છે, તેમને પાણી બાબતની ઘણી સુખ શાંતિ થાય. ॥૩॥

આમ વિચારીને શ્રીહરિની આજ્ઞા લીધી. પછી શ્રીઘેલા ધાધલ અને પોતાના સંબંધીઓની સાથે તે અંજુ પટેલ સત્વરે ઉત્સાહથી કૂવો ખોદવા લાગ્યા. ॥૪॥

શ્રીઘેલા ધાધલે તે કૂવાને ઈંટોથી બંધાવ્યો અને છો (પ્લાસ્ટર) પણ કરાવી. પછી શ્રીઘેલા ધાધલના અને બીજા સહુ હરિભક્તોના મનમાં સંકલ્પ થયો, આપણે આ કૂવાનું શુભ પૂર્ત કર્મ (ભર્યું) કરવું જોઈએ, તેમાં ખાસ કરીને શ્રીહરિને અને સર્વ સંતો વગેરેને જમાડવા જોઈએ. ॥૬॥

तथाप्यल्पधनत्वान्नस्तेषां स्याद्भूयसां कथम् ।
विचित्रा दुष्करा राजन् ! भूयसी पाकसंविधा ॥७॥
ततो माणिक्यवर्णाश्वामारुह्य श्रीहरिर्विराम् ।
लक्ष्मीवाटीमगाद्भक्तैः सादिपद्गैस्तथाऽन्वितः ॥८॥
तेऽथ तां वाटिकां यातं श्रुत्वा तं साश्रितं हरिम् ।
श्रीहरिप्रेक्षणाऽऽसक्ता जग्मुस्तां सत्वरं मुदा ॥९॥
स प्रस्थितस्ततस्तस्याः सादिपद्गादिभिर्युतः ।
तक्ष्णो ज्येष्ठाभिधानस्य बर्हिर्वेश्मान्तिकं ह्यगात् ॥१०॥
वृद्धा भिल्लाङ्गनाऽथैका वाजिनीसन्मुखं हरेः ।
रुध्वैत्याध्वन्यतिष्ठत्तां स प्राहाऽथेति तां हरिः ॥११॥
अत्र तिष्ठसि कस्मात्त्वं किं कार्यं तेऽद्य विद्यते ।
साऽथ प्राहेति तं वाक्यं प्रेमयुक्तं मनोहरम् ॥१२॥

હે રાજન્ ! તેમને આમ જણાયું કે "આપણી પાસે ખર્ચ જેટલા ધનની સગવડ નથી. અને રસોડું ઘણું મોટું થાય, રસોઇના ખર્ચની વ્યવસ્થા ઘણી અટપટી અને કઠણ છે." ॥૭॥

આમ વિચારતા હતા તે વખતે ઘણા હરિભક્તો, પાર્ષદો અને ઘોડે સવારોની સાથે શ્રીહરિ સર્વોત્તમ માણેકવર્ણી માણકી ઉપર સવાર થઇને લક્ષ્મીવાડીએ પધાર્યા. ॥૮॥

શ્રીઘેલા ધાધલ આદિ સહુ પણ, શ્રીહરિ સહુ આશ્રિતોની સાથે વાડીએ ગયા છે તેમ સાંભળીને, શ્રીહરિના દર્શનની આશાથી ઉત્સાહપૂર્વક સત્વરે લક્ષ્મીવાડીએ ગયા. ॥૯॥

પછી શ્રીહરિ વાડીએથી પાછા દરબારગઢમાં આવવા ઘોડે સવારો અને પાર્ષદોની સાથે નીકળ્યા. રસ્તામાં જેઠાભાઇ સુતારના ઘર પાસે બહાર બજારે આવ્યા. ॥૧૦॥

ત્યારે ત્યાં એક કોળી જાતિની ઘરડી ડોશી માણકી ઘોડીની સામે આવી તેને રસ્તામાં રોકીને ઊભી રહી. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, ॥૧૧॥

રસ્તા વચ્ચે ઊભી રહીને અમને શા માટે રોકે છે ? તારે અત્યારે શું કામ છે

कर्कोटकानि रम्याणि मयाऽऽनीतानि सत्पते ! ।
त्वदर्थं तानि कारुण्यान्मयि स्वीकर्तुमर्हसि ॥१३॥
वाजिनीस्थोऽथ स प्रीत्या नम्रीभूयाऽऽत्मनक्तकम् ।
तत्पाणौ न्यक्षिपत्तानि तत्र साऽथाऽक्षिपन्मुदा ॥१४॥
तत्र बद्ध्वाऽथ तानीशो गृहीत्वा श्रीहरिर्मुदा ।
तां प्राहेत्थं त्वयैतानि प्रीत्याऽऽनीतानि वाऽन्यथा ॥१५॥
साऽथ प्रीत्येत्यवोचत्तं लिप्सा मेऽस्तीति मानसे ।
भ्रान्त्वाऽहं संसृतौ भूयो दुःखं प्राप्ता महत्तरम् ॥१६॥
तथाप्यद्यापि मे जातं निर्वाणं नैव शान्तिदम् ।
तस्मान्न स्यात्परो मोक्षः साक्षात्प्राप्तिं विना हरेः ॥१७॥
यावदन्तःस्थितो वह्निः प्रकटोऽन्तर्विशेन्नहि ।
तावदन्तःस्थितोऽप्येष न दारु दहनक्षमः ॥१८॥
एवं सर्वगतो विष्णुः प्रकटोऽन्तर्विशेन्नहि ।

? ત્યારે તે ડોશીએ હેતયુક્ત મનોહર વચન કહ્યું. ॥૧૨॥

હે સત્પતે ! હું આ સારા કંકોડા આપને માટે લાવી છું. તો આપ મારા ઉપર દયા કરીને તેને સ્વીકારો. ॥૧૩॥

શ્રીહરિ માણકી ઉપર જ હતા. થોડા નીચા નમીને પોતાનો હાથ રૂમાલ તેના હાથમાં આપ્યો. તેણે તે રૂમાલમાં કંકોડા હરખથી આપ્યા. ॥૧૪॥

પરમેશ્વર શ્રીહરિએ તે કંકોડાને રૂમાલમાં બાંધી લીધા. પછી તે વૃદ્ધાને પૂછ્યું, આ કંકોડા તું પ્રેમભાવથી લાવી છો કે કોઇ વસ્તુની આશાથી ? ॥૧૫॥

ત્યારે તે પ્રેમથી એમ બોલી કે મારા મનમાં એક આશા રહ્યા કરે છે. હું આ સંસારમાં વારંવાર ભટકીને ઘણું મોટું દુઃખ પામી છું. ॥૧૬॥

છતાં આજ સુધી મને શાંતિ થાય એવું મારું નિર્વાણ (શ્રેય) થયું નથી. તેથી એમ જણાય છે કે સાક્ષાત્ ભગવાન મળ્યા સિવાય પરમ મોક્ષ ન થાય. ॥૧૭॥

કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે, પણ જ્યાં સુધી બહારનો અગ્નિ અંદર ન પ્રવેશે ત્યાં સુધી અંદરનો અગ્નિ કાષ્ઠને બાળી શકતો નથી. ॥૧૮॥

તેમ સર્વ વ્યાપક ભગવાન સર્વત્ર રહ્યા જ છે પણ જ્યાં સુધી બહારથી તે

तावन्न लीयते सर्वं प्रादुर्भावोऽस्त्यतो हरेः ॥१९॥
आविर्भावोऽस्ति भूर्लोके जनानां श्रेयसे हरेः ।
इत्थं भागवते प्रोक्तं व्यासेनाऽदभ्रतेजसा ॥२०॥
मामेव येऽत्र गच्छन्ति मन्मायां सन्तरन्ति ते ।
कृष्णेनोक्तं हि गीतायामित्थं प्राणिहितैषिणा ॥२१॥
अत्र साक्षात्प्रसङ्गेन श्रीहरेः संसृतिच्छिदः ।
स्थावरा जङ्गमा जीवा प्रोक्ता मोक्षाधिकारिणः ॥२२॥
प्रत्यक्षस्य हरेस्तस्मात् स्यात्प्राप्त्यैवाऽभवो द्रुतम् ।
इत्थं शास्त्रीयराद्धान्तो वर्तते हि सतां मतम् ॥२३॥
तस्माद्यदा ममाभीष्टं वरं दद्यास्तदा वृणे ।
स्वतस्तं वरदाधीशाद्भक्तकल्पमहीरुहात् ॥२४॥
स्यान्ममात्यन्तिकं श्रेयस्त्वत्सेवायां हि रक्ष माम् ।
वर्तते वै वरोऽसौ मे तं त्वं मे दातुमर्हसि ॥२५॥

પ્રત્યક્ષનો જોગ ન થાય ત્યાં સુધી કર્મ વિલીન થતા નથી અને જીવોનો ઉદ્ધાર કરવા જ ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે. ॥૧૯॥

"લોકોના કલ્યાણ માટે ભગવાનનો પ્રાદુર્ભાવ આ ભૂમિ ઉપર થાય છે." એ પ્રમાણે મહાન્ તેજસ્વી વ્યાસ ભગવાને ભાગવતમાં કહ્યું છે. ॥૨૦॥

પ્રાણીઓનું હિત ચિંતન કરનારા શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે "જે મારે શરણે આવે છે, તે મારી આ માયાને તરી જાય છે." ॥૨૧॥

આ લોકમાં સંસારના બંધનને કાપનારા ભગવાનના સાક્ષાત્ બંધનથી સ્થાવર જંગમ જીવપ્રાણિમાત્રને મોક્ષના અધિકારી કહ્યા છે. ॥૨૨॥

તેથી પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિથી જ આ જીવનો જલદી મોક્ષ થાય છે. એમ શાસ્ત્રોનો સિદ્ધાન્ત છે અને સત્પુરુષોનું પણ મંતવ્ય છે. ॥૨૩॥

એટલે આપ મારો અભીષ્ટ વર જો આપતા હોવ તો ભક્તોને માટે કલ્પવૃક્ષ જેવા અને વરદેશ્વર આવા આપની પાસે તે વર માગું છું. ॥૨૪॥

મારો આત્યંતિક મોક્ષ થાય અને મને કાયમ આપની સેવામાં રાખો. હું આ વર જ માગું છું. તો આપ તે આપો. ॥૨૫॥

स प्राहाथेति तां वाक्यं कल्याणं ते त्वदीप्सितम् ।
आत्यन्तिकं मदीयेन प्रतापेन भविष्यति ॥२६॥
यत्र यत्र मदीयः स्यान्निवासस्तत्र तत्र ते ।
अवस्थानं मया सार्द्धं भविष्यत्येव नित्यदा ॥२७॥
तत्तदेत्यब्रवीद्वाक्यं श्रीहरिं सूरपार्षदः ।
देहान्तेऽस्या यथा प्रोक्तं त्वया तद्भविता तथा ॥२८॥
तथाऽप्यस्या दरिद्राया यावज्जीवं कथं प्रभो ! ।
निर्वाहो भविता स्वामिन् ! स प्राहाथेति तां हरिः ॥२९॥
अस्ति ते नाम किं भद्रे ! किञ्चिद्वित्तादिकं तथा ? ।
साऽथ प्राहेति तं वाक्यं लड्डुसंज्ञाऽस्ति मे प्रभो ! ॥३०॥
सबोधाऽहं यदा जाता तत्प्रभृत्येव मे भवान् ।
वर्तते नेतरत्किञ्चिद्वस्तु नास्ति दयानिधे ! ॥३१॥
इत्थं तदाऽब्रवीद्वाक्यं ब्रह्मानन्दो दयोदधिः ।
अन्नं यस्य सहायः स्यात्कथं सोऽद्यादसिन्धुजम् ॥३२॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે તમારું ઇચ્છિત આત્યંતિક કલ્યાણ તો મારા પ્રતાપથી થશે. ॥૨૬॥

જ્યાં જ્યાં મારો નિવાસ થાય ત્યાં ત્યાં મારી સાથે જ તમારે પણ હંમેશા રહેવાનું થશે. ॥૨૭॥

ત્યારે શ્રીહરિના પાર્ષદ શ્રીસૂરાખાચરે કહ્યું, આનો દેહ છૂટ્યા પછી જે મોક્ષ થવાનું આપે કહ્યું તે તો થશે. ॥૨૮॥

છતાં હે પ્રભો ! હે સ્વામિન્ ! આ દરિદ્ર વૃદ્ધ સ્ત્રી જ્યાં સુધી જીવે ત્યાં સુધી આનો દેહ નિર્વાહ કઇ રીતે થશે ? ત્યારે શ્રીહરિએ તે ડોશીને કહ્યું. ॥૨૯॥

હે ભદ્રે ! તમારું નામ શું છે ? તમારી પાસે કાંઇ ધનસંપત્તિ છે ? ત્યારે તેણે કહ્યું, હે પ્રભો ! મારું નામ લાડુ છે. ॥૩૦॥

જ્યારથી હું સમજણી થઇ ત્યારથી મારા તો એક ભગવાન આપ જ છો, બીજું કોઇ નથી. હે દયાનિધે ! મારી પાસે કાંઇ વસ્તુ નથી. ॥૩૧॥

ત્યારે દયાસાગર બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, જેને અન્નરૂપ પરમેશ્વર સહાયમાં

तद्वत्त्वया यदा ज्ञातः सहायः सद्रसोदधिः ।
तस्याऽऽनन्दं तदा त्यक्त्वा कथं भ्रान्तं भवेत्त्वया ॥३३॥
सा प्राहाथेति वाहास्थः पोषणादेरसौ हरिः ।
कर्ताऽस्ति मेघवन्नूनं सर्वप्राणिसुखावहः ॥३४॥
प्राहाथैवं पुनः सूरो वर्तते तव सन्मतिः ।
हरिः प्राहाऽथ तामित्थं तथ्यं पथ्यं शुभं वचः ॥३५॥
मद्वाजिन्यास्त्वया कार्यं यावज्जीवं निषेवणम् ।
भोक्तव्यं ललितागेहे स्थेयं तत्राऽऽन्वहं तथा ॥३६॥
तामित्याज्ञप्य स प्रायात्स्वावासं पार्षदादियुक् ।
ततः कार्कोटकं शाकं चक्रे संस्कृत्य स स्वयम् ॥३७॥
शाकेनाऽथ हरिस्तेन सार्द्धं भोज्यान्यभुक्त सः ।
तं तदाञ्जुभयो भक्ता श्चान्ये भुक्तं व्यलोकयन् ॥३८॥
भक्तोऽथाऽञ्जुभयो धीमान् भगवद्दासभक्तयुक् ।

હોય તે શા માટે મીઠા વિનાનું (સ્વાદ વિનાનું) ખાય. ॥૩૨॥

અમૃતરસના સાગર જેવા પરમેશ્વરને જો તમે મદદગાર તરીકે ઓળખ્યા છે તો તેના આનંદને છોડીને શા માટે બીજે ભટકવું જોઇએ ? ॥૩૩॥

ત્યારે તે ડોશીએ કહ્યું "મારું ભરણ પોષણ કરનારા તો આ ઘોડી ઉપર સવાર છે, તેઓ વરસાદની જેમ સર્વ પ્રાણિમાત્રને સુખી કરનારા છે." ॥૩૪॥

ત્યારે સૂરા ખાચર ફરીવાર બોલ્યા કે તમારી સમજણ તો સારી છે. પછી શ્રીહરિએ તે લાડુ ડોશીને આ રીતે સત્ય, હિતકારી અને શુભ વચન કહ્યું, ॥૩૫॥

તમારે જિંદગી ભર મારી ઘોડીની સેવા કરવી અને લાડુબાને ઘેર કાયમ ખાવું અને ત્યાં જ રહેવું. ॥૩૬॥

તે લાડુ ડોશીને આવી આજ્ઞા કરીને શ્રીહરિ પોતાના પાર્ષદો વગેરેને લઇને પોતાને નિવાસ સ્થાને અક્ષર ભવન પધાર્યા. પછી સ્વયં વઘાર કરીને કંકોડાનું શાક બનાવ્યું. ॥૩૭॥

શ્રીહરિ કંકોડાનું શાક અને બીજી રસોઇ જે હતી તે જમ્યા. ત્યારે ત્યાં અંજુભાઇ અને બીજા હરિભક્તોએ શ્રીહરિ જમતા હોય તેવા દર્શન કર્યા. ॥૩૮॥

भाल्लदेशेऽगमन्नद्याः साभ्रमत्याः किलाऽन्तिकम् ॥३९॥
चारु कर्कोटकौघानां षोडशग्रन्थिकास्ततः ।
वाहयित्वैव तैरायात्स श्रीदुर्गपुरं मुदा ॥४०॥
तस्याऽथाऽऽयात्स तैः सार्द्धं मातुलस्य पितुर्हि ते ।
अन्तिकं पूर्वदिग्द्वारे गर्भागारे कथाश्रुतेः ॥४१॥
ततो नत्वा स तं स्वेष्टं सर्वास्ता ग्रन्थिका हरेः ।
सन्निधौ स्थापयाञ्चक्रे श्रीहरिं प्रीणनोद्यतः ॥४२॥
आसीद्धरिस्ततः प्रीतो वीक्ष्य कर्कोटकानि सः ।
तं ततोऽञ्जुभयो भक्तः प्राहेत्थं श्रीहरिं वचः ॥४३॥
स्वामिन्नेतस्य कूपस्य कार्यः पूर्तविधिर्मया ।
तत्कर्कोटकशाकं त्वं कर्तुमेवाऽर्हसि प्रभो ! ॥४४॥
अल्पद्रव्यव्ययेनाऽन्यः कारणीयस्त्वया हरे ! ।
पाको नाहं भृशं कर्तुं शक्तो रंको धनव्ययम् ॥४५॥

પછી બુદ્ધિમાન્ અંજુ પટેલ ભગવાનના સેવાભાવી ભક્તોને સાથે લઇને સાબરમતી નદીને નજીક ભાલ પ્રદેશના છેડા તરફના પ્રદેશમાં ગયા. ॥૩૯॥

કંકોડાના સારા ઢગલામાંથી સોળ ગાંસડી જેટલા કંકોડા ખરીદ્યા. તેને ભક્તોની પાસે જ ઉપડાવીને ઉત્સાહથી ગઢપુર લાવ્યા. ॥૪૦॥

શ્રી ઘેલા ધાધલના ઉગમણાબારના ઓરડા આગળ શ્રીહરિ કથા સાંભળતા હતા ત્યારે અંજુ પટેલ તે કંકોડાની ગાંસડીઓને લઇને આવ્યા. ॥૪૧॥

શ્રીહરિને પ્રસન્ન કરવામાં સતત પ્રયત્નશીલ રહેતા અંજુ પટેલ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પાસે આવ્યા. પગે લાગ્યા. પછી તે કંકોડાની સોળ ગાંસડીઓ તેમની પાસે મુકાવી. ॥૪૨॥

પછી શ્રીહરિ કંકોડાને જોઇને પ્રસન્ન થયા. ત્યારે ભક્ત અંજુ પટેલે શ્રીહરિને આ રીતે વાત કહી, ॥૪૩॥

"હે સ્વામિન્ ! આ કૂવાનું પૂર્તકર્મ (ભર્યું) મારે કરાવવું છે, તો હે પ્રભો ! આપ આ કંકોડાનું શાક બનાવો. બીજી બધી રસોઇ ઓછે ખર્ચે થાય તેમ આપને કરાવવાની છે. હું ગરીબ છું. વધારે ખર્ચ કરી શકું તેમ નથી. ॥૪૪-૪૫॥

अथेत्यूचे हरिर्वाक्यं धीमन् ! विंशतिसम्मितैः ।
सङ्ख्यातं मणकैराज्यं शाकेऽस्मिन्नस्त्यपेक्षितम् ॥४६॥
स प्राहाथेति तं वाक्यं शतं सप्तदशाधिकम् ।
अस्ति मे रू प्यमुद्राणां त्वं शाकं कुरु तावता ॥४७॥
ओमित्युक्त्वाऽथ तद्वाक्यं श्रीहरिः स्वीचकार सः ।
द्वितीयेऽह्न्यथ तच्छाकं कर्तुमासीत्किलोद्यतः ॥४८॥
आज्यं सप्तदशोन्मानैः सङ्ख्यातं मणकैस्ततः ।
क्षित्वा संस्कृत्य पात्रे तच्छाकं रम्यं व्यधाद्धरिः ॥४९॥
स निषाद्याऽथ कूपस्य स्थाले तस्य हरिं मुदा ।
भक्तः सोऽञ्जुभयो राजंस्तद्वारा समसिस्नपत् ॥५०॥
स ततस्तत्तनुस्नानपावनं तज्जलं शुभम् ।
स्पर्शाघौघहरं कूपे न्यक्षिपद्भूपते ! मुदा ॥५१॥
भक्तस्याऽञ्जुभयस्याऽऽसीत्समाधिर्वै ततो नृप ! ।

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, હે ધીમન્ ! આ કંકોડાના શાકમાં વીશ મણ જેટલું તો એકલું ઘી જ જોઈએ. ॥૪૬॥

ત્યારે અંજુભક્ત કહે, મારી પાસે એક સોને સત્તર રૂપિયા છે, તેટલા ખર્ચમાં પૂરું થાય તેમ તમે શાક કરો. ॥૪૭॥

''બહુ સારું'' આટલું બોલીને શ્રીહરિએ તેની વાતને સ્વીકારી લીધી. પછી બીજે દિવસ શ્રીહરિ કંકોડાનું શાક કરવા તત્પર થયા. ॥૪૮॥

શ્રીહરિએ સત્તર મણ ઘીનો વઘાર કરીને સારા પાત્રોમાં રમણીય શાક કર્યું. ॥૪૯॥

હે રાજન્ ! ભક્ત અંજુ ભાઈએ પ્રેમથી શ્રીહરિને તે કૂવાના થાળામાં બેસાડ્યા. અને તે કૂવાના પાણીથી સ્નાન કરાવડાવ્યું. ॥૫૦॥

હે ભૂપતે ! તે અંજુ પટેલે સ્પર્શ માત્રથી જ પાપના પુંજનો નાશ કરનારું તે શ્રીહરિના સ્નાનથી પવિત્ર થયેલું (નહાયેલું) શુભ થોડું જળ પ્રેમથી તે કૂવામાં નાંખ્યું. ॥૫૧॥

હે નૃપ ! પછી તે ભક્ત અંજુભાઈને સમાધિ થઈ. તેમાં તેને દેખાયું કે

तत्र कूपात्स निर्गच्छत्प्राज्यं तेजो व्यलोकयत् ॥५२॥
तत्राऽपश्यत्ततो रम्यं वासोऽलङ्कारभास्वरम् ।
तं स षोडशभिश्चार्घ्यैरर्हयन्तं प्रचेतसम् ॥५३॥
तेनाथोत्थापितस्तस्मात्समाधेः स व्यलोकयत् ।
वीजयन्तं हरिं प्रीत्या पाशिनं व्यजनेन तम् ॥५४॥
ततो निम्बद्रुमच्छाये तत्कूपस्थालके वरे ।
ऊर्णासने हरिर्भोक्तुं न्यषीदद्भक्तवीक्षितः ॥५५॥
सार्द्धं तेनाऽथ शाकेन रम्यं बार्जरिकं हरिः ।
भूरिसर्पिप्लुतं प्राश्नात्प्रफुल्लं रोटकं मुदा ॥५६॥
ततः सोऽञ्जुभयोऽपश्यद्धरिप्रासादिकं मुदा ।
भुञ्जानं वरुणं भोज्यं शाकाद्यं प्रेक्षणोत्सुकः ॥५७॥
परिवेष्याऽथ तच्छाकं रम्यान् बार्जरिकान् हरिः ।
तर्पयामास मुन्यादीन् बह्वाज्यार्द्रान् सुरोटकान् ॥५८॥

કૂવામાંથી અપાર તેજ પ્રકટ થઈ રહ્યું છે. ॥૫૨॥

અને તે તેજમાં તેમણે સારા વસ્ત્ર અને અલંકારોથી તેજસ્વી જણાતા વરુણદેવને જોયા. તેઓ વિધિપૂર્વક ષોડશોપચારથી શ્રીહરિની પૂજા કરતા હતા. ॥૫૩॥

પછી શ્રીહરિએ તે અંજુ પટેલને સમાધિમાંથી જગાડ્યા. ત્યારે તેણે જોયું કે વરુણ દેવ હાથમાં વીંજણો લઈને પ્રેમથી શ્રીહરિને પવન ઢોળી રહ્યા છે. ॥૫૪॥

પછી તે લીમડાની છાયામાં કૂવાના સ્વચ્છ થાળામાં કામળીનું આસન પાથર્યું હતું. તેના ઉપર શ્રીહરિ થાળ જમવા વિરાજ્યા. ચોતરફ ભક્તો દર્શન કરતા હતા. ॥૫૫॥

શ્રીહરિ કંકોડાના શાકની સાથે સરસ ફૂલેલો અને ઘણા ઘીમાં તરબોળ કરેલો બાજરાનો રોટલો પ્રેમથી જમ્યા. ॥૫૬॥

પછી દર્શન કરવામાં ઉત્સાહી અંજુભાઈએ જોયું કે શ્રીહરિનું પ્રસાદી રૂપ શાક અને બીજી ખાવાની વસ્તુઓને વરુણ દેવ પ્રેમથી જમે છે. ॥૫૭॥

પછી શ્રીહરિએ સંતો વગેરેને તે કંકોડાનું શાક અને સુંદર ઘીમાં તરબોળ કરેલા બાજરાના રોટલા સારી રીતે પીરસી - પિરસાવીને તૃપ્ત કર્યા. ॥૫૮॥

श्रीहरिं वीजयन्तं तं तालवृन्तेन पाशिनम् ।
प्रैक्षन्ताञ्जुभयाद्यास्ते तदा पृष्ठे स्थिताः हरेः ॥५९॥
भक्तोऽथाऽञ्जुभयो हृष्टः श्रीहरेर्मूर्ध्न्यबन्धयत् ।
कार्तस्वरसमं कान्तमुष्णीषं सुन्दरं वरम् ॥६०॥
सोऽदीधपत् सितं सूक्ष्मं श्रीहरिं चाङ्गरक्षकम् ।
श्यामप्रान्तं सितं सूक्ष्मं प्रावारं चाप्यधारयत् ॥६१॥
श्यामप्रान्तं सितं धौत्रं स तत्कट्यामबन्धयत् ।
तस्य पाणौ तथा प्रादान्नक्तकं शुभ्रमुत्तमम् ॥६२॥
सोऽचर्च्चयत्ततो भक्त्या चारुश्रीखण्डचन्दनम् ।
तत्तनावार्हयच्चार्घ्यैस्तं सन्माल्यस्त्रगादिभिः ॥६३॥
तस्याग्रेऽथ न्यधात्स्वर्णमुद्राः पञ्च तथाऽनमत् ।
साष्टाङ्गं दण्डवद्भूमौ पतित्वा सोऽतिभक्तितः ॥६४॥
भक्तोऽथाऽञ्जुभयो धीमान् पट्टलः श्रीहरिप्रियः ।
प्रभ्वङ्घ्रिदाससंज्ञोऽभूत्साधुर्यः स हितोद्यतः ॥६५॥

તે સમયે અંજુ પટેલ આદિ ભક્તોએ શ્રીહરિની પાછળ ઊભા રહીને પંખાથી પવન નાખી રહેલા વરુણ દેવને જોયા. ॥૫૯॥

પછી હરખ ઘેલા થયેલા અંજુભક્તે શ્રીહરિના મસ્તક ઉપર સોનાના જેવી ચમકતી શ્રેષ્ઠ સુંદર પાઘ બંધાવી. ॥૬૦॥

શ્વેત ઝીણું અંગરખું પહેરાવ્યું. કાળા છેડાવાળો ઝીણો શ્વેત ખેસ ધારણ કરાવ્યો. ॥૬૧॥

કાળા છેડાનું શ્વેત ધોતિયું કમર ઉપર પહેરાવ્યું. અને હાથમાં એક સારો ધોળો રૂમાલ આપ્યો. ॥૬૨॥

તેણે ભક્તિભાવથી શ્રીખંડનામનું ઘસેલું ચંદન હતું તેની અર્ચા કરી અને ફૂલહાર આદિ ઉપચારોથી પણ પૂજા કરી. ॥૬૩॥

પછી તેણે શ્રીહરિની આગળ પાંચ સોનામહોર ભેટ મૂકી અને અતિ ભક્તિભાવથી જમીન ઉપર ઢળી પડીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૬૪॥

ભક્ત શ્રીઅંજુભાઈ પટેલ સારા બુદ્ધિમાન હતા. તેને શ્રીહરિમાં ઘણું વહાલ

तद्भक्तो भगवद्दासस्तथैवाञ्जुभयः सुधीः ।
श्रीहरिकृष्णदासाख्यो धीमांस्तस्य स्वसुः सुतः ॥६६॥
तत्र यो भगवद्दासो जीर्णदुर्गपुरे वसन् ।
आसीत्साधुर्गुणैर्युक्तो धर्मज्ञानादिभिर्वरैः ॥६७॥
यो मनोहरदासाख्यो हरेर्भक्तः सदाशयः ।
तानाश्लिष्य हरिस्तेषां वक्षस्यङ्घ्र्यम्बुजे न्यधात् ॥६८॥
मातुलं तेऽथ तातस्य सकुटुम्बं ग्लहाभिधम् ।
भौज्यैः सोऽञ्जुभयं चाग्र्यैः परिवेष्य व्यतर्पयत् ॥६९॥
श्रीहरिप्रेक्षणानन्दस्तिरोऽभूद्वरुणस्ततः ।
सभ्यानां प्रेक्षमाणानां तेषां सक्ताऽऽत्मनां हरौ ॥७०॥
अथ चटचटनादपादुकाङ्घ्रिर्निजरतपार्षदवृन्दवेष्ट्यमानः ।

હતું. તેઓ પોતાના આત્મકલ્યાણમાં સતત પ્રયત્નશીલ હતા. અને દીક્ષા લઈને સાધુ થયા હતા. ત્યારે તેનું શ્રીપ્રભુચરણદાસ નામ રાખવામાં આવ્યું હતું. ॥૬૫॥

શ્રીઅંજુભાઈના જેવા જ એક ભક્ત ભગવાન ભાઈ હતા તેમણે પણ દીક્ષા લીધી હતી અને તેમનું નામ શ્રીભગવાન દાસ રાખવામાં આવ્યું હતું. શ્રીઅંજુભાઈના ભાણેજ પણ સારા બુદ્ધિમાન અને ઉચ્ચકોટીના ભક્ત હતા. તેઓ પણ સાધુ થયા હતા અને તેમનું નામ શ્રીહરિકૃષ્ણદાસ રાખવામાં આવ્યું હતું. ॥૬૬॥

તેમાં શ્રીભગવાનદાસ તો જૂનાગઢમાં રહ્યા હતા. તેઓ ધર્મ જ્ઞાન આદિ ગુણવાળા હતા અને તેમાં સાધુતા સારી હતી. ॥૬૭॥

એક મનોહર દાસ નામના શુદ્ધ હૃદયવાળા ભગવાનના ભક્ત હતા. આ બધા સેવાભાવી ભક્તોને શ્રીહરિ બાથમાં લઈને ભેટ્યા હતા અને તેમની છાતીમાં પોતાના ચરણારવિંદ ચાંપી આપ્યા હતા. ॥૬૮॥

શ્રીહરિએ શ્રીદાદાખાચરના મામા શ્રીઘેલાધાધલને આખા કુટુંબ સાથે શ્રેષ્ઠ ભોજન જમાડ્યા અને અંજુ પટેલને પણ જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૬૯॥

શ્રીહરિના સ્વરૂપમાં પોતાના મનની વૃત્તિ જોડીને સહુ સંત હરિભક્તો સભામાં બેઠા હતા. તે વખતે સહુ દેખે તે રીતે શ્રીહરિના દર્શનથી આનંદિત થયેલ શ્રીવરુણ દેવ અંતર્ધાન થઈ ગયા. ॥૭૦॥

हरिरितरु चिरं निजं निवासं वरतरमागमदक्षराख्यसौधम् ।।७१।।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितवरु णस्वरू पादिनिरू पणंनाम अष्टादशोत्तर-शततमोऽध्यायः ।।११८।।

अथैकोनविंशोत्तरशततमोऽध्यायः

नवदशोत्तरे शततमे श्रीहरिणा वसु ।
पद्गानां हापितं चान्नपूर्णादृष्टाऽखिलैर्जनैः ।।

श्रीचैतन्यानन्द उवाच –

राजन्नथैकदा भक्तांस्त्वत्तातादीनिदं हरिः ।
प्राह श्रेयस्करं वाक्यं स्वीयभक्तहितोद्यतः ।।१।।
सन्त्येते त्यागिनः पद्गास्तस्मादेतैस्तु कर्हिचित् ।
नानाऽनर्थाऽऽस्पदं भक्ता द्रव्यं रक्ष्यं न चार्त्तिदम् ।।२।।
एकस्यां रू प्यमुद्रायां प्राप्तायामप्यलं मदः ।

श्रीहरि पोतानी मूर्तिमां प्रेमवाळा पार्षदोना वृंदथी वींटाया हता, चटाक चटाक आवो चाखडीओनो ध्वनि संभळातो हतो. त्यारे पोतानुं सर्वोत्तम निवास स्थान जे अक्षर भवन छे, त्यां चालीने पधार्या. ।।७१।।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૮ સમાપ્ત

અધ્યાય-૧૧૯

પાર્ષદોનો ધનત્યાગ અને અન્નપૂર્ણા દર્શન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત આત્મીય ભક્તોનું હિત કરવામાં પ્રયત્નશીલ રહેતા શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચર આદિ ભક્તોને કલ્યાણકારી વાત કહી. ।।૧।।

હે ભક્તો ! આ પાર્ષદો ત્યાગી છે. માટે તેમણે અનેક અનર્થોના ઘર જેવું અને દુઃખદ ધનને ક્યારેય રાખવું નહિ. ।।૨।।

तत्सार्द्धं मद्यपानेन समानो जायते जनाः ।।३।।
तस्मात्तद्रक्षणं कैश्चिन्न कार्यं त्यागिभिर्जनैः ।
वित्तं दोषास्पदं यस्माद्वर्त्तते मुक्तिविघ्नकृत् ।।४।।
पद्गैः सर्वैर्ग्लहाख्यस्य चतुष्के चाश्रितस्य मे ।
समागत्योपवेष्टव्यं मद्वचःपालनोद्यतैः ।।५।।
तत्र प्रकरणं त्वेकं त्यागिनां पथ्यकारणम् ।
अस्ति प्रवर्तनीयं मे भक्तजातहितैषिणः ।।६।।
तस्येत्यथाऽऽज्ञया पद्गाश्चतुष्के निश्युपेत्य ते ।
निषेदुः पूर्वदिग्द्वारतद्गर्भागारतो मुदा ।।७।।
ततस्तत्राऽऽगतो राजन् गर्भागारस्य स प्रभुः ।
उदग्दिद्वारयुक्तस्य बहिर्वेद्यां मनोहरः ।।८।।
दोलायां सन्निबद्धायां कोमलैस्तूलिकादिभिः ।
युक्तायां भ्राजमानायां स्वोचितायामुपाविशत् ।।९।।

હે ભક્તો ! મનુષ્યના હાથમાં એક રૂપિયા જેટલું પણ જો ધન આવે તો તે મળતાની સાથે જ દારૂ પીવે અને કેફ ચઢે છે તેની જેમ જ કેફ (મદ) ચઢે છે. ।।૩।।

માટે કોઈપણ ત્યાગી ભક્તોએ ધન રાખવું નહિ, કારણ કે ધન પાપનું ઘર છે અને મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારું છે. ।।૪।।

મારી આજ્ઞામાં તત્પર રહેનારા બધા પાર્ષદોએ મારા ભક્ત શ્રીઘેલા ધાધલના ઘેર આવીને ચોકમાં ભેળા મળીને બેસવું. ।।૫।।

હું ભક્ત સમુદાયનું હિત ચાહું છું. માટે મારે ત્યાં ત્યાગીઓનું હિત કરનારું એક પ્રકરણ ચલાવવું છે. ।।૬।।

આવી રીતની શ્રીહરિની આજ્ઞાથી બધા પાર્ષદો રાતે શ્રી ઘેલા ધાધલના ઘરના ચોકમાં ભેળા થયા, અને ઉગમણા બારના ઓરડાની આગળ સહુ પ્રેમથી બેઠા. ।।૭।।

હે રાજન્ ! ભક્તોના મનને આકર્ષતા પ્રભુ શ્રીહરિ ત્યાં ઉત્તરદાબારના ઓરડાની ઓસરીમાં પધાર્યા. ।।૮।।

ત્યાં એક હિંડોળો બાંધેલો હતો. તેમાં સુંદર કોમળ ગાદી તકિયા વગેરે

नानासुगन्धिमाल्यानां हारकेयूरशैखरैः ।
राजमानो नितान्तश्रीगौरसारतराम्बरः ॥१०॥
हरेरग्रे निषण्णोऽभूत्तदा तातस्तवोत्सुकः ।
मातुलेनाऽन्वितः स्वस्य सोमः सूरश्च पार्षदः ॥११॥
श्रीहरिः स्वीयभक्तानां महाशान्तिप्रदःप्रभुः ।
सभ्यांस्तान् मौनयाञ्चक्रे वादयित्वैव तालिकाः ॥१२॥
श्रीहरिरु वाच -
यस्य यस्य भवेद्वित्तं स सोऽत्राऽऽनयताद्धि तत् ।
नाऽऽनयिष्यति यः पद्गः सोऽस्ति मद्विमुखो धनम् ॥१३॥
यस्तु स्वरक्षितं द्रव्यं पदातिर्नाऽऽनयिष्यति ।
वेत्स्याम्यसत्कृतं तस्य सर्वान्तर्याम्यहं ध्रुवम् ॥१४॥
तस्मात्तमाशु सत्सङ्गाद्विधास्ये विमुखं जनाः ।
यस्य वित्तं न देयं चेद्वसेत्सोऽस्मिन् पुरे द्रुतम् ॥१५॥

બિછાવેલા હતા, શ્રીહરિ વિરાજી શકે તેવો તે સુંદર હતો. તેમાં શ્રીહરિ વિરાજમાન થયા. ॥૯॥

અનેક પ્રકારના સુંગધી ફૂલહાર, બાજુબંધ અને તોરાઓથી શ્રીહરિ શોભતા હતા. સ્વરૂપની શોભા અદ્‌ભુત હતી. ઘણા સારા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. ॥૧૦॥

શ્રીહરિની આગળના ભાગમાં તે સમયે ઉત્સાહી શ્રીદાદાખાચર બેઠા હતા અને તેમની સાથે મામા શ્રીઘેલા ધાધલ હતા. પાર્ષદ સોમલા ખાચર અને સૂરા ખાચર પણ હતા. ॥૧૧॥

પ્રભુ શ્રીહરિ પોતાના ભક્તોને મહાન્ શાન્તિ આપનારા છે. તેમણે તાળી વગાડીને આગળ બેઠેલા સહુને મૌન રહેવા સૂચવ્યું. ॥૧૨॥

પછી શ્રીહરિ બોલ્યા કે જેની જેની પાસે ધન હોય તે તેનું ધન અહીં લાવો. જે પાર્ષદ ધન હશે અને અહીં નહિ લાવે, તો તે મારાથી વિમુખ છે. ॥૧૩॥

જે પાર્ષદ પોતે રાખી મૂકેલું ધન અહીંયાં નહિ લાવે, છુપાવશે, તો તેનાં કરેલા અસત્ય રૂપ પાપને હું સવાન્તર્યામી છું, તેથી જાણી લઈશ. ॥૧૪॥

હે ભક્તો ! તેથી તે ધન સંગ્રહીને હું તત્કાળ આ સત્સંગમાંથી વિમુખ

स रक्षित्वाऽऽस्यरोमाणि ब्रह्मचर्यं निरन्तरम् ।
पालयन् मां भजेत् स्वेष्टं कालमायाद्यधीश्वरम् ॥१६॥
कस्यचिन्न मया वित्तं बलात्कारेण कर्हिचित् ।
ग्राह्यं द्रव्यं त्वहं जाने शुष्कयोपानहा समम् ॥१७॥
रू प्यमुद्रास्तु यावत्यो भविष्यन्त्यत्र सङ्गताः ।
पदात्यर्थं ग्रहीष्यामि ताभिर्वै ज्वरिका वराः ॥१८॥
भारयिष्यामि खन्यां ताः पद्गैर्भक्तैस्तथेतरैः ।
पद्गैरु त्तमभूपस्य कृता सेवा तथैव मे ॥१९॥
पद्गार्थं ज्वरिकास्तस्मात्खन्यां चान्यत्र भूभुजा ।
उत्तमाख्येन दक्षेण भारयिष्यामि निश्चितम् ॥२०॥
सर्वेषां धर्मवंश्यानां सदा संभावनां जनाः ।
सत्सङ्गिनः करिष्यन्ति मत्प्रसक्ता मदाज्ञया ॥२१॥
सत्वरं ललितागेहादानीयाऽत्र चतुष्पटम् ।

કરીશ. જેને ધન ન આપવું હોય, તો તે તત્કાળ આ ગામમાં જઈને રહે. ॥૧૫॥

ગામમાં રહેનારા તે ભક્તે દાઢી મૂછ મુંડાવવા નહિ, બ્રહ્મચર્ય નિરંતર પાળવું, અને કાળ તથા માયા આદિના અધીશ્વર ઈષ્ટદેવરૂપ હું છું, તો મારું ભજન કરવું. ॥૧૬॥

મારે ક્યારેય કોઈનું પણ ધન બળાત્કારે લેવું નથી. તે ધનને તો હું સૂકાં ખાસડા જેવું માનું છું. ॥૧૭॥

અહીંયાં જેટલા રૂપિયા ભેળા થશે, તેનાથી પાર્ષદો માટે સારી જુવાર ખરીદશું. ॥૧૮॥

તે જુવારને પાર્ષદો પાસે અને બીજા ભક્તો પાસે ખાણમાં ભરાવશું. આ પાર્ષદોએ દરબાર શ્રીદાદાખાચરની સેવા અને મારી સેવા ઘણી સારી કરી છે. ॥૧૯॥

તેથી પાર્ષદો માટેની જુવારને ખાણમાં ભરાવશું અને વધશે તો વ્યવહારચતુર દરબાર શ્રીદાદાખાચર દ્વારા બીજે ઠેકાણે પણ રખાવશું. ॥૨૦॥

મારા સ્વરૂપમાં રહેનારા સત્સંગીઓ મારી આજ્ઞાથી સમગ્ર ધર્મવંશીઓની કાયમ ભાળ રાખશે. ॥૨૧॥

तत्राऽवलोक्य विज्ञेयः पद्गानां वित्तसङ्ग्रहः ॥२२॥
न क्वापि त्यागिभिः कार्यो मदीयैर्द्रव्यसङ्ग्रहः ।
सद्भिः कार्यो धनत्यागो बोध्यो लेखो मदाश्रितैः ॥२३॥
रम्याः शतत्रयद्रोणसम्मिता ज्वरिकास्त्वया ।
प्रदेया मत्प्रसक्तेन खन्यां भृत्यै महामते ! ॥२४॥
तेनेत्युक्तः स तं वाक्यं प्राहैवं ज्वरिका हरे ! ।
एतावतीर्हि दास्येऽहं त्वद्दासस्त्वामनुवृतः ॥२५॥
ताभ्योऽधिका ह्यपेक्ष्यास्ते स्युस्ता दास्याम्यहं प्रभो ! ।
स इत्याकर्ण्य तद्वावाक्यं तस्मिन् प्रीतोऽभवद्भृशम् ॥२६॥
तमाश्लिष्याऽथ स प्रीत्या तस्य वक्षस्यधाद्धरिः ।
पादाम्भोजे निजे राजन् ! ध्यायमाने हि योगिभिः ॥२७॥
स प्राहाऽथेति तं वाक्यं रूप्यमुद्राः पदातिभिः ।

લાડુબાને ઘેરથી તત્કાળ હિસાબનો ચોપડો લાવીને તેમાં જુઓ. અને પાર્ષદોએ ધન કેટલુ રાખ્યું છે તે જાણી લો. ॥૨૨॥

મારા આશ્રિત ત્યાગીઓએ ક્યારેય ધન સંગ્રહ કરવો નહિ. મારા આશ્રિત સંતોએ પણ ધનનો ત્યાગ કરવો. અને તેને માટેનો મારો લખેલો લેખ સમજી રાખવો. ॥૨૩॥

પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરને કહ્યું હે મહામતે ! મારા સ્વરૂપમાં મનને રાખનારા આવા તમોએ ખાણમાં ભરવા માટે સારી જુવાર ત્રણ સો દ્રોણ (૧૨૦-મણ) આપવી. ॥૨૪॥

શ્રીહરિએ જ્યારે એમ કહ્યું ત્યારે શ્રીદાદાખાચરે કહ્યું, હે હરે ! હું આપનો આજ્ઞા કારી દાસ છું. જે આપે કહી તે જુવાર હું આપીશ. ॥૨૫॥

હે પ્રભો ! તેનાથી વધારે જરૂર હશે, તો તે પણ આપીશ. શ્રીદાદાખાચરના વચનને સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ॥૨૬॥

હે રાજન્ ! શ્રીહરિ પ્રેમથી તેમને બાહુઓ વચ્ચે લઈને ભેટ્યા અને યોગીઓ પણ જેનું ધ્યાન કરતા હોય છે આવા પોતાના બન્ને ચરણ કમળ તેમની છાતી ઉપર ધારણ કરાવ્યા. ॥૨૭॥

अत्राऽऽनेया द्रुतं सर्वैर्मत्प्रसादाभिकाङ्क्षिभिः ॥२८॥
आनीयाऽथाऽखिलाः पद्गा रूप्यमुद्राः पुरो हरेः ।
सर्वासां रूप्यमुद्राणां तासां राशिं व्यधुर्मुदा ॥२९॥
तत्राऽन्तर्यामितां तस्य येऽजानन्तः पदातयः ।
रूप्यमुद्रा गृहीत्वाऽल्पास्ते हि तत्राऽवतस्थिरे ॥३०॥
ततस्तेभ्यो हरिः सप्तदशभ्यो रूप्यमुद्रिकाः ।
सर्वा निष्कासयाञ्चक्रे सोऽन्तर्यामितया विदन् ॥३१॥
सप्तभिस्तत्र तैर्दत्ता रूप्यमुद्रा हि सर्वशः ।
ताश्चाऽदत्वा दशाऽभूवन् भूपते ! विमुखा हरेः ॥३२॥
तदा सोऽजिज्ञपद्राजन् ! भक्तान् खनयितुं खनिम् ।
त्वत्ताताेऽथेति तं वाक्यं जगाद प्राञ्जलिर्हरिम् ॥३३॥
एतदस्ति धनं सर्वं पद्गानां त्यागिनां हरे ! ।
तस्मादेतेन वित्तेन भोज्या मुन्यादयस्त्वया ॥३४॥

પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરને કહ્યું કે મારી પ્રસન્નતા ચાહનારા સર્વ પાર્ષદો જે રૂપિયા પોતાની પાસે હોય તે તત્કાળ અહીંયાં લઈ આવો. ॥૨૮॥

પછી બધા પાર્ષદોએ રૂપિયા લઈ આવીને પ્રેમથી તેનો ઢગલો શ્રીહરિની આગળના ભાગમાં કર્યો. ॥૨૯॥

તેમાં જે કોઈ પાર્ષદ શ્રીહરિનું અન્તર્યામીપણું પૂરું જાણતા નહિ, તે થોડા રૂપિયા બચાવ્યા અને થોડા લઈને શ્રીહરિની પાસે આવ્યા. ॥૩૦॥

પછી શ્રીહરિએ અન્તર્યામી પણે જાણીને તે સત્તર પાર્ષદો પાસેથી ખાનગી રાખેલા બધા રૂપિયા કઢાવ્યા. ॥૩૧॥

હે ભૂપતે ! તેમાં સાત પાર્ષદોએ બધા જ રૂપિયા આપી દીધા પણ બીજા દસ પાર્ષદોએ બધા રૂપિયા આપ્યા નહિ અને શ્રીહરિથી વિમુખ થયા. ॥૩૨॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાના ભક્તોને જુવાર ભરવા માટે ખાણ ખોદવાની આજ્ઞા કરી. ત્યારે તમારા પિતા શ્રીદાદાખાચરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ॥૩૩॥

હે હરે ! આ બધું ધન ત્યાગી પાર્ષદોનું છે. માટે આ ધનથી તો આપ સંતો

रू प्यमुद्रास्त्वहं सप्तविंशतिप्रशतोन्मिताः ।
प्रदास्ये ज्वरिकायास्ते खनिक्षेपार्थमार्त्तिहन् ! ॥३५॥
यस्मात्त्वदाज्ञया सेवा कृता पद्गैर्हि मे भृशम् ।
मद्राज्यं सुस्थिरीकर्तुं त्यक्त्वा देहसुखं प्रभो ! ॥३६॥
तस्माद्देयं मयैतेभ्यः पदातिभ्यो हितैषिणा ।
अन्नादिकं दयासिन्धो ! वस्तु चैतदपेक्षितम् ॥३७॥
इति श्रुत्वा स तद्वाक्यं प्रसन्नो नितरां हरिः ।
तन्मूर्ध्नि स्वं करं धृत्वा तं प्राहेत्थं शुभं वचः ॥३८॥
अन्नागारेषु ते त्वन्धः पूर्णं स्थास्यति नित्यदा ।
वत्स्यत्येवान्नपूर्णाऽस्मिस्त्वद्दुर्गे देव्यहर्निशम् ॥३९॥
श्रुत्वेत्थं श्रीहरेर्वाक्यं त्वत्तातः प्राप्तमुद्भरः ।
ववन्दे पादयोर्भक्त्या स्वेष्टदेवं तमादृतः ॥४०॥

વગેરેને જમાડજો. ॥૩૪॥

પીડા હરનારા હે હરે ! આ ખાણમાં જુવાર નાખવા માટે ૨૭૦૦/- બે હજારને સાતસો રૂપિયા તો હું આપીશ. ॥૩૫॥

હે પ્રભો ! કારણ કે આપની આજ્ઞાથી આ પાર્ષદોએ મારા રાજ્ય-ગરાસને સ્થિર કરવા માટે દેહ સુખનોત્યાગ કરીને મારી સેવા પણ ઘણી કરી છે. ॥૩૬॥

માટે હે દયાસિંધો ! તેમનું હિત ઈચ્છીને મારે આ બધા પાર્ષદોને અન્ન આદિ જે કાંઇ જીવન જરૂરી વસ્તુ જોઈએ તે આપવી જોઈએ. ॥૩૭॥

શ્રીદાદાખાચરની આવી વાત સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. તેમના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકીને આ રીતે શુભ વચન બોલ્યા કે, ॥૩૮॥

“તમારા અનાજના કોઠારમાં અનાજ હંમેશ ભર્યું રહેશે. તમારા આ દરબાર ગઢમાં દેવી અન્નપૂર્ણા અહર્નિશ અખંડ રહેશે. ॥૩૯॥

શ્રીહરિનું આવું વચન સાંભળીને તમારા પિતા શ્રીદાદાખાચરનું હૃદય આનંદથી ભરાઇ ગયું. પછી તેઓએ આદર સહિત ભક્તિભાવથી પોતાના ઈષ્ટદેવના ચરણમાં વંદન કર્યું. ॥૪૦॥

स्मयन्नथाऽब्रवीदित्थं मर्मवित्सूरपार्षदः ।
अन्नपूर्णास्थितेरस्य महाभाग्यं भविष्यति ॥४१॥
अभिप्रायं ततो जानंस्तद्वाक्यस्यैव स प्रभुः ।
जृम्भमाणस्त्रुटीस्तिस्त्रो वादयामास भूपते ! ॥४२॥
ततस्तस्याननाम्भोजान्महत्प्रादुरभून्महः ।
देवीं तत्राऽन्नपूर्णाख्यां दिव्यां सभ्या व्यलोकयन् ॥४३॥
द्वात्रिंशद्धस्तसंयुक्तां वासोलङ्कारशालिनीम् ।
नानौषध्यर्घ्यसंमिश्रपात्राण्याबिभ्रतीं करैः ॥४४॥
साऽथ नानोपचारैस्तं विचित्रौषधिभिस्तथा ।
पूजयित्वाऽवकीर्येशं प्राञ्जलिः प्राणमन्मुदा ॥४५॥
सा प्राहाथेति तं वाक्यं कास्विदाज्ञास्ति ते प्रभो ।
मामाज्ञापय सर्वात्मन् ! विधास्ये त्वद्विधिं शुभम् ॥४६॥
सोऽतिप्रीतस्तयेत्युक्ते तां प्राहैवं वचो हरिः ।

પછી મર્મને સમજનારા અને બોલનારા પાર્ષદ શ્રીસૂરાખાચર હસતા હસતા બોલ્યા, “અન્નપૂર્ણા કાયમ રહે તો તો આ દાદાનું ઘણું મોટું ભાગ્ય ગણાશે.” ॥૪૧॥

મહાપ્રભુ શ્રીહરિ શ્રીસૂરાખાચરના વચનનો અભિપ્રાય જાણતા હતા. હે ભૂપતે ! શ્રીહરિને બગાસું આવ્યું, ત્યારે તેમણે ત્રણ વખત ચપટી વગાડી. ॥૪૨॥

ત્યારે શ્રીહરિના મુખકમળમાંથી મહાન્ તેજનો સમૂહ પ્રકટ થયો. ત્યારે સભામાં બેઠેલા સહુએ તે તેજની વચ્ચે અન્નપૂર્ણા દેવીને જોયા. ॥૪૩॥

દેવી અન્નપૂર્ણાને બત્રીશ હાથ હતા. વસ્ત્રો અને ઘરેણાંઓથી તે શોભતા હતા. અનેક ઓષધીઓ અને પૂજાના ઉપચારોથી ભરેલા પાત્ર તેમના હાથમાં રાખ્યા હતા. ॥૪૪॥

પછી અન્નપૂર્ણા દેવીએ અનેક પ્રકારના ઉપચારોથી અને વિચિત્ર ઔષધીઓથી શ્રીહરિની પૂજા કરીને વધાવ્યા અને પ્રેમથી બે હાથ જોડીને પ્રણામ કર્યા. ॥૪૫॥

પછી તેમણે કહ્યું હે પ્રભો ! મને શી આજ્ઞા છે ? હે સર્વાત્મન્ ! મને આજ્ઞા કરો. આપની શુભ આજ્ઞા ને હું અનુસરીશ. ॥૪૬॥

सर्वदोत्तमभूपस्य त्वया स्थेयं महानसे ॥४७॥
साऽथ प्रीतेति तस्याऽऽज्ञामोमित्युक्त्वा शिरस्यधात् ।
तं ववन्दे च पञ्चाङ्गं वन्द्यमानं सुरेश्वरैः ॥४८॥
साऽवकीर्याऽथ ते तातं तं नानौषधिभिर्मुदा ।
प्राज्ञं श्रीहरिवद्राजन्नानार्घ्यैरार्हयत्तथा ॥४९॥
इति हरिशुभदर्शनातिहृष्टा कृतहरिपूजनवन्दनाऽन्नपूर्णा ।
नृपतिवर ! तिरोबभूव देवी सदसि निषण्णजनैरवेक्ष्यमाणा ॥५०॥
इति वरहरिदर्शितां स्वभूतिं निशमनगायनपापतापहर्त्रीम् ।
सकलमुनिजनैः प्रगीयमानां मुदमगमन्नितरां विलोक्य भक्ताः ॥५१॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-
माहात्म्ये श्रीहरिप्रदर्शितअन्नपूर्णादेवीस्वरूपादिनिरूपणं नाम एकोन-

તેમનું વચન સાંભળીને શ્રીહરિ અત્યંત રાજી થયા. અને તે અન્નપૂર્ણા દેવીને વચન કહ્યું. "તમારે શ્રીદાદાખાચરના રસોડામાં કાયમ રહેવું." ॥૪૭॥

ત્યારે ખુશી થયેલા તે દેવીએ શ્રીહરિની આજ્ઞાને "બહુ સારું" આમ બોલીને મસ્તકે ધારણ કરી. અને મોટા દેવાધિદેવો પણ જેમને વંદન કરે છે આવા શ્રીહરિને તેમણે પંચાંગ પ્રણામ કર્યા. ॥૪૮॥

હે રાજન્ પછી શ્રીઅન્નપૂર્ણા દેવીએ ઘણા સમજદાર તમારા પિતા શ્રીદાદાખાચરને અનેક ઔષધીઓથી વધાવ્યા અને શ્રીહરિની જેમજ અનેક ઉપચારોથી તેમની પૂજા કરી. ॥૪૯॥

હે રાજવર્ય ! આ પ્રમાણે શ્રીઅન્નપૂર્ણા દેવી શ્રીહરિના દર્શન કરીને ખૂબ જ આનંદિત થયા. તેમણે શ્રીહરિનું પૂજન અને વંદન કર્યા. પછી સભામાં બેઠેલા સહુને દર્શન આપીને તે દેવી અન્નપૂર્ણા તિરોહિત થયા. ॥૫૦॥

શ્રીહરિના આવા ઐશ્વર્ય, કોઇ તેને સાંભળે કે બીજાને કહે, તો તે બન્નેના પાપ અને સંતાપ હરે છે ટાળે છે, સમગ્ર મુનિગણ તે ઐશ્વર્યોનું ગાન કરે છે, આવા શ્રીહરિના ઐશ્વર્યોને દેખીને ભક્તજનો અત્યંત આનંદ પામ્યા. ॥૫૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૧૯ સમાપ્ત

विंशोत्तरशततमोऽध्यायः ॥११९॥

अथ विंशत्युत्तरशततमोऽध्यायः

विंशत्युत्तरगे शततमे प्रोक्तो ग्लहाजिरे ।
धनोपयोगः पद्गानां भुक्तिलीला हरेस्तथा ॥

श्रीचैतन्यानन्द उवाच -
रूप्यमुद्रास्तु याः सप्तविंशतिप्रशतोन्मिताः ।
आसंस्ते जनकस्ताभ्यः सहस्रं रूप्यमुद्रिकाः ॥१॥
मात्रेऽयोध्यप्रसादस्य सुवासिन्यै ददौ मुदा ।
मात्रे ता रघुवीरस्य वरीयस्यै च तावतीः ॥२॥
चतुःशतप्रसङ्ख्याभी रूप्यमुद्राभिरुत्सुकः ।
स प्रादात्तानि वासांसि वर्णिसद्भ्यो महामनाः ॥३॥
शतत्रयप्रसंख्याता स तस्मै रूप्यमुद्रिकाः ।
पाकं कारयितुं प्रादान्मुन्याद्यर्थं मुदाऽन्वितः ॥४॥
अथोद्यतं हरिं गन्तुं प्राहेत्थं तं ग्लहो वचः ।

અધ્યાય-૧૨૦

શ્રીઘેલા ધાધલના દરબારમાં ભોજન લીલા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ત્યાગી પાર્ષદો પાસેથી આવેલા રૂપિયા બે હજાર અને સાત સો હતા. તેમાંથી રૂપિયા એક હજાર તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજના મા સુવાસિની બાઇને રાજી થઇને આપ્યા. અને તેટલાજ (એક હજાર) રૂપિયા શ્રીરઘુવીરજી મહારાજની મા વરિયાળી બાઇને પણ આપ્યા. ॥૧-૨॥

ઉદાર મનના અને ઉત્સાહી શ્રીદાદાખાચરે ચાર સો રૂપિયાના વસ્ત્ર લાવીને બ્રહ્મચારીઓને અને સંતોને આપ્યા. ॥૩॥

પ્રસન્ન મનના શ્રીદાદાખાચરે બાકીના રૂપિયા ત્રણસો સંતો વગેરેને રસોઇ બનાવીને જમાડવા નિમિત્તે શ્રીહરિને આપ્યા. ॥૪॥

પછી શ્રીહરિ ત્યાંથી ઊઠીને ચાલવા તૈયાર થયા ત્યારે શ્રીઘેલા ધાધલે કહ્યું,

स्वामिन् भुक्त्वाऽत्र गन्तव्यं त्वया भक्तार्तिहारिणा ॥५॥
स मुन्यादींस्ततोऽशेषांस्तत्र भोक्तुमजिज्ञपत् ।
ततो गोधूमपिष्टस्य प्रफुल्ला बाटिका व्यधात् ॥६॥
भर्जयित्वा स संस्कृत्य वृन्ताकानि ततो हरिः ।
निवेद्य विष्णवे प्राश्नात्तानि ताश्चाज्यसम्प्लुताः ॥७॥
त्वत्तातमुत्तमक्ष्मेशं ततः सूरं च पार्षदम् ।
स्वीयप्रासादिकं भोज्यं स्वयं दत्वा स चादयत् ॥८॥
तथा सोमं ग्लहं तस्य पुत्रं मानशयाभिधम् ।
आत्मप्रासादिकं भोज्यं भोजयामास स प्रभुः ॥९॥
नित्यानन्दं तथा भोज्यं निजप्रासादिकं हरिः ।
आदयच्च शुकानन्दं राजन् स्वानुव्रतं सदा ॥१०॥
जालुसंज्ञामथ प्रीत्या श्रीहरिर्ग्लहयोषितम् ।
भोज्यं प्रासादिकं स्वीयं प्राशयमास भूपते ! ॥११॥

હે સ્વામિન્ ! ભક્તોની પીડા હરનારા આપે અહીંયાં જમ્યા પછીથી જવાનું છે. ॥૫॥

પછી શ્રીહરિએ બધા સંતો વગેરેને ત્યાં જમવાની આજ્ઞા કરી અને સ્વયં ઘઉંના લોટની સુંદર ફૂલેલી બાટીઓ બનાવી. ॥૬॥

પછી શ્રીહરિએ રીંગણા શેક્યા. તે પછી તેને સાફ કરીને તેને વઘાર્યા. પછી રીંગણાનું ભડથું અને બાટીનો થાળ શ્રીવિષ્ણુભગવાનને ધરાવીને તે ઓળો અને ઘીમાં તરબોળ બાટીઓને જમ્યા. ॥૭॥

તમારા પિતા શ્રીદાદાખાચર અને પાર્ષદ શ્રીસૂરાખાચરને પોતાના થાળની પ્રસાદી આપીને તે બન્નેને જમાડ્યા. ॥૮॥

તે રીતે જ શ્રીસોમલાખાચર, શ્રીઘેલા ધાધલ અને તેના પુત્ર શ્રીમાણસિયા ધાધલને પણ થાળની પ્રસાદી આપીને પ્રભુ શ્રીહરિએ જમાડ્યા. ॥૯॥

હે રાજન્ ! સદ્ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામીને અને નિત્ય પોતાને અનુસરીને રહેનારા શ્રીશુકાનંદ સ્વામીને પણ પોતાની પ્રસાદી આપીને જમાડ્યા. ॥૧૦॥

હે ભૂપતે ! શ્રીઘેલા ધાધલના પત્ની જાલુબા નામે હતા. તેમને પણ શ્રીહરિએ પ્રેમથી થાળની પ્રસાદી મોકલાવી. ને જમાડ્યા. ॥૧૧॥

तत्सुतायै तथा देव्यै ज्येष्ठाख्यायै च स प्रभुः ।
जानादिभ्यो मुदा प्रादाद्भोज्यं प्रासादिकं निजम् ॥१२॥
स प्राहाथेति तं वाक्यं नर्मयुक्तं हरिर्ग्लहम् ।
एको न भुक्तवान् धीमन् मुकुन्दानन्दवर्णिराट् ॥१३॥
इत्थं प्रोचेऽथ तं वाक्यं प्रेष्ठं स श्रीहरिं ग्लहः ।
निकेतनं हि मे स्वामिन् ! वर्ततेऽस्यैव वर्णिनः ॥१४॥
नावश्यकं ततस्त्वस्मिन् मद्गेहे चास्य भोजनम् ।
भोक्ष्यतेऽसौ मुहुर्गेहे मदीयेऽस्मिन् दयानिधे ! ॥१५॥
स प्राहाथेति तं वाक्यं मन्दहासोल्लसन्मुखः ।
एतेन खण्डिता युक्त्या भुक्तिरेतस्य वर्णिनः ॥१६॥
तस्य पत्नी ततः पिष्टं बह्वाज्यं सद्गुडं तथा ।
हरेरग्रे न्यधात्प्रीत्या क्षीरपूर्णं घटं तथा ॥१७॥
मिश्रयित्वा ततः पिष्टे प्राज्यमाज्यं गुडं तथा ।

તેમના દીકરી દેવી બાઇ, જેઠીબાઇ અને જાનબાઇ આદિ બધા બહેનોને પ્રભુ શ્રીહરિએ પોતાના થાળની પ્રસાદી રાજીપે આપી. ॥૧૨॥

પછી શ્રીહરિએ શ્રીઘેલાધાધલને રમૂજ કરતા કહ્યું કે હે ધીમન્ ! હવે વર્ણિરાજ શ્રીમુકુંદાનંદજી એક જ જમ્યા વિનાના બાકી રહી ગયા છે. ॥૧૩॥

ત્યારે શ્રીઘેલા ધાધલે પોતાના પરમ પ્રિય શ્રીહરિને આવું વચન કહ્યું, હે સ્વામિન્ ! મારું ઘર તો આ વર્ણિરાજ નું જ છે. ॥૧૪॥

હે દયાનિધે ! તેથી તેમને અત્યારે આ ઘરે જમવું જ પડે, એવું આવશ્યક નથી. એ તો આ મારે ઘરે વારંવાર જમશે જ. ॥૧૫॥

મધુર મંદ હાસ્યથી શ્રીહરિનું મુખારવિંદ શોભતું હતું અને એમ બોલ્યા કે આમ કહીને તો તમે શ્રીમુકુંદાનંદવર્ણીનું જમવાનું ટાળ્યું. ॥૧૬॥

તે સમયે શ્રીઘેલાધાધલના પત્ની જાલુબાએ ઘઉંનો લોટ, પુષ્પળ ઘી, અને સુંદર ગોળ શ્રીહરિની આગળ પ્રેમથી મૂકાવ્યા અને દૂધનું ભરેલું મોટું બોઘરણું પણ મૂક્યું. ॥૧૭॥

હે રાજન્ ! તે ઘઉંના લોટ (ના ચૂરમા) માં પુષ્કળ ઘી ગોળ મેળવીને તેના

कृत्वा तन्मोदकान् किञ्चिद्धरिर्भुङ्क्ते स्म भूपते ! ॥१८॥
ततस्तान्मोदकान् स्निग्धं मुकुन्दानन्दवर्णिनम् ।
प्राशयत्स ततस्त्वेकं सोऽरक्षन्मोदकं व्रती ॥१९॥
श्रीहरिस्तं ततोऽप्राक्षीदित्थं कस्मै त्वया त्वसौ ।
मोदको रक्षितो वाक्यं तमित्याहाऽथ स प्रभुम् ॥२०॥
मोदकोऽसौ मया स्वामिन् ! वैकुण्ठानन्दवर्णिने ।
रक्षितः स ततः प्रादत्तस्मै तान् मोदकान् बहून् ॥२१॥
मुकुन्दानन्दवर्णीन्द्रं भूरिक्षीरं हरिस्ततः ।
सोऽपाययत्तथा प्रीत्या वैकुन्ठानन्दवर्णिनम् ॥२२॥
सोऽवशिष्टमथ क्षीरं वैकुण्ठानन्दवर्णिनः ।
सस्मेरो मस्तके प्रेम्णा न्यषिञ्चद्धारया नृप ! ॥२३॥
स प्राहाऽथेति तातं ते सुधासारं हरिर्वचः ।
उत्तमक्ष्मापते ! लुब्धो मातुलो वै तवास्त्यसौ ॥२४॥
अत्युदारमना राजंस्तवासावस्ति मातुली ।

લાડુ બનાવ્યા. અને તેમાંથી શ્રીહરિ થોડું જમ્યા. ॥૧૮॥

શ્રીહરિએ તે લાડુ હેતવાળા સેવક શ્રીમુકુંદાનંદ વર્ણીને જમાડ્યા. વ્રત રાખનારા વર્ણીએ તેમાંથી એક લાડુ અલગ રાખ્યો. ॥૧૯॥

ત્યારે શ્રીહરિએ વર્ણીને પૂછ્યું, "આ લાડુ કોને માટે રાખ્યો છે ?" ત્યારે વર્ણી કહે "હે સ્વામિન્ ! આ લાડુ તો મેં વૈકુંઠાનંદ વર્ણીને માટે રાખ્યો છે. ત્યારે શ્રીહરિએ તે મુકુંદાનંદ વર્ણીને બીજા ઘણા લાડુ આપ્યા. ॥૨૦-૨૧॥

પછી શ્રીહરિએ શ્રીમુકુંદાનંદ વર્ણીને રાજી થઈને ઘણું દૂધ પાયું. તેમજ શ્રીવૈકુંઠાનંદ વર્ણીને પણ ઘણું દૂધ પાયું. ॥૨૨॥

હે નૃપ ! દૂધ પીતા જે વધ્યું હતું તેને શ્રીહરિએ હસતા હસતા પ્રેમથી શ્રીવૈકુંઠાનંદ વર્ણીના મસ્તક ઉપર ધાર કરીને રેડી દીધું. ॥૨૩॥

પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરની આગળ અમૃત જેવું મધુર વચન બોલતા કહ્યું, હે દરબાર ! આ તમારા મામા શ્રીઘેલા ધાધલ બહુ લોભિયા છે. ॥૨૪॥

હે રાજન્ ! આ તમારા મામી જાલુબા છે તે ઘણા ઉદારદિલના છે. તે

तेनेत्युक्ते तमित्यूचे ततस्त्वत्तातमातुलः ॥२५॥
अस्मि स्वामिन्नुदारोऽहं त्वत्प्रतापेन तेऽनुगः ।
उदारा स्याद्यदैतस्य मातुल्युत्तमभूभुजः ॥२६॥
तदा वसंन्तपञ्चम्यामल्पकालेन वै प्रभो ! ।
मुन्यादिभ्यो मया देया वर्तन्ते पाकसंविधाः ॥२७॥
औदार्यस्य तदैतस्याः परीक्षैव भविष्यति ।
तं तत्पत्नी ततो वाक्यं प्राहैवं श्रीहरिं मुदा ॥२८॥
हरे ! प्रोक्तं यदेतेन युक्तं मत्स्वामिना वचः ।
तन्महाराज ! नाऽसत्यं तथ्यं पथ्यं हि वर्तते ॥२९॥
सत्यस्याऽवसरे भूमन्नसत्यस्य तथाङ्गिनः ।
परीक्षा क्रियते प्राज्ञैर्जनैर्नूनं न चान्यथा ॥३०॥
तदुदितमिति स प्रभुर्मनोज्ञं वचनमशेषजनाशयैकवेत्ता ।
मुदमतिशयिनीं जगाम राजन्निजचरणाश्रितवत्सलो दयालुः ॥३१॥

સાંભળીને શ્રીઘેલા ધાધલે શ્રીહરિને કહ્યું, ॥૨૫॥

હે સ્વામિન્ ! આપનો અનુયાયી હું તો આપના પ્રભાવથી ઉદાર મનનો જ છું. જો આ શ્રીદાદાખાચરના મામી ઉદાર દિલના હશે તો હે પ્રભો ! હમણાં થોડા દિવસોમાં જ વસંત પંચમી આવશે અને તે સમયે બધા સંતોને મારે રસોઈનું સીધું આપવું છે. ॥૨૬-૨૭॥

તે વખતે તેમની ઉદારતાની પરીક્ષા થશે. ત્યારે તેમના પત્ની જાલુબાએ રાજી થઈને શ્રીહરિને કહ્યું. ॥૨૮॥

હે હરે ! આ મારા પતિએ જે વાત કહી તે યોગ્ય જ કહી છે. હે મહારાજ ! તેમની વાત ખોટી નથી, પણ તે સાચી વાત કહી છે અને હિતકારી છે. ॥૨૯॥

હે ભૂમન્ ! ડાહ્યા માણસો, સાચા ખોટા માણસની પરીક્ષા તો યોગ્ય અવસરે જ કરે છે, યોગ્ય અવસર વિના ચોક્કસ પરીક્ષા થતી નથી. ॥૩૦॥

પ્રભુ શ્રીહરિ તો મનુષ્ય માત્રના આશયને જાણનારા છે, પોતાના ભક્તોના ઉપર વાત્સલ્યભાવ રાખનારા છે અને દયાળુ છે. તે જાલુબાનું આ રીતનું મનોહર વચન સાંભળીને અત્યંત રાજી થયા. ॥૩૧॥

हरिरथ निजपार्षदैरुपेतो रुचिरतरो जनताविलोक्यमानः ।
चरणरणितपादुकातिशाली ललितमुपागमदक्षराख्यसौधम् ॥३२॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये ग्लहाख्यभक्तकृतश्रीहरितर्पणादिनिरूपणं नाम विंशत्युत्तरशततमोध्यायः ॥१२०॥

अथैकविंशत्युत्तरशततमोऽध्यायः

एकविंशत्युत्तरेऽस्मिन् शततमे कथा हरेः ।
शुष्कवृन्ताककर्कोटशिग्रुशाकाशनस्य च ॥

श्रीचैतन्यानन्द उवाच –
ततः सोऽचीखनत्पद्गैः श्रीहरिर्ज्वरिकाखनिम् ।
भारयामास भूयिष्ठां तत्र तैर्ज्वरिकां ततः ॥१॥
तदा पश्चिमदिग्द्वारगर्भागारस्य याऽभवत् ।
बहिःशाला भवत्तातमातुलस्याऽतिराजिता ॥२॥

શ્રીહરિનું સ્વરૂપ ઘણું સોહામણું હતું, ચારે બાજુ લોકો ભાવનાથી તેમના દર્શન કરતા હતા. ત્યારે શ્રીઘેલા ધાધલના ઘેરથી પાર્ષદોની સાથે ચાલ્યા. ચરણોમાં પહેરેલી ચાખડીઓના ચટાક, ચટાક, આવા અવાજની સુંદર શોભા હતી અને શ્રીહરિ સુંદર અક્ષરભવને (અક્ષર ઓરડીએ) પધાર્યા. ॥૩૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૦ સમાપ્ત

અધ્યાય-૧૨૧

મહાભારતની કથા અને સૂકવણીનું શાક વગેરે

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, પછી શ્રીહરિએ પાર્ષદોની પાસે જુવારની ખાણ ખોદાવી અને તેમની પાસે તે ખાણમાં ઘણી જુવાર ભરાવી. ॥૧॥

તે સમયે શ્રીઘેલા ધાધલના આથમણા બારના ઓરડાની જે સુંદર ઓસરી હતી. ॥૨॥

महापट्टाऽऽसने तस्यां कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदत् संयुते प्रातर्हरिर्मासद्वयं मुदा ॥३॥
तत्र सोऽवाचयद्रम्यां श्रीहरिर्भारतीं कथाम् ।
नित्यानन्देन सञ्जेत्रा मासयुग्मं विपश्चिताम् ॥४॥
तदा जालाख्यया पत्न्या सार्द्धं मासद्वयं ग्लहः ।
माहिष्यं क्वथितं क्षीरं तं सिताढ्यं न्यपाययत् ॥५॥
तर्हि चाञ्जुभयप्रत्तं शुष्कवृन्ताकशिग्रुकम् ।
हरिर्मासद्वयं प्राश्नाद्वार्जरं रोटकं तथा ॥६॥
नित्यानन्दाय सोऽजस्रं तदा प्रादान्मुदा हरिः ।
स्वीयप्रासादिकं भोज्यं दुर्लभं चापि तापसैः ॥७॥
मध्याह्ने तत्र सोऽस्वाप्सीत् पश्चिमे प्रहरे हरिः ।
तथा तस्मिन् वरे कूपे सर्वदा स्नानमाचरत् ॥८॥
आदिनान्तं ततो राजन् ! नित्यानन्देन स प्रभुः ।

તેમાં એક મોટી પાટ ગોઠવી હતી. તેના ઉપર સુંવાળા ગાદી તકિયા મૂકીને સુંદર આસન તૈયાર કર્યું હતું. શ્રીહરિ બે માસ સુધી સવારના પહોરમાં આવીને ત્યાં વિરાજમાન થતા હતા. ॥૩॥

ત્યાં શ્રીહરિએ બે માસ સુધી સુંદર મહાભારતની કથા વિદ્વત્સભાના વિજેતા શ્રીનિત્યાનંદ સ્વામી પાસે વંચાવી હતી. ॥૪॥

તે સમયે જાલુબા નામે પત્નીએ સહિત શ્રીઘેલા ધાધલે શ્રીહરિને સાકર નાંખીને ઉકાળેલું ભેંશનું દૂધ બે મહિના સુધી પાયું હતું. ॥૫॥

ત્યારે અંજુભાઇ પટેલ રીંગણાની સુકવણી તથા સરગવાની ફળીઓ લાવી આપતા, શ્રીહરિ તેનું શાક અને બાજરાનો રોટલો બે માસ જમ્યા હતા. ॥૬॥

તે દિવસોમાં શ્રીહરિ તપસ્વીઓને પણ ન મળે તેવી પોતાના થાળની પ્રસાદી રાજી થઇને શ્રીનિત્યાનંદ સ્વામીને રોજ આપતા હતા. ॥૭॥

શ્રીહરિ ત્યાં બપોર પછીના પહોરમાં સૂતા હતા અને શ્રેષ્ઠ કૂવા કાંઠે હંમેશ સ્નાન કરતા હતા. ॥૮॥

હે રાજન્ ! પછી શ્રીહરિ શ્રીનિત્યાનંદ સ્વામી પાસે સાંજ સુધી શુભ

भारतीयां कथां भद्रां वाचयामास सादरम् ॥९॥
खन्यां सुज्वरिकायां तु न्यस्तास्ताः पत्तिभिर्हरिः ।
निष्कास्य खलु पद्गेभ्यः स्वहस्तेनाऽनिशं ददौ ॥१०॥
स तेषां वक्षसि प्रीत्या न्यधात्स्वीयाङ्घ्रिपङ्कजे ।
श्रीहरिस्तेष्वतिप्रीतः स्वाज्ञापालनकारिषु ॥११॥
माल्यानां गलसंज्ञानां हारं मानशयो हरिम् ।
सायं मासद्वयं प्रीत्या धारयामास नित्यदा ॥१२॥
श्रीहरिर्मस्तके तस्य स्वहस्ताब्जं न्यधान्मुदा ।
बबन्धुर्मस्तकं पद्गास्ततस्तज्ज्वरिकाखनेः ॥१३॥
तत्राऽथ श्रीहरिर्मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदत् संयुते रम्ये प्रेक्ष्यमाणो निजाश्रितैः ॥१४॥
पदातींस्तांस्ततो राजन् प्रीत्या पर्यस्वजद्धरिः ।
तेषां वक्षस्यधात् स्वीये पावने पादपङ्कजे ॥१५॥

મહાભારતની કથા આદરે સહિત વંચાવતા હતા. ॥૯॥

ત્યાં પાર્ષદોએ ખાણમાં જુવાર ભરી હતી. શ્રીહરિ તેને કઢાવીને પોતાને હાથે પાર્ષદોને રોજ આપતા હતા. ॥૧૦॥

પોતાની આજ્ઞાનું પાલન કરનારા પાર્ષદોના ઉપર શ્રીહરિ અત્યન્ત પ્રસન્ન રહેતા હતા. પાર્ષદોની છાતી ઉપર પોતાના ચરણારવિંદ આપતા હતા. ॥૧૧॥

શ્રીઘેલા ધાધલના પુત્ર માણસિયા ધાધલ હતા. તે રોજ બે માસ સુધી ગલગોટાના ફૂલ લાવી, તેના હાર કરતા અને સાંજે પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ॥૧૨॥

શ્રીહરિ રાજી થઈને તેના માથે પોતાનો કરકમળ મૂકતા હતા. પછી પાર્ષદોએ જુવારની ખાણનું મથાળું બાંધ્યું, પાકું કર્યું. ॥૧૩॥

પછી ખાણ ઉપર મંચ ગોઠવીને સુંવાળા ગાદી તકિયા મૂકેલા તે સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થતા અને ભક્તજનો ચોતરફથી દર્શન કરતા હતા. ॥૧૪॥

હે રાજન્ ! પછી શ્રીહરિ બધા પાર્ષદોને બાથમાં લઈને ભેટ્યા હતા, અને

प्राहाऽथाऽञ्जुभयो भक्तः श्रीहरिं चेत्युदारधीः ।
स्वामिन् भूरीणि वर्तन्ते शुष्ककर्कोटकानि मे ॥१६॥
तस्मात्तेषां त्वया शाको भक्षणीयो निरन्तरम् ।
इत्थं श्रुत्वा स तद्वाक्यं तं प्राहेत्थं स्मितानन: ॥१७॥
वित्तं त्वत्सन्निधौ धीमन् ! साम्प्रतं वर्तते न वा ।
स प्राहाथेति तं वाचं प्राञ्जलिः प्रश्रयानतः ॥१८॥
रूप्यमुद्रा ननु स्वामिन् वर्तन्ते नाऽन्तिकेऽद्य मे ।
मनोहृद्दाससंज्ञस्य भागिनेयस्य सन्ति मे ॥१९॥
तस्य साधुप्रमुख्येभ्यस्ताभिः पाकस्य संविधाः ।
प्रदेयाः सन्त्यथैवं ते प्राह वाक्यं शुभं हरिः ॥२०॥
किं भोक्ष्यते स मद्भक्तो दत्त्वा पाकीयसंविधाः ।
श्रीहरिं प्राञ्जलिर्नम्रस्तं प्राहैवं वचो मुदा ॥२१॥
साम्प्रतं साधुना भाव्यं मया त्वत्प्रीणनैषिणा ।

તેમની છાતીમાં પોતાના પવિત્ર ચરણકમળ ચાંપ્યા હતા. ॥૧૫॥

એક દિવસ ઉદારભાવનાવાળા ભક્ત શ્રીઅંજુપટેલે શ્રીહરિને કહ્યું, હે સ્વામિન્ ! મારી પાસે કંકોડાની સુકવણી રાખેલી છે. ॥૧૬॥

માટે તેનું શાક નિરંતર કરાવીને આપ જમો. આમ તેની વાત સાંભળીને શ્રીહરિએ હસતે મુખે તેને કહ્યું. ॥૧૭॥

હે ધીમન્ ! અત્યારે તમારી પાસે રૂપિયા છે કે નહિ ? ત્યારે તેણે વિનય અને નમ્રભાવે હાથ જોડીને કહ્યું. ।૧૮॥

હે સ્વામિન્ ! આજે મારી પાસે રૂપિયા નથી, પણ મારા ભાણેજ મનોહરદાસની પાસે છે. ॥૧૯॥

તેને મોટેરા સંતોને રસોઈ માટે સીધાનો સામાન આપવો છે. ત્યારે શ્રીહરિએ તે અંજુ ભક્તને આવું શુભ વચન કહ્યું. ॥૨૦॥

તે મારો ભક્ત તે રૂપિયાનું સીધું આપશે તો પછી ખાશે શું ? ત્યારે અંજુ ભક્તે હાથ જોડીને પ્રેમ સહિત નમ્રતાથી કહ્યું. ॥૨૧॥

આપની પ્રસન્નતા મેળવવા માટે હવે મારે સાધુ થાવું છે. માટે હે સ્વામિન્

तस्मात्त्वं दयया स्वामिन् ! साधुं मां कर्तुमर्हसि ॥२२॥
प्राहाथैवं हरिर्वाक्यं तं साधुर्भवितुं यदा ।
चेद्वाञ्छा ते तदाऽप्यल्पं वित्तं रक्ष्यं नहि त्वया ॥२३॥
अद्याऽऽनेयास्त्वया सर्वाः सन्मते ! रू प्यमुद्रिकाः ।
ततः सद्रूप्यमुद्राणां ह्यग्रे राशिं व्यधाद्धरेः ॥२४॥
शाकेऽथाऽपेक्षिता राजन् ! घृताद्याः संविधा हरिः ।
आनाययन्निजैर्भक्तैः सर्वकार्यविचक्षणः ॥२५॥
शुष्ककर्कोटकौघानां बह्वाज्येन व्यधाद्धरिः ।
संस्कृत्याऽजाजिमुख्यैश्च वेषवा समक्षिपत् ॥२६॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्तदर्थे पोलिका व्यधात् ।
मुन्याद्यर्थं तथा विप्राश्चक्रिरे पोलिकादिकम् ॥२७॥
तेनाऽथाऽभुक्त शाकेन हरिः पोलीर्घृताप्लुताः ।
परिवेष्याऽथ शाकं तत् मुन्यादीन् स व्यतीतृपत् ॥२८॥

! દયા કરીને મને દીક્ષા આપીને સાધુ કરો. ॥૨૨॥

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, જો તમારે સાધુ થવાની ઇચ્છા હોય તો પછી તમારે થોડું એ ધન રખાશે નહિ. ॥૨૩॥

હે સન્મતે ! તેથી તમે બધા જ રૂપિયા અહીં લઇ આવો. ત્યાર પછી અંજુ પટેલે જે રૂપિયા હતા તે લાવીને શ્રીહરિની આગળ ઢગલો કર્યો. ॥૨૪॥

હે રાજન્ ! પછી સર્વકાર્યોમાં કુશળ શ્રીહરિએ શાકમાં જોઇતા હતા તે ઘી અને અન્ય સીધું સામાન પોતાના ભક્તોને મોકલીને મગાવી લીધા. ॥૨૫॥

કંકોડાની સુકવણીનું શાક પુષ્કળ ઘી નાખીને બનાવ્યું, જીરૂં વગેરેથી વઘાર કર્યો અને તેમાં સારો મસાલો નાખ્યો. ॥૨૬॥

શ્રીમુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને માટે પોળીઓ (સારી રીતે ઘી ચોપડેલી કૂણી રોટલી) બનાવી. અને સંતો વગેરેને માટે બ્રાહ્મણોએ પોળી વગેરે બનાવ્યું. ॥૨૭॥

પછી શ્રીહરિ તે શાકની સાથે ઘી નીતરતી પોળીઓ જમ્યા. અને પછી સંતો વગેરેને તે શાક અને બીજા ભોજન પિરસાવી-પીરસીને તૃપ્ત કર્યા. ॥૨૮॥

मनोहृद्दाससंज्ञाय तद्वच्चाञ्जुभयाय सः ।
शाकाद्यं श्रीहरिः प्रादात् स्वीयप्रासादिकं मुदा ॥२९॥
तत्स माधवदासाय दत्त्वा कोऽसाविति प्रभुः ।
सोऽपृच्छत्तमथेत्यूचे मनोहृद्दाससंज्ञितः ॥३०॥
स्वामिन् ! माधवदासाख्यो भागिनेयोऽयमस्ति मे ।
साधुर्वै भवितुं वाञ्छा वर्तते त्वस्य सत्पते ! ॥३१॥
स्थितस्तत्रेत्यथाऽवोचद् गोपालानन्दसद्गुरुः ।
वर्ततेऽस्य वयो बाल्यं साधुर्न स्यादसौ ततः ॥३२॥
ततस्तं श्रीहरिर्वाक्यं प्राहेत्थं मुनिपुङ्गवम् ।
त्वदीये चोपयोगेऽसावागमिष्यति सर्वथा ॥३३॥
असौ प्राचीनसंस्कारो वर्तते बुद्धिमत्तरः ।
रक्षणीयस्ततोऽयं ते सदा सद्वर्य ! सन्निधौ ॥३४॥
हरिः सोऽथ ग्लहं भक्तं तत्कुटुम्बं तथाऽखिलम् ।
स्वप्रासादिकशाकाद्यं भोजयित्वा व्यतर्पयत् ॥३५॥

શ્રીમનોહરદાસને તથા અંજુ પટેલને શ્રીહરિએ રાજી થઇને પોતાની પ્રસાદીરૂપ શાક વગેરે આપ્યું. ॥૨૯॥

શ્રીહરિએ શ્રીમાધવદાસને પણ પોતાની પ્રસાદી આપી, અને પૂછ્યું કે આ કોણ છે ? ત્યારે શ્રીમનોહરદાએ કહ્યું. ॥૩૦॥

હે સ્વામિન્ ! માધવદાસ મારો ભાણેજ છે. હે સત્પતે ! આને સાધુ થવાની ઇચ્છા છે. ॥૩૧॥

ત્યારે ત્યાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી ઊભા હતા. તેમણે કહ્યું કે આ માધવદાસ તો ઘણી નાની ઉમરના છે. તેથી તેને સાધુ ન કરાય. ॥૩૨॥

ત્યારે શ્રીહરિએ મુનિવર્ય શ્રીગોપાળાનંદ સ્વામીને કહ્યું, આ બધી રીતે તમારા ઉપયોગી બનશે. ॥૩૩॥

હે મુનિવર્ય ! આ પૂર્વના સંસ્કારી છે તથા સારી બુદ્ધિવાળા છે, માટે આને તમે કાયમ તમારી પાસે જ રાખજો. ॥૩૪॥

પછી શ્રીહરિએ ભક્ત શ્રીઘેલા ધાધલને અને તેના આખા કુટુંબને પોતાના

तस्मै माधवदासोऽदात् त्रयस्त्रिंशन्मितास्ततः ।
रूप्यमुद्रास्ततः प्रीतो वाक्यमित्यब्रवीद्धरिः ॥३६॥
एतासामुपयोगो मे मुद्रिकाणां भविष्यति ।
अत्रैकान्ते विधाप्या मे सुन्दरा भारती कथा ॥३७॥
तस्मात् समाप्तिपर्यन्तं तत्कथाया निरन्तरम् ।
क्षीरं सच्छर्करोपेतं पाययिष्यामि वाचकम् ॥३८॥
तत्समाप्तौ हि जातायां विधास्येऽहं व्ययं शुभम् ।
तासां सद्रूप्यमुद्राणां समग्राणां हितावहम् ॥३९॥
पीयूषोदारमाधुर्यं श्रुत्वेत्थं श्रीहरेर्वचः ।
तापपापाऽपहृत् पुण्यं भक्ता मोदं प्रपेदिरे ॥४०॥
इत्थं निजाश्रितजनान् हरिरात्मतन्त्रो नीत्वा सुखं पुरुतरं रमणीयरूपः ।
स्वैः पार्षदैरभिवृतो जनवीक्ष्यमाणः,
स्वावासमक्षरसमाह्वयसौधमायात् ॥४१॥

પ્રસાદીરૂપ શાક આદિ જમાડીને તૃપ્ત કર્યા. ॥૩૫॥

પછી શ્રીમાધવદાસે શ્રીહરિને તેત્રીશ રૂપિયા ભેટ આપ્યા. ત્યારે રાજી થઈને શ્રીહરિ બોલ્યા. ॥૩૬॥

આ રૂપિયાનો મારે માટે ઉપયોગ થશે, વપરાશે. અહીં એકાંતમાં મારે સુંદર મહાભારતની કથા કરાવવી છે. ॥૩૭॥

માટે કથા સમાપ્ત થાય ત્યાં સુધી તેટલા દિવસ નિરંતર સાકર નાંખેલું દૂધ કથાના વક્તાને પાઈશું. ॥૩૮॥

કથાની સમાપ્તિ થશે ત્યારે પણ બધા જ રૂપિયાનો હિતકારી શુભ સદ્વ્યય કરીશ. ॥૩૯॥

શ્રીહરિનું વચન અમૃત કરતાં પણ વધારે મધુર હતું અને અનેક સંતાપ અને પાપોને નાશ કરનારું પવિત્ર હતું. તે સાંભળીને સહુ ભક્તો અત્યંત રાજી થયા. ॥૪૦॥

અતિભવ્યમૂર્તિ અને સ્વતંત્ર શ્રીહરિએ આ પ્રમાણે પોતાના ભક્તોને અપાર સુખ આપ્યું. ચારે બાજુ ભક્તો દર્શન કરતા હોય અને ભક્તોની વચ્ચે ચાલ્યા જતા

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरितिर्पणादिवर्णनं नाम एकविंशत्युत्तरशततमोऽध्यायः ॥१२१॥

अथ द्वाविंशत्युत्तरशततमोऽध्यायः

द्वाविंशत्यधिके शततमे मक्कयभोजनम् ।
रोषो रामप्रतापस्य शान्तः श्रीहरिणा कृतः ॥

श्रीचैतन्यानन्द उवाच -
राजन्नथैकदा प्रातर्गेहस्याऽऽयाद्धरिर्मुदा ।
पार्षदाद्यैर्वृतो गेहचतुष्कं विस्तृतं समम् ॥१॥
कूपस्याथोपरि श्रीमान्निषद्याऽस्नाद्धरिर्नृप ! ।
अथ श्वेतानि वासांसि दधार स्वीयविग्रहे ॥२॥
प्रतीचीद्वारसंराजद्गर्भागारस्य स प्रभुः ।
उपाविशद्धहिर्वेद्यामासने तूलिकान्विते ॥३॥

શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને અક્ષરભવને પધાર્યા. ॥૪૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૧ સમાપ્ત

અધ્યાય-૧૨૨

શ્રીઘેલાધાધલને ઘેર મકાઇ ડોડા જમ્યા અને શ્રીરામપ્રતાપજીનો રોષ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક દિવસ શ્રીહરિ સવારના પહોરમાં પ્રસન્ન મનથી શ્રીઘેલા ધાધલના ઘરના વિશાળ અને સમતળ ચોકમાં પધાર્યા. પાર્ષદો આદિ સહુ સાથે હતા. ॥૧॥

હે નૃપ ! કૂવાના થાળામાં બેસીને શ્રીહરિએ સ્નાન કર્યું. પછી પોતાના શરીરે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. ॥૨॥

આથમણા બારના સુશોભિત ઓરડાની ઓસરીમાં ગાદી તકિયો બિછાવેલા આસન ઉપર વિરાજ્યા. ॥૩॥

ग्लहोऽथाञ्जुभयो भक्तो राजन् मानशयस्तथा ।
आनयन् श्रीहरेः पार्श्वे चारु मक्कयकुड्मलान् ॥४॥
तेऽथ तानार्पयंस्तस्मै भूपते ! नूत्नकोमलान् ।
स विलोक्याऽथ तांस्तेषां प्रशंसां श्रीहरिर्व्यधात् ॥५॥
हेरग्रेऽथ तत्पत्नी न्यधाद्धैयंगवान्वितम् ।
वेषवाराऽऽभृतं चान्यत्पात्रमुत्कण्ठमानसा ॥६॥
स प्राहैवं ततो वाक्यं मुक्तानन्दं त्वया त्विमे ।
सम्भर्ज्य कुड्मलाः कार्या वेषवारविमिश्रिताः ॥७॥
तथा कृत्वाऽथ तान् प्रीत्या मुक्तानन्दो हरिप्रियः ।
तस्यामत्राऽऽभृतानग्रे न्यधात्सोऽभुक्त तांस्ततः ॥८॥
स प्राहाथेति चैतेषां कुड्मलानां हि वर्तते ।
स्वादोऽपेक्ष्यो वरो भूयान् ब्रह्मणा स्वादवेदिना ॥९॥
निशम्यैवं हरेर्वाचं प्राहेत्थं सूरपार्षदः ।

હે રાજન્ ! ત્યાં શ્રીઘેલાધાધલ, શ્રીઅંજુભક્ત અને શ્રીમાણસિયા ધાધલ, શ્રીહરિની પાસે મકાઇના સારા ડોડા લાવ્યા. ॥૪॥

તેમાંથી સારા કૂંણાં કૂંણાં તાજા ડોડા વીંણીને શ્રીહરિને આપ્યા. તે જોઇને તેમણે વખાણ્યા. ॥૫॥

ઉત્સાહી મનના જાલુબાએ શ્રીહરિની આગળ તાજા માખણ સાથે બધી જાતના મસાલા અને એક સારું વાસણ પણ મૂક્યું. ॥૬॥

પછી શ્રીહરિએ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીને કહ્યું, તમે આ મકાઇ ડોડાને શેકો અને પછી તેના દાણામાં મસાલા નાખો. ॥૭॥

શ્રીહરિ જેમને વહાલા હતા અથવા શ્રીહરિના વહાલા શ્રીમુક્તાનંદ સ્વામીએ મકાઇ ડોડા શેકી, તેના દાણામાં મસાલા ચઢાવી વાસણમાં ભર્યા અને શ્રીહરિની આગળ મૂક્યા. પછી શ્રીહરિ તે મસાલેદાર મકાઇદાણા જમ્યા. ॥૮॥

મકાઇ દાણા જમતા જમતા શ્રીહરિ બોલ્યા, ''આ ડોડા તો એટલા મીઠા છે કે સ્વાદને પારખનારા બ્રહ્મા પણ આવા ડોડાને ખાવાની ઇચ્છા રાખે.'' ॥૯॥

શ્રીહરિની વાત સાંભળીને પાર્ષદ શ્રીસૂરાખાચરે નર્મ વાક્યોના મર્મને

ब्रह्मानन्दं मुनिश्रेष्ठं नर्मवाक्यविदां वरम् ॥१०॥
धीमन् ! ब्रह्माऽपि न प्राप्तः कुड्मलं सारमीदृशम् ।
इत्युक्त्वा सोऽहसत्सार्द्धं ब्रह्मानन्देन सद्धिया ॥११॥
हरिः प्राहेत्यथ प्रीत्या तौ स्वात्यासक्तमानसौ ।
सुस्वादः कुड्मलस्याऽस्य भूयानस्तीति गम्यताम् ॥१२॥
स इत्युक्त्वाऽदिशद्रम्यं निजप्रासादिकं हरिः ।
कुड्मलं सूरसंज्ञाय पार्षदायानुवर्तिने ॥१३॥
ततोऽपतत्स तद्धस्तात्कुड्मलोऽभूद्व्यथा तथा ।
उद्गते चाक्षिणी तस्य मूर्छां प्राप्तवतो नृप ! ॥१४॥
इत्थं विमूर्छितं राजन् दृष्ट्वा तं विस्मृताऽऽकृतिम् ।
भक्तानानन्दयन् स्वीयान् हास्यं चक्रे भृशं हरिः ॥१५॥
आभाष्याऽथोच्चकैर्भक्तं श्रीहरिस्तं सदाशयम् ।
प्राप्तदेहानुसन्धानं राजन् ! स्वीयौजसाऽकरोत् ॥१६॥

જાણનારા શ્રીબ્રહ્માનંદ સ્વામીને કહ્યું, ॥૧૦॥

''હે ધીમન્ ! આટલો સરસ ડોડો તો બ્રહ્માનેય મળ્યો નથી.'' અને બ્રહ્માનંદ સ્વામીની સાથે શ્રીસૂરાખાચર હસવા લાગ્યા. ॥૧૧॥

શ્રીસૂરાખાચર અને શ્રીબ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિમાં ઘણું હેત હતું. આથી શ્રીહરિએ તેમને પ્રેમથી કહ્યું, ''આ ડોડાનો સ્વાદ ઘણો જ સારો છે,'' એમ તમે સમજો. ॥૧૨॥

આમ બોલીને શ્રીહરિએ આજ્ઞા પાલક પાર્ષદ શ્રીસૂરાખાચરને એક સારો પ્રસાદીનો મકાઇ ડોડો આપ્યો. ॥૧૩॥

હે નૃપ ! શ્રીહરિએ મકાઇ ડોડો આપ્યો પણ શ્રીસૂરાખાચરના હાથમાંથી તે નીચે પડી ગયો. તેમને એવી વ્યથા થઇ કે બન્ને આંખો ફાટી રહી ગઇ અને તેઓ મૂર્છિત (બે ભાન) થઇ ગયા. ॥૧૪॥

હે રાજન્ ! આમ તેઓ મૂર્છિત થઇ ગયા અને બધું જ ભૂલી ગયા હોય તેવો તેમનો ચહેરો દેખીને પોતાના ભક્તોને આનંદિત કરતા શ્રીહરિ ઘણું હસ્યા. ॥૧૫॥

વિશુદ્ધહૃદયવાળા તે શ્રીસૂરાખાચરને શ્રીહરિએ ઊંચો સાદ કરીને બોલાવ્યા.

तत्राऽथ स्वादुभोज्यानि हरिर्नानाविधानि सः ।
भुङ्क्ते स्म भूपते ! भूमा पिबन्नीरं मुहुर्मुहुः ॥१७॥
तं ततो ललिता राजन् ! प्राह निर्याणवार्त्तिकाम् ।
रामप्रतापसंज्ञस्य ज्येष्ठभ्रातुर्विभोर्हरेः ॥१८॥
तावत्तत्राऽऽगतो राजन् ! पदातिर्देवसंज्ञितः ।
भुञ्जानं श्रीहरिं धार्मिं वाक्यमित्थं समब्रवीत् ॥१९॥
औदासीन्यं भृशं प्राप्तो ज्येष्ठो भ्राता तव प्रभो ! ।
योग्यमेद्याभिधानस्य मार्गे ग्रामस्य गच्छति ॥२०॥
ततो हित्वा द्रुतं भुक्तिं कृत्वा हस्ताऽऽस्यशोधनम् ।
स व्रजन् पादपद्माभ्यां राधावापीमगाद्धरिः ॥२१॥
आरुह्याऽथोन्नतं स्थानं स पश्यन् परितो हरिः ।
रामप्रतापनामानं नैक्षत स्वाग्रजं क्वचित् ॥२२॥
योग्यमेद्याभिधानस्य मार्गे ग्रामस्य स व्रजन् ।

અને હે રાજન્ ! તેમને પોતાના પ્રતાપથી દેહના ભાનમાં લાવ્યા. ॥૧૬॥

હે ભૂપતે ! પછી ત્યાં સર્વથી મહાન્ પ્રભુ શ્રીહરિ અનેક પ્રકારના સુંદર સ્વાદુ ભોજન જમ્યા. શ્રીહરિ જમતા જમતા વચ્ચે વારંવાર જળપાન કરતા હતા. ॥૧૭॥

હે રાજન્ ! ''મહાસમર્થ પ્રભુ શ્રીહરિના મોટાભાઇ શ્રીરામપ્રતાપજી મહારાજ દરબારગઢમાંથી ચાલ્યા ગયા છે'' આવી વાત પછી લાડુબાએ કહી. ॥૧૮॥

હે રાજન્ ! શ્રીહરિ હજી થાળ જમતા હતા તેવા સમયમાં પાર્ષદ દેવો ભગત ત્યાં આવ્યા. અને તેણે શ્રીહરિને વાત કહી. ॥૧૯॥

હે પ્રભો ! આપના મોટા ભાઇ બહુ ઉદાસ થઇ ગયા છે, ઉગામેડી ગામને માર્ગે ચાલ્યા જાય છે. ॥૨૦॥

પછી શ્રીહરિએ તત્કાળ જમવાનું છોડીને હાથ મુખ ધોયા. અને સ્વયં પગપાળા ચાલીને રાધા વાવે પહોંચ્યા. ॥૨૧॥

શ્રીહરિ ઊંચા ટેકરા જેવા સ્થાને ચઢ્યા અને ચારે તરફ નજર ફેરવી, પણ ક્યાંય મોટાભાઇ, શ્રીરામપ્રતાપજી મહારાજ દેખાયા નહિ. ॥૨૨॥

स्वपद्गाद्यैर्युतः प्राप कासारं कमलाभिधम् ॥२३॥
तावत्तत्राऽऽगमद्राजंस्त्वत्तातस्त्वग्रजं हरेः ।
प्रत्यावर्तयितुं यातस्तं नत्वेत्यब्रवीद्वचः ॥२४॥
अधो बुब्बुलवृक्षस्य त्वमस्योपाविश प्रभो ! ।
अत्राऽऽगच्छत्यनस्तस्मिन्नुपवेश्यं हरे ! त्वया ॥२५॥
यास्यामस्तं ततो ग्रामं प्रार्थ्यमानोऽपि तेऽग्रजः ।
मयाऽत्यर्थं महावेगो न प्रत्यावर्तत प्रभो ! ॥२६॥
तद्ग्रामाध्वनि देशाख्यः सङ्गतस्तं नरः सुधीः ।
तं ततः शकटे स्वीये तव भ्राता न्यषीषदत् ॥२७॥
तस्मिन् ग्रामे हि ते ज्येष्ठः सोदरो वै विधास्यति ।
भुक्तिं तस्माच्छनैर्गम्यं स्वामिन्नस्माभिरार्तिहन् ! ॥२८॥
तीरेऽथ तत्तडागस्य बुब्बुलभूरुहोऽस्ति यः ।
तस्याऽधः स्वास्तृते स्थाने न्यषीदत् कम्बलासने ॥२९॥

શ્રીહરિએ થોડા પાર્ષદોને સાથે લીધા અને ઉગામેડી ગામને રસ્તે ચાલ્યા. આગળ જતા કમળતલાવડીએ પહોંચ્યા. ॥૨૩॥

હે રાજન્ ! તેવા સમયમાં તમારા પિતા શ્રીદાદાખાચર ત્યાં આવ્યા. તેઓ પહેલેથી જ શ્રીરામપ્રતાપજી મહારાજને પાછા વાળવા માટે ગયા હતા. તેમણે શ્રીહરિને નમસ્કાર કરીને કહ્યું. ॥૨૪॥

હે પ્રભો ! આપ આ બાવળના ઝાડ નીચે વિરાજો. હે હરે ! હમણાં અહીં બળદ ગાડી આવે છે, તેમાં આપ વિરાજજો. ॥૨૫॥

હે પ્રભો ! આપણે ઉગામેડી જઇશું. મેં આપના મોટાભાઇની ખૂબ જ પ્રાર્થના કરી પણ તેઓ બહુવેગી છે, તેથી પાછા વળ્યા નથી. ॥૨૬॥

ઉગામેડીના રસ્તામાં તેમને સારા સમજણા દેહાભાઇ (ભરવાડ) મળી ગયા. તેણે તેમને પોતાના ગાડામાં બેસાડી દીધા હતા. ॥૨૭॥

મોટાભાઇ ઉગામેડી ગામમાં ભોજન લેશે, માટે પીડાને હરનારા હે સ્વામિન્ ! આપણે ધીરા રહીને જઇએ. ॥૨૮॥

પછી તે કમળતલાવડીને કાંઠે જે બાવળનું ઝાડ છે તેની નીચે સારી રીતે

साधुमुख्यास्ततः पञ्चशतसङ्ख्यामिता द्रुतम् ।
आयंस्तत्र तदात्मानो भक्तास्तत्प्रेक्षणोत्सुकाः ॥३०॥
जया तत्राऽथ राजन्ती ललिताद्याश्च योषितः ।
शतद्वयप्रसङ्ख्याता आयंस्तत्सक्तचेतसः ॥३१॥
तास्तस्याऽथाऽऽज्ञया पाकं राधावाट्यां व्यधापयन् ।
मुन्याद्यर्थं च हर्यर्थं राजन्नानाविधं मुदा ॥३२॥
ततः साधून् स तं ग्रामं यातुमाज्ञापयद्धरिः ।
तत्र गन्त्र्यागमत्तावत्सोऽथ तस्यामुपाविशत् ॥३३॥
मुक्तानन्दं ततस्तस्यां नित्यानन्दं तथा हरिः ।
न्यषादयन्मुनिप्रेयान् ब्रह्मानन्दं च सद्धियम् ॥३४॥
गोपालानन्दनामानं शुकानन्दं च सद्वरम् ।
मां चोपावेशयत्तस्यां भवत्तातं हरिस्तथा ॥३५॥
त्रिष्वनस्सु ततः साधून् भक्तानन्यांस्तथा हरिः ।

પાથરેલા ધાબળીના આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા. ॥૨૯॥

શ્રીહરિના સ્વરૂપમાં મન જોડી રાખનારા મોટેરા પાંચસો જેટલા સંતો અને શ્રીહરિના દર્શનના ઉત્સાહી બધા હરિભક્તો તત્કાળ ત્યાં આવ્યા. ॥૩૦॥

શ્રીહરિના સ્વરૂપમાં ભક્તિભાવથી જોડાયેલા જીવુબા (મોટીબા), લાડુબા અને રાજબાઇ આદિ બસો જેટલા ભક્ત બહેનો ત્યાં આવી ગયા. ॥૩૧॥

હે રાજન્ ! પછી શ્રીહરિની આજ્ઞાથી તે બધા બહેનોએ મળીને સંતોને માટે અને શ્રીહરિને માટે રાધાવાડીમાં પ્રસન્નમનથી અનેક પ્રકારની રસોઇ બનાવી. ॥૩૨॥

પછી શ્રીહરિએ સંતોને ઉગામેડી ગામ જવાની આજ્ઞા કરી. તેવા સમયમાં બળદ ગાડી આવી ગઇ, એટલે શ્રીહરિ પણ તે ગાડીમાં વિરાજ્યા. ॥૩૩॥

સંતોના પ્રિય શ્રીહરિએ તે ગાડીમાં સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીનિત્યાનંદ સ્વામી, રૂડીબદ્ધિવાળા શ્રીબ્રહ્માનંદ સ્વામી, સંતવર્ય શ્રીગોપાળાનંદ સ્વામી, શ્રીશુકાનંદ સ્વામી, હું (શ્રીચૈતન્યાનંદ સ્વામી) અને તમારા પિતાશ્રીદાદાખાચર, આ સાત જણને સાથે બેસાડ્યા. ॥૩૪-૩૫॥

उपावेश्य यथायोग्यं तं ग्रामं तूर्णमागमत् ॥३६॥
तद्ग्रामान्ते तरु च्छाये सोऽवतस्थेऽथ साश्रितः ।
तावत्तस्याऽग्रजो भुक्त्वा तद्ग्रामादागमद्बहिः ॥३७॥
सोऽनुनीतोऽथ दुर्धर्षो धार्मिणा हरिणा भृशम् ।
वाक्यं तस्याप्यमन्वानस्तमिति प्राह सत्प्रियम् ॥३८॥
यदा दद्यास्त्वमर्द्धं मे श्रीमद्दुर्गपुरं तदा ।
मया स्थेयं त्विह व्रज्यं पूर्वदेशे किलाऽन्यथा ॥३९॥
स प्राहाथेति तं वाक्यं सत्सङ्गोऽग्रे मयाऽखिलः ।
सीतारामाय दत्तोऽभूत् सर्वसद्गुणशालिने ॥४०॥
तथाप्यर्द्धं विभज्याऽसौ सत्सङ्गस्ते मयार्पितः ।
दयां कृत्वैव युष्मासु धर्मवंशहितैषिणा ॥४१॥
द्विस्त्रिश्च पत्रिका न्यस्ता विभागे देशयोर्मया ।

પછી બીજી ત્રણ ગાડીઓ હતી તેમાં બીજા કેટલાક સાધુઓને અને હરિભક્તોને યથોચિત રીતે શ્રીહરિએ બેસાડ્યા અને જલદી ઉગામેડી ગામ આવ્યા. ॥૩૬॥

ઉગામેડી ગામ પાસે ઝાડની છાયામાં સંત હરિભક્તો સાથે શ્રીહરિ રોકાયા હતા તેવા સમયમાં મોટાભાઇ શ્રીરામપ્રતાપજી મહારાજ જમીને ગામની બહાર આવ્યા. ॥૩૭॥

શ્રીરામપ્રતાપજી મહારાજનો સ્વભાવ ઉગ્ર હતો. ધર્મપુત્ર શ્રીહરિએ તેમને અનુનય વિનય કરીને મનાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેમણે શ્રીહરિની એક પણ વાત માની નહિ. અને સત્પ્રિય શ્રીહરિની આગળ આ રીતે બોલવા લાગ્યા. ॥૩૮॥

જો તમે મને અડધું ગઢપુર આપશો તો જ હું અહીં ગુજરાતમાં રહીશ. નહિ તો હું પૂર્વ દેશમાં (અયોધ્યા પ્રદેશમાં) ચાલ્યો જઇશ. ॥૩૯॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, મેં આ પહેલા બધો જ સત્સંગ સર્વસદ્‌ગુણ સંપન્ન શ્રીસીતારામજીને આપી દીધો હતો .॥૪૦॥

છતાં પણ ધર્મવંશના હિતૈષી મેં તમારા ઉપર દયા કરીને આ સત્સંગને વહેંચીને અરધો ભાગ તમને આપ્યો છે. ॥૪૧॥

नरनारायणीयस्ते देशस्त्वायात्तथाप्यसौ ॥४२॥
यन्मया लेखितं लेखे भूरिसाक्ष्यसमन्विते ।
अन्यथा तत्कथं स्यात्तद्विचार्यं धीमता त्वया ॥४३॥
ततो रामप्रतापस्तं वाक्यमित्थं समब्रवीत् ।
एवं चेत्तर्हि वै भ्रातर्न स्थास्याम्यत्र निश्चितम् ॥४४॥
मन्दिराद्यं त्विदं सर्वं नावयोरस्ति वै पितुः ।
मया सम्पादितं त्वेतन्मत्प्रतापेन सन्मते ! ॥४५॥
भक्तैर्वस्तु प्रदत्तं मे वासोभूषादि सर्वशः ।
मदैकान्तिकभक्ताय प्रादामुत्तमभूभुजे ॥४६॥
तथाप्येवोत्तमाद्यैर्मे भक्तैरत्याग्रहः कृतः ।
तुभ्यं दापयितुं धीमन् ! मन्दिराद्यं विभागशः ॥४७॥
तस्मात्तुभ्यं विभज्यैतन्मन्दिराद्यं मयार्पितम् ।
प्रार्थितोऽप्युत्तमाद्यैस्त्वं तेषां नाऽमन्यथा वचः ॥४८॥

દેશના વિભાગ કરતી વખતે મેં બે ત્રણ વખત ચિઠ્ઠી નાખી. છતાં પણ તમારા (શ્રીઅયોધ્યાપ્રસાદજીના) ભાગમાં શ્રીનરનારાયણ દેવનો દેશ જ આવ્યો છે. ॥૪૨॥

ઘણા સાક્ષીઓ વચ્ચે મેં જે લેખમાં લખાવ્યું છે, તે (અન્યથા) બદલી કેમ શકાય. બુદ્ધિશાળીએ તમારે વિચારનું જોઇએ. ॥૪૩॥

ત્યારે શ્રીરામપ્રતાપજી મહારાજે શ્રીહરિને આવું વચન કહ્યું, "હે ભાઇ ! જો તમે કહો છો તેમજ રહેવાનું હોય તો હું અહીં ચોક્કસ નહિ રહું." ॥૪૪॥

ત્યારે શ્રીહરિએ કહ્યું, હે સન્મતે ! આ મંદિર વગેરે જે કાંઇ મિલકત છે તે આપણા પિતાજીની નથી. મેં મારા પ્રતાપથી આ બધું મેળવ્યું છે. ॥૪૫॥

વસ્ત્ર ઘરેણાં આદિ સર્વ વસ્તુઓ ભક્તો મને આપે છે. મારા એકાંતિક ભક્ત દરબાર શ્રીદાદાખાચરને મેં આ બધું આપ્યું હતું. ॥૪૬॥

હે ધીમન્ ! છતાં પણ આ શ્રીદાદાખાચર આદિ મારા ભક્તોએ આ મંદિર આદિનો વિભાગ કરીને તમને વહેંચી આપવાનો અત્યંત આગ્રહ કર્યો હતો. ॥૪૭॥

અને તેથી જ મેં આ મંદિર વગેરે તમને વહેંચી આપ્યું છે. તે આ

मया वाक्यमपि प्रोक्तं भवान्नाऽमन्यत क्रुधा ।
तत्पूर्वदेशयानेच्छा चेत्ते गम्यं तदा त्वया ॥४९॥
स प्रतस्थेऽथ रोषार्त्तो ब्रह्मानन्दं ततो हरिः ।
प्राहेत्थं त्वं हि मद्भ्रात्रे गत्वेदं ब्रूहि सन्मते ! ॥५०॥
सङ्कल्पा न त्वया कार्या जीवाऽनर्थप्रदायिनः ।
मन्दिराद्यं प्रदास्यामि सीतारामाय सद्धिये ॥५१॥
तस्मादभीष्टमेवाऽऽर्य ! किञ्चत् ते न भविष्यति ।
ततो रामप्रतापं तं स प्रपद्याऽब्रवीदिदम् ॥५२॥
वर्तते भगवान् साक्षात् सोदरस्तेऽखिलेश्वरः ।
त्वया तत्प्राक्तनं चिन्त्यं वृत्तान्तं रामकृष्णयोः ॥५३॥
भ्राताऽसौ ते तथा ब्रह्मन् ! स्वतन्त्रोऽस्त्यक्षरात्परः ।
धर्त्ता सर्वावताराणां निर्मोहः पुरुषोत्तमः ॥५४॥

શ્રીદાદાખાચર વગેરે તમારી આટલી પ્રાર્થના કરે છે, છતાં તમે તેમની વાત માનતા નથી. ॥૪૮॥

મારી કહેલી વાતને પણ તમે ક્રોધ કરીને માનતા નથી. અને જો પૂર્વ દેશમાં (અયોધ્યા-છપૈયા) જવાની ઇચ્છા તમારે હોય જ તો જાઓ. ॥૪૯॥

પછી રોષે ભરાયેલા શ્રીહરિ શ્રીબ્રહ્માનંદ સ્વામી પાસે ગયા. અને તેમને કહ્યું, હે સન્મતે ! તમે જાઓ અને મારા મોટાભાઇને આ બધું કહો. ॥૫૦॥

"જીવનું ભૂંડું કરાવનારા સંકલ્પ તમારે કરવા નહિ. આ મંદિર આદિ બધી મિલકત હું સદ્બુદ્ધિવાલા શ્રીસીતારામજીને આપી દઇશ. ॥૫૧॥

હે આર્ય ! તેથી તમારું કાંઇ ધાર્યું થશે નહિ. " પછી શ્રીબ્રહ્માનંદ સ્વામી શ્રીરામપ્રતાપજી મહારાજ પાસે ગયા. અને તેમને બધી વિગત કહી. ॥૫૨॥

તમારા ભાઇ અખિલેશ્વર છે, સાક્ષાત્ ભગવાન્ છે. તમારે રામાવતાર અને કૃષ્ણાવતારની તેમની પૂર્વની વાત વિચારવી જોઇએ. ॥૫૩॥

હે બ્રહ્મન્ ! આ તમારા ભાઇ અક્ષરથી પણ પર અને સ્વતંત્ર છે. સર્વ અવતારોને ધારનારા છે, નિર્મોહી છે અને પુરુષોત્તમ છે. ॥૫૪॥

તેઓ બચપણથી જ તમારા જેવા બધા જ સગા સંબંધીઓને તજી દઇને

बाल्यात्सम्बन्धिनस्त्यक्त्वा भवन्मुख्यानशेषतः ।
आत्मतन्त्रस्त्विहाऽऽयातः सर्वसाक्षी निरञ्जनः ॥५५॥
तस्मादुत्तमभूपोऽसौ राजन्तीललिताजयाः ।
सन्ति तस्य तथा तासां भक्त्या वश्योऽस्ति वै हरिः ॥५६॥
तस्मात्तस्य च वै तासां विधत्तेऽभीष्टमन्वहम् ।
यावद्बुद्धिबलं तस्मै प्रोक्तमस्माभिरानतैः ॥५७॥
स्वतन्त्रत्वात्तव भ्राता मन्यते न तथाऽप्यसौ ।
अस्माभिस्त्यागिदीक्षाऽऽप्ता तस्योदारप्रसत्तये ॥५८॥
संसारस्य नहि त्यागस्त्वदर्थं दुष्करः कृतः ।
तस्मादस्माभिरेवाज्ञा पाल्या तस्य निरन्तरम् ॥५९॥
इत्थं नीतिविदा तेन वाक्यैः पीयूषसन्निभैः ।
अनुनीतोऽपि नातुष्यत् प्राप्तः स्वां प्रकृतिं च सः ॥६०॥

અહીં ગુજરાતમાં આવ્યા છે, છતાં તેઓ સ્વતંત્ર છે, સર્વ સાક્ષી છે અને અજ્ઞાનથી રહિત - નિર્દોષ છે. ॥૫૫॥

આમ હોવા છતાં આ દરબાર શ્રીદાદાખાચર, જીવુબા, લાડુબા અને રાજબાઇ શ્રીહરિના એકાંતિક આજ્ઞાકારી છે અને પોતે પણ તેઓની ભક્તિને વશ્ય છે. ॥૫૬॥

તેથી તેઓ શ્રીદાદાખાચર અને તેમના બહેનો વગેરેનું નિરંતર ગમતું કરે છે. અમારી બુદ્ધિ કામ કરે ત્યાં સુધી અમે નમ્ર ભાવે તેમને કહ્યું છે. ॥૫૭॥

છતાં પણ તેઓ સ્વતંત્ર છે એટલે આ તમારા ભાઇ શ્રીહરિ અમારી વાતને સ્વીકારતા નથી. અમે આ ત્યાગી થયા છીએ, દીક્ષા લીધી છે, તે તેમને પ્રસન્ન કરવા માટે લીધી છે. ॥૫૮॥

અમે ન છોડી શકાય તેવો આ સંસાર છોડ્યો છે. તે તમારે માટે નથી છોડ્યો અને તેથી જ અમારે પણ નિરંતર તે શ્રીહરિની જ આજ્ઞામાં વર્તવાનું છે.'' ॥૫૯॥

આ પ્રમાણે નીતિવેત્તા શ્રીબ્રહ્માનંદ સ્વામીએ અમૃત જેવા મધુર વચનો કહીને શ્રીરામપ્રતાપજી મહારાજને સમજાવ્યા, છતાં પોતાના સ્વભાવ ઉપર જવાથી

अमन्वानो हि तद्वाक्यं गच्छति स्म तथापि सः ।
नभोवाणी ततस्त्वित्थं राजन्नासीद्धितावहा ॥६१॥
वर्तते भगवान् साक्षात्तवाऽसौ सोदरो हरिः ।
ब्रह्माण्डानामसङ्ख्यानां जन्मस्थित्यन्तकारणम् ॥६२॥
सर्वेषामवताराणां निदानं सर्ववित्प्रभुः ।
नियन्ता कालमायादेरक्षरेशोऽक्षरात्परः ॥६३॥
असौ तस्माद्यथा ब्रूयात्त्वया कार्यं तथैव तत् ।
स प्रत्यावर्तताऽथाऽन्तः पश्चात्तापान्वितो द्रुतम् ॥६४॥
अथाऽऽयातो हरिं नत्वा ब्रह्मानन्दो महामुनिः ।
रामप्रतापवृत्तान्तं प्रोचेऽथाऽऽहेति तं हरिः ॥६५॥
धीमन् रामप्रतापोऽयं पद्भ्यामागच्छति व्रजन् ।
इत्युक्त्वा प्राणिहार्दज्ञः सोऽहसद्भूपते ! हरिः ॥६६॥

તે માન્યા નહિ અને તેમને સંતોષ થયો નહિ. ॥૬૦॥

હે રાજન્ ! તેઓ શ્રીબ્રહ્માનંદ સ્વામીની વાતને માન્યા વિના ચાલતા થયા ત્યારે તેમનું હિત થાય તેવી આકાશવાણી તેમને સંભળાણી. ॥૬૧॥

''આ તમારા ભાઈ શ્રીહરિ સાક્ષાત્ ભગવાન્ છે. તેઓ અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે. ॥૬૨॥

સર્વ અવતારોનું કારણ છે, સર્વજ્ઞ છે અને સર્વ શક્તિમાન છે. કાળ અને માયા આદિકના નિયામક છે, અક્ષરથી પર અને અક્ષરાધીશ છે, ॥૬૩॥

માટે આ શ્રીહરિ કહે તે પ્રમાણે જ તમારે કરવું જોઇએ.'' આટલું સાંભળતાં જ શ્રીરામપ્રતાપજી મહારાજ તત્કાળ પાછા વળ્યા. તેમના હૃદયમાં અત્યંત પશ્ચાતાપ થવા લાગ્યો. ॥૬૪॥

આ બાજુ શ્રીબ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની પાસે આવ્યા. પગે લાગીને શ્રીરામપ્રતાપજી મહારાજનું બધું વૃત્તાંત કહ્યું. ત્યારે શ્રીહરિ બોલ્યા. ॥૬૫॥

હે ધીમન્ ! આ શ્રીરામપ્રતાપજી મહારાજ પગે ચાલીને આવી રહ્યા છે. હે ભૂપતે ! શ્રીહરિ સહુના હૃદયની વાત જાણે છે. તેથી ઉપર કહ્યા પ્રમાણે બોલીને થોડું હસ્યા. ॥૬૬॥

तावत्तत्राऽऽगतो गन्त्रीं समारुक्षत्स सत्वरम् ।
हरिस्तेनाऽथ मुन्याद्यैराधावाटीं सहाऽऽगमत् ॥६७॥
तत्राऽभुक्ताथ राजर्षे ! ललिताकारितानि सः ।
बिरञ्जादीनि भोज्यानि मुन्यादींश्चाप्यभोजयत् ॥६८॥
आनिशं तत्र स स्थित्वा चतुष्कं ग्लहवेश्मनाम् ।
एत्य तत्रान्विते मञ्चे तूलिकाद्यैरु पाविशत् ॥६९॥
अथ स्वभ्रातरं ज्येष्ठं वाक्यमित्यब्रवीद्धरिः ।
अन्तर्दृष्ट्या निजं पश्य रू पं सच्चित्सुखात्मकम् ॥७०॥
सोऽन्तर्दृष्टिमथाऽपश्यत्कृत्वा स्वं शेषरू पिणम् ।
महानन्दस्ततः सोऽभूत्तद्रूपे ध्वस्तसंशयः ॥७१॥
रामप्रतापसहितोऽथ तथा सदाद्यैः प्रेमप्रहृष्टवदनैः परिवेष्ट्यमानः ।
पौरैर्निमेषरहिताक्षिभिरीक्ष्यमाणः प्रायाद्धरिर्वरतरं नृप राजदुर्गम् ॥७२॥

તેટલી વારમાં તો તેઓ શ્રીહરિ પાસે આવી ગયા અને સત્વરે બળદ ગાડીમાં ચઢી ગયા. પછી શ્રીહરિ શ્રીરામપ્રતાપજી મહારાજ અને સમગ્ર સંતો વગેરેની સાથે રાધા વાડીએ પધાર્યા. ॥૬૭॥

હે રાજર્ષે ! રાધાવાડીએ લાડુબા વગેરેએ કરાવેલા બિરંજ આદિ ભોજન સહુ જમ્યા, અને સંતો વગેરેને પણ જમાડ્યા. ॥૬૮॥

સાંજ સુધી રાધાવાડીએ રહ્યા. પછી શ્રીહરિ ઘેલાધાધલને ઘેર આવ્યા. ત્યાં આવીને ગોઠવેલા મંચ ઉપર બિછાવેલા ગાદી તકિયે વિરાજમાન થયા. ॥૬૯॥

પછી શ્રીહરિએ મોટાભાઈ શ્રીરામપ્રતાપજી મહારાજને કહ્યું. ''ભાઈ ! તમે અંતર્દષ્ટિ કરો અને પોતાનું સત્ ચિત્ અને આનંદમય જે સ્વરૂપ છે તેને જુઓ તો ખરા.'' ॥૭૦॥

પછી તેમણે અંતર્દષ્ટિ કરીને વિચાર કર્યો ત્યારે તેમણે પોતાને શેષરૂપે જોયા. પછી તેમને મહાન્ આનંદ થયો અને શ્રીહરિની બાબતના બધા જ સંશય ટળી ગયા. ॥૭૧॥

પ્રેમથી પ્રસન્ન મુખવાળા સંતો તથા હરિભક્તોથી વીંટાળેલા શ્રીહરિ શ્રીરામપ્રતાપજી મહારાજને સાથે લઈને શ્રીદાદાખાચરના સર્વોત્તમ દરબારગઢમાં

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये नभोवाणीद्धारा श्रीहरिकृतरामप्रतापौदासीन्यनिवर्तनादिवर्णनं नाम द्वाविंशत्युत्तरशततमोध्यायः ॥१२२॥

अथ त्रयोविंशत्युत्तरशततमोऽध्यायः

शततमे त्रयोविंशत्युत्तरे श्रीग्लहाजिरे ।
रङ्गक्रीडां व्यधाद् दिव्यां हरिर्वासन्तिकोत्सवे ॥

श्रीचैतन्यानन्द उवाच –
त्वत्तातस्यैकदा राजन् ! मातुलोऽप्रार्थयद्धरिम् ।
कर्तुं वसन्तपञ्चम्यां स्वीयागारे महोत्सवम् ॥१॥
हरिर्मत्वाऽथ स श्रीमान् प्रार्थनां तस्य संयुतः ।
आयाद्वसन्तपञ्चम्यां ग्लहागारं सदादिभिः ॥२॥
निम्बवृक्षस्य तद्गेहचतुष्कस्थस्य वै ततः ।

પધાર્યા ત્યારે નગરજનો મટકું માર્યા વિનાની દૃષ્ટિથી સતત તેમના દર્શન કરી રહ્યા હતા. ॥૭૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય- ૧ ૨ ૨ સમાપ્ત

અધ્યાય-૧ ૨ ૩

શ્રીઘેલાધાધલને આંગણે વસંતોત્સવ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીદાદાખાચરના મામા શ્રીઘેલાધાધલે પોતાને ઘેર વસંત પંચમીનો મહોત્સવ (સમૈયો) કરવા શ્રીહરિની પ્રાર્થના કરી. ॥૧॥

અનંત શોભા સંપન્ન શ્રીહરિએ તેની પ્રાર્થના સ્વીકારી અને સંતો વગેરેને સાથે લઈને શ્રીઘેલા ધાધલને ઘેર પધાર્યા. ॥૨॥

તે ઘરના ચોકમાં રહેલા લીમડાના વૃક્ષ નીચેની વેદિકા ઉપર મંચ કરીને ત્યાં ગાદી તકિયો બિછાવ્યો હતો ત્યાં જઈને શ્રીહરિ તે આસન ઉપર વિરાજમાન

स न्यषीददधो वेद्यां मञ्चे सत्तूलिकादिके ॥३॥
पक्षे पद्गानथ स्वीये सोऽरक्षद् गृहिणस्तथा ।
अन्यस्मिन् वर्णिमुन्यादीन् पक्षेऽरक्षत्तथा हरिः ॥४॥
अथ प्राग्द्वारसंराजद्गर्भागारे द्विजोत्तमाः ।
कलशस्थापनं चक्रुः सर्वतोभद्रमण्डले ॥५॥
शास्त्रप्रोक्तविधानेन तेऽथ वेदादिवेदिनः ।
ग्लहेनाऽकारयन् द्धद्रां पूजां वासन्तिकीं नृप ! ॥६॥
तातस्तेऽथोत्तमो राजा खट्वाङ्गः पुञ्जजित्तथा ।
सोमश्च मान्त्रिकः सूरो वास्तुसंज्ञश्च भूपतिः ॥७॥
तथा हेमन्तसिंहाद्याः क्रूरजिल्लब्धजिद्ग्लहाः ।
राष्ट्रौढजीववर्माद्या व्यतिष्ठन् सन्निधौ हरेः ॥८॥
तदानीं मयजित्पद्गो रत्नजिद् गुरु मानजित् ।
चर्महस्ताश्च भीमाद्यास्तस्थुस्तत्पाश्वयोर्मुदा ॥९॥

થયા. ॥૩॥

પછી શ્રીહરિએ રંગે રમવા બે જૂથ કર્યા તેમાં પોતાના પક્ષમાં પાર્ષદોને અને ગૃહસ્થ હરિભક્તોને રાખ્યા, અને બીજા પક્ષમાં વર્ણીઓ અને સંતો વગેરેને શ્રીહરિએ નક્કી કર્યા. ॥૪॥

પછી બ્રાહ્મણોએ ઉગમણાબારના સુશોભિત ઓરડામાં સર્વતો ભદ્ર મંડળમાં કળશનું સ્થાપન કર્યું. ॥૫॥

હે નૃપ ! પછી વેદાદિ શાસ્ત્ર જાણનારા વિદ્વાન વિપ્રોએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીઘેલા ધાધલ પાસે વસંત પૂજા કરાવી. ॥૬॥

રંગે રમવાનું હતું ત્યારે દરબાર શ્રીદાદાખાચર શ્રીમાંચાખાચર, શ્રીપૂંજાજી, શ્રીસોમલા ખાચર, શ્રીમાતરા ધાધલ, શ્રીસૂરાખાચર, શ્રીવસ્તાખાચર, દરબાર શ્રીહેમંતસિંહજી, ઇત્યાદિ અને કૂરજી ઠક્કર, લાધા ઠક્કર, શ્રીઘેલા ધાધલ, શ્રીરાઠોડ ધાધલ, શ્રીજીવાખાચર, આ બધા હરિભક્તો શ્રીહરિની પાસે ઊભા રહ્યા. ॥૭-૮॥

વળી પાર્ષદ શ્રીમિયાજી, શ્રીરતનજી, શ્રીગુમાનજી અને શ્રીભીમાજી વગેરે હાથમાં ઢાલ રાખીને પ્રસન્નમનથી શ્રીહરિની બન્ને બાજુએ ઊભા રહ્યા. ॥૯॥

मुक्तानन्दो मुनिश्रेष्ठो गोपालानन्दसंज्ञितः ।
मुनीन्द्रोऽन्यत्र पक्षेऽस्थान्नित्यानन्दश्च सद्वरः ॥१०॥
कृपानन्दोऽद्भुतानन्दो ब्रह्मानन्दश्च सद्वरः ।
शुकानन्दोऽक्षरानन्दः सिद्धानन्दश्च योगिराट् ॥११॥
सद्वर्यः सच्चिदानन्दो नृसिंहानन्दसंज्ञितः ।
सद्वरः परमानन्दो विधात्रानन्दनामयुक् ॥१२॥
मुनीन्द्रश्च गुणातीतानन्दोऽस्थात्तत्र भूपते ! ।
योगानन्दः कविश्रेष्ठो गोविन्दानन्दसंज्ञितः ॥१३॥
अचिन्त्यानन्द सन्नामा निष्कुलानन्दसंज्ञितः ।
प्रेमानन्दः कविश्रेयान् गोविन्दानन्दसंज्ञितः ॥१४॥
महानुभावानन्दाख्यो देवानन्दः कविस्तथा ।
आत्मानन्दादयोऽतिष्ठंस्तस्मिन् पक्षे हि साधवः ॥१५॥
मुकुन्दानन्दवर्णीन्द्रो जयानन्दश्च वर्णिराट् ।
आनन्दानन्दवर्णीन्द्रो वैकुण्ठानन्दवर्णिराट् ॥१६॥
वासुदेवानन्दनामा योऽखण्डानन्दसंज्ञितः ।
तथा नारायणानन्दमुख्यास्तत्राऽवतस्थिरे ॥१७॥

રંગે રમતા બે જૂથોમાં શ્રીહરિના સામા પક્ષમાં મુનિવર્ય શ્રીમુક્તાનંદ સ્વામી, મુનીન્દ્ર શ્રીગોપાળાનંદ સ્વામી, સંતવર્ય શ્રીનિત્યાનંદ સ્વામી, શ્રીકૃપાનંદ સ્વામી, શ્રીઅદ્‌ભુતાનંદ સ્વામી, સંતવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામી, શ્રીશુકાનંદ સ્વામી, શ્રીઅક્ષરાનંદ સ્વામી, યોગિવર્ય શ્રીસિદ્ધાનંદ સ્વામી, સાધુવર્ય શ્રીસચ્ચિદાનંદ સ્વામી, શ્રીનૃસિંહાનંદ સ્વામી, સાધુશ્રેષ્ઠ શ્રીપરમાનંદ સ્વામી, શ્રીવિધાત્રાનંદ સ્વામી, મુનિવર્ય શ્રીગુણાતીતાનંદ સ્વામી, કવિશ્રેષ્ઠ શ્રીયોગાનંદ સ્વામી, શ્રીગોવિંદાનંદ સ્વામી (પહેલા), શ્રીઅચિંત્યાનંદ સ્વામી, શ્રીનિષ્કુળાનંદ સ્વામી, કવિવર્ય શ્રીપ્રેમાનંદસ્વામી, શ્રીગોવિંદાનંદસ્વામી (બીજા) શ્રીમહાનુભાવનંદ સ્વામી, કવિ શ્રીદેવાનંદ સ્વામી અને શ્રીઆત્માનંદ સ્વામી આ બધા સાધુઓ હતા. ॥૧૦-૧૫॥

વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામી, વર્ણિરાટ શ્રીજયાનંદ સ્વામી, વર્ણીન્દ્ર શ્રીઆનંદાનંદ સ્વામી, વર્ણિરાટ શ્રીવૈકુંઠાનંદ સ્વામી, શ્રીવાસુદેવાનંદ સ્વામી,

देवानन्दस्तथा पद्मनाभानन्दादयोऽखिलाः ।
तत्र सन्यासिनोऽतिष्ठंस्तल्लीलाऽऽलोकलालसाः ॥१८॥
महापट्टासने तिष्ठंस्ततो नारायणाभिधः ।
मूर्ध्न्यधात् कलशं भक्तो रम्यं वासन्तिकं मुदा ॥१९॥
काञ्चनं रेचकं चारौ करे बिभ्रत्ततो हरिः ।
रङ्गं चिक्षेप सोत्साहं तेन मुन्यादिषु प्रभुः ॥२०॥
आषाढेऽब्दो यथा मासे नीरं प्राज्यं हि वर्षति ।
सोऽवर्षत्तेषु भूयिष्ठं रङ्गनीरं तथा हरिः ॥२१॥
तेऽथ त्वत्तातपद्गाद्या तेषु रङ्गं निचिक्षिपुः ।
वर्णिमुन्यादयस्तेषु भूरि रङ्गं तथाऽक्षिपन् ॥२२॥
इत्थं परस्परं रङ्गं प्रक्षिपन्तो हि रेचकैः ।
विजह्रुस्ते महानन्दाः श्रीहरिप्रीणनैषिणः ॥२३॥

શ્રીઅખંડાનંદ સ્વામી અને શ્રીનારાયણનંદ સ્વામી વગેરે બ્રહ્મચારી હતા, શ્રીદેવાનંદ સ્વામી અને શ્રીપદ્મનાભાનંદ સ્વામી આદિ સંન્યાસીઓ શ્રીહરિની લીલાના દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં ઊભા હતા. ॥૧૬-૧૮॥

તે સમયે શ્રીનારાયણ નામે એક ભક્ત હતા તેણે પોતાના માથા ઉપર રમણીય વસન્તનો કળશ પ્રેમથી લીધો અને એક મોટી પાટ હતી તેના ઉપર તે ઊભા રહ્યા. ॥૧૯॥

પછી પ્રભુ શ્રીહરિએ પોતાના મનોહર હાથમાં સોનાની પિચકારી લીધી. અને તેનાથી ઉત્સાહ સાથે સંતો વગેરેના ઉપર રંગ નાંખવા લાગ્યા. ॥૨૦॥

અષાઢ મહિનાનો વરસાદ જેમ પુષ્કળ પાણી વરસાવે તેમ શ્રીહરિ પોતાના આશ્રિત સંત વર્ણીઓ ઉપર પુષ્કળ રંગ નાખવા લાગ્યા. ॥૨૧॥

તમારા પિતા શ્રીદાદાખાચર અને પાર્ષદો વગેરે પણ શ્રીહરિના સાથમાં રહીને સંતો અને વર્ણીઓના ઉપર રંગ નાખવા લાગ્યા. તેમજ તે સાધુ બ્રહ્મચારીઓ પણ શ્રીહરિના ઉપર અને પાર્ષદો તથા હરિભક્તો ઉપર રંગવર્ષા કરવા લાગ્યા. ॥૨૨॥

સહુને શ્રીહરિનો રાજીપો મેળવવાની જ ઈચ્છા રહેતી અને તે રાજીપાથી

मुक्तास्तदाऽक्षराभिख्यास्तल्लीलां द्रष्टुमागमन् ।
श्वेतद्वीपाऽऽलया मुक्ता बदर्याश्रमिणस्तथा ॥२४॥
ब्रह्मेन्द्राद्यास्तथा देवाः सिद्धाश्चायन्महर्षयः ।
नमःशब्दो जयाऽऽरावो व्योम्नि राजंस्तदाऽभवत् ॥२५॥
ततो ब्रह्मादयो देवा हरेः पक्षे समाविशन् ।
ते तथाऽक्षरमुक्ताद्याः पक्ष एवाऽऽविशन् सताम् ॥२६॥
ततः पक्षद्वयस्थास्तं रङ्गनीरं सुरेचकैः ।
एकधारं किलाऽवर्षन् मिथोऽम्भोऽद्रिष्विवाम्बुदाः ॥२७॥
गुलालं ललितं लीलाऽऽलोकनोत्का मिथोऽक्षिपन् ।
पक्षद्वयस्थितास्तेऽलं तेनाऽऽसीद्रक्तमम्बरम् ॥२८॥
तदाऽऽकाशं भृशाऽऽरक्तं जनानां पश्यतामभूत् ।

મહાન્ આનંદમાં મહાલનારા સહુ આ રીતે પિચકારીઓ ભરી ભરીને પરસ્પર રંગ નાખીને રંગક્રીડા કરવા લાગ્યા. ॥૨૩॥

આ શ્રીહરિની રંગોત્સવ લીલાના દર્શન કરવા માટે અક્ષરધામના મુક્તો ત્યાં આવ્યા. તેમજ શ્વેતદ્વીપના અને બદરિકાશ્રમના મુક્તો પણ લીલાના દર્શન કરવા આવ્યા. ॥૨૪॥

બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવતાઓ પણ રંગલીલાના દર્શન કરવા આવ્યા. સિદ્ધો અને મહર્ષિઓ પણ શ્રીહરિની લીલાના દર્શન કરવા આવ્યા. હે રાજન્ ! તે વખતે આકાશમાં પણ નમસ્કાર !!! અને જય જય !!! જય જય !!! આવો ધ્વનિ થવા લાગ્યો. ॥૨૫॥

પછી બ્રહ્મા આદિ દેવતાઓ શ્રીહરિના પક્ષમાં ભળી ગયા. અને અક્ષર મુક્તો વગેરે સંતોના પક્ષમાં ભળી ગયા. ॥૨૬॥

બન્ને પક્ષમાં રહેલા શ્રીહરિ અને તેમના આશ્રિતો પિચકારીઓ ભરી ભરીને એક ધારો રંગ, જેમ વરસાદ પહાડ ઉપર પાણી વરસાવે તેમ પરસ્પર વરસાવવા લાગ્યા. ॥૨૭॥

શ્રીહરિની લીલાના દર્શન કરવાના ઉત્સાહી બન્ને પક્ષમાં રહેલા સંત હરિભક્તો સુંદર ગુલાલ લઈને એકબીજાના ઉપર ફેંકવા લાગ્યા અને તેનાથી આકાશ પણ લાલ લાલ થઈ ગયું. ॥૨૮॥

दिवा सन्ध्याभ्रमो राजन् ! विस्मयाविष्टचेतसाम् ॥२९॥
उद्‌गतेन गुलालेन खेचराणां तदाम्बरे ।
आसीद्रुद्धा गतिश्चित्रं ते च प्रापुर्महत्तरम् ॥३०॥
तदाऽभाच्छ्रीहरेर्हस्ते चारु काञ्चनरेचकम् ।
द्योतमानं भृशं राजन् ! व्योम्नि विद्युदिवारुणे ॥३१॥
तर्हि रङ्गगुलालाभ्यां व्याप्तमूर्त्तिरभाद्धरिः ।
पीतरक्तमणिच्छन्नो यथा नीलमणिव्रजः ॥३२॥
भूरिशोभाद्भुतो भूमा स यद्वच्चुम्बकोपलः ।
लोहान्याकर्षति स्मेशो हरिश्चेतांसि पश्यताम् ॥३३॥
उत्तमस्तर्हि तातस्ते हेमन्ताख्यस्तथा नृपः ।
तस्थतुस्तौ हि रङ्गाम्भो रोधनार्थं हरेः पुरः ॥३४॥
नित्यानन्दस्तदा राजन् ब्रह्मानन्दश्च तावुभौ ।

હે રાજન્ ! રંગ અને ગુલાલના ઊંચે ઊછળવાથી, ઊડવાથી તે સમયે અત્યંત લાલ થઇ ગયેલા આકાશને દેખીને મનમાં વિસ્મય પામેલા ભક્તોને દિવસે પણ સંધ્યાનો ભ્રમ થયો. ॥૨૯॥

આકાશમાં ઊંચે ઊડેલા ગુલાલથી ગગન વિહારી દેવતાઓ વગેરેની ગતિ રુંધાઇ ગઇ અને તેઓ મનમાં અત્યંત આશ્ચર્ય પામ્યા. ॥૩૦॥

હે રાજન્ ! તે સમયે લાલ આકાશમાં ચમકતી વીજળી હોય તેવી શ્રીહરિના હાથમાં રહેલી સોનાની ચમકતી પિચકારી શોભી રહી હતી. ॥૩૧॥

પીળા અને લાલ મણિથી ઢંકાઇ ગયેલો નીલમણિનો ઢગલો જેમ શોભે તેમ રંગ અને ગુલાલથી તરબોળ શ્રીહરિની મૂર્તિ શોભતી હતી. ॥૩૨॥

ચુંબક જેમ લોઢાને ખેંચે તેમ અપાર શોભાથી અદ્‌ભુત જણાતા મહાન્ શ્રીહરિ દર્શન કરનારા ભક્તોના મનને પોતાની મૂર્તિમાં ખેંચતા હતા. ॥૩૩॥

તે સમયે તમારા પિતા શ્રીદાદાખાચર તથા દરબાર શ્રીઝીણાભાઇ (પંચાળા), આ બન્ને પિચકારીઓની શેડોના રંગને રોકવા માટે મોટી ઢાલ પકડીને શ્રીહરિની આગળ ઊભા હતા. ॥૩૪॥

હે રાજન્ ! સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી,

तं नारायणजिद्भक्तं तूर्णमेवाभ्युपेयतुः ॥३५॥
ततस्तौ कलशं रम्यं प्राज्ञौ वासन्तिकं द्रुतम् ।
आछिद्याऽहरतां दृष्ट्वा तद्धरिश्चेतरेऽहसन् ॥३६॥
रङ्गनीरं क्षिपन्तस्ते तदा मुन्यादयोऽखिलाः ।
श्रीहरिं परिवव्रुस्तं रङ्गनीरार्द्रविग्रहम् ॥३७॥
तदा मुक्तांश्च देवादीन् मुन्याद्यास्ते व्यलोकयन् ।
ततस्त्वत्तातहेमन्तमुख्या यत्नं भृशं व्यधुः ॥३८॥
तांस्तथाप्येव नाऽभूवन् पराभावयितुं क्षमाः ।
तदाद्याः सर्वशः पद्‌गाः शूराः क्रीडाविशारदाः ॥३९॥
आरुरुक्षुरपि श्रीमान् हरिर्निम्बद्रुमं द्रुतम् ।
रुध्यमानः स मुन्याद्यैस्तमारोढुं न चाशकत् ॥४०॥
अथ प्राग्द्वारसंराजद्‌गर्भागारस्य भूपते ! ।
बहिःशालां समारुक्षच्छ्रीहरिर्वातरंहसा ॥४१॥

આ બન્ને જણ તે વખતે વંસતનો કળશ માથે લઇને ઊભેલા નારાયણજી ભક્ત પાસે ઝડપથી પહોંચ્યા. ॥૩૫॥

પછી તે બન્ને વિચક્ષણ સંતોએ તેની પાસે જે સુંદર વસંતનો કળશ હતો તેને તત્કાળ આંચકી લીધો. તે જોઇને શ્રીહરિ તથા બીજા બધા સંત હરિભક્તો હસવા લાગ્યા. ॥૩૬॥

તે સમયે રંગની પિચકારીઓ કરતાં કરતાં તે બધા સંતો વગેરે રંગભીની મૂર્તિ-શ્રીહરિને ચારે બાજુથી ઘેરી વળ્યા. ॥૩૭॥

ત્યારે સંતો વગેરેએ ત્યાં આવેલા મુક્તો અને દેવતાઓ આદિને જોયા. તે સમયે રંગક્રીડાના નિષ્ણાત બધા શૂરવીર પાર્ષદો, તમારા પિતા શ્રીદાદાખાચર, દરબાર શ્રીઝીણાભાઇ વગેરે સંતો આદિકને રોકવાની ઘણી મહેનત કરી પણ રોકી ન શક્યા. ॥૩૮-૩૯॥

શ્રીહરિ તુરંત લીમડાના ઝાડ ઉપર ચઢી જવા ચાહતા હતા છતાં સાધુઓ વગેરેએ તેમને રોકી રાખ્યા તેથી ઝાડ ઉપર ચઢી શક્યા નહિ. ॥૪૦॥

હે ભૂપતે ! પછી શ્રીહરિ વાયુવેગે ઉગમણા બારના સુંદર ઓરડાની ઓસરી

ततो मुकुन्दवर्णीन्द्रो गोपालानन्दसद्गुरु : ।
शुकानन्दस्त्रयो वैते तं चाऽगृह्णन् हि सत्वरम् ॥४२॥
अथोदुह्य हरिं कट्यां मुकुन्दानन्दवर्णिराट् ।
मञ्चके कोमलैर्युक्ते तूलिकाद्यैर्न्यषीषदत् ॥४३॥
स स्वं प्रादादथोष्णीषं गोपालानन्दयोगिनम् ।
उत्तरीयं वरं स्वीयं शुकानन्दाय चाऽदिशत् ॥४४॥
श्रोणिबन्धनसद्वासो नित्यानन्दाय सोऽदिशत् ।
स्वीयाङ्गरक्षकं चाऽदान्मुकुन्दानन्दवर्णिने ॥४५॥
अन्यत् स व्यतरद्वासः सर्वसद्भ्यो हरिर्निजम् ।
पर्यधादथ सद्वस्त्रं सूक्ष्मं श्वेतं महीपते ! ॥४६॥
स प्रादात्सुरवारं स्वं ब्रह्मानन्दाय वै ततः ।
अस्वजद्धर्मवंशीयान् वर्णिसन्यासिनस्तथा ॥४७॥
साधून् पद्गांस्तथा भक्तान् समाश्लिष्यद्धरिर्मुदा ।
तेषां वक्षस्यधाद्धर्षात् प्रीत्या स्वे पादपङ्कजे ॥४८॥

ઉપર ચઢી ગયા. ॥૪૧॥

ત્યારે શ્રીમુકુંદાનંદ વર્ણી, સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અને શ્રીશુકાનંદ સ્વામી, આ ત્રણેયે સત્વરે તેમને પકડી રાખ્યા. ॥૪૨॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને કમરે હાથ રાખીને તેડી લીધા, અને સુકોમળ ગાદી તકિયાવાળા મંચ ઉપર બેસાડી દીધા. ॥૪૩॥

પછી શ્રીહરિએ પોતાની પાઘ યોગિરાજ શ્રીગોપાળાનંદ સ્વામીને આપી. શ્રેષ્ઠ ખેસ હતો તે શ્રીશુકાનંદ સ્વામીને આપ્યો. ભેટ બાંધવાનો ખેસ શ્રીનિત્યાનંદ સ્વામીને આપ્યો અને પોતાનું અંગરખું શ્રીમુકુંદાનંદ વર્ણીને આપ્યું. ॥૪૪-૪૫॥

અને બીજું જે વસ્ત્ર હતું તે સંતોને પ્રસાદીના રૂપમાં વહેંચી આપ્યું. હે મહીપતે ! પછી શ્રીહરિએ સુંદર સૂક્ષ્મ શ્વેત વસ્ત્ર પહેર્યું. ॥૪૬॥

શ્રીબ્રહ્માનંદ સ્વામીને પોતાનો સુરવાળ આપ્યો. ધર્મવંશીઓ, વર્ણીઓ અને સંન્યાસીઓને શ્રીહરિ બાથમાં લઈને ભેટ્યા. ॥૪૭॥

તે સિવાયના બીજા સાધુઓને પાર્ષદોને અને બીજા ભક્તોને પણ શ્રીહરિ

अथ स्नातुं स मुन्यादीनादिश्य श्रीहरिर्व्यधात् ।
स्नानं निषद्य तत्कूपकुण्डिकायां महीपते ! ॥४९॥
तदा सम्मर्घ तद्गात्रं हरिं भक्तो ग्लहाभिधः ।
भूरिप्रेमपरीतात्मा भूपते ! तं ह्यसिस्नपत् ॥५०॥
मुकुन्दानन्दवर्णीन्द्रप्रत्तं पीताम्बरं ततः ।
पर्यधाच्चेतरत्तादृग् वस्त्रं वस्ते स्म स प्रभुः ॥५१॥
स निषाद्याऽथ तातं ते तस्यां नीरं स्वयं हरिः ।
न्यषिञ्चन्मूर्ध्न्यथ स्नानं सोऽकार्षीत्संस्मरन् हरिम् ॥५२॥
हरिः प्रायाद्भुजिस्थानं परिवीयाऽथ पादुके ।
त्वत्तातेनोत्तमाख्येन सार्द्धं स्वाज्ञानुवर्तिना ॥५३॥
स निषद्याऽथराजर्षे ! श्रीहरिः पट्टकासने ।
मुकुन्दवर्णिना न्यस्तं भोज्यस्थालं व्यलोकयत् ॥५४॥

રાજી થઈને ભેટ્યા. અને પ્રેમથી તે સહુની છાતી ઉપર પોતાના ચરણકમળ ચાંપી આપ્યા. ॥૪૮॥

હે મહીપતે ! પછી શ્રીહરિએ સંતો વગેરે સહુને સ્નાન કરવા માટેની આજ્ઞા આપી અને સ્વયં ત્યાં રહેલા કૂવાની કૂંડીમાં બેસીને સ્નાન કર્યું. ॥૪૯॥

હે ભૂપતે ! તે વખતે અપાર પ્રેમથી ભરપૂર હૃદયવાળા શ્રીઘેલા ધાધલે શ્રીહરિના અંગ ચોળીને સારી રીતે સ્નાન કરાવ્યું. ॥૫૦॥

પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ આપેલું રેશમી પીતાંબર પ્રભુ શ્રીહરિએ ધોતીના રૂપમાં પહેર્યું અને તેવું જ બીજુ વસ્ત્ર ઓઢ્યું. ॥૫૧॥

પછી શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચરને તે કૂંડીમાં બેસાડ્યા. અને સ્વયં તેમના માથા ઉપર પાણીની ધાર કરી. શ્રીદાદાખાચરે ભગવાનના નામ બોલીને સ્નાન કર્યું. ॥૫૨॥

પછી શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી અને જમવા પધાર્યા. તે વખતે પોતાની આજ્ઞાના પાલક શ્રીદાદાખાચર સાથે હતા. ॥૫૩॥

હે રાજર્ષે ! શ્રીહરિ બાજોઠ ઉપર વિરાજ્યા. શ્રીમુકુંદાનંદ વર્ણીએ પીરસીને થાળ આગળ મૂક્યો. તે શ્રીહરિએ જોયો. ॥૫૪॥

शष्कुलीपर्पिकादीनि हरिर्नानाविधानि सः ।
प्राश्नात् पीयूषतुल्यानि पिबन्नीरं मुहुर्मुहुः ॥५५॥
भुञ्जानश्चारु भोज्यानि भ्रामयन् स्वोदरे करम् ।
स्वीयप्रासादिकं भोज्यं त्वत्तातायाऽदिशद्धरिः ॥५६॥
जयाऽथ श्रीहरिं राजन् ! राजन्ती ललिता तथा ।
श्रीहरिं ता वचस्तिस्रः प्राहुरित्थं मुदाऽन्विताः ॥५७॥
स्वामिन्नाश्चर्यकृद्दश्यः सञ्जातोऽसौ महोत्सवः ।
तत्र मुक्ताः किलाऽस्माभिर्दृष्टाश्चाजादयोऽमराः ॥५८॥
स प्राहाथेति वाक्यं ता हरिः साध्व्योऽखिलास्तु ते ।
भोक्तुकामाः स्थिताः प्रीत्या भोज्यं प्रासादिकं हि मे ॥५९॥
मत्प्रासादिकसद्भोज्यैस्तस्मात्स्थालं भृतं वरम् ।
सतां पाके च भक्तानां पाके दापयत द्रुतम् ॥६०॥
सांख्ययोगास्ततो योषा देववर्त्मन्यलोकयन् ।

જલેબી અને બરફી આદિ અમૃત જેવા જાત જાતના ભોજન શ્રીહરિ જમવા લાગ્યા. વચ્ચે વારંવાર જળપાન કરતા હતા. ॥૫૫॥

સુંદર ભોજન જમતી વેળાએ શ્રીહરિ પોતાના પેટ ઉપર હાથ ફેરવતા હતા. શ્રીહરિએ પોતાના થાળની પ્રસાદી તમારા પિતાશ્રીને આપી. ॥૫૬॥

હે રાજન્ ! પછી જીવુબા (મોટીબા) લાડુબા અને રાજબાઇ, આ ત્રણેએ શ્રીહરિને પ્રસન્ન મનથી આવું વચન કહ્યું. ॥૫૭॥

હે સ્વામિન્ ! આ વસંત પંચમીનો ઉત્સવ થયો તે ઘણો આશ્ચર્યકારી દેખાયો. આ ઉત્સવમાં અમે અનેક મુક્તોના દર્શન કર્યા અને બ્રહ્માદિક દેવોને પણ અમે જોયા.'' ॥૫૮॥

પછી શ્રીહરિએ તેમને વચન કહ્યું, હે સન્નારીઓ ! તે બધા પ્રેમથી મારી પ્રસાદી જમવાની ઈચ્છાથી હજી રોકાયા છે. ॥૫૯॥

માટે મારી પ્રસાદીથી ભરેલો એક થાળ સંતોને રસોડે અને બીજો થાળ હરિભક્તોને રસોડે તુરંત અપાવડાવો. ॥૬૦॥

પછી તે સાંખ્યયોગી બહેનોએ આકાશમાં બ્રહ્માદિ દેવતાઓ, મુક્તો અને

ब्रह्मादींश्चाऽमरान् मुक्तानवतारांस्तथाऽखिलान् ॥६१॥
मुकुन्दानन्दवर्णीन्द्रस्त्वत्तातश्चाऽवलोक्य तान् ।
आनन्दमेव भूयांसं प्रापतां विस्मयाकुलौ ॥६२॥
अथेत्यूचे सदादीनां पङ्क्तिष्वाऽविष्य ते हरिः ।
मत्प्रासादिकभोज्यानि मुक्ताश्चात्स्यन्ति निर्जराः ॥६३॥
अथेत्यूचे हरिर्वाचं प्रीत्या भक्तं ग्लहाभिधम् ।
जातस्ते सफलोऽशेषः सत्सङ्कल्पक्षमारुहः ॥६४॥
हरिर्मुन्यादिमालासु नानाभोज्यान्यथव्रजन् ।
परिवेष्यैव सर्वांस्तांस्तोषयामास निर्भरम् ॥६५॥
त्वत्ताताद्यास्तदा मुक्तान् पङ्क्तिष्वाविश्य वै सताम् ।
तत्प्रासादिकभोज्यानि भुञ्जानांस्तान् व्यलोकयन् ॥६६॥
पार्षदानां तथाऽन्येषां गृहस्थानां हि पङ्क्तिषु ।
निषद्य प्राश्नतो देवांस्तानि प्रैक्षन्त ते मुदा ॥६७॥
ते तथा धर्मवंश्यानां पश्यन्ति स्म महानसे ।

બધા અવતારોને જોયા. ॥૬૧॥

શ્રીમુકુંદાનંદ વર્ણી અને તમારા પિતા શ્રીદાદાખાચર, બન્નેએ તે સહુને જોયા. તેથી તેઓ વિસ્મયાકુલ થઈને અત્યંત આનંદ પામ્યા. ॥૬૨॥

પછી શ્રીહરિએ કહ્યું, આ મુક્તો અને દેવતાઓ સાધુ આદિની પંગતમાં બેસીને મારા પ્રસાદીરૂપ અન્નને જમશે. ॥૬૩॥

પછી શ્રીહરિએ પોતાના ભક્ત શ્રીઘેલા ધાધલને પ્રેમથી કહ્યું, તમારો શુભ સંકલ્પરૂપ વૃક્ષ સંપૂર્ણપણે સફળ થયો છે. ॥૬૪॥

પછી શ્રીહરિએ સંતો આદિની પંગતમાં જઈને સહુને ભાત ભાતના ભોજન ખૂબ જ પીરસ્યા અને રાજી કર્યા. ॥૬૫॥

શ્રીદાદાખાચર આદિકે તે સમયે જોયું કે મુક્તો સંતોની પંગતમાં બેસી ગયા છે. અને શ્રીહરિના હાથની પ્રસાદી જમે છે. ॥૬૬॥

પાર્ષદોની પંગતમાં અને ગૃહસ્થ હરિભક્તોની પંક્તિમાં બેસીને દેવતાઓ પ્રસન્ન મનથી શ્રીહરિનો પ્રસાદ જમતા હતા, તેમ પણ જોયું. ॥૬૭॥

अवतारांस्तथैवेशान् स्वयंभूप्रमुखान्नृप ! ॥६८॥
तदाऽऽसीच्चान्दनी वृष्टिर्माल्यवृष्टिस्तथाऽम्बरे ।
'नमःशब्दो' 'जयारावो' महानुच्चैरभूच्छुभः ॥६९॥
वसन् गुंद्रालयग्रामे तत्र प्राघूर्णिकस्तदा ।
कङ्को मूलाभिधोऽपश्यत्तदैश्वर्यं परं हरेः ॥७०॥
ततस्तद्दर्शनानन्दस्तत्स्वरू पाप्तनिश्चयः ।
श्रीहरेः सोऽकरोत्तस्य दृढीयांसं समाश्रयम् ॥७१॥
स्वीयभक्तानथ प्रीत्या हरिर्भास्वत्पुरौकसः ।
राजन् सर्वानतिस्निग्धान् नानाभोज्यान्यभोजयत् ॥७२॥
उच्चैर्वेद्यां ततो मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदत्संयुते रम्ये श्रीहरिर्भक्तभावनः ॥७३॥

હે નૃપ ! વળી તેમણે ધર્મવંશીઓને રસોડે અવતારોને અને બ્રહ્મા આદિ ઈશ્વરોને જોયા. ॥૬૮॥

તે સમયે આકાશમાંથી ચંદનની અને પુષ્પોની વૃષ્ટિ થઈ. અને આકાશમાં "નમસ્કાર !!! " જય જય !!! જય જય !!! આવો ઘણો ઊંચો શુભ ધ્વનિ સંભળાવા લાગ્યો. ॥૬૯॥

તે સમયે ગુંદાળા ગામના કાઠી દરબાર શ્રીમૂળુભાઈ ગઢપુરમાં મહેમાન થઈને આવ્યા હતા. તેમણે શ્રીહરિનું આ ઐશ્વર્ય જોયું. ॥૭૦॥

આવા અલૌકિક દર્શન કરીને તેના મનમાં ખૂબ જ આનંદ થયો. આ શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે, આવો મનમાં તેમણે નિશ્ચય કર્યો, અને શ્રીહરિનો દૃઢતાથી આશ્રય કરીને તેઓ સત્સંગી થયા. ॥૭૧॥

હે રાજન્ ! પોતાના સ્વરૂપમાં અત્યંત હેતવાળા સુરતના હરિભક્તો ગઢપુર આવ્યા હતા. તે બધાને શ્રીહરિએ ખૂબ જ પ્રેમથી અનેક પ્રકારના ભોજન જમાડ્યા. ॥૭૨॥

પોતાના ભક્તોની પ્રેમથી સંભાવના કરનારા શ્રીહરિ, ઓટા ઉપરના ઊંચા મંચ ઉપર સુંવાળા ગાદી તકિયા બિછાવીને સુંદર આસન તૈયાર કર્યું હતું, ત્યાં આવીને વિરાજમાન થયા. ॥૭૩॥

स प्रादात् कपिलाधेनुं तस्मै श्रीहरये ततः ।
ग्लहः प्रीत्या महार्हाणि पञ्च वासांसि चाऽदिशत् ॥७४॥
तस्य पुत्रस्ततस्तिस्त्रः कन्यास्तत्प्रेरितास्तथा ।
पादयोः प्राणमन् भक्त्या श्रीहरिं मुक्तिकृन्नतिम् ॥७५॥
तेषां वक्षस्यथ स्वीये पादपद्मे न्यधाद्धरिः ।
धारयामास हस्ताब्जं तथा तन्मूर्द्धसु प्रभुः ॥७६॥
आरुह्य चारु चलनामथ रोचमानां पक्षालिमुत्तमतरां हरिरश्विनीं सः ।
आयाद्वृतो मुनिजनैश्च पदातिमुख्यैर्विभ्राजितं नरपते वरराजदुर्गम् ॥७७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतवासन्तिकमहोत्सवे निजचमत्कारादिप्रदर्शनं नाम त्रयोविंशत्यधिकशततमोऽध्यायः ॥१२३॥

પછી શ્રીઘેલા ધાધલે શ્રીહરિને કપિલા ગાયનું દાન કર્યું, અને સારા કીમતી પાંચ વસ્ત્ર પણ પ્રેમથી આપ્યાં. ॥૭૪॥

(શ્રીઘેલા ધાધલને માણસિયા ભાઈ નામે એક પુત્ર હતા અને દેવીબાઈ, જેઠીબાઈ અને જાનબાઈ નામે ત્રણ પુત્રીઓ હતી.) જેને પ્રણામ કરવાથી પણ જીવનો ઉદ્ધાર થાય છે આવા શ્રીહરિની પાસે શ્રીઘેલા ધાધલે પોતાના એક દીકરાને અને ત્રણ દીકરીઓને મોકલી તે સહુએ આવીને શ્રીહરિના ચરણમાં ભક્તિભાવથી પ્રણામ કર્યા. ॥૭૫॥

પ્રભુ શ્રીહરિએ તે સહુની છાતીમાં ચરણારવિંદ આપ્યા અને તેના મસ્તક ઉપર પોતાનો હસ્ત કમળ મૂક્યો. ॥૭૬॥

પછી શ્રીહરિ સુંદર ચાલ વાળી અને સુશોભિત પંખાળી નામની સર્વોત્તમ ઘોડી ઉપર સવાર થયા. સંતો અને પાર્ષદો વગેરે સહુ સાથે હતા. તે ઘેલા ધાધલના ઘેરથી નીકળીને શ્રીદાદાખાચરના સુંદર સોહમણા દરબારગઢમાં પધાર્યા. ॥૭૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૩ સમાપ્ત

अथ चतुर्विंशत्युत्तरशततमोऽध्यायः

शततमे चतुर्विंशत्युत्तर आसुवेश्मनि ।
स्वैश्वर्यं दर्शितं देवीपितृमुक्तिं व्यधाद्धरिः ॥

श्रीचैतन्यानन्द उवाच -
पृष्ठे ग्लहस्य गेहानां राजदुर्गोऽस्ति यो नवः ।
कारितः सुन्दरो राजन् ! साम्प्रतं सद्धिया त्वया ॥१॥
तत्राऽऽसन् दिशिवारुण्यां गेहान्यास्वाख्ययोषितः ।
तत्राऽऽस्तां साधुपद्गानां पाकशाले महीपते ! ॥२॥
श्रीहरिस्तत्र राजर्षे ! स न्यवात्सीत् पुनः पुनः ।
साश्चर्याणि चरित्राणि तत्राऽकार्षीद्दयानिधिः ॥३॥
तत्रैकदा हरिं पद्गा वाक्यमित्थं समब्रुवन् ।
बीडसंज्ञे प्रभो ! क्षेत्रे कृत्यायासोऽस्ति नो महान् ॥४॥
तथाप्यास्वाख्ययोषाया रोटकास्तु महानसे ।
अस्माभिस्तु यथाकालं नाप्यन्ते कार्यसुश्रमैः ॥५॥
मध्याह्ने योषिदास्वाख्या युष्मभ्यो रोटकान् सदा ।

અધ્યાય- ૧૨૪

આસુબાઈને ઐશ્વર્ય દર્શન અને દેવીબાઈના પિતાનો મોક્ષ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીઘેલાધાધલના દર્શન પાછળ હમણાં સદ્‌બુદ્ધિમાન તમે જે નવો દરબારગઢ સુંદર બનાવ્યો છે. ॥૧॥

ત્યાં આસુબાઈ નામે એક મહિલાના ઘર હતા. હે મહીપતે ! ત્યાં સાધુઓનું અને પાર્ષદોનું, એમ બે રસોડા હતા. ॥૨॥

હે રાજર્ષે ! શ્રીહરિ ત્યાં વારંવાર આવીને રહેતા હતા. દયાનિધિ શ્રીહરિએ ત્યાં ઘણાં આશ્ચર્યકારી ચરિત્ર કર્યા હતા. ॥૩॥

ત્યાં એક વખત પાર્ષદોએ આ રીતે શ્રીહરિને વાત કહી, હે પ્રભો ! અમે બીડવાળા ખેતરમાં ખૂબ જ મહેનત કરીએ છીએ. ॥૪॥

છતાં પણ કામ કરી કરીને થાકી ગયેલા અમને આસુબાને રસોડે નક્કી કરેલા સમય પ્રમાણે રોટલા મળતા નથી. ॥૫॥

दास्यते, चेन्न दद्यात्, सा तदा कुर्यादुपोषणम् ॥६॥
एवमाज्ञापिताऽस्माकमग्रे सा हरिणा त्वया ।
राजंश्चन्दनयात्राया तदैवाऽऽसीन्महोत्सवः ॥७॥
तदा तत्राऽऽगमद् योषिदास्वाख्या दृष्टये हरेः ।
हरिं दृष्ट्वा ततस्तस्याः सङ्कल्पोऽभूदिति प्रभुम् ॥८॥
वर्तते पादचारार्थं गुडम्ब्बा च मया कृता ।
रोटका न कृतास्तस्माद्धर्याज्ञोल्लङ्घिता मया ॥९॥
इत्थं विचार्य सा तूर्णं स्वागारं गन्तुमव्रजत् ।
इत्यासीत्तावदाश्चर्यं राजंस्तस्येच्छया हरेः ॥१०॥
आस्वाख्या भामिनी भक्ता स्वरूपेणेतरेण सा ।
दिव्येनैवाऽकरोद्भोज्यं भूपते ! रोटकादिकम् ॥११॥
ततस्तद्भोजयाञ्चक्रे सा शतद्वयसम्मितान् ।
पद्गांस्तेऽथाऽध्वनि प्रीतास्तामायान्ती व्यलोकयत् ॥१२॥

"આસુબા બપોરે યથા સમય તમને રસોઈ કરી આપશે અને જો નહિ આપી શકે, તો તેમણે એક ઉપવાસ કરવો." ॥૬॥

આવી આજ્ઞા અમારી સામે જ આપે કરી છે છતાં યોગ્ય સમયે અમને રસોઈ કરી આપતા નથી." ॥૭॥

હે રાજન્ ! તે દિવસે જ ચંદનયાત્રાનો મહોત્સવ હતો. ત્યારે ત્યાં આસુબા પ્રભુ શ્રીહરિના દર્શન કરવા આવ્યા. તેઓ દર્શન કરતા હતા અને મનમાં સંકલ્પ થયો કે ॥૮॥

"મેં પાર્ષદો માટે ગોળની રાબ કરી છે પણ રોટલા કર્યા નથી. તેથી મેં શ્રીહરિની આજ્ઞા લોપી છે. ॥૯॥

આવો સંકલ્પ કરીને તે તુરંત પોતાને ઘેર જવા ચાલતા થયા. હે રાજન્ ! તે શ્રીહરિની ઈચ્છાથી ત્યાં એક આશ્ચર્યકારી ઘટના થઈ. ॥૧૦॥

હે ભૂપતે ! આસુબા નામે ભક્ત મહિલાએ પોતાના બીજા દિવ્ય સ્વરૂપે રોટલા આદિ રસોઈ બનાવી દીધી. ॥૧૧॥

પછી તેણે બસો જેટલા પાર્ષદોને તે રસોઈ જમાડી દીધી. જમ્યા પછી ખુશ

श्रीहरिदर्शनानन्दां पथि वीक्ष्य च तां मुदा ।
ततस्ते विस्मिताः पद्गा वाक्यमित्यवदन्मिथः ॥१३॥
भोजयित्वाऽखिलानस्मानास्वाख्येयं किलाऽङ्गना ।
तत्र स्थिता द्वितीयाऽसौ सैव योषाऽऽगता कुतः ॥१४॥
योषिदास्वाभिधाऽथैवं पद्गांस्तान् वाक्यमब्रवीत् ।
पुत्रा मयाऽपराधो वः कृतो नैवाऽत्र संशयः ॥१५॥
मया चोल्लङ्घितं वाक्यं श्रीहरेरेव शर्मदम् ।
भोजयन्त्या न वः सर्वान् कार्यभूरिश्रमातुरान् ॥१६॥
भूरिशोभाद्भुतं धार्मिं पश्यन्ती श्रीहरिं मुदा ।
नास्मरं तद्विकृष्टात्मा युष्मद्भुक्तिविधापनम् ॥१७॥
भृगुजिच्चालयाद्यास्ते पद्गास्तामित्यथाऽवदन् ।
भोजिताः साम्प्रतं मातस्त्वयाऽशेषा वयं शुभे ! ॥१८॥
तैरित्युक्तेऽवदत्सेत्थं पुत्रा ! मातुस्तु कर्हिचित् ।

થયેલા પાર્ષદોએ બીજી બાજુથી આસુબાઇને આવતા જોયા. ॥૧૨॥

શ્રીહરિના દર્શન કરીને આનંદિત થયેલી આસુબાઇને દેખીને વિસ્મિત થયેલા પાર્ષદો અન્યોઅન્ય વાતો કરવા લાગ્યા. ॥૧૩॥

આપણને બધાને જમાડીને આસુબાઇ તો ત્યાં પાછા જતા રહ્યા છે, આ તેના તેજ છે કે કોઇ બીજા, આ ક્યાંથી આવ્યા ? ॥૧૪॥

તેટલી વારમાં તો આસુબાઇ પાર્ષદોની પાસે આવી ગયા. અને બોલ્યા કે ''પુત્રો ! મેં તમારો અપરાધ કર્યો છે, એમાં કોઇ શક નથી. ॥૧૫॥

મેં શ્રીહરિના સુખકારી વચનનું ઉલ્લંઘન કર્યું છે. ઘણી મહેનત કરીને થાકી ગયેલા તમને મેં સમયસર જમાડ્યા નથી. ॥૧૬॥

અપાર શોભાથી સંપન્ન, અદ્‌ભુત મૂર્તિ ધર્મપુત્ર શ્રીહરિના દર્શન કરવા હું ગઇ હતી. મૂર્તિમાં મારું મન ખેંચાયું, તેથી મને રસોઇ બનાવવાનું યાદ ન આવ્યું.'' ॥૧૭॥

ત્યારે શ્રીભગુજી અને અલૈયા ભક્ત વગેરેએ કહ્યું, હે શુભે ! માજી ! તમે હમણાં જ અમને બધાને જમાડી દીધા છે ને ? ॥૧૮॥

नोपहासो विधातव्यस्तेऽथ तामवदन्निदम् ॥१९॥
नोपहासं वयं कुर्मो जनन्यास्तेन वै प्रसूः ! ।
किन्तु सत्यं वयं ब्रूमो नाऽसत्यं चेति गम्यताम् ॥२०॥
तया सार्द्धं ततः पद्गास्ते तद्गेहं किलाऽऽगमन् ।
शान्तवह्निमथाऽपश्यंश्चुल्लिकां तत्र भूपते ! ॥२१॥
तत्र कञ्चन ते सर्वे जनं नाऽऽलोक्य भूपते ! ।
हर्यैश्वर्यं हि जानन्तो विस्मयं लेभिरे भृशम् ॥२२॥
आस्वाख्या सा ततो योषा हरिं मुन्यादिसंयुतम् ।
दुग्धपाकादिभोज्यानि भोजयित्वा व्यतर्पयत् ॥२३॥
किन्नखापीयनीशारं सा ततः पर्यधाद्धरिम् ।
तं चार्घ्यैरार्हयत् प्रीत्या गन्धमाल्यस्त्रगादिभिः ॥२४॥
वासांस्यथाऽऽर्पयत् सद्भ्यो नूत्नशुभ्राणि सा मुदा ।
सोऽनःस्थेऽथ युते मञ्चे तूलिकाद्यैरुपाविशत् ॥२५॥

પાર્ષદોએ આવું કહ્યું ત્યારે આસુબાઇએ તેમને આમ કહ્યું કે પુત્રો ! ક્યારેય માજીની મશ્કરી ન કરવી જોઇએ. ત્યારે પાર્ષદો બોલ્યા, ॥૧૯॥

હે મા ! અમે માની મશ્કરી નથી કરતા, અમે સાચી વાત જ કહીએ છીએ. અમે તમારી આગળ ખોટું નથી બોલતા એમ માનો. ॥૨૦॥

પછી બધા પાર્ષદો આસુબાઇની સાથે તેને ઘેર ગયા. ઘરમાં જોયું, ચૂલાનો તાપ પણ બુઝાઇ ગયો હતો. ત્યાં મનુષ્ય કે બીજું કાંઇ હતું જ નહિ. હે ભૂપતે ! આ બધું જોઇને સહુના મનમાં 'આ બધું શ્રીહરિનું ઐશ્વર્ય છે' એમ નિશ્ચય થયો અને સહુ વિસ્મય પામ્યા. ॥૨૧-૨૨॥

પછી આસુબાઇએ સંતો વગેરેની સાથે શ્રીહરિને દૂધપાક આદિકની રસોઇ કરાવી અને જમાડીને સહુને તૃપ્ત કર્યા. ॥૨૩॥

પછી તેણે શ્રીહરિને કિનખાબનો સુંદર જામો પહેરાવ્યો. અને ચંદન તથા ફૂલના હાર વગેરે ઉપચારોથી પ્રેમપૂર્વક પૂજા કરી. ॥૨૪॥

તેમણે મનમાં ખુશ થઇને સંતોને નવા સફેદ વસ્ત્ર આપ્યા. પછી ગાડા ઉપર પલંગ મૂકી ગાદી તકિયો ગોઠવીને તૈયાર કરેલા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન

व्यालजित्संज्ञिको मल्लो गङ्गारामश्च तौ ततः ।
हरिः स्वप्रेक्षणाऽऽयातौ रन्तुमाज्ञापयन्मुदा ॥२६॥
तौ चक्राते ततो राजन् ! मल्लखेलनकौशलौ ।
मल्लक्रीडां किलाऽऽलोक्यां नानाभेदैः समन्विताम् ॥२७॥
तां विलोक्याऽतिहृष्टात्मा गङ्गारामाय चाऽदिशत् ।
किन्नरवापीयनीशारं प्रावारं चेतराय सः ॥२८॥
करियानपुरस्थाया मीनाख्यायाश्च योषितः ।
सम्बन्धेनाऽन्विता देवीसंज्ञाऽऽसीत् स्त्री शुचिव्रता ॥२९॥
प्रतीच्यां ग्लहगेहेभ्यस्तस्यै सोऽकारयत्ततः ।
उदग्दिद्वारयुक्तानि हरिर्वेश्मानि भूपते ! ॥३०॥
देवी साऽथैकदा नीत्वा श्रीहरिं तस्य चाग्रतः ।
न्यस्यत् स्वार्णं महामूल्यं द्योतमानं विभूषणम् ॥३१॥
स प्राहाथेति सद्वाक्यं भूषणेनाऽमुनाऽधुना ।

थया. ॥२५॥

શ્રીહરિના દર્શન કરવા માટે ભુજથી શ્રીવાલજીભાઇ અને શ્રીગંગારામભાઇ મલ્લ ગઢપુર આવ્યા હતા તેઓ ત્યાં હાજર હતા. એટલે તેમને મલ્લ ક્રીડા કરવાની શ્રીહરિએ પ્રેમથી આજ્ઞા કરી. ॥૨૬॥

હે રાજન્ ! મલ્લક્રીડાના નિષ્ણાત તે બન્ને મલ્લોએ જોવાલાયક અને અનેક પ્રકારોવાળી મલ્લક્રીડા કરી. ॥૨૭॥

મલ્લક્રીડાને દેખીને શ્રીહરિ મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. શ્રીગંગારામ મલ્લને કિનખાબનો જામો આપ્યો અને શ્રીવાલજીભાઇને ખેસ આપ્યો. ॥૨૮॥

કરિયાણા ગામના મીણબાઇ નામે શ્રીહરિના એકાંતિક ભક્ત મહિલા હતા. તેમના સંબંધી દેવીબાઇ નામે પવિત્ર વ્રત પાળનારા સ્ત્રી ભક્ત હતા. ॥૨૯॥

હે ભૂપતે ! શ્રીઘેલા ધાધલના ઘરથી આથમણી બાજુ ઉત્તરાદાબારના ઘર તે દેવીબાઇ માટે કરાવ્યા હતા. ॥૩૦॥

તે દેવીબાઇએ એક દિવસ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી અને તેમની આગળ એક મોંઘામૂલું સોનાનું ચળકતું સારું ઘરેણું, દૂરથી નાખ્યું. ॥૩૧॥

किं कार्यं सा ततोऽवोचत्तमित्थं धर्मनन्दनम् ॥३२॥
आसील्लुब्धो हि तातो मे तेनैतावद्धनं प्रभो ! ।
सम्पादितं यथा श्रेयः स्यात् कार्यं तेन वै तथा ॥३३॥
स प्राहाऽथेति तां वाक्यं शीतकालोऽद्य विद्यते ।
तस्मात्पञ्चदशाहानि त्वया कार्यं त्विदं शुभे ! ॥३४॥
वृन्ताकानां त्वया शाकः संयुक्तो भूरिसर्पिषा ।
कारणीयस्तथोपेतो वेषवारेण चारु णा ॥३५॥
तेन सार्द्धं सुभोज्यानि सम्भोज्यानि त्वयाऽन्वहम् ।
मुनीनां चापवर्गस्ते पितुर्नूनं भविष्यति ॥३६॥
प्राहाथैवं हरिं वाक्यं नर्मवित् सूरपार्षदः ।
स्मयन् द्रक्ष्यति नार्यैषा तातं मुक्तिं गतं निजम् ॥३७॥
सा प्रैक्षतेत्यथाऽऽश्चर्यं श्रीहरेरिच्छया नृप ! ।
देवी तातं चतुष्पाणिं सोऽपश्यद्दिव्यरू पिणम् ॥३८॥

ત્યારે તેને દેખીને શ્રીહરિએ કહ્યું આ ઘરેણાનું શું કરવું છે ? ત્યારે દેવીબાઇએ ધર્મનંદન શ્રીહરિને એમ કહ્યું, ॥૩૨॥

હે પ્રભો ! મારા પિતાજી ઘણા લોભી હતા. તેમણે આટલું બધું ધન એકઠું કર્યું હતું, આનાથી કાંઇ જ સારું પુણ્યકાર્ય થાય તેમ કરો. ॥૩૩॥

શ્રીહરિએ તેમને કહ્યું અત્યારે શિયાળો ચાલે છે. હે શુભે ! તેથી તમારે હવે પછીના પંદર દિવસ હું કહું તેમ કરવું. ॥૩૪॥

તમારે રોજ સારા રીંગણાનું શાક ઘણા ઘીમાં કરવું અને તેમાં સારા મસાલા નાખવા. ॥૩૫॥

શાકની સાથે બીજી બધી રસોઇ પણ કરવી અને તે બધી રસોઇ રોજ સંતો વગેરેને જમાડવી અને તેનાથી તમારા પિતાનો મોક્ષ નિશ્ચિત થશે. ॥૩૬॥

ત્યારે નર્મના મર્મને જાણનારા પાર્ષદ શ્રીસૂરાખાચરે શ્રીહરિને હસતા હસતા કહ્યું, શું દેવીબાઇને પોતાના પિતાનો મોક્ષ થાય, તે જોવા મળશે ? ॥૩૭॥

હે નૃપ ! ત્યારે શ્રીહરિની ઇચ્છાથી દેવીબાઇને એક એવું આશ્ચર્ય દેખાયું કે તેના પિતાજી ચતુર્ભુજ દિવ્યરૂપે હતા. ઉજ્જ્વળ દિવ્ય વિમાનમાં બેઠા હતા. અતિ

द्योतद्दिव्यविमानस्थं वैकुण्ठं धाम भास्वरम् ।
गच्छन्तं भासमानाङ्गं दिव्यवासोविभूषणम् ॥३९॥
माता तस्यास्तदाऽप्यन्धा श्रीहरिप्रत्तदिव्यदृक् ।
तं प्रैक्षन्तोत्सुका दिव्यं तेजःपुञ्जातिराजितम् ॥४०॥
धीमन्नेवोपहासं प्राक् त्वं व्यधा नर्मवित्तमः ।
तथाप्येवास्ति तन्मुक्तिः सत्या चैवाऽथवा मृषा ॥४१॥
उत्थायाऽथ ब्रुवन् सूरः सत्यस्तस्येति वै हरेः ।
मोक्षो नृत्यन् हरेरग्रे तोषयामास तं भृशम् ॥४२॥
स प्राहाथेति तां देवीं मोक्षधर्मकथा मया ।
अस्मिन्नेवोचिते स्थाने वाचनीयाऽस्ति सुव्रतेः ॥४३॥
तस्मात् पञ्चदशाहानि जयादीनां त्वयाऽन्तिके ।
स्थेयं तासां तथा कार्या सेवा संसारमुक्तिदा ॥४४॥

તેજસ્વી વૈકુંઠ ધામમાં તેઓ જઇ રહ્યા હતા. તેનું શરીર અતિ ઉજ્જ્વળ હતું. દિવ્ય વસ્ત્રો અને આભૂષણો પહેર્યા હતા. ॥૩૮-૩૯॥

દેવીબાઇના મા અંધ હતા. પણ શ્રીહરિએ તેમને દિવ્યદષ્ટિ આપી હતી. તેથી ઉત્સાહિત થયેલા તેણે પણ તેજના પુંજમાં અતિ શોભતા દિવ્ય સ્વરૂપ તે મુક્તાત્માને જોયા. ॥૪૦॥

શ્રીહરિએ શ્રીસૂરાખાચરને કહ્યું, હે ધીમન્! સારી રીતે રમૂજ કરી જાણનારા તમે જ પહેલા આ રીતે રમૂજ કરી હતી. છતાં હવે તમે જ કહો આ જે દેખી તે મુક્તિ સાચી છે કે ખોટી ? ॥૪૧॥

ત્યારે શ્રીસૂરાખાચર તુરંત ઊભા થયા અને બોલ્યા. હે હરે ! તેનો મોક્ષ તો સાચો જ છે, આમ બોલીને તેમણે એવું નૃત્ય કર્યું કે શ્રીહરિ તેનાથી ખૂબ જ ખુશ થઇ ગયા. ॥૪૨॥

પછી શ્રીહરિએ તે દેવીબાઇને કહ્યું, હે સુવ્રતે ! ''મારે આવા યોગ્ય સ્થળમાં મોક્ષધર્મની કથા વંચાવવાની છે. ॥૪૩॥

માટે તમારે પંદર દિવસ સુધી જીવુબા (મોટીબા) ઇત્યાદિકની સાથે રહેવું અને જીવનો મોક્ષ કરે એવી તેમની સેવા તમારે કરવી. ॥૪૪॥

साऽथ प्रीत्या हरेराज्ञां मूर्द्धन्याधाय सादरम् ।
राजदुर्गे जयादीनां सन्निधानेऽवसन्नृप ! ॥४५॥
भद्रां पञ्चदशाहानि तत्र सोऽकारयत्ततः ।
नित्यानन्दमुनीन्द्रेण मोक्षधर्मकथां हरिः ॥४६॥
वृन्ताकानां तदा शाकं बह्वाज्येनाऽकरोत् सदा ।
हरिश्चाऽयं सुभोज्यानि तेनाऽऽदच्छिग्रुणा समम् ॥४७॥
परिवेष्याऽथ तच्छाकं पोलिकाद्यं तथा हरिः ।
समग्रसाधुपद्गादींस्तर्पयामास भोजयन् ॥४८॥
पूर्णमास्यां ततो राजन् ! मीनाख्या स्त्री हरिं तथा ।
मुन्यादीन् सप्तभेदानि पक्वान्नानि व्यभोजयत् ॥४९॥
साङ्कलिं सा ततो हैमीं प्रादात्तस्मै महाधनाम् ।
तां ततो हरजिन्नाम्ने भक्तायाऽर्प्येति सोऽब्रवीत् ॥५०॥
आदायैव त्वयैतेन भूषणेन महामते ! ।

હે નૃપ ! પછી દેવીબાઇએ આદરભાવ અને પ્રેમભાવથી શ્રીહરિની આજ્ઞા શિરોધાર્ય કરી, અને પછી દરબારગઢમાં જીવુબા આદિની સાથે રહ્યા. ॥૪૫॥

પછી શ્રીહરિએ તે જગ્યાએ મુનિવર્ય શ્રીનિત્યાનંદ સ્વામીની પાસે મંગળમય મોક્ષધર્મની કથા પંદર દિવસ સુધી કરાવી. ॥૪૬॥

તે દિવસોમાં કાયમ પુષ્કળ ઘીમાં રીંગણાનું શાક કરતા અને તે શાકની સાથે સરગવાનું શાક અને બીજી જે રસોઇ બનાવી હોય, તેને શ્રીહરિ જમતા હતા. ॥૪૭॥

શ્રીહરિ રોજ રીંગણાનું શાક અને પોળી સંતોને અને પાર્ષદો આદિને પીરસી, જમાડીને તૃપ્ત કરતા હતા. ॥૪૮॥

હે રાજન્ ! પછી પૂનમ આવી ત્યારે તે કરિયાણાના મીણબાએ સાત પકવાન્નની રસોઇ કરાવીને શ્રીહરિને અને સંતો વગેરે સહુને જમાડ્યા. ॥૪૯॥

પછી તેમણે ઘણી કીમતી સોનાની સાંકળી શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિએ તે હાથમાં લઇને ઠક્કર શ્રીહરજી ભક્તને આપી અને કહ્યું, ॥૫૦॥

હે મહામતે ! આ સાંકળી વેચીને તેના રૂપિયાથી સદ્‌બુદ્ધિવાળા શ્રીનિત્યાનંદ

पुस्तकाानि प्रदेयानि नित्यानन्दाय सद्धिये ॥५१॥
तमित्युक्त्वाऽस्वजत्प्रीत्या स्वाङ्घ्री सोऽधाच्च तद्धृदि ।
तथाऽऽश्लिष्याऽखिलान् साधूंस्तेषां वक्षस्स्वधात्पदे ॥५२॥
नीत्वेति शर्मनितरां हरिरात्मभक्तान् भक्तावनक्षमतरः करुणाम्बुराशिः।
पद्गैर्निजैः परिवृतो गजचारुयानो राजन्नुपागमदिमं वरराजदुर्गम् ॥५३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये आसुगृह ऐश्वर्यप्रदर्शनदेवीपितृमोक्षादिवर्णनं नाम चतुर्विंश-त्युत्तरशततमोऽध्यायः ॥१२४॥

अथ पञ्चविंशत्युत्तरशततमोऽध्यायः

शततमे पञ्चविंशत्युत्तरे श्रीहरिर्व्यधात् ।
लीलां चित्रां शुभां रक्षां भक्तराष्ट्रोढसंज्ञिनः ॥

श्रीचैतन्यानन्द उवाच -

स्वामीને જે જોઈએ તે પુસ્તક લાવી આપવા. ॥૫૧॥

શ્રીહરજીભક્તને આમ કહીને શ્રીહરિ તેમને ભેટ્યા અને તેની છાતીમાં ચરણકમળ ચાંપ્યા. તે પછી બધા જ સાધુઓને ભેટ્યા અને તે સહુની છાતીમાં પોતાના ચરણારવિંદ આપ્યા. ॥૫૨॥

શ્રીહરિ પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં અત્યંત શક્તિમાન્ છે, કરુણાના સાગર છે, આથી તેમણે પોતાના ભક્તોને અપાર સુખ આપ્યું અને હે રાજન્ ! પોતાના પાર્ષદોની વચ્ચે ગજગતિથી ચાલતા શ્રીહરિ આ સર્વોત્તમ દરબારગઢમાં પધાર્યા. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૪ સમાપ્ત.

અધ્યાય-૧૨૫

વિવિધલીલા અને નાના રાઠોડ ધાધલની રક્ષા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! સંસારના બંધનને કાપનારા

धार्मिणा हरिणा राजन् ! ग्लहागारादुदग्दिशि ।
कारितानि सुवेश्मानि रम्याण्यासन् भवच्छिदा ॥१॥
तत्राऽवात्सीद्धरेर्भक्तो महाराष्ट्रोढसंज्ञितः ।
सारङ्गाख्यपुरावासी हरौ गाढानुरक्तिमान् ॥२॥
राष्ट्रोढाख्यस्तथा भक्तः कनीयानाश्रितो हरेः ।
तत्राऽवसन्मुदा युक्तो हर्याज्ञापालतोद्यतः ॥३॥
तत्र मासत्रयं सन्तः श्रीहरेराज्ञयाऽवसन् ।
हरिस्तत्राऽन्वहं सायं सहाऽऽयात्स्वैः सदादिभिः ॥४॥
ततश्चिञ्चाद्रुमस्याधो मञ्चके संयुते हरिः ।
कोमलैस्तूलिकामुख्यैर्भ्राजमानैरुपाविशत् ॥५॥
राजन् ! भगवदानन्दनाम्नः साधोर्विपश्चिताम् ।
योगानन्दप्रमुख्यानां तमाह्वानं च स व्यधात् ॥६॥
तेषां कर्तुं ततो विद्यापरीक्षां श्रीहरिर्मिथः ।

ધર્મપુત્ર શ્રીહરિએ શ્રીઘેલા ધાધલના ઘરથી ઉત્તર દિશામાં સુંદર સારા ઘર કરાવ્યા હતાં. ॥૧॥

તેમાં સારંગપુરવાળા મોટા રાઠોડ ધાધલ રહેતા હતા. તેઓ શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ સ્નેહવાળા ભક્ત હતા. ॥૨॥

તે સિવાય બીજા એક નાના રાઠોડ ધાધલ નામે શ્રીહરિના એકાંતિક ભક્ત પ્રસન્ન મનથી રહેતા હતા. તેઓ શ્રીહરિની આજ્ઞા પાળવામાં સતત પ્રયત્નશીલ હતા. ॥૩॥

ત્યાં શ્રીહરિની આજ્ઞાથી કેટલાક સંતો ત્રણ માસ સુધી રહ્યા હતા, અને તે દિવસોમાં શ્રીહરિ રોજ સાંજે બીજા સંતો વગેરેને લઈને ત્યાં આવતા હતા. ॥૪॥

ત્યાં આંબલીના ઝાડ નીચે મંચ હતો તેના ઉપર સુંવાળા ગાદી તકિયાથી સજાવેલું સુશોભિત આસન રહેતું. તે આસને આવીને વિરાજતા હતા. ॥૫॥

હે રાજન્ ! શ્રીહરિ ત્યાં શ્રીભગવદાનંદ સ્વામી અને શ્રીયોગાનંદ સ્વામી જેવા વિદ્વાન્ સંતોને બોલાવતા હતા. ॥૬॥

શ્રીહરિ તે વિદ્વાન્ સંતોની વિદ્યાની પરીક્ષા કરવા માટે તેઓમાં અન્યોન્ય

संवादं तैर्हि शास्त्रीयं कारयामास शास्त्रिभिः ॥७॥
स न्यषीदद्धि तत्रैव राजन् मासत्रयं हरिः ।
तत्रैकदा हरिः सर्वान् विद्याऽध्येतॄन्मुदाऽस्वजत् ॥८॥
तत्र राष्ट्रोढसद्गेहे याज्ञवल्क्यस्मृतेः कथाम् ।
नित्यानन्दमुनीन्द्रेण मासे सोऽचीकरद्धरिः ॥९॥
तत्राऽभुक्ताऽन्वहं राजन्नानाभोज्यानि स प्रभुः ।
कङ्कैर्नानाविधं भक्तैर्विनोदं च व्यचीकरत् ॥१०॥
महाराष्ट्रोढगेहाग्रे चिञ्चाद्रुर्यो हि वर्तते ।
तस्याऽधः सोऽन्विते मञ्चे तूलिकाद्यैरुपाविशत् ॥११॥
स तत्राऽथ भवत्तातं पद्गानन्यांस्तथा हरिः ।
नानाविद्यामहाम्भोधिः पट्टक्रीडामशिक्षयत् ॥१२॥
एकदा त्वत्पितुर्धार्मिस्तत्राऽऽलोक्योत्तमां हरिः ।

શાસ્ત્ર સંબંધી સંવાદ-શાસ્ત્રાર્થ કરાવતા હતા. ॥૭॥

હે રાજન્ ! શ્રીહરિ ઉપર જણાવેલ સ્થળે આસન ઉપર ત્રણ માસ સુધી વિરાજમાન થયા હતા. તેમાં એક વખતે તે ભણનારા વિદ્વાન્ સંતોના ઉપર રાજી થઈને તેમને બાથમાં લઈને ભેટ્યા હતા. ॥૮॥

શ્રીહરિએ રાઠોડ ધાધલના સુંદર ઘેર એક માસ સુધી મુનિવર્ય સદ્ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી પાસે યાજ્ઞવલ્યસ્મૃતિની કથા કરાવી હતી. ॥૯॥

હે રાજન્ ! શ્રીહરિ પ્રભુ ત્યાં અનેક પ્રકારના ભોજન રોજ જમતા હતા. અને પોતાના ભક્ત કાઠી દરબારો સાથે અનેક પ્રકારનો હાસ્યવિનોદ કરતા કરાવતા હતા. ॥૧૦॥

મોટા રાઠોડ ધાધલનાં ઘરની આગળ જે આંબલીનું ઝાડ છે. તેની નીચે મંચ ઉપર ગાદી તકિયા વગેરે ગોઠવ્યું હોય ત્યારે ત્યાં આવીને વિરાજતા હતા. ॥૧૧॥

અનેક વિદ્યાઓના મહાસાગર શ્રીહરિ તે સ્થળે તમારા પિતા શ્રીદાદા ખાચર અને બીજા પાર્ષદોને પટ્ટાનો ખેલ શીખવતા હતા. ॥૧૨॥

એક વખત પોતાની અનુવૃત્તિ પાળનારા તમારા પિતા શ્રીદાદાખાચરની

पट्टक्रीडामतिप्रीतस्तस्मिन् स्वानुव्रतेऽभवत् ॥१३॥
नीशारं किन्नखापीयं सुरवारं ततो हरिः ।
कञ्चुकं चाऽदिशत्तस्मै महामूल्यं तथाविधम् ॥१४॥
महार्हं चोत्तरासङ्गं श्रोणिबन्धनसत्पटम् ।
पद्गेभ्यश्च दशप्रादाद्भूमिपाल ! शिरःपटान् ॥१५॥
कनीयानेकदा भक्तो राजन् ! राष्ट्रोढसंज्ञितः ।
महारोगार्दितो धीमानासन्नमरणोऽभवत् ॥१६॥
अथाऽऽहूतो हरिः प्रायात्तत्र सर्वाश्रिताऽविता ।
तं विलोक्याऽथ भक्तं स्वं जगादैवं शुभं वचः ॥१७॥
जातो निर्वासनो जीवः साम्प्रतं त्वस्य सर्वथा ।
तस्मादस्याद्य देहोऽयं प्राप्नुयान् मरणं यदा ॥१८॥
तदा निर्वासनत्वेन गच्छेन्मुक्तदशामयम् ।
तदाङ्गनाऽभवद्देवी विलपन्ती शुचाऽतुरा ॥१९॥
श्रीहरिं सेत्यथाऽवोचत् स्त्रवद्बाष्पाऽऽकुलेक्षणा ।

પટ્ટાની રમત ઘણી જ સારી હતી તે જોઈને ધર્મપુત્ર શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયા. ॥૧૩॥

પછી પોતાનો કિનખાબનો જામો, સુરવાળ અને તેના જેવું જ બીજું એક કિંમતી અંગરખું હતું તે પણ શ્રીદાદાખાચરને આપ્યું. ॥૧૪॥

મોંઘામૂલો ખભાનો ખેસ અને ભેટવાળવાનો કમરબંધનો ખેસ પણ આપ્યો. હે ભૂમિપાલ ! પાર્ષદોને પણ દસ પાઘડીઓ બંધાવી. ॥૧૫॥

હે રાજન્ ! એક વખત બુદ્ધિમાન્ નાના રાઠોડ ધાધલ બીમાર પડ્યા. મૃત્યુ સમય નજીક આવી ગયો. ॥૧૬॥

પછી શ્રીહરિને ત્યાં બોલાવ્યા. સર્વભક્ત રક્ષક શ્રીહરિ ત્યાં પધાર્યા અને તે પોતાના એકાંતિક ભક્તને જોઈને આવું શુભ વચન બોલ્યા. ॥૧૭॥

આનો આત્મા અત્યારે નિર્વાસનિક થઈ ગયો છે. તેથી જો અત્યારે આનો દેહાંત થાય, મૃત્યુ થાય તો નિર્વાસનિક હોવાથી આની મુક્તિ થાય. તે સમયે શોકથી ઘેરાયેલા તેના પત્ની દેવીબાઈ રડવા લાગ્યા. ॥૧૮-૧૯॥

उद्वाहितस्त्वयाऽद्याऽसौ त्वन्मूर्त्याऽऽसक्तमानसः ॥२०॥
तस्माज्जीवय नाथ त्वं भक्तमेतं तवोत्तमम् ।
इत्थं निशम्य तद्वाक्यं हरिस्तामब्रवीदिदम् ॥२१॥
सम्बन्धस्नेहपाशः स्विद्दुर्जरोऽस्त्यङ्गिनां शुभे ! ।
प्राणिनस्तेन मुह्यन्तो यान्ति संसारबन्धनम् ॥२२॥
मय्यसाधारणप्रीत्या हेया सम्बन्धिषु ध्रुवम् ।
संसृतेर्हेतुरासक्तिर्भक्तिविघ्नविधायिनी ॥२३॥
तामित्युक्त्वा हरिर्वाक्यं सर्वभक्तहितोद्यतः ।
स्वासक्तान् बोधयन् साधून् प्राहेत्थं शान्तिदं वचः ॥२४॥
वासना तपसा सन्तो नश्येद्देहभृतां दृढा ।
तथा गच्छेद्धि सा नाशं तीव्रया देहपीडया ॥२५॥
भूरिकालेन तत्रान्तं वासना तपसा व्रजेत् ।

તેમની વિહ્વળ આંખોમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યા. તેણે શ્રીહરિને કહ્યું, આપના સ્વરૂપમાં જ મન રાખનારા, આપના આ ભક્તને આપે હમણાં જ પરણાવેલ છે. ॥૨૦॥

માટે હે નાથ ! આપના આ શ્રેષ્ઠ ભક્તને આપ જીવનદાન આપો. દેવીબાઈનું વચન સાંભળીને શ્રીહરિએ તેને એમ કહ્યું. ॥૨૧॥

હે શુભે ! સગા સંબંધનું હેત ઘણું મજબૂત હોય છે, તે હેત ટળવું કઠણ છે. અરે ! તે સ્નેહથી મોહ પામેલા જીવ સંસારના બંધનને પામે છે. ॥૨૨॥

જીવને દેહના સંબંધીમાં જે સ્નેહથી આસક્તિ હોય છે તે ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરે છે અને જન્મમરણરૂપ સંસારનું કારણ બને છે, માટે તે આસક્તિને મારા સ્વરૂપમાં અસાધારણ હેત રાખીને ટાળવી જોઈએ. ॥૨૩॥

સર્વ ભક્તોનું હિત કરવામાં તત્પર રહેનારા શ્રીહરિએ દેવીબાઈને આવા વચન કહ્યા અને તે પછી પોતાના સ્વરૂપમાં હેતવાળા સંતોની આગળ આ રીતે શાંતિ થાય તેવી વાત કહી. ॥૨૪॥

દેહધારીઓની દૃઢ વાસના તપથી નાશ પામે છે અને તીવ્ર દેહપીડા થાય તો નાશ પામે છે. ॥૨૫॥

तथाऽऽप्नुयाद्विनाशं सा सत्वरं तीव्रपीडया ॥२६॥
वासना यस्य देहे तु नश्येन्मुक्तदशां हि सः ।
प्राप्नुयात्तस्य सा न स्यात् सम्बन्धिषु स्ववर्ष्मणः ॥२७॥
एतस्य वासनाऽशेषा प्राप्तान्तं मेऽनुकम्पया ।
कृता माणिक्यवर्णायाः सेवाऽश्वाया निरन्तरम् ॥२८॥
तत्पुण्येनाऽस्य संजाता वासनाहीनताऽधुना ।
तदाऽसौ मुक्ततां गच्छेत् स्याद्यदैतद्वपुर्मृतम् ॥२९॥
तं विलोक्याऽथ स प्रीत्या राजन्नुच्चैरभाषयत् ।
तावत्तस्याऽभवन्मूर्छा निवृत्ता प्राप्य चेतनाम् ॥३०॥
हन्यतां हन्यतां चैवं प्राहोच्चैः सोऽथ वै वचः ।
स प्राहाऽथ हरिस्त्वेवं किं नु दृष्टं त्वयाऽधुना ॥३१॥
सोऽवोचत्तमिति प्रेष्ठं तन्माहात्म्यं विदंस्ततः ।
विकरालं हरे कालं दुर्विलोक्यं विलोकये ॥३२॥

ઘણા સમય સુધી તપ કરવાથી વાસનાનો અંત આવે છે અને જો શરીરમાં તીવ્ર પીડા થાય તો પણ વાસના સત્વરે ટળી જાય છે. ॥૨૬॥

જેને શરીરમાં વાસના ન રહે અને પોતાના શરીરના સંબંધીઓમાં પણ વાસના ન રહે તો તે મુક્તિ દશાને પામે છે. ॥૨૭॥

મારી કૃપાથી આ ભક્તની વાસના સંપૂર્ણ ટળી ગઈ છે. અને આણે માણકી ઘોડીની સેવા પણ નિરંતર કરી છે. ॥૨૮॥

તેના પુણ્યથી અત્યારે આની વાસના નષ્ટ થઈ ગઈ છે. જો અત્યારે આનું મૃત્યુ થાય તો તે આત્મા મુક્તપણું પામે અર્થાત્ તેનો મોક્ષ થઈ જાય. ॥૨૯॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ શ્રીરાઠોડ ધાધલ (નાના) ની સામે જોઈને પ્રેમથી ઊંચે સાદે તેમને બોલાવ્યા. તેથી તેમની મૂર્છા ટળી ગઈ અને ભાનમાં આવ્યા. ॥૩૦॥

અને તે ઊંચે અવાજે ''મારો'' ''મારો'' એમ બોલવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું, અત્યારે તમે શું જોયું ?॥૩૧॥

ત્યારે શ્રીહરિના માહાત્મ્યને સમજનારા તે શ્રીરાઠોડ ધાધલે પરમપ્રિય

त्वद्दृष्ट्या वेपमानाङ्गं धावन्तं त्रस्तचेतसम् ।
प्रेक्षमाणं प्रभो ! पश्चाद्भूरित्रासप्रदेक्षणम् ॥३३॥
ततस्तद्दर्शितैश्वर्यप्रेक्षणानन्दसम्प्लुतः ।
प्रेमबाष्पाकुलस्तस्य पादयोः प्राणमद्धरेः ॥३४॥
ततस्तस्मिन्नतिप्रीतो गुणज्ञः श्रीहरिर्विभुः ।
तस्य मूर्द्धन्यधात्स्वीयं हस्ताम्भोजं भवापहम् ॥३५॥
महाराष्ट्रोढसंज्ञाय स्वाश्रिताय हरिस्ततः ।
सारङ्गपुरवासाय वासांस्यात्मधृतान्यदात् ॥३६॥
त्वत्तातेनाऽश्विनीं रम्यां तस्मै सोऽदापयद्धरिः ।
अथ स्वीयान्मुदा भक्तान् जगादाऽऽनन्दयन्निदम् ॥३७॥
असौ ग्लहाख्यभक्तेन राष्ट्रोढाख्योऽस्ति सन्निभः ।

શ્રીહરિને કહ્યું, હે હરે ! જેની સામે પણ જોઈ શકાય નહિ આવા મહાન્ ભયંકર કાળને હું દેખી રહ્યો છું. ॥૩૨॥

હે પ્રભો ! આપની દૃષ્ટિ પડવાથી તે ધ્રૂજી રહ્યો છે, મનમાં ત્રાસી ગયો છે, તેને દેખવા માત્રથી જ મનમાં ઘણો ત્રાસ પેદા થાય છે. ભાગતા ભાગતા તે પાછું વળીને જોતો જાય છે. ॥૩૩॥

પછી શ્રીહરિએ દેખાડેલા ઐશ્વર્યને જોઈને આનંદમાં તરબોળ થઈ ગયેલા શ્રીરાઠોડ ધાધલ આંખોમાંથી પ્રેમના આંસુઓને વહાવતા ઊભા થઈને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ॥૩૪॥

મહાસમર્થ પ્રભુ શ્રીહરિ વ્યક્તિના ગુણોને જાણે છે, ઓળખે છે, તેથી તે રાઠોડ ધાધલ ઉપર સ્વયં ખૂબ જ પ્રસન્ન થયા અને ભવભટકણને ટાળનારો પોતાનો હસ્તકમળ તેના મસ્તક ઉપર મૂક્યો. ॥૩૫॥

પછી શ્રીહરિએ સારંગપુરવાળા પોતાના એકાંતિક ભક્ત મોટા રાઠોડ ધાધલને પોતે પહેરેલા વસ્ત્ર પ્રસાદીના રૂપમાં આપ્યાં. ॥૩૬॥

અને શ્રીહરિએ તમારા પિતા શ્રીદાદાખાચરને હાથે એક સુંદર સારી ઘોડી તેમને અપાવી. પછી શ્રીહરિએ પોતાના ભક્તોને આનંદ થાય તેવી વાત કહી. ॥૩૭॥

આ શ્રીરાઠોડ ધાધલ, મારા ભક્ત શ્રીઘેલા ધાધલના જેવા જ છે, શ્રદ્ધાથી

मत्सेवां श्रद्धया कुर्वन् वर्तते मदनुव्रतः ॥३८॥
रुचिरगुण महर्षिवत्प्रपन्नः स्थितिमचलां सुखदां दयार्द्रचित्तः ।
हरिरिति स वचोऽभिधाय राजन् ! तमतिमुदाऽस्वजदाश्रितार्त्तिहारी ॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्येश्रीहरिकृतस्वभक्तावनचरित्रादिवर्णनं नाम पञ्चविंशत्यधि-कशततमोऽध्यायः ॥१२५॥

अथ षड्विंशत्यधिकशततमोऽध्यायः

षड्विंशत्युत्तरे शततमे श्रीहरिणा कृता ।
रक्षा गोपस्य योधस्य कालात् क्रूराद् भयङ्करात् ॥

श्रीचैतन्यानन्द उवाच –
राजिकायास्तु यत्राऽऽसंश्चारुगेहानि भूपते ! ।
तत्र दुर्गो महानासीन्महिष्यस्तत्र चाऽवसन् ॥१॥
योधस्त्यक्त्वा कुटुम्बं स्वं श्रीहरेः सेवनेच्छया ।
गोपालः श्रीहरिप्रेयान् भक्तस्तत्राऽवसत्परः ॥२॥

મારી સેવા કરે છે અને હંમેશા મારી અનુવૃત્તિમાં રહે છે. ॥૩૮॥

શ્રીહરિ ભક્તોની પીડાને હરે છે, 'તેઓ કોઈ મહાન્ સદ્‌ગુણ સંપન્ન મહર્ષિ હોય, તેની જેમ સુખરૂપ અચળ સ્થિતિમાં રહ્યા છે. 'હે રાજન્ ! ઉપર કહ્યા પ્રમાણેના શબ્દો બોલીને સ્વયં શ્રીરાઠોડ ધાધલને ભુજાઓમાં ભીડીને ભેટ્યા. ॥૩૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૫

અધ્યાય-૧૨૬

જોધા ગોવાળની કાળથી રક્ષા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! જ્યાં રાઈબાના સુંદર ઘર હતા ત્યાં એક મોટો વંડો હતો. તેમાં ભેંશો બંધાતી હતી. ॥૧॥

જોધો ગોવાળ શ્રીહરિના ઉપર હેત વાળો ભક્ત હતો, તેણે શ્રીહરિની સેવા

त्वत्पितुर्महिषीस्तस्य श्रीहरेराज्ञया सुधीः ।
प्रीत्यै निजेष्टदेवस्य चारयामास सोऽनिशम् ॥३॥
एकदा रोगपीडार्त्तो राजन्नन्तिकमृत्युकः ।
सोऽभूद् गोविन्दनामानं प्राहेत्थं नापितं ततः ॥४॥
अद्य देहान्तकालो मे प्राप्तस्तस्माद्धरिं द्रुतम् ।
पुण्यप्रेक्षं प्रभुं प्रेष्ठं त्वत्राऽऽनेतुं त्वमर्हसि ॥५॥
स श्रीहरिं ततस्तूर्णं प्राप्य भक्तसभास्थितम् ।
व्यसुभविष्यतो योधभक्तस्योदन्तमाह तम् ॥६॥
तावदालोक्य दुर्दृश्यं करालं कालमार्तिदम् ।
इत्यवोचत्स भक्तस्तं कोऽसीत्यूचे ततः स तम् ॥७॥
ब्रह्मादिस्तम्बपर्यन्तं विश्वं विध्वंसयन्निदम् ।
कृतान्तोऽत्राहमायातो नेतुं त्वां चेति गम्यताम् ॥८॥

કરવાની ઇચ્છાથી તો ઘરકુટુંબ છોડી દીધું હતું, તે ત્યાં વંડામાં રહેતો હતો. ॥૨॥

રૂડી બુદ્ધિવાળો તે ગોવાળ તમારા પિતા શ્રીદાદાખાચરની ભેંશોને તે પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની આજ્ઞાથી ચારતો હતો. ॥૩॥

હે રાજન્ ! એક વખત તે જોધો ગોવાળ રોગની પીડાથી દુઃખી થઇ ગયો, માનો તેનું મોત નજીક આવી ગયું. પછી તેણે ત્યાં એક ગોવિંદ નામે વાળંદ હતો તેને કહ્યું, ॥૪॥

મારો મૃત્યુ સમય આજ આવ્યો લાગે છે, તું જલદી જા, જેમના દર્શન પરમ પવિત્ર છે, આવા મારા વહાલા શ્રીહરિને અહીંયાં બોલાવી લાવ. ॥૫॥

તે ગોવિંદ ભક્ત તુરંત ગયો. શ્રીહરિ સંત હરિભક્તોની સભામાં બેઠા હતા. ત્યાં મરણ પથારીમાં સૂતેલા જોધા ગોવાળની વાત કહી. ॥૬॥

તે વેળાએ જોધા ગોવાળ પાસે કાળ આવી પહોંચ્યો. તે અતિશય ભયંકર, સામે જોઇ શકાય નહિ તેવો પીડાકારી હતો. તેને દેખીને ગોવાળે કહ્યું, અરે ! તું કોણ છો ? ત્યારે કાળે કહ્યું. ॥૭॥

બ્રહ્માથી લઇને થૂમડા પર્યંત આ વિશ્વનો વિનાશ કરનારો હું કાળ છું, તને લેવા આવ્યો છું, એમ તું સમજ. ॥૮॥

स तद्वाक्यमिति श्रुत्वा शूरः प्राहेति तं वचः ।
मां न शक्तोऽसि नेतुं त्वं स्वामिनारायणाऽऽश्रितम् ॥९॥
मद्वृतान्तं ब्रुवे तुभ्यं प्राचीनं लोकभीतिकृत् ।
शालिक्षेत्रे मदीये प्राक् मण्डलं चाऽवसद्गवाम् ॥१०॥
तद्गवां मण्डलादेकां धेनुं व्याघ्रोऽवधीन्महान् ।
मद्भ्राताऽहं च तास्त्रातुं ह्यावामन्वद्रवाव तम् ॥११॥
व्याघ्रोऽथाऽऽलोक्य नौ कुर्वन् यष्टिहस्तौ पलायनम् ।
क्रूरनादान् प्रकुर्वाणो करीराणां व्रजेऽपतत् ॥१२॥
तं गृहीत्वाऽथ शार्दूलं बध्वा रज्वा तथाऽऽनने ।
आरुक्षं तं त्वहं क्रूरं स्वामिनारायणं स्मरन् ॥१३॥
तदा मत्सोदरोऽगृह्णाश्चाद्रज्जुं हि तत्सिताम् ।
उत्पुप्लुवेऽथ स व्याघ्रो बलीयान् भीमविग्रहः ॥१४॥
सत्सङ्गी मे तदा भ्राता स्वामिनारायणेति सः ।

કાળના વચનને સાંભળીને મહાન્ શૂરો તે જોધો ગોવાળ બોલ્યો, હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. તું મને લઇ શકીશ નહિ. ॥૯॥

એ લોકોને ડરાવનારા ! તું પહેલા મારી એક જૂની ઘટનાને સાંભળ, હું તને કહું છું. ઘણા સમય પહેલા ડાંગરના ખાલી ખેતરમાં મારી ગાયો નું ધણ ચરતું રહેતું હતું. ॥૧૦॥

ત્યાં એક મોટા ભયંકર વાઘે આવીને ધણમાંથી એક ગાયને મારી. મારો ભાઇ અને હું, બન્ને તે ગાયને બચાવવા તે વાઘની પાછળ દોડ્યા. ॥૧૧॥

હાથમાં લાકડી લઇને ભયંકર પડકાર કરતા અમને દેખીને તે વાઘ ભાગ્યો અને કેરડાના જાળાઓમાં જઇને ભરાયો. ॥૧૨॥

પછી તે વાઘને અમે પકડ્યો. મોઢા ઉપર આંટી દઇને તેને બાંધ્યો. શ્રીસ્વામિનારાયણ ભગવાનને સંભારીને હું તે વાઘની પીઠ ઉપર ચઢી ગયો. ॥૧૩॥

મારો ભાઇ તે વાઘને બાંધેલું દોરડું પકડીને તે સમયે પાછળ રહ્યો. બિહામણા શરીરવાળો મહાન્ બળવાન્ વાઘ તે વખતે કૂદ્યો. ॥૧૪॥

મારો ભાઇ સત્સંગી હતો. તેણે તે વખતે ઊંચે અવાજે સ્વામિનારાયણ

संज्ञां भद्रां हरेरु च्चैः पुण्यामेवोदचारयत् ॥१५॥
स्वामिनारायणः साक्षादश्ववारैर्वृतस्तदा ।
वाहारू ढो निजप्रेक्षामावाभ्यां चादिशत्प्रभुः ॥१६॥
ततस्तद्दर्शनप्राप्तमहानन्दस्य मे बलम् ।
जातं मुष्ट्याऽथ तं व्याघ्रं प्राहरं मस्तके भृशम् ॥१७॥
आसीद्धरिप्रतापेन कम्पमानकलेवरः ।
शकृन्मूत्रं तथा मुञ्चन् मृतप्रायो व्यथातुरः ॥१८॥
मामुत्तीर्णं ततो व्याघ्रात् स्वामिनारायणो हरिः ।
नियमान् दिव्यरू पेण धारयामास शान्तिदान् ॥१९॥
अत्राऽऽस्ते भगवान् साक्षात्स्वामिनारायणोऽधुना ।
तस्मात्ते गणनोग्रस्य नास्ति मेऽल्पाऽपि मानसे ॥२०॥
मां तु हन्तुं न शक्तस्त्वं स्वामिनारायणाश्रितम् ।
त्वत्पाण्योर्दण्डपाशौ स्तो मत्पाण्योर्यष्टिमालिके ॥२१॥

સ્વામિનારાયણ આવું ભગવાનનું મંગળમય નામ બોલવાનું શરૂ કર્યું. ॥૧૫॥

તે સમયે પ્રભુ શ્રીહરિ સ્વામિનારાયણ ઘોડે સવારોની વચ્ચે અશ્વ ઉપર સવાર થઈને અમને દર્શન આપવા પધાર્યા. ॥૧૬॥

પછી તેમના દર્શનથી અમને મહાન આનંદ થયો. મને તેનાથી બળ મળ્યું. મેં મારા હાથની મુઠ્ઠી બાંધીને બળ સાથે તે વાઘના કપાળમાં મુક્કો માર્યો. ॥૧૭॥

શ્રીહરિના પ્રતાપથી તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. તે પીડાથી ઘેરાઇ ગયો અને તેના ઝાડો પેશાબ છૂટી ગયા અને તે મર્યા જેવો થઈ ગયો. ॥૧૮॥

પછી હું વાઘ ઉપરથી ઊતરી ગયો. ભગવાન્ શ્રીસ્વામિનારાયણે મને દિવ્ય સ્વરૂપે આવીને શાંતિ મળે તેવા નિયમ ધરાવ્યા. ॥૧૯॥

તે સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાન્ હાલમાં અહીંયાં જ છે. તેથી મારા મનમાં તું અતિ ભયંકર હોવા છતાં મને તારી કાંઇ ગણતી નથી. ॥૨૦॥

હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું તેથી તું મને મારી શકીશ નહિ. તારા હાથમાં દંડો અને બાંધવા માટેનો પાશ (દોરડું) છે. અને મારા હાથમાં આ લાકડી અને જપમાળા છે. ॥૨૧॥

तस्माद्वै दण्डपाशौ ते काल मे त्स्याम्यहं द्रुतम् ।
सोऽद्याऽऽगमिष्यति श्रीमान् स्वामिनारायणो हरिः ॥२२॥
पराभूतिं ततस्तूर्णं स ते नूनं विधास्यति ।
तस्मात्त्वां गणये नाहं वारणो मशकं यथा ॥२३॥
स प्राहाथेति तं कालो यथा शिष्योऽसि सन्मते ! ॥
स्वामिनारायणस्य त्वं तस्य शिष्यस्तथाऽस्म्यहम् ॥२४॥
जिजीविषा तव स्याच्चेदाज्ञा ग्राह्या तदा त्वया ।
स्वामिनारायणाख्यस्य स्वेष्टदेवस्य सत्पतेः ॥२५॥
अहं तु श्रीहरेर्भक्तैः शान्तरू पोऽवलोकितः ।
परं त्रासप्रदाऽऽकारो दुष्टानामस्मि देहिनाम् ॥२६॥
तदीयाऽऽज्ञानुसारेण वर्तमानो निरन्तरम् ।
तस्य कार्यं यथादेशं करिष्याम्येव तद्वशः ॥२७॥
तस्माज्जीवनवाञ्छार्थं प्रष्टव्यः श्रीहरिस्त्वया ।
गच्छेयं साम्प्रतं श्वोऽहं नन्वत्रैष्यामि तच्चरः ॥२८॥

હે કાળ ! તેથી જ હું તારા દંડાને અને પાશને જલદી તોડી નાંખીશ. તે શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન્ હમણાં જ અહીંયાં આવશે. ॥૨૨॥

તે મહાપ્રભુ તારો પરાભવ સત્વરે અને ચોક્કસ કરશે. હાથી મચ્છરને ગણકારતો નથી તેમ હું પણ તને ગણકારતો નથી. ॥૨૩॥

ત્યારે કાળે પણ જોધા ગોવાળને કહ્યું, હે સન્મતે ! જેમ તમે શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના શિષ્ય છો તેમ હું પણ તેમનો જ શિષ્ય છું. ॥૨૪॥

જો તમને જીવવાની ઇચ્છા હોય તો પોતાના ઇષ્ટદેવ સત્પતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા લેવાની રહેશે. ॥૨૫॥

હું તો ભગવાનના ભક્તોને શાંત રૂપે દેખાઉં છું, પરંતુ દુષ્ટ લોકોની આગળ તો હું અત્યંત ત્રાસ ઊપજે તેવે રૂપે દેખાઉં છું. ॥૨૬॥

હું તો ભગવાનની આજ્ઞા પ્રમાણે નિરંતર રહું છું. અને તેમને આધીન છું. જેવો તેમનો આદેશ થાય તેવું કાર્ય હું કરું છું. ॥૨૭॥

માટે તમારે વધારે જીવવું હોય તો તેટલા માટે શ્રીહરિને પૂછવાનું રહ્યું.

तमित्युक्त्वाऽव्रजत्कालस्तावत्तत्राऽऽगतो हरिः ।
कीदृशस्ते समाचारस्तं प्राहेत्थं हि भक्तराट् ! ॥२९॥
ततस्तं कालवृत्तान्तं राजन् भक्तोऽब्रवीद्धरिम् ।
त्वद्भक्तस्याऽस्ति मे स्वामिन् भूयसी जीवने स्पृहा ॥३०॥
न्यूनत्वं मुक्तिमार्गे मे विद्यते यद्दयानिधे ! ।
तद्विनाश्याऽखिलं भूमन् ! मर्त्तुमिच्छाम्यहं प्रभो ! ॥३१॥
स इत्याकर्ण्य तद्वाक्यं तं चेत्यूचे वचो हरिः ।
महाशूरोऽपि भक्त ! त्वं कथं त्रस्यसि मृत्युतः ॥३२॥
प्रत्यावृत्त्याऽऽत्मनो देहान्मनोवृत्तिं निजान्तरे ।
पश्य त्वं स्वीयदेहस्य रू पं मायाभुवो मृषा ॥३३॥
प्रत्याहृत्येति तेनोक्ते मनोवृत्तिं हृदि स्वके ।
नानामलैः स युक्तानि देहाङ्गानि व्यलोकयत् ॥३४॥

તેમનો આજ્ઞાકારી હું અત્યારે તો ચાલ્યો જાઉં છું પણ આવતી કાલે અહીંયાં ચોક્કસ પાછો આવીશ. ॥૨૮॥

જોધા ભક્તને આટલું કહીને કાળ ચાલ્યો ગયો. બરાબર તે સમયે જ શ્રીહરિ ત્યાં પધાર્યા અને બોલ્યા "હે ભક્તરાટ્ ! શું સમાચાર છે ? શરીરે કેમ છે ? ॥૨૯॥

હે રાજન્ ! ત્યારે શ્રીજોધા ગોવાળે સઘળું કાળનું વૃત્તાંત કહી સંભળાવ્યું. અને તે પછી બોલ્યા કે હે સ્વામિન્ ! હું આપનો ભક્ત છું. હજી મને જીવવાની ઈચ્છા ઘણી છે. ॥૩૦॥

હે દયાનિધે ભૂમન્ ! મારા મોક્ષમાર્ગમાં જે કાંઇ ખામી હોય, તે બધું ટાળીને હે પ્રભો ! હું મરવા ચાહું છું. ॥૩૧॥

આવી જોધા ભક્તની વાત સાંભળીને શ્રીહરિએ કહ્યું. "હે ભક્ત ! તમે મહાન્ શૂરવીર છો, તો પછી કાળથી ડરો છો કેમ ? ॥૩૨॥

પોતાના મનની વૃત્તિને શરીરમાંથી પાછી વાળીને અંતર સન્મુખ કરો. અને પોતાના માયિક શરીરનું મિથ્યાત્વ વિચારો." ॥૩૩॥

શ્રીહરિએ જ્યારે આવું કહ્યું ત્યારે જોધા ભક્તે પોતાના મનની વૃત્તિને હૃદયમાં પાછી વાળીને જોયું. ત્યારે તેને દેખાયું કે પોતાના બધા જ અંગો અનેક

तुल्यं पुष्कसकुण्डेन विण्मूत्राद्येकभाजनम् ।
दृष्ट्वा दोषाऽऽमयोपेतं स ग्लानिं भूयसीमगात् ॥३५॥
अथाऽऽयातुं बहिर्वाञ्छन् स चित्कृत्याऽऽतुरान्तरः ।
भूरिदुर्गन्धतो मुह्यन्नागन्तुं नाऽशकद्बहिः ॥३६॥
ततो मूर्द्धन्यधात्तस्य हरिर्हस्ताम्बुजं निजम् ।
अथ प्राप्तं बहिर्दृष्टिं तं सोऽप्राक्षीदिति प्रभुः ॥३७॥
कीदृगस्त्यसुखं देहे काकवर्चस्ककुच्छिते ।
साम्प्रतं क्लेशदे मात्रे जीवनेच्छाऽस्ति ते न वा ? ॥३८॥
योध उवाच -
यद्दुःखं प्राकृते देहे मलजालाकुलेऽस्त्यलम् ।
तद्वक्तुं दुःसहं कष्टं शक्तो नाहं न चेतरे ॥३९॥
त्वङ् मांसस्नायुरक्तास्थिमेदोमज्जादिसङ्कुले ।

પ્રકારના મળથી ભર્યા છે, મેલા છે. ॥૩૪॥

ચમારના કુંડના જેવું શરીર ગંધાય છે, વિષ્ટા અને મૂત્રના પાત્ર જેવું છે, અનેક રોગોથી ભરપૂર છે, આવા દોષ દેખાવાથી તેના મનમાં અત્યંત ગ્લાનિ થઈ. ॥૩૫॥

પછી તેણે પોતાની વૃત્તિને બાહર લાવવાની ઈચ્છા કરી. મનમાં પીડાઈને ચીસ પાડી, અતિ અધિક દુર્ગંધથી બેભાન થઇ ગયા હોય તેવી સ્થિતિ થઇ પણ બહાર ભાનમાં આવી શકાયું નહિ. ॥૩૬॥

પછી શ્રીહરિએ તેના માથા ઉપર પોતાનો હસ્તકમળ ફેરવ્યો. ત્યારે તે જોધા ભક્ત ભાનમાં આવ્યા. ત્યારે પ્રભુ શ્રીહરિએ તેને પૂછ્યું. ॥૩૭॥

"કાકવિષ્ટા જેવા તુચ્છ અને ક્લેશ આપનારા આ શરીરમાં અત્યારે તમને કેવીક પીડા થાય છે ? હવે જીવવાની ઈચ્છા રહે છે કે નહિ ? ॥૩૮॥

જોધા ભક્તે કહ્યું, અનેક જાતના મળથી ભરપૂર આ માયિક શરીરમાં જે અપાર દુઃખ રહ્યું છે, જે અસહ્ય કષ્ટ ભર્યું છે, તેને હું કહી શકું તેમ નથી અને બીજા કોઈ પણ કહી શકે તેમ નથી. ॥૩૯॥

ચામડી, માંસ, નાડીઓ, લોહી, હાડકાં, ચરબી અને મજ્જાથી ભરપૂર,

दुर्गन्धे चर्मणा नद्धे देहे नेच्छामि जीवितुम् ॥४०॥
ततस्तं स स्मयन् वाक्यं प्राहेत्थं ते तु वासना ।
यावत्स्याद्भवता स्थेयं तावद्वै जीवता त्विह ॥४१॥
स प्राहाथेति तं वाक्यं नैव मेऽद्यास्ति वासना ।
तनेत्युक्ते स तं चेत्थं हरिर्वाक्यं समब्रवीत् ॥४२॥
त्रिंशद्वर्षाणि भक्त ! त्वं सञ्जीविष्यसि सन्मते ! ।
एतद्वाक्यं तु सत्यं मे नाऽनृतं कर्हिचिद्भवेत् ॥४३॥
स प्राहाऽथेति तं भक्तः श्वः कालोऽत्राऽऽगमिष्यति ।
तं किं वाच्यं मयाऽथैवं श्रीहरिस्तं वचोऽब्रवीत् ॥४४॥
तं वक्तव्यं त्वया चैवं त्रिंशद्वर्षाणि भक्तराट् ! ।
जीवितुं हरिणैवाऽऽज्ञा प्रदत्ता मेऽनुकम्पिना ॥४५॥
अथ श्रीकृष्णरू पं तं श्रीहरिं स व्यलोकयत् ।
वादयन्तं वरं वेणुं पीतकौशेयवाससम् ॥४६॥
वैजयन्तीं गले मालां बिभ्राणं कौस्तुभं तथा ।

ચામડાથી ગંધાતા આ શરીરમાં રહીને હવે હું જીવવા ચાહતો નથી. ॥૪૦॥

ત્યારે શ્રીહરિએ થોડું હસીને તેને કહ્યું કે જ્યાં સુધી તમારે વાસના હશે ત્યાં સુધી તો આ શરીરમાં રહીને જીવવું જ પડશે. ॥૪૧॥

ત્યારે તે ભક્તે કહ્યું, હવે મારે વાસના નથી. તે સાંભળીને શ્રીહરિએ ફરીવાર તેને કહ્યું, ॥૪૨॥

હે સન્મતે ! ભક્ત ! હજી તમારે ત્રીશ વરસ જીવવાનું છે, આ મારી વાત સત્ય છે. તે ક્યારેય ખોટી પડશે નહિ. ॥૪૩॥

ત્યારે તે જોધા ભક્તે કહ્યું, આવતી કાલે કાળ અહીંયાં આવશે. મારે તેને શું કહેવું. ત્યારે શ્રીહરિ બોલ્યા, ॥૪૪॥

હે ભક્તરાજ ! તમારે તેને કહેવું કે દયાળુ શ્રીહરિએ મને હવે પછી ત્રીશ વરસ જીવવાની આજ્ઞા કરી છે. ॥૪૫॥

પછી તે ગોવાળ જોધા ભક્તને શ્રીહરિના શ્રીકૃષ્ણરૂપે દર્શન થયા, પ્રભુ સર્વોત્તમ વાંસળી વગાડતા હતા. રેશમી પીતાંબર ધારણ કર્યા હતા. ॥૪૬॥

बर्हिबर्हवरापीडं स्वर्णसन्मणिभूषणम् ॥४७॥
गोपान् गोपीस्तथापश्यत्तत्सान्निध्ये स वै मुदा ।
वृन्दावनं च कालिन्द्यास्तीरं धीरसमीरणम् ॥४८॥
स्वं प्राचीनं ततोऽपश्यद् गोपरू पं स भास्वरम् ।
तस्मिन् वृन्दावनेऽशेषं रासलीलादिकं तथा ॥४९॥
वक्तुं प्रारभताऽथैतत्स वृत्तं यावदुत्सुकः ।
तं न्यषेधद्धरिस्तावत्तुष्णीमासीत् स भूपते ! ॥५०॥
ततस्तस्येच्छयाऽपश्यत् पूर्ववत्तं हरिं मुदा ।
सद्‌गुरूंश्चाखिलान् भक्तान् सादरं स व्यलोकयत् ॥५१॥
तान् भक्तान् सुखयित्वेत्थं स्वलीलामृतपानतः ।
हरिर्मुन्यादिभिर्युक्तो राजदुर्गमुपागमत् ॥५२॥
द्वितीयेऽथाऽह्नि चायातं कालं वृत्तान्तमब्रवीत् ।

તેમણે છાતી ઉપર વૈજયંતી માળા અને કંઠમાં કૌસ્તુભ મણિ પહેર્યા હતા. મોર પિચ્છનો સુંદર મુકુટ અને મણિજડિત ઘરેણાઓ પણ ધારણ કર્યા હતાં. ॥૪૭॥

શ્રીકૃષ્ણ ભગવાનની સમીપમાં ગોવાળોને અને ગોપીઓને પણ પ્રેમથી દેખ્યા. વૃંદાવનને, યમુનાના સુંદર કિનારાને, અને મંદ શીતળ પવનના અનુભવ સાથે બધાને જોયા. ॥૪૮॥

જોધા ભક્તે પોતાનું પૂર્વનું તેજસ્વી ગોવાળરૂપ પણ જોયું અને તે વૃંદાવનમાં રાસલીલા આદિ પણ સર્વ દેખ્યું. ॥૪૯॥

હે ભૂપતે ! ગોવાળ જોધા ભક્ત ઉત્સાહ સાથે બધી વાત કહેવા તૈયાર થયા ત્યારે શ્રીહરિએ તેને રોક્યા. એટલે તે મૌન રહ્યા. ॥૫૦॥

પછી શ્રીહરિની ઈચ્છાથી જોધા ભક્તને શ્રીહરિના દર્શન પૂર્વના જેવા થયા. શ્રીકૃષ્ણ સ્વરૂપ અદૃશ્ય થયું. તેમણે ત્યાં મોટેરા સર્વ સદ્‌ગુરુઓના અને અન્ય સર્વ હરિભક્તોના આદર સાથે દર્શન કર્યા. ॥૫૧॥

તે સર્વ ભક્તોને શ્રીહરિએ આ રીતે પોતાના લીલારૂપી અમૃતપાનથી સુખી કર્યા. પછી સર્વ સંતોને અને હરિભક્તોને સાથે લઈને શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૫૨॥

स भक्तस्तं ततो नत्वा कृतान्तः सोऽव्रजन्नृप ! ॥५३॥
भक्तो राजंस्तस्य योधाभिधानो धर्मश्रद्धाबोधभक्त्यादियुक्तः ।
धार्मिं प्रेष्ठं स्वामिनारायणं तं ध्यायंस्त्रिंशद्धायनानि ह्यजीवत् ॥५४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतनिजभक्तकालावनादिनिरू पणं नाम षड्विंशत्य-धिकशततमोऽध्यायः ॥१२६॥

अथ सप्तविंशत्युत्तरशततमोऽध्यायः

अधिके सप्तविंशत्या शततमे महोत्सवः ।
शारद्यांकारितो भद्रो हरिणा राससंयुतः ॥

श्रीचैतन्यानन्द उवाच –
तस्माद्दुर्गाद्दिशि प्राच्यां राजन् ! दुर्गोऽस्ति यो वरः ।
स्त्रिया नानीसमाख्याः श्रीहर्याऽऽसक्तचेतसः ॥१॥

પછી બીજે દિવસ જોધા ભક્ત પાસે કાળ આવ્યો. ભક્તે કાળને બધું વૃત્તાંત કહ્યું, હે નૃપ ! પછી તે કાળ જોધા ભક્તને નમસ્કાર કરીને ચાલતો થયો. ।।૫૩।।

હે રાજન્ ! શ્રીહરિના ભક્ત જોધા ગોવાળ ધર્મ, શ્રદ્ધા, જ્ઞાન અને ભક્તિ આદિ સર્વ સદ્‌ગુણોથી સંપન્ન હતા. તેઓ પોતાના પરમ પ્રિય ધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરીને તે પછી ત્રીશ વરસ સુધી જીવ્યા હતા. ।।૫૪।।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૬ સમાપ્ત.

અધ્યાય-૧૨૭
શરદ પૂનમનો ઉત્સવ અને જૈનોને ઐશ્વર્ય દર્શન

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તે ભેંશો બાંધવાના વંડાથી પૂર્વ તરફ એક બીજો સારો વંડો છે. તે વંડો શ્રીહરિની મૂર્તિમાં મન જોડી રાખનારા નાનબાઈ બહેનનો છે. ।।૧।।

अमरश्रीश्च लक्षाख्यो भक्तस्तत्राऽवसद्वणिक् ।
स्वागारं सह मुन्याद्यैस्तौ प्रीत्याऽऽनयतां हरिम् ॥२॥
ततस्तौ श्रीहरिं प्रीत्या नानाभोज्यानि सादरम् ।
प्रीत्या भोजयतां सार्द्धं साधुमुख्यैस्तदाश्रितैः ॥३॥
ततस्तौ श्वेतवासांसि पर्यधापयतां हरिम् ।
चन्दनं तत्तनौ भक्त्या चर्च्चयामासतुस्तथा ॥४॥
नानासन्माल्यहाराद्यैर्धूपदीपादिभिस्तथा ।
तौ विचित्रोपचारैस्तं पूजयामासतुर्हरिम् ॥५॥
तावत्तत्राऽऽगतं पूज्यं गुरुं जैनमताश्रितम् ।
हरिप्रेक्षामहाश्चर्यं सन्तोऽपश्यंस्तथेतरे ॥६॥
तौ स भक्तौ ततोऽवोचद्राजन्नित्थं कथं युवाम् ।
जातावस्मन्मतं हित्वा मतं स्थोऽन्यदुपाश्रितौ ॥७॥

ત્યાં અમરસી શેઠ અને લખમશી શેઠ નામે વણિક હરિભક્ત રહેતા હતા. તેઓએ એક વખત સંતો વગેરેની સાથે શ્રીહરિની પોતાને ઘેર પ્રેમથી પધરામણી કહી હતી. ।।૨।।

અને ત્યાં તેમણે શ્રીહરિના આશ્રિત સાધુ, વર્ણી અને પાર્ષદો, આ બધાની સાથે શ્રીહરિને અનેક પ્રકારની રસોઈ કરાવીને આદરભાવ અને પ્રેમ સાથે જમાડ્યા હતા. ।।૩।।

પછી તે બન્ને એ શ્રીહરિને સારા શ્વેત વસ્ત્ર પહેરાવ્યા અને તેમની મૂર્તિને સુગંધી ચંદનથી અર્ચા કરી. ।।૪।।

સારા અનેક જાતના ફૂલોના હાર આદિ અને ધૂપ દીપ વગેરે અનેક જાતના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ।।૫।।

તેટલામાં તો સંતોએ અને બીજા બધાએ જોયું કે જૈન મતનો એક સાધુ પૂજ્ય શ્રીહરિને દેખીને ખૂબ જ વિસ્મિત થયો હોય તેવો દેખાવ કરતો ત્યાં આવ્યો. ।।૬।।

હે રાજન્ ! પછી ત્યાં તેણે તે બન્ને વણિક ભક્તોને કહ્યું, તમે બન્ને આપણા જૈન મતને છોડીને બીજા મતને કેમ અનુસર્યા છો ? ।।૭।।

युवामन्यमतालम्बात् सर्वतीर्थङ्करागसौ ।
जातौ ज्ञातिगुरुद्रोहौ युवाभ्यां चेति गम्यताम् ॥८॥
तावत्तस्येच्छया राजन् ! व्यपश्यत् स स्वकान् हितान् ।
तीर्थङ्करान् हरेरग्रे बद्धाञ्जलिपुटान् स्थितान् ॥९॥
त्र्युटिं सोऽवादयत्तावत्परिक्राम्यन् हरिं ततः ।
सोऽगायत् स्तवनं पूज्यस्तालिकावादयन्मुदा ॥१०॥
तत्रैकतालिकानादे तेऽशृण्वन् वै सदादयः ।
पञ्चविंशतितालीनां रावानुच्चैस्तरां नृप ! ॥११॥
ततस्तौ भ्रातरौ सार्द्धं भगिन्या कटुसंज्ञया ।
इत्थं प्रावोचतां पूज्यं तं वाक्यं विस्मयाकुलम् ॥१२॥
त्वं नोऽब्रवीः पुरैवेत्थं युवां मार्गं श्रितौ कथम् ।
विपरीतं तथापि त्वं विधत्से गायनं कुतः ॥१३॥

तमे बीजा मतने आशर्या तेथी तीर्थंकरोना अपराधी थया छो अने ज्ञाति तथा गुरुनो तमे द्रोह कर्यो छे. ॥८॥

हे राजन् ! जैन साधु आवुं बोल्या तेटलामां तो श्रीहरिनी ईच्छाथी तेने पोताना बधा ज तीर्थंकरो श्रीहरिनी आगळ हाथ जोडीने ऊभा होय, तेम देखायुं. ॥९॥

पछी श्रीहरिए चपटी वगाडीने तेनी सामे जोयुं, तेथी ते जैन साधु श्रीहरिनी चारे बाजु प्रदक्षिणा करीने आनंदमां ताळियो पाडतो पाडतो श्रीहरिना स्तुति पाठ गावा लाग्यो. ॥१०॥

हे नृप ! संत हरिभक्तोनी दृष्टि आगळ तो जैन साधु एक ज ताळी पाडे छे तेम देखातुं हतुं पण सांभळवामां तो एक साथे ऊंचेथी पचीश ताळियोनो ध्वनि संभळातो हतो. ॥११॥

पछी ते श्रीअमरसी अने श्रीलखमसी बे भाई अने कडवी बाई नामे तेनी बहेन, आ त्रणेये ते जैन साधुने विस्मयजनक वचन कह्या. ॥१२॥

''तमे अमने ''स्वामिनारायणना आश्रित केम थया''? एम पहेला कहेता हता अने हवे अत्यारे तमे ज ताळियो पाडीने श्रीस्वामिनारायणना गुणोने शा माटे गाओ छो ?'' ॥१३॥

स प्राहाथेति तौ वाक्यं भगिन्या संयुतौ युवाम् ।
जानीथो नाऽबुधौ नूनं माहात्म्यं श्रीहरेः परम् ॥१४॥
चतुर्विंशतिसङ्ख्याताः एते तीर्थङ्करा हरिम् ।
प्रीत्या परिक्रमन्तोऽद्धा भद्रं कुर्वन्ति गायनम् ॥१५॥
सार्द्धं तीर्थङ्करैरेतैरहं गायामि सादरम् ।
सोऽथ तावग्रहीत्पाण्योर्गातुं तद्भगिनीं तथा ॥१६॥
हरिप्रेक्षामहानन्दौ नितान्ताश्चर्यमानसौ ।
भगिन्या तावथोपेतौ चित्रमित्थं व्यपश्यताम् ॥१७॥
प्रदक्षिणां प्रकुर्वाणान् सर्वांस्तीर्थङ्करान् हरेः ।
गायतोऽपश्यतां युक्तौ स्वीयस्वस्रा मुदाऽन्वितौ ॥१८॥
तेऽथाऽन्तर्दधिरे राजंस्तत्र तीर्थङ्करा द्रुतम् ।
स पूज्योऽथाऽकरोन्नृत्यं श्रीहरेरग्रतो मुदा ॥१९॥

त्यारे तेणे कह्युं के तमे बन्ने भाइ अने तमारी आ बहेन, बधा अबुध अज्ञानी छो, आ श्रीस्वामिनारायणनुं सर्वोत्तम माहात्म्य तमे समजता नथी. ॥१४॥

आ चोवीश तीर्थंकर श्रीहरिनी प्रदक्षिणा करीने सुंदर साक्षात् गुणगान केवुं सरस करे छे. ॥१५॥

हुं आ तीर्थंकरोनी साथे आदर भावथी गाउं छुं. पछी तेणे ते बन्ने वणिकना हाथ पकड्या अने तेनी बहेनना पण हाथ पकड्या. अने पोतानी साथे प्रदक्षिणाना रूपमां फरीने तेमने गावानुं कह्युं. ॥१६॥

श्रीहरिना दर्शनथी अपार सुख अनुभवता अने मनमां अत्यंत आश्चर्य पामता ते बन्ने वणिक अने तेनी बहेने आ प्रमाणे श्रीहरिनुं विचित्र चरित्र जोयुं. ॥१७॥

ते बन्ने वणिक भाईओए अने तेनी बहेने पण अतिशय राजी थईने श्रीहरिनी प्रदक्षिणा करीने तेमनुं यशोगान करता बधा तीर्थंकरोने जोया. ॥१८॥

हे राजन् ! पछी ते तीर्थंकर तुरंत अदृश्य थया. पछी ते जैन साधु आनंदथी श्रीहरिनी आगळ नृत्य करवा लाग्यो. ॥१९॥

ततः पूज्यः स तौ युक्तौ स्वीयस्वस्त्रा युतौ तथा ।
चक्रुस्ते भूपते ! भक्त्या तस्य भद्रां स्तुतिं हरेः ॥२०॥
ततः पूज्यो निजं वेशं प्रीत्योत्तार्याऽऽश्रयं हरेः ।
कृत्वा पारमहंस्ये तं स्थितो धर्मेऽभजद्धरिम् ॥२१॥
सल्लक्ष्याख्यस्ततो भक्तो हरेः कृत्वा दृढाश्रयम् ।
भूत्वा पद्गोऽभवत्प्रीत्या कोशाध्यक्षस्तदाज्ञया ॥२२॥
सोऽमरश्रीस्ततो भक्तः पद्गोऽभूद्भवितुं मुदा ।
उद्यतस्तत्ततो वाक्यं निषिध्येत्यवदद्धरिः ॥२३॥
त्वं गृहस्थाश्रमे स्थित्वा नान्याख्याया हि योषितः ।
कृत्यं यथोचितं कार्यं त्वयाऽमात्येन सद्धिया ॥२४॥
तेनेत्युक्ते स तस्याज्ञां शिरस्याधाय सादरम् ।
तं प्रणम्याऽब्रवीदित्थं तथेति श्रीहरिं परम् ॥२५॥
तत्स्वसा साऽथ तं श्रित्वा साङ्ख्ययोगं शुभावहम् ।

હે ભૂપતે ! પછી તે જૈન પૂજ્ય સાધુ, બન્ને ભાઈ વણિક અને તેની બહેન, આ બધા ભક્તિભાવથી શ્રીહરિની મંગળમય સ્તુતિ કરવા લાગ્યા. ॥૨૦॥

પછી તે જૈન સાધુ પૂજ્યે પોતાનો વેશ ઉતારી નાખ્યો. શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. અને તે પરમહંસના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ॥૨૧॥

પછી જે શ્રીલખમસી શેઠ હતા તેણે પણ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો અને સારા પવિત્ર પાર્ષદ થયા. પછી શ્રીહરિની આજ્ઞાથી પ્રસન્ન મને ખજાનચી થયા હતા. ॥૨૨॥

ભક્ત શ્રીઅમરસી શેઠ પણ પાર્ષદ થવા તૈયાર થયા ત્યારે તેને શ્રીહરિએ પાર્ષદ થવાની ના કહી. અને તેમને વચન કહ્યું, ॥૨૩॥

તમારે ગૃહસ્થાશ્રમમાં રહેવાનું છે, અને આ નાનબાઈ બહેનનો સદ્‌બુદ્ધિવાળા કારભારી થઈને બધા કામકાજ યથાયોગ્ય રીતે કરવાના છે. ॥૨૪॥

આ રીતે શ્રીહરિએ કહ્યું એટલે શ્રીઅમરસી શેઠ શ્રીહરિની આજ્ઞાને શિરોધાર્ય કરી. પછી પગે લાગીને શ્રીહરિ આગળ ''બહુ સારું'' એમ બોલ્યા. ॥૨૫॥

પછી તેમના બહેન કડવી બાઈએ શ્રીહરિનો આશ્રય કરીને સાંખ્યયોગી

गृहीत्वा प्रत्यहं राजन् ! भेजे धर्मस्थिता हरिम् ॥२६॥
आस्तां दुर्गो हि पाञ्चाल्यास्तत्र ज्येष्ठो हि रामजित् ।
कनिष्ठो रामजिच्चान्यो न्यूषतुस्तौ हि मन्त्रिणौ ॥२७॥
यत्राऽद्य कान्तमालस्य सन्त्यगाराणि भूपते ! ।
तत्रैकस्मिन्नथ प्रीत्या पाञ्चाल्यानाययद्धरिम् ॥२८॥
शारद्याऽऽसीत्तदा राजन् ! पूर्णमासी महोत्सवा ।
हरिस्तत्राथ मुन्याद्यैरायात्साद्धं मुदान्वितैः ॥२९॥
तच्चतुष्कस्थितस्योच्चैरधो निम्बक्षमारुहः ।
स न्यषीदद्युते मञ्चे पर्यङ्के तूलिकादिभिः ॥३०॥
तत्राऽथ कारिते रम्ये रम्भास्तम्भाद्भुतप्रभे ।
नानामाल्यद्रुमैर्युक्ते मण्डपे पञ्चपल्लवे ॥३१॥
राजमाने महादीपप्रकाशे तौ हरिं मुदा ।

બહેનોનો શુભકારી ધર્મ સ્વીકાર્યો. હે રાજન્ ! તે પ્રતિદિન ધર્મનું પાલન કરીને શ્રીહરિનું ભજન કરતા હતા. ॥૨૬॥

ઉપર કહેલા નાનબાઈના વંડાની પાસે પાંચુબાનો વંડો છે. ત્યાં એક મોટા રામજીભાઈ અને બીજા નાના રામજીભાઈ નામના બે કારભારી રહેતા હતા. ॥૨૭॥

હે ભૂપતે ! અત્યારે જ્યાં કાંથડ માલાના ઘર છે ત્યાં એક વખત એક ઘેર પાંચુબાએ શ્રીહરિની પધરામણી કરી. ॥૨૮॥

હે રાજન્ ! તે દિવસ મહોત્સવ કરવાની શરદ પૂનમ હતી. પ્રસન્ન હૃદયના સંત હરિભક્તો સાથે શ્રીહરિ ત્યાં પધાર્યા. ॥૨૯॥

તે સ્થળે એક ઊંચું લીમડાનું ઝાડ હતું. તેની નીચે મંચ ઉપર ગાદી તકિયો મૂકીને સરસ આસન બિછાવ્યું હતું. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૩૦॥

બન્ને રામજીભાઈએ ત્યાં એક સુંદર મંડપ કરાવ્યો. તેમાં કેળના સ્તમ્ભ મૂકીને અદ્‌ભુત શોભા કરી. અનેક પ્રકારની ફૂલમાળાઓને અને લીલા પાંદડાવાળા ઝાડની ડાળીઓને બાંધીને મંડપને શણગાર્યો. આસોપાલવ અને આંબા વગેરેના પાનના તોરણ બાંધ્યા. ॥૩૧॥

હે રાજન્ ! મશાલોના ઊજળા પ્રકાશમાં શોભતા તે મંડપમાં સુંદર સિંહાસન

संन्यषादयतां प्रीत्या राजन् ! सिंहासने वरे ॥३२॥
तत्राऽथ प्रेक्षमाणास्तं जना राजन् ! सहस्त्रशः ।
न्यषीदन् कामगर्वच्छित्तद्रूपाकृष्टचेतसः ॥३३॥
ततस्तौ शुभ्रवस्त्राणि पर्यधापयतां हरिम् ।
चक्राते चार्हणं तस्य गन्धमाल्यस्त्रगादिभिः ॥३४॥
कर्पूरिणाऽथ तौ प्रीत्या महानीराजनं हरेः ।
चक्रतुस्तस्य ऋुर्वाणौ भक्तिमेकान्तिकीं सदा ॥३५॥
तौ ततः पृथुकान् रम्यान् सिताक्षीरान्वितान् हरिम् ।
भोजयामासतुर्भक्त्या प्राणप्रेयांसमच्युतम् ॥३६॥
परिवेष्याथ सक्षीरशर्करान् पृथुकान् हरिः ।
वर्णिसाधूंस्तथा पद्गान् भक्तांश्चाऽतर्पयद्भृशम् ॥३७॥
तदा सद्गन्धपुष्पाणां वृष्टिरासीद्धि भूयसी ।
देवैर्व्योम्नि विमानस्थैः कृता द्रष्टुं तमागतैः ॥३८॥
स प्राहाऽथेति तौ वाक्यं राजन् ! रामजितौ हरिः ।

ગોઠવ્યું હતું. તેમાં તે બન્ને ભક્તોએ પ્રેમથી શ્રીહરિને વિરાજમાન કર્યા. ॥૩૨॥

હે રાજન્ ! કામદેવના ગર્વને ઉતારે એવા શ્રીહરિના સ્વરૂપમાં ચિત્ત આકર્ષાવાથી હજારો લોકો તેમના દર્શન કરવા ત્યાં આવીને બેઠા હતા. ॥૩૩॥

પછી તે બન્ને રામજીભાઈએ શ્રીહરિને શ્વેત વસ્ત્ર પહેરાવ્યા અને સુગંધી ચંદન તથા ફૂલહાર આદિથી પૂજા કરી. ॥૩૪॥

હમેશાં શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરનારા તે બન્ને ભક્તોએ પ્રેમપૂર્વક કપૂરથી આરતી ઉતારી. ॥૩૫॥

તેમણે સાકર તથા દૂધ નાખીને સુંદર પૌવા તૈયાર કર્યા હતા. પોતાના પ્રાણ પ્રિય અને નિર્વિકારી શ્રીહરિને તે પૌવા જમાડ્યા. ॥૩૬॥

પછી શ્રીહરિએ સાધુ, બ્રહ્માચારીઓ, પાર્ષદો અને સર્વ હરિભક્તોને તે દૂધ સાકર પૌવા, જાતે પીરસીને ખૂબ જ તૃપ્ત કર્યા. ॥૩૭॥

તે સમયે શ્રીહરિના દર્શન કરવા માટે આકાશમાં વિમાનમાં બેસીને આવેલા દેવતાઓએ ચંદન અને પુષ્પોની પુષ્કળ વૃષ્ટિ કરી. ॥૩૮॥

आश्चर्यकृत्कृतः प्राज्ञौ भवद्भ्यामुत्सवो महान् ॥३९॥
देवा ब्रह्मादयः प्रीत्या द्रष्टुं मामम्बरे स्थिताः ।
पश्यतं तान् युवामभ्रे तौ ततोऽपश्यतां नभः ॥४०॥
प्रैक्षेतां तावथाकाशे विमानानि सहस्त्रशः ।
भूरिदेवांस्तथा तेषु ब्रह्मविष्णुशिवादिकान् ॥४१॥
भोजयित्वाथ तान् राजन् ! स्वीयप्रासादिकान् हरिः ।
पृथुकांश्छर्कराक्षीरसंयुक्तान् स व्यतर्पयत् ॥४२॥
ततो तुं स पद्यानि हरिः साधून् समैरयत् ।
राजन् ! परिभ्रमन्तस्तं सर्वतः साधवो मुदा ॥४३॥
जगुर्हल्लिषरामेण चारु पद्यानि सादरम् ।
तदाश्चर्यं जना भक्ताः पश्यन्ति स्मातिविस्मिताः ॥४४॥
राधाकृष्णं ततो भक्ता गोपान् गोपीस्तथा बलम् ।
प्रैक्षन्ताऽथाऽऽदयत्क्षीरसिताऽऽढ्यान् पृथुकान् स तान् ॥४५॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે બન્ને રામજીભાઇને એમ કહ્યું, હે ધીમન્ ! તમે આ શરદ પૂનમનો ઉત્સવ ઘણો સારો અને વિસ્મયજનક કર્યો છે. ॥૩૯॥

આ ઉત્સવમાં મારા દર્શન કરવા માટે બ્રહ્મા આદિ દેવતાઓ આવ્યા છે તે અત્યારે આકાશમાં રહ્યા છે, તેને તમે જુઓ. ત્યારે તે બન્નેએ આકાશ સામે જોયું. ॥૪૦॥

તેમણે આકાશમાં હજારો વિમાન દેખ્યા અને તેમાં બેઠેલા બ્રહ્મા વિષ્ણુ અને શિવજી આદિ ઘણા દેવોના પણ દર્શન કર્યા. ॥૪૧॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પોતાની પ્રસાદીરૂપ દૂધ સાકર પૌવા તે સર્વ દેવોને જમાડીને તૃપ્ત કર્યા. ॥૪૨॥

પછી શ્રીહરિએ સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી. હે રાજન્ ! બધા સંતો ઊભા થયા અને પ્રેમથી શ્રીહરિના સિંહાસનની ચોતરફ ઘૂમીને સુંદર ગરબી રાગના કીર્તન આદર સાથે ગાવા લાગ્યા. તે સમયે ત્યાં રહેલા બધા જ ભક્તો એક આશ્ચર્ય જોઇને અત્યંત વિસ્મિત થયા. ॥૪૩-૪૪॥

સહુ એ જોયું કે શ્રીહરિ ભગવાન્ શ્રીરાધાકૃષ્ણજી, શ્રીબળદેવજી, ગોવાળો

सर्वतस्तं भ्रमन्तस्तान् रासमण्डलतो हरिम् ।
राधाकृष्णौ च तेऽपश्यन् गायतो गोपनिर्ज्जरान् ॥४६॥
गायतीस्ते तथा गोपीर्भ्रमन्तीः परितो हरिम् ।
पश्यन्ति स्म महाश्चर्याः श्रीहरिप्रेक्षणोत्सुकाः ॥४७॥
इत्थं दृष्ट्वा तदैश्वर्यं भूयांसो विस्मिता जनाः ।
तस्याऽऽश्रयं दृढं कृत्वा भेजिरे तं निरन्तरम् ॥४८॥
तयो राजन्नथ प्रीतो रामजित्संज्ञयोर्हरिः ।
वक्षसोरङ्घ्रिपद्मे स्वे मुनिध्येये न्यधान्मुदा ॥४९॥
नाङ्गमालोऽथ तं सार्द्धं मुन्याद्यैराश्रितैर्निजैः ।
भोक्तुं न्यमन्त्रयन्मेने स तद्वाक्यं ततो हरिः ॥५०॥
रात्रौ सुप्त्वाऽथ तन्मञ्चे योगनिद्रां विहाय सः ।
प्रातः शौचविधिं कृत्वा दन्तधावनमाचरत् ॥५१॥

અને ગોપીઓને દૂધ સાકર પૌવા જમાડી રહ્યો છે. ॥૪૫॥

પછી તેમણે શ્રીહરિની ચારે બાજુ રાસમંડળના રૂપમાં ફરીને કીર્તન ગાતા ભગવાન શ્રીરાધાકૃષ્ણ, ગોવાળો અને દેવતાઓને પણ દેખ્યા. ॥૪૬॥

ગોપીઓ પણ શ્રીહરિની ચારે બાજુ ફરીને ગરબીના કીર્તન ગાતી હતી. શ્રીહરિના દર્શન કરવાના ઉત્સાહી સર્વ ભક્તોને આવા દર્શન થયા અને સહુ અત્યંત આશ્ચર્ય પામ્યા. ॥૪૭॥

શ્રીહરિના આવા ઐશ્વર્યને દેખીને ઘણા લોકો વિસ્મય પામ્યા. પછી શ્રીહરિનો દૃઢ આશ્રય કરીને નિરંતર તેમનું ભજન કરતા હતા. ॥૪૮॥

હે રાજન્ ! પછી તે બન્ને રામજી ભક્તના ઉપર શ્રીહરિ પ્રસન્ન થયા. મુનિવર્યો જેનું ધ્યાન કરતા હોય છે એવા પોતાના ચરણારવિંદ તે બન્ને ભક્તોની છાતી ઉપર પ્રેમથી ચાંપ્યા. ॥૪૯॥

પછી શ્રીનાંગમાલાએ સાધુઓ આદિ પોતાના આશ્રિતોની સાથે શ્રીહરિને જમવા માટે નિમંત્રણ આપ્યું અને શ્રીહરિએ તે સ્વીકાર્યું. ॥૫૦॥

પછી શ્રીહરિ રાતે તે મંચ ઉપર જ સૂઈ રહ્યા. સવારે યોગનિદ્રા છોડીને જાગ્યા. શૌચવિધિ કરીને દાંતણ કર્યું. ॥૫૧॥

ततः सोऽधारयत् स्नात्वा पीत्तकौशेयवाससी ।
चतुष्के श्रीहरिः पीठे प्रीत्या चारुण्युपाविशत् ॥५२॥
कारितैरथ पाञ्चाल्या भोज्यैर्नानाविधैर्भृतम् ।
पात्रं न्यधाद्धरेरग्रे मुकुन्दानन्दवर्णिराट् ॥५३॥
शालिपिष्टप्रमुख्यानि हरिर्भोज्यान्यथ प्रभुः ।
भुक्त्वा सितासमेतेन प्राश्नाद् दध्नौदनं वरम् ॥५४॥
ततो भोज्यैर्भृतं स्थालं स्वीयप्रासादिकैर्हरिः ।
आत्मगाढानुरागिण्यै पाञ्चाल्यै चाऽदिशन्मुदा ॥५५॥
स द्वितीयं ततो भोज्यैः स्थालमानीय संभृतम् ।
हरेरग्रे न्यधात् सोऽश्नाद्बिञ्जादीनि तानि वै ॥५६॥
अथ स्थालं स सद्भोज्यैरात्मप्रासादिकैर्हरिः ।
नाङ्गमालाय भक्ताय स्वासक्तायाऽदिशन्मुदा ॥५७॥
स भोज्यैराभृतस्थालं प्रीत्याऽऽनीयाऽथ वर्णिराट् ।
आचार्यपाकशालाया हरेरग्रे न्यधान्मुदा ॥५८॥

પછી સ્નાન કરીને રેશમી પીતાંબર વસ્ત્ર એક પહેર્યું અને બીજું ઓઢ્યું. પછી શ્રીહરિ ચોકમાં એક સુંદર બાજોઠ મૂક્યો હતો તેના ઉપર વિરાજ્યા. ॥૫૨॥

પાંચુબાએ અનેક પ્રકારના ભોજન તૈયાર કરાવ્યા હતા. તેમાંથી શ્રીમુકુંદાનંદવર્ણીએ સારો થાળ પીરસ્યો અને શ્રીહરિની આગળ મૂક્યો. ॥૫૩॥

હરીસો ઇત્યાદિ ભોજનોને પ્રભુ શ્રીહરિ જમ્યા. પછી દહીં સાકર સાથે સુંદર ભાત જમ્યા. ॥૫૪॥

પોતાની પ્રસાદીનો ભરેલો થાળ ભગવત્ સ્વરૂપમાં ગાઢ પ્રેમવાળા પાંચુબાને પ્રેમથી અપાવ્યો. ॥૫૫॥

પછી વર્ણીએ બિરંજ આદિ પદાર્થો ભરેલો બીજો થાળ લાવીને શ્રીહરિ આગળ મૂક્યો. શ્રીહરિ તે બિરંજ આદિ ભોજન જમ્યા. ॥૫૬॥

પછી પોતાની પ્રસાદીરૂપ ભોજનથી ભરેલો તે થાળ શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં હેતવાળા ભક્ત શ્રીનાંગમાલાને પ્રેમથી આપ્યો. ॥૫૭॥

વળી વર્ણિરાજ ત્રીજો થાળ આચાર્ય મહારાજશ્રીના રસોડેથી સારા ભોજન

ततो भुक्त्वा स भोज्यानि प्रादाद्भोज्याभृतं हरिः ।
तं स्थालं नाङ्गमालस्य पित्रादिभ्यो महीपते ! ॥५९॥
अथेत्यूचे स्मयन् वाक्यं श्रीहरिं सूरपार्षदः ।
मातुलो नाङ्गमालस्य भोज्यं नाप्तोऽशितं त्वया ॥६०॥
तावदन्यं भृतं भोज्यैरानीय स्थालमुत्तमैः ।
न्यधादग्रे हरे राजन् ! मुकुन्दानन्दवर्णिराट् ॥६१॥
ततो भुक्त्वा स भोज्यानि हरिर्नानाविधानि सः ।
तं स्थालं सूरसंज्ञाय पार्षदायाऽदिशन्मुदा ॥६२॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि सादरम् ।
तर्पयामास मुन्यादीन् स्वप्रसादाभिकाङ्क्षिणः ॥६३॥
सन्मञ्चेऽथोपविष्टं तं नाङ्गमालो हरिप्रियः ।
पर्यधापयदीशेशं पीतकौशेयमम्बरम् ॥६४॥

પીરસીને લાવ્યા. અને પ્રેમથી શ્રીહરિની આગળ મૂક્યો. ॥૫૮॥

હે મહીપતે ! તેમાં રહેલ ભોજન જમીને તે ભર્યો થાળ શ્રીનાંગમાલાના પિતા આદિ સંબંધીઓને આપ્યો. ॥૫૯॥

પછી શ્રીહરિના પાર્ષદ શ્રીસૂરા ખાચર હસતે મુખે બોલ્યા. મહારાજ ! આ નાંગમાલાના મામાને આપની પ્રસાદી મળી નથી. ॥૬૦॥

હે રાજન્ ! તેટલી વારમાં તો શ્રીમુકુંદાનંદવર્ણિરાટ્ અન્ય એક થાળ સારા ભોજનોથી પીરસી ભરીને લઇ આવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યો. ॥૬૧॥

પછી શ્રીહરિએ તેમાંથી ભાત ભાતના ભોજન જમીને તે થાળ પોતાના પાર્ષદ શ્રીસૂરાખાચરને પ્રેમથી આપ્યો.(શ્રીસૂરાખાચર શ્રીનાંગમાલાના મામા થતા હતા.) ॥૬૨॥

પછી પોતાના પ્રસાદની ઈચ્છા રાખનારા સંતો વગેરેને પ્રેમ અને આદરભાવથી જાતજાતના ભોજન પીરસીને તૃપ્ત કર્યા. ॥૬૩॥

જમ્યા પછી શ્રીહરિ ત્યાં મંચ ઉપર વિરાજ્યા. શ્રીહરિના પ્રિય અને તેમના સ્વરૂપમાં પ્રેમ રાખનારા શ્રીનાંગમાલાએ આવીને બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર પરમેશ્વર શ્રીહરિને રેશમી પીતાંબર પહેરાવ્યું. ॥૬૪॥

सोऽधारयन्महामूल्यां टोपीं तन्मस्तके ततः ।
तथा पीतं च नीशारं महार्हं पर्यधापयत् ॥६५॥
आच्छादयत्स्थलाम्भोजवर्णं श्रीहरिं ततः ।
स्वेष्टदेवं पुरुप्रीत्या सत्प्रावारं महाधनम् ॥६६॥
अथ स्वार्णं हरिं हारं महार्हं सादरं वरम् ।
तस्मिन् गाढतरस्नेहात् पाञ्चाली पर्यधापयत् ॥६७॥
सोऽतिप्रीतस्ततः पुत्र्यै नाङ्गमालस्य भूपते ! ।
हीराख्यायै निजं हारं सौवर्णं पर्यधापयत् ॥६८॥
स पाञ्चाल्यै ततो रम्यां टोपीं प्रादाद्धरिर्मुदा ।
भूपते ! निगमागम्यो दयालुर्भक्तवत्सलः ॥६९॥
श्रीभक्तिधर्मतनयः स्वतनौ महार्हं रम्यं च पीतवसनं सुधृतं मनोज्ञम् ।
सूराभिधाय सुधिये निजपार्षदाय स्वातिप्रसक्तमनसे दिशति स्म राजन्!
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

અને મસ્તક ઉપર તેમણે ઘણી મોંઘી ટોપી પહેરાવી. તેમજ મોંઘામૂલો પીળા રંગનો જામો પહેરાવ્યો. ॥૬૫॥

ગુલાબી રંગનો ઘણો કીંમતી ખેસ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને તેમણે ઘણા પ્રેમથી ઓઢાડ્યો. ॥૬૬॥

શ્રીહરિના સ્વરૂપમાં ગાઢ સ્નેહ હોવાથી પાંચુબાએ બહુમૂલી શ્રેષ્ઠ સોનાનો હાર શ્રીહરિને પહેરાવ્યો. ॥૬૭॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ અતિશય પ્રસન્ન થઇને શ્રીનાંગમાલાના પુત્રી હીરાબહેનને પોતાનો સોનાનો હાર પહેરાવી દીધો. ॥૬૮॥

હે ભૂપતે ! વેદો પણ જેના મહિમાના પારને પામતા નથી. આવા દયાળુ અને ભક્તવત્સલ શ્રીહરિએ પછી પોતાના મસ્તકની ટોપી રાજી થઇને પાંચુબાને આપી. ॥૬૯॥

હે રાજન્ ! શ્રીભક્તિધર્મના પુત્ર પ્રભુ શ્રીહરિએ ઘણું કિંમતી સુંદર મનોહર પીતાંબર વસ્ત્ર પોતાને શરીરે પહેર્યું હતું, તે બદલીને પોતાના સ્વરૂપમાં મનને અત્યંત હેતથી જોડી રાખનારા સદ્બુદ્ધિમાન પાર્ષદ શ્રીસૂરાખાચરને આપ્યું. ॥૭૦॥

माहात्म्ये श्रीहरिकृतशरत्पूर्णीमामहोत्स्वादिनिरू पणं नाम सप्तविंशत्य-धिकशततमोऽध्यायः ॥१२७॥

अथाऽष्टाविंशत्यधिकशततमोऽध्यायः

अष्टसहितविंशत्युत्तरे शततमेऽर्चितः ।
उद्दध्रे नांगमालस्य योगिना पूर्वजान् हरिः ॥

श्रीचैतन्यानन्द उवाच -

सङ्कल्पोऽथेत्यभूच्चित्ते नाङ्गमालपितुर्नृप ! ।
भीममालाभिधानस्य धर्मनिष्ठस्य सद्धियः ॥१॥
यद्वंशे भगवद्भक्तो भवेत्तत्सप्तगोत्रिणः ।
तरेयुर्वै भवाम्भोधेर्निश्चितं निरयात्तथा ॥२॥
तस्मिन् सङ्कल्पयत्येवं तं प्राहेत्थं हरिर्वचः ।
सङ्कल्पं किं करोषि त्वं भीममाल ! महामते ! ॥३॥
स प्राहाथेति वाक्यं तं त्वं साक्षाद्भगवान्प्रभो ! ।

दुर्गपुर માહાત્મ્ય અધ્યાય-૧૨૭ સમાપ્ત

અધ્યાય-૧૨૮

શ્રીનાંગમાલાના પિતૃઓનો મોક્ષ અને શ્રીસચ્ચિદાનંદ સ્વામીનો મૂર્ત સંકલ્પ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, શ્રીનાંગમાલાના પિતાનું નામ ભીમમાલા હતું. સદ્‌બુદ્ધિમાન તે ધર્મનિષ્ઠ હતા. હે નૃપ ! તેના મનમાં એવો સંકલ્પ થયો. ॥૧॥

“શાસ્ત્રમાં કહ્યું છે કે જેના વંશમાં એક પણ ભગવાનનો ભક્ત થાય તો તેના ગોત્રના સાત પેઢીના પૂર્વજો નરક યાતનાથી છૂટીને સંસાર સાગરને તરી જાય છે.” ॥૨॥

હજી તેઓ આવો સંકલ્પ કરે જ છે તે વખતે શ્રીહરિએ તેને કહ્યું, હે ભીમમાલા ! હે મહામતે ! બેઠા બેઠા શું સંકલ્પ કરો છો ? ॥૩॥

सङ्कल्पं वेत्सि मे सर्वप्राणिसाक्षी समग्रवित् ॥४॥
तेनेत्युक्ते हरिर्वाक्यं तं दयार्द्रोऽब्रवीदिदम् ।
सप्तगोत्रिसमुद्धारसङ्कल्पस्ते हि विद्यते ॥५॥
तस्मात् पुत्रस्त्वदीयोऽसौ महाभागवतः कृती ।
रक्षिष्यत्येव ते सप्त गोत्रिणो निरयापदः ॥६॥
इत्युक्त्वा तं स तद्भाले न्यधात् स्वीयाङ्घ्रिपङ्कजम् ।
स तावत्तत्प्रतापेन समाधिं प्राप दुर्लभम् ॥७॥
तत्राऽऽप्तोऽथ पुरीं याम्यां धर्मराजं स विष्णुवत् ।
तत्र शान्तं शुभं दिव्यं पश्यति स्मेक्षणोचितम् ॥८॥
स तत्पाणिं ततो राजन् ! गृहीत्वा स्वीयपाणिना ।
दर्शयामास तं सर्वान् कुण्डान् प्रासोहि नारकान् ॥९॥
तत्कुण्डेभ्योऽथ तान् स्वीयान्निर्यातान् सप्तगोत्रिणः ।
दिव्यरू पांश्च तद्दारान् विमानस्थान् स चैक्षत ॥१०॥

ત્યારે તે બોલ્યા, હે પ્રભો ! આપ તો સાક્ષાત્ ભગવાન્ છો. સર્વ પ્રાણીઓના સાક્ષી છો અને સર્વજ્ઞ છો, તેથી મારા સંકલ્પને પણ જાણો જ છો. ॥૪॥

શ્રીભીમમાલાએ આવું કહ્યું ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા, પોતાના ગોત્રની સાત પેઢીઓના પૂર્વજોના ઉદ્ધારનો વિચાર કરો છો ને ? ॥૫॥

તમારા પુત્ર આ નાંગમાલા ભગવાનના મહાન્ ભક્ત છે અને ભાગ્યશાળી છે. તે તમારા ગોત્રની સાત પેઢીના પૂર્વજોને નરકયાતનાથી બચાવશે. ॥૬॥

આમ કહીને શ્રીહરિએ પોતાનો ચરણકમળ શ્રીભીમમાલાના કપાળે અડાડ્યો. તેટલામાં તો શ્રીહરિના પ્રતાપથી અન્ય લોકોને દુર્લભ આવી સમાધિ થઈ. ॥૭॥

તે સમાધિમાં યમપુરીમાં ગયા. ત્યાં શાંત, શુભ, દિવ્ય અને દર્શનીય વિષ્ણુ ભગવાનના જેવા યમરાજને જોયા. ॥૮॥

હે રાજન્ ! જ્ઞાની શ્રીયમરાજે પોતાને હાથે શ્રીભીમમાલાનો હાથ પકડીને તેમને બધા નરક યાતનાના સ્થાન બતાવ્યા. ॥૯॥

પછી શ્રીભીમમાલાએ પોતાની સાત પેઢીના પૂર્વજોને નરક યાતનાથી છૂટીને

तेऽथ ब्रह्मपुरं दिव्यं श्रीहरेर्धाम भास्वरम् ।
प्रपेदिरे महातेजःशक्तिभूत्यादिराजितम् ॥११॥
इच्छयाऽथ हरेस्तस्य समाधेरुत्थितस्ततः ।
स चित्कृत्याऽस्वजद्भीतस्तं याम्यार्द्दनदर्शनात् ॥१२॥
ततः पृष्टः स्ववृत्तान्तं प्राह श्रीहरिणा स तत् ।
तं सोऽवोचदथेतीशं का गतिर्मे भविष्यति ॥१३॥
अथेत्यूचे हरिर्वाक्यं स्मयन्नित्थं मितं हितम् ।
अहो मोहबलं चेदृग्वर्तते माययाऽङ्गिनाम् ॥१४॥
एतस्य दर्शनात्प्राप्ताः सप्त चैवाऽस्य गोत्रिणः ।
उद्धारं नारकात् क्लेशाद्धाम चायन् परं मम ॥१५॥
मायाबलात्तथाप्यस्य स्वीयमोक्षस्य निश्चयः ।
जायते नातिमन्दस्य प्रागिवाऽऽनकदुन्दुभेः ॥१६॥

પત્નીએ સહિત દિવ્યરૂપે વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં જતા હોય તેમ દેખ્યા. ॥૧૦॥

તે બધા મહાન્ તેજ, શક્તિ અને ઐશ્વર્ય આદિથી શોભતા શ્રીહરિના તેજસ્વી દિવ્ય બ્રહ્મપુર ધામમાં પહોંચ્યા. ॥૧૧॥

પછી તે ભીમમાલા શ્રીહરિની ઇચ્છાથી સમાધિમાંથી ઊઠ્યા. પણ યમયાતનાને જોવાથી ડરી ગયેલા હોવાથી તેમણે ચીસ પાડી અને શ્રીહરિને ભેટી પડ્યા. ॥૧૨॥

પછી શ્રીહરિએ પૂછ્યું એટલે તેણે પોતાનું બધું વૃત્તાંત કહ્યું, પછી તેણે પરમેશ્વર શ્રીહરિને પૂછ્યું કે મારી શી ગતિ થશે. ? ॥૧૩॥

ત્યારે શ્રીહરિએ હસતે મુખે આ રીતે ટૂંકમાં હિતકારી વચન કહ્યું, અહો !!! માનવને માયાનો કેટલો બધો બળવાન મોહ લાગ્યો છે ! ॥૧૪॥

આ શ્રીભીમમાલાના દર્શનથી જ એના સાત પેઢીના પૂર્વજો નારકી પીડાથી છૂટીને મારા સર્વોત્તમ બ્રહ્મપુર ધામને પામ્યા છે. ॥૧૫॥

છતાં મંદબુદ્ધિના આ ભીમમાલાને પૂર્વે શ્રીવસુદેવની જેમ માયાના બળને લીધે પોતાના મોક્ષનો નિશ્ચય થતો નથી. ॥૧૬॥

प्राहाऽथैवं हरिर्वाक्यं तालिका वादयन् सतः ।
अहो पश्यत जीवस्य सन्तोऽज्ञानं दुरत्ययम् ॥१७॥
स इत्युक्त्वाऽङ्घ्रिपद्मं स्वं तल्ललाटेऽस्पृशत् प्रभुः ।
समाधिं तावदेवाऽऽपद्भूयस्तस्येच्छया हरेः ॥१८॥
तत्र तत्कृपयाऽथावैज्जातं मोक्षं स वै निजम् ।
बहिर्दृष्टिं ततः प्राप्तः समाधेस्तं मुदाऽऽनमत् ॥१९॥
स प्राहाथेति तं वाक्यं सदेहस्याऽद्य मेऽभवः ।
जात एवेति जानेऽहं त्वत्प्रतापेन सत्पते ! ॥२०॥
स इत्युक्त्वा महानन्दं प्रापत् प्रायात्ततो हरिः ।
राजदुर्गं वृतः सद्भिः पद्गाद्यैश्चाश्रितैर्निजैः ॥२१॥
दुर्गे राजन् ! हरिर्भूयः सच्चिदानन्दयोगिनः ।
द्वौ द्वौ क्वाप्यवसद् स्त्रौ वेदान् वेदांश्च तान् क्वचित् ॥२२॥
भूरिवर्षाणि तत्रैवं श्रीहरिर्न्यवसन्मुदा ।

પછી શ્રીહરિએ તાળી પાડીને સંતોને કહ્યું કે અહો ! જુઓ તો ખરા, જીવનું અજ્ઞાન જવું ઘણું કઠિન છે ? ॥૧૭॥

પ્રભુ શ્રીહરિએ આવું વચન કહીને તેના લલાટે પોતાનો ચરમકમળ અડાડ્યો. તેવામાં શ્રીહરિની ઇચ્છાથી તેને ફરીવાર સમાધિ થઇ. ॥૧૮॥

તેમાં તેને એવું જ્ઞાન થયું કે મારો મોક્ષ થઇ ગયો છે. પછી જ્યારે તે સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે પ્રેમથી શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૧૯॥

પછી તેણે શ્રીહરિને કહ્યું, હે સત્પતે ! આપના પ્રતાપથી મને એ જ્ઞાન થયું છે કે મારા આત્માનો મોક્ષ છતે દેહે થઇ ચૂક્યો છે. ॥૨૦॥

શ્રીભીમમાલા આવું બોલીને મનમાં ખૂબ જ રાજી થયા. પછી શ્રીહરિ સંતો, વર્ણીઓ અને પાર્ષદો વગેરે પોતાના આશ્રિતોને સાથે લઇને શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૨૧॥

હે રાજન્ ! ગઢપુર ગામમાં જ્યાં યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીનો વંડો છે ત્યાં શ્રીહરિ વારેવારે પધારતા અને બબ્બે ચાર ચાર દિવસ રોકાતા હતા. ॥૨૨॥

તે વંડામાં આમ શ્રીહરિ ઘણા વરસ સુધી આવતા અને રાજીપે રોકાતા

स्वच्छन्दस्तत्र वै गुप्तं तथाऽवात्सीत् पुनः पुनः ॥२३॥
इत्थं मुहुर्हरेर्वासात्स दुर्गः पुण्यदर्शनः ।
वन्द्यमानोऽस्ति मुक्ताद्यैर्ब्रह्मधामोपमोचितः ॥२४॥
एकदा पिप्पलाख्यायां वाटिकायां महीपते ! ।
वृन्ताकानि मनोज्ञानि भूयांस्याऽऽसन्महामते ! ॥२५॥
दृष्ट्वा तानीत्यभूद्राजन् ! सङ्कल्पस्तस्य योगिनः ।
हरिर्भोज्यो हि वृन्ताकशाकपाकादिकैर्मया ॥२६॥
मूर्तिमान् सोऽथ सङ्कल्पः पूजयन्त्या हरिं नृप ! ।
ललिताया हि सामीप्यं प्राप्याऽतिष्ठन्महाद्युतिः ॥२७॥
ततस्तं ललिता वाक्यं कोऽसि त्वं चेति साऽब्रवीत् ।
भविष्यत्युपवासो मे दूरे स्थेयं त्वया ततः ॥२८॥
स प्राहाथेति तां वाक्यं सच्चिदानन्दयोगिनः ।

હતા. પોતે સ્વતન્ત્ર હતા તેથી વારંવાર ગુપ્ત રહેવા માટે આ વંડામાં આવીને રહેતા હતા. ॥૨૩॥

આ પ્રમાણે જેનું દર્શન પુણ્યરૂપ છે આવો તે વંડો, શ્રીહરિના ઘણીવારના નિવાસથી મુક્તો આદિએ વંદન કર્યા જેવો અને અક્ષરધામની ઉપમા આપી શકાય તેવો ગણાય છે. ॥૨૪॥

હે મહાન્ બુદ્ધિશાળી રાજા ! એક વખત પીપળાવાળી વાડીમાં રીંગણા ઘણા સારા અને પુષ્કળ થયા હતા. ॥૨૫॥

હે રાજન્ ! તે રીંગણાને જોઈને યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીના મનમાં સંકલ્પ થયો કે રીંગણાનું શાક અને બીજી રસોઈ કરાવીને શ્રીહરિને હું જમાડું. ॥૨૬॥

હે નૃપ ! સ્વામીનો સંકલ્પ મૂર્તિમાન્ થયો. દરબારગઢમાં જ્યાં લાડુબા શ્રીહરિની મૂર્તિની પૂજા કરતા હતા ત્યાં આવીને તે અતિ તેજસ્વી સંકલ્પ દૂર ઊભો રહ્યો. ॥૨૭॥

તેને દેખીને લાડુબા બોલ્યા, તમે કોણ છો ? થોડું છેટુ રહેવું, મારે ઉપવાસ પડશે.॥૨૮॥

मूर्तिमानेव सङ्कल्पस्त्वत्तो दूरे स्थितोऽस्म्यहम् ॥२९॥
तस्येत्यासीद्धि सङ्कल्पो नानाभोज्यानि स प्रभुः ।
वृन्ताकशाकयुक्तानि तृप्तव्यः प्राश्य वै मया ॥३०॥
दोलायां चोपवेष्टव्यो मनोज्ञायां हरिर्विभुः ।
देयानि सर्वसाधुभ्यो गौरवासांसि चादरात् ॥३१॥
ततस्तस्येति सङ्कल्पस्तत्तपोबलतोऽभवम् ।
मूर्तोऽथाऽत्राऽऽगतोऽद्याऽहं समीपं ते शुचिव्रते ! ॥३२॥
सद्भिर्यस्मात् सहस्त्रीभिस्ताभिस्तैर्भाषणं तथा ।
कर्हिचिन्नैव कर्तव्यं हरेराज्ञेति वर्तते ॥३३॥
स तस्मात् त्यसङ्कल्प श्रीहरिस्तन्मनोरथम् ।
पूर्णीकर्तुं हि मां मूर्तं सङ्कल्पं तस्य चाकरोत् ॥३४॥
आगतोऽहं ततस्तूर्णं सामीप्ये तेऽत्र शोभने ! ।
तद्रूपं साऽथ राजन्तीजयादिभ्यो व्यदर्शयत् ॥३५॥

ત્યારે તેણે લાડુબાને કહ્યું, “હું યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીનો મૂર્તિમાન સંકલ્પ છું આપનાથી દૂર જ ઊભો છું. ॥૨૯॥

સ્વામીના મનમાં એક સંકલ્પ થયો કે રીંગણાના શાક સાથે બીજી જાત જાતની રસોઈ કરાવીને મારે શ્રીહરિને જમાડીને તૃપ્ત કરવા છે. ॥૩૦॥

પછી મહાન્ સમર્થ પ્રભુ શ્રીહરિને રમણીય હિંડોળામાં પધરાવવા છે, અને બધા સંતોને આદરભાવથી શ્વેત વસ્ત્ર આપવા છે. ॥૩૧॥

હે શુચિવ્રતે ! પછી તેમના તપોબળથી તેમના સંકલ્પરૂપ હું મૂર્તિમાન પ્રકટ થયો છું. અને તે આજે આપની પાસે આવ્યો છું. ॥૩૨॥

સંતોએ સ્ત્રીઓની સાથે અને સ્ત્રીઓએ સંતોની સાથે ક્યારેય બોલવું નહિ. એમ શ્રીહરિની આજ્ઞા છે. ॥૩૩॥

પરમાત્મા શ્રીહરિ સત્ય સંકલ્પ છે, તેમણે શ્રીસચ્ચિદાનંદ સ્વામીના મનોરથને પૂર્ણ કરવા માટે મને મૂર્તિમાન સંકલ્પના રૂપમાં ઉત્પન્ન કર્યો છે. ॥૩૪॥

હે શોભને ! તેથી જ હું તત્કાળ અહીંયાં આપની પાસે આવ્યો છું. પછી લાડુબાએ જીવુબાને અને રાજબાઈ વગેરેને સ્વામીના મૂર્તિમાન સંકલ્પના દર્શન

प्रावोचल्ललिताऽथैवं यथा वक्ष्यति योगिराट् ।
हरिं प्राशयितुं चाऽन्यान् दास्यामः पाकसंविधाः ॥३६॥
ततो गत्वा स सङ्कल्पः सच्चिदानन्दयोगिनम् ।
स्वं समग्रं हि वृतान्तं प्रावोचत् प्राञ्जलिर्मुदा ॥३७॥
प्रच्छयित्वाऽथ सा पुंसा योगिराजं तमादरात् ।
तस्य वाक्यानुसारेण पाकं श्वोऽचीकरद्वरम् ॥३८॥
लक्ष्मीवाट्यां ततश्चिञ्चानिम्बद्रुभ्यो ह्यवाग्दिशि ।
अस्ति गेहं बहिर्वेद्यां स तस्योपाविशद्धरिः ॥३९॥
ततो वृन्ताकशाकेन सार्द्धं भोज्यानि स प्रभुः ।
रम्याण्यादद् विचित्राणि पीबन्नीरं मुहुर्हरिः ॥४०॥
ततः सोऽभोजयत्तानि साधुसन्न्यासिवर्णिनः ।
आचार्यधर्मवंशीयान् पद्गान् भक्तांस्तथेतरान् ॥४१॥

કરાવ્યા. ॥૩૫॥

પછી લાડુબાએ તે સંકલ્પને કહ્યું, શ્રીહરિને અને સંત હરિભક્તો વગેરેને જમાડવા તે યોગિરાજ જેમ કહેશે તેમ રસોઈ માટેનું સીધું-સામાન અમે આપીશું. ॥૩૬॥

પછી તે સંકલ્પ યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામી પાસે ગયો અને પ્રસન્નતાથી હાથ જોડીને તેમને પોતાનું બધું વૃત્તાન્ત કહ્યું. ॥૩૭॥

પછી લાડુબાએ કોઈ પુરુષને મોકલીને શ્રીસચ્ચિદાનંદ સ્વામીને આદરથી પૂછાવ્યું અને તેમના કહ્યા પ્રમાણે વળતે દિવસ સર્વોત્તમ રસોઈ તૈયાર કરાવી. ॥૩૮॥

તે દિવસ શ્રીહરિ લક્ષ્મીવાડીએ આંબલી અને લીમડાના ઝાડથી દક્ષિણદિશામાં રહેલા ઘરની ઓસરીમાં વિરાજ્યા હતા. ॥૩૯॥

પ્રભુ શ્રીહરિ ત્યાં સુંદર અનેક પ્રકારની રસોઈ રીંગણા ના શાક સાથે જમ્યા. જમતા જમતા વચ્ચે વારંવાર પાણી પીતા હતા. ॥૪૦॥

પછી શ્રીહરિએ તે બધી રસોઈથી સાધુઓ, બ્રહ્મચારીઓ, આચાર્યો સહિત ધર્મવંશ, પાર્ષદો અને બીજા બધા હરિભક્તોને સારી રીતે પિરસાવીને જમાડ્યાં. ॥૪૧॥

तत्प्रार्थितोऽथ दोलायामवाचीदिङ्मुखो हरिः ।
न्यषीदन्निर्निमेषाक्षैर्भक्तैरालोकितो निजैः ॥४२॥
ततस्तस्याग्रतो राजन् ! मुन्यादीनां सहस्त्रशः ।
आसीन्महासभा दिव्या पुण्येक्षा निर्वृतिप्रदा ॥४३॥
ततस्तं किन्नखापीयं सुरवारं महाधनम् ।
सच्चिदानन्दयोगीन्द्रः सादरं पर्यधापयत् ॥४४॥
स्वर्णबुट्टं स चोष्णीषं महार्हं मध्यशेखरम् ।
धारयामास तं श्यामं वस्त्रं कट्यां तथोत्तमम् ॥४५॥
सुस्थलाम्भोजरङ्गं तं स प्रावारं व्यदीधपत् ।
धारयामास तत्पाणौ श्वेतं रम्यं च नक्तकम् ॥४६॥
पञ्चामृतेन तत्पादौ स प्रक्षाल्याऽथ तन्मुदा ।
न्यपाच्चाऽधारयन्मूर्द्धप्रमुख्याङ्गेषु सादरम् ॥४७॥
अथ प्रीत्या तयो राजंश्चर्च्चयित्वा स चन्दनम् ।

ત્યાં શ્રીસચ્ચિદાનંદ સ્વામી તથા ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિ દક્ષિણ દિશા તરફ મુખ રાખીને હિંડોળામાં વિરાજ્યા. આંખનું મટકું પણ માર્યા વિના એકીટશે નિજભક્તો દર્શન કરતા હતા. ॥૪૨॥

હે રાજન્ ! પછી શ્રીહરિની આગળ હજારો સંતો અને હરિભક્તો વગેરેની સભા ભરાણી, તે મહાસભા દર્શન કરવાથી પુણ્ય વધારનારી, સુખ શાંત આપનારી અને દિવ્ય હતી. ॥૪૩॥

પછી યોગીન્દ્ર શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ ઘણો કિંમતી કિનખાબનો સુરવાળ શ્રીહરિને આદરભાવથી પહેરાવ્યો. ॥૪૪॥

સોનેરી બુટ્ટાવાળી, ઘણી મોંઘી અને વચ્ચે છોગાવાળી પાઘ મસ્તકે બંધાવી. સુંદર શ્યામ રંગના વસ્ત્રથી કમરે ભેટ બંધાવી. ॥૪૫॥

ગુલાબી રંગનો ખેસ ખભા ઉપર ધારણ કરાવ્યો અને રમણીય શ્વેત રંગનો રૂમાલ હાથમાં આપ્યો. ॥૪૬॥

પછી પ્રસન્ન મને પંચામૃતથી શ્રીહરિના ચરણ ધોયા અને તે પ્રસાદી સ્વયં પીધી અને મસ્તક આદિ અંગો ઉપર આદર સહિત ધારણ કરી. ॥૪૭॥

श्रीहरेस्ते पदाम्भोजे हृदि स्वीये न्यधारयत् ॥४८॥

चारु केसरगन्धस्य पत्रलेखां व्यधात्ततः ।
विशाले ललिते भाले तस्य कुंकुमचन्द्रकम् ॥४९॥

सन्मन्दारस्थलाम्भोजकर्णपुरौ वरौ हरिम् ।
सोऽधारयत्तथा कुन्दचारु हाराङ्गदादिकम् ॥५०॥

चारुभक्ष्यकोशीयकणैः पूर्णं स भर्जितैः ।
शर्करासम्भृतं चान्यन्न्यधात्पात्रं पुरो हरेः ॥५१॥

अथ प्रेमस्त्रवद्बाष्पो महानीराजनं हरेः ।
स कृत्वा तस्य तां दोलां भक्त्या चक्रे प्रदक्षिणम् ॥५२॥

उदारस्वरमाधुर्यसंयुक्तां श्रीहरेस्ततः ।
विचित्रैर्वैदिकैर्मन्त्रैरकार्षीत्स स्तुतिं शुभाम् ॥५३॥

ततः प्राप्तमहानन्दः सामवेदस्य गायनम् ।
सोऽकरोत् कर्णपीयूषं भूरिमाधुर्यगर्भितम् ॥५४॥

હે રાજન્ ! પછી તે બન્ને ચરણો ઉપર ચંદનની અર્ચા કરી અને તે ચરણારવિંદને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ॥૪૮॥

પછી શ્રીહરિના વિશાળ કપાળમાં સુંદર સુ-ગંધી ચંદનની અર્ચા આડ કરી અને તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો. ॥૪૯॥

પારિજાતક અને ગુલાબના ગુચ્છ તથા તોરા કાન ઉપર ધરાવ્યા. તેમજ મોગરાના સુંદર હાર અને બાજુબંધ વગેરે પણ ધરાવ્યા. ॥૫૦॥

સારા કૂંણા મકાઈ ડોડા શેકીને તેના અલગ કરેલા દાણાથી ભરેલું એક પાત્ર શ્રીહરિની આગળ મૂક્યું અને બીજા પાત્રમાં સાકર મૂકી. ॥૫૧॥

પછી શ્રીસચ્ચિદાનંદ સ્વામીની આંખોમાંથી પ્રેમના આંસુઓ ટપકતા હતા અને આરતી ઉતારી પછી ભક્તિભાવથી હિંડોળાને ચારે બાજુ પ્રદક્ષિણા કરી. ॥૫૨॥

પછી તેમણે મહાન્ સ્વરોની મધુરતાથી ભર્યા વૈદિક મંત્ર ઉચ્ચારીને શ્રીહરિની શુભ સ્તુતિ કરી. ॥૫૩॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામીને ઘણો જ આનંદ થયો. સાંભળવામાં અમૃતના સમાન લાગે અને અપાર માધુર્યથી પૂર્ણ આવું સામવેદનું ગાન તેમણે કર્યું. ॥૫૪॥

श्रुत्वेति तस्य रुचिरं नृप ! योगिराजः शास्त्रानुशीलनमहो नहि कुर्वतोऽपि
गानं सुवेदविषयं श्रवणाभिरामं ।
सभ्या ययुर्बहुलविस्मयमुत्कचित्ताः ॥५५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये सच्चिदानन्दमुनिकारितश्रीहर्यशनार्चनादिनिरूपणं नाम अष्टाविंशत्यधिकशततमोऽध्यायः ॥१२८॥

अथैकोनत्रिंशदधिकशततमोऽध्यायः

एकोनत्रिंशदुत्तरे शततमे हरेः शुभा ।
दुर्गे योगिन आख्याता चतुर्वेदकृतार्हणा ॥

श्रीचैतन्यानन्द उवाच -

समाधिं सोऽथ हि प्रापत्सच्चिदानन्दयोगिराट् ।
सोऽवतारानथाऽपश्यत्तत्र दिव्यमहौजसः ॥१॥

सोऽक्षराख्यांस्तथा मुक्तांस्तेजःपुञ्जविराजितान् ।
प्रैक्षतानेकधामस्थान्मुक्तांश्चेशानजादिकान् ॥२॥

અરે ! સ્વામી શાસ્ત્રોનું અધ્યયન મનન કરતા નથી છતાં હે નૃપ ! યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ કરેલું કાનને ગમે તેવું વેદમંત્રોનું ગાન સાંભળીને ઉત્સાહિત મનવાળા બધા સભામાં બેઠેલા સંત હરિભક્તો અત્યંત આશ્ચર્ય પામ્યા. ॥૫૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૮ સમાપ્ત

અધ્યાય-૧૨૯

ચાર વેદોનું આગમન અને શ્રીહરિનું પૂજન આદિ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, પછી યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ. તેમને સમાધિમાં અતિ તેજસ્વી દિવ્ય અવતારોના દર્શન થયા. ॥૧॥

તેજના પુંજને મધ્યે વિરાજતા અક્ષર મુક્તોના દર્શન કર્યા. અનેક ધામમાં રહેલા મુક્તો અને બ્રહ્મા ઈત્યાદિ ઈશ્વરોના પણ દર્શન કર્યા. ॥૨॥

ततस्ते श्रीहरौ तस्मिन् लीनत्वं भूपतेऽव्रजन् ।
इत्यैश्वर्यं जनास्तस्य दृष्ट्वा चित्रं ययुर्महत् ॥३॥
यामवत्यां ततः सन्तश्चतुष्के तालिका मुदा ।
वादयन्तः सुपद्यानि भ्रमन्तो जगुरादृताः ॥४॥
ततो माणिक्यवर्णां स्वां प्रातरारुह्य वाजिनीम् ।
स्नातुमुन्मत्तगङ्गां स्वैः सोऽगान्मुन्यादिभिः समम् ॥५॥
हरिस्तस्यामथ स्नात्वा तै रू पेतो मुदाऽन्वितैः ।
आगच्छत् तं वरं दुर्गं सच्चिदानन्दयोगिनः ॥६॥
बिरञ्जादीनि भोज्यानि भुङ्क्ते स्माऽथ हरिर्नृप ! ।
तं ततः स हि योगीन्द्रः श्वेतवासांस्यधारयत् ॥७॥
मल्लक्रीडां ततो मल्लैर्गङ्गारामादिभिर्हरिः ।
सोऽकारयत्ततः प्रीतस्तेभ्योऽदात् पारितोषिकम् ॥८॥

હે ભૂપતે ! પછી તે બધા અવતારો અને મુક્તો વગેરે શ્રીહરિના સ્વરૂપમાં લીન થઇ ગયા. લોકોએ શ્રીહરિનું આવું આશ્ચર્ય દેખ્યું અને મહાન્ આશ્ચર્ય પામ્યા. ॥૩॥

સાંજે મોડેથી શ્રીસચ્ચિદાનંદ સ્વામીના વંડાના ચોકમાં સંતો આદરભાવ સહિત સુંદર ગરબી રાગના કીર્તન બોલી તાળીઓ પાડીને રાસ રમતા હતા. ॥૪॥

પછી સવારે શ્રીહરિ પોતાની માણેક વર્ણી માણકી ઘોડી ઉપર સવાર થયા. સંતો વગેરે નિજજનોને સાથે લીધા અને ઉન્મત્ત ગંગાએ સ્નાન કરવા પધાર્યા. ॥૫॥

શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું પ્રસન્ન મનના સંત હરિભક્તોની સાથે શ્રીહરિ પાછા યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીના વંડામાં પધાર્યા. ॥૬॥

હે નૃપ ! પછી શ્રીહરિ ત્યાં બિરંજ આદિ ભોજનોની રસોઇ તૈયાર કરાવી હતી તેને જમ્યા અને યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને શ્વેત વસ્ત્ર પહેરાવ્યા. ॥૭॥

શ્રીહરિએ ભુજના ગંગરામ આદિ મલ્લ આવ્યા હતા તેની પાસે મલ્લક્રીડા કરાવી. તેના ઉપર સ્વયં પ્રસન્ન થયા અને સારા પારિતોષિક (ઇનામ) આપ્યા. ॥૮॥

अथाऽकार्षीद्धरिर्भद्रां ब्रह्मवर्णनवार्तिकाम् ।
अर्थगाम्भीर्यसंयुक्तां सुधामाधुर्यतर्ज्जिनीम् ॥९॥
आसीच्चन्दनमाल्यानां तदा वृष्टिर्हि भूयसी ।
प्रेमानन्दं महायोगानन्दं गातुं स प्रैरयत् ॥१०॥
ततस्तौ स स्वरालापं वादयन्तौ विपञ्चिकाम् ।
चक्राते तालवद् गानं सस्वरग्राममूर्छनम् ॥११॥
श्रीहरिर्वटिकाशाकं नानाभोज्यान्यथ प्रभुः ।
रात्रौ चाऽश्नान्मनोज्ञानि पिबन्नीरं मुहुर्मुहुः ॥१२॥
सोऽनसोऽथोपरि श्रेष्ठे कोमलैस्तूलिकादिभिः ।
अस्वपन्मञ्चके युक्ते श्रीहरिर्भक्तशर्मदः ॥१३॥
तत्र दुर्गे ततोऽवात्सीत् सप्ताहानि हरिर्मुदा ।
तत्राऽथ ज्वारिकाः पद्गैः खनीष्वीशोह्यभारयत् ॥१४॥

પછી અમૃતની મધુરતાને પણ તુચ્છકારે એવી અને અર્થની ગંભીરતાથી ભરેલી આવી બ્રહ્મ વિચારની મંગળમય વાતો શ્રીહરિએ કહી. ॥૯॥

તે સમયે આકાશમાંથી ચંદન અને પુષ્પોની ઘણી વૃષ્ટિ થઇ. પછી શ્રીહરિએ સદ્ગુરુ શ્રીપ્રેમાનંદ સ્વામી અને સદ્ગુરુ શ્રીમોટા યોગાનંદ સ્વામીને સારા કીર્તન ગાવાની આજ્ઞા કરી. ॥૧૦॥

ત્યારે તે સંતોએ વીણા વગેરે વાજિંત્રોનો સાજ તૈયાર કર્યો. વાદ્યો વાગવા લાગ્યા. સ્વરોનો આલાપ કર્યો અને તાલ, સ્વર, ગ્રામ તથા મૂર્છનાના ગૌરવપૂર્ણ અનુસંધાન સાથે કીર્તન ગાયા. ॥૧૧॥

પછી પ્રભુ શ્રીહરિ સાંજે મોડેથી વડીનું શાક અને બીજી અનેક પ્રકારની જે સરસ સુંદર રસોઇ તૈયાર કરી હતી તે જમ્યા. જમતા જમતા વચ્ચે વારંવાર પાણી પીતા હતા. ॥૧૨॥

ત્યાં વંડામાં એક ગાડું હતું તેના ઉપર ભક્તોએ ખાટલો ગોઠવ્યો અને સારું ગાદલું ઓશિકું ઓછાડ વગેરેથી સુંદર પથારી તૈયાર કરી. ભક્તોને સુખી કરનારા શ્રીહરિ રાતે તે પથારીમાં સૂતા. ॥૧૩॥

પછી શ્રીહરિ ત્યાં પ્રસન્ન મનથી સાત દિવસ સુધી તે વંડામાં રહ્યા અને

तत्र दुर्गे हरिं राजन् ! सच्चिदानन्दयोगिराट् ।
आनीय तं मुहुर्भक्त्या प्राशयच्चार्हयत्तथा ॥१५॥
तत्रैश्वर्याणि रम्याणि हरिर्भूयांस्यदर्शयत् ।
विचित्राणि चरित्राणि तथाऽकार्षीन्मुहुर्मुहुः ॥१६॥
भूपते ! ललिता तस्मिन् दुर्गे वै सप्तवासरान् ।
मुन्यादींश्च हरिं प्रीत्या नाना भोज्यान्यभोजयत् ॥१७॥
तद्दुर्गेऽथैकदा रात्रौ चतुष्के मार्जिते हरिः ।
सिक्तेऽनःस्थेऽन्विते मञ्चे तूलिकाद्यैरुपाविशत् ॥१८॥
तावत्तत्राऽऽगमद्राजन् ! बुट्टादाख्यात् पुरात् सुधीः ।
भगाख्यः श्रीहरेर्भक्तो वणिक् सोमश्च पार्षदः ॥१९॥
तौ ततस्तं ववन्दाते सच्चिदानन्दयोगिनम् ।
वेदगानं कृतं श्रुत्वा महान्तं विस्मयं गतौ ॥२०॥
प्राहतुस्तावथ प्रीत्या श्रीहरिं चेति सद्वचः ।

ત્યાંની એક ખાણમાં પાર્ષદો પાસે જુવાર ભરાવી. ॥૧૪॥

હે રાજન્ ! તે વંડામાં યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી શ્રીહરિને ઘણીવાર પધરાવીને ભક્તિભાવથી જમાડતા અને પૂજા કરતા હતા. ॥૧૫॥

શ્રીહરિએ ત્યાં અનેક પ્રકારના રમણીય ઐશ્વર્ય દેખાડ્યા છે. વારંવાર ઘણી જાતના ચરિત્ર પણ કર્યા છે. ॥૧૬॥

હે ભૂપતે ! તે વંડામાં લાડુબાએ સાત દિવસ સુધી શ્રીહરિ રહ્યા ત્યારે તેમને અને સંતો વગેરેને અનેક પ્રકારની રસોઈ કરાવીને પ્રેમથી જમાડ્યા હતા. ॥૧૭॥

તે શ્રીસચ્ચિદાનંદ સ્વામીના વંડામાં એક વખત વાળી ચોળી સ્વચ્છતા કરીને ચારે બાજુ પાણી છાંટ્યું. રાતે ચોકમાં ગાડા ઉપર ખાટલો મૂક્યો. ગાદી તકિયો મૂકી સારું આસન તૈયાર કર્યું. પછી શ્રીહરિ તે આસન ઉપર વિરાજ્યા. ॥૧૮॥

તે વેળાએ બોટાદના મહાબુદ્ધિશાળી શ્રીભગાદોશી નામે શ્રીહરિના એકાંતિક ભક્ત વણિક અને પાર્ષદ સોમલા ખાચર ત્યાં આવ્યા. ॥૧૯॥

તેમણે શ્રીહરિને વંદન કર્યું. પછી શ્રીયોગી સચ્ચિદાનંદ સ્વામીએ વેદમંત્રોનું ગાન કર્યું હતું, એવું સાંભળી તેઓ અત્યંત વિસ્મિત થયા. ॥૨૦॥

जनेभ्यः संश्रुतं तेन सामगानं कृतं शुभम् ॥२१॥
इत्थं निशम्य तद्वाक्यं सोऽतिप्रीतोऽभवद्धरिः ।
अथेत्थं श्रीहरिं प्रश्नं सोऽपृच्छत् सोमपार्षदः ॥२२॥
शास्त्ररूपानहं वेदान् जाने वै चतुरो हरे ! ।
मूर्तिमत्त्वे जनैस्तेषामुक्तेस्ति विचिकित्सितम् ॥२३॥
इत्थमाकर्ण्य तत्प्रश्नं सच्चिदानन्दयोगिनम् ।
आहूयाऽथेत्यपृच्छत्तं श्रीहरिः सर्ववित्प्रभुः ॥२४॥
मूर्तिमन्तो हि किं वेदा शास्त्ररूपा भवन्ति वा ।
स तद्वाक्यमिति श्रुत्वा स्मयन् प्राहेति तं हरिम् ॥२५॥
वेदवेदाङ्गशास्त्राणां कारणं त्वं परात्परः ।
दुर्बोधं तद्बुधैरन्यैः सर्वं जानामि सर्ववित् ॥२६॥
तेनेक्षितस्ततः प्रीत्या स योगीन्द्रो दृढासनः ।

પછી તે બન્ને એ શ્રીહરિને પ્રેમથી સરસ વચન કહ્યું, ‘‘અમે લોકોને મુખે સાંભળ્યું છે કે શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ વેદમંત્રોનું શુભ ગાન કર્યું છે.’’ ॥૨૧॥

શ્રીહરિએ જ્યારે તે બન્નેએ કહેલી વાત સાંભળી ત્યારે મનમાં ખૂબ જ રાજી થયા. અને તે સમયે પાર્ષદ શ્રીસોમલા ખાચરે શ્રીહરિને એક પ્રશ્ન કર્યો. ॥૨૨॥

હે હરે ! ‘‘ચાર વેદ શાસ્ત્રરૂપ છે’’ એમ તો હું સમજું છું, પણ જ્યારે લોકો તેને મૂર્તિમાન્ કહે ત્યારે મને સંદેહ થાય છે.’’ ॥૨૩॥

આ રીતે શ્રીસોમલાખાચરનું કહેવું સાંભળ્યા પછી શ્રીહરિએ યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને ત્યાં બોલાવ્યા અને સર્વવેત્તા પ્રભુ શ્રીહરિએ તેમને પૂછ્યું, ॥૨૪॥

‘‘શું વેદો મૂર્તિમાન છે કે શાસ્ત્રરૂપ છે ?’’ તે સાંભળીને શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ હસતે ચહેરે શ્રીહરિને કહ્યું. ॥૨૫॥

‘‘આપ ચાર વેદ, છ વેદાંગ અને શાસ્ત્રમાત્રના કારણ છો, મૂળ છો. પરતત્ત્વ જે અક્ષર, તેનાથી પણ આપ પર છો. બીજા લોકો જેને ન સમજી શકે કે ન જાણી શકે તે બધું જ આપ જાણો છો. કારણ કે આપ સર્વજ્ઞ છો.’’ ॥૨૬॥

પછી શ્રીહરિએ પ્રેમભરી નજરથી શ્રીયોગીન્દ્ર સચ્ચિદાનંદ સ્વામીને

अन्तर्दृष्टिं शुभां कृत्वा तं दध्यौ श्रीहरिं मुदा ॥२७॥
तावत्तत्राऽगमन् वेदाश्चत्वारो विप्ररू पिणः ।
तं प्रणम्याऽथ ते प्रीत्या निषद्यायामुपाविशन् ॥२८॥
स इत्थं तानथाऽपृच्छत्के यूयं स्थ मनोहराः ।
तेनेत्युक्ते तमित्थं ते प्रोचुः प्राञ्जलयो हरिम् ॥२९॥
वेदवेदाङ्गपारज्ञा भवामः श्रोत्रिया वयम् ।
सोऽथ तान् वेदगानार्थं प्रैरयत् पाणिसंज्ञया ॥३०॥
तत्राऽथैकोऽकरोद्विप्रः सामवेदस्य गायनम् ।
नितान्तस्वरमाधुर्यं युक्तं साङ्गपदक्रमैः ॥३१॥
ततोऽपृच्छत्स ते संज्ञा काऽस्तीत्थं तं हरिर्नृप ! ।
स प्राहाऽथेति तं वाक्यं सामशर्माऽभिधाऽस्ति मे ॥३२॥
ऋ ग्वेदस्येतरो विप्रो व्यधादुच्चारणं ततः ।
हृत्कर्णरोचनं पुण्यं सुस्वरं मधुरस्वरम् ॥३३॥

નિહાળ્યા. તેથી તેઓ દઢ આસન બાંધી ને બેસી ગયા. શુભ અન્તર્દષ્ટિ કરી અને પ્રેમથી શ્રીહરિના ધ્યાનમાં તલ્લીન થઇ ગયા. ॥૨૭॥

તેવા સમયમાં બ્રાહ્મણના રૂપમાં ચારેય વેદ ત્યાં આવ્યા. પ્રેમથી શ્રીહરિને પગે લાગ્યા અને સભામાં બેસી ગયા. ॥૨૮॥

ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું કે "મનોહર દેખાતા આપ કોણ છો? "ત્યારે તેમણે બે હાથ જોડીને શ્રીહરિને આ પ્રમાણે કહ્યું, ॥૨૯॥

"અમે ચાર વેદ અને છ વેદાંગના પારંગત શ્રોત્રિય બ્રાહ્મણ છીએ. પછી શ્રીહરિએ તેમને હાથથી સંકેત કરીને વેદના મંત્રોનું સસ્વર ગાન કરવાની આજ્ઞા કરી. ॥૩૦॥

ત્યારે એક વિપ્રે અંગ, ક્રમ અને પદોએ સહિત સ્વરોની અત્યંત મધુરતાથી ભર્યું સામવેદના મંત્રોનું ગાન કર્યું. ॥૩૧॥

હે નૃપ ! શ્રીહરિએ પછી તેમને પૂછ્યું, તમારું નામ શું છે ? ત્યારે તે વિપ્રે કહ્યું, 'મારું નામ સામ શર્મા છે.' ॥૩૨॥

પછી બીજા એક વિપ્રે ઋગ્વેદના મંત્રોનું ઉચ્ચારણ કર્યું, તે મંત્રોનું ઉચ્ચારણ

नाम किं तेऽस्त्यथैवं तं सोऽपृच्छद्भूपते ! हरिः ।
स प्राहाऽथेति तं धार्मिमृक्शर्माऽऽख्यास्ति मे प्रभो ! ॥३४॥
यजुर्वेदस्य चोच्चारं तृतीयोऽथाऽग्रजोऽकरोत् ।
अस्ति किं तेऽभिधानं तं ततोऽपृच्छद्धरिर्विभुः ॥३५॥
स प्राहाऽथेति तं वाक्यं यजुःशर्मेति मेऽभिधा ।
तुर्योऽथाऽथर्ववेदस्य चकारोच्चारणं द्विजः ॥३६॥
पृच्छति स्मेत्यथैवं तं नाम किं तेऽस्ति स प्रभुः ।
स तं प्राहेति मेऽथर्वशर्मेत्याख्याऽस्ति विद्धि हि ॥३७॥
वेदघोषमिति श्रुत्वा तेषां नन्वग्रजन्मनाम् ।
महान्तं विस्मयं प्रापुर्जनाः सभ्याः सहस्रशः ॥३८॥
हरिः प्रीतस्ततो वाक्यं प्राहैवं सोमपार्षदम् ।
असावाकर्षयद्वेदान् ध्यानेनाऽशेषयोगिराट् ॥३९॥

હૃદય અને કાનને રુચે તેવું હતું, પવિત્ર અને સારા સ્વરવાળું હતું તથા મધુર સ્વરે કરાયેલું હતું. ॥૩૩॥

હે ભૂપતે ! શ્રીહરિએ પૂછ્યું, તમારું નામ શું છે ?" ત્યારે તેણે ધર્મપુત્ર શ્રીહરિને કહ્યું, "હે પ્રભો ! મારું નામ ઋક્ શર્મા છે. ॥૩૪॥

પછી ત્રીજા વિપ્રે યજુર્વેદના મંત્રોનું સસ્વર ઉચ્ચારણ કર્યું. ત્યારે મહાસમર્થ શ્રીહરિએ "તમારું નામ શું છે ?" એમ પૂછ્યું ॥૩૫॥

ત્યારે તે વિપ્રે કહ્યું કે "મારું નામ યજુઃ શર્મા છે" પછી ચોથા વિપ્રે અથર્વવેદના મંત્રોનું ઉચ્ચારણ કર્યું. ॥૩૬॥

વળી પ્રભુ શ્રીહરિએ તેને પૂછ્યું, "તમારું નામ શું છે ? ત્યારે તેણે કહ્યું કે મારું નામ અથર્વ શર્મા છે," તેમ આપ જાણો. ॥૩૭॥

આ પ્રમાણે સભામાં બેઠેલા તે વેદપુરુષોએ વેદમંત્રોનું ઉચ્ચારણ કર્યું, તેને સાંભળીને સભામાં બેઠેલા હજારો લોકો અત્યંત વિસ્મિત થયા. ॥૩૮॥

પછી રાજી થયેલા શ્રીહરિએ પાર્ષદ શ્રીસોમલા ખાચરને એમ કહ્યું કે સર્વ યોગીઓના રાજા આ શ્રીસચ્ચિદાનંદ સ્વામી ધ્યાનથી ચારેય વેદોને આકર્ષી રહ્યા છે. ॥૩૯॥

तस्मादत्राऽऽगता वेदाश्चत्वारो भास्वरास्त्वमी ।
एतेषां दर्शनं कार्यं भवन्मुख्यैर्मदाश्रितैः ॥४०॥
ततस्तस्येच्छया प्रापद्बहिर्दृष्टिं स योगिराट् ।
तेऽथ प्राहुरिति प्रीत्या तमाम्नाया वचः शुभम् ॥४१॥
ध्यानेनैव त्वयाऽऽहूताश्चत्वारो निगमा वयम् ।
अत्राऽऽयाता महानन्दं प्राप्ता दृष्ट्वा हरिं परम् ॥४२॥
एतस्य श्रीहरेरर्हाचिकीर्षा नोऽस्ति योगिराट् ! ।
अर्घ्याण्यानीय तस्मात्त्वं दिशाऽस्मभ्यो वरीयसः ॥४३॥
स तानानीय तेभ्योऽदात्ततः पूजोपचारकान् ।
कर्तुं पूजामथाऽऽयंस्ते श्रीहरेरन्तिकं मुदा ॥४४॥
चत्वारस्ते ततो वेदाः पर्यायेण यथोदितम् ।
चक्रिरे श्रीहरेरर्हामर्घ्यैः षोडशभिर्वरैः ॥४५॥

અને તેથી જ આ ચારેય તેજસ્વી વેદો અહીંયાં આવ્યા છે. માટે મારા આશ્રિત તમારે સહુએ આ ચારેય વેદોનું દર્શન કરવું. ॥૪૦॥

પછી શ્રીહરિની ઈચ્છાથી યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા - બાહ્ય દૃષ્ટિ પામ્યા. ત્યારે તે ચારેય વેદોએ તેમને પ્રેમથી શુભ વચન કહ્યું. ॥૪૧॥

અમને ચારેય વેદોને તમે ધ્યાન કરીને બોલાવ્યા હતા. તેથી અમે અહીં આવ્યા છીએ. સર્વોપરિ શ્રીહરિના દર્શન પામીને આજે અમને ઘણો જ આનંદ થયો છે. ॥૪૨॥

હે યોગિરાટ્ ! અમને અતિ મહાન્ આ શ્રીહરિની પૂજા કરવાની ઈચ્છા છે, તો આપ પૂજાપો લાવીને અમને આપો. ॥૪૩॥

પછી શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ પૂજા માટેના બધા ઉપચારો લાવીને તેમને આપ્યા. પછી તે ચારેય વેદ શ્રીહરિની પૂજા કરવા માટે પ્રેમથી તેમની પાસે આવ્યા. ॥૪૪॥

પછી તે ચારેય વેદોએ પોતે કહ્યા પ્રમાણે અનુક્રમે શ્રેષ્ઠ સોળ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૪૫॥

पक्वामृतफलानीशं ततस्तेऽभोजयन् हरिम् ।
अथाऽऽदंस्तत्प्रदत्तानि तत्प्रसादीनि तानि ते ॥४६॥
आश्राव्य वैदिकान् मन्त्रांस्ततस्तं ते वरस्वराः ।
वक्षस्स्वादधिरे राजन् ! प्रीत्या पादाम्बुजे हरेः ॥४७॥
तेऽवनीज्याऽथ नीरेण श्रीहरेः पादपङ्कजे ।
पुण्यं तत्पादपीयूषं दधुर्मूर्द्धनि चाऽपिबन् ॥४८॥
तेऽभिवन्द्याऽथ साष्टाङ्गं हरिं मुक्तादिवन्दितम् ।
युञ्जन्ति स्माऽऽशिषो राजन् ! प्रसन्नाः सोमपार्षदम् ॥४९॥
तेऽथाऽवोचन्निदं वाक्यं सच्चिदानन्दयोगिनम् ।
संस्मृत्याऽस्मान्महायोगिंस्त्वयाऽस्माकं हितं कृतम् ॥५०॥
सहाऽस्माभिस्त्वयाऽऽगम्यं राधावाट्यां हि तत्र नः ।
कार्यः काष्ठा दश प्रीत्या प्रसङ्गस्तेऽतिशान्तिदः ॥५१॥

પછી તેમણે પાકા અમૃત જેવા સ્વાદુ ફળ સુધારીને શ્રીહરિને જમાડ્યા અને તે જમ્યા પછી શ્રીહરિએ આપેલી પ્રસાદીને તે ચારેય જમ્યા. ॥૪૬॥

હે રાજન્ ! પછી તે સુંદર મધુર સ્વરવાળા ચારેય વેદોએ શ્રીહરિને વેદોના પ્રમુખ મંત્ર સંભળાવ્યા. અને પછી શ્રીહરિના ચરણ કમળને પ્રેમથી પોતાની છાતીમાં ચાંપ્યા. ॥૪૭॥

તેમણે શુદ્ધ જળથી શ્રીહરિના ચરણકમળોને ધોયા અને પછી ચરણકમળ ધોયેલા પવિત્ર તે ચરણામૃત જળને તેમણે માથે ચઢાવ્યું અને પીધું. ॥૪૮॥

હે રાજન્ ! મુક્ત વગેરેએ વંદન કરાયેલા શ્રીહરિને વેદોએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને પછી પાર્ષદ સોમલા ખાચર ઉપર પ્રસન્ન થઈને તેને રૂડા આશીર્વાદ આપ્યા. ॥૪૯॥

પછી તેમણે યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીને કહ્યું, હે મહાયોગિન્ ! તમે અમને યાદ કરીને અમારું ઘણું હિત કર્યું છે. ॥૫૦॥

તમે અમારી સાથે રાધા વાડીએ આવો. અમારે ત્યાં દસ કાષ્ઠા (થોડીવાર, ચારેક મિનિટ) પર્યંત આપનો અત્યંત શાંતિ આપનારો સત્સંગ પ્રેમથી કરવો છે. ॥૫૧॥

प्रेमगद्‌गदकण्ठास्ते ततो हर्यङ्घ्रिपद्मयोः ।
साष्टाङ्गं प्राणमनराजन् ब्रह्माद्यैर्वन्द्यमानयोः ॥५२॥
तानथ श्रीहरिर्हारान् पौष्पान् प्रासादिकानदात् ।
तन्मूर्द्धसु न्यधात्स्वीये तथा राजन् ! भुजाम्बुजे ॥५३॥
इत्थं सङ्कल्पमात्रेण सच्चिदानन्दयोगिनः ।
वेदा मूर्त्ता हि चत्वारो हरीक्षार्थं त्विहाऽऽगमन् ॥५४॥
हर्याज्ञप्तोऽथ सार्द्धं तै राधावार्टीं स चाऽव्रजत् ।
तत्राऽथ तत्प्रसङ्गं ते चिरं कृत्वा तिरोऽभवन् ॥५५॥
हरिरथ सुखदो निजाश्रितानां चरितसुधारसमेव पाययित्वा ।
निजपदरतपार्षदादियुक्तः क्षितिप ! समाव्रजति स्म राजदुर्गम् ॥५६॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं मूर्तिमद्वेदागमनादिनिरू पणं नाम एकोन-

---

હે રાજન્ ! બ્રહ્માદિ ઈશ્વરો પણ જેને વંદન કરે છે તે શ્રીહરિના ચરણ કમળમાં પ્રેમથી ગદ્‌ગદ થઇ ગયેલા તે વેદોએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૫૨॥

હે રાજન્ ! શ્રીહરિએ પોતાની પ્રસાદીના ફૂલહારને ચારેય વેદોને પહેરાવ્યા. અને તેમના મસ્તક ઉપર પોતાના કરકમળ મૂક્યા. ॥૫૩॥

આ પ્રમાણે યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીના સંકલ્પમાત્રથી જ ચારેય વેદ મૂર્તિમાન થઈને શ્રીહરિના દર્શન કરવા અહીંયાં આવ્યા હતા. ॥૫૪॥

પછી શ્રીહરિની આજ્ઞાથી શ્રીસચ્ચિદાનંદ સ્વામી તે વેદોની સાથે રાધાવાડીએ ગયા. ત્યાં ઘણીવાર સુધી સત્સંગ કરીને તે વેદો તિરોહિત થઈ ગયા. ॥૫૫॥

હે રાજન્ ! પોતાના આશ્રિત ભક્તોને અત્યંત સુખ આપનારા ભગવાન્ શ્રીહરિએ આ રીતે પોતાના ચરિત્રરૂપી અમૃતરસનું ભક્તોને પાન કરાવ્યું. પછી પોતાના ચરણોમાં હેતવાળા પાર્ષદ વગેરેને લઈને શ્રીહરિ શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૫૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૨૯ સમાપ્ત

त्रिंशदधिकशततमोऽध्यायः ॥१२९॥

अथत्रिंशदधिकशततमोऽध्यायः

कोष्ठवास्तूत्सवे शततमे त्रिंशदुपाधिके ।
कुबेरब्रह्मशेषाद्या दिदृक्षयाऽऽगमन् हरेः ॥

श्रीचैतन्यानन्द उवाच -
चारु दुर्गान्तिके राजन् ! सच्चिदानन्दयोगिनः ।
दुर्गः कोष्ठेन संयुक्तो वर्तते स्म विराजितः ॥१॥
कोशागारं हरिस्तस्मिन् भ्राजमानं व्यधापयत् ।
भवत्तातोऽथ भूदेवैर्वास्तुकर्म व्यचीकरत् ॥२॥
भूयसः स ततो विप्रान्नानाभोज्यैरतर्पयत् ।
तेभ्यः प्रीतमनाश्चादाद्भूयसीर्दक्षिणास्तथा ॥३॥
स श्रीहरिं ततः प्रीत्या सन्मुख्यांस्त्यागिनस्तथा ।
गृहस्थाश्चेतरान् भक्तांश्चारु भोज्यैरतीतृपत् ॥४॥

અધ્યાય-૧૩૦

કોઠારના વાસ્તુ પ્રસંગે કુબેર, બ્રહ્મા, શેષ તથા આયુધો દર્શન કરવા આવ્યા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીયોગી સચ્ચિદાનંદ સ્વામીના સુંદર વંડાની પાસે કોઠાવાળો વંડો સુંદર શોભતો હતો. ॥૧॥

શ્રીહરિએ ત્યાં શ્રીદાદાખાચરનો ભવ્ય કોઠાર (કોશાગાર) કરાવ્યો હતો. તમારા પિતા શ્રીદાદાખાચરે તે નવા મકાનનું બ્રાહ્મણો પાસે વાસ્તુ કર્મ કરાવ્યું હતું. ॥૨॥

અને તે નિમિત્તે તેમણે અનેક પ્રકારની રસોઈ કરાવીને ઘણા બ્રાહ્મણોને જમાડ્યા હતા. તેમજ પ્રસન્ન મનથી બ્રાહ્મણોને દક્ષિણાઓ પણ ઘણી આપી હતી. ॥૩॥

વળી તેમણે શ્રીહરિ અને સંતો વગેરેને તથા ગૃહસ્થ હરિભક્તો તથા બીજા લોકોને સુંદર ભોજનો જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૪॥

नागार्जुनस्तदैवेत्थं प्रादात्तस्मै सदाशिषम् ।
कुबेरस्येव ते पूर्णं कोशागारं भवत्विदम् ॥५॥
आसीत्तदेति सङ्कल्पः सूरभक्तस्य भूपते ! ।
कोशागारं कुबेरस्य वर्तते बत कीदृशम् ? ॥६॥
आसीत्तस्याऽथ भक्तस्य समाधिः श्रीहरीच्छया ।
तत्राऽपश्यत् कुबेरस्य कोशागारं पुरीं तथा ॥७॥
तं कुबेरस्ततो रम्ये निषाद्य स्वासने मुदा ।
नानाविधोपचारैस्तं पूजयामास सादरम् ॥८॥
स्वामिनारायणस्य त्वं पार्षदोऽत्र समागतः ।
तस्माज्जातः कृतार्थोऽहं महाभाग्योदयस्तथा ॥९॥
अथ प्राप्तो बहिर्दृष्टिं श्रीहरेरिच्छया हि सः ।
ऋद्धीर्नानाविधास्तस्मिन् कोशागारे व्यलोकयत् ॥१०॥
स प्रसन्नोऽथ राजंस्तं तद्वृत्तान्तं समब्रवीत् ।

ત્યારે ત્યાં નગાજણ નામના ચારણે આવીને આશીર્વાદ આપ્યા કે “તમારા કોઠાર (કોશાગાર) ભંડાર કુબેરની જેમ ભરપૂર રહે.” ॥૫॥

હે ભૂપતે ! તે સમયે ભક્ત સૂરાખાચરના મનમાં સંકલ્પ થયો કે “કુબેરનો કોઠાર-ભંડાર કેવો હશે ?” તે વખતે શ્રીહરિની ઈચ્છાથી તેમને સમાધિ થઈ. તેમાં તેઓ કુબેરની નગરી અલકાપુરી ગયા અને તેમાં તેના કોઠાર ભંડાર વગેરે જોયું. ॥૬-૭॥

કુબેરે શ્રીસૂરાખાચરને જોઈને તેમનો સત્કાર કર્યો. તેમને પ્રેમથી રમણીય સારા આસન ઉપર બેસાડ્યા. અનેક પ્રકારના ઉપચારોથી આદરે સહિત તેમની પૂજા કરી. ॥૮॥

અને કહ્યું કે “આપ શ્રીસ્વામિનારાયણ ભગવાનના પાર્ષદ મારા સ્થાનમાં પધાર્યા. તે મારું મોટું ભાગ્ય જાગ્યું કહેવાય. અને તેથી હું કૃતાર્થ થયો છું.” ॥૯॥

પછી શ્રીહરિની ઈચ્છાથી તેઓ સમાધિમાંથી બહાર આવ્યા. અને તે કોઠાર (કોશાગાર) માં તેમણે અનેક પ્રકારની ઋદ્ધિ (સંપત્તિ) સિદ્ધિ જોઈ. ॥૧૦॥

હે રાજન્ ! પ્રસન્ન થયેલા શ્રીસૂરા ખાચરે આ વૃત્તાંત સહુને કહી સંભળાવ્યું.

तद्दुर्गादुत्तराशायां दुर्गे चोपाविशद्धरिः ॥११॥
कोशागारात्ततः प्राच्यां निम्बवृक्षादधो हरिः ।
न्यषीदत्संयुते मञ्चे कोमलैस्तूलिकादिभिः ॥१२॥
नागार्जुनस्ततो राजन् ! नागदानश्च लक्ष्मणः ।
तेऽगायन् कृष्णपद्यानि वाद्यवादनपूर्वकम् ॥१३॥
तावत्सहस्रशो यक्षैर्विमानस्थं हि वेष्टितम् ।
कुबेरं भ्राजितं सभ्याः सत्किरीटं व्यलोकयत् ॥१४॥
सोऽसिस्नपत्ततो भक्त्या हरिं गङ्गाम्भसा मुदा ।
अम्बराणि महार्हाणि भूपतेऽथ व्यदीधपत् ॥१५॥
तं निषाद्याऽथ स प्रीत्या हरिं सिंहासने वरे ।
तन्मूर्तौ चर्चयाञ्चक्रे चन्दनं भूरिसौरभम् ॥१६॥
नानासुगन्धिमाल्यानां हारकेयूरशेखरैः ।
सम्पूज्य चेतरैरर्घ्यैर्हरिं नीराजनं व्यधात् ॥१७॥

તે વંડાથી ઉત્તર દિશાના વંડામાં શ્રીહરિ વિરાજમાન થયા. ॥૧૧॥

તે કોઠાર (કોશાગાર)થી ઉત્તરમાં લીમડાના ઝાડની નીચે મંચ ઉપર સુંવાળા ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧૨॥

હે રાજન્ ! તે વખતે શ્રીનગાજણ, શ્રીનાગદાન અને શ્રીલક્ષ્મણ, આ ત્રણ ચારણ ભક્તો વાજિંત્ર વગાડીને ભગવાનના કીર્તન ગાવા લાગ્યા. ॥૧૩॥

તેવા સમયમાં હજારો યક્ષોથી ઘેરાયેલા, વિમાનમાં બેઠેલા અને મસ્તક ઉપર સુંદર મુકુટ ધારી રહેલા આવા કુબેરજી આવ્યા હોય તેમ સહુ સભાસદ સંત હરિભક્તોએ જોયું. ॥૧૪॥

હે ભૂપતે ! આવેલા કુબેરજી એ શ્રીહરિને ગંગાજળથી ભક્તિભાવથી સ્નાન કરાવ્યું. અને પ્રેમથી ઘણા મોંઘા સારા વસ્ત્ર પહેરાવ્યા. ॥૧૫॥

પછી શ્રીહરિને સર્વોત્તમ ભવ્ય સિંહાસન ઉપર પ્રેમથી પધરાવ્યા. અને અતિશય સુગંધી ચંદન શ્રીહરિની મૂર્તિ ઉપર ચરચ્યું. ॥૧૬॥

જાત જાતના સુગંધી ફૂલોના હાર, બાજુબંધ અને તોરાઓ ધરાવ્યા અને બીજા ઉત્તમ ઉપચારોથી પૂજા કરીને તેમણે શ્રીહરિની આરતી ઉતારી. ॥૧૭॥

ततो नानोपदा राजन् ! स न्यस्याग्रे हरेर्मुदा ।
पतित्वा दण्डवद्भूमौ साष्टाङ्गं प्राणमद्धरिम् ॥१८॥
सोपपात्रमथाऽऽनिन्ये मुकुन्दानन्दवर्णिराट् ।
शुद्धनीराभृतं राजन् ! सौवर्णं कलशं वरम् ॥१९॥
कुबेरायाऽथ तन्नीरं स्वीयप्रासादिकं हरिः ।
प्रादात् पीत्वाऽथ सोऽम्भस्तत्सर्वान् यक्षानपाययत् ॥२०॥
ततस्तद्दर्शनानन्दः कुबेरो भूपतेऽखिलैः ।
यक्षैः सार्द्धं सदस्यानां तिरोऽभूत्तत्र पश्यताम् ॥२१॥
दुर्गः पश्चिमरथ्यायाः प्रतीच्यां दिश्यभूद्वरः ।
तस्मिन् प्राक् पूर्वदेशीयो योगानन्दोऽवसन्मुनिः ॥२२॥
एकदा श्रीहरिस्तस्मिन् सार्द्धं मुन्यादिभिर्नृप ! ।
तत्राऽथोपाविशन् मञ्चे तूलिकाद्यैर्युते वरैः ॥२३॥

હે રાજન્ ! પછી પ્રેમથી તેમની આગળ અનેક પ્રકારની ભેટ મૂકી. અને જમીન ઉપર ઢળી પડીને શ્રીહરિને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ॥૧૮॥

હે રાજન્ ! તે સમયે શ્રીમુકુંદાનંદ વર્ણીએ શુદ્ધ જળથી ભરેલો સારો સોનાનો કળશ ઉપપાત્ર (ગ્લાસ) સાથે લાવીને મૂક્યો. ॥૧૯॥

શ્રીહરિએ તે પોતાની પ્રસાદીનું જળ કુબેરને આપ્યું. તેણે તે પ્રસાદીનું જળ પીધું અને સર્વ યક્ષોને પણ પીવા માટે આપ્યું. ॥૨૦॥

હે ભૂપતે ! શ્રીહરિના દર્શન કરવાથી કુબેરને ઘણો જ આનંદ થયો. પછી સભામાં સહુ સંતો અને હરિભક્તો દેખે તે રીતે કુબેર બધા યક્ષોની સાથે અંતર્હિન થઇ ગયા. ॥૨૧॥

પશ્ચિમ તરફ જે નાની ગલી ગઇ તેથઈ પૂર્વમાં એક સારો વંડો વાળેલો હતો. તેમાં પહેલા પૂર્વ દેશ (પૂર્વ-ઉત્તર પ્રદેશ) ના શ્રીયોગાનંદ મુનિ રહેતા હતા. ॥૨૨॥

હે નૃપ ! એક વખત શ્રીહરિ સંત હરિભક્તોની સાથે તે વંડાવાળા સ્થળે પધાર્યા. અને ત્યાં મંચ ઉપર સારા ગાદી તકિયા બિછાવીને આસન કર્યું હતું તેના ઉપર વિરાજ્યા. ॥૨૩॥

ततस्तत्राऽलयो भक्तः श्रीहरिं स्वातिवल्लभम् ।
पूपमुख्यानि भोज्यानि भोजयित्वा व्यत्तर्पयत् ॥२४॥
परिवेष्याऽथ स प्रीत्या श्रीहरिः साधुवत्सलः ।
नानाभोज्यानि मुन्यादीन् पूपादीनि व्यत्तर्पयत् ॥२५॥
योगानन्दोऽथ सन्मान्यः प्रेमानन्दस्तथा सुधीः ।
तावगातां हरेरग्रेवाद्यवादनपूर्वकम् ॥२६॥
तावत्तत्राऽऽगमद् ब्रह्मा हरीक्षार्थं चतुर्मुखः ।
कार्तिकेयश्च षड्वक्रो दत्तात्रेयस्तथा प्रभुः ॥२७॥
तथाऽऽयाच्छङ्करो राजन् ! पञ्चास्यस्तद्दिदृक्षया ।
वासवाद्याश्च गीर्वाणा भासमानाः समाययुः ॥२८॥
तत्र चाऽऽयात्सहस्रास्यः शेषस्तं दृष्टुमुत्सुकः ।
ततस्तद्दर्शनानन्दाः प्राणमंस्ते हरिं परम् ॥२९॥
ततः शुश्रुषमाणास्ते तन्मनोहारि गायनम् ।

પછી ત્યાં શ્રીઅલૈયા ભક્તે પોતાના અત્યંત વહાલા શ્રીહરિને માલપુવા વગેરેની સારી રસોઇ જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૪॥

સાધુ વત્સલ શ્રીહરિએ માલપુવા વગેરેની અનેક પ્રકારની રસોઇ સંતો વગેરેને પીરસીને પ્રેમથી જમાડ્યા. ॥૨૫॥

સાધુઓમાં માનનીય શ્રીયોગાનંદ સ્વામી તથા સદ્‌બુદ્ધિવાળા શ્રીપ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિ આગળ વાજિંત્રો વગાડીને કીર્તન ગાયા. ॥૨૬॥

તે વેળાએ શ્રીહરિના દર્શન કરવા માટે ત્યાં ચતુર્મુખ બ્રહ્મા, ષણ્મુખ કાર્તિક સ્વામી અને પ્રભુ દત્તાત્રેય આવ્યા. ॥૨૭॥

હે રાજન્ ! તે રીતે જ પાંચ મુખવાળા શંકર અને ઈન્દ્રાદિ બધા તેજસ્વી દેવતાઓ શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી આવ્યા. ॥૨૮॥

હજાર મુખવાળા શેષનારાયણ પણ દર્શન કરવાના ઉત્સાહી હતા. સહુ શ્રીહરિના દર્શન કરીને આનંદિત થયા અને તેમણે પરસ્વરૂપ શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૨૯॥

સંતો જે મનોહર સંકીર્તન ભક્તિ કરતા હતા તેને સૌ સાંભળવા ચાહતા

सभायां तत्र दिव्यायां पश्यन्तस्तं ह्युपाविशन् ॥३०॥
सहस्रास्यैस्ततः शेषः श्रीहरेरकरोत् स्तुतिम् ।
ब्रह्मादयश्च देवास्ते तस्याऽकुर्वंस्तुतिं तथा ॥३१॥
तद्विलोक्याऽथ तातस्ते मुन्याद्यास्त्यागिनस्तथा ।
गृहस्थाश्चेतरे भक्ता निर्वृतिं विस्मिता ययुः ॥३२॥
शेषोऽथ चारु पद्यानि प्रागायद्रचितानि सः ।
मुक्तानन्दाभिधानेन सद्धिया सद्वरीयसा ॥३३॥
तानि तेन सहाऽगायन् देवा ब्रह्मादयो मुदा ।
श्रीहरिप्रीणनासक्तास्तदीयाज्ञानुवर्त्तिनः ॥३४॥
मूर्तिमन्त्यथ तत्राऽऽयन्नायुधानि हरेर्विभोः ।
गदाशङ्खाब्जचक्राणि जनाऽदृश्यानि भूपते ! ॥३५॥
तानि नत्वाऽथ तं प्रीत्या स्वामिनारायणं हरिम् ।
स्तुतिं तस्येश्वरेशस्य व्यधुर्भद्रां सुपावनीम् ॥३६॥

હતા. આથી બધા શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિ રાખીને તે દિવ્ય સભામાં બેસી ગયા. ॥૩૦॥

પછી શેષનારાયણે હજાર મુખથી શ્રીહરિની સ્તુતિ કરી તથા બ્રહ્માદિ દેવોએ પણ સ્તુતિ કરી. ॥૩૧॥

આ બધું જોઈને તમારા પિતા શ્રીદાદાખાચર, સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો, તેમજ બીજા ગૃહસ્થ ભક્તો, બધા વિસ્મિત થયા અને પરમ શાંતિ અનુભવી. ॥૩૨॥

સદ્‌બુદ્ધિમાન્ અને સદ્‌ગુરુવર્ય શ્રીમુક્તાનંદ સ્વામીના રચેલા સરસ કીર્તનોને શ્રીશેષનારાયણે ગાયા. ॥૩૩॥

બ્રહ્મા આદિ બધા દેવતાઓ શ્રીહરિને રાજી કરવામાં તત્પર હતા અને તેમની આજ્ઞામાં જ રહેતા હતા, તે સહુ પ્રેમથી શેષની સાથે કીર્તન ગાવા લાગ્યા. ॥૩૪॥

હે ભૂપતે ! મહાન્ સમર્થ આવા શ્રીહરિના ચાર આયુધો શંખ, ચક્ર, ગદા અને પદ્મ, મૂર્તિમાન્ થઈને લોકો ન દેખે તે રીતે ત્યાં આવ્યા હતા. ॥૩૫॥

તેમણે પ્રેમથી શ્રીસ્વામિનારાયણ, શ્રીહરિને પ્રણામ કર્યા. અને પછી તેમણે

ब्रह्मानन्दोऽथ सद्वर्यः पृच्छति स्मेति तं हरिम् ।
हर्य्यायुधान्युत स्वामिन् ! मूर्तिमन्ति न सन्ति वा ॥३७॥
स इत्याकर्ण्य तद्वाक्यं राजन् ! प्रीत्या स्मयन् हरिः ।
इत्थमाज्ञापयद्दक्षं तं स्वभक्तं सदाशयम् ॥३८॥
ध्यानं मे भवता कार्यं विधाय स्वस्तिकासनम् ।
तथाऽकार्षीत्ततो ध्यानं धीमान् स श्रीहरेर्मुदा ॥३९॥
ततश्चक्रं सहस्रारं सहस्रार्कानलप्रभम् ।
मूर्त्तिमत्तस्य सान्निध्यादम्बरेऽगच्छदद्भुतम् ॥४०॥
भूरिचन्द्रोपमज्योतिर्भासमानो दरस्ततः ।
महानादाऽन्वितोऽगच्छद्दिव्यमूर्तोऽन्तिकाद्धरेः ॥४१॥
श्रीहरेरथ पाणिस्थं सहस्रच्छदमम्बुजम् ।
दिव्यं मूर्तिमदाकाशे गच्छति स्माऽति शीतलम् ॥४२॥
वाडवानलसंकाशप्रकाशाऽथान्तिकाद्धरेः ।

પરમેશ્વરની અત્યંત પાવનકારી અને મંગળરૂપ આવી સ્તુતિ કરી. ॥૩૬॥

તે સમયે સદ્‌ગુરુવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું, હે સ્વામિન્ ! ભગવાનના ચાર આયુધ મૂર્તિમાન્ છે કે નહિ ? ॥૩૭॥

હે રાજન્ ! તે સાંભળીને શ્રીહરિ પ્રેમથી હસ્યા અને શુદ્ધહૃદયવાળા અને વિચક્ષણ આવા પોતાના ભક્ત શ્રીબ્રહ્મમુનિને શ્રીહરિએ આ રીતે આજ્ઞા કરી, ॥૩૮॥

"તમે સ્વસ્તિકાસને બેસીને મારું ધ્યાન કરો." ત્યારે મહાન્ બુદ્ધિશાળી શ્રીબ્રહ્માનંદ સ્વામીએ પ્રેમથી શ્રીહરિનું ધ્યાન કર્યું. ॥૩૯॥

પછી એક હજાર આરા (ધાર) વાળુ અને હજાર સૂર્ય તથા અગ્નિના જેવું તેજસ્વી, મૂર્તિમાન અને અદ્‌ભુત આવું સુદર્શન ચક્ર શ્રીહરિની સમીપમાંથી નીકળીને ઊંચે આકાશમાં ચાલ્યું ગયું. ॥૪૦॥

પછી ઘણા ચંદ્રમાના જેવા તેજથી ચળકતો, ગંભીર ધ્વનિથી ગાજતો મૂર્તિમાન્ દિવ્ય શંખ શ્રીહરિ પાસેથી આકાશમાં ચાલ્યો ગયો. ॥૪૧॥

એક હજાર પાંખડીવાળું, દિવ્ય, મૂર્તિમાન, અને અત્યંત શીતળ આવું કમળ, જે શ્રીહરિના હાથમાં હતું તે આકાશમાં જતું રહ્યું. ॥૪૨॥

कौमौदिकी गदा मूर्त्ता व्योम दिव्या किलाऽव्रजत् ॥४३॥
ब्रह्मानन्दोऽथ सभ्यास्ते विस्मिताश्चातिनिर्वृताः ।
यान्त्यायुधानि तान्यभ्रे मूर्तिमन्ति व्यलोकयन् ॥४४॥
तेऽथाऽशृण्वंस्तथाऽऽकाशे जातं मेघस्वनोपमम् ।
शङ्खनादं हि साश्चर्यं धीराणां धैर्यवर्द्धनम् ॥४५॥
महानन्दोऽथ तातस्ते शर्करासम्भृतं मुदा ।
न्यधात्पात्रं हेरग्रे चारु द्राक्षाभृतं तथा ॥४६॥
पक्करम्भाफलैः पूर्णं न्यधाच्चामत्रमुत्तमम् ।
भाजनं संभृतं सोऽन्यत्पक्काऽमृतफलादिभिः ॥४७॥
तानि नानाफलानीशस्ततो भुङ्क्ते स्म वै हरिः ।
तानि तेभ्योऽथ देवेभ्यो निजप्रासादिकान्यदात् ॥४८॥
त्यागिभ्योऽथ सदादिभ्यो गृहस्थेभ्यस्तथा हरिः ।

પછી વડવાનળના જેવી તેજસ્વી, મૂર્તિમાન્, કૌમોદકી નામની દિવ્ય ગદા શ્રીહરિની પાસેથી આકાશમાં ચાલી ગઈ. ॥૪૩॥

જે આયુધો આકાશમાં મૂર્તિમાનરૂપે જોયા. તેથી શ્રીબ્રહ્માનંદ સ્વામી અને સભામાં રહેલા બીજા સંતો અને હરિભક્તો વિસ્મય પામ્યા અને મનમાં ખૂબ જ રાજી થયા. ॥૪૪॥

તે સમયે આકાશમાં મેઘની ગર્જના જેવો ધીર ગંભીર શંખનાદ સહુએ સાંભળ્યો કે જે ધીર પુરુષોની ધીરજને વધારતો હતો. ॥૪૫॥

ત્યારે અત્યંત ખુશ થયેલા તમારા પિતા શ્રીદાદાખાચરે પ્રસન્ન મનથી એક મોટા પાત્રમાં સાકર ભરી અને બીજામાં દ્રાક્ષ ભરી, તે બન્ને પાત્ર શ્રીહરિની આગળ મૂક્યા. તે સિવાય મોટા વાસણમાં પાકા કેળા ભરાવ્યા અને અમૃત જેવી પાકી કેરી વગેરે ફળ પણ એક અલગ વાસણમાં ભરાવ્યા. તે બધું શ્રીહરિની આગળ મુકાવ્યું. ॥૪૬-૪૭॥

પરમેશ્વર શ્રીહરિ તે અનેક ફળ વગેરે જમ્યા. અને પોતાની પ્રસાદીરૂપ તે ફળ, દ્રાક્ષ તથા સાકર ઈત્યાદિ બ્રહ્માદિ દેવતાઓને આપ્યાં. ॥૪૮॥

ભક્તવલ્લભ શ્રીહરિએ તે બધી પ્રસાદી ત્યાગી સંતો વગેરે અને ગૃહસ્થ

स्वेभ्यस्तानि विभज्याऽदाद्भक्तेभ्यो भक्तवल्लभः ॥४९॥
ततो माणिक्यवर्णायाः पुत्रिकाः शीलशालिनीः ।
चतस्रश्चानयद्राजन् भक्तप्रेयान् हरिर्मुदा ॥५०॥
ततः पश्यन् स रम्यास्ता मण्डलाकारतो हरिः ।
भक्तेनाऽभ्रामयत् स्वेन वाजिशास्त्रविदा नृप ! ॥५१॥
तास्वथ स्वकरं प्रीत्या श्रीहरिः पर्यवर्त्तयत् ।
तत्रैकामथ तां प्रादात् स्वभक्ताय ग्लहाय सः ॥५२॥
हरिरथ मुनिपार्षदादियुक्तो हिमकरगौरवराम्बराभिरामः ।
पदचटचटपादुकानिनादो नृपवर ! चाव्रजति स्म राजदुर्गम् ॥५३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं कुबेरमूर्त्तिमदायुधादागमनादिनिरू पणं नाम त्रिंशदधिकशततमोऽध्यायः ॥१३०॥

હરિભક્તો વગેરેને વહેંચી આપી. ॥૪૯॥

હે રાજન્ ! પછી ભક્ત પ્રિય શ્રીહરિ માણેકવર્ણી માણકી જાતની ચાર વછેરીઓ, જે ઘણી જ શુભ લક્ષણી અને સારા સ્વભાવની હતી, તેને પ્રેમથી લાવ્યા. ॥૫૦॥

પછી સુંદર દેખાવડી તે વછેરીઓ જોઈ. અને ઘોડાને શિક્ષણ આપવામાં નિષ્ણાત પોતાના ભક્ત પાસે ગોળ કુંડાળે ફેરવાવી. ॥૫૧॥

પછી શ્રીહરિએ તે વછેરીઓના ઉપર પ્રેમથી પોતાનો હાથ ફેરવ્યો. અને તેમાંથી એક સારી વછેરી પોતાના ભક્ત શ્રીઘેલા ધાધલને આપી. ॥૫૨॥

હે રાજશ્રેષ્ઠ ! ચંદ્રમાના કિરણો જેવા શ્વેત શ્રેષ્ઠ વસ્ત્રોથી સોહામણા લાગતા, શ્રીહરિ સંતો અને પાર્ષદો આદિને સાથે લઈને ચાખડીઓનો ચટાક્ ચટાક્ અવાજ કરતાં કરતાં શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા હતા. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય - ૧૩૦ સમાપ્ત

अथैकत्रिंशदधिकशततमोऽध्यायः

शततमेऽधिके चैकत्रिंशता द्रष्टुमाययौ ।
प्रह्लादो नारसिंहश्चोपेन्द्रश्च बलिरुत्सुकः ॥

श्रीचैतन्यानन्द उवाच -

राजन् ! योऽभूज्जयादुर्गः पुञ्जजित्त्वत्र बाहुजः ।
न्यवात्सीत्सद्गुणोपेतो भक्तस्तस्य हरेः सुधीः ॥१॥
तत्रैकदा हरिं दुर्गे स मुन्याद्यैः समन्वितम् ।
शष्कुलीशाटकादीनि नानाभोज्यान्यभोजयत् ॥२॥
स ततोऽर्घ्यैर्हरिं प्रीत्या गन्धमाल्यस्त्रगादिभिः ।
चारु वासोविभूषाभिः पूजयामास भूपते ! ॥३॥
चारु चन्दनसन्माल्यहारैर्नूत्नाम्बरैस्तथा ।
सोऽर्हयामास मुन्यादीन् हरिप्रेष्ठान् महीपते ! ॥४॥
श्रीनृसिंहचतुर्दश्यां ततो गन्धं सुसौरभम् ।
चर्च्चयामास स प्रीत्या श्रीहरेर्भास्वराऽऽकृतौ ॥५॥

અધ્યાય - ૧૩૧

શ્રીપ્રહ્લાદ, નૃસિંહાદિનું દર્શન કરવા આવવું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! જે જીવુબા (મોટીબા) નો વંડો હતો, તેમાં શ્રીપુંજાજી નામે એક ક્ષત્રિય ભક્ત રહેતા હતા. તે ઘણા સદ્‌ગુણી હતા, શ્રીહરિના એકાંતિ ભક્ત અને બુદ્ધિશાળી હતા. ॥૧॥

તે શ્રીપુંજાજીએ એક વખત સંતો વગેરેની સાથે શ્રીહરિને તે વંડામાં જલેબી અને સાટા વગેરે અનેક જાતના ભોજનો તૈયાર કરાવીને જમાડ્યા હતા. ॥૨॥

હે ભૂપતે ! પછી શ્રીપુંજાજીએ સુંદર વસ્ત્ર, ઘરેણાં, સુગંધી ચંદન, ફૂલોના હાર ઈત્યાદિ ઉપચારો વડે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ॥૩॥

હે મહીપતે ! પછી તેણે શ્રીહરિના વહાલા સાધુઓ વગેરેની પૂજા સુંદર ચંદન, ફૂલહાર અને નવા વસ્ત્ર અર્પણ કરીને કરી. ॥૪॥

પછી નૃસિંહ ચતુર્દશીને દિવસ શ્રીહરિની મનોહર તેજસ્વી મૂર્તિ ઉપર સુગંધી ચંદન પ્રેમથી ચર્ચ્યું. ॥૫॥

नारसिंहं ततो वेषं श्रीहरिं स व्यदीधपत् ।
तदा रेजे रसो वीरो मूर्तिमानिव स प्रभुः ॥६॥
सदस्यास्ते ततोऽपश्यन्नृसिंहं क्रूरविग्रहम् ।
दुष्प्रधर्षं महावीर्यं जनत्रासावहेक्षणम् ॥७॥
स स्तुत्वाऽथ हरिं राजन् ! प्रापत्तत्राऽऽशु लीनताम् ।
इत्थं दृष्ट्वा तदैश्वर्यं भक्ता मोदं प्रपेदिरे ॥८॥
तद्विलोक्य जनाश्चान्ये भूरिशो विस्मयं गताः ।
कृत्वा दृढाश्रयं तस्य धर्मस्था भेजिरे हरिम् ॥९॥
ततोऽनःस्थे युते मञ्चे कोमलैस्तूलिकादिभिः ।
न्यषीदद्भूपते ! रम्ये प्रेक्ष्यमाणो हरिर्जनैः ॥१०॥
तस्याऽग्रेऽथाऽभवद्दिव्या मुन्यादीनां महासभा ।
तेषामासीन्महानन्दः पश्यतां तं ततो हरिम् ॥११॥

પછી તેમણે શ્રીહરિને ભગવાન્ શ્રીનૃસિંહજીના જેવો વેશ (પરિધાન) કરાવ્યો. ત્યારે પ્રભુ શ્રીહરિ મૂર્તિમાન વીર રસ હોય તેવા શોભતા હતા. ॥૬॥

ત્યારે સભામાં બેઠેલા સહુને શ્રીનૃસિંહજીના દર્શન થયા. તેમનું સ્વરૂપ (ચહેરો) ક્રૂર, પ્રબળ અને મહાન્ વીર્ય સંપન્ન હતું, તેમની આંખો લોકોને બિહાણણી લાગતી હતી. ॥૭॥

હે રાજન્ ! શ્રીનૃસિંહજીએ શ્રીહરિની સ્તુતિ કરી પછી તત્કાળ શ્રીહરિના સ્વરૂપમાં લીન થઇ ગયા. આવું શ્રીહરિનું ઐશ્વર્ય દેખીને સર્વ ભક્તજનો આનંદિત થયા. ॥૮॥

આ સિવાયના બીજા જે ઘણા લોકો હતા તે પણ શ્રીહરિના આવા ઐશ્વર્યને જોઇને વિસ્મય પામ્યા અને તેઓએ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો અને સદ્ધર્મ પાળીને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ॥૯॥

પછી ગાડા ઉપર ખાટલો ગોઠવ્યો અને તેના ઉપર સુકોમળ ગાદી તકિયો બિછાવ્યા, આવા રમણીય આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા. ભક્તજનો દર્શન કરતા હતા. ॥૧૦॥

શ્રીહરિની આગળના ભાગમાં સંત હરિભક્તો વગેરેની મહાન્ દિવ્ય સભા

प्राहाऽथ सद्गुरुर्वाक्यं गोपालानन्दसंज्ञितः ।
तमित्थं प्रश्रयानम्रः सर्वसद्गुणराजितः ॥१२॥
पुराणे नारसिंहाख्ये स्वामिन् ! भागवते तथा ।
मुख्यो भक्तो नृसिंहस्य प्रह्लादः कीर्तितो हरे ! ॥१३॥
चिरञ्जीवी च स प्रोक्तः शुभाख्याने बलेस्तथा ।
बलिं मोचयितुं प्रायात् प्रह्लादो वामनान्तिकम् ॥१४॥
इत्थमेवोदितं तस्माद्विद्यते तस्य सत्पते ! ।
चिरञ्जीवीत्वमेवेत्थं बुध्यते शास्त्रवाक्यतः ॥१५॥
समाधिस्थैर्जनैस्तस्मात्प्रेक्ष्यतेऽतस्तदीक्षणम् ।
साक्षादद्यापि पुण्यं स्यान्मयैवं गम्यते प्रभो ! ॥१६॥
स श्रुत्वेत्थं वचस्तस्य वाक्यं प्राहेति तं हरिः ।
योगिन् ! सिद्धीकृताष्टाङ्गयोगस्त्वं वर्तसे महान् ॥१७॥
तस्मात्कृत्वा समाधिं त्वं विधायाऽन्तर्दृशं तथा ।

થઈ અને શ્રીહરિના દર્શન કરનારા સહુ સભાસદોને મહાન્ આનંદ થયો. ॥૧૧॥

પછી સર્વ સદ્ગુણોથી શોભતા સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ વિનયથી નમ્ર થઈને શ્રીહરિને આ પ્રમાણે કહ્યું, ॥૧૨॥

હે સ્વામિન્ ! હે હરે ! નૃસિંહ પુરાણમાં અને શ્રીમદ્ભાગવત પુરાણમાં શ્રીનૃસિંહ ભગવાનના મુખ્ય ભક્ત શ્રીપ્રહ્લાદજીને કહ્યા છે. ॥૧૩॥

તે જ રીતે બલિરાજાના શુભ આખ્યાન પ્રસંગે શ્રીપ્રહ્લાદજીને ચિરંજીવી કહ્યા છે, કારણ કે પ્રહ્લાદજી બલિને છોડાવવા માટે શ્રીવામનજીની પાસે આવ્યા હતા. ॥૧૪॥

હે સત્પતે ! ઉપર કહ્યા તે પ્રસંગે આવી વાત જ કહી છે તેથી શાસ્ત્ર પ્રમાણથી પ્રહ્લાદજી ચિરંજીવી છે એમ સમજાય છે. ॥૧૫॥

હે પ્રભો ! હું માનું છું કે આજે પણ સમાધિવાળા ભક્તોને પ્રહ્લાદજીના ચિરંજીવી હોય તેવા પવિત્ર સાક્ષાત્ દર્શન થાય છે. ॥૧૬॥

શ્રીગોપાળાનંદ સ્વામીની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા, હે યોગિન્ ! તમે તો અષ્ટાંગ યોગને સિદ્ધ કરી ચૂકેલા મહાન્ પુરુષ છો. ॥૧૭॥

आलोकयैकचित्तेन ततस्तं द्रक्ष्यसि ध्रुवम् ॥१८॥
तेनेत्युक्ते स योगीन्द्रः स्वेष्टदेवं तमच्युतम् ।
विनीतः प्राञ्जलिर्वाक्यं जगादैवं प्रियंवदः ॥१९॥
योगसिद्धिरियं भूमन् ! दूरेक्षाश्रवणादिका ।
दुर्लभा वर्तते नूनं कृताऽऽयासैरपि प्रभो ! ॥२०॥
तथाप्यद्धाऽखिलेशस्य स्वामिनारायणस्य ते ।
हेतोरेवावताराणां दुरापं दयया न तत् ॥२१॥
अद्य त्वत्कृपया सन्तो ब्रह्मरू पा महाधियः ।
समाधिं भद्रमापन्ना विद्यन्तेऽक्षरसन्निभाः ॥२२॥
अव्याहतेष्टसंचारा जीवजातहितैषिणः ।
अवतारोपमैश्वर्याः प्राणिनिर्वाणकारिणः ॥२३॥
ईशादीनां क्रियाः सर्वा प्रेक्षमाणा महौजसः ।

તેથી તમે સમાધિ કરો. અને અન્તર્દષ્ટિથી ચિત્તને એકાગ્ર કરીને જુઓ, તેથી તમને પ્રહ્લાદજીના દર્શન નિશ્ચિત થશે. ॥૧૮॥

શ્રીહરિએ આવું કહ્યું ત્યારે હંમેશ પ્રિયવચન બોલનારા યોગિરાજ શ્રીગોપાળાનંદ સ્વામીએ હાથ જોડ્યા અને વિનય ભાવે પોતાના ઈષ્ટદેવ નિર્વિકારી શ્રીહરિને આ રીતે કહ્યું, ॥૧૯॥

હે ભૂમન ! હે પ્રભો ! દૂરદર્શન અને દૂરશ્રવણ જેવી યોગની સિદ્ધિઓ, સાધકો ઘણી મહેનત કરે છતાં મળવી ઘણી દુર્લભ છે. ॥૨૦॥

છતાં આપ વિશ્વેશ્વર છો અને સર્વ અવતારોનું કારણ છો. તે આપ શ્રીસ્વામિનારાયણની દયાથી તે સિદ્ધિઓ દુષ્પ્રાપ્ય નથી. ॥૨૧॥

અત્યારે તો આપની કૃપાથી મહાન્ બુદ્ધિશાળી બ્રહ્મરૂપ સંતો શુભ સમાધિને પામેલા છે અને અક્ષરના તુલ્ય છે. ॥૨૨॥

આ સંતોની ધારેલી ગતિ ક્યાંય અટકતી નથી. તેઓ અનેક જીવોનું હિત ઈચ્છે છે, તેઓમાં અવતારોના જેવું તે ઐશ્વર્ય રહ્યું છે અને જીવોનો મોક્ષ કરનારા છે. ॥૨૩॥

મહાન્ પ્રતાપી આ સંતો બ્રહ્માદિ ઈશ્વરોની બધી જ ક્રિયાઓને દેખે છે.

वैकुण्ठादिषु गच्छन्तो नानाधामस्वनावृत्ताः ॥२४॥
पापतापापहृत्प्रेक्षास्तथ्यपथ्यार्थ्यभाषणाः ।
राजमाना हि वर्तन्ते धर्मज्ञानादिसद्‌गुणैः ॥२५॥
निशम्यैवं वचस्तस्य सोऽतिप्रीतमना हरिः ।
त्रिःकृत्वो वादयाञ्चक्रे भक्तानानन्दयंस्त्रुटिम् ॥२६॥
तावत् प्रह्लाद एवाऽऽयात्तत्र वैरोचनिस्तथा ।
नृसिंहो वामनश्चेक्ष्यः शान्तदिव्यमहाद्युतिः ॥२७॥
चत्वारस्ते ततो नत्वा श्रीहरिं तस्य चार्हणाम् ।
अर्घ्यैः षोडशभिश्चक्रुर्नुतिं नीराजनं तथा ॥२८॥
तांस्तत्पूजाकृतो दृष्ट्वा गोपालानन्दसद्‌गुरुः ।
सदस्याश्चाखिला हृष्टा महाश्चर्यं प्रपेदिरे ॥२९॥
सच्चिदानन्दयोगीन्द्रस्तदाऽऽनन्दाऽऽप्लुतान्तरः ।

વૈકુંઠ આદિ ધામમાં જાય છે, છતાં તે વિવિધ ધામોમાં જતાં ક્યાંય અટકતા નથી. ॥૨૪॥

આ સંતોના દર્શનથી અનેક જન્મના પાપ અને ત્રિવિધ તાપ નષ્ટ થઈ જાય છે. તેમની વાતો સત્ય, હિત અને સાર્થક હોય છે. અને ધર્મ, જ્ઞાન વૈરાગ્યાદિ ગુણોથી તેઓ સુશોભિત રહ્યા છે. ॥૨૫॥

શ્રીગોપાળાનંદ સ્વામીએ કહેલા વચનને સાંભળીને શ્રીહરિ મનમાં ઘણું પ્રસન્ન થયા. પછી ભક્તોના આનંદ માટે તેમણે ત્રણ વાર ચપટી વગાડી. ॥૨૬॥

તેવામાં તો શ્રીપ્રહ્લાદજી અને બલિરાજા ત્યાં સભામાં આવ્યા. શાંત, દિવ્ય અને મહાન્ તેજસ્વી શ્રીનૃસિંહજી અને શ્રીવામનજી પણ દર્શનીયરૂપે ત્યાં પધાર્યા. ॥૨૭॥

પછી તે ચારેય જણાએ શ્રીહરિને પ્રણામ કર્યા અને ષોડશોપચારોથી પૂજા કરી. સ્તુતિ અને આરતી પણ ઉતારી. ॥૨૮॥

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અને સભામાં બેઠેલા સંત હરિભક્તો, સહુએ તેમને પૂજા કરતા દેખ્યા તેથી પ્રસન્ન થયા અને અત્યંત આશ્ચર્ય પામ્યા. ॥૨૯॥

पक्वदाडिमबीजानि रम्भापत्रे न्यधान्मुदा ॥३०॥
ततो बीजाभृतं पत्रं स तस्मा आर्पयत् सुधीः ।
तान्यभुङ्क्ताऽथ स प्रीत्या सुधास्वादूनि भूपते ! ॥३१॥
मुष्टौ भृत्वाऽथ तेभ्योऽदान्निजप्रासादिकानि सः ।
तानीव स्वीयदासेभ्यो सभ्यानां पश्यतां हरिः ॥३२॥
तेऽथ तत्प्रेक्षणाह्लादास्तं प्रणम्यार्त्तिहारिणम् ।
तत्राऽन्तर्दधिरे राजन् ! सभ्यैरालोकिता द्रुतम् ॥३३॥
चत्वारः शकटास्त्वायन्निक्षुदण्डाभृतास्ततः ।
सद्भ्यश्चाऽथान्यभक्तेभ्यो विभज्याऽदीदपत्स तान् ॥३४॥
आसीत्तस्या हि रथ्याया दुर्गः प्राच्यां महीपते ! ।
हरेरेकान्तभक्ताया जयाख्यायास्तु योषितः ॥३५॥
तत्रोकसंज्ञिकोऽवात्सीज्जयाक्षेत्रावकर्षणे ।
मुख्याधिकारवान् भक्तस्तद्भ्राता हरजित्तथा ॥३६॥

તે સમયે શ્રીયોગિરાજ સચ્ચિદાનંદ સ્વામીનું હૃદય આનંદથી તરબોળ થઈ ગયું. તેમણે કેળના સારા પાંદડામાં પાકા દાડમના દાણા પ્રેમથી ભર્યા. ॥૩૦॥

પછી રૂડી બુદ્ધિવાળા તે સ્વામીએ દાણા ભરેલું પાંદડું શ્રીહરિને અર્પણ કર્યું. હે ભૂપતે ! અમૃત જેવા સ્વાદુ તે દાણાને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ॥૩૧॥

પછી સહુ સભામાં બેઠેલા દેખે તેમ શ્રીહરિએ પોતાના ભક્તોને આપે તે રીતે મૂઠી ભરી ભરીને પોતાની પ્રસાદીના દાણા શ્રીપ્રહ્લાદજી વગેરેને આપ્યા. ॥૩૨॥

હે રાજન્ ! શ્રીહરિના દર્શનથી ખુશ થયેલા પ્રહ્લાદજી, બલિરાજા, શ્રીનૃસિંહજી અને શ્રીવામનજી, પીડા હરનારા શ્રીહરિને પ્રણામ કરીને તુરંત અન્તર્હિત થઈ ગયા. સભાસદો સહુ દેખી રહ્યા હતા. ॥૩૩॥

તે સમયે ત્યાં શેરડી ભરેલી ચાર બળદ ગાડી આવી. શ્રીહરિએ તે સંતો વગેરેને અને બીજા ભક્તોને વહેંચીને આપી દીધી. ॥૩૪॥

હે મહીપતે ! તે આથમણી બજારથી પૂર્વ તરફના ભાગમાં શ્રીહરિના એકાંતિક ભક્ત જીવુબા (મોટીબા) નો વંડો હતો. ॥૩૫॥

તેમાં જીવુબાની ખેતી કરનારો એક ખેડૂત ઉકોભાઈ અને તેનો ભાઈ હરજી,

तत्रोकेत्यभिधानस्य कन्या भक्तस्य सुव्रता ।
राजन् ! रामाभिधानाऽऽसीद्धरौ गाढानुरागिणी ॥३७॥
सा श्रीहरिं बिरञ्जाद्यैर्नानाभोज्यैरतर्पयत् ।
चारु वृन्ताकशाकाद्यैर्मुन्यादींश्च यथोचितम् ॥३८॥
नरनारायणं जानंस्तं भक्तो हरजित्ततः ।
विधातुं श्रीहरेरर्हामाययौ तस्य सन्निधौ ॥३९॥
सोऽपूजयत्ततोऽर्घ्यैस्तं गन्धमाल्यस्त्रगादिभिः ।
स्वर्णतारैर्महामूल्यैरम्बरैश्च विभूषणैः ॥४०॥
तं स नत्वाऽथ साष्टाङ्गं महानीराजनं व्यधात् ।
स्वेष्टदेवस्य तस्याग्रे चक्रे नृत्यं तथोत्तमम् ॥४१॥
ततो भूषाम्बरैरम्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ।
नानोपचारकै राजन् ! स चाचार्यार्च्चनं व्यधात् ॥४२॥
चारु चन्दनकाश्मीरमाल्यहारवराम्बरैः ।

બન્ને તે વંડામાં રહેતા હતા. ॥૩૬॥

હે રાજન્ ! તેમાં ઉકાભાઈની રામબાઈનામે એક પવિત્ર વ્રત રાખનારી દીકરી હતી. અને તેને શ્રીહરિના સ્વરૂપમાં ખૂબ જ ભક્તિભાવ હતો. ॥૩૭॥

તે રામબાઈએ બિરંજ અને રીંગણાનું શાક વગેરે અનેક પ્રકારની રસોઈ કરાવીને શ્રીહરિને તથા સંતો વગેરેને યથોચિત રીતે જમાડીને તૃપ્ત કર્યા હતા. ॥૩૮॥

હરજી ભક્ત શ્રીહરિને નરનારાયણરૂપ માનતા હતા. પછી તે શ્રીહરિની પૂજા કરવા માટે તેમની પાસે આવ્યા. ॥૩૯॥

તેણે સોનાના તારવાળા ઘણા મોંઘા વસ્ત્ર, ઘરેણાં, ચંદન અને ફૂલના હાર આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૪૦॥

શ્રીહરિને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પછી આરતી ઉતારી. અને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની આગળ સર્વોત્તમ નૃત્ય કર્યું. ॥૪૧॥

હે રાજન્ ! પછી તેણે સુંદર ઘરેણાં, વસ્ત્ર, ચંદન અને ફૂલના હાર આદિ અનેક ઉપચારોથી આચાર્યોની પૂજા પણ કરી. ॥૪૨॥

પછી સુગંધી ચંદન, કુંકુમ, ફૂલના હાર અને સારા વસ્ત્ર આદિ અર્પણ

पूजनं सोऽकरोत्पुण्यं मुन्यादीनां यथोचितम् ॥४३॥
तदा तत्राऽऽगमद्राजन्नरनारायणः प्रभुः ।
सकन्यौ तावथोदारौ पश्यतस्तं स्म भास्वरम् ॥४४॥
ततः स श्रीहरेरर्हां कृत्वा नीराज्य चादरात् ।
प्रीत्या स्तुत्वा च तन्मूर्तौ लीनत्वं प्राप भूपते ! ॥४५॥
एवं दृष्ट्वा तदैश्वर्यं तौ तत्कन्या च तं हरिम् ।
हेतुमेवावताराणां सर्वोपर्यविदन्नृप ! ॥४६॥
तौ ततोऽर्हां हरेर्दिव्यैरर्घ्यैश्चक्रतुरादरात् ।
गन्धप्रसूनहाराद्यैर्भूषावस्त्रैर्महाधनैः ॥४७॥
मुन्यादीनामथार्चां तौ गन्धमाल्यस्त्रगादिभिः ।
चक्राते चोत्तमैरर्घ्यैर्नूत्नसारतराम्बरैः ॥४८॥
अनड्वांसौ महामूल्यौ तौ हि तस्मा अथोत्सुकौ ।
अदातां स्वेष्टदेवाय जयादेशेन सादरम् ॥४९॥

કરીને સંતો આદિનું પવિત્ર પૂજન પણ તેણે યથાયોગ્ય રીતે કર્યું. ॥૪૩॥

તે સમયે ત્યાં પ્રભુ નરનારાયણ દેવ પધાર્યા. દીકરી રામબાઈ, ઉકાભાઈ અને હરજીભાઈએ અતિ તેજસ્વી શ્રીનરનારાયણ દેવના દર્શન કર્યા. ॥૪૪॥

પછી શ્રીનરનારાયણ ભગવાને શ્રીહરિની આદરભાવથી પૂજા કરીને આરતી ઉતારી. હે ભૂપતે ! પછી તેઓ પ્રેમથી સ્તુતિ કરીને તેમની મૂર્તિમાં લીન થઈ ગયા. ॥૪૫॥

હે નૃપ ! આ રીતે તે બન્ને ભાઈઓ અને તેમની દીકરીએ શ્રીહરિનું ઐશ્વર્ય જોયું. પછી તેમને શ્રીહરિ સર્વ અવતારોનું કારણ છે અને સર્વોપરિ છે. આવું જ્ઞાન થયું. ॥૪૬॥

પછી તે બન્નેએ કીમતી ઘરેણાં, વસ્ત્ર, ચંદન અને ફૂલહાર આદિ દિવ્ય ઉપચારો વડે આદરભાવથી શ્રીહરિની પૂજા કરી. ॥૪૭॥

અને નવા સારા વસ્ત્ર, ચંદન અને ફૂલોના હાર આદિ સર્વોત્તમ ઉપચારોથી સંતો વગેરેની પણ પૂજા કરી. ॥૪૮॥

પછી ઉત્સાહી તે બન્ને ભક્તોએ જીવુબાની આજ્ઞાથી ઘણા કીમતી સારા બે

कन्या चोकस्य रामाख्या ततो हीरालयाभिधाम् ।
गृष्टिं श्रीहरये प्रादाद् गां सुशीलां वरीयसीम् ॥५०॥
ततस्तस्मिन् हरिर्दुर्गे रात्रिपर्यन्तमच्युतः ।
भक्तानानन्दयन् स्वीयान् न्यवात्सीद्भक्तवत्सलः ॥५१॥
अथाऽत्रहरजिन्नाम्नस्तस्य भक्तस्य मानसे ।
सङ्कल्पोऽभूदिति श्रीमद्धरावासक्तचेतसः ॥५२॥
जातं मे दुर्लभं पुण्यं नरनारायणेक्षणम् ।
लक्ष्मीनारायणप्रेक्षा कथं स्यान्मेऽतिशान्तिदा ॥५३॥
लक्ष्मीनारायणौ तावत्सोऽपश्यत्तं हरिं तथा ।
चतुर्बाहुं रमाधीशं श्रीनारायणरू पिणम् ॥५४॥
लक्ष्मीरू पां तथा दिव्यां जयां स प्रैक्षताऽद्भुताम् ।
स प्राहाऽथेति तं स्वीयं भ्रातरं तत्सुतां तथा ॥५५॥
दिव्यरू पं हरिं साक्षाल्लक्ष्मीनारायणौ तथा ।

બળદ, પોતાના ઈષ્ઠ દેવ શ્રીહરિને આદરભાવે સહિત અર્પણ કર્યા. ॥૪૯॥

ઉકાભક્તની દીકરી રામબાઈએ હીરાળી નામની પહેલા વેતરની સોજી સારી સર્વોત્તમ ગાય શ્રીહરિને અર્પણ કરી. ॥૫૦॥

ભક્તવત્સલ અવિકારી શ્રીહરિ પોતાના ભક્તોને આનંદિત કરવા માટે ત્યાં વંડામાં રાત સુધી રહ્યા. ॥૫૧॥

શ્રીહરિના સ્વરૂપમાં જેનું મન લાગેલું રહેતું હતું આવા હરજી ભક્તના મનમાં એક એવો સંકલ્પ થયો કે "મને અત્યંત દુર્લભ અને પુણ્યરૂપ શ્રીનરનારાયણ-ભગવાનના દર્શન તો થયા પણ હવે મને અત્યંત શાંતિ આપનારા શ્રીલક્ષ્મી-નારાયણના દર્શન કેમ થશે ? ॥૫૨-૫૩॥

તેટલા સમયમાં તો તેને શ્રીલક્ષ્મીનારાયણ દેવ અને શ્રીહરિના દર્શન થયા. લક્ષ્મીપતિ શ્રીનારાયણરૂપી (શ્રીહરિ)ને ચતુર્ભુજ જોયા અને દિવ્ય અદ્‌ભુત લક્ષ્મીરૂપ જયાબાને જોયા. ત્યારે તેણે પોતાના ભાઈ હરજીને અને દીકરી રામબાઈને ઉદ્દેશીને કહ્યું, ॥૫૪-૫૫॥

દિવ્ય સ્વરૂપ શ્રીહરિ, શ્રીલક્ષ્મીનારાયણદેવ અને દિવ્યા શ્રીલક્ષ્મીરૂપ

रमारू पां जयां दिव्यां सादरं पश्यतं युवाम् ॥५६॥
ततस्तद्दर्शनं प्रीत्या तत्भ्राता तत्सुता तथा ।
चक्रतुश्च महानन्दस्तेषां तत्प्रेक्षणादभूत् ॥५७॥
स्वरू पे श्रीहरेर्दिव्ये लक्ष्मीनारायणौ ततः ।
लीनत्वं प्रापतां राजन् ! सदस्यानां हि पश्यताम् ॥५८॥
आरुह्याऽथ हरिर्वाहं भक्तानन्दावहेहितः ।
पौरैरालोकितो राजन् ! राजदुर्गं समाययौ ॥५९॥
तद्वृत्तान्तं ततोऽशेषं राजन्तीं ललितां तथा ।
जयां च श्रीहरिः प्रीत्या जगादाऽऽनन्दनीरधिः ॥६०॥
तत्रेति चारु चरितानि हरिः स दुर्गे पुण्यानि मङ्गलकराणि मुहुश्चक्रर ।
प्रीत्या स्म भोजयति तत्र मुनिप्रमुख्यान् विप्रांस्तथा पुनरिहाखिलधर्मगोप्ता ॥६१॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

જીવુબાને તમે આદરભાવથી જુઓ. ॥૫૬॥

પછી તેનો ભાઈ હરજી અને દીકરી રામબાઈએ શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનના દર્શન કર્યા. તે દર્શનથી તે સહુને ઘણો જ આનંદ થયો. ॥૫૭॥

હે રાજન્! પછી સહુ સભાજનો દેખે તે રીતે શ્રીલક્ષ્મીનારાયણ દેવ શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં લીન થઈ ગયા. ॥૫૮॥

હે રાજન્ ! ભક્તોને આનંદ આપવા લીલા કરનારા શ્રીહરિ પછી અશ્વ ઉપર સવાર થયા. નગરજનો રસ્તામાં દર્શન કરતા હતા અને શ્રીહરિ શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૫૯॥

પછી સુખસાગર શ્રીહરિએ આ બધું વૃત્તાંત રાજબાઈ, લાડુબા અને જીવુબાને સહજ સ્નેહભાવે કહ્યું. ॥૬૦॥

સર્વ ધર્મનું રક્ષણ કરનારા શ્રીહરિએ તે જીવુબાના વંડામાં અત્યંત પવિત્ર અને મંગળકારી સુંદર ચરિત્ર વારંવાર કર્યા હતા. ત્યાં સાધુ, વર્ણી અને પાર્ષદોને તથા બ્રાહ્મણોને પ્રેમથી વારંવાર જમાડતા હતા. ॥૬૧॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૧ સમાપ્ત

माहात्म्ये श्रीहरिदर्शनार्थं प्रह्लादाद्यागमनादिनिरू पणं नामैकत्रिंशद-धिकशततमोऽध्यायः ॥१३१॥

अथ द्वात्रिंशदधिकशततमोऽध्यायः

मान्त्रस्य पितृमोक्षः प्राग् रू पं धर्मान्वयस्य च ।
द्वात्रिंशदुत्तरे शततमे प्रोक्तं समासतः ॥

श्रीचैतन्यानन्द उवाच -
आस्तामस्मिन् पुरे दुर्गावयोध्यावासिनां नृप ! ।
तत्रैकस्मिन् किलायोध्याप्रसादो न्यवसत्सुधीः ॥१॥
द्वितीये तत्र वै दुर्गे रघुवीरोऽवसत्तथा ।
दुर्गे स्वेऽथैकदाऽयोध्याप्रसादो न्यवसत्सुधीः ॥२॥
ततः कूपे स तत्राऽऽर्य्यस्तं हरिं समसिस्नपत् ।
भोजयित्वाऽथ भोज्यानि तं विचित्राण्यतर्पयत् ॥३॥
परिवेष्याऽथ स प्रीत्या नानाभोज्यानि भूपते ! ।
तर्पयामास मुन्यादीन् स्वभक्तान् भक्तवत्सलः ॥४॥
तं ततोऽपूजयद्भक्त्या गन्धमाल्यस्त्रगादिभिः ।

અધ્યાય-૧૩૨

ધર્મવંશીઓના પૂર્વરૂપ અને માત્રાધાધલના પૂર્વજોનો ઉદ્ધાર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! આ ગઢપુરમાં અયોધ્યાવાસીઓના બે વંડા હતા. તેમાં એક વંડામાં રૂડી બુદ્ધિવાળા શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ રહેતા હતા અને બીજા વંડામાં શ્રીરઘુવીરજી મહારાજ રહેતા હતા. તેમાં એક વખત તે રૂડી બુદ્ધિવાળા શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ પોતાના વંડામાં રહેતા હતા ત્યારે ત્યાં તેમણે કૂવા આગળ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી તેમને ભાત ભાતના ભોજન જમાડીને તૃપ્ત કર્યા. ॥૧-૩॥

હે ભૂપતે ! પછી ભક્તવત્સલ શ્રીહરિએ તે અનેક પ્રકારના ભોજન સાધુ આદિ પોતાના ભક્તોને પ્રેમથી પીરસીને તૃપ્ત કર્યા. ॥૪॥

सोऽर्घ्यैर्नानाविधैर्दिव्यै राजवर्य ! महत्प्रियः ॥५॥
ततो रामप्रतापाख्यं स्वतातं चोपचारकैः ।
इच्छारामं तथा शान्तं स तद्भ्रातारमर्हयत् ॥६॥
स ब्रह्मधाम्न्यथ प्रेष्ठं हरीच्छाप्राप्तदिव्यदृक् ।
निषण्णं प्रैक्षत स्वर्णे दिव्ये सिंहासने हरिम् ॥७॥
शान्तिदं परमात्मानं पूर्णं ब्रह्म निरञ्जनम् ।
अक्षरातीतमार्येज्यं सर्वज्ञं पुरु षोत्तमम् ॥८॥
दिव्यं चानन्यसंसिद्धं समत्वाधिक्यवर्जितम् ।
आत्मारामंमुनिध्येयमात्मतन्त्रं सनातनम् ॥९॥
रू पानुरू पदिव्याङ्गं तेजपुञ्जातिराजितम् ।
कोटिकामस्मयोच्छेदं महानन्दप्रदेक्षणम् ॥१०॥

હે રાજવર્ય ! મોટા સત્પુરુષો જેને વહાલા છે આવા તે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે ચંદન, ફૂલહાર ઈત્યાદિ અનેક પ્રકારના દિવ્ય ઉપચારોથી ભક્તિભાવના પૂર્વક શ્રીહરિની પૂજા કરી. ॥૫॥

પછી તેમણે પોતાના પિતા શ્રીરામપ્રતાપજી મહારાજની અને તેમના નાના ભાઈ શાંત પ્રકૃતિના શ્રીઈચ્છારામજી મહારાજની સારા ઉપચારોથી પૂજા કરી. ॥૬॥

ત્યારે શ્રીહરિની ઈચ્છાથી શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ તેથી તેમણે બ્રહ્મ (અક્ષર) ધામમાં સોનાના દિવ્ય સિંહાસનમાં વિરાજમાન પોતાના પ્રિય શ્રીહરિના દર્શન કર્યા. ॥૭॥

જે મહાપ્રભુ સહુને શાંતિ આપનારા છે, પૂર્ણ બ્રહ્મ પરમાત્મા છે, માયાથી રહિત અને અક્ષરાતીત છે, સંતોએ પૂજેલા, સર્વજ્ઞ અને પુરુષોત્તમ છે. ॥૮॥

દિવ્ય છે અને અનન્ય સિદ્ધ છે, જેનો કોઈ બરોબરિયો નથી કે કોઈ ઉપરવટ નથી. જે આત્મારામ છે, મુનિઓ દ્વારા ધ્યેય છે અને સ્વતન્ત્ર છે સનાતન છે. ॥૯॥

જેના પ્રત્યેક અંગ રૂપને અનુરૂપ નમણા છે, જે તેજના પુંજને મધ્યે અત્યંત શોભે છે, કરોડો કામના ગર્વને ઉતારનારા છે, જેના દર્શન મહાન્ આનંદને આપે છે. ॥૧૦॥

स्वभक्तानुग्रहोद्युक्तं स्तुत्यं वेदशिरोव्रजैः ।
कृपापीयूषवर्षिण्या प्रेक्षमाणं दृशा निजान् ॥११॥
दिव्यनानामणिस्वर्णभूषणं दिव्यवाससम् ।
नद्धदिव्यमणिश्रीमत्किरीटं मुक्तवन्दितम् ॥१२॥
रू पसौन्दर्यमाधुर्यलावण्यादिमहोदधिम् ।
स्वीयैकाङ्गश्रिया नैकलोकसौष्ठवतर्जनम् ॥१३॥
ततो रामप्रतापं तं स सङ्कर्षणरू पिणम् ।
इच्छारामं तथाऽपश्यद्दिव्यं प्रद्युम्नरू पिणम् ॥१४॥
रघुवीरं च सोऽपश्यद्भास्वरं रामरू पिणम् ।
तथाऽनिरू द्धरू पं स्वं प्रैक्षताऽऽश्चर्यसम्प्लुतः ॥१५॥
तद्दुर्गस्याऽन्तिके दुर्गे ततो रात्रावगाद्धरिः ।
आहूतो यत्र परमहंसेनाऽऽवसता सता ॥१६॥
ततः सत्प्रच्छद पटीं स तन्मूर्ताववीवसत् ।

પોતાના ભક્તોના ઉપર અનુગ્રહ કરવા માટે જે તત્પર રહે છે. વેદાંતની શ્રુતિઓ જેની સ્તુતિ કરે છે, કૃપા રૂપી અમૃતને વરસાવતી દૃષ્ટિથી ભક્તોની સામે જોઇ રહ્યા છે. ॥૧૧॥

અનેક દિવ્ય મણિઓથી જડિત સોનાના આભૂષણોને ધારી રહ્યા છે, દિવ્ય વસ્ત્ર જેણે પહેર્યા છે, દિવ્ય મણિઓથી જડિત મુકુટ મસ્તક ઉપર ધાર્યો છે, મુક્તાત્માઓ જેમને વંદન કરી રહ્યા છે. ॥૧૨॥

રૂપ, સૌંદર્ય, માધુર્ય અને લાવણ્યના તો તે મહાન્ સાગર છે, પોતાના એકેક અવયવની શોભાથી અનેક લોક લાવણ્યને તુચ્છકારે છે. ॥૧૩॥

પછી તેમણે શ્રીરામપ્રતાપજી મહારાજને સંકર્ષણ રૂપે જોયા. તેમજ તેમણે શ્રીઇચ્છારામજી મહારાજને દિવ્ય પ્રદ્યુમ્ન સ્વરૂપે દેખ્યા. ॥૧૪॥

અને તેમણે શ્રીરઘુવીરજી મહારાજને તેજસ્વી રામચંદ્રજીના રૂપમાં દેખ્યા. પછી આશ્ચર્ય તરબોળ થઇને પોતે પોતાને અનિરુદ્ધના રૂપમાં જોયા. ॥૧૫॥

તે વંડાની બાજુમાં એક બીજો વંડો હતો. ત્યાં એક પરમહંસ સાધુ રહેતા હતા. તેમણે શ્રીહરિને બોલાવ્યા તેથી ત્યાં રાતે પધાર્યા. ॥૧૬॥

गन्धसन्माल्यहाराद्यैस्तमर्घ्यैरार्हयत्तथा ॥१७॥
तत्राऽथ धेनवः षष्टिप्रमिता वीक्ष्य तं हरिम् ।
आसन् स्तनक्षरत्क्षीरप्रभूताऽऽर्द्रीकृतोर्वराः ॥१८॥
स दुग्ध्वाऽथ मुनिर्गास्ता गालयित्वाऽमृतं पयः ।
तद्धरिं पाययाञ्चक्रे मुन्यादींश्चाखिलान्मुदा ॥१९॥
स प्राहाऽथेति तं वाक्यं मद्वश्या धेनवस्त्विमाः ।
सन्ति मां प्रहरेद्यस्तं ताडयेयुरिमाः प्रभो ! ॥२०॥
हर्याज्ञप्तास्ततः पद्गास्तं प्रहर्तुं यदाऽभ्ययुः ।
तांस्तदाऽभ्यपतन् गावस्ता हि ताडयितुं द्रुतम् ॥२१॥
ताभ्यो भीतास्ततस्तूर्णं तेऽपलायन्त पत्तयः ।
धावमानानथाशेषान् दृष्ट्वा तानहसद्धरिः ॥२२॥
यावत्योऽथाऽभवन् गावस्तावन्ति श्रीहरिः प्रभुः ।

ત્યાં રહેલા તે સંતે શ્રીહરિને પોતાને ઓઢવાની ધોયેલી મોટી જાડી ચાદર હતી તે ઓઢાડી અને સુગંધી ચંદન, ફૂલહાર આદિ ઊપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૭॥

ત્યાં સાઠ જેટલી સારી ગાયો હતી. તે બધી ગાયોએ શ્રીહરિને જોયા. તે પશુ હોવા છતાં શ્રીહરિને દેખીને તેના આંચળમાંથી આપો આપ દૂધ ઝરવા-ટપકવા લાગ્યું અને નીચેની ભૂમિ ભીની થઇ ગઇ. ॥૧૮॥

પછી તે સંતે ગાયો દોહી. અમૃત જેવું સ્વાદુ તે દૂધ ગાળીને શ્રીહરિને પાયું અને જે સંતો સાથે હતા તે બધાને પણ પ્રેમથી દૂધ પાયું. ॥૧૯॥

પછી તે સાધુએ શ્રીહરિને કહ્યું, હે પ્રભો ! આ બધી ગાયો મારા ઉપર હેતથી મને વશ થઇ છે, કદાચ કોઇ મને મારે તો આ ગાયો તે મારનારાને મારે. ॥૨૦॥

ત્યારે શ્રીહરિની આજ્ઞાથી અમુક પાર્ષદો તે સાધુને મારતા હોય તેવો દેખાવ કર્યો, ત્યારે તુરંત તે ગાયો તે સાધુને મારનારાને મારવા દોડી આવી. ॥૨૧॥

પછી તે ગાયોથી ડરેલા પાર્ષદો તત્કાળ ત્યાંથી ભાગ્યા. દોડતા ભાગતા તે બધા પાર્ષદોને જોઇને શ્રીહરિ હસવા લાગ્યા. ॥૨૨॥

પછી મહાપ્રભુ શ્રીહરિએ જેટલી ગાયો હતી તેટલા શ્રીકૃષ્ણ સ્વરૂપ ધાર્યા.

धृत्वा श्रीकृष्णरू पाणि दिव्यभूषाम्बराणि सः ।।२३।।
वेणुभूषितहस्तानि बर्हापीडानि तेजसा ।
भ्राजमानानि दिव्यानि शान्तिदातॄणि पश्यताम् ।।२४।।
अग्रे पृथकऽपृथक् तासां तिष्ठन् वै युगपद्धरिः ।
ताभ्यः स्वीयेक्षणं गोभ्यो मुक्तिदाऽऽलोकनोऽदिशत् ।।२५।।
स दृष्ट्वेत्यथ वै साधुर्भूपते ! प्रतिधेनु तम् ।
कृष्णरू पं स्थितं चान्ये मुन्याद्या विस्मयं ययुः ।।२६।।
भूरिश्रीकृष्णरू पाणि धृत्वैवं श्रीहरिर्विभुः ।
स्वीयाऽवतारितां तेभ्यः सदादिभ्यो व्यदीदृशत् ।।२७।।
ततस्तस्मै ददौ प्रीत्या निजप्रासादिकं सते ।
पौष्पं हारं स पादाब्जे तत्सतो वक्षसि न्यधात् ।।२८।।
सच्चिदानन्दयोगीन्द्रष्टोपीं माल्यमयीं तदा ।

તેમણે દિવ્ય ઘરેણાં અને વસ્ત્ર પહેર્યા હતા. ।।૨૩।।

તે બધા કૃષ્ણસ્વરૂપોના હાથમાં વાંસળી શોભતી હતી. મસ્તક ઉપર મોર પિચ્છના મુકુટ હતા. તેજથી દીપતા હતા. દર્શન કરનારાને શાંતિ આપતા દિવ્ય સ્વરૂપ હતાં. ।।૨૪।।

શ્રીહરિ તે પ્રત્યેક ગાયની આગળ એકી સમયે અલગ અલગ રૂપે ઊભા હતા. દર્શનથી મોક્ષ આપનારા શ્રીહરિએ તે ગાયોને આવું પોતાનું દર્શન આપ્યું. ।।૨૫।।

હે ભૂપ ! તે ગાયોનું પાલન કરનારા સંતે અને બીજા સંતો તથા હરિભક્તોએ પ્રત્યેક ગાયની આગળ રહેલ શ્રીકૃષ્ણસ્વરૂપને જોયું અને અત્યંત વિસ્મય પામ્યા. ।।૨૬।।

મહાસમર્થ શ્રીહરિએ અનેક કૃષ્ણસ્વરૂપોને આ પ્રમાણે ધારણ કરીને સંત હરિભક્ત આદિ સર્વને પોતાનું અવતારીપણું દેખાડ્યું. ।।૨૭।।

પછી શ્રીહરિએ તે સંતને પોતાનો પ્રસાદીનો ફૂલનો હાર આપ્યો. અને તેની છાતીમાં પોતાના ચરણકમળ ચાંપી આપ્યા. ।।૨૮।।

તે સમયે યોગીંદ્ર શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને ફૂલની ટોપી, ફૂલનો

किरीटं कञ्चुकं पौष्पं हरिं चाधारयद्वरम् ।।२९।।
प्रावारहारकेयूरान् कर्णपूरांश्च कौसुमान् ।
सोऽदीधपद्धरिं प्रीत्या प्रासूने कंकणे तथा ।।३०।।
चन्दनं न्यक्षिपत्तस्मिन् स साधुर्भूरिसौरभम् ।
पतित्वा दण्डवद्भूमौ साष्टाङ्गं प्राणमद्धरिम् ।।३१।।
श्रीवासुदेवरू पं तं तदाऽपश्यत् स योगिराट् ।
भक्तिधर्मौ तथा दिव्यौ सभ्याश्चान्ये व्यलोकयन् ।।३२।।
इत्थं दृष्ट्वा तदैश्वर्यं भूयांसो विस्मिता जनाः ।
तमाश्रित्याऽऽत्मधर्मस्था भेजिरे तं हरिं सदा ।।३३।।
भ्रातुर्वै मान्त्रिकाख्यस्य कृपानन्दमहामुनेः ।
अनड्वांसौ वरौ गौरावासातां राजसत्तम ! ।।३४।।
श्रीहरौ शृण्वति भक्तस्तयो श्चक्रेऽलयामिधः ।

મુકુટ અને ફૂલનું અંગરખું સરસ ધારણ કરાવ્યું. ।।૨૯।।

આ સિવાય ખેસ, હાર, બાજુબંધ, કુંડળ અને કંકણ, બધા જ વસ્ત્રાભૂષણ ફૂલોના પહેરાવ્યા. ।।૩૦।।

પછી તે સાધુએ અત્યંત સુગંધવાળું ચંદન શ્રીહરિ ઉપર છાંટ્યું અને જમીન ઉપર ઢળી પડીને સાષ્ટાંગ દંડવત પ્રણામ શ્રીહરિને કર્યા. ।।૩૧।।

યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને શ્રીવાસુદેવ સ્વરૂપે દેખ્યા અને સાથે દિવ્ય ભક્તિમાતા અને ધર્મપિતાને પણ દેખ્યા. ત્યાં બીજા જે સભામાં બેઠેલા સંતો તથા હરિભક્તો હતા તેમને પણ શ્રીહરિના ધર્મભક્તિએ સહિત શ્રીવાસુદેવસ્વરૂપે દર્શન થયા. ।।૩૨।।

ત્યાં સત્સંગી સિવાયના બીજા ઘણા લોકો હતા, તે આવું શ્રીહરિનું ઐશ્વર્ય દેખીને વિસ્મય પામ્યા. તેમણે શ્રીહરિનો આશ્રય કર્યો. અને પોતાના ધર્મનિયમો પાળીને સદાય શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. ।।૩૩।।

હે રાજશ્રેષ્ઠ ! સદ્‌ગુરુ શ્રીકૃપાનંદ સ્વામીના ભાઈ માત્રા ધાધલની પાસે સારા સફેદ રંગના એક સરખા બે બળદ હતા. ।।૩૪।।

હે ભૂપતે ! શ્રીહરિ સાંભળે તે રીતે પહેલા શ્રીઅલૈયા ખાચર અને પાર્ષદ

प्रशंसां प्राक्तथा पद्गो भूपते ! भृगुजिद्भृशम् ।।३५।।
आरुह्याऽथ हरिर्वाहां लक्ष्मीवाटीमगाद्धरिः ।
तावथाऽवेक्षितुं भद्रौ मान्त्रिकागारमाययौ ।।३६।।
तत्र पिप्प वृक्षस्य मूले मञ्चेऽथ संयुते ।
श्रीहरिः कोमलै रम्यैस्तूलिकाद्यैरुपाविशत् ।।३७।।
स प्रैक्षताऽथ तौ भद्रौ तत्प्रशंसां तथाऽकरोत् ।
ततः प्राहेति तं वाक्यं भक्तं मान्त्रिकसंज्ञिकम् ।।३८।।
मूल्यमादाय मे देयावेतौ कंबलिनौ त्वया ।
अथेति प्राह तं वाक्यं स भक्तः श्रीहरिं मुदा ।।३९।।
अनड्वांसाविमौ स्वामिन् ! विक्रेतव्यौ मया हरे ! ।
पूर्वजो वल्गितो यस्मात् कष्टकारी मम स्त्रियाः ।।४०।।
तस्मात्पाको मया देयस्तुभ्यं सद्भ्यस्तथा हरे ! ।
मयेत्थं करुणासिन्धो ! कृतं देवोपयाचितम् ।।४१।।

શ્રીભગુજીએ તે બન્ને બળદના ઘણા વખાણ કર્યા હતા. ।।૩૫।।

તે પછી એક વખત શ્રીહરિ ઘોડી ઉપર બેસીને લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. તેઓ ત્યાંથી પાછા આવતા તે બન્ને બળદોને જોવા શ્રીમાતરા ધાધલને ઘેર પધાર્યા. ।।૩૬।।

ત્યાં પીપળાના ઝાડ નીચે થડ પાસે ખાટલો ઢાળી, ગાદી તકિયો મૂકીને સરસ આસન તૈયાર કર્યું હતું. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ।।૩૭।।

શ્રીહરિએ તે બન્ને ભદ્ર-શુભ સારા બળદ જોયા અને વખાણ્યા. પછી પોતાના ભક્ત શ્રીમાતરા ધાધલને આ પ્રમાણે કહ્યું, ।।૩૮।।

''આ બન્ને બળદ તમારે અમને વેચાતા આપવાના છે'' ત્યારે તે ભક્ત શ્રીમાતરા ધાધલે પ્રસન્ન મનથી શ્રીહરિને કહ્યું. ।।૩૯।।

હે સ્વામિન્ ! હે હરે ! આ બન્ને બળદ મારે વેચવાના જ છે, કારણ કે મારી પત્નીને ભૂત થયેલા મારા પૂર્વજ વળગ્યા છે અને તે બહુ દુઃખ દે છે. ।।૪૦।।

હે દયાસાગર ! હે હરે ! ''મેં એવી માનતા કરી છે કે આપ શ્રીહરિ માટે થાળ કરાવું અને સંતો વગેરેને માટે સારી રસોઇ કરાવું.'' ।।૪૧।।

विक्रीयैतौ ततो भद्रौ तन्मूल्यप्राप्तवित्ततः ।
तुभ्यं पाकं प्रभो ! दास्ये सर्वसद्भ्यस्तथा हरे ! ।।४२।।
स प्राहाऽथेति तं वाक्यं श्रीहरिर्भक्तवत्सलः ।
वर्तसे भक्तवर्य ! त्वं यस्मादल्पधनः सुधीः ।।४३।।
तस्मात्खल्खलये तीर्थे मत्स्नानेनाति पाविते ।
पापतापहरे लोके स्नाहि त्वं स्वस्त्रियाऽन्वितः ।।४४।।
तेन पातकनिर्मुक्तो मुक्तिं यास्यति पूर्वजः ।
स ततः पाकदानस्य व्यधाद्भक्तो महाऽऽग्रहम् ।।४५।।
रङ्कस्त्वं विद्यसे यस्मात्तस्माद्भूरिधनव्ययः ।
न कर्तव्यस्त्वयैकोऽहं भोजनीयो महामते ! ।।४६।।
तेनोपयाचितं तत्ते सम्पूर्णं हि भविष्यति ।
धीमन् ! मूल्यं गृहीत्वा मे भद्रावेतौ यथेप्सितम् ।।४७।।
तेनेत्युक्ते स नावोचत्किञ्चिदप्यच्युतं हरिम् ।

માટે હે પ્રભો ! હે હરે ! આ સારા બંને બળદ વેચીને આવેલા રૂપિયામાંથી આપને માટે અને સંતોને માટે હું થાળ-રસોઇ કરાવું. ।।૪૨।।

ત્યારે ભક્તવત્સલ શ્રીહરિએ તેમને કહ્યું, હે ભક્તવર્ય ! તમે સદ્‌બુદ્ધિમાન છો પણ આર્થિક સ્થિતિથી સામાન્ય છો. ।।૪૩।।

માટે ઉન્મત્તગંગાના ખળખળિયા-પુરુષોત્તમ ઘાટ-તીર્થમાં તમે પોતાની પત્નીની સાથે સ્નાન કરવાનું રાખો. તે તીર્થમાં મેં સ્નાન ઘણીવાર કર્યું છે. તેથી તે અત્યંત પવિત્ર છે અને અનેક જાતના પાપ અને સંતાપને હરનારું છે. ।।૪૪।।

તેથી તમારો પૂર્વજ પાપથી છૂટીને મોક્ષ ગતિને પામશે. પછી તે ભક્તે રસોઇ કરાવવાનો ખૂબ જ આગ્રહ કર્યો. ।।૪૫।।

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, ''હે મહામતે ! તમારી વ્યાવહારિક સ્થિતિ ગરીબ છે, તેથી વધારે ખર્ચ નહિ કરવો જોઇએ. મારા એકને માટે જ તમે થાળ કરાવો. ।।૪૬।।

અને તેથી તમારી કરેલી 'માનતા' પણ પૂરી થઇ જશે. હે ધીમન્ ! જે લેવા ચાહતા હોય તેટલી કિંમત લઇને આ બન્ને બળદ અમને આપો'' ।।૪૭।।

स्नातुं खल्खलये तीर्थे स स्वपत्न्या सहाऽव्रजत् ॥४८॥
तद्वेश्मपश्चिमद्वारवहिर्वेद्यां ततो हरिः ।
न्यषीदन्मञ्चके युक्ते कोमलैस्तूलिकादिभिः ॥४९॥
ततः पाकं स हर्यर्थं मुकुन्दानन्दवर्णिराट् ।
तावत्सेत्यवदद्योषा कम्पयन्त्यात्मविग्रहम् ॥५०॥
मत्पत्युः पूर्वजः पूर्वं राघवाख्योऽभवद्धरे ! ।
यः कृपानन्दनामाऽऽसीत्सद्वरीयान् हि सद्गुणः ॥५१॥
यस्तु मे श्वश्रुरो भूमन् ! सोमसंज्ञो हरिप्रियः ।
तयोर्भक्त्या शुभोन्मत्तगङ्गातीर्थाऽऽप्लवात्तथा ॥५२॥
मुक्तिं तत्पूर्वजाः प्राप्ता बाधन्तेऽतोन तेऽङ्गिनः ।
अत्र चोपेत्य भूयांसो नीरे मत्पूर्वजाः स्थिताः ॥५३॥
भुक्तेस्तेऽनन्तरं स्वामिन् ! भुक्त्वैते पूर्वजा हि मे ।
भवत्प्रासादिकं भोज्यं प्रपत्स्यन्तेऽपुनर्भवम् ॥५४॥

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું છતાં શ્રીમાત્રા ધાધલ નિર્વિકારી શ્રીહરિ આગળ કાંઈ જ બોલ્યા નહિ. પછી તે પોતાની પત્નીને સાથે લઈને ખળખળિયા (પુરુષોત્તમ ઘાટ) તીર્થમાં સ્નાન કરવા ગયા. ॥૪૮॥

પછી શ્રીહરિ શ્રીમાત્રા ધાધલને ઘેર આથમણા બારના ઘરની ઓસરીમાં સુકોમલ ગાદી તકિયો પાથરીને તૈયાર કરેલા ખાટલા ઉપર વિરાજ્યા હતા. ॥૪૯॥

શ્રીમુકુંદાનંદ વર્ણિવર્ય શ્રીહરિને માટે થાળ તૈયાર કરતા હતા તેવા સમયમાં શ્રીમાતરા ધાધલના પત્ની ભૂતના આવેશથી ધ્રૂજતી ધ્રૂજતી આવીને બોલી, ''હે હરે ! મારા પતિના કુળમાં પૂર્વે જેનું નામ રાઘવ હતું, તે પૂર્વજ, આપની પાસે દીક્ષા લઈને સર્વ સદ્‌ગુણોથી સંપન્ન સાધુશ્રેષ્ઠ શ્રીકૃપાનંદ સ્વામી થયા. ॥૫૦-૫૧॥

હે ભૂમન્ ! જે મારા સસરા કહેવાય તે આપના પ્રિયભક્ત સોમલા ધાધલ હતા. તે બન્નેની ભક્તિથી અને ઉન્મત્તગંગાના શુભ તીર્થમાં અમે જે સ્નાન કર્યું તેના પ્રતાપથી તેમના પૂર્વજો મુક્તિને પામ્યા છે અને કોઈને નડતા નથી. હજી પણ અહીંયાં આવીને મારા ઘણા પૂર્વજો પાણીમાં રહ્યા છે. ॥૫૨-૫૩॥

હે સ્વામિન્ ! આપ થાળ જમશો તે પછી આપની પ્રસાદીનું અન્ન જમીને

नानाविधानि भोज्यानि ततः प्राश्नाद्धरिस्तथा ।
मुकुन्दानन्दवर्णीन्द्रस्तत्परस्तन्निषेवणे ॥५५॥
अथ प्राश्नुर्हि भोज्यानि भक्तास्त्वज्जनकादयः ।
स्वप्रासादिकभोज्यानि मान्त्रिकायाऽथ सोऽदिशत् ॥५६॥
तान्यथ श्रीहरिः प्रादात्तत्पत्न्यै सा ततो मुदा ।
तेभ्यो विभज्य तद्भोज्यं स्वीयगेहोर्ध्वमक्षिपत् ॥५७॥
तेऽथ भुक्त्वाऽखिला भोज्यं हरिप्रासादिकं शुभम् ।
राजन् ! दिव्यविमानस्थाः श्रीहरेर्धाम चाऽव्रजन् ॥५८॥
ततस्तान् गच्छतोऽशेषान् विमानस्थान् विलोक्य सा ।
भूयांसं विस्मयं प्राप्ता वाक्यमेवं समब्रवीत् ॥५९॥
अहो मे पूर्वजास्त्वेते विमानेष्वास्थिता मुदा ।

અમારા તે પૂર્વજો મોક્ષગતિને પામશે.'' ॥૫૪॥

પછી થાળ તૈયાર થયો ત્યારે ત્યાં અનેક પ્રકારના ભોજન શ્રીહરિ જમ્યા અને શ્રીહરિની સેવામાં તત્પર રહેનારા વર્ણીન્દ્ર શ્રીમુકુંદાનંદ સ્વામી પણ જમ્યા. ॥૫૫॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચર આદિ ભક્તો જમ્યા, અને પોતાની પ્રસાદીરૂપ જે ભોજન વધ્યું હતું તે બધું શ્રીમાતરા ધાધલને શ્રીહરિએ આપ્યું (અપાવ્યું) ॥૫૬॥

અને તેમાંથી અલગ કરીને પ્રસાદીનું ભોજન શ્રીહરિએ તેમના પત્નીને આપ્યું. તેણે તે પ્રસાદી અન્ન લઈને પ્રેમથી પોતાના ઘરના છાપરા ઉપર નાખ્યું. ॥૫૭॥

હે રાજન્ ! જે સદ્‌ગતિ નહિ પામેલા તેમના પૂર્વજ હતા તે બધા શ્રીહરિનું શુભ પ્રસાદીરૂપ અન્ન જમ્યા. પછી દિવ્ય વિમાનમાં બેસીને શ્રીહરિના અક્ષરધામમાં ગયા. ॥૫૮॥

જે બધા દિવ્ય વિમાનમાં બેસીને અક્ષરધામમાં જતા હતા તેને દેખીને શ્રીમાત્રા ભક્તની પત્ની અત્યંત વિસ્મય પામી અને આવું વચન બોલી, ॥૫૯॥

અહોહો !!! આ મારા પૂર્વજો પ્રસન્ન થઈને વિમાનમાં બેઠા છે. જતાં જતાં

मुक्तिं यास्यन्ति गच्छन्तो भूरितेजोविराजिताः ॥६०॥
स तस्मै मान्त्रिकोऽथाऽदात्तौ हि कम्बलिनौ वरौ ।
ततो दातुं स तन्मूल्यं चकाराऽत्याऽऽग्रहं हरिः ॥६१॥
तथाप्येवाऽग्रहीद्राजन् ! स तन्मूल्यं न सन्मतिः ।
पञ्चद्रोणमितं धान्यं तस्मै प्रादात्पिताऽथ ते ॥६२॥
रू प्यमुद्रास्तथा प्रादात् स तस्मै षष्टिसम्मिताः ।
हर्याज्ञप्तो हरिप्रेयान् सदा तत्सन्निधौ वसन् ॥६३॥
अथ हरिरखिलाश्रितार्तिहारी रु चिरविचित्रचरित्रचित्रकारी ।
भवभयभिदुरोऽखिलावतारी, प्रवरमुपाव्रजति स्म राजदुर्गम् ॥६४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये धर्मवंशीयस्वरू पप्रदर्शनपूर्वकं श्रीहरिकृतमान्त्रिकभक्तपूर्व-जोद्धारादिनिरू पणं नाम द्वात्रिंशदधिकशततमोऽध्यायः ॥१३२॥

અપાર તેજથી શોભે છે. તેમનો મોક્ષ થશે. ॥૬૦॥

પછી શ્રીમાત્રા ધાધલે પોતાના તે બન્ને સુંદર બળદ શ્રીહરિને અર્પણ કર્યા. પછી શ્રીહરિએ તે બળદની કિંમત આપવા માટે ઘણો આગ્રહ કર્યો. ॥૬૧॥

હે રાજન્ ! રૂડીબુદ્ધિવાળા તે માત્રા ભક્તે શ્રીહરિનો આગ્રહ હોવા છતાં બળદની કિંમત ન લીધી. શ્રીદાદાખાચર ઉપર શ્રીહરિને ઘણું હેત હતું. તેઓ કાયમ શ્રીહરિની સાથે જ રહેતા, શ્રીહરિએ તેમને આજ્ઞા કરી તેથી તેમણે શ્રીમાત્રા ભક્તને પાંચ દ્રોણ (લગભગ ૨૦ મણ) અનાજ અને સાઠ રૂપિયા રોકડા આપ્યા. ॥૬૨-૬૩॥

શ્રીહરિ આ રીતે ભક્તોની બધી જ પીડાઓ - ઉપાધિઓને ટાળે છે, અનેક જાતના આશ્ચર્યકારી સુંદર ચરિત્ર કરે છે, આશ્રિત ભક્તોના સંસારના ભયનું નિવારણ કરે છે અને સ્વયં સર્વ અવતારોને ધારણ કરનારા અવતારી છે, તેઓ શ્રીદાદાખાચરના સર્વોત્તમ દરબારગઢમાં પધાર્યા. ॥૬૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૨ સમાપ્ત

अथ त्रयस्त्रिंशदधिकशततमोऽध्यायः

शततमे त्रयस्त्रिंशदधिके गुल्फभङ्गतः ।
नाञ्जगोदाढयोरक्षा कृता श्रीहरिणा हिता ॥

श्रीचैतन्यानन्द उवाच -
प्रागासन् दक्षिणाशायां तद्गेहेभ्यो महीपते ! ।
नाञ्जभक्तस्य वेश्मानि भ्राजमानानि सन्मते ! ॥१॥
गृहेभ्यः पश्चिमाशायां मालाख्यायाश्च योषितः ।
हरिस्तत्रैकदाऽगच्छत् प्रातराप्लुत्य सत्पतिः ॥२॥
ततस्तद्योषिता न्यस्ते मञ्चे राष्ट्रोढसंज्ञया ।
श्रीहरिः कोमलैर्युक्ते तूलिकाद्यैरु पाविशत् ॥३॥
प्रार्थ्यमानोऽथ नाञ्जेन बर्जरीबाटिका हरिः ।
भाजिकां चोत्तमां कृत्वा तन्मुदेऽभुक्त भूपते ! ॥४॥
शर्करासुयुजा दध्ना प्राश्नात् सार्द्धं ततो हरिः ।
भक्तवात्सल्यपाथोधिर्बाटिकास्ता घृताऽप्लुताः ॥५॥

અધ્યાય-૧૩૩

ભોંયરા ગઢમાં જઈને નાજાભક્ત અને ગોદડભક્તની રક્ષા કરી.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે સન્મતે રાજા, શ્રીમાત્રા ધાધલના ઘરથી દક્ષિણ તરફ પહેલા અને માલુબાઈના ઘરથી પશ્ચિમમાં શ્રીનાજા જોગિયાના સુંદર ઘર હતા. એક વખત સત્પતિ શ્રીહરિ સવારના પહોરમાં સ્નાન કરીને તુરંત ત્યાં પધાર્યા. ॥૧-૨॥

ત્યારે શ્રીનાજા ભક્તની પત્ની રાઠી બાઈ (રાષ્ટ્રોઢ સંજ્ઞા) એ ખાટલો ઢાળ્યો. તેના ઉપર સુંવાળું ગાદલું પાથરી, ઓછાડી તકિયો મૂક્યો. પછી શ્રીહરિ ત્યાં વિરાજ્યા. ॥૩॥

હે ભૂપતે ! શ્રીનાજા ભક્તે પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ બાજરાની બાટી અને ભાજી બનાવ્યા. અને તેને રાજી કરવા સ્વયં જમ્યા. ॥૪॥

ભક્તવત્સલતાના સાગર શ્રીહરિ ઘીમાં બોળેલી બાટીને ફરી સાકર નાખેલા દહીં સાથે પણ જમ્યા. ॥૫॥

हरिस्तस्मावथ प्रादात्तद्भार्यायै तथा मुदा ।
स्वीयप्रासादिकी राजन् ! बाटिकादधिभाजिकाः ॥६॥
दासाख्यायाऽथ कङ्काय प्राहेत्थं स्वानुरागिणे ।
हरिर्गम्भीरया वाचा संस्तवो मेऽस्ति ते न वा ॥७॥
तेनेत्युक्ते स तं वाक्यं जगादैवं हरिं मुदा ।
वासक्रूरबिलस्थाऽहं दुर्गेऽवात्सं पुरा हरे ! ॥८॥
कूपेऽथ पतितं स्वामिन् ! मध्याह्नावधि मां तदा ।
दत्वा स्वेक्षां मदुद्धारं व्यधास्तस्माद्दयानिधे ! ॥९॥
स एव त्वं प्रभो ! साक्षान्मया ज्ञातस्ततो हरिः ।
अतिप्रीतो भवत्तातं जगादेदं दयोदधिः ॥१०॥
नाञ्जसंज्ञो मदीयोऽसौ गोदाढसंज्ञितोऽप्ययम् ।
वासक्रूरबिलस्यैतौ दुर्गे न्यूषतुरु त्तमे ॥११॥
एकदैतौ महाबुद्धे ! वासक्रूरोऽब्रवीदिदम् ।

હે રાજન્ ! પછી શ્રીહરિએ પ્રેમથી શ્રીનાજા ભક્તને અને તેની પત્નીને બાટી, ભાજી અને દહીંની પ્રસાદી આપી. ॥૬॥

પછી ગોદડ (દાસ) નામે થી કહેવાતા એક કાઠી દરબાર શ્રીહરિ ઉપર હેત રાખતા હતા. તેમને શ્રીહરિએ ગંભીર વાણીથી પૂછ્યું, ''આપણે પહેલા ક્યાંય મળ્યા છીએ કે નહિ ? '' ॥૭॥

ત્યારે તેણે શ્રીહરિને પ્રેમથી કહ્યું, હે હરે ! હું પહેલા દરબાર શ્રીવાજસુરખાચરના ભોંયરા ગામના ગઢમાં રહેતો હતો. ॥૮॥

હે દયાનિધિ સ્વામિન્ ! તે દિવસોમાં હું કૂવામાં પડી ગયો હતો. ત્યારે બપોર સુધી પડ્યા રહેલા મને આપે દર્શન દઈને બહાર કાઢ્યો હતો. ॥૯॥

હે પ્રભો ! તે જ આપ મારો ઉદ્ધાર કરનારા છો, એમ હું આપને ઓળખું છું. પછી દયાસાગર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને તમારા પિતા શ્રીદાદાખાચરને એક વાત કહેવા લાગ્યા. ॥૧૦॥

''આ મારા ભક્ત શ્રીનાજા જોગિયા અને આ ગોદડ ભક્ત શ્રીવાજસૂર ખાચરના ભોંયરા ગામના સર્વોત્તમ ગઢ (કિલ્લા) માં રહેતા હતા. ॥૧૧॥

पेयं मद्यं युवाभ्यां तं प्राहतुश्चेत्यथेत्विमौ ॥१२॥
स्वामिनारायणस्याऽऽवां भक्तौ स्वो धर्मवर्त्तिनौ ।
न पास्यावो निषिद्धं तन्मद्यं शास्त्रज्ञसद्वरैः ॥१३॥
वाक्यमित्थमथो चैतौ वासक्रूरोऽब्रवीन्नृपः ।
यदि स्याद्भगवान् साक्षात्स्वामिनारायणस्तव ॥१४॥
परश्वस्तर्हि सोऽत्राऽऽयादिष्टदेवो हि वां तदा ।
सत्यं वै भगवन्तं तं मंस्येऽहं भवतोः प्रियम् ॥१५॥
स्वामिनारायणो नायादत्र चेत्तर्हि वामहम् ।
कारयिष्ये घनेन द्राग्गुल्फभङ्गं सुदुःसहम् ॥१६॥
अथैतौ प्राहतुर्वाक्यं तमित्थं नात्र चाऽव्रजेत् ।
स्वामिनारायणः साक्षादिष्टदेवो हि नौ यदा ॥१७॥
विधातव्यस्त्वया धीमन् ! गुल्फभङ्गस्तदाऽऽवयोः ।
अथ प्रतीक्षमाणो मे स तत्राऽतिष्ठदागमम् ॥१८॥

હે મહાન્ બુદ્ધિમાન્ ! એક વખત દરબાર શ્રીવાજસૂર ખાચરે આ બન્નેને કહ્યું, ''લો, તમે આ શરાબ પીઓ'' ત્યારે તેમણે કહ્યું, ॥૧૨॥

''અમે સ્વામિનારાયણના ભક્ત છીએ, તેમનો કહેલો ધર્મ પાળીએ છીએ. શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલ શરાબ અમે નહિ પીએ.'' ॥૧૩॥

ત્યારે તે દરબાર શ્રીવાજસૂર ખાચરે તે બન્નેને કહ્યું, તમારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ જો સાક્ષાત્ ભગવાન હોય તો પરમ દિવસ અહીંયાં આવે, અને તો જ સાચા ભગવાન માનું. તો તમારા પ્રિય ઈષ્ટદેવને હું સાચા ભગવાન માનું. ॥૧૪-૧૫॥

જો પરમ દિવસ સ્વામિનારાયણ અહીંયાં નહિ આવે, તો હું તમારા બન્નેની ઘૂંટીઓને ઘણ મરાવીને તુરંત ભાંગી નખાવીશ. જે તમારાથી સહન નહિ થાય. ॥૧૬॥

પછી આ બન્નેએ તેમને આ પ્રમાણે કહ્યું કે ''અમારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ સાક્ષાત્ જો અહીંયાં નહિ આવી શકે. હે ધીમન્ ! તો આપ અમારી ઘૂંટીઓ ભાંગી નખાવજો. પછી તે વાજસૂર ખાચર ભોંયરા ગામમાં મારા આવવાની

तदा वेलालयग्रामे भूरिवारिदवर्षणे ।
तिष्ठन् कर्तुं हि तद्रक्षां तस्मात्प्रातिष्ठमुत्तम ! ॥१९॥
अथ प्रापं युतो राजन् ! मुकुन्दानन्दवर्णिना ।
अहं चाड्डालजग्रामसन्निधौ वापिकां वराम् ॥२०॥
विश्रम्याहं स वर्णीन्द्रस्ततस्तत्र घटीद्वयम् ।
व्रजन्मार्गे महाबुद्धे ! मत्स्यग्रामं ह्युपागमम् ॥२१॥
कुटीरे निश्यथो भुक्त्वा मुकुन्दानन्दवर्णिनः ।
साज्यं च रोटकं शाकं प्रतस्थे तेन संयुत : ॥२२॥
प्रायामथोदिते सूर्ये ग्रामं लग्नतरं तदा ।
वृष्टिरासीत्तथा श्रान्तोऽभवं राजन् ! सवर्णिराट् ॥२३॥
अथ स्नात्वा सवर्णीन्द्रो नैत्यकं स्वं व्यधामहम् ।
क्षुधितोऽहं वरान् प्राश्नां हरिमन्थांश्च भर्जितान् ॥२४॥
प्राप्यास्तेऽर्के ततो ग्रामं व्यूढबाणाभिधं नदीम् ।

રાહ જોઈ રહ્યા. ॥૧૭-૧૮॥

હે ઉનડ (દાદા) ખાચર ! હું તે વખતે વહેલાલ ગામમાં હતો. પુષ્કળ વરસાદ વરસતો હતો. પણ તે ભક્તોની રક્ષા કરવા હું ત્યાંથી ચાલી નીકળ્યો. ॥૧૯॥

હે રાજન્ ! શ્રીમુકુંદાનંદ વર્ણી મારી સાથે હતા. ચાલતા ચાલતા હું અડાલજ ગામ પાસેની સુંદર વાવે આવ્યો. ॥૨૦॥

હે મહાબુદ્ધે ! વર્ણીની સાથે ત્યાં બે ઘડી વિશ્રાંતિ લીધી. પછી માર્ગમાં ચાલીને મખિયાવ (મછીયાવ) ગામ આવ્યો. ॥૨૧॥

ત્યાં શ્રીમુકુંદાનંદ વર્ણીના પૂર્વાશ્રમના ઘેર રાતે ઘી ચોપડેલો રોટલો અને શાક અમે જમ્યા. અને વર્ણી સાથે ત્યાંથી હું ચાલી નીકળ્યો. ॥૨૨॥

સૂર્યોદય થયો ત્યારે હું લખતર ગામ આવ્યો. હે રાજન્ ! વરસાદ ચાલું હતો બ્રહ્મચારી અને હું, બન્ને થાકી ગયા હતા. ॥૨૩॥

પછી અમે બન્ને એ સ્નાન કર્યું, અને પોતાનું નિત્ય કર્મ કર્યું. હું ભૂખ્યો થયો હતો. સારા ભૂંજેલા ચણા હતા તે મેં ખાધા. ॥૨૪॥

લખતરથી ચાલ્યા. સૂર્યાસ્ત સમય થયો ત્યારે અમે વઢવાણ ગયા. પાણીના

प्राप्तो भोगवतीं नीरपूरप्रोच्छलदूर्मिकाम् ॥२५॥
तं निषद्याऽथ तत्तीरे तां समुत्तीर्णवानहम् ।
तदाऽजापालको वै मां प्रतीरस्थो व्यलोकयत् ॥२६॥
प्रावोचं तमथैवं यो वर्णी सार्द्धं मया चरन् ।
प्रतीरस्थस्तमत्र त्वं तूर्णमानय मा चिरम् ॥२७॥
स प्राहाऽथेति वाक्यं त्वं किं प्रदास्यसि मे प्रभो ! ।
तेनेत्युक्ते मयेत्युक्तं मोक्षं दास्येऽहमेव ते ॥२८॥
यस्माद् गच्छन्नदीपूरे भूमावत्रागतो यथा ।
तस्मात्त्वं भगवान् साक्षान्मया ज्ञातोऽसि सर्वथा ॥२९॥
संसारसागरोद्धारे प्राणिनां ते पटीयसः ।
नद्युद्धारे तदैतस्य किमशक्यं नु वर्णिनः ॥३०॥
कर्तुं तथापि मोक्षं मे मामाज्ञापयसि प्रभो ! ।
स प्रतीरे ततो नद्यास्तमुत्तारयितुं गतः ॥३१॥

પૂરના ઊછળતા તરંગોવાળી 'ભોગાવો' નદીને કાંઠે હું પહોંચ્યો. ॥૨૫॥

શ્રીમુકુંદવર્ણીને ભોગાવાને કાંઠે બેસાડીને મેં નદીને પાર કરી. ત્યારે ત્યાં કાંઠા ઉપર બકરાં સાચવતો ભરવાડ મને જોઈ રહ્યો હતો. ॥૨૬॥

પછી તેની પાસે જઈને મેં તેને કહ્યું, મારી સાથે આવેલા વર્ણી સામે કાંઠે બેઠા છે, તેને તમે તુરંત નદી પાર કરાવીને લઈ આવો, મોડું ન કરશો. ॥૨૭॥

ત્યારે તે ભરવાડે મને કહ્યું, હે પ્રભો ! તે વર્ણીને હું અહીં લઈ આવું તો તમે મને શું આપશો ? ત્યારે મેં તેને કહ્યું, હું તારા આત્માનો મોક્ષ કરીશ. ॥૨૮॥

ત્યારે તેણે કહ્યું, નદીના પૂરમાં, જમીન ઉપર કોઈ ચાલે તેમ, તમે ચાલીને આવ્યા છો, એમ મેં જોયું છે, માટે "આપ તો સાક્ષાત્ ભગવાન્ છો", એમ હું આપને સંપૂર્ણપણે ઓળખી ગયો છું. ॥૨૯॥

આપ તો સંસાર રૂપ સાગરમાંથી પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં નિષ્ણાત છો, તો તમારે આ વર્ણીને નદી પાર કરાવવી શું અશક્ય છે ? ॥૩૦॥

હે પ્રભો ! છતાં પણ આપ મારો મોક્ષ કરવા માટે મને આજ્ઞા આપો છો. પછી તે ભરવાડ વર્ણીને લેવા માટે સામે કાંઠે જવા તૈયાર થયો. ત્યારે મેં તેને એમ

अथ प्रावोचमेवं तं वापीं माधाभिधामहम् ।
रथ्यायां भूमिदेवानां गच्छाम्यच्छजलान्विताम् ॥३२॥
तत्राऽऽगम्यं त्वया सार्द्धं मुकुन्दानन्दवर्णिना ।
ततस्तां वापिकामायामहं मार्गे व्रजन्नृप ! ॥३३॥
ततस्तत्राऽऽगतो विप्रो वाडवानां पुरःसरः ।
भोक्तुं प्राहेति मद्गेहं त्वयाऽऽगन्तव्यमार्तिहन् ! ॥३४॥
आज्याप्लुतं ततो दत्तं तेन शाकं च रोटकम् ।
अहं भुक्त्वाऽवशिष्टं तं न्यक्षिपं भूतले नृप ! ॥३५॥
अथाऽऽयातः स वर्णीन्द्रः प्राश्नाद्भोज्यं मदाज्ञया ।
तस्य वेश्मनि विप्रस्य तदा वृष्टिर्महत्यभूत् ॥३६॥
सोऽजापालोऽथ मामित्थं प्राह मोक्षस्य मे प्रभो ! ।
निर्णयो हि त्वया कार्यस्ततः प्रावोचमित्यहम् ॥३७॥
भवन्मोक्षं विधास्यामि तमित्युक्त्वा हि तत्करे ।

કહ્યું, હું બ્રાહ્મણોની બજારમાં સ્વચ્છ મીઠા પાણીની 'માધાવાવ' નામે વાવ છે ત્યાં જાઉં છું. ॥૩૧-૩૨॥

તો તે શ્રીમુકુંદાનંદ વર્ણીને સાથે લઈને તમે તે વાવે આવજો. હે નૃપ ! પછી હું રસ્તામાં ચાલીને તે 'માધાવાવે' આવ્યો. ॥૩૩॥

ત્યારે ત્યાં એક આગેવાન બ્રાહ્મણ મારી પાસે આવ્યો. ''હે પીડા ટાળનારા પ્રભુ ! તમે મારે ઘેર જમવા પધારો'' એમ કહીને તે મને પોતાને ઘેર લઈ ગયો. ॥૩૪॥

હે નૃપ ! તેણે મને સારી રીતે ઘી ચોપડેલો રોટલો અને શાક, જમવા આપ્યાં. પછી હું તે જમ્યો, જે વધ્યું તે મેં બહાર જમીન ઉપર ફેંકી દીધું. ॥૩૫॥

પછી શ્રીમુકુંદવર્ણી ત્યાં આવ્યા. મારી આજ્ઞાથી તે બ્રાહ્મણને ઘેર ભોજન જમ્યા. ત્યારે વરસાદ બહુ જ વરસ્યો. ॥૩૬॥

પછી તે બકરાં પાળનારા ભરવાડે મને કહ્યું, હે પ્રભો ! મારા મોક્ષનો નિર્ણય આપે કરવાનો છે. ત્યારે મેં તેને કહ્યું, ॥૩૭॥

''તમારો મોક્ષ હું ચોક્કસ કરીશ'' એક કહીને હે મહીપતે ! મેં તેના હાથમાં

अकार्षं न्यस्य मत्पाणिं प्रतिज्ञां वै महीपते ! ॥३८॥
विप्रमुख्योऽथ स प्रीत्या मामित्थं वाक्यमब्रवीत् ।
ग्रामे सन्त्यत्र भूयांसो जना दुष्टाः कुसङ्गिनः ॥३९॥
पञ्चाहान्यत्र तस्मात्त्वं स्थित्वा सत्सङ्गिनो हरे ! ।
कुर्वित्युक्तेऽथ तेनाऽहं तं प्रावोचमिदं वचः ॥४०॥
अद्यनास्त्यवकाशो मे स्थातुमत्र ततस्त्वया ।
मुक्तिदातरि सत्सङ्गे स्थित्वा कार्यो मदाश्रयः ॥४१॥
अस्या वाप्यास्तु यो नीरं पास्यत्येष्यति सोऽभवम् ।
तमित्युक्त्वाऽव्रजंताभ्यां सार्द्धं वर्षति वारिदे ॥४२॥
अजापालं ततो राजंस्तं निवर्त्य च वर्णिनम् ।
मार्गे विहाय वेगेन गच्छामि स्माऽहमेकलः ॥४३॥
प्राप्याऽथ धांधलपुरं भानौ चैवोदयं गते ।
बिलदुर्गं तथाऽऽप्तोऽहं नाञ्जगेहमुपागमम् ॥४४॥
आद्याख्यस्याऽथ तत्राऽऽसीत्संस्तवो वणिजो हि मे ।

મારો હાથ દઈને પ્રતિજ્ઞા કરી. કોલ આપ્યો. ॥૩૮॥

તે આગેવાન બ્રાહ્મણે મને પ્રેમથી કહ્યું, આ ગામમાં લોકો ઘણા દુષ્ટ અને કુસંગી છે. ॥૩૯॥

હે હરે ! એટલા માટે આપ અહીંયાં પાંચેક દિવસ રોકાઓ અને લોકોને સત્સંગી કરો. આમ તેણે જ્યારે કહ્યું ત્યારે હું બોલ્યો, ॥૪૦॥

આજ મારે અહીંયાં રહી શકું તેટલો અવકાશ નથી. તમારે મોક્ષદાતા સત્સંગમાં રહીને મારો આશ્રય રાખવો. ॥૪૧॥

અને જે માણસ આ માધાવાવનું પાણી પીશે તેનું કલ્યાણ થાશે. આટલું કહીને હું વરસતા વરસાદમાં વર્ણી અને ભરવાડ સાથે ચાલતો થયો. ॥૪૨॥

પછી ભરવાડને મેં પાછો વાળ્યો તથા વર્ણીને પણ રસ્તામાં મૂકી દીધા અને હું એકલો જ ઝડપથી ચાલવા લાગ્યો. ॥૪૩॥

ધાંધલપુર ગામ થઈને હું ચાલ્યો તે સૂર્યોદય થતા તો ભોંયરા ગામમાં નાજા જોગિયાને ઘેર પહોંચ્યો. ॥૪૪॥

प्रसङ्गं क्वाप्यनाप्तस्य प्रावोचं तमथेत्यहम् ॥४५॥
अस्ति क्व चाद्य तातस्ते कङ्को गोदाढसंज्ञितः ।
ततो मां प्राञ्जलिर्वाक्यं स प्राहैवं महामते ! ॥४६॥
उपरिष्ठात् किछैतस्यतौ स्तो दुर्गस्य सत्पते ! ।
सोऽजिज्ञपत्ततस्तौ मामायातं भक्तवत्सलम् ॥४७॥
क्षुद्व्याप्तोऽहं ततः प्राश्नां नाञ्जभक्तनिकेतने ।
आज्यार्द्रं रोटकं रम्यं भाजिकां दधि चोत्तमम् ॥४८॥
तावदायादसौ नाञ्जो गोदाढो मे तथाऽन्तिके ।
अथ प्रावोचमित्येतौ मद्भक्तौ मत्परायणौ ॥४९॥
विवादो भूभुजाऽनेन युवाभ्यामार्त्तिदः कथम् ।
कृतश्चेत्थं ह्युपालम्भः कृतो भूयान् मयैतयोः ॥५०॥
मामथेत्यूचतुस्त्वेतौ जातं कार्यमिदं प्रभो ! ।
विरुद्धं हि त्वदाज्ञाया आवाभ्यां भूर्यशर्मदम् ॥५१॥

ભોંયરા ગામમાં મને ક્યારેય મળ્યા નહોય આવા અદાભાઈ નામના એક વણિકનો જોગ - પરિચય થયો. પછી મેં તેને કહ્યું. ॥૪૫॥

અરે ! અત્યારે તમારા કાઠી દરબાર ગોદડ બાપુ ક્યાં છે ? તે ક્યાં મળશે ? હે મહામતે ! ત્યારે તે વણિકે હાથ જોડ્યા અને મને કહ્યું, ॥૪૬॥

હે સત્પતે ! નાજા ભક્ત અને ગોદડબાપુ, આ બન્ને તો ઉપર ગઢ (કિલ્લા)માં છે. પછી તેણે 'હું ભક્તવત્સલ આવી ગયો છું' આવા સમાચાર તે બન્નેને આપ્યા. ॥૪૭॥

હું ભૂખ્યો થયો હતો. નાજા ભક્તના ઘરમાં ઘી ચોપડેલો સારો રોટલો, ભાજી અને મીઠું દહીં, આટલું મેં ખાધું. ॥૪૮॥

તેટલી વારમાં તો આ નાજા ભક્ત અને ગોદડભક્ત, બન્ને મારી પાસે આવી પહોંચ્યા. પછી મારા પરાયણ, મારા ભક્ત, તે બન્નેને મેં કહ્યું, ॥૪૯॥

તમે અહીંના દરબાર શ્રીવાજસૂર ખાચરની સાથે પોતે હેરાન થઈએ, એવો વિવાદ શા માટે કર્યો ? આમ કહીને પછી તેમને મેં ઘણો ઠપકો આપ્યો. ॥૫૦॥

પછી આ બન્નેએ મને કહ્યું, ''પ્રભો ! અમારાથી આ કાર્ય આપની આજ્ઞા

तथाप्येवापराधं नौ क्षान्त्वा रक्षार्थमावयोः ।
अत्राऽऽयातो यथा कृष्णो द्रौपद्यन्तिकमापदि ॥५२॥
भक्तावनातिशक्तेन भक्तवात्सल्यवार्द्धिना ।
क्लेशापायावलोकेन दत्ता स्वेक्षा त्वयाऽद्य नौ ॥५३॥
हितं सखेव मित्रस्य पुत्रस्वेव पिता तथा ।
विधत्से स्वीयभक्तानां हितं त्राणं च पोषणम् ॥५४॥
इति मुदिततराविमौ वचो मां शुभमभिधाय मुदश्रुपूर्णनेत्रौ ।
घनपुलकसमाकुलाखिलाङ्गौ मम पदयोरभिवन्दनं व्यधाताम् ॥५५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतनिजभक्तावनादिनिरू पणं नामत्रयस्त्रिंशदधि-कशततमोऽध्यायः ॥१३३॥

લોપીને ઘણું દુઃખરૂપ થયું છે. ॥૫૧॥

છતાં પણ અમારા અપરાધને માફી આપીને આપ અમારી રક્ષા કરવા આપત્તિને સમયે દ્રૌપદીની રક્ષા કરવા શ્રીકૃષ્ણ ભગવાન આવ્યા હતા તેમ અહીંયાં આવી પહોંચ્યા છો. ॥૫૨॥

ભક્તોની રક્ષા કરવામાં શક્તિમાન્, ભક્તવત્સલતાના મહાસાગર અને દૃષ્ટિ માત્રથી જ દુઃખોને ટાળી નાખનારા આવા આપે આજ અમને દર્શન આપ્યા છે. ॥૫૩॥

એક મિત્ર જેમ બીજા તેના મિત્રનું રક્ષણ કરે છે અને પિતા જેમ પોતાના પુત્રનું રક્ષણ કરે છે તેમ આપ આત્મીય ભક્તોનું હિતરક્ષણ અને પ્રાણપોષણ કરો છો.'' ॥૫૪॥

મને દેખીને ખૂબ જ ખુશ થયેલા તે બન્ને ભક્તોની આંખોમાં પ્રેમના આંસુ ઉભરાયા. અને ઉપર કહ્યા પ્રમાણે બોલ્યા અને તે આ સર્વ અંગોમાં રોમાંચિત થઈ ગયા. તથા મારા પગમાં વંદન કરવા લાગ્યા. ॥૫૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૩ સમાપ્ત

अथ चतुस्त्रिंशदधिकशततमोऽध्यायः

शततमे चतुर्स्त्रिंशदधिके बिलदुर्गतः ।
आनीय नाञ्जमारक्षत् नित्यं स्वसन्निधौ हरिः ॥

श्रीहरिरु वाच –
अथाऽऽरू ढोऽहमेताभ्यां बिलदुर्गे सहोच्चकैः ।
भग्नगुल्फ णानार्तान् व्यपश्यं क्रोशतो जनान् ॥१॥
दीनान् खिन्नान् विलोक्यैवं दयातिव्याकुलान्तरः ।
न्यवर्तेऽथोचतुस्त्वेतौ मामित्थं प्रश्रयानतौ ॥२॥
असौ क्रूरतरो राजा निर्घणो वर्तते प्रभो ! ।
तं मिलिष्यति नो चेत्त्वं तर्ह्यावां स हनिष्यति ॥३॥
तस्मात्तस्यान्तिकं गम्यं त्वया नावनुकम्पया ।
बिलदुर्गं समारु क्षं दुःखान्मोचयितुं त्विमौ ॥४॥
तं निषण्णमथ प्राप्तो गेहभौमे निजासने ।

અધ્યાય-૧૩૪

વાજસૂર ખાચરની ક્રૂરતા છોડાવી અને નાજાભક્તને સાથે રાખ્યા

શ્રીહરિએ કહ્યું, પછી હું આ નાજાભક્ત અને ગોદડભક્તની સાથે ભોંયરા રાજ્યના ઊંચા ગઢ (કિલ્લા) ઉપર ચઢ્યો. રસ્તામાં જેલમાં, જેની ઘૂંટીઓ અને ફણાઓ ભાંગી નાખ્યા હતા અને પીડાથી ચીસો પાડતા હતા, તેવાં અપરાધીઓને જોયા. ॥૧॥

દીન અને દુઃખી, આવા લોકોને જોઇને હું દયાથી અકળાઇ ગયો. અને પાછો વળ્યો. ત્યારે સાથેના તે બન્ને ભક્તોએ વિનયથી નમ્રપણે મને કહ્યું, ॥૨॥

હે પ્રભો ! અહીંનો આ રાજા અત્યંત ક્રૂર અને નિર્દય છે. આપ જો તેને નહિ મળો તો તે અમને બન્નેને પણ આ લોકોને જેમ માર્યા છે તેમ મારશે. ॥૩॥

માટે આપે અમારા ઉપર દયા કરીને તે રાજાની પાસે મળવા જવું જોઇએ. પછી આ બન્ને ભક્તોને દુઃખથી છોડાવવા માટે હું ભોંયરાના કિલ્લા ઉપર ચઢ્યો. ॥૪॥

તે તેના ઘરમાં બેઠકના ખંડમાં જમીન ઉપર જે પોતાનું આસન હતું ત્યાં

न्यषीदं मानितस्तेन महापट्टासने ततः ॥५॥
स तदा कर्मणा भीतः पापकर्मकृतां वरः ।
अजामिलोपमो दुष्टो व्यधात् प्राज्यं हि रोदनम् ॥६॥
अथैवं तं समावोचं राजानं वेनसन्निभम् ।
अजामिलोपमानस्त्वं पीडयस्यङ्गिनो भृशम् ॥७॥
प्राणिनां भञ्जयन् गुल्फान् निर्दयो राक्षसो यथा ।
हृत्सु प्रवेश्य कीलांस्त्वं हंसि सौनिकवज्जनान् ॥८॥
उग्रदण्डस्ततः क्रूरो जनानां कर्दनोद्यतः ।
भूयांसो निर्घृणेनैते रोसूयन्ते हतास्त्वया ॥९॥
अत्राऽहं नागमिष्यंचेत् भक्तावेतौ सुनिर्दयः ।
अहनिष्योमयि स्निग्धौ धर्मयुक्तौ निरागसौ ॥१०॥
शास्त्रानुक्तं महादण्डं कुर्वंस्त्वं प्राणधारिणम् ।

મને મળ્યા. પછી તેણે મને માન આપીને મોટી પાટ ઉપર આસન હતું, તેના ઉપર બેસાડ્યો. ॥૫॥

તે વાજસૂર ખાચર પોતાના દુષ્કર્મથી ડરી ગયા હતા. તેઓ એક સહુથી વધારે પાપ કરનારા હતા. તેનામાં અજામિલના જેવી દુષ્ટતા ભરી હતી. આથી પહેલા તો તે ઘણું રડ્યા. ॥૬॥

પછી વેનના જેવા સ્વભાવવાળા તે દરબારને મેં કહ્યું, ''તમે અજામિલના જેવા નિર્દય થઇને લોકોને ખૂબ જ પીડો છો. ॥૭॥

નિર્દય રાક્ષસની જેમ લોકોની ઘૂંટીઓને ભાંગી નાખો છો. અને ઉગ્ર દંડ આપનારા, ક્રૂર અને નિરંતર કનડગત કરનારા તમે સાધારણ અપરાધી લોકોને છાતીમાં ખીલા મારીને કસાઈની જેમ મારી નાખો છો. તમે નિર્દયતાથી માર મારેલા આ ઘણા બધા લોકો અત્યંત રડી રહ્યા છે. ॥૮-૯॥

આ મારી સાથે રહેલા બન્ને મારા હેતવાળા ભક્ત છે, ધર્મપરાયણ છે અને નિરપરાધી છે. જો હું અહીં આવ્યો ન હોત તો તમે અતિનિર્દય થઇને આ બન્નેને મારત, ॥૧૦॥

શાસ્ત્રમાં ન કહ્યો હોય તેવો મહાન્ ભયંકર દંડ તમે પ્રાણધારી વ્યક્તિને

अयथार्थं तु पापात्मा वर्तसे नीतिवर्जितः ॥११॥
तस्मात्त्वं निरये घोरे लप्स्यसे यमयातनाः ।
ततो धृत्वा तृणान्यास्ये स मां नत्वेदमब्रवीत् ॥१२॥
स्वामिन् ! राज्ये मदीयेऽस्मिन् किराताश्चौर्यकारिणः ।
वर्तन्ते पापकर्माणो निर्दया जन्तुघातकाः ॥१३॥
निग्रहार्थं ततस्तेषां क्रौर्यमेवं मया प्रभो ! ।
अयोग्यं चानभिप्रेतं गर्हणीयं विधीयते ॥१४॥
ततस्तस्मै मयेत्युक्तं क्रूरं सज्जननिन्दितम् ।
कर्म नेदृक् त्वया कार्यं विरु द्धं शास्त्रवाक्यतः ॥१५॥
शपथं सोऽथ सूर्यस्य कृत्वा मामब्रवीदिदम् ।
अत्युग्रं न विधास्येऽहं कर्म चेदृशमार्त्तिदम् ॥१६॥
तस्मात्त्वयाऽपराधोऽयं क्षन्तव्यो मे दयोदधे ! ।
मुख्यस्यैवाऽधमानां मे कार्यो मोक्षस्त्वया प्रभो ! ॥१७॥

કરો છો, તે નીતિ રહિત છે, પાપ સ્વરૂપ છે, અને તમે અયથાર્થ રીતે વર્તી રહ્યા છો. ॥૧૧॥

તેથી તમે ઘોર નરકમાં જમદૂતોને હાથે પીડા પામશો.'' ત્યારે તેણે મોઢામાં ઘાસ લીધું. પછી મને પગે લાગીને તેણે આ પ્રમાણે કહ્યું. ॥૧૨॥

હે સ્વામિન્ ! મારા રાજ્યમાં જંગલી ભીલોના જેવા ચોરી અને પાપ કરનારા, નિર્દય અને પ્રાણીઓની હત્યા કરનારા ઘણા લોકો રહે છે. ॥૧૩॥

હે પ્રભો ! તેવા લોકોને વશ કરવા માટે અયોગ્ય, અનિચ્છનીય અને નિંદા પાત્ર આવું ક્રૂરપણું હું કરી રહ્યો છું. ॥૧૪॥

પછી મેં તે શ્રીવાજસૂર ખાચરને કહ્યું, તમારે હવે પછી શાસ્ત્રના વચનથી વિરુદ્ધ અને સજ્જનોએ વખોડી કાઢેલું આવું ક્રૂરતા ભર્યું કાર્ય કરવું નહિ. ॥૧૫॥

પછી તેણે સૂર્યના શપથ (સોગંદ) લઈને મને કહ્યું, અતિ પીડાકારી આવો ઉગ્ર દંડ હવે હું નહિ કરું. ॥૧૬॥

હે દયાસાગર પ્રભો ! તેથી આપ મારા આ અપરાધને ક્ષમા આપો. હું અધમોમાં પણ મુખ્ય છું અર્થાત્ અત્યંત અધમ છું. આપ મારો ઉદ્ધાર કરો. ॥૧૭॥

यत्ते'ऽधमोद्धरण' नाम हरेऽस्ति पुण्यं,
कल्याणकृत् 'पतितपावन' नाम चान्यत् ।
उद्धृत्य मामधममेव भवाम्बुराशेः ।
कार्यं त्वयार्थसहितं श्रुतिगीतकीर्ते ! ॥१८॥
मामित्युदीर्य वचनं स नितान्तनम्रो,
मद्भद्रकारिनियमान् किल धारयित्वा ।
मां त्वं विधेहि भवदाश्रितमार्त्तबन्धो !
प्राप्तं त्वदीयशरणं निजभक्तरक्षिन् ! ॥१९॥
शास्त्रोक्तसर्वनियमानथ धारयित्वा
तं सन्मते ! मम समाश्रितमार्त्तिहर्ता ।
राजन् ! व्यधामथ स मामिति भक्तिनम्रो
बद्धाञ्जलिर्वचनमाह शुभं मनोज्ञम् ॥२०॥
रक्तपित्तो महारोगो वर्तते मे महार्त्तिदः ।
तं विनाशयितुं स्वामिन्नर्हस्येवानुकम्पया ॥२१॥

''હે હરે આપનું પવિત્ર એક નામ અધમોદ્ધારક છે અને બીજું કલ્યાણકારી નામ પતિતપાવન છે. તો શ્રુતિઓ જેવો યશ ગાય છે એવા હે પ્રભો ! સંસાર સાગરમાંથી મારા જેવા અધમનો ઉદ્ધાર કરીને આપ પોતાના 'અધમોદ્ધારક' આવા નામને સાર્થક કરો.'' ॥૧૮॥

તે દરબાર શ્રીવાજસૂર ખાચરે અત્યંત નમ્રભાવે મારી આગળ આવા વચન કહીને મારી પાસેથી કલ્યાણકારી નિયમો ધારણ કર્યા, અને ''પોતાના ભક્તોની રક્ષા કરનારા આવા હે દીનબંધો ! હું આપને શરણે આવ્યો છું માટે મને પોતાનો આશ્રિત કરો.'' આવી તેણે પ્રાર્થના કરી. ॥૧૯॥

હે સન્મતે ! પછી શાસ્ત્રોમાં પાળવા માટેના કહેલા જે નિયમ છે તે બધા મેં તેને આપ્યા, અને તેને મેં મારો આશ્રિત કર્યો. હે રાજન્ ! પછી તે દરબારે ભક્તિભાવથી નમ્ર થઈ બે હાથ જોડ્યા અને મને મનોહર શુભ વચન કહ્યું, ''હે પીડા હરનારા શ્રીહરે ! મને અત્યંત દુઃખ આપતો રક્તપીત નામનો મોટો રોગ થયેલો છે, હે સ્વામિન્ ! મારા ઉપર દયા કરીને તે મારા રોગને આપ મટાડો.'' ॥૨૦-૨૧॥

प्रावोचं तं ततस्त्वित्थं जन्मनाऽनेन तेऽखिलम् ।
पापं नाशयितुं वाञ्छा स्याच्चेत्तिष्ठतु ते गदः ॥२२॥
स प्राहाऽथेति मां वाक्यं रोगः स्तादार्त्तिदोऽपि मे ।
वरो मे स त्वया देयः स्यान्मोक्षो येन मे प्रभो ! ॥२३॥
ततस्तस्मै वरो दत्तो मुक्तिः स्तादिति ते मया ।
तस्मै द्वादशसूर्याणामथेक्षा कारिता मया ॥२४॥
लीनतां तानथ प्राप्तान् मन्मूर्तौ वीक्ष्य भास्करान् ।
स प्रपन्नो महाश्चर्यं माहात्म्यं मेऽविदत् परम् ॥२५॥
अथाऽऽग्रहं स चाकार्षीत्तत्राऽऽवासयितुं स माम् ।
पञ्चाहानि किलावात्सं नैव तत्र तथाप्यहम् ॥२६॥
स प्राहाऽथेति मां वाक्यं दासं ते शाधि मां प्रभो ! ।
ततस्तं मत्प्रभावज्ञं प्रावोचं चेति भूपते ! ॥२७॥
सर्वदा भजनं कार्यं स्वामिनारायणस्य मे ।
त्वयाऽहं ते हि देहान्ते जाते सत्येव भूपते ! ॥२८॥

ત્યારે મેં તેને એમ કહ્યું "જો તમારે આને આ જન્મે બધા જ પાપોનો નાશ કરવાની ઈચ્છા હોય તો આ રક્તપિત્તનો રોગ ભલે રહ્યો." ॥૨૨॥

ત્યારે તેણે કહ્યું, "હે પ્રભો ! આ રોગ દુઃખદ છે, છતાં ભલે રહ્યો, પણ આપ મને વરદાન આપો, જેનાથી મારો મોક્ષ થાય." ॥૨૩॥

પછી મેં તેને "તમારો મોક્ષ થાઓ" આવું વરદાન આપ્યું અને બાર સૂર્યોના દર્શન કરાવ્યા. ॥૨૪॥

'તે તેજસ્વી સૂર્યો મારી મૂર્તિમાં લીન થઇ ગયા' આવું જોઇને તેને ઘણું આશ્ચર્ય થયું અને તે મારું અધિક માહાત્મ્ય સમજવા લાગ્યા. ॥૨૫॥

પછી તેણે મને ત્યાં પાંચેક દિવસ રોકવાનો ઘણો આગ્રહ કર્યો, છતાં હું ત્યાં રોકાયો નહિ. ॥૨૬॥

પછી તેણે મને કહ્યું, "હે પ્રભો ! હું આપનો દાસ છું. માટે મને કાંઇ ઉપદેશના વચન કહો." ત્યારે મારા પ્રભાવને સમજનારા તે દરબારને મેં આવું કહ્યું કે "ભૂપતે ! તમારે હંમેશ "સ્વામિનારાયણ" નામે મારું ભજન કરવું, જ્યારે તમારો

नेतुं मद्धाम दिव्यं त्वामायास्यामि तमःपरम् ।
ततो भूपं तमित्युक्तं मया भक्तार्त्तिहारिणा ॥२९॥
राजन्नेष्याम्यहं भक्तौ ममैतौ मामथेति सः ।
प्राहात्राऽऽवासयेमौ त्वं तमित्युक्तं मया ततः ॥३०॥
रक्षिष्याम्यत्र नैवैतौ मयि स्निग्धौ मदाश्रितौ ।
मया सार्द्धं हि मत्स्थानं प्रणेष्यामि सदाशयौ ॥३१॥
तेन दत्तं ततो मह्यं रू प्यमुद्राशतद्वयम् ।
शतं चैकं किलाथैकं तेनैताभ्यामदीदपम् ॥३२॥
एकरात्रिमथाऽवात्सं नाञ्जभक्तनिकेतने ।
ततस्ते सन्निधौ नाञ्जं भक्तमावासयं मुदा ॥३३॥
आवासये हि गोदाढं तथा हम्मीरसन्निधौ ।
मया रक्षैतयोरेवं राजन् ! मद्भक्तयोः कृता ॥३४॥
इत्थं राजन् ! भवत्तातं सदा स्वानुव्रतं हरिः ।

દેહાંત સમય આવશે ત્યારે હે રાજન્ ! માયાના અંધકારથી પરે મારા દિવ્ય ધામમાં લઈ જવા માટે હું આવીશ." પછી ભક્તોનું દુઃખ ટાળનારા એવા મેં તેને કહ્યું, ॥૨૭-૨૯॥

હે રાજન્ ! હવે હું જઈશ. આ બન્ને મારા ભક્ત છે. ત્યારે તેણે કહ્યું, આ બન્નેને હવે અહીં રહે તેમ કહો. ત્યારે મેં તેને કહ્યું, ॥૩૦॥

શુદ્ધહૃદયના મારા આશ્રિત આ બન્ને મારા ઉપર હેતવાળા છે, હવે હું આ બન્નેને અહીંયાં રહેવા નહિ દઉં, મારી સાથે મારે નિવાસ સ્થાને લઈ જઈશ. ॥૩૧॥

પછી તે શ્રીવાજસૂર ખાચરે મને બસો રૂપિયા આપ્યા. તે મેં આ બન્ને ભક્તોને એકેક સો રૂપિયા તેમની પાસે જ અપાવડાવ્યા. ॥૩૨॥

પછી ત્યાં નાજા ભક્તને ઘેર એક રાત રોકાયો હતો. તે પછીથી આ નાજા ભક્તને મેં પ્રેમથી તમારી પાસે રખાવ્યા છે. ॥૩૩॥

અને આ ગોદડ ભક્તને હમ્મીર ભક્ત પાસે રાખ્યા છે. હે રાજન્ ! મેં આ રીતે આ બન્ને મારા ભક્તોની રક્ષા કરી હતી. ॥૩૪॥

હે રાજન્ ! તમારા પિતા શ્રીદાદાખાચર કાયમ શ્રીહરિની અનુવૃત્તિમાં

स्वभक्तत्राणसम्बन्धं वृत्तान्तं पुण्यमब्रवीत् ॥३५॥
मालासंज्ञा ततो योषा मुकुन्दानन्दवर्णिना ।
मोदकाद्यं वरं पाकं हर्य्यार्थ्यर्थं व्यधापयत् ॥३६॥
प्राग्द्वार्वेश्मबहिर्वेद्यां निषद्याऽथाऽऽसने हरिः ।
नानाविधानि भोज्यानि मोदकादीन्यभुक्त सः ॥३७॥
त्वत्तातोऽथेत्यवोचत्तं मद्राज्यार्थं शिरो निजम् ।
प्रदत्तं स्वामिनैतस्यास्तं स प्राहेत्यथ प्रभुः ॥३८॥
अद्याऽऽप्तं तत्फलं साक्षात्प्राप्त्या मे ह्यवतारिणः ।
अथाऽन्धा साऽपि चान्धत्वहीना हर्योजसाऽभवत् ॥३९॥
साऽथ दिव्यतनुं स्वीयं मर्त्तारं भूरितेजसम् ।
ज्येष्ठं धाम हरेश्चाप्तं देवरं चैक्षताऽऽत्मनः ॥४०॥
नाञ्जगेहबहिर्वेद्यामथ स्वीयासने हरिः ।
निषद्याऽऽलोकयन् भक्तान् वाक्यमित्थं समब्रवीत् ॥४१॥

રહેતા હતા. તેથી તેમણે પોતાના ભક્તની રક્ષા કરી તે બાબતની પવિત્ર વાત તેમને કહી હતી. ॥૩૫॥

ત્યાં માલુબાઈ નામે એક મહિલા ભક્ત હતા તેણે શ્રીમુકુંદાનંદ વર્ણીની પાસે શ્રીહરિને માટે થાળ અને બીજી થોડી વધારે રસોઈ કરાવી હતી. તેના ઉગમણા બારના ઘરની ઓસરીમાં શ્રીહરિ બાજોઠ ઉપર બેસીને લાડુ ઇત્યાદિ જાત જાતના ભોજન જમ્યા હતા. ॥૩૭॥

પછી શ્રીદાદાખાચરે વાત કહી કે આ માલુબાઇના પતિએ મારા રાજ્યની રક્ષાને ખાતર પોતાનું માથું આપ્યું હતું. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું. ॥૩૮॥

હું અવતારી છું. તે મારા સાક્ષાત્ જોગથી આ માલુબાઇના પતિએ જે પોતાનું મસ્તક આપ્યું તેનું ફળ આને મળ્યું છે. તે માલુબાઇને ઉમરને કારણે આંખે અંધાપો હતો છતાં શ્રીહરિના પ્રતાપથી તે દેખતા થયા હતા. ॥૩૯॥

તે વખતે શ્રીહરિની ઇચ્છાથી માલુબાઇએ શ્રીહરિના ધામમાં ગયેલા અપાર તેજસ્વી દિવ્ય દેહવાળા પોતાના પતિને જેઠને અને દિયરને ત્રણેયને દેખ્યા. ॥૪૦॥

પછી શ્રીહરિ શ્રીનાગા જોગિયાને ઘેર ઓસરીમાં પોતાને આસને વિરાજ્યા

मदीयैकान्तिको भक्तो नाञ्जोऽयं वर्तते सुधीः ।
धीरो वीरो महावीर्यो मुक्तोऽनादिर्विवेकवान् ॥४२॥
सम्भावनां ततस्तस्य तं कर्तुं स ह्यजिज्ञपत् ।
स्वातिप्रसक्तचित्तस्य भक्तत्राणोद्यतो हरिः ॥४३॥
भूपतेऽथ सकलार्तिहरेक्षो भक्तशर्मनिरतो भवहारी ।
आगमत् परतरो वृषधारी राजदुर्गमजितः स विहारी ॥४४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये वाजसुरनृपाच्छ्रीहरिकृतनिजभक्तावनादिनिरूपणं नाम चतुस्त्रिंशदधिकशततमोऽध्यायः ॥१३४॥

अथ पञ्चत्रिंशदधिकशततमोऽध्यायः

पञ्चत्रिंशद्विशेषेऽत्र शततमे हरिर्मुदा ।
जानन्तीजसुदम्पत्योः स्वाश्रयेण सुखं व्यधात् ॥

श्रीचैतन्यानन्द उवाच -

હતા. આગળના ભાગમાં થોડા ભક્તો બેઠા હતા, તેમની સામે દેખીને તેઓ આ રીતે બોલ્યા કે ॥૪૧॥

"આ નાજા ભક્ત મારા એકાંતિક ભક્ત છે. તે રૂડી બુદ્ધિવાળા છે, ધીર, વીર અને મહાન્ પરાક્રમી છે, વિવેકી અને અનાદિ મુક્ત છે." ॥૪૨॥

પછી આત્મીય ભક્તોની રક્ષા માટે સાવધાન રહેનારા શ્રીહરિને પોતાની મૂર્તિમાં અત્યંત મન જોડી રાખનારા તે શ્રીનાજાભક્તની સંભાવના કરવાની, સંભાળ રાખવાની, શ્રીદાદાખાચરને આજ્ઞા કરી, ॥૪૩॥

હે ભૂપતે ! દર્શન માત્રથી જ સર્વ દુઃખોને ટાળનારા, ભક્તોને સુખી કરવા તત્પર રહેનારા તથા વિહાર કરનારા, શરણાગતોની સાંસારિક પીડાઓને હરનારા, ધર્મનું ધારણ પોષણ કરનારા, અને સદા સર્વદા અજેય રહેલા આવા શ્રીહરિ ત્યાંથી શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા હતા. ॥૪૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૪ સમાપ્ત

एकदाऽत्र बहिर्वेद्यां प्रतीचीद्वारवेश्मनः ।
स्वासने श्रीहरिर्युक्ते तूलिकाद्यैरुपाविशत् ॥१॥
आयात्तत्राऽथ जानन्ती ग्रामाद् बगडसंज्ञितात् ।
पत्नी जसाख्यभक्तस्य रामदेहाख्यपुत्रयुक् ॥२॥
ततस्ताभ्यां स्वपुत्राभ्यां युक्तोपेत्य मुदा हरिम् ।
प्राणमत् स्वेष्टदेवं सा तां प्राहाऽथेति स प्रभुः ॥३॥
मत्प्राप्त्या तेऽधुना साक्षात्साधनानां शुभे ! त्वया ।
फलं गाढानुरागिण्या मयि प्राप्तं किलाऽखिलम् ॥४॥
तव त्वत्स्वामिना दत्तं दुःखं प्राज्यं हि दुःसहम् ।
सा प्राहाऽथेति तं स्वामिन् ! साम्प्रतं मेऽस्ति वै सुखम् ॥५॥
कामक्रोधादिदावाग्निप्लुष्टं शोकमयार्त्तिदम् ।

અધ્યાય-૧૩૫

બગડના દરબાર શ્રીજસાખાચરના પત્ની જાનબાઇ અને તે પરિવારનો સત્સંગ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત શ્રીહરિ શ્રીદાદાખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીમાં ગાદી તકિયાથી બિછાવેલા પોતાના સુંદર આસન ઉપર વિરાજ્યા હતા. ॥૧॥

તે સમયે ત્યાં જાનબાઇ નામે કાઠી દરબાર મહિલા, જે શ્રીહરિના સારા સત્સંગી હતા, તે બગડ ગામથી આવ્યા. તે દરબાર શ્રીજસાખાચરના પત્ની હતા. તેની સાથે રામખાચર અને દેહાખાચર નામે તેના બે નાના પુત્ર હતા. ॥૨॥

પછી જાનબાઇ તે બન્ને પુત્રોને લઇને પોતાના ઇષ્ટદેવ શ્રીહરિની સન્મુખ થોડે દૂર સુધી આવ્યા અને પગે લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું. ॥૩॥

હે શુભે ! મારા ભગવત્સ્વરૂપમાં અનુરાગવાળા તમને મારી પ્રત્યક્ષ પ્રાપ્તિ થઇ છે, તેથી તમારા બધા જ કલ્યાણકારી સાધનોનું ફળ તમને મળી ચૂક્યું છે. ॥૪॥

તમને તમારા પતિએ ઘણું અસહ્ય દુઃખ દીધું છે. ત્યારે જાનબાઇએ કહ્યું, હે સ્વામિન્ ! અત્યારે મારે સારું સુખ છે. ॥૫॥

કામ ક્રોધાદિ દાવનળથી સળગતા અને શોક, ભય તથા પીડા કરનારા

विहायाऽसारसंसारं श्रयिष्ये साङ्ख्ययोगकम् ॥६॥
तामथाऽवासयद्राजन् ! नाञ्जभक्तनिकेतने ।
कर्तुं सम्भावनां तस्या जयां सोऽजिज्ञपद्धरिः ॥७॥
नाञ्जागारेऽथ हर्यर्थं मुन्याद्यर्थं च सा वरम् ।
पाकं नानाविधं राजन् ! कारयामास सादरम् ॥८॥
साऽथाऽऽह्वापयितुं स्वीयौ श्रीहरिं प्रैरयत्सुतौ ।
तावायातावथाऽऽनेतुं तं सौधं चाक्षराभिधम् ॥९॥
तदा तत्रोपविष्टाऽऽसीद्राजन्ती ललिता तथा ।
जया तौ तं ततो नत्वा वाक्यमित्याहतुर्हरिम् ॥१०॥
पाकसिद्धिर्हरे ! जाता तस्मात्तत्रैहि भुक्तये ।
स तद्वाक्यमिति श्रुत्वा भृशं प्रीतस्तयोरभूत् ॥११॥
तद्धृदोः स ततः स्वीये राजन् ! पादाम्बुजे न्यधात् ।
तन्मूर्ध्नोश्चादधाद्द्व्यौ पाणी वराभयप्रदौ ॥१२॥

અસાર સંસારનો ત્યાગ કરીને હવે હું સાંખ્ય યોગીના ધર્મ પાળીશ. ॥૬॥

હે રાજન્ ! શ્રીહરિએ પછી તે જાનબાઈનો ઉતારો શ્રીનાજા જોગિયાને ઘેર કરાવ્યો. અને જીવુબાને આજ્ઞા કરી કે તેની બધી રીતે સંભાવના કરે. ॥૭॥

હે રાજન્ ! પછી જાનબાઇએ શ્રીનાજા ભક્તને ઘેર શ્રીહરિને માટે થાળ અને સાધુ, વર્ણી તથા પાર્ષદો વગેરેને માટે સારી રસોઇ આદરભાવથી કરાવી. ॥૮॥

પછી જાનબાઇએ શ્રીહરિને બોલાવવા માટે પોતાના બન્ને પુત્રોને મોકલ્યા. તે બન્ને શ્રીહરિને તેડવા માટે અક્ષર ઓરડીએ આવ્યા. ॥૯॥

તે વખતે ત્યાં રાજબાઇ, લાડુબા અને જીવુબા (મોટીબા) બેઠા હતા. જાનબાઇના બન્ને બાળકો શ્રીહરિને પગે લાગ્યા અને પછી બોલ્યા. ॥૧૦॥

હે હરે ! થાળની રસોઇ તૈયાર થઇ ગઇ છે. માટે આપ થાળ જમવા ત્યાં પધારો. બન્ને બાળકોનું વચન સાંભળીને શ્રીહરિ તેના ઉપર રાજી થયા. ॥૧૧॥

હે રાજન્ ! શ્રીહરિએ તે બન્ને બાળકોની છાતીમાં પોતાના ચરણારવિંદ ચાંપ્યા અને તેમના મસ્તક ઉપર વરદાન અને અભયદાન કરનારા પોતાના બન્ને હાથ મૂક્યા. ॥૧૨॥

स प्राहाऽथेति सद्वाक्यं वयसैतौ न चाधिकौ ।
तथापि स्तोऽतिनैपुण्यौ भक्तश्रेष्ठौ भविष्यतः ॥१३॥
स जानंतीमथैवं तां प्राह वाक्यं शुभं हरिः ।
एतौ पुत्रौ हि ते तूर्णं प्रेषय त्वं निजं गृहम् ॥१४॥
त्वत्पतिस्त्वां यतोऽजस्त्रं पीडयत्युद्धतस्ततः ।
अत्रोषित्वा जयादीनां प्रसङ्गं कुरु सर्वदा ॥१५॥
तामित्युक्त्वाऽऽगमद्राजन् ! मुन्याद्यैरन्वितो हरिः ।
अगारं नाञ्जसंज्ञस्य स्वीयभक्तस्य वै मुदा ॥१६॥
उत्तरद्वारतद्गेहबहिर्वेद्यां ततो हरिः ।
निषद्याऽभुक्त भोज्यानि स्वादुनानाविधानि सः ॥१७॥
तत्पुत्राभ्यां च जानन्त्यै मीनाख्यायै ततो हरिः ।
योषिते चारु भोज्यानि स्वप्रसादीन्यदापयत् ॥१८॥
स्वप्रासादिकभोज्यानि ततः कान्हाभिधाय सः ।
भक्तायाऽदीदपत्प्रीत्या स्वीयभक्तसुखप्रदः ॥१९॥

અને સરસ વચન બોલ્યા કે આ બન્નેની ઉંમર હજી નાની છે પણ ઘણા સારા હોશિયાર છે. મોટા થઈને સારા સત્સંગી થશે. ॥૧૩॥

પછી શ્રીહરિએ જાનબાઈને આ રીતનું શુભ વચન કહ્યું, "તમે આ બન્ને તમારા પુત્રોને તત્કાળ તમારે ઘેર મોકલી દો. ॥૧૪॥

તમારો પતિ ઉદ્ધત છે, તેથી તમને નિરંતર હેરાન કર્યા કરે છે. તો તમે હમણા અહીંયાં રહીને જીવુબાનો કાયમ સત્સંગ કરો. ॥૧૫॥

હે રાજન્ ! જાનબાઈને શ્રીહરિ આવી વાત કહીને પછી સાધુ બ્રહ્મચારી પાર્ષદોની સાથે પોતાના ભક્ત શ્રીનાજા જોગિયાને ઘેર પ્રેમથી પધાર્યા. ॥૧૬॥

ત્યાં ઉત્તરદાબારના ઘરની ઓસરીમાં શ્રીહરિ બેસીને ભાત ભાતના ભોજનનો સુંદર સ્વાદુ થાળ જમ્યા. ॥૧૭॥

જાનબાઈને તેના પુત્રોને અને મીનાબાઈ નામે એક ભક્ત બહેન હતા તેને પોતાના થાળના ભોજનની પ્રસાદી અપાવી. ॥૧૮॥

આત્મીય ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ એક કાનજી નામે હરિભક્ત

परिवेष्याऽथ मुन्यादीन् हरिर्मौक्तिकलड्डूकान् ।
सादरं तर्पयाञ्चक्रे स्वीयभक्तांस्तथेतरान् ॥२०॥
सर्वा भोजयितुं राजंस्ततः स्त्रीःसाङ्ख्ययोगिनीः ।
मुकुन्दानन्दवर्णीन्द्रं स स्वासक्तमजिज्ञपत् ॥२१॥
उदग्दिग्द्वारतद्गेहबहिर्वेद्यामुपाविशत् ।
श्रीहरिर्मञ्चकैर्युक्ते कोमलैस्तूलिकादिभिः ॥२२॥
ततस्तौ भ्रातरौ राजन् ! रामदेहसमाह्वयौ ।
हरिं चाऽऽर्हयतामर्घ्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ॥२३॥
जानन्ती सा ततो वस्त्रैर्नानावर्णैर्महाधनैः ।
गन्धसन्माल्यहाराद्यैस्तमर्घ्यैरार्च्चयन्मुदा ॥२४॥
रूप्यमुद्राऽऽभृतं पात्रं न्यस्य साऽथाऽग्रतो हरेः ।
महानीराजनं कृत्वा तं पुत्राद्यैर्युताऽनमत् ॥२५॥
अथाऽदाद्रामदेहाभ्यां कान्हभक्ताय भूपते ! ।

હતા તેને પણ પોતાના થાળની પ્રસાદી પ્રેમથી અપાવી. ॥૧૯॥

પછી શ્રીહરિએ સંતો વગેરેની પંગતમાં મોતૈયા લાડુ વગેરે પીરસીને ખૂબ જ આદર ભાવથી જમાડીને તૃપ્ત કર્યા, અને પોતાના બીજા ભક્તો હતા તેને પણ પીરસીને તૃપ્ત કર્યા. ॥૨૦॥

હે રાજન્ ! પછી બધી જ સાંખ્યયોગી બહેનોને જમાડવાની આજ્ઞા શ્રીહરિએ શ્રીમુકુંદાનંદ બ્રહ્મચારીને કરી. ॥૨૧॥

નાજા જોગિયાના ઉત્તરાદાબારના ઘરની ઓસરીમાં ખાટલા ઉપર કોમળ ગાદી તકિયા મૂકીને તૈયાર કરેલા આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૨૨॥

હે રાજન્ ! પછી રામખાચર અને દેહાખાચર, બન્ને નાના નાના ભાઈઓએ ચંદન અને ફૂલોના હાર ઈત્યાદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૩॥

પછી જાનબાઈએ પણ ઘણા મોંઘા મૂલા, રંગબેરંગી વસ્ત્રો, ચંદન અને ફૂલોના હાર વગેરે ઉપચારો વડે ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૪॥

પછી ચાંદીના રોકડાં રૂપિયા ભરેલો થાળ શ્રીહરિની આગળ મૂક્યો અને આરતી ઉતારી. પુત્રો આદિને સાથે રાખીને શ્રીહરિને પગે લાગ્યા. ॥૨૫॥

स्वीयप्रासादिकान् पौष्यान् हरिर्हारान् मनोहरान् ॥२६॥
ततो मीनाभिधा योषा सोढिसंज्ञातथाऽङ्गना ।
रू प्यमुद्रा हरेरग्रे मुक्त्वा तं प्राणमद्धरिम् ॥२७॥
मीनाख्यायास्ततो राजन् ! योषितः श्रीहरीच्छया ।
आसीत्समाधिरेवेत्थं सा महाश्चर्यमुत्सुका ॥२८॥
तेजोमयं चतुष्कं सा तं ततोऽलोकयन्मुदा ।
तत्र दिव्यतरोदारज्योतिर्युक्तं हरिं तथा ॥२९॥
रू पानुरू पसंराजत्समग्राऽवयवश्रियम् ।
दिव्यरू पं मनःकान्तं दर्शकानन्ददायिनम् ॥३०॥
कोटिकन्दर्पदर्पघ्नं स्वैकाङ्गातुल्यशोभया ।
नैकलोकेशलावण्यं निर्जयन्तं निजश्रिया ॥३१॥
तेजोमर्यी च जानन्तीं साऽपश्यद्दिव्यविग्रहाम् ।
सोढिसंज्ञां तथा योषां दिव्यभूषाम्बरप्रभाम् ॥३२॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ રામખાચર, દેહાખાચર અને કાનજી ભક્તને પોતાના સુંદર પ્રસાદીના ફૂલહાર આપ્યા. ॥૨૬॥

પછી મીના બહેન અને સોઢી બહેન નામે, બે સત્સંગી બહેનો હતા તેમણે પણ ચાંદીના રૂપિયા ભરેલો થાળ શ્રીહરિને અર્પણ કર્યો. અને પગે લાગ્યા. ॥૨૭॥

હે રાજન્ ! પછી શ્રીહરિની ઈચ્છાથી મીના બહેનને સમાધિ થઈ. સત્સંગના ઉત્સાહી તે બહેને તે ચોકને મહાન્ આશ્ચર્યથી ભર્યો તેજોમય દેખ્યો. અને તેમાં અત્યંત દિવ્ય વિશાળ તેજોયુક્ત શ્રીહરિના દર્શન થયા. ॥૨૮-૨૯॥

શ્રીહરિના ઓપતા સમગ્ર અવયવોની શોભા રૂપને અનુરૂપ હતી. મનને રુચે એવું દિવ્ય રૂપ હતું જે દર્શન કરનારાને આનંદિત કરતું હતું. ॥૩૦॥

પોતાના એકાદ અંગની અનુપમ શોભાથી શ્રીહરિ કરોડો કામદેવના ગર્વને ઉતારી દેતા હતા. પોતાની સૌંદર્ય સંપત્તિથી અનેક લોકપાલોના લાવણ્યને તુચ્છકારતા હતા. ॥૩૧॥

વળી તે મીનાબહેને જાનબાઈને તેજોમય દિવ્ય સ્વરૂપે જોયા. અને દિવ્ય વસ્ત્રો તથા ઘરેણાંથી શોભતા સોઢી બહેનને પણ દેખ્યા. ॥૩૨॥

रामदेहौ च तत्पुत्रौ दिव्यरू पौ महौजसौ ।
कान्हभक्तं च साऽपश्यद्दिव्यतेजोमयाऽऽकृतिम् ॥३३॥
साऽथ प्राप्ता बहिर्दृष्टिं समाधेः श्रीहरीच्छया ।
नत्वा स्तुत्वा च तं प्रीत्या प्राहैवं प्राञ्जलिर्वचः ॥३४॥
दिव्यरू पं निजं मह्यं दर्शयित्वाऽऽत्मनिश्चयः ।
त्वया मां कारितो भूमन् ! मयि कृत्वा महादयाम् ॥३५॥
मातुलं जसुसंज्ञं मे प्रेक्षयित्वा निजं प्रभो ! ।
निश्चयं दिव्यरू पं ते कारयैवानुकम्पया ॥३६॥
प्रभो ! तस्येति ते जाते निश्चये स्यात्सुखं हि नः ।
तामथेत्याह मीनाख्यां योषां वै श्रीहरिर्वचः ॥३७॥
तत्तुकार्यं त्वया प्रोक्तं विधास्याम्येव सुव्रते ! ।
सार्द्धं त्वमद्य जानन्त्या याहि स्वीयं गृहं शुभे ! ॥३८॥
मातुलस्तेऽथ जस्वाख्यो नहि त्वां पीडयिष्यति ।

રામ ખાચર અને દેહા ખાચર, જે જાનબાઈના પુત્ર હતા તેને પણ મહાન તેજસ્વી દિવ્યરૂપે દેખ્યા. કાનજી ભક્ત પણ દિવ્ય તેજોમય દેહે દેખાયા. ॥૩૩॥

મીનાબાઈ શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી બહાર આવ્યા. તેઓએ શ્રીહરિને પ્રણામ કર્યા, સ્તુતિ કરી અને પછી પ્રેમથી હાથ જોડ્યા અને બોલ્યા. ॥૩૪॥

હે ભૂમન્ ! આપે મારા ઉપર ઘણી મોટી કૃપા કરી છે. પહેલા આપે પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવીને મને પોતાના ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો છે. ॥૩૫॥

હે પ્રભો ! બગડના દરબાર જસાભાઈ મારા મામા થાય છે. તો આપ દયા કરીને તેને પોતાના દિવ્ય સ્વરૂપે દર્શન આપો અને ભગવાનપણાનો નિશ્ચય કરાવો. ॥૩૬॥

હે પ્રભો ! જો મારા જસામામાને આપના સ્વરૂપનો નિશ્ચય થાય તો અમે બધા સુખી થઈ જઈએ. ત્યારે શ્રીહરિએ તે મીનાબાઈને વાત કહી. ॥૩૭॥

હે સુવ્રતે ! હે શુભે ! તમે જે મને કહ્યું તે તો હું કરીશ જ, પણ તમે આજ જાનબાઈને સાથે લઈને પોતાને ઘેર જાઓ. ॥૩૮॥

करीमं स ततो गन्तुं तया सार्द्धं ह्यजिज्ञपत् ॥३९॥
तं सा नत्वाऽथ जानन्त्या तेन सार्द्धं तथा प्रभुम् ।
ध्यायन्ती श्रीहरिं मार्गे स्वीयग्राममुपागमत् ॥४०॥
जस्वाख्यायाऽथ भूपाय दिव्यरूपं निजं हरिः ।
तद्ग्रामे दर्शयाञ्चक्रे रम्यं दुर्लभदर्शनम् ॥४१॥
ततो हित्वा स दुःशीलं श्रीहरिं शरणं सुधीः ।
सम्प्राप्तो मनसा दिव्यां दृष्टिं लेभे हरीच्छया ॥४२॥
अथाऽपश्यन्निजागारं मुक्तानन्दं स चाऽऽगतम् ।
स ततो बोधयित्वा तं दुर्गपत्तनमानयत् ॥४३॥
राजदुर्गचतुष्के तं ततोऽधो निम्बभूरुहः ।
वेद्यां स्वीयाऽऽसनासीनं श्रीहरिं स व्यलोकयत् ॥४४॥
ततः सम्भावितस्तेन त्वत्पित्रा च तदाज्ञया ।

જસાખાચર નામે તમારા જે મામા છે તે હવે તમને હેરાન પરેશાન નહિ કરે. આમ બોલીને શ્રીહરિએ પોતાના સેવક શ્રીકરીમ ભક્તને તે મીના બહેનની સાથે જવાની આજ્ઞા કરી. ॥૩૯॥

મીનાબાઇ શ્રીહરિને પગે લાગ્યા. પછી જાનબાઇને લઇને કરીમ ભક્તની સાથે, રસ્તામાં શ્રીહરિનું ધ્યાન - સ્મરણ કરતાં કરતાં પોતાને ગામ બગડ પહોંચ્યા. ॥૪૦॥

આ તરફ શ્રીહરિએ બગડ ગામમાં દરબાર શ્રીજસાભાઇને અત્યંત દુર્લભ અને રમણીય પોતાના દિવ્ય રૂપે દર્શન આપ્યા હતા. ॥૪૧॥

પછી રૂડી બુદ્ધિવાળા તેમણે પોતાનો ખરાબ સ્વભાવ છોડી દીધો. મનથી જ શ્રીહરિને શરણે ગયા. શ્રીહરિની ઇચ્છાથી તેમને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઇ. ॥૪૨॥

પછી તેમણે સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીને પોતાને ઘેર પધારેલા જોયા. સ્વામીએ તેમને સદુપદેશ આપ્યો અને પછી શ્રીજસાભાઇને ગઢપુર તેડી લાવ્યા. ॥૪૩॥

પછી તેમણે શ્રીદાદાખાચરના દરબારના વિશાળ ચોકમાં લીમડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર પોતાને આસને વિરાજેલા શ્રીહરિના દર્શન કર્યા. ॥૪૪॥

गृहीत्वा नियमांश्चक्रे स तस्यैवाऽऽश्रयं दृढम् ॥४५॥
स प्राहाऽथेति तं वाक्यं हरिर्मत्तो वरं प्रभुः ।
त्वं वृणीष्वाथ तं नत्वा प्राहैवं स प्रियं वचः ॥४६॥
त्वत्पादाम्भोजसामीप्ये सदा मां रक्ष शर्मदे ।
मद्ग्रामं दयया स्वामिंस्त्वं तथा यातुमर्हसि ॥४७॥
वाञ्छितौ वै वरावेवं तौ मे देहि दयानिधे ! ।
सादिपद्गमुनीन्द्राद्यैस्तद्ग्रामं सोऽव्रजत्ततः ॥४८॥
उदीचीद्वारतद्गेहबहिर्वेद्यां ततो हरिः ।
न्यषीदन्मञ्चके युक्ते कोमलैस्तूलिकादिभिः ॥४९॥
स जस्वाख्योऽथ भूपस्तं हरिं मुन्यादिभिर्युतम् ।
भोज्यैर्नानाविधै रम्यैस्तर्पयामास भूपते ! ॥५०॥
ततो नानोपचारैस्तं सोऽलङ्काराम्बरैर्वरैः ।
गन्धसन्माल्यहाराद्यैर्मुन्यादींश्चाऽऽर्च्चयद्धरिम् ॥५१॥

પછી શ્રીહરિએ અને તમારા પિતા શ્રીદાદાખાચરે આદરભાવથી તેમની સંભાવના કરી. શ્રીહરિની આજ્ઞાથી સત્સંગના નિયમ લીધા. અને શ્રીહરિનો દૃઢ આશ્રય કરીને સારા સત્સંગી થયા. ॥૪૫॥

પછી પ્રભુ શ્રીહરિએ તેમને કહ્યું તમે મારી પાસે કોઇ વરદાન માગો. ત્યારે તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા અને સરસ આવું પ્રિય વચન બોલ્યા. ॥૪૬॥

હે સ્વામિન્ ! આપના સુખ આપનારા ચરણકમળની પાસે મને કાયમ રાખો અને દયા કરીને આપ મારે ગામ બગડ પધારો. ॥૪૭॥

હે દયાનિધે ! આ બે વર મારા અભીષ્ટ છે તો તે આપો. પછી શ્રીહરિ સંતો, પાર્ષદો અને ઘોડેસવાર સખાઓ, સહુને સાથે લઇને બગડ ગામ પધાર્યા હતા. ॥૪૮॥

દરબાર શ્રીજસાખાચરના ઉત્તરાદાબારના ઘરની ઓસરીમાં ખાટલા ઉપર સુંવાળા ગાદી તકિયો મૂકીને બિછાવેલા આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા. ॥૪૯॥

હે ભૂપતે ! તે શ્રીજસાખાચરે સંતો, વર્ણીઓ અને પાર્ષદો વગેરેએ સહિત શ્રીહરિને અનેક પ્રકારના સુંદર ભોજન કરાવીને તૃપ્ત કર્યા. ॥૫૦॥

પછી સારા વસ્ત્રો, અલંકારો, ચંદન અને ફૂલહાર આદિ અનેક ઉપચારોથી

चर्चयित्वाऽथ गंधेन स तत्पादाम्बुजे मुदा ।
अबिभ्रद्वक्षसि स्वीये प्रेमबाष्पाकुलेक्षणः ॥५२॥
जानन्त्यथेत्यवोचत्तं मद्ग्रामे श्रीहरे ! वणिक् ।
धनाढ्यो वर्तते तस्य गेहे त्वं गन्तुमर्हसि ॥५३॥
गच्छति स्माऽथ तद्गेहं सादिपद्गसदादिभिः ।
हरिर्मञ्चेऽथ तद्गेहे बहिर्वेद्यामुपाविशत् ॥५४॥
ततो नानोपचारैस्तं गन्धभूषाम्बरादिभिः ।
मुन्यादीनां च तस्यार्हां यथार्हं स व्यधान्नृप ! ॥५५॥
तस्याऽथाऽक्षरधामस्था यादृशी मूर्तिरद्भूता ।
अस्ति तां श्रीहरेर्मूर्तिं सोऽपश्यत्तादृशीं जसुः ॥५६॥
भूरिज्योतिर्मयीं दिव्यां दृङ्मनोहर्षवर्द्धिनीम् ।
रूपसौन्दर्यमाधुर्यलावण्यादिविराजिताम् ॥५७॥

શ્રીહરિની પૂજા કરી અને સંતો વગેરેની પૂજા પણ ચંદન પુષ્પહાર આદિથી કરી. ॥૫૧॥

પછી તેમણે શ્રીહરિના ચરણકમળ ઉપર ચંદનની અર્ચા કરી અને પોતાની છાતી ઉપર તે ચરણો ચાંપ્યા. તે સમયે તેમની આંખોમાં પ્રેમના આંસુઓ ઉભરાયા. ॥૫૨॥

પછી જાનબાઈએ શ્રીહરિને કહ્યું કે હે હરે ! આ અમારા ગામમાં એક વણિક સારા ધનાઢ્ય છે, તો આપ તેને ઘેર પધરામણી કરો. ॥૫૩॥

પછી શ્રીહરિ સંતો, પાર્ષદો અને ઘોડેસવાર સખાઓની સાથે તે વણિકને ઘેર પધાર્યા. ત્યાં ઓસરીમાં ખાટલા ઉપર ગાદી તકિયો બિછાવીને સારું આસન તૈયાર કર્યું હતું, તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા. ॥૫૪॥

હે રાજન્ ! તે વણિકે આભૂષણો, વસ્ત્ર, ચંદન આદિ અનેક ઉપચારો લઈને શ્રીહરિની પૂજા કરી અને સંતોની પણ યોગ્ય રીતે પૂજા કરી. ॥૫૫॥

દરબાર શ્રીજસાખાચરને શ્રીહરિની મૂર્તિ જેવી અક્ષરધામમાં વિરાંજે છે તેવી જ અદ્‌ભુત મૂર્તિના દર્શન અહીં પ્રત્યક્ષ થયા. ॥૫૬॥

તે મૂર્તિ અત્યંત તેજોમયી હતી. આંખો અને હૃદયને આનંદ વધારતી હતી.

मामयश्चौघ्घटोऽपश्यत्तामतुल्यां मनोहराम् ।
इत्थं सोऽदर्शयद्दिव्यं स्वैश्वर्यं तान् परं हरिः ॥५८॥
एवमानन्दयित्वा स्वान् भक्तान् भक्तप्रियो हरिः ।
गन्तुमैच्छत्स तद्ग्रामाद्धार्मिर्दुर्गपुरं वरम् ॥५९॥
प्रस्थापितोऽथ बहुवाद्यमहाप्रणादं तद्ग्रामवासिनिजभक्तजनैस्तथाऽन्यैः
सार्द्धं हरिर्मुनिजनव्रजसादिपद्गैरायान्मनोज्ञतरदुर्गपुरं नरेन्द्र ! ॥६०॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये योषिद्भक्तकृतश्रीहरिदर्शनपूजनादिनिरूपणं नाम पञ्चत्रिंशद-धिकशततमोऽध्यायः ॥१३५॥

अथ षट्त्रिंशदधिकशततमोऽध्यायः

षट्त्रिंशदधिके शततमे सङ्क्रीड्य श्रीहरिम् ।
द्रष्टुमाययुरीशोमा सुवीरभद्रभैरवाः ॥

રૂપ, સૌંદર્ય, માધુર્ય અને લાવણ્ય આદિથી વિરાજિત દિવ્ય હતી. ॥૫૭॥

ત્યાં એક મામૈયા અને ઓઘડ નામે બે કાઠી દરબાર હતા તેમને પણ શ્રીહરિની અનુપમ મનોહર મૂર્તિના દર્શન થયા. આ પ્રમાણે શ્રીહરિએ બગડ ગામના સહુ ભક્તોને પોતાનું દિવ્ય ઐશ્વર્ય દેખાડ્યું હતું. ॥૫૮॥

જેમને ભક્તો વહાલા છે આવા ધર્મપુત્ર શ્રીહરિએ આ રીતે પોતાના ભક્તોને રાજી કરીને પછી ત્યાંથી રમણીય ગઢપુર આવવાની ઈચ્છા કરી. ॥૫૯॥

બગડ ગામના હરિભક્તો અને બીજા લોકો ઘણી જાતના વાજિંત્ર વગડાવીને વાજતે ગાજતે વળાવવા આવ્યા. હે નરેન્દ્ર ! પછી શ્રીહરિ સંતોના મંડળો, પાર્ષદો અને ઘોડેસવાર ભક્તોની સાથે અત્યંત રમણીય આવા ગઢપુર ગામ પધાર્યા. ॥૬૦॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૫ સમાપ્ત

અધ્યાય-૧૩૬

કાળભેરવ, વીરભદ્ર, શીવજી તથા પાર્વતીજીનું આવવું.

श्रीचैतन्यानन्द उवाच -

देवदानाभिधस्याऽगात्स्वभक्तस्यैकदा हरिः ।
मनोज्ञं भूपतेऽगारं साधुपद्गादिभिर्युतः ॥१॥
तद्गेहस्य बहिर्वेद्यां स न्यषीदत्ततो हरिः ।
मञ्चके कोमलैर्युक्ते तूलिकाद्यैर्मनोहरैः ॥२॥
ततो राणाभिधो भक्तो देवदानात्मजौ तथा ।
भर्जितानादयन् न्वैतं चारु मक्कयकुड्मलान् ॥३॥
देवदानाभिधो भक्तो रवाजं वादयंस्ततः ।
शम्भुवैवाहिकीं वार्तां चकाराग्रे हरेर्मुदा ॥४॥
स तत्राथाऽगतं राजन् ! नारदं तुम्बरुं तथा ।
प्रैक्षताऽथाऽशृणोत्ताभ्यां कृतं गानं च विस्मितः ॥५॥
स प्रीतोऽथ हरिः प्रादान्नीशारं स्वधृतं वरम् ।
उत्तार्य देवदानाय महामूल्यं महीपते ! ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! એક વખત શ્રીહરિ સાધુ અને પાર્ષદો આદિને સાથે લઇને પોતાના ભક્ત દેવદાન નામે ગઢવી હતા, તેના સુંદર ઘરે ગયા. ॥૧॥

તેના ઘરની ઓસરીમાં પલંગ ઢાળીને તેના ઉપર મનોહર સુંવાળા ગાદી તકિયો વગેરે બિછાવ્યા હતા તે સુંદર આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ॥૨॥

પછી રાણાભાઇ નામે એક ભક્તે અને દેવદાન ગઢવીના બે પુત્રોએ શ્રીહરિને કૂંણા મકાઇ ડોડા શેકીને જમાડ્યા. ॥૩॥

પછી દેવદાન ગઢવીએ રવાજ વગાડીને ખુશ મિજાજથી શ્રીહરિની આગળ શિવ પાર્વતીના વિવાહની વાત કહી. ॥૪॥

હે રાજન્ ! તે સમયે ત્યાં નારદજી અને તુંબરુ બન્ને આવ્યા. તેને દેવદાન ગઢવીએ જોયા અને તે બન્નેએ શ્રીહરિ આગળ ગાન કર્યું. તેને પણ વિસ્મિતચિત્ત થઇને સાંભળ્યું. ॥૫॥

હે મહીપતે ! શ્રીહરિ દેવદાન ગઢવી ઉપર રાજી થયા. તે વખતે તેમણે ઘણો

राणायाऽथार्पयद्रम्यं स्वर्णसूत्रं शिरःपटम् ।
शार्दूलाय तथा प्रादात् प्रावारं तादृशं हरिः ॥७॥
उपशल्ये हि बुट्टादपुरमार्गेऽस्ति यो महान् ।
जयादुर्गो महाकेतुभ्राजमानो धरापते ! ॥८॥
तत्र मञ्चे चतुःस्तम्भरोचमाने निजासने ।
वितानेनान्विते राजन् ! कपिलाषष्ठिकादिने ॥९॥
न्यषीदत्स हरिर्धार्मि सारगौरतराम्बरः ।
सन्माल्यहारकेयूरकर्णपूरादिराजितः ॥१०॥
स तत्राऽथाऽकरोद्राजंस्तस्यां तिथ्यां महोत्सवम् ।
तदा देशान्तरायाता भक्ताश्चान्ये तमानमन् ॥११॥
तदग्रे ह्यभवत्तेषां भक्तानां च पुरौकसाम् ।
पापतापापलोपेक्षा भ्राजमाना महासभा ॥१२॥

કિંમતી સારો જામો પહેર્યો હતો, તે ઉતારીને ગઢવીને આપી દીધો. ॥૬॥

સોનેરી તારવાળી સુંદર પાઘ હતી તે રાણા ભક્તને આપી અને તેવો જ સુંદર ખેસ હતો તે સાદુળ (શાર્દૂલ) ભક્તને આપ્યો. ॥૭॥

હે ધરાપતે ! બોટાદ ગામના રસ્તા તરફ ગઢપુર ગામને છેવાડે મોટી ધજાથી શોભતો જીવુબા (મોટીબા) નો જે વંડો છે. ॥૮॥

ત્યાં સારા ચાર થાંભલા ખોડીને એક સુંદર મંચ ઊભો કર્યો હતો. હે રાજન્ ! ઉપરના ભાગમાં ચંદરવો બાંધ્યો હતો. ચંદરવા નીચે મંચ ઉપર સારું આસન બિછાવ્યું હતું. શ્રીહરિ તે આસન ઉપર વિરાજ્યા હતા અને કપિલા છઠનો દિવસ હતો. ધર્મપુત્ર શ્રીહરિએ એકદમ ઊજળા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. ફૂલના સુંદર હાર, બાજુબંધ, તોરા અને ગુચ્છ આદિથી શોભતા હતા. ॥૯-૧૦॥

હે રાજન્ ! શ્રીહરિએ તે સ્થળે કપિલા છઠનો મહોત્સવ કર્યો. તે સમયે દેશાંતરોમાંથી ઘણા ભક્તો આવ્યા હતા, તેમણે અને બીજા ભક્તોએ શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૧૧॥

શ્રીહરિની આગળના ભાગમાં તે આવેલા ભક્તો અને ગામના ભક્તોની એક વિશાળ સુંદર સભા ભરાઇ. તે સભા દર્શન માત્રથી જ પાપોનો અને સંતાપોનો

द्वौ तत्राऽथाऽऽगतौ रम्यौ पुमांसौ श्यामविग्रहौ ।
अवन्देतां हरिं भक्त्या तत्पादस्पर्शपूर्वकम् ॥१३॥
तावत्सूर्यपुराऽऽनीताः पर्पिकाः श्रीहरेः पुरः ।
कश्चिद्भक्तो न्यधात्प्रीत्या तास्ततोऽभुक्त स प्रभु : ॥१४॥
श्रीहरिर्मल्लवेशाभ्यां ततस्ताभ्यामदान्मुदा ।
स्वीयप्रासादिका रम्याः पर्पिकाश्चान्यदुर्लभाः ॥१५॥
तौ तिष्ठन्तावथाऽऽत्तां ताः पर्पीस्तुष्टवतुश्च तम् ।
वेदशेषादिसंस्तुत्यं महाराष्ट्रीयभाषया ॥१६॥
मल्लवेशावथ प्रीतौ तौ हरिं चेत्यवोचताम् ।
प्रेक्ष्यमाणं निजैर्भक्तैः स्वाननाबद्धदृष्टिभिः ॥१७॥
मल्लयुद्धेन वाञ्छा नौ त्वां प्रसादयितुं प्रभो ! ।
अस्ति तस्मात्तवाज्ञा चेत्कुर्वावो युद्धमत्र तत् ॥१८॥

નાશ કરતી હતી. ॥૧૨॥

તે વખતે ત્યાં શ્યામ શરીરવાળા, રમણીય બાંધાના બે પુરુષો આવ્યા. શ્રીહરિનો ચરણસ્પર્શ કરીને ભક્તિભાવથી તેમને વંદન કર્યા. ॥૧૩॥

તે વેળાએ સુરત શહેરથી આવેલી બરફી કોઇ ભક્તે પ્રેમથી શ્રીહરિની આગળ મૂકી. પછી પ્રભુ શ્રીહરિ તે બરફી જમ્યા. ॥૧૪॥

પછી શ્રીહરિએ મલ્લના વેશમાં ત્યાં ઊભેલા પેલા બન્ને પુરુષોને પોતાની પ્રસાદી રૂપ સરસ બરફી આપી, જે બીજાને મળવી દુર્લભ હતી. ॥૧૫॥

પછી તે બન્ને જણે ઊભા રહીને જ બરફી ખાધી. ચાર વેદ અને શેષ આદિ જેની સ્તુતિ કરતા હોય છે તે પ્રભુ શ્રીહરિની સ્તુતિ તે બન્ને મરાઠી (મહાન રાષ્ટ્રની) ભાષામાં કરવા લાગ્યા. ॥૧૬॥

બધા ભક્તો શ્રીહરિના મુખારવિંદ સામે જ દૃષ્ટિ રાખીને જ્યારે દર્શન કરતા હતા ત્યારે પ્રસાદી મળવાથી પ્રસન્ન થયેલા, મલ્લના જેવા વેશમાં રહેલા તે બન્ને પુરુષોએ શ્રીહરિને વિનયથી કહ્યું. ॥૧૭॥

હે પ્રભો ! મલ્લ યુદ્ધ (ક્રીડા) કરીને અમે આપને પ્રસન્ન કરીએ એવી અમારા મનમાં ઇચ્છા છે, તો જો આપ આજ્ઞા આપો તો અમે અહીં મલ્લક્રીડા

स प्रैरयत्ततो राजन् ! रन्तुं तौ पाणिसंज्ञया ।
मल्लयुद्धमकुर्वातां तावथ क्रीडनोत्सुकौ ॥१९॥
अंसाभ्यां ताडयन्तौ तावंसौ राजन् ! परस्परम् ।
जानुनी चैव जानुभ्यां तौ युद्धं चक्रतुर्भृशम् ॥२०॥
राजन् ! पाणितलाभ्यां तौ बाह्वास्फालनमुद्बलौ ।
कुर्वन्तौ युद्धनैपुण्यौ जघ्नतुर्मुष्टिभिर्मिथः ॥२१॥
ततो नानाविधाभिस्तौ मल्लक्रीडाभिरुन्मदौ ।
श्रीहरिप्रीणनाकाङ्क्षौ बलीयांसावयुद्ध्यताम् ॥२२॥
व्यापन्नादस्तयो राजन् ! हस्तास्फालनसम्भवः ।
आकाशं च दिशः सर्वा वारिदस्तनयित्नुवत् ॥२३॥
अष्टबाहुमथैकं तं सभ्याः प्रैक्षन्त चेतरम् ।
युक्तं बाहुसहस्रेण प्राज्यतेजोविराजितम् ॥२४॥
विद्येथे हि युवां धन्यौ शब्दोऽभूदित्थमम्बरे ।

કરીએ. ॥૧૮॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ તે બન્નેને હાથના ઈશારાથી મલ્લક્રીડા કરવાની આજ્ઞા આપી. પછી મલ્લક્રીડામાં ઉત્સાહવાળા તે બન્નેએ ત્યાં મલ્લયુદ્ધ કર્યું. ॥૧૯॥

હે રાજન્ ! તે બન્ને પરસ્પર ખભાથી ઉપર પ્રહાર કરતા હતા. અને ઘૂંટણથી ઘૂંટણ ઉપર પ્રહાર કરીને ખૂબ જ મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ॥૨૦॥

હે રાજન્ ! તે બન્ને પોતાના હાથની હથેળીથી બાહુઓને ઠોકતા હતા અને યુદ્ધનિપુણ અધિક બળશાળી તેઓ મૂઠીઓ વાળીને એકબીજાને મારતા હતા. ॥૨૧॥

અત્યંત બળવાન અને મદમાતા તે બન્ને શ્રીહરિને રાજી કરવા ચાહતા હતા. આથી વિવિધ મલ્લ ક્રીડાઓથી લડવા લાગ્યા. ॥૨૨॥

હે રાજન્ ! તે બન્નેના અફળાતા હાથથી ઉત્પન્ન થયેલો મેઘગર્જના જેવો નાદ આકાશમાં અને બધી દિશાઓમાં વ્યાપી ગયો. ॥૨૩॥

સભામાં બેઠેલા ભક્તોએ તે સમયે એકને આઠ ભુજાઓ વાળો દેખ્યો અને બીજાને હજાર હાથવાળો તથા અપાર તેજથી સુશોભિત દેખ્યો. ॥૨૪॥

''તમને ધન્ય હો, ધન્ય હો,'' આવો અવાજ આકાશમાં થવા લાગ્યો અને

तं शृण्वति स्म सभ्यास्ते विस्मयाऽऽविष्टचेतसः ॥२५॥
तदा नन्दीश्वरारूढौ भस्मालिप्तकलेवरौ ।
पार्वतीशङ्करौ राजन् ! पश्यन्ति स्म सभासदः ॥२६॥
भूयस्यभ्रघटाऽथासीदाकाशे स्तनयित्नवः ।
यथा वाद्यारवाश्चाऽऽसन् विद्योतन्ते स्म विद्युतः ॥२७॥
जयशब्दो नमः शब्दो महांश्चासीत्तदाम्बरे ।
ततः शिरःपटं तस्मै वृषारूढाय सोऽदिशत् ॥२८॥
स प्रणम्याथ तं प्रीत्या मूर्ध्न्यधात्तं शिरःपटम् ।
उत्तीर्याऽथ वृषात्तस्मादायात्तत्र सह स्त्रिया ॥२९॥
अथ स्पृष्ट्वा हरेर्भक्त्या पादपद्मं शुभास्पदम् ।
साष्टाङ्गं सोऽनमद्राजन् ! पञ्चाङ्गं तस्य चाङ्गना ॥३०॥
स्वर्णसूत्रमथ प्रादाद्धरिः प्रावारमुत्तमम् ।

સભામાં બેઠેલા સંત હરિભક્તો પણ વિસ્મિત મનવાળા થઈને તે અવાજને સાંભળતા હતા. ॥૨૫॥

હે રાજન્ ! તે સમયે શરીર ઉપર ભસ્મ ચોળીને નંદી ઉપર બેઠેલા શ્રીશંકર અને પાર્વતીજી ત્યાં આવ્યા, તેમ સર્વ સભાસદોએ જોયું. ॥૨૬॥

તે સમયે આકાશમાં અપાર ઘાટા વાદળાં છાઈ ગયા. મેઘની ગર્જના, વાજિંત્ર વાગતા હોય તેમ થવા લાગી. અને વીજળી ઝબૂકવા લાગી. ॥૨૭॥

તે વખતે આકાશમાં 'જય જયકાર' અને 'નમસ્કાર' નો ધ્વનિ ઘણો ઊંચેથી થતો હતો. પછી શ્રીહરિએ પોતાના મસ્તક ઉપરની પાઘ વૃષારૂઢ શ્રીશંકરને આપી. ॥૨૮॥

શ્રીશંકરે પ્રેમથી શ્રીહરિને પ્રણામ કર્યા અને પ્રસાદીની પાઘ માથે ચઢાવી. પછી નંદી ઉપરથી નીચા ઉતરીને પાર્વતીજીની સાથે શ્રીશંકર શ્રીહરિની પાસે આવ્યા. ॥૨૯॥

હે રાજન્ ! શ્રીશંકરે સર્વ શુભાસ્પદ શ્રીહરિના ચરણોનો સ્પર્શ કર્યો અને સાષ્ટાંગ પ્રણામ કર્યા. દેવી પાર્વતીજીએ પંચાંગ પ્રણામ કર્યા. ॥૩૦॥

પછી શ્રીહરિએ સોનેરી તારવાળો સુંદર ખેસ દેવી પાર્વતીજીને આપ્યો. તે

तस्यै तौ चक्रतुः शूरौ मल्लयुद्धं तदा महत् ॥३१॥
स श्रीहरिस्ततो घोरं तयोर्युद्धं न्यवारयत् ।
प्रादादथाष्टहस्ताय प्रावारं स्वर्णबुट्टकम् ॥३२॥
बाहुसाहस्त्रयुक्ताय भूरिमूल्यमदात्ततः ।
नीशारं किन्नखापीयं दानशूरो हरिर्मुदा ॥३३॥
तावथाऽचलतां कृत्वा मल्लवद् बाहुताडनम् ।
उच्चैरुक्त्वा जय स्वामिनारायण इति द्रुतम् ॥३४॥
आरुह्याऽथ वृषं राजन् ! दम्पती तावगच्छताम् ।
सभ्यानां पश्यतां तेषां महाश्चर्यं समीयुषाम् ॥३५॥
ततो बोद्धुं भवत्तातस्तत्संञ्चारपथं नृप ! ।
प्रैरयद्भृगुजित्संज्ञं भृत्यं चालयसंज्ञितम् ॥३६॥
पृष्ठे गत्वाऽथ तौ तेषां नाऽज्ञासिष्टां हि तद्गतिम् ।
प्रोचतुस्तावथायातौ हरिं तेषामदृश्यताम् ॥३७॥
त्वत्तातोऽथेत्यपृच्छत्तं कौ नरौ तौ च दम्पती ।

સમયે તે મહાન્ શૂર બન્ને પુરુષ ઘણું ભયંકર મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ॥૩૧॥

પછી દાનશૂર શ્રીહરિએ તે બન્નેનું ઘોર મલ્લયુદ્ધ અટકાવ્યું. અને આઠ ભુજાવાળા પુરુષને સોનેરી બુટ્ટાવાળો ખેસ આપ્યો તથા હજારહાથવાળા પુરુષને પ્રેમથી ઘણો જ મોંઘો કિનખાબનો જામો આપ્યો. ॥૩૨-૩૩॥

પછી તે બન્ને શ્યામ પુરુષો મલ્લની જેમ પોતાના બાહુઓને ઠોકીને ઊંચેથી ''જય સ્વામિનારાયણ'' આમ બોલીને તત્કાળ ચાલતા થયા. ॥૩૪॥

હે રાજન્ ! બધી સભા આશ્ચર્ય પૂર્વક દેખી રહી હતી અને શ્રીશંકર તથા પાર્વતીજી નંદી ઉપર બેસીને ચાલતા થયા. ॥૩૫॥

હે નૃપ ! પછી તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીશંકરપાર્વતી અને પેલા બે શ્યામ પુરુષો કઈ બાજુ ગયા તે જાણવા માટે પાર્ષદ ભગુજીને અને સેવક અલૈયા ભક્તને તેમની પાછળ મોકલ્યા. ॥૩૬॥

તુરંત બન્ને તેમની પાછળ ગયા પણ તેઓ ક્યાં ગયા, તે જાણી શક્યા નહિ. પછી તેમણે પાછા આવીને શ્રીહરિને કહ્યું કે તેઓ તો અદૃશ્ય થઈ ગયા છે. ॥૩૭॥

आस्तामदृष्टपूर्वौ त्वं वक्तुमर्हसि मे प्रभो ! ॥३८॥
स प्राहाऽथेति तं वाक्यं भूपते ! कालभैरवः ।
वीरभद्रस्तथाऽत्राऽऽयान्मत्प्रेक्षोत्कण्ठमानसः ॥३९॥
मल्लयुद्धं विधायोग्रं तौ मां प्रीणयितुं ततः ।
गतौ मद्दर्शनानन्दौ निजस्थानं महीपते ! ॥४०॥
दम्पती तौ तथा राजन् ! पार्वतीशङ्करौ हि माम् ।
ईक्षितुं सकलाधीशं प्रीत्याऽत्राऽव्रजातां शुभौ ॥४१॥
सन्मते ! कपिलाषष्ठ्यां स्नातुं तौ श्रद्धयान्वितौ ।
एत्यात्रोन्मत्तगङ्गायां स्नात्वाऽगातां च वीक्ष्य माम् ॥४२॥
पीयूषवर्यमिति तस्य हरेरुदारं वाक्यं निशम्य रुचिरं सकलार्तिहारम् ।

તે પછી શ્રીદાદાખાચરે શ્રીહરિને પૂછ્યું કે તે બન્ને શ્યામ પુરુષ તે કોણ હતા? અને જે પતિપત્ની હતા તે કોણ હતા ? હે પ્રભો ! પેલા પુરુષ તો ક્યારેય ન જોયા હોય તેવા હતા, તો આપ અમને કહો. ॥૩૮॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ તેમને કહ્યું કે મારા દર્શન કરવાની મનમાં ઉત્કંઠા રાખનારા બે પુરુષોમાં જે આઠ ભુજાવાળો હતો તે કાળભૈરવ હતો અને જે હજાર હાથવાળો હતો તે વીરભદ્ર હતો. તે મારા દર્શન કરવા અહીંયાં આવ્યા હતા. ॥૩૯॥

હે મહીપતે ! કાળભૈરવ અને વીરભદ્ર, બન્ને મને રાજી કરવા માટે ઉગ્ર મલ્લયુદ્ધ કરીને મારા દર્શનથી આનંદિત થઈને પોતાને સ્થાને જતા રહ્યા છે. ॥૪૦॥

હે રાજન્ ! જે દંપતી, પતિપત્ની હતા તે તો શુભ શ્રીશંકર અને પાર્વતીજી હતા. સર્વજગતના અધિપતિ એવા મારા પ્રેમથી દર્શન કરવા માટે આવ્યા હતા. ॥૪૧॥

હે સન્મતે ! આજ કપિલા છઠને દિવસ શ્રદ્ધાળુ તે શ્રીશંકર અને પાર્વતીજીએ ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું અને અહીંયાં આવી મારા દર્શન કર્યા પછી જતા રહ્યા. ॥૪૨॥

હે નૃપતે ! શ્રીહરિની ઉદાર ભાવવાળી અને અમૃત કરતા પણ ઉત્તમ, સુંદર અને સર્વ પીડાઓને હરનારી વાણી સાંભળી ને તમારા પિતા શ્રીદાદાખાચરે પરમ પુરુષ આવા શ્રીહરિને વંદન કર્યા અને તે સભામાં બેઠેલા અન્ય સંત

प्रीतः पिता तव हरिं परमं ववन्दे तं प्राणमंश्च नृपते ! मुदिताः सदस्याः॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिदर्शनार्थं सगणशङ्करागमनादिनिरू पणं नाम षट्त्रिंशद-धिकशततमोऽध्यायः ॥१३६॥

अथ सप्तत्रिंशदधिकशततमोऽध्यायः

अमात्याक्रममालक्ष्य नृनाटनं व्यधाद्धरिः ।
सप्तत्रिंशद्विशेषेऽत्र शततमे समात्मदृक् ॥

श्रीचैतन्यानन्द उवाच –
राजदुर्गेऽत्र सद्वेद्यां ततो निम्बद्रुमादधः ।
आसनेऽङ्ग ! हरिर्युक्ते तूलिकाद्यैरुपाविशत् ॥१॥
तावदित्यशृणोद्राजन् ! भूपामात्यो हि सैन्ययुक् ।
आयात्यस्मिन्नजेयः स्वं जिघृक्षुर्दुर्गपत्तने ॥२॥
स पद्गेनाथ ते तातं जयां चाह्वापयद्धरिः ।

હરિભક્તોએ પણ પ્રણામ કર્યા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૬ સમાપ્ત

અધ્યાય-૧૩૭
શ્રીહરિની મનુષ્યલીલા અને દીવાન બાબા સાહેબ - ૧

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીદાદાખાચરના દરબારગઢમાં લીમડાના ઝાડની નીચે વેદિકાની ઉપર ગાદી તકિયાથી સજાવીને આસન બિછાવ્યું હતું, તે આસન ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧॥

હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ સાંભળ્યું કે ''ગાયકવાડ સરકારના અજેય ગણાતા દીવાન બાબા સાહેબ સેના લઈને પોતાને (શ્રીહરિને) પકડવા માટે અહીંયાં ગઢપુર આવે છે.'' ॥૨॥

પછી શ્રીહરિએ પાર્ષદને મોકલીને શ્રીદાદાખાચરને અને જીવુબા, લાડુબા

राजन्तीं ललितां चेशो नृनाट्यनेत्यथाऽब्रवीत् ॥३॥

मन्त्री राज्ञो गृहीतुं मां राजसेनासमन्वितः ।

अत्राऽऽयाति ततो यूयं मां गुप्तीकुरु त द्रुतम् ॥४॥

त्वत्तातोऽथ जयाद्यास्ता हरिं प्राञ्जलयो वचः ।

स्वेष्टदेवमिति प्राहुस्तद्विश्लेषासहिष्णवः ॥५॥

दीपोत्सवतिथौ स्वामिन् ! विधातव्यो महोत्सवः ।

इत्थं ललितया चित्ते निर्धारः श्रीहरे कृतः ॥६॥

नानाजानपदांस्तस्माद्भक्तान् मङ्गलपत्रिकाः ।

आह्वातुं प्रेषितास्ते तदत्रैष्यन्ति सहस्रशः ॥७॥

अस्मादह्नोऽस्ति सा पंचवासराऽन्तरिता तिथिः ।

तस्माद्भक्तेष्टसम्पूर्त्ते ! गुप्तीभाव्यं नहि त्वया ॥८॥

त्वयि प्रच्छन्नतां प्राप्ते सामर्थ्यं ते जनाः प्रभो ! ।

તથા રાજબાઈને તુરંત બોલાવ્યા. તેઓ આવ્યા પછી પરમેશ્વર શ્રીહરિએ મનુષ્ય ભાવે (માનવલીલા કરવા) તેમની આગળ આવી વાત કહી. ॥૩॥

"ગાયકવાડ સરકારના દીવાન બાબા સાહેબ લશ્કર લઈને મને પકડી લેવા માટે અહીં ગઢપુર આવી રહ્યા છે, માટે તમે મને તુરંત ક્યાંક સંતાડી દો." ॥૪॥

ત્યારે તમારા પિતા શ્રીદાદાખાચર અને જીવુબા આદિ જે શ્રીહરિના વિયોગને સહી શકે નહિ તેવા હતા, તેમણે હાથ જોડીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને કહ્યું. ॥૫॥

"હે સ્વામિન્ ! હે શ્રીહરે ! લાડુબાએ મનમાં નક્કી કર્યું છે કે આપણે દિવાળીએ મોટો સમૈયો (મહોત્સવ) કરવો છે, ॥૬॥

સત્સંગીઓને તેડાવવા માટે મંગલપત્રિકાઓ બધા દેશ-પ્રદેશોમાં મોકલી દીધી છે. તેથી દિવાળી ઉપર હજારો હરિભક્તો અહીં આવશે. ॥૭॥

આજથી દિવાળીના દિવસને વચ્ચે પાંચ દિવસ રહ્યા છે. માટે ભક્તોનું અભીષ્ટ પૂર્ણ કરનારા હે હરે ! આપે ક્યાંય છુપાવાનું, સંતાવાનું નથી. ॥૮॥

હે પ્રભો ! આપ જો ક્યાંય ગુપ્ત થઈ જશો, તો દુનિયામાં લોકો આપના

निन्दन्तश्चोपहासं ते विधास्यन्तेऽत्र भूतले ॥९॥

तैरित्युक्तेऽपि तद्वाक्यं हरिर्नाऽमन्यताच्युतः ।

प्राहाऽथैवं करीमाख्यं पदातिं स्वानुवर्तिनम् ॥१०॥

मुञ्जायोन्मत्तनामानौ तूर्णं कम्बलिनौ त्वया ।

अनः संयोज्य चानेयं सन्निधौ मे महामते ! ॥११॥

ततस्तेनाऽनडुद्युक्ते तत्राऽऽनीतेऽनसि प्रभुः ।

निषद्यैवाऽऽगमद्राजन् राधावाट्यन्तिकं हरिः ॥१२॥

अन्तिकेऽथ हरिस्तस्या वृत्तबुब्बुलभूरुहे ।

वक्रकण्टकवृक्षाणां स्तंबै राजन् समन्विते ॥१३॥

अनस्याऽऽमोच्य बध्नात्तावनड्वांसौ हरिर्नृप ! ।

तस्मिन्नास्तीर्य खटवायां न्यषीदत्तूलिकां वराम् ॥१४॥

अथेत्याज्ञापयत् पद्गान् बन्धूकीः पत्तयोऽखिलाः ।

સામર્થ્યની નિંદા કરીને મશ્કરી કરશે. ॥૯॥

તે સહુએ આમ કહ્યું, છતાં નિર્વિકારી શ્રીહરિએ કોઈની વાત માની નહિ અને પોતાનું કહ્યું કરનારા પાર્ષદ કરીમ ભક્તને એમ કહ્યું, ॥૧૦॥

હે મહામતે ! તમે મુંજડો અને ગાંડો, આ બે બળદને ગાડીએ જોડો. અને તે બળદ ગાડી તુરંત મારી પાસે લાવો. ॥૧૧॥

હે રાજન્ ! પછી શ્રીકરીમ ભક્તે બળદ ગાડી જોડીને તૈયાર કરી. પ્રભુ શ્રીહરિ પાસે લાવ્યા, એટલે સ્વયં પ્રભુ તે બળદ ગાડીમાં બેસી ગયા. પછી તેને હંકારીને રાધાવાડીને નજીક આવ્યા. ॥૧૨॥

હે રાજન્ ! તે રાધાવાડીને નજીક ગોળમટોળ ઘાટું બાવળનું ઝાડ હતું. તેની આસપાસ કાંટાળી બોરડીના ઘણા જાળાં હતાં. ॥૧૩॥

હે નૃપ ! ત્યાં બળદ ગાડી છોડાવી, બળદને એક બાજુ બંધાવ્યા. બાવળની નીચે ગાડી ઉપર ખાટલો ઢળાવ્યો. તેના ઉપર સારું ગાદલું પથરાવ્યું. પછી ત્યાં શ્રીહરિ વિરાજ્યા. ॥૧૪॥

પછી શ્રીહરિએ પાર્ષદોને આજ્ઞા કરી કે સહુએ બંદૂક તૈયાર રાખીને સાવધાનપણે મારી સમીપે રહેવું. તે પાર્ષદો અને તે રીતે જ તમારા પિતા ઈત્યાદિક

धृत्वा स्थेयं च युष्माभिर्मत्समीपेऽवधानतः ॥१५॥
ततः पद्गा हि भूयांसस्त्वत्ताताद्यास्तथेतरे ।
बन्धूक्याद्यायुधोपेतास्तस्थुस्तत्सेवने मुदा ॥१६॥
ततस्त्रासमिवापन्नो नृनाट्यानुकृतिर्हरिः ।
स प्राहेति कुरु ध्वं मां गुप्तं गुप्तं च मा चिरम् ॥१७॥
नानाविधानि भोज्यानि तत्र भुक्त्वाऽथ सोऽदिशत् ।
स्वप्रासादिकभोज्यानि पद्गादिभ्यो मुदा हरिः ॥१८॥
जयायाः स ततो ह्यग्रे ललितायाश्च स प्रभुः ।
राजन्त्याद्यङ्गनानां च भीतिवार्तां व्यधाद्भृशम् ॥१९॥
इत्थं तस्य हरेर्वार्तां मर्त्यनाट्यानुकारिणः ।
त्रस्तस्येव जयाद्यास्ता भृत्याः श्रुत्वाऽहसंस्तथा ॥२०॥
त्वत्तातोऽथेति तं राजा जयाद्याश्चोत्तमोऽङ्गनाः ।
एवं प्राञ्जलयो वाक्यं प्राहुस्तत्सक्तचेत्तसः ॥२१॥

બીજા પણ ઘણા ભક્તો ત્યાં બંદૂક આદિ હથિયારો લઈને ઉત્સાહથી શ્રીહરિની સેવામાં રહ્યા. ॥૧૫-૧૬॥

પછી શ્રીહરિએ મનુષ્ય લીલા કરીને ત્રાસી ગયા હોય તેમ બોલવા લાગ્યા કે ''મને સંતાડો, સંતાડો, મોડું ન કરો, જલદી કરો.'' ॥૧૭॥

શ્રીહરિ આવી મનુષ્ય લીલા કરતા હતા પણ તે સહુને માટે રસોઈની વ્યવસ્થા થઈ હતી. એટલે તેમાંથી અનેક જાતના ભોજન સ્વયં જમ્યા અને પોતાની પ્રસાદીરૂપ બીજી બધી રસોઇ શ્રીહરિએ પ્રેમથી પાર્ષદો આદિકને આપી. ॥૧૮॥

પછી પ્રભુ શ્રીહરિએ જીવુબા, લાડુબા અને રાજબાઈ આદિ સ્ત્રી ભક્તોની આગળ પોતે ખૂબ જ ડરી ગયા હોય તેવી વાતો કરી. ॥૧૯॥

આ પ્રમાણે મનુષ્ય લીલા કરી રહેલા શ્રીહરિએ પોતે ત્રાસી ગયા હોય તેવી કરેલી વાતોને સાંભળીને જીવુ આદિ તથા બીજા સેવકો હસવા લાગ્યા. ॥૨૦॥

તમારા પિતાશ્રી દરબાર દાદાખાચર અને જીવુબા આદિ એકાંતિક ભક્ત મહિલાઓ કે જેઓ શ્રીહરિના ભગવત્સ્વરૂપમાં મન પરોવી ચૂકેલા હતા. તે સહુએ શ્રીહરિની આગળ હાથ જોડ્યા અને બોલ્યા. ॥૨૧॥

मानुष्यं दर्शयन् भावं कालमायाद्यधीश्वरः ।
त्वं विडम्बयसि त्रस्तं स्वेच्छोपात्तनराकृतिः ॥२२॥
तथाप्येवावताराणां कारणं पुरुषोत्तमः ।
दिव्यैश्वर्यादिपाथोधिस्त्वं भवस्यक्षरात्परः ॥२३॥
हृदीत्थं नोऽस्ति ते स्वामिन् ! दृढीयान्निश्चयो हरे ! ।
कर्हिचित्स न वै नश्येद्वज्रोर्व्यां वज्रकीलयत् ॥२४॥
स इत्याकर्ण्य तद्वाक्यं तेष्वतिप्रीतमानसः ।
तत्सदाशयविद्राजन् स्मयन् प्राहेति तान् वचः ॥२५॥
किं विधास्यति सोऽमात्यो गणना तस्य नास्ति मे ।
तेन सार्द्धमहं शस्त्रैर्योद्धुं शक्तोऽस्मि सर्वदृक् ॥२६॥
शास्त्रवादैस्तथा सूक्ष्मैर्विचित्रैश्च दुरुत्तरैः ।
जेतुमस्मि क्षमो नूनं तं दुष्टं व्यभिचारिणम् ॥२७॥

આપ કાળ અને માયા આદિના અધીશ્વર છો અને સ્વેચ્છાથી મનુષ્યરૂપે પ્રકટ્યા છો, સહુને માનવભાવ બતાવીને આપ ડરી ગયા હોય તેવો દેખાવ કરો છો. ॥૨૨॥

છતાં પણ આપ અમારી સમજણ પ્રમાણે સર્વ અવતારોનું કારણ પુરુષોત્તમ છો, દિવ્ય ઐશ્વર્ય અને પ્રતાપ આદિના મહાસાગર છો અને પર એવા અક્ષરથી પણ પર છો. ॥૨૩॥

હે સ્વામિન્ ! હે હરે ! અમારા હૃદયમાં વજની ભૂમિમાં વજની ખીલીના જેવો આપના ભગવાનપણાનો દૃઢ નિશ્ચય છે. તે નિશ્ચય ક્યારેય ડગશે નહિ. ॥૨૪॥

હે રાજન્ ! શ્રીહરિ શ્રીદાદાખાચર વગેરેએ કહેલા વચનને સાંભળીને મનમાં ખૂબ જ રાજી થયા. તે સહુના શુદ્ધભાવને શ્રીહરિ જાણતા જ હતા. આથી પ્રસન્ન મુખે તે સહુને કહેવા લાગ્યા. ॥૨૫॥

બાબા સાહેબ દીવાન અમને શું કરશે ? મારા મનમાં તેની કાંઈ જ ગણતી નથી. સર્વદ્રષ્ટા હું તેની સાથે શસ્ત્રોથી લડાઈ કરી શકું છું. ॥૨૬॥

તે દુષ્ટ અને વ્યભિચારી દીવાનને, જેનો જલદી ઉત્તર આપી ન શકાય આવા અનેક પ્રકારના જીણવટ ભર્યા શાસ્ત્રાર્થ થી પણ હું જીતવા શક્તિમાન્ છું.

सन्धार्येत्थं ततः स्वामी सर्वात्मा सर्वदर्शनः ।
आह्वापयत्ततस्तूर्णं सर्वान् सत्संगिनो हरिः ॥२८॥
नानाजानपदान् भक्तानथाह्वापयितुं हरिः ।
पञ्चषष्टिमितान् भक्तान् प्रैरीरत् स्वानुवर्त्तिन ः ॥२९॥
तानथादीदपत् सर्वान् स प्रस्थद्वयसम्मितम् ।
गुडं प्राहेत्यथ प्रीत्या तानित्थं सद्वचोऽमृतम् ॥३०॥
युष्माभिस्तानिदं वाच्यं भक्तान् देशान्तरस्थितान् ।
नृपामात्येन सङ्ग्रामः श्रीहरेर्भविता समम् ॥३१॥
तस्माद्येषां भवेद्भीतिर्न मृत्योस्तैरिह द्रुतम् ।
दीपावल्यां किलाऽऽगम्यं सायुधैर्दुर्गपत्तनम् ॥३२॥
इत्युक्त्वा स स्वपादाब्जे तेषां वक्षस्स्वधान्मुदा ।
स प्राहाऽथेति तान् ध्यानं कुरु ध्वं मेऽतिमङ्गलम् ॥३३॥
ततस्ते श्रीहरेर्ध्यानं व्यधुस्तस्यातिशान्तिदम् ।

॥२७॥

સર્વના આત્મા અને સર્વદર્શી શ્રીહરિએ મનમાં આવો નિર્ણય કરીને પછી સર્વ સત્સંગીઓને તત્કાળ ગઢપુર બોલાવ્યા. ॥૨૮॥

શ્રીહરિએ અનેક પ્રદેશોમાં રહેતા ભક્તોને બોલાવવાનો સંદેશ પહોંચાડવા પાંસઠ આજ્ઞાપાલક ભક્તોને મોકલ્યા. ॥૨૯॥

સંદેશ લઈને જનારા પ્રત્યેક ભક્તને બશેર બશેર ગોળ અપાવ્યો અને પ્રેમથી અમૃત સમાન શુભ વચન કહ્યું. ॥૩૦॥

દેશાંતરમાં રહેલા ભક્તોને તમારે આટલું કહેવું કે ''બાબા સાહેબ દીવાનની સાથે શ્રીહરિને સંગ્રામ થશે. ॥૩૧॥

માટે જેને મૃત્યુનો ભય ન હોય તેમણે હથિયાર લઈને દિવાળી ઉપર તત્કાળ ગઢપુર આવવું.'' ॥૩૨॥

આટલું કહીને તે પાંસઠેય ભક્તોની છાતીમાં પોતાના ચરણકમળ પ્રેમથી ચાંપી દીધા અને પછી તે સહુને કહ્યું કે તમે મારું મંગળમય ધ્યાન કરો. ॥૩૩॥

પછી તે સહુએ અત્યંત શાંતિ આપનારું શ્રીહરિનું ધ્યાન કર્યું. વળી ફરીવાર

स प्राहाऽथेति तान् वातं स्मरध्वं यूयमञ्जसा ॥३४॥
तेनेत्युक्ताः समग्रास्ते समीरं सस्मरु र्मुदा ।
अथाऽऽगच्छन्मरु न्मूर्त्तस्तत्र तद्दर्शनोत्सुकः ॥३५॥
राजन् कृतप्रणामं तं श्रीहरिः स ततो विभुः ।
तूर्णं देशान्तराण्येतान् प्रापयैवं ह्यजिज्ञपत् ॥३६॥
तेनेत्थं वायुराज्ञप्तः प्राविशत्तेषु सत्वरम् ।
प्रेक्षितस्तैर्वदन्नुच्चैः स्वामिनारायणाभिधाम् ॥३७॥
ततस्ते सर्वशः प्राप्ता गतेर्वेगं महत्तरम् ।
अष्टदिक्ष्वतिरंहोयुग्धावनं युगपद्व्यधुः ॥३८॥
अथ स्थित्वाऽनसि श्रेष्ठैस्तूलिकाद्यैः स संयुते ।
पार्षदाद्यन्वितः सायं राजदुर्गमुपागमत् ॥३९॥
पार्षदं भृगुजित्संज्ञमथाऽऽहूयेत्यजिज्ञपत् ।
शीघ्रं जानपदा भक्ता अत्राऽऽयास्यन्ति भूरिशः ॥४०॥

કહ્યું કે તમે બરોબર રીતે વાયુદેવને સંભારો. ॥૩૪॥

ત્યારે તે સમગ્ર ભક્તોએ પ્રેમથી વાયુદેવને સંભાર્યા. પછી સાક્ષાત્ શ્રીહરિના દર્શન કરવામાં ઉત્સાહી વાયુદેવ મૂર્તિમાન્ ત્યાં આવી પહોંચ્યા. ॥૩૫॥

હે રાજન્ ! મહાન્ શક્તિમાન્ શ્રીહરિએ પોતાને પ્રણામ કરતા વાયુદેવને આજ્ઞા કરતા કહ્યું કે મારા આ બધા ભક્તોને જેને જ્યાં જવાનું છે તેને ત્યાં દેશાંતરમાં તમે પહોંચતા કરી દો. ॥૩૬॥

શ્રીહરિએ આવી આજ્ઞા કરી એટલે તે સહુ દેખે તે રીતે વાયુદેવે તત્કાળ ઊંચેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ આમ બોલીને તે ભક્તોમાં પ્રવેશ કર્યો. ॥૩૭॥

પછી તે સંદેશ પહોંચાડવા જતા સર્વ ભક્તોની ગતિમાં ઘણો જ વેગ આવ્યો. અને આઠેય દિશાઓમાં એક સાથે તે બધા વેગથી દોડવા લાગ્યા. ॥૩૮॥

આ બાજુ શ્રીહરિ ગાદી તકિયાથી સજાવેલી ગાડીમાં બેઠા અને પાર્ષદો વગેરેને સાથે લીધા. પછી સાયંકાળે શ્રીદાદાખાચરના દરબાર ગઢમાં પધાર્યા. ॥૩૯॥

પછી શ્રીહરિએ પાર્ષદ શ્રીભગુજીને બોલાવ્યા. અને તેમને આજ્ઞા કરતા

कारणीयं त्वया तस्माद्विस्तीर्णं हि सभास्पदम् ।
छायार्थं बन्धनीयानि सद्वितानानि तत्र वै ॥४१॥
तत्रोच्चकैश्चतुःस्तम्भो विधाप्यो मञ्च उत्तमः ।
स्थाप्यस्तत्र महापट्टो ह्युपवेष्टुं ममानुग ! ॥४२॥
यत्रत्यान्यथ गेहानि गृहीतान्यत्र मन्दिरे ।
स तत्रोच्चैर्महामञ्चं चतुःस्तम्भं व्यधापयत् ॥४३॥
यत्र भीमजिदाख्येन स्वीकृतोऽस्त्यधिकारिणा ।
विस्तीर्णश्चायतो दुर्गो भूमिपाल ! मनोहरः ॥४४॥
तत्पर्यन्तं तलं भूमेः समं रम्यं समोचितम् ।
विधाप्याऽबन्धयत्तत्र स चोल्लोचं मनोरमम् ॥४५॥
सर्वत्र तत्र हि वितानवराणि राजन् ! छायार्थमुत्सुकतरः समबन्धयत् सः।
संसत्स्थलं स हि ततः परिमार्जयित्वा शुद्धं व्यधापयदतिप्रवरं नरेन्द्र !॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

---

કહ્યું કે દેશાવરોમાંથી ઘણા હરિભક્તો અહીંયાં તત્કાળ આવશે. ॥૪૦॥

માટે તમે એક વિશાળ સભામંડપ તૈયાર કરો. મંડપમાં ઉપરના ભાગમાં છાયા માટે સારો ચંદરવો બંધાવજો. ॥૪૧॥

સભામંડપમાં ચાર થાંભલા ઉપર એક સારો મંચ કરાવજો. હે અનુગ ! અને તેના ઉપર મારે બેસવાની મોટી પાટ ગોઠવજો. ॥૪૨॥

હે ભૂમિપાલ ! કોઠારી શ્રીભીમજીભાઈએ ઘણા સમય પછી જે મકાનો મંદિરમાં લઈ લીધા છે. અને ઘણો મોટો લાંબો અને પહોળો વંડો વાળ્યો છે (ભીમજીભાઈનો વંડો) તે જમીન ઉપર શ્રીભગુજીએ ચાર થાંભલાવાળો એક મોટો ઊંચો મંચ તૈયાર કરાવ્યો. ॥૪૩-૪૪॥

સભા સારી રીતે બેસી શકે તેમ જમીનનું બધું તળિયું સરખું, સભાને યોગ્ય અને સુંદર કરાવ્યું. ॥૪૫॥

હે રાજન્ ! અતિશય ઉત્સાહી શ્રીભગુજીએ ત્યાં ચોતરફ છાયા માટે મોટા મોટા ચંદરવાઓ બંધાવી દીધા. હે નરેન્દ્ર ! પછી તે સર્વશ્રેષ્ઠ સભા સ્થળને વાળી, પાણી છાંટીને શુદ્ધ કરાવી દીધું. ॥૪૬॥

माहात्म्ये श्रीहरिकृतचमत्कारयुक्तमानुष्यलीलानिरू पणं नाम सप्तत्रिंशद-धिकशततमोऽध्यायः ॥१३७॥

अथाऽष्टात्रिंशदधिकशततमोऽध्यायः

अष्टात्रिंशद्विशेषेऽत्र शततमे हरिर्जगौ ।
लब्धं जीवं चोत्तमेन पृष्ट्वाऽऽदिष्टंतु मन्त्रिणे ॥

श्रीचैतन्यानन्द उवाच -
ऊर्जस्याथाऽऽदिमे पक्षे राजंश्चैकादशीतिथौ ।
नानाजानपदा भक्ता अत्राऽऽयन् हि सहस्रशः ॥१॥
राजदुर्गे तदा तस्मिन् भवत्तातस्य भूभुजः ।
गर्भागारबहिर्वेद्यां न्यषीदत्स्वासने हरिः ॥२॥
तेऽथ प्रणम्य साष्टाङ्गं स्वामिनारायणं हरिम् ।
प्राप्य गङ्गाम्बु दावार्त्ताः शान्तिं प्रापुरिव द्विपाः ॥३॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૭ સમાપ્ત

અધ્યાય-૧૩૮

શ્રીહરિની મનુષ્યલીલા અને દીવાન બાબા સાહેબ-૨

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી કાર્તિક સુદિ એકાદશીની તિથિએ અનેક પ્રદેશોમાં રહેનારા હજારો હરિભક્તો અહીંયાં ગઢપુરમાં આવ્યા. ॥૧॥

તે સમયે શ્રીહરિ દરબારગઢમાં તમારા પિતા શ્રીદાદાખાચરના (ઉત્તરદાબારના પશ્ચિમ તરફના) ઓરડની ઓસરીમાં પોતાના આસન ઉપર વિરાજ્યા હતા. ॥૨॥

દાવાનળથી દાઝેલા હાથીઓને ગંગાજળ મળેને શાંતિ થાય તેમ બહાર પ્રદેશોમાંથી આવેલા ભક્તો ભગવાન્ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિની પાસે આવ્યા, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શાંતિ પામ્યા. ॥૩॥

अथेक्षाभाषणस्मेरैरावासादिप्रदापनैः ।
हरिस्तेषां यथायोग्यं व्यधात्सम्भावनां विभुः ॥४॥
भूपतिं जीववर्माणं त्वत्तातस्याऽथ स प्रभुः ।
अमात्यं चैव लब्धाख्यं तूर्णमाह्वापयन्नृप ! ॥५॥
तावथेत्यब्रवीद्वाक्यं सुधासारं शुभं हरिः ।
इह प्रातर्नृपाऽमात्यो योद्धुमेवाऽऽगमिष्यति ॥६॥
प्रत्युद्गम्यं ततः प्रातर्युवाभ्यां तं महाधियौ ! ।
वाच्यमित्थमथैवं तं युवाभ्यां सेनयान्वितम् ॥७॥
योद्धव्यं चेत्त्वया शस्त्रैः सज्जाः स्मो वै तदा वयम् ।
आगमैस्ते युयुत्सा चेत्तर्ह्यपि स्मो हि तत्पराः ॥८॥
तावित्याकर्ण्य तद्वाचं प्रेक्षमाणौ परस्परम् ।
विस्मितौ चक्रतुर्हास्यं तर्कयन्तौ विचक्षणौ ॥९॥
जीववर्माऽथ तत्रैवं प्राह वक्तुं तमार्त्तिहन् ! ।

આવેલા બધા જ ભક્તોની મહાસમર્થ શ્રીહરિએ, પ્રેમભરી દૃષ્ટિથી દેખીને, મુખથી બોલાવીને, સન્મુખ પ્રેમથી હસીને અને ઉતારો આપવો, ઇત્યાદિકથી યથોચિત રીતે સંભાવના કરી. ॥૪॥

હે નૃપ ! પછી શ્રીહરિએ દરબાર શ્રીજીવાખાચરને અને શ્રીદાદાખાચરના કારભારી શ્રીલાધા ઠક્કરને તુરંત પોતાની પાસે બોલાવ્યા. ॥૫॥

તે બન્ને આવ્યા ત્યારે શ્રીહરિએ તે બન્ને આગળ અમૃતના જેવું શુભ વચન કહ્યું, "આવતી કાલે સવારે ગાયકવાડના દીવાન બાબા સાહેબ લડવા આવશે" ॥૬॥

હે મહાન્ બુદ્ધિશાળી સજ્જનો ! તમારે બન્નેએ સવારે તેમની સામે જવું. અને તે દીવાનજીને તમારે કહેવું કે જો તમારે લશ્કર લાવીને અહીં લડાઇ કરવી હોય તો અમે શસ્ત્ર સામગ્રીથી લડવા તૈયાર છીએ અને શાસ્ત્ર લઇને ધાર્મિક ચર્ચા કરવી હોય તો પણ અમે તૈયાર છીએ. ॥૭-૮॥

શ્રીજીવાખાચર અને શ્રીલાધા ઠક્કર વિચક્ષણ હતા. શ્રીહરિની વાત સાંભળીને વિસ્મય પામ્યા. પરસ્પર સામે જોયું અને તર્ક કરીને હસવા લાગ્યા. ॥૯॥

प्रयास्यावो यदा तत्र मृत्युर्भाव्यस्तदाऽऽवयोः ॥१०॥
सोऽथवोग्रो हरे ! ह्यावां कारागारे निरोत्स्यति ।
हरिस्तेनेति सम्प्रोक्तस्ताभ्यामित्यब्रवीद्वचः ॥११॥
युवां मां कीदृशं दक्षौ जानीतः कर्तुमञ्जसा ।
सर्वं कार्यं नु कः शक्तस्तौ तमित्याहतुस्ततः ॥१२॥
सर्वेषामवताराणां कारणं पुरुषोत्तमः ।
स्वामिनारायणः साक्षाद्वर्तसे चाक्षरात्परः ॥१३॥
ब्रह्माण्डानामसङ्ख्यानां सर्गस्थित्यन्तकारणम् ।
सर्वमन्यैरशक्यं त्वं कार्यं कर्तुं ह्यसि क्षमः ॥१४॥
इत्थं त्वन्निश्चयः स्वामिन् ! दृढीयान्नौ हि वर्तते ।
तथाप्येतत्तु कृत्यं नौ कर्तुं नोत्सहते मनः ॥१५॥
स इत्थं तद्वचः श्रुत्वा सर्वहार्दविदच्युतः ।
मन्दं मन्दं जहासाऽऽस्ये दधानो नक्तकं हरिः ॥१६॥

અને શ્રીજીવાખાચરે ત્યારે એમ કહ્યું કે "હે પીડા હરનારા હરે ! અમે જો આપે કહ્યો તેવો સંદેશ આપવા માટે બાબા સાહેબ પાસે જાઈએ તો અમારું મોત જ થાય. ॥૧૦॥

હે હરે ! જો અમારું મોત ન કરે તો અમને બન્નેને પકડીને જેલમાં પૂરી દે." તે બન્નેએ શ્રીહરિની આગળ આવી વાત કહી ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ॥૧૧॥

હે દક્ષ પુરુષો ! "તમે મને કેવો જાણો છો ? આ સંસારનું બધું કાર્ય કોણ કરી શકે છે ?" ત્યારે તે બન્નેએ શ્રીહરિને કહ્યું. ॥૧૨॥

"આપ સર્વ અવતારોનું કારણ પુરુષોત્તમ છો. સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ આપ અક્ષરથી પણ પર છો. ॥૧૩॥

અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા આપ છો. બીજાથી ન થાય તેવું બધું કાર્ય આપ કરી શકો છો. ॥૧૪॥

હે સ્વામિન્ ! આપના સ્વરૂપનો આવો દૃઢ નિશ્ચય અમારા હૃદયમાં છે, છતાં પણ આપ કહો છો તેમ કરવા અમારું મન ઉત્સાહિત નથી." ॥૧૫॥

તે બન્નેને મુખે આવી વાત સાંભળીને સર્વના હૃદ્ગત અભિપ્રાયને જાણનારા

ततः कारुण्ययुग्दृष्ट्या सोऽपश्यत्तां महासभाम् ।
स्थितं तत्राऽथ ते तातं प्रैक्षत स्वानुरागिणम् ॥१७॥
बद्धाञ्जलिस्ततस्तस्याः सभायास्तूर्णमुत्थितः ।
तं पिता तेऽब्रवीत् प्रीत्या वाक्यमित्थं मनोहरम् ॥१८॥
त्वदाज्ञापालनोद्युक्तं त्वत्सेवासक्तमानसम् ।
चिकीर्षितं त्वया कार्यं मां त्वमाज्ञापय प्रभो ! ॥१९॥
सोऽतिप्रीतोऽथ तं दक्षं राजन्नित्थमजिज्ञपत् ।
अत्राऽऽगमिष्यति प्रातर्नृपामात्यो युयुत्सया ॥२०॥
तस्य त्वया ससैन्यस्य प्रत्युद्गम्यं महौजसः ।
इत्थं तं मानिनं वाक्यं वाच्यं मद्वैरिणं नृप ! ॥२१॥
शस्त्रैर्योद्धुं तवेच्छा चेत्तथा शास्त्रैरतिक्षमः ।

નિર્વિકાર શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મંદ મંદ હસવા લાગ્યા. ॥૧૬॥

પછી શ્રીહરિએ કરુણાભરી નજરથી તે મહાસભા સામે જોયું. ત્યારે તેમાં પોતાના સ્વરૂપમાં અત્યંત પ્રેમ રાખનારા તમારા પિતા શ્રીદાદાખાચરની સામે જોયું. ॥૧૭॥

ત્યારે તેઓ બે હાથ જોડીને સભામાંથી સત્વરે ઊભા થયા, અને તેમણે શ્રીહરિને પ્રેમથી આવું મનોહર વચન કહ્યું. ॥૧૮॥

હે પ્રભો ! હું આપની આજ્ઞા પાળવા માટે તૈયાર છું. આપની સેવા કરવામાં મારું મન જોડાયેલું જ છે, આપને જે કાંઇ કામ કરવાની ઇચ્છા હોય, તે મને આજ્ઞા આપો. ॥૧૯॥

હે રાજન્ ! પછી રાજી થયેલા શ્રીહરિએ વિચક્ષણ શ્રીદાદાખાચરને એમ કહ્યું કે ગાયકવાડના દીવાન બાબાસાહેબ સવારમાં જ લડાઇ કરવા અહીંયાં આવશે. ॥૨૦॥

હે નૃપ ! તે બાબા સાહેબ દીવાન મહાન પ્રતાપી છે સેનાને લઇને આવે છે. તમારે તેની સામે જવાનું છે. તે મારા વૈરી અને અતિ માની દીવાનને મારો હું કહું તે સંદેશ પહોંચાડવાનો છે. ॥૨૧॥

તેમને કહેજો કે ''તમારે શસ્ત્રોથી યુદ્ધ કરવું હોય અથવા શાસ્ત્રોથી શાસ્ત્રાર્થ

स्वामिनारायणः साक्षाद्वर्त्तते श्रीहरिर्ध्रुवम् ॥२२॥
अथाऽधान्मूर्ध्नि तस्याऽऽज्ञां स तातस्ते हरिप्रियः ।
इत्थं ततोऽवदद्वाक्यं स स्मयन्मधुरं शुभम् ॥२३॥
किन्नु त्रासविचारस्ते भक्तयोरेतयोरिव ।
वर्ततेऽथेत्यवोचत्तं प्राञ्जलिः स प्रियंवदः ॥२४॥
नास्ति भीतिवितर्को मे त्वं लज्जारक्षको यतः ।
देहोऽयं प्राकृतः स्वामिन् ! वर्तते क्षणभङ्गुरः ॥२५॥
तेन कार्यं त्वदाज्ञप्तं यत्स्यात्तन्मे हितावहम् ।
महाभाग्यं तदेवाऽहं मन्ये भक्तावनोद्यत ! ॥२६॥
इत्याश्रुत्य स तद्वाक्यं महानन्दं गतो हरिः ।
अस्वजत्तं तदीयेऽधाद्वक्षसि स्वे पदाम्बुजे ॥२७॥
स्वर्णसूत्राणि सर्वाणि धृतानि स्वेन स प्रभुः ।

કરવો હોય, બન્ને રીતે સાક્ષાત્ સ્વામિનારાયણ શ્રીહરિ યુદ્ધ અથવા શાસ્ત્રાર્થ કરવા તૈયાર અને સશક્ત છે.'' ॥૨૨॥

શ્રીહરિના વહાલા અથવા શ્રીહરિ જેને વહાલા છે એવા શ્રીદાદાખાચરે શ્રીહરિની આજ્ઞાને શિરોધાર્ય કરી. ત્યારે મુખથી મધુર હસીને શ્રીહરિએ તેમને શુભ વચન કહ્યું. ॥૨૩॥

''આ બન્ને ભક્તની જેમ તમારા હૃદયમાં શું ત્રાસ - ભયનો કાંઇ જ વિચાર નથી આવતો'' ? ત્યારે પ્રિયવચન બોલતા શ્રીદાદાખાચરે હાથ જોડ્યા - અને બોલ્યા, ॥૨૪॥

''મારા મનમાં ભયની કલ્પના પણ થતી નથી. કારણ કે લાજ રાખનારા તો આપ છો ને ? હે સ્વામિન્ ! આ ભૌતિક શરીર તો ક્ષણ ભંગુર છે. ॥૨૫॥

તો આ શરીરથી આપની આજ્ઞા જેટલી પળાય તેટલું જ મારું હિતકર છે. ભક્ત રક્ષા માટે તત્પર રહેનારા હે શ્રીહરે ! આપની આજ્ઞા મારાથી જે પળાય છે તે જ મારું મહાન્ ભાગ્ય છે, એમ હું માનું છું.'' ॥૨૬॥

શ્રીદાદાખાચરનું આવું વેણ સાંભળીને શ્રીહરિ ખૂબ જ રાજી થયા. તેને ભુજાઓમાં ભીડીને ભેટ્યા અને છાતીમાં પોતાના ચરણારવિંદ ચાંપ્યા. ॥૨૭॥

भूरिमूल्यानि वस्त्राणि प्रादात्तस्मै महाधिये ॥२८॥
कट्टारं सोऽदिशत्तस्मै महार्हं स्वर्णभास्वरम् ।
सत्सुदर्शनवद्वैरिनाशकृच्चासिमुत्तमम् ॥२९॥
सादींश्च द्वे शते कङ्कान् पदातींश्च शतत्रयम् ।
गन्तुं शस्त्रभृतः शूरांस्तेन सार्द्धमजिज्ञपत् ॥३०॥
प्रत्युद्गन्तुं ततो राजन् ! नृपामात्यं स तं हरिः ।
स्वप्रेयांसं भवत्तातं स्वाज्ञासक्तं व्यजिज्ञपत् ॥३१॥
तदैवाऽऽगत्य भूयांसो भक्तास्तं चेत्यजिज्ञपन् ।
नानाजानपदा भक्ता अत्राऽऽयान्ति सहस्रशः ॥३२॥
शूरा ! सहस्रशो भक्ता यौवनाश्वादयस्तथा ।
प्रभातेऽत्राऽऽगमिष्यन्ति नानाशस्त्रधरा हरे ! ॥३३॥
हरिः पद्गैस्ततो युक्तश्चट्चटध्वनिपादुकः ।
राजन् ! प्राप्याक्षरं सौधं योगनिद्रामुपाददे ॥३४॥

પ્રભુ શ્રીહરિએ સોનાના તારવાળા જે ઘણા મોંઘા વસ્ત્ર પહેર્યા હતા તે બધા ઉતારીને તે મહાન્ વિચક્ષણ શ્રીદાદાખાચરને આપી દીધા. ॥૨૮॥

અને ઘણી કિંમતી સોના જેવી ચમકતી એક કટાર આપી. તેમ જ સુદર્શન ચક્રની જેમ શત્રુઓનો નાશ કરે તેવી સર્વોત્તમ એક તલવાર પણ આપી. ॥૨૯॥

બસો જેટલા શસ્ત્રધારી કાઠી દરબારો અને ત્રણસો જેટલા શૂરવીર હથિયાર ધારી પાર્ષદોને શ્રીદાદાખાચરની સાથે જવા માટે શ્રીહરિએ આજ્ઞા કરી. ॥૩૦॥

હે રાજન્ ! આ પ્રમાણે તમારા પિતા અને પોતાના અત્યંત વહાલા, આજ્ઞાકારી શિષ્ય શ્રીદાદાખાચરને ગાયકવાડ સરકારના દીવાનની સામે જવા આજ્ઞા આપી. ॥૩૧॥

તે વેળાએ ઘણા હરિભક્તોએ શ્રીહરિની પાસે આવીને સમાચાર આપ્યા કે મહારાજ ! અનેક પ્રદેશોમાંથી હજારો હરિભક્તો અહીંયાં આવી રહ્યા છે. ॥૩૨॥

તે શ્રીજોબન પગી વગેરે હજારો શૂરવીર હથિયારધારી ભક્તો સવારમાં જ અહીં આવી જશે. ॥૩૩॥

હે રાજન્ ! આવા સમાચાર સાંભળ્યા પછી થોડા સેવક પાર્ષદોને સાથે

द्वितीयेऽथाऽह्नि ते प्रातर्भक्तास्तद्दर्शनोत्सुकाः ।
गोपुरे राजदुर्गस्य हेतिमन्तोऽवतस्थिरे ॥३५॥
राजन् ! गोपुरपालस्तु श्रीहरिं चेत्यजिज्ञपत् ।
गोपुरे सायुधा भक्ताः स्थिताः सन्ति सहस्रशः ॥३६॥
आगच्छेयुरिहाज्ञा चेत्तव स्वामिंस्तदैव ते ।
आयान्त्वत्रेति ते चाज्ञां सोऽकरोद्भूपते ! हरिः ॥३७॥
तेनाथाऽऽज्ञापिते तस्य निदेशे तेऽखिला मुदा ।
प्राप्य तत्सन्निधिं प्रेष्ठं तं साष्टाङ्गं ववन्दिरे ॥३८॥
सम्भावनां ततस्तेषां निवासादिप्रदापनैः ।
विधाय श्रीहरिश्चैवं नित्यानन्दमजिज्ञपत् ॥३९॥
त्वयेत्थं वाच्यमेतेभ्यो भक्तेभ्यो बुद्धिमत्तर ! ।

લઈને ચાખડીઓ નો ચટાક્ ચટાક્ અવાજ કરતાં કરતાં શ્રીહરિ અક્ષર ઓરડીએ પધાર્યા અને યોગનિદ્રા સ્વીકારી અર્થાત્ સૂઈ ગયા. ॥૩૪॥

પછી બીજે દિવસ સવારના પહોરમાં શ્રીહરિના દર્શન કરવા માટે ઉત્સાહી તે હથિયારધારી ભક્તો શ્રીદાદાખાચરના દરબારગઢને દરવાજે આવીને ઊભા રહ્યા. ॥૩૫॥

હે રાજન્ ! દરવાણીએ આવીને શ્રીહરિને ખબર આપ્યા કે હજારો હથિયારધારી ભક્તો દરવાજે ઊભા છે. ॥૩૬॥

હે સ્વામિન્ ! જો આપ આજ્ઞા આપો તો તે સહુ ભક્તો અહીં આપની પાસે આવે. હે ભૂપતે ! ત્યારે શ્રીહરિએ કહ્યું, ''ભલે આવે'' આમ આવવાની આજ્ઞા કરી. ॥૩૭॥

શ્રીહરિએ આવવાની આજ્ઞા આપી ત્યારે તેમની આજ્ઞામાં જ રહેતા તે બધા હરિભક્તો પોતાના પ્રિય શ્રીહરિની પાસે આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ॥૩૮॥

આવેલા તે બધા મહેમાન હરિભક્તોની શ્રીહરિએ ઉતારા આપવા વગેરેથી સંભાવના કરી. અને તે પછી શ્રીનિત્યાનંદ સ્વામીને આજ્ઞા કરી. ॥૩૯॥

હે અત્યંત બુદ્ધિમાન ! તમે આવેલા આ સર્વ ભક્તોને કહો કે તમે સહુ

प्रातर्युष्माभिरागम्यं सभास्थानं धृताऽऽयुधैः ॥४०॥
नित्यानन्दोऽथ सद्वर्यस्तांस्तथाऽजिज्ञपन्मुदा ।
ते निवासेष्वथाऽशेषा भक्ता हर्याज्ञयाऽवसन् ॥४१॥
अथ हरिरखिलावतारहेतुर्निजजनरक्षणतत्परो दयालुः ।
अकृत मुनिवरैः शुभां स वार्तां सह निजपादरतैः सुधावरिष्ठाम् ॥४२॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतचमत्कारयुक्तदिव्यलीलानिरूपणं नाम अष्टात्रिंशदधिकशततमोऽध्यायः ॥१३८॥

अथैकोनचत्वारिंशदधिकशततमोऽध्यायः

शततमे नवत्रिंशदधिके चोत्तमो नृपः ।
अमात्याममिलत्तेन हार्दोऽभूत्तत्पराभवः ॥

श्रीचैतन्यानन्द उवाच -

સવારમાં હથિયાર લઈને સભા સ્થાને આવજો. ॥૪૦॥

પછી મુનિવર્ય શ્રીનિત્યાનંદ સ્વામીએ સર્વ હરિભક્તોને શ્રીહરિની ઉપર કહી તે આજ્ઞા સંભળાવી દીધી. તે પછી બધા હરિભક્તો પણ પોતપોતાને ઉતારે રહ્યા. ॥૪૧॥

પછી સર્વ અવતારોના હેતુ અને પોતાના ભક્તોની રક્ષા કરવા માટે તત્પર રહેતા દયાળુ શ્રીહરિએ પોતાના ચરણારવિંદમાં હેત રાખનારા સંતોની સાથે બેસીને અમૃતના જેવી સર્વોત્તમ જ્ઞાન વાર્તાઓ કરી. ॥૪૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૮ સમાપ્ત

અધ્યાય-૧૩૯

શ્રીદાદાખાચર દીવાન બાબા સાહેબને મળ્યા અને દીવાનનો માનસ પરાજય

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી વળતે દિવસ સવારમાં

ततो राजन् ! हरिः प्रातर्व्यधान्नित्यविधिं निजम् ।
अथ क्षौमाणि वस्त्राणि त्वत्पिता तं व्यदीधपत् ॥१॥
बबन्धाऽसिं वरीयांसं हरिः कट्यां दृढं ततः ।
बाणपूर्णं च तूणीरं चापं चर्म तथाऽदधात् ॥२॥
ततो माणिक्यवर्णाश्वां सार्द्धमारुह्य सादिभिः ।
पद्गाद्यैश्चाऽव्रजद्रम्यं सभास्थानं हरिर्वृतः ॥३॥
उत्तीर्याथ हरिस्तस्या मञ्चमारुक्षदुच्चकैः ।
तत्र युक्ते महापट्टे न्यषीदत्तूलिकादिभिः ॥४॥
सन्तस्तत्राऽऽगतास्तावद्भक्ताश्चान्ये सहस्रशः ।
नत्वा शस्त्राणि बिभ्राणा निषेदुस्तत्र तं हरिम् ॥५॥
अथ श्रीहरिणाऽऽदिष्टो मुक्तानन्दो महामुनिः ।
ब्रह्मानन्दश्च सद्वर्यः प्रेमानन्दाभिधस्तथा ॥६॥
त्रयस्ते गीतिनैपुण्या नानावाद्यानि सत्तमाः ।

શ્રીહરિએ પોતાનું નિત્યકર્મ કર્યું. પછી તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીહરિને બધા રેશમી વસ્ત્ર પહેરાવ્યા. ॥૧॥

પછી શ્રીહરિએ કમર ઉપર શ્રેષ્ઠ તલવારને દંઢપણે બાંધી. બાણોથી ભરેલો ભાથો લીધો. ધનુષ્ય અને ઢાલ પણ ધારણ કર્યા. ॥૨॥

પછી માણકી ઘોડી ઉપર સવાર થયા. ઘોડેસવારો અને પાર્ષદોથી વીંટાયા થકાં રમણીય સભા સ્થાને પધાર્યા. ॥૩॥

ત્યાં માણકીએથી નીચા ઊતર્યા. અને ઊંચા મંચ ઉપર ચઢ્યા. મોટી પાટ ઉપર ગાદી તકિયો મૂકીને સુંદર આસન બિછાવ્યું હતું. તેના ઉપર સ્વયં વિરાજ્યા. ॥૪॥

તેવા સમયમાં સંતો ત્યાં આવ્યા અને હજારો બીજા હરિભક્તો શસ્ત્ર ધારીને આવ્યા હતા તે પણ શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં બેઠા. ॥૫॥

પછી શ્રીહરિએ આજ્ઞા કરી તેથી મુનિવર્ય શ્રીમુક્તાનંદ સ્વામી, શ્રીબ્રહ્માનંદ સ્વામી અને શ્રીપ્રેમાનંદ સ્વામી, આ ત્રણેય મહાન્ સંતો ગાન કળામાં નિપુણ હતા. તેઓ અનેક પ્રકારના વાજિંત્ર વગાડીને શ્રીહરિની આગળ સુંદર મનોહર ગાન કરવા

वादयन्तो हरेरग्रे व्यधुर्गानं मनोहरम् ॥७॥
शौर्योद्दीपनबीजानि तत्र पद्यानि ते जगुः ।
त्वत्तातोऽथ हरिं नत्वा तूर्णमारुह्य वाजिनम् ॥८॥
वृतोऽभ्यगान्नृपामात्यं भूरिसादिपदातिभिः ।
उच्चैस्तदा जयारावं व्यधुर्भक्ता हरेः पुरः ॥९॥
रसः सोऽभात्तदा मूर्तो वीराख्यः श्रीहरिर्यथा ।
भक्तास्तं प्रेक्षमाणास्ते महामोदं प्रपेदिरे ॥१०॥
राजन् सहस्रशो भक्ताश्चारु नानोपचारकैः ।
श्रीहरिं तं यशाशास्त्रं पूजयामासुरादृताः ॥११॥
तथाऽन्ये भूरिशो भक्ता भूरिभावाः समार्पयन् ।
नानासुगन्धिमाल्यानां हारांस्तस्मै मनोहरान् ॥१२॥
नानाविधानि वाद्यानि तदाऽवाद्यन्त भूपते ! ।
महादुन्दुभयो नेदुर्महाशौर्यस्य वर्धकाः ॥१३॥

લાગ્યા. ॥૬-૭॥

તેમણે સંગીતમાં શૂરાતન વધે તેવા સારા પદ ગાયા. પછી તમારા પિતા શ્રીદાદાખાચરે શ્રીહરિને પ્રણામ કર્યા અને અશ્વ ઉપર સવાર થયા. ઘણા ઘોડે સવારો અને પાર્ષદોથી વીંટાળેલા તેઓ દીવાન શ્રીબાબા સાહેબની પાસે જવા નીકળ્યા. તે સમયે ભક્તજનો શ્રીહરિની આગળ ઊંચે અવાજે જયજયકારનો ધ્વનિ કરવા લાગ્યા. ॥૮-૯॥

તે સમયે શ્રીહરિ મૂર્તિમાન્ વીરરસ હોય તેમ શોભતા હતા. આવા શ્રીહરિના દર્શન કરીને બધા ભક્તજનો ખૂબ જ આનંદ પામ્યા. ॥૧૦॥

હે રાજન્ ! આદરભાવવાળા હજારો હરિભક્તો અનેક પ્રકારના સુંદર ઉપચારો લઈને આવ્યા હતા, તેમણે શ્રીહરિની યથાવિધિ પૂજા કરી. ॥૧૧॥

તેમજ ખૂબ જ ભાવનાવાળા બીજા જે અનેક ભક્તો હતા તેમણે પણ અનેક જાતના સુગંધી ફૂલોના મનોહર હાર લઈને શ્રીહરિને પહેરાવ્યા. ॥૧૨॥

હે ભૂપતે ! અનેક પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. શૂરવીરતા વધારે એવા મોટા નગારાઓ ગાજવા લાગ્યા. ॥૧૩॥

त्वत्तातोऽथाऽव्रजद्राजन् वृतः सादिपदातिभिः ।
चारु दाद्यपुरोत्तुङ्गस्थानं धार्मिं स्मरन् हरिम् ॥१४॥
तावत्तत्र नृपामात्यसैनिकास्तु सहस्रशः ।
समागच्छन् सुदुर्धर्षा नानाशस्त्राणि बिभ्रतः ॥१५॥
नृपामात्योऽथ मीराख्यं नीतिज्ञं चाधिकारिणम् ।
बोद्धुं हरेः स वृत्तान्तं प्रैरयत् पञ्चसादिभिः ॥१६॥
सोऽधिकारी ततः प्राप्तः श्रीहरिं प्राणमत् प्रभुम् ।
दिव्यरूपमथाऽपश्यन्महातेजोमयं स तम् ॥१७॥
स प्राप्तोऽथ महानन्दं शिष्यभावं गतो हरौ ।
प्रणामांस्तस्य साष्टाङ्गांस्तस्मै स प्राह मन्त्रिणः ॥१८॥
स प्राहाऽथेति तं वाक्यं श्रीहरिः स्वानुरागिणम् ।
तस्य मन्मेलनेच्छा चेत्तदाऽऽयातु हि सोऽञ्जसा ॥१९॥
कार्यः सार्द्धं मया तस्य चेत्संवादस्तु शास्त्रतः ।

હે રાજન્ ! તે વખતે ઘણા ઘોડે સવારો અને પદાતિઓની વચ્ચે તમારા પિતા શ્રીદાદાખાચર શ્રીહરિને હૃદયમાં સંભારીને દુદાપરની સુંદર ધારે પહોંચ્યા. ॥૧૪॥

તેવા સમયમાં ત્યાં બાબા સાહેબ દીવાનના હજારો સૈનિકો આવી ગયા. તેઓ અનેક જાતના હથિયારોથી સજ્જ અને ઘણા બળવાન હતાં. ॥૧૫॥

આ બાજુ દીવાન બાબા સાહેબે યુદ્ધ નીતિના નિષ્ણાત મીર સાહેબને પાંચ ઘોડેસવારોની સાથે શ્રીહરિના વૃત્તાંતને જાણવા માટે મોકલ્યા હતા. ॥૧૬॥

તે મીર સાહેબ પ્રભુ શ્રીહરિની પાસે આવ્યા, પગે લાગ્યા. પછી તેણે શ્રીહરિને અત્યંત તેજોમય દિવ્ય સ્વરૂપે દેખ્યા. ॥૧૭॥

તેથી તે ખૂબ જ આનંદ પામ્યા અને શ્રીહરિના શિષ્ય બની ગયા અને તેણે મંત્રીના સાષ્ટાંગ પ્રણામ કહ્યા. ॥૧૮॥

પછી શ્રીહરિએ પોતાના પ્રત્યે પ્રેમની લાગણીવાળા તે મીરસાહેબને કહ્યું કે જો બાબાસાહેબને મને મળવાની ઈચ્છા હોય તો ચોક્કસ આવે. ॥૧૯॥

તેમને મારી સાથે કાંઈ શાસ્ત્રીય ચર્ચા કરવાની હોય તો ખુશીથી કરે. અને

सङ्ग्रामो चाऽऽयुधैः कर्तुं तर्हि तौ तत्परोऽस्म्यहम् ॥२०॥
सोऽधिकारी ततः प्रीतो हरिं प्राहेति भूपते ! ।
वर्तसे भगवान् साक्षात्त्वं समग्रेश्वरेश्वरः ॥२१॥
सोऽमात्यः पामरो घोरस्त्वयि ब्रह्माण्डकारणे ।
कर्तुं नैवेश्वरः किञ्चिद्वैनतेय इवोरगः ॥२२॥
अहं वक्ष्यामि तस्याग्रे त्वत्प्रतापं महत्तरम् ।
तस्याऽथ त्वज्जिगीषायाः सङ्कल्पो नङ्क्ष्यति द्रुतम् ॥२३॥
तमित्युक्त्वा हरिं प्रीत्या प्राणमत् स कृताञ्जलिः ।
स प्राहाऽथेति तं वाक्यं मन्दं मन्दं स्मयन् हरिः ॥२४॥
प्रोक्तं यद्धि मया तुभ्यं तद्वक्तुं राजमन्त्रिणे ।
उत्तमः प्रेषितो राजा सर्वदा मामनुव्रतः ॥२५॥
आमन्त्र्याथ हरिं राजन् राजकार्यविचक्षणः ।
नृपाऽमात्यस्य तस्याऽऽयात्सोऽन्तिकं बुद्धिमत्तरः ॥२६॥

જો હથિયારો ઉઠાવીને યુદ્ધ કરવું હોય તો તેને માટે પણ હું તૈયાર છું. ॥૨૦॥

હે ભૂપતે ! પછી ખુશ થયેલા તે અધિકારી મીર સાહેબે શ્રીહરિને કહ્યું, આપ તો સમગ્ર ઈશ્વરોના પણ અધીશ્વર સાક્ષાત્ ભગવાન છો. ॥૨૧॥

અખિલ બ્રહ્માંડના કારણ આવા આપની આગળ દીવાન સાહેબ તો અત્યંત પામર ગણાય. જેમ સર્પનું જોર ગરુડ આગળ કાંઈ જ ચાલતું નથી તેમ તે આપને કાંઈ જ કરી શકે તેમ નથી. ॥૨૨॥

હવે હું જાઉં છું. તેની આગળ આપના અતિશય મહાન્ પ્રતાપની વાત હું કહીશ. તેથી તેનો, આપને જીતવાનો સંકલ્પ તત્કાળ નષ્ટ થઈ જશે. ॥૨૩॥

આવું બોલીને મીર સાહેબે હાથ જોડ્યા અને પ્રેમથી પ્રણામ કર્યા. પછી ધીમેથી હસીને શ્રીહરિએ તેને કહ્યું, ॥૨૪॥

મેં તમને જે વાત કહી છે. તે વાત દીવાન બાબા સાહેબને કહેવા માટે, નિરંતર મને અનુસરેલા અહીંના દરબાર શ્રીદાદાખાચરને મેં મોકલ્યા છે. ॥૨૫॥

હે રાજન્ ! મીર સાહેબ રાજકાર્યમાં વિચક્ષણ અને ઘણા બુદ્ધિશાળી હતા. તે શ્રીહરિની રજા લઈને દીવાન બાબા સાહેબ પાસે આવ્યા. ॥૨૬॥

ततो दाद्यपुरग्रामसन्निधौ सरसस्तटम् ।
नृपामात्यो नृयानस्थः प्रपेदे भूरिसैन्ययुक् ॥२७॥
स प्रेक्ष्याऽथोत्तमं भूपं त्वत्तातं समुपागतम् ।
आज्ञाप्य वाहकान् स्वीयं यानं चैवोदतारयत् ॥२८॥
उत्तीर्याऽथ भवत्तातो हयात्तस्मै व्यधान्नतिम् ।
नानाविधानि रम्याणि तस्मै चोपायनान्यदात् ॥२९॥
ततस्तं सोऽस्वजत् प्रीत्या पप्रच्छाऽनामयं तथा ।
त्वत्तातोऽथेत्यवोचत्तं महाप्रज्ञः प्रियंवदः ॥३०॥
समाचारा हि सम्पृष्टाः स्वामिनारायणेन ते ।
तथा वच्मीरिता वाचो दिव्यभद्रमहौजसा ॥३१॥
शास्त्रैः शस्त्रैश्च सङ्ग्राम कर्तव्यस्ते यदा भवेत् ।
तर्हि कर्तुमहं सज्जस्तं भवाम्येव निर्भयः ॥३२॥
स प्राहाऽथेति तं वाक्यं यथा तुच्छा पिपीलिका ।
क्वाहं वै भगवान् क्वेशः स्वामिनारायणो हरिः ॥३३॥

આ બાજુ દીવાન બાબા સાહેબે પાલખીમાં બેસીને ઘણી સેના સાથે લીધી અને તે દુદાપર ગામને નજીક તલાડી પાસે આવ્યા. ॥૨૭॥

ત્યાં તેમણે દરબાર શ્રીદાદાખાચરને આવતા દેખ્યા. તુરંત પોતાના માણસોને રોકીને પાલખી નીચે મુકાવી, પોતે તેમાંથી બહાર નીકળ્યા. ॥૨૮॥

પછી તમારા પિતા શ્રીદાદાખાચર પણ ઘોડેથી નીચા ઊતર્યા અને શિષ્ટાચાર મુજબ પ્રણામ કર્યા. તેમજ કંઈક જાતની સારી વસ્તુઓ ભેટમાં આપી. ॥૨૯॥

પછી દીવાન તેમને પ્રેમથી ભેટ્યા. અને કુશળ પૂછ્યું. ત્યારે મહાન્ બુદ્ધિશાળી તથા પ્રિય અને મધુર બોલનારા શ્રીદાદાખાચરે તેમને કહ્યું, ॥૩૦॥

શ્રીસ્વામિનારાયણે આપના કુશળ સમાચાર પૂછ્યા છે. અને દિવ્ય મંગળમય પ્રતાપ સંપન્ન તેમણે કહેવડાવેલ વાત હું આપને કહું છું. ॥૩૧॥

"જો આપને શાસ્ત્રથી કે શસ્ત્રથી લડાઈ કરવી હોય તો તે કરવા માટે હું તૈયાર છું અને નિર્ભય છું." ॥૩૨॥

ત્યારે દીવાન સાહેબે કહ્યું, તુચ્છ કીડી જેવો હું ક્યાં અને સર્વેશ્વર ભગવાન્

तेन मय्यनुकम्पाऽद्धा रक्षणीया दयालुना ।
अस्ति मे शपथः शम्भोस्तच्चिकीर्षा भवेद्यदा ॥३४॥
मनुष्या दुर्धियश्चैतद्वदन्त्येवानृतं यतः ।
स्वामिनारायणस्याऽद्धा रोषो मय्यस्ति सन्मते ! ॥३५॥
सन्निधाने ततस्तस्य नैवाऽऽयातुं क्षामोऽस्म्यहम् ।
तस्मात्तस्मै प्रणामो मे त्वया वाच्यः सुमेधसा ॥३६॥
जगत्येवं वदन्त्यस्मिन् लोकाश्चास्यास्त्यदक्षिणः ।
प्राणिनो भाग्यहीनस्य सर्ववित्परमेश्वरः ॥३७॥
एवं मय्यस्ति स श्रीमान् प्रातिकूल्यान्वितो प्रभुः ।
स्वामिनारायणस्यैवं स्यान्मेऽभावोऽन्यथा कथम् ॥३८॥
इत्युक्त्वा तं पुनश्चेत्थं सोऽब्रवीद्वदतां वरः ।
समीचीनं तदा मे स्याद्विप्रं कुर्यात्स मां यदा ॥३९॥
तेनेत्युक्तो भवत्तातस्तमित्थं वाक्यमब्रवीत् ।

સ્વામિનારાયણ શ્રીહરિ ક્યાં ? ॥૩૩॥

દયાળુ શ્રીસ્વામિનારાયણે તો મારા ઉપર અનુકંપા રાખવી જોઈએ. જો મારા મનમાં કોઈપણ રીતે યુદ્ધ કરવાની ઈચ્છા હોય તો મને ભગવાન શંભુ-શંકરના સોગંદ છે. ॥૩૪॥

કારણ કે દુષ્ટ બુદ્ધિના માણસો જ ખોટી વાતો કરે છે. હે સન્મતે ! અથવા સ્વામિનારાયણને મારા ઉપર રોષ છે. ॥૩૫॥

તેથી હું તેમની પાસે આવી શકીશ નહિ. આપ સારા સમજું છો તો તેમને મારા પ્રણામ કહેજો. ॥૩૬॥

આ જગતમાં લોકો મારે માટે વાતો કરે છે કે "અભાગિયા આ પ્રાણી (બાબાસાહેબ) ને સર્વજ્ઞ પરમેશ્વર પ્રતિકૂળ છે." ॥૩૭॥

આ લોકવાયકા પ્રમાણે જોઈએ તો શ્રીપરમેશ્વર મારાથી વિરુદ્ધ છે, નહિ તો મને સ્વામિનારાયણનો અભાવ કેમ આવે ? ॥૩૮॥

આટલું બોલીને તે બોલવામાં ચતુર દીવાને ફરીને એમ કહ્યું, "મારું સારું તો ત્યારે થાય કે સ્વામિનારાયણ જો મને બ્રાહ્મણ બનાવે" ॥૩૯॥

स्वामिनारायणः कुर्यान्न त्वां सर्वविदग्रजम् ॥४०॥
सोऽमात्योऽथेत्यवोचत्तं कुत्र कोलाहलो महान् ।
जायते स्वित् महाबुद्धे ! स प्राहाथेति तं वचः ॥४१॥
सभास्थाने महामञ्चे स्वामिनारायणो हरिः ।
निषण्णो भूरिशो भक्तैरीक्ष्यमाणाऽऽननाम्बुजः ॥४२॥
नानाशस्त्रधरा भक्तास्तत्राऽऽयाताः सहस्त्रशः ।
जनाः कोलाहलस्तेषां जायतेऽसौ महत्तरः ॥४३॥
एत्य मीराभिधस्तावत्तस्मै युक्तस्य चाश्रितैः ।
स्वामिनारायणस्योचे वृत्तान्तं सोऽधिकारवान् ॥४४॥
सभास्थानाध्वनस्तस्य मार्गेणान्येन स व्रजन् ।
त्वत्तातेनान्वितः प्रापन्नालिकेराख्यपर्वतम् ॥४५॥
तस्माद्दक्षिणमार्गेण स गच्छंस्त्यागिनोऽस्ति या ।

ત્યારે શ્રીદાદાખાચરે તેમને કહ્યું કે સર્વજ્ઞ ભગવાન્ શ્રીસ્વામિનારાયણ તમને બ્રાહ્મણ નહિ બનાવે. ॥૪૦॥

તે વખતે દીવાન બાબા સાહેબ ચમકીને બોલ્યા, હે મહાબુદ્ધે ! અરે ! આટલો બધો આ કોલાહલ શાનો સંભળાય છે ? ત્યારે શ્રીદાદાખાચરે કહ્યું, ॥૪૧॥

ગઢપુર ગામમાં સભા ભેળી મળી છે. ત્યાં મોટા મંચ ઉપર શ્રીહરિ સ્વામિનારાયણ વિરાજે છે અને અનેક ભક્તો તેમના મુખકમળ સામે જોઈ રહ્યા છે. ॥૪૨॥

તેમના હજારો ભક્તો અનેક પ્રકારના શસ્ત્ર લઈને આવ્યા છે, આ આટલો મોટો કોલાહલ તો તે લોકોનો થતો લાગે છે. ॥૪૩॥

તેવા સમયમાં ત્યાં લશ્કરી અધિકારી મીર સાહેબ આવી ગયા. અને તેણે અસંખ્ય ભક્તોથી યુક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાનનું બધું વૃત્તાંત તેમને કહ્યું. ॥૪૪॥

તે સભાસ્થાનના માર્ગને છોડી દઈને બાબા સાહેબ બીજે માર્ગે ચાલ્યા. તમારા પિતા શ્રીદાદાખાચર તેમની સાથે હતા. તેઓ આગળ ચાલતા નાળિયેરી ધારના ટેકરે (નાને ડુંગરે) પહોંચ્યા. ॥૪૫॥

ત્યાંથી દક્ષિણ દિશા તરફને રસ્તે ચાલ્યા. ત્યાં આગળ મુસલમાન ફકીરની

म्लेच्छस्य वाटिकातस्याः क्षेत्रं प्रापदवाग्दिशि ॥४६॥

ऊन्मत्तगाङ्गतटसन्निधिवर्तमाने क्षेत्रेऽथ तत्र वसति स्म स सैन्ययुक्तः ।
कारागृहे स किल रोत्स्यति तेऽद्य तातं पौरास्तदेति जगदुर्हि जनास्तथाऽन्ये ॥४७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिप्रदर्शितचमत्कारगर्भीतप्रभावनिरू पणं नाम एकोन-चत्त्वारिंशदधिकशततमोऽध्यायः ॥१३९॥

अथ चत्वारिंशदधिकशततमोऽध्यायः

चत्वारिंशद्विशेषेऽत्र शततमे नृपेण तु ।
भीतामात्याय प्रत्ता गाः तत्पत्न्या दृष्ट ईश्वरः ॥

श्रीचैतन्यानन्द उवाच -

तस्य राजन् ! प्रतापेन श्रीहरेस्ते पितुर्व्यधात् ।
सोऽमात्यो भूरिसत्कारं पारितोषं तथाऽदिशत् ॥१॥
स प्राप्याऽथ भवत्तातो हरिं नत्वा च सादरम् ।

વાડી છે, તેથી દક્ષિણમાં જે ખેતર છે ત્યાં પહોંચ્યા. ॥૪૬॥

પછી દીવાને ઉન્મત્તગંગાને કિનારે રહેલા ખેતરમાં સેના સાથે પડાવ નાખ્યો. તે સમયે ગઢપુર ગામના લોકો અને બીજા માણસો વાતો કરતા હતા કે બાબા સાહેબ દીવાન શ્રીદાદાખાચરને પકડીને જેલમાં પૂરી દેશે. ॥૪૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૩૯ સમાપ્ત.

અધ્યાય-૧૪૦

દરબાર શ્રીદાદાખાચર અને દીવાન બાબાસાહેબ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પ્રભુ શ્રીહરિના પ્રતાપથી દીવાન બાબા સાહેબે તમારા પિતા શ્રીદાદાખાચરનું ઘણું સન્માન કર્યું અને પારિતોષિક પણ આપ્યું. ॥૧॥

પછી શ્રીદાદાખાચર પાછા શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિને પ્રણામ કરીને

तस्याऽमात्यस्य वृत्तान्तं तस्मै प्रीत्या समब्रवीत् ॥२॥
तन्निशम्याऽतितुष्टस्तं दोर्भ्यां पर्यस्वजद्धरिः ।
तस्य चोरस्यधात् स्वीये योगिध्येयेऽङ्घ्रिपङ्कजे ॥३॥
आगत्याऽथ ततो धीमान् ववन्दे श्रीहरिं प्रियम् ।
नृपो हेमन्तसिंहाख्यो राजन् सोमश्च पार्षदः ॥४॥
वास्तुसंज्ञश्च सूराद्याः प्राणमन् सादिनो हरिम् ।
तथा पद्गा हि भूयांसस्तं नमन्ति स्म सादरम् ॥५॥
सोऽस्वजत्तान् हरिः सर्वानात्मीयादेशकारिणः ।
तेषां हृत्सु न्यधाद्दिव्ये स्वीयाङ्घ्रिपङ्कजे मुदा ॥६॥
त्वत्तातोऽथाऽदिशत्तस्मै सैन्ययुक्ताय मन्त्रिणे ।
यथार्हं पाकसामग्रीं श्रीहरेराज्ञया प्रभोः ॥७॥
याचते स्माथ सोऽमात्यस्त्वत्तातं कपिलार्जुनीः ।
स प्राहाथेति तं वाक्यं भूयस्यस्ता भवन्ति मे ॥८॥

તેમણે દીવાન બાબા સાહેબનું બધું વૃત્તાન્ત પ્રેમથી કહ્યું. ॥૨॥

તે સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ભુજાઓમાં લઈને ભેટ્યા અને તેમની છાતીમાં, યોગીઓ જેનું ધ્યાન કરતા હોય એવા પોતાના ચરણારવિંદ ચાંપ્યા. ॥૩॥

હે રાજન્ ! તે પછી બુદ્ધિમાન દરબાર શ્રીઝીણાભાઈએ આવીને પોતાના પ્રિય શ્રીહરિને પ્રણામ કર્યા તથા પાર્ષદ શ્રીસોમલા ખાચરે પણ વંદન કર્યા. ॥૪॥

શ્રીવસ્તાખાચર અને શ્રીસૂરાખાચર આદિ ઘોડે સવારો શ્રીહરિને પગે લાગ્યા. તે રીતે જ ઘણા પદાતિઓએ પણ શ્રીહરિને આદર ભાવથી પ્રણામ કર્યા. ॥૫॥

તે સમયે શ્રીહરિ, પોતાની આજ્ઞાનું પાલન કરનારા તે સહુને બાથમાં લઈને ભેટ્યા અને તેમની છાતી ઉપર પોતાના દિવ્ય ચરણ કમળ ચાંપ્યા. ॥૬॥

પછી શ્રીદાદાખાચરે પ્રભુ શ્રીહરિની આજ્ઞાથી દીવાન બાબા સાહેબને સેના સહિત જમી શકે તેટલું યથોચિત સારું સીધું મોકલાવ્યું. ॥૭॥

ત્યારે બાબા સાહેબે શ્રીદાદાખાચરની પાસે સારી કપિલા ગાયો માગી. ત્યારે શ્રીદાદાખાચરે તેમને કહ્યું કે મારી પાસે તો ગાયો ઘણી છે. ॥૮॥

अत्राऽद्य ता मया सर्वा आनाय्यन्ते महामते ! ।
तावत्यस्तत्र ता ग्राह्या यावत्योऽपेक्षितास्त्वया ॥९॥
इत्युक्त्वाऽऽनाययत्सर्वं गोधनं सत्वरं हि सः ।
स प्रैक्षताऽथ ताः सर्वास्ततस्तासु विचक्षणः ॥१०॥
दश स्वीकर्तुमैच्छत्ताः कपिलाः कृष्णविग्रहाः ।
स प्राहाऽथेति तं वाक्यं तातं ते श्रीहरिप्रियम् ॥११॥
मूल्यमादाय देया मे गावश्चैता दश त्वया ।
त्वत्तातोऽथेत्यवोचत्तं नीतिशास्त्रविशारदम् ॥१२॥
आसप्तपूरु षं धेनुविक्रयं नैव कुर्महे ।
तस्मात्तुभ्यं दश त्वेता गावो दत्ता मया मुदा ॥१३॥
स स्वीकृत्याऽथ धेनूस्तास्त्वत्ततातेनाश्विनीर्वराः ।
वाहांश्चानायितान् राजन् ! दृष्ट्वा प्राश्लाघयच्च तान् ॥१४॥
विच्छायग्रामभागस्य पृष्ट्वा वृत्तं ततः स तम् ।

"હે મહામતે ! અત્યારે હું તે બધી ગાયોને અહીંયાં તમારી સમક્ષ મગાવું છું. તેમાંથી જેટલી તમારે જરૂર હોય તેટલી તેમાંથી લઈ લેવી." ॥૯॥

આમ કહીને તેમણે બધી ગાયોનું ધણ જલદી દીવાન સાહેબ પાસે મગાવ્યું. તે આવ્યા પછી વિચક્ષણ બાબા સાહેબે બધી ગાયોને દેખી. ॥૧૦॥

થોડા કાળા રંગની કપિલા ગાયો દસ લેવાની તેમણે ઇચ્છા કરી. અને શ્રીહરિના પ્રિય શ્રીદાદાખાચરને તેમણે કહ્યું. ॥૧૧॥

આ દસેય ગાયો તમારે મને વેચાતી આપવાની છે. ત્યારે શ્રીદાદાખાચરે નીતિકુશળ તે દીવાનને કહ્યું કે અમે સાત પેઢીથી ક્યારેય ગાય વેચતા નથી. માટે મેં આ દસેય ગાયો તમને ખુશી થઈને આપી છે. ॥૧૨-૧૩॥

પછી તેમણે તે ગાયોને ભેટના રૂપમાં સ્વીકારી લીધી. હે રાજન્ ! પછી તમારા પિતા શ્રીદાદાખાચરે સારી ઘોડીઓ અને ઘોડાઓ મગાવ્યા. દીવાન સાહેબે તેને દેખીને વખાણ્યા. ॥૧૪॥

પછી તે દીવાન સાહેબે તેમને ગઢપુર ગામના એક વિભાગ વીંછિયા પરાની વહેંચણીની તકરાર બાબતમાં પૂછ્યું. અને શ્રીદાદાખાચરની સજ્જનતાથી ખુશી થયેલા

प्रीतस्त्वत्ततातसौशील्यात्तमित्थं चाब्रवीत्पुनः ॥१५॥
त्वत्कार्यसिद्धये पञ्च रू प्यमुद्रा निरन्तरम् ।
गृह्णन्सादी मया गेहे प्रेरितो जीववर्मणः ॥१६॥
स्वान्तिकस्थस्ततो राजा जीववर्मा व्यधात् स्वयम् ।
तद्ग्रामभागदानस्य प्रतिज्ञां प्रश्रयान्वितः ॥१७॥
अथोपालब्धवानुग्रो बहुधा तं स कार्यवित् ।
त्वत्तातं सान्त्वयन् प्रीत्या तत्प्रशंसां व्यधाद्भृशम् ॥१८॥
अथाऽऽरू ढः स वाहेन्द्रं नालिकेराख्यभूधरम् ।
आरु ह्याऽलोकयद्रम्यां श्रीहरेर्भूयसीं सभाम् ॥१९॥
तत्र मञ्चे समासीनं श्रीहरिं स व्यलोकयत् ।
लक्षशश्च जनानन्यान् सायुधांश्च सहस्रशः ॥२०॥
अथ प्राप्तः स भूयिष्ठं त्रासमित्थं व्यचिन्तयत् ।
स्वामिनारायणस्याऽद्धा प्रतापोऽहो महत्तरः ॥२१॥

તેણે ફરીવાર કહ્યું. ॥૧૫॥

તમારું કામ સારી રીતે પૂરું થાય એટલા માટે મેં રોજના પાંચ રૂપિયાનો પગારદાર ઘોડેસવાર દરબાર શ્રીજીવાખાચરને ઘેર મૂક્યો છે. ॥૧૬॥

તે વખતે વિનયી શ્રીજીવાખાચર ત્યાં નજીકમાં જ હતા, તેમણે સ્વયં તે વીંછિયા પરાનો ભાગ આપવાનો સ્વીકાર કર્યો. ॥૧૭॥

પછી જીવા ખાચરની પ્રવૃત્તિને જાણનારા બાબા સાહેબે ઉગ્ર થઈને તેમને ઘણો જ ઠપકો આપ્યો, અને શ્રીદાદાખાચરને સાંત્વના-આશ્વાસન આપીને તેમની ઘણી જ પ્રશંસા કરી. ॥૧૮॥

પછી દીવાન સાહેબ ઘોડે સવાર થઈને નાળિયેરા ડુંગરા ઉપર ચઢ્યા. અને ત્યાંથી વિશાળ અને રમણીય શ્રીહરિની સભાને દેખી. ॥૧૯॥

મંચ ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા તે જોયું. ભેળા મળેલા લાખો લોકોને અને બીજા હજારો હથિયારધારીઓને પણ દેખ્યા. ॥૨૦॥

આ બધું દેખીને તે મનમાં ત્રાસી ગયા અને વિચારવા લાગ્યા કે અહો ! સ્વામિનારાયણનો પ્રતાપ તો ઘણો મહાન્ છે. ॥૨૧॥

बन्धनं मे यदा कुर्यात् स्वामिनारायणो ह्यसौ ।
तर्हि को वारयेदेतं महैश्वर्यं महागुणम् ॥२२॥
आयातुं कृतसङ्कल्पः सन्निधौ स ततो हरेः ।
आगन्तुं नाशकद्रुद्धो मानोदारक्षमाभृता ॥२३॥
ततो जिह्माक्षरामाख्यं दाक्षिणात्यं स्वसन्निधौ ।
वसन्तं ब्राह्मणं चैवं भक्तं सोऽजिज्ञपद्धरेः ॥२४॥
मैने निषाद्य पत्नीं मे स्वामिनारायणेक्षणम् ।
विधातुं तत्समीपं त्वं नेतुमर्हसि सन्मते ! ॥२५॥
ततः सद्रूप्यकट्टोरान् स्वामिनारायणाय सः ।
दातुं च राजतस्थालान् प्रादाद्राजन्निजस्त्रियै ॥२६॥
पारिहार्यौ स सौवर्णौ पाञ्चिके रत्नभास्वरे ।
काञ्चन्यौ चाऽदिशत्तस्यै महावस्त्रद्वयं तथा ॥२७॥
तथा कौशेयवस्त्राद्यं सोऽदात्तस्यै महाधनम् ।
सा ततस्तेन विप्रेण सहाऽऽयात् प्रेक्षितुं हरिम् ॥२८॥

સ્વામિનારાયણ ચારે બાજુ ફરી વળીને મને કેદ કરે તો તે મહાન્ ઐશ્વર્યવાળા અને ગુણવાનને કોણ રોકી શકે. ॥૨૨॥

પછી શ્રીહરિની પાસે આવવાનો સંકલ્પ કર્યો પણ માનરૂપી વિશાળ પહાડને લીધે રોકાઇ ગયા, શ્રીહરિની પાસે આવી શક્યા નહિ. ॥૨૩॥

પછી તેણે એક દક્ષિણી બ્રાહ્મણ, જે પોતાની સાથે કાયમ રહેતો હતો અને શ્રીહરિનો ભક્ત હતો. જિહ્માક્ષરામ તેનું નામ હતું, તેને આજ્ઞા કરી. ॥૨૪॥

હે સન્મતે ! મારી પત્નીને મેનામાં બેસાડીને તેને શ્રીસ્વામિનારાયણના દર્શન કરાવવા માટે તેમની પાસે લઇને જાઓ. ॥૨૫॥

હે રાજન્ ! પછી દીવાન બાબા સાહેબે શ્રીહરિ સ્વામિનારાયણને ભેટ આપવા માટે પોતાની પત્નીને ચાંદીના મોટા થાળ અને કટોરા આપ્યા. ॥૨૬॥

સોનાના બે કડાં, રત્ન જડિત સોનાની બે પહોંચીઓ તથા સારા કિંમતી બે વસ્ત્ર પણ આપ્યા. ॥૨૭॥

તેમજ રેશમી સારા કિંમતી વસ્ત્ર વગેરે આપ્યું. પછી તે દીવાનના પત્ની

आगत्याथ हरिं नत्वा स विप्रस्तामसूचयत् ।
मैनारूढामुपायातां शोभनाक्षरसौधगम् ॥२९॥
उत्थायाऽथ हरिस्तस्या हार्दवित्करुणानिधिः ।
आयात्तदन्तिकं तावन्मैनादाशूत्ततार सा ॥३०॥
सा प्रणम्याऽथ पञ्चाङ्गं तस्मै चार्प्य महामुदा ।
पात्रभूषणवस्त्राणि महामूल्यानि भूपते ! ॥३१॥
सा प्राहाऽथेति तं वाक्यं त्वामहं शरणं गता ।
तस्मात्कार्यस्त्वया भूमन् ! मोक्षो मे करुणानिधे ! ॥३२॥
महामान्यस्ति मत्स्वामी द्रष्टुं त्वां नाऽऽगतस्ततः ।
त्वयाऽऽगस्तस्य सोढव्यं त्वद्भक्तित्वात्तथापि मे ॥३३॥
सोऽदात् कामवरं तस्यै निजप्रासादिकान्यदात् ।
माल्यहारप्रमुख्यानि पर्पिकादीनि चाच्युतः ॥३४॥

જાણીતા બ્રાહ્મણની સાથે શ્રીહરિના દર્શન કરવા આવ્યા. ॥૨૮॥

પ્રથમ બ્રાહ્મણે સુંદર અક્ષરભવન (અક્ષર ઓરડી) માં જ્યાં શ્રીહરિ વિરાજતા હતા ત્યાં જઇને પ્રણામ કર્યા અને પછી કહ્યું કે “બાબા સાહેબના પત્ની મેનામાં બેસીને આપના દર્શન કરવા આવ્યા છે.” ॥૨૯॥

કરુણાનિધિ શ્રીહરિ તેના હૃદયની ભક્તિભાવનાને જાણતા હતા, આથી એકદમ ઊભા થયા અને મેના પાસે આવ્યા, તેટલી વારમાં તો દીવાનજીના પત્ની પણ મેનામાંથી ઊતરીને બહાર આવીને સામે ઊભા રહ્યા. ॥૩૦॥

હે ભૂપતે ! તેમણે શ્રીહરિને પંચાંગ પ્રણામ કર્યા અને ઘણા મોંઘામૂલા પાત્ર, ઘરેણાં અને વસ્ત્ર શ્રીહરિને અર્પણ કર્યા. ॥૩૧॥

પછી દીવાનજીના પત્નીએ કહ્યું, હે ભૂમન્ ! હું આપને શરણે આવીશું. માટે હે કરુણાનિધે ! આપ મારો આ સંસારથી મોક્ષ કરજો. ॥૩૨॥

મારા પતિ અત્યંત માની છે. તેથી આપના દર્શન કરવા તે આવી શક્યા નથી. હું આપની ભક્ત છું, માટે મારા પતિના અપરાધને આપ માફ કરજો. ॥૩૩॥

નિર્વિકારી શ્રીહરિએ તેની ઈચ્છા મુજબનું તેને વરદાન આપ્યું. પોતાની પ્રસાદીના ફૂલહાર અને બરફી વગેરે પણ આપ્યા. ॥૩૪॥

साऽथ प्रणम्य तं राजन् स्मरन्ती तं परात्परम् ।
गायन्ती तद्गुणान् दिव्यान् स्वीयावासगान्मुदा ॥३५॥
अथोल्लोचेन संयुक्ते चारु सिंहासने सुधीः ।
तीरे चोन्मत्तगङ्गाया सोऽमात्यः समुपाविशत् ॥३६॥
शिबिराभिमुखे तीरे तेनाऽऽज्ञप्ता हि धार्मिणा ।
अष्टादशाऽऽगमन् स्नातुं संन्यासाऽऽश्रमिणो जनाः ॥३७॥
तत्र हर्याज्ञया चायन् स्नातुं सन्तो हरिप्रियाः ।
सन्यासिनोऽथ तान् पश्यन् सोऽमात्योऽगणयन्नृप ! ॥३८॥
अथाऽष्टादशसाहस्त्रसम्मितांस्तान् विलोक्य सः ।
साधून् सहस्त्रशश्चाऽऽपन्महीयांसं हि विस्मयम् ॥३९॥
स प्राहाथेति पत्नीं स्वां तं विप्रं चातिविस्मितः ।
अष्टादशसहस्त्राणि दृष्टाः सन्यासिनो मया ॥४०॥
सन्तः सहस्त्रशश्चान्ये भूरिशोऽहो मया जनाः ।

હે રાજન્ ! તે દીવાનના પત્ની શ્રીહરિને પગે લાગીને પોતાને ઉતારે પાછા આવવા ચાલી નીકળ્યા. રસ્તામાં તે પરાત્પર શ્રીહરિની મૂર્તિને મનમાં ધારીને તેમના દિવ્ય ગુણોને પ્રેમથી ગાતા હતા. ॥૩૫॥

આ બાજુ વિચક્ષણ દીવાન બાબાસાહેબ ઉન્મત્ત ગંગા (ઘેલાનદી) ને કાંઠે ચંદરવો બાધેલા તંબુમાં સુંદર સિંહાસન જેવા આસન ઉપર બેઠા હતા. ॥૩૬॥

તે સમયે શ્રીહરિએ આજ્ઞા કરેલા અઢાર સંન્યાસીઓ બાબા સાહેબના શિબિરની સામે જ ઉન્મત્તગંગાને કિનારે સ્નાન કરવા નીકળ્યા. ॥૩૭॥

હે નૃપ ! વળી બીજા શ્રીહરિના પ્રિય સંતો પણ શ્રીહરિની આજ્ઞાથી ઉન્મત્તગંગામાં સ્નાન કરવા માટે શિબિરની સામે થઈને નીકળ્યા. દીવાન સાહેબે સંન્યાસીઓને અને સાધુઓને જોયા. પછી તેને ગણવા લાગ્યા. ॥૩૮॥

તેણે અઢાર સંન્યાસીઓને અઢાર હજાર જેટલા જોયા અને સાધુઓને તો હજારોની સંખ્યામાં જોયા. તેથી તેને ઘણો જ વિસ્મય થયો. ॥૩૯॥

પછી વિસ્મિત થયેલા દીવાન સાહેબે તેની પત્નીને અને બ્રાહ્મણને પણ કહ્યું કે મને સ્વામિનારાયણના આશ્રિત સંન્યાસીઓ તો અઢાર હજાર જેટલા દેખાયા છે.

स्वामिनारायणस्यैते मया नूनं विलोकिताः ॥४१॥
एतावन्तः कुतस्तस्य जाताः सन्यासिनस्त्विमे ।
सन्तश्चैते ततः साक्षात् सोऽस्ति ब्रह्म परं हरिः ॥४२॥
स इत्युदीर्योरु तरप्रतापश्रीस्वामिनारायणभीतचित्तः ।
सैन्येन राजन् ! महता समेतस्तस्मात्प्रयाणं विदधे निवासात् ॥४३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये नृपामात्यदृष्टश्रीहरिचमत्कारादिनिरू पणं नाम चत्वारिंशद-धिकशततमोऽध्यायः ॥१४०॥

अथैकचत्वारिंशदधिकशततमोऽध्यायः

अधिके चैकचत्वारिंशता शततमे हरिः ।
जगौ नृपस्य माहात्म्यं स्नेहं च जीववर्मणे ॥

श्रीचैतन्यानन्द उवाच –
स श्रीहरिस्ततो राजन् सायं नीराजनोत्तरम् ।
न्यषीदत्प्रोच्चकैर्मञ्चे तूलिकाद्यैर्युते वरे ॥१॥

અને બીજા સાધુઓ તો હજારોની સંખ્યામાં દેખાયા છે. ॥૪૦-૪૧॥

આટલા બધા સંન્યાસીઓ અને સાધુઓ તેમની પાસે ક્યાંથી હોય ? માટે મને તો તે શ્રીહરિ સાક્ષાત્ પરબ્રહ્મ જણાય છે. ॥૪૨॥

તે આવું બોલીને મહાન્ પ્રતાપી શ્રીસ્વામિનારાયણ ભગવાનથી મનમાં ડરી ગયા. હે રાજન્ ! પછી તે વિશાળ સેનાને સાથે લઈને તે નિવાસસ્થાનથી આગળ નીકળી ગયા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૦ સમાપ્ત

અધ્યાય-૧૪૧

શ્રીહરિએ શ્રીદાદાખાચરની અનન્યનિષ્ઠા અને માહાત્મ્ય કહ્યું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! પછી શ્રીહરિ સાયંકાળે આરતીના

तस्याग्रेऽथाऽभवद्दिव्या मुन्यादीनां महासभा ।
त्वत्तातसचिवो लब्धस्तं प्राप्याऽथाऽनमद्धरिम् ॥२॥
प्राणमत्तं ततो राजा जीववर्मा तथाऽऽगतः ।
तावुपाविशतां तस्यां सभायां तेन सत्कृतौ ॥३॥
मुक्तानन्दप्रमुख्यानां साधूनां सोऽथ शृण्वताम् ।
तौ विलोक्य स्मयन्नित्थं जीववर्माणमब्रवीत् ॥४॥
त्वं बुद्धिमन् ! वदस्येवं रक्षस्युत्तमभूभुजः ।
भूयिष्ठं सर्वदा तद्वन्न त्वं मे रक्षसि प्रभो ! ॥५॥
अस्योत्तमक्षितीशस्य यद्रक्षाम्यधिकं त्वहम् ।
तत्र यत्कारणं तत्त्वां कीर्त्तये शृणु भूपते ! ॥६॥
उत्तमोऽयं तु भूपालो वेत्ति मां पुरुषोत्तमम् ।
कालमायाद्यधीशानं सर्वप्राण्येकसाक्षिणम् ॥७॥

નિયમ પૂરા કર્યા પછી તે ઊંચા મંચ ઉપર ગાદી તકિયા બિછાવેલા શ્રેષ્ઠ આસને વિરાજમાન થયા. ॥૧॥

તેમની આગળ સંતો વગેરેની દિવ્ય મહાસભા ભરાણી. શ્રીદાદાખાચરના કારભારી શ્રીલાધા ઠક્કરે તે સભામાં આવીને શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૨॥

તે રીતે જ દરબાર શ્રીજીવાખાચર પણ સભામાં આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. તે બન્નેનું શ્રીહરિએ સ્વાગત કર્યું અને તેઓ બન્ને સભામાં યથોચિત રીતે બેઠા. ॥૩॥

તે સમયે સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી વગેરે સાધુઓ સાંભળે તે રીતે બન્નેની સામે નજર કરીને શ્રીહરિ હસતે મુખે શ્રીજીવાખાચરને કહેવા લાગ્યા. ॥૪॥

હે બુદ્ધિમન્ ! તમે એમ બોલો છો કે "હે પ્રભો ! તમે જેવું શ્રીદાદાખાચરનું હિત કે માન રાખો છો તેવું મારું રાખતા નથી" ॥૫॥

હે દરબાર ! આ શ્રીદાદાખાચરનું હું જે કાંઇ હિત કે સ્વમાન વધારે રાખું છું, તેનું જે કારણ છે તે કહું છું, તમે સાંભળો. ॥૬॥

"આ શ્રીદાદાખાચર મને કાળ અને માયા આદિકનો નિયંતા અને સર્વપ્રાણિમાત્રના એક સાક્ષી એવા પુરુષોત્તમના રૂપમાં સમજે છે. ॥૭॥

त्वं तथा भगवन्तं मां न जानासीश्वरेश्वरम् ।
अस्ति तस्माद्धि भक्तत्वे भेदस्तेऽस्मान्महत्तरः ॥८॥
तस्मात्प्राप्तोऽस्य विच्छायग्रामभागस्त्वदीप्सितः ।
तेनाऽमात्येन सन्मानः कृतश्चैतस्य वै महान् ॥९॥
लोकोक्तं नामुना प्राप्तं कारागारे तु बन्धनम् ।
अस्यानिष्टोद्यतस्याऽऽसीदलाभाऽनिष्टयोगता ॥१०॥
अस्ति वैरं मया सार्द्धं तस्यामात्यस्य भूपतेः ।
एतस्मिन्नुत्तमे भूपे प्रीतिस्तस्यास्ति भूयसी ॥११॥
उदारश्चास्य सत्कारः कृतस्तेनैव मन्त्रिणा ।
इत्थं भूतोऽनुभावोऽसौ वर्तते मेऽक्षरेशितुः ॥१२॥
अर्पितं मे किलैतेन सर्वस्वं बलिवन्मुदा ।
नान्तरायोऽस्ति मय्यस्य स्वीयसम्बन्धिसंयुजः ॥१३॥

અને તમે બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વરના રૂપમાં મને ભગવાન તરીકે જાણતા નથી. તેથી જ તમારા અને શ્રીદાદાખાચરના ભક્તપણામાં ઘણો મોટો તફાવત આવી જાય છે. ॥૮॥

અને તેથી જ વીંછીયાપરાનો જે ભાગ તમે મેળવવા ચાહતા હતા તે શ્રીદાદાખાચરને મળ્યો છે. તેમજ દીવાન શ્રીબાબાસાહેબે તેમનું સન્માન પણ ઘણું કર્યું છે. ॥૯॥

લોકો જે વાતો કહેતા હતા કે "દીવાન સાહેબ શ્રીદાદાખાચરને પકડીને જેલમાં પૂરી દેશે" તે પણ ન થયું, અને શ્રીદાદાખાચરનું અનિષ્ટ કરવા માટે જે લોકો મહેનત કરતા હતા તેમનું ધાર્યું ન થયું પણ ન થવું જોઈએ તેવું અનિષ્ટ થયું છે. ॥૧૦॥

ગાયકવાડ સરકારના દીવાનને તો વૈરભાવ મારા ઉપર છે. અને આ દરબાર શ્રીદાદાખાચર ઉપર તો તેમને ઘણો જ પ્રેમ છે. ॥૧૧॥

દીવાને તો તેમનો ઘણો મોટો સત્કાર કર્યો છે, અક્ષરાધિપતિ આવો મારો આ પ્રકારનો પ્રભાવ છે. ॥૧૨॥

આ શ્રીદાદાખાચરે બલિરાજાની જેમ પોતાનું સર્વસ્વ મને હરખથી અર્પણ

तस्मादेतस्य वश्योऽहं जातश्चेतीयतां त्वया ।
अतोऽनिष्टं किलैतस्य कर्तुं कश्चिन्न तु क्षमः ॥१४॥
स प्राहाथेति तं वाक्यं जीववर्मा त्वया प्रभो ! ।
स्वामिनारायणेनोक्तं तत्सत्यं वर्ततेऽखिलम् ॥१५॥
यथा त्वदुक्तःसैवोक्तो वृत्तान्तस्ते प्रतापयुक् ।
उत्तमेनाऽमुना तस्मै भूपामात्याय सत्पते ! ॥१६॥
स श्रुत्वा च गतस्त्रासं त्वत्प्रतापं विचारयन् ।
भग्नोत्साहो मदापेतस्त्वज्जयाशां किलाऽत्यजत् ॥१७॥
उत्तमस्याथ चैतस्य सन्मानं सोऽकरोद्बहुशम् ।
महालाभस्तथा जातो नानर्थोऽस्याप्यभूत्प्रभो ! ॥१८॥
इत्थमस्योत्तमस्याऽऽसीत्तवान्तर्यामिणोऽङ्गिनाम् ।
हितं ब्रह्माद्यधीशस्य महापापार्तिहारिणः ॥१९॥

કરી દીધું છે. પોતાના કુટુંબે સહિતે તેણે મારી સાથે અંતરાય રાખ્યો નથી. ॥૧૩॥

અને તેથી જ હું તેમને વશ થઇને રહ્યો છું એમ તમે સમજો. તેથી જ કોઇ પણ શ્રીદાદાખાચરનું અનિષ્ટ કરી શકશે નહિ.'' ॥૧૪॥

ત્યારે દરબાર શ્રીજીવાખાચરે શ્રીહરિને વચન કહ્યા કે હે પ્રભો ! આપ શ્રીસ્વામિનારાયણે જે કહ્યું છે તે બધું સાચું જ છે. ॥૧૫॥

હે સત્પતે ! જેવો આપે પ્રતાપ કહ્યો તેવો જ યથાર્થ રીતે આપનો પ્રતાપ શ્રીદાદાખાચરે દીવાનસાહેબ આગળ કહ્યો છે. ॥૧૬॥

તે સાંભળીને તે મનમાં વિચારતા થઇ ગયા અને મનમાં ડરી ગયા. તેનો ઉત્સાહ ભાંગી ગયો. ગર્વ ઊતરી ગયો અને હવે આપને જીતવાની આશા પણ છોડી દીધી છે. ॥૧૭॥

હે પ્રભો ! તેણે આ શ્રીદાદાખાચરનું ઘણું જ સન્માન કર્યું છે, આને તો ઘણો જ લાભ થયો છે. કોઇપણ જાતનું નુકસાન (અનર્થ) થયું નથી. ॥૧૮॥

આ પ્રમાણે શ્રીદાદાખાચરનું અને સર્વના અન્તર્યામી, બ્રહ્માદિના પણ અધીશ્વર અને મહાન્ પાપો અને પીડાઓને ટાળનારા આવા આપનું પણ પરિણામ લાભ (હિત) માં આવ્યું છે. ॥૧૯॥

अधमोद्धारण ! स्वामिन् दुर्मत्तिर्मेऽपराधिनः ।
क्षन्तव्यान्यखिलागांसि दयालुना त्वया हरे ! ॥२०॥
बिरुदं ते वरं दृष्ट्वा त्वया संसारसागरात् ।
ममोद्धारो विधातव्यो नाविकेनेव नीरधेः ॥२१॥
तमित्युक्त्वा हरिं राजन् पश्रयानम्रकन्धरः ।
विरामं प्राप नीतिज्ञः स पश्यंस्तं हितावहम् ॥२२॥
भवत्ताते ततो राजन् ! प्रीतोऽभून्निर्भरं हरिः ।
धर्मज्ञानादिसंपन्ने साधुशीलेऽनुवर्त्तिनि ॥२३॥
ततो माणिक्यवर्णाश्वे स्वर्णपल्यायनादिभिः ।
युक्ते प्रादाद्धरिस्तस्मै सुशीले चारुलक्षणे ॥२४॥
तस्मिन् कालेऽथ सत्प्रेयान् शर्करां भूयसीं हरिः ।
आनाय्याऽदीदपत् प्रीत्या स्वभक्तेभ्यो हि सर्वशः ॥२५॥

હે અધમોનો ઉદ્ધાર કરનારા સ્વામિન્ ! હે હરે ! હું અપરાધી છું. અને આપ દયાળુ છો, તો આપ મારી દુર્બુદ્ધિ ને અને મારા બધા જ અપરાધોને ક્ષમા આપો. ॥૨૦॥

આપ સંસારરૂપી સાગરના નાવિક છો તેથી પોતાના બિરુદ સામે નજર રાખીને આપ સંસાર સાગરથી મારો ઉદ્ધાર કરજો. ॥૨૧॥

હે રાજન્ ! શ્રીજીવાખાચર નીતિના જાણકાર છે, તેમણે વિનયથી માથું ઝુકાવી દીધું, સર્વનું હિત કરનારા શ્રીહરિના મુખકમળ સામે જ નજર રાખી અને તેમણે પોતાનું વક્તવ્ય બંધ કર્યું. ॥૨૨॥

હે રાજન્ ! તમારા પિતા શ્રીદાદાખાચર ધર્મ અને જ્ઞાન આદિ સદ્‌ગુણોથી સંપન્ન હતા, શ્રીહરિની અનુવૃત્તિ પૂરેપૂરી પાળતા હતા અને સ્વભાવ સજ્જતા ભર્યો હતો, તેથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ॥૨૩॥

તે પછી શ્રીહરિએ શ્રીદાદાખાચરને માણેકવર્ણી માણકીજાતની બે ઘોડીઓ આપી, જેના ઉપર સોનેરી પલાણ અને બધો સાજ હતો, તે ઘોડીઓ ઘણી સુશીલ અને શુભ લક્ષણોવાળી હતી. ॥૨૪॥

સંતોના પ્રિય શ્રીહરિએ તે વખતે પુષ્કળ સાકર મગાવી અને પોતાના સર્વ

तदोच्चैस्ते 'जयस्वामिनारायण' इति स्फुटम् ।
प्रोचुर्भक्ता महानन्दाः पश्यन्तस्तन्मुखाम्बुजम् ॥२६॥
पूर्णमास्यामथोदारं कार्त्तिक्यामुत्सवं हरिः ।
अत्राऽकरोत्स्वभक्तानां सुखाय स्वाश्रितप्रियः ॥२७॥
इत्थं सुदिव्यमतुलं मुनिवर्णनीयं सर्वाशुभोपशमनश्रवणानुवादम् ।
स श्रीहरिश्चरितमत्र परं पवित्रं धार्मिश्चकार निजभक्तसुखप्रदाता ॥२८॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रदर्शितोत्तमनृपमाहात्म्यादिनिरू पणं नाम एकचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४१॥

अथ द्विचत्वारिंशदधिकशततमोऽध्यायः

शततमे द्विचत्वारिंशदुत्तरे हरिर्व्यधात् ।

ભક્તજનોને ખૂબ જ પ્રેમથી વહેંચી આપી. ॥૨૫॥

તે સર્વ ભક્તોની દૃષ્ટિ શ્રીહરિના મુખારવિંદ સામે હતી. ભક્તો સહુ ખૂબ જ આનંદિત હતા અને ઊંચે અવાજે ''જય સ્વામિનારાયણ !!!'' બોલીને જાહેર રીતે જય જયકાર કરવા લાગ્યા. ॥૨૬॥

શ્રીહરિએ પોતાના આશ્રિતો ખૂબ જ વહાલા છે, તેથી કાર્તિક સુદિ પૂનમને દિવસ ગઢપુરમાં ભક્તોને સુખી કરવા માટે સારો ઉત્સવ કર્યો. ॥૨૭॥

પોતાના ભક્તજનોને સુખ આપનારા ધર્મપુત્ર શ્રીહરિએ આ પ્રમાણે અહીંયાં ગઢપુરમાં પરમ પવિત્ર દિવ્ય અને અનુપમ ચરિત્ર કર્યું હતું. તે ચરિત્ર કહેવા કે સાંભળવાથી બધા જ અશુભ અમંગળોને શમાવનારું અને મુનિજનોએ ભક્તો આગળ વર્ણન કરીને સમજાવવા લાયક હતું. ॥૨૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૧ સમાપ્ત

અધ્યાય-૧૪૨

શ્રીઅમરાભક્ત, મરકીનો રોગ અને શ્રીસચ્ચિદાનંદ સ્વામી

निग्रहं द्राङ् महामार्याः सच्चिदानन्दयोगिना ॥

श्रीचैतन्यानन्द उवाच -
अस्मिन् दुर्गपुरे राजन् ! याऽऽसीत्प्रा च्यां पित्तुर्हि ते ।
भागभूस्तत्र चाऽवात्सीद्धरेर्भक्तोऽमराभिधः ॥१॥
तत्राऽकरोद्धरिर्दिव्यं चरित्रं पावनं शुभम् ।
गेयं भक्तैः सदा भक्त्या सर्वतापविनाशनम् ॥२॥
श्रीशुकानन्द उवाच -
मुनीन्द्रस्येति स श्रुत्वा तस्य वाचं नरेश्वरः ।
प्राञ्जलिस्तमिदं वाक्यं राजन् प्राह कृतानतिः ॥३॥
यच्चरित्रं महायोगिन् धर्मजन्मा व्यधाद्धरिः ।
श्रोतुकामाय मह्यं तद्वक्तुमर्हसि मङ्गलम् ॥४॥
इत्थमाकर्ण्य तद्वाक्यं स सद्वर्यस्तमानतम् ।
स्वामिनारायणं स्वेष्टं जगादैवं हृदि स्मरन् ॥५॥
चरित्रं तद्धरे राजन् ! मङ्गलश्रुतिकीर्तनम् ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! આ ગઢપુરમાં તમારા પિતા શ્રીદાદાખાચરના ભાગની પૂર્વ તરફ જે ગામ તળની જમીન છે ત્યાં શ્રીઅમરાભાઈ નામે એક હરિભક્ત રહેતા હતા. ॥૧॥

તે સ્થળે શ્રીહરિએ પરમ પાવન દિવ્ય અને શુભ ચરિત્ર કર્યું હતું, તે ભક્તોએ હંમેશ ભક્તિભાવથી ગાયા જેવું હતું તથા સર્વ સંતાપોને નાશ કરનારું હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! દરબાર શ્રીઅમરાખાચરે મુનિવર્ય સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદ સ્વામીનું વચન સાંભળ્યું, તેમને પ્રણામ કર્યા અને હાથ જોડીને આ પ્રમાણે વચન કહ્યું, જેમ કે :- ''હે મહાયોગિન્ ! ધર્મપુત્ર શ્રીહરિએ મંગલમય જે ચરિત્ર કર્યું. તેને હું સાંભળવા ચાહું છું, તો આપ મને (કૃપા કરીને) તે કહો.'' ॥૩-૪॥

આ રીતનું શ્રીઅમરાખાચરનું વચન સાંભળીને મુનિવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીએ હૃદયમાં પોતાના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા. પછી નમ્રતાવાળા તે શ્રીઅમરાખાચરને કહેવા લાગ્યા. ॥૫॥

હે રાજન્ ! શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં અને કહેવામાં પરમ મંગળકારી

समासेन ब्रुवे तुभ्यं शृणु त्वं स्वस्थमानसः ॥६॥
एकदाऽस्मिन् पुरे राजन् ! मारीरोगोऽभवन्महान् ।
अत्रार्तिव्याकुलात्मानो जनास्तेनाऽगमन्मृतिम् ॥७॥
तदा भक्तोऽमरो जीवस्तत्पुत्रश्च हरिप्रियः ।
नारायणाभिधो भक्तो गाङ्गेयाख्यश्च देवजित् ॥८॥
नारायणादयश्चान्ये भक्ताः प्राप्याऽन्तिकं हरेः ।
ते तं प्रणम्य सर्वेशं प्राहुरित्थं नता वचः ॥९॥
पुरेऽस्मिन् वै प्रभो ! जातो मारीरोगो महत्तरः ।
तेनार्दिता जनाः पौरा म्रियन्ते भूरिशो जनाः ॥१०॥
मुन्यादिभ्यश्च ते देयास्त्वस्माभिः पाकसम्विधाः ।
तस्मात्त्वया वयं रक्ष्यास्तद्रोगाद्भीतचेतसः ॥११॥
स प्राहाऽथेति तान् वाक्यं युष्माभिर्मामुपाश्रितैः ।
न भेतव्यं हि तद्रोगाद्युष्माकं रक्षितास्म्यहम् ॥१२॥
अथाऽमराख्यभक्तस्य चारु प्राग्द्वारवेश्मनः ।

છે, તમે તે એકાગ્ર મનથી સાંભળો. હું તે ચરિત્ર સંક્ષેપથી તમને કહું છું. ॥૬॥

હે રાજન્ ! એક વખત આ ગઢપુરમાં મરકી (મહામારી) નો રોગ પુષ્કળ વ્યાપ્યો હતો. અહીંયાં તે રોગની પીડાથી વિહ્વળ ઘણા લોકો મરી ગયા હતા. ॥૭॥

તે શ્રીહરિના વહાલા ભક્ત શ્રીઅમરાભાઈ, તેના પુત્ર શ્રીજીવાભાઈ, શ્રીનારાયણભાઈ - ૧, શ્રીગાંગજીભાઈ, શ્રીદેવજીભાઈ અને શ્રીનારાયણભાઈ - ૨ તથા બીજા પણ હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા. તે સહુએ સર્વેશ્વર પ્રભુ શ્રીહરિને પ્રણામ કર્યા અને આ રીતનું વચન કહ્યું કે - ॥૮-૯॥

હે પ્રભો ! આ ગઢપુરમાં મરકી (મહામારી) નો રોગ ઘણો જ ફેલાયો છે, તેથી ગામના લોકો પીડાય છે અને તેમાં ઘણા જ માણસો મૃત્યુ પામ્યા છે. ॥૧૦॥

અમારે આપણા સંતો વગેરેને રસોઈ માટે સીધું આપવું છે, પણ અમે બધા મનમાં મરકીથી ડરી ગયા છીએ, તો આપ અમને તે રોગથી બચાવો. ॥૧૧॥

ત્યારે શ્રીહરિ બોલ્યા, મારા આશ્રિત હરિભક્તોએ તમારે મરકીથી ડરવું નહિ. હું તમારી રક્ષા કરીશ. ॥૧૨॥

बहिर्वेद्यां हरिः प्राश्नान्नानाभोज्यानि भूपते ! ॥१३॥
परिवेष्याऽथ मुन्यादीन्नानाभोज्यानि स प्रभुः ।
भोजयामास सत्प्रेयान् सादरं निर्भरं हरिः ॥१४॥
स प्रीतोऽथाऽमरो भक्तो गन्धमाल्यस्रगादिभिः ।
अर्घ्यैस्तं प्रार्च्चयत्स्वेष्टं मुन्यादींश्च यथोचितम् ॥१५॥
तथा तस्मै वरां धेनुं भूरिक्षीरप्रदामदात् ।
देवजिच्च चतुष्फालं तस्मै प्रादान्महाधनम् ॥१६॥
ततो नीत्वा हरिं भक्तास्तत्रत्याः साश्रितं मुदा ।
आनर्चुश्चोपचारैस्तं गन्धमाल्यसगादिभिः ॥१७॥
अथ प्रैक्षन्त पौरास्ते चतुःषष्टिमिता नृप ! ।
भीमास्त्रिशूलभृद्धस्ता योगिनीनीलवाससः ॥१८॥

હે ભૂપતે ! પછી શ્રીહરિ નિજભક્ત શ્રીઅમરાભાઈના ઉગમણા બારના ઘરની ઓસરીમાં જાતજાતના ભોજનનો થાળ જમ્યા. ॥૧૩॥

સંતોના પ્રિય અથવા સંતો જેને વહાલાં છે આવા પ્રભુ શ્રીહરિએ સંતો, વર્ણીઓ અને પાર્ષદો વગેરેને અનેક પ્રકારની રસોઈ આદર સાથે ખૂબ જ પીરસીને જમાડ્યા. ॥૧૪॥

તેથી શ્રીઅમરાભક્ત મનમાં રાજી થયા અને ચંદન તથા ફૂલોના હાર ઈત્યાદિ ઉપચારોથી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની પૂજા કરી અને સંતો વગેરેની પણ યથોચિત રીતે પૂજા કરી. ॥૧૫॥

પછી તેમણે ઘણું દૂધ આપતી એક સારી ગાય આપી અને શ્રીદેવજીભાઈએ એક ઘણો મોંઘો ચોફાળ (ચાર ફાળને સીવીને બેવડું કરી ધાબળાની જેમ ઠંડીના સમયે ઓઢાતું વસ્ત્ર) શ્રીહરિને અર્પણ કર્યો. ॥૧૬॥

પછી તે વિભાગમાં રહેતા બધા હરિભક્તોએ સાધુઓ વગેરેની સાથે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી. ચંદન તથા ફૂલહાર આદિ ઉપચારો વડે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૭॥

હે નૃપ ! તે સમયે ગામના લોકોએ, મહાન્ ભયંકર, હાથમાં ત્રિશૂળ પકડીને ફેરવતી, કાળા કપડાં પહેરી રહેલી, ચોસઠ જેટલી જોગણીઓને દેખી. ॥૧૮॥

ता दृष्ट्वा सच्चिदानन्दो योगिराडायसीं सुधीः ।
स्थूलां दीर्घां महाधैर्यो यष्टिं ता हन्तुमग्रहीत् ॥१९॥
भ्रामयित्वाऽथ तां राजन् ! निहन्तुं ताः स दारु णाः ।
प्राद्रवत्तास्ततो भीताः पलायन्ताऽतिदूरतः ॥२०॥
राजन् सोऽध्वन्यथाऽपश्यन्मारीं क्रूरां सविग्रहाम् ।
त्रिशूलं प्रैक्षतात्युग्रां कपालं चैव बिभ्रतीम् ॥२१॥
स्वामिनारायणेनाऽतः प्रेर्यमाणोऽथ वीक्ष्य ताम् ।
सच्चिदानन्दयोगीन्द्रो हन्तुं तामेच्छताऽसतीम् ॥२२॥
रू पान्तरं ततो धृत्वा सोऽग्रहीत्तज्जिघांसया ।
स्वयोगैश्वर्यतः कूपखनित्रं पतितं क्षितौ ॥२३॥
मूर्ध्नि स स्वेऽथ तद्भीमं भ्रामयन् हन्तुमाशु ताम् ।
प्राद्रवत्सा ततो भीता वैनतेयादिवोरगी ॥२४॥

અત્યંત ધીરજવાળા અને મહાન્ બુદ્ધિમાન્ યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ તે જોગણીઓને દેખી. તેથી તેને મારવા માટે કૂવો ખોદવાની જાડી અને લાંબી લોખંડની સાંગડી હાથમાં ઉઠાવી. ॥૧૯॥

હે રાજન્ ! સ્વામી તે ભયંકર જોગણીઓને મારવા માટે સાંગડીને માથા ઉપર ફેરવીને દોડ્યા. તેટલામાં તો ડરી ગયેલી જોગણીઓ દૂર દૂર ભાગી ગઈ. ॥૨૦॥

હે રાજન્ ! શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ રસ્તામાં તે ક્રૂર અને ભયંકર મૂર્તિમાન મરકીને દેખી. તેના એક હાથમાં ત્રિશૂળ હતું અને બીજા હાથમાં ખપ્પર હતું. ॥૨૧॥

શ્રીસ્વામિનારાયણ ભગવાને હૃદયમાં પ્રેરણા કરેલા યોગીંદ્ર શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ તે દુષ્ટ મરકીને મારવાનો મનમાં સંકલ્પ કર્યો. ॥૨૨॥

સ્વામીએ પોતાના યોગૈશ્વર્યથી બીજું રૂપ ધારણ કર્યું. કૂવો ખોદવા માટેની સાંગડી જમીન ઉપર પડી હતી, તે મરકીને મારવાની ઈચ્છાથી હાથમાં ઉઠાવી. ॥૨૩॥

પછી સ્વામીએ પોતાના માથા ઉપર તે ભયંકર સાંગડીને ફેરવીને તુરંત મરકીને મારવા માટે દોડ્યા. તેથી ગરુડથી ડરેલી નાગણીની જેમ તે ભાગી. ॥૨૪॥

सत्रिशूलाऽथ सा तस्मै त्रिशूलं प्राक्षिपद्रुषा ।
खनित्रेणाथ तस्यैव खण्डान् सप्तदश व्यधात् ॥२५॥
सच्चिदानन्दयोगीन्द्रस्तामथेत्यब्रवीद्वचः ।
श्वश्चैवोपोषणं रण्डे ! करिष्येऽहं तु दुर्मदे ? ॥२६॥
त्वां हनिष्यामि दुर्वृत्ते ! भक्तपीडाविधायिनीम् ।
इत्युक्त्वा प्राहरत्तस्याः मूर्ध्नि भूयः स भूपते ! ॥२७॥
वमन्ती सा ततो वक्त्राद्रक्तं मूर्छां गताऽपतत् ।
भूमौ तद्वाहनं श्वाऽऽपन्मूर्छां स्थूलाकृतिर्महान् ॥२८॥
उद्यम्याऽथ पुनः तूर्णं तामैच्छद्धन्तुमार्तिदाम् ।
अब्रवीत्साऽथ तं वाक्यं भीता तस्माद्धि चाकुला ॥२९॥
योषितं मां दयालो ! त्वं दीनां त्वच्छरणागताम् ।
कम्पमानामतित्रस्तां हन्तुं मां नार्हसि प्रभो ! ॥३०॥
वन्दमाना तमित्युक्त्वा भीतिकम्पितविग्रहा ।

મરકીની પાસે ત્રિશૂળ હતું. તેણે ક્રોધ કરીને તે ત્રિશૂળ સ્વામીના ઉપર ફેંક્યું, પરંતુ સ્વામીએ પોતાના તરફ ફેંકાઈને આવતા તે ત્રિશૂળને પોતાની સાંગડીથી જ ભાંગીને સત્તર ટુકડા કરી નાખ્યા. ॥૨૫॥

પછી યોગીંદ્ર શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ તેને કહ્યું, હે દુર્મદ રાંડ ! ભલે આવતી કાલ મારે ઉપવાસ કરવો પડે પણ હે દુર્વૃત્તે ! હરિભક્તોને પીડનારી તને તો હું મારીશ જ. હે ભૂપતે ! આમ બોલીને ફરીવાર તે સાંગડીનો તેમણે મરકીના માથા ઉપર ઘા કર્યો. ॥૨૬-૨૭॥

સાંગડીનો ઘા વાગવાથી તેના મોઢામાંથી રુધિર નીકળવા લાગ્યું, તે મૂર્છિત થઈને પડી ગઈ. તેના વાહનના રૂપમાં એક ઘણો મોટો અને જાડો કૂતરો હતો તે પણ બેભાન થઈ ગયો. ॥૨૮॥

પછી ફરીવાર તે સાંગડીનો ઘા પીડા કરનારી મરકીના ઉપર કરવાની ઈચ્છા કરી. ત્યારે સ્વામીથી ડરી ગયેલી તે મરકી અકળાઈને બોલી. ॥૨૯॥

"હે પ્રભો ! હે દયાલો ! હું સ્ત્રી છું, દીન છું, આપને શરણે આવી છું, હું ત્રાસી ગઈ છું અને ધ્રૂજું છું, માટે હવે મને મારશો નહિ." ॥૩૦॥

प्राद्रवत् सोरगीवोग्रा वैनतेयादतिद्रुतम् ॥३१॥
ततस्तस्याऽमराख्यस्य गेहे भक्तस्य संस्थितम् ।
प्राप्य स प्राह वृत्तान्तं योगिराजो हरिं मुदा ॥३२॥
तन्निशम्याथ स प्रीतो गुणज्ञो भक्तवत्सलः ।
तस्याऽकरोद्बहुश्लाघां सच्चिदानन्दयोगिनः ॥३३॥
इत्थं स्वभक्तसुखदः सकलावतारहेतुर्निजाश्रितजनान् पुरु शर्म नीत्वा ।
स्वैः पार्षदैरभिवृतो हरिरात्मसक्तै राजन् ! स्ववासवरमक्षरसौधमायात् ॥३४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृष्णप्रभावतो मार्याख्यकालशक्त्याः सच्चिदा-नन्दकृतविद्रावणनिरू पणं नाम द्विचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४२॥

अथ त्रिचत्वारिंशदधिकशततमोऽध्यायः

આમ બોલીને પગે લાગી. ભયથી તે થરથરવા લાગી. ગરુડ આગળથી નાગણી ભાગે તેમ અતિ ઝડપથી તે ભયંકર મરકી ભાગવા લાગી. ॥૩૧॥

પછી યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી હરિભક્ત શ્રીઅમરાભાઈને ઘેર જ્યાં શ્રીહરિ વિરાજ્યા હતા ત્યાં આવ્યા અને ખુશખબરના રૂપમાં બધું વૃત્તાંત કહ્યું. ॥૩૨॥

શ્રીહરિ સદ્‌ગુણોના પારખું છે, ભક્તવત્સલ છે, તેથી સ્વામીની વાત સાંભળીને ખૂબ જ રાજી થયા અને તે યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીની ઘણી પ્રશંસા કરી. ॥૩૩॥

હે રાજન્ ! સર્વ અવતારોનું કારણ શ્રીહરિ આ પ્રમાણે નિજભક્તોને સુખ આપે છે, તેથી ત્યાં સર્વ હરિભક્તોને અપાર સુખિયા કરીને હેતવાળા પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસ સ્થાનરૂપ સર્વોત્તમ અક્ષરભવન (અક્ષર ઓરડી) પધાર્યા. ॥૩૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૨ સમાપ્ત

शततमे त्रिचत्वारिंशदुत्तरे हरिर्व्यधात् ।
निग्रहमुक्ती वीराणां सच्चिदानन्दयोगिना ॥

श्रीचैतन्यानन्द उवाच -
राजन् ! मकरपट्टाख्यादवाच्यां सरसो दिशि ।
अस्ति त्वत्तातभागक्ष्मा विस्तीर्णा चायतोत्तमा ॥१॥
चरित्रं श्रीहरिस्तस्यां दिव्यं गेयं मुनिव्रजैः ।
पावनं चाकरोद्भद्रं स्वभक्तानन्ददीत्सया ॥२॥
श्रीशुकानन्द उवाच -
स इत्याकर्ण्य तद्वाक्यं राजंस्तं सद्वरं नृपः ।
प्राहैवं प्राञ्जलिर्वाचं नितान्तप्रश्रयानतः ॥३॥
चरित्रं तद्धरेर्दिव्यं पावनश्रवणं शुभम् ।
वक्तुमर्हसि मह्यं त्वं योगिराडनुकम्पया ॥४॥
स इत्याश्रुत्य तद्वाक्यं साधुवर्यो मुदं गतः ।

અધ્યાય-૧૪૩

ગઢપુર ગામના ભક્તોને ઘેર શ્રીહરિની લીલા અને વીરોથી ભક્તોની રક્ષા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! મગરપાટ નામના (તલાવડીવાળા) સ્થાનથી દક્ષિણ તરફના વિભાગમાં શ્રીદાદાખાચરના ભાગમાં આવેલ ગામ તળની જમીન ઘણી સારી વિશાળ અને લાંબી છે. ॥૧॥

ત્યાં શ્રીહરિએ નિજભક્તોને આનંદ આપવાની ઈચ્છાથી પરમ પવિત્ર, મંગળમય અને દિવ્ય ચરિત્ર કર્યું હતું. તે મુનિ મંડળોએ ગાવા લાયક હતું. ॥૨॥

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! શ્રીઅમરાખાચરે શ્રીચૈતન્યાનંદ સ્વામીનું આવું વચન સાંભળ્યું. પછી વિનયથી અત્યંત નમ્ર થયેલા તેમણે સદ્‌ગુરુવર્ય તે સ્વામીને બે હાથ જોડીને આ રીતે કહ્યું, ॥૩॥

હે યોગિરાજ ! જે સાંભળવાથી મનુષ્ય પાવન બને છે, આવું શ્રીહરિનું દિવ્ય અને શુભ ચરિત્ર આપ મને કૃપા કરીને કહો. ॥૪॥

સદ્‌ગુરુવર્ય શ્રીચૈતન્યાનંદ સ્વામીએ દરબાર શ્રીઅમરાખાચરનું વચન

ध्यायन् स्वेष्टं हरिं प्रीत्या तं प्राहैवं वचो मुदा ॥५॥
चरित्रं तत्परं भद्रं श्रीहरेः पुण्यमद्भुतम् ।
वच्मि शुश्रूषवे तुभ्यं संक्षेपेणातिशान्तिदम् ॥६॥
एकदा ते पितुर्भागक्षोणिगेहा जना नृप ! ।
भावुकाः परमोदाराः सुस्वान्ता धर्मधारिणः ॥७॥
सूरजित्सबलाभिख्यो जेयष्ठजिद्भक्त उत्तमः ।
मूलीमुख्यास्तथा योषा हरिं भोक्तुं न्यमन्त्रयन् ॥८॥
ततो माणिक्यवर्णाश्वामारुह्य श्रीहरिर्युतः ।
तेषां गेहान्यगाद्राजन् ! वर्णिसत्पार्षदादिभिः ॥९॥
इच्छारामप्रमुख्यानामयोध्यावासिनां ततः ।
श्रीहरिः पाकशालायां चारु भोज्यान्यभुक्त सः ॥१०॥
संयावं पूरिका रम्या नानाशाकान् सभाजिकान् ।
द्विदलां राजिकाराद्धं भज्यकक्वथिकादिकम् ॥११॥

સાંભળ્યું અને મનમાં ખુશ થયા. પછી હૃદયમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું પ્રેમથી ધ્યાન કર્યું અને આનંદથી તેમને કહેવા લાગ્યા. ॥૫॥

શ્રીહરિના ચરિત્ર સર્વોત્તમ અને મંગળરૂપ છે, પાવનકારી, અદ્‌ભુત છે, તો તે સાંભળાવા ચાહતા તમને હું સંક્ષેપથી કહું છું. ॥૬॥

હે નૃપ ! શ્રીદાદાખાચરની પાટી (ભાગની જમીન) માં રહેનારા ભક્તજનો બધા ભાવુક, ખૂબ જ ઉદાર, ચોખ્ખા મનના અને ધર્મ પાળનારા હતા. એક વખત તે સુરજિત્, સબળજી અને જેઠાજી વગેરે ભક્તોત્તમ પુરુષોએ અને મૂળીબાઈ આદિ મહિલાઓએ શ્રીહરિને થાળ જમવા માટેનું નિમંત્રણ આપ્યું. ॥૭-૮॥

હે રાજન્ ! પછી શ્રીહરિ માણકી ઘોડીએ સવાર થયા. બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદોને સાથે લીધા અને તે હરિભક્તોને ઘેર પધાર્યા. ॥૯॥

શ્રીહરિ ત્યાં શ્રીઈચ્છારામજી મહારાજ આદિ અયોધ્યાવાસીઓને રસોડે સુંદર ભોજનોનો થાળ જમ્યા. ॥૧૦॥

હે રાજન્ ! થાળમાં શીરો, સુંદર પૂરી, જાત જાતના શાક, ભાજી, દાળ, રાયતું, ભજીયા, કઢી વગેરે અને સારા ફૂલેલા અડદના વડા હતા તેને દહીં સાથે તથા

माषेयान् वटकान् फुल्लान् स प्राश्नाद्भूपते ! हरिः ।
दध्याक्तांस्तांस्तथा चिञ्चारसोपेतान् पिबन् पयः ॥१२॥
तथा रामप्रतापेच्छारामाद्याः कौसला नृप ! ।
नानाभोज्यानि रम्याणि भुञ्जते स्म हरिप्रियाः ॥१३॥
संन्यासिनस्तथा सर्वे वर्णिनः साधवस्तथा ।
आदन् विचित्रभोज्यानि पद्गा भक्ताश्च भूरिशः ॥१४॥
राजन् ! सबलजिन्नाम्नस्ततो भक्तस्य वेश्मनः ।
स न्यषीदद्बहिर्वेद्यां तूलिकाद्यन्वितासने ॥१५॥
तस्याऽथ पूजनं सोऽर्घ्यैर्गन्धमाल्यस्त्रगादिभिः ।
चक्रे षोडशभिर्दिव्यैः श्रीहरेर्भूरिभक्तितः ॥१६॥
तज्जिनां चाश्विनीं युक्तां चारु पल्यनादिभिः ।
सुशीलां सोऽदिशत्तस्मै रूपसल्लक्षणान्विताम् ॥१७॥
सर्वेषां धर्मवंश्यानां पूजां नानोपचारकैः ।

આંબલીની ચટણી સાથે જમ્યા. વચ્ચે વારંવાર જળપાન કરતા હતા. ॥૧૧-૧૨॥

હે નૃપ ! જેને શ્રીહરિમાં હેત છે આવા શ્રીરામપ્રતાપજી મહારાજ તથા શ્રીઈચ્છારામજી મહારાજ આદિ અયોધ્યાવાસીઓ પણ જાત જાતની સુંદર રસોઈ જમ્યા. ॥૧૩॥

સંન્યાસીઓ, વર્ણીઓ, સાધુઓ, પાર્ષદો અને બીજા ઘણા હરિભક્તો ભાત ભાતના ભોજન જમ્યા. ॥૧૪॥

હે રાજન્ ! પછી શ્રીહરિ શ્રીસબળજી નામના હરિભક્તના ઘરની ઓસરીમાં ગાદી તકિયો મૂકીને બિછાવેલા આસન ઉપર વિરાજમાન થયા હતા. ॥૧૫॥

શ્રીસબળજીએ ચંદન, ફૂલહાર આદિ દિવ્ય ષોડશોપચારોથી શ્રીહરિની પૂજા ખૂબ જ ભક્તિભાવનાથી કરી. ॥૧૬॥

શ્રીસબળજીએ સારો સ્વભાવ, ઉત્તમ રૂપ તથા શ્રેષ્ઠ લક્ષણોવાળી, તાજણ જાતની એક સારી ઘોડી મનોહર પલાણ તથા બીજા સામાન સાથે શ્રીહરિને અર્પણ કરી. ॥૧૭॥

स व्यधाद्वर्णिसंन्यासिमुन्यादीनां च सादरम् ॥१८॥
सच्चिदानन्दयोगीन्द्रस्तत्राऽऽगत्याथ चार्पयत् ।
भक्त्या चारु स्थलाम्भोजहारं तस्मै मनोहरम् ॥१९॥
ततस्तं सूचयन् धीरं वादयामास स त्रुटिम् ।
अथाऽपश्यत्स तं साक्षाद्योगिराजो हरिं मुदा ॥२०॥
अथोर्ध्वं सोऽकरोत्पाणिं ततो योगी स भूपते ! ।
ऊर्ध्वं पश्यन् द्विपञ्चाशद्वीरांश्चैक्षत राक्षसीः ॥२१॥
प्राग्वद्रूपान्तरं धृत्वा सिद्धयोगस्ततो हि सः ।
तद्घातायाऽऽयतं स्थूलं काष्ठदण्डं समग्रहीत् ॥२२॥
स प्राहाऽथेति वाक्यं ता दण्डेनानेन वोऽखिलाः ।
मारयिष्यामि रण्डा ! मे तिष्ठथाऽग्रे दुराशयाः ॥२३॥
ततश्चित्कृत्य तास्त्रस्तास्तं कृतान्तभयङ्करम् ।

વળી તે સબળજીએ અનેક જાતના ઉપચારો લઈને બધા ધર્મવંશીઓની પૂજા કરી. તેમ જ સંન્યાસી, બ્રહ્મચારી અને સાધુ વગેરેની પૂજા પણ આદરભાવથી કરી. ॥૧૮॥

યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામી તે વખતે ત્યાં આવ્યા અને તેમણે સુંદર ગુલાબનો હાર ભક્તિભાવથી શ્રીહરિને પહેરાવ્યો. ॥૧૯॥

ત્યારે શ્રીહરિએ તેમનું ધ્યાન ખેંચવા ધીરેથી ચપટી વગાડી, ત્યારે યોગિરાજ શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ સાક્ષાત્ શ્રીહરિની સામે પ્રેમથી જોયું. ॥૨૦॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ પોતાનો હાથ ઊંચે આકાશ તરફ કર્યો. ત્યારે યોગીએ આકાશ સામે ઊંચે નજર કરી. એટલે તેમને બાવન વીર અને કેટલીક રાક્ષસીઓ દેખાણી. ॥૨૧॥

યોગને સિદ્ધ કરી ચૂકેલા શ્રીસ્વામીએ પહેલાંની જેમ બીજું રૂપ ધારણ કર્યું અને તે વીરો અને રાક્ષસીઓને મારવા માટે લાંબો અને જાડો લાકડાનો મોટો ધોકો ઉઠાવ્યો. ॥૨૨॥

શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ તે રાક્ષસીઓને કહ્યું કે "હે દૂષ્ટ હૃદયવાળી રાંડો ! મારી આગળ ઊભી રહો, આ ધોકાથી જ તમને હું મારીશ."॥૨૩॥

प्रेक्ष्याऽधावन् दयाहीनास्तूर्णं प्राणपरीप्सया ॥२४॥
उद्यम्याऽथ त्रिशूलानि वीरास्ते घोरदर्शनाः ।
हन्तुमभ्यपतन् राजंस्तं द्विजेन्द्रमिवोरगाः ॥२५॥
स प्राहरत्ततो योगी काष्ठदण्डेन तेन तान् ।
आपतन् सबलागारे धावंतस्तेऽथ भीतितः ॥२६॥
ततस्तद्देहपातेन गेहं तत्तूर्णमापतत् ।
उद्यम्याऽथ स तं दण्डं हन्तुं तान् पुनरागमत् ॥२७॥
तानथ प्राहरत्क्रूरांस्तेन दण्डेन स द्रुतम् ।
ते ततश्च भयोद्विग्ना भिन्नगात्रास्तदाऽभवन् ॥२८॥
तं प्राहुस्ते वचोऽथेदं भज्यमानाङ्गविक्लवान् ।
युद्धं कर्तुमशक्तान्नो हन्तुं त्वं नार्हसि प्रभो ! ॥२९॥
हन्तुमुद्यम्य तं दण्डं तस्थिवांसं पुनर्नृप ! ।

પછી સ્વામીને કાળના જેવા ભયંકર દેખીને ત્રાસી ગયેલી તે નિર્દય રાક્ષસીઓ ચીસો પાડવા લાગી અને પ્રાણ બચાવવા માટે ઝડપથી ભાગવા લાગી. ॥૨૪॥

હે રાજન્ ! મહાભયંકર દેખાતા વીરોએ ત્રિશૂળ ઉગામ્યા. સાપ જેમ ગરુડને મારવા દોડે તેમ સ્વામીને મારવા માટે દોડી આવ્યા. ॥૨૫॥

ત્યારે યોગી શ્રીસચ્ચિદાનંદ સ્વામીએ લાકાડાના મોટા ધોકાનો પ્રહાર વીરોના ઉપર કર્યો. ત્યારે ભયથી ભાગતા વીરો શ્રીસબળજીના ઘર ઉપર પડ્યા. ॥૨૬॥

તે વીરોના શરીર પડવાના ધડાકાથી તે ઘર તુરંત પડી ગયું. પછી સ્વામીએ વીરોને મારવા માટે ધોકો ઉગામ્યો અને ફરીથી ત્યાં આવ્યા. ॥૨૭॥

સ્વામીએ સત્વરે તે ક્રૂર વીરોના ઉપર લાકડાના ધોકાનો પ્રહાર કર્યો. તેથી તે ડરીને ભાંગી પડ્યા અને તે સમયે તેના અંગો તૂટી ગયા. ॥૨૮॥

પછી તે વીરોએ સ્વામીને કહ્યું, હે પ્રભો ! અંગો તૂટી જવાથી લથડિયા ખાતા અને આપની સામે લડવામાં અશક્ત, આવા અમને આપ મારશો નહિ. ॥૨૯॥

હે નૃપ ! છતાં પણ ફરીવાર તે લાકડાનો ધોકો મારવા માટે ઉગામીને ઊભેલા

ते तमित्यब्रुवन् वाक्यं कम्पमाना भयाकुलाः ॥३०॥

अद्य नः प्रहरेर्यच्चेत्त्वं क्षताङ्गान् विबिभ्यतः ।
शपथस्तर्हि नन्वस्ति स्वामिनारायणस्य ते ॥३१॥

साम्प्रतं हि वयं सर्वे यस्मात्त्वां शरणं गताः ।
तस्मान्नोऽस्ति वधे दोषो वयं वध्या न तत्त्वया ॥३२॥

ते ततस्तमिति प्राहुर्भाजनेऽस्मिन् महामुने ! ।
साधुप्रासादिकं नीरं वर्तते पावनं शुभम् ॥३३॥

दूरीभूय त्वया देयं पातुमेतद्धि नो जलम् ।
तथा सोऽजिज्ञपत् पातुं तान् दूरस्थो हि तत्पयः ॥३४॥

ततस्ते चाऽपिबन्नीरं तत्पात्रस्थं किलाखिलम् ।
तच्चान्यषडमत्रस्थं जनानां पश्यतां नृप ! ॥३५॥

तेऽथाऽलुण्ठन् समग्रास्तज्जले प्रासादिके सताम् ।
कृत्वा हरेस्ततः प्रेक्षां तं स्तुत्वैवं तथाऽब्रुवन् ॥३६॥

તે સ્વામીને ભયથી વ્યાકુળ અને ધ્રૂજતા આવા વીરોએ કહ્યું, ॥૩૦॥

“ભાંગી ગયેલા અંગોવાળા અમે ખૂબ જ ત્રાસી ગયેલા છીએ. અમને હવે જો તમે મારો તો તમને સ્વામિનારાયણના સોગંદ છે. ॥૩૧॥

કારણ કે અમે બધા અત્યારે તમારે શરણે આવ્યા છીએ. તેથી અમને મારવામાં તમને દોષ લાગશે. તો હવે તમે અમને મારશો નહિ.”॥૩૨॥

પછી વળી તેમણે ક્હ્યું કે “હે મહામુને ! આ મોટા પાત્રમાં પરમ પવિત્ર અને શુભ, આવું સંતોની પ્રસાદીનું પાણી ભર્યું છે. ॥૩૩॥

તો આપ ત્યાંથી ખસીને દૂર રહો. અમને તે પાણી પીવા આપો.” ત્યારે શ્રીસચ્ચિદાનંદ સ્વામી ત્યાંથી થોડા દૂર રહ્યા અને તેને તે પાણી પીવાની આજ્ઞા આપી. ॥૩૪॥

હે નૃપ ! પછી તે વીરો વગેરે તે મોટા પાત્રમા ભરેલું બધું જ પાણી પીઈ ગયા અને તે સિવાયના બીજા છ પાત્રોમાં જે પાણી ભર્યું હતું, તેને પણ ત્યાં ઊભેલા સહુ લોકો દેખે તે રીતે પીઈ ગયા. ॥૩૫॥

પછી તે બધા વીરો સંતોના પ્રસાદીરૂપ જળમાં આળોટ્યા. પછી તેમણે

अत्राऽधमान् समुद्धर्तुं पटीयांस्त्वं भवस्यतः ।
भूरिजन्मकृताघान्नस्त्वमुद्धर्त्तुं प्रभोऽर्हसि ॥३७॥

इत्थं तत्प्रार्थितं श्रुत्वा स्वामिनारायणो हरिः ।
तानिदं वचनं राजन् ! दयार्द्रः प्राह सत्पतिः ॥३८॥

स्नानं खल्खलये तीर्थे कार्यं युष्माभिरुत्तमे ।
ततो वो दुर्लभा भाव्या मुक्तिः संसारसागरात् ॥३९॥

तस्याऽऽज्ञयेति नृपते ! निखिलावतारहेतोरतुल्यमहसः पुरुषोत्तमस्य ।
उन्मत्तगाङ्गसलिले किल तत्र तीर्थे ते चाप्लुता भवविमुक्तिमगुर्हि वीराः ॥४०॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिप्रतापतः सच्चिदानन्दयोगिकृतवीरराक्षस्यादिपराभूतिनिरूपणं नाम त्रिचत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४३॥

अथ चतुश्चत्वारिंशदधिकशततमोऽध्यायः

शततमे चतुश्चत्वारिंशदुत्तरके हरिः ।
गातुर्मोक्षादिकं कृत्वा निजं शास्त्रमरीरचत् ॥

શ્રીહરિના દર્શન કર્યા, તેમની સ્તુતિ કરી અને એમ બોલ્યા, ॥૩૬॥

હે પ્રભો ! અત્યારે અધમોનો ઉદ્ધાર કરવામાં આપ અતિશય નિપુણ છો, માટે અમે અનેક જન્મોમાં કરેલા પાપોથી આપ અમારો ઉદ્ધાર કરો. ॥૩૭॥

હે રાજન્ ! સત્પતિ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ તેમનું આવું વચન સાંભળ્યું, પછી દયાર્દ્ર થઈને તેમણે કહ્યું, ॥૩૮॥

“તમે સર્વોત્તમ ખળખળિયા તીર્થમાં સ્નાન કરો. તેથી સંસારરૂપી સાગરથી તમારી દુર્લભ મુક્તિ થશે. ॥૩૯॥

હે નૃપતે ! સર્વ અવતારોનું કારણ અને અનુપમ પ્રતાપી આવા પુરુષોત્તમ શ્રીહરિની આજ્ઞાથી તે બધા વીરોએ શ્રીઉન્મત્તગંગામાં ખળખળિયા તીર્થમાં સ્નાન કર્યું અને તેથી આ સંસારથી મુક્તિ મેળવી. ॥૪૦॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૩ સમાપ્ત

श्रीचैतन्यानन्द उवाच -

एतस्या वीथितः पूर्वदिग्देशे सुन्दरे नृप ! ।
स्वीयाङ्घ्रिपाविते धीमन्नाश्चर्यं श्रीहरिर्व्यधात् ॥१॥
नाङ्गमालस्य तत्राऽऽसीद्दुर्गस्तत्राऽकरोद्धरिः ।
चरित्रं दुःखहाऽऽश्चर्यं भक्तत्राता सुखप्रदः ॥२॥
सोऽथ तत्र व्यधाद्रम्यं तृणभृत्यै गृहं महत् ।
गेहानि तत्र भाग्भाजां कारयामास सन्मतिः ॥३॥
तत्रैकसदने प्रेमसमाख्यो निजबन्धुभिः ।
सहावात्सीत्कुलालो वै हरिभक्तः सदाशयः ॥४॥
आद्य रात्रौ तदा राजन् ! गन्धर्वः सह भार्यया ।
भूतभूतो जगौ पद्यं सग्रामस्वरमूर्च्छनम् ॥५॥
ततः सपरिवारो वै निर्गत्य वेश्मनः स्वकात् ।

અધ્યાય-૧૪૪
ગંધર્વાદિનો મોક્ષ, કપિલજી આદિને દર્શન' અને દીનાનાથ ભટ્ટ દ્વારા શાસ્ત્ર રચના

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! આ બજારથી પૂર્વ તરફનો સુંદર ભાગ શ્રીહરિના ચરણસ્પર્શથી અત્યંત પવિત્ર છે. શ્રીનાંગમાલાનો ત્યાં વંડો હતો. દુઃખને નિવારનારા ભક્તોને સુખ આપનારા શ્રીહરિએ ત્યાં આશ્ચર્યકારી ચરિત્ર કર્યું હતું. ॥૧-૨॥

સદ્‌બુદ્ધિવાળા શ્રીનાંગમાલાએ ત્યાં ઘાસ ભરવા માટે ગોદામ જેવું સારું મોટું મકાન કરાવ્યું હતું. અને પોતાના ભાગિયા ખેડૂતોને રહેવા માટેના ઘર કરાવ્યા હતા. ॥૩॥

ત્યાં એક ઘરમાં શુદ્ધ હૃદયવાળા શ્રીપ્રેમજીભાઇ નામે કુંભાર સત્સંગી પોતાના કુટુંબની સાથે રહેતા હતા. ॥૪॥

હે રાજન્ ! આગલી રાતે એક ભૂત થયેલો ગંધર્વ પોતાની પત્નીની સાથે ત્યાં ગ્રામ, સ્વર અને મૂર્છનાના અનુસંધાન સહિત સારા પદ ગાવા લાગ્યો. ॥૫॥

ત્યારે શ્રીપ્રેમજીભાઇ ભૂતથી ડરીને કુટુંબ સાથે તે પોતાના ઘરમાંથી નીકળી

विनिद्रो भूतसन्त्रस्तस्तां क्षपामत्यगात्स च ॥६॥
नाङ्गमालाय तत्सर्वं जातं वृत्तं न्यवेदयत् ।
प्रगे श्रीहरये सोऽथ जगाद शर्मदायिने ॥७॥
सस्मितं प्राह तं भूमा केवला भूतनिर्गतिः ।
कथं जायेत भो ! धीमन्नायाससाधिका तु सा ॥८॥
साधवो भोजनीयास्ते ततो भोज्यैर्मनोहरैः ।
तच्चिकीर्षुस्तदा राजन् ! सोऽकार्षीत्पाकसंविधाम् ॥९॥
सद्वर्णिसहितं धार्मि पद्गैर्भक्तैश्च संयुतम् ।
आहूयाऽथो स्थले तत्र हरिं साधून्यभोजयत् ॥१०॥
गन्धयुक्तैस्ततो द्रव्यैः सम्पूज्य श्रीहरिं सुधीः ।
प्रेमाख्यो ह्यर्पयामास वाससी स्वेन कारिते ॥११॥
प्रेमसंज्ञं ततो धार्मिर्जगाद भूपते ! हरिः ।
कुत्र भूतस्त्वया प्रैक्षि ततः प्रोचे स तं विभुम् ॥१२॥

ગયા. ઊંઘ્યા વિના જ તે રાત આખી તેમણે વિતાવી. ॥૬॥

શ્રીપ્રેમજી ભાઇએ બધું વૃત્તાંત શ્રીનાંગમાલાને કહ્યું અને તેણે સવારમાં સુખદાયી શ્રીહરિ પાસે જઇને બધી વાત કહી. ॥૭॥

શ્રીહરિ થોડું હસીને બોલ્યા, હે ધીમન્ ! ખાલી એમને એમ ભૂત કેમ નીકળે ? ભૂત કાઢવા માટે તો મહેનત કરવી પડે. ॥૮॥

મનોહર રસોઇ કરાવીને તમારે તો સાધુઓને જમાડવા પડે. હે રાજન્ ! પછી શ્રીનાંગમાલા સંતોને જમાડવા માટે સીધું સામાન તૈયાર કરવા લાગ્યા. ॥૯॥

પછી શ્રીનાંગમાલાએ સાધુઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને હરિભક્તોની સાથે શ્રીહરિની તે સ્થળે પધરામણી કરી. અને પછી ત્યાં સંતો વગેરે અને શ્રીહરિને સારી રીતે થાળ રસોઇ તૈયાર કરાવીને તેમણે જમાડ્યા. ॥૧૦॥

શુદ્ધ બુદ્ધિવાળા શ્રીપ્રેમજી ભક્તે સુગંધી ચંદન વગેરે પદાર્થોથી શ્રીહરિની પૂજા કરી અને પછી પોતે તૈયાર કરાવેલા બે વસ્ત્ર શ્રીહરિને અર્પણ કર્યા. ॥૧૧॥

હે ભૂપતે ! પછી શ્રીહરિએ શ્રીપ્રેમજી ભક્તને પૂછ્યું, ''તમે ભૂતને ક્યાં દેખ્યું હતું ?'' ત્યારે તેણે મહાસમર્થ શ્રીહરિને કહ્યું, ॥૧૨॥

पूर्वदिक् सद्मनो भूमन् ! वाडकेऽश्रावि तत्स्वरः ।
तस्य तद्वचनं श्रुत्वा तद्भ्राता निकटस्थितः ॥१३॥
धूनयामास देहं स्वं कम्पन्तं स ततो हरिः ।
दृष्ट्वोवाच शुभं वाक्यं कोऽसि त्वं त्विति तं ततः ॥१४॥
हर्युक्तां स ततो वाचं श्रुत्वा स गीतिगायकः ।
वालाख्यानां च कङ्कानां गन्धर्वोऽस्म्यहमार्त्तिहन् ! ॥१५॥
उत्पादितोऽयमुत्पातः सभार्येण मया प्रभो ! ।
त्वां संदिदृक्षुणेदानीं नान्यत्कारणमस्ति मे ॥१६॥
अद्योच्छिष्टं सतां ते च भुक्तं मे करुणानिधे ! ।
तस्मान्मे मोक्षसम्प्राप्तिर्भविता ह्यचला हरे ! ॥१७॥
अद्य दिनाच्चतुर्थेऽह्नि हित्वाऽमुं विग्रहं विभो ! ।
त्वन्निदेशानुसारेण तत्र प्राप्स्यामि सम्भवम् ॥१८॥
धाधलाख्याश्च भूतत्वं सम्प्राप्ताः श्रीहरे ! किल ।

"ઘરથી પૂર્વ દિશામાં વાડામાં તેનું ગીત અમે સાંભળ્યું હતું." શ્રીપ્રેમજીભક્તની વાત શ્રીહરિએ સાંભળી તે વખતે જ ત્યાં નજીકમાં તેનો ભાઇ ઊભો હતો. ॥૧૩॥

તેનું શરીર એકદમ ધ્રૂજવા લાગ્યું. શ્રીહરિએ તેને ધ્રૂજતો દેખ્યો, પછી શુભ વચન ઉચ્ચાર્યું "તું કોણ છો" ॥૧૪॥

શ્રીહરિના કહેલા વચનને સાંભળીને તે ગીત ગાનારો બોલ્યો, હે પીડા ટાળનારા પ્રભુ ! હું વાળા કાઠીઓનો ગંધર્વ (ગાયક) છું. ॥૧૫॥

હે પ્રભો ! આપના દર્શન કરવા ચાહતા મેં અને મારી પત્નીએજ આ બધો ઉત્પાત કર્યો છે. આમાં બીજું કાંઇ કારણ નથી. ॥૧૬॥

હે કરુણાનિધે ! આજ મેં સંતો અને આપનું પ્રસાદીરૂપ અન્ન ખાધું છે. હે હરે ! તેથી મને અવિચળ-શાશ્વત મોક્ષની પ્રાપ્તિ થશે. ॥૧૭॥

હે વિભો ! હું આજથી ચોથે દિવસ મારા આ શરીરને તજી દઇને આપની જ્યાં આજ્ઞા હશે ત્યાં સત્સંગમાં બીજો જન્મ લઇશ (અને પછી સત્સંગના પ્રતાપથી મારો શાશ્વત મોક્ષ થશે.) ॥૧૮॥

त्वद् द्रोहः कारणं तत्र नान्यदस्तीति मन्महे ॥१९॥
भूतरूपा हि ते पापा विड्भुजो दुःखगाः शठाः ।
भूयिष्ठं क्लेशसम्प्राप्ताः सहन्ते पापजं फलम् ॥२०॥
ये केचिद्बुद्धिपूर्वं वै तुभ्यं द्रुह्यन्ति मानवाः ।
तेषां त्वत्पादरेणुस्तु हन्ति श्रेयांसि सर्वशः ॥२१॥
इत्थं ब्रुवन्तमीशस्तं सभार्यं जन्मलब्धये ।
शुभे सत्सङ्गिनो गेहे ततः सोऽजिज्ञपद्विभुः ॥२२॥
पादाब्जं श्रीहरेः स्पृष्ट्वा सम्प्रणम्य पुनः पुनः ।
भूतदुःखत्वनिर्मुक्तो ययौ मोक्षप्रदां जनिम् ॥२३॥
तत्र स्थाने ततो राजन् ! संयुक्ते तूलिकादिभिः ।
शिश्ये शुभेऽल्पपर्यङ्के तिरश्चीनसुपृष्ठकः ॥२४॥
नित्यानन्दः सतां श्रेष्ठो गीतां श्रीकापिलीं ततः ।

હે શ્રીહરે ! ધાધલ કુટુંબના કાઠી દરબારો ભૂત થયા છે, તેનું કારણ આપનો દ્રોહ થયો હોય એમ જ અમે માનીએ છીએ. ॥૧૯॥

ભૂત થયેલા તે પાપાચારી છે, મળ ખાનારા, દુઃખ ભોગવનારા અને શઠ છે. તે ઘણો જ ક્લેશ પામેલા છે અને પોતાના પાપનું જ ફળ તેઓ ભોગવી રહ્યા છે. ॥૨૦॥

જે કોઇ પણ મનુષ્ય જાણી જોઇને આપનો દ્રોહ કરે છે તેના બધા જ સત્કર્મોને આપની ચરણ રજ જ નષ્ટ કરી દે છે. ॥૨૧॥

આ રીતે જ્યારે તે ગંધર્વ બોલતો હતો ત્યારે મહાસમર્થ શ્રીહરિએ તેને પત્નીએ સહિત સત્સંગમાં સારા સત્સંગીને શુભ ઘેર જન્મ લેવાની આજ્ઞા આપી. ॥૨૨॥

તેણે શ્રીહરિના ચરણકમળનો સ્પર્શ કર્યો. વારંવાર પગે લાગ્યો અને ભૂતની જિંદગીના દુઃખથી છૂટ્યો. પછી મોક્ષકારી સારો જન્મ પામ્યો. ॥૨૩॥

હે રાજન્ ! તે સ્થાને ગાદી તકિયો મૂકીને નાનો ખાટલો પાથર્યો હતો. શ્રીહરિ તે શુભ આસન ઉપર પડખા ભર સૂતા હતા. ॥૨૪॥

સદ્‌ગુરુવર્ય શ્રીનિત્યાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી ઘણા જ

हर्याज्ञामोदसंयुक्तः सोऽवदच्चार्थसंयुताम् ॥२५॥
तद्रहस्यं समाकर्ण्य सभास्था भक्तिभाग्जनाः ।
स्थैर्यं च प्राप्नुवन् सर्वे तच्छ्रुतिप्रीतमानसाः ॥२६॥
ततः प्रैक्षन्त ते तस्मिन् व्योमयानं मनोरमम् ।
साङ्ख्याचार्येण संयुक्तं देवहूत्याऽत्र कर्दमम् ॥२७॥
हर्युपकण्ठमागत्य त्रयस्ते तत्र तं प्रभुम् ।
प्रणेमुः प्रेमसंयुक्त्या भक्त्या सम्प्लुतमानसाः ॥२८॥
पूरु षसूक्तमन्त्रेण षोडशभिस्ततो हरिम् ।
आनर्चुर्गन्धपुष्पाद्यैर्नानावस्तुसमर्पणैः ॥२९॥
श्रीहरेः पादपद्मं ते हृत्सु स्वेषु न्यधुस्ततः ।
रम्भाफलानि पक्वानि दाडिमामृतजानि हि ॥३०॥
तानि भुक्त्वा ततस्तेभ्यः प्रासादिकान्यदात्प्रभुः ।
तत्सर्वं ददृशुर्भक्ताः प्रत्यक्षं मोदसम्प्लुताः ॥३१॥

ખુશમિજાજમાં હતા. તેઓ શ્રીમદ્ભાગવતમાં રહેલી સંસ્કૃત શ્રીકપિલગીતાને ગુજરાતી અર્થ સાથે બોલતા હતા. ॥૨૫॥

શ્રીકપિલગીતાનું રહસ્ય સાંભળતા સભામાં બેઠેલા બધા ભક્તજનો તે રહસ્ય સાંભળીને મનમાં અત્યંત પ્રસન્ન થયા અને એકદમ સ્થિર થઈ ગયા હતા. ॥૨૬॥

પછી સહુએ ત્યાં આકાશમાંથી ઊતરેલું દિવ્ય વિમાન દેખ્યું. તેમાં દેવહૂતિ અને સાંખ્યાચાર્ય શ્રીકપિલજીની સાથે શ્રીકર્દમ ઋષિ હતા. ॥૨૭॥

વિમાનમાંથી ઊતરીને તે ત્રણેય શ્રીહરિની પાસે આવ્યા. તેમના મન પ્રેમપૂર્ણ ભક્તિથી તરબોળ હતા. તેમણે શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૨૮॥

તે ત્રણેએ પુરુષસૂક્તના મંત્ર બોલીને ચંદન પુષ્પ આદિ સોળ ઉપચારો અને અનેક વસ્તુઓને અર્પણ કરીને શ્રીહરની પૂજા કરી. ॥૨૯॥

પછી તેમણે શ્રીહરિના ચરણ કમળને પોતાની છાતી ઉપર ધારણ કર્યા. પછી સુંદર પાકાં કેળાં, દાડમ અને પપૈયા વગેરે ફળ સ્વયં પ્રભુ શ્રીહરિ જમ્યા અને પોતાની પ્રસાદીના ફળ તે ત્રણેયને આપ્યાં. સભામાં બેઠેલા સહુ ભક્તોએ આનંદમાં

दीनानाथाभिधः सूरिः पर्षत्स्थस्तदलोकयत् ।
निश्चयं भगवत्त्वस्य स व्यधाच्छ्रीहरौ तदा ॥३२॥
दीनानाथं ततो राजन् श्रीहरिर्वाक्यमब्रवीत् ।
शास्त्रं कर्तव्यमस्तीति त्वमेकान्तेऽत्र संवस ॥३३॥
सोऽवसत्तत्र मासांस्त्रीन् ग्रन्थं कुर्वन्मनोरमम् ।
तत्प्रसत्त्यै हरिर्भूप ! प्रत्यहं तत्र सोऽव्रजत् ॥३४॥
नित्यानन्दो मुनिर्नित्यं सच्छास्त्रहार्दवित्तमः ।
तस्मिन् स्थाने जगामाऽसौ पण्डितगर्वनाशकः ॥३५॥
भूमिस्त्वियं श्रीहरिपादपद्मपरागसंसक्ततया जनानाम् ।
धुनोति पापौघमजस्रमुच्चैः कार्पासपुञ्जं कणिकेव वह्नेः ॥३६॥
हरिस्ततस्वीयपदानुगैर्वृतो ययौ निकेतं निजभक्तशर्मदः ।
शुभाक्षरं सौधममर्त्यसङ्घैर्विलोक्यमानः पथि दिव्ययानगैः ॥३७॥

ગરકાવ થઈને આ બધાના પ્રત્યક્ષ દર્શન કર્યા. ॥૩૦-૩૧॥

તે સમયે શ્રીદીનાનાથ ભટ્ટ નામે વિદ્વાન્ પંડિત સભામાં બેઠા હતા. તેમણે આ બધું દેખ્યું. તેથી તેમને શ્રીહરિના સ્વરૂપમાં ભગવાનપણાનો નિશ્ચય થયો. ॥૩૨॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ શ્રીદીનાનાથ ભટ્ટને કહ્યું, આપણે એક શાસ્ત્ર કરવું (રચવું) છે, માટે તમે અહીંયાં એકાંતમાં રહો. ॥૩૩॥

પછી તેઓ ત્યાં ત્રણ માસ રહ્યા અને મનોહર શાસ્ત્રની રચના કરતા હતા. હે ભૂપ ! તેમના સંતોષને માટે શ્રીહરિ રોજ ત્યાં પધારતા હતા. ॥૩૪॥

સમગ્ર શાસ્ત્રોના રહસ્યને સમજનારા અને પંડિતોના ગર્વને ઉતારનારા સદ્ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી પણ તે સ્થાને જતા હતા. ॥૩૫॥

આ (ગઢપુરની) ભૂમિ શ્રીહરિના ચરણારવિંદના રજઃકણોના સંબંધવાળી છે. તેથી અગ્નિનો તણખો જેમ રૂના ઢગલાને બાળી દે છે તેમ લોકોના ઘણા બધા પાપ પુંજોને નિરંતર નષ્ટ કરી દે છે. ॥૩૬॥

પોતાના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિ પાર્ષદોની સાથે દરબારગઢમાં પોતાના નિવાસ સ્થાનરૂપ શુભ અક્ષરભવને (અક્ષર ઓરડીએ) પધાર્યા. રસ્તામાં જ્યારે શ્રીહરિ ચાલ્યા આવતા હોય ત્યારે દિવ્ય વિમાનોમાં રહેલા દેવતાઓના સંઘ

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतगन्धर्वमोक्ष कपिलाद्यागमनादिनिरू पणं नाम चतुश्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४४॥

अथ पञ्चचत्वारिंशदधिकशततमोऽध्यायः

अधिके पञ्चचत्वारिंशिता शततमे हरिः ।
पितॄन् राज्यगुरोरन्नकणान् जग्ध्वोद्धधार ह ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरि राजञ्जगाख्यस्य गृहे ययौ ।
आमन्त्रितो हि भुक्त्यर्थं सद्वर्णिपार्षदान्वितः ॥१॥
पूर्वाशाद्वारयुक्तस्य गर्भागारस्य वै हरिः ।
बहिःशालास्थपर्यङ्के न्यषीदत्तूलिकान्विते ॥२॥
अङ्गणे तत्र रम्याऽऽसीत्सभाऽथ साधुवर्णिनाम् ।
चकोरा इव रात्रीशं पश्यतां श्रीहरिं तदा ॥३॥

श्रीहरिના દર્શન કરતા હતા. ॥૩૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૪ સમાપ્ત

અધ્યાય-૧૪૫

શ્રીજગા રાજ્યગુરુના પિતૃઓનો ઉદ્ધાર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત રાજ્યગુરુ શ્રીજગાભાઇ નામે હરિભક્તે થાળ-રસોઇ તૈયાર કરાવીને શ્રીહરિને પોતાને ઘેર બોલાવ્યા. તેથી શ્રીહરિ સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે જમવા માટે તેને ઘેર પધાર્યા હતા. ॥૧॥

તે ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં પલંગ ઢાળીને ગાદી તકિયા વગેરેથી આસન બિછાવ્યું હતું, તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૨॥

તેના આંગણાંમાં સાધુ બ્રહ્મચારીઓની સુંદર સભા ભરાણી. ચકોર જેમ

राजगुरुर्जगाभिख्यो वासांसि सुन्दराणि च ।
हरये ह्यर्पयामास सादरं प्रीतमानसः ॥४॥
आर्द्रसम्भर्जितान् राजंश्चतुर्द्रोणान् समार्पयत् ।
सुरम्यांश्चणकान् भक्तो हरये शुद्धधीर्मुदा ॥५॥
द्विद्रोणौ स तथाराजंस्तिलानां शुभ्रसंत्विषाम् ।
सामीप्येऽथ न्यधाद्धार्मेस्तदानीं प्रेमभक्तितः ॥६॥
तेभ्यः किञ्चिद्धरिः प्राश्य ब्रह्मानन्दं ततो नृप ! ।
तद्विभक्त्यै मुनिश्रेष्ठं सर्वशश्च ह्यजिज्ञपत् ॥७॥
ब्रह्मानन्दस्य स स्वामी भृत्वैकं चाञ्जलिं ततः ।
वक्त्रे सम्प्राक्षिपन्मन्दं हसन् भक्तार्तिनाशकः ॥८॥
ब्रह्मानन्दो व्यधान्नर्म ततः प्रोचे स तं हरिम् ।
भक्तेनाऽनेन भो ! स्वामिन्नुद्धृता पितरो निजाः ॥९॥

ચંદ્રમા સામે જોઇ રહે તેમ તે સમયે સહુ શ્રીહરિના મુખારવિંદ સામે જોઇ રહ્યા હતા. ॥૩॥

શ્રીજગાભાઇ રાજ્યગુરુએ મનમાં ખુશ થઇને શ્રીહરિને આદરે સહિત સુંદર વસ્ત્ર અર્પણ કર્યાં. ॥૪॥

હે રાજન્ ! શુદ્ધ બુદ્ધિવાળા ભક્ત શ્રીજગાભાઈએ લીલા ચણાને શેકીને તેનો સુંદર ઓળો ચાર પાલી (અંદાજે ચાર કિ.ગ્રા.) જેટલો શ્રીહરિને અર્પણ કર્યો. ॥૫॥

હે રાજન્ ! તે સમયે તેણે બે પાલી જેટલા સફેદ ચમકતા તલ પ્રેમભક્તિથી લાવીને શ્રીહરિની પાસે મૂક્યા. ॥૬॥

હે નૃપ ! શ્રીહરિએ તેમાંથી ચપટી તલ ખાધા અને પછી તે બધા તલ સહુને વહેંચી આપવા માટે મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામીને આપ્યા. ॥૭॥

ભક્તોની પીડાને ટાળનારા શ્રીહરિએ તે તલમાંથી એક અંજલિ (ખુલ્લા એક હાથમાં રહે તેટલા) તલ લઇ, મધુર હાસ્ય કરીને શ્રીબ્રહ્માનંદ સ્વામીના મુખમાં આપ્યા. ॥૮॥

ત્યારે શ્રીબ્રહ્માનંદ સ્વામીએ વિનોદમાં શ્રીહરિને કહ્યું કે હે સ્વામિન્ ! આ

ततो धार्मिश्च बीजानि तानि चिक्षेप खेऽञ्जलौ ।
पूरयित्वा ततो ब्रह्मानन्दो ह्यूर्ध्वं तदैक्षत ॥१०॥
भुञ्जानांऽश्चणकान् पितॄञ्जगाख्यस्य हि सद्धियः ।
दृष्ट्वाऽसौ तान्नृपश्रेष्ठ ! पिप्रीये मुनिराट् कविः ॥११॥
ततो भागवतीः प्राप्य तनूस्ते पितरोऽञ्जसा ।
विमानानि समारुह्य प्रापुस्ते श्रीहरेः पदम् ॥१२॥
प्राश्याऽस्याऽन्नकणान् धार्मिस्तत्पितॄन् स्वाक्षरालयान् ।
व्यधान्मे प्रीयतां स्वामी किं वच्मि तद्दयालुताम् ॥१३॥
संसृतेर्मृत्युतो जीवान् गोपयित्वा समन्ततः ।
सुखयामास लोकैः स्वैः श्रेयो मह्यं ददातुं सः ॥१४॥
श्रीहरिः स्वमुनिर्वर्णिपार्षदैरन्वितो निजमगान्निकेतनम् ।
स्वीयभक्तसुचकोरपंक्तिभिर्वीक्षिताननविधुर्मनोहरः ॥१५॥

સત્સંગીએ આમ તિલાંજલિ અપાવીને તો પોતાના પિતૃઓનો પણ ઉદ્ધાર કરી નાખ્યો. ॥૯॥

તે સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિએ એક અંજલિ ચણાના દાણા લઈને ઊંચે આકાશમાં ફેંક્યા. ત્યારે શ્રીબ્રહ્માનંદ સ્વામીએ ઊંચે આકાશ તરફ જોયું. ॥૧૦॥

હે નૃપશ્રેષ્ઠ ! ત્યારે સ્વામીને દેખાયું કે સદ્‌બુદ્ધિવાળા શ્રીજગાભક્તના પિતૃઓ ચણા ખાતા હતા. તેથી કવિરાજ મુનિવર્ય શ્રીબ્રહ્માનંદ સ્વામી ઘણા ખુશ થયા. ॥૧૧॥

પછી તે શ્રીજગાભાઈના પિતૃઓ ભાગવતી તનુ પામી વિમાનમાં બેસીને શ્રીહરિના અક્ષરધામમાં ગયા. ॥૧૨॥

જેણે શ્રીજગા રાજ્યગુરુના અન્નકણ ખાઈને તેના પિતૃઓને અક્ષરધામના નિવાસી કર્યા તે ધર્મપુત્ર શ્રીહરિની દયાળુતાને હું શું વર્ણવું ? તે શ્રીસહજાનંદ સ્વામી મારા ઉપર પ્રસન્ન થાઓ. ॥૧૩॥

ચારે બાજુથી જીવોને જન્મમૃત્યુરૂપ સંસારના દુઃખથી બચાવીને પોતાના દિવ્ય લોકોમાં તેમને સુખી કર્યા. તે શ્રીહરિ મારું શ્રેય કરો. ॥૧૪॥

ભક્તજન રૂપ ચકોર જેમના મુખરૂપ ચંદ્રમાને દેખી રહ્યા હતા આવા મનોહર

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतजगाभक्तपूर्वजोद्धरणादिनिरू पणं नाम पञ्चचत्वा-रिंशदधिकशततमोऽध्यायः ॥१४५॥

अथ षट्चत्वारिंशदधिकशततमोऽध्यायः

षट्चत्वारिंशदुत्तरे शततमे निजार्थितः ।
भक्तपूर्वजमोक्षं च व्यधात् पुत्रसुखं हरिः ॥

श्रीचैतन्यानन्द उवाच -
अमराऽऽख्यपुरावासमालजित्संज्ञिनो गृहे ।
चरित्रं पावनं चक्रे श्रीहरिर्भूपते ! वरम् ॥१॥
आसंस्तस्य त्रयः पुत्रा भक्ताः शुद्धान्तरा हरेः ।
कृष्णाभिख्योऽमरश्रीश्च पीताम्बराभिधो नृप ! ॥२॥
कृष्णाख्यं चैकदाऽभ्येत्य म्लेच्छो भूतत्वमागतः ।

શ્રીહરિ પોતાના સંતો, વર્ણીઓ અને પાર્ષદોને સાથે લઈને પોતાને નિવાસ સ્થાન અક્ષર ભવન પધાર્યા હતા. ॥૧૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૫ સમાપ્ત

અધ્યાય-૧૪૬

શ્રીમાલજી, શ્રીબહેચરજી અને શ્રીવીરજી આદિ ભક્તોને ઘેર પધરામણી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! મૂળ અમરાપુરના રહેવાસી શ્રીમાલજી નામના એક વણિક હરિભક્તને ઘેર શ્રીહરિએ સર્વોત્તમ પવિત્ર ચરિત્ર કર્યું હતું. ॥૧॥

હે નૃપ ! તે માલજી વણિકને હૃદયના શુદ્ધ અને ભગવાનના ભક્ત આવા ૧- કરસનજી (કૃષ્ણજી)-૨ અમરસી અને ૩-પીતાંબર નામે ત્રણ દીકરા હતા. ॥૨॥

હે રાજન્ ! એક મુસલમાન મરીને ભૂત થયેલો તે મુમુક્ષુ હતો, કરસનજી

मुमुक्षुः संसृते राजन् ! स प्रोचे वचनं च तम् ॥३॥
निर्गुणं सङ्गतोऽसि त्वं साम्प्रतं सर्वबन्धुभिः ।
भवे बम्भ्रम्यमाणस्य मोक्षाऽऽप्तिर्नास्ति मेऽधुना ॥४॥
साक्षान्नारायणः स्वामी सोऽत्राऽऽस्ते श्रीहरिर्वणिक् ।
अतो मे येन भद्रं स्यात्तत्कुरु प्रतिवेशिनः ॥५॥
समर्थः प्रतिवेशी यः पञ्चानां प्रतिवेशिनाम् ।
क्षेमं कुर्यादिति प्रोक्ता वृद्धै रीतिः पुरातनी ॥६॥
कुरुष्वातो मम श्रेयःसाधनं नैगमोत्तमम् ।
नो चेत्कृतघ्निदोषत्वं गन्ता त्वां दुःसहं स्फुटम् ॥७॥
स्वामिनारायणं चात्र समानीय सुखास्पदम् ।
मह्यं तद्वीक्षणस्याऽपि सौख्यं स्याद्येन तत्कुरु ॥८॥
तस्याकर्ण्याऽथ तद्वाक्यं स गत्वा श्रीहरिं नृप ! ।
भूतप्रोक्तं ततः सर्वं तं नत्वा सोऽवदद्विभुम् ॥९॥

વણિક પાસે આવ્યો, અને તેને કહ્યું. ॥૩॥

હાલમાં તમે તો કુટુંબ સાથે માયિક ગુણોથી રહિત-નિર્ગુણ પરમેશ્વર શ્રીહરિને પામ્યા છો. હું તો આ સંસારમાં ભટકું છું. હવે મારો મોક્ષ થવાની શક્યતા જણાતી નથી. ॥૪॥

હે વણિક ! સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાન આ ગઢપુરમાં વિરાજે છે. હું તમારો પાડોશી છું - માટે જે રીતે મારું શ્રેય થાય એવું કાંઇ તમે કરો. ॥૫॥

વૃદ્ધોની જૂની કહેવત છે કે ''એક સજ્જન માણસ પાંચ પાડોશીઓનું કલ્યાણ (ક્ષેમકુશળ) કરે છે.'' ॥૬॥

તેથી મારા કલ્યાણ માટેનું કાંઇ શાસ્ત્રોક્ત સાધન કરો. જો મારા શ્રેય માટેનું કાંઇ સાધન તમે નહિ કરો, તો તમારા ઉપર કૃતઘ્નિપણાનો અસહ્ય દોષ આવશે, તે નિશ્ચિત છે. ॥૭॥

તો તમે એમ કરો કે સર્વ સુખના આધાર એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનને અહીં ઘેર પધરાવો કે જેનાથી મને તેમના દર્શનનું સુખ મળે. ॥૮॥

હે નૃપ ! શ્રીકરસનજી વણિક તે ભૂતની વાત સાંભળ્યા પછી શ્રીહરિની

स श्रुत्वा तस्य तां वाचमङ्गीकुर्वन् स्मिताननः ।
बाढं भूतत्वदुःखेन पीडां प्राप्तेन भण्यते ॥१०॥
भोज्योत्तमस्य सामग्रीं कारय त्वं द्विजोत्तमैः ।
भुक्त्यर्थं तत्र चैष्यामि सोऽहं सद्वर्णिपद्गयुक् ॥११॥
हर्युक्तं सोऽकरोत् कृष्णस्तदानीं श्रीहरिर्युतः ।
सद्वर्ण्याद्यैर्गृहं तस्य सोऽगच्छात्करुणानिधिः ॥१२॥
ततो भोज्यानि रम्याणि स्वयं भुक्त्वा मुनीन् विभुः ।
अत्यर्थं तोषयामास परिवेष्याऽन्नसद्रसैः ॥१३॥
अङ्गणस्थं ततो भूतं पीयूषस्त्रुतिसंयुजा ।
दृशा वीक्ष्या दयासिन्धुः श्रेयस्तस्याऽकरोत्ततः ॥१४॥
सोऽयं दयार्द्रनयनो जनकष्टहर्त्ता शीघ्राञ्चनेन जितहंसगजेन्द्रगर्वः ।

પાસે આવ્યા. તેમણે પગે લાગીને ભૂતનું કહેલું બધું વૃત્તાંત મહાસમર્થ શ્રીહરિ આગળ કહ્યું. ॥૯॥

તે સાંભળ્યા પછી પ્રસન્ન મુખે તે ભૂતની વાતને સ્વીકારતા હોય તેમ તેઓ બોલ્યા કે ભૂતયોનિના દુઃખથી હેરાન થઇને તેણે ખરી વાત કહી છે. ॥૧૦॥

તમે બ્રાહ્મણો પાસે સારી રસોઇ તૈયાર કરાવો. સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોની સાથે હું તમારે ઘેર થાળ જમવા આવીશ. ॥૧૧॥

પછી તે શ્રીકરસનજી વણિકે શ્રીહરિના કહેવા મુજબ સારી રસોઇ તૈયાર કરાવી અને પછી કરુણાનિધિ શ્રીહરિ સાધુ વર્ણીઓ અને પાર્ષદોની સાથે તેને ઘેર જમવા પધાર્યા. ॥૧૨॥

પછી મહાસમર્થ શ્રીહરિ સુંદર સરસ થાળ સ્વયં જમ્યા અને સંતો વગેરેને સ્વયં પીરસીને સારી સરસ રસોઇ જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૩॥

પછી દયાસાગર શ્રીહરિએ આંગણામાં રહેલા ભૂતની સામે અમૃતવર્ષિણી દૃષ્ટિ કરી અને તેનું કલ્યાણ કર્યું. ॥૧૪॥

શ્રીહરિની દૃષ્ટિ દયા ભીની છે, સ્વયં લોકોના કષ્ટોનું નિવારણ કરે છે. તેઓ જ્યારે માર્ગમાંથી પસાર થતા હોય છે ત્યારે લોકો દોડીને આવે છે અને તેમના ચરણ કમળની પૂજા કરે છે. તેમની રમણીય અને તેજ ગતિની આગળ હંસનો અને

आत्मीयसौधमगमन्मुनिवर्णिपद्गैर्युक्तोऽक्षरं पथि जनार्चितपादपद्मः॥१५॥
श्रीचैतन्यानन्द उवाच –
एकदा श्रीहरी राजन् ! गृहे बर्हिचरस्य वै ।
आमन्त्रितो हि भुक्त्यर्थं ययौ सद्वर्णिपद्गयुक् ॥१६॥
भुक्त्वा भोज्यानि स स्वामी स्वादयूञ्जि ततो विभुः ।
सर्वशो भोजयामास परिवेष्याऽथ सत्वरम् ॥१७॥
आसीच्छ्राद्धं पितुस्तस्य भक्तो बर्हिचरस्तदा ।
प्रासादिकान्धसा कव्यं पित्रर्थं सोऽप्यकल्पयत् ॥१८॥
भुक्त्वा प्रासादिकान्नं ते सम्भुक्ताः संसृतेरथो ।
प्रापुर्हर्यक्षरं धाम तन्मात्राद्यैरितीक्षिताः ॥१९॥
चन्दनं चर्चयामास हर्यङ्गेऽथो स चेलकान् ।
राजन् ! न्यधारयद्भक्तः पौष्पान् हारान् मनोहरान् ॥२०॥
स्वीयं सौधं धार्मिरक्षरसंज्ञं जगाम पूर्णकामः ।

ગજરાજનો ગર્વ પણ ઊતરી જાય છે. આવા શ્રીહરિ સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે પોતાના અક્ષરભવને પધાર્યા. ॥૧૫॥

હે રાજન્ ! એક વખત શ્રીબહેચર ભક્તે પોતાને ઘેર થાળ-રસોઈની વ્યવસ્થા કરીને શ્રીહરિને જમવા બોલાવ્યા. તેથી તેઓ સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે તેને ઘેર જમવા પધાર્યા. ॥૧૬॥

મહાસમર્થ શ્રીહરિ ત્યાં સારા સ્વાદુ ભોજનનો થાળ જમ્યા. અને પછી સત્વરે સર્વ સંતો વગેરેને પીરસીને સારી રીતે જમાડ્યા. ॥૧૭॥

તે દિવસ શ્રીબહેચર ભક્તના પિતાનું શ્રાધ હતું, તેથી તેમણે શ્રીહરિના પ્રસાદરૂપ અન્નથી પિતૃઓને શ્રાદ્ધાન્ન અર્પણ કર્યું. ॥૧૮॥

શ્રીહરિનું પ્રસાદી-અન્ન જમીને તેના પિતૃઓ સંસારથી મુક્તિ પામીને અક્ષરધામમાં ગયા અને તે તેમના માતા આદિ બધા સગાઓએ દેખ્યું. ॥૧૯॥

હે રાજન્ ! પછી શ્રીબહેચર ભક્તે શ્રીહરિના અંગ ઉપર ચંદન ચર્ચ્યું અને વસ્ત્રો પહેરાવ્યા અને સુંદર ફૂલહાર પણ પહેરાવ્યા. ॥૨૦॥

ધર્મપુત્ર શ્રીહરિ પૂર્ણકામ છે, શ્રીબહેચર ભક્તના ઘેરથી સાધુ વર્ણી અને

सद्वर्णिपद्गसहितो जनगणवीक्षिताननचन्द्रः ॥२१॥
श्रीचैतन्यानन्द उवाच –
वीरजित्संज्ञिनो गेहं समाहूतोऽभ्यगाद्धरिः ।
युक्ते रम्यासने राजन् ! न्यषीदत्तूलिकादिभिः ॥२२॥
आसन् कष्टप्रदास्तस्य पूर्वजा वीतपुत्रिणः ।
तस्याकं नाशयामास श्रीहरिः पूर्वजं महत् ॥२३॥
हरेरग्रे ततः स्थालं शर्करापूरितं मुदा ।
न्यधादस्तौद्धरिं प्रेम्णा प्राज्यवासांसि सोह्यदात् ॥२४॥
गेहस्थाऽथाऽङ्गना तस्य सङ्कल्पं मानसेऽकरोत् ।
भोजनीयो हरिस्त्वद्य मया भोज्यैर्मनोरमैः ॥२५॥
इति सञ्चित्य मनसा हरिदर्शनहर्षुला ।
पतिं स्वं प्रेरयामास हरिभक्तं सदाऽऽशयम् ॥२६॥

પાર્ષદો સાથે પોતાને અક્ષર ભવને પધાર્યા. રસ્તામાં ઘણા લોકો શ્રીહરિના મુખચંદ્રના દર્શન કરતા હતા. ॥૨૧॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! વીરજી નામે એક ભક્તે શ્રીહરિને પોતાને ઘેર પધરામણીએ બોલાવ્યા, તેથી તેને ઘેર પધાર્યા, અને ગાદી તકિયાઆદિથી બિછાવેલા રમણીય આસન ઉપર વિરાજમાન થયા. ॥૨૨॥

શ્રીવિરજી ભક્ત મૃતપુત્ર હતા. અર્થાત્ તેને બાળક ઊછરતા નહિ. અને તેમાં કારણરૂપ તેના પૂર્વજો હતા. તેને પૂર્વજો ઘણું દુઃખ આપતા હતા. તેથી તેના પૂર્વજો સંબંધી મોટા દુઃખને શ્રીહરિએ મટાડ્યું. ॥૨૩॥

પછી તેણે સાકરથી ભરેલો મોટો થાળ શ્રીહરિની આગળ મૂક્યો, સ્તુતિ કરી અને પ્રેમથી ઘણા સારા વસ્ત્ર અર્પણ કર્યા. ॥૨૪॥

તેના પત્ની ઘરમાં હતા. તેણે મનમાં સંકલ્પ કર્યો કે મારે આજ સુંદર ભોજનનો થાળ કરાવીને શ્રીહરિને જમાડવા છે. ॥૨૫॥

આ પ્રમાણે મનમાં વિચારીને શ્રીહરિના દર્શનથી હરખ ઘેલા થયેલા તે મહિલાએ શુદ્ધ ભાવનાવાળા શ્રીહરિના ભક્ત પોતાના પતિને તે બાબતની પ્રેરણા કરી. ॥૨૬॥

इत्युक्तो भाजिकायुक्तमामान्नं घृतसंयुतम् ।
वीरजित् संददौ प्रीत्या हरये कष्टहारिणे ॥२७॥
ततः प्रोचे सतां नाथः पुत्राः सन्तु मनोहराः ।
उक्त्वा तं श्रीहरी राजन् मेयाख्यस्याऽभ्यगाद्गृहम् ॥२८॥
आगतं तं हरिं दृष्ट्वा स भक्तः प्रेमसम्प्लुतः ।
आसने सुन्दरे धार्मिं सादरं सन्न्यवेशयत् ॥२९॥
कण्ठिकामालिकायुग्मं हरेस्तस्य मनोहरे ।
अम्बुजोपमिते कण्ठे स भक्तोऽथो न्यधारयत् ॥३०॥
भक्त्या प्रीतस्ततः प्रोचे श्रीहरिर्दुःखनाशनः ।
विक्रयेणैव भक्तं त्वामासामर्थाप्तिरेष्यति ॥३१॥
दुःखदाः सन्ति मे स्वामिन् ! पूर्वजा सोऽब्रवीत्प्रभुम् ।
आकर्ण्याऽथो वचस्तस्य ततः प्रोचे हरिः स तम् ॥३२॥
अद्य प्रभृति दुःखं त्वां भवेयुः प्रापका न ते ।

ત્યારે શ્રીવીરજી ભક્તે ઘી સાથે કાચું સીધું અને ભાજી વગેરે કષ્ટ નિવારણ કરનારા શ્રીહરિને પ્રેમથી અર્પણ કર્યું. ॥૨૭॥

ત્યારે સત્પત્તિ શ્રીહરિએ "તમારે મનોહર પુત્રો થશે." આવો આશીર્વાદ આપ્યો. હે રાજન્ ! "અમે જઈએ છીએ એમ કહીને" શ્રીહરિ ત્યાંથી એક મયાભાઈ નામના ભક્તને ઘેર પધાર્યા. ॥૨૮॥

શ્રીહરિ પધાર્યા છે એમ જોઈને તે ભક્ત આનંદમાં ગરકાવ થઈ ગયા. પછી તેમણે શ્રીહરિને સુંદર આસન ઉપર પધરાવ્યા. ॥૨૯॥

તે ભક્તે શ્રીહરિના શંખ જેવા મનોહર કંઠમાં તુલસીની બેવડી કંઠી પહેરાવી. ॥૩૦॥

શ્રીહરિ તેની ભક્તિભાવનાથી રાજી થયા. સર્વ દુઃખોનું નિવારણ કરનારા પ્રભુ બોલ્યા કે આ કંઠીઓ વેચવાથી નિર્વાહ માટે તમને ધન મળશે. ॥૩૧॥

ત્યારે તે ભક્તે કહ્યું હે સ્વામિન્ ! મને મારા પૂર્વજો બહુ દુઃખ દે છે. પછી તેની વાત સાંભળીને શ્રીહરિએ તેને કહ્યું, ॥૩૨॥

આજ પછીથી તમને તમારા પૂર્વજો દુઃખ નહિ દે. તે રીતે જ તમારા પુત્રોને

तथैव तव पुत्राणां करिष्यन्ति न चार्दनम् ॥३३॥
इत्युक्त्वा हरिरथ पार्षदैः सदाद्यैः संयुक्तो निजमगमन्निकेतमीशः ।
कारुण्याज्जनगणपातकं हरन् यो वर्षिण्या त्वमृतमसौ दृशा दयालुः ॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतम्लेच्छोद्धारपूर्वकभक्तजनपूर्वजोद्धरणादिनिरूपणं नाम षट्चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४६॥

अथ सप्तचत्वारिंशदधिकशततमोऽध्यायः

अधिके सप्तचत्वारिंशता शततमे हरिः ।
सोमादेव्यां प्रसीद्य प्राक् जानाख्यां मुक्तिगां व्यधात् ॥

श्रीचैतन्यानन्द उवाच –
हरजित्संज्ञिनो गेहे चरित्राणि हरिर्नृप ! ।
बहूनि तत्र सोऽकार्षीत् शृणु त्वं तानि मे मुखात् ॥१॥
सुन्दरे श्रीहरी राजन् ! सौधे स्वेऽक्षरसंज्ञिते ।

પણ પીડશે નહિ. ॥૩૩॥

આ પ્રમાણે દયાળુ શ્રીહરિ અમૃત વરસાવતી દૃષ્ટિથી ભક્તોની સામે દેખતા હતા અને કરુણા કરીને તે લોકોના પાપોનું નિવારણ કરતા હતા. તેથી તે મયા ભક્તનું દુઃખ ટાળીને સંતો તથા પાર્ષદો વગેરેને સાથે લઈને પરમેશ્વર શ્રીહરિ પોતાના નિવાસ સ્થાન અક્ષરભવનમાં પધાર્યા. ॥૩૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૬ સમાપ્ત

અધ્યાય-૧૪૭

સોમાફૂઈ અને શ્રીહરિ તથા હરજી ભક્ત

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! શ્રીહરિએ શ્રીહરજી નામે ભક્તને ઘેર ઘણા જ ચરિત્ર કર્યા હતા. તે તમે મારા મુખથી સાંભળો. ॥૧॥

હે રાજન્ ! કરુણાનિધિ શ્રીહરિ સુંદર અક્ષર ઓરડીમાં પલંગ ઉપર ગાદલું

पर्यङ्के तूलिकायुक्ते सोऽस्वपत् करुणानिधिः ॥२॥
चतुर्थ्यां विघ्नसंहर्तुं निशायां लौकिका यथा ।
सोमाख्ययोषितो लोष्टान् गेहोपर्यऽक्षिपज्जनाः ॥३॥
कोपं प्राप्ता ततः सोमा साऽशपत् सर्वशस्तदा ।
तद्दृष्ट्वा श्रीहरिस्तस्यां दयार्द्रः कोपमादधे ॥४॥
कुपिते यं जनाः कस्मादित्युक्त्वा धर्मभूर्हरिः ।
यायां वृत्तालयं त्वद्येत्युक्त्वा सज्जोऽभवत्तदा ॥५॥
तस्मिन् कालेऽथ तातस्ते नम्रस्तं चानुनीतवान् ।
हरजिद्धाम सोऽगच्छत् क्षपाऽतिक्रमणाय वै ॥६॥
पर्यङ्के तूलिकायुक्ते न्यषीदत्तत्र धर्मजः ।
अनुनीत्यै ततः सोमा श्रीहर्यन्तिकमाव्रजत् ॥७॥
प्रार्थितो नागमद्धार्मिर्दुर्गं त्वत्तातकस्य वै ।
सोमाख्योचे ततो राजन् ! सगर्वं श्रीहरिं विभुम् ॥८॥

વગેરે પાથરીને તૈયાર કરેલી પથારીમાં સૂતા હતા. ॥૨॥

ભાદરવા સુદિ ચોથને દિવસે વિઘ્ન ટાળવા (મિથ્યા અપવાદ નિવારવા) માટે લૌકિક મનુષ્યો જેમ કોઈના ઘર ઉપર કાંઈ વસ્તુ ફેંકે છે તેમ સોમા ફુઈના ઘર ઉપર પણ કોઈએ માટીના ઢેફાના ઘા કર્યા. ॥૩॥

તેથી સોમાફુઈ એકદમ ખીજાયા અને સહુને કાંઈ ભાંડવા માંડ્યા. તે જોઈને દયાળુ શ્રીહરિ તેમના ઉપર ખીજાઈ ગયા. ॥૪॥

"સોમાફુઈ શા માટે ખીજાયા છે ?" આમ બોલીને મનમાં નારાજ થયેલા ધર્મપુત્ર શ્રીહરિ "હું આજ વડતાલ જતો રહું" એમ કહીને તે વખતે જ સ્વયં તૈયાર થઈ ગયા. ॥૫॥

પછી તે સમયે તમારા પિતા શ્રીદાદાખાચરે નમ્રપણે ઘણી વિનતિ કરી. શ્રીહરિ તો રાત વિતાવવા માટે શ્રીહરજી ભક્તને ઘેર જતા રહ્યા. ॥૬॥

ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં ગાદીતકિયાવાળા પલંગ ઉપર વિરાજ્યા. પછી સોમાફુઈ વિનયથી શ્રીહરિને મનાવવા માટે તેમની પાસે આવ્યા. ॥૭॥

તેમણે ઘણી પ્રાર્થના કરી પણ શ્રીહરિ શ્રીદાદાખાચરના દરબારમાં ન

त्वत्सम्प्राप्त्यै मया सप्त जन्मानि सङ्गतानि हि ।
तानि त्वं संशृणु स्वामिन् ! ब्रुवत्याः सर्वविच्च मत् ॥९॥
ईश्वर्याख्यां गता चाद्ये भवेऽहं श्रीहरे ! त्वथो ।
अन्यस्मिन्नीश ! सम्प्राप्ता मन्देश्वर्याह्वयां शुभाम् ॥१०॥
ततः साध्वीति संज्ञां मे प्राहुर्लोका धरातले ।
चण्डाख्यां मे परस्मिंश्च जाताऽहं पारमेश्वरी ॥११॥
गोकुले नन्दतो जाता निर्गत्य कंसहस्ततः ।
अम्बिकाख्या ततस्तस्मिन्ननेकाह्वां गता त्वहम् ॥१२॥
जन्मन्यस्मिन् हि भूभर्त्तुरभयस्याखिलेश्वर ! ।
स्वसा सोमेति संज्ञा मे कौ प्रसिद्धाऽभवद्धरे ! ॥१३॥
तस्मात्त्वं चेदितो गन्ता भविष्यसि दयाम्बुधे ! ।
तदाऽहं पतनं कुर्यां देहस्याऽमुष्य सर्वथा ॥१४॥

આવ્યા. હે રાજન્ ! તે પછી સોમાફુઈ મહાસમર્થ શ્રીહરિને ગર્વ સાથે કહેવા લાગ્યા. ॥૮॥

હે સ્વામિન્ ! આપને મેળવવા માટે મેં મારા સાત જન્મ વિતાવ્યા છે, આપ સર્વજ્ઞ છો, છતાં હું કહું છું તેને તમે મારી પાસેથી સાંભળો. ॥૯॥

"હે શ્રીહરે ! પ્રથમ જન્મમાં મારું નામ "ઈશ્વરી" હતું, હે ઈશ ! પછી બીજા જન્મમાં મારું શુભ નામ "મંદેશ્વરી" થયું. ॥૧૦॥

ત્રીજા જન્મમાં લોકો "સાધ્વી" આવા નામથી મને જગતમાં કહેતા હતા. ચોથા જન્મમાં મને "ચંડા" આવે નામે બોલાવતા હતા. પાંચમે જન્મે હું "પારમેશ્વરી" આવે નામે પ્રસિદ્ધ થઈ. ॥૧૧॥

છઠ્ઠે જન્મે ગોકુળમાં નંદજીને ઘેર જન્મેલી હું કંસના હાથમાંથી છટકી ગઈ અને "અંબિકા" નામે કહેવાઈ. પછી તો મારા ઘણા નામ થયા. ॥૧૨॥

હે અખિલેશ્વર ! હરે ! આ જન્મમાં દરબાર શ્રીએભલખાચરના બહેનના રૂપમાં જન્મીને "સોમાબાઈ" આવે નામે જગતમાં કહેવાઉં છું. ॥૧૩॥

હે દયાસાગર ! જો આપ અહીંથી ચાલ્યા જશો તો હું આ મારા શરીરને એકદમ તજી દઈશ અર્થાત્ પ્રાણ છોડી દઈશ."॥૧૪॥

इत्युक्त्वा साऽगमत्तूर्णं समाधिं सर्वशान्तिदम् ।
देहजिहासया राजंस्तद्वक्त्राबद्धलोचना ॥१५॥
तां स दृष्ट्वा ततो धार्मिर्दयार्द्रीभूतमानसः ।
देहीव प्राकृतो राजन् संरम्भित्वं समाययौ ॥१६॥
विस्मृत्य मानवं भावं दिव्याकारश्चतुर्भुजः ।
प्रेमक्लेशे यथा कृष्णो रुक्मिण्या ह्यभवत्तथा ॥१७॥
स तां समाधितस्तूर्णमुत्थाप्य जगदीश्वरः ।
देहेऽसावानयामास स तां धार्मिर्दयार्द्रहृत् ॥१८॥
ततश्चण्डीस्वरूपासौ सोमाख्या स्त्री तदा नृप ! ।
अभवच्छ्रीहरी राजंस्तन्नेत्राऽऽबद्धलोचनः ॥१९॥
ततः सोमा हरिं प्रोचे प्रेमसंरम्भया गिरा ।
भूमन्नाहं सुखाम्भोधेऽसमर्था दुर्बला बकी ॥२०॥
निशम्य त्वाग्रहं तस्याः श्रीहरिर्धर्मनन्दनः ।

હે રાજન્ ! આટલું બોલીને સોમાફુઇએ શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિ બાંધી અને દેહત્યાગ કરવાની ઇચ્છાથી સર્વ પ્રકારની શાંતિ આપનારી સમાધિમાં સત્વરે ઊતરી ગયા. ॥૧૫॥

તે જોઇને ધર્મપુત્ર શ્રીહરિનું હૃદય દયાથી ભીંજાઇ ગયું. સામાન્ય મનુષ્યની જેમ થોડા અકળાઇ ગયા. ॥૧૬॥

પોતે માનવ ભાવ ભૂલી ગયા. દ્વારકામાં રુક્મિણીજી સાથેના પ્રેમ કલહના પરિણામે શ્રીકૃષ્ણ ભગવાન જેમ ચતુર્ભુજ રૂપે થયા હતા તેમ શ્રીહરિ પણ દિવ્ય ચતુર્ભુજ રૂપે થયા. ॥૧૭॥

દયાળુ મનના ધર્મપુત્ર જગદીશ્વર શ્રીહરિએ તુરંત તેમને સમાધિમાંથી ઉઠાડ્યા. અને બાહ્ય શરીરમાં લાવ્યા. ॥૧૮॥

હે નૃપ ! તે સમયે આ સોમાદેવી ચંડી સ્વરૂપ જણાયા. હે રાજન્ ! શ્રીહરિ તો તેમની આંખોની સામે એક નજરથી જોઇ જ રહ્યા. ॥૧૯॥

પછી સોમા દેવી પ્રેમભક્તિની અકળાયેલી ભાષા બોલ્યા ''હે ભૂમન્ ! હે સુખસાગર ! હું કોઇ એક મામૂલી દુર્બળ બગલીના જેવી નથી.'' ॥૨૦॥

स तां प्रोचे वचो रम्यं यास्यामीति सुधातिवाक् ॥२१॥
हरजिदङ्गना वाचं राजन्त्याख्याऽब्रवीद्धरिम् ।
याचितं देहि मे स्वामिञ्छरण्यपापनाशन ! ॥२२॥
उद्यमिनी त्वहं नित्यं कालातिक्रमणे सति ।
व्रजेयं चेत्त्वदीक्षा मे स्याद्देहीति शुभं वरम् ॥२३॥
तथा प्रतिज्ञाय ततः स्वयं हरिर्ययौ निकेतं तव तातदुर्गम् ।
पदातिवर्यैरनुगामिभिर्वृतो यथा स्वयंभूर्निजपार्षदान्वितः ॥२४॥
श्रीचैतन्यानन्द उवाच -
एकदा हरजित्संज्ञो भक्तोऽसौ शुद्धधीर्नृप ! ।
आत्मीयपुत्रयोर्धार्मिं धिष्णयोरानयन्मुदा ॥२५॥
सद्वर्णिपार्षदैर्युक्तो भूमाऽसौ श्रीहरिस्तदा ।
तत्राऽऽगात् प्रेमयुक्तस्वजनेक्षितस्मिताननः ॥२६॥

સોમાદેવીનો આગ્રહ જોઇને અમૃત કરતાં પણ અધિક મધુર બોલતાં ધર્મપુત્ર શ્રીહરિએ તેમને ''હું દરબાર ગઢમાં જઇશ'' એમ રમણીય વચન કહ્યું. ॥૨૧॥

ત્યારે શ્રીહરજી ભક્તના પત્ની રાજબાઇ નામે હતા તેણે શ્રીહરિને કહ્યું, શરણાગતના પાપને નાશ કરનારા હે હરે ! હે સ્વામિન્ ! આપની પાસે મારી પ્રાર્થના છે તે મને આપો. ॥૨૨॥

હું ''આપના દર્શન નિયમિત રીતે કરવા'' આવો પ્રયત્ન તો કરતી જ રહું છું, છતાં જો મોડું થાય, તો પણ આપના મને દર્શન થાય, આવું વરદાન મને આપો. ॥૨૩॥

શ્રીહરિએ તે રાજબાઇને પણ તેના માગ્યા પ્રમાણે વર આપ્યો પછી જેમ સ્વયંભૂ ભગવાન શ્રીનારાયણ પોતાના પાર્ષદોની સાથે હોય છે તેમ શ્રીહરિ અનુગામી પાર્ષદોની સાથે શ્રીદાદાખાચરના દરબારગઢમાં પધાર્યા. ॥૨૪॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! એક વખત પવિત્ર મનવાળા તે શ્રીહરજી ભક્તે પોતાના બે પુત્રોને ઘેર પ્રેમથી શ્રીહરિની પધરામણી કરી. ॥૨૫॥

તે વખતે શ્રીહરિ સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોને સાથે લઇને તેને ઘેર પધાર્યા. ત્યારે પ્રેમી ભક્તો શ્રીહરિના મંદ મંદ હસતા મુખકમળના દર્શન કરતા હતા. ॥૨૬॥

पर्यङ्के तत्र संयुक्ते न्यषीदत्तूलिकादिभिः ।
सोऽभाद्भक्तैर्वृतो राजंस्ताराभिश्चन्द्रमा यथा ॥२७॥
ततो भोज्यानि रम्याणि भुक्त्वा धर्मात्मजो हरिः ।
साधून् न्यभोजयत्तानि परिवेष्याथ स स्वयम् ॥२८॥
ततो दिव्यैः स वस्त्राद्यैर्हरजित्संज्ञितो हरिम् ।
पुपूज प्रेमसंयुक्तः पुत्रैः स्वीयैः समन्वितः ॥२९॥
जानाख्याहरजिन्मातुर्हरिः सम्भावनामथो ।
सोऽकार्षीद्व्याधिसङ्क्षंत्र्या दयालुर्भक्तशर्मदः ॥३०॥
साक्षात्कृष्णस्वरूपेण तस्यै वीक्षां ददौ हरिः ।
तादृशं श्रीहरिं दृष्ट्वा मुमुदे प्रेमसम्प्लुता ॥३१॥
ईदृशं प्रत्यहं स्वामिंस्त्वया देयं समीक्षणम् ।
कृतार्थत्वं गमिष्यामि तदाऽहं सर्वथा विभो ! ॥३२॥
तथेति तां प्रतिश्रुत्य मासांश्चतुर ईश्वरः ।

હે રાજન્ ! ત્યાં ગાદી તકિયાથી બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજ્યા. ત્યારે ભક્તોની વચ્ચે રહેલા શ્રીહરિ તારામંડળનાં મધ્યમાં રહેલા ચંદ્રમાની જેમ ઓપતા હતા. ॥૨૭॥

પછી ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં સુંદર ભોજનોનો થાળ જમ્યા અને સ્વયં પીરસીને સંતો વગેરે સહુને સારી રીતે જમાડ્યા. ॥૨૮॥

પછી પોતાના પુત્રો સાથે હરજી ભક્તે પ્રેમપૂર્ણ થઈને સારા કિંમતી રેશમી વસ્ત્ર ઈત્યાદિથી શ્રીહરિની પૂજા કરી. ॥૨૯॥

ભક્ત જનોને સુખકારી દયાળુ શ્રીહરિએ જાનબાઈનામે શ્રીહરજી ભક્તના મા, જે રોગગ્રસ્ત (બીમાર) હતા, તેની સંભાળ લીધી. ॥૩૦॥

શ્રીહરિએ તેને સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપે પોતાના દર્શન દીધા. ત્યારે આવા શ્રીહરિના દર્શન કરીને તે પ્રેમથી તરબોળ થઈ ખૂબ જ આનંદ પામ્યા. ॥૩૧॥

અને તેણે કહ્યું કે "હે મહાન્ સમર્થ સ્વામિન્ ! આપ મને કાયમ આવા જ દર્શન દેજો. અને તેથી હું સંપૂર્ણ રીતે કૃતાર્થ થઈશ." ॥૩૨॥

તે સાંભળીને જાનબાઈને દર્શન આપવાનું વચન આપ્યું અને તે પછી

दिनान्ते वीक्षणं स्वीयं सोऽदात्कारुण्यसागरः ॥३३॥
चरु संज्ञं ततः पात्रं कुण्ड्याख्यं सा स्वसूनुना ।
हरये दापयाञ्चक्रे महापट्टं मनोरमम् ॥३४॥
भूरिकालस्थितीनीति त्रीण्येतानि क्षितीश्वर ! ।
दृश्यन्तेऽद्यापि रम्याणि स्थितानि मन्दिरे खलु ॥३५॥
तदन्तकाले भगवंस्तदानीमारोप्य दिव्ये ह्यथ तां विमाने ।
निनाय नैजाक्षरमेव दिव्यं सुहृज्जनं स्वं सुजनो यथाऽत्र ॥३६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये सोमादेवीकथितनिजसप्तजन्मादिनिरूपणं नाम सप्तचत्वा-रिंशदधिकशततमोऽध्यायः ॥१४७॥

अथाऽष्टचत्वारिंशदधिकशततमोऽध्यायः

अधिके चाष्टचत्वारिंशिता शततमे हरिः ।
हरजिदादिगेहेषु वार्ता निःश्रेयसो व्यधात् ॥

કરુણાના સાગર પરમેશ્વર શ્રીહરિ ચાર માસ સુધી રોજ સાંજે તેમને દર્શન દેવા પધારતા હતા. ॥૩૩॥

તે જાનબાઈએ પોતાના પુત્ર શ્રીહરજી ભક્ત પાસે પાણી ગરમ કરવા માટે તાંબાનો ચરુ, સ્નાન કરવા માટેની તાંબા કુંડી અને એક મનોહર સારી મોટી લાકડાની પાટ્ય અપાવી. ॥૩૪॥

હે રાજન્ ! આ ત્રણેય વસ્તુ ઘણી મજબૂત અને એટલી સારી હતી કે મંદિરમાં ઘણા સમય સુધી દેખાતી રહી છે. ॥૩૫॥

જેમ કોઈ સજ્જન માણસ પોતાના મિત્રને પ્રેમથી પોતાને ત્યાં લઈ જાય છે તેમ જ્યારે જાનબાઈનો અંત સમય આવ્યો ત્યારે ભગવાન્ શ્રીહરિ સ્વયં પધાર્યા. તેના પવિત્ર મુક્તાત્માને દિવ્ય વિમાનમાં બેસાડીને પોતાના દિવ્ય અક્ષરધામમાં લઈ ગયા. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૭ સમાપ્ત

श्रीचैतन्यानन्द उवाच -

एकदा श्रीहरी राजन् ! हरजिद्धिष्ण्यमागमत् ।
तत्राकार्षीत्सुधातुल्यां वार्तां भद्रावहां मुदा ॥१॥
जीवस्याऽस्याऽथ चान्यत्र स्नेहासक्तिर्जनाः स्फुटम् ।
तादृशं बन्धनं लोके नास्त्यन्यद् दुःखदं बहु ॥२॥
आसक्त्या श्रीहरौ सौख्यं भूयिष्ठं मानवा भुवि ।
विहायाऽन्यत्र भो ! भक्ता ! प्रीतिं मूढा हि कुर्वते ॥३॥
आसक्त्या नीचयोनित्वं गच्छन्ति ह्युत्तमा नराः ।
विद्वांस आत्मनो घातं कुर्वन्ति मोहवश्यतः ॥४॥
पूर्वं ज्ञानिप्रवर्य्यो वै वसिष्ठो ब्रह्मपुत्रकः ।
आत्मीयपुत्रसंसक्त्या भूरिक्लेशानसावगात् ॥५॥

અધ્યાય-૧૪૮

શ્રીહરજી ભક્ત આદિના પૂર્વજોનો ઉદ્ધાર અને શ્રીલખુકુંદોઇનો સત્સંગ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત શ્રીહરિ હરજી ભક્તને ઘેર પધાર્યા હતા. ત્યાં મંગળકારી, અમૃત જેવી વાતો રાજી થઇને આ રીતે કરી હતી. ॥૧॥

હે ભક્તજનો ! આ જીવને ભગવાન્ સિવાય બીજામાં જે આસક્તિ (બંધન) છે તેના જેવું આ લોકમાં બીજું કોઇ બંધન નથી અને કોઇ તેથી વધારે દુઃખરૂપ પણ નથી. ॥૨॥

હે ભક્તો ! આ દુનિયામાં ભગવાનના સ્વરૂપમાં આસક્તિ (હેત) કરવાથી મનુષ્યને અપાર સુખ પ્રાપ્ત થાય છે, છતાં મૂઢ મનુષ્યો ભગવાન્‌માં હેત તજી દઇને અન્ય વ્યક્તિ કે પદાર્થમાં હેત કરે છે. ॥૩॥

કેટલાક ઉચ્ચ મનુષ્યો પણ આસક્તિ જન્ય વાસનાથી નીચ જાતિમાં જન્મે છે, ઘણા વિદ્વાન્ મનુષ્ય પણ આસક્તિજન્ય મોહને વશ થઇને આત્મઘાત પણ કરે છે. ॥૪॥

પૂર્વે સર્વોત્તમજ્ઞાની અને બ્રહ્માના પુત્ર બ્રહ્મર્ષિ વસિષ્ઠ પુત્રમાં સ્નેહના બંધનને લીધે ઘણું દુઃખ પામ્યા હતા. ॥૫॥

आचचक्षे तदा राजन् ! न्यग्रोधपुरवासिनः ।
शाकक्रेतुः किलाख्यानं स्फुटं विस्तरतो हरिः ॥६॥
नाथाख्यभावसारस्य गेहे श्रीहरिरेकदा ।
चरित्रं पावनं चक्रे शृणु त्वं स्वस्थमानसः ॥७॥
नाथाभिख्येन भक्तेन प्राशयितुं हरिर्नृप ! ।
आहूतः पद्गमुन्याद्यैर्वर्णिभिः सहितोऽभ्यगात् ॥८॥
चाणकीयां तथा भाजीमाज्यप्लुता मनोरमाः ।
बाटिकास्तत्र भुङ्क्ते स्म श्रीहरिः करुणानिधिः ॥९॥
चतुर्ष्वपि गृहेषूतर्द्भक्तेन प्रार्थितो विभुः ।
विचचार सतां त्राता तीर्थीकुर्वन्निजाङ्घ्रिभिः ॥१०॥
ततो भूताभिभूतेन भक्तेनाऽनेन भूपते ! ।
सन्नाथोनाथितो धार्मिस्तदानीं शर्मदः स्फुटम् ॥११॥
अस्मत्पितामही स्वामिन् ! भूतयोनिं गताऽधुना ।

હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ વડોદરાના એક શાકભાજીના વેપારીની વાત વિસ્તારથી સ્પષ્ટ રીતે કહી. ॥૬॥

એક વખત નાથાભાઇ નામના ભાવસારને ઘેર પવિત્ર ચરિત્ર કર્યું હતું, તેને તમે સ્વસ્થ મનથી સાંભળો. ॥૭॥

હે નૃપ ! એક વખત નાથાભાઇ નામે હરિભક્તે શ્રીહરિને વર્ણી, સાધુ અને પાર્ષદોની સાથે થાળ-રસોઇ જમવા માટે પોતાને ઘેર બોલાવ્યા એટલે સહુ ગયા. ॥૮॥

કરુણાનિધિ શ્રીહરિ ચણેસીની ભાજી અને મનોહર ઘીમાં તરબોળ કરેલી બાટીઓ જમ્યા. ॥૯॥

મહાન્ સમર્થ અને સજ્જનોનું રક્ષણ કરનારા પ્રભુ શ્રીહરિની તે શ્રીનાથાભક્તે પ્રાર્થના કરી, તેથી તેના ઘરને તીર્થરૂપ કરવા સ્વયં ચારેય ઓરડાઓમાં પગે ચાલીને ફર્યા. ॥૧૦॥

હે ભૂપતે ! તે નાથાભક્ત ભૂતોથી ખૂબ જ હેરાન થતા હતા. એટલે સજ્જનોના નાથ અને સુખપ્રદાતા ધર્મપુત્ર શ્રીહરિની તેમણે તે વખતે પ્રાર્થના કરી. ॥૧૧॥

पर्पटभोजिकेत्याख्याप्रसिद्धा साऽभवत्क्षितौ ॥१२॥
अस्मद्भ्यो नः सुतादिभ्यः कष्टं दत्ते मुहुर्मुहुः ।
साऽतो येन निवर्तेत तत्कार्यं भद्रद ! त्वया ॥१३॥
तस्या भूतत्वमाप्तायाः सोऽकार्षीन्मोक्षणं हरिः ।
विशालां सा ततः प्राप्ता तपः कर्तुं सुखाप्तये ॥१४॥
तदैक्षयच्चास्य विलोचनद्वयं निमीलयित्वा भगवान्स धर्मभूः ।
गता विशालां हरिणोदितेति सा विलोक्य मोदं प्रचुरं समाव्रजत् ॥१५॥
पदातिभिः स वृत ईश्वरस्ततो युतः स सद्वर्णिभिरादरादसौ ।
निजालयं प्राप दयानिकेतनः शरण्यसामर्थ्यनिधिर्हरिर्नृप ! ॥१६॥
कान्दविकस्य लक्षस्य गृहे श्रीहरिरीश्वरः ।
गत्वा भूरिचरित्राणि सोऽकार्षीत् तानि वच्मि वः ॥१७॥
यदा यदा सदादींश्च भोज्यै रम्यैर्जगद्गुरुः ।

हे સ્વામિન્ ! મારા દાદીમા (પિતામહી) હમણાં ભૂત થયા છે. દુનિયામાં લોકો તેને ''પાપડ ખાણી'' આવે નામે ઓળખે છે. ॥૧૨॥

હે મંગળકારી ! અમને અને અમારા પુત્ર પરિવાર સહુને તે વારંવાર હેરાન કરે છે, દુઃખ દે છે. તે દાદીમાં દુઃખ દેતા અટકે એવું આપ સારું કાર્ય કરો. ॥૧૩॥

પછી શ્રીહરિએ તે નાથા ભાવસાર ભક્તની દાદીમાનો ભૂત યોનિથી મોક્ષ કર્યો અને તેને સુખ મળે તેવું તપ કરવા બદરિકાશ્રમમાં મોકલ્યા. ॥૧૪॥

પછી ધર્મપુત્ર શ્રીહરિએ શ્રીનાથાભક્તને બેસાડીને આંખો બંધ કરાવીને બતાવ્યું કે તે પોતાની આજ્ઞાથી બદરિકાશ્રમમાં ગયા છે. તે દેખીને શ્રીનાથાભક્ત મનમાં ખૂબ જ આનંદ પામ્યા. ॥૧૫॥

હે નૃપ ! શરણાગતની રક્ષા કરવારૂપ સામર્થ્યના નિધિ પરમેશ્વર શ્રીહરિ પછી વર્ણી, સાધુ અને પાર્ષદોને સાથે લઈને પોતાને નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૧૬॥

પરમેશ્વર શ્રીહરિએ શ્રીલખુ કંદોઈ નામના સત્સંગીને ઘેર જઈને ઘણા ચરિત્ર કર્યા હતા, તે હું હવે તમને કહું છું. ॥૧૭॥

જગદ્‌ગુરુ શ્રીહરિ જ્યારે જ્યારે સંતો વગેરેને રમણીય રસોઈ જમાડીને

सुहितान् कारयाञ्चक्रे तेन लक्षेण तानसौ ॥१८॥
ग्रामान्तराद्यदा भक्ता आव्रजेयुर्हयचीकरन् ।
तेन ते पाकसामग्रीं साधून् भोजयितुं तदा ॥१९॥
नानाविधानि भोज्यानि लक्षाख्योऽसौ स्वयं नृप ! ।
विधाय तोषयामास हरिं साधून् बटूनथ ॥२०॥
अथैकदा हरी राजन् ! भोजयितुं सदादिभिः ।
युक्तोऽगाल्लक्षभक्तस्य गेहं चामन्त्रितस्ततः ॥२१॥
तत्र भोज्यानि रम्याणि भुक्त्वा श्रीधर्मदेवजः ।
परिवेष्याऽथ स स्वामी साधून् पद्गानतीतृपत् ॥२२॥
ततो लक्षाख्यभक्तेन सादरं सुन्दरासने ।
हरिर्निवेषितो राजन् ! प्रेमार्द्रीभूतचेतसा ॥२३॥
अनर्घ्यदिव्यसद्रत्ननानाभूषांशुकादिभिः ।
सुगन्धपुष्पहारैश्च पुपूजेशं हरिं स च ॥२४॥

તૃપ્ત કરતા હતા તે રસોઈ શ્રીલખુ કંદોઈ પાસે જ કરાવતા હતા. ॥૧૮॥

જ્યારે જ્યારે બહાર ગામના હરિભક્તો ગઢપુરમાં આવીને સંતો વગેરેને જમાડતા ત્યારે ત્યારે અનેક જાતની રસોઈ તે શ્રીલખુ કંદોઈ જ બનાવતા હતા. તેઓ ખૂબ જ સારી મિષ્ટાન્ન વગેરેની રસોઈ બનાવીને શ્રીહરિને, વર્ણી, સાધુ અને પાર્ષદોને સંતુષ્ટ કરતા હતા. ॥૧૯-૨૦॥

હે રાજન્ ! એક વખત શ્રીલખુ કંદોઈએ શ્રીહરિને જમવાનું આમંત્રણ આપ્યું, તેથી સંતો વગેરેને સાથે લઈને તેને ઘેર પધાર્યા. ॥૨૧॥

ત્યાં ધર્મપુત્ર શ્રીહરિ સુંદર ભોજન જમ્યા અને પછી સ્વયં પીરસીને સાધુ તથા પાર્ષદો વગેરેને ખૂબ જ તૃપ્ત કર્યા. ॥૨૨॥

હે રાજન્ ! પછી દ્રવિત હૃદયવાળા તે શ્રીલખુભક્તે સુંદર આસન ઉપર શ્રીહરિને આદરભાવથી પધરાવ્યા. ॥૨૩॥

પછી તેણે અમૂલ્ય દિવ્ય સારા રત્ન જડેલા અનેક ઘરેણાંઓ અને વસ્ત્ર આદિ અર્પણ કર્યા તથા સુગંધી ચંદન અને ફૂલહારોથી પરમેશ્વર શ્રીહરિની પૂજા કરી. ॥૨૪॥

धर्मवंश्यान् यथायोग्यं सद्वर्णिपार्षदान् स च ।
वस्त्रालङ्कारगन्धाद्यैरानर्च प्रेमसम्प्लुतः ॥२५॥
नीराजनं हरेस्तस्य घनसारेण स व्यधात् ।
नानाविधानि वाद्यानि लक्षो बहून्यवादयत् ॥२६॥
स गम्भीरार्थसत्पद्यैर्नानायुक्त्यर्थसंयुतैः ।
स्तुत्वा प्रेम्णा हरिं लक्षः प्राणमद्दण्डवन्मुहुः ॥२७॥
तारामध्ये यथा चन्द्रः स्वीयैर्भक्तैर्वृतो हरिः ।
जम्बीरं चालयन् हस्ते सोऽभाच्छर्मावहेक्षणः ॥२८॥
तूष्णीकुर्वञ्जनान् सर्वान् स्वहस्तचालनेन सः ।
वीक्षमाणो निषद्यां तां जगादानन्दयन् निजान् ॥२९॥
सर्वे शृण्वन्तु मे भक्ता वाक्यं वो दोषनाशनम् ।
मयि प्रीतियुजः शूरा मदाज्ञापालनोत्सुकाः ॥३०॥

પ્રેમભાવમાં ગરકાવ થયેલા તે ભક્તે ધર્મવંશીઓ, સંતો, વર્ણીઓ અને પાર્ષદો, આ સર્વની પૂજા સારા વસ્ત્ર, અલંકાર, ચંદન આદિથી યથોચિત રીતે કરી. ॥૨૫॥

પછી તેમણે કપૂરથી શ્રીહરિની આરતી ઉતારી અને અનેક પ્રકારના ઘણા વાજિંત્ર પણ વગડાવ્યા. ॥૨૬॥

અને યુક્તિપૂર્ણ અર્થોથી ભરપૂર ગંભીર અર્થવાળા સારા પદ્ય બોલીને તેમણે શ્રીહરિની સ્તુતિ કરી અને પછી પ્રેમથી જમીન ઉપર વારેવારે ઢળી જઇને દંડવત પ્રણામ પણ કર્યા. ॥૨૭॥

જેમના દર્શન પરમ સુખકારી છે આવા શ્રીહરિ પોતાના ભક્તોની વચ્ચે વિરાજ્યા હતા ત્યારે તારામંડળને મધ્યે ચંદ્રમાની જેમ શોભતા હતા અને હાથમાં રાખેલું લીંબું ફેરવતા હતા. ॥૨૮॥

પછી શ્રીહરિએ હાથ હલાવીને સભાજનોને મૌન કર્યા. બધી સભા ઉપર નજર ફેરવી અને પોતાના ભક્તોને આનંદિત કરવા માટે એમ બોલ્યા કે, ॥૨૯॥

તમે સહુ મારા સ્વરૂપમાં પ્રેમવાળા છો, મારી આજ્ઞા પાળવામાં ઉત્સાહી છો, ધર્મ પાળવામાં શૂરા છો તો તમે સર્વ ભક્તો, તમારા સહુના દોષ ટાળે એવું મારું

जीवानां दुःखदा भक्ताः कामादीनां दुरात्मनाम् ।
भोगेच्छा संसृतेर्हेतुर्मूढानां सक्तचेतसाम् ॥३१॥
कामसक्तो जनः कश्चित्साकेतनगरे पुरा ।
कायस्थोऽतोषयच्छम्भुं कपोलताडनादिभिः ॥३२॥
भूतेश ! त्वं यदि प्रीतो भक्ते वा सर्वथा मयि ।
मह्यं त्वं देहि सर्वेश ! निर्व्रीडं गार्दभं वपुः ॥३३॥
मानव्यामत्र योनौ वै जग्ध्वा जग्ध्वाऽथ ताम्रकम् ।
कामतृप्तिं गतो नाऽहं योषित्संभोगलाषुकः ॥३४॥
इह त्यक्तसदाचारं तिरश्चां चापि निन्दितम् ।
कामसक्त्याऽथ दुष्टोऽयं गर्दभत्वमयाचत ॥३५॥
कश्चिद्विद्वान् पूराऽऽसक्त्या पराभूतोऽभवत्क्षितौ ।
राज्ञः पुत्र्यां जना नूनं ताडितो नात्यजत्स ताम् ॥३६॥

વચન સાંભળો, ॥૩૦॥

હે ભક્તો ! માયિક પંચવિષયમાં બંધાયેલા મૂઢ જીવોને દુરાત્મા કામાદિના સુખોને ભોગવવાની જે ઇચ્છા રહે છે તે જ દુઃખી કરે છે અને સંસારમાં ભટકવાનું કારણ બને છે. ॥૩૧॥

પૂર્વે અમે જ્યારે અયોધ્યામાં હતા ત્યારે કોઇ એક અતિકામી કાયસ્થ ગાલ વગાડવા વગેરેથી શિવજીને રાજી કરતો હતો. ॥૩૨॥

અને પછી તે બોલતો હતો કે ''હે ભૂતાધિપતિ સર્વેશ્વર શંકર ! હું આપનો ભક્ત છું. જો આપ મારા ઉપર રાજી થયા હોવ તો તમે મને નિર્લજ્જ ગધેડાનો દેહ આપજો. ॥૩૩॥

આ મનુષ્ય જન્મમાં સ્ત્રી સમાગમને ઇચ્છીને તામ્ર ભસ્મ ઘણી ખાધી છતાં મારી કામવાસના તૃપ્ત થઇ નથી.''॥૩૪॥

આવો દુષ્ટ કાયસ્થ કામવાસનાને લીધે પશુઓમાં પણ હીન ગણાતા અને સદાચાર હીન પશુ ગધેડાના જન્મની માગણી કરતો હતો. ॥૩૫॥

હે ભક્તો ! પૂર્વે કોઇ એક સારો ભણેલો વિદ્વાન્ હતો તે કોઇ એક રાજકુમારીમાં કામ વાસનાથી બંધાયો. દુનિયામાં લોકોએ તેને માર્યો છતાં તેની વાસના ન છૂટી.

कश्चित् कस्याञ्चिदासक्तस्तस्यास्तातेन घातितः ।
विमूर्द्धा सोऽवदद्वाक्यं तस्यां संसक्तमानसः ॥३७॥
एवं कामादिदोषैश्च पराभूताः सहस्रशः ।
दुर्दशां लेभिरे भक्ता इन्द्राद्या देवनायकाः ॥३८॥
ययात्यैलमुखाः सुज्ञा पुरा वै जगतीश्वराः ।
ज्यायसीं दुर्गतिं प्रापुः कामादिपारवश्यतः ॥३९॥
पुरा वै सौभरिरासीन्नामर्षिस्तपसां निधिः ।
पराभूतोऽभवद्दोषैः पुराणेष्वीरितं स्फुटम् ॥४०॥
कदाऽस्य मायायोगोऽयमिति श्लोके स्फुटं जनाः ।
मायाया बन्धनं चास्य ज्ञायतेऽतः पुरातनम् ॥४१॥
तण्डुलस्य यथा चर्म श्लोके चैतस्य शुद्धता ।
स्फुटं सा गीयते सभ्यैः सोपायाऽऽयाससाधिका ॥४२॥

॥૩૬॥

એક માણસ કોઈની યુવતિ પુત્રીમાં કામાસક્તિથી બંધાયો, તેથી તે યુવતિના પિતાએ તેને મારી નખાવ્યો. માથું કપાયું છતાં તે કામાસક્ત મનુષ્ય પ્રેત થઈને પણ તેની આસક્તિના વચન બોલ્યો હતો. ॥૩૭॥

હે ભક્તજનો ! આ પ્રમાણે કામાદિ દોષોની આગળ હારી ચૂકેલા હજારો ઈન્દ્રાદિ મોટા મોટા દેવતાઓની પણ દુર્દશા થઈ હતી. ॥૩૮॥

પૂર્વે આ દુનિયામાં ઘણા સુજ્ઞ ગણાતા મોટા મોટા યયાતિ અને ઐલ જેવા રાજાઓ પણ કામાદિને વશ થઈને ઘણી ભૂંડી દુર્દશાને પામ્યા હતા. ॥૩૯॥

પૂર્વે સૌભરિ નામના તપોનિધિ એક ઋષિ હતા. તે કામાદિ દોષોથી પરાજિત થયા હતા, આવી કથા પુરાણોમાં સ્પષ્ટ કહી છે. ॥૪૦॥

''कदाऽस्य मायायोगोऽयम्'' હે ભક્તો ! આ શ્લોકમાં આ જીવને માયાનું બંધન ઘણું જૂનું છે તેમ જણાય છે. ॥૪૧॥

''तण्डुलस्य यथा चर्म'' આ શ્લોકમાં જીવાત્માની શુદ્ધતા સ્પષ્ટ કહી છે, પણ જો સાધક સારી યુક્તિઓની સાથે સતત પ્રયત્ન કરતો રહે, તો જ તે શુદ્ધતા મળી શકે છે, ॥૪૨॥

सावधानैरतः सर्वैर्भवितव्यं मदाश्रितैः ।
आलस्यं पूरतस्त्यक्त्वा प्रमादं च तथा जनाः ॥४३॥
एवं शास्ता जनान् सर्वाननुशास्य क्षितीश्वर ।
पुत्रानाकारयामास लक्षाख्यस्य हरिस्ततः ॥४४॥
चक्रुसंज्ञोऽथ कल्याणो रघ्वाख्यः शुद्धधीस्तथा ।
हरिभायश्च चत्वारो हर्यन्तिकं समाव्रजन् ॥४५॥
प्रणताः प्राणमंस्तं ते सुधियो गुणशालिनः ।
सद्गुरूंश्च सतोऽप्यन्यान् दण्डवत्पतनादिभिः ॥४६॥
दयापीयूषवर्षिण्या तान् दृशा स ततो हरिः ।
पश्यन् स्मितमुखाम्भोजः प्रोचे तान् संसदि स्थितान् ॥४७॥
ऋ षितुल्या हि वर्तन्ते भक्तिभाजो वृषान्विताः ।
वैराग्यवयुनोपेता मयि स्नेहयुतास्तथा ॥४८॥
नानापद्यानि सद्भर्तुर्गायन्ते मे निरन्तरम् ।

હે ભક્તો ! માટે મારા આશ્રિત સહુએ પ્રથમ પ્રમાદ અને આળસનો ત્યાગ કરીને સદા સાવધાન રહેવું. ॥૪૩॥

હે રાજન્ ! આ પ્રમાણે ધર્મનું શિક્ષણ આપનારા પરમેશ્વર શ્રીહરિએ સહુ સંત હરિભક્તોને હિતોપદેશ આપ્યો અને તે પછી શ્રીલખુ કંદોઇના પુત્રોને પોતાની પાસે બોલાવ્યા. ॥૪૪॥

રૂડી બુદ્ધિવાળા ચકુભાઇ, કલ્યાણજી, રઘુનાથજી અને હરિભાઇ, આ ચાર પુત્રો હતા. તે શ્રીહરિની પાસે આવ્યા. ॥૪૫॥

શ્રીલખુકંદોઇના આ ચારેય પુત્ર ઘણા ગુણવાન નમ્ર અને બુદ્ધિશાળી હતા તે સહુએ શ્રીહરિને અને સદ્‌ગુરુ સંતોને અને સહુને દંડવત પ્રણામ કરીને પગે લાગ્યા. ॥૪૬॥

શ્રીહરિના મુખ ઉપર આછું હાસ્ય હતું. તેમણે કરુણારૂપી અમૃતને વરસાવતી દષ્ટિથી તે ચારેની સામે જોયું. અને સભામાં બેઠેલા તે સહુને કહ્યું, ॥૪૭॥

''આ ચારેય ભાઇ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપ સર્વોત્તમ ગુણોથી યુક્ત છે અને મારા સ્વરૂપમાં સ્નેહ રાખે છે માટે ઋષિઓના જેવા છે. ॥૪૮॥

प्रसरत्प्रेमसंयुक्ता नानारागविशारदाः ॥४९॥
कनीयांस्तेषु यः सुज्ञो नानाशिल्पक्रियाविधौ ।
शिल्पिना देवराजस्य सन्निभश्चेर्यते जनैः ॥५०॥
एवं प्रशस्य तान् भक्तान् सदःस्थान् हर्षयन् हरिः ।
तैरसौ गापयामास स्वीयबोधोपयूञ्जि च ॥५१॥
भक्तेभ्य इत्थं बहुशर्म धार्मिर्दत्वा निकेतं स्वमगात्सदाद्यैः ।
ततो वृतैः स्वैर्विबुधैर्यथेन्द्रो विलज्जयन् हस्तिवरं स्वगत्या ॥५२॥
एवं ह्यनेकानि चकार तस्य गेहे चरित्राणि मुहुर्मुहुः सः ।
अघौघविध्वंसनकारकाणि श्रव्याणि गेयानि सदादिभिश्च ॥५३॥
इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-

સજ્જનોનું પાલન પોષણ કરનારા પરમેશ્વરના અનેક પ્રકારના કીર્તન આ ભાઈઓ નિરંતર ગાય છે, પરસ્પર હેત રાખે છે અને અનેક જાતના રાગોને સુંદર કંઠથી ગાવામાં ચતુર છે. ॥૪૯॥

તેમાં નાના હરિભાઈ તો અનેક પ્રકારની કારીગરીમાં નિષ્ણાત છે. તેને લોકો દેવરાજ ઈન્દ્રના શિલ્પિ વિશ્વકર્મા જેવા કહે છે.'' ॥૫૦॥

આ રીતે તે ચારેય સત્સંગી ભાઈઓના સદ્‌ગુણોની પ્રશંસા કરી. સભાજનોને રાજી કર્યા અને પછી તે શ્રીલખુ કંદોઈના પુત્રો પાસે પોતાના ઉપદેશને અનુરૂપ સારા કીર્તન ગવડાવ્યા. ॥૫૧॥

ધર્મપુત્ર શ્રીહરિએ આ રીતે પોતાના ભક્તોને ઘણું સુખ આપ્યું. તે પછી દેવતાઓથી ઘેરાયેલ ઈન્દ્ર હોય તેવા શ્રીહરિ સંત હરિભક્તોની સાથે પોતાની ગતિથી હાથીને પણ ઝાંખો પાડી દેતા હોય તેમ ચાલીને પોતાને નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૫૨॥

આ રીતે શ્રીહરિએ શ્રીલખુ કંદોઈને ઘેર વારંવાર ઘણા જ ચરિત્ર કર્યા હતા. તે ચરિત્ર મનુષ્યના પાપના પુંજનો નાશ કરનારા છે અને સંત હરિભક્તોએ પરસ્પર નિરંતર કહેવા સાંભળવા જેવા છે. ॥૫૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૮ સમાપ્ત

माहात्म्ये श्रीहरिकृतनाथाख्यभक्तपितामहीमोक्षादिनिरू पणं नामाऽष्ट-चत्वारिंशदधिकशततमोऽध्यायः ॥१४८॥

अथैकोनपञ्चाशदधिकशततमोऽध्यायः

ऊनपञ्चाशदुत्तरे शततमे हरिर्व्यधात् ।
क्षेमजित्प्रेमजिदादिगेहेषु चरितं शुभम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा क्षेमजिन्नाम्नो गेहं यातो हरिर्नृप ! ।
पार्षदैर्वेष्टितः स्वीयैः प्रवीणैः शुद्धमानसैः ॥१॥
सिंहासने शुभे तत्र न्यषीदच्छ्रीहरिर्विभुः ।
सोऽकार्षीत्सुन्दरां वार्तां जनाऽत्यन्तसुखावहाम् ॥२॥
स्वीयधर्मस्थितैः सर्वैर्युष्माभिश्च निरन्तरम् ।
भवितव्यं सावधानैर्व्यवहारक्रियादिषु ॥३॥
अन्धसां भूयसां भक्ताः कर्तव्यः सङ्ग्रहो जनैः ।
विक्रयित्वा पशून्नानावस्तुजातानि सर्वथा ॥४॥
अन्नसङ्ग्रहिणां नृणां क्लेशा नश्यन्ति भूरिणः ।

અધ્યાય-૧૪૯
શ્રીખીમજી સુતાર અને શ્રીપ્રેમજી ભક્તને ઘેર શ્રીહરિના ચરિત્ર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! એક દિવસ શ્રીહરિ સ્વચ્છ મનના, નિપુણ પોતાના પાર્ષદોને સાથે લઈને શ્રીખીમજી સુતારને ઘેર પધાર્યા. ॥૧॥

મહાસમર્થ શ્રીહરિ ત્યાં શુભ સુંદર સિંહાસન ઉપર વિરાજ્યા, અને ભક્તજનોને માટે સુખકારી એવી સુંદર વાતો કરી. ॥૨॥

પોતપોતાના ધર્મને પાળનારા તમે સહુ વ્યવહારના કામકાજ વગેરેમાં નિરંતર સાવધાન રહેજો. ॥૩॥

હે ભક્તો ! તમે બધા અનાજનો સંઘરો વધારે કરજો. પશુઓ કે બીજી કોઈ વસ્તુ વેચીને પણ અનાજનો સંગ્રહ ઝાઝો કરજો. ॥૪॥

अन्धःसङ्ग्रहहीनानामाक्रमन्ति किलापदः ॥५॥
आगामिनि जना वर्षे वर्षिष्यति न वासवः ।
अम्बूनि क्ष्मातले भक्ता यास्यन्त्यार्त्तिं जनास्ततः ॥६॥
त्वया क्षेमजिता कस्मै महिष्यौ वै जनाय च ।
दत्वा मूल्यं गृहीत्वाऽन्धो रक्षणीयं च तेन ते ॥७॥
ईदृशीं श्रीहरेर्वार्तां निशम्य सर्वशो जनाः ।
तथैव ते व्यधू राजंस्तन्माहात्म्याऽवबोधिनः ॥८॥
ततः क्षेमजिता तेन रम्ये वै मालिके हरेः ।
कण्ठे सन्धारिते दिव्ये भास्वच्छ्रीकौस्तुभास्पदे ॥९॥
रुचिरे ते निरीक्ष्याऽसौ श्लाघयत्स मुहुर्मुहुः ।
आज्ञापयज्जनान् सर्वान् रथकारान् हरिस्तदा ॥१०॥
तुलसी काष्ठजा मालाः श्रीखण्डस्य तथा च ताः ।
कर्तव्याः सुन्दरा भक्ता निष्कतुल्या मनोहराः ॥११॥

અન્ન સંગ્રહ કરનારના ઘણાં દુઃખ ટળી જાય છે અને અનાજનો સંઘરો જો ન કરાય તો તેના ઉપર ઘણી આપત્તિઓ આવી પડે છે. ॥૫॥

હે ભક્તજનો ! આવતા ચોમાસામાં ભૂમિ ઉપર ઈંદ્ર પાણી નહિ વરસાવે તેથી લોકો ખૂબ જ પીડાશે. ॥૬॥

તમારે શ્રીખીમજી સુતારે આ બન્ને ભેંશો કોઈ સારા ઘરાકને વેચી દેવી અને તેના પૈસાથી અનાજ ખરીદી રાખી મૂકવું. ॥૭॥

હે રાજન્ ! શ્રીહરિની આવી વાત સાંભળ્યા પછી શ્રીહરિનો મહિમા સમજનારા સમગ્ર સત્સંગીઓએ અનાજનો સંગ્રહ કર્યો. ॥૮॥

પછી શ્રીખીમજી સુતારે સુંદર તુલસીની બેવડી કંઠી, જે કંઠમાં દિવ્ય તેજસ્વી કૌસ્તુભ મણિ શોભતો હોય, તે શ્રીહરિના કંઠમાં પહેરાવી. ॥૯॥

તે સુંદર કંઠીને દેખીને શ્રીહરિએ તેના વારંવાર ઘણા જ વખાણ કર્યા. અને તે સમયે જે સુતાર હરિભક્તો હતા તેને શ્રીહરિએ નવી સારી કંઠી બનાવવાની આજ્ઞા કરી. ॥૧૦॥

હે ભક્તો ! તુલસી કાષ્ઠમાંથી કે ચંદનના કાષ્ઠમાંથી ઘરેણાં (નિષ્ક) જેવી

हरिस्ततोऽस्य भक्तस्य श्लाघां कृत्वा जनाग्रतः ।
पदातिसंयुतोऽगच्छदात्मीयं सौधमक्षरम् ॥१२॥
एकदा क्षेमजिन्नामा गदार्तोऽभूद्धरापते ! ।
कर्तुं सम्भावनां तस्य धामाऽगात्पद्गयुग्घरिः ॥१३॥
तस्य व्याधिं निरीक्ष्यासौ दयार्द्रीभूतमानसः ।
आयुः संवर्ध्धयंस्तस्य हृदि पादं न्यधाद्धरिः ॥१४॥
असौ सासुः किलास्तीति गतासुर्नास्ति वै जनाः ।
इत्युक्त्वाऽवीवदद्भूमा भक्तं तं श्रीहरिर्नृप ! ॥१५॥
अतोऽमुं शर्करोपेतं संयावं भोजयामहि ।
शार्करीयं स संयावं प्रीत्याऽथो तमभोजयत् ॥१६॥
निजकण्ठस्थितं हारं तस्मै दत्वा ततो हरिः ।
चांपेयं षट्पदाऽऽलीभिः संघुष्टं सुन्दरं विभुः ॥१७॥

સુંદર મનોહર કંઠીઓ કરવી. ॥૧૧॥

પછી શ્રીહરિએ પોતાના ભક્તોની આગળ શ્રીખીમજી સુતાર ભક્તની પ્રશંસા કરી. અને પાર્ષદોની સાથે સ્વયં પોતાને ઉતારે અક્ષરભવને પધાર્યા. ॥૧૨॥

હે ભૂપતે ! એક વખત શ્રીખીમજીભક્ત સુતાર ઘણા માંદા થયા ત્યારે પોતાના પાર્ષદને સાથે લઈને શ્રીહરિ તેની સંભાળ લેવા, ખબર પૂછવા તેને ઘેર પધાર્યા. ॥૧૩॥

તેના રોગને દેખીને શ્રીહરિનું દયાળુ હૃદય એકદમ ભીંજાઈ ગયું. તેમની આવરદા વધારવા માટે શ્રીહરિએ તેના હૃદય ઉપર પોતાના ચરણારવિંદ ચાંપ્યા. ॥૧૪॥

હે નૃપ ! આ શ્રીખીમજીભક્તના પ્રાણ ચાલે છે કે બંધ થઈ ગયા છે, એમ બોલીને બીજા લોકો વિચાર વિમર્શ કરતા હતા ત્યારે મહાન્ શ્રીહરિએ ''આને સાકરનો શીરો કરીને આપણે જમાડીએ'' એમ કહીને સાકરનો શીરો તૈયાર કરાવ્યો અને તે ભક્તને પ્રેમથી જમાડ્યા. ॥૧૫-૧૬॥

મહાસમર્થ શ્રીહરિએ' કંઠમાં ચારે બાજુ ભમરાઓ ગુંજારવ કરતા હતા, તેવો સુંદર ચંપાના ફૂલોનો હાર પહેર્યો હતો, તે ઉતારીને તેમને પહેરાવ્યો. ॥૧૭॥

प्राणलोपगतं भक्तं सासुं चक्रे दयानिधिः ।
भक्तेभ्यो दर्शयन् स्वीयं कालातिक्रमणं बलम् ॥१८॥
एवं भक्तावने तिष्ठन् योऽश्रान्तं वर्तते हरिः ।
भक्तवात्सल्यपाथोधिः स्वान्ते मे चाऽऽविरस्तु सः ॥१९॥
पदातिवर्यैः परिवेष्टितो हरि स्तदीयमूर्त्याहितलोललोचनैः ।
निजं निकेतं शुभमक्षराह्वयम् विलोक्यमानः पथिनागरैर्ययौ ॥२०॥
सवजित्प्रेमजित्संज्ञौ हरिभक्तौ क्वचिन्मुदा ।
हरिं भोजयितुं राजन्नाह्वयामासतुः सतः ॥२१॥
तत्र भोज्यानि रम्याणि भुक्त्वा धर्मात्मजो हरिः ।
परिवेष्याऽथ स स्वामी सदादींस्तानभोजयत् ॥२२॥
प्रेमजित्सवजित्संज्ञौ ततो नानोपचारकैः ।

दयानिधि શ્રીહરિએ નિષ્પ્રાણ થઇ ગયેલા ખીમજી સુતારને આ રીતે જિવાડ્યા અને 'કાળની ગતિને પણ અટકાવે' આવું પોતાનું સામર્થ્ય ભક્તજનોને દેખાડ્યું. ॥૧૮॥

આ પ્રમાણે જે શ્રીહરિ ભક્તોનું રક્ષણ કરવા માટે ખડે પગે ઊભા રહ્યા છે તે ભક્તવત્સલતાના મહાસાગર મહાપ્રભુ મારા હૃદયમાં પ્રકટ નિવાસ કરો. ॥૧૯॥

શ્રીહરિ ખીમજી સુતારને ઘરેથી ચાલ્યા. તેમની મૂર્તિમાં જ પોતાના ચંચળ નેત્રોની વૃત્તિને જોડી રાખનારા પાર્ષદોથી વીંટાયેલ શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને અક્ષર ભવન પધાર્યા. રસ્તામાં નગરજનો શ્રીહરિના દર્શનનો લાભ લેતા હતા. ॥૨૦॥

ગઢપુર ગામમાં સવજીભાઇ અને પ્રેમજીભાઇ નામે બે સારા સત્સંગી હતા. હે રાજન્ ! કોઇ વખતે તેમણે શ્રીહરિને અને સંતોને પોતાને ઘેર થાળ રસોઇ તૈયાર કરાવીને જમવા બોલાવ્યા. ॥૨૧॥

ધર્મપુત્ર શ્રીહરિ સંતો સાથે તેને ઘેર પધાર્યા અને ભાત ભાતના સુંદર ભોજન જમ્યા અને તે પછી શ્રીહરિએ સ્વયં પીરસીને સંતો વગેરેને સારી રીતે જમાડ્યા. ॥૨૨॥

પછી તે સવજીભાઇ અને પ્રેમજીભાઇએ અનેક પ્રકારના પૂજાના ઉપચારો

श्रीहरिं परया भक्त्या पूजतः स्म सदादिकान् ॥२३॥
आद्यः प्रोचे ततो धार्मिं प्रणतो भक्तिसम्प्लुतः ।
न्यासाङ्गीकारणेऽस्तीच्छा साम्प्रतं मे विरागिणः ॥२४॥
तस्मादेका मया देया तुभ्यं वै महिषी शुभा ।
सप्तशती तथा मालाः सद्भ्यो देया भवन्ति हि ॥२५॥
आकर्ण्याऽथो हरिस्तस्य वाक्यं मन्दस्मिताननः ।
आन्तरीयं हि वैराग्यं न चास्ति तव साम्प्रतम् ॥२६॥
जुष्टश्च विक्रमश्चैव क्व गन्तारौ तवात्मजौ ।
योषित्सञ्जनितेयं ते विरक्तिर्वासनायुजः ॥२७॥
श्रीहर्युक्तां गिरं श्रुत्वा तत्स्त्री प्रोचे हरिं वचः ।
जन्मान्तरीयसंस्कारो मया भुक्तोऽद्य कष्टहन् ! ॥२८॥
सांसारिके पदार्थे मे वैराग्यं जातमीश्वर ! ।

લઇને પરમ ઉજ્જ્વળ ભક્તિભાવથી શ્રીહરિની અને સંતો વગેરેની પૂજા કરી. ॥૨૩॥

પછી ભક્તિના રંગથી રંગાયેલા અને નમ્ર ભાવવાળા શ્રીપ્રેમજીભાઇએ શ્રીહરિને કહ્યું, હે હરે ! હાલમાં મને વૈરાગ્ય થયો છે એટલે હવે આ સંસાર છોડી દેવાની મને ઇચ્છા થઇ છે. ॥૨૪॥

તેથી આ એક મારી પાસે સારી ભેંશ છે તે આપને આપવી છે. અને આ સાતસો (ની અથવા જેટલી) માળાઓ છે તે મારે સંતોને આપવી છે. ॥૨૫॥

તેની વાત સાંભળીને શ્રીહરિ ધીમું ધીમું હસવા લાગ્યા. અને બોલ્યા, તમારો આ વૈરાગ્ય હૃદયપૂર્વક નો નથી. ॥૨૬॥

તમે બધું છોડી દેશો તો આ જૂંઠો અને ત્રિકમ નામના તમારા બે દીકરાઓનું શું થશે ? તમે વાસના વાળા છો પણ તમારો વૈરાગ્ય તો સંભવ છે તમારી પત્નીએ કરાવ્યો હોય. ॥૨૭॥

શ્રીહરિના વચનને સાંભળીને દૂર રહેલી પ્રેમજી ભક્તની પત્ની બોલી, હે કષ્ટ હરનારા શ્રીહરે ! અત્યાર સુધી તો મેં મારા પૂર્વજન્મના કર્મ ભોગવ્યા છે. ॥૨૮॥

હે પરમેશ્વર ! મને તો હવે સાંસારિક પદાર્થમાં વૈરાગ્ય થયો છે મનમાં

एतदस्यास्ति कष्टं वै विषयासक्तचेतसः ॥२९॥
तस्या इत्थं गिरं श्रुत्वा स्मयमानः सदीश्वरः ।
तं प्रोचे प्रेमजित्संज्ञं वाक्यं पीयूषसन्निभम् ॥३०॥
वाच्यता ते विरक्तेर्हि संजाताऽऽश्रयिणो मम ।
भक्तौ निष्ठा दृढा तेऽस्ति स्वीये धर्मेऽचलामतिः ॥३१॥
विषयासक्तचित्तत्वाद्भविष्यत्यङ्गनात्रयम् ।
अपत्यानि प्रभूतानि भवितारस्तथा च ते ॥३२॥
मालिकामणिसङ्काशो वंशस्ते वृद्धिमेष्यति ।
साक्षान्मारीचसादृश्यं गन्ता त्वं भूरिसन्ततिः ॥३३॥
एवं वाचं हरेः श्रुत्वा खिन्नधीः शोकयुङ्मनाः ।
पामरो गणितोऽहं ते दयालो ! वासनायुतः ॥३४॥
खिद्यमानस्य तस्याथो विशम्यासौ हरिर्वचः ।
तं प्रोचे प्रेमजिद्भक्तं हसन्माधुर्ययुग्वचः ॥३५॥

વિષયની વાસના વાળા આ તમારા ભક્તને મારાં વૈરાગ્યનું જ દુઃખ છે. ॥૨૯॥

પ્રેમજી ભક્તની પત્નીનું કહેવું સાંભળીને સંતોના ઈશ્વર શ્રીહરિ હસવા લાગ્યા. પછી તે શ્રીપ્રેમજીભક્તની આગળ શ્રીહરિએ અમૃતના સમાન વચન કહ્યું, ॥૩૦॥

તમે મારા આશ્રિત છો, તે તમારા વૈરાગ્યની તો આ રીતે નિંદા થઈ ગણાય, છતાં તમારે મારી ભક્તિમાં દૃઢ નિષ્ઠા છે અને સદાચારમય સ્વધર્મમાં અવિચળ ભાવના છે. ॥૩૧॥

તમારા મનમાં વિષયની વાસના હોવાથી તમારે ત્રણ પત્ની થશે અને સંતાન પણ ઘણા થશે. ॥૩૨॥

તમારો વંશ માળાના મણકા જેવો વધશે. ઝાઝી પ્રજા થવાથી તમે મરીચિપુત્ર સાક્ષાત્ કશ્યપના જેવા કહેવાશો. ॥૩૩॥

શ્રીહરિનું વચન સાંભળીને પ્રેમજી ભક્ત દુઃખી થઈ ગયા. મનમાં શોક કરવા લાગ્યા. હે દયાળો ! વાસનાવાળા મને તો આપે અત્યંત પામર ગણ્યો. ॥૩૪॥

તે દુઃખી થઈ ગયેલા શ્રીપ્રેમજી ભક્તની વાત સાંભળીને શ્રીહરિએ હસ્તે

नङ्क्ष्यति पामरत्वं ते मयि स्नेहयुजस्तव ।
देहान्ते मेऽक्षरं धाम स त्वं चैष्यसि भास्वरम् ॥३६॥
इत्युक्त्वा श्रीहरी राजञ्जुष्टत्रिविक्रमाह्वयोः ।
तत्सून्वोः मस्तके स्वीयं पाणिपद्मं न्यधाच्छुभम् ॥३७॥
प्रत्यर्प्य महिषीं तस्मै दयालुर्धर्मदेवजः ।
मालिकास्तास्ततः सद्भ्यो दत्ते स्म सुन्दरा हरिः ॥३८॥
हरिरथ नृपते ! चरित्रमित्थं जनसुखदश्च विधाय धर्मधर्ता ।
ललितकमललोचनेन भक्तान् निजसदनं च विलोकयन् ययौ सः ॥३९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतक्षेमजिदादिभक्तावनादिनिरू पणं नामैकोनपञ्चाशदधिकशततमोऽध्यायः ॥१४९॥

अथ पञ्चाशदुत्तरशततमोऽध्यायः

पञ्चाशदधिके शततमे रमागृहं गतः ।
तस्यै प्रीतो हरिश्चक्रे देवकृष्णे कृपां शुभाम् ॥

મુખે તેમને મધુરતા ભર્યું વચન કહ્યું, ॥૩૫॥

"મારા સ્વરૂપમાં તમે હેતથી જોડાયા છો તેથી તમારું પામરપણું બધું ટળી જશે, અને દેહને અંતે તમે મારા તેજસ્વી અક્ષરધામમાં જશો." ॥૩૬॥

હે રાજન્ ! આટલું કહીને શ્રીહરિએ શ્રીપ્રેમજી ભક્તના જૂઠો અને ત્રિકમનામે જે બે પુત્ર હતા. તેના મસ્તક ઉપર પોતાનો મંગળમય શુભ કરકમળ મૂક્યો. ॥૩૭॥

ધર્મદેવના પુત્ર દયાળુ શ્રીહરિએ તેમની ભેંશ પાછી આપી. પછી જે સુંદર માળાઓ હતી તે સંતોને વહેંચી આપી. ॥૩૮॥

હે નૃપતે ! ભક્તોને સુખ આપનારા અને ધર્મનું ધારણપોષણ કરનારા મહાપ્રભુ શ્રીહરિ આ રીતે સુંદર ચરિત્ર કરીને સુંદર કમળના સમાન નેત્રોથી ભક્તોના ઉપર પ્રેમપૂર્ણ દૃષ્ટિ કરીને પોતાના અક્ષરભવને પધાર્યા. ॥૩૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૪૯ સમાપ્ત

श्रीचैतन्यानन्द उवाच -

एकदा श्रीहरौ राजन्नात्मीये केतनेऽक्षरे ।
मध्येऽह्नस्तूलिकायुक्ते पर्यङ्के शयिते सति ॥१॥
पार्षदैः प्रेमसंयुक्तैः सेव्यमाने सुखास्पदे ।
एरकाव्यजनाद्यैश्च मन्दशीतलवायुभिः ॥२॥
अम्भोयन्त्रप्रवाहैश्च शोधितेऽथ समन्ततः ।
भक्तानन्दकरे तत्र चित्तशुद्धिविधापके ॥३॥
तस्मिन्नुपवनारोहवृक्षोत्थपुष्पवासिते ।
स्वीयशान्तिकरे रम्ये नानापक्षिगणारवे ॥४॥
दिदृक्षुः श्रीहरिं राजन् सपुत्राऽथो रमाभिधा ।
आगता प्रेमसंयुक्ता भक्ता चैकान्तिकी हरेः ॥५॥

અધ્યાય-૧૫૦

રમાબાઈની નિષ્ઠા, શ્રીહરિની તેના ઉપર કૃપા અને ગાંફના વિપ્ર દેવકૃષ્ણ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત શ્રીહરિ પોતાના અક્ષર ભવન (અક્ષર ઓરડી) માં પલંગ ઉપર ગાદલાવાળી પથારીમાં બપોર વચ્ચે સૂતા હતા. ॥૧॥

પરમસુખરૂપ તે અક્ષર ભવનમાં ભવત્સ્વરૂપમાં હેતવાળા પાર્ષદો વીરણવાળાના પંખાઓ વીંજીને મંદ, શીતલ અને સુગંધી પવન ઢોળીને શ્રીહરિની સેવા કરતા હતા. ॥૨॥

પાણીના ફૂવારાથી ભક્તોને આનંદ થાય અને ચિત્તને શુદ્ધ કરે તેવું અક્ષરભવન ચારે બાજુએ શુદ્ધ અને સાફ હતું. ॥૩॥

તે અક્ષર ભવનમાં બગીચાના પુષ્પોનો સુગંધ પ્રસરતો હતો. આત્મીયજનોને શાંતિ કરનારા આ રમણીય ભવનમાં અનેક પક્ષીઓનો કલરવ સંભળાતો હતો. ॥૪॥

હે રાજન્ ! તે વખતે શ્રીહરિની એકાંતિકી ભક્તિ કરનારા અને અત્યંત પ્રેમભાવવાળા એક રમાબાઈનામે મહિલા ભક્ત પોતાના નાના બાળકને તેડીને

तदानीं द्वारदेशस्थं पार्षदप्रवरं च सा ।
दिदृक्षा मे हरेरस्ति तं प्रोचे सादरं त्विति ॥६॥
ततः स पार्षदो राजञ्छ्रीहर्यन्तिकमेत्य सः ।
नत्वा स्तुत्वा हरिं भक्त्या विनिद्रं तं तदाऽकरोत् ॥७॥
ततश्च श्रीहरी राजन्नुदतिष्ठत् किलाऽऽसनात् ।
गण्डूषांस्तं विधायाऽसौ प्रोवाच सुन्दरं वचः ॥८॥
कस्मान्मां प्रार्थितो भक्त ! शयानं सुन्दरासने ।
ततो धार्मिं हरिं प्रोचे विधाय प्रणतिं विभुम् ॥९॥
भूमन् ! भक्ता रमासंज्ञा सपुत्रा त्वद्दिदृक्षया ।
आगता द्वारदेशे वै प्रेमोद्यत्पुलकाङ्किता ॥१०॥
तस्याऽथो तद्वचः श्रुत्वा हरिः प्रोचेऽथ पार्षदम् ।
आनयाऽत्र दिदृक्षुं मां मयि प्रीतिं ह्युपेयुषीम् ॥११॥

શ્રીહરિના દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. ॥૫॥

તે વખતે ત્યાં બારણા બહાર મુખ્ય પાર્ષદ ઊભા હતા. તેમને રમાબાઈએ આદરથી કહ્યું કે "મારે શ્રીહરિના દર્શન કરવા છે." ॥૬॥

હે રાજન્ ! પછી તે પાર્ષદ અક્ષરભવનની અંદર શ્રીહરિની પાસે ગયા. તેમણે તે સમયે પ્રેમથી અને ભક્તિભાવથી નમસ્કાર અને સ્તુતિ કરીને શ્રીહરિને જગાડ્યા. ॥૭॥

હે રાજન્ ! પછી શ્રીહરિ પથારીમાંથી ઊઠ્યા. કોગળા કરી મુખ શુદ્ધ કરીને તેમણે પાર્ષદને સુંદર વચન કહ્યું. ॥૮॥

હે ભક્ત ! હું સરસ પથારીમાં સૂતો હતો ત્યારે પ્રાર્થના કરીને શા માટે મને જગાડ્યો ? ત્યારે તે પાર્ષદે મહાસમર્થ ધર્મપુત્ર શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું, ॥૯॥

"હે ભૂમન્ ! પ્રેમભાવથી રોમાંચિત થતા આપની ભક્ત રમા બાઈ નાના બાળકને લઈને આપના દર્શન કરવા આવ્યા છે અને બારણા આગળ ઊભા છો." ॥૧૦॥

તે સાંભળીને શ્રીહરિએ તે પાર્ષદને કહ્યું કે "મારા ભગવત્સ્વરૂપમાં પ્રેમભાવ રાખનારા અને દર્શન કરવા આવેલા તે રમાબાઈને મારી પાસે બોલાવી લાવો. ॥૧૧॥

ततोऽगात्सा हरेः पार्श्वमुपविश्य तदग्रतः ।
पञ्चांगप्रणतिं चक्रे भावुका हर्षविह्वला ॥१२॥
तन्मूर्तौ सक्तचित्ता सा योषिच्चित्रमयी यथा ।
तदानीमवतस्थे वै क्षोणीश ! घटिकाद्वयम् ॥१३॥
बहिर्दृष्टिं ततः कृत्वा तं प्रणम्य पुनः पुनः ।
सा प्रोचे श्रीहरिं भक्ता वाक्यं वै सुन्दरं नृप ! ॥१४॥
मावजित्संज्ञिनोऽमुष्य सूनोर्मम दयानिधे ! ।
कार्याऽस्ति नियमधृतिरानीतो मे ततोऽस्त्ययम् ॥१५॥
तथैव श्रीहरिः कृत्वा स्वाङ्गुष्ठं बालकानने ।
पादीयं धर्मभूश्चादात्तं चुचोष तदाऽर्भकः ॥१६॥
तदा रमाभिधा योषिद्धरिं प्रोचे शुभं वचः ।
आमन्त्रार्थं गताऽहं त्वां भोजयितुं मदालये ॥१७॥
तस्या वाक्यं हरिः श्रुत्वा तां तथेति स ऊचिवान् ।

પછી પાર્ષદ તેમને બોલાવી લાવ્યા. અત્યંત ભાવપ્રધાન અને હર્ષવિહ્વળ થયેલા તે રમાબાઈએ શ્રીહરિની આગળ જમીન ઉપર બેસીને પંચાંગ પ્રણામ કર્યા. ॥૧૨॥

હે રાજન્ ! તે સમયે રમાબાઈનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં એ રીતે લાગી ગયું કે બે ઘડી સુધી તો તે ચિત્રમાં આલેખેલ સ્ત્રી હોય તેમ સ્થિર થઈ ગયા. ॥૧૩॥

હે નૃપ ! પછી ભક્ત રમા બાઈની દૃષ્ટિ બાહ્ય જગતમાં આવી. તેણે શ્રીહરિને વારંવાર પ્રણામ કર્યા. પછી શ્રીહરિને તેણે સુંદર વચન કહ્યું. ॥૧૪॥

"હે દયાનિધે ! આ મારો પુત્ર માવજી છે, તેને મારે વ્રતમાન ધરાવવા છે અને તેથી જ હું અત્યારે આપની પાસે લાવી છું." ॥૧૫॥

પછી તે બાળક માવજીને ધર્મપુત્ર શ્રીહરિએ વ્રતમાન ધરાવ્યા અને પોતાના ચરણનો અંગૂઠો તેના મુખ તરફ રાખ્યો ત્યારે તે બાળક તેને ચૂસવા લાગ્યો. ॥૧૬॥

તે સમયે રમાબાઈએ શ્રીહરિને શુભ વચન કહ્યું, "હે મહારાજ ! મારે ઘેર આપને જમાડવા છે, એટલે હું આપને આમંત્રણ આપવા આવી છું." ॥૧૭॥

તે સાંભળીને શ્રીહરિએ તેને "બહુ સારું હું આવીશ' આમ કહ્યું. પછી

ततोऽगात्सा निजं गेहं हर्यागमनहर्षिता ॥१८॥
ततो रम्याणि भोज्यानि कारयामास सा द्विजैः ।
तदानीं श्रीहरिस्तस्या वेश्माऽगात्स्वीयशिष्ययुक् ॥१९॥
ततः स्वैः स्नपितो धार्मिः कौशेयं परिधाय सः ।
तादृक्षं चोत्तरासङ्गं धृत्वाऽगात् पाकवेश्म सः ॥२०॥
ततो पट्टे हरी राजन्नुपाविशद्दयोदधिः ।
मुकुन्दानन्दवर्णीन्द्रः स्थालं पूर्णं तदाऽऽनयत् ॥२१॥
ततो रम्याणि भोज्यानि भुञ्जानः श्रीहरिर्निजान् ।
आत्मीयाँल्लोकयञ्छ्लाघां पाचकानां व्यधाद्धसन् ॥२२॥
ततः स चुलुकीकृत्य मुखशुद्धिं विधाय सः ।
जग्धिवान् वीटिकां राजन्नेलाद्यैः सम्भृतां शुभाम् ॥२३॥
ततः स वाससी सूक्ष्मे परिधाय सतां गुरुः ।
परीवीय हरी रम्ये महामूल्ये धरापते ! ॥२४॥

શ્રીહરિ પધારશે એમ વિચારીને મનમાં ખૂબ જ રાજી થયેલા રમાબાઈ પોતાને ઘેર ગયા. ॥૧૮॥

પછી રમાબાઈએ બ્રાહ્મણો પાસે ઘણા સુંદર ભોજન તૈયાર કરાવ્યા. તે સમયે શ્રીહરિ પોતાના શિષ્યોને સાથે લઈને તેમને ઘેર પધાર્યા. ॥૧૯॥

સેવકોએ સ્નાન કરાવ્યા પછી ધર્મપુત્ર શ્રીહરિએ એક રેશમી પીતાંબર ધોતી પહેરી અને બીજું રેશમી પીતાંબર ઓઢ્યું, પછી રસોડામાં પધાર્યા. ॥૨૦॥

હે રાજન્ ! દયાસાગર શ્રીહરિ પછી બાજોઠ ઉપર બેઠા, ત્યારે શ્રીમુકુંદાનંદ વર્ણિરાજ થાળ પૂરીને લાવ્યા. ॥૨૧॥

પછી શ્રીહરિ રમણીય ભોજન જમવા લાગ્યા. ચારે બાજુ રહેલા ભક્તોની સામે જોઈને હસતે મુખે રસોઈ બનાવનારાની પ્રશંસા કરી. ॥૨૨॥

પછી શ્રીહરિએ ચળું કરીને મુખ શુદ્ધિ કરી. હે રાજન્ ! પછી એલચી સોપારી નાખીને સરસ તૈયાર કરેલું શુભ પાન બીડું જમ્યા. ॥૨૩॥

હે રાજન્ ! પછી શ્રીહરિએ પીતાંબર બદલીને જે ઘણા કિંમતી અને રમણીય આવું શ્વેત વસ્ત્ર એક પહેર્યું અને એક ઓઢ્યું. ॥૨૪॥

ततः स दापयाञ्चक्रे स्वीयप्रसादिकां शुभाम् ।
सुप्रसन्नो रमाभर्त्रे रमायै वल्लसंज्ञिने ॥२५॥
तयोश्च सूनवे मावजित्समाख्याय सत्पतिः ।
सुखयन् भक्तकान् सर्वान् प्रेम्णा तस्मा अदीदपत् ॥२६॥
ततश्च वर्णिसन्मुख्यान् भोजयित्वाऽथ तानि सः ।
करशुद्धिं ततः कृत्वा पादशुद्धिं तथाऽकरोत् ॥२७॥
महापट्टे ततो धार्मिः संयुक्ते तूलिकादिभिः ।
न्यषीदच्छर्मदः सद्भ्यो वीक्षमाणो जनान् स्वकान् ॥२८॥
वल्लसंज्ञस्ततो भक्तो हरिं नानोपचारकैः ।
पुपूज परया भक्त्या सदादींश्च यथाविधि ॥२९॥
आरार्त्रिकं ततः कृत्वा प्रणम्य तं हरिं नृप ! ।
तुष्टाव श्रीहरिं भक्त्या पदैश्छन्दोमयैः शुभैः ॥३०॥
ततः स्तुष्टो हरिस्तस्मिंस्तत्पुत्रे च तथा विभुः ।

પછી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ રમાબાઇને અને તેના પતિ વાલજીભાઇને પોતાના થાળની શુભ પ્રસાદી અપાવડાવી. ॥૨૫॥

સત્પતિ શ્રીહરિ પોતાના સર્વ ભક્તજનોને સુખી કરે છે. આથી તેમણે તે બન્નેના નાના બાળપુત્ર માવજીને પણ પ્રેમથી પોતાની પ્રસાદી અપાવી. ॥૨૬॥

પછી શ્રીહરિએ બ્રહ્મચારી અને સાધુ વગેરેને તે સુંદર રસોઇ પીરસીને જમાડ્યા. અને પોતે કર ચરણ ધોયા. ॥૨૭॥

તે પછી સંતોને સુખ આપનારા પ્રભુ શ્રીહરિ ભક્તોની સામે જોઇને ગાદી તકિયો બિછાવેલી સુંદર મોટી પાટ ઉપર વિરાજમાન થયા. ॥૨૮॥

પછી વાલજીભક્ત નામે રમા બાઇના પતિએ અનેક જાતના ઉપચારો લઇને સર્વોત્તમ ભક્તિભાવથી શ્રીહરિની યથાવિધિ પૂજા કરી અને સંતો વગેરેની પણ પૂજા કરી. ॥૨૯॥

હે નૃપ ! પછી તેણે શ્રીહરિની આરતી ઉતારી. અને પગે લાગ્યા. તેણે છંદોબદ્ધ શુભ શ્લોકો બોલીને ભક્તિભાવથી સ્તુતિ કરી. ॥૩૦॥

તેથી અવિકારી અને મહાસમર્થ શ્રીહરિ તેના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા

पादाब्जं स्वं न्यधात्तस्य हृदि पावनमच्युतः ॥३१॥
तत्सूनोर्मस्तके स्वीयं हस्तपद्मं न्यधाद्विभुः ।
हास्यं कुर्वन् दयासिन्धुः प्रशंसां विदधे तयोः ॥३२॥
तदानीं गुम्फसंज्ञस्य पुरस्याऽधिपतेः शुभौ ।
अमात्यौ तातपुत्रौ वै सुधियौ धर्मशालिनौ ॥३३॥
शमदमदयाक्षान्तिधर्मसर्गीयसद्गुणैः ।
संयुक्तौ दानमानाभ्यां जनताप्रीतिकारिणौ ॥३४॥
सर्वभूतसुहृच्छान्तौ विहितेन्द्रियनिग्रहौ ।
जितस्वान्तौ गुणग्राहौ वचोमाधुर्यसंयुजौ ॥३५॥
व्यवहारविधौ या याः क्रियाः सन्ति च भूरिशः ।
तासां रहस्यवेत्तारौ मानहीनौ सदाशयौ ॥३६॥
मुनिवद्वर्तनौ सुज्ञौ सत्यपि द्रव्यसञ्चये ।

અને તેની અને પુત્ર માવજીની છાતી ઉપર શ્રીહરિએ પોતાના પવિત્ર ચરણકમળ ચાંપી આપ્યા. ॥૩૧॥

મહાસમર્થ અને દયાસાગર શ્રીહરિએ તેના પુત્ર માવજીના મસ્તક ઉપર પોતાનો કરકમળ મૂક્યો અને હસતે મુખે તે બન્નેની પ્રશંસા કરી. ॥૩૨॥

તે વખતે ત્યાં ગાંફના દરબારના બે કારભારી બ્રાહ્મણ, પિતાશ્રી ગર્ગ અને પુત્ર શ્રીદેવશંકર ત્યાં આવ્યા. તે પિતાપુત્ર બન્ને શુભ સદ્બુદ્ધિમાન અને ધર્મવાળા હતા. ॥૩૩॥

તે બન્નેમાં શમ, દમ, દયા અને ક્ષમા જેવા ધર્મસર્ગના શુભ સદ્ગુણો હતા. તે બન્ને ઉદાર દિલે બીજાને દાન અને માન આપતા હોવાથી લોકોના પ્રેમાસ્પદ બન્યા હતા. ॥૩૪॥

તેઓ ભૂતપ્રાણિમાત્રના સાચા મિત્ર હતા. સ્વભાવે શાંત અને જિતેન્દ્રિય હતા. મનોનિગ્રહ કરનારા, ગુણાગ્રાહી અને મીઠી વાણી બોલતા હતા. ॥૩૫॥

વ્યાવહારિક કામકાજની અનેક પદ્ધતિઓના મર્મને તે સમજતા હતા. હંમેશાં નિર્માની અને સાચી ભાવનાવાળા હતા. ॥૩૬॥

હે રાજન્ ! તે બન્ને એવા સમજુ હતા કે પોતા પાસે ધન સંપત્તિ હતી અને

आमात्यीये पदे राजन् ! सामान्यवेशधारिणौ ॥३७॥
सर्वदा श्रीहरेर्ध्यानसक्तौ तद्दृढनिश्चयौ ।
अहन्ताममताहीनौ जनताकार्यकारिणौ ॥३८॥
अनाथक्लेशसंयुक्तनानार्त्तिसंयुजां नृणाम् ।
तेषां तातोपमानौ वै पित्रात्याख्यामतो गतौ ॥३९॥
आत्मीयेष्टसुरस्याथो तदीयसाधुसङ्घशः ।
कृपापात्रे प्रवीणौ हि तदर्थं व्ययकारिणौ ॥४०॥
अजातशत्रुतां प्राप्तौ गार्हस्थ्ये चाश्रमे स्थितौ ।
मैत्रीशात्रवसंहीनौ स्नेहार्द्रीभूतमानसौ ॥४१॥
हर्यादेशसमासक्तौ ध्वस्तकामादिदूषणौ ।
महिमानं हरेः सम्यक् ज्ञातारौ शास्त्रभाषितम् ॥४२॥

દરબારશ્રીનું કારભારી પદ હતું, છતાં વેશભૂષા એકદમ સાધારણ માણસના જેવી રાખતા હતા. ॥૩૭॥

તેઓ હમેશાં શ્રીહરિના ધ્યાનમાં તત્પર રહેતા, શ્રીહરિના સ્વરૂપ બાબતનો તેમને દૃઢ નિશ્ચય હતો. અહંભાવ અને મમત્વ તેમના જીવનમાં દેખાતું નહિ. નિરંતર લોકોનું કામ કર્યા જ કરતા હતા. ॥૩૮॥

કોઈ અનાથ નિરાધાર હોય, અનેક રીતે દુઃખી હોય કે ઘણી જાતની પીડાઓથી ઘેરાયેલા હોય, તે બધાનું તેના પિતાની જેમ હિત-રક્ષણ કરતા હતા. તેથી સમાજમાં લોકો તેમને 'બાપુ' આવા નામથી બોલાવતા હતા. ॥૩૯॥

પોતાના ઈષ્ટદેવ અને તેમના આશ્રિત સાધુ સમુદાય, તેમના તે કૃપાપાત્ર હતા, તેમને માટે ઘણો ખર્ચ કરતા હતા અને ઘણા ચતુર હતા. ॥૪૦॥

તેઓ ગૃહસ્થાશ્રમી હતા છતાં તેને કોઈ શત્રુ કે મિત્ર હતા જ નહિ. આથી દુનિયામાં તેઓ અજાતશત્રુપણું પામ્યા હતા અને તેમના મન કાયમ સ્નેહથી ભીના-નીતરતા રહેતા હતા. ॥૪૧॥

શ્રીહરિની આજ્ઞા પાળવામાં તત્પર રહેતા, તેમણે કામાદિ દોષો ઉપર વિજય મેળવ્યો હતો. શાસ્ત્રોમાં કહેલા શ્રીહરિના મહિમાને તેઓ સારી રીતે સમજતા હતા. ॥૪૨॥

देशकालविदां श्रेष्ठौ निर्वेदत्वातिशालिनौ ।
ज्ञानिनौ दाक्ष्यसंयुक्तावुपकारप्रकारिणौ ॥४३॥
श्रौतस्मार्तक्रियासक्तौ ब्राह्मणप्रवरौ नृप ! ।
परापकारकसहना आवन्तीयद्विजोपमौ ॥४४॥
वेदप्रोक्तसदाचारस्थितौ स्मृत्यर्थवेदिनौ ।
नीतिज्ञौ श्रीहरेर्नित्यं गाथायां सक्तमानसौ ॥४५॥
हरेः पद्यानि रम्याणि गायन्तावुत्कचेतसौ ।
तत्प्रवीणौ तदाधीनकृताऽखिलात्मसम्पदौ ॥४६॥
गर्गाभिख्योऽस्य तातश्च देवकृष्णस्य सद्धियः ।
तातपुत्रौ तदा प्राप्तौ हर्यालोकनतोषितौ ॥४७॥
पञ्चाशन्मुद्रिका रम्या हर्यङ्घ्र्यग्रेऽखिलार्थदे ।
न्यधातां तौ मुदा युक्तौ तन्निघ्नीकृतमानसौ ॥४८॥

દેશકાળ જાણનારાઓમાં તેઓ શ્રેષ્ઠ હતા. વૈરાગ્યભાવથી શોભતા હતા. ઘણા સમજદાર, વિચક્ષણ અને પરોપકારી હતા. ॥૪૩॥

હે નૃપ ! શ્રુતિ સ્મૃતિમાં કહેલા ક્રિયાકાંડને તેઓ બરાબર રીતે આચરતા હતા. બીજાએ કરેલા અપકારને સહન કરવામાં તો તેઓ અવંતીનગરીના કદર્ય બ્રાહ્મણના જેવા હતા અને બ્રાહ્મણોમાં સર્વોત્તમ હતા. ॥૪૪॥

તેઓ વેદોક્ત સદાચાર પ્રમાણે વર્તતા, સ્મૃતિના તાત્પર્યને સમજતા હતા, નીતિમાં નિષ્ણાત હતા તથા નિરંતર શ્રીહરિની કથા વાર્તામાં મનને જોડી રાખતા હતા. ॥૪૫॥

શ્રીહરિના સુંદર કીર્તન ગાતા હતા. મનના ઉત્સાહી, ભગવાનને માર્ગે પ્રવિણ તથા પોતાની બધી જ સંપત્તિ તેમણે ભગવાનને માટે અર્પણ કરી રાખી હતી. ॥૪૬॥

આ બન્ને વિપ્ર, પિતા શ્રીગર્ગ અને પુત્ર શ્રીદેવકૃષ્ણ ત્યાં આવ્યા. શ્રીહરિના દર્શન કરીને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. તેઓ પોતાનું મન શ્રીહરિને અર્પણ કરી ચૂક્યા હતા. અત્યંત આનંદિત હતા. તેમણે સર્વ પુરુષાર્થને આપનારા શ્રીહરિના રમણીય ચરણોમાં પચાસ રૂપિયા ભેટના રૂપમાં મૂક્યા. ॥૪૭-૪૮॥

नत्वा स्तुत्वा तदा धार्मिं तौ जनौ तस्य चान्तिके ।
तस्थतुर्भावुकौ राजंस्ततः प्रोचे हरिश्च तौ ॥४९॥
कौशल्यं वर्तते सुज्ञौ शारीरं मानसं च वाम् ।
तथा स्वस्तिगतो राजा वर्तते सुधियावपि ॥५०॥
इत्थं वाचं हरेः श्रुत्वा प्रेमोद्यत्पुलकाङ्कितौ ।
विद्यते स्वस्तिमत् सर्वं प्रोचतुर्नस्त्वितीश्वरम् ॥५१॥
ततो हरिस्तयोरग्रे सच्छास्त्रप्रोक्तवर्त्मना ।
इष्टापूर्तविधानस्य फलं प्रोचेऽतुलं नृप ! ॥५२॥
इष्टापूर्तविधातारो ये भवेयुर्जना भुवि ।
अर्थार्थिनां किलार्थाप्तिर्निष्कामानां हरेः पदम् ॥५३॥
नानाविधानि सौख्यानि लभेरन् वै जना भुवि ।
तदेव फलमित्याहुः शास्त्रविदोऽञ्जसा शुभौ ॥५४॥

હે રાજન્ ! શ્રીહરિને નમસ્કાર કરીને સ્તુતિ કરી. પછી ખૂબ જ ભાવનાવાળા તે બન્ને ધર્મપુત્ર શ્રીહરિની પાસે ઊભા રહ્યા. ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું. ॥૪૯॥

હે સુજ્ઞો ! તમે શારીરિક અને માનસિક, બન્ને રીતે કુશળ છો ને ? સુબુદ્ધિમાન્ તમે અને તમારા દરબારશ્રી, સહુનું કુશળ મંગળ છે ને ? ॥૫૦॥

શ્રીહરિનું આવું વચન સાંભળીને તે બન્ને રોમાંચિત થઈ ગયા. પછી તેઓએ શ્રીહરિને ''અમે બધી રીતે કુશળક્ષેમ છીએ.'' એમ કહ્યું. ॥૫૧॥

હે નૃપ ! પછી શ્રીહરિએ તે બન્નેની આગળ શાસ્ત્રોક્ત પદ્ધતિથી યજ્ઞ-યાગાદિ કરવાનું તેમજ કૂવા, વાવ અને તળાવ આદિ કરાવવાનું અપાર ફળ અને માહાત્મ્ય કહ્યું. ॥૫૨॥

વળી કહ્યું કે તે ઈષ્ટ (યજ્ઞાદિ) અને પૂર્ત (તળાવ આદિ કરાવે તે) કર્મ જે લોકો સકામ ભાવનાથી કરે કરાવે છે તો તેને આ લોકમાં ઘણી સંપત્તિ મળે છે અને નિષ્કામ ભાવનાથી જે કરે કરાવે છે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. ॥૫૩॥

હે શુભ સજ્જનો ! ભૂમિ ઉપર જે પૂર્વોક્ત ઈષ્ટકર્મ અને પૂર્તકર્મ કરે છે અને કરાવે છે તેને અનેક પ્રકારના સુખ મળે છે, એમ શાસ્ત્રના મર્મજ્ઞ વિદ્વાનો તેનું ફળ કહે છે. ॥૫૪॥

एवं हरेर्वचः श्रुत्वा गर्गपुत्रो बुधोत्तमः ।
देवकृष्णो हरेर्भक्तः क्षोणीदेववरोत्तमः ॥५५॥
प्राणम्याथो हरिं भक्त्या विनयानतकन्धरः ।
स्वेष्टदेवं वचः प्रोचे जिज्ञासुः शुद्धधीः शुभम् ॥५६॥
भूमंस्त्वद्वाक्यपीयूषपानेन निहितोऽधुना ।
सङ्कल्पो मे दयासिन्धो ! स्वान्ते मे विद्यते शुभः ॥५७॥
धौरेय नगरे रम्ये मदनमोहनालये ।
त्वदीयनामसंयुक्तसुन्दरे जनशान्तिदे ॥५८॥
कारयेयं शुभं भूमन् ! मन्दिरं मण्डपान्वितम् ।
नानाचित्रचयोपेतं नानापुत्तलिकायुत्तम् ॥५९॥
नानाशिल्पक्रियादाक्ष्यं चित्रपक्षिगणावृतम् ।
विचित्ररञ्जनालेपसंयुक्तं मोहदारकम् ॥६०॥

શ્રીહરિના મુખથી કહેવાયેલી આવી વાત શ્રીગર્ગવિપ્રના પુત્ર શ્રીદેવશંકરે સાંભળી. તે બ્રાહ્મણ શ્રેષ્ઠ ભગવાનના એકાંતિક ભક્ત અને ઘણા જ ડહાપણ વાળા હતા. ॥૫૫॥

તે જિજ્ઞાસુ અને સાફ દિલના હતા. પછી તેણે ભક્તિભાવ અને વિનયથી મસ્તક નમાવીને શ્રીહરિને પ્રણામ કર્યા. અને તેણે પોતાના ઈષ્ટદેવની આગળ શુભ વચન કહ્યું. ॥૫૬॥

હે ભૂમન ! દયાસાગર ! મારા મનમાં રહેલો એક શુભ સંકલ્પ આપના અમૃત સમાન વચન સાંભળીને અત્યારે બળવાન્ બન્યો છે. ॥૫૭॥

''સુંદર ધોલેરામાં શ્રીમદનમોહનજી મહારાજ અત્યારે જ્યાં વિરાજે છે તે આપણું સ્વામિનારાયણ મંદિર ઘણું ભવ્ય અને લોકોને શાંતિ થાય તેવું છે. ॥૫૮॥

હે ભૂમન્ ! હું ત્યાં એક સુશુભ મંડપવાળું મંદિર કરાવું. અને આપણ સારા કારીગરો પાસે કોતરણીમાં અનેક ચિત્ર અને ઘણી પૂતળિયો કરાવીએ. ॥૫૯॥

તેમાં સારા કારીગરો પાસે સુંદર કોતરણીથી અનેક પક્ષિઓનો સમૂહ દેખાય તેવું કામ કરાવીએ. પછી તેમાં જાતજાતના રંગ પુરાવીએ જે મંદિરના દર્શન કરવાથી દુનિયાનો મોહ ટળી જાય. ॥૬૦॥

कारयेयं ततस्तत्र रम्याऽऽरसाश्मकारिताम् ।
उपवेशनयोग्यां वै वेदिकां सुन्दरां हरे ! ॥६१॥
तस्यां त्वदीयपादाब्जयुग्मं प्रीत्या समर्पितम् ।
आरसाश्मकृतं श्रीमत्षोडशाङ्कसमन्वितम् ॥६२॥
भूमन् ! स्थापनमस्याहं कारयेयं सुतुष्टये ।
त्वद्भक्तानां तव स्वामिन् ! वेदज्ञैर्विधिवद् द्विजैः ॥६३॥
एवं प्रार्थयमानं तं प्रशस्य प्रियदर्शनः ।
तथेति तं प्रतिजज्ञे भक्तकल्पमहीरुहः ॥६४॥
मुकुन्दानन्दवर्णीन्द्रं हरिश्चाज्ञापयत्ततः ।
कर्तुं सम्भावनां सम्यगनयोर्गुणशालिनोः ॥६५॥
यथाह वर्णिराजोऽथो आतिथ्यमाचरत्तयोः ।
हर्याज्ञापालनोद्युक्तः कार्याकार्यविदोर्नृप ! ॥६६॥

હે હરે ! પછી તે મંડપમાં બેસી શકાય તેવી સુંદર આરસ પથ્થરની એક વેદી કરાવીએ. ॥૬૧॥

અને તે વેદિકા ઉપર આરસ પથ્થરમાં ખૂબ જ પ્રેમથી સોળ ચિહ્ન કોતરેલા હોય તેવા આપના ચરણારવિંદ કરાવીએ. ॥૬૨॥

હે ભૂમન્ ! હે સ્વામિન્ ! આપ અને આપના ભક્તોને રાજી કરવા માટે વેદ ભણેલા અને વિધિ જાણનારા બ્રાહ્મણો પાસે તે ચરણારવિંદની પ્રતિષ્ઠા હું કરાવું''. ॥૬૩॥

જેમના દર્શન અત્યંત પ્રિય લાગે છે અને જે ભક્તોના સંકલ્પ પૂરા કરવામાં કલ્પવૃક્ષના જેવા છે આવા શ્રીહરિએ, ઉપર કહ્યા પ્રમાણે પ્રાર્થના કરતા તે શ્રીદેવશંકર વિપ્રને, મંડપવાળું મંદિર કરાવીને વેદિકા ઉપર ચરણારવિંદ પધરાવવાની સંમતિ આપી. ॥૬૪॥

પછી શ્રીહરિએ વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામીને આ બન્ને ગુણવાન વિપ્રોની સારી રીતે સંભાવના કરવાની આજ્ઞા કરી. ॥૬૫॥

હે નૃપ ! શ્રીહરિની આજ્ઞા પાળવામાં નિરંતર તત્પર રહેલા શ્રીમુકુંદવર્ણીએ તે કાર્ય અકાર્યના જ્ઞાતા બન્ને વિપ્રોનું યોગ્ય રીતે સારા પ્રમાણમાં આતિથ્ય કર્યું.

ततो धार्मिर्हरिः प्रीतो रमायै भक्तिभावतः ।
द्वे युग्मे स्वीयपादाब्जे चैले हींगुलरञ्जिते ॥६७॥
एकं च नक्तकं तस्यै स्वीयं प्रादाद्दयानिधिः ।
बटकाख्यं च वस्तूनां सूक्ष्माणां भृतये ह्यदात् ॥६८॥
ततः प्रीतो हरिस्तस्यै प्रोवाच सुन्दरं वचः ।
कारयेयं समाधिं त्वां सर्वसौख्यनिकेतनम् ॥६९॥
एवं वाक्यं हरेः श्रुत्वा साऽवदच्छ्रीहरिं विभुम् ।
तत्र लोकयसि श्रीमान् किं मामात्थ दयोदधे ! ॥७०॥
तत्राऽहं मत्पदं भद्रे ! ब्रह्मपुरं मनोरमम् ।
तत्रत्यां मत्तनूं दिव्यां द्रक्ष्यसि त्वं सुखप्रदाम् ॥७१॥
एवं वाचं हरेः श्रुत्वा पुनः सोचे हरिं वचः ।
ममापेक्षा समाधेर्हि सर्वथा नास्ति सत्पते ! ॥७२॥
त्वदीक्षा जायते नित्यं त्वत्सान्निध्यमुपेयुषाम् ।

॥૬૬॥

ધર્મપુત્ર શ્રીહરિ રમાબાઈના ભક્તિભાવથી તેના ઉપર ખૂબ જ રાજી થયા અને કપડાં ઉપર હિંગળોકથી છાપેલા બે જોડી ચરણારવિંદ તેમને પૂજવા માટે આપ્યા. ॥૬૭॥

વળી દયાનિધિ શ્રીહરિએ એક પોતાનો હાથ રૂમાલ અને નાની મોટી ચીજવસ્તુ ભરવાનો સારો બટવો, તેમને પ્રસાદીના રૂપમાં આપ્યો. ॥૬૮॥

પછી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેને સુંદર વચન કહ્યું કે ''સર્વ સુખના ખજાના જેવી સમાધિ તમને કરાવું''. ॥૬૯॥

તે સાંભળીને વિભુ શ્રીહરિને રમાબાઈએ કહ્યું, ''હે દયાસાગર ! સમાધિમાં મને શું બતાવશો ? તે આપ મને કહો''. ॥૭૦॥

ત્યારે શ્રીહરિએ કહ્યું હે ભદ્રે ! સમાધિમાં હું તમને મારું મનોહર અક્ષર બ્રહ્મપુર ધામ બતાવીશ અને ત્યાં તમે મારી સુખકારી મૂર્તિના દર્શન કરશો. ॥૭૧॥

શ્રીહરિની આવી વાત સાંભળીને રમાબાઈએ ફરી વાર તેમને કહ્યું. ''હે સત્પતે ! મારે સમાધિની જરૂર નથી. ॥૭૨॥

वर्तते पूर्णता चात्र समाधेः किं प्रयोजनम् ॥७३॥
इत्थं तस्या गिरं श्रुत्वा तस्यै प्रीतो जगद्गुरुः ।
तां प्रोचे सुन्दरां वाचं हसन् भक्तार्तिनाशनः ॥७४॥
वृणीष्व त्वं वरं मत्तो भक्तसौख्यनिकेतनात् ।
साऽवदच्छ्रीहरिं वाक्यं रक्षा कार्या ममेति तम् ॥७५॥
तथेति तां प्रतिज्ञाय सोऽब्रवीत्तां वचः पुनः ।
यदा कष्टं व्रजेत्त्वां वै कर्तव्यं स्मरणं मम ॥७६॥
तदाऽभ्येत्य हरिष्यामि दुःखं ते सकलं शुभे ।
त्वत्सामीप्ये त्वियं मूर्तिः स्थास्यति मे निरन्तरम् ॥७७॥
इति जनसुखदो दयालुवर्यः स्वकहितकारक ईशिता ह्यजेयः ।
शुभतमचरितं विधाय तत्र निजनिलयं सदुपाययौ निजैर्युक् ॥७८॥

આપના સાન્નિધ્યમાં રહેનારા અમને નિરંતર આપના દર્શન થાય જ છે. તેથી અહીં અમને પૂર્ણતા મનાય છે, અમારે સમાધિનું પ્રયોજન શું છે ? ॥૭૩॥

રમાબાઈના આવાં વચન સાંભળીને ભક્તોના દુઃખને નષ્ટ કરનારા જગદ્‌ગુરુ શ્રીહરિ પ્રસન્ન થયા અને તે પછી હસતે મુખે તેને સુંદર વચન કહ્યું. ॥૭૪॥

‘‘હું ભક્તજનોના સુખનો આશ્રય છું. માટે મારી પાસેથી જે ઇચ્છા હોય તે વરદાન માગો.’’ ત્યારે તે રમાબાઈએ શ્રીહરિને કહ્યું, ‘‘મહારાજ ! આપ હમેશાં મારી રક્ષા કરજો’’ ત્યારે શ્રીહરિ બોલ્યા ‘‘બહુ સારું’’ અને વળી આગળ કહ્યું કે ‘‘જ્યારે તમને કાંઈ પણ દુઃખ જણાય ત્યારે મને યાદ કરજો. ॥૭૫-૭૬॥

હે શુભે ! હું આવીને તમારું બધું દુઃખ નિવારણ કરીશ. આ મારી મૂર્તિ નિરંતર તમારી સમીપે રહેશે.’’ ॥૭૭॥

શ્રીહરિ ભક્તોને સુખ આપે છે, સર્વોત્તમ દયાળુ છે, આત્મીય જનોનું હિત કરે છે, સર્વનિયંતા છે અને અજેય છે, તે સ્વયં ભક્તજનોને ઘેર સ્વતંત્ર શુભ ચરિત્ર કરીને નિજ સેવકોની સાથે પોતાના નિવાસ સ્થાને શ્રેષ્ઠ અક્ષર ભવને પધાર્યા. ॥૭૮॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૦ સમાપ્ત

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये रमादिभक्तकृच्छ्रीहरिभोजनपूजनादिनिरू पणं नामपञ्चाश-दधिकशततमोऽध्यायः ॥१५०॥

अथैकपञ्चाशदधिकशततमोऽध्यायः

एकपञ्चाशदुत्तरे शततमे हरिः प्रभुः ।
भूधरपूर्वजोद्धारं राजमोक्षं चकार च ॥

श्रीचैतन्यानन्द उवाच –
एकदा श्रीहरी राजन् ! भूधराख्यद्विजन्मना ।
माधवजित्समाख्येन प्रार्थितोऽगात्तयोर्गृहम् ॥१॥
तत्र रम्यासने धार्मिरु पाविशद्दयानिधिः ।
अप्राक्षीत्तौ समाचारौ प्रोचतुस्तं ततो वचः ॥२॥
भवावो दुर्बलौ विप्रौ त्वदेकाधारसंश्रयौ ।
त्वदेकान्तिकभक्तानां सतां सङ्गातिलालसौ ॥३॥
आवयोर्येन कल्याणं भवेदात्यन्तिकं विभो ! ।

અધ્યાય-૧૫૧

શ્રીભૂધરવિપ્રના પૂર્વજોનો ઉદ્ધાર તથા શ્રીરાજાભાઈનો મોક્ષ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત ગઢપુરમાં શ્રીભૂધર અને શ્રીમાવજી નામના બે હરિભક્ત બ્રાહ્મણોએ શ્રીહરિની પ્રાર્થના કરીને બોલાવ્યા તેથી તેઓ તેમને ઘેર પધાર્યા. ॥૧॥

દયાનિધિ ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં સુંદર આસન ઉપર વિરાજમાન થયા. તે બન્ને ભક્ત વિપ્રોને કુશળ સમાચાર પૂછ્યા, ત્યારે તે બન્નેએ શ્રીહરિને કહ્યું. ॥૨॥

અમે ગરીબ બ્રાહ્મણ છીએ અને આપને જ એક આધારે રહ્યા છીએ, તેમજ અમને આપના એકાંતિક ભક્તો અને સંતોના સત્સંગની જ અધિક આશા રહ્યા કરે છે. ॥૩॥

હે વિભો ! અમારું બન્નેનું આત્યંતિક કલ્યાણ જે રીતે થાય તથા અમારા

तथाऽऽवयोश्च पूर्वेषां क्षेमं स्मात्तद्विधेहि भोः ॥४॥
तयोर्वाचं हरिः श्रुत्वा प्रतिजज्ञे तथेति सः ।
ततोऽब्रवीद्धरिं भूयो भूधराख्यो धरासुरः ॥५॥
समक्षं लोकये स्वामिन् ! पूर्वेषां मङ्गलं यदा ।
तदा मे जायते शान्तिरन्यथा नो कृपानिधे ! ॥६॥
ततः सोऽचीकरत् धार्मिः समाधिं तं सुखप्रदम् ।
ततोऽपश्यद् गता मोक्षं पूर्वजा वै स शुद्धधीः ॥७॥
समाधेस्ततः उत्थाय नमश्चक्रेऽथ तं च सः ।
ततः स सुन्दरा राजन् ! सुखदास्तं व्यभोजयत् ॥८॥
तत उत्थाय स स्वामी स्वीयं निकेतनं ययौ ।
वीक्षमाणो जनैर्मार्गे पापतापहरेक्षणः ॥९॥
एकदा श्रीहरी राजन् ! राजाख्येनाऽथ चार्थितः ।
तत्पुत्रेणाथ साङ्गेन ययौ वेश्म सदादियुक् ॥१०॥

પૂર્વજોનું પણ જે રીતે કલ્યાણ (ક્ષેમ) થાય તેમ આપ કરો. ॥૪॥

તે બન્નેની વાત સાંભળીને શ્રીહરિએ તે સહુનું કલ્યાણ કરવાનું 'વચન' આપ્યું. પણ શ્રીભૂધર વિપ્રે ફરીવાર શ્રીહરિને કહ્યું, ॥૫॥

હે સ્વામિન્ ! હે કૃપાનિધે ! હું જ્યારે મારા પૂર્વજોનું કલ્યાણ પ્રત્યક્ષ દેખું ત્યારે જ મને શાંતિ થશે, તે સિવાય શાંતિ નહિ થાય. ॥૬॥

પછી ધર્મપુત્ર શ્રીહરિએ તે ભક્ત શ્રીભૂધર વિપ્રને સુખદ સમાધિ કરાવી. તેમાં શુદ્ધબુદ્ધિવાળા તે વિપ્રે જોયું કે તેના પૂર્વજોનો મોક્ષ થયો છે. ॥૭॥

સમાધિમાંથી ઊઠીને તેણે શ્રીહરિને પ્રણામ કર્યા. હે રાજન્ ! પછી તેણે શ્રીહરિને સુંદર સુખડી જમવા આપી. ॥૮॥

અપાર પાપ અને સંતાપને નાશ કરનારા જેમના દર્શન છે આવા શ્રીહરિ પછી પોતાને નિવાસ સ્થાને અક્ષર ભવન પધાર્યા. રસ્તામાં લોકો શ્રીહરિના દર્શન કરતા હતા. ॥૯॥

ગઢપુર ગામમાં શ્રીરાજાભાઈ અને તેના પુત્ર સાંગાભાઈ, આ બે સારા હરિભક્ત હતા. તે બન્નેએ શ્રીહરિને પોતાને ઘેર પધારવા એક વખતે પ્રાર્થના કરી

तत्र भोज्यानि रम्याणि भुक्त्वा धर्मात्मजो हरिः ।
तानि स भोजयामास परिवेष्य स्वयं मुनीन् ॥११॥
गदव्याधिगतायाऽसौ राजाख्याय दयानिधिः ।
दातुं स्वीयेक्षणं धार्मिस्तस्यान्तिकमुपाययौ ॥१२॥
कृत्वा सम्भावनां तस्य ततः प्रोचे स तं हरिः ।
आहूतोऽहं त्वया कस्माज्जगौ राजाह्वयो हरिम् ॥१३॥
अन्तावस्थां गतस्तस्मादहं यावद्वपुस्त्विदम् ।
त्यक्ष्ये तावत्त्वया स्थेयं कृपां कृत्वा मयि प्रभो ! ॥१४॥
ततस्तस्य वचः श्रुत्वा धर्मदेवात्मजो हरिः ।
श्वो भविता शुभा सौम्य ! निर्जलैकादशी किल ॥१५॥
आगन्तास्मि ततश्चेति सम्भाष्य तं निजालयम् ।
अगात्स्वैः साधुभिः पद्गैर्वर्णिभिरीश्वरः समम् ॥१६॥
प्रगेऽन्येद्युर्निजैः सार्द्धं ययौ राजाऽन्तिकं विभुः ।

હતી, તેથી શ્રીહરિ સંતો વગેરેને સાથે લઈને તેને ઘેર પધાર્યા. ॥૧૦॥

ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં થાળમાં પીરસેલા રમણીય ભોજન જમ્યા, અને સંતો વગેરેને સ્વયં પીરસીને જમાડ્યા. ॥૧૧॥

શ્રીરાજાભાઈ રોગની પીડાથી દુઃખી હતા, તેથી દયાનિધિ શ્રીહરિ તેને દર્શન આપવા માટે તેની નજીક આવ્યા. ॥૧૨॥

શ્રીહરિએ તેની સંભાવના કરી, આશ્વાસન આપ્યું, પછી તેને પૂછ્યું કે તમે મને ઘેર શા માટે બોલાવ્યો છે ? ત્યારે રાજાભાઈએ શ્રીહરિને કહ્યું, હે પ્રભો ! અત્યારે મારી અંત અવસ્થા ચાલી રહી છે. જ્યાં સુધી મારું આ શરીર છૂટે ત્યાં સુધી આપ અહીં મારી પાસે જ કૃપા કરીને રહો. ॥૧૩-૧૪॥

તેની વાત સાંભળીને શ્રીધર્મદેવના પુત્ર શ્રીહરિએ કહ્યું, હે સૌમ્ય ! આવતી કાલે શુભ નિર્જળા જેઠ સુદિ એકાદશી છે. ॥૧૪॥

તેથી હું કાલે આવીશ. આમ તે રાજાભાઈને કહીને પરમેશ્વર શ્રીહરિ સાધુ, વર્ણી અને પાર્ષદોની સાથે પોતાને નિવાસ સ્થાને દરબારગઢમાં પધાર્યા. ॥૧૬॥

મહાસમર્થ શ્રીહરિ બીજે દિવસ સવારમાં સંત હરિભક્તોની સાથે

कृत्वा सम्भावनां तस्य सोऽब्रवीत्तं शुभां गिरम् ॥१७॥
त्वदीये विद्यते स्वान्ते काचित्ते वासनाऽशुभा ।
इत्थं वाक्यं हरेः श्रुत्वा जगादाऽथो हरिं स च ॥१८॥
मदीयोऽयं सुतः साङ्गसमाभिख्यो दयानिधे ! ।
सम्यग्भवेत्स्वरू पस्य राद्धान्तस्तेऽथ तस्य वै ॥१९॥
उक्त्वा तथेति तं भक्तं हरिस्तस्याऽथ पुत्रके ।
न्यधाद्धस्तं मनोज्ञं स्वं दुःखजातनिवारकम् ॥२०॥
तदानीं श्रीहरिर्भूप ! पद्मासनं विधाप्य सः ।
तस्य पाणिद्वयं धार्मिरु त्सङ्गे तदधारयत् ॥२१॥
ततोऽस्य नेत्रयुग्मं वाऽभितः स्वीयं दृशिद्वयम् ।
सोऽकार्षीच्छ्रीहरिस्तस्मिंस्त्याजयितुं च तत्तनुम् ॥२२॥
राजाख्यो योगिवत्स्वीयं त्यजति स्म कलेवरम् ।
ब्रह्मरन्ध्रं विनिर्भिद्य गतोऽसौ श्रीहरेः पदम् ॥२३॥
तदानीं तस्य पुत्रैश्च तदौर्ध्वदैहिकाः क्रियाः ।

શ્રીરાજાભાઈની પાસે પધાર્યા. તેની યોગ્ય સંભાવના કરીને શ્રીહરિએ શુભ વચન કહ્યું. ॥૧૭॥

"તમારા હૃદયમાં કોઈ અશુભ વાસના છે ? ત્યારે તેણે શ્રીહરિને કહ્યું. "હે દયાનિધે સાંગા નામનો આ મારો પુત્ર છે. તેને આપના સ્વરૂપનો નિશ્ચય યથાર્થ થાય તેમ આપ કરજો" તે સાંભળીને શ્રીહરિએ તેમને "બહુ સારું" એમ બોલીને 'હા' કહી. અને સર્વ દુઃખમાત્રને નિવારનારો પોતાનો મનોહર હસ્તકમળ સાંગાના મસ્તક ઉપર મૂક્યો. ॥૧૮-૨૦॥

હે ભૂપ ! તે સમયે ધર્મપુત્ર શ્રીહરિએ રાજાભાઈને પદ્માસને બેસાડ્યા. અને તેના બન્ને હાથની હથેળીઓને ખોળામાં છતી રખાવી. ॥૨૧॥

તે સમયે તેનું શરીર છોડાવવાને માટે શ્રીહરિએ તેની બન્ને આંખોની ચારે બાજુ પોતાની દૃષ્ટિને ફેરવી. શ્રીરાજાભાઈ યોગીની જેમ બ્રહ્મરંધ્રને ભેદીને શરીર તજી દઈને ભગવાન શ્રીહરિના ધામને પામ્યા. ॥૨૨-૨૩॥

દયાસાગર શ્રીહરિએ તે સમયે તેમના પુત્રોની પાસે બધી સામગ્રી ભેળી

सोऽचीकरद्दयाम्भोधिर्महासम्भारकैर्हरिः ॥२४॥
तस्य कार्ये गता आसंस्तज्ज्ञातीया जना नृप ! ।
स्वीयेष्टदेवरू पेण व्यपश्यंस्ते तदा हरिम् ॥२५॥
ताः सर्वदेवतास्तस्मिल्लील्युः पश्यन्त ईश्वरे ।
स्वीयं स्वीयं मतं हित्वा बभूवुस्ते तदाश्रिताः ॥२६॥
राजपुत्रैर्हरी राजन्नाहूतो वर्णिपार्षदैः ।
युक्तो भोजयितुं सद्भिस्तेषां सद्माऽगमत् प्रभुः ॥२७॥
तत्र भोज्यानि दिव्यानि भुक्त्वा श्रीहरिरीश्वरः ।
सद्वर्णिपार्षदान् सर्वांस्तैर्भोज्यैस्तानतीतृपत् ॥२८॥
ततश्चन्दनकस्तूरीघनसारेण केसरैः ।
सुदिव्यपौष्पहाराद्यैरानर्चुस्ते हरिं सतः ॥२९॥
ततः स्वकीयधिष्ण्येषु श्रीहरेस्ते ह्यकारयन् ।
प्रचारं पुण्यदं धूपं तद्वीक्षामोदसम्प्लुताः ॥३०॥

કરાવીને તેની ઔર્ધ્વદૈહિક બધી ક્રિયાઓ કરાવી. ॥૨૪॥

હે નૃપ ! શ્રીરાજાભાઈની ઉત્તર ક્રિયામાં જે તેમના જ્ઞાતિ જનો ભેળા થયા હતા તેમણે તે સમયે શ્રીહરિને પોતપોતાના ઈષ્ટદેવરૂપે દેખ્યા. ॥૨૫॥

પછી તે બધા દેવતાના સ્વરૂપો શ્રીહરિના સ્વરૂપમાં લીન થઇ ગયા, આમ તેઓએ દેખ્યું. તેથી તે બધા પોતપોતાનું મંતવ્ય છોડી દઇને શ્રીહરિના આશ્રિત થઇ ગયા. ॥૨૬॥

હે રાજન્ ! પછી શ્રીરાજાભાઈના પુત્રોએ તેમને ઘેર જમવા માટે શ્રીહરિને બોલાવ્યા એટલે સાધુ, વર્ણી અને પાર્ષદોની સાથે પ્રભુ શ્રીહરિ તેમને ઘેર જમવા પધાર્યા. ॥૨૭॥

પરમેશ્વર શ્રીહરિ ત્યાં અનેક પ્રકારના સુંદર (દિવ્ય) ભોજન સ્વયં જમ્યા અને સાધુ, વર્ણી તથા પાર્ષદોને તે ભોજન સારી રીતે પીરસીને તૃપ્ત કર્યા. ॥૨૮॥

શ્રીરાજાભાઈના પુત્રોએ કેસર મિશ્રિત ચંદન, કસ્તૂરી, કપૂર અને સુંદર ફૂલહારોથી શ્રીહરિની પૂજા કરી તથા સંતો વગેરેની પણ પૂજા કરી. ॥૨૯॥

શ્રીહરિના દર્શનથી આનંદમાં ગરકાવ થઈ ગયેલા શ્રીરાજાભાઈના પુત્રોએ

ततोऽब्रवीद्धरिं वाक्यं परमानन्दसंज्ञितः ।
मत्तातसदृशी भुक्तिर्भवेन्मे सर्वथा हरे ! ॥३१॥
तस्याकर्ण्याऽथ तद्वाक्यं हसन् प्रोचे स तं हरिः ।
त्वत्पित्रा विपुला सेवा कृता मेऽद्यदिनावधि ॥३२॥
निश्चयो मे भवेद्यादृक् तादृक् ते मङ्गलं खलु ।
भविष्यति ब्रुवे सत्यं जनताहितकारकः ॥३३॥
मावजित्परमानन्दौ ततः प्रोचतुरीश्वरम् ।
अधमोद्धारसंज्ञा ते बाधेत सर्वथाऽन्यथा ॥३४॥
हसन् धार्मिस्ततः प्रोचे भविता युवयोः शुभम् ।
तयोः सून्वोर्न्यधात् पाणिं स्वकीयं शिरसि प्रभुः ॥३५॥
अनेकजन्माघनिवारेणे क्षमः पवित्रकीर्त्तिः करुणार्द्रलोचनः ।
अगात्सदाद्यैः सहितो निकेतनं निजाक्षरं सौधमनन्यविक्रमः ॥३६॥

પોતાના બધા જ ઘરમાં પરમ પવિત્ર શ્રીહરિના પગલા પડાવ્યા અને સુંગધી ધૂપ કર્યો. ॥૩૦॥

ત્યારે શ્રીરાજાભાઇના પુત્ર શ્રીપરમાનંદે શ્રીહરિને કહ્યું, હે હરે ! મારા પિતાજીનો જેમ મોક્ષ થયો તેમ આપ મારો મોક્ષ પણ નિર્વિઘ્ન રીતે કરજો. ॥૩૧॥

તેની વાત સાંભળીને શ્રીહરિ થોડું હસ્યા અને પછી બોલ્યા કે તમારા પિતાજીએ આજ દિવસ સુધીમાં અમારી ઘણી જ સેવા કરી છે. ॥૩૨॥

જનહિતકારક હું સત્ય કહું છું કે તમારા હૃદયમાં અમારા સ્વરૂપનો જેવો નિશ્ચય હશે તેવો તમારો મોક્ષ થશે. ॥૩૩॥

ત્યારે શ્રીમાવજી અને શ્રીપરમાનંદ, આ બન્ને ભાઇઓએ શ્રીહરિને કહ્યું કે એમ જો બને અર્થાત્ અમારા પિતાના જેવો અમારો મોક્ષ ન થાય તો આપનું ''અધમોદ્ધારક'' આવું નામ છે તેમાં બાધ આવે. ॥૩૪॥

પછી ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ હસીને કહ્યું કે ''તમારું રૂડું (શુભ) થશે.'' પછી તેમના મસ્તક ઉપર પોતાનો હાથ મૂક્યો. ॥૩૫॥

અનેક જન્મના પાપ પુંજને નિવારવામાં શક્તિમાન્, અત્યંત પવિત્ર યશવાળા, જેમના નેત્ર હમેશાં કરુણાભીના રહે છે અને અધમ જીવોનો ઉદ્ધાર

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतभूधराख्यभक्तपूर्वजोद्धारराजाभक्तमोक्षादिनिरू पणं नामैकपञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५१॥

अथ द्विपञ्चाशदधिकशततमोऽध्यायः

शततमे द्विपञ्चाशदधिके श्रीहरिर्हितम् ।
लुब्धतेजस्विनोर्भद्रं व्यधात् प्रेमजितोऽपि च ॥

श्रीचैतन्यानन्द उवाच –
तस्मिन्नह्नि प्रभू राजन् ! लुब्धाख्यस्यागमद् गृहम् ।
तत्र स आसने रम्ये न्यषीदद्भक्तशर्मदः ॥१॥
लुब्धाख्यो हरये भक्त्या चतुष्फालं मनोहरम् ।
अर्पयामास सोऽथाऽसौ हरिं प्रोचे कृताञ्जलिः ॥२॥
कर्तव्यं ते मदीयं च पुत्राणां मम सर्वथा ।
राजाख्यभद्रसंकाशं मङ्गलं वै दयानिधे ! ॥३॥

કરવામાં અદ્વિતીય પરાક્રમવાળા છે, આવા શ્રીહરિ પછી સંતો વગેરેને સાથે લઇને પોતાના અક્ષરભવન પધાર્યા. ॥૩૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૧ સમાપ્ત

અધ્યાય-૧૫૨

શ્રીલુંભાભક્ત અને શ્રીતેજાઠક્કર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! તે દિવસ ભક્તોને સુખી કરનારા શ્રીહરિ શ્રીલુંભાભક્તને ઘેર ગયા હતા. ત્યાં તેઓ સુંદર આસન ઉપર વિરાજ્યા હતા. ॥૧॥

શ્રીલુંભાભક્તે ખૂબ જ ભક્તિભાવથી એક સારો નવો ચોફાળ શ્રીહરિને અર્પણ કર્યો. પછી હાથ જોડીને તેણે શ્રીહરિને કહ્યું, ॥૨॥

હે દયાનિધે ! આપે શ્રીરાજાભાઇનું જેવું કલ્યાણ કર્યું તેવું મારું અને મારા

उपवेश्यस्म्यहं भूमन्नस्य भक्तस्य सत्पते ! ।
भक्तवत्सलसंज्ञा ते वर्तते खलु शान्तिदा ॥४॥
यदा मदीयभद्रस्य बाढं ब्रूयास्तदा त्वहम् ।
गन्तुं त्वा ज्ञापयिष्यामि रोद्धाऽहं नान्यथाऽधुना ॥५॥
इति तस्य वचः श्रुत्वा भक्तवात्सल्यतां हरिः ।
दर्शयन् स्वीयभक्तेभ्यस्तथेति तं स चाऽब्रवीत् ॥६॥
इत्थं वाचं हरे राजन्नाकर्ण्याथो हरिं पुनः ।
पृष्टव्यं वर्तते स्वामिंस्तद्वदामि शृणु प्रभो ! ॥७॥
श्रुतं मया हयग्रीवपुराणं तत्र तस्य वै ।
स्वरू पवर्णनं सम्यक् कृतं भवति सुन्दरम् ॥८॥
प्रत्यक्षालोकनेच्छाऽस्य वर्तते मे दयानिधे ! ।
तस्मात्त्वं दर्शयेदानीं कारुण्यात्तस्य मे वपुः ॥९॥

પુત્રોનું પણ કલ્યાણ કરજો. ॥૩॥

હે ભૂમન્ ! સત્પતે ! હું શ્રીરાજાભાઈનો પાડોશી છું. અને પરમ શાંતિ આપનારું આપનું નામ 'ભક્તવત્સલ' આવું છે. ॥૪॥

આપ જ્યારે મારું કલ્યાણ કરવાની હા પાડશો, તે પછી જ હું આપને અહીંથી જવા દઈશ. હા, નહિ કહો ત્યાં સુધી અત્યારે આપને અહીંયાં જ રોકી રાખીશ. ॥૫॥

શ્રીલુંભાભક્તની નિર્દોષ આગ્રહ ભરી વાત સાંભળીને શ્રીહરિએ પોતાની ભક્તવત્સલતા સહુભક્તોને બતાવવા માટે તે શ્રીલુંભાભક્તને કલ્યાણ કરવાની 'હા' કહી. ॥૬॥

હે રાજન્ ! શ્રીહરિની 'હા' કહેતી વાણી સાંભળીને તે ફરીને બોલ્યા, હે સ્વામિન્ ! હે પ્રભો ! આપ સાંભળો. મારે એક બાબત આપને પૂછવી છે. ॥૭॥

મેં હયગ્રીવ પુરાણની કથા સાંભળી. તેમાં શ્રીહયગ્રીવ ભગવાનના સુંદર સ્વરૂપનું વર્ણન કર્યું છે. ॥૮॥

હે દયાનિધે ! હવે મારે તે શ્રીહયગ્રીવ ભગવાનના સ્વરૂપના પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા થઈ છે, તો આપ દયા કરીને મને આપના 'હયગ્રીવ' સ્વરૂપના દર્શન

तस्याकर्ण्य वचो धार्मिरू चे वाक्यं स तं पुनः ।
पात्रता नास्ति ते तस्माद्भविता नास्य वीक्षणम् ॥१०॥
निशम्यासौ हरेर्वाक्यं खिन्नधीः शठतां त्यजन् ।
शिरः स्वीयं हरेः पादपद्माग्रे स न्यधात्तदा ॥११॥
ततः सोऽगात्समाधिं च तत्र पूर्वं यथाश्रुतम् ।
तादृशं तं समीक्ष्याऽसौ ज्यायसीं प्रीतिमाव्रजत् ॥१२॥
चमत्कृतिं सोऽथ निदर्शयित्वा तस्मै तमुत्थाप्य तदा समाधेः ।
आत्मीयपादाश्रयिणं विधाय हरिः समं सौधमगात्स्वकीयम् ॥१३॥
एकदा श्रीहरी राजंस्तेजस्विसंज्ञिनो गृहम् ।
तेनाऽऽहूतोऽगमद्ध्रोक्तुं भोजनं सुन्दरं विभुः ॥१४॥
तत्र भोज्यानि रम्याणि भुक्त्वा धर्मात्मजो हरिः ।

કરાવો. ॥૯॥

તેની વાત સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિ ફરી બોલ્યા કે શ્રીહયગ્રીવ સ્વરૂપના દર્શન કરવાની પાત્રતા તમારામાં નથી. તેથી તે દર્શન તમને નહિ થાય. ॥૧૦॥

શ્રીલુંભાભક્તે શ્રીહરિનું વચન સાંભળ્યું અને મનમાં ઘણા દુઃખી થઈ ગયા. પોતાની બધી શઠતા (ખળતાઈ) છોડીને તે વખતે તેમણે શ્રીહરિના ચરણકમળ આગળ પોતાનું માથું મૂકી દીધું. ॥૧૧॥

ત્યારે તેને સમાધિ થઈ ગઈ. તેમાં તેણે જેવું પહેલા કથામાં સાંભળ્યું હતું તેવા શ્રીહયગ્રીવ સ્વરૂપના તેને દર્શન થયા. તેથી તેના મનમાં ખૂબ જ આનંદ થયો. ॥૧૨॥

શ્રીહરિએ આ પ્રમાણે તે લુંભા ભક્તને ચમત્કાર બતાવ્યો. પછી સમાધિમાંથી તેને જગાડ્યા. તેને પોતાના ચરણોના આશ્રિત કર્યા અને પછી તેને સાથે લઈને દરબારગઢમાં પોતાને નિવાસ સ્થળે અક્ષર ભવન પધાર્યા. ॥૧૩॥

હે રાજન્ ! ગઢપુરમાં એક હરિભક્ત શ્રીતેજાઠક્કર હતા. તેણે થાળ વગેરે તૈયાર કરાવીને પોતાને ઘેર બોલાવેલા મહાસમર્થ શ્રીહરિ સુંદર ભોજન જમવા માટે ત્યાં પધાર્યા. ॥૧૪॥

ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં સુંદર ભોજન જમ્યા. પછી ગાદી તકિયો બિછાવેલા

न्यषीदत्तूलिकायुक्ते पर्यङ्के सुन्दरे ततः ॥१५॥
तेजस्वी स्वात्मजान् दक्षधनजिद्भीमसंज्ञितान् ।
हर्यङ्घ्रौ नमयाञ्चक्रे प्राणमत्तं स तु प्रभुम् ॥१६॥
हर्यङ्घ्र्यम्भोरुहद्वंद्वं तेजस्वी स्वीयहृत्तकजे ।
न्यधात्प्रेमार्द्रचित्तोऽसौ श्रीहरिप्रीतिभाजनः ॥१७॥
उत्थायाऽथो ततो धार्मिः स्वीयं निकेतमाययौ ।
पीयूषस्त्रुतिसंयुक्त्या दृशा पश्यञ्जनव्रजान् ॥१८॥
तेजस्विवेश्मनोऽभ्यर्णे कस्मिंश्चित्समये नृप ! ।
कस्यचित्केतने ह्यासीदग्निकोपो महत्तरः ॥१९॥
चुक्रुशुर्वै जनास्तत्र दावदाहे मृगा यथा ।
तेषामाक्रन्दनं श्रुत्वा जगादेशो जनान् प्रति ॥२०॥
भक्ता आक्रोशनं कुत्र जायते भीतिदायकम् ।
इत्थं वाक्यं हरेः श्रुत्वा बहिर्चरोऽवदद्धरिम् ॥२१॥

સુંદર પલંગ ઉપર વિરાજમાન થયા. ॥૧૫॥

શ્રીતેજાભાઈએ ડાહ્યાલાલ, ધનજી અને ભીમજી નામે પોતાના ત્રણેય પુત્રોને શ્રીહરિના ચરણોમાં પગે લગાડ્યા અને પોતે પણ પગે લાગ્યા. ॥૧૬॥

શ્રીતેજાઠક્કરનું હૃદય સ્નેહાર્દ્ર હતું અને તે શ્રીહરિના પ્રીતિ પાત્ર હતા. તેણે શ્રીહરિના બન્ને ચરણ કમળને પોતાની છાતી ઉપર ધાર્યા. ॥૧૭॥

પછી ધર્મનંદન શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા, અમૃત વરસાવતી નજરથી જન સમૂહને જોતા જોતા પોતાને નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૧૮॥

કોઈ એક સમયે તેજાઠક્કરના ઘરને નજીકના કોઈના ઘરમાં અકસ્માત ઘણી આગ લાગી. ॥૧૯॥

વનમાં આગ લાગે અને હરણ આદિ પશુઓ ભાગે તેમ ચારે બાજુ ભાગદોડ મચી ગઈ અને લોકો બૂમો પાડવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિએ સેવકોને કહ્યું, ॥૨૦॥

હે ભક્તો ! જુઓ તો ખરા ! આ ભયંકર બૂમો કોણ પાડે છે. આવું શ્રીહરિનું વચન સાંભળીને પાર્ષદ બહેચર ચાવડાએ શ્રીહરિને કહ્યું. ॥૨૧॥

सेवको रत्नजित्संज्ञपदातेर्गुणशालिनः ।
रघुवीरार्यराजस्य कृपापात्रं सदाशयः ॥२२॥
अजस्त्रं श्रीहरेर्ध्यानसंसक्तः प्रीतमानसः ।
नानाविधक्रियादक्ष उदारो गुणकेतनः ॥२३॥
ज्वलति श्रीहरे ! गेहं तेजस्विसंज्ञिनोऽधुना ।
तस्याऽऽकर्ण्याऽथ स स्वामी सज्जोऽभूत्पद्गयुग्विभुः ॥२४॥
तद्गेहं सत्वरं गत्वा मञ्जूषां तस्य वेश्मनः ।
बहिर्निष्काशयाञ्चक्रे गृहीव स्वैस्तदा प्रभुः ॥२५॥
उपाविशद्धरिस्तस्यां ततः स पार्षदान्निजान् ।
तद्गेहोपरि चारोढुं हरिः शीघ्रं ह्यजिज्ञपत् ॥२६॥
ज्वलद्गेहं तदा पद्गा वारिसेचैर्द्रुतं नृप ! ।
आप्लाव्य सर्वतः सुज्ञा ज्वलन्तं तं त्वशीशमन् ॥२७॥

આ બહેચર ભક્ત ઘણા ગુણવાન્ શ્રીરતનજી બાપુ પાર્ષદના સેવક હતા. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના કૃપાપાત્ર હતા અને નિષ્કપટ સારી ભાવનાવાળા હતા. ॥૨૨॥

પ્રસન્ન મનના તેઓ નિરંતર શ્રીહરિના ધ્યાનમાં લાગ્યા રહેતા હતા. અનેક પ્રકારના કામકાજમાં નિપુણ હતા. ઉદાર સ્વભાવના અને સદ્‌ગુણોની ખાણ જેવા હતા. ॥૨૩॥

(તેમણે કહ્યું,) હે શ્રીહરે ! અત્યારે શ્રીતેજાઠક્કરનું ઘર સળગે છે. તે સાંભળીને તુરંત મહાસમર્થ શ્રીહરિ પાર્ષદોને સાથે લઈને ત્યાં જવા તૈયાર થયા. ॥૨૪॥

તત્કાળ શ્રીતેજાઠક્કરને ઘેર પહોંચ્યા. પ્રભુ શ્રીહરિ સ્વયં ઘરધણી હોય તેમ તે સમયે તેમણે તેના ઘરમાંથી એક બંધ પટારો હતો, તેને પાર્ષદો પાસે બહાર કઢાવ્યો. ॥૨૫॥

પછી શ્રીહરિ તે પટારા ઉપર બેઠા. અને નિજપાર્ષદોને તત્કાળ તે ઘર ઉપર ચઢવાની આજ્ઞા કરી. ॥૨૬॥

હે નૃપ ! તે સમયે તે ઘર સળગતું હતું છતાં સુજ્ઞ પાર્ષદોએ ચોતરફથી તેના

कृत्वेत्थं वह्नितस्तस्य रक्षां तत्स्त्रीनुतो विभुः ।
आस्थाप्य पूर्ववद्गेहे मञ्जूषां स्वैः पदानुगैः ॥२८॥
आत्मीयैः पार्षदैर्युक्तः स्वीयं चाक्षरसंज्ञितम् ।
निकेतं प्रययौ स्वामी भक्तत्राता दयानिधिः ॥२९॥
एकदा प्रेमजिन्नाम्ना मुन्याद्यैर्युक्त आदरात् ।
आशयितुं सुभोज्यानि हरिश्चामन्त्रितोऽभ्यगात् ॥३०॥
तत्र भोज्यानि रम्याणि भुक्त्वा श्रीहरिरीश्वरः ।
सद्वर्णिपार्षदांस्तानि भोजयामास सादरम् ॥३१॥
प्रेमजित्संज्ञिनो धाम्नः सङ्कीर्णत्वात्तदा नृप ! ।
तेजस्विकेतनं सोऽगाद् भूमा सद्वर्णिपद्गयुक् ॥३२॥
तदा तेजस्विना तेन स्वकीये निलये नृप ! ।
हर्यर्हमासनं तद्वत् सदाद्यर्हं कृतं शुभम् ॥३३॥

ઉપર પાણી નાખીને તે આગને બુઝાવી દીધી. ॥૨૭॥

આ રીતે શ્રીતેજાઠક્કરના ઘરની આગથી રક્ષા કરી. પછી તેની સ્ત્રીએ સ્તુતિ કરાયેલા શ્રીહરિએ ઘર બહાર રહેલા પટારાને પોતાના પાર્ષદો પાસે ઉપડાવીને ઘરમાં પહેલા હતો તેમ ગોઠવી દીધો. ॥૨૮॥

ભક્તરક્ષક અને દયાનિધિ શ્રીહરિ પોતાના પાર્ષદોને સાથે લઈને પોતાના નિવાસસ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૨૯॥

એક વખત શ્રીપ્રેમજી નામે એક સત્સંગીએ સંતો વગેરેની સાથે શ્રીહરિને થાળ રસોઈના સારા ભોજન જમવા માટે આદરભાવથી આમંત્રણ આપ્યું હતું. તેથી શ્રીહરિ તેને ઘેર પધાર્યા. ॥૩૦॥

ત્યાં સુંદર ભોજનોનો થાળ પરમેશ્વર શ્રીહરિ જમ્યા. અને સાધુ, વર્ણી અને પાર્ષદો વગેરે સહુને આદરભાવથી સારી રીતે જમાડ્યા. ॥૩૧॥

હે નૃપ ! શ્રીપ્રેમજી ભક્તનું ઘર સંકડાશ વાળું હતું, તેથી તે સમયે અત્યંત મહાન્ શ્રીહરિ સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોને સાથે લઈને શ્રીતેજાઠક્કરને ઘેર ગયા. ॥૩૨॥

હે નૃપ ! તે વખતે શ્રીતેજાઠક્કરે પોતાને ઘેર શ્રીહરિને યોગ્ય શુભ આસન

उपाविशद्धरिस्तत्र सदादीनां महासभा ।
आसीद्वै सुन्दरा राजन् ! हरेर्विष्टरतोऽभितः ॥३४॥
हरिश्चक्रे शुभां वार्तां त्रैविध्यतापनाशिनीम् ।
सदःस्थास्तां समाश्रुत्य हर्षं ते लेभिरे तदा ॥३५॥
उत्थायाऽथो हरिस्तस्मादक्षराख्यं निजालयम् ।
सद्वर्णिपार्षदैः साकं ययौ सौधं स्मिताननः ॥३६॥
क्वचित्तेजस्विनः सूनोर्दक्षनाम्नो महत्तरः ।
गदश्च शीतलास्फोटसंज्ञोऽभून्नेत्रनाशनः ॥३७॥
कर्तुं सम्भावनां तस्य गदिनः श्रीहरिर्नृप ! ।
आत्मीयैः पार्षदैर्युक्तस्तेजस्विनो गृहं ययौ ॥३८॥
निषद्याऽथो स पर्यङ्के संयुक्ते तूलिकादिभिः ।
दक्षं वीक्ष्य हरिः प्रोचे मा भैष्टेत्थं वचोऽमृतम् ॥३९॥

તૈયાર કર્યું અને સંતો વગેરેને માટે પણ યોગ્ય આસન તૈયાર કર્યા. ॥૩૩॥

હે રાજન્ ! પછી શ્રીહરિ તે આસન ઉપર વિરાજ્યા અને તે આસનની ચારે બાજુ સંતો વગેરેની સુંદર મહાન્ સભા થઈ. ॥૩૪॥

ત્યાં શ્રીહરિએ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, આવા ત્રણેય તાપને શમાવી દે તેવી શુભ વાતો કરી. તે સાંભળીને તે સમયે સભામાં બેઠેલા સર્વ ભક્તજનો અત્યંત આનંદ પામ્યા. ॥૩૫॥

પછી પ્રસન્નમુખ શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા. અને સંતો, વર્ણી અને પાર્ષદોને સાથે લઈને પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૩૬॥

કોઈ એક સમયે શ્રીતેજાઠક્કરના પુત્ર ડાહ્યાને શીતળાનો રોગ થયો. તેને એટલા બધા ફોડલા થયા કે તેનાથી આંખોમાં નુકસાન થઈ શકે. ॥૩૭॥

હે નૃપ ! શ્રીહરિ પોતાના પાર્ષદોને સાથે લઈને રોગીની સંભાળ લેવા શ્રીતેજાઠક્કરને ઘેર ગયા. ॥૩૮॥

ત્યાં ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ વિરાજ્યા અને શ્રીડાહ્યા ઠક્કરનું સ્વાસ્થ્ય જોઈ પૂછીને ''કોઈ રીતે ડરશો મુંઝાશો નહિ'' આવું અમૃત જેવું વચન બોલ્યા. ॥૩૯॥

नेत्रयुक्ताज्जनात्सुज्ञो भविताऽयं जनाः खलु ।
नेत्रपटं यतो ह्यस्य मा बध्नीत ममाज्ञया ॥४०॥
इत्युक्त्वा तस्य दक्षस्य स्वहस्ताब्जं हरिस्ततः ।
स न्यधान्मस्तके दिव्यं सर्वव्याधिविदारकम् ॥४१॥
इत्थं तस्य महान्तं तं गदं चक्षुर्हरं हरिः ।
विनाश्य स्वं ययौ स्थानं पद्गाद्यैः सहितोऽक्षरम् ॥४२॥
असौ हि दक्षः सकलक्रियासु ह्यन्वर्थसंज्ञो भवति स्म राजन् ! ।
निराकृतो नो भुवि वञ्चकैश्च पटीयसां मान्यतमो बभूव ॥४३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकारितलुब्धाख्यभक्तहयग्रीवस्वरू पदर्शनादिनिरू पणं नाम द्विपञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५२॥

अथ त्रिपञ्चाशदधिकशततमोऽध्यायः

शततमे त्रिपञ्चाशदधिके हरिर्व्यधात् ।

આ ડાહ્યાની આંખો, સારી તંદુરસ્ત આંખોમાં પણ તેજસ્વી રહેશે, માટે હે ભક્તો ! મારી આજ્ઞાથી આની આંખો ઉપર કપડું બાંધશો નહિ. ॥૪૦॥

આમ કહીને શ્રીહરિએ તે ડાહ્યાના મસ્તક ઉપર સમગ્ર રોગોનો નાશ કરનારો પોતાનો દિવ્ય હસ્તકમળ મૂક્યો. ॥૪૧॥

આ પ્રમાણે મનુષ્યની દૃષ્ટિ શક્તિને નષ્ટ કરે એવા તેના મહાન્ રોગને મટાડીને શ્રીહરિ પાર્ષદો વગેરેને સાથે લઈને પોતાને અક્ષરભવને પધાર્યા. ॥૪૨॥

હે રાજન્ ! આ ડાહ્યા ઠક્કર પછી બધી જ જાતના કામકાજમાં સારું ડહાપણ ધરાવનારા થયા હતા અને તેથી જ તેનું ''ડાહ્યો'' આવું નામ સાર્થક થયું હતું. તેઓ વિચક્ષણ પુરુષોમાં માન મેળવનાર અને ગમે તેવા ઠગની આગળ પણ છેતરાય નહિ એવા થયા હતા. ॥૪૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૨ સમાપ્ત

अमूलागेहभुक्तितद्रक्षां प्रसादगौरवम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरिं राजन्नाशयितुं सुभोजनम् ।
अमूला ह्यमरी प्रीत्याऽऽमन्त्रयामासतुर्ननु ॥१॥
तदा ते सुधियौ विप्रं लक्ष्मीरामं च शास्त्रिणम् ।
बर्हिचरं प्रवीणं वा आह्वयामासतुर्मुदा ॥२॥
कारयाञ्चक्रतुस्ताभ्यां भोज्यानि सुन्दराणि ते ।
प्रेष्टानि यानि कङ्कानां तानि तौ चक्रतुस्तदा ॥३॥
आत्मीयपार्षदैर्युक्तोऽन्यैर्द्वितीयाश्रमस्थितैः ।
सद्वर्णिसहितश्चागाल्लसन्मन्दस्मिताननः ॥४॥
मार्गायातजनव्रातैश्चकोरैर्ग्लौर्यथेक्षितः ।
तेषां प्रणाशयन् ध्वान्तं दृशैनो रात्रिजं यथा ॥५॥
आयातं तं समीक्ष्यैव तुलिकादत्तहस्तकाः ।

અધ્યાય-૧૫૩

અમૂલા બાને ઘેર થાળ રસોઇ, પ્રસાદ મહિમા અને અમૂલાબાની રક્ષા.

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત દરબાર શ્રીજીવાખાચરની દીકરીઓ અમૂલાબા અને અમરીબાએ, સુંદર ભોજનનો થાળ જમવા માટે શ્રીહરિને પ્રેમથી આમંત્રણ આપ્યું. ॥૧॥

સદ્બુદ્ધિવાળા તે બન્ને બહેનોએ તે વખતે વિપ્ર શ્રીલક્ષ્મીરામ શાસ્ત્રીને તથા કાર્યકુશળ બહેચર વિપ્રને બોલાવ્યા હતા. ॥૨॥

તે બન્ને બ્રાહ્મણો પાસે તેમણે કાઠી દરબારોને ગમે તેવી સુંદર રસોઇ કરાવી અને તે બ્રાહ્મણોએ પ્રેમથી રસોઇ કરી. ॥૩॥

મંદહાસ્યથી શોભતા મુખારવિંદવાળા શ્રીહરિ સોમલાખાચર આદિ ગૃહસ્થો, પાર્ષદો અને સંતો તથા વર્ણીઓને સાથે લઈને તેમને ઘેર પધાર્યા. ॥૪॥

ચકોર જેમ ચંદ્રને દેખે તેમ રસ્તામાં રહેલા લોકો શ્રીહરિના દર્શન કરતા હતા અને ચંદ્રમા જેમ રાતના અંધારાને ટાળે તેમ શ્રીહરિ પોતાની દૃષ્ટિથી દર્શન કરનારાના પાપનો નાશ કરતા હતા. ॥૫॥

चित्रारम्भो यथा भीत्तौ नैगमास्ते तथाऽभवन् ॥६॥
एवं स प्राणिनां सौख्यं नयन् वर्त्मनि सर्वथा ।
तयोर्निकेतमीशानो ययौ हर्षयुजोर्नृप ! ॥७॥
तमागतं ते प्रसमीक्ष्य सत्वरं प्रोत्थाय नैजासनतो ! हि सादरम् ।
तनूर्यथा प्राणमुपागतं नृप ! मुदं प्रभूतां सरतः स्म ते तदा ॥८॥
यथार्हमस्मै ददतः स्म चासनं नरेश ! ते सादरयोजिताञ्जली ।
नतिं च कृत्वा स्तवनं हि चक्रतुर्हरेरमुष्यार्थयुतं मनोहरम् ॥९॥
स्नपितुं श्रीहरिं राजन् ! कुण्डिकामुष्णवारिणा ।
संभृतां निन्यतुस्ते तां प्रेमयुक्ते सदाशये ॥१०॥
स्नपयामासतुर्धार्मिं तदानीं तेन वारिणा ।
कौशेयं परिधानार्थं ददतः स्म मनोहरम् ॥११॥
तादृशं चोत्तरासङ्गमदत्तां धर्मसूनवे ।

બજારમાં ચાલ્યા આવતા શ્રીહરિને દેખીને તોલ કરવા હાથમાં ત્રાજવા રાખી રહેલા વેપારીઓનો ભીંત ઉપર આળેખેલા ચિત્રોના જેવા સજ્જડ થઇ ગયા. ॥૬॥

હે નૃપ ! રસ્તામાં આ રીતે સહુ લોકોને સુખ આપતા શ્રીહરિ અતિ ખુશ થયેલા તે બન્ને બહેનોને ઘેર પધાર્યા. ॥૭॥

હે નૃપ ! શ્રીહરિને પધાર્યા જોઇને તે બહેનો આદરભાવથી સત્વરે આસન ઉપરથી ઊભા થઇ ગયા. ચાલ્યા ગયેલા પ્રાણ પાછા આવે અને શરીરમાં જેમ આનંદ થાય તેમ તે બન્નેને ઘણો જ આનંદ થયો. ॥૮॥

હે નરેશ ! શ્રીહરિને યોગ્ય સુંદર આસન અર્પણ કર્યું. શ્રીહરિની આગળ બે હાથ જોડીને પ્રણામ કર્યા અને અર્થ ગંભીર મનોહર સ્તુતિ કરી. ॥૯॥

હે રાજન્ ! પવિત્ર હૃદયના અને પ્રેમવાળા તે બન્ને બહેનોએ શ્રીહરિને સ્નાન કરવા માટે ગરમ પાણી ભરેલી તાંબા કુંડી આપી. ॥૧૦॥

ધર્મપુત્ર શ્રીહરિને તે સમયે ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. અને પછી મનોહર રેશમી ધોતી પહેરવા આપી. ॥૧૧॥

અને ધોતીના જેવો જ એક રેશમી ખેસ ઓઢવા આપ્યો. હે રાજન્ ! શ્રીહરિએ

ततश्च श्रीहरी राजन् परिधायाऽथ ते शुभे ॥१२॥
पादाब्जयुगले रम्ये पादुके परिधाय सः ।
हस्ताब्जे नक्तकं दिव्यं दधत् सोऽगान्महानसम् ॥१३॥
तत्र पट्टे मनोज्ञेऽसौ न्यषीदत् स्वास्तृते विभुः ।
मुकुन्दानन्दवर्णीन्द्रः स्थालं पूर्णं ततोऽनयत् ॥१४॥
नानाविधानि भोज्यानि भुञ्जानः श्रीहरिस्ततः ।
पाकश्लाघामकार्षीत्स हसन् पद्मसमाननः ॥१५॥
पाककर्त्रोस्ततोऽकार्षीत्प्रशंसां ज्यायसीं विभुः ।
ततः स चुलुकीकृत्य मुखवासं किलाग्रहीत् ॥१६॥
अभयाख्यं पितुस्तातं जीववर्माणमेव ते ।
मूलसंज्ञं च मात्राख्यमुन्नडसंज्ञितं तथा ॥१७॥
अलयाख्यं नृपं सुज्ञं मोकसंज्ञं तथा नृपम् ।
हरिस्तान्भोजयामास भोज्यानि तानि सादरम् ॥१८॥

આ બન્ને શુભ વસ્ત્ર ઓઢ્યા પહેર્યા. ॥૧૨॥

ચરણકમળમાં સુંદર બે ચાખડીઓ પહેરી અને હાથમાં રમણીય રૂમાલ રાખીને શ્રીહરિ રસોડામાં પધાર્યા. ॥૧૩॥

ત્યાં રસોડામાં બાજોઠ ઢાળીને ઉપર સુંદર આસની પાથરી હતી. મહાસમર્થ શ્રીહરિ તેના ઉપર વિરાજ્યા. પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ થાળ પૂરીને શ્રીહરિ આગળ બીજા બાજોઠ ઉપર મૂક્યો. ॥૧૪॥

પછી શ્રીહરિ અનેક પ્રકારના ભોજન જમ્યા. રસોઇની પ્રશંસા કરી. શ્રીહરિનું મંદ હાસ્ય યુક્ત મુખ કમળ સમાન જણાતું હતું. ॥૧૫॥

પછી રસોઇ બનાવનારા બન્ને વિપ્રોના વખાણ કર્યા. મહાસમર્થ શ્રીહરિએ ચળું કર્યું અને મુખવાસ લીધો. ॥૧૬॥

પછી તમારા પિતામહ દરબાર શ્રીએભલખાચર, દરબાર શ્રીજીવાખાચર, દરબાર શ્રીમૂળુખાચર, શ્રીમાત્રાભાઈ, શ્રીઉનડભાઈ, દરબારશ્રી અલૈયા ખાચર અને દરબાર શ્રીમોકાખાચર, આ બધા દરબારોને શ્રીહરિએ આદરભાવથી સારા ભોજન પિરસાવીને જમાડ્યા. ॥૧૭-૧૮॥

हरेः प्रासादिकां रम्यां भुञ्जानस्ते पितामहः ।
उवाच सर्वशो राजन् भुञ्जानांस्तानिदं वचः ॥१९॥
महद्भाग्यं किलाऽस्माकं वर्तते साम्प्रतं जनाः ।
हरिप्रासादिकां दिव्यां भुञ्ज्महे च वयं यतः ॥२०॥
यदर्थं चात्मभूरासीन्मत्स्यरू पः पुरा जनाः ।
यमुनाया जले सौम्यास्त्यक्तव्रीडो गतस्मयः ॥२१॥
इत्थं तस्य वचः श्रुत्वा तत्रत्या भूमिपा नृप ! ।
अब्रुवन् स्मयमानास्या अभयं तं बुभूत्सवः ॥२२॥
राजान ऊचुः -
कदैतज्जातमेवं हि महाऽऽश्चर्यप्रदं महत् ।
ब्रूह्यस्मान् मित्रतां प्राप्तस्त्वमस्मासु च वर्तसे ॥२३॥
श्रीअभय उवाच -
वत्साहृतौ कृतायां वा आत्मना मोहवश्यतः ।

હે રાજન્ ! શ્રીહરિનું પ્રસાદીરૂપ સુંદર ભોજન જમતા તમારા પિતામહ શ્રીએભલખાચરે ત્યાં જમવા બેઠેલા બધા દરબારોની આગળ આવી વાત કહી. ॥૧૯॥

“હે આત્મીયજનો ! અત્યારે આપણું મહાન્ ભાગ્ય ગણાય, કારણ કે આપણે આજ શ્રીહરિની પ્રસાદીરૂપ રસોઇ જમી રહ્યા છીએ. ॥૨૦॥

હે સૌમ્ય સજ્જનો ! ભગવાનની જે પ્રસાદી મેળવવા પૂર્વે બ્રહ્માજીએ લાજ શરમ અને અભિમાન તજી દઇને યમુનાજીના જળમાં માછલાંનું રૂપ લીધું હતું.” ॥૨૧॥

દરબાર શ્રીએભલ ખાચરનું આવું વચન સાંભળીને ત્યાં ઉપસ્થિત બધા દરબારોએ હસતા હસતા, જિજ્ઞાસા વૃત્તિથી તેમને કહ્યું, ॥૨૨॥

દરબારોએ કહ્યું મહાન્ આશ્ચર્યકારી આવી ઘટના ક્યારે બની હતી ? આપ અમને તે હકીકત કહો. આપ તો અમારા મિત્ર છો, આત્મીયજન છો. ॥૨૩॥

શ્રીએભલખાચર બોલ્યા, એક વખત બ્રહ્માની બુદ્ધિમાં પણ મોહ પેદા થયો અને તેમણે વચ્છપાલ શ્રીકૃષ્ણભગવાનના વાછરડાંઓને અને બાળકોને પોતાની

ततः प्राप्तत्रपो ब्रह्मा बभूव खिन्नमानसः ॥२४॥
मत्स्याकारं दधानोऽसौ मत्स्यवृन्दे चरन् खलु ।
बहुकालं जले तस्या उवासाऽस्याः स लब्धये ॥२५॥
तज्जानन् कृष्णरू पोऽसौ चारयन् गोगणं शुभम् ।
एकदा क्षुत्पिपासार्तः सोऽभूद्वृन्दावने नृपाः ॥२६॥
तद्विज्ञायाऽथ तालाङ्क आनिन्ये सत्वरं शुभम् ।
दध्योदनं महाभागस्तन्माहात्म्यविदुत्तमः ॥२७॥
कृत्वा शुद्धिं स शारीरीं श्रीकृष्णो वसुदेवजः ।
दध्योदनं च भुङ्क्ते स्म गोपान् पश्यन् समीपगान् ॥२८॥
श्रीकृष्णः शुभपात्रेण सूर्यपुत्र्या जलं शुचि ।
श्रीदाम्ना चानयामास वक्त्रशुद्ध्यर्थमात्मनः ॥२९॥
शुद्धिं कृत्वाऽथ वक्त्रस्य पीबति स्माम्बु सर्वशः ।

માયાથી ઉઠાવી લીધા હતા. જ્યારે તેમનો મોહ ટળ્યો ત્યારે મનમાં શરમાઇ ગયા અને ઘણા દુઃખી થઇ ગયા. ॥૨૪॥

પછી બ્રહ્માજી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી મેળવવા માટે યમુનાજીના પાણીમાં માછલારૂપે થયા. અને માછલાના સમૂહમાં ઘણો સમય રહ્યા. ॥૨૫॥

શુભ ગાયોના ધણને ચારવા ગયેલા શ્રીકૃષ્ણ ભગવાન્ તે જાણતા હતા. હે દરબારો ! વૃંદાવનમાં ગાયો ચરાવતા શ્રીકૃષ્ણ પરમાત્માને ભૂખ અને તરસ લાગી. ॥૨૬॥

ત્યારે શ્રીકૃષ્ણના મહત્ત્વને સમજનારા અને સર્વોત્તમ વ્યક્તિત્વવાળા મહાપ્રતાપી શ્રીબળદેવજી શ્રીકૃષ્ણની ભૂખ-તરશ જાણીને સત્વરે સરસ શુભ દહીં અને ભાત લઇ આવ્યા. ॥૨૭॥

વાસુદેવ શ્રીકૃષ્ણે હાથ પગ મુખ ધોયા અને પાસે રહેલા ગોવાળ મિત્રોની સામે દૃષ્ટિ કરીને તે દહીં અને ભાત જમ્યા. ॥૨૮॥

પછી શ્રીકૃષ્ણ પોતાનું મુખ ધોવા માટે એક સારા પાત્રમાં યમુનાજીનું પવિત્ર જળ બાળમિત્ર શ્રીદામા પાસે મગાવ્યું. ॥૨૯॥

પછી મુખ શુદ્ધિ કરીને વધેલું બધું જ જળ સ્વયં પીઇ ગયા અને પહેલાથી જ

श्रीकृष्णोऽवञ्चयत् पूर्वं प्रासादाप्त्यागतं विधिम् ॥३०॥
तथा विदधिरे गोपा यथा राजा तथा प्रजाः ।
यतः प्रासाददौर्लभ्यं वर्तते सर्वथा जनाः ॥३१॥
परिधायाऽथ वस्त्राणि रम्याणि धर्मदेवजः ।
स्वावासं ह्यागमद्राजन् ! स्वकीयैः पार्षदैः समम् ॥३२॥
श्रीचैतन्यानन्द उवाच -
अमूलायै क्वचिद्राजन् ! विषं दत्तं शठेन हि ।
तद्रिरक्षिषुरीशानः सहजानन्दसद्गुरु : ॥३३॥
उपकण्ठं ततस्तस्या उपेयाय दयोदधिः ।
पीयूषस्रुतिसंयुक्त्या दृशाऽपश्यत् स तां तदा ॥३४॥
गतासुसन्निभावस्थां गताऽपि सा तदीक्षया ।
दावदग्धा यथा वल्ली वार्वृष्ट्याऽभून्नवाङ्कुराः ॥३५॥
रामसेना यथा पूर्वं सुधावृष्ट्याऽसुरारिणा ।

પ્રસાદ લેવા આવેલા બ્રહ્માને અન્ન કે જળની પ્રસાદીથી વંચિત રાખ્યા. ॥૩૦॥

શ્રીકૃષ્ણના મિત્રોએ પણ તેમજ કર્યું કારણ કે લોકમાં કહેવાય છે ''યથા રાજા તથા પ્રજા'' જેવો આગેવાન તેવા બીજા બધા, માટે હે સજ્જનો ! પ્રસાદ ઘણો જ દુર્લભ છે. ॥૩૧॥

હે રાજન્ ! પછી ધર્મનંદન શ્રીહરિએ પોતાના જમવાના વસ્ત્ર બદલીને બીજા સુંદર વસ્ત્ર પહેર્યા. અને પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૩૨॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! કોઈ વખતે કોઈ દુષ્ટ વ્યક્તિએ અમૂલાબાને ઝેર આપ્યું હતું. ત્યારે તેમની રક્ષા કરવા ચાહતા દયાસાગર પરમેશ્વર સદ્ગુરુ શ્રીસહજાનંદ સ્વામી અમૂલા બા સમીપે પધાર્યા. અને તે સમયે તેમણે અમૃત ઝરતી દૃષ્ટિથી તેમની સામે જોયું. ॥૩૩-૩૪॥

દાવાનળથી વેલી દાઝી ગયેલી હોય છે પણ વરસાદ થયા પછી જેમ તેમાં નવા અંકુરો ફૂટી નીકળે છે, અથવા જેમ નિષ્પ્રાણ થયેલી શ્રીરામની સેના ઈંદ્રે કરેલી અમૃત વૃષ્ટિથી સજીવ થઈ અને અવયવોએ સહિત તેના શરીર યુદ્ધ કરવા માટે

कृतयाऽऽसीत्तथा सासुर्विकसिताङ्गसंहतिः ॥३६॥
एवं तस्या अकार्षीद्वै रक्षणं श्रीहरिः स्वयम् ।
जयाया ललिताया वा सादृश्यं सा गताऽभवत् ॥३७॥
ततः सा सुन्दरैर्भोज्यैर्हरिं साधूंस्तथाऽखिलान् ।
भोजयामास सानन्दं भक्ता चैकान्तिका हरेः ॥३८॥
स्वकीयभक्तानभितो हि सर्वदाऽवतीशिताऽनन्यपराक्रमोर्जितः ।
असौ ययौ स्वीयनिकेतमक्षरं पदातिवर्यैः परिवेष्टितो विभुः ॥३९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये अमूलादिभक्तकृतच्छ्रीहरिभोजनपूजनादिनिरू पणं नाम त्रिपञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५३॥

अथ चतुःपञ्चाशदधिकशततमोऽध्यायः

चतुःपञ्चाशदुत्तरे शततमे हरिर्ददौ ।

સશક્ત થયા હતા તેમ તે વખતે અમૂલા બા નિષ્પ્રાણ જેવી સ્થિતિમાં હતા છતાં શ્રીહરિની ઉપર્યુક્ત દૃષ્ટિથી સજીવ થયા હતા. ॥૩૫-૩૬॥

આ પ્રમાણે સ્વયં શ્રીહરિએ અમૂલા બાનું રક્ષણ કર્યું હતું અને તેઓ જીવુ બા તથા લાડુબાના જેવા ભક્તિમાર્ગમાં ઊંચી સ્થિતિ વાળા હતા. ॥૩૭॥

શ્રીહરિના એકાંતિક ભક્ત તે અમૂલા બાએ પછી તો શ્રીહરિને તથા સર્વ સંત હરિભક્તોને આનંદોત્સાહપૂર્વક સુંદર ભોજનો કરાવીને જમાડ્યા હતા. ॥૩૮॥

મહાસમર્થ અને અનુપમ પરાક્રમ સંપન્ન પરમેશ્વર શ્રીહરિ આ રીતે પોતાના ભક્તજનોનું બધી રીતે રક્ષણ કરીને પછી પોતાના મુખ્ય પાર્ષદોથી ઘેરાયેલા શ્રીહરિ પોતાના નિવાસ સ્થાન અક્ષર ભવને પધાર્યા. ॥૩૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૩ સમાપ્ત

અધ્યાય-૧૫૪

શ્રીરામભાઈને ઘેર વસંતપંચમીનો અને શ્રીમૂળુભાઈને ઘેર

मूलुगेहे सुखं स्वेभ्यः कृष्णजन्ममहोत्सवे ॥

श्रीचैतन्यानन्द उवाच -

अथाऽस्त्युत्तरदिग्द्वारं गर्भागारं मनोहरम् ।
रामाह्वयस्य राजेन्द्र ! चरित्रं श्रीहरिर्व्यधात् ॥१॥
तत्र रम्यासने धार्मिरुपाविशद्दयोदधिः ।
तस्यासीदङ्गणे रम्या सदादीनां महत्सदः ॥२॥
तिथिर्वसन्तपञ्चम्या आसीत्तदह्नि भूपते ! ।
साधव उत्सवं चक्रुर्दैवप्रेमार्द्रचेतसः ॥३॥
तत्र श्रीहरिमाहात्म्यबोधयूञ्जि च साधवः ।
ते गायन्ति स्म पद्यानि नानावाद्यस्वरान्वितम् ॥४॥
रङ्गक्रीडां हरी राजज्ज्यायसीं विदधे तदा ।
तत उन्मत्तगङ्गायां स्नानार्थं साधुभिर्ह्यगात् ॥५॥
स्नानं कृत्वा स तत्राऽथो आगमत्तस्य केतनम् ।
सद्वर्णिसहितो दैविर्धुन्वन्सुनक्तकं वरे ॥६॥

જન્માષ્ટમીનો ઉત્સવ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજેન્દ્ર ! ગઢપુરમાં શ્રીરામભાઈ નામે એક હરિભક્તના ઘરનો ઉત્તરાદાબારનો મનોહર ઓરડો છે. ત્યાં શ્રીહરિએ સુંદર ચરિત્ર કર્યું હતું. ॥૧॥

દયાસાગર ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં રમણીય આસન ઉપર વિરાજ્યા હતા અને તેના આંગણામાં સંત હરિભક્તોની સુંદર વિશાળ સભા થઈ હતી. ॥૨॥

હે રાજન્ ! તે દિવસ વસંત પંચમીની તિથિ હતી. ધર્મપુત્ર શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહભીના ચિત્તવાળા સંતો ઉત્સવ કરતા હતા. ॥૩॥

ઉત્સવમાં સંતો અનેક પ્રકારના વાજિંત્ર વગાડીને શ્રીહરિના માહાત્મ્ય અને જ્ઞાનથી ભર્યા પદ ગાતા હતા. ॥૪॥

હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ ત્યાં ઘણીવાર સુધી ખૂબ જ રંગક્રીડા કરી. તે પછી સંતોની સાથે ઉન્મત્તગંગા (ઘેલા) નદીએ સ્નાન કરવા માટે પધાર્યા. ॥૫॥

ત્યાં સ્નાન કરીને પાછા સંતો અને વર્ણીઓને સાથે લઈને શ્રીહરિ હાથમાં

बीरञ्जमुख्यभोज्यानि भुक्त्वा श्रीहरिरीशिता ।
सद्वर्णिपार्षदान् सर्वांस्तैर्भोज्यैस्तानतीतृपत् ॥७॥
सस्वजेऽथ सतः सर्वान् वर्णिनः पार्षदांस्तथा ।
महाप्रीतिं गतः स्वामिनारायणोऽक्षराधिपः ॥८॥
हरिभक्तहृदब्जेऽसौ स्वकीयाङ्घ्रिसरोरुहे ।
अखिलेशो न्यधाद्दिव्ये नानार्तिवृन्दनाशके ॥९॥
इत्थं स्वकीयान् सुखयन् दयालुरनन्तसामर्थ्यनिकेत ईशः ।
पद्गैः समन्तादपियात आद्योऽक्षराभिधं सौधमगात्सदाद्यैः ॥१०॥

श्रीचैतन्यानन्द उवाच -

उत्सवं कारयिष्यन् हि जन्माष्टम्यां ततो हरिम् ।
आजुहाव निजागारे मूलाख्यो भक्तिभावितः ॥११॥
पत्रिकाप्रेषणैः पूर्वमाहूताः साधुभक्तकाः ।
तत्राजग्मुश्च ते सर्वे हरीक्षोत्सुकमानसाः ॥१२॥

રૂમાલ હલાવતા થકા શ્રીરામભાઈને ઘેર પધાર્યા. ॥૬॥

ત્યાં સર્વનિયંતા શ્રીહરિ બિરંજ આદિ ભોજનનો થાળ જમ્યા. પછી સંતો, વર્ણીઓ અને પાર્ષદોને પણ તે ભોજન પીરસી, જમાડીને તૃપ્ત કર્યા. ॥૭॥

તે સમયે અક્ષરાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન્ ખૂબ જ પ્રસન્ન થયા અને સર્વ સાધુઓ, બ્રહ્મચારીઓ અને પાર્ષદોને બાહુઓમાં ભીડીને ભેટ્યા. ॥૮॥

સર્વેશ્વર શ્રીહરિએ અનેક પ્રકારના દુઃખ સમૂહોને નષ્ટ કરનારા પોતાના દિવ્ય ચરણકમળ હરિભક્તોની છાતીએ ચાંપ્યા. ॥૯॥

અનંત શક્તિના આધારભૂત, પરમદયાળુ અને સર્વના આદિ પરમેશ્વર શ્રીહરિ આ રીતે પોતાના ભક્તજનોને સુખી કરતા હતા. પાર્ષદોથી ચોતરફ ઘેરાયેલા શ્રીહરિ સાધુ વગેરેને સાથે લઈને અક્ષરભવન પધાર્યા. ॥૧૦॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ભક્તિભાવવાળા ગઢપુરના દરબાર શ્રીમૂળુખાચરે પોતાને ઘેર જન્માષ્ટમીનો ઉત્સવ કરાવવાની ઈચ્છાથી શ્રીહરિને પોતાને ઘેર બોલાવ્યા. ॥૧૧॥

પછી આમંત્રણ પત્રિકાઓ મોકલીને પહેલેથી જ તેડાવેલા અને શ્રીહરિના

पूर्वाशाद्वार्बहिःशालापर्यङ्के तूलिकादिभिः ।
युक्ते चोपाविशद्दैविः सम्पूर्णेन्दुनिभाननः ॥१३॥
तदानीं लक्षशो भक्ता हरिं नानोपचारकैः ।
आनर्चुः प्रेमसंयुक्ता उदयास्तदिनावधि ॥१४॥
जजागार हरी रात्रौ तदानीं साधवोऽखिलाः ।
चक्रुर्जागरणं तद्वद्धरिप्रेयांस उत्तमाः ॥१५॥
सन्तः श्रीहरिचारित्रसंयुतानि शुभानि हि ।
जगुः पद्यानि मुक्ताभाः संत्यक्तगृहबान्धवाः ॥१६॥
प्रत्यक्षाद्वै हरे रू पात्पारोक्षे ज्यायसी रतिः ।
एवं श्रुतेर्हरिर्वाक्यं सत्यं कुर्वञ्जनार्त्तिहा ॥१७॥
तत्र श्रीकृष्णारू पेण वसुदेवभुवा हरिः ।
आत्मीयं वीक्षणं प्रादाद्भक्तेभ्योऽस्य जनिक्षणे ॥१८॥
हरिं कृष्णस्वरू पेण समीक्ष्य सकला जनाः ।
भूयसीं लेभिरे प्रीतिं नष्टप्राप्तधना यथा ॥१९॥

દર્શનમાં ઉત્સાહી મનવાળા સંતો અને હરિભક્તો ત્યાં આવ્યા હતા. ॥૧૨॥

ઉગમણા બારની ઓસરીમાં પલંગ ઉપર ગાદી તકિયો મૂકીને બિછાવેલા આસન ઉપર પૂર્ણચંદ્રના સમાન મુખવાળા ધર્મપુત્ર શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૧૩॥

તે સમયે લાખોની સંખ્યામાં પ્રેમી ભક્તો આવ્યા હતા. તેઓએ સૂર્યોદયથી આરંભીને સૂર્યાસ્ત થયો ત્યાં સુધી અનેક ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૪॥

રાતે શ્રીહરિએ જાગરણ કર્યું. તેમની જ માફક શ્રીહરિના વહાલા સર્વોત્તમ સાધુઓએ પણ રાતે જાગરણ કર્યું. ॥૧૫॥

ઘર અને પરિવારને છોડી દઈને ત્યાગી થયેલા અને મુક્તના જેવી સ્થિતિમાં રહેલા તે સંતો શ્રીહરિની લીલા અને ચરિત્રોના શુભ કીર્તન ગાતા હતા. ॥૧૬॥

લોકોની પીડાને નષ્ટ કરનારા શ્રીહરિએ 'ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપ કરતાં પરોક્ષ સ્વરૂપમાં જનરુચિ વધારે હોય છે', કહેવતને સાચી જણાવવા. જન્મોત્સવ વખતે ભક્તજનોને શ્રીવાસુદેવ કૃષ્ણસ્વરૂપે પોતાનું દર્શન દીધું. ॥૧૭-૧૮॥

સર્વ ભક્તોને શ્રીહરિના શ્રીકૃષ્ણસ્વરૂપે દર્શન થયા, તેથી તેઓને, હાથમાંથી

कृष्णरू पं तिरोधायाऽभवत्पूर्ववदीश्वरः ।
तदा ते मेनिरे धार्मिं सर्वावतारकारणम् ॥२०॥
प्रगे चोन्मत्तगङ्गायां स्नानार्थं श्रीहरिर्नृप ! ।
ययौ सद्वर्णिसंयुक्त आरु ह्याऽश्वं मनोजवम् ॥२१॥
विधाय स्नपनं तत्र सार्द्धं मुन्यादिभिर्हरिः ।
पूर्ववत्तुरगारू ढो ययौ मूलनिकेतनम् ॥२२॥
तत्र भोज्यानि दिव्यानि भुक्त्वा धर्मात्मजो हरिः ।
अभोजयन्मुनीन् वर्णिपद्गान् भक्तांश्च तानि सः ॥२३॥
भूयांसो लेभिरे सन्तः समाधिं योगिदुर्लभम् ।
नानाश्चर्यचयोपेतो नानाचित्रकथाम्बुधिः ॥२४॥
भूयसीर्विदधे लीला जीवजातसुखेच्छया ।
अघौघवृन्दसंहृत्यै करु णार्द्रीभवत्तनुः ॥२५॥

જતું રહેલું ધન ફરીવાર મળે અને લોકોને જે આનંદ થાય, તેવો આનંદ થયો. ॥૧૯॥

પછી પરમેશ્વર શ્રીહરિએ શ્રીકૃષ્ણ સ્વરૂપ અદૃશ્ય કર્યું અને હરિકૃષ્ણ સ્વરૂપે જ્યારે દેખાયા ત્યારે સર્વ ભક્તોએ ધર્મપુત્ર શ્રીહરિને સર્વ અવતારોના કારણના રૂપમાં જાણ્યા. ॥૨૦॥

હે નૃપ ! પછી સવારે સાધુ તથા બ્રહ્મચારીઓને સાથે લીધા અને પોતે મનના જેવા વેગવાળા અશ્વ ઉપર સવાર થયા અને ઉન્મત્તગંગા (ઘેલા) નદીએ સ્નાન કરવા પધાર્યા. ॥૨૧॥

શ્રીહરિએ સંતો વગેરેની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું. અને પહેલાની જેમ ઘોડેસવાર થઈને પાછા શ્રીમૂળુખાચરને ઘેર પધાર્યા. ॥૨૨॥

ધર્મનંદન શ્રીહરિ સુંદર (દિવ્ય) ભોજન જમ્યા. પછી વર્ણી, સાધુ, પાર્ષદો અને હરિભક્તોને તે સુંદર ભોજન જમાડ્યા. ॥૨૩॥

તે સમયે ઘણા સંતોને યોગીઓને પણ દુર્લભ આવી સમાધિ થઈ હતી. શ્રીહરિનું સ્વરૂપ અને ચરિત્ર અનેક પ્રકારના આશ્ચર્યોથી ભરપૂર હતું અને જાતજાતની કથાઓના તો તેઓ સાગર હતા. ॥૨૪॥

તેઓ પ્રાણધારીઓને સુખી કરવા માટે અનેક પ્રકારની ઘણી લીલાઓ કરતા

दशदिवसान् प्रभुस्तत उवास मुनीन्द्रपति,
निखिलगुणालयो विपुलकीर्तिगणो भगवान् ॥
विविधसुभोजनैर्मुनिजनान् सुहितान् विदधन्,
निजनिलयं हरिस्तत उपागमदेष नृप ! ॥२६॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये भक्तगृहे श्रीहरिकृतमहोत्सवनिरूपणं नाम चतुःपञ्चाश-दधिकशततमोऽध्यायः ॥१५४॥

अथ पञ्चपञ्चाशदधिकशततमोऽध्यायः

पञ्चपञ्चाशदुत्तरे शततमे हरिर्निजम् ।
जीववर्माणमारक्षद् दानवीरं जगत्पतिः ॥

श्रीचैतन्यानन्द उवाच –
उत्सवं कारयिष्यन् त्वै जीववर्मैकदा हरिम् ।
आजुहाव मुदा युक्तः साक्षाद्गाङ्गेयसन्निभः ॥१॥

હતા. લોકોના પાપપુંજોને હરવા માટે તો તેમનું સ્વરૂપ કરુણાથી દ્રવિત થઈ જતું હતું. ॥૨૫॥

હે નૃપ ! સર્વસદ્‌ગુણોના પરમ આશ્રય સ્વરૂપ અને અપાર સુયશથી સંપન્ન આવા મુનિપતિ ભગવાન્ શ્રીહરિ ત્યાં શ્રીમૂળુભક્તને ઘેર દસ દિવસ સુધી રહ્યા. પ્રતિદિન સુંદર રસોઈ કરાવીને સંતો વગેરેને જમાડીને તૃપ્ત કરતા હતા. તે પછી ત્યાંથી શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને અક્ષર ભવન પધાર્યા. ॥૨૬॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૪ સમાપ્ત

અધ્યાય-૧૫૫

શ્રીજીવાખાચરના દરબારમાં ફૂલદોળ કર્યો અને તેનું કષ્ટ નિવાર્યું

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, એક વખત ભીષ્મ પિતામહના જેવા દઢપ્રતિજ્ઞાવાળા શ્રીજીવાખાચરે પોતાના દરબારગઢમાં સારો ઉત્સવ કરવાની ઈચ્છાથી

पत्रसम्प्रेषणाऽऽहूता मुनिव्राता अगुस्तदा ।
भक्ता देशान्तरेभ्योऽगुर्लक्षशश्चोत्कमानसाः ॥२॥
विशालानाथयोर्जन्मदिने पद्‌गैर्युतो हरिः ।
पूर्वाशाद्वारयुक्तस्य गर्भागारस्य भूपते ! ॥३॥
बहिःशालास्थपर्यङ्के संयुक्ते तूलिकादिभिः ।
उपाविशद्दयासिन्धुर्भक्तवृन्दमुदावहः ॥४॥
रङ्गभाण्डानि भूरीणि रङ्गपूर्णानि भूरिदः ।
आनयामास भक्तैश्च प्रेमयुक्तैस्तदा विभुः ॥५॥
आनयत् स गुलालानां द्रोणानां द्विशतं हरिः ।
सुरङ्ग्यन्त्रसाहस्त्रं तदानीमानयन्नृप ! ॥६॥
हरिर्मुनिगणैः साकं वर्णिभिः पार्षदैस्तथा ।
रुचिरां विदधे रङ्गक्रीडां भक्तसुखाप्तये ॥७॥
एतस्या विस्तरः प्रोक्तो भूपते ! शर्मदः शुभः ।

શ્રીહરિને આનંદોત્સાહથી પોતાને ઘેર બોલાવ્યા. ॥૧॥

કંકોતરીઓ લખીને તેડાવેલા સંતો તે સમયે આવવા લાગ્યા. દેશાંતરોમાંથી ઉત્સાહી મનવાળા લાખો હરિભક્તો પણ આવવા લાગ્યા. ॥૨॥

હે ભૂપતે ! શ્રીનરનારાયણ જયંતીનો ફૂલદોળનો ઉત્સવ હતો. શ્રીજીવાખાચરના દરબારગઢમાં ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં પલંગ ઉપર ગાદી તકિયો બિછાવીને સુંદર આસન તૈયાર કર્યું હતું. ત્યારે ભક્ત મંડળને આનંદકારી દયાસાગર શ્રીહરિ પાર્ષદોની સાથે ત્યાં પધાર્યા અને આસન ઉપર વિરાજમાન થયા. ॥૩-૪॥

હે નૃપ ! મહાસમર્થ અને પુષ્કળ પ્રદાન કરનારા શ્રીહરિએ તે સમયે પ્રેમી ભક્તો પાસે રંગ ભરવા માટે મોટા મોટા પાત્ર મંગાવ્યા હતા, તેમાં રંગ ભરાવ્યો. બસો પાલી (આશરે ૪ કિ.ગ્રા.નું માપ) જેટલો તો ગુલાલ મગાવ્યો હતો અને રંગ રમવાની હજારો પિચકારીઓ મગાવી હતી. ॥૫-૬॥

શ્રીહરિએ પોતાના ભક્તોને સ્વસ્વરૂપનું સુખ આપવા માટે સંતમંડળો, બ્રહ્મચારીઓ અને પાર્ષદોની સાથે ઘણી જ સુંદર રંગક્રીડા કરી હતી. ॥૭॥

हरिलीलाकल्पतरौ शुकानन्दमहर्षिणा ॥८॥
तस्मात्त्वया शुभा लीला विज्ञेयाः पापनाशनाः ।
भूपते ! सर्वथा दिव्याःशुश्रूषुणा सुखावहाः ॥९॥
एकदा श्रीहरी राजन्नाश्चर्यं जीववर्मणः ।
महानसे व्यधाद्दिव्यं प्राणिनां कष्टनाशकः ॥१०॥
ऊनसप्ततमे वर्षे जीववर्माह्वयो नृपः ।
वराकेभ्योऽनिशं प्रादाद्रोटकांश्च दयान्वितः ॥११॥
मरु कच्छाद्यदेशेषु वृष्ट्यभावात्ततोऽगमन् ।
वराका भूरिशोऽनाथा अन्धःसङ्काङ्क्षिणो नृप ! ॥१२॥
विधाप्य रोटकाञ्जीववर्मा तेभ्यो ह्यदापयत् ।
अन्धोव्ययस्य भूमत्वादासन् रिक्ताश्च कोष्ठकाः ॥१३॥
तान् समीक्ष्याऽथ शोकार्त्तो वीतसन्धो हतत्रपः ।

હે ભૂપતે ! કથાના વક્તા સદ્‌ગુરુ શ્રીશુકાનંદ સ્વામીએ શ્રીહરિલીલા કલ્પતરુ ગ્રંથમાં આ રંગક્રીડાનું શુભ અને સુખકારી વર્ણન વિસ્તારથી કર્યું છે. ॥૮॥

હે ભૂપતે ! તમે રંગોત્સવને સાંભળવા ચાહો છો તો તે પાપોનો નાશ કરનારી, સુખકારી અને દિવ્ય શુભ રંગોત્સવની લીલાને તમે તે ગ્રંથમાંથી જ વાંચી, સાંભળી અને જાણી લેશો. ॥૯॥

હે રાજન્ ! એક વખત પ્રાણીઓના કષ્ટોનું નિવારણ કરનારા શ્રીહરિએ શ્રીજીવાખાચરના રસોડામાં દિવ્ય અને આશ્ચર્યકારી ચરિત્ર કર્યું હતું. ॥૧૦॥

વિક્રમ સંવત ૧૮૬૯ અઢારસોને ઓગણોતેરના ભયંકર દુષ્કાળમાં દયાળુ દરબાર શ્રીજીવાખાચર ઘણા ગરીબ લોકોને નિરંતર રોટલા ખવડાવતા હતા. ॥૧૧॥

હે નૃપ ! તે સમયે કચ્છમાં અને મારવાડમાં પણ વરસાદ વરસ્યો ન હતો, એટલે ત્યાંથી પણ ઘણા ગરીબ અને અનાથ અન્નાર્થીઓ આવવા લાગ્યા. ॥૧૨॥

શ્રીજીવાખાચર રોટલા કરાવી કરાવીને તે ગરીબ લોકોને અપાવવા લાગ્યા. અનાજની વપરાશ ઘણી વધી ગઈ. અંતે અન્નના કોઠાર ખાલી થઈ ગયા. ॥૧૩॥

તે જોઈને તેઓ દુઃખી થઈ ગયા. "ભૂખ્યાનું મોઢું ન દેખવું" આવી પ્રતિજ્ઞા તૂટવાનો સમય દેખાયો. ભૂખ્યાને દેખીને શરમ આવતી, તે પણ જશે એવો ભય

दुःखेन भूरिणाऽमुह्यद्बुधोऽपि माननष्टधीः ॥१४॥
अन्नं त्यक्त्वाऽऽत्मनो घातं कर्तुमैच्छत्स विह्वलः ।
अतन्वाऽथो तदा वाण्या नययुक्त्या तु बोधितः ॥१५॥
अद्य दिनात्तु भो सुज्ञ ! पञ्चमेऽह्नि किलैष्यति ।
स्वामिनारायणश्चेशः स ते कष्टं हरिष्यति ॥१६॥
चक्रेऽस्य सान्त्वनामित्थं नभोगीरीशनोदिता ।
ततः प्राप्तसमुत्साह आस्तिको मुमुदे भृशम् ॥१७॥
पञ्चमेऽह्नि गृहं ह्यागाच्छ्रीस्वामी जीववर्मणः ।
चालयन्नक्तं हस्ते भक्ताभयप्रदेक्षणः ॥१८॥
आगतं तं समीक्ष्याऽसौ प्राणांस्तनूरु पागतान् ।
आनन्दं सोऽगमद्भूरिनिष्टलब्धधनो यथा ॥१९॥

લાગ્યો. સ્વયં ડાહ્યા હતા પણ પોતે ગામ ધણી છે, રાજા છે, આવા માનને લીધે વિવેક બુદ્ધિ ન રહી. આથી ઘણા દુઃખને કારણે તેમને બુદ્ધિમાં મોહ પેદા થયો. ॥૧૪॥

તે વિહ્વળ થઈ ગયા. અન્ન ખાવું બંધ કરીને આત્મઘાત કરવાનું વિચારવા લાગ્યા. તે સમયે ન્યાય સંગત, ધીર, ગંભીર અને ગાજતી વાણી સંભળાઈ. તેમાં તેને સમજાવવામાં આવ્યું. ॥૧૫॥

હે સુજ્ઞ ! આજથી પાંચમે દિવસ પરમેશ્વર શ્રીસ્વામિનારાયણ તમારી પાસે આવશે અને તમારા બધા દુઃખોને નિવારશે. ॥૧૬॥

આ પ્રમાણે પરમેશ્વરે પ્રેરેલી આકાશ વાણીએ તેમને આશ્વાસન આપ્યું. પછી આસ્તિક ભાવનાવાળા શ્રીજીવાખાચરને મનમાં ઉત્સાહ આવ્યો. અને અત્યંત આનંદિત થયા. ॥૧૭॥

તે પછી પાંચમે દિવસે જેમના દર્શન ભક્તજનોને નિર્ભય કરી દેતા હતા આવા ભગવાન્ શ્રીહરિ હાથમાં રૂમાલ ફેરવતા ફેરવતા શ્રીજીવાખાચરના દરબારગઢમાં તેમની પાસે પધાર્યા. ॥૧૮॥

એકવાર શરીરમાંથી નીકળી ગયેલા પ્રાણ ફરી પાછા આવે ત્યારે શરીર જેવું તેજસ્વી અને સચેષ્ટ થાય અથવા નાશ પામી ગયેલું ધન ફરીવાર હાથમાં આવે ત્યારે તે માણસને જેવો આનંદ થાય તેવો જ આનંદ, તેજસ્વિતા અને સ્ફુર્તિ, આ બધું

प्रणामान् भूरिशः कृत्वा हर्षविह्वलमानसः ।

हर्यङ्घ्रावपतत्प्रेम्णा तन्महात्म्यविदुत्तमः ॥२०॥

तमुत्थाप्य ततश्चेच्छारामाग्रजो दयोदधिः ।

आश्वास्येशोऽब्रवीद्वाक्यं तस्य कष्टततिं हरन् ॥२१॥

यथाहं त्वां ब्रुवे वाचं तथा त्वं कुरु सादरम् ।

श्रेयस्ते भविता नूनं मदीयाज्ञानुवर्तिनः ॥२२॥

इत्युक्त्वा श्रीहरिः पूर्वदिग्द्वारेऽथो महानसे ।

प्रायात्तेनान्वितस्तूर्णं स्थलाब्जं चालयन् करे ॥२३॥

पाकं स्त्रीः कुर्वतीर्दृष्ट्वा जीववर्माणमीशिता ।

उवाच मधुरं वाक्यं क्लेशं संशमयन्निव ॥२४॥

जायेरन् रोटका राजन् ! कुमारीसंज्ञिता तदा ।

स्पर्शेत्तान् वनिता सर्वान् दद्याल्लक्ष्याभिधस्तथा ॥२५॥

શ્રીજીવાખાચરને શ્રીહરિના દર્શન માત્રથી જ પ્રાપ્ત થયું. ॥૧૯॥

શ્રીજીવાખાચર શ્રીહરિનું માહાત્મ્ય સમજવામાં સર્વોત્તમ હતા. દર્શનથી તેમનું મન હર્ષવિહ્વળ થઇ ગયું. શ્રીહરિને ઘણા પ્રણામ કરીને તેમના ચરણોમાં ઢળી પડ્યા. ॥૨૦॥

શ્રીઇચ્છારામજી મહારાજના મોટાભાઇ અને દયાના સાગર પરમેશ્વર શ્રીહરિએ તેમને ઊભા કર્યા. તેમના અનંત દુઃખ ટાળવા આશ્વાસન આપ્યું અને કહ્યું, ॥૨૧॥

હે રાજન્ ! જેમ હું કહું તેમ તમે તેમાં આદર રાખીને કરો. મારી આજ્ઞાને પાળનારા તમારું ચોક્કસ મંગળ થશે. ॥૨૨॥

આમ બોલીને સત્વરે શ્રીહરિ ચાલ્યા. શ્રીજીવાખાચરને સાથે લીધા. હાથમાં ગુલાબનું ફૂલ ફેરવતા હતા. ઉગમણાબારનું તેમનું રસોડું હતું ત્યાં પધાર્યા. ॥૨૩॥

ત્યાં રસોઇ બનાવતી સ્ત્રીઓને દેખીને શ્રીજીવાખાચરના બધા જ દુઃખ ટાળી નાખવા હોય તેમ સર્વ નિયામક શ્રીહરિએ તેમને વચન કહ્યું, ॥૨૪॥

“હે રાજન્ ! જ્યારે રોટલા થવા માંડે ત્યારે આ કુંવર બા તે રોટલાનો સ્પર્શ કરે અને આ લાખો નામનો રસોયો આપ્યા કરે, ॥૨૫॥

ततो मद्वचनाद्राजन्नान्नक्षयो भविष्यति ।

सहायेऽस्मि स्थितोऽहं ते सर्वथा धान्यपूरकः ॥२६॥

इत्थं तस्य विनाश्य कष्टनिकरं प्रोत्साहयंस्तं हरिः ।

श्लाघां तस्य जनाग्रतोऽथ विदधद्दानोद्भवां भक्तपः ॥

आत्मीयैर्मुनिपार्षदैश्च बटुभिः पश्चात्स यातोऽक्षरं

सौधं स्वीयमगाद्दयार्द्रनयनो निध्यष्टसिद्ध्यादियुक् ॥२७॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतजीववर्मदुःखनिवारणादिनिरू पणं नाम पञ्च-पञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५५॥

अथ षट्पञ्चाशदधिकशततमोऽध्यायः

षट्पञ्चाशाद्विशेषेऽत्र शततमे हरिर्व्यध्यात् ।

कुमारीभीक राजन्तीप्रभृतीनां मनःसुखम् ॥

श्रीचैतन्यानन्द उवाच –

गर्भागारान्नृपैतस्मादुटजौ भवतः स्म वै ।

હે રાજન્ ! મારા વચનથી તમારું રસોડું અખૂટ રહેશે બધી જ રીતે અન્નનું પૂરું કરનારો હું તમારી મદદ કરવા રહ્યો છું.” ॥૨૬॥

શ્રીહરિએ આ પ્રમાણે શ્રીજીવાખાચરના અનેક કષ્ટોનું નિવારણ કર્યું, અને તેમને પ્રોત્સાહન આપ્યું. ભક્તરક્ષક શ્રીહરિ લોકો આગળ શ્રીજીવાખાચરની દાન શ્રદ્ધાના વખાણ કરતા હતા. નવનિધિ અષ્ટ સિદ્ધિના પરમ આશ્રય અને દયાર્દ્ર દૃષ્ટિવાળા શ્રીહરિ પછી પોતાના આશ્રિત સંતો, વર્ણીઓ અને પાર્ષદો વગેરેને સાથે લઇને પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા હતા. ॥૨૭॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૫ સમાપ્ત

અધ્યાય-૧૫૬

કુંવરબા આદિના ઉપર કૃપા તથા મુનિ લીમડો

अवात्सीद्वै तयोर्धार्मिर्दक्षिणस्यां दिशि प्रभुः ॥१॥
तयोः पश्चाद्धरी रम्ये वाडके शंभुकेतने ।
उपाविशत् क्षपायां वै कदाचित् समये विभुः ॥२॥
त्रयस्त्रिंशत एवेशो देवान् कोटीर्व्यदीदृशत् ।
तेषां संज्ञाः स्फुटं जीववर्मणेऽकथयन्नृप ! ॥३॥
कुमार्या प्रार्थितो धार्मिर्भोज्यं भोजयितुं कदा ।
तस्या गेहं ययौ राजञ्जानन् भावं किलाऽऽत्मनि ॥४॥
लक्ष्मीरामाह्वयेनाऽसौ शास्त्रिणा बुद्धिशालिना ।
पाकं साऽचीकरद्रम्यं बर्हिचरद्विजन्मना ॥५॥
स्नात्वा दैविस्ततो रम्यं कौशेयं परिधाय सः ।
वसित्वा चान्यकौशेयं भुक्तिस्थानं ययौ नृप ! ॥६॥
वैकुण्ठानन्दवर्णीन्द्रः स्थालं पूर्णं ततोऽग्रतः ।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! શ્રીજીવાખાચરના દરબારમાં ઉગમણાબારના ઓરડાથી દક્ષિણ તરફ બે નાની ઓરડીઓ હતી. ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિ તે બે ઓરડીઓમાં રહ્યા હતા. ॥૧॥

તે ઓરડીઓની પાછળ સુંદર વાડો છે અને શિવજીનું મંદિર છે, કોઈ સમયે મહાસમર્થ શ્રીહરિ રાતને સમયે ત્યાં બેઠા હતા. ॥૨॥

હે નૃપ ! પરમેશ્વર શ્રીહરિએ ત્યાં શ્રીજીવાખાચરને તેત્રીશ કોટિ દેવતાઓના દર્શન કરાવ્યા હતા અને સ્પષ્ટ રીતે તેના નામ પણ કહ્યા હતા. ॥૩॥

પછી કોઈ એક વખત કુંવરબાએ શ્રીહરિને ''થાળ જમવા આપ પધારો'' આવી પ્રાર્થના કરી હતી. પછી પોતાના ઉપર તેમના શુદ્ધભાવને જાણનારા શ્રીહરિ તેમને ઘેર પધાર્યા. ॥૪॥

કુંવર બાએ ઘણા બુદ્ધિમાન્ શ્રીલક્ષ્મીરામ શાસ્ત્રી અને શ્રીબહેચરજી વિપ્રની પાસે સુંદર થાળ કરાવ્યો. ॥૫॥

હે નૃપ ! પછી શ્રીહરિએ સ્નાન કરીને એક રેશમી ધોતી પહેરી અને બીજું રેશમી વસ્ત્ર ઓઢ્યું. અને થાળ જમવાને સ્થળે પધાર્યા. ॥૬॥

શ્રીવૈકુંઠાનંદ વર્ણી પવિત્ર બુદ્ધિવાળા, નિર્દોષ વર્તનવાળા અને હસમુખા

न्यधान्नर्मस्वभावो वै शुद्धधीर्दोषवर्जितः ॥७॥
ततो धार्मिः सुभोज्यानि भुङ्क्ते स्म स्वीयपार्षदान् ।
पश्यन्मन्दस्मिताम्भोजपूर्णचन्द्रनिभाननः ॥८॥
ततः स चुलुकीकृत्य मुखशुद्धिं विधाय सः ।
मुखवासं गृहीत्वाऽथो वस्त्राणि पर्यधात्प्रभुः ॥९॥
कुमार्यूचे हरिं वाक्यं स्तुत्वाऽऽदौ स्तुतिभिस्ततः ।
क्रियते जगतां क्षेमस्त्वया कारुण्यसिन्धुना ॥१०॥
गद्भ्रातुस्त्वं कुरु ष्वेश ! मङ्गलं सर्वकष्टहन् ! ।
तदीरितां गिरं श्रुत्वा स तां प्रोचे वचोऽमृतम् ॥११॥
ध्यानं कुरु ष्व भद्रं ते प्राप्तं बन्धुं किलेक्ष्यसे ।
तथा सा विदधे भक्त मोक्षं प्राप्तं तदैक्षत ॥१२॥
ततो धार्मिर्निजैः सार्द्धं सौधं स्वीयं ययौ विभुः ।

સ્વભાવના હતા. તેમણે થાળ પીરસીને શ્રીહરિની આગળ મૂક્યો. ॥૭॥

પછી મંદહાસ્ય યુક્ત મુખ કમળવાળા અથવા આછા હાસ્યથી યુક્ત પૂર્ણચંદ્ર સમાન મુખવાળા ધર્મપુત્ર શ્રીહરિ પાર્ષદોની સામે વારંવાર દેખીને સુંદર થાળ જમ્યા. ॥૮॥

ચળું કર્યું, મુખ શુદ્ધિ કરી અને મુખવાસ પણ લીધો. પછી પ્રભુએ જમવાના વસ્ત્ર બદલીને બીજા વસ્ત્ર પહેર્યા. ॥૯॥

ત્યારે કુંવરબાએ સ્તુતિ પદ બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. પછી તેઓએ શ્રીહરિને કહ્યું, આપ કરુણાના સાગર છો અને આખા જગતનું કુશળ ક્ષેમ કરો છો. ॥૧૦॥

તો હે પરમેશ્વર ! હે સર્વકષ્ટને હરનારા હરિ ! આપ મારા ભાઈનું કલ્યાણ કરો. કુંવરબાનું આવું કહેવું સાંભળીને શ્રીહરિએ તેને અમૃત જેવું વચન કહ્યું. ॥૧૧॥

તમે ધ્યાન કરો. તમારા ભાઈનું કલ્યાણ થયું છે, તેને તમે દેખી શકશો. ત્યારે શ્રીહરિના સ્વરૂપમાં ભક્તિ ભાવવાળા કુંવરબાએ ધ્યાન કર્યું. તેમાં તેમને દેખાયું કે તેના ભાઈનો મોક્ષ થઈ ચૂક્યો છે. ॥૧૨॥

પછી ત્યાંથી મહાસમર્થ ધર્મનંદન શ્રીહરિ પોતાના પાર્ષદોની સાથે

जनानां शमयंस्तापं सुधार्द्रभूतया दृशा ॥१३॥

श्रीचैतन्यानन्द उवाच -

जीववर्मसुतस्याऽस्ति भीकाख्यस्य गृहत्रयम् ।
हरिप्रासादिकं पूर्वपाश्याशाद्वारकं नृप ! ॥१४॥

भीकाख्येनैकदा राजञ्छ्रीहरिः स्वीयकेतनम् ।
आहूतोऽगादमायां वै स्वकाश्रितजनावृतः ॥१५॥

पाश्याशाद्वारयोर्गर्भागारयोर्भीकसंज्ञिनः ।
चक्रके या बहिःशाला तस्यामुपाविशद्धरिः ॥१६॥

तच्चतुष्केऽभवद्रम्या साधूनां शीलशालिनाम् ।
भक्तानां च सभा नानाविषयेभ्य उपेयुषाम् ॥१७॥

आसीद्भानूपरागो हि दुःखदः सर्वदेहिनाम् ।
तदोचे श्रीहरिर्वाक्यं स पीयूषावधीरणम् ॥१८॥

भक्ताः शृणुत मद्वाचं सर्वथा वो हितावहाम् ।
यां निशम्य जना नूनं दोषांस्त्यक्ष्यन्ति चात्मनः ॥१९॥

અક્ષરભવન પધાર્યા. રસ્તામાં દર્શન કરનારા લોકોના અનેક સંતાપોને કરુણાભીની દૃષ્ટિ કરીને નિવારતા હતા. ॥૧૩॥

હે નૃપ ! શ્રીજીવાખાચરના પુત્ર ભીખુ ખાચરના પૂર્વ અને પશ્ચિમ દ્વારના ત્રણ ઓરડાઓ શ્રીહરિની પ્રસાદીના છે. ॥૧૪॥

હે રાજન્ ! એક વખત અમાસને દિવસ તેમણે શ્રીહરિને પોતાને ઘેર બોલાવ્યા, ત્યારે શ્રીહરિ પોતાના ભક્તોની સાથે તેને ઘેર પધાર્યા. ॥૧૫॥

ત્યાં શ્રીભીખુ ખાચરના આથમણા બારના ઓરડાની ઓસરીમાં ચાકળા ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ॥૧૬॥

પવિત્ર ચરિત્રવાળા સંતોની અને અનેક પ્રદેશોમાંથી આવેલા હરિભક્તોની સભા શ્રીહરિની આગળના ચોકમાં થઈ. ॥૧૭॥

તે અમાસે સર્વ પ્રાણીઓને માટે દુઃખરૂપ સૂર્યગ્રહણ હતું. ત્યારે શ્રીહરિએ અમૃત કરતાં પણ મધુર વચન સભા સમક્ષ કહ્યું. ॥૧૮॥

હે ભક્તો ! બધી રીતે તમારું હિત કરે એવી તમને વાત કહું છું તેને તમે

पापशीलवतां नृणां वैवश्यात्पापकर्मणः ।
सुखावहानि वस्तूनि जायन्ते कष्टदानि हि ॥२०॥

पायसान्नं यथा लोके सर्वथा सुखदं नृणाम् ।
तदेव सारमेयानां कष्टदं जायते खलु ॥२१॥

खारिकाभक्षणं कृत्वा मनुष्याः शं व्रजन्ति हि ।
ता एवाकप्रदा भक्ता अश्वानां सन्ति सर्वदा ॥२२॥

यथा पयोधरस्यास्ति वृष्टिः प्राणभृतां जनाः ।
सुखदा सा यवसानां जायते प्राणहारिणी ॥२३॥

यथा चन्द्रोदयश्चास्ति शर्मदो जीवधारिणाम् ।
स्तेयकर्मवतां पुसां वृजिनावह ईयते ॥२४॥

प्रादुर्भावे यथा मे कौ तदानीं सकला जनाः ।
भक्ताः प्रपेदिरे सौख्यं दैतेया आप्नुवन्नकम् ॥२५॥

पूर्वं हि राहुणा पीतं पीयूषं सूर्यचन्द्रयोः ।

સહુ સાંભળો. જેને સાંભળીને મનુષ્ય પોતાના દોષોને ચોક્કસ છોડી શકે છે. ॥૧૯॥

પાપાચારી મનુષ્યને પોતાના પાપને કારણે સુખકારી વસ્તુ પણ દુઃખદાયી બને છે. જેમ કે આ દુનિયામાં દૂધપાક જેવું ભોજન માણસને બધી રીતે સુખરૂપ છે, પણ તે જ દૂધપાક કૂતરાને માટે દુઃખદાયી બને છે. ॥૨૦-૨૧॥

ખારેક ખાવાથી માણસને સુખ થાય છે. પણ હે ભક્તો ! તે જ ખારેક ઘોડાને ખવડાવવામાં આવે તો તેને ઘણું દુઃખ થાય છે. ॥૨૨॥

વરસાદનું પાણી ભૂમિ ઉપરના બધા પ્રાણીઓને સુખકારી છે, છતાં વરસાદના પાણીથી જવાસો સૂકાઈ જાય છે. ॥૨૩॥

ચંદ્રોદય બધા જ જીવોને સુખરૂપ છે પણ જે અંધારામાં ચોરી કરનારા તસ્કરો છે તેને માટે તે ચંદ્ર દુઃખદાયી છે. ॥૨૪॥

હે ભક્તો ! ભૂમિ ઉપર મારો પ્રાદુર્ભાવ (અવતાર) થાય ત્યારે બધા જ લોકો સુખી થાય છે પણ આસુરી સંપત્તિના દૈત્ય વગેરે બધા તેનાથી દુઃખી થાય છે. ॥૨૫॥

હે ભક્તો ! પૂર્વે સૂર્ય અને ચંદ્રમાની વચ્ચે બેઠેલા રાહુએ અમૃત પાન કર્યું

मध्यस्थेन जनास्त्यक्ता दुष्टता नाऽकदायिनी ॥२६॥
ददाति सूर्यचन्द्राभ्यां दुःखं भूयिष्ठमेत्य सः ।
तदेव दुष्टशीलत्वं यदन्यदुःखदायिता ॥२७॥
इत्युत्क्वा श्रीहरिर्भूयः सोऽवदत् सुन्दरं वचः ।
जातिस्थदुष्टशीलित्वं भक्तेभ्यो दर्शयन्नृप ! ॥२८॥
यथा स्पर्शमणिं स्पृष्ट्वा लोहं काञ्चनतां व्रजेत् ।
तिस्त्रस्तत्र न नश्यन्ति स्वाकारमारधारताः ॥२९॥
अनुशास्य जनानित्थं मानदोषो महान् रिपुः ।
भक्तेभ्यः सूचयन्नूचे पुनरितीशिता जनान् ॥३०॥
त्यज्येद्रुक्मं तथा नारीं धातूनां सङ्ग्रहं नरः ।
लघु जग्ध्वा जनो ह्यन्धः स जीवेन्मानसंयुतः ॥३१॥
दुष्टत्वकेतनं मानः स्थानं यस्य हृदि वृजेत् ।
तदाधीनो जनो नूनं पराभूतिं परां सरेत् ॥३२॥

હતું પણ તેણે પોતાની દુઃખદાયી દુષ્ટતા છોડી ન હતી. ॥૨૬॥

આજે પણ રાહુ, સૂર્ય અને ચંદ્રની સામે આવીને તેને ઘણું પીડે છે. બીજાને દુઃખ આપવું તે જ અસુરોનો દુષ્ટ સ્વભાવ છે. ॥૨૭॥

હે નૃપ ! આટલું બોલીને 'કેટલાકનો દુષ્ટ સ્વભાવ જન્મથી જ હોય છે' તે બતાવવા માટે ફરીવાર શ્રીહરિએ એક સુંદર વાત કહી. ॥૨૮॥

પારસમણિ (સ્પર્શમણિ) નો સ્પર્શ થાય તો લોઢાની તલવાર સોનાની થઈ જાય છે. છતાં તેનો આકાર, પ્રહાર કરવાની શક્તિ અને તીખી ધાર તે તલવાર છોડતી નથી. ॥૨૯॥

આ રીતે પરમેશ્વર શ્રીહરિએ ભક્તોને સદુપદેશ કર્યો. પછી માનરૂપી દોષ માણસનો ઘણો મોટો શત્રુ છે. એમ સમજાવવા માટે વળી વધારે વાત કહી. ॥૩૦॥

કોઈ માણસ સોનું, સ્ત્રી અને ધાતુ પાત્ર વગેરે ન રાખે. અનાજ પણ ઓછું ખાય, અલ્પ આહાર કરે છતાં પણ તેનું જીવન માનને આધારે ટકી રહે છે. ॥૩૧॥

માન દુષ્ટતાનું ઘર છે, જેના હૃદયમાં માનનું સ્થાન હોય, અને જે માનને વશ હોય, તેનો ઘણો પરાજય થાય છે. ॥૩૨॥

दक्षः प्रजापतिः पूर्वं भक्ता मानवशात्खलु ।
लेभेऽसावजमूर्द्धं वै श्रीमद्भागवते स्फुटम् ॥३३॥
ज्ञायते सर्वथा भक्ता इतिहासेषु भूरिशः ।
बभूवुर्मानसंनष्टा राजानो मुनयो जनाः ॥३४॥
इत्युक्त्वा धर्मभू राजन्नासनात्तत एव हि ।
उत्थायाऽसौ चतुष्कस्थ ऊचे वाक्यं मनोरमम् ॥३५॥
मोक्षो राहो रवेर्जातो भक्ताः संप्रति सर्वथा ।
स्नानार्थं गम्यतां सर्वैरित्थं प्राह जनान् प्रति ॥३६॥
ततो निजाश्रितैः सर्वैः पुरु षोत्तमसंज्ञिते ।
तीर्थे सस्नौ शुभे सार्द्धं सिञ्चन्नम्भो हरिः स्वकान् ॥३७॥
परिधायाऽथ वस्त्राणि हयारू ढो जगत्पतिः ।
ततो भीकाख्यभूपस्य गेहं प्रायाज्जनावृतः ॥३८॥
पूर्वाशाद्वारयुक्तस्य गर्भागारस्य संयुते ।

શ્રીમદ્‌ભાગવતમાં ચોખ્ખું લખ્યું છે કે પૂર્વે દક્ષ પ્રજાપતિ માનને વશ થઈને દુઃખી થયા અને બકરાનું માથું તેના ધડ ઉપર લાગ્યું હતું. ॥૩૩॥

ઈતિહાસ જોતા જણાય છે કે ઘણા મોટા રાજાઓ અને ઋષિ મુનિઓ પણ માનરૂપ દોષથી નાશ પામ્યા હતા. ॥૩૪॥

હે રાજન્ ! આમ બોલીને ધર્મપુત્ર શ્રીહરિ આસન ઉપરથી ઊઠ્યા. અને ચોકમાં ઊભા રહીને મનોહર વચન બોલ્યા. ॥૩૫॥

હે ભક્તો ! હવે ગ્રહણ મુકાઈ ગયું છે માટે આપણે સહુ સ્નાન કરવા જઈએ. પછી સર્વ ભક્તોની સાથે શ્રીહરિ ઉન્મત્તગંગા (ઘેલા) નદીના પવિત્ર તીર્થ પુરુષોત્તમ ઘાટે પધાર્યા. ત્યાં ભક્તોના ઉપર ખોબે ખોબે પાણી ઉછાળીને સ્વયં સ્નાન કર્યું. ॥૩૬-૩૭॥

જગદીશ્વર શ્રીહરિએ સ્નાન કરીને વસ્ત્ર બદલ્યા અને કોરા વસ્ત્ર પહેર્યાં. પછી ઘોડે સવાર થઈને પાછા દરબાર શ્રીભીખુખાચરને ઘેર સંત હરિભક્તોની સાથે પધાર્યા. ॥૩૮॥

ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ગાદી તકિયા વગેરે બિછાવીને

बहिर्वेद्यां स पर्यङ्के न्यषीदत्तूलिकादिभिः ॥३९॥
बह्वाज्यशर्करोपेतैर्भोज्यै रम्यैः सुधासमैः ।
सुहितान् ब्राह्मणांश्चक्रे तदानीं श्रीहरिः स्वयम् ॥४०॥
दक्षिणा भूयसीः प्रादात्तेभ्यो राजन् दयोदधिः ।
पूर्वं काश्यां यथा धर्मस्तत्रत्येभ्यस्तथोत्सुकः ॥४१॥
राज्यन्त्याख्यस्त्रियो मात्रा शोणाख्यया तदा द्विजैः ।
श्रीहर्याश्रितभुक्त्यर्थं कारितापाकसंविधा ॥४२॥
भूमाऽसौ साधुपद्गांश्च परिवेष्य स्वयं बटून् ।
भोजयामास सन्तुष्टो हासयंस्तान्मुहुर्मुहुः ॥४३॥
राजन्त्याख्यागृहे धार्मिर्न्याभुक्त भोजनं शुभम् ।
निम्बद्रोरन्तिके पूर्वमासीत्पश्चात्ततोऽस्य हि ॥४४॥
ततो निम्बतरोश्चाधः संयुक्ते तूलिकादिभिः ।
उपाविशत्स पर्यङ्के सोऽभाद्भैर्ग्लौः स्वकैर्वृतः ॥४५॥

પલંગ તૈયાર કર્યો હતો તેના ઉપર વિરાજ્યા. ॥૩૯॥

તે સમયે સ્વયં શ્રીહરિએ ઘણું ઘી અને સાકર નાખેલા અમૃત જેવા સ્વાદુ સુંદર ભોજન જમાડીને બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. ॥૪૦॥

હે રાજન્ ! જેમ પૂર્વે ઉત્સાહી ધર્મદેવે કાશી શહેરમાં ત્યાંના બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી હતી, તેમ દયાસાગર શ્રીહરિએ આ અવસરે બ્રાહ્મણોને ઘણી જ દક્ષિણાઓ આપી. ॥૪૧॥

તે સમયે રાજબાઈની માતા સોનબાઈ (લાલબાઈ) એ શ્રીહરિના આશ્રિત સંત હરિભક્ત સહુને જમવા માટે બ્રાહ્મણો પાસે સારી રસોઈ કરાવી હતી. ॥૪૨॥

મહાપ્રભુ શ્રીહરિએ સમગ્ર બ્રહ્મચારીઓ, સાધુઓ અને પાર્ષદોને સ્વયં પીરસ્યું. પોતે વારંવાર સહુને પીરસીને હસાવતા અને આ રીતે રાજી થઈને સહુને જમાડ્યા. ॥૪૩॥

લીમડાના વૃક્ષથી પૂર્વમાં રાજબાઈનું જે ઘર હતું ત્યાં ધર્માત્મજ શ્રીહરિ શુભ થાળ જમ્યા અને પછી નિંબવૃક્ષથી પશ્ચિમ તરફના નીચેના ભાગમાં પલંગ ઉપર ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર વિરાજ્યા, ચારે તરફ સંત

मुक्तानन्दं तथा ब्रह्मानन्दं सुज्ञं महाधियम् ।
ज्ञानानन्दं च योगानंदसंज्ञं गीतिकोविदम् ॥४६॥
विज्ञानानन्दसंज्ञं च प्रेमानन्दाह्वयं मुनिम् ।
आधारानन्दसंज्ञं हि नानावाद्यविशारदम् ॥४७॥
कृष्णप्रसादतातं च गोपालजित्समाह्वयम् ।
रघुवीरार्यराजस्य सोदरं गुणशालिनम् ॥४८॥
गानार्थं प्रैरयच्चैतान्महागानविशारदान् ।
तदानीं श्रीहरिः सर्वान् नानारागसमूर्च्छनम् ॥४९॥
तदा ते गायनं चक्रुर्नानाग्रामस्वरान्वितम् ।
तदाकर्ण्य परां प्रीतिं सोऽगच्छत्तेषु धर्मभूः ॥५०॥
निशीथेऽथ तदा नृणां पिचुमन्दान्मनोरमः ।
आविर्भूतः स्वरो राजन्नाश्चर्यकृत्सभासदाम् ॥५१॥
निशम्य गायकास्तं ते गानान्निवृत्तिमागमन् ।

હરિભક્તોની સભા થવાથી તારાઓ વચ્ચે ચંદ્રમાની જેમ શ્રીહરિ શોભતા હતા. ॥૪૪-૪૫॥

પછી સમજણના અંગવાળા શ્રીમુક્તાનંદ સ્વામી, મહાન્ બુદ્ધિમાન્ શ્રીબ્રહ્માનંદ સ્વામી, સંગીતશાસ્ત્રના નિષ્ણાત શ્રીજ્ઞાનાનંદ સ્વામી તથા શ્રીયોગાનંદ સ્વામી, શ્રીવિજ્ઞાનાનંદ સ્વામી, શ્રીપ્રેમાનંદ મુનિ, અનેક વાજિંત્ર વગાડવામાં કુશળ શ્રીઆધારાનંદ સ્વામી, આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના મોટાભાઈ અને શ્રીકૃષ્ણ પ્રસાદજીના પિતા, ગુણશાળી શ્રીગોપાળજી મહારાજ, આ બધા સંગીતકળાના મહાન્ વિદ્વાન્ ત્યાં સભામાં હાજર હતા, તે સમયે શ્રીહરિએ આ ઉપર ગણાવેલા સહુને અનેક રાગોમાં મૂર્છનાઓ સાથે સંગીત કરવાની આજ્ઞા કરી. ॥૪૬-૪૯॥

પછી તે સહુ ગાયકોએ અનેક ગ્રામ અને સ્વરોએ સહિત સુંદર સંગીત કર્યું. તે સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ॥૫૦॥

હે રાજન્ ! જ્યારે અધરાત થઈ ત્યારે તે લીમડામાંથી સભામાં બેઠેલા સહુને આશ્ચર્ય થાય તેવો મનોહર સ્વર ઉત્પન્ન થયો. ॥૫૧॥

તે સ્વરને સાંભળીને ગાયક સંતોએ પોતાનું સંગીત બંધ કર્યું. તે લીમડામાંથી

निम्बान्निध्वानमाकर्ण्य भृशमानंदमव्रजन् ॥५२॥
तदोचुस्ते हरिं वाक्यं कस्याऽयं जायते स्वनः ।
निम्बवृक्षान्मनोहारी महाशान्तिकरो नृणाम् ॥५३॥
एतन्नः कारणं ब्रूहि न श्रुतो हि धरारुहात् ।
स्वरः कदापि भोः स्वामिन्नस्माभिः सर्वथा प्रभो ! ॥५४॥
जिज्ञासूनां हि तेषां स निशम्य वचनं विभुः ।
कुर्वन्निःसंशयान् सर्वान् सोऽवदन्मधुरं वचः ॥५५॥
पूर्वं हि मुनिनामा वै महर्षेः किल जाजलेः ।
शिष्यो बभूव सुज्ञस्य गुणाब्धेः शीलशालिनः ॥५६॥
जाजलेर्नाऽकरोद्वाक्यं स्वीयजाड्यवशात् खलु ।
तस्येदृशीं समीक्ष्याऽसौ जाड्यतां भूरुहोपमाम् ॥५७॥
तस्मै चुकोप शान्तोऽपि वारिणो वह्निसंगतः ।
जायते चोष्णता यादृक् महर्षेस्तादृशी हि रुट् ॥५८॥

નીકળતા સુંદર ધ્વનિને સાંભળીને સહુ ખૂબ જ આનંદિત થયા. ॥૫૨॥

તે સમયે સહુએ શ્રીહરિને પૂછ્યું, મનુષ્યોને સાંભળીને શાંતિ થઈ જાય તેવો આ લીમડામાંથી જે મનોહર ધ્વનિ નીકળે છે તે કોનો છે ? ॥૫૩॥

હે સ્વામિન્ ! હે પ્રભો ! આ ધ્વનિનું કારણ અમને કહો, વૃક્ષમાંથી આવો સુંદર સ્વર નીકળતો હોય એવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ॥૫૪॥

મહાસમર્થ શ્રીહરિએ તે સહુ જિજ્ઞાસુઓની વાત સાંભળી. પછી તે સહુને નિઃસંશય કરવા માટે પોતે મધુર વચન બોલ્યા. ॥૫૫॥

“પૂર્વે શીલ ચારિત્ર્ય સંપન્ન, ગુણોના સાગર અને જ્ઞાની, શ્રીજાજલિ નામે મહર્ષિ હતા. તેને ‘મુનિ’ નામે શિષ્ય હતો. ॥૫૬॥

તેણે જડતાને લીધે ગુરુ જાજલિની વાત માની નહિ. મહર્ષિ જાજલિને શિષ્યમાં ઝાડના જેવી જડતા દેખાઈ. ॥૫૭॥

તેથી તેઓ શાંત હોવા છતાં શિષ્ય ઉપર કોપ્યા. કારણ કે સ્વાભાવિક રીતે ઠંડા પાણીને ગરમીનો જોગ થાય તો તે પણ ગરમ થઈ જાય છે. તેમ જાજલિમાં ક્રોધ આવ્યો. ॥૫૮॥

भव त्वं भूरुहो नूनमित्याह तं च जाजलिः ।
वृक्षतां सोऽगमत्तूर्णं तपःप्रभावतो मुनेः ॥५९॥
प्रणतिं भूयसीं चक्रे प्रश्रयनम्रकन्धरः ।
ततस्तोषं जगामासौ शैत्यं वारो निसर्गतः ॥६०॥
यदा गच्छेर्हि वृक्षत्वं तदाऽधस्तेऽक्षराधिपः ।
उपवेशिष्यति ब्रह्मन् स ते कष्टं हरिष्यति ॥६१॥
आसृष्टेः प्रार्थितो ब्रह्मशम्भुप्रभृतिभिर्मुहुः ।
छुप्पयसि शुभे ग्रामे धर्माद्भक्तौ जनिष्यते ॥६२॥
तत्र भूरिचरित्राणि जीवजातसुखेच्छया ।
करिष्यति हि साकेतपुर्यां शर्मवहेक्षणः ॥६३॥
सनाथान् प्राणिनः कुर्वन् यदा दुर्गाभिधं पुरम् ।
एष्यति वर्णिवेषं हि दधानः सौष्ठवान्वितः ॥६४॥

અને જાજલિ મહર્ષિએ તેને શાપ દીધો કે “તું વૃક્ષના જન્મને પામ.” પછી તે મહર્ષિના તપના પ્રભાવથી તત્કાળ વૃક્ષના જન્મને પામ્યો. ॥૫૯॥

પછી જ્યારે શિષ્ય મુનિએ વિનયથી નમ્ર પણે ઘણીવાર પ્રણામ કર્યા ત્યારે જાજલિ મહર્ષિ તેના ઉપર રાજી થયા. કારણ કે ગરમ થયેલું પાણી છેવટે તો ઠંડું થઈ જ જાય છે તેમ મહર્ષિનો કોપ શાંત થયો. ॥૬૦॥

અને શિષ્ય મુનિને કહ્યું, “જ્યારે તું વૃક્ષના જન્મમાં હોઈશ અને અક્ષરાધિપતિ પુરુષોત્તમ શ્રીહરિ તારી નીચે વિરાજશે ત્યારે હે બ્રહ્મન્ ! તેઓ તારા કષ્ટનું નિવારણ કરશે. ॥૬૧॥

આ સૃષ્ટિ થઈ ત્યારથી બ્રહ્મા અને શંકર આદિની વારંવારની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને તે અક્ષાધિપતિ પુરુષોત્તમ છપૈયા ગામમાં ધર્મદેવથી ભક્તિમાતાના પુત્રરૂપે પ્રકટ થશે. ॥૬૨॥

ત્યાં અનેક જીવોને સુખી કરવા અપાર ચરિત્ર કરશે. જેના દર્શન સુખદાયી છે તે પ્રભુ અયોધ્યા નગરીમાં પણ ઘણા ચરિત્ર કરશે. ॥૬૩॥

અસંખ્ય જીવોને પોતાને શરણે લેતા લેતા તેઓ જ્યારે સુંદરતા ભર્યો બ્રહ્મચારીનો વેશ લઈને ગઢપુર નગરમાં પધારશે. ॥૬૪॥

तदा त्यक्तसुतामिस्त्रः सन्नष्टाशुभवासनः ।
तदीयं त्वक्षरं धाम स त्वं तूर्णं गमिष्यसि ॥६५॥
इत्युक्त्वा जाजलिर्भक्तास्तत्रैवान्तर्दधे महान् ।
तस्मान्निम्बस्त्वयं नाशमेष्यति सम्प्रति क्षितेः ॥६६॥
इत्थं वाक्यं हरेः श्रुत्वा तत्रस्थाः सकला जनाः ।
आश्चर्यं लेभिरेऽत्यन्तं विस्मयाविष्टचेतसः ॥६७॥
राजन्त्यूचे हरिं वाक्यं खिन्नधीश्चिन्तया युता ।
यदा निम्बः प्रणश्येच्चेत्तदा छायां विनेश नः ॥६८॥
आतपोत्था हरे ! पीडा जायेत खलु सर्वदा ।
तस्माज्जीवेद्यथा निम्बस्तत्कुरु सर्वथा प्रभो ! ॥६९॥
श्रीचैतन्यानन्द उवाच –
तस्या वाक्यं हरिः श्रुत्वा पीडां संनाशयन् नृप ! ।
उवाच मधुरं वाक्यं तदार्तिं संहरन् मुदा ॥७०॥
आदौ निम्बः शुभे शुष्को भविता वै ध्रुवं शुभः ।

ત્યારે તારો બધો તામિસ્રભાવ(તમોગુણ) છૂટી જશે, બધી અશુભ વાસનાઓ નાશ પામશે અને તું સત્વરે તેમના અક્ષરધામને પામીશ. ॥૬૫॥

હે ભક્તો ! આમ બોલીને મહર્ષિ જાજલિ ત્યાં જ તિરોહિત થઇ ગયા. માટે હવે પછી આ લીમડાનું ઝાડ જમીન ઉપરથી નાશ પામશે. સૂકાઇ જશે. ॥૬૬॥

શ્રીહરિના મુખની વાત સાંભળીને ત્યાં રહેલા બધા સંત હરિભક્તો આશ્ચર્ય ચકિત થયા, મનમાં અત્યંત વિસ્મય પામ્યા. ॥૬૭॥

તે સમયે મનમાં ચિંતા કરતા અને ખેદ પામતા રાજબાઈએ શ્રીહરિને કહ્યું, હે પરમેશ્વર ! જો આ અમારો લીમડો સૂકાઈ જશે તો હે હરે ! તેની છાયા વિના અમારે કાયમને માટે તડકાનું દુઃખ આવી પડશે. માટે હે પ્રભો ! આ લીમડો સૂકાય નહિ અને લીલો રહે, તેવી અમારા ઉપર કૃપા કરો, ॥૬૮-૬૯॥

હે નૃપ ! રાજબાઈની વિનતિ સાંભળીને તેના દુઃખ કે પીડાને નાશ કરનારા શ્રીહરિએ તેની આગળ મધુર વચન કહ્યું. ॥૭૦॥

હે શુભે ! પહેલા તો આ શુભ લીમડો સૂકાઇ જશે. તે પછી દસ દિવસે તેમાં

दशघस्त्रान्तराद्भूयो ह्यन्यो जीवो प्रवेक्ष्यति ॥७१॥
संज्ञां त्वं कारयेरस्य मुनीति सुखदां नृणाम् ।
राजन्तीं तां वचः प्रोचे धर्मभूः श्रीहरिः शुभम् ॥७२॥
ततो हरिर्निम्बतरोरधस्तादुवास मासत्रयमेव दैविः ।
कुर्वंश्चरित्राणि सुखावहानि सर्वोत्तमानीश्वरभक्तिभाजाम् ॥७३॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकथितमुनिनिम्बतरु वृत्तान्दादिनिरू पणं नाम षट्-पञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५६॥

अथ सप्तपञ्चाशदधिकशततमोऽध्यायः

सप्तपञ्चाशदुत्तरे शततमे हरिः स्वयम् ।
अतिवृष्ट्युद्भवां गङ्गापूरोत्पीडामशीशमत् ॥

श्रीचैतन्यानन्द उवाच –
जीववर्मण एवास्ति मूलनाम्नोऽपि भूपते ! ।
अङ्गणं निखिलं श्रीमद्धरिप्रासादिकं शुभम् ॥१॥

બીજો જીવ પ્રવેશ કરશે. ॥૭૧॥

તમે આ લીમડાનું ''મુનિલીમડો'' આવું સુખકારી નામ રાખજો. ધર્મપુત્ર શ્રીહરિએ રાજબાઈને આ રીતે શુભ ભલામણનું વચન કહ્યું. ॥૭૨॥

આ દિવસોમાં ધર્મદેવના પુત્ર શ્રીહરિ ત્યાં લીમડાની નીચે ત્રણેક મહિના રહ્યા હતા. અને પછી ત્યાં ભગવાનના ભક્તો સુખી થાય એવા સર્વોત્તમ ચરિત્ર પણ કર્યા હતા. ॥૭૩॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૬ સમાપ્ત

અધ્યાય-૧૫૭

ચારણનો ગર્વ ટાળ્યો અને ઉન્મત્તગંગાનાં પૂરથી ગઢપુરની રક્ષા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપતે ! શ્રીજીવાખાચરનું આંગણું અને

नवस्थानेषु तत्राऽऽसीद्द्वरे राजच्छुभा सभा ।
मुन्यादीनां महापुण्या तापपापहरेक्षणा ॥२॥
कङ्कैः सोऽकारयत्क्रीडां धावन्त्याख्यां मनोरमाम् ।
भक्तानन्दकरः सौम्यो नानालीलानिकेतनः ॥३॥
विशालद्वारयुक्तस्य खण्डेषु निखिलेष्वपि ।
वेदिकायां हरी राजन्नुपाविशदिनोऽच्युतः ॥४॥
निम्बद्रुवेदिकायां वै बहुवारं दयोदधिः ।
न्यषीदच्छ्रीहरी राजन् ! भक्तकल्पमहीरुहः ॥५॥
एकदा श्रीहरिर्निम्बवृक्षवेद्यां सुचक्रके ।
समास्ते स्म जनात्यन्तसौख्यदेक्षण ईशिता ॥६॥
तदा त्राणाभिधाद् ग्रामादागतो मूलसंज्ञितः ।
चारणः कश्चन श्रीमद्धर्यन्तिकं दुराशयः ॥७॥

શ્રીમૂળુખાચરનું આંગણું આ બધું મહાપ્રભુ શ્રીહરિનું શુભ પ્રસાદીરૂપ છે. ॥૧॥

દર્શન કરવાથી બધી જાતના સંતાપ અને પાપનો નાશ કરનારી અને અત્યંત પવિત્ર, સંતો વગેરેની સુંદર સભા આ દરબારગઢમાં નવ જગ્યાએ થતી હતી. ॥૨॥

ભક્તજનોને આનંદ કરાવનાર, સ્વભાવે સૌમ્ય અને અનેક પ્રકારની લીલીઓના આશ્રય સ્વરૂપ શ્રીહરિ કાઠી દરબારો (યુવાનો) પાસે પ્રાદેશિક મનોહર ''હૂતૂતૂ'' કે તેના જેવી જ ઘણી જાતની રમત રમાડતા હતા. ॥૩॥

હે રાજન્ ! વિશાળ બારણાવાળા ઓરડાઓના બધા જ ખંડોમાં, અને વેદિકા ઉપર, નિર્વિકારી અને મહાસમર્થ શ્રીહરિ વિરાજ્યા હતા. ॥૪॥

હે રાજન્ ! કરુણાના સાગર જેવા અને ભક્તોના સંકલ્પ પૂરા કરવામાં તો કલ્પવૃક્ષના સમાન શ્રીહરિ લીમડાના ઝાડ નીચેના ઓટા ઉપર તો ઘણી વખત વિરાજમાન થતા હતા. ॥૫॥

દર્શન દઈને ભક્તોને અત્યંત સુખી કરનારા સર્વનિયામક શ્રીહરિ એક વખત નિંબવૃક્ષ નીચે ઓટા ઉપર પાથરેલા ચાકળા ઉપર વિરાજ્યા હતા. ॥૬॥

ત્યારે ''ટાણા'' ગામનો દુષ્ટહૃદયવાળો મૂળુ નામનો કોઈ એક ચારણ ત્યાં શ્રીહરિની પાસે આવ્યો. ॥૭॥

आत्मनः सिद्धतायुक्तं विपञ्चीबोधजं बहु ।
सामर्थ्यं दर्शयामास हरये माननष्टधीः ॥८॥
आचकर्ष निजश्वासं चारणो गर्वसंयुतः ।
तं समीक्ष्य त्रुटिं धार्मिः सत्वरं समवादयत् ॥९॥
तदा रुद्धोऽभवत्तस्य श्वासस्त्रिशङ्कुभूपवत् ।
कश्मलं विपुलं लेभे विट्स्रावोऽभूदपानतः ॥१०॥
मृत्यवस्थां गतो मूढः स्खलद्वाणिस्तमीश्वरम् ।
मनसा शरणं प्रायात्त्यक्त्वा मानं सुदूरतः ॥११॥
तदार्तिं श्रीहरिर्वीक्ष्य जनायात्मदयालुताम् ।
दर्शयन् स्वस्थतां निन्ये प्रणतार्तिहरेक्षणः ॥१२॥
श्रीचैतन्यानन्द उवाच -
योऽस्त्युन्मत्तसमाख्याया गङ्गायास्तीरगो नृप ! ।
जीर्णो दुर्गो हरिस्तत्र न्यषीदद्बहुशो मुदा ॥१३॥
समन्ताद्दुर्गतो राजन् विचचार जनाऽऽवृतः ।

અતિશય માનથી તેની વિવેકશીલ બુદ્ધિ નાશ પામી હતી. વીણા વગાડવામાં જાણે તેણે સિદ્ધિ કે શક્તિ મેળવી હોય તેમ શ્રીહરિની આગળ દેખાવ કરવા લાગ્યો. ॥૮॥

ગર્વિષ્ઠ ચારણે પોતાનો શ્વાસ પાછો ખેંચ્યો, ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ તેની સામે નજર કરીને સત્વરે આંગળીઓથી ચપટી વગાડી. ॥૯॥

તે વખતે ત્રિશંકુની જેમ તેનો શ્વાસ રુંધાઈ ગયો. અપાર દુઃખી થયો અને અપાનદ્વારથી મળ સ્રાવ પણ થઈ ગયો. અર્થાત્ તેના કપડાં બગડી ગયા. ॥૧૦॥

તે મૂઢની મોતના જેવી સ્થિતિ થઈ ગઈ. તૂટક તૂટક શબ્દ બોલતો હતો. છેવટે તેણે માનને દૂર છોડી દીધું અને મનથી જ શ્રીહરિને શરણે ગયો. ॥૧૧॥

પ્રણામ કરનારને દર્શન દઈને પીડા શમાવનારા શ્રીહરિએ તેની પીડા દેખી. પછી લોકોને પોતાની દયાળુતા દેખાડીને તેને સ્વસ્થ કર્યો. ॥૧૨॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ઉન્મત્તગંગા (ઘેલા) નદી તરફનો જે જૂનો ગઢ છે ત્યાં શ્રીહરિ ઘણીવાર પ્રસન્ન થઈને બેસતા હતા. ॥૧૩॥

स चक्रे परिमाणं हि किञ्चित्कार्यचिकीर्षया ॥१४॥
पूर्वाशाकोष्ठतः पाशिदिक्स्थकोष्ठान्तगं हरिः ।
घट्टं बन्धयितुं रम्यं सङ्कल्पं हृदि सोऽकरोत् ॥१५॥
एकदा स्वेऽक्षरे सौधे राजमानो जनावृतः ।
तद्घस्त्रे ज्यायसी वृष्टिरासीद् गेहोपमर्द्दनी ॥१६॥
तदा ह्युन्मत्तगङ्गायाः प्रवाहो भूरिवेगवान् ।
मध्यं चास्य पुरस्याऽगात् पुरसंकर्षणो हठात् ॥१७॥
जीववर्माऽथ मूलाख्यः कार्यं साधयितुं तदा ।
कण्ठाक्रान्तजलौघौ वै सानिध्यं ययतुर्हरेः ॥१८॥
तदोचतुर्हरिं वाक्यं खेदयुक्तौ धरापते ! ।
अत्रस्थस्त्वं न जानासि पीडामस्माकमञ्जसा ॥१९॥
गेहापत्यानि सर्वाणि नाशमेष्यन्ति सर्वथा ।
तस्मान्नो रक्षणं कार्यं त्वया कारुण्यसिन्धुना ॥२०॥

હે રાજન્ ! કેટલાક ભક્તોને સાથે લઈને શ્રીહરિ કાંઈ કાર્ય કરવાની (મંદિર કરાવવાની) ઈચ્છાથી ગઢની ચારે બાજુ ફરીને ભૂમિની માપણી કરાવી હતી. ॥૧૪॥

શ્રીહરિએ એક વખત મનમાં સંકલ્પ કર્યો હતો કે "ઘેલા કાંઠે ગઢના ઉગમણા કોઠાથી લઈને આથમણા કોઠા સુધી સુંદર ઘાટ બંધાવીએ." ॥૧૫॥

એક વખત શ્રીહરિ પોતાના ભક્તોની વચ્ચે અક્ષરભવનમાં (અક્ષરઓરડીમાં) વિરાજતા હતા અને તે દિવસે લોકોના મકાન પડી જાય તેવો જોરદાર વરસાદ વરસવા લાગ્યો હતો. ॥૧૬॥

તે વરસાદથી ઉન્મત્તગંગા નદીનો વેગવાળો પ્રવાહ ગઢપુર ગામને ધોઈને ખેંચી જાય તે રીતે ગામની વચ્ચે થઈને વહેવા લાગ્યો. ॥૧૭॥

ત્યારે ગળા સુધીના પૂરના પ્રવાહને પાર કરીને શ્રીજીવાખાચર અને શ્રીમૂળુખાચર, બન્ને જણ ધાર્યું કામ સારું પૂરું પડે એટલા માટે શ્રીહરિની પાસે આવ્યા. ॥૧૮॥

હે રાજન્ ! તે બન્નેએ દુઃખી થઈને શ્રીહરિને કહ્યું, આપ અહીં રહ્યા છો, છતાં અમારી પીડાને પૂરેપૂરી જાણી શક્યા નથી. અમારા બધા ઘરબાર અને બાળકોનો

तयोर्वाक्यं निशम्येशः सत्वरं स्वासनान्नृप ! ।
उत्तस्थाववनं कर्तुं जलाद्भूरिभयावहात् ॥२१॥
मुकुन्दानन्दवर्णीन्द्रः पद्गाः पञ्चश एव हि ।
सार्द्धं श्रीहरिणा जग्मुस्तन्मूर्त्याहितचेतसः ॥२२॥
वीथिमाक्रम्य लक्ष्मीशो दुर्गे तु जीववर्मणः ।
प्रवेशं कर्तुमीशो न बभूव वारिवेगतः ॥२३॥
तदोचे सुन्दरं वाक्यमीशोऽप्यनीशवन्नृप ! ।
यथा मेऽङ्घ्री स्पृशेन्नाम्बु तथा यत्नो विधीयताम् ॥२४॥
ततः श्रीहरिपार्श्वस्थो ह्यभयस्ते पितामहः ।
उवाच श्रीहरिं वाक्यं महासामर्थ्यवान्नृप ! ॥२५॥
स्वामिन्नारुह चासं मे त्वां वहिष्यामि सादरम् ।
तदाकर्ण्य हसन् धार्मिरारुहत्तस्य चांसकम् ॥२६॥
उदुह्य सत्वरं श्रीशं रथ्याप्रतीरमानयत् ।

સંપૂર્ણ નાશ થઈ જશે. આપ કરુણાના સાગર છો. તો અમારી રક્ષા કરો. ॥૧૯-૨૦॥

હે નૃપ ! તે બન્ને દરબારોનું વચન સાંભળીને અત્યંત ભયાનક પાણીના પૂરથી સહુનું રક્ષણ કરવા માટે પરમેશ્વર શ્રીહરિ સત્વરે આસનેથી ઊઠ્યા. ॥૨૧॥

શ્રીહરિની મૂર્તિમાં મન જોડી રાખનારા શ્રીમુકુંદાનંદ વર્ણિરાજ અને પાંચેક પાર્ષદો શ્રીહરિની સાથે ચાલ્યા. ॥૨૨॥

બજારમાં ચાલતા પાણીનો ઘણો વેગ હતો. તેને પાર કરીને શ્રીહરિ શ્રીજીવાખાચરના દરબાર ગઢમાં પહોંચી શક્યા નહિ. ॥૨૩॥

હે નૃપ ! પ્રભુ શ્રીહરિ સામાન્ય માણસની જેમ તે વખતે સરસ વચન બોલ્યા કે મારા પગ પલળે નહિ તેવી વ્યવસ્થા કરો. ॥૨૪॥

હે નૃપ ! તે સમયે ત્યાં મહાન્ શક્તિશાળી તમારા પિતામહ શ્રીએભલખાચર શ્રીહરિની પાસે જ ઊભા હતા. તેમણે શ્રીહરિને વચન કહ્યું, ॥૨૫॥

"હે સ્વામિન્ ! આપ મારે ખભે બેસી જાઓ. હું આપને કાળજીથી લઈ જઈશ." તે સાંભળીને હસી રહેલા ધર્મપુત્ર શ્રીહરિ તેમના ખભા ઉપર બેઠા. ॥૨૬॥

दुर्गं प्राप्य दयासिन्धुस्तस्थौ नदीसमीक्षकः ॥२७॥
तदोचे जीववर्माणं श्रीहरिर्मधुरं वचः ।
लौकिकीं विदधद्रीतिं सामर्थ्यवाननीशवत् ॥२८॥
सौभाग्यवत्स्त्रिया मूर्द्धपौष्पंभूषां क्षिपाऽधुना ।
योषाशोणपटम स्यां गंगायां नालिकेरजम् ॥२९॥
तन्निशम्य हरेर्वाक्यं जीववर्माऽवदद्धरिम् ।
मुहुर्मे वै कृतं पूर्वं तथा नाम्बु निवर्त्त्यते ॥३०॥
गङ्गाम्बुनि स पादीयं स्वीयाङ्गुष्ठं ततो हरिः ।
न्यमज्जयद्धसन् धार्मिर्भक्तत्राणोद्यतः प्रभुः ॥३१॥
यथाऽऽसीद्वसुदेवोरस्थितस्य बालरू पिणः ।
श्रीकृष्णस्याङ्घ्रिसंस्पर्शाद्यमुनावारिनिर्वृतिः ॥३२॥
तथैव श्रीहरे राजन् ! पादाङ्गुष्ठनिमज्जनात् ।
अपामुन्मत्तगङ्गाया निर्वृतिः समजायत ॥३३॥

શ્રીએભલખાચર શ્રીહરિને ઉઠાવીને બજારમાં વહેતા પાણીને સત્વરે પાર કરી ગયા. પછી દયાસિંધુ પ્રભુ શ્રીહરિ ગઢમાં ઉપર જઈને નદીને જોતા ઊભા રહ્યા. ॥૨૭॥

શ્રીહરિ સ્વયં મહાન સમર્થ છે છતાં અસમર્થની જેમ લૌકિક રીતિને અનુસરતા હોય તેમ તેમણે તે સમયે શ્રીજીવાખાચરને કહ્યું. ॥૨૮॥

હે રાજન્ ! સૌભાગ્યવતી સ્ત્રીના માથા ઉપર મૂકાતો મોડિયો, ચૂંદડી અને નાળિયેર અત્યારે આ ઉન્મત્તગંગાના પાણીમાં તમે નાખો. ॥૨૯॥

ત્યારે શ્રીજીવાખાચરે શ્રીહરિને કહ્યું, મહારાજ ! મેં આ પહેલા ઘણીવાર મોડિયો, ચૂંદડી અને નાળિયેર નદીને આપ્યા છે પણ નદીનું પાણી ઊતર્યું ન હતું. ॥૩૦॥

પછી ભક્તોની રક્ષામાં સતત સાવધાન રહેતા ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ હસીને પોતાના (જમણા) ચરણનો અંગૂઠો ઉન્મત્તગંગાના પાણીમાં બોળ્યો. ॥૩૧॥

હે રાજન્ ! જેમ વાસુદેવની છાતી (મસ્તક) ઉપર રહેલા બાલકૃષ્ણ પ્રભુનો ચરણસ્પર્શ કરીને યમુનાનું જળ નીચું ઊતરી ગયું હતું તેમ શ્રીહરિના ચરણના

इत्थं निजाश्रितजनाखिलकष्टजातं निधूर्य भक्तनिवहोदितभूरिकीर्तिः । आत्मीयसेवककरार्पितपाणिपद्मो धार्मिः स्वमन्दिरमियाय चलन् सुपद्भ्याम् ॥३४॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतगंगापूरशमनादिनिरू पणं नाम सप्तपञ्चाशदधिक-शततमोऽध्यायः ॥१५७॥

अथाऽष्टपञ्चाशदधिकशततमोऽध्यायः

अष्टपञ्चाशदुत्तरे शततमे हरिर्व्यधात् ।
लीलां शुभां गृहे धार्मिः सूरस्य सुन्दरस्य च ॥

श्रीचैतन्यानन्द उवाच –
एकदा श्रीहरी राजन् ! प्रार्थितो भूरिभावतः ।
सूरचन्द्रस्य सोऽगच्छन्निकेतं स्वीयपद्गयुक् ॥१॥
तत्राऽथो तूलिकायुक्ते पर्यङ्के धर्मनन्दनः ।

અંગૂઠાના સ્પર્શથી ઉન્મત્તગંગાનું પાણી પણ નીચું ઊતરી ગયું. ॥૩૨-૩૩॥

આ પ્રમાણે શ્રીહરિએ પોતાના ભક્ત જનોના બધા જ દુઃખોને ટાળી દીધા ભક્તજનોનો સમૂહ શ્રીહરિના અપાર યશનું ગાન કરતો હતો, ત્યારે પોતાના સેવકના હાથ સાથે પોતાનો કરકમળ મેળવીને ધર્મપુત્ર શ્રીહરિ પગપાળા પોતાને અક્ષરભવન પધાર્યા. ॥૩૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૭ સમાપ્ત

અધ્યાય-૧૫૮

શ્રીસૂરચંદ અને સુંદરજી, ભક્તોને ઘેર પધરામણી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત ગઢપુરના વેપારી શ્રીસૂરાચંદ વણિકે ખૂબ જ ભાવથી શ્રીહરિની પ્રાર્થના કરી, તેથી શ્રીહરિ પોતાના થોડા પાર્ષદોને લઈને તેને ઘેર પધાર્યા. ॥૧॥

उपाविशच्छुभे राजंस्तत्सौख्याप्त्यै दयोदधिः ॥२॥

सूरचन्द्रस्ततः सुज्ञ एलाद्यै रम्यवस्तुभिः ।
सम्पूर्णं चानयत्स्थालं तन्न्यधादग्रतो हरेः ॥३॥

तद्दृष्ट्वा श्रीहरिः प्रोचे स तं वाक्यं सुखावहम् ।
उद्यमोऽयं त्वया नित्यं क्रियते किं शुभः खलु ॥४॥

तच्छ्रुत्वा श्रीहरेर्वाक्यं सूरचन्द्रोऽवदद्धरिम् ।
करोमि व्यवसायं वा अहं चेमं दयानिधे ! ॥५॥

इत्थं तस्य वचः श्रुत्वा पिप्रिये धर्मभूर्हरिः ।
स तं प्रोचे वचो भूयो भक्तकष्टनिवारकम् ॥६॥

कर्तव्यश्चोद्यमो नूनं मानुष्यैः सर्वथा भुवि ।
उद्यमैः प्राप्यते सर्वं न तु निरु द्यमैः क्वचित् ॥७॥

ये येऽत्रोद्यमिनः सन्ति ते ते सौख्यं व्रजन्ति हि ।
उद्यमरहितान् मर्त्यानाक्रमन्ति किलाऽऽपदः ॥८॥

હે રાજન્ ! કરુણા સાગર ધર્મનંદન શ્રીહરિ ત્યાં ગાદી તકિયો બિછાવેલા પલંગ ઉપર તે ભક્તના સંતોષ માટે વિરાજ્યા. ॥૨॥

ઘણી સમજણવાળા શ્રીસૂરચંદ શેઠે એક મોટા થાળમાં એલચી વગેરે સુંદર તેજાનાને ભર્યો અને તે શ્રીહરિની આગળના ભાગમાં મૂક્યો. ॥૩॥

તે દેખીને શ્રીહરિએ શ્રીસૂરચંદ શેઠને સુખદાયી વચન કહ્યું, ''તમે કાયમ આ ઘણો સારો ઉદ્યમ (ધંધો) કરો છો.'' ॥૪॥

શ્રીહરિના વચનને સાંભળીને તેણે તેમને કહ્યું, હે દયાનિધે ! હું તો આવો આ વ્યવસાય (ધંધો) કરું છું. ॥૫॥

શ્રીસૂરચંદ વણિકનું આવું વચન સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થયા. અને ભક્તોના કષ્ટોને નિવારે તેવું વચન બોલ્યા. ॥૬॥

''આ દુનિયામાં માણસે કોઈ સારો ઉદ્યમ ધંધો કરવો જ જોઈએ. ઉદ્યમી મનુષ્યને બધું જ મળે છે પણ નિરુદ્યમીને ક્યારેય કશું જ મળતું નથી. ॥૭॥

આ જગત્માં જે લોકો ઉદ્યમ કરે છે તેને સુખ શાંતિ મળે છે, પણ જે ઉદ્યમ નથી કરતા તેને તો અણધારી આપત્તિઓ આવી પડે છે. ॥૮॥

सावधानै रतः सर्वै र्व्यवहारक्रियादिषु ।
मामकैः सर्वथा भक्तैर्भवितव्यं निरन्तरम् ॥९॥

अनुशास्य हरिर्भक्तांस्ततो नैजं निकेतनम् ।
आययौ पार्षदैर्युक्तः स्थलाब्जं चालयञ्छये ॥१०॥

श्रीचैतन्यानन्द उवाच –

एकदा श्रीहरी राजन् ! सुन्दरजिद्गृहं ययौ ।
आत्मीयशिष्यसंयुक्तस्तस्य भक्तस्य शर्मणे ॥११॥

तत्र रम्याणि भोज्यानि भुक्त्वा श्रीधर्मजो मुनीन् ।
स तानि भोजयामास परिवेष्य पुनः पुनः ॥१२॥

ततः सुन्दरजिन्नामा हरिं कौसुम्भरञ्जितम् ।
कौशेयं सुन्दरं भक्त्या निशारं समधारयत् ॥१३॥

ततः केसरकस्तूरीसंयुक्तचन्दनेन तम् ।
आनर्च पौष्पहाराद्यैर्भावुको निजबन्धुभिः ॥१४॥

नीराज्य तं ततो भक्तः सद्भ्योऽदादंशुकानि सः ।

માટે બધા જ મારા આશ્રિતોએ વ્યાવહારિક કામકાજમાં નિરંતર સતત સાવધાન રહેવું. ॥૯॥

શ્રીહરિએ આત્મીય ભક્તોને આ રીતની શિખામણ આપી, પછી પોતાના પાર્ષદોની સાથે હાથમાં ગુલાબનું ફૂલ ફેરવતા થકાં પોતાને નિવાસસ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૧૦॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત શ્રીહરિ પોતાના શિષ્યોને સાથે લઈને શ્રીસુંદરજી ભાઈને ઘેર તેને રાજી કરવા માટે પધાર્યા. ॥૧૧॥

ધર્મપુત્ર શ્રીહરિ ત્યાં સુંદર ભોજનોનો થાળ જમ્યા. અને પછી વારંવાર સ્વયં પીરસીને સંતો વગેરેને જમાડ્યા. ॥૧૨॥

પછી તે સુંદરજી ભકતે કસુંબી રંગેલો સુંદર રેશમી જામો ખૂબ જ ભક્તિભાવથી શ્રીહરિને ધારણ કરાવ્યો. ॥૧૩॥

પછી ખૂબ જ ભાવનાવાળા તે ભક્તે પોતાના પરિવારને સાથે રાખીને કેસર કસ્તૂરીયુક્ત ચંદન અને ફૂલોના હાર આદિ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૧૪॥

नत्वा स्तुत्वा हरिं प्रोचे वाचं भ्रातृहितावहम् ॥१५॥
मदीयाः सोदरा येन स्युर्वै सत्सङ्गिनो यथा ।
तथा ते चेतसि स्वामिन् ! कार्यः सङ्कल्प ईशितः ॥१६॥
इत्थं तस्याऽथ स स्वामी वाक्यं श्रुत्वा तमूचिवान् ।
द्वौ ते सत्सङ्गिनौ भाव्यौ हंसोऽयं नो भविष्यति ॥१७॥
आकर्ण्याऽथो हरेर्वाचं हंसाभिख्यो हि सत्वरम् ।
उत्थायैतं नतिं कृत्वा रुरोद भृशविह्वलः ॥१८॥
यादृक् तादृग्विधश्चापि किङ्करस्ते भवाम्यहम् ।
एवं धर्मात्मजं वाक्यं निजगादातिखिन्नधीः ॥१९॥
वाचं तदीरितां धार्मिस्तं निशम्य जगौ ततः ।
किङ्करस्य यथा मोक्षस्तद्वत्ते भविता ध्रुवम् ॥२०॥
इत्युक्त्वा तं ततो दैविरात्मीयैः शुभशीलिभिः ।
सद्वर्णिपार्षदैर्युक्तः स्वीयागारं ययौ नृप ! ॥२१॥

પછી તે સુંદરજી ભક્તે શ્રીહરિની આરતી ઉતારી, સંતોને સારા વસ્ત્ર આપ્યા. અને નમસ્કાર તથા સ્તુતિ કરીને ભાઈઓનું હિત થાય એવી વાત કહી. ॥૧૫॥

હે પરમેશ્વર ! હે સ્વામિન્ ! મારા ભાઈઓ જે રીતે સારા સત્સંગી થાય, આવો આપના હૃદયમાં શુભ સંકલ્પ કરો. ॥૧૬॥

શ્રીસુંદરજી ભાઈની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા કે તમારા બે ભાઈ સત્સંગી થાશે પણ આ હંસરાજ સત્સંગી નહિ થાય. ॥૧૭॥

શ્રીહરિનું આવું વેણ સાંભળીને હંસરાજભાઈ અત્યંત અકળાઈ ગયા. તત્કાળ ઊભા થયા અને શ્રીહરિને પ્રણામ કરીને રડવા લાગ્યા. ॥૧૮॥

મનમાં ખૂબ જ દુઃખી થયેલા શ્રીહંસરાજભાઈએ ''હું જેવો તેવો પણ આપનો દાસ છું'' એમ ધર્મપુત્ર શ્રીહરિને કહ્યું. ॥૧૯॥

શ્રીહંસરાજભાઈનું કહેવું સાંભળીને ધર્મપુત્ર શ્રીહરિએ તેને કહ્યું, ''મારા દાસનો જેવો મોક્ષ થાય, તેવો તમારો મોક્ષ થયો.'' ॥૨૦॥

હે નૃપ ! એમ કહીને શ્રીદેવશર્માના પુત્ર પ્રભુ શ્રીહરિ શુભ ચારિત્ર્યસંપન્ન

इत्थं ह्यदभ्रकरुणो जनतार्तिशर्मकुर्वन् विचित्रचरितैः शुभदुर्गपुर्याम् ।
आनन्दयन्निजजनान्समुवास तत्र सोऽयं परां मयि मुदं व्रजतात्सदेशः ॥२२॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुरमाहात्म्ये श्रीहरिकृतभक्तमनोरथसम्पूरणादिनिरूपणं नामाऽष्टपञ्चाशदधिकशततमोऽध्यायः ॥१५८॥

अथैकोनषष्ट्युत्तरशततमोऽध्यायः

ऊनषष्ट्यधिके शततमे सद्वर्णिपद्गयुक् ।
रघुहकादिभक्तानां गेहानि श्रीहरिर्ययौ ॥

श्रीचैतन्यानन्द उवाच –
एकदा श्रीहरी राजन् ! संयुक्तः स्वीयपार्षदैः ।
रघुनाथालयं चागात् कटुसंज्ञस्य संस्तुतः ॥१॥
तत्र तौ तं शुभे पीठे निषाद्य प्रेमसंयुतौ ।

પોતાના સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૨૧॥

અપાર કરુણાવાળા, અનેક પ્રકારના ચરિત્રો વડે ભક્તોની પીડા શમાવીને સુખી કરનારા અને નિજ ભક્તોને આનંદિત રાખતા આવા શ્રીહરિ શુભ ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા હતા. તે આવા પરમેશ્વર મારા ઉપર સદાય ખૂબ જ પ્રસન્ન રહો. ॥૨૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૮ સમાપ્ત

અધ્યાય-૧૫૯

શ્રીરઘુનાથજી અને શ્રીહકાભાઈ આદિને ઘેર પધરામણી અને પ્રસન્નતા

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું ! હે રાજન્ ગઢપુર ગામમાં એક શ્રીરઘુનાથજી નામે અને બીજા શ્રીકડવાભાઈ નામે હરિભક્ત હતા. તેમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ પોતાના પાર્ષદોને સાથે લઈને તે બન્ને ભક્તોને ઘેર પધાર્યા હતા. ॥૧॥

बलीन्नानाविधांस्तस्या अर्पयामासतुर्मुदा ॥२॥
ततस्तौ भूरिमूल्यानि वासांस्यस्मै दयालवे ।
अदत्तां श्रीहरेर्भक्तौ तत्परौ दृढनिश्चयौ ॥३॥
रघुनाथाभिधश्चेत्थं सङ्कल्पं मानसेऽकरोत् ।
पुत्रोऽयं धर्मभक्त्योर्वै वासुदेवेति कथ्यते ॥४॥
कस्मान्नो सन्ति चत्वारो भुजाश्चक्रादिसंयुताः ।
विद्यन्ते किं न दृश्यन्ते मादृशैश्चास्य सम्प्रति ॥५॥
इत्थं मीमांसमानस्य शङ्कासंयुक्तचेतसः ।
हताया वायुना नावो निश्चयो नाऽभवद्यथा ॥६॥
तं जानन् धर्मभूर्भक्तेच्छाद्रुतुल्यकृताकृतिः ।
दर्शयामास रू पं स्वं दिव्यं चतुर्भुजादियुक् ॥७॥
निरीक्ष्य तद्रूपमजस्य शोभनमनन्तसूर्याग्निनिशेशसन्निभम् ।

તે બન્ને પ્રેમી ભક્તોએ શ્રીહરિને સારા આસન ઉપર પધરાવીને તેમની આગળ અનેક પ્રકારની ભેટો પ્રેમભાવથી મૂકી હતી. ॥૨॥

શ્રીહરિના દૃઢ નિશ્ચયવાળા અને તત્પર ભક્તોએ દયાળુ શ્રીહરિને ઘણા કિંમતી સારાં સારાં વસ્ત્ર અર્પણ કર્યા હતાં. ॥૩॥

તેમાં રઘુનાથ ભક્તના મનમાં એવો સંકલ્પ થયો કે આ શ્રીભક્તિદેવી અને શ્રીધર્મદેવના પુત્ર શ્રીહરિ શ્રીવાસુદેવ કહેવાય છે, તો સુદર્શન ચક્ર આદિ આયુધોએ સહિત ચાર ભુજાઓ, એમને કેમ નથી ? અને જો ચાર ભુજાઓ હોય તો મારા જેવા ભક્તને અત્યારે તે ચતુર્ભુજ સ્વરૂપના દર્શન કેમ નહિ થતાં હોય ? ॥૪-૫॥

શ્રીરઘુનાથ ભક્ત આમ વિચારતા હતા અને મનમાં શંકાઓ થવા લાગી ત્યારે પવનથી ધક્કાવેલી નૌકાની જેમ તેમનો નિશ્ચય સ્થિર રહ્યો નહિ. ॥૬॥

ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષના સમાન શ્રીહરિ શ્રીરઘુનાથજીના સંકલ્પનો જાણી ગયા. અને પછી આયુધોએ સહિત પોતાના દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપે તેને દર્શન દીધા. ॥૭॥

અનંત સૂર્ય, ચંદ્રમા અને અગ્નિના જેવા તેજસ્વી તથા હાથમાં સુદર્શન ચક્ર

सुनाभहत्यादियुतं करेष्वपि मुदं प्रभूतां व्रजति स्म स प्रभोः ॥८॥
चक्रेऽसौ कूर्द्दनं भूरि महानन्दं गतस्ततः ।
तथैव कटुसंज्ञस्य श्रीहरेरीक्षणं त्वभूत् ॥९॥
आनन्दयामास हरिः स भक्तौ नितान्तकारु ण्यपयोनिधिश्च ।
वृतः स्वकीयैः शुभपद्गवृन्दैरात्मीयधिष्ण्यं प्रभुराप राजन् ! ॥१०॥
अथैकदा धर्मसुतो निजान्वितो हकाख्यभक्तस्य गृहं ययौ मुदा ।
तुरङ्गमारु ह्य मनोजवं शुभं गरु त्मतो वेगहरं महीपते ! ॥११॥
सुछत्रचामरयुतैर्निपुणैर्हि पद्गैः संसेवितः पथि जनार्चितपादपद्मः ।
आत्मीयवीक्षणसमागतमर्त्यसङ्घान् दृष्ट्याऽमृतस्त्रुतियुजा निजया हि
पश्यन् ॥१२॥
उपागतं श्रीहरिमेष भक्तो न्यषादयत्तूत्तमविष्टरे तम् ।
सद्वर्णिपद्गांश्च यथार्हमेव भक्तोत्तमांश्चान्यजनांश्च तद्वत् ॥१३॥

આદિ આયુધોથી યુક્ત આવા અજન્મા શ્રીહરિના સુંદર સ્વરૂપના દર્શન કરીને તે ભક્ત શ્રીરઘુનાથજી ને હૃદયમાં ખૂબ જ આનંદ થયો. ॥૮॥

પછી હર્ષોલ્લાસથી તે ભક્ત કૂદવા લાગ્યા અને શ્રીકડવા ભક્તને પણ તે રીતે જ શ્રીહરિના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થયા. ॥૯॥

હે રાજન્ ! અત્યંત કરુણાના સાગર જેવા પ્રભુ શ્રીહરિએ તે બન્ને ભક્તોને આ પ્રમાણે ખૂબ જ આનંદિત કર્યા. પછી પોતાના પવિત્ર પાર્ષદ વૃંદથી ઘેરાયા થકાં પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૧૦॥

હે રાજન્ ! એક વખત ધર્મપુત્ર શ્રીહરિ ગરુડ કરતાં પણ અધિક વેગ કરનારા, મનોવેગી શુભ અશ્વ ઉપર સવાર થયા, સંતો અને હરિભક્તોને સાથે લીધા અને શ્રીહકાભક્તને ઘેર ગયા. ॥૧૧॥

નિપુણ પાર્ષદો છત્ર ચામર હાથમાં લઇને સેવા કરતા હતા. રસ્તામાં લોકો તેમના ચરણ કમળને પૂજતા હતા ત્યારે સ્વયં શ્રીહરિ પોતાના દર્શન કરવા આવેલા ભક્તોના સંઘોને અમૃત વરસાવતી પોતાની દૃષ્ટિથી જોઇ રહ્યા હતા. ॥૧૨॥

પોતાને ઘેર શ્રીહરિને પધારેલા જોઇને શ્રીહકાભક્તે તેમને એક સારા આસન ઉપર વિરાજમાન કર્યા. તેમજ સંતો, પાર્ષદો અને બીજા હરિભક્તોને પણ યથોચિત

ततः स र्णीन्द्रवरेण पूर्णं स्थालं सुभोज्यैः समुपानयच्च ।
न्यधारयच्छ्रीहरिसन्निधौ तद्भोक्तुं नृपाज्ञापयदीश्वरं च ॥१४॥
भुङ्क्ते स्म भोज्यानि मनोहराणि संश्लाघयन् पाचकवाडवान् सः ।
अतिप्रसन्नो निजपार्षदेभ्यः प्रासादिकां स्वां समदात्तदानीम् ॥१५॥
ततः स कृत्वा चुलुकं दयालुर्दत्तेन नीरेण च वर्णिनाऽङ्ग! ।
वक्त्रस्य शुद्धिं विदधेऽथतस्यावासं स जग्राह तदर्पितं च ॥१६॥
ततः स सद्वर्णिपदातिसङ्घांश्चक्रे सुभोज्यैः सुहितान् वरेशः ।
स्वकीयभक्तानितरान् मनुष्यान् सन्तर्पयामास यथार्हमेव ॥१७॥
हक्काभिख्यो जनो राजन्नघ्यांशुकभूषणैः ।
पुपूज प्रेमसंयुक्तः श्रीहरिं सर्वकारणम् ॥१८॥
तथा वर्णीसदादीनां पार्षदानां यथार्हतः ।
परिचर्यां चकाराऽसौ हरेः सम्बन्धिनां नृप ! ॥१९॥

રીતે આસન ઉપર બેસાડ્યા. ॥૧૩॥

હે નૃપ ! પછી તે ભક્તે વર્ણિરાજ શ્રીમુકુંદાનંદ સ્વામી પાસે સુંદર ભોજનોથી ભરપૂર થાળ પિરસાવ્યો અને પરમેશ્વર શ્રીહરિને જમવા માટે આગળ મૂક્યો અને જમવાની પ્રાર્થના કરી. ॥૧૪॥

પછી શ્રીહરિ તે મનોહર ભોજન જમ્યા અને રસોઇ તૈયાર કરનારા બ્રાહ્મણોની પ્રશંસા કરી. પછી અત્યંત પ્રસન્ન થઇને પોતાના પાર્ષદોને થાળની પ્રસાદી આપી. ॥૧૫॥

હે નૃપ ! પછી શ્રીમુકુંદવર્ણીએ આપેલા જળથી ચળું કર્યું. મુખશુદ્ધિ કરી. જળપાન કર્યું અને ત્યારબાદ વર્ણીએ આપેલો મુખવાસ ગ્રહણ કર્યો. ॥૧૬॥

તે પછી પરમેશ્વર શ્રીહરિએ સંતો, વર્ણીઓ અને પાર્ષદોની પંગત કરાવી, સુંદર ભોજન પીરસીને તેમને તૃપ્ત કર્યા. તે સિવાય જે કોઇ પોતાના ભક્તો ત્યાં હાજર હતા તેમને બધાને પણ સારી રીતે જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૭॥

હે રાજન્ ! પ્રેમી ભક્ત હકાભાઇએ સર્વના કારણ શ્રીહરિને અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં અર્પણ કરીને પૂજા કરી. ॥૧૮॥

હે નૃપ ! તે રીતે જ બ્રહ્મચારીઓ, સંતો અને પાર્ષદોની તથા શ્રીહરિના

ततष्टोकरनामानं स तु भक्तो निजं सुतम् ।
हर्यङ्घ्र्यो र्नमयाञ्चक्रे तस्य श्रेयोविधित्सया ॥२०॥
ततो धार्मिः स्वकं पाणिपद्मं शर्मावहं किल ।
टोकरस्योत्तमाङ्गेऽधात् सर्वाभद्राऽऽपदां हरम् ॥२१॥
ततो धार्मिः शुभं वाक्यं जगादानन्दयन् स तम् ।
वरं वृणीष्व भद्रं ते सस्मितं सर्वसौख्यदः ॥२२॥
एवं वाक्यं हरेः श्रुत्वा हक्काभिख्यो हरिं ततः ।
अहोरात्रं त्वदीक्षा मे स्यादित्थं देहि ते वरम् ॥२३॥
तथाऽस्तु तं हरिश्चोक्त्वा ततः स्वीयाङ्घ्रिपङ्कजे ।
न्यधाद्भक्तहृदि स्वामी सर्वतापोपनाशके ॥२४॥
ततः प्रापत् समाधिं वै सर्वप्राणभृतां नृप ! ।
सुखदं तूर्णमीशेशभक्त्या शुद्धिकृताशयः ॥२५॥

સંબંધી અયોધ્યાવાસીઓની યોગ્ય રીતે સેવા કરી. ॥૧૯॥

પછી હકાભાઇએ ટોકરસી નામે પોતાનો પુત્ર હતો તેનું મંગળ થાય એટલા માટે તેને આગળ કરીને શ્રીહરિના ચરણોમાં નમસ્કાર કરાવ્યા. ॥૨૦॥

ધર્મપુત્ર શ્રીહરિનો કરકમળ સુખકારી છે અને બધા અમંગળને તથા આપત્તિઓને ટાળનારો છે. તેથી તેમણે પોતાનો તે શુભ કરકમલ ટોકરસીના મસ્તક ઉપર મૂક્યો. ॥૨૧॥

પછી સર્વપ્રકારના સુખને આપનારા ધર્મપુત્ર શ્રીહરિએ તેને રાજી કરવા હસીને શુભ વચન કહ્યું, ''હે ભક્ત ! તમે મારી પાસે શુભ વરદાન માગો.'' ॥૨૨॥

શ્રીહરિના આવા વચનને સાંભળીને તે શ્રીહકા ભક્તે તેમને કહ્યું, ''હે હરે ! મને દિન રાત આપની મૂર્તિના અખંડ દર્શન થાય'' એવું વરદાન આપો. ॥૨૩॥

અપાર ઐશ્વર્ય સંપન્ન શ્રીહરિએ તેને ''તથાઽસ્તુ'' આમ કહ્યું અને પછી બધી જાતના સંતાપોને ટાળનારા પોતાના ચરણ કમળ તે ભક્તની છાતીમાં શ્રીહરિએ ચાંપ્યા. ॥૨૪॥

ઈશાધીશ પરમાત્મા શ્રીહરિની ભક્તિ કરીને હૃદયથી શુદ્ધ થયેલા શ્રીહકાભક્તને સર્વ પ્રાણીઓને સુખ આપનારી સમાધિ થઇ. ॥૨૫॥

तत्र दिव्यं हरेर्धाम श्रीमद्ब्रह्मपुराह्वयम् ।
तत्र सिंहासनं राजन्नानारत्नोपशोभितम् ॥२६॥
हरिं तस्मिन्मनोज्ञेऽसौ समैक्षताऽथ सुन्दरम् ।
रू पलावण्यसम्पूर्णं नानासौख्यास्पदं प्रभुम् ॥२७॥
ततो हरीच्छया भक्तो बहिर्दृष्टिं ययौ शनैः ।
एवं निरन्तरं तस्य हरेरेकान्तिनो नृप ! ॥२८॥
यावद्भागवतीं मूर्तिं सम्प्राप्तस्य मनीषिणः ।
हरेर्भक्त्याऽभवन्नूनं मूर्तेर्दर्शनमन्वहम् ॥२९॥
ततो भक्तो हरिं प्रोचे साधवो मेऽङ्गणे स्फुटम् ।
कुर्युर्हल्लीषगीते न पद्यानां ते सुगायनम् ॥३०॥
ततः श्रीहरिणाऽऽज्ञप्ता मुनयस्ते विशारदाः ।
मण्डलावर्तनैर्मध्ये हरिं कृत्वा हि बभ्रमुः ॥३१॥

હે રાજન્ ! શ્રીહકાભક્તને સમાધિમાં શ્રીહરિના અક્ષરબ્રહ્મપુર નામે દિવ્યધામના દર્શન થયા. અને ત્યાં અનેક રત્નોથી ઝળહળી રહેલું દિવ્ય સિંહાસન જોયું. ॥૨૬॥

મનોહર સિંહાસનમાં મહાપ્રભુ શ્રીહરિના દર્શન થયા. શ્રીહરિનું તે સ્વરૂપ, રૂપ તથા લાવણ્યથી સંપૂર્ણ હતું અને અનેક પ્રકારના સુખોને આપનારું હતું. ॥૨૭॥

હે નૃપ ! પછી તે શ્રીહકાભક્ત સમાધિમાંથી જાગીને બહાર આવ્યા. આ પ્રમાણે તે શ્રીહરિના એકાંતિક ભક્તને નિરંતર દર્શન થયા કરતા હતા. ॥૨૮॥

મનોનિગ્રહ કરનારા શ્રીહકાભક્ત ભક્તિથી શ્રીહરિની મૂર્તિમાં જ્યાં સુધી મનની વૃત્તિ રાખતા હતા ત્યાં સુધી તેને નિરંતર શ્રીહરિની મૂર્તિના દર્શન થયા કરતા હતા. ॥૨૯॥

પછી શ્રીહકાભક્તે શ્રીહરિની પ્રાર્થના કરીને કહ્યું કે ''સંતો મારા આંગણામાં ગરબીના કીર્તન ગાઈને રાસ રમે.'' ॥૩૦॥

ત્યારે શ્રીહરિએ સંતોને રાસ રમીને કીર્તન બોલવાની આજ્ઞા કરી. રાસ નિષ્ણાત સંતોએ શ્રીહરિને વચ્ચે રાખીને ચારે તરફ ગોળ મંડળાકારે ફરીને રાસ કર્યો. ॥૩૧॥

तत्पितृव्यमुखा जैना आसन्भूरिस्मयोद्धताः ।
ते व्यपश्यन् निजेशांश्च चतुर्विंशतिसम्मितान् ॥३२॥
कुर्वाणांस्तालिकाध्वानं मुनिभिः सार्द्धमादरात् ।
अत्याश्चर्यं ह्यगुस्ते वै महानन्दा जिनाश्रिताः ॥३३॥
यादृग्यस्य समीरितं स्वनिगमे चिह्नं ह्यसाधारणं
तद्युक्ताकृतयो विलिल्युरथ ते मूर्तौ हरेरीशितुः ।
तद्दृष्ट्वा जिनसंश्रिता निजमतं त्यक्त्वा हरिं शिश्रियु,
रित्थं तान्निजपादपद्मभजने प्रावर्त्तयत्स प्रभुः ॥३४॥
हक्काख्याय जनाय शर्मनिकरं दत्त्वा निजैः संयुत
आरु ह्योत्तमचङ्क्रमं हयवरं नंनम्यमानः पथि ॥
देवैः पुष्पगणैः समर्चित इतः पद्गैर्हरिः पूर्ववत्
स्वं धामाक्षरसंज्ञितं प्रभुरगात्संसेवितः सर्ववित् ॥३५॥

શ્રીહકાભક્તના કાકા વગેરે જૈન હતા. તેઓ ગર્વને લીધે થોડા ઉદ્ધત હતા. છતાં શ્રીહરિની કૃપાથી તે જૈનોને પોતાના ચોવીશ તીર્થંકરોના દર્શન થયા. ॥૩૨॥

તેથી ખુશી થયેલા તે જૈનો આદરભાવથી સંતોની સાથે તાળીઓ પાડીને અત્યંત આશ્ચર્યપૂર્વક ગરબીના કીર્તન ગાવા લાગ્યા. ॥૩૩॥

જૈન આગમોમાં જે તીર્થંકરનું જેવું ખાસ લક્ષણ કે ચિહ્ન કહ્યું હોય, તેવા લક્ષણ-ચિહ્નયુક્ત તે તીર્થંકરના સ્વરૂપ સર્વનિયામક શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. તે દેખીને જૈન લોકોએ પોતાનો મત છોડી દઈને શ્રીહરિની શરણાગતિ સ્વીકારી. પ્રભુ શ્રીહરિએ આ પ્રમાણે જૈનોને પોતાનું ભજન કરતા કરી દીધા. ॥૩૪॥

આ રીતે પોતાના ચરણાશ્રિત શ્રીહકાભક્તને સ્વસ્વરૂપ સંબંધી સુખ આપ્યું. પછી શ્રીહરિએ પોતાના આશ્રિત સંતો તથા હરિભક્તોને સાથે લીધાં. સુંદર ગતિથી ચાલતા અશ્વ ઉપર સવાર થયા. રસ્તામાં લોકો તેમને પ્રણામ કરતા હતા. દેવતાઓ પુષ્પોથી વધાવતા - પૂજતા હતા. પૂર્વની માફક જ પાર્ષદો છત્ર ચામરાદિથી સેવા કરતા હતા. અને સર્વજ્ઞ પ્રભુ શ્રીહરિ પોતાને નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા. ॥૩૫॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૫૯ સમાપ્ત

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये रघुनाथादिभक्तगृहे श्रीहरिप्रदर्शिततत्स्वरू पादिनिरू पणं नामैकोनषष्ट्यधिकशततमोऽध्यायः ॥१५९॥

अथ षष्ट्यधिकशततमोऽध्यायः

उक्तः षष्ट्युत्तरे शततमे श्रीहरिणा कृतः ।
हिमसंज्ञस्य जैनस्य याम्यान्मोक्षो दयालुना ॥

श्रीचैतन्यानन्द उवाच -
वणिजो हिमसंज्ञस्य निकेते श्रीहरिर्नृप ! ।
चरित्रं पावनं चक्रे तद्ब्रुवे शृणु चादरात् ॥१॥
हिमाख्य एकदा राजन् गदैः सम्पीडितोऽभवत् ।
ततो हरीच्छया याम्यास्तमानेतुं समागमन् ॥२॥
तान् दृष्ट्वा क्रूरभीमाक्षान् प्राणिकष्टप्रदाञ्छठान् ।
भूरित्रासं तदा लेभे सोऽस्मार्षीत्स्वीयदेवताः ॥३॥
संस्मृता नागमन् वीरनेमिमुख्या यदेश्वराः ।

અધ્યાય-૧૬૦

શ્રીહિમચંદ શેઠની યમદૂતોથી રક્ષા અને તેનો ઉદ્ધાર

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે નૃપ ! ગઢપુર ગામમાં હિમચંદ શેઠ નામે એક વણિક હતા. શ્રીહરિએ તેને ઘેર પવિત્ર ચરિત્ર કર્યાં હતાં. તે હું તમને કહું છું, તો તમે આદરથી સાંભળો. ॥૧॥

હે રાજન્ ! હિમચંદ શેઠ એક વખત બીમાર પડ્યા, ત્યારે ભગવદિચ્છાથી તેમને લેવા માટે યમદૂત આવ્યા. ॥૨॥

સ્વભાવથી ક્રૂર, ભયંકર આંખોવાળા અને પ્રાણીઓને દુઃખ દેનારા તે શઠ યમદૂતોને દેખીને હિમચંદ શેઠ તે સમયે અત્યંત ત્રાસી ગયા. તેનાથી બચવા માટે તેણે પોતાના ઈષ્ટદેવને સંભાર્યા. ॥૩॥

तदाग्रावनिभं जैनमतं मेने निजान्तरे ॥४॥
तत्त्वार्थाधिगमे प्राज्ञोऽनैकान्तवादभास्करः ।
जैनागमममतं स्वीयं तत्याज व्रीडितो भृशम् ॥५॥
कर्मसाध्यं हि कल्याणं यत्राऽस्ति धूमसन्निभे ।
कथं तत्र भवेच्छ्रद्धा मादृशां तद्विदां भुवि ॥६॥
यत्र स्थितैर्न मन्यन्ते वेदस्मृतिमुखागमाः ।
तन्मृषावादिनो मूढा गन्तारः कां गतिं खलाः ॥७॥
अद्भिः कायस्य शुद्धिः स्यादित्थं शास्त्रार्थविद्वचः ।
तास्तैः शौचक्रियादौ वै निषिध्यन्ते हि सर्वथा ॥८॥
इत्युक्त्वा सोऽथ निःश्वस्य विमनस्को भयं गतः ।
याम्यत्रासावनेशानं तूर्णं नोकं तदागमत् ॥९॥
सान्निध्ये विद्यमानायां गङ्गायां मानवो यथा ।

સંભારવા છતાં પણ શ્રીમહાવીર કે નેમિનાથ આદિ તેના તીર્થંકરો તેનું રક્ષણ કરવા જ્યારે ન આવ્યા ત્યારે તેના હૃદયમાં જૈન મત પથ્થર જેવો નિષ્પ્રાણ જણાયો. ॥૪॥

તત્ત્વાર્થાધિગમ સૂત્રને સમજનાર અને અનેકાન્તવાદમાં પ્રકાશ પાડનાર તે હિમચંદ શેઠે અત્યંત શરમિંદા થઈને પોતાના જૈન મતને છોડી દીધો. ॥૫॥

તેને વિચાર આવ્યો, ''ધુમાડાના બાચકા ભરવા જેવા જૈનમતમાં જીવનું કલ્યાણ કર્મથી જ મનાય છે. આ ભૂમિ ઉપર તેને સમજી ચૂકેલા મારા જેવાને તેમાં શ્રદ્ધા ક્યાંથી રહે.'' ॥૬॥

જૈન મતના લોકો વેદ કે ધર્મશાસ્ત્રો આદિ શાસ્ત્રોને માનતા નથી. અસત્ય - કપોલ કલ્પિત સિદ્ધાન્તને માનનારા તે મૂઢ ખળ લોકોની શી ગતિ થશે ? ॥૭॥

શાસ્ત્રજ્ઞ વિદ્વાનો શરીરની શુદ્ધિ પાણીથી માને છે, પણ જૈન લોકો શૌચ આદિ ક્રિયામાં પણ પાણી વાપરવાનો તદ્દન નિષેધ કરે છે. ॥૮॥

આવું બોલી-વિચારીને હિમચંદ શેઠે નિસાસા નાખ્યા. મન ઉદાસ થઈ ગયું. યમયાતનાનો ભય લાગી ગયો. કોઈપણ યમયાતનાના ત્રાસથી રક્ષણ કરનાર તેને તે સમયે ન મળ્યું. ॥૯॥

खनेत् कूपं स वै मूर्खस्तद्वदस्माकमीहितम् ॥१०॥
अत्राऽऽस्ते श्रीहरिः साक्षाद्देहिभ्यो भद्रदो ननु ।
विहाय तं श्रितं जैनं मतं मोक्षपिधानकम् ॥११॥
निःश्वस्येत्थं पुनः सोऽथ स्वामिनारायणं प्रभुम् ।
शरण्यं प्राप तं साक्षाज्जगत्कारणमव्ययम् ॥१२॥
स्मृतमात्रो हरी राजन्! दिव्यरू पो दयाम्बुधिः ।
आयात् स्वैः पार्षदैर्युक्तो वेत्रं बिभ्रत्कराम्बुजे ॥१३॥
हर्यागमनसंरम्भाद्भीतैर्याम्यैः पलायनम् ।
कृतं तूर्णं हिमाभिख्यो ह्यद्राक्षीत्तत्स्वया दृशा ॥१४॥
धावतां सौरिदूतानां प्राणत्राणमवेक्षताम् ।
तेषां पादावघातैर्वै गेहद्वारं ह्यधोऽपतत् ॥१५॥
एवं तं याम्यदूतेभ्यो मोचयित्वा स तत्क्षणे ।
तत्रैवान्तर्दधे स्वीयैः पद्गैः साकं सतां पतिः ॥१६॥

તેને વિચાર આવ્યો. ગંગાના સાંનિધ્યમાં પાણી માટે કોઇ કૂવો ખોદતો હોય તો તે મૂર્ખ ગણાય છે. તેમજ આ દુઃખથી બચવા માટે હું પણ વલખાં જ મારું છું. ॥૧૦॥

અરે ! જીવોનું કલ્યાણ કરનારા સાક્ષાત્ શ્રીહરિ અહીંયાં ગઢપુરમાં જ વિરાજે છે. તેને આશરે નહિ જઇને મોક્ષ ઉપર પડદો નાખનાર જૈન મતને હું અનુસર્યો છું. ફરીવાર આવા વિચારથી નિસાસો નાખીને પછી તે સર્વ જગતના કારણ, અવિકારી અને મહાસમર્થ શ્રીસ્વામિનારાયણ ભગવાનને શરણે ગયા. ॥૧૧-૧૨॥

હે રાજન્ ! હિમચંદ શેઠે શ્રીહરિને સંભાર્યા કે તુરંત જ પોતાના પાર્ષદોને સાથે લઇને દયાસાગર તેઓ દિવ્યરૂપે કરકમળમાં છડી લઇને પધાર્યા. ॥૧૩॥

ઝડપથી શ્રીહરિ પધાર્યા તેથી ડરી ગયેલા યમદૂતો તત્કાળ ભાગી ગયા. આવું તે હિમચંદ શેઠે પોતાની નજરથી જ જોયું. ॥૧૪॥

તે યમદૂતો જ્યારે પોતાનો પ્રાણ બચાવા માટે ભાગ્યા ત્યારે તેનો પગ ભટકાવાથી તેના ઘરનું એક બારણું તૂટી પડ્યું. ॥૧૫॥

સત્પતિ શ્રીહરિએ આ પ્રમાણે તે હિમચંદ શેઠનું યમદૂતોથી રક્ષણ કર્યું,

तदाप्रभृति तत्पादं समाश्रित्य वणिग्वरः ।
अकार्षीदादराद्भक्तिं सर्वपापौघशातनीम् ॥१७॥
ततः स श्रीहरिं प्रीत्या धाम्न्याह्वयत्स्वके वणिक् ।
भोजयामास दिव्यानि भोज्यानि शाकयुञ्जि च ॥१८॥
इत्थं हिमाख्यं यमदूतकष्टादमोचयद्दिव्यतनुर्मुकुन्दः ।
अन्वर्थसंज्ञां विदधे स्वकीयां मुक्तिप्रदानत्वत ईश्वरेशः ॥१९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये श्रीहरिकृतहिमाख्यभक्तरक्षणादिनिरू पणं नाम षष्ट्यधिक-शततमोऽध्यायः ॥१६०॥

अथैकषष्ट्युत्तरशततमोऽध्यायः

एकषष्ट्युत्तरे शततमे धार्मिरगाद् गृहान् ।
हीरप्रयागजीवादिविप्राणां स्वाश्रितप्रियः ॥

અને તુરંત જ પોતાના પાર્ષદોની સાથે તેઓ ત્યાં જ અતર્હિત થઇ ગયા. ॥૧૬॥

તે દિવસથી વણિક શ્રેષ્ઠ શ્રીહિમચંદ શેઠે શ્રીહરિના ચરણોનો આશ્રય કર્યો અને પછી તે બધા પાપ સમૂહનો નાશ કરનારી શ્રીહરિની ભક્તિ આદરથી કરવા લાગ્યા. ॥૧૭॥

પછી વણિક હિમચંદ શેઠે પ્રેમથી શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી. સારા દિવ્ય ભોજનો અને શાક વગેરે કરાવીને સહુને જમાડ્યા. ॥૧૮॥

જીવોની મુક્તિ કરનારા મુકુંદ શ્રીહરિએ દિવ્યરૂપે આ પ્રમાણે શ્રીહિમચંદ શેઠને યમદૂતોના દુઃખથી છોડાવ્યા. ઈશ્વરાધીશ્વર શ્રીહરિ જીવોનો મોક્ષ કરે છે તેથી ''मुक्तिं ददातीति मुकुन्दः'' આવું પોતાનું નામ સાર્થક કર્યું, ॥૧૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૦ સમાપ્ત

અધ્યાય-૧૬૧

શ્રીહીરાભાઇ, શ્રીપ્રયાગજી તથા શ્રીજીવાભાઇ આદિ બ્રાહ્મણોને ઘેર પધરામણી.

श्रीचैतन्यानन्द उवाच -

एकदा श्रीहरी राजन् ! विप्राणां शीलशालिनाम् ।
हीराभिधस्य वै रामकृष्णाख्यबालकृष्णयोः ॥१॥
धामाऽऽगच्छस्तुतो भक्त्या तेषां श्रेयोविधित्सया ।
आत्मीयैः पार्षदैर्युक्तो नक्तकं चालयंञ्छ्ये ॥२॥
तदोतैः कल्पिते दिव्ये न्यषीदच्चासने शुचौ ।
सम्पुटाञ्जलयस्तस्थुः प्राज्यहर्षान्विता नृप ! ॥३॥
तेभ्यः शम्भुस्वरू पेण स्वेक्षाच्छ्रीहरिस्ततः ।
तद्वीक्षानन्दसम्पूर्णा बभूवुर्नतकन्धराः ॥४॥
शङ्कर श्रीहरिं स्तुत्वा पद्यैश्छंदोमयैः शुभैः ।
तत्समीक्षामहानन्दस्तत्रैवान्तर्दधे नृप ! ॥५॥
ततस्ते स्वं मतं हित्वा तत्पादाब्जाऽऽश्रयाः शुभाः ।
कुर्वाणास्तस्य भक्तिं ते लेभिरे ते हरेः पदम् ॥६॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ગઢપુર ગામમાં શ્રીહીરાભાઈ, શ્રીરામકૃષ્ણ અને શ્રીબાલકૃષ્ણ આવા નામે શુભ ચારિત્ર્ય સંપન્ન ત્રણ બ્રાહ્મણ સત્સંગી હતા. એક વખત તે ત્રણેય બ્રાહ્મણોની પ્રાર્થના હોવાથી તેમનું કલ્યાણ કરવા માટે, થોડા પાર્ષદોને સાથે લઈને શ્રીહરિ હાથમાં રૂમાલ હલાવતા હલાવતા તેમને ઘેર પધાર્યા. ॥૧-૨॥

તેમણે તૈયાર કરાવેલા સુંદર દિવ્ય આસન ઉપર પોતે વિરાજમાન થયા. હે નૃપ ! ખૂબ જ રાજી થયેલા તે ત્રણેય વિપ્રો હાથ જોડીને શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. ॥૩॥

તે વખતે શ્રીહરિએ ત્રણેય બ્રાહ્મણોએ શંકરરૂપે પોતાના દર્શન દીધાં. શંકરના દર્શનથી આનંદિત થઈને તેમણે શ્રીહરિને નમસ્કાર કર્યા. ॥૪॥

(તે સમયે ત્યાં મૂર્તિમાન પ્રકટ થયેલા) શ્રીશંકરે સુંદર શુભ છન્દોબદ્ધ પદ્ય બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. હે નૃપ ! શ્રીહરિના દર્શનથી ખૂબ જ પ્રસન્ન થયેલા શંકર ત્યાં જ અંતર્હિત થઈ ગયા. ॥૫॥

પછી તેમણે પોતાના અન્ય મતોનો ત્યાગ કર્યો અને શ્રીહરિના ચરણકમળનો

उत्थायाऽथो हरिस्तस्मात्स्वीयाऽऽवासमुपागमत् ।
पार्षदप्रवरैर्युक्तो जनताघहरेक्षणः ॥७॥
प्रयागजित्समाख्येनाऽऽकारितश्चैकदा हरिः ।
भोक्तुं तत्राऽगमत्प्रीत्या स्वकीयाऽऽश्रितसंवृतः ॥८॥
पौराणिकोऽथ वर्णीन्द्रवैकुण्ठानन्दसंज्ञिना ।
भोज्यान्यचीकरन्नानाशाकोपेतानि भूरिशः ॥९॥
स तैः पूर्णं ततः स्थालमानयामास वर्णिना ।
पट्टे निषेदुषो ह्यग्रे भूम्नो न्यधारयन्मुदा ॥१०॥
आचम्य श्रीहरिस्तानि भुङ्क्ते स्म श्लाघयन्स तम् ।
मध्ये पानं शनैः कुर्वन् विदंस्तद्भावमात्मनि ॥११॥
ततः स चुलुकीकृत्य मुखशुद्धिं विधाय वै ।
पौराणिकेन दत्तं तं मुखवासं समाददत् ॥१२॥

દૃઢ આશ્રય કર્યો, અને તેમની જ દૃઢ ભક્તિ કરીને તે શુભ વિપ્રો શ્રીહરિના અક્ષરધામમાં ગયા. ॥૬॥

પોતાના દર્શનથી જનતાના પાપોને ટાળતા શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા અને સર્વોત્તમ પાર્ષદોની સાથે પોતાને નિવાસ સ્થાને પધાર્યા. ॥૭॥

એક વખત શ્રીપ્રયાગજી પુરાણીએ શ્રીહરિને પોતાને ઘેર જમવા માટે બોલાવ્યા. એટલે શ્રીહરિ પોતાના આશ્રિત સંત હરિભક્તોને સાથે લઈને ત્યાં પ્રેમથી જમવા માટે પધાર્યા. ॥૮॥

શ્રીપ્રયાગજી પુરાણીએ શ્રીવૈકુંઠાનંદ બ્રહ્મચારીની પાસે અનેક પ્રકારના શાક સાથે ઘણી જ રસોઈ કરાવી. ॥૯॥

તે રસોઈમાંથી તે બ્રહ્મચારી પાસે સારો થાળ પિરસાવ્યો. અને સુંદર બાજોઠ ઉપર વિરાજેલા શ્રીહરિની આગળ જમવા માટે તે મુકાવ્યો. ॥૧૦॥

શ્રીહરિએ આચમન કર્યું. શ્રીપ્રયાગજી પુરાણીના શુદ્ધભાવને સ્વયં જાણતા હતા. તેમની પ્રસંશા કરીને જમવા લાગ્યા. વચ્ચે વારંવાર ધીરેથી પાણી પીતા હતા. ॥૧૧॥

પછી ચળું કર્યું. મુખ શુદ્ધિ કરી, અને તે પુરાણીએ આપેલ મુખવાસ પણ

अनर्घ्यनूत्नसद्वस्त्रैर्भूषाभिस्तं महामुदा ।
आनर्च श्रीहरिं विप्रो यथार्हं वेदशास्त्रवित् ॥१३॥
नीराज्य तं ततः स्तोत्रैस्तुष्टावेशं दयोदधिम् ।
कृत्वा प्रदक्षिणा राजंस्तस्थावग्रे कृताञ्जलिः ॥१४॥
तद्भक्त्या तोषमापन्नो हृद्यं जानन्स तं जगौ ।
ईप्सितं सिद्ध्यतामित्थं स्मयमानोऽथ वाडवम् ॥१५॥
तत्र स्थितो भगाभिख्यो भक्तश्च श्रीहरेर्द्विजः ।
बद्धाञ्जलिर्वचः प्रोचे नतिं कृत्वा स तं नृप ! ॥१६॥
मद्गेहे श्वो विभो! स्थालं करिष्ये ते सुभुक्तये ।
भोजनं कारयिष्यामि भोज्यै रम्यैरहं सताम् ॥१७॥
आगन्तव्यं ततः स्वामिन् ! केतने मे त्वया खलु ।
त्वदीयैः साधुवर्ण्याद्यैः पद्गैर्युक्तेन सादरम् ॥१८॥

જમવા લીધો. ॥૧૨॥

વેદ અને શાસ્ત્રોના વિદ્વાન્ શ્રીપ્રયાગજી પુરાણીએ શ્રીહરિને ઘણા મોંઘા મૂલા સારા વસ્ત્ર તથા ઘરેણાં ખૂબ જ હર્ષથી અર્પણ કર્યા. અને યથોચિત રીતે પૂજા કરી. ॥૧૩॥

આરતી ઉતારીને દયાસાગર પરમેશ્વરની સ્તોત્ર બોલીને સ્તુતિ કરી. હે રાજન્ ! તેમણે પ્રદક્ષિણા કરી અને હાથ જોડ્યા પછી તેમની આગળ ઊભા રહ્યા. ॥૧૪॥

તેમની ભક્તિથી શ્રીહરિ ખુશ થયા. તેમના મનની ઈચ્છાને સ્વયં જાણતા હતા, તેથી ''તમારો સંકલ્પ સિદ્ધ થશે'' એમ હસીને શ્રીહરિએ તે પ્રયાગજી વિપ્રને કહ્યું. ॥૧૫॥

હે નૃપ ! તે સમયે ત્યાં ભગુભાઇ નામે એક હરિભક્ત ઊભા હતા. તેણે હાથ જોડીને શ્રીહરિને નમસ્કાર કર્યા અને કહ્યું. ॥૧૬॥

હે વિભો ! આવતી કાલે આપને માટે થાળ, હું મારે ઘેર કરીશ, અને બીજી સારી રસોઇ કરીને સંતોને પણ જમાડીશ. ॥૧૭॥

માટે હે સ્વામિન્ ! આપ સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદો, સહુ આશ્રિતોને

तस्येत्थं वाक्यमाकर्ण्य तथेत्युक्त्वा दयाम्बुधिः ।
आत्मीयैः संयुतः प्रापाऽक्षराख्यं सौधमात्मनः ॥१९॥
प्रभाते श्रीहरिः स्वीयं समाप्य नैत्यकं विधिम् ।
स्वकीयैः संवृतोऽगच्छत् केतनं तस्य ब्रह्मणः ॥२०॥
नानाविधानि भोज्यानि सोऽभुक्त तत्र धर्मभूः ।
सद्वर्णिपार्षदादींश्च परिवेष्य व्यतर्पयत् ॥२१॥
ततोऽसौ ब्राह्मणो भक्तो वस्त्रालङ्कारकैर्हरिम् ।
आनर्च प्रेमसंयुक्तो भावुकः शुद्धनिश्चयः ॥२२॥
नीराजनं ततःकृत्वा तस्थावग्रे हरेर्मुदा ।
तस्मै तुष्टो ददौ स्वीये पादपद्मे मनोरमे ॥२३॥
तत्रस्थो जीवनाभिख्यो ब्राह्मणः श्रीहरिं जगौ ।
गम्यतां मे गृहे स्वामिन् ! पवित्रीकरणाय तत् ॥२४॥

લઈને મારે ઘેર પધારજો. ॥૧૮॥

તે શ્રીભગુભાઈની વાત સાંભળીને દયાસાગર શ્રીહરિએ ''બહુ સારું, આવશું'' એમ કહ્યું અને પોતાના ભક્તોની સાથે પછી પોતાને નિવાસ સ્થાને અક્ષર ભવને પધાર્યા. ॥૧૯॥

પછી બીજે દિવસ સવારમાં શ્રીહરિએ પોતાનું સ્નાન પૂજા આદિ નિત્ય કર્મ કર્યું. અને પોતાના આશ્રિત સંતો વગેરેને સાથે લઈને તે બ્રાહ્મણ શ્રીભગુભાઈને ઘેર પધાર્યા. ॥૨૦॥

ત્યાં ધર્મનંદન શ્રીહરિ થાળમાં અનેક પ્રકારના ભોજન જમ્યા અને બ્રહ્મચારીઓ, સાધુઓ અને પાર્ષદો વગેરેને પીરસીને સારી રીતે તૃપ્ત કર્યા. ॥૨૧॥

શ્રીભગુભાઈ બ્રાહ્મણ સારા હરિભક્ત હતા, શુદ્ધ દૃઢ નિશ્ચય વાળા, ભાવનાશીલ અને ઘણા જ પ્રેમી ભક્ત હતા. તેણે વસ્ત્ર અલંકારાદિ અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી. ॥૨૨॥

આરતી ઉતારીને પછી તેમની આગળ હાથ જોડીને તેઓ ઊભા રહ્યા. ત્યારે રાજી થયેલા શ્રીહરિએ પ્રેમથી તેને મનોહર પોતાના ચરણ કમળ આપ્યા. ॥૨૩॥

गत्वाऽस्य केतनं भूमा निषद्य सुन्दरासने ।
क्षणं तत्र स्थितिं कृत्वा हसंस्तस्माद्विनिर्ययौ ॥२५॥
गच्छन्तं श्रीहरिं मार्गे जीवाख्यो वाडवः सुधीः ।
आलोक्य स्वं गृहं नेतुं भूरिशः प्रार्थयद्विभुम् ॥२६॥
अत्याग्रहं हरिस्तस्य मत्वा सोऽगाद् गृहं ततः ।
आश्मीयायां शिलायां वै सोऽस्थात् फुल्लाम्बुजाननः ॥२७॥
बद्धाञ्जलिस्ततो भूत्वा नमांसि विदधन्मुहुः ।
तं प्रोचे सुन्दरं वाक्यं भद्रं मे स्यादिति स्फुटम् ॥२८॥
तस्य हृद्यं वचः श्रुत्वा समाधिं सर्वसिद्धिदम् ।
ततः सोऽचीकरद्राजन् पदं स्वीयं व्यदीदृशत् ॥२९॥
तद्दृष्ट्वा सहसोत्थाय मत्वाऽमुं सर्वकारणम् ।
तत्पादाब्जाश्रयं कृत्वा मतान्यन्यानि सोऽजहात् ॥३०॥

તે સમયે ત્યાં શ્રીજીવનભાઇ નામે એક બ્રાહ્મણ ઊભા હતા. તેમણે શ્રીહરિને વિનતિ કરીને કહ્યું, હે સ્વામિન્ ! મારું ઘર પવિત્ર કરવા આપ ત્યાં પધારો. ॥૨૪॥

મહાન્ શ્રીહરિ તે શ્રીજીવનભાઇને ઘેર પધાર્યા. સુંદર આસન ઉપર થોડીવાર વિરાજ્યા. પછી મધુર હાસ્ય કરતાં કરતાં ત્યાંથી ઊભા થઇ ચાલતા થયા. ॥૨૫॥

શ્રીહરિ માર્ગમાં ચાલ્યા જતા હતા ત્યાં શ્રીજીવાભાઇ નામે સદ્‌બુદ્ધિવાળા વિપ્રે શ્રીહરિને જોયા અને તેણે તેમને પોતાને ઘેર પધારવા માટે ખૂબ જ આગ્રહ કર્યો. ॥૨૬॥

તે બ્રાહ્મણનો અતિશય આગ્રહ માનીને પ્રફુલ્લિત મુખકમળવાળા શ્રીહરિ પછી તેને ઘેર પધાર્યા અને એક પથ્થરની શિલા ઉપર ઊભા રહ્યા. ॥૨૭॥

ત્યારે તેણે હાથ જોડીને વારંવાર નમસ્કાર કર્યા. અને, ''મારું કલ્યાણ કરો'' આવું સુંદર વચન કહ્યું. ॥૨૮॥

હે રાજન્ ! શ્રીહરિએ તેનું આવું પ્રિય વચન સાંભળીને પછી તેને સર્વ પુરુષાર્થની સિદ્ધિ આપતી સમાધિ કરાવી અને અક્ષરધામના દર્શન કરાવ્યા. ॥૨૯॥

તે બધા દર્શન કરીને શ્રીજીવાભાઇ તુરંત સમાધિમાંથી જાગૃત થયા. પછી તેમણે શ્રીહરિને સર્વના કારણ સમજીને તેમના ચરણ કમળનો આશ્રય કર્યો. બીજા

कोकाख्यस्वीयपुत्रेण हरिपादाब्जयोर्नतिम् ।
कारयामास हर्षेण जानन्माहात्म्यमात्मनि ॥३१॥
ब्रह्मण्यदेव इति भूसुरपुङ्गवेभ्यो दत्वेप्सितानि निखिलानि भुवीश्वरस्ताम्।
संज्ञां निजामपपृथद्बहुशः स मेऽस्तु प्रीत्या अदभ्रकरु णो निजपुत्रकस्य ॥३२॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये भक्तजनगृहेषु श्रीहरिचमत्कारादिनिरू पणं नामैकषष्ट्यधिक-शततमोऽध्यायः ॥१६१॥

अथ द्विषष्ट्यधिकशततमोऽध्यायः

न्यधाच्छततमे द्विषष्ट्युत्तरे श्रीहरिः स्वकौ ।
करौ नागरपञ्चोली शिरसि परदुःखहा ॥

श्रीचैतन्यानन्द उवाच –
हरजीवनसंज्ञस्य विप्रस्य केतने प्रभुः ।
आगच्छत्प्राथितो भोक्तुं युक्तः सद्वर्णिपार्षदैः ॥१॥

બધા મંતવ્યોને છોડી દીધા. ॥૩૦॥

પોતાના હૃદયમાં શ્રીહરિનો મહિમા સમજનારા શ્રીજીવાભાઇએ 'ચકુભાઇ' નામના પોતાના પુત્રને શ્રીહરિના ચરણ કમળમાં પગે લગાડ્યા. ॥૩૧॥

પરમેશ્વર શ્રીહરિનું ભૂમિ ઉપર 'બ્રહ્મણ્ય દેવ' (બ્રાહ્મણોને દેવની માફક માનનારા) આવું નામ છે. તેને, આ પ્રમાણે ઉત્તમ બ્રાહ્મણોને તેની અભીષ્ટ બધી જ ચીજો આપીને, પોતે સાર્થક કર્યું હતું. અને સારી રીતે પ્રસિદ્ધ કર્યું હતું. આવા અપાર દયાળુ શ્રીહરિ છે. તેમનો પુત્ર હું છું તો તેઓ મારા ઉપર નિરંતર પ્રસન્ન રહો. ॥૩૨॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૧ સમાપ્ત

અધ્યાય-૧૬૨

શ્રીહરિજીવન વિપ્રના ભાણેજ નાગર પંચોળીને માથે શ્રીહરિએ હાથ મૂકયા.

तत्र स्नात्वा शुभे पट्टे न्यषीदत् पूर्वदिङ्मुखः ।
अन्नैश्चतुर्विधैः पूर्णं स्थालं तत्राऽनयद्द्विजः ॥२॥
धर्मं स्थापयितुं जातो यतोऽसौ भूरिदो हरिः ।
वैश्वदेवविधिं कृत्वा भुक्तिप्रयोगमाचरम् ॥३॥
अन्धश्चतुर्विधं भुक्त्वा प्रसन्नाम्भोजनुर्मुखः ।
कृत्वाऽथो चुलुकं राजन् मिष्टपाथोऽपिबत्प्रभुः ॥४॥
द्विजोऽथोवीटिकामस्मै ददौ रम्यां मुदान्वितः ।
पश्यतां श्रीहरिः पङ्क्तीरात्मीयानामकारयत् ॥५॥
बध्वा कट्यां शुभं वासो राजहंसातिचंक्रमः ।
पाकशालां ययौ तूर्णं पश्चाद्धावन्निजानुगः ॥६॥
पङ्क्तीरालोक्य ताः सर्वाः स कर्त्तुं परिवेषणम् ।
विप्रानजिज्ञपत्सुज्ञांस्तेऽधांसि पर्यवेषयन् ॥७॥

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ગઢપુર ગામમાં શ્રીહરજીવનભાઇ નામે બ્રાહ્મણ હતા. તેણે પ્રાર્થના કરી હતી તેથી શ્રીહરિ તેમને ઘેર સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે થાળ રસોઇ જમવા પધાર્યા. ॥૧॥

ત્યાં જઇને શ્રીહરિ નાહ્યા. પછી પૂર્વમુખે બાજોઠ ઉપર થાળ જમવા વિરાજ્યા અને બ્રાહ્મણે ચારેય પ્રકારના ભોજનથી પૂરેલો થાળ લાવીને તેમની આગળ મૂક્યો. ॥૨॥

અપાર દાન કરનારા શ્રીહરિ ધર્મનું સ્થાપન કરવા પ્રકટ્યા છે એટલે વૈશ્વદેવ વિધિ કરીને ભોજનની શરૂઆત કરી. ॥૩॥

હે રાજન્ ! શ્રીહરિનું મુખકમળ પ્રસન્ન રહેતું હતું, પ્રભુએ ચારેય પ્રકારના ભોજન જમ્યા. ચળું કર્યું અને મધુર જળપાન કર્યું. ॥૪॥

ખૂબ જ ખુશ થયેલા વિપ્ર શ્રીહરજીવનભાઇએ શ્રીહરિને સુંદર પાનબીડું આપ્યું. તે સમયે પોતાના દર્શન કરી રહેલા સર્વ સંતો વગેરેની જમવા માટે પંગત કરાવી. ॥૫॥

રાજહંસના જેવી ગતિવાળા શ્રીહરિ સત્વરે રસોડે પધાર્યા. સેવકો પાછળ દોડ્યા આવતા હતા. તેમણે સુંદર ખેસને કમરે બાંધ્યો. ॥૬॥

भूरिशः पंक्तिषु श्रीमान् कारयामास तद्द्विजैः ।
ततः शीघ्राञ्चनः कुर्वन्सुहितान् पर्यवेषयत् ॥८॥
हस्तौ प्रक्षाल्य पादौ च कटिबन्धं विमुच्य सः ।
उपाविशत्सुपर्यङ्के तूलिकाद्यैः समन्विते ॥९॥
ततो भक्तोंऽशुकान्यङ्ग! पर्यधाच्छ्रीहरेस्तनौ ।
कस्तूरीकैसरोपेतं चर्चयामास चन्दनम् ॥१०॥
सद्रत्नखचितान् हारांस्तारानुकारिणः शुभान् ।
मौक्तिकानार्पयत्कण्ठे हरेः कम्बुजजित्वरे ॥११॥
तथाऽन्यान् कौसुमांस्तद्वन्नीराज्य श्रीहरिं द्विजः ।
ततः प्रदक्षिणाः कृत्वा स्तवनं विदधे बहु ॥१२॥
अथो दिव्यौ तदीयाङ्घ्री हृत्पद्मोऽसौ स्वके न्यधात् ।
तस्थौ चकोरवत् पश्यंस्तद्वक्त्रशीतगुं बहु ॥१३॥
ततस्तं श्रीहरिः प्रोचे वीक्ष्य प्राघूर्णिकं पुरः ।

સહુ પંક્તિમાં બેસી ગયા છે તેમ જોયા પછી સુજ્ઞ બ્રાહ્મણોને પંગતમાં પીરસવાની આજ્ઞા કરી અને તેઓ બધું ભોજન પીરસવા લાગ્યા. ॥૭॥

અપાર શોભા સંપન્ન શ્રીહરિએ બ્રાહ્મણો પાસે પંક્તિમાં ખૂબ જ પિરસાવ્યું. પછી સ્વયં સહુ સંતો વગેરેને ખૂબ જ તૃપ્ત કરવાના આશયથી ત્વરિત ગતિથી પીરસવા લાગ્યા. ॥૮॥

પછી શ્રીહરિએ કર ચરણાદિ ધોયા. કમરબંધ છોડ્યો. અને ગાદી તકિયો મૂકીને બિછાવેલા સુંદર પલંગ ઉપર વિરાજમાન થયા. ॥૯॥

હે રાજન્ ! ભક્તવર્ય શ્રીહરજીવન ભાઇએ શ્રીહરિને સારા નવા વસ્ત્ર પહેરાવ્યા. અને કસ્તૂરી તથા કેસર ઘોળેલો ચંદનની અર્ચા કરી. ॥૧૦॥

રત્નજડિત સોનાના હાર અને તારાગણની જેમ ચમકતા મોતીના હાર શ્રીહરિના શંખ કરતા પણ અતિશ્રેષ્ઠ કંઠમાં પહેરાવ્યા. ॥૧૧॥

તેની જ માફક ફૂલહાર પહેરાવ્યા, આરતી ઉતારી, પછી પ્રદક્ષિણા કરી અને તેમણે ખૂબ ખૂબ સ્તુતિ કરી. ॥૧૨॥

પછી તે વિપ્રે શ્રીહરિના ચરણ કમળને પોતાની છાતી ઉપર ચાંપ્યા. અને

कुत्रत्यो विद्यते धीमन् ! कः सम्बन्धो ह्यनेन ते ॥१४॥
धार्मेरित्थं वचः श्रुत्वा द्विजन्मोचे स तं प्रभुम् ।
अस्ति मे भगिनीभर्त्ता दंढाव्यदेशकेतनः ॥१५॥
विद्यतेऽत्र स्थितिं कर्तुं विचारोऽस्य दयानिधे ! ।
कनीयान् यः स्थितो ह्यत्र शान्तोऽयं सौम्यविग्रहः ॥१६॥
भागिनेयोऽस्ति मे भूमन् ! पुत्रोऽस्य विद्यते सुधीः ।
नागरेति सुनाम्नाऽसौ पाञ्चोलीत्यवटंकभाक् ॥१७॥
नागरस्य पितुश्चास्ति भूतावेशस्तनाविव ।
अतोऽम्यत्र स्थितिं कर्तुमागता देशतः स्वकात् ॥१८॥
इत्याकर्ण्याऽस्य वाचं स बाढमित्यब्रवीद्वचः ।
अत्रेमे सुखिनो भाव्याः सर्वथा मत्समीपगाः ॥१९॥
इत्युक्त्वा हरिरात्महस्तयुगलं के नागरस्य न्यधाद्
दंढाव्याभिधदेशजातनिखिलं वृत्तान्तमापृष्ठवान्

ચકોર પક્ષી જેમ ચંદ્રમાને નિહાળે તેમ શ્રીહરિના મુખારવિંદ સામે જોઇ રહ્યા. ॥૧૩॥

તે વખતે ત્યાં આગળના ભાગમાં એક મહેમાન પુરુષ ઊભો હતો તેની સામે જોઇને શ્રીહરિએ તેને પૂછ્યું, હે ધીમન્ ! તમે ક્યાં રહો છો ? આ શ્રીહરજીવન ભાઇની સાથે તમારે શું સંબંધ છે ? ॥૧૪॥

ધર્મપુત્ર શ્રીહરિનું કહેલું સાંભળીને તે શ્રીહરજીવનભાઇ શ્રીહરિના પ્રત્યે બોલ્યા કે આ મારા બનેવી છે અને દંઢાવ્ય દેશ (ઉત્તર ગુજરાત)માં રહે છે. ॥૧૫॥

હે દયાનિધે ! આને અહીં ગઢપુરમાં સ્થાયી રહેવાની ઇચ્છા છે. સ્વભાવે શાંત અને દેખાવમાં સૌમ્ય આકૃતિવાળો જે નાનો ઊભેલો દેખાય છે તે મારો ભાણેજ છે, અને આનો પુત્ર છે. ઘણો સમજણો છે. આ તેનું નાગર આવું નામ છે અને તેની અટક પંચોળી છે. ॥૧૬-૧૭॥

આ નાગરના પિતાના શરીરમાં ભૂતના વળગાડ જેવું છે, તેથી આ બધા પોતાના દેશમાંથી અહીંયાં રહેવા માટે આવ્યા છે. ॥૧૮॥

શ્રીહરજીવનભાઇની વાત સાંભળીને શ્રીહરિ કહે ''બહુ સારું'' આ અહીંયાં અમારી પાસે રહેશે એટલે બધી રીતે સુખી થશે.'' ॥૧૯॥

तोषं प्राप्य ततो हरिर्बहुतरं स्थित्वा घटीयुग्मकं
स्थानं प्राप स आत्मनोऽक्षरमितः सौधं निजैः संयुतः ॥२०॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये हरजीवनाख्यभक्तकृतश्रीहरिभोजनपूजनादिनिरू पणं नाम द्विषष्ट्युत्तरशततमोऽध्यायः ॥१६२॥

अथ त्रिषष्ट्युत्तरशततमोऽध्यायः

चक्रे शततमे त्रिषष्ट्युत्तरे हरिवासरे ।
महं क्वचिदगाद्धरिर्दक्षाख्यवणिजो गृहम् ॥

श्रीचैतन्यानन्द उवाच -
एकदा श्रीहरी राजन्महे चैकादशीतिथौ ।
पक्षे भाद्रपदस्याऽद्ये गङ्गायां स्नातुमव्रजत् ॥१॥
बालमुकुन्दमारोप्य शिबिकायां हरिस्ततः ।
चतुरंङ्गबलोपेतश्छत्रचामरसेवितः ॥२॥

આટલું બોલીને શ્રીહરિએ શ્રીનાગર પંચોલીના મસ્તક ઉપર પોતાના બન્ને હાથ મૂક્યા અને દંઢાવ્ય દેશનું બધું વૃત્તાંત પૂછ્યું. તે સાંભળીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા અને ત્યાં બે ઘડી બેસીને પછી પોતાના સેવકોની સાથે પોતાના નિવાસ સ્થાને અક્ષર ભવને પધાર્યા. ॥૨૦॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૨ સમાપ્ત

અધ્યાય-૧૬૩

શ્રીડાહ્યાભાઇ શેઠને ઘેર થાળ અને રસોઇ

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! એક વખત ભાદરવા સુદિ એકાદશીના સમૈયામાં શ્રીહરિ ઉન્મત્તગંગા (ઘેલા) નદીએ સ્નાન કરવા પધાર્યા હતા. ॥૧॥

શ્રીબાલમુકુંદ ભગવાનને પાલખીમાં પધરાવ્યા હતા. ચતુરાંગિણી સેના

आरुह्य चञ्चलगतिं जविनं मनोज्ञं पक्षीन्द्रगर्वहरमश्वकुलावत्तंसम् ।
नानाविभूषणसुशोभितगात्रयष्टिं स्वारोहणेन हि हसन्तमिलार्ववृन्दम् ।।३।।
गङ्गामवाप्य विधिमागमगीतमीशः स्नानं विधाप्य तनुमूर्त्तिधरस्य तस्य।
आरोप्य तां हरिरमुं च पुनस्तथैव पर्याजगाम चतुरङ्गबलाद्युपेतः ।।४।।
वेदिकां प्राप्य गोपानां क्षणं स्थित्वाऽत्र धर्मभूः ।
आसन् गेहानि यावन्ति गोपानां पुण्यशालिनाम् ।।५।।
तत्र तत्राऽगमद्धार्मिर्बालमुकुन्दसंयुतः ।
इयायाऽथो निजावासं चतुरङ्गबलादियुक् ।।६।।
अथैकदा हरी राजन् ! दक्षाख्यवणिजो गृहम् ।
भोक्तुं स प्रार्थितोऽगच्छत् स्वकीयैः संवृतः प्रभुः ।।७।।
नानाविधानि भोज्यानि सद्द्रव्यैः सम्परिवेष्य च ।

હોય તેમ સંત, વર્ણી, પાર્ષદ અને ગૃહસ્થોનો સમુદાય સાથે હતો. છત્ર ચામરાદિની શોભા છાજતી હતી. ।।૨।।

શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. તેમનો અશ્વ ચપળ ગતિવાળો, વેગીલો અને મનોહર હતો. તે ગરુડના ગર્વને પણ ઉતારે તેવો અને જાતવાન ઘોડાઓમાં શિરમોર હતો. તેના શરીર ઉપર અનેક આભૂષણોની શોભા હતી. તેના ઉપર શ્રીહરિ સવાર થયા હતા, તેના તે ગૌરવથી માનો ભૂમિ ઉપરના અન્ય અશ્વોને હસી કાઢતો હતો. ।।૩।।

શ્રીહરિ ઉન્મત્ત ગંગાએ પધાર્યા. શ્રીબાલમુકુંદ ભગવાનને વૈદિક વિધિથી સ્નાન કરાવ્યું. પછી તેમને પાલખીમાં પધરાવ્યા અને શ્રીહરિ જે રીતે નદીએ આવ્યા હતા તે રીતે જ પૂર્વોક્ત ચતુરંગબળ સાથે પાછા દરબારગઢમાં પધાર્યા. ।।૪।।

ધર્મનંદન શ્રીહરિ પાલખી સાથે આહિરોને ચોરે આવ્યા. થોડી વાર ઊભા રહ્યા. પછી પવિત્ર આહિરોના જે ઘર હતા ત્યાં શ્રીબાલમુકુંદ ભગવાનને લઈને પધરામણી કરી. પછી સંતહરિભક્તોની સાથે પોતાને નિવાસ સ્થાને પધાર્યા. ।।૫-૬।।

હે રાજન્ ! આ પછી એક વખત શેઠ શ્રીડાહ્યાભાઈએ પ્રાર્થના કરી હતી એટલે પ્રભુ શ્રીહરિ પોતાના સંતો વગેરેને સાથે લઈને તેને ઘેર થાળ-રસોઈ જમવા

सन्तृप्तान् सोऽकरोद्भूमा भूरिशः परिवेषणैः ।।८।।
ततः स्नात्वा प्रभू राजन्नीरैर्गाङ्गैर्मनोरमैः ।
कौशेयं पर्यधाद्रम्यमुत्तरासङ्गमावृणोत् ।।९।।
पादुके परिधायाऽथो पाकशालामुपेत्य सः ।
न्यषीदत्सुन्दरे पीठे कौबेरीदिङ्मुखाम्बुजः ।।१०।।
ततो नानाविधैरन्नैः शर्कराज्यसुसंयुतैः ।
स्थालं पूर्णं च तै रम्यैर्नानाशाकादिसंयुतम् ।।११।।
वर्णी नारायणानन्दो हरेरग्रे सुपट्टके ।
न्यधान्महाव्रतोपेतस्तन्माहात्म्यविदुत्तमः ।।१२।।
विधायाऽथो स शास्त्रीयं विधानं शिक्षयन् वृषम् ।
भुक्तौ यो भाषितः पूर्वैः कुर्वंस्तं भुक्तिमाचरत् ।।१३।।
पिबन् स मध्येऽम्बु सुमिष्टमीश्वरः शनैः शनैः सङ्कलयञ्छयाम्बुजम् ।
निजोदरे वारिरुहातिकोमले वलीत्रयोपेत उताधिशान्तिदे ।।१४।।

પધાર્યા. ।।૭।।

સર્વથી મહાન્ શ્રીહરિએ વારંવાર સંતો વગેરેની પંક્તિમાં અનેક પ્રકારના ભોજન પીરસીને તેમને ખૂબ જ તૃપ્ત કર્યા. ।।૮।।

હે રાજન્ ! પછી શ્રીહરિએ મનોહર ઉન્મત્તગંગાના પાણીથી સ્નાન કર્યું. એક રેશમી પીતાંબર પહેર્યું અને બીજુ ઓઢ્યું. ।।૯।।

પછી ચરણોમાં ચાખડીઓ પહેરી. રસોડે આવીને સુંદર બાજોઠ ઉપર ઉત્તર તરફ મુખ રાખીને જમવા વિરાજ્યા. ।।૧૦।।

ઘી અને સાકરથી ભરપૂર અનેક પ્રકારના ભોજનોથી થાળ પૂર્યો હતો, અનેક પ્રકારના શાક વગેરે પણ તેમાં પીરસેલા હતા. શ્રીનારાયણાનંદ વર્ણી સારા વ્રત અને તપવાળા હતા તથા શ્રીહરિનું માહાત્મ્ય ઘણું જ સમજતા હતા. તેમણે શ્રીહરિના મુખારવિંદ આગળ બીજા બાજોઠ ઉપર થાળ મૂક્યો. ।।૧૧-૧૨।।

પૂર્વે મોટા પુરુષોએ શાસ્ત્રોમાં જે વિધિ કહી છે તે પોતાના અનુયાયીઓને શીખવવા માટે પોતે પ્રથમ કરી અને પછી જમવાનું શરૂ કર્યું. ।।૧૩।।

જમતી વખતે શ્રીહરિ વચ્ચે વારંવાર મધુર જળપાન કરતા હતા અને અત્યન્ત

ततः स कृत्वा चुलुकं दयालयः प्रसन्नवक्त्रः सुमुखस्य शोधनम् ।
विधाय वारि प्रपपौ सु वीटीकां तदाऽर्पितां भक्तजनेन सोऽगृहीत् ॥१५॥
अथो स पर्यङ्कवरे सुतूलिकाद्युपेत ईशं निपुणो न्यषीषदत् ।
अनर्घ्यहैमीयगुणादिकाञ्चितान् सुचेलकान् धारयितुं स चानयत् ॥१६॥
न्यधारयच्छ्रीसुरवारकञ्चुकौ सुकीनखापीयतमौ तमीश्वरम् ।
हरेः सुकट्यां स जनो न्यबन्धयच्छुभं स्थलाम्भोजसुवर्णसंयुतम् ॥१७॥
ततो वियद्वर्णसमानमंशुकं तदुत्तरासङ्गतया व्यकल्पयत् ।
न्यधारयन्मूर्ध्नि किरीटकेतने सुवर्णपुष्पाञ्चितमुत्तमोत्तमम् ॥१८॥
अचर्च्चयच्चन्दनमुत्तमं स च ललाटदेशेऽथ मुनीशितुर्मुदा ।
सुकौसुमान् हारगणानधारयत् सुवर्णनिष्कोपयुतांस्ततो हृदि ॥१९॥
शतेन मुद्राभिरुपेतभाजनं न्यधाद्धरेरग्रत एष आदरात् ।
अनर्घ्यशीलां वडवां ततोऽदिशन् मनोजवां श्रीहरये स्वलङ्कृताम् ॥२०॥

શાંતિકારક, ત્રિવળીથી મુક્ત અને કમળ કરતાં પણ સુકોમળ પેટ ઉપર ધીરે ધીરે હાથ ફેરવતા હતા. ॥૧૪॥

અત્યંત દયાળુ અને પ્રસન્ન મુખવાળા શ્રીહરિએ પછી ચળું કર્યું. મુખ શુદ્ધિ કરી જળપાન કર્યું અને પછી ભક્તજને આપેલ પાન બીડાનો મુખવાસ લીધો. ॥૧૫॥

પછી અતિશય વિચક્ષણ શેઠ શ્રીડાહ્યાભાઈએ સુંદર ગાદી તકિયા મૂકીને બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિને પધરાવ્યા. અને અમૂલ્ય સોનાના તારવાળા વસ્ત્ર શ્રીહરિને અર્પણ કરવા માટે લાવ્યા. ॥૧૬॥

તેમણે ઘણા સારા કિનખાબના સુરવાળ અને જામો પરમેશ્વર શ્રીહરિને પહેરાવ્યા અને સુંદર ગુલાબી રંગના કિંમતી વસ્ત્રથી શ્રીહરિની કમર ઉપર ભેટ બંધાવી. ॥૧૭॥

આસમાની રંગનો રેશમી ખેસ બન્ને ખભાઓ ઉપર ધરાવ્યો તથા મુકુટના સ્થાનરૂપ મસ્તકે સોનેરી પુષ્પોથી શોભતી સર્વોત્તમ પાઘ બંધાવી. ॥૧૮॥

મુનિપતિ શ્રીહરિના લલાટમાં પ્રેમથી સર્વોત્તમ ચંદનની અર્ચા (આડ) કરી અને છાતી ઉપર સોનાના અનેક પ્રકારના હાર તથા સુગંધી પુષ્પોના ઘણા જ હાર પણ પહેરાવ્યા. ॥૧૯॥

ततः स नीराज्य दयानिकेतनं भवार्त्तिहं प्राणभृतां हितेहितम् ।
प्रदक्षणीकृत्य नतीर्व्यधादथो हरीच्छया प्राप समाधिमुत्तमम् ॥२१॥
तदाऽक्षरं धाम ददर्श तत्र सः सुरम्यसिंहासनमद्भुतं ततः ।
अधिष्ठितं श्रीपुरुषोत्तमोत्तमं हरिं च नारायणमादिकारणम् ॥२२॥
विलोक्य तं प्रेमभरातिरंहसा गतस्मृतिः स स्खलिताक्षरं ब्रुवन् ।
मुहुर्त्तमित्थं समभूदमुष्य वै ततो बहिर्दृष्टिमुपागमच्छनैः ॥२३॥
अवेत्य नैजेष्टसुरं परात्परं शुभाक्षरेशं स्मरणीयसद्गतिम् ।
शयद्वयं कुड्मलतां नयन् व्यधात्, स्तुतिं गभीरार्थपदैर्मनोरमैः ॥२४॥
दक्ष उवाच -
निखिलाऽकनिवारणेक्षणं जनताया उरु शर्मकारिणम् ।

પછી તેણે શ્રીહરિની આગળ ચાંદીના રોકડા રૂપિયા એક સો એક પાત્રમાં ભરીને મૂક્યા. અને ઘણા ઉમદા સ્વભાવની, મનના જેવી વેગીલી અને સારી રીતે શણગારેલી એક કીમતી ઘોડી શ્રીહરિને ભેટ આપી. ॥૨૦॥

પછી અપાર દયાળુ, સંસારની પીડાઓને ટાળનારા તથા હરએક પ્રાણીનું હિત કરનારા શ્રીહરિની આરતી ઉતારી. પ્રદક્ષિણા કરીને વારંવાર પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિની ઈચ્છાથી તેને સર્વોત્તમ સમાધિ થઈ. ॥૨૧॥

શેઠ શ્રીડાહ્યાભાઈ એ સમાધિમાં અક્ષરધામ જોયું. તેમાં અદ્‌ભુત અને રમણીય સિંહાસન જોયું. અને તે સિંહાસનમાં સહુના આદિકારણ શ્રીપુરુષોત્તમ-નારાયણ શ્રીહરિ વિરાજ્યા છે આવા દર્શન તેમને થયા. ॥૨૨॥

શ્રીહરિના દર્શન થયા પછી અત્યંત પ્રેમ વિહ્વળતાને લીધે તેને દેહનું ભાન રહ્યું નહિ. ભાંગ્યાં તૂટ્યાં અક્ષરવાળું અવ્યવસ્થિત બોલવા લાગ્યા. લગભગ એક મુહૂર્ત (૪૮ મિનિટ) સુધી તેમને આવું રહ્યું અને પછી ધીમે ધીમે બહાર દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ॥૨૩॥

પર એવા જે અક્ષર, તેનાથી પણ પર, શુભ અક્ષરના પણ અધિપતિ, સંભારવા જેવી છે શુભ ગતિ જેમની, આવા શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ સમજીને તેમની આગળ બન્ને હાથ જોડ્યા અને ગંભીર અર્થવાળા સુંદર શબ્દ બોલીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ॥૨૪॥

શ્રીડાહ્યાભાઈએ કહ્યું, દર્શન માત્રથી જ સહુના દુઃખોનું નિવારણ કરનારા,

मुनिमुक्तसमर्चिताङ्घ्रिकं प्रणतोऽस्म्यक्षरधामनायकम् ॥२५॥
यदपारसुकीर्तिराशिभिः सकलं पूर्त्तिमितं जगत्त्रयम् ।
तमुदारसुशीलशालिनं प्रणतोऽस्म्य° ॥२६॥
अजशङ्करशेषशारदासनकाद्यैर्भुवि मङ्गलाय यः ।
सुजनाय च दर्शितोऽन्वहं प्रणतोऽस्म्य° ॥२७॥
यदनन्तगुणांश्च कीर्तितुं ननु नागेन्द्रमुखा हि सादरम् ।
प्रभवो न भवन्ति सेश्वराः प्रणतोऽस्म्य° ॥२८॥
पवनोऽपि यदाज्ञया समं सततं प्रेरित एव वाति हि ।
जलदोऽम्बु च वर्षति क्षितौ प्रणतोऽस्म्य° ॥२९॥
यदवेक्षणतस्त्विदं जगत्परमेष्ठी सृजतीति सुन्दरम् ।
विविधाऽखिलसत्त्वसम्भृतं प्रणतोऽस्म्य° ॥३०॥
भृकुटीशुभभङ्गवीक्षणान्नु कालोऽपि भयङ्करो द्रुतम् ।
भयमेति मुहुः सुदुःखदः प्रणतोऽस्म्य° ॥३१॥
वयुनाब्धिमतत्प्रशातनं परमाश्चर्यचरित्रकारकम् ।

લોકોને અપાર સુખ આપનારા, સંતો અને મુક્તો જેના ચરણારવિંદની પૂજા કરતા હોય છે, એવા અક્ષરાધિપતિ આપને હું પ્રણામ કરું છું. ॥૨૫॥

જેમના અપાર અને વિશાળ યશ સમુદાયથી આ સંપૂર્ણ ત્રિલોકી ભરી પડી છે. તે આપ શીલ સ્વભાવ ચારિત્ર્યથી અત્યધિક શોભી રહ્યા છો, ॥૨૬॥

બ્રહ્મા, શંકર, શેષ, શારદા અને સનકાદિકોએ આ ભૂમિ ઉપર કલ્યાણ માટે કે સજ્જનતાને માટે જેને નિરંતર દર્શાવ્યા છે, ॥૨૭॥

બ્રહ્માદિ ઈશ્વરોએ સહિત શેષ વગેરે પણ જેના અનંત ગુણોનું વર્ણન કરવા શક્તિમાન નથી. ॥૨૮॥

જેની આજ્ઞાથી પ્રેરાઈને વાયુ પણ એક સરખી રીતે સતત વાય છે, ચાલે છે, અને વરસાદ ભૂમિ ઉપર પાણી વરસાવે છે. ॥૨૯॥

જે આપની દૃષ્ટિથી પ્રેરાઈને બ્રહ્મા અનેક પ્રકારના પ્રાણીઓથી ભરેલા આ સુંદર જગતને સર્જે છે. ॥૩૦॥

જે આપની શુભ ભૃકુટિના ભંગ માત્રથી જ મહાન્ ભયંકર અને વારંવાર

बहुशर्मवहाननेक्षणं प्रणतोऽस्म्य° ॥३२॥
इति सुन्दरषड्भगान्वितं बहुकारुण्यरसार्द्रमानसम् ।
मनसेप्सितसर्वकामदं प्रणतोऽस्म्यक्षरधामनायकम् ॥३३॥
इति सुस्तवनं विधाय सं उरुभाग्यं स्वत आत्मनो विदन् ।
सकलेभ्य उताधिकादरः स च सद्भ्यो वसनानि चार्पयत् ॥३४॥
अथ ततो हरिः स्वीयसंवृतः शुभतमाक्षरं सौधमाययौ ।
परमपावनैरात्मवीक्षणैर्जनगणैनसां नाशतां नयन् ॥३५॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये दक्षाख्यवणिक्कृतश्रीहरिभोजनपूजनस्तुत्यादिनिरूपणं नाम त्रिषष्ट्यधिकशततमोऽध्यायः ॥१६३॥

अथ चतुष्षष्ट्युत्तरशततमोऽध्यायः

चतुष्षष्ट्यधिके शततमे च वृद्धसंज्ञिनः ।

દુઃખદાયી આવો કાળ પણ તુરંત ડરી જાય છે. ॥૩૧॥

આપ જ્ઞાનના સાગર - જ્ઞાન સ્વરૂપ છો, ચેતનાનો ઉચ્છેદ કરનારા નથી, પરમ આશ્ચર્યજનક અનેક પ્રકારના ચરિત્ર કરો છો, આપના મુખના દર્શન પણ ઘણા સુખકારી છે. ॥૩૨॥

આ રીતે આપ ષડૈશ્વર્યથી સંપન્ન છો, આપનું હૃદય કરુણારસથી ભીનું છે. આપ ભક્તોએ મનમાં કરેલા સર્વ મનોરથોને પૂરા કરો છો. તે આપ અક્ષરાધિપતિને હું નિરંતર પ્રણામ કરું છું. ॥૩૩॥

ભક્ત શેઠ શ્રીડાહ્યાભાઈએ પોતાને મહાન્ ભાગ્યશાળી માનીને શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરી. પછી અધિક આદરભાવવાળા તે ભક્તે સર્વ સંતો વગેરેને વસ્ત્ર અર્પણ કર્યા. ॥૩૪॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૩ સમાપ્ત

અધ્યાય-૧૬૪

विप्रस्य स्वर्णकाराणां गृहानगाद्धरिर्मुदा ॥

श्रीचैतन्यानन्द उवाच -

एकदा श्रीहरी राजन् ! विप्रस्य वृद्धसंज्ञिनः ।
गृहानभ्याययौ तेन प्रार्थितोऽयं ज्वरार्तिना ॥१॥
तथा तस्य पितुः श्राद्धे भुक्त्यर्थं तेन तत्र यत् ।
निजैः सार्द्धं गतं तेन ब्रुवे तच्छृणु चादरात् ॥२॥
तदाऽब्रवीद्धर्मसुतः शुभं वचः समस्तसाक्षी फलदो हि कर्मणाम् ।
स्मितैर्निजास्यद्युतिसंभवैर्विधोर्विलज्जयन् मण्डलमण्डनच्छविम् ॥३॥
असौ हि वैरोचनिरेव सद्‌गुण उदारचेता मम तोषणोत्सुकः ।
मदीयसंसर्गमिहाप्तुमीहितोऽभवद्बलिर्दक्षतनूधरोऽधुना ॥४॥

ગઢપુરમાં શ્રીડોસાભક્ત અને બીજા કેટલાક સોની વગેરે ભક્તોને ઘેર પધરામણી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે રાજન્ ! ગઢપુરમાં શ્રીડોસાભાઈ નામે એક બ્રાહ્મણ રહેતા હતા. તેને એક વખત ઘણો તાવ આવ્યો હતો. ''મને દર્શન આપવા પધારો'' આમ તેણે પ્રાર્થના કહેવડાવી ત્યારે શ્રીહરિ દર્શન દેવા તેને ઘેર પધાર્યા હતા. ॥૧॥

તે પ્રમાણે જ એક વખત તેના પિતાના શ્રાદ્ધમાં તેણે શ્રીહરિને પોતાને ઘેર થાળ-રસોઈ જમવા બોલાવ્યા હતા ત્યારે પણ શ્રીહરિ પોતાના આશ્રિત સંતો વગેરેની સાથે ત્યાં તેને ઘેર પધાર્યા હતા. તે વખતે શ્રીહરિએ જે વાત કહી હતી તે હું અત્યારે તમને કહું છું તમે આદરભાવથી સાંભળો. ॥૨॥

ધર્મપુત્ર શ્રીહરિ સર્વના સાક્ષી છે. અને સર્વ કર્મના ફલપ્રદાતા છે. પોતાના મુખની આભા સાથે પ્રકટ થયેલ મધુર હાસ્યથી, ચંદ્રમાની તારામંડળને શોભાડતી કાંતિને ઝાંખી પાડી દેતા શ્રીહરિએ તે ડોસા વિપ્રની આગળ તે સમયે શુભ વચન કહ્યું, ॥૩॥

''આ શ્રીડોસા વિપ્ર વિરોચનના પુત્ર બલિ છે, સદ્‌ગુણ સંપન્ન છે, દિલના ઉદાર છે અને મને રાજી કરવામાં ઉત્સાહી છે. આ ભૂમિ ઉપર મારો સંબંધ પામવાને માટે તેઓને સંકલ્પ રહેતો હતો, તેથી અત્યારે આ કુશળ બ્રાહ્મણના શરીરમાં જન્મ્યા

इतीशितू रम्यसुधास्त्रवद्वचः निपीय तत्रत्यजनाः सविस्मयाः ।
प्रपेदिरे मोदमदभ्रसौख्यिनस्तदाननाबद्धविलोचनोत्पलाः ॥५॥
कदाचिद्वृद्धसंज्ञस्य ज्वरपीडाऽभवत्तनौ !
तदानीमन्तरे धार्मेर्दिदृक्षा ज्यायसी नृप ! ॥६॥
हरजीवननामानं सोदरं स्वीयमब्रवीत् ।
यतो ह्यस्मत्पितुः श्राद्धमस्त्यत्राह्नि ततो बुध ! ॥७॥
पायसान्नमुखान्यादौ श्राद्धोपयूञ्जि यानि च ।
भोज्यानि कारय श्रीमन् ! भोक्तुं धार्मेश्च तत्सताम् ॥८॥
विधाप्याऽथो स भोज्यानि गत्वेशनिकटं द्रुतम् ।
दण्डवत् प्रणतीः कृत्वा स प्रोचे श्रीहरिं वचः ॥९॥
स्वामिन् भ्रातुर्ममास्तीश ! ज्यायसी ज्वरवेदना ।
अतोऽस्मै स्वेक्षणं दातुं गम्यतां मद्‌गृहं लघु ॥१०॥
स्थालं मे कारितं तत्र भोक्तुं ते प्रीतिपूरकम् ।

છે.'' ॥૪॥

પરમેશ્વર શ્રીહરિનું રમણીય અને અમૃત ઝરતું વચન સાંભળીને ત્યાં રહેતા ભક્તો વિસ્મિત થયા. શ્રીહરિના મુખારવિંદ સામે નજર કરીને અત્યંત સુખ માનનારા તે ભક્તો તે વખતે અત્યંત આનંદિત થયા. ॥૫॥

વિપ્ર ડોસા ભક્તને કોઈ વખત શરીરે ઘણો તાવ આવ્યો. હે નૃપ ! ત્યારે તેમના મનમાં શ્રીહરિના દર્શન કરવાની ઘણી જ ઈચ્છા થઈ. ॥૬॥

પછી તેણે પોતાના સગા ભાઈ શ્રીહરજીવન હરિભાઈને કહ્યું. હે બુધ ! આજે આપણા પિતાજીનો શ્રાદ્ધ દિવસ છે. ॥૭॥

માટે આજ પ્રથમ દૂધપાક વગેરે શ્રાદ્ધમાં ઉપયોગી સામાન સત્વરે તૈયાર કરાવો. હે ધીમન્ ! ધર્મપુત્ર શ્રીહરિ તથા તેમના સંતો વગેરેને માટે ભોજન પણ તૈયાર કરાવો. ॥૮॥

પછી તેણે થાળ-રસોઈ અને બધી સામગ્રી તૈયાર કરી,પછી તુરંત શ્રીહરિની પાસે ગયા. દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને કહ્યું. ॥૯॥

હે સ્વામિન્ ! હે ઈશ ! મારા ભાઈને તાવ ખૂબ જ આવ્યો છે. તો તેમને

सदादीनां च तृप्त्यर्थं क्रियते पाकसंविधाः ॥११॥
आकर्ण्याऽथो हरिस्तस्य वाक्यं प्रोचे स तं ततः ।
यास्यामि त्वद्गृहं तूर्णमादौ ते गम्यतां द्विज ! ॥१२॥
ततो गत्वा निजावासं भ्रात्रे स्वीयाय सोऽवदत् ।
आयातीशो गृहं नौ वै दातुं ते स्वीयवीक्षणम् ॥१३॥
संनिशम्य वचनं ततोऽस्य स प्रेमनिर्भरहृदांम्बुजाकृतिः ।
सङ्गतानिव तनूर्निजानसून् प्रेम माति न तनौ ततोऽद्रवत् ॥१४॥
श्रीहरिः स्वमुनिवर्णिपार्षदैः सज्ज आस तत आसुमालयम् ।
वाजिनं द्रुतगतिं ततोऽनयद्, आरुरोह लघुविक्रमोऽच्युतः ॥१५॥
छत्रचामरधरैः पदातिभिस्तालपत्रजमणींद्रगुम्फितैः ।
वीजनैश्च परिसेवितो मुदा संचचाल शमयञ्जनार्त्तिताम् ॥१६॥

દર્શન આપવા માટે અમારે ઘેર જલદી પધારો. ॥૧૦॥

ત્યાં આપને જમવા માટે થાળ મેં ઘણા હેતથી કરાવ્યો છે અને સંતો વગેરેને જમવા માટે પણ રસોઇની સગવડતા કરી છે. ॥૧૧॥

તેની વાત સાંભળ્યા પછી શ્રીહરિએ તેને કહ્યું કે હું તુરંત તમારે ઘેર આવું છું પણ હે દ્વિજ ! તમે પહેલા આગળ ઘેર જાઓ. ॥૧૨॥

પછી તે અગાઉ ઘેર ગયા અને પોતાના ભાઇને કહ્યું કે તમને દર્શન દેવા માટે પરમેશ્વર શ્રીહરિ આપણે ઘેર પધારે છે. ॥૧૩॥

શ્રીડોસા વિપ્રે પોતાના ભાઇએ કહેલું વચન જ્યારે સાંભળ્યું ત્યારે તેનું હૃદય કમળ અને બાહ્ય આકાર પ્રેમથી ભરાઇ ગયા. શરીરમાં નવા પ્રાણ આવ્યા હોય તેમ તેનો પ્રેમ શરીરમાં સમાઇ શક્યો નહિ. તેથી ઊભરાઇ ગયો અર્થાત્ તે ગદ્ગદ થઇ ગયા. ॥૧૪॥

આ તરફ શ્રીહરિ શ્રીડોસા વિપ્રને ઘેર જવા માટે પોતાના સંતો, વર્ણીઓ અને પાર્ષદોની સાથે તૈયાર થઇ ગયા. ઝડપથી ચાલનારો ઘોડો લીધો. ચપળ ગતિવાળા નિર્વિકારી શ્રીહરિ ઘોડે સવાર થયા. ॥૧૫॥

પાર્ષદોએ શ્રીહરિના ઉપર છત્ર રાખ્યું હતું. બન્ને બાજુ ચામર ધાર પાર્ષદ પણ હતા. કોઇ સેવક રત્નજડિત તાડપત્રના વીંજણા લઇને શ્રીહરિને પ્રેમથી પવન ઢોળતા હતા. ત્યારે જનતાની પીડાઓને શમાવતા શ્રીહરિ રસ્તામાં ચાલતા થયા.

स्वीयदृष्टिसुसुधाझरीभवैर्लोकनैस्तनुभृतः प्रपोषयन् ।
वृद्धसंज्ञिन इयाय मन्दिरं वाञ्छितस्त्विव मनोरथो निजः ॥१७॥
आगतं हि सविधिं समेत्य स उत्थितो हरिमपश्यदुत्सुकः ।
प्रेमजातनयनाश्रुसंहतिः पादपद्मयुगलेऽपतद्धरेः ॥१८॥
उत्थितं हरिरचीकरत् स तं तन्मुखं प्रति विलोचने निजे ।
संविधाय करुणार्द्रमानसस्तं ददर्श घटिकार्द्धकं ततः ॥१९॥
सङ्गमिष्यति तव ज्यमथा स्वस्थतामलमवाप्ससि द्रुतम् ।
इत्युवाच वचनं हरिस्ततो मन्दहासविलसन्मुखाम्बुजः ॥२०॥
धर्मभूस्तस्य पृष्ठेऽथो आस्फाल्य स्वीयपाणिना ।
काचिच्चिन्ता न ते कार्या हसन्नित्याह तं वचः ॥२१॥
पादपद्मे निजे धार्मिस्तस्य हृत्पङ्कजे न्यधात् ।
भोक्तुं सम्प्रार्थितः सोऽथ बाढमित्याह तं हरिः ॥२२॥

॥૧૬॥

પોતાની અમૃત વરસાવતી દૃષ્ટિથી જોઇને લોકોનું પોષણ પરિવર્ધન કરતા શ્રીહરિ ડોસા ભક્તે કલ્પેલો પોતાનો મૂર્તિમાન મનોરથ હોય તેમ તેને ઘેર પધાર્યા. ॥૧૭॥

જ્યારે શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તે ઉત્સાહી વિપ્ર ઊભા થયા અને શ્રીહરિના દર્શન કર્યા. આંખોમાં પ્રેમના આંસુઓ ઊભરાયા. અને શ્રીહરિના બન્ને ચરણ કમળ આગળ નમી પડ્યા. ॥૧૮॥

શ્રીહરિએ તેને ઉઠાડ્યા. તેના મુખ સામી દૃષ્ટિ કરી. શ્રીહરિનું મન કરુણાથી દ્રવિત થઇ ગયું. અને દસ બાર મિનિટ સુધી તેની સામે જોઇ રહ્યા. ॥૧૯॥

"મંદ મધુર હાસ્યથી જેનું મુખ કમળ શોભી રહ્યું છે. આવા શ્રીહરિએ તેમને વચન કહ્યું કે "હવે તમારો તાવ ઊતરી જશે અને તમે જલદી એકદમ સાજા થઇ જશો" ॥૨૦॥

ધર્મપુત્ર શ્રીહરિએ પોતાના હાથથી તેનો વાંસો થાબડ્યો. અને બોલ્યા કે હવે કાંઇ ચિંતા કરશો નહિ. ॥૨૧॥

ધર્મનંદન શ્રીહરિએ તેની છાતીએ પોતાના ચરણારવિંદ ચાંપ્યા. પછી તે

ततश्च श्रीहरिं राजन् ! हरजीवनसंज्ञितः ।
उष्णोदैः स्नपयामास स कृत्वोद्वर्तनं मुदा ॥२३॥
ततोऽसौ श्रीहरेरङ्गं प्रमार्ज्यशुभवाससा ।
रुक्मगुणयुतप्रान्तं पीताम्बरं न्यधारयत् ॥२४॥
तादृशं चोत्तरासङ्गं न्यदादीशाय स द्विजः ।
पादुके सुन्दरे प्रीत्या न्यधादस्येशितुः पुरः ॥२५॥
पादाम्भोजेऽथ ते रम्ये परिधाय हरिस्ततः ।
चट्चटपादुकाशब्दो भुक्तिस्थानं नृपाऽऽययौ ॥२६॥
पट्टेऽसौ सुन्दरे तत्र न्यषीदत्पूर्वदिङ्मुखः ।
अन्नैश्चतुर्विधैः पूर्णं स्थालं तत्राऽनयच्छुचिः ॥२७॥
शास्त्रीयं स विधायादौ विधानं धर्मधारकः ।
बुभुजे तानि चान्नानि श्लाघयन् पाककारिणः ॥२८॥
भुक्त्वाऽथो चुलुकीकृत्य वक्त्रशुद्धिं विधाय च ।
न्यपादम्भो मुखवासं सादरं सोऽगृहीत्ततः ॥२९॥

विप्रे थाळ जमवा माटे प्रार्थना करी त्यारे श्रीहरिए 'हा' कही. ॥२२॥

हे राजन् ! पछी श्रीहरजीवनभाईए श्रीहरिना अंगे सुगंधी चूर्ण चोळीने गरम जळथी स्नान कराव्युं. ॥२३॥

अने सुंवाळा सारा वस्त्रथी शरीर कोरुं कराव्युं. पछी छेडे सोनेरी तारवाळुं रेशमी पीतांबर पहेराव्युं. ॥२४॥

पछी ते विप्रे श्रीहरिने तेवो ज बीजो खेस आप्यो. त्यारबाद श्रीहरिनी आगळ तेणे प्रेमथी सुंदर चाखडीओ मूकी. ॥२५॥

हे नृप ! पछी श्रीहरिए चरणोमां चाखडीओ पहेरी. अने तेनो चटाक् चटाक् अवाज करता तेओ जमवा माटे रसोडे पधार्या. ॥२६॥

त्यां सुंदर बाजोठ उपर पूर्वमुखे जमवा विराज्या. पछी ते पवित्र विप्र चार प्रकारना भोजनोथी पूरेलो थाळ त्यां लाव्या. ॥२७॥

धर्मधारक श्रीहरिए प्रथम वैश्वदेव आदि शास्त्रीय विधि करी. अने पछी रसोई बनावनाराना प्रशंसा करतां करतां ते सुंदर थाळ जम्या. ॥२८॥

ततः सद्वर्णिपद्गानां पङ्क्तिषु परिवेषणम् ।
विधाप्य सुहितान् सर्वान् कारयामास सादरम् ॥३०॥
ततस्तेनार्चितस्तस्मादारुह्याऽश्वं मनोजवम् ।
निकेतं स्वीयमागच्छन्नात्मीयैः सेवितः पथि ॥३१॥
ततो योगेश्वराख्येन विप्रेणाभ्यर्थितो हरिः ।
गेहं गत्वा ततः स्थित्वा पूजितः स न्यवर्त्तत ॥३२॥
ततः स हेमकारेण लुनाख्येनाऽर्थितो विभुः ।
गत्वा तस्य गृहं स्वामी न्यषीदत्सुन्दराऽऽसने ॥३३॥
तेन नानाविधैर्द्रव्यैरर्चितो भूरिभक्तितः ।
राजतीयां शुभां चादाद्धरये वाटिकां स च ॥३४॥
तत उत्थाय स श्रीमांस्तद्भ्रातुर्गेहमाययौ ।
न्यषीदच्चासने रम्ये भक्तसूराभिधस्ततः ॥३५॥

जमीने चळुं कर्युं. मुख शुद्धि करी. जळपान कर्युं अने पछी आदरे सहित मुखवास लीधो. ॥२९॥

पछी श्रीहरिए साधु, ब्रह्मचारी अने पार्षदोनी पंगतमां पिरसावीने सहुने आदर साथे सारी रीते तृप्त कर्या. ॥३०॥

पछी ते विप्रे पूजेला श्रीहरि मनोवेगी अश्व उपर सवार थईने त्यांथी पोताने निवास स्थाने अक्षरभवन आववा चालता थया. रस्तामां भक्तो छत्र चामरादिथी सेवा करी रह्या हता. ॥३१॥

त्यारे रस्तामां एक योगेश्वर नामना विप्रे पोताने घेर पधरामणी करवा श्रीहरिनी प्रार्थना करी, श्रीहरि तेने घेर पधार्या. थोडीवार त्यां रह्या. तेणे श्रीहरिनी पूजा करी अने श्रीहरि त्यांथी ऊभा थईने पाछा चाल्या. ॥३२॥

पछी लूणाभाई नामे सोनीए प्रार्थना करी, तेथी महासमर्थ श्रीहरि तेने घेर पधार्या अने सुंदर आसन उपर विराज्या. ॥३३॥

तेणे भक्तिभाव सहित अनेक उपचारोथी श्रीहरिनी पूजा करी अने एक सुंदर शुभ चांदीनी वाटकी श्रीहरिने अर्पण करी. ॥३४॥

अपार शोभा संपन्न श्रीहरि त्यांथी ऊठीने तेना भाई श्रीसूराभाईने घेर

तदर्हां सोऽकरोत्प्रीत्या तस्य भ्राता यथा व्यधात् ।
उदतिष्ठत्ततो धार्मिर्नक्तकं चालयन् करे ॥३६॥
वालारयाभिधस्यागात्तद्भ्रातुरालयं हरिः ।
ततस्तेनार्चितो द्रव्यैर्नानाविधैः शुभैर्नृप ! ॥३७॥
सोदरैस्तैस्त्रिभिः पूजा कारिता स्वीयबालकैः ।
तेषां केषु ततः स्वीयं पाणिपद्मं न्यधाद्धरिः ॥३८॥
तेषां तु जननी राजन् देवीभक्ता दुराशया ।
न सेहे साऽऽगमं भूम्नो दुःशीला पापकारिणी ॥३९॥
ततः सर्वेश्वरः स्वामी तस्यै स दर्शयन् परम् ।
निजैश्वर्यं दयासिन्धुर्देवीरू पं व्यदीदृशत् ॥४०॥
देवीं सा पुरतो धार्मेः कुर्वाणां लास्यमद्भुतम् ।
वीक्ष्य तूर्णं हरेः पादौ जग्राहोत्सुकमानसा ॥४१॥
ततोऽस्यै सोऽभयं दत्वा विधाप्यात्मीयसंश्रयम् ।

पधार्या. અને સુંદર આસન ઉપર વિરાજમાન થયા. પછી તે ભક્ત સૂરાભાઇએ પોતાના ભાઇની જેમ જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. પછી હાથમાં રાખેલા રૂમાલને હલાવતા હલાવતા શ્રીહરિ ત્યાંથી ઊભા થયા. ॥૩૫-૩૬॥

પછી શ્રીહરિ તેના બીજા એક ભાઇ વાલેરાને ઘેર પધાર્યા. હે નૃપ ! તેણે પણ અનેક જાતના શુભ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ॥૩૭॥

આ સોની ત્રણેય ભાઇઓએ પોતાના બાળકોને હાથે શ્રીહરિની પૂજા કરાવી હતી. તેમાં કેટલાકના માથે શ્રીહરિએ પોતાનો કરકમળ મૂક્યો હતો. ॥૩૮॥

હે રાજન્ ! આ સોની ત્રણેય ભાઇઓની મા મેલા મનવાળી અને દેવીની ભક્ત હતી, તે સ્વભાવની ને ખરાબ અને પાપી હતી. શ્રીહરિ તેના પુત્રોને ઘેર પધાર્યા, તે તેનાથી સહન થયું નહિ. ॥૩૯॥

દયાસિંધુ અને સર્વેશ્વર શ્રીહરિએ તેને પોતાનું સર્વોત્તમ ઐશ્વર્ય બતાવવા માટે દેવીરૂપના દર્શન કરાવ્યા. ॥૪૦॥

તેણે ધર્મપુત્ર શ્રીહરિની આગળ દેવીને અદ્ભુત નૃત્ય કરતા દેખ્યા, તેથી મનમાં ઉત્સાહિત થઇને શ્રીહરિના ચરણ પકડ્યા. ॥૪૧॥

तया स पूजितोऽगच्छद्राजमार्गं ततो हरिः ॥४२॥
ततः शोण्डाख्यभक्तेन राजगुरु कुलोद्भवा ।
प्रार्थितस्तस्य सोऽगच्छन्निकेतं पुण्यकारिणः ॥४३॥
स सेवां श्रीहरेश्चक्रे शोण्डाख्यो भूरिभावतः ।
मूलाख्यो बान्धवस्तस्य तद्वदर्हां हरेर्व्यधात् ॥४४॥
तयोर्मूर्ध्नोर्न्यधात्स्वीये पाणिपद्मे भयेच्छिदी ।
उत्थायाऽतो भगाभिख्यहेमकारास्पदं ययौ ॥४५॥
तेन सम्पूजितो भक्त्या ततस्तु श्रीहरिः स्वयम् ।
ज्येष्ठेन हेमकारेण संवादं सोऽप्यकारयत् ॥४६॥
तस्मिन्नानाविधैर्नर्मसंलापैर्हासयन् विभुम् ।
मुहूर्तं चक्रतुः सौम्यौ प्रगल्भौ मर्मवेदिनौ ॥४७॥
ततः प्रसन्नवक्त्राम्भोरु हः स मस्तके तयोः ।
न्यधाद्धस्ताम्बुजं दिव्यं सर्वार्त्तिव्रातभञ्जनम् ॥४८॥

શ્રીહરિએ તેને અભયદાન કર્યું. તેને પોતાનો આશરો કરાવ્યો. તે સ્ત્રીએ શ્રીહરિની પૂજા કરી અને પછી શ્રીહરિ ત્યાંથી ઊઠીને રાજમાર્ગ ઉપર પધાર્યા. ॥૪૨॥

સોંડાભાઇ નામે રાજ્યગુરુ હરિભક્તે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરવા માટે પ્રાર્થના કરી, ત્યારે પ્રભુ શ્રીહરિ તે પુણ્યશાળીને ઘેર પધાર્યા. ॥૪૩॥

ત્યાં તે સોંડા ભક્તે ખૂબ જ ભક્તિભાવથી શ્રીહરિની સેવા કરી અને મૂળજી નામે તેના ભાઇએ પણ સોંડા ભક્તની જેમ શ્રીહરિની પૂજા કરી. ॥૪૪॥

પછી શ્રીહરિએ સર્વપ્રકારના ભયને ટાળનારા પોતાના બંને હસ્તકમળ તે બન્ને ભાઇના માથે મૂક્યા. પછી ત્યાંથી ઊઠીને શ્રીભગુભાઇ સોનીને ઘેર પધાર્યા. ॥૪૫॥

તેણે ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. તે પછી શ્રીહરિએ શ્રીજેઠાભાઇ સોનીની સાથે પ્રશ્નોત્તર કરાવ્યા. ॥૪૬॥

શ્રીભગુભાઇ અને શ્રીજેઠાભાઇ, આ બન્ને સોની ભક્તો શાંત, પ્રગલ્ભ અને મર્મવાતને સમજનારા હતા. તેથી તેમણે અનેક પ્રકારની મર્મભરી વાતો કરીને શ્રીહરિને બે ઘડી સુધી હસાવ્યા. ॥૪૭॥

उत्थायाऽथो हरिस्तस्माज्जीवाख्यभक्तमन्दिरम् ।
आययौ प्रार्थितो भूमा स्वकीयैः संवृतो नृप ! ।।४९।।
गोपज्ञातीयभक्तेन द्रव्यैर्नानाविधैर्मुदा ।
पूजितो निर्ययौ तस्माञ्चालयन्नक्तकं करे ।।५०।।
ततो मौनाख्यभक्तस्य ह वैराख्यस्य केतने ।
अभ्यागच्छद्दयासिन्धुर्दर्शयन्भक्तवश्यताम् ।।५१।।
ततस्तौ सादरौ भक्त्या द्रव्यैर्नानाविधैर्वरैः ।
सपर्यां चक्रतुर्धृत्या श्रीहरेः प्राणिसाक्षिणः ।।५२।।
ततस्तं तौ नमांसीशं कुर्वाणौ मानवर्जितौ ।
तावूचे सुन्दरं वाक्यं कुर्वन्नाट्यं नरोपमम् ।।५३।।
अस्मदर्थं च युष्मद्भ्यामौषधं दत्तमुत्तमम् ।
तेन मे सकला शान्तिर्निर्वृतिं समगादद्भुतम् ।।५४।।

શ્રીહરિનું મુખ કમળ પ્રસન્ન હતું. તેમણે સમગ્ર પીડાઓના સમુદાયનો નાશ કરનારો પોતાનો દિવ્ય કરકમળ તે બન્ને ભાઈઓના મસ્તક ઉપર મૂક્યો. ।।૪૮।।

હે નૃપ ! સર્વથી મહાન્ આવા શ્રીહરિ ત્યાંથી ઊભા થયા. અને શ્રી જીવાભક્તે પ્રાર્થના કરી હોવાથી પોતાના પાર્ષદોની સાથે તે શ્રીજીવાભક્તને ઘેર પધાર્યા. ।।૪૯।।

તે ગોવાળ જ્ઞાતિના ભક્તે અનેક પદાર્થ અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી. પછી હાથમાં રૂમાલ ફેરવતા શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ।।૫૦।।

પછી શ્રીમોનાભાઈ અને શ્રીવેરાભાઈ નામે બે ભક્ત હતા તેને ઘેર પધાર્યા. અને દયાસિંધુ શ્રીહરિએ ભક્તવશ્યપણું બતાવ્યું. ।।૫૧।।

પછી તે બન્ને ભાઈઓએ અનેક પ્રકારના સર્વોત્તમ ઉપચાર લીધા. અને પછી પ્રાણિમાત્રના સાક્ષી આવા શ્રીહરિની પૂજા ભક્તિભાવથી ધીરજપૂર્વક કરી. ।।૫૨।।

તે બન્ને નિર્માની ભક્તોએ શ્રીહરિને પ્રણામ કર્યા. ત્યારે મનુષ્યલીલા કરતા શ્રીહરિએ તે બન્નેને એક સુંદર વચન કહ્યું. ।।૫૩।।

इत्थं तौ लौकिकैर्वाक्यैहर्षयन्नीश्वरः स्वयम् ।
स्वेच्छोपात्ताऽऽकृतिर्भूमा सुखीनीर्जनता व्यधात् ।।५५।।
वशे यस्याऽपि वर्तन्ते कालमायादयः सदा ।
शेषब्रह्मेश्वराद्या वै हरन्ति बलिमन्वहम् ।।५६।।
तस्येदं भाषणं राजञ्छमार्थं केवलं नृणाम् ।
इत्थं जानीहि सद्भर्त्तुश्चरितं तव मानसे ।।५७।।
अथाऽच्युतो निजजनसंवृतः समासदत्स्वकशुभसौधमक्षरम् ।
जनव्रजैरपचितपादपल्लवो हरन्नृणामघगणमात्मलोकनैः ।।५८।।

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये भक्तजनकृतश्रीहरिभोजनपूजनादिनिरू पणं नाम चतुष्ष-ष्ट्यधिकशततमोऽध्यायः ।।१६४।।

તમે બન્નેએ મારે માટે ઘણી સારી દવા આપી હતી. તેનાથી મને તત્કાળ બધી રીતે શાંતિ અને સુખ થયું છે. ।।૫૪।।

સ્વયં પરમેશ્વર શ્રીહરિએ આ પ્રમાણેના લોક વાક્યો કહીને તેમને રાજી કર્યા. ભગવાન્ શ્રીહરિ તો ભૂમા - અતિ મહાન્ છે, સ્વેચ્છાથી માનવરૂપે પ્રકટ્યા હતા અને જન સમુદાયને સુખી કરી રહ્યા હતા. ।।૫૫।।

કાળ અને માયા આદિ - નિરંતર જેને વશ રહે છે. શેષ, બ્રહ્મા અને શંકર ઈત્યાદિક જેને નિરંતર પૂજા અર્પણ કરે છે. ।।૫૬।।

હે રાજન્ ! તે પરમેશ્વર આવું જે બોલે, તે તો કેવળ મનુષ્યોને શાંતિ કે સુખ આપવા માટે છે. માટે તમારે તેને પોતાના મનમાં સત્પતિ શ્રીહરિનું શુભ ચરિત્ર જાણવું. ।।૫૭।।

પછી નિર્વિકારી પ્રભુ શ્રીહરિ પોતાના પાર્ષદ આદિ સેવકોની સાથે પોતાને અક્ષરભવને પધાર્યા. રસ્તામાં જનસમૂહો શ્રીહરિના ચરણ પલ્લવની પૂજા કરતા હતા, અને સ્વયં તેના ઉપર દયાપૂર્ણ દૃષ્ટિ કરીને તેમના પાપપુંજને નષ્ટ કરતા હતા. ।।૫૮।।

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૪ સમાપ્ત

अथ पञ्चषष्ठ्युत्तरशततमोऽध्यायः

पञ्चषष्ट्यधिके शततमे श्रीहरिराययौ ।

व्याघ्रजिल्लोहकारस्य गेहं प्रीतः सुसेवया ॥

श्रीचैतन्यानन्द उवाच -

एकदा श्रीहरिर्भूप ! व्याघ्रजित्संज्ञिनार्थितः ।
भक्तेन शुद्धभावेन स्वीये भोजयितुं गृहे ॥१॥
योऽसौ निवासितः पूर्वं हरिणा कष्टहारिणा ।
गृहमन्नादिसंदाप्य गेहोपकरणानि च ॥२॥

श्रीशुकानन्द उवाच -

एवं तस्य वचो निशम्य नृपतिर्नंनम्यमानः स तं,
भूयोऽपृच्छदमुं मुनिं विविदिषन् गाथां हरेरादरात् ॥
येनैनं शुभ हेतुनाऽत्र नगरे माण्डव्यधारात्पुरा
प्रीत्याऽऽवासितवान् हरिस्तदखिलं त्वं ब्रूहि मे सादरम् ॥३॥

श्रीचैतन्यानन्द उवाच -

क्रियमाणे यदा गोपीनाथस्य मन्दिरे शुभे ।

अध्याय-१६५

लुहार श्रीवाघजी ભક્ત વગેરેને ઘેર પધરામણી

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, હે ભૂપ ! એક વખત શુદ્ધ ભાવનાવાળા શ્રીવાઘજીભાઈ નામે એક લુહાર સત્સંગી હતા તેણે શ્રીહરિની ''મારે ઘેર થાળ જમવા પધારો'' આવી પ્રાર્થના કરી. ।।૧।।

સમગ્ર કષ્ટને હરનારા શ્રીહરિએ પહેલા આ શ્રીવાઘજીભાઈને અનાજ, ઘર અને બધી ઘરવખરી આપીને ગઢપુરમાં વસાવ્યા હતા. ।।૨।।

શ્રીશુકાનંદ સ્વામીએ કહ્યું, શ્રીચૈતન્યાનંદ સ્વામીના વચનને સાંભળીને દરબાર શ્રીઅમરાખાચરે તેમને વારંવાર પ્રણામ કર્યા. અને શ્રીહરિની ચરિત્ર કથા જાણવા ચાહતા તેમણે તે સ્વામીને ફરીવાર પ્રશ્ન કર્યો. ''હે મુનિવર્ય ! આ શ્રીવાઘજીભાઈને શ્રીહરિએ પહેલા માંડવધારથી પ્રેમપૂર્વક ગઢપુર બોલાવીને જે શુભ હેતુથી વસાવ્યા હતા તે બધી કથા મને આદર સાથે કહી સંભળાવો. ।।૩।।

શ્રીચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, સર્વનિયામક અને પ્રાણિમાત્રના મિત્ર શ્રીહરિ, ભક્તોના ઉપર વાત્સલ્યભાવમાં તો સાગર જેવા છે. તેમણે જ્યારે અહીંયાં ગઢપુરમાં

ईशित्रा प्राणिमित्रेण भक्तवात्सल्यवार्धिना ॥४॥
अत्रत्यो लोहकारस्तु टंकानां तेजनं तदा ।
न ह्यकार्षीत्स दुर्बुद्धिर्दुःशीलं कर्मणा गतः ॥५॥
तदा माण्डव्यधारेऽथो पार्षदैर्गमनागमान् ।
संञ्चक्रुष्टंकशुद्ध्यर्थं व्याघ्रजिल्लोहकृद्गृहम् ॥६॥
मुहुशो गमनं तेषां प्रति माण्डव्यधारकम् ।
दयालुर्मानसे स्वीयेऽचिन्तयद्घटिकाद्वयम् ॥७॥
केनोपायेन पद्गानां निर्वृतिर्मे कथं भवेत् ।
इत्थं मीमांसमानोऽसौ निश्चयं प्राप सत्पतिः ॥८॥
आनयिष्ये किलाऽत्राऽहं व्याघ्रजिल्लोहकारकम् ।
निश्चित्येत्थं ततोऽस्माकमिष्टदेवो हरिः स्वयम् ॥९॥
तत आहूय तातं ते मन्त्रयित्वाऽथ तेन सः ।
माण्डव्यधारतस्तूर्णं व्याघ्रजितं ह्यजूहवत् ॥१०॥
तत आगत्य स श्रीशं नत्वा स्तुत्वा तदग्रतः ।

શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવવું શરૂ કર્યું, ત્યારે પથ્થર ઘડવા માટે ટાંકણાના પાના કઢાવવાની જરૂર પડી. અહીંનો લુહાર થોડો દુર્બુદ્ધિ અને કર્મે કરીને દુરાચારી થઈ ગયો હતો, તેથી તેણે ટાંકણાના પાના કાઢી આપવાની ના કહી. ।।૪-૫।।

તેથી રોજ ગઢપુરથી માંડવધાર શ્રીવાઘજી લુહારને ઘેર ટાંકણાંના પાના કઢાવવા માટે પાર્ષદોને જવું - આવવું પડતું હતું. ।।૬।।

પાર્ષદોએ વારંવાર માંડવધાર દોડીને જવું પડતું હતું તેને દયાળુ શ્રીહરિ પોતાના મનમાં બે ઘડી વિચારી રહ્યા. ।।૭।।

''કેમ કરીએ તો મારા પાર્ષદોને આ દોડાદોડથી નિવૃત્તિ મળે અને શાંતિ થાય'' આ બાબત વિચાર કરતા કરતા સત્પતિ શ્રીહરિએ મનમાં એક નિર્ણય કર્યો. ।।૮।।

આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ એમ નિશ્ચય કર્યો કે ''શ્રીવાઘજી લુહારને માંડવધાર ગામથી કાયમને માટે ગઢડા તેડી લાવીએ.'' ।।૯।।

પછી તમારા પિતા શ્રીદાદાખાચરને બોલાવ્યા અને તેમની સાથે વિચાર - વિમર્શ કર્યો અને માંડવધાર ગામથી શ્રીવાઘજી લુહારને કાયમને માટે ગઢપુર રહેવા બોલાવ્યા. ।।૧૦।।

बद्धाञ्जलिपुटस्तस्थौ पश्यंस्तद्वक्त्रपङ्कजम् ॥११॥
स तं प्रोचे ततो धार्मिः कुर्वत्र त्वं निवासनम् ।
अहं संभावयिष्यामि वासोन्नाद्यैर्निरन्तरम् ॥१२॥
तथेति व्याघ्रजित्संज्ञो लोहकारोऽब्रवीद्विभुम् ।
उषित्वाऽत्र ततो गोपीनाथस्य सेवनं व्यधात् ॥१३॥
इत्थं जातं पुरा वृत्तं प्रोक्तं ते भूपसत्तम ! ।
तुभ्यं प्रासङ्गिकं वच्मि शृणु त्वं स्वस्थमानसः ॥१४॥
स्वीयैर्युक्तस्ततो धार्मिरारुह्याश्वं मनोरमम् ।
सुधार्द्रैर्लोकनैः स्वीयैर्हरंस्तापं नृणामिह ॥१५॥
ततोऽस्य गेहमासाद्य रचिते सुन्दरासने ।
न्यषीदत् पूर्वदिग्वक्त्रः पञ्चार्द्रीकृत्य सत्पतिः ॥१६॥
ततोऽसौ भावुको भक्तः पर्पिकापिण्डकादिभिः ।
रसालादिफलैः पूर्णं स्थालं तत्राऽऽनयच्छुचिः ॥१७॥
भुक्त्वाऽथो पर्पिकादीनि फलानि च ततो हरिः ।

પછી તે માંડવધારથી ગઢપુર આવ્યા. લક્ષ્મીપતિ શ્રીહરિને પ્રણામ કરીને સ્તુતિ કરી. પછી શ્રીહરિના મુખારવિંદ સામે દૃષ્ટિ રાખી બન્ને હાથ જોડીને તેમની આગળ ઊભા રહ્યા. ॥૧૧॥

ત્યારે ધર્મપુત્ર શ્રીહરિએ તે લુહારને કહ્યું, ''તમે અહીં ગઢપુરમાં જ રહો. હું અન્ન વસ્ત્ર આદિથી નિરંતર તમારી સંભાવના કરીશ.'' ॥૧૨॥

પછી તે લુહાર શ્રીવાઘજીભાઈએ ''સારું હું અહીં રહીશ.'' એમ મહાસમર્થ શ્રીહરિની આગળ હા કહી. પછી તે અહીં ગઢપુરમાં રહ્યા અને શ્રીગોપીનાથજી મહારાજના મંદિરની સેવા, ટાંકણાના પાના કાઢી આપીને કરવા લાગ્યા. ॥૧૩॥

હે રાજવર્ય ! આ રીતે પૂર્વે ઘટના બની હતી તે મેં તમને કહી. હવે પ્રાસંગિક કથા કહું છું તમે એકાગ્ર મનથી સાંભળો. ॥૧૪॥

ધર્મનંદન શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. સંતો વગેરેને સાથે લીધા. અમૃત ભીની દૃષ્ટિથી સહુને જોઈને તેમના સંતાપને હરતા શ્રીહરિ લુહાર શ્રીવાઘજીભાઈને ઘેર પધાર્યા. ॥૧૫-૧૬॥

પછી આ ભાવનાશીલ શ્રીવાઘજી ભક્ત પેંડા બરફી આદિ મીઠાઈ અને કેરી વગેરે ફળથી પૂરેલો થાળ પવિત્રપણે શ્રીહરિ આગળ લાવ્યા. શ્રીહરિ તે બરફી

कृत्वेशश्चुलुकं स्वीयवक्त्रशुद्धिं व्यधात्ततः ॥१८॥
पीत्वा गाङ्गेयपानीयं संगृह्य मुखवासनम् ।
जलं पीत्वा ततः स्वामी सतां पङ्क्तीरचीकरत् ॥१९॥
ततो नानाविधैरन्नैस्तासु स प्ररिवेषणम् ।
कुर्वाणः सुहितान् सर्वांश्चक्रेऽसौ धर्मदेवजः ॥२०॥
ततो नानाविधैर्द्रव्यैः कस्तूरीकुंकुमैस्तथा ।
कैसरैर्मलयोद्भूतैश्चन्दनैरक्षतादिभिः ॥२१॥
आनर्च श्रीहरिं भक्त्या सद्वासोभूषणादि च ।
अदाच्छ्रीहरये भक्तश्चक्रे नीराजनं ततः ॥२२॥
सद्वासांसि ततः सद्भ्यो ददौ प्रीत्या महामुदः ।
ततस्तुष्टो हरिस्तस्मै शुभं चेलं न्यदान्मुदा ॥२३॥
आरुह्याऽश्वं ततो दिव्यं स तेन कारयञ्छुभाः ।
गतीर्नानाविधा मार्गे साफल्यं विदधे नृणाम् ॥२४॥
एवं धार्मिर्जनान् सर्वान् सुखयन् स्वीयवीक्षणैः ।

વગેરે મીઠાઈ અને કેરી આદિ ફળ જમ્યા. પછી ચળું કર્યું અને મુખ શુદ્ધિ કરી. ॥૧૭-૧૮॥

ઉન્મત્તગંગાનું મીઠું પાણી પીધું . અને મુખવાસ પણ લીધો. ફરીવાર જળપાન કરીને સંતોની પંગત કરાવી. ॥૧૯॥

પછી ધર્મપુત્ર શ્રીહરિએ તે અનેક પ્રકારના ભોજન પંગતમાં વારંવાર પીરસીને સહુ સંતો વગેરેને તૃપ્ત કર્યા. ॥૨૦॥

પછી તે વાઘજી ભક્તે કસ્તૂરી કેસરાદિથી યુક્ત ચંદન, કુંકુમ, અક્ષત અને અનેક પ્રકારના બીજા ઉપચારોથી પૂજા કરી તથા સારાં વસ્ત્ર અલંકાર આદિ ભક્તિભાવપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યા. અને તે પછી શ્રીહરિની આરતી ઉતારી. ॥૨૧-૨૨॥

અને સંતોને પણ અત્યંત પ્રેમથી સારાં વસ્ત્ર અર્પણ કર્યા. પછી શ્રીહરિ તે શ્રીવાઘજી ભક્તના ઉપર પ્રસન્ન થયા. અને તેમને પોતાનું પ્રસાદીનું એક વસ્ત્ર પ્રેમથી આપ્યું. ॥૨૩॥

પછી શ્રીહરિ પોતાના દિવ્ય અશ્વ ઉપર સવાર થયા. બજારમાં તે ઘોડાને વિવિધ ચાલમાં ચલાવીને દર્શન કરનારા ભક્તોના જીવન સફળ કર્યા. ॥૨૪॥

राजमार्गे ययौ राजन् ! पवित्रीकरणाय सः ॥२५॥
ततोऽसौ श्रीहरिः स्वामी राजगुरुकुलोद्भुवः ।
आगच्छज्ज्येष्ठसंज्ञस्य गेहं सम्प्रार्थितो मुदा ॥२६॥
तेनाऽऽदौ रचिते दिव्ये न्यषीददासने प्रभुः ।
ततो नानोपचारैस्तमानर्च प्रेमसम्प्लुतः ॥२७॥
भ्रातृभ्योऽथो ततस्त्रिभ्य आत्मीये पादपल्लवे ।
न्यदात्कारुण्यपाथोधिरुत्तस्थे तत आदरात् ॥२८॥
ततः सम्प्रार्थितो धार्मी राजगुरुकुलोद्भुवा ।
देवराजेन साङ्गेन गेहं प्राप सदादियुक् ॥२९॥
ततस्तौ सादरं रम्यचिर्भटानि हरिं सतः ।
भोजयामासतुर्नानाफलोपेतानि भूरिशः ॥३०॥
ततो राजन् हरिः स्वामी वणिजा जुष्टसंज्ञिना ।
प्रार्थितः केतनं तस्य ययौ सदादिसंयुतः ॥३१॥

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ પોતાના દર્શન દઈને સર્વ લોકોને સુખી કરતા હતા અને સહુને દર્શનથી પવિત્ર કરવા માટે રાજમાર્ગ ઉપર નીકળ્યા હતા. ॥૨૫॥

પછી શ્રીહરિ રાજ્યગુરુ શ્રીજેઠાભાઈની પ્રાર્થનાથી પ્રેમપૂર્વક તેને ઘેર પધાર્યા. તેમણે પહેલાથી જ જે સુંદર દિવ્ય આસન તૈયાર કરી રાખ્યું હતું તેના ઉપર પ્રભુ શ્રીહરિ વિરાજ્યા અને પ્રેમરસમાં તરબોળ થયેલા તે શ્રીજેઠાભાઈએ અનેક ઉપચારો વડે શ્રીહરિની પૂજા કરી. ॥૨૬-૨૭॥

કરુણાસાગર શ્રીહરિએ શ્રીજેઠાભાઈ વગેરે ત્રણ ભાઈઓને પોતાના ચરણ પલ્લવ આપ્યા અને પછી ત્યાંથી આદરભાવ સહિત ઊઠ્યા. ॥૨૮॥

પછી રાજ્યગુરુ કુળમાં જન્મેલા શ્રીદેવરાજભાઈ અને સાંગાભાઈએ પ્રાર્થના કરીને ધર્મપુત્ર શ્રીહરિને પોતાને ઘેર બોલાવ્યા. એટલે શ્રીહરિ સાધુઓ વગેરે સહુની સાથે તેમને ઘેર પધાર્યા. ॥૨૯॥

પછી તે બન્નેએ આદર સહિત શ્રીહરિને અને સંતોને ઘણા બધા અનેક જાતના ફળોની સાથે સ્વાદુ પાકાં ઘણાં ચીભડાં જમાડ્યા. ॥૩૦॥

હે રાજન્ ! પછી એક જૂઠાભાઈ નામે વણિક હરિભક્ત હતા. તેણે પ્રાર્થના કરી તેથી શ્રીહરિ સંત, વર્ણી, પાર્ષદોને સાથે લઈને તેને ઘેર પધાર્યા. ॥૩૧॥

ततो जुष्टाह्वयेनाऽथो संक्लृप्ते सुन्दरासने ।
न्यषीदच्छ्रीहरी राजन् भक्तव्रातैः परिवृतः ॥३२॥
ततो भाविकभक्तोऽसौ शर्करासम्भृतं शुभम् ।
स्थालं न्यधाद्धरेरग्रे माहात्म्यज्ञो हरेः स तु ॥३३॥
सुरम्याणि च वासांसि सद्भर्त्रे आर्पयन्मुदा ।
ततो नीराजनं चक्रे स्तवनं रुचिरं हरेः ॥३४॥
ततश्च श्रीहरिः सद्भिः प्राकृतानि पदानि हि ।
चार्वाकखण्डनानीशो गापयामास सादरम् ॥३५॥
अथाऽमात्यार्थितो धार्मी राजकीयनिकेतनम् ।
अगात्ते चार्हणं तस्य चक्रुर्वै कुंकुमाक्षतैः ॥३६॥
पौष्पांस्ते सुन्दरान् हारान्न्यधुः कण्ठे हरेः शुभे ।
ततो नंनम्यमानास्ते वक्त्रादत्तसुकक्षकाः ॥३७॥
देवजित्प्रमुखाश्चक्रुः स्तुतिं वै श्रीहरेः शुभाम् ।
आगो नो क्षम्यतां स्वामिन् ब्रुवन्तस्ते पुनः पुनः ॥३८॥
वयं चार्वाकमार्गस्थाः शास्त्रीयरीतिनिन्दकाः ।

હે રાજન્ ! પોતાના ભક્તોથી ઘેરાયેલા શ્રીહરિ તે શ્રીજૂઠાભક્તે તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૨॥

ખૂબ જ ભાવનાશીલ અને શ્રીહરિનું અપાર માહાત્મ્ય સમજનારા તે શ્રીજૂઠા શેઠે સાકરથી ભરેલો મોટો થાળ શ્રીહરિની આગળ મૂક્યો. ॥૩૩॥

પછી સંતોનું ધારણ પોષણ કરનારા શ્રીહરિને ઘણા સારા વસ્ત્ર પ્રેમથી અર્પણ કર્યા અને શ્રીહરિની આરતી ઉતારીને સુંદર સ્તુતિ બોલ્યા. ॥૩૪॥

તે પછી પરમેશ્વર શ્રીહરિએ ચાર્વાક જેવા નાસ્તિકોનું ખંડન થાય તેવા કીર્તન સંતો પાસે આગ્રહ પૂર્વક ગવડાવ્યા. ॥૩૫॥

પછી દરબારી કામદાર જૈનોએ પ્રાર્થના કરી હોવાથી શ્રીહરિ દરબારી ઉતારામાં પધાર્યા. ત્યાં તેમણે કુંકુમ અને અક્ષત આદિથી શ્રીહરિની પૂજા કરી. ॥૩૬॥

તેમણે શ્રીહરિના શુભ કંઠમાં સુંદર ફૂલહાર પહેરાવ્યા. વારંવાર પ્રણામ કરતા અને ધોતીનો છેડો મુખે રાખીને શ્રીદેવજીભાઈ આદિકે શ્રીહરિની શુભ સ્તુતિ કરી. હે સ્વામિન્ ! અમારા અપરાધને માફ કરો એમ વારંવાર બોલતા હતા. ॥૩૭-૩૮॥

कैवल्यं कर्मनिर्हारैर्मन्यामहे वयं यतः ॥३९॥
शारीरी येन शुद्धि स्यात्साकं तेन विरोधताम् ।
गताः स्मः पूर्वसंक्लृप्तैः कर्मभिः क्लेशदायिभिः ॥४०॥
पाहि नः शरणं प्राप्तांस्त्रातारं नान्यमत्र तु ।
पश्यामस्त्वां विना भूमन्नण्डव्राते दयाम्बुधे ! ॥४१॥
अस्माभिस्ते कृतो द्रोहः साम्प्रतं हृदि मा कृथाः ।
स्मृतिं परोपकाराणां सन्तः कुर्वन्ति नो खलु ॥४२॥
शिष्यापराधं सहते यथा गुरुर्भार्याऽपराधं हि यथैव तत्पतिः ।
पौष्यापराधं च यथा नृपेश्वरो ह्यस्माकमागस्तु तथा क्षमस्व भोः ॥४३॥
इत्थं खेदाऽऽप्लुतस्वान्तैस्त्यक्तव्रीडैर्नताननैः ।
हरिवक्त्रेन्दुबद्धाक्षैश्चकोरैस्तस्थिरे यथा ॥४४॥
ततस्तेभ्योऽभयं दत्वा मन्दस्मितमुखच्छविः ।

અમે ચાર્વાકના જેવા નાસ્તિકના મનમાં રહીને વૈદિક શાસ્ત્રોની નિંદા કરતા હતા. કેવળ કર્મક્ષયથી જ કૈવલ્ય સ્થિતિ-મોક્ષને અત્યાર સુધી માનીએ છીએ. ॥૩૯॥

જેનાથી શરીર પવિત્ર થતું હોય છે તે સ્નાન શૌચ આદિની સાથે તો અમે અત્યંત દુઃખદ પૂર્વના કર્મને લીધે વિરોધ કરતા રહ્યા છીએ. ॥૪૦॥

હે ભૂમન્ ! હે દયાસાગર ! અમે આપને શરણે આવ્યા છીએ તો આપ અમારી રક્ષા કરો. આપના સિવાય અન્ય કોઇ અમારી રક્ષા કરે, એવું અમને દેખાતું નથી. ॥૪૧॥

અમે આપનો દ્રોહ કર્યો છે, તેને આપ સંભારશો નહિ. કારણ કે સાધુ પુરુષો બીજાએ કરેલા અપકારને સંભારતા નથી. ॥૪૨॥

હે હરે ! જેમ શિષ્યના અપરાધને ગુરુ સહન કરે છે, પત્નીના અપરાધને પતિ સહન કરે છે અને પ્રજાના અપરાધને રાજા સહન કરે છે તેમ આપ અમારા અપરાધને સહન કરીને અમને માફી આપો. ॥૪૩॥

આ પ્રમાણે ખેદ કરીને તેમના હૃદય ભરાઈ ગયા. તેમણે શરમ છોડી દીધી, મુખ નીચા કરી દીધા, ચકોર પક્ષી જેમ ચંદ્ર સામે જોઇ રહે તેમ શ્રીહરિના મુખારવિંદ સામે જ આંખોને સ્થિર કરી દીધી. ॥૪૪॥

શ્રીહરિના મધુર મંદ હાસ્યથી મુખની શોભા અદ્‌ભુત હતી. અને ગજ-

उत्तस्थे चासनात्तस्माद् गजेन्द्राऽतिसुचङ्क्रमः ॥४५॥
ततष्ठाकोरजिद्धारं ययौ धार्मिः सतां पतिः ।
अथो ठाकोरजिद्वीक्षां जनेभ्यः शिक्षयन्व्यधात् ॥४६॥
ततो जुष्टसमाख्येन हेमकारेण चार्थितः ।
तत्सद्मागाद्धरिस्तस्मादारुह्याऽश्वं मनोरमम् ॥४७॥
ततोऽसौ सुन्दरे पीठे निषद्य घटिकात्रयम् ।
संश्लाघ्याऽस्मै ददौ शुभ्रमात्मीयं मस्तकाम्बरम् ॥४८॥
हरिस्तस्मात्स्वीयं तुरगवरमारु ह्यचपलं
स्त्रवत्पीयूषाक्तै स्त्रिविधजनतापोपशमनैः ॥
कटाक्षैरात्मीयैः सुजनमथ पश्यन् सुललितै
र्वृतः पद्गैः सद्भिर्निजसुभवनं प्राप रुचिरम् ॥४९॥

इति श्रीमद्धरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यविरचिते श्रीदुर्गपुर-माहात्म्ये व्याघ्रजिद्भक्तकृतश्रीहरिभोजनपूजनादिनिरूपणं नाम पञ्चषष्ट्युत्तरशततमोऽध्यायः ॥१६५॥

राजना समान सुंदर गतिथी चालता श्रीहरिએ ते जैन कामदार वणिकोने अभयदान आप्युं. पछी ते आसनथी ऊभा थया. ॥४५॥

સત્પતિ અને ધર્મપુત્ર શ્રીહરિ ત્યાંથી શ્રીઠાકોર દ્વારે (રામજી મંદિર) પધાર્યા. ભક્તજનોને રીત શીખવવા શ્રીઠાકોરજીના દર્શન કર્યા. ॥૪૬॥

પછી જૂઠા ભક્ત સોનીએ પ્રાર્થના કરી તેથી સુંદર અશ્વ ઉપર બેસીને શ્રીહરિ તેને ઘેર પધાર્યા. ॥૪૭॥

પછી ત્યાં સુંદર આસન ઉપર ત્રણેક ઘડી વિરાજ્યા. પછી તેની પ્રશંસા કરીને પોતાની શ્વેત પાઘ હતી તે તેને આપી. ॥૪૮॥

પછી શ્રીહરિ પોતાના ચપળ અશ્વ ઉપર સવાર થયા. લોકોના ત્રણ પ્રકારના તાપને શમાવનારા અને અમૃતની વૃષ્ટિ કરનારા આવા પોતાનો સુંદર કૃપા કટાક્ષથી સજ્જનોને જોઇ રહેલા શ્રીહરિ સંતો અને પાર્ષદોની સાથે પોતાના નિવાસ સ્થાનરૂપ સુંદર અક્ષરભવને પધાર્યા. ॥૪૯॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય-૧૬૫ સમાપ્ત (ગ્રંથ સંપૂર્ણ)